ॐ

श्री सिद्ध परमात्मने नमः।

श्री सीमंधरदेवाय नमः।

श्री सद्गुरुदेवाय नमः।

श्री निजशुद्धात्माने नमः।

# પરમાત્મપ્રકાશ પ્રવચન

## ભાગ–3

અધ્યાત્મ યુગપુરુષ પ.પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી પરમાત્મપ્રકાશ ગાથા ૬૧ થી ૯૪ સુધીના
સ્વાનુભવ મુદ્રિત ૩૨ અક્ષરશઃ પ્રવચનો


**પ્રકાશન તથા પ્રાપ્તિસ્થાન**

**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મીક ટ્રસ્ટ**

''સ્વરુચિ'' બંગલો, નિર્મલા કોન્વેન્ટ રોડ,
સવાણી હોલવાળી શેરીમાં–યોગી નિકેતન પ્લોટ,
રાજકોટ–૩૬૦૦૦૭
મો.૯૩૭૪૧૦૦૫૦૮, ૯૪૨૮૦૦૪૯૭૨

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
|---|---|---|---|
| ૩૮ | ૨૫૪૪ | ૨૦૭૪ | ૨૦૧૮ |

**પ્રકાશન**

**તા.૨૯-૭-૨૦૧૮, રવિવાર**

**૪૧મી આધ્યાત્મિક શિક્ષણ શિબિર પ્રસંગે ''ચૈતન્યધામ'' અમદાવાદ**

**પ્રથમ આવૃતિ : ૫૦૦**

**કિંમત : સ્વાધ્યાય**

**પ્રાપ્તિસ્થાન**

(૧) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ
જી. ભાવનગર - ૩૬૪૨૫૦, ફોન-(૦૨૮૪૬)૨૪૪૩૩૪

(૨) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, રાજકોટ
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજીસ્વામી માર્ગ, રાજકોટ-૩૬૦૦૦૧

(૩) શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ, રાજકોટ
'સ્વરુચિ' બંગલો, નિર્મલા કોન્વેન્ટ રોડ, સવાણી હોલની શેરીમાં,
યોગી નિકેતન પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૭, મો.૯૩૭૪૧૦૦૫૦૮

**લેસર ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
પ્લોટ નં.૧૯૨૪/બી-૬,
શાંતિનાથ બંગલોઝ
શશીપ્રભુ માર્ગ, રૂપાણીસર્કલ પાસે,
ભાવનગર-૩૬૪૦૦૧
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

**મુદ્રક**
**શાર્પ ઓફસેટ પ્રિન્ટર્સ**
૩૧૨, હિરાપન્ના કોમ્પ્લેક્ષ,
ડો. યાજ્ઞિક રોડ,
રાજકોટ-૩૬૦૦૦૧
મો.૯૮૨૫૦૭૫૦૬૧

# પ્રસ્તાવના

**મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી**
**મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલં**

શાસનનાયક અંતિમ તીર્થંકર દેવાધિદેવ શ્રી મહાવીસ્વામી દ્વારા પ્રવર્તમાન જિનશાસન અખંડ મોક્ષમાર્ગથી આજે પણ સુશોભિત છે. તેમની દિવ્યધ્વનિમાં પ્રકાશિત થયેલ મોક્ષમાર્ગ ત્યારબાદ થયેલ અનેક આચાર્યો તથા સંતો દ્વારા અખંડપણે પ્રકાશિત થઈ રહ્યો છે. આચાર્યોની પરંપરાનો ઈતિહાસ જોવામાં આવે તો શ્રી યોગીન્દુદેવ ઈ.સ.ની છઠ્ઠી શતાબ્દીમાં થયા. તેઓશ્રીએ સ્વયંની સાતિશય અનુભવલેખની દ્વારા અનેક મહાન પરમાગમોની રચના કરી. તેઓશ્રીએ સ્વાનુભવદર્પણ, પરમાત્મપ્રકાશ, યોગસાર, દોહાપાહુડ ઈત્યાદિ અનેક વીતરાગી ગ્રંથોની રચના કરી છે. પરમાત્મ પ્રકાશ ગ્રંથ તેઓશ્રીની જ કૃતિ છે. આ ગ્રંથમાં તેઓશ્રીની સ્વરૂપની ભાવના તથા તેના આશ્રયે ઉત્પન્ન થયેલ સ્વસંવેદનજ્ઞાન, વીતરાગી અતીન્દ્રિય સુખનો રસ પ્રત્યેક ગાથામાં નીતરે છે. ભવ્ય જીવોના હિતાર્થે થયેલ ગ્રંથરચના પાઠકવર્ગને પણ અત્યંત રસ ઉત્પન્ન થવાનું નિમિત્ત થાય છે. તેઓશ્રીની લેખનીમાં દ્રવ્યદષ્ટિનું જોર દર્શાવતી અનેક ગાથાઓ ગ્રંથમાં જોવામાં આવે છે.

પરમાત્મ પ્રકાશ ગ્રંથના ટીકાકાર શ્રી બ્રહ્મદેવજી પણ અધ્યાત્મરસિક મહાન આચાર્ય હતા. તેઓનું મૂળ નામ 'દેવ' અને બાલબ્રહ્મચારી હોવાથી બ્રહ્મચર્યનો ઘણો રંગ હોવાને લીધે 'બ્રહ્મ' એની ઉપાધિ જતાં 'બ્રહ્મદેવ' નામ પડેલ હતું. તેઓ ઈ.સ. ૧૦૭૦થી ૧૧૧૦ના અરસામાં થયેલ હોવાનું માનવામાં આવે છે. પંડિત દૌલતરામજીએ સંસ્કૃત ટીકાનો આધાર લઈ અન્વયાર્થ તથા તેમના સમયની પ્રચલિત દેશભાષા ઢુંઢારીમાં સુબોધ ટીકા રચેલ છે. ગ્રંથ બે મહાઅધિકારોમાં વિભાજીત થયેલ છે. આત્મા પરમાત્મા કઈ રીતે થાય તેનું અત્યંત સુંદર વર્ણન જોવામાં આવે છે. પ્રથમ અધિકારમાં ભેદવિવિક્ષાથી આત્મા-બહિર્‌આત્મા, અંતરઆત્મા અને પરમાત્મા એમ ત્રણ ભેદ બતાવવામાં આવ્યા છે. દરેક સંસારી જીવે ભેદજ્ઞાન નિરંતર ભાવવું જોઈએ તેનું વિસ્તારથી વર્ણન કરી પરમાત્મા થવાની ભાવના બતાવી છે. દ્વિતીય અધિકારમાં પ્રથમ મોક્ષ અને મોક્ષના ફળની રુચિ થવા અર્થે સર્વપ્રથમ મોક્ષ અને મોક્ષના ફળનું સ્વરૂપ બતાવેલ છે.

પ્રવર્તમાન શાસનમાં આપણા સૌના પરમતારણહાર ભાવિતીર્થાધિનાથ શાસન દિવાકર અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ લુપ્તપ્રાયઃ થયેલ અખંડ મોક્ષમાર્ગને ફરીને જાગૃત કરી ભરતક્ષેત્રના જીવો પર અવિસ્મરણીય અનંત ઉપકાર કર્યો છે. જન્મ-મરણથી મુક્ત થવું અને સાદિઅનંત સ્વરૂપસુખમાં બિરાજમાન થવાનો માર્ગ પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્વયંબુદ્ધત્વ યોગ પ્રગટ કરી પ્રકાશિત કર્યો છે. તેઓશ્રીનો આ કાળમાં ઉદય એ

એક એવી અપૂર્વ ઘટના છે, જેમ સૂર્ય પ્રકાશિત થતાં કમળો ખીલી ઉઠે છે, તેવી જ રીતે ભવ્ય જીવોનો આત્મા રસવિભોર થઈ પુલકિત થઈ ખીલી ઉઠે છે. અનેક જીવો મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવા પ્રત્યે પ્રયત્નશીલ બન્યા છે. અને પંચમ કાળના છેડા સુધી તેમના દ્વારા પ્રસ્થાપિત મોક્ષમાર્ગ અખંડપણે ચાલતો રહેશે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક અધ્યાત્મ શાસ્ત્રો ઉપર અનુભવરસ ઝરતા પ્રવચનો કરેલ છે. તેમાંનો એક ગ્રંથ છે-પરમાત્મ પ્રકાશ. પ્રસ્તુત ગ્રંથ ઉપરના પ્રવચનો ડી.વી.ડી.માં આજે મોજૂદ છે, તે સાંભળતા તેઓશ્રીની અમીરસ ઝરતી વાણીના દર્શન થાય છે. તેઓશ્રીના પ્રત્યેક પ્રવચનોમાં અનેક પડખેથી આત્મસ્વરૂપને પ્રકાશતું તત્ત્વ પ્રકાશમાન થાય છે. તેઓશ્રીના ઉગ્ર અધ્યાત્મપરિણતિના દર્શન વાણી દ્વારા થઈ શકે છે. પૂર્વાપર અવિરોધ વાણી, અનુભવશીલપણું, આત્માને સતત જાગૃત કરનાર વાણીનો લ્હાવો જેમણે પ્રત્યક્ષ લીધો છે તેઓ ધન્ય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ કોઈપણ પ્રકારના સંસ્કૃત, વ્યાકરણના અભ્યાસ વિના આચાર્યોના હૃદય ખોલીને જે અનુપમ ભાવો તેમણે જગત સમક્ષ પ્રકાશિત કર્યા છે તે અલૌકિક છે! સ્વલક્ષે સ્વયંના ભાવો સાથે મેળવીને તેને સમજવામાં આવે તો તે એક અપૂર્વ કલ્યાણનું કારણ છે. પૂજ્ય ગુરુદેવશ્રી માટે કે તેમની વાણી માટે કંઈ પણ કહેવું, લખવું કે બોલવું તે સૂર્યને દીપક બતાવવા સમાન છે. તેમ છતાં તેઓશ્રીનો અમાપ ઉપકાર હૃદયગત થતાં શબ્દો તેની મેળાએ જ ભક્તિભાવથી નીકળી પડે છે. તેઓશ્રીના ઉપકારનો બદલો તો કોઈ રીતે વાળી શકાય તેમ નથી, માત્ર તેમના દ્વારા પ્રકાશિત પંથ ઉપર શુદ્ધ ભાવનાથી પ્રયાણ કરીએ તે જ ભાવના છે.

પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સ્થાપિત અનેક જિનમંદિરોમાં આજે તેમના પ્રવચનો નિમયિતપણે સંભળાઈ રહ્યાં છે. અનેક મુમુક્ષુઓ તેનો લાભ લઈ મોક્ષમાર્ગમાં આરૂઢ થવા પ્રયત્નશીલ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી ગ્રંથારૂઢ થાય તેવી સૌ કોઈની ભાવના હોવાથી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનોને શબ્દશઃ ગ્રંથારૂઢ કરવાના નિર્ણયના ફળસ્વરૂપે પરમાત્મ પ્રકાશ ગ્રંથ ઉપરના પ્રવચનોનો ત્રીજો ભાગ પ્રકાશિત કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. આવું સૌભાગ્ય પ્રાપ્ત થયું તેનું શ્રેય પણ પૂજ્ય ગુરુદેવશ્રીને જ જાય છે.

તેઓશ્રીની સાતિશય વાણી નિત્ય શ્રવણ કરવી તે અપૂર્વ સૌભાગ્ય છે. આજે અનેક જિનમંદિરોમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સી.ડી. પ્રવચનો સાંભળતી વખતે મુમુક્ષુઓ તેમના અક્ષરશઃ પ્રવચનોને સાંભળવાનો લાભ લઈ રહ્યા છે. અનેક મુમુક્ષુજીવોની ભાવના હોવાથી પરમાત્મ પ્રકાશ ગ્રંથ ઉપરના પ્રવચનો પ્રકાશિત કરવાનો અમારા ટ્રસ્ટે નિર્ણય લીધો. પૂજ્ય ગુરુદેવશ્રીના આ ગ્રંથ ઉપર બે વખત પ્રવચનો થયા છે. તેમાંના ઈ.સ. ૧૯૭૬-૭૭માં થયેલાં કુલ ૨૪૫ પ્રવચનોને આઠ ભાગમાં પ્રકાશિત કરવાની ભાવના છે. પ્રવચનોને સૌપ્રથમ સાંભળીને કમ્પ્યુટરમાં ઉતારી લેવામાં આવે છે. ત્યારબાદ તેને સાંભળીને જ્યાં વાક્યો પૂર્ણ જરૂર લાગી ત્યાં કૌંસ ભરવામાં આવ્યા છે. જે ગાથા ઉપરના પ્રવચન ઉપલબ્ધ ન હોય

અથવા ખૂટતા હોય તો તેને આ પહેલાં ચાલેલા પ્રવચનોમાંથી લેવામાં આવેલ છે. જે પ્રવચનો હિન્દીમાં થયાં છે તેમને ગુજરાતીમાં અનુવાદિત કર્યા છે. આ પ્રવચનોના પ્રથમ પ્રુફને તપાસતી વખતે ફરીથી તેને સાંભળીને તપાસવામાં આવે છે. ત્યારબાદ પ્રેસ ઉપર પ્રકાશન અર્થે મોકલવામાં આવે છે. પૂજ્ય ગુરુદેવશ્રીના ભાવો યથાવત જળવાઈ રહે તેની પૂર્ણ ચીવટ રાખવાનો પ્રયત્ન કરેલ છે. તેમ છતાં પ્રમાદવશ ક્યાંય ચૂક રહી જવા પામી હોય તો વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે શુદ્ધ અંતઃકરણથી ક્ષમા યાચીએ છીએ. પાઠકવર્ગને કોઈ ક્ષતિ લક્ષગોચર થાય તો તેઓને વિનંતી છે કે તેની જાણ કરે, જેથી બીજી આવૃત્તિના પ્રકાશન વખતે તે ચૂક નિવારી શકાય.

આ અક્ષરશઃ પ્રવચનો ડી.વી.ડી. ઉપરથી કમ્પ્યૂટરાઈઝડ કરવાનું કાર્ય **શ્રી નિલેષભાઈ જૈન-ભાવનગર** દ્વારા તથા સમગ્ર પ્રવચનો ફરી સાંભળી ચેક કરવાનું કાર્ય **જાગૃતિબેન વોરા-મુંબઈ** તથા **શ્રી મણીભાઈ ગાલા-દેવલાલી** દ્વારા તથા દરેક પ્રવચનોને સાંભળી-વાંચીને ચેક કરવાનું કાર્ય **શ્રી ચેતનભાઈ મહેતા-રાજકોટ** દ્વારા પૂર્ણ થયેલ છે.

આ પરમાત્મપ્રકાશ ગ્રંથ ઉપરના સંપૂર્ણ પ્રવચન છપાવવા માટેની દાનરાશી **શ્રી ખારા પરિવાર - વિશાખાપટ્ટનમ દ્વારા સ્વ. શ્રી શશીકાંતભાઈ ખારાના સ્મરણાર્થે આપવામાં આવેલ છે.** તેની આવી ઉદાર ભાવના અને પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યેની સમર્પણતા બદલ ટ્રસ્ટ તેમનો આભાર વ્યક્ત કરે છે.

અંતમા જિનેન્દ્ર પરમાત્મા, સર્વ આચાર્ય ભગવંતો, જ્ઞાની સદ્ગુરુ પરમપુરુષના ઉપકારને હૃદયગત કરી, તેમના ચરણોમાં ફરી ફરી વંદન કરી તેઓશ્રીના ચરણોમાં નતમસ્તક થઈએ છીએ. સર્વ જીવો પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીને વાંચી, સાંભળી આત્મકલ્યાણને પ્રાપ્ત થાય અને શાશ્વત સાદિઅનંત સમાધિસુખને પ્રાપ્ત થાય તે જ ભાવના.

આ પુસ્તક atmadharma.com તથા vitragvani.com. પર મૂકવામાં આવેલ છે.

**લિ. ટ્રસ્ટીગણ**

**શ્રી સીમંધર કુંદકુંદકહાન આધ્યાત્મિક ટ્રસ્ટ,**

**રાજકોટ**

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ ગયો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણુ, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી. તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતા સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે :

'શિવરમણી રમનાર તું તું હી દેવનો દેવ'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના

સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્યપળે શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદગાર નીકળે છે 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભુલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સાચો ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી

અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી છે. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ.) ૧૯૪૧ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો

પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યેજ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫ મા હિરકજયંતિ પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર થયો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષદેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતુ કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ

લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મ તત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યા, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાય ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગ સર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો ! તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો ! સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો !

# અનુક્રમણિકા



| પ્રવચન નં. | તારીખ | ગાથા | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૬૧ | ૧૩–૦૮–૧૯૭૬ | ૭૯ | ૦૦૨ |
| ૬૨ | ૧૪–૦૮–૧૯૭૬ | ૮૦–૮૧ | ૦૧૪ |
| ૬૩ | ૧૫–૦૮–૧૯૭૬ | ૮૨ | ૦૨૮ |
| ૬૪ | ૧૬–૦૮–૧૯૭૬ | ૮૩– ૮૪ | ૦૪૧ |
| ૬૫ | ૧૭–૦૮–૧૯૭૬ | ૮૪ થી ૮૬ | ૦૫૪ |
| ૬૬ | ૧૮–૦૮–૧૯૭૬ | ૮૬ થી ૮૮ | ૦૬૯ |
| ૬૭ | ૨૦–૦૮–૧૯૭૬ | ૮૮–૮૯ | ૦૮૪ |
| ૬૮ | ૨૧–૦૮–૧૯૭૬ | ૯૦–૯૧ | ૦૯૮ |
| ૬૯ | ૨૨–૦૮–૧૯૭૬ | ૯૨ | ૧૧૨ |
| ૭૦ | ૨૩–૦૮–૧૯૭૬ | ૯૩ | ૧૨૭ |
| ૭૧ | ૨૪–૦૮–૧૯૭૬ | ૯૩–૯૪ | ૧૩૯ |
| ૭૨ | ૨૫–૦૮–૧૯૭૬ | ૯૫ | ૧૫૪ |
| ૭૩ | ૨૬–૦૮–૧૯૭૬ | ૯૬ | ૧૬૮ |
| ૭૪ | ૨૭–૦૮–૧૯૭૬ | ૯૬–૯૭ | ૧૮૦ |
| ૭૫ | ૨૮–૦૮–૧૯૭૬ | ૯૭ થી ૯૯ | ૧૯૩ |
| ૭૬ | ૨૯–૦૮–૧૯૭૬ | ૯૯ | ૨૦૮ |
| ૭૭ | ૩૧–૦૮–૧૯૭૬ | ૯૯–૧૦૦ | ૨૨૦ |
| ૭૮ | ૦૧–૦૯–૧૯૭૬ | ૧૦૦–૧૦૧ | ૨૩૩ |
| ૭૯ | ૦૨–૦૯–૧૯૭૬ | ૧૦૧–૧૦૨ | ૨૪૭ |
| ૮૦ | ૦૩–૦૯–૧૯૭૬ | ૧૦૨–૧૦૩ | ૨૬૧ |
| ૮૧ | ૦૪–૦૯–૧૯૭૬ | ૧૦૪–૧૦૫ | ૨૭૭ |
| ૮૨ | ૦૫–૦૯–૧૯૭૬ | ૧૦૫–૧૦૬ | ૨૯૨ |
| ૮૩ | ૦૬–૦૯–૧૯૭૬ | ૧૦૭ | ૩૦૮ |

| | | | |
|---|---|---|---|
| ૮૪ | ૦૭–૦૯–૧૯૭૬ | ૧૦૭–૧૦૮ | ૩૨૧ |
| ૮૫ | ૦૯–૦૯–૧૯૭૬ | ૧૦૮–૧૦૯ | ૩૩૫ |
| ૮૬ | ૧૦–૦૯–૧૯૭૬ | ૧૦૯ થી ૧૧૧ | ૩૫૦ |
| ૮૭ | ૧૧–૦૯–૧૯૭૬ | ૧૧૨–૧૧૩ | ૩૬૫ |
| ૮૮ | ૧૨–૦૯–૧૯૭૬ | ૧૧૪–૧૧૫ | ૩૮૦ |
| ૮૯ | ૧૩–૦૯–૧૯૭૬ | ૧૧૫–૧૧૬ | ૩૯૩ |
| ૯૦ | ૧૪–૦૯–૧૯૭૬ | ૧૧૭–૧૧૮ | ૪૦૮ |
| ૯૧ | ૧૫–૦૯–૧૯૭૬ | ૧૧૯–૧૨૦ | ૪૨૩ |
| ૯૨ | ૧૭–૦૯–૧૯૭૬ | ૧૨૧–૧૨૨ | ૪૩૯ |
| ૯૩ | ૧૮–૦૯–૧૯૭૬ | ૧૨૩ | ૪૫૫ |
| ૯૪ | ૦૩–૧૦–૧૯૭૬ | ૧૨૩(૨–૩) | ૪૬૯ |

# શ્રી સદ્ગુરુદેવ સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્ઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

ॐ

।। श्री परमात्मने नमः ।।

श्रीमद्योगीन्दुदेवविरचितः

# પરમાત્મપ્રકાશ પ્રવચન
## ભાગ-૩

अथ मिथ्यापरिणत्या जीवो विपरीतं तत्त्वं जानातीति निरूपयति –

७९) जिउ मिच्छत्तें परिणमिउ विवरिउ तच्चु मुणेई।
कम्म-विणिम्मिय भावडा ते अप्पाणु भणेइ।।७९।।

जीवः मिथ्यात्वेन परिणतः विपरीतं तत्त्वं मनुते।
कर्मविनिर्मितान् भावान् तान् आत्मानं भणति।।७९।।

जिउ मिच्छत्तें परिणमिउ विवरिउ तच्चु मुणेइ जीवो मिथ्यात्वेन परिणतः सन् विपरीतं तत्त्वं जानाति, शुद्धात्मानुभूतिरुचिविलक्षणेन मिथ्यात्वेन परिणतः सन् जीवः परमात्मादितत्त्वं च यथावद् वस्तुस्वरूपमपि विपरीतं मिथ्यात्वरागादिपरिणतं जानाति। ततश्च किं करोति। कम्मविणिम्मिय भावडा ते अप्पाणु भणेइ कर्मविनिर्मितान् भावान् तानात्मानं भणति, विशिष्टभेदज्ञानाभावाद्गौरस्थूलकृशादिकर्मजनितदेहधर्मानं जानातीत्यर्थः। अत्र तेभ्यः कर्मजनितभावेभ्यो भिन्नो रागादिनिवृत्तिकाले स्वशुद्धात्मैवोपादेय इति तात्पर्यार्थः।।७९।।

---

आगे मिथ्यात्व परिणतिसे यह जीव तत्त्वको यथार्थ नहीं जानता, विपरीत जानता है, ऐसा कहते हैं –

**गाथा – ७९**

अन्वयार्थ :– [ जीवः ] यह जीव [ मिथ्यात्वेन परिणतः ] अतत्त्वश्रद्धानरूप परिणत हुआ, [ तत्त्वं ] आत्माको आदि लेकर तत्त्वोंके स्वरूपको [ विपरीतं ] अन्यका अन्य [ मनुते ] श्रद्धान करता है, यथार्थ नहीं जानता। वस्तुका स्वरूप तो जैसा है वैसा ही है, तो भी वह मिथ्यात्वी जीव वस्तुके स्वरूपको विपरीत जानता है, अपना जो शुद्ध ज्ञानादि सहित स्वरूप है, उसको मिथ्यात्व रागादिरूप जानता है। उससे क्या करता है?[ कर्मविनिर्मितान् भावान् ] कर्मोंकर रचे गये शरीरादि परभाव हैं [ तान् ] उनको [ आत्मानं ] अपने [ भणति ] कहता है, अर्थात् भेदविज्ञानके अभावसे गोरा, श्याम, स्थूल, कृश, इत्यादि कर्मजनित देहके स्वरूपको अपना जानता है, इसीसे संसारमें भ्रमण करता है। यहाँ पर कर्मोंसे उपार्जन किये भावोंसे भिन्न

**जो शुद्ध आत्मा है, उससे जिस समय रागादि दूर होते हैं, उस समय उपादेय है, क्योंकि तभी शुद्ध आत्माका ज्ञान होता है।।७९।।**

**હવે, મિથ્યા પરિણતિથી જીવ વિપરીત તત્ત્વને જાણે છે, એમ કહે છે :**

**ભાવાર્થ :- જીવ મિથ્યાત્વરૂપે પરિણમતો તત્ત્વને વિપરીત જાણે છે-શુદ્ધઆત્માની અનુભૂતિની રુચિથી વિલક્ષણ મિથ્યાત્વરૂપે પરિણમતો થકો જીવ પરમાત્માદિ તત્ત્વને અને યથાવત્ વસ્તુસ્વરૂપને પણ વિપરીત અને રાગાદિરૂપે પરિણમેલું જાણે છે, કે જેથી તે કર્મથી બનેલા ભાવોને પોતારૂપ કહે છે-વિશિષ્ટ ભેદજ્ઞાનના અભાવથી ગોરો, સ્થૂળ, કૃશાદિ એવા કર્મજનિત દેહના ધર્મોને પોતારૂપ જાણે છે.**

**અહીં, તે કર્મજનિત ભાવોથી ભિન્ન રાગાદિની નિવૃત્તિના સમયે સ્વશુદ્ધાત્મા જ ઉપાદેય છે, એવો તાત્પર્યાર્થ છે. ૭૯.**

**વીર સંવત ૨૫૦૨, શ્રાવણ વદ-૪, શુક્રવાર**
**તા. ૧૩-૦૮-૧૯૭૬, ગાથા-૭૯, પ્રવચન નં. ૬૧**

‘પરમાત્મપ્રકાશ’ ૭૯ ગાથા. ‘**આગે મિથ્યાત્વ પરિણતિ સે યહ જીવ તત્ત્વકો યથાર્થ નહીં જાનતા, વિપરીત જાનતા હૈ, ઐસા કહતે હૈં.**’

**७९) जिउ मिच्छत्तें परिणमिउ विवरिउ तच्चु मुणेई।**
**कम्म-विणिम्मिय भावडा ते अप्पाणु भणेइ।।७९।।**

**અન્વયાર્થ :-** ‘**યહ જીવ..**’ ‘**मिथ्यात्वेन परिणतः**’ ‘**અતત્ત્વશ્રદ્ધાનરૂપ પરિણત હુઆ...**’ અર્થાત્ શુદ્ધાત્માનુભૂતિ રુચિ. ટીકામાં એમ છે. ‘**शुद्धात्मानुभूतिरुचिविलक्षणेन मिथ्यात्वेन**’. શું કહે છે? નિજ આત્મા શુદ્ધ ચૈતન્ય ત્રિલોકનાથ પૂર્ણાનંદની અનુભૂતિ, એની સન્મુખ થઈને આશ્રય લેતાં જે અનુભૂતિ થાય છે તે શુદ્ધાત્માનુભૂતિ છે. તેની રુચિ, શુદ્ધાત્માનુભૂતિમાં રુચિ, એ સમ્યગ્દર્શન.

મુમુક્ષુ :- પર્યાયમાં રુચિ?

ઉત્તર :- સાથે શુદ્ધાત્માની રુચિ છે ને. એ લીધું છે ને? સંસ્કૃત ટીકામાં લીધું છે. જુઓ! ‘**शुद्धात्मानुभूतिरुचि**’ એ શુદ્ધાત્માનુભૂતિ રુચિ. પૂર્ણાનંદ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ, એમાં તેને અનુસરીને જે અનુભૂતિ નામ આનંદનો સ્વાદ આવવો, તેમાં રુચિ થવી કે આ આત્મા, તેનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! એ સમ્યગ્દર્શનથી વિપરીત, એમ લેવું છે ને? ‘**शुद्धात्मानुभूतिरुचिविलक्षणेन**’ મિથ્યાત્વ પરિણત. શુદ્ધાત્માનુભૂતિ પરિણત એ

સમ્યક્ પરિણત. આહાહા..! ત્રિકાળી જ્ઞાયક આનંદસ્વરૂપ પ્રભુ, એની અનુભૂતિ-અનુભવ કરી તેમાં રુચિ કરવી. રુચિ તો સ્વભાવની, પણ અનુભૂતિમાં રુચિ. એકલી રુચિ નહિ. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા શુદ્ધ ચિદ્દ્ઘન, જ્ઞાનનો ઘન છે, એ તો જ્ઞાનનો પિંડ છે અને આનંદનો પણ સાગર છે. એ આનંદને અનુસરીને સ્વસન્મુખ થઈને જે અનુભૂતિ થવી, એમાં રુચિ થવી એ સમ્યગ્દર્શન છે. આહાહા..! ધર્મની પહેલી સીઢી. આહાહા..! એ વિના જ્ઞાન, ચારિત્ર (વ્યર્થ છે). એ 'છ ઢાળા'માં આવે છે. સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્ર બધું નિરર્થક છે. આહાહા..! એવું સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિની રુચિથી વિલક્ષણ-વિપરીત લક્ષણ એ મિથ્યાત્વ. સમજાય છે કાંઈ? આહાહા..! છે? અતત્ત્વશ્રદ્ધાન કહ્યું છે, પણ એનો અર્થ સંસ્કૃતમાં એમ લીધો છે. શુદ્ધાત્મ તત્ત્વનો અર્થ જ ઈ. શુદ્ધાત્મતત્ત્વથી વિપરીત મિથ્યાદર્શનનું પરિણમન. એ શુદ્ધાત્મતત્ત્વની રુચિથી વિપરીત લક્ષણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ મિથ્યાત્વથી પરિણત થયો.

'**આત્માકો આદિ લેકર તત્ત્વોંકે સ્વરૂપકો અન્યકા...**' શું કહે છે ? આત્મા જ્ઞાયકભાવ છે તો એને રાગરૂપ માને છે. રાગ બંધરૂપ છે તો એને સંવરનું કારણ માને છે, રાગ આસ્રવ છે તો એ મોક્ષનો માર્ગ રાગથી થાય છે એમ માને છે. શુભરાગ છે એ સંવર અને નિર્જરાનું કારણ છે એમ માને છે. શુભરાગ છે એ નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન જે શાંતિનું ઈ કારણ છે. એ બંધનું કારણ છે એમ નહિ માનતા તેને અંશનું (શુદ્ધતાનું) કારણ છે એમ માને છે. સમજાય છે કાંઈ? શુભરાગ શુભઉપયોગ એ બંધનું કારણ છે, આસ્રવ છે, અશુચિ છે, જડ છે, દુઃખરૂપ છે. તેને આત્માનું સાધન માને એ તત્ત્વની વિપરીત દૃષ્ટિ છે. આહાહા..! કહ્યું ને?

'**તત્ત્વં**' '**આત્માકો આદિ લેકર...**' નવે તત્ત્વ. '**તત્ત્વોંકે સ્વરૂપકો અન્યકા અન્ય...**' આહાહા..! શુભરાગ તે ધર્મનું સાધન છે, ધર્મનું કારણ છે, જેને આસ્રવ કહ્યો. 'તત્ત્વાર્થ સૂત્ર'માં. પુણ્ય-પાપ બેયને મહાવ્રત આદિને આસ્રવ કહ્યું. તેને સંવર માનીને, ચારિત્ર માનીને ધર્મરૂપ માને એ મિથ્યાદર્શન છે. મિથ્યાશ્રદ્ધામાં પરિણમ્યો છે.

મુમુક્ષુ :- વ્રત પાળે ને મિથ્યાદૃષ્ટિ?

ઉત્તર :- વ્રત પાળે એને નહિ, વ્રતના પરિણામને ધર્મ માને તેને (મિથ્યાદૃષ્ટિ કહીએ). વ્રતનું પાલન એ આસ્રવ છે, આસ્રવને ધર્મ માને તે મિથ્યાત્વ છે. વ્રતના પરિણામ એ મિથ્યાત્વ નથી. સમજાય છે કાંઈ? પણ એ પરિણામને સંવર માને, ચારિત્ર માને.. આહાહા..! તેનું નામ મિથ્યાત્વ પરિણમન છે. '**આત્માકો આદિ લેકર...**' નવ તત્ત્વ. એમાં બધું આવ્યું છે ને? સાતમા અધિકારમાં બધું આવ્યું છે. જીવાજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ. વિપરીત તત્ત્વની વાત ચાલી છે ને? આહાહા..!

આત્મા જે જ્ઞાયકસ્વરૂપ છે... એ નીચે કહેશે. તેને મિથ્યાત્વ રાગાદિરૂપ જાણે છે. જે જ્ઞાયકરૂપ આનંદરૂપ પ્રભુ છે તેને વિપરીત માન્યતા અને રાગરૂપ જાણે છે. આહાહા..! સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વિષય છે, ભાઈ! લોકોને વ્યવહાર અને નિમિત્તની એટલી પકડ છે

કે તેનાથી રહિત આત્માનું જ્ઞાન, આનંદ તેનાથી રહિત છે, એવી માન્યતા કરવી તેને બહુ કઠણ લાગે છે. આહાહા..!

**'યથાર્થ નહીં જાનતા...'** છે? **'मनुते' 'આત્માકો આદિ લેકર તત્ત્વોંકે સ્વરૂપકો...'** જીવનું સ્વરૂપ, અજીવનું સ્વરૂપ, પુણ્યનું સ્વરૂપ, પાપનું સ્વરૂપ, આસ્રવ-બંધનું સ્વરૂપ, સંવર-નિર્જરાનું સ્વરૂપ અને મોક્ષનું સ્વરૂપ. બધા તત્ત્વોને વિપરીત માને છે. મોક્ષમાં પણ લીધું છે ને? મોક્ષ કેવો છે? કે ઈન્દ્રના સુખથી અનંતગુણો. આવે છે ને? મોક્ષસુખ કેવું છે? કે ઈન્દ્રોને જે ઈન્દ્રિયનું સુખ છે તેનાથી અનંતગણું સુખ છે, તો એ તો એક જાત થઈ. સમજાય છે કાંઈ? ઈન્દ્રિયનું સુખ તો દુઃખરૂપ છે, આકુળતા છે. ઈન્દ્રોને ઈન્દ્રાસનમાં ઈન્દ્રાણી સાથે વિષયની વાસના પણ દુઃખરૂપ છે. આહા..! એ દુઃખરૂપથી અનંતગણુ સિદ્ધનું સુખ? તો એ મોક્ષતત્ત્વને જાણતો નથી. આહા..! સમજાય છે કાંઈ?

અને જીવની રક્ષા કરવી. એ એમાં આવ્યું ને? સંવર અધિકારમાં આવે છે. સાતમા અધિકારમાં. જીવની રક્ષા કરવી એ સંવર છે, એમ માને છે. જીવની રક્ષા તો જીવ કરી શકતો નથી. ભાવ આવે છે તો એ શુભ છે. તેને સંવર માનવો એ વિપરીત તત્ત્વની દૃષ્ટિ છે. મિથ્યાત્વરૂપ પરિણમે છે. આહાહા..! મિથ્યાત્વરૂપ પરિણમેલો એ આત્મા છે. આહા..! સ્વ અનુભૂતિ પરિણતિથી વિલક્ષણ મિથ્યાત્વનું પરિણમન છે. એમાં તો ઘણું લીધું છે. બંધ અધિકારમાં લીધું છે. 'સમયસાર'માં. જેમ હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના જેમ પાપાસ્રવ છે, તેમ જ અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય એ પુણ્યાસ્રવ છે. આવ્યું છે? 'ધન્નાલાલજી'! જેમ હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ પાપાસ્રવ છે, તેમ અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ ભાવ એ પુણ્યાસ્રવ છે. તો પુણ્યાસ્રવ ઠીક છે અને પાપાસ્રવ ઠીક નથી, એ તો દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહાહા..!

'પ્રવચનસાર'માં તો ત્યાં સુધી કહ્યું, જે કોઈ પુણ્ય અને પાપના ભાવમાં વિશેષ-તફાવત માને છે તે હિંડતી ઘોર સંસારમાં રખડશે. **'तीर्थकृतां पुण्यविपाकोऽ किंचित्कर'** પુણ્યનું ફળ ભગવાન તીર્થંકરને કંઈ કરતું નથી. એનો અર્થ એમ કરે કે પુણ્યફલા અરહંતા. પુણ્યના ફળમાં અરિહંત પદ પ્રાપ્ત થાય છે. માથે લખ્યું છે એને તો વાંચતા નથી. સમજાય છે કાંઈ? **'अथैवं सति तीर्थकृतां पुण्यविपाकोऽकिंचित्कर एवेत्यवधारयति'** એમ કહે છે. અરે પ્રભુ! તીર્થંકરોને પુણ્યનો વિપાક અકિંચિત્કર છે. કાંઈ કરતો નથી, સ્વભાવનો કિંચિત્ ઘાત કરતો નથી. સ્વભાવને લાભ કરતો નથી પણ સ્વભાવનો કિંચિત્ ઘાત કરતો નથી. એ તો પુણ્યનું ફળ અતિશય (છે). એ તો બહારનો અતિશય થયો, બહારની ચીજ થઈ. એ પુણ્યનું ફળ છે. પુણ્યનું ફળ અરિહંતપદ નથી. અતિશય આદિ હોય છે એ પુણ્યનું ફળ છે. આહાહા..! આમાંથી બધા ઈ કાઢે છે. પુણ્યફલા અરંહતા. જુઓ! અહીં કહે છે...

મુમુક્ષુ :- ગાથાની પંકિત છે.

ઉત્તર :- પંકિત ઈ છે, જુઓ! શું છે? તીર્થંકરોનો પુણ્યનો વિપાક અકિંચિત્કર છે. એ જ અરિહંત ભગવાન પુણ્યના ફળવાળા તેમની ક્રિયા ઉદયની છે. ગાથા છે કે નહીં ઉદયભાવ

બોલવો એ પુણ્યનું ફળ છે. એમાં આત્મામાં શું આવ્યું? સમજાય છે કાંઈ? અને એ ૭૭માં છે. ..

એમ ન માને પુણ્ય અને પાપ અવિશેષ છે. એક સરખા છે... એમાં ફેર છે. પાપ કરતાં પુણ્યમાં ફેર છે એમ માનનારો હિંડંતી ઘોર અપારં સંસારં. આ 'કુંદકુંદાચાર્ય'નું વચન છે. પુણ્ય અને પાપમાં તફાવત નથી, ફેર નથી એમ નથી માનતા તે મોહથી આચ્છાદિત વર્તતા થકા મિથ્યાત્વ પરિણમનમાં રહેતા થકા ઘોર અપાર સંસારમાં હિંડંતી. કહો, બંડીજી! અહીંયાં એમ તો કહે છે.

મુમુક્ષુ :- એ જ તો ઝઘડો છે.

ઉત્તર :- આ પાઠ તો આવો છે. 'લલિતપુર'માં એવો ઝઘડો થયો, હવે 'ભોપાલ'માં કરવાના છે. અહીં તો આ કહે છે. પાઠ જુઓ! ૭૭. બે સાત. આહા..! પુણ્ય અને પાપમાં તફાવત નથી એમ જે નથી માનતો, તફાવત નથી, એમ જે નથી માનતો (તે ઘોર સંસારમાં રખડે છે). હિન્દીમાં શું છે? (અંતર). આ તો 'પ્રવચનસાર' છે. હિન્દી નથી. ફેર માને છે. બેમાં ફેર નથી અને ફેર માને છે, કે બેમાં ફેર છે એ મિથ્યાદૃષ્ટિ છે. બેમાં જરીયે ફેર નથી. કહો, શેઠ! આવા ને આવા ઝઘડા. તમારા શેઠને... નિર્ણય કદી કર્યો નથી અને માથે પંડિત કહે એમ માનવું. જય નારાયણ!

મુમુક્ષુ :- પુણ્ય-પાપ બેયને એક કેમ કહો છો?

ઉત્તર :- અહીંયાં આચાર્ય મહારાજ એક કહે છે, 'કુંદકુંદાચાર્ય' મહારાજ. પુણ્ય-પાપને એક પ્રકારે ન માને અને ફેર માને (અર્થાત્) પુણ્ય ઠીક છે અને પાપ અઠીક છે, એ ઘોર સંસારમાં હિંડંતી. પાઠ જુઓ! આ જ્ઞાનતત્ત્વનો અધિકાર છે. પહેલા જ્ઞાનતત્ત્વનો અધિકાર છે. જે જ્ઞાનમાં એમ માને કે પુણ્યભાવ ઠીક છે અને પાપભાવ અઠીક છે, એમ બેમાં ફેર માને, તફાવત માને, અંતર માને તે મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. આહાહા..!

મુમુક્ષુ :- લોકોને આવું..

ઉત્તર :- અન્યમતને તો ક્યાં ભાન છે? અન્યમતમાં તો છે જ ક્યાં. આ તો જૈનમતમાં ૫ ઠેકાણા નથી. અન્યમતમાં તો ઠેકાણા જ ક્યાં છે. આ તો શ્વેતાંબરને પણ અહીં તો અન્યમત કહ્યો છે. વેદાંત, વૈષ્ણવ આદિ તો અન્યમત છે જ.

મુમુક્ષુ :- સાતમા ગુણસ્થાનની વાત છે.

ઉત્તર :- ચોથા ગુણસ્થાનની વાત છે અને વિરોધમાં પહેલા ગુણસ્થાનની વાત છે. પુણ્ય-પાપમાં ફેર માને એ મિથ્યાદૃષ્ટિ છે. જુઓ! છે ને?

એમ જે નથી માનતો, બેમાં તફાવત નથી, બેય એકસરખા બંધના કારણ છે, એમ નથી માનતો તે મોહથી (આચ્છાદિત વર્તતો થકો) ઘોર (સંસારમાં રખડે છે). આહાહા..! ઘોર અપાર સંસાર. નિગોદ સંસારમાં ઈ જશે. સમજાય છે કાંઈ? એમ કહે છે. જેમ વસ્ત્ર, રાગનો ટુકડો રાખીને મુનિપણું માને છે, અમે મુનિ છીએ, બીજા એને મુનિ માને છે તો એ બધા નિગોદમાં જવાવાળા છે. એ સૂત્ર-ગાથા છે. સૂત્ર પાહુડ, ૧૮મી (ગાથા). સમજાણું

કાંઈ? એમ અહીંયાં કહ્યું. આહાહા..! માર્ગ બીજો (છે), ભાઈ! 'છગનલાલજી'! આ તો શેઠિયાઓને દરકાર નહોતી. એમ ને એમ જે વાડામાં પડ્યા ઈ પડ્યા. જાઓ! માથે પંડિત કહે (એ જય નારાયણ). અમારે 'શોભાલાલજી' શેઠ કહે છે, માથે પંડિત કહે એમ માનીએ છીએ, અમારે શું બીજું? આહાહા..! પંડિત કહે પણ શું કહે છે એનો નિર્ણય વિચાર તો કરવાનો છે કે નહિ? કે હા એ હા? કોઈ એમ કહે, પૂર્વ ભવમાં મારા પિતાએ તમારા પિતાને પાંચ લાખ આપ્યા છે, લાવો? તો માનો છો? શેઠ! તમારા પિતાને અમારા પિતાએ પૂર્વ ભવમાં પાંચ લાખ આપ્યા છે. અને ઘણો વખત થઈ ગયો છે તો વ્યાજ પણ ઘણું ચડી ગયું છે. હા પાડશે? શેઠ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એવી વાત માનતા નથી અને આ મહા ખોટવાળી મિથ્યાત્વની વાત માને છે. પુણ્યમાં ફેર છે, પુણ્ય સારું છું, શુભ સારું છે. એ તો પુણ્ય-પાપની બેની વચ્ચે પુણ્ય ઠીક છે.

મુમુક્ષુ :- પુણ્ય પરંપરા ધર્મનું કારણ છે.

ઉત્તર :- એ બિલકુલ કાંઈ જ નથી. પુણ્યનો આસ્રવ એ પરંપરા અનર્થનું કારણ છે. પરંપરા મોક્ષનું કારણ નથી. એ તો આરોપથી સમકિતીના પુણ્યને (વ્યવહારથી કારણ કહ્યું છે). સમ્યગ્દર્શન છે, અનુભૂતિ છે, પુણ્ય અને પાપમાં ફેર માનતો નથી એને જે પુણ્યભાવ આવે છે, એમાં અશુભ ટળે છે અને શુભકર્મ પણ ટાળશે, એ અપેક્ષાએ વ્યવહારનયથી એમ કહ્યું છે. એ તો સમ્યગ્દષ્ટિ પહેલા માનતો હતો કે રાગથી ધર્મ નથી, એની વાત છે. પણ જે રાગથી ધર્મ માને છે એવા મિથ્યાદષ્ટિને તો એ માટે તો પરંપરા અનર્થનું કારણ છે. આહાહા..! આવો ઝીણો માર્ગ છે, ભાઈ! જુઓ! (પ્રવચનસાર, ગાથા-૭૭)

**'શુભાશુભ ઉપયોગના દ્વૈતની માફક અને સુખ-દુઃખના દ્વૈતની માફક, પરમાર્થે પુણ્ય-પાપનું દ્વૈત ટકતું-રહેતું નથી;...'** જેમ સુખ-દુઃખ એક જ ચીજ છે-સંસારનું દુઃખ. સમજાણું કાંઈ? એમ શુભાશુભ ઉપયોગમાં દ્વૈત નથી, બેય એક જ છે. આહાહા..! **'પરમાર્થે પુણ્ય-પાપનું દ્વૈત ટકતું-રહેતું નથી;...'** પુણ્ય અને પાપમાં બે પણું ટકતું નથી, બેય એક પ્રકારના છે. આહાહા..! **'કારણ કે બન્નેમાં અનાત્મધર્મપણું અવિશેષ અર્થાત્ સમાન છે.'** આહાહા..! પાપભાવમાં અને પુણ્યભાવમાં અનાત્મધર્મપણું, અનાત્મધર્મપણું (સમાન છે). અનાત્મધર્મ કહેતાં અધર્મપણું. અનાત્મધર્મપણું અવિશેષ-સરખા છે. શુભ અને અશુભભાવ બેય અનાત્મધર્મ તરીકે સરખા છે. સમજાય છે કાંઈ? એ તો બે વચ્ચે આંતરો કરવો હોય તો શુભમાં રાગ મંદ છે, અશુભમાં તીવ્ર છે, એટલું. પણ આત્માના લાભની અપેક્ષાએ તો બેય નુકસાનકારક છે. સમજાય છે કાંઈ? આહાહા..! આ તો વીતરાગમાર્ગ છે. વીતરાગમાર્ગમાં રાગથી લાભ થાય, એ વીતરાગમાર્ગ છે? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ચડી જશે એની ક્યાં અહીંયાં વાત છે? એ શુભભાવની રુચિ છોડી દો, એ વાત છે. શુભભાવ છૂટશે નહિ. શુભ તો જ્યારે શુદ્ધઉપયોગ થશે ત્યારે છૂટશે. પણ

શુભમાં ધર્મ છે એમ રુચિ છોડી દો. સમજાય છે કાંઈ? શુભભાવ તો સર્વથા ક્યારે છૂટે? કે જ્યારે શુદ્ધોપયોગની ધારા ચાલશે ત્યારે શૂભ છૂટશે. ક્ષાયિક સમકિતી મુનિ હો, ક્ષાયિક સમકિતી મુનિ હોય છઠ્ઠે ગુણસ્થાને હો, એમને પણ વ્રતાદિનો શુભભાવ તો આવે છે. આવો પણ એની રુચિ છોડી દો કે એ ધર્મ છે. આસ્રવ છે એ સંવર છે, એવી દૃષ્ટિ છોડી દો. સમજાય છે કાંઈ? વાત ભારે આકરી ભાઈ.

જુઓને! આ 'પ્રવચનસાર'માં આવો આ જ્ઞેય, જ્ઞાન અધિકાર. '**(પરમાર્થે જેમ શુભોપયોગ અને અશુભોપયોગરૂપ દ્વૈત હૈયાત નથી;...)**' ખરેખર શુભ અને અશુભની બે પ્રકારની હયાતી જ નથી '**(જેમ સુખ અને દુઃખરૂપ દ્વૈત હયાત નથી...)**' સંસારના સ્વર્ગના સુખ અને નરકના દુઃખ એમ બે છે જ નહિ. બેય દુઃખરૂપ છે. સમજાય છે કાંઈ? પૈસાવાળા સુખી છે, આ શેઠને બધા એમ કહે છે, એ દુઃખી છે. ધૂળમાંય સુખ નથી. આહાહા..! શેઠ! બેયને ... બાદશાહ કહે છે. દુઃખી, દુઃખી છે. પૈસા મારા, એ માન્યતા દુઃખી છે. હું બીજાને પૈસા આપું છું એવી માન્યતા દુઃખની વાત છે. આહા..! એ મિથ્યાત્વભાવ છે.

મુમુક્ષુ :- જેને કરી ન શકે એને માને છે કે હું કરું છે, એ જ મિથ્યાત્વ છે?

ઉત્તર :- અહીં તો કરી શકે છે એ રાગ પણ દુઃખી છે. મેં પાંચ લાખ આપ્યા, એ મારી ચીજ હતી, એ માન્યતા મિથ્યાત્વ છે. એ પાંચ લાખ તો અજીવ છે અને આપવાનો ભાવ થયો એ તો શુભ છે. મેં લક્ષ્મી આપી અને મારું નામ રહે અમારું... શું કહેવાય? તખ્તી. તસ્દી લઈને તખ્તી લગાવે. પત્થર.. પત્થરની. 'ભગવાનદાસ શોભાલાલ શેઠ'. ત્રણ લાખ આમાં આપ્યા.

મુમુક્ષુ :- જે આપે એનું નામ લખાય.

ઉત્તર :- આપે કોણ? એ તો એને કારણે લક્ષ્મી જાય છે. લક્ષ્મી એને કારણે જાય છે, આત્મા દઈ શકતો નથી. આત્મા લઈ શકતો નથી, આત્મા દઈ શકતો નથી, આત્મા રળી શકતો નથી. આહાહા..! 'રાજેન્દ્રભાઈ'! આહાહા..! એમના પિતાજી પૈસા ઘણા આપે. 'લક્ષ્મીચંદ' શેઠ. એમાં રાગ મંદ હોય તો પુણ્ય છે, એટલી વાત છે. બાકી મેં લક્ષ્મી આપી ને મારું નામ લખો (એ મિથ્યાત્વ છે). નામેય ક્યાં છે? ભગવાન! આત્માને નામ શું? એ તો આત્મા (છે). નામ 'ભગવાનદાસ' છે, એ આત્માનું નામ છે? એ તો જડની ઓળખાણ છે. બીજાથી ભિન્ન પાડવા એ નામ છે. નામ કેવું? આત્મા એવું આત્મામાં નામ કેવું?

આત્મા નામ અતતી ગચ્છતિ ઈતિ આત્મા. પોતાનો આનંદનો નાથ પ્રભુ પોતાની શાંતિમાં પરિણમન કરે. પોતાના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે શુદ્ધાત્માનુભૂતિ, એ રૂપ પરિણમન નામ પર્યાયમાં એ રૂપ થાય.. આહાહા..! તેનું નામ આત્મા કહે છે. સમજાય છે કાંઈ? કેમકે આત્મા તો જ્ઞાયકરૂપે આત્મા છે જ, પણ જ્યારે અનુભૂતિમાં લક્ષમાં આવ્યો ત્યારે તેને આત્મા કહેવામાં આવ્યો. એ હમણાં આવશે. સમજ્યા? આ તો 'પ્રવચનસાર' (છે).

'**સુવર્ણની અને લોખંડની બેડીની માફક-અહંકારિક તફાવત માનતો...**' નથી. સોનાની બેડી અને લોઢાની બેડી બેય નુકસાનકારક છે. એમ પુણ્ય અને પાપ બેય આત્માને

નુકસાનકારક છે. આહા..! '**અહમિંદ્રપદાદિ સંપદાઓના કારણભૂત ધર્માનુરાગને અતિ નિર્ભરપણે (-ગાઢપણે) અવલંબે છે, તે જીવ ખરેખર, જેની ચિત્તભૂમિ ઉપરક્ત હોવાને લીધે (-ચિત્તરૂપી ભૂમિ અથવા ભીંત કર્મોપાધિના નિમિત્તે રંગાયેલી-મલિન-વિકૃત હોવાને લીધે)...**' આહાહા..! એની ચિત્તભૂમિ-જ્ઞાનભૂમિ મેલી છે. ઈ પુણ્ય-પાપમાં ફેર માને છે. કેટલી સ્પષ્ટ વાત કરે છે. આવી વાત દિગંબર સંત સિવાય ક્યાંય નથી. દિગંબર મુનિને પડી નથી. હું સત્ય જાહેર કરું છું. દુનિયાને બેસે ન બેસે, સમાજ એમાં હા પાડે ન પાડે, સમાજની સંખ્યા વધે કે ન વધે, એની દરકાર મુનિને નથી. સમજાય છે કાંઈ? માર્ગ આ છે. આહાહા..! જુઓ!

'**જેણે શુદ્ધોપયોગશક્તિનો તિરસ્કાર કર્યો છે...**' આહાહા..! જુઓ! શુભોપયોગી કે અશુભોપયોગી, જેણે ભગવાનઆત્માના શુદ્ધોપયોગનો તિરસ્કાર કર્યો છે અને પોતાની ગાદી રાખી છે. અમે છીએ. શું છે તને? દુઃખ છે. આહાહા..! '**એવો વર્તતો થકો, સંસારપર્યંત...**' આહાહા..! શું અર્થ કર્યો? જ્યાં સુધી સંસારનું અસ્તિત્વ છે ત્યાં સુધી રખડશે. આહાહા..! 'પોપટભાઈ'! ટીકા જુઓ. સંસારપર્યંત. પાઠમાં છે ખરુંને? '**हिंडदि घोरमपारं संसारं**'. જ્યાં સુધી સંસારનું અસ્તિત્વ છે રખડવાનું. આહાહા..! (ત્યાં સુધી રખડશે.) આહાહા..! પ્રભુ.. પ્રભુ.. પ્રભુ..! 'કુંદકુંદાચાર્ય'ના '**हिंडदि**' ઘોર સંસાર શબ્દ છે ને? '**घोरमपारं संसारं**'. સંસારનો પાર નહિ. જ્યાં સુધી સંસારનું અસ્તિત્વ રહેશે ત્યાં સુધી પુણ્યને ભલું માનનારો રખડશે. આહાહા..!

મુમુક્ષુ :- આવો નિશ્ચયમાર્ગ.

ઉત્તર :- આવો માર્ગ જ છે. સાંભળ્યો નથી અને કુદાકુદ કરે. આ વાંચન ને પઠન ને પાઠન ને ભક્તિ ને સ્તુતિમાં ધર્મ છે. ધર્મ ધૂળેય નથી, સાંભળને! એ શુભભાવ છે. પણ શુભભાવ પણ જેને સમ્યગ્દર્શન થયું કે શુભભાવ બંધનું કારણ છે, નુકસાન(કારક) એના શુભભાવને શુભ કહે છે. અજ્ઞાનીના શુભભાવને તો અશુભ કહે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- બહારની અપેક્ષા પછી?

ઉત્તર :- એ પુણ્યની અપેક્ષાએ બેય અશુભ. એ કહ્યું નહિ? 'પુણ્ય-પાપ અધિકાર'માં. શુભાશુભ ભાવ. શુભ મોક્ષમાર્ગ છે, અશુભ બંધમાર્ગ છે. અર્થાત્ જે આત્માની પુણ્ય-પાપથી રહિત સ્વરૂપના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની વીતરાગી પર્યાય એ શુભ છે. એ શુભ છે, પુણ્ય શુભ નહિ. શુભ-અશુભભાવને તો અશુભ કહ્યા. લ્યો. કહ્યું ને. આહાહા..! શુભ-અશુભભાવ બેય ભાવને અશુભ કહ્યા. ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યઘન ત્રિલોકપિંડ પ્રભુ, ત્રિલોકનાથ. ત્રિલોકપિંડનો અર્થ બધા આનંદ આદિનો પિંડ ત્રિલોક વસ્તુ છે. ત્રિકાળ એવી ચીજ છે. આહાહા..!

મુમુક્ષુ :- શ્રદ્ધાની ચીજને ચારિત્રમાં મેળવે છે. એ જ ભૂલ છે.

ઉત્તર :- ગડબડ કરી નાખે છે. ચારિત્ર છે ક્યાં? શ્રદ્ધા વિના ચારિત્ર કેવા? આ વ્રત

લીધા ને ત્યાગ કર્યો, એ ચારિત્ર છે. એ ચારિત્ર છે? વ્રત તો આસ્રવ છે. અને જેણે વ્રત લીધા એને સમકિત તો છે જ. એમ. અથવા નિશ્ચય સમકિતની ખબર ન પડે. બસ, ચાલો. હવે એ ગડબડ ઉઠાવી. નિશ્ચય સમકિતની ખબર ન પડે એ જ મિથ્યાત્વ છે. આહાહા..! આંધળો છો? પોતામાં આનંદનો સ્વાદ આવ્યો એનો એને ખ્યાલ ન આવે? અનાદિકાળનો ઝેરના સ્વાદનો અનુભવ છે.. આહાહા..! ઈન્દ્રાણીના ભોગ, વિષયવાસનાનો ભાવ બધો ઝેરનો અનુભવ હતો. ઝેરનો અનુભવ હતો. ઝેરના ભોગ હતા. જેને સમ્યગ્દર્શન થયું... આહાહા..! ત્રિલોકીનાથ પરમાત્માનું શરણ લીધું ત્યાં તો આનંદનો સ્વાદ આવ્યો. એ આનંદનો સ્વાદ આવ્યો એની ખબર ન પડે? સમજાય છે કાંઈ? અને ખબર પડતી નથી તો એને આનંદનો સ્વાદ આવ્યો નથી. મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? આહાહા..! કોઈ રાગ આવે છે, અશુભ પણ આવે છે એને દુઃખદાયક માને છે. શુભભાવ પણ આવે છે તેને પણ દુઃખદાયક માને છે. સુખનો દાતાર નહિ, દુઃખનો દાતાર માને છે. આહાહા..! શુભ-અશુભભાવને (દુઃખદાયક માને છે).

નરકનો સમકિતી, સાતમી નરકનો નારકી હો, અહો..! મિથ્યાત્વ લઈને ગયો હતો. પૂર્વે સંતો પાસે સાંભળ્યું હતું, પ્રભુ! તું શુદ્ધ ચૈતન્ય છો ને, નાથ! પર્યાયમાં રાગ થાય એ તારી ચીજ નહિ, તું રાગ નહિ. એવી વાત સાંભળી હતી, પણ પ્રત્યક્ષ નહોતી કરી અને નરકનું આયુષ્ય બંધાઈ ગયું. મિથ્યા દૃષ્ટિ લઈને સાતમી નરકે ગયો. પછી અંદરમાં ભાન થયું અંદરથી. આહાહા..! રૌવરૌવ નરકમાં. અપરિઠાણા નારકી. પાંચ પાંસડા છે. અપરિઠાણા. રૌવરૌવ નરક. ૩૩ સાગરની સ્થિતિ. રૌવરૌવ નરક. જેમ કીડા પડ્યા હોય એવું દુઃખ છે. દુઃખના કીડા. એકલું દુઃખ.. દુઃખ.. દુઃખ. એ દશામાં સમકિત પામે છે. સમજાય છે કાંઈ? એમ કહે કે ખાવા-પીવાની સગડવતા હોય, બધું હોય તો ધર્મ કરવો ઠીક પડે. ધૂળેય નથી, સાંભળને! એમ કહે, ખાવા-પીવા માટે પૈસા હોય, આજીવિકા હોય, છોકરાઓ થયા, કમાતા હોય તો નિવૃત્તિ લેવાનો વખત મળે. અરે..! ધૂળેય નથી, સાંભળને!

સાતમી નરકમાં એટલી પ્રતિકૂળતા છે કે જેમાં એક ચોખાનો કણ ન મળે, પાણીનું બિંદુ ન મળે અને એટલી શીત અવસ્થા, શીત વેદના કે એક શીતનો કણ અહીંયાં આવે તો દસ યોજનના મનુષ્ય ઠંડીમાં મરી જાય. એવી ઠંડીમાં ૩૩ સાગર કાઢે, પ્રભુ! જુઓ! વાત તો જુઓ! વાત વાત તરીકે નહિ લેવી, ભાવમાં એનું (ભાસન થવું જોઈએ). આહાહા..! એનો શીતનો એક કણ અહીંયાં લાવે તો દસ યોજનના મનુષ્ય એ શીતની ઠંડીમાં મરી જાય. આહાહા..! જેમ શિયાળામાં... શું કહેવાય? ઝાડે કિ દિનમેં. હિમ પડે ને? હિમ. એ શીતળ છે. રીંગણાના ઝાડ હોય, રીંગણા. બૈંગન. સૂકાઈ જાય. હિમ.. હિમ. આહા..! એ હિમથી અનંતગણું હિમ સાતમી નરકમાં છે. ભાઈ! એ શબ્દ નહિ ધારવા, ભાવને લક્ષમાં લેવો. વેદના પ્રભુ! કોને કહે, ભાઈ! આહાહા..!

ગ્રીષ્મઋતુ.. એ કહ્યું હતું ને? 'ગઢડા' જાવું હતું. .. અને હિમ, હિમ પડ્યું, હિમ. નાનું ગામ. કીધું હતું, ભૂલી ગયા? (સંવત) ૧૯૮૫, ૧૯૮૫ની સાલ. વિંછિયાથી એક ગામ છે.

એક ગામડામાં આવી ગયા. ત્યાં ઘર થોડા. અમે તો અમારી માટે ભોજન કર્યું હોય અને ખ્યાલ આવે તો લેતા નહોતા. એવી કડક ક્રિયા હતી ને. બહુ કડક હતી. એ ગામમાં બીજા દિવસે તો રહી શકાય નહિ. ન્યાંથી નીકળ્યા. છ ગાઉ જવું, છ કોસ. બાર માઈલ. અને રસ્તામાં અમે બે જણા. હિમ (પડ્યું). આહા..! ગામની નજીક નીકળીએ તો લોકો કહે, અરે..! આ તો મહારાજ છે. ભઈ, અમે ગામડામાં છીએ, ત્યાં બીજો દિવસ રહી શકાય નહિ. અમારી માટે ભોજન બનાવે તો અમે લેતા નથી. હિમ, હોં! સખત હિમ. પંથ તો બાર માઈલ. એ હિમથી પણ અનંતગણું હિમ સાતમી નરકમાં છે, એમ કહે છે. હિમ એટલું પડ્યું હતું કે પાણી બરફ થઈ ગયું. નદીમાં વિરડા હોય ને? વિરડા સમજો છો? વિરડાને શું કહે છે? પાણી હતું તે બરફ થઈ ગયું. એટલું હિમ-બરફ. આહાહા..! અમે ચાલતા હતા. ત્યારે તો જુવાન અવસ્થા હતા. ૧૯૮૫ એટલે ૧૫+૩૨=૪૭ વર્ષ પહેલાં. શરીરની જુવાન અવસ્થા છે, આત્માને શું? આ તો છ કોસ હિમની સ્થિતિમાં ચાલ્યા. કારણ કે નાના ગામમાં અમે રહી શકીએ નહિ. એક દિવસ માંડ નિર્દોષ આહાર મળે. એના ઘરે તૈયાર થાય ત્યારે એકદમ જઈએ. અમે ગયા પછી બનાવે તો અમે ન જઈએ. પહેલા બનાવ્યું હોય તો બે રોટલી, દાળ, ભાત થોડા લઈએ. અમારી માટે બનાવ્યું હોય તો પાણીનું એક બિંદુ પણ ન લઈએ. સંપ્રદાયમાં પણ અમારી સખત ક્રિયા હતી.

એ વખતે એટલો હિમ પડ્યો કે લોકોને ત્રાસ થઈ ગયો. અમને જોઈને... જુવાન શરીર, રૂપાળું શરીર. અરે..! મહારાજ! અત્યારે અહીંયાં ક્યાં? ભાઈ! અમે તો ગામડામાં હતા. હિમ પડ્યો. ગામડામાં બીજો દિવસ રહી શકાય નહિ. એટલે અમે 'ગઢડા' જઈએ છીએ. એ હિમથી અનંતગણો હિમ છે. સાતમી નરક. એમાં સમ્યગ્દર્શન પામે છે. અરે..! હું આત્મા આનંદનો નાથ પ્રભુ છું. હું રાગ નહિ, શરીર નહિ, વેદના એ કંઈ પર મારામાં નથી. તાંબાનો તાર હોય, આ તાંબુ. વિજળી પડે તો તાંબામાં ઊતરી જાય છે ને? આ તાંબુ હોય ને? માનસ્તંભમાં રાખ્યું છે ને. કોઈ વિજળી પડે તો ઉતરી જાય.

એમ ભગવાનઆત્મા અંતરની ધારાથી અંદર ઊતરી જાય છે. એ વેદનામાં પાણી નહિ. ૩૩ સાગરમાં ચોખાનો એક કણ નહિ. અનાજનો કણ નહિ. પાણીનું બિંદુ નહિ. સ્વયંભુરમણ સમુદ્રનું બધું પાણી આપે તોપણ સુકાઈ જાય એટલી તો તૃષા. અરે..! ભગવાન! એ વાત શું છે? ભાઈ! એની તૃષા માટે સ્વયંભુરમણ સમુદ્રનું પાણી આપે તો જેમ એક તાવડો હોય ને? લોઢાના ઊના તાવડા ઉપર પાણીનું બિંદુ નાખે તો ચૂસી જાય. એટલી તો તૃષા. એ વેદનામાં તું અનંતવાર આવી ગયો છો. ભૂલી ગયો.

અહીં તો બીજું કહેવું છે, ત્યાં પણ આત્મા પુણ્ય-પાપથી ભિન્ન થઈને, આહાહા..! શુભાશુભ ભાવની રુચિ છોડી, શુભભાવ નહિ છૂટે પણ એની રુચિ છોડી ને, આહાહા..! અતીન્દ્રિય આનંદના નાથમાં પ્રવેશ કર્યો, એ બાજુ ઝુકી ગયો. શું વાત છે આ! અરે..! ભાઈ! એનો ભાવ લક્ષમાં લે તો ખબર પડે. ત્યાં સ્વાનુભૂતિ થઈ જાય છે. સાતમી નરકનો નારકી, ૩૩ સાગરની સ્થિતિ. આહાહા..! સમજાય છે કાંઈ?

પ્રભુની મહાસત્તા, અંદર આનંદની સત્તા ભગવાનઆત્માની, એની અંતર અનુભૂતિ થઈ જાય છે. આહાહા..! અહીં કહે, અમારે સગવડતા હોય તો નિવૃત્તિ લઈએ. ધૂળેય નથી, સાંભળને! અનંતી અગવડતામાં પણ સમકિત પામે છે તો ત્યાં સગવડતાની જરૂર ક્યાં છે? આહાહા..! સમજાય છે કાંઈ? અહીંયાં એ કહ્યું, હોં! જ્યાં સુધી સંસારનું અસ્તિત્વ રહેશે, સદા શારીરિક દુઃખને અનુભવશે. શારીરિક દુઃખને અનુભવશે. આહાહા..!

(કુંદકુંદાચાર્ય) ભગવાન પાસે ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. એ આવીને જગત પાસે કહે છે. દુનિયા માનો, ન માનો. અમને પાગલ કહો, ન કહો. તમારી મરજી. અમે તો ભગવાનનો માર્ગ આમ છે એમ ઢંઢેરો પીટીને જાહેર કરીએ છીએ. આ 'કુંદકુંદાચાર્ય' એમ કહે છે. અમે તો ઢંઢેરો પીટીને જગતને કહીએ છીએ, માનો ન માનો તમારી વાત છે. અમે તો નગારા પીટીને કહીએ છીએ. શુભભાવમાં ધર્મ માનનારો ઘોર સંસાર, જ્યાં સુધી સંસાર રહેશે ત્યાં સુધી શારીરિક દુઃખ ભોગવશે. આહાહા..! દરબાર! ક્યાં છે ત્યાં તમારા ગરાસિયા-ફરાસિયામાં.

એક ફેરી જાન નીકળી હતા. 'લીંબડી'. જાંબુ છે, જાંબુ. ઘણા વર્ષ થઈ ગયા. ૬૦-૭૦ વર્ષ થઈ ગયા. એક ગરાસિયાને જાનમાં સાથે લીધો. સાંભળતા હતા કે એક ગામથી બીજે ગામ જઈએ ત્યારે વચ્ચે લુંટારા મળશે. લુટારા કહે છે ને? ડાકુ હોય. જાન છે, સાથે દાગીનો હોય, ઝવેરાત પહેર્યા હોય. તો એક ગરાસિયાને સાથે લીધો. જ્યાં એ ડાકુ આવ્યા.. અમે ક્ષત્રિય છીએ. અમારી હાજરીમાં જો કંઈ થશે તો તમારું મૃત્યુ થશે. જાંબુ છે, જાંબુ, લીંબડી પાસે. ગરાસિયાને સાથે લીધો. ગરાસિયો ઊભો થઈ ગયો. ગાડામાં હું ગરાસિયો છું, વાણિયો નહિ. આ વાણિયાની જાન છે, હું વાણિયો નથી. પહેલા મરી જશો જો અહીંયાં લુંટવા આવ્યા તો. ભાગ્યા. ડાકુ ચાલ્યા ગયા, હોં!

તીર્થંકર ક્ષત્રિય છે. આહાહા..! અમે જે આ વાત કરીએ છીએ ત્યાં જો મિથ્યાત્વની વાત કરશો તો તમારો નાશ થઈ જશે. રખડશો તમે. સમજાય છે કાંઈ? કહ્યું ને? અમારા માર્ગની જે વાત છે, તેને નથી માનતા અને વિપરીત માને છે, યાદ રાખો! શુભભાવને કરનારો મિથ્યાદૃષ્ટિ તેને હેય નહિ માનીને, ઉપાદેય માને છે તે સંસારની જ્યાં સુધી સ્થિતિ છે ત્યાં સુધી શારીરિક દુઃખ ભોગવશે.

શુદ્ધાત્માનુભૂતિથી વિપરીત. આહાહા..! આત્મા આદિ તત્ત્વોના સ્વરૂપને અન્યથા અન્ય અન્યથા અન્ય શ્રદ્ધા કરે છે. નથી જાણતો, વસ્તુનું સ્વરૂપ તો જેવું છે તેવું જ છે. પુણ્ય છે તો પુણ્ય છે, પાપ છે તો પાપ છે, ભગવાનઆત્મા છે તો આત્મા છે, એ તો છે તેમ છે. એક તત્ત્વ બીજા તત્ત્વરૂપે કદી થતું નથી. નવ તત્ત્વ કેમ થયા? આસ્રવ તત્ત્વ છે એ જ જીવતત્ત્વ છે? પુણ્યતત્ત્વ છે એ જીવતત્ત્વ છે? પુણ્યતત્ત્વથી જીવતત્ત્વની પ્રાપ્તિ થાય છે? તો તો તત્ત્વ એક થઈ જાય. સમજાય છે કાંઈ? પર્યાયનું રાગમાં રોકાવું.. મુક્તત્ત્વ છે? રાગથી રહિત તત્ત્વ છે. બંધતત્ત્વ છે. મોક્ષમાં પણ રાગ છે? એ રાગથી પુણ્ય પણ બંધાય અને એ રાગથી મોક્ષનો માર્ગ પણ થાય, એમ બે છે? શ્વેતાંબરના અધિકારમાં લીધું છે. પાંચમા

અધિકારમાં. હવે અહીં દિગંબરમાં વાત ગરી ગઈ. સમજાય છે કાંઈ?

કહે છે કે એક તત્ત્વને બીજા તત્ત્વરૂપ વિપરીત માને છે. આહાહા..! '**અપના જો શુદ્ધ જ્ઞાનાદિ સહિત સ્વરૂપ હૈ,...**' જુઓ! ભગવાન તો જ્ઞાન, આનંદ, શાંતિસ્વરૂપ પ્રભુ (છે). પોતાનું જે શુદ્ધ જ્ઞાન, શુદ્ધ દર્શન, શુદ્ધ શાંતિ, શુદ્ધ આનંદ, શુદ્ધ સ્વચ્છતા આદિ સહિત ભગવાનનું સ્વરૂપ છે. આહાહા..! છે? '**ઉનકો મિથ્યાત્વ રાગાદિરૂપ જાનતા હૈ.**' વિપરીત માન્યતા થઈ તો રાગ સહિત આત્માને માને છે. એ વિપરીત માન્યતા છે. આહાહા..! શુદ્ધ જ્ઞાન, આનંદ સહિત તેને રાગ સહિત, મિથ્યાત્વ સહિત માને છે. શું કહ્યું? ભગવાનઆત્મા શુદ્ધ જ્ઞાન, દર્શન, આનંદ સહિત છે, તેને રાગ સહિત માને છે. મિથ્યાત્વ સહિત માને છે. આહાહા..! હું એક જ આત્મા છું, હું સર્વવ્યાપક છું. અરે..! શુદ્ધ જ્ઞાનાદિ સ્વરૂપ ભગવાન, એમાં આ લપ ક્યાં? (રાગસહિત) માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

'**ઉસસે ક્યા કરતા હૈ**?' '**कर्मविनिर्मितान् भावान्**' '**ભાવડા**' '**કર્મોંકર રચે ગયે...**' શરીર, વાણી, મન, પૈસા, લક્ષ્મી '**પરભાવ હૈં ઉનકો અપને કહતા હૈ,...**' પોતાના માને છે. શરીર મારું, દીકરો મારો, દેશ મારો, 'સાગર' ગામ મારું, લ્યો! અહીં આચાર્ય 'પરમાત્મપ્રકાશ' (કહે છે). દિગંબર સંતોની વાણી તો જુઓ! મડદા ઊભા થાય એવી વાણી છે. સમજાય છે કાંઈ? પ્રભુ! પણ તને આ શું છે? તું તો શુદ્ધ જ્ઞાનાદિ સહિત તારું સ્વરૂપ છે ને. એને પોતાનું નહિ માનીને, કર્મથી જે મળ્યું (તેને પોતાના માને છે). અજ્ઞાનથી બંધાયા કર્મ ને કર્મથી આ શરીર, લક્ષ્મી આદિ સામગ્રી મળી એ મારા છે, એમ માને છે, ઈ શું છે? તારું છે તેને તેં માન્યું નહિ અને તારા નથી તેને મારા માન્યા. તું મિથ્યાદૃષ્ટિ છો.

પોતાને નહિ જાણીને '**ભેદવિજ્ઞાનકે અભાવસે...**' આહાહા..! '**શરીરાદિ પરભાવ હૈં ઉનકો અપને કહતા હૈ,...**' એનો થોડો ખુલાસો કર્યો છે. આગળ ગાથાઓ આવશે. હું ગોરો છું, રૂપાળો, ધોળો રૂપાળો હું છું. એ તો જડની દશા છે. એ તારી ક્યાંથી થઈ? સમજાય છે કાંઈ? શરીર નમણું છે, હું નમણો છું, મારા શરીરની કાઠી પાતળી છે. એ તો શરીરની છે. હું સ્થુળ છું. એ તો જડ સ્થુળ છે, તું ક્યાંથી સ્થુળ થઈ ગયો? મારું શરીર સ્થુળ છે, મારું શરીર સ્થુળ છે, હું સ્થુળ છું, એમ પણ કહી દે. હું શ્યામ છું. કાળોમશ. આ શરીરની ચામડી હોય ને? હું કાળો છું. કાળું તો જડ છે, શરીર છે, તું ક્યાં કાળો છો. સ્થુળ છું. આ જાડું શરીર હોય છે ને? સ્થુળ. કૃશ હોય. શરીર કૃશ પાતળું હોય. આવું પાતળું. એ તો શરીરની કાઠી-બાંધો છે.

'**ઈત્યાદિ કર્મજનિત દેહકે...**' જુઓ! એ કર્મના નિમિત્તે ઉત્પન્ન થયેલ '**દેહકે સ્વરૂપકો અપના જાનતા હૈ, ઈસીસે સંસારમેં ભ્રમણ કરતા હૈ.**' આહાહા..! શરીરાદિ તું નહિ, તેને પોતામાં માનવા અને પોતાના સ્વરૂપને ભૂલી જવું એ જ પરિભ્રમણનું કારણ છે. સમજાય છે કાંઈ? શરીર રૂપાળું હોય, સુંદર હોય, કાંતિમાન-તેજદાર હોય તો અમારું શરીર તેજદાર છે, હું તેજદાર છું. એ તો શરીર માટી છે. આહાહા..! એ તો મસાણમાં માટી રાખ થઈ

જશે. કણ અડે છે. ભડકો થશે. સમજાય છે કાંઈ? 'મુંબઈ' ને 'મુંબઈ'. 'મુંબઈ' હતા ને? જંગલ જતા ત્યારે. ઝાડુ તારી ક્ષણે ક્ષણે બળી રહી છે. આહાહા..! તેને તું પોતાની માને છે. આહાહા..! **'ઈસીસે સંસારમેં ભ્રમણ કરતા હૈ.'**

**'યહાં પર કર્મોંસે ઉપાર્જન કિયે ભાવોંસે ભિન્ન જો શુદ્ધ આત્મા હૈ,..'** રાગ, શરીર, મન, વચનથી ભિન્ન ભગવાનઆત્મા છે. **'ઉસસે જિસ સમય રાગાદિ દૂર હોતે હૈં,...'** આહાહા..! રાગથી, શરીરથી ભિન્ન, કર્મથી ભિન્ન ભગવાન ક્યે સમયે ઉપાદેય થાય છે? ક્યે ક્ષણે એ આદરણીય થાય છે, એ કહે છે. **'કર્મોંસે ઉપાર્જન કિયે ભાવોંસે ભિન્ન જો શુદ્ધ આત્મા હૈ, ઉસસે જિસ સમય રાગાદિ દૂર હોતે હૈં,...'** રાગથી દૂર થઈને પોતાની દૃષ્ટિ સ્વરૂપમાં લગાવી ત્યારે એ આત્મા ઉપાદેય થાય છે. ત્યારે આદરણીય અને આત્માનો આદર કર્યો. બોલવામાં અને ધારણાથી કહી દીધું કે આવો આત્મા છે, એમ નહિ. એમ કહે છે. સમજાય છે કાંઈ? આત્મા રાગથી ભિન્ન છે, શરીરથી ભિન્ન છે, એ તો ધારણામાં લીધું, જ્ઞાનમાં લક્ષમાં લીધું. એ કંઈ (ઉપાદેય) ન થયો.

**'જિસ સમય રાગાદિ દૂર હોતે હૈં,...'** જે કાળે રાગથી ભિન્ન થાય છે, આહાહા..! **'ઉસ સમય ઉપાદેય હૈ,...'** તે ક્ષણે ભગવાન ઉપાદેય છે. જે ક્ષણે, જે સમયે પુણ્યના-પાપના વિકલ્પથી ભિન્ન થયો, તે જ સમયે ભગવાનઆત્મા ઉપાદેય તે જ ક્ષણે થયો. .. સાથે રહે અને આત્મા ઉપાદેય થઈ જાય, એમ છે નહિ, એમ કહે છે. આહાહા..! સમ્યગ્દર્શનના કાળમાં રાગાદિથી દૂર થયો. સમ્યગ્દર્શનના કાળે આત્મા ઉપાદેય છે, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? રાગનું, પુણ્યભાવનું ઉપાદેયપણું છે, તે જ સમયે તેને આત્મા હેય છે. ભગવાનઆત્મા હેય છે. જે સમયે રાગનું ઉપાદેયપણું છે, તે જ સમયે આત્મા હેય છે. જે સમયે રાગનું ઉપાદેયપણું છોડીને સમ્યગ્દર્શનમાં રાગથી દૂર થઈને અંદર ભગવાનનો આદર કર્યો, તે સમયે ઉપાદેય છે. સમજાય છે કાંઈ? આહાહા..! છે?

**'કર્મોંસે ઉપાર્જન કિયે ભાવોંસે...'** રાગ, શરીરાદિ. તેનાથી ભિન્ન-રાગ, શરીરથી ભિન્ન **'જો શુદ્ધ આત્મા હૈ, ઉસસે જિસ સમય રાગાદિ દૂર હોતે હૈં,...'** રાગ ઉપરથી લક્ષ ઉઠાવી, સ્વભાવમાં દૃષ્ટિ (કરે ત્યારે આત્મા ઉપાદેય થાય છે). (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अथानन्तरं १तत्पूर्वोक्तकर्मजनितभावान् येन मिथ्यापरिणामेन कृत्वा बहिरात्मा आत्मनि योजयति तं परिणामं सूत्रपञ्चकेन विवृणोति –**

**८०) हउँ गोरउ हउँ सामलउ हउँ जि विभिण्णउ वण्णु।**

**हउँ तणु-अंगउँ थूलु हउँ एहउँ मूढउ मण्णु।।८०।।**

**अहं गौरः अहं श्यामः अहमेव विभिन्नः वर्णः।**

**अहं तन्वङ्गः स्थूलः अहं एतं मूढं मन्यस्व।।८०।।**

**अहं गौरो गौरवर्णः, अहं श्यामः श्यामवर्णः, अहमेव भिन्नौ नानावर्णः मिश्रवर्णः। क्क।**

वर्णविषये रूपविषये। पुनश्च कथंभूतोऽहम्। तन्वङ्गः कृशाङ्गः। पुनश्च कथंभूतोऽहम्। स्थूलः स्थूलशरीरः। इत्थंभूतं मूढात्मानं मन्यस्व। एवं पूर्वोक्तमिथ्यापरिणामपरिणतं जीवं मूढात्मानं जानाहीति। अयमत्र भावार्थः। निश्चयनयेनात्मनो भिन्नान् कर्मजनितान् गौरस्थूलादिभावान् सर्वथा हेयभूतानपि सर्वप्रकारोपादेयभूते वीतरागनित्यानन्दैकस्वभावे शुद्धजीवे यो योजयति स विषयकषायाधीनतया स्वशुद्धात्मानुभूतेश्च्युतः सन् मूढात्मा भवतीति।।८०।।

इसके बाद उन पूर्व कथित कर्मजनित भावोंको जिस मिथ्यात्व परिणामसे बहिरात्मा अपने मानता है, और वे अपने हैं नहीं, ऐसे परिणामोंको पाँच दोहा-सूत्रोंमें कहते हैं –

**गाथा – ८०**

अन्वयार्थ :– [ अहं ] मैं [ श्यामः ] काला हूँ, [ अहमेव ] मैं ही [ विभिन्नः वर्णः ] अनेक वर्णवाला हूँ, [ अहं ] मैं [ तन्वंगः ] कृश (पतले) शरीरवाला हूँ, [ अहं ] मैं [ स्थूलः ] मोटा हूँ, [ एतं ] इसप्रकार मिथ्यात्व परिणामकर परिणत मिथ्यादृष्टि जीवको तू [ मूढं ] मूढ [ मन्यस्व ] मान।

भावार्थ :– निश्चयनयसे आत्मासे भिन्न जो कर्मजनित गौर स्थूलादि भाव हैं, वे सर्वथा त्याज्य हैं, और सर्वप्रकार आराधने योग्य वीतराग नित्यानंद स्वभाव जो शुद्धजीव है, वह इनसे भिन्न है, तो भी पुरुष विषय कषायोंके आधीन होकर शरीरके भावोंको अपने जानता है, वह अपनी स्वात्मानुभूतिसे रहित हुआ मूढात्मा है।।८०।।

ત્યાર પછી તે પૂર્વોક્ત કર્મજનિત ભાવોને જે મિથ્યાત્વના પરિણામે કરીને બહિરાત્મા પોતામાં જોડે છે તે પરિણામનું, પાંચ ગાથાસૂત્રોથી, કથન કરે છે :

ભાવાર્થ :- નિશ્ચયનયથી આત્માથી ભિન્ન, કર્મજનિત ગૌરસ્થૂળાદિ ભાવો સર્વથા હેય હોવા છતાં તેમને, સર્વપ્રકારે ઉપાદેયભૂત વીતરાગ નિત્યાનંદ જેનો એક સ્વભાવ છે એવા શુદ્ધ જીવમાં, જે જોડે છે તે વિષયકષાયને આધીન થઈને સ્વશુદ્ધાત્માની અનુભૂતિથી ચ્યુત થયો થકો મૂઢાત્મા છે, એવો અહીં ભાવાર્થ છે. ૮૦.

**વીર સંવત ૨૫૦૨, શ્રાવણ વદ ૫, શનિવાર**
**તા. ૧૪-૦૮-૧૯૭૬, ગાથા-૮૦, ૮૧ પ્રવચન નં. ૬૨**

૮૦ ગાથા ને? ૮૦ ગાથામાં એમ કહે છે, '**ઈસકે બાદ ઉન પૂર્વ કથિત કર્મજનિત ભાવોંકો...**' જે કર્મના નિમિત્તે ઉત્પન્ન થયા. શરીરાદિની અવસ્થા. '**મિથ્યાત્વ પરિણામસે**

**બહિરાત્મા...**' મિથ્યાશ્રદ્ધાથી અજ્ઞાની આત્મા '**અપને માનતા હૈ ઔર વે અપને હૈં નહીં, ઐસે પરિણામોંકો પાંચ દોહા-સૂત્રોંમેં કહતે હૈં.**' ૮૦.

**૮૦) हउँ गोरउ हउँ सामलउ हउँ जि विभिण्णउ वण्णु।**
**हउँ तणु-अंगउँ थूलु हउँ एहउँ मूढउ मण्णु॥८०॥**

હું ગોરો છું. ગોરો કહે છે ને? અભેદ. હું ગોરો છું. શરીર ગોરું છે. હું ગોરો છું, એ માન્યતા મિથ્યાત્વની છે. મિથ્યાત્વ પરિણત આત્મા, કર્મજનિત ભાવ જે પોતાથી ભિન્ન છે, તેને પોતાના માને છે. રાગાદિ તો પહેલા આવી ગયા. રાગ પણ કર્મના નિમિત્તના સંગે ઉત્પન્ન થાય છે. દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ મારા છે એ માન્યતા મિથ્યાદષ્ટિની છે. સમજાય છે કાંઈ? શુભભાવ કે અશુભભાવ બેય આસ્રવભાવ, ઉપાધિભાવ, મેલભાવ, જડભાવ છે. શુભ-અશુભભાવ જડભાવ છે. તેને પોતાના માને, પોતાનું એ કર્તવ્ય છે એમ માને એ મિથ્યાદષ્ટિ બહિરાત્મા છે. અર્થાત્ જે આત્માના સ્વભાવમાં નથી એવી બાહ્ય ચીજને પોતાની માને તે બહિરાત્મા છે. ચાહે તો સાધુ થઈને પંચ મહાવ્રત આદિ પાળતો હોય, પણ એ વિકલ્પ છે ઈ મારો છે, હું ધર્મ કરું છું, એમ માને છે તો એ પણ મિથ્યાદષ્ટિ છે. આહાહા..! આવી વાત છે. હું ગોરો છું.

'**મૈં કાલા હૂં,...**' શરીરનો રંગ કાળો હોય તો માને કે હું કાળો છું. અરે..! ભગવાન! એ તો જડની અવસ્થા છે. '**મૈં હી અનેક વર્ણવાલા હૂં,...**' ટૂંકામાં પછી લઈ લીધું. લાલ વર્ણ આદિ હોય છે ને? લીલો વર્ણ. '**મૈં કૃશ શરીરવાલા હૂં,...**' મારી શરીરની અવસ્થા બહુ કૃશ છે. પાતળો છું, હું પાતળો છું. શરીર પાતળું તો હું પાતળો છું. સમજાય છે કાંઈ? '**મૈં મોટા હૂં,...**' મોટા શરીરવાળો. માંસ ને ચરબીથી મોટું શરીર હોય તો (માને કે) હું સ્થૂળ છું. એ તો શરીર સ્થૂળ છે. તેને પોતાનું માનવું એ મિથ્યાત્વભાવ છે. આહા..! હું કૃશ-પાતળો છું, સ્થૂળ છું. '**ઈસપ્રકાર મિથ્યાત્વ પરિણામકર પરિણત...**' વિપરીત શ્રદ્ધાથી પરિણત થયો. પરિણામનો કર્તા થયો. '**મિથ્યાદષ્ટિ જીવકો તૂ મૂઢ માન.**' (જાણ) આચાર્ય કહે છે કે આવો કોઈ પ્રાણી હોય તો તેને મૂઢ જાણ. સમજાય છે કાંઈ?

**ભાવાર્થ :-** '**નિશ્ચયનયસે આત્માસે ભિન્ન જો કર્મજનિત ગૌર સ્થૂલાદિ ભાવ હૈં, વે સર્વથા ત્યાજ્ય હૈં...**' સર્વથા ત્યાજ્ય છે. કથંચિત્ ત્યાજ્ય અને કથંચિત્ ત્યાજ્ય નહિ, એમ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ હટાવે છે? બહારમાં છે જ. બહારમાં છે, અંતરમાં નથી. હટાવવું છે કોને? એની દષ્ટિ હટાવવી. સમજાય છે કાંઈ?

'**સર્વપ્રકાર આરાધને યોગ્ય...**' આહાહા..! હવે તાત્પર્ય આવ્યું. એ તો સર્વથા ત્યાજ્ય છે પણ ધર્મની દષ્ટિવંતને શું આરાધવા યોગ્ય છે? સર્વ પ્રકારે આરાધવા યોગ્ય. જુઓ! ઓહોહો..! '**વીતરાગ નિત્યાનંદ (એક) સ્વભાવ...**' ત્યાં એક સ્વભાવ લીધો છે? શું કહે

છે? વીતરાગ નિત્યાનંદ, પછી શું લીધું છે? વીતરાગ નિત્યાનંદ પછી શું લીધું છે? એક જોઈએ, એક સ્વભાવ જોઈએ. ધ્યાન ક્યાં છે? દરેક ઠેકાણે ત્યાં એક લેવું. સંસ્કૃતમાં એક (શબ્દ) છે. વીતરાગ નિત્યાનંદ એક સ્વભાવ.

આ તો વીતરાગ આત્મા કેવો છે? કે વીતરાગ નિત્યાનંદ સ્વભાવ જેનો છે. આહાહા..! સમજાય છે કાંઈ? વીતરાગ નિત્યાનંદ એક સ્વભાવ જેનો છે, એમ પાછું. એ તો એક રહી ગયું, એ તો ઠીક પણ વીતરાગ પરમાનંદ શબ્દ જીવનું-આત્માનું વિશેષણ છે. આત્મા અત્યારે કેવો છે? વીતરાગ નિત્યાનંદ સહજાનંદ પરમાનંદ એક સ્વભાવ છે. આ નિત્યાનંદ લીધું છે, હવે સહજાનંદ લેશે, પરમાનંદ લેશે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ પોતાના સ્વભાવને-આત્માને આવો માને છે, એમ અનુભવે છે, આવી પરિણતિમાં એને આવો ભાસ થાય છે કે હું તો વીતરાગ (છું). અત્યારે, હોં! નિત્યાનંદ-નિત્ય અતીન્દ્રિય આનંદ એક સ્વભાવ સ્વરૂપ હું છું. આહાહા..! એ શુદ્ધાત્મા. સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિનો વિષય આ છે. ધર્મીની દૃષ્ટિ અહીંયાં છે. ધર્મીની દૃષ્ટિ આવા આત્માને સ્વીકારે છે, ઉપાદેય માને છે. બાકી સર્વથા બધું હેય છે. રાગાદિ દયા, દાન વિકલ્પ આદિ, શરીરની અવસ્થા આદિ બધા કર્મજનિત ભાવ હેય છે. આહાહા..!

‘**સર્વથા ત્યાજ્ય હૈં,...**’ એમ કહ્યું ને? ‘**ઔર સર્વપ્રકાર આરાધને યોગ્ય...**’ સર્વ પ્રકાર. સેવવા યોગ્ય, સેવવા યોગ્ય, દૃષ્ટિમાં લેવા યોગ્ય. આહાહા..! આત્માથી ભિન્ન, કર્મજનિત ભાવોથી ભિન્ન, વીતરાગ નિત્યાનંદ એક સ્વભાવ ‘**જો શુદ્ધજીવ હૈ,...**’ આહાહા..! દૃષ્ટિમાં કેવો (આત્મા) લેવો એમ કહે છે. કેટલો પુરુષાર્થ છે! સમજાય છે કાંઈ? પોતાની દૃષ્ટિમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા વીતરાગ નિત્યાનંદ એકસ્વભાવ એ ઉપાદેય છે, એ તરફ દૃષ્ટિ કરવી, એનો સ્વીકાર કરવો. આહાહા..! દિશા ફરી જાય છે. દિશા નામ પર તરફ જે દિશા હતી, એ સ્વ તરફ દિશા થવાથી દશા ફરી જાય છે. સમજાય છે કાંઈ? મુદ્દાની રકમ આ છે. ચાહે લાખ, કરોડ વાત કરે. એ તો આવે છે ને? ‘છ ઢાળા’માં. લાખ વાતની વાત, કરોડ વાતની વાત, અનંત વાતની વાત. કરોડ, લાખ વાતની વાત.. પછી શું આવ્યું? ‘એક નિશ્ચય ઉર આણો.’ ‘એક નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ્વ ફંદ’ દ્વૈતપણું પણ છોડીને. વિકલ્પ-દયા, દાન, વ્રત આદિના વિકલ્પને પણ દૃષ્ટિમાંથી છોડીને. આહાહા..! ‘નિજ આતમ ઉર ધ્યાવો.’ નિજ આત્મા આવો. ‘નિજ આતમ ઉર ધ્યાવો’.

કેવો છે આત્મા? એ તો વીતરાગ નિત્યાનંદ એકસ્વભાવ શુદ્ધ જીવ છે. આહાહા..! એ આશ્રયની વાત છે. સમજાય છે કાંઈ? પર્યાયમાં નિત્યાનંદ એકસ્વભાવ વીતરાગસ્વરૂપ જ પ્રભુ છે. વીતરાગસ્વભાવ ન હોય તો વીતરાગી પર્યાય ક્યાંથી આવશે? અને નિત્યાનંદ સ્વભાવ ન હોય તો આનંદની દશા, પર્યાયમાં અનુભવ ક્યાંથી આવશે? સમજાય છે કાંઈ? એકસ્વભાવ. પાછો એકરૂપ-ભેદ નહિ. પર્યાયનો ભેદ એ ભેદ શુદ્ધાત્મામાં નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? પર્યાય તો વ્યવહારનયનો વિષય છે. આ ભગવાનઆત્મા નિત્યાનંદ વીતરાગ નિત્યાનંદ (સ્વભાવ છે). અરે..! કેમ બેસે એને? આહા..!

એક સમયમાં વર્તમાન વીતરાગ નિત્યાનંદ એકસ્વભાવ શુદ્ધાત્મા છે, એ દૃષ્ટિનો વિષય છે. આવી દૃષ્ટિ થાય તો સમ્યગ્દર્શન થાય છે. કહો, શેઠ! પૈસા-ફૈસા તો તમારા ક્યાંય રહી ગયા. 'સાગર'માં છે ને. અહીં ક્યાં આવે છે? અહીંયા મમતા છે ને. આહાહા..! મમતાના પરિણામ પણ મારા નહિ. એ કર્મજન્ય ઉપાધિ આત્માથી ભિન્ન છે. રાગપરિણામ પોતાના નહિ, એ કર્મજન્ય ઉપાધિ આત્માથી ભિન્ન છે. શરીરનો ધોળો, કાળો વર્ણ એ કર્મજન્ય ઉપાધિ આત્માથી ભિન્ન છે. તો આત્મા છે કેવો? આહાહા..! ભિન્ન છે તો એનાથી ભિન્ન છે કોણ? સમજાય છે કાંઈ? આહાહા..! ભેદજ્ઞાન કરાવે છે, ભાઈ!

તું પૂર્ણાનંદ વીતરાગસ્વરૂપ અત્યારે છો, હોં! આહાહા..! પર્યાયમાં રાગ હોવા છતાં પર્યાયથી ભિન્ન એવો ભગવાનઆત્મા વીતરાગસ્વરૂપ છે. આહાહા..! અને દુઃખરૂપ રાગની દશા હોવા છતાં એનાથી ભિન્ન નિત્યાનંદ છે. પર્યાયમાં અનેકતા હોવા છતાં સ્વભાવ એકરૂપ છે. સમજાય છે કાંઈ? તેને સમ્યગ્દૃષ્ટિ કહે છે. આહાહા..! અહીં તો હજી દેવ-ગુરુ-શાસ્ત્રના ઠેકાણા નહિ અને વ્રત-બ્રત લઈ લીધા, થઈ ગયું ચારિત્ર, થઈ ગઈ પડિમા. ધૂળમાંય નથી. પડિમા જ નથી. સ્વભાવમાં નહિ જવાની પ્રતિજ્ઞા છે. સમજાય છે કાંઈ? ન સમજ્યા? રાગથી લાભ માનનારા, વ્રતાદિ રાગને ઉપાદેય માનનારા, એને પ્રતિજ્ઞા છે કે આત્માની દૃષ્ટિ નહિ કરવી. સમજાય છે કાંઈ? 'ઋષભજી'! આહા..! એ આપણે આવ્યું હતું ને? ૩૬ ગાથામાં. જેને રાગ અને પુણ્ય-પાપના વિકલ્પ ઉપાદેય છે તેને ભગવાન હેય છે. એ આવી ગયું છે. સમજાય છે કાંઈ? આહાહા..! એને પ્રતિજ્ઞા જ એવી થઈ કે આ આત્મા નહિ. હું તો આ રાગ અને ક્રિયા તે હું છું. આહાહા..! પ્રતિજ્ઞા થઈ, પોતાના આત્માને હેય કરવાની. રાગને ઉપાદેય કરવાની પ્રતિજ્ઞા થઈ. આહા..! એ ૩૬ ગાથામાં આવી ગયું છે. છે ને ૩૬?

'**सदैव परमात्मा वीतरागनिर्विकल्पसमाधिरतानामुपादेयो**' શું કહે છે? જેણે રાગથી રહિત, દયા, દાનના વિકલ્પથી રહિત નિર્વિકલ્પ સમાધિ નામ શાંતિ.. આહાહા..! સમ્યગ્દર્શન એટલે નિર્વિકલ્પ સમાધિ, નિર્વિકલ્પ શાંતિ. આહાહા..! નિર્વિકલ્પ શાંતિ '**समाधिरतानाम**' નિર્વિકલ્પ શાંતિમાં લીન છે. આહાહા..! એને ઉપાદેય છે. 'માણેકચંદભાઈ'! શું કહે છે? ભગવાન વીતરાગ નિત્યાનંદ એકસ્વભાવ કોને ઉપાદેય છે? એને કોણ માને છે? કે જે નિર્વિકલ્પ શાંતિમાં લીન છે. આહાહા..! સમજાય છે કાંઈ? તો કોઈ એમ કહે કે, નિર્વિકલ્પ શાંતિમાં લીન છે તો તમે ઉપદેશ કરવાનો વિકલ્પ કેમ કરો છો? તમે આમ કેમ લખ્યું? ભાઈ! સાંભળ તો ખરો. સમજાય છે કાંઈ?

રાગ વિકલ્પથી રહિત છે એ સિદ્ધાંત સિદ્ધ કરે છે. સમજાય છે કાંઈ? અને જ્ઞાની તો વિકલ્પ આવ્યો છતાં નિર્વિકલ્પ દૃષ્ટિમાં નિર્વિકલ્પ આત્મા જ ઉપાદેય છે. સમજાય છે કાંઈ? નિરંતર એ એક ઉપાદેય છે. જ્ઞાનીને રાગનું ઉપાદેયપણું કદી કદી થતું નથી. અને જેણે... અહીંયાં એ કહ્યું ને? જુઓ! '**सदैव परमात्मा वीतरागनिर्विकल्पसमाधिरतानामुपादेयो भवत्यन्येषांहेय**' આહાહા..! અંતરમાં જે સમાધિમાં-શાંતિમાં આત્મા આવ્યો તેને ઉપાદેય છે અને તે સિવાયનાને રાગમાં આવ્યા અને રાગને ઉપાદેય માન્યો તેને આત્મા હેય છે.

વીતરાગ નિત્યાનંદ એકસ્વભાવ તેને ઉપાદેય નથી, હેય છે. આહાહા..! વીતરાગ માર્ગ... સમજાય છે કાંઈ? આ વ્યવહારવાળા લોકો રાડેરાડ પાડે છે. વ્યવહારથી નિશ્ચય થાય છે.

રાત્રે કહ્યું હતું ને? 'પ્રવચનસાર'. પાંચ ઇન્દ્રિયના વિષય પોતાને સુખ-દુઃખની કલ્પના કરાવવામાં અકિંચિત્કર છે. સમજાય છે કાંઈ? 'પ્રવચનસાર'માં છે. 'પ્રવચનસાર'માં ગાથાની ટીકામાં છે. અત્યારે ક્યાં બધા આધાર દઈએ. સમજાય છે કાંઈ? કઈ ગાથા છે, ખબર છે? બધાને કંઈ યાદ હોય? અહીં તો ભાવ ખ્યાલમાં હોય. કાઢો, 'પ્રવચનસાર'. એને આપો, એને. 'હિંમતભાઈ'ને. એટલો ક્ષયોપશમ... દરિયો પડ્યો છે. ભાવ યાદ રહે. કઈ ગાથા (યાદ ન હોય). આહાહા..! અકિંચિત્કર એવો શબ્દ છે. પાંચ ઇન્દ્રિયના વિષયો પોતામાં સુખ-દુઃખની કલ્પના કરાવવામાં અકિંચિત્કર છે. પાંચ ઇન્દ્રિયના વિષય કિંચિત્ આત્માને કંઈ કરતા નથી. રાગ કરાવતા નથી. આહાહા..! તો વ્યવહાર પણ, નિમિત્ત પણ પરમાં અકિંચિત્કર છે. એ નિમિત્ત થયા ને? પાંચ ઇન્દ્રિયના વિષય નિમિત્ત થયા ને? પણ વિષયને અકિંચિત્કર કહ્યું. તો નિમિત્ત એ પરમાં અકિંચિત્કર કહ્યું. તો વ્યવહાર નિશ્ચયમાં અકિંચિત્કર છે. આહાહા..! ભારે વાત, ભાઈ! ઇન્દ્રિયનો વિષય તો એટલામાં જ આવ્યો હતો. ૭૬-૭૭. સુખ-દુઃખ. ઇન્દ્રિયના વિષયનું સુખ. લાવો. ૬૭? આહા..! જુઓ! મથાળું.

'**આત્મા સ્વયમેવ સુખપરિણામની શક્તિવાળો હોવાથી...**' શું કહે છે? વિષયના ટાણે, પાંચ ઇન્દ્રિયના વિષયના કાળમાં સુખપરિણામની શક્તિ, સુખ એટલે આ સંસારના સુખ, '**હોવાથી વિષયોનું અકિંચિત્કરપણું પ્રકાશે છે.**' વિષયો એને સુખ-દુઃખની કલ્પનામાં અકિંચિત્કર છે. જુઓ! ટીકા છે, હોં! છે ને? ૬૭ ને? પાઠ છે, જુઓ! '**अथात्मनः स्वयमेव सुखपरिणामशक्तियोगित्वा**' સુખ એટલે સંસારનું સુખ, હોં! વિષય વખતે કલ્પના થાય છે કે મને આ ઠીક પડે છે, એ સુખપરિણામ પોતાની યોગ્યતાથી થાય છે, વિષયથી નહિ. આહાહા..! જુઓ! '**सुखपरिणामशक्तियोगित्वा**' એની યોગ્યતા છે. આહાહા..! વિષયો એને સુખપરિણામ નથી કરાવતા. શું કહ્યું? શેઠ! આ પૈસા-બૈસા જોઈને હરખ થાય છે એ પૈસા નથી કરાવતા, એમ કહે છે. આ બેય શેઠિયા બેઠા. આ ત્રીજા રહ્યા. આ બધા શેઠિયા જ છે ને. પૈસાના-ધૂળના ધણી. અહીં શું કહે છે? આહાહા..!

મુમુક્ષુ :- ધૂળ પણ ઉપયોગી છે.

ઉત્તર :- ધૂળેય ઉપોયગી નથી થતી. દુઃખમાં નિમિત્ત છે. નિમિત્ત છે, હોં! એ દુઃખ કરાવતું નથી. નિમિત્ત કહેવું એ બીજી વાત છે અને એનાથી થાય છે એ બીજી વાત છે. અહીંયાં એ આવ્યું, જુઓ! આહાહા..!

૬૭. જુઓ. પાઠ એમ છે, '**વિષયોનો ફોગટ અધ્યાસ (-આશ્રય) કરે છે તોપણ-સંસારમાં કે મુક્તિમાં સ્વયમેવ સુખપણે પરિણમતા આ આત્માને વિષયો શું કરે છે?**' આહાહા..! મુક્તિમાં સ્વયમેવ સુખપણે પરિણમે છે, એમ લીધું છે. પણ અત્યારે પણ સુખની કલ્પના વખતે પણ. આહાહા..! બેયની વાત લીધી છે. '**અજ્ઞાનીઓ 'વિષયો સુખનાં સાધન છે' એવી બુદ્ધિ વડે વિષયોનો ફોગટ અધ્યાસ (-આશ્રય) કરે છે તોપણ-**

**સંસારમાં કે મુક્તિમાં...**' બેયને. સંસારમાં કલ્પના થાય છે કે સ્ત્રીના વિષયમાં, આબરૂના લક્ષમાં, સામે ખાવાની સારી ચીજ હોય એમાં લક્ષ જાય તો એ ચીજ એને સુખ-દુઃખની કલ્પના કરાવવામાં એને અકિંચિત્કર છે. આહાહા..! જ્ઞાનતત્ત્વ અધિકાર છે. છે? '**સંસારમાં કે મુક્તિમાં સ્વયમેવ સુખપણે પરિણમતા આ આત્માને વિષયો શું કરે છે?**' અથવા વિષયો અકિંચિત્કર છે એમ લીધું છે. સમજાય છે કાંઈ? અહીં તો નિમિત્ત પરને કંઈ કરતું નથી એમ લીધું છે. હેં? તો નિમિત્ત કહેવાય.

શરીરના ભોગ, ખાવાના ભોગ, આંખે જોવાના ભોગ એ બધા પાંચ ઇન્દ્રિયના ભોગનો રાગ છે ને. તો કહે છે, પાંચ ઇન્દ્રિયના વિષયો, એના ભોગની લાગણીમાં અકિંચિત્કર છે. આહાહા..! કહો, 'પોપટભાઈ'! એ છ છોકરાને, કરોડ રૂપિયા ને એ સાંભળતા રાગ થાય, તો કહે છે કે ઈ કરાવતા નથી. એમ કહે છે.

મુમુક્ષુ :- કોણ કરાવે છે?

ઉત્તર :- કરે પોતે. સમજાય છે કાંઈ? વાત તો એવી છે ને. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ જ અહીંયાં કહે છે કે વિષયોની ઉપસ્થિતિ-હાજરી હોવા છતાં, નિમિત્તની હાજરી હોવા છતાં પોતાના વિકલ્પમાં સુખ-દુઃખની કલ્પના કરે છે તેને એ વિષયો અકિંચિત્કર છે, કાંઈ કરતા નથી. આહાહા..! કેટલું સ્પષ્ટ છે! 'અમૃતચંદ્રાચાર્ય'.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ વાત જ નથી, ખોટી વાત છે. એ તો અહીંયાં કહે છે. નિમિત્ત વિકારમાં અકિંચિત્કર છે. વિકાર વિષયની વાસનામાં.. ત્યાં સુધી વાત લીધી છે કે ખાવા-પીવાની ચીજમાં અંદર રાગ થાય છે, તો એ ખાવા-પીવાની વસ્તુ વિષય છે એ રાગ કરાવવામાં અકિંચિત્કર છે. આહાહા..! પોતાને કારણે રાગપણે પરિણમે છે અને આનંદમાં મોક્ષમાં સુખપણે પરિણમે છે તે પોતાથી (પરિણમે છે). એને વ્યવહાર શું કરે? એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- આ તો એકાંત થઈ ગયું.

ઉત્તર :- એકાંત જ છે. શેઠ વધારે સ્પષ્ટ કરાવે છે. આ સમ્યક્ એકાંત છે. 'અમરચંદભાઈ'! આહાહા..! જુઓ! કેવી ગાથા છે! પાઠમાં એમ છે ને? પાઠમાં એમ છે, હોં!

**तिमिरहरा जइ दिट्ठी जणस्स दीवेण णत्थि कायव्वं।**
**तह सोक्खं सयमादा विसया किं तत्थ कुव्वंति।।६७।।**

પાઠમાં એમ છે. 'કુંદકુંદાચાર્ય' શું કહે છે? '**જો પ્રાણીની દૃષ્ટિ તિમિરનાશક હોય...**' આ ચોર લોકોને રાત્રિના અંધારામાં પણ દેખાય છે, એને દીવાની જરૂર નહિ. આ ઘુવડને.. આ શું કહેવાય? ઘુવડ તો ખરા, ઉલ્લુ ને આ નાના-નાના.. રાત્રે ઊડે છે ને? શું કહેવાય ઈ? રાત્રે એને પ્રકાશની જરૂર નહિ. આહાહા..! તિમિરહરા નામ નિશાચરો. દેખો! અહીં છે. રાત્રે

ફરનારા ઘુવડ, સર્પ અને ભૂત. અને કાનકડિયા હોય છે. કાનકડિયા કહે છે, શું કહે છે? કાનકડિયા કહે છે. એને તિમિરહરા દૃષ્ટિ છે. એને અંધારામાં કંઈ ન દેખાય એમ નથી. આહા..! **'નિશાચરોનાં નેત્રો સ્વયમેવ અંધકારને નષ્ટ કરવાની શક્તિવાળાં હોવાથી, અંધકારને દૂર કરવાના સ્વભાવવાળા દીપક-પ્રકાશાદિકથી કાંઈ પ્રયોજન નથી (અર્થાત્ દીવા વગેરેનો પ્રકાશ કાંઈ કરતો નથી), તેમ જોકે-અજ્ઞાનીઓ 'વિષયો સુખના સાધન છે' એવી બુદ્ધિ વડે ફોગટ અધ્યાસ (-આશ્રય) કરે છે તોપણ-સંસારમાં કે મુક્તિમાં સ્વયમેવ સુખપણે પરિણમતા આ આત્માને વિષયો શું કરે છે?'** આહાહા..! સમજાય છે કાંઈ?

આમાં મારે તો ઈ કહેવું છે કે અહીંયાં વિષયો નિમિત્ત છે એને અકિંચિત્કર કહ્યું. નિમિત્ત અકિંચિત્કર કહ્યું. આહાહા..! સમજાય છે કાંઈ? નિમિત્ત હો પણ નિમિત્ત અકિંચિત્કર છે. પરમાં કાર્ય કરે છે એમ નથી. આહાહા..! આટલી સ્પષ્ટતા કરે છે, લ્યો! સમજાય છે કાંઈ? આહા..! એમ દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત હો પણ એની શ્રદ્ધા કરવામાં એ નિમિત્ત અકિંચિત્કર છે. એમ વ્યવહાર હોય.. સમજાય છે કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિનું નિમિત્ત હો, પણ એ નિમિત્ત નિશ્ચય સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવામાં અકિંચિત્કર છે. લ્યો, અમારે 'ચંદુભાઈ' ત્યાં 'અમદાવાદ'માં વ્યાખ્યાન વાંચે છે ને.

મુમુક્ષુ :- આ 'પ્રવચનસાર' છે.

ઉત્તર :- 'પ્રવચનસાર.. પ્રવચનસાર' (અર્થાત્) દિવ્યધ્વનિનો સાર.

મુમુક્ષુ :- 'ગોમ્મટસાર'...

ઉત્તર :- 'ગોમ્મટસાર'માં પણ આ છે. આહાહા..! ગાથા ભાઈને બરાબર યાદ આવી, હોં! 'ચંદુભાઈ' ત્યાં વાંચે છે. ૭૬ ગાથામાં નહીં પણ આ બાજુ ૬૭માં નીકળ્યું. આહાહા..!

'કુંદકુંદાચાર્ય' એમ કહે છે કે આત્મા પોતાના આનંદપણે પરિણમે કે સંસારી સુખ-દુઃખની કલ્પનારૂપે પરિણમે એમાં વિષયો શું કરે? એ તો પાઠ છે. પરવિષય નિમિત્ત એમાં શું કરે છે? આહાહા..! સમજાય છે કાંઈ? એમ કહીને એમ પણ કહ્યું કે આત્મા પોતાનો આનંદમૂર્તિ પ્રભુ નિત્યાનંદ વીતરાગ એકસ્વભાવ પોતાપણે પરિણમે છે, આનંદપણે પરિણમે છે ત્યાં વ્યવહાર અકિંચિત્કર છે. વ્યવહાર એને શું કરે છે? આહાહા..! સમજાય છે કાંઈ? આચાર્ય આટલું સ્પષ્ટ (કહે છે). આહાહા..! 'કુંદકુંદાચાર્ય' દિગંબર સંત હતા, ભાવલિંગી મુનિ હતા. પરમેશ્વરની જાત્રા કરી. જીવતા ભગવાનની જાત્રા (કરી). જીવતા ભગવાનની. જીવતા ભગવાન છે ને? એમને 'જીવંતસ્વામી' કહે છે, 'જીવંતસ્વામી' કહે છે. છે ને ઈ? 'બયાના'માં 'જીવંતસ્વામી'ની પ્રતિમા છે.

અમે 'બયાના' ગયા હતા. 'સીમંધર' ભગવાનના પ્રતિમાનું નામ 'જીવંતસ્વામી' છે. એ પણ ભૂલી ગયા હતા. પછી આપણે અહીં મંદિર સ્થાપ્યું. એમાં 'સીમંધરસ્વામી' છે. એણે કહ્યું, 'સીમંધર' ભગવાનને સ્થાપ્યા? તો શું છે? 'જીવંતસ્વામી' નામ હતું ને? પ્રતિમા નીકળી. આ 'જીવંતસ્વામી' કોણ? જીવતા સ્વામી 'સીમંધર' ભગવાન. 'બયાના'માં છે. તમે હતા ત્યાં? ત્યાં કહ્યું હતું. આહાહા..! સમજાય છે કાંઈ? 'જીવંતસ્વામી' ભગવાન પાસે ગયા

હતા. એ 'કુંદકુંદાચાર્ય' કહે છે કે વિષયો શું કરે? આહાહા..! પ્રભુ! બાહ્યના અનુકૂળ વિષય અને અંદર અનુકૂળ નિમિત્ત વ્યવહારરત્નત્રય અને બાહ્યમાં બીજા અનુકૂળ નિમિત્ત, એ તારી પરિણતિમાં શું કરે? આહાહા..! કહો, 'જ્ઞાનચંદજી'! અહીં તો આમ કહે છે. આહાહા..! નિમિત્ત હો, પણ નિમિત પરમાં કરે શું?

મુમુક્ષુ :- પ્રભાવ પાડે.

ઉત્તર :- પ્રભાવની કઈ પર્યાય એમાં જાય? કઈ પર્યાય એમાં જઈને પ્રભાવ નાખે? પર્યાયનો તો એમાં અભાવ છે. પરની પર્યાયનો તો એમાં અભાવ છે. પ્રભાવ કોનો પડે? આહાહા..!

અહીંયાં કહે છે, આપણે તો અહીં આવ્યું, '**સર્વપ્રકાર આરાધને યોગ્ય...**' આહાહા..! વ્યવહાર આરાધવા યોગ્ય છે એમ નથી કહ્યું. પર્યાય આરાધવા યોગ્ય છે એમ પણ નથી કહ્યું. આહાહા..! સમજાય છે કાંઈ? '**સર્વપ્રકાર આરાધને યોગ્ય વીતરાગ નિત્યાનંદ એકસ્વભાવ જો શુદ્ધજીવ હૈ,...**' એ આરાધવા યોગ્ય છે, એમ કહે છે. આહાહા..! વ્યવહાર રત્નત્રય આરાધવા યોગ્ય નથી, એક સમયની પર્યાય આરાધવા યોગ્ય નથી. આરાધવા યોગ્ય પર્યાયને આરાધવા યોગ્ય શુદ્ધ જીવ ત્રિકાળ છે. આહાહા..! કેટલું સ્પષ્ટ કરે છે! આહા..! સમજાય છે કાંઈ? '**સર્વપ્રકાર આરાધને યોગ્ય...**' સર્વ પ્રકારે સેવવા યોગ્ય, સર્વ પ્રકારે ઉપાદેય કરવા યોગ્ય. '**વીતરાગ નિત્યાનંદ એકસ્વભાવ જો શુદ્ધજીવ હૈ,...**' આહાહા..! બાકી બધું ત્યાજ્ય છે. અજ્ઞાનીને રાગ ઉપાદેય છે તેથી આવો આત્મા ઉપાદેય છે તે ત્યાજ્ય છે. આહાહા..! એ આવ્યું ને? ૩૬ ગાથામાં. અશેષને હેય છે-આત્મા હેય છે. ગજબ વાત છે! આહાહા..! તે તરફની સન્મુખ નિર્વિકલ્પ સમાધિનો જેને અભાવ છે અને વિકલ્પનો જેને ભાવ છે... આહાહા..! તેને નિર્વિકલ્પ ભગવાનઆત્મા હેય છે. ભલે ક્રિયાકાંડ કરીને માને કે અમે ધર્મી છીએ, તેને આત્મા હેય છે. '..ભાઈ'! આહાહા..! આચાર્યોની શૈલી તો જુઓ! દિગંબર સંતો..

જ્ઞાનીને રાગ હેય છે, વ્યવહાર રત્નત્રય હેય છે. અજ્ઞાનીને આત્મા હેય છે. આહાહા..! જે દયા, દાન, વ્રતના પરિણામને ઉપાદેય માને છે આહાહા..! તેને શુદ્ધ વીતરાગ ચિદાનંદ ભગવાન હેય છે. એને અનાદર છે. આહાહા..! અને જેને વીતરાગ નિત્યાનંદ સ્વભાવ, એકસ્વભાવ આરાધવા લાયક છે તેને વ્યવહાર રત્નત્રય આદિ બધું હેય છે. આવી સ્પષ્ટ વાત છે. આહા..! અને આ નાખે એવું કે આ પંથ ભ્રષ્ટ છે. અરે..! ઓલાએ નાખ્યું. એ તો 'ધર્મદાસ ક્ષુલ્લકે' લખ્યું છે. પંડિતોને એટલી ખબર નથી કે આ દિગંબર ગ્રંથ છે કે સોનગઢનો ગ્રંથ છે. આ તો દિગંબરનો ગ્રંથ છે. 'ધર્મદાસ ક્ષુલ્લક' ૧૯૪૮માં થયા. એમણે બનાવ્યો છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કાલે સ્ત્રીનું નહોતું આવ્યું? એય..! 'ધર્મદાસ ક્ષુલ્લક' સંવત ૧૯૪૮માં (થયા). એમણે બનાવ્યો એ દિગંબર ગ્રંથ છે. દિગંબર ગ્રંથ લખ્યો છે એ 'સોનગઢ'નો છે, એમ લખ્યું છે. અહીં 'ભાવનગર' છપાયો છે ને. અરે..! પણ.. અરે..! ભગવાન! એટલી

ખબર નથી, પ્રભુ! ગ્રંથ કોનો છે એની ખબર નથી.

મુમુક્ષુ :- સોનગઢ જ દિગંબર છે, બાકી બધા અન્યમત છે.

ઉત્તર :- એ તો ચીજ જ આ છે ને. આહાહા..! એ તો એણે દૃષ્ટાંત આપ્યો છે. દૃષ્ટાંત આપ્યો છે પાછો સિદ્ધાંત નથી મૂક્યો. સિદ્ધાંત શું છે? જેને આત્મા આનંદનો નાથ પ્રભુ અનુભવમાં આવ્યો, જેને આનંદનો સ્વાદ આવ્યો એને કદાચિત્ રાગ આવ્યો તો એનો કોઈ વિશેષ બંધ નહિ થાય અને એ રાગની પ્રસિદ્ધ બહારમાં નહિ થાય, આનંદની પ્રસિદ્ધિ થશે, એમ કહે છે. એ તો દૃષ્ટાંત સિદ્ધાંત સિદ્ધ કરવા માટે છે. એને ઠેકાણે એકલો દૃષ્ટાંત આપ્યો અને (લખ્યું), 'ભોપાલ'માં એનો ક્લેશ ચાલે છે. અને 'સોનગઢ' સ્ત્રીને ભ્રષ્ટ કરવાનો પંથ ચાલ્યો છે. અરર..! પ્રભુ.. પ્રભુ.. પ્રભુ! તને આ શોભે નહિ, પ્રભુ! આહાહા..! સમજાય છે કાંઈ?

અમારી તો સંપ્રદાયમાં પણ સ્ત્રી બાબતમાં ઘણી કડકાઈ હતી. અમારા ગુરુભાઈ હતા એ જરી સ્ત્રી સાથે વાંચતા. ત્યાં તો અમારું ચોમાસુ હતું ને અમારી પ્રસિદ્ધિ બહુ હતી ને. નાની ઉંમરથી સુંદર શરીર. મેડી નીચે દાદરો હોય ને? શું કહે છે? કીધું, ચાદર લગાવો. ઉપર કોઈ સ્ત્રી આવી શકે નહિ. અમારા ગુરુભાઈએ વિરોધ કર્યો. સ્થાનકવાસીમાં તો સાધુનો આધાર છે અને તમે આવું કરો છો. કીધું, અમને ન પાલવે. સ્ત્રીનો સંગ ઉપર આવે એ ન પાલવે. એક જુવાન કન્યા હતી. 'ચંદુભાઈ'! પેલો 'ગુણવંત', 'ગુણવંત' નહિ? 'અમદાવાદ'. 'ગુણવંત'ની બા 'કસ્તુર'. હવે તો વૃદ્ધ થઈ ગઈ હશે. ઘણા વર્ષ થઈ ગયા. એને ૮૦-૮૨ હશે. અમારા ગુરુભાઈ હતા એણે કહ્યું, 'કાનજી'! આને એક ગાથા આપ. સામે બેઠા હતા. (કહ્યું) મહારાજ! તમારે અમને કહેવું નહિ. હું કોઈ કન્યાને ગાથા આપું એ મારી ચીજ નથી, મારું કામ નથી. સ્ત્રીના સંગમાં ગાથા આપો અને શીખડાવો, એ મારું કામ નથી. મને કોઈ દિવસ કહેવું નહિ. આ (સંવત) ૧૯૮૦ની વાત છે. ૧૯૮૦-૮૦. ૫૨ વર્ષ થયા. એક 'ગુણવંત' નથી, પેલો પાતળો? એની બા. છે, જીવે છે હજી. સ્ત્રીના સંગમાં બેસવું અને એની સાથે વાત કરવી, એ અમારું કામ નહિ. સમજાય છે કાંઈ? શીખડાવો. શીખડાવવાનું કામ અમારું નહિ, તમે જાણો, કીધું. અને આ આટલો આરોપ નાખે. ગજબ કરે છે, અરે.. પ્રભુ! શું કરે છે? ભાઈ! આહાહા..! પોતાની વાત સત્ય સાબિત કરવા સામેવાળાને કેમ ખોટા પાડવા, ભાઈ! આ ન હોય, ભાઈ! પ્રભુ! ન શોભે. જૈનશાસનમાં માંડ સત્ય વાત બહાર આવી, એમાં આ રીતે ભ્રષ્ટ ઠરાવી, સાંભળે નહિ, એ રીતે અનાદર કરવો, એમ ન હોય. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ચાલે, ચાલે. ભાઈ! શું થાય? આ તો બધો... સંસાર કોને કહે? આહાહા..! જુઓને! કાલે પેલો છોકરો ગુજરી ગયો. પરમ દિ' નહિ? પરમ દિ' તો ગુજરી ગયો, કાલે બાળ્યો. ગુજરી ગયો પરમ દિ'. .. એ તો ખબર છે ને. પરમ દિ' રાત્રે ગયા ને. અહીં આવ્યો, પુસ્તક લીધું, કહે છે. કહો, હવે એને ક્યાં ... ગરીબ માણસ હશે. મુંઝાઈ ગયો.

રેલની નીચે પડી ગયો ને કટકા.. આ ચીજ આવી. બાપુ! અનંતવાર થઈ. આહાહા..! આવા સમયમાં બહારમાં રોકાવું અને અંતર દૃષ્ટિ ન કરવી, મોટું નુકસાન છે. સમજાય છે કાંઈ? જન્મ-મરણનો અંત લાવવા માટે આ ભવ છે. અનંત ભવનો અભાવ કરવાનો પ્રભુ! આ ભવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..!

કેટલા વિશેષણ આપ્યા છે! '**સર્વપ્રકાર આરાધને યોગ્ય...**' આહાહા..! '**વીતરાગ નિત્યાનંદ એકસ્વભાવ જો શુદ્ધજીવ હૈ, વહ ઈનસે ભિન્ન હૈ,...**' વિકાર, ગોરાપણું આદિથી ભિન્ન ભગવાન છે અને ભગવાનથી ગોરા આદિની અવસ્થા શરીરની ભિન્ન છે. '**તો ભી જો પુરુષ વિષય કષાયોંકે આધીન હોકર...**' આહાહા..! '**શરીરકે ભાવોંકો અપને જાનતા હૈ,..**' મારું શરીર સુંદર છે, કોમળ છે, વિષય લેવામાં બીજો જીવ રાજી થશે. અરે..! પ્રભુ! શું માને છે? આહા..! એ કોમળ શરીર આદિ તો માંસના હાડકાની ચીજ છે. આહાહા..! અને સુંદર દેખાય છે એ તો જરી તામ છે. શેરડીમાં તામ હોય છે ને? છાલ. ઉપરની છાલ કાઢે તો શેરડી મીઠી લાગે. એમ અહીંયાં છાલ કાઢે તો થૂંકવા જેવી આ વસ્તુ નથી. આ ચામડીની ગાર છે. ગાર સમજો છો? લીંપણ.. લીંપણ. હાડકા ઉપર, માંસ ઉપર ચામડીનું લીંપણ છે. અરે..! ભગવાન! સમજાય છે કાંઈ? આવા શરીરથી હું ભોગ લઉં છું અને મને મજા પડે છે, પ્રભુ! મોટી મિથ્યાત્વ દશા છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ મિથ્યાત્વ પરિણત કહે છે. એ મિથ્યાત્વ પરિણત થયો. આહાહા..! એ વિષયોનો સ્વાદ રાગનો થયો, એને મજા લાગી એ તો મિથ્યાત્વનું પરિણમન છે. આહા..! આનંદના નાથની સન્મુખ જોવાથી આનંદ છે. વિષય સન્મુખ જોવામાં તો દુઃખ છે. એમાં તું આનંદ માને છો. એ મિથ્યાત્વનું પરિણમન છે. સમજાય છે કાંઈ? આહાહા..!

પેલા અકિંચિત્કરમાં પાંચેય વિષય લીધા છે, હોં! શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ. પાંચેય. કાનમાં જે નિંદાના શબ્દો પડે છે એ તને દ્વેષ ઉપજાવવામાં અકિંચિત્કર છે. આહા..! સમજાય છે કાંઈ? એમ આંખે સ્ત્રીનું સુંદર રૂપ જોવે. તો એ સ્ત્રીનું સુંદર રૂપ તને રાગ ઉત્પન્ન કરાવે, એ અકિંચિત્કર છે. આહાહા..! ગુલાબનું ફૂલ હોય. અંદર રાગ થયો. એ ફૂલ અંદર રાગ ઉત્પન્ન કરાવવામાં અકિંચિત્કર છે. આહાહા..! એમ મેસુબ હોય. મોહનથાળ.. મોહનથાળ કહે છે? મોહનથાળને ખાય છે. બરફી જેવો હોય છે. ધોળી બરફી હોય. અમારે મોહનથાળ કહે છે. એને ખાય છે. શું છે? એ વિષય તને રાગ ઉત્પન્ન કરાવે છે? એમ મેસુબ અને મોહનથાળ તને રાગ ઉત્પન્ન કરાવે છે? ભગવાન તો ના પાડે છે. અકિંચિત્કર છે. આહાહા..! ... ગજબ વાત છે!

નિમિત્ત હોવા છતાં નિમિત્ત પરનું કાર્ય કરવામાં અકિંચિત્કર છે. આહા..! નિમિત્ત હોવું અને પરનું કાર્ય કરવું, બેમાં ઊગમણો-આથમણા જેટલો ફેર છે. સમજાય છે કાંઈ? આહાહા..! અહીંયાં પરની સુંદરતા જોઈને પોતામાં રાગ, હર્ષ, ઉત્સાહ થઈ જાય તો કહે છે કે ઉત્સાહમાં પરની સુંદરતા અકિંચિત્કર છે. તારા ઉત્સાહમાં રાગના ઉત્સાહમાં એ કંઈ કરી શકતું નથી. આહાહા..! એમ પરમાનંદનો નાથ પોતાના શુદ્ધ પરિણમનમાં વ્યવહાર રત્નત્રય

નિમિત્ત હોવા છતાં અકિંચિત્કર છે. એને કરી શકે નહિ. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? વાત તો આ છે. જ્યારે બેસે ત્યારે. આ વાત બેસશે ત્યારે એને ધર્મ થશે. આહાહા..!

**'વિષય કષાયોંકે આધીન હોકર શરીરકે ભાવોંકો અપને જાનતા હૈ, વહ અપની શુદ્ધાત્માનુભૂતિ સે રહિત હુઆ...'** આહાહા..! શું કહે છે? જુઓ! પરમાં રાગની મીઠાશ લઈને પોતાની શુદ્ધાત્માનુભૂતિથી રહિત થયો. મૂઢાત્મા છે. આહાહા..! એ ૮૦ થઈ. ૮૧.

સમકિતીને વિષયભોગનો રાગ થાય છે, પણ સુખબુદ્ધિ નથી, દુઃખબુદ્ધિ છે. આહાહા..! 'ભરત' ચક્રવર્તીને ૯૬ હજાર રાણીઓ, એ પણ ક્ષત્રિયાણી. આહાહા..! ૯૬ હજાર. આસક્તિની કલ્પના થાય છે, એમાં સુખબુદ્ધિ નથી. દુઃખબુદ્ધિ લાગે છે. કાળો નાગ જોવે, એમ રાગમાં દુઃખ દેખાય છે. આહાહા..! ધર્મીને રાગમાં દુઃખ દેખાય છે. આહાહા..! અજ્ઞાનીને એમાં મજા લાગે છે. આટલો ફેર છે. સમજાય છે કાંઈ? આહાહા..! **'શુદ્ધાત્માનુભૂતિસે રહિત હુઆ...'** આહાહા..! વિષયોને, કષાયને **'આધીન હોકર...'** આહાહા..! (તે) **'ભાવોંકો અપને જાનતા હૈ, વહ અપની શુદ્ધાત્માનુભૂતિ...'** સમ્યગ્દર્શન સે **'રહિત હુઆ મૂઢાત્મા હૈ.'** આહાહા..!

---

अथ –

**८१) हउँ वरु बंभणु वइसु हउँ हउँ खत्तिउ हउँ सेसु।**
**पुरिसु णउँसर इत्थि हउँ मण्णइ मूढु विसेसु।।८१।।**

**अहं वरः ब्राह्मणः वैश्यः अहं अहं क्षत्रियः अहं शेषः।**
**पुरुषः नपुंसकः स्त्री अहं मन्यते मूढः विशेषम्।।८१।।**

**हउं वरु बंभणु वइसु हउं हउं खत्तिउ हउं सेसु अहं वरो विशिष्टो ब्राह्मणः अहं वैश्यो वणिग् अहं क्षत्रियोऽहं शेषः शूद्रादि। पुनश्च कथंभूतः। पुरिसु णउं सउ इत्थि हउं मण्णइ मूढु विसेसु पुरुषो नपुंसकः स्त्रीलिङ्गोऽहं मन्यते मूढो विशेषं ब्राह्मणादिविशेषमिति। इदमत्र तात्पर्यम्। यतिश्चयनयेन परमात्मनो भिन्नानपि कर्मजनितान् ब्राह्मणादिभेदान् सर्वप्रकारेण हेयभूतानपि निश्चयनयेनोपादेयभूते वीतरागसदानन्दैकस्वभावे स्वशुद्धात्मनि योजयति संबद्धान् करोति। कोऽसौ कथंभूतः। अज्ञानपरिणतः स्वशुद्धात्मतत्त्वभावनारहितो मूढात्मेति।।८१।।**

---

**आगे फिर मिथ्यादृष्टिके लक्षण कहते हैं –**

**गाथा – ८१**

**अन्वयार्थ :–** [ मूढः ] मिथ्यादृष्टि अपनेको [ विशेषम् मनुते ] ऐसा विशेष मानता है, कि [ अहं ] मैं [ वरः ब्राह्मणः ] सबमें श्रेष्ठ ब्राह्मण हूँ, [ अहं ] मैं [ वैश्यः ] वणिक् हूँ, [ अहं ] मैं [ क्षत्रियः ] क्षत्री हूँ, [ अहं ] मैं [ शेषः ] इनके सिवाय शूद्र हूँ, [ अहं ] मैं [ पुरुषः नपुंसकः स्त्री ]

**पुरुष हूँ, और स्त्री हूँ। इसप्रकार शरीरके भावोंको मूर्ख अपने मानता है। सो ये सब शरीरके हैं, आत्माके नहीं हैं।**

**भावार्थ :– यहाँ पर ऐसा है कि निश्चयनयसे ये ब्राह्मणादि भेद कर्मजनित हैं, परमात्माके नहीं हैं, इसलिये सब तरह आत्मज्ञानीके त्याज्यरूप हैं तो भी जो निश्चयनयकर आराधने योग्य वीतराग सदा आनंदस्वभाव निज शुद्धात्मामें इन भेदोंको लगाता हैं, अर्थात् अपनेको ब्राह्मण, क्षत्रिय, वैश्य, शूद्र मानता है; स्त्री, पुरुष, नपुंसक, मानता है, वह कर्मोंका बंध करता है, वही अज्ञानसे परिणत हुआ निज शुद्धात्म तत्त्वकी भावनासे रहित हुआ मूढात्मा हैं, ज्ञानवान् नहीं है ।।८१।।**

---

**વળી, મિથ્યાદૃષ્ટિનું લક્ષણ કહે છે :**

**ભાવાર્થ :- અજ્ઞાનરૂપે પરિણમેલો, સ્વશુદ્ધાત્મતત્ત્વની ભાવનાથી રહિત મૂઢાત્મા, નિશ્ચયનયથી પરમાત્માથી ભિન્ન હોવા છતાં પણ, સર્વપ્રકારે હેયભૂત હોવા છતાં પણ, કર્મજનિત બ્રાહ્મણાદિ ભેદોને, નિશ્ચયનયથી ઉપાદેયભૂત વીતરાગ સદાનંદ જ જેનો એક સ્વભાવ છે એવા સ્વશુદ્ધાત્મામાં જોડે છે-સંબંધ કરે છે, એ તાત્પયાર્થ છે. ૮૧.**

---

## ગાથા-૮૧ ઉપર પ્રવચન

૮૧ (ગાથા). '**આગે ફિર મિથ્યાદષ્ટિકે લક્ષણ કહતે હૈં :-**'

**८१) हउँ वरु बंभणु वइसु हउँ हउँ खत्तिउ हउँ सेसु।**
**पुरिसु णउँसर इत्थि हउँ मण्णइ मूढु विसेसु।।८१।।**

**અન્વયાર્થ :-** '**મિથ્યાદષ્ટિ અપનેકો ઐસા વિશેષ જાનતા હૈ,...**' આહાહા..! '**विशेषम् मनुते**' છે ને? '**મૈં સબસે શ્રેષ્ઠ બ્રાહ્મણ હૂં,...**' આહાહા..! હું બ્રાહ્મણ છું. એમ માને છે એ મિથ્યાદષ્ટિ છે, કહે છે. આત્મામાં બ્રાહ્મણ શું? એ તો શરીરની દશા છે. '**મૈં વૈશ્ય હૂં, મૈ વણિક હૂં...**' હું વાણિયો છું. વાણિયા શબ્દે વેપાર કરનારા. બધા વેપાર. વણિક પછી ખોજા હોય તોપણ એ વણિક કહેવાય. વેપારી નામ વણિક છે. '**મૈં ક્ષત્રી હૂં,...**' મિથ્યાદષ્ટિ છે, કહે છે. આહાહા..! ક્ષત્રિય તો શરીરની જાત છે, આત્મા ક્ષત્રિય ક્યાંથી થયો? હું ગરાસિયા છું, હું કાઠી છું, હું ક્ષત્રિય છું. આહાહા..!

મુમુક્ષુ :- તુંકારો ન થાય.

ઉત્તર :- ન થાય. એને તુંકારે ન બોલાય, આહાહા..! એમ કહે. એને બે નામે બોલાવાય. ત્યારે હખ આવે એને. મૂઢ છે.

'**મૈં ઈનકે સિવાય શૂદ્ર હૂં,...**' શૂદ્ર હોય છે ને? આત્મા ક્યાં શૂદ્ર છે? એ તો શરીરની દશા છે, ભગવાન! તું તો ઈ દશાથી ભિન્ન છો. આહાહા..! '**મૈં પુરુષ હૂં,...**' લ્યો. હું

આદમી છું. તું તો આત્મા છો ને. વીતરાગી... આહાહા..! નિત્યાનંદ સ્વભાવ ભગવાન તું તો છો ને. એમાં પુરુષ ક્યાંથી આવ્યો? હું પુરુષ છું. હું નપુંસક છું. આ હીજડા.. હીજડા હોય ને? પાવૈયા. '**ઔર સ્ત્રી હૂં.**' હું તો સ્ત્રી છું, ભાઈ! હું પરાધીન સ્ત્રી છું. અરે..! ભગવાન! તું સ્ત્રી કેવો? એ તો શરીરની જાત છે. ભગવાન અંદર વીતરાગ નિત્યાનંદ સ્વભાવી એકસ્વભાવી બિરાજે છે. એ તે હું, એ તે હું. આહાહા..! આ નહિ, આ નહિ, ભાઈ! આહા..! સમજાય છે કાંઈ? આહાહા..! નપુંસક, સ્ત્રી. '**ઈસપ્રકાર શરીરકે ભાવોંકો મૂર્ખ અપને માનતા હૈ. સો યે સબ શરીરકે હૈં, આત્માકે નહીં હૈ.**'

**ભાવાર્થ :-** '**યહાં પર ઐસા હૈ કિ નિશ્ચયનયસે યે બ્રાહ્મણાદિ ભેદ કર્મજનિત હૈં,...**' કર્મને કારણે ઉપાધિ આવી છે. પોતાનો સ્વભાવ આત્મા નથી. '**પરમાત્માકે નહીં હૈ,...**' પરમાત્મા કોણ? પોતાનો. આ 'પરમાત્મપ્રકાશ' છે ને! ભગવાન પરમાત્મસ્વરૂપ છે. વીતરાગ નિજાનંદ પરમાનંદ લક્ષણ એકસ્વભાવી પ્રભુ, એને બ્રાહ્મણ, ક્ષત્રિય આદિ નથી. આહા..! એ તો બહારની કર્મજનિત ઉપાધિ છે. એમાં હું ક્ષત્રિય છું ને વૈશ્ય છું ને શૂદ્ર છું. અરે..! હું ચંડાળ છું. ભાઈ! તું ચંડાળ નથી, એ તો શરીરની સ્થિતિ છે, ભગવાન! તું તો વીતરાગ નિત્યાનંદ સ્વભાવ એકસ્વભાવી પ્રભુ છો ને! તારામાં પર્યાયના ભેદ પણ નથી. શરીરની અવસ્થા તો નથી, પણ હું તો ત્રિકાળી વીતરાગ નિત્યાનંદ સહજાનંદ સ્વભાવ એક છું. આહાહા..! એ દૃષ્ટિમાં લેવો, બાપુ! એ કંઈ વાત છે! પુરુષાર્થ જોઈએ. પહેલા સમ્યગ્દર્શન કરવું એમાં અનંત પુરુષાર્થ છે. એ કંઈ સાધારણ વાત નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! છે?

'**યહાં પર ઐસા હૈ કિ નિશ્ચયનયસે યે બ્રાહ્મણાદિ ભેદ કર્મજનિત હૈં, પરમાત્માકે નહીં હૈં, ઈસલિયે સબ તરહ આત્મજ્ઞાનીકે ત્યાજ્યરૂપ હૈં...**' આત્મજ્ઞાનીને, હું ક્ષત્રિય છું, આદિ ત્યાજ્ય છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિને હું ક્ષત્રિય છું, હું બ્રાહ્મણ છું, હું વૈશ્ય છું એ ત્યાજ્ય છે. તે હું નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાત (છે). 'પરમાત્મપ્રકાશ' અત્યારે અને બપોરે 'સમયસાર'. એ પણ પરમાત્મપ્રકાશ છે ને! આહાહા..!

'**તો ભી જો નિશ્ચયનયકર આરાધને યોગ્ય...**' દેખો! '**વીતરાગ સદા આનંદસ્વભાવ...**' પહેલામાં વીતરાગ નિત્યાનંદ લીધું હતું. અહીં વીતરાગ સહજાનંદ લીધું છે. પાઠમાં છે. અંદર જુઓ! '**वीतरागसदानन्दैकस्वभावे**' એમ છે. છે ને? પહેલામાં વીતરાગ નિત્યાનંદ લીધું હતું, અહીંયાં વીતરાગ સદાનંદ એકસ્વભાવ (છે). સદાનંદ એકસ્વભાવ. ભગવાન તો સદા આનંદ, વીતરાગ એક આનંદસ્વભાવી છે. આહા..! '**આરાધને યોગ્ય વીતરાગ સદા આનંદ એકસ્વભાવ...**' ત્યાં એક લેવું. એક એક સ્વભાવ. ૮૧. એક છે? અંદર નથી. ખબર નથી. હિન્દીમાં નથી. એ તો ૮૦માં ગયું. આ તો ૮૧ની વાત છે. છે? '**વીતરાગ સદા આનંદ એકસ્વભાવ, આહાહા..! નિજ શુદ્ધાત્મા...**' જુઓ! પોતાનો નિજ શુદ્ધાત્મા આવો. પર નહિ, પરમાત્મા પદ સિદ્ધ આદિ તો એના. આ તો

નિજ શુદ્ધાત્મા, એમ છે ને? સ્વશુદ્ધાત્મા પાઠ છે ને? '**वीतरागसदानन्दैकस्वभावे स्वशुद्धात्मनि योजयति संबद्धान् करोति**'. આહાહા..! જુઓ!

'**ભેદોંકો લગાતા હૈ...**' હું ક્ષત્રિય છું ને હું બ્રાહ્મણ છું, એવા ભેદને વીતરાગ સહજાનંદમાં જોડે છે એ મિથ્યાદષ્ટિ છે, મૂઢ છે. આહાહા..! હું પુરુષ છું, હું સ્ત્રી છું. અરે..! પ્રભુ! પુરુષ કોણ? એ તો જડની દશા છે. તેનું જેને અભિમાન છે એ તો મિથ્યાદષ્ટિ છે. વીતરાગ સહજાનંદ એકસ્વભાવથી વિપરીત એ ચીજ છે, ભિન્ન છે અને એ ચીજથી તારી ચીજ ભિન્ન છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**શુદ્ધાત્મામેં ઇન ભેદોંકો લગાતા હૈ...**' જુઓ! હું પુરુષ છું, હું બ્રાહ્મણ છું, હું ક્ષત્રિય છું. '**અર્થાત્ અપનેકો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર માનતા હૈ. સ્ત્રી, પુરુષ, નપુંસક, માનતા હૈ, વહ કર્મોંકા બંધ કરતા હૈ,...**' મિથ્યાદષ્ટિ નવા કર્મોનો બંધ કરે છે. આહાહા..!

'**વહી અજ્ઞાનસે પરિણત હુઆ...**' અજ્ઞાનથી પરિણત થયો. આહાહા..! '**નિજ શુદ્ધાત્મ તત્ત્વકી ભાવનાસે રહિત હુઆ...**' નિજ શુદ્ધાત્મ તત્ત્વ. છે? આહાહા..! '**स्वशुद्धात्मतत्त्वभावनारहितो**' સંસ્કૃત છે. '**મૂઢાત્મા હૈં,...**' આહાહા..! ચાહે તો સાધુ નામ ધરાવતો હોય, પણ હું પુરુષ છું, હું ક્ષત્રિય છું. ત્યાગી આર્જિકા હોય તો હું સ્ત્રી છું, માને છે તો બધા મૂઢાત્મા મિથ્યાદષ્ટિ છે. આહાહા..! '**જ્ઞાનવાન નહીં હૈ.**' તેને જ્ઞાની કહેતા નથી. એ મિથ્યાદષ્ટિ છે. બે ગાથા થઈ. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अथ –**

**८२) तरुणउ बूढउ रूयडउ सूरउ पंडिउ दिव्वु।**
**खवणउ वंदउ सेवडउ मूढउ मण्णइ सव्वु।।८२।।**

**तरुणः वृद्धः रूपवान् शूरः पण्डितः दिव्यः।**
**क्षपणकः वन्दकः श्वेतपटः मूढः मन्यते सर्वम्।।८२।।**

**तरुणउ बूढउ रूयडउ सूरउ पंडिउ दिव्वु। तरुणो यौवनस्थोऽहं वृद्धोऽहं रूपस्व्यहं शूरः सुभटोऽहं पण्डितोऽहं दिव्योऽहम्। पुनश्च किंविशिष्टः। खवणउ वंदउ सेवडउ। क्षपणको दिगम्बरोऽहं बन्दको बौद्धोऽहं श्वेतपटादिलिङ्गधारकोऽहमिति मूढात्मा सर्वं मन्यत इति। अयमत्र तात्पर्यार्थः। यद्यपि व्यवहारेणाभिन्नान् तथापि निश्चयेन वीतरागसहजानन्दैकस्वभावा-त्परमात्मनः भिन्नान् कर्मोदयोत्पन्नान् तरुणवृद्धादिविभावपर्यायान् हेयानपि साक्षादुपादेयभूते स्वशुद्धात्मतत्त्वे योजयति। कोऽसौ। ख्यातिपूजालाभादिविभावपरिणामाधीनतया परमात्मभावनाच्युतः सन् मूढात्मेति।८२।**

---

**आगे फिर मूढ़के लक्षण कहते हैं –**

**गाथा – ८२**

**अन्वयार्थ :– [ तरुणः ] मैं जवान हूँ, [ वृद्धः ] बुड्ढा हूँ, [ रूपस्वी ] रूपवान हूँ, [ शूरः ] शूरवीर हूँ, [ पण्डितः ] पंडित हूँ [ दिव्यः ] सबमें श्रेष्ठ हूँ [ क्षपणकः ] दिगंबर हूँ, [ वन्दकः ] बोद्धमतका आचार्य हूँ [ श्वेतपटः ] और मैं श्वेताम्बर हूँ, इत्यादि [ सर्वम् ] सब शरीरके भेदोंको [मूढ़ः ] मूर्ख [ मन्यते ] अपना मानता है। ये भेद जीवके नहीं हैं।**

**भावार्थ :– यहाँ पर यह है कि, यद्यपि व्यवहारनयकर ये सब तरुण वृद्धादि शरीरके भेद आत्माके कहे जाते हैं, तो भी निश्चयनयकर वीतराग सहजानंद एक स्वभाव जो परमात्मा उससे भिन्न हैं। ये तरुणादि विभावपर्याय कर्मके उदयकर उत्पन्न हुए हैं, इसलिये त्यागने योग्य हैं, तो भी उनको साक्षात् उपादेयरूप निज शुद्धात्म तत्त्वमें जो जो लगाता है, अर्थात् मानता है, वह अज्ञानी जीव बड़ाई, प्रतिष्ठा, धनका लाभ इत्यादि विभाव परिणामोंके आधीन होकर परमात्माकी भावनासे रहित हुआ मूढात्मा हैं, वह जीवके ही भाव मानता है।।८२।।**

---

**વળી, (ફરી મૂઢાત્માનું લક્ષણ કહે છે ) :**

**ભાવાર્થ :- ખ્યાતિ, પૂજા, લાભાદિ વિભાવ પરિણામને આધીન થઈને, પરમાત્મભાવનાથી ચ્યુત થતો મૂઢાત્મા જો કે જેઓ વ્યવહારથી અભિન્ન છે તોપણ નિશ્ચયથી વીતરાગસહજાનંદ જેનો એક સ્વભાવ છે એવા પરમાત્માથી ભિન્ન છે. કર્મોદયથી ઉત્પન્ન તરુણ, વૃદ્ધાદિ વિભાવપર્યાયો હેય હોવા છતાં પણ તેમને, સાક્ષાત્ ઉપાદેયભૂત નિજશુદ્ધાત્મતત્ત્વમાં યોજે છે (-જોડે છે, સંબંધ કરે છે.) અહીં આ તાત્પયાર્થ છે. ૮૨.**

---

## વીર સંવત ૨૫૦૨, શ્રાવણ વદ ૬, રવિવાર
## તા. ૧૫-૦૮-૧૯૭૬, ગાથા-૮૨, પ્રવચન નં. ૬૩

.... પુસ્તક કોનું છે એની ખબર નથી. આ તો દિગંબર પુસ્તક છે. અહીં ઘણ પુસ્તક છપાયા છે, એ માહ્યલું એ પુસ્તક છે. સમજાય છે કાંઈ? પહેલું પુસ્તક (સંવત) ૧૯૪૬માં છપાયું. બીજીવાર પુસ્તક ૪૦ વર્ષ પછી છપાણું. ૬૩ વર્ષ પહેલા. અત્યારે 'ભાવનગર' છપાણું. ત્રણવાર છપાણું છે. સમજાય છે કાંઈ? એ તો દૃષ્ટાંત તરીકે એમણે આપ્યું છે. જેમ વ્યભિચારી સ્ત્રી હોય, ઘરના કામકાજ કરતી હોય પણ એનું લક્ષ તો પરપુરુષ ઉપર છે. એમ સમ્યગ્દૃષ્ટિ જીવનું લક્ષ તો પોતાના આત્મા ઉપર છે. એ કામકાજ આદિ કરે છે એમ દેખાય

છે છતાં પોતાનું લક્ષ છોડતો નથી. અંતર દૃષ્ટિ તો હું જ્ઞાયકસ્વરૂપ છું, એમ દૃષ્ટિ છે. એ દૃષ્ટાંત આપીને પછી આ દૃષ્ટાંત આપ્યું કે કોઈ સ્ત્રી, સ્યાત્ એમ શબ્દ છે. કદાચિત્ એમ શબ્દ છે. સમજાય છે કાંઈ? પતિની હયાતીમાં પરપુરુષ સાથે કંઈક થઈ જાય તો એનો દોષ બહાર નથી આવતો. એમ જેને માથે સમ્યગ્દર્શન આત્માનો આનંદ પરમબ્રહ્મ પરમાત્મા જેની દૃષ્ટિમાં આવ્યો છે, આહાહા..! શુદ્ધ નિરંજન નિત્યાનંદ પ્રભુ સહજાનંદ ભગવાનઆત્મા જેને દૃષ્ટિમાં આવ્યો છે, જેની પર્યાયનો સ્વામી સહજાનંદ ભગવાન નિજ સ્વરૂપ છે, એને કદાચિત્ કોઈ કર્મના નિમિત્તના સંગમાં કોઈ રાગાદિ આવી જાય અને દોષ લાગે તો એ દોષની કોઈ કિંમત નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? એ દૃષ્ટાંત આપીને સિદ્ધાંત આ સિદ્ધ કરવો છે. આ તો દૃષ્ટાંત એકલો આપ્યો છે.

મુમુક્ષુ :- 'છ ઢાળા'માં આપ્યો છે.

ઉત્તર :- 'છ ઢાળા'માં આવે છે. નગરનારીકો.. આવે છે. શું થાય? પણ ભગવાન! જૈનશાનસનમાં બહુ નુકસાન થાય છે. માંડ આ સત્ય વાત આવી એમાં આવું ન કરવું જોઈએ. એનો વિચાર કરીને શું છે, કોનો ગ્રંથ છે, કોણે લખ્યો છે (એ વિચારવું જોઈએ). આહા..! અરે..! આ તો ભાઈ પંડિતજી કાલે જવાના છે ને, એમણે પ્રશ્ન કર્યો હતો કે મારે 'સમ્યક્જ્ઞાન દીપિકા'નો આધાર જોવો છે. ત્યાં 'બારામતિ'માં કોઈ પૂછે ને. આ તો બધાએ સમજવાનું છે. ૧૯૪૬ની સાલમાં (છપાયું છે). 'ધર્મદાસ ક્ષુલ્લક' ૧૯૪૮માં ગુજરી ગયા. (સંવત) ૧૯૪૮. એમની ૧૯૪૬ની હયાતીમાં તેમણે પોતે જ્ઞાનસાગર મુંબઈ છપાવ્યું છે. એ પુસ્તક મેં પહેલા ૧૯૭૮માં જોયું હતું. આ તો હમણાં નવા છપાયા. ૪૦ વર્ષ થયા. મારે જોયાને તો ૫૬ વર્ષ થયા. પહેલા આ જ પુસ્તક હતું, હોં! જુઓ! આ જ પુસ્તક હતું, જૂનું-પુરાણું. આ લીટી કરી. ૧૯૭૮માં હું જંગલમાં જઈને વાંચતો હતો. અમારી તો લીનતા અંદરમાં હતી ને. શાસ્ત્ર જોતા હતા, અમે તો ઘણા જોતા હતા. શું કહે છે આ? આ પુસ્તક હતું, લ્યો! એ પુસ્તક અહીં આવ્યું, ભાઈને બતાવવા. એના ૯૩ પાને છે, જૂના પુસ્તકમાં. નવા પુસ્તકમાં ૮૦ પાને છે. આપણે આ પુસ્તકમાં... આ પણ છપાયું છે ને? એમાં ૧૧૫ ઉપર છે. આ હમણાં નવી છપાણી. ૧૧૫ ઉપર છે. હિન્દી છે? 'ફૂલચંદજી'એ ચાલતી ભાષામાં બનાવ્યું છે. એ શબ્દો અને શાસ્ત્ર તો દિગંબર ક્ષુલ્લકના છે. હમણા ચાલતી ભાષામાં (છપાયું છે).

એમાં ઈ લખ્યું છે, જુઓ! જેમ.. આ શબ્દ એને મળ્યા છે. જે સ્ત્રીના માથે પોતાનો ધણી છે.. સ્યાત્ એમ શબ્દ છે. કદાચિત્. અહીંયાં તો કદાચિત્ની વાત છે. સ્ત્રી પરપુરુષના નિમિત્તે ગર્ભ પણ ધારણ કરે તોપણ એને દોષ લાગતો નથી. એટલે બહાર પડતું નથી. એમ. તેમ કોઈ પુરુષના મસ્તક ઉપર-સ્વરૂપ મસ્તક ઉપર સ્વ સમ્યગ્જ્ઞાનરૂપી પરમબ્રહ્મ પરમાત્મા છે. આહાહા..! જેની દૃષ્ટિમાં એને પરમાત્મા જ તરવરે છે અંદર. શુદ્ધ ચિદાનંદ. અહીં કહ્યું ને? નિત્યાનંદ શુદ્ધ ચિદાનંદ સ્વભાવ. એવી જેને દૃષ્ટિ થઈ તેને કદાચિત્ કોઈ રાગાદિ થાય અને એનાથી દોષ થાય, પણ માથે ધણી-સ્વામી છે ને, એટલે એ દોષની કોઈ

કિંમત નથી. એમ કહે છે.

એમ નિર્જરા અધિકારમાં 'કુંદકુંદાચાર્યે' કહ્યું, 'અમૃતચંદ્રાચાર્યે' લખ્યું, જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. ત્યાં ભોગ નિર્જરાનો હેતુ છે એમ કહેવું છે? સમજાય છે કાંઈ? એ તો 'કુંદકુંદાચાર્યદેવ'નું વચન છે. જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. એનો અર્થ એમ કરે કે જુઓ! જ્ઞાની પણ ભોગ કરે છે અને એને નિર્જરા થાય છે. એમ એનો અર્થ છે? એમ નહિ. અહીં તો જ્ઞાનીની આત્માના આનંદસ્વભાવ ઉપર દૃષ્ટિ છે. પરમાનંદના નાથનો અંતરમાં અનુભવ છે, એને કોઈ રાગાદિ આવી જાય, ચારિત્રદોષ થાય... 'દર્શનપાહુડ'માં કહ્યું ને? '**दंसणभट्ठा ण सिज्झंति, सिज्झंति चरियभट्ठा**' ચારિત્રનો દોષવાળો છે તો એને ખ્યાલમાં છે કે મારામાં આ દોષ છે. તો એ તો ચારિત્રદોષ ટાળીને મોક્ષમાં જશે, પણ '**दंसणभट्ठा ण सिज्झंति**'. જેની શ્રદ્ધા મિથ્યાત્વ છે, રાગથી ધર્મ થાય છે, પુણ્યથી ધર્મ થાય છે, નિમિત્તથી મારામાં લાભ થાય એવી મિથ્યાદૃષ્ટિ દર્શનભ્રષ્ટ છે. એ ભલે પંચમહાવ્રત પાળતો હોય તોપણ એ દર્શનભ્રષ્ટ, જ્ઞાનભ્રષ્ટ અને ચારિત્રભ્રષ્ટ છે. એમ દર્શનપાહુડમાં (ત્રીજી ગાથામાં) આવ્યું છે. સમજ્યા?

'ધર્મદાસ'નો ઈરાદો તો એ વસ્તુને બતાવવાનો છે. જે સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ નથી, તેને કોઈ ચારિત્રદોષ થઈ જાય તો તેની કોઈ વિશેષ કિંમત નથી. એમ કહે છે. અને ચારિત્રભ્રષ્ટ હોય પણ દર્શનભ્રષ્ટ નથી તો એ ચારિત્ર પ્રાપ્ત કરીને મોક્ષમાં જશે. પણ દર્શનભ્રષ્ટ છે, જેની શ્રદ્ધા જ વિપરીત (છે). ત્રિલોકના નાથ સહજાનંદ પ્રભુ,.. સમજાય છે કાંઈ? કાલે આવ્યું હતું ને? વીતરાગ નિત્યાનંદ એકસ્વભાવ. છે? ૮૦ ગાથા. સર્વપ્રકારે ઉપાદેયભૂત વીતરાગ નિત્યાનંદ એકસ્વભાવ એવા શુદ્ધ જીવની દૃષ્ટિ થઈ. સમજાણું કાંઈ? અને ૮૧માં એ આવ્યું. ૮૧માં આવ્યું ને? '**निश्चयनयेनोपादेयभूते**' નિશ્ચયનય યથાર્થદૃષ્ટિમાં આદરણીય છે '**वीतरागसदानन्दैकस्वभावे स्वशुद्धात्मा**' આહાહા..! ત્રિકાળી અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન શુદ્ધાત્મા એ જ સમ્યગ્દૃષ્ટિને ઉપાદેય છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવી સ્પષ્ટ ચીજ, અરે..! ન બેસે તોપણ સત્યનો વિરોધ શા માટે કરવો જોઈએ? દૃષ્ટિ ન રુચે કદાચિત્, દૃષ્ટિ ન હોય પણ વસ્તુનો-સત્યનો વિરોધ કરવામાં એના આત્માને નુકસાન છે. લોકમાં વિરોધ થઈ જાય, બહુ વિરોધ થાય. આહાહા..!

અહીંયાં ૮૨ (ગાથા). એ તો ત્રણેનો આધાર આપ્યો. (સંવત) ૧૯૭૮ની સાલમાં અમે તો કેટલાક દિવસ વ્યાખ્યાન બંધ કરી દીધા હતા. સમજાય છે કાંઈ? અમને અંદરથી ધ્વનિ આવ્યો હતો. ૐ ધ્વનિ જ્યારે આવ્યો તો 'બોટાદ'માં મેં કેટલાક દિવસ વ્યાખ્યાન બંધ કરી દીધા. બોટાદમાં એક વાદી ગામ છે ને? ત્યાં અમે ૧૫-૨૦ દિવસ વ્યાખ્યાન નહોતું વાંચ્યું અને એકાંતમાં શાસ્ત્ર વાંચતા હતા. સમજ્યા? એમાં આ 'ધર્મદાસ ક્ષુલ્લક'નું આવ્યું હતું. ઓહો..! વાત તો યથાર્થ કરે છે. આહાહા..! જેની દૃષ્ટિ તત્ત્વજ્ઞાન થયું તેને કદાચિત્ ચારિત્રનો દોષ થાય તોપણ તેને ભ્રષ્ટ નથી કહેવાતો. ચારિત્રથી ભ્રષ્ટ છે, દર્શનથી ભ્રષ્ટ નથી

કહેવાતો. સમજાય છે કાંઈ? અને કોઈ વ્રતાદિ, પંચ મહાવ્રતાદિ પાળતો હોય પણ દર્શનભ્રષ્ટ છે, એ વ્રતથી ધર્મ થાય છે એમ માને છે, એ તો દર્શનભ્રષ્ટ, જ્ઞાનભ્રષ્ટ અને ચારિત્રભ્રષ્ટ છે. ત્રણેથી ભ્રષ્ટ છે. અને 'શીતલપ્રસાદે' તો લખ્યું છે, નહિ? 'શીતલપ્રસાદ'. બહુ વાંચવું, 'સમ્યગ્જ્ઞાન દીપિકા' જોવી, એમ ક્યાંક લખ્યું છે. ક્યાંક આવે છે, છે ખરું. કોઈ પુસ્તકમાં હશે. છે? આહાહા..!

દિગંબર શાસ્ત્રનું પુસ્તક છે. બ્રહ્મચારી 'ક્ષુલ્લક ધર્મદાસ'. જેણે એમાં એમ લખ્યું છે, જે 'સમયસાર'ની ૪૯ ગાથા છે, એમાં લીધું છે કે ભગવાનઆત્મા સિવાય જે છ દ્રવ્ય વ્યક્ત છે, જ્ઞેય છે તેનાથી આત્મા ભિન્ન અવ્યક્ત છે. ૪૯ ગાથાના અવ્યક્તના છ બોલ. એમાં પહેલો બોલ આવો છે. સમજાય છે કાંઈ? જે જ્ઞેય છે અને વ્યક્ત છે. એનો અર્થ કેવો લખ્યો છે એ બતાવવું છે. પોતાની સ્વતંત્ર (શૈલીથી) લખ્યો છે. છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે, વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે. આનો અર્થ એમણે એવો કર્યો છે, છ દ્રવ્યથી ભિન્ન થાય છે તો ભગવાનઆત્મા સપ્તમ (દ્રવ્ય) થઈ જાય છે. સમજાય છે કાંઈ? એમાંથી લીધું છે. પાઠ એવો છે ને? છ દ્રવ્યસ્વરૂપ લોક. છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે, જે વ્યક્ત છે. છ દ્રવ્યસ્વરૂપ લોકથી જીવ ભિન્ન છે. ભગવાનઆત્મા તેનાથી ભિન્ન છે. છ દ્રવ્યસ્વરૂપ લોકથી જીવ ભિન્ન છે. એનો એમણે ખુલાસો કર્યો છે કે આત્મા સપ્તમ (દ્રવ્ય) થઈ જાય છે. સમજાય છે કાંઈ? એ નવો અર્થ કર્યો છે. એ આમાં છે એનો અર્થ કર્યો છે. આવો અર્થ કોઈ બીજાએ કર્યો નથી. સમજાય છે કાંઈ?

છ દ્રવ્યસ્વરૂપ લોક. ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથે છ દ્રવ્ય સ્વરૂપ લોક જોયો છે. હવે એ જ્ઞેય છે અને આત્મા તેનાથી ભિન્ન જ્ઞાયક છે. ભિન્ન છે તો સપ્તમ થઈ ગયું. સમજાય છે કાંઈ? છે તો છ દ્રવ્યમાં. બંડીજી! આહાહા..! લ્યો, આવો અર્થ કર્યો છે. જ્યારે અમે પહેલી વાર જોયું તો સપ્તમ થઈ જાય છે એ અહીંથી કાઢ્યું છે. આ બોલમાંથી કાઢ્યું છે. સમજાય છે કાંઈ? એટલી તો એની ગંભીર વિચારણા. સપ્તમ થઈ જાય છે એમ કોણ કહે? સમજાય છે કાંઈ? અને પાઠ એવો છે, છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય, તેનાથી ભિન્ન ભગવાન જ્ઞાયક સપ્તમ થઈ જાય છે, છ દ્રવ્યથી ભિન્ન. છ દ્રવ્યનું તો એક સમયની પર્યાયમાં જેને જ્ઞાન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? સૂક્ષ્મ છે, ભગવાન! જૈનદર્શન બહુ સૂક્ષ્મ છે, ભાઈ! આહાહા..!

જ્ઞાનની એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન (થાય છે). છ દ્રવ્યમાં અનંત સિદ્ધો, કેવળીઓ બધાનું જ્ઞાન થઈ જાય છે. જ્ઞાનની એક સમયની પર્યાયમાં એટલું સામર્થ્ય છે. સ્વપ્રકાશકમાં (નિજ) દ્રવ્ય, પરપ્રકાશકમાં છ દ્રવ્ય (જણાય છે). સમજાય છે કાંઈ? આહાહા..! જ્ઞાનની એક સમયની પર્યાયમાં.. એ કહ્યું ને? ૧૭-૧૮ ગાથા. જ્ઞાનની એક સમયની પર્યાયમાં ભગવાનઆત્મા અનુભવમાં આવે છે. સદા સર્વ જીવને. આહા..! ગજબ કામ કર્યા છે ને! ભાઈ! એને ખબર નથી. દ્રવ્ય સ્વભાવ જે ત્રિકાળી છે એ જ્ઞાનની એક સમયની પર્યાયમાં તે જ જણાય છે. કેમકે સ્વપ્રકાશક છે ને. એ જ્ઞાનપર્યાય સ્વપ્રકાશક છે

ને? આહાહા..! તો જ્ઞાનની એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય, આત્મદ્રવ્ય પર્યાયમાં અનુભવાય છે. સદા સર્વ જીવને. પણ જીવની દૃષ્ટિ ત્યાં નથી એટલે એને ખ્યાલ નથી આવતો. દૃષ્ટિ પર્યાય ઉપર અને રાગ ઉપર છે એટલે આત્મા પર્યાયમાં જાણવામાં આવે છે એવી દૃષ્ટિ તે કરતો નથી. સમજાય છે કાંઈ?

હવે અહીં તો મારે બીજું કહેવું છે, કે એક સમયમાં જ્ઞાનની પર્યાયમાં આખો આત્મા જ અનુભવમાં આવે છે તો એક સમયમાં જ્ઞાનની સ્વપરપ્રકાશક તાકાત છે તો સ્વ આખો આવે છે, એમ એક સમયની પર્યાયમાં પર છ દ્રવ્ય પણ એક સમયની પર્યાયમાં પરપ્રકાશક જાણવામાં આવે જ છે. આહાહા..! સમજાય છે કાંઈ? પરંતુ અલ્પ પ્રકાશ પરના પ્રકાશમાં પર્યાય રોકાઈ ગઈ છે તો એની દૃષ્ટિ એટલું જ જાણે છે એમ રોકાઈ ગઈ છે. સમજાય છે કાંઈ? આ શું કહે છે? ભાઈ! આ તો સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથનો માર્ગ છે, પ્રભુ!

જ્ઞાનની એક સમયની પર્યાયમાં, અહીંયાં કહે છે કે છ દ્રવ્ય જણાય છે. પરજ્ઞેય છે ને? તો એક સમયની પર્યાયમાં જણાય છે અને તેનાથી ભિન્ન છે. એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન થાય છે. એ છ દ્રવ્યથી ભગવાનઆત્મા ભિન્ન છે એમ કહ્યું. આત્મા તેનાથી ભિન્ન છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો અંતરની વાતું છે, ભગવાન! આહા..! એ કોઈ વાદવિવાદે મળી જાય એવી ચીજ નથી. કોઈ શાસ્ત્ર ભણી લેવાથી આ ચીજ મળતી નથી, એવી ચીજ છે.

દિવ્યધ્વનિથી પણ નથી મળતી એમ આવ્યું ને? 'પરમાત્મપ્રકાશ'માં. આહાહા..! દિવ્યધ્વનિથી પણ જે આત્મા પ્રાપ્ત થતો નથી. મુનિ ગણધર આદિની શાસ્ત્રરચનાથી પણ આત્મા પ્રાપ્ત થતો નથી. આહાહા..! એ તો પોતાની પર્યાયમાં સ્વસન્મુખ થઈને પર્યાયમાં દ્રવ્ય તો જાણવામાં આવે છે પણ સન્મુખતા નથી એટલે દૃષ્ટિમાં આ આત્મા અનુભવાય છે એમ ખ્યાલ નથી આવતો. અને એક સમયની પર્યાયમાં સ્વપરપ્રકાશકને કારણે સ્વ તો અનુભવાય છે પણ બીજા અનંત દ્રવ્ય છે એ પણ પર્યાયમાં જાણવામાં આવે છે, એવી એની તાકાત છે. સમજાય છે કાંઈ? આખો લોકાલોક જાણવામાં આવે એવી તાકાત છે. પણ દૃષ્ટિસંકોચને કારણે દૃષ્ટિ સ્વસન્મુખ નથી અને પર્યાયની રુચિમાં દૃષ્ટિ છે, એ પર્યાયમાં આખો લોકાલોક જાણે છે એવી તાકાતની પ્રતીતિ એને આવતી નથી. પર્યાય ઉપર બુદ્ધિ છે અને પર્યાયની આટલી તાકાત છે એની તો એને ખબર નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીંયાં કહ્યું કે સભ્રમ થઈ જાય છે. અહીં એ કહેવું છે કે એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન થાય છે પણ એ પર્યાયે દ્રવ્યનું જ્ઞાન કર્યું તો એ જ્ઞેય અને વ્યક્ત છ દ્રવ્યથી તો ભગવાન ભિન્ન થઈ ગયો. આહાહા..! છ દ્રવ્યની ઉપર એકલો આત્મા રહી ગયો. 'જ્ઞાનચંદજી'! માર્ગ એવો છે, ભગવાન! આહાહા..! ઓહોહો..! જ્ઞાનીને કોઈ રાગાદિ થયો અને રાગને જાણે એવી પર્યાય પ્રગટ થઈ. રાગને જાણે એવી પર્યાય પ્રગટ થઈ. કેમકે સ્વનું ભાન થયું, સ્વપ્રકાશકનું ભાન થયું તો રાગનું જ્ઞાન થાય છે, ત્યાં એવો રાગ પણ પ્રગટ થયો. રાગ તો શું છે કે એ તો અલ્પ દશાની વાત છે. પણ આખો લોકાલોક એમાં જાણવામાં આવે

છે એવી એની તાકાત છે. એક સમયની પર્યાયમાં સ્વપરપ્રકાશક એટલી તાકાત છે. છતાં એ એક સમયની પર્યાય.. ક્યાં ગયા? 'પ્રવીણભાઈ' આવ્યા છે કે નહિ? અહીં બેઠા છે. લ્યો! ઈ ટાઢા માણસ છે. શું કહ્યું સમજાણું? આહાહા..!

એક સમયમાં જ્ઞાનની પર્યાય દ્રવ્યમાં ભળતી નથી, છ (દ્રવ્યસ્વરૂપ) લોકાલોકમાં પર્યાય ભળતી નથી. છતાં એક સમયની પર્યાયમાં પર્યાય રહીને દ્રવ્યને જાણે છે. દ્રવ્ય પર્યાયમાં આવતું નથી પણ પર્યાય દ્રવ્યને જાણે છે અને એ પર્યાય લોકાલોકમાં જાતી નથી અને લોકાલોક પર્યાયમાં આવતા નથી. આહાહા..!

મુમુક્ષુ :- આટલી બધી તાકાત!

ઉત્તર :- એટલી બધી તાકાત છે, એથી અનંતગુણી તાકાત છે. આટલો લોકાલોક છે એથી અનંતગુણા લોકાલોક અને અનંતગુણો કાળ હોત (તો તેને પણ જાણી લે). એ આવ્યું ને? 'પરમાત્મપ્રકાશ'માં દૃષ્ટાંત આવી ગયું છે કે મંડપ હોય ત્યાં સુધી વેલ ચડે છે. વેલ.. વેલ. જ્યાં સુધી મંડપ છે ત્યાં સુધી ચડે છે. પણ વેલમાં આગળ જવાની તાકાત એવી છે. (પણ આગળ) મંડપ નથી. એમ લોકાલોકનો મંડપ છે એટલું તો જાણ્યું પણ એથી અનંતગણુ હોત તો જ્ઞાન જાણત એટલી એની તાકાત છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મારે તો થોડું એમ કહેવું હતું કે આણે સપ્રમ થઈ જાય છે એમ લખ્યું છે. ભાઈ! સપ્રમ થઈ જાય છે ઈ એણે લખ્યું છે. પહેલા જ્યારે વાંચ્યું ત્યારે થયું, ઓહો..! સ્વતંત્ર ધ્વનિ તો અહીંયાં એ છે. છ દ્રવ્યસ્વરૂપ લોક. છ દ્રવ્યમાં તો અનંત સિદ્ધો આવી ગયા. અનંત સિદ્ધો, અનંત કેવળીઓ આવી ગયા અને લાખો કેવળીઓ ભગવાન પાસે બિરાજે છે એ પણ આવી ગયા. અને તીર્થંકરો થઈ ગયા.. આહાહા..! છ દ્રવ્યસ્વરૂપ લોક એ તો જ્ઞેય છે-પરજ્ઞેય છે. ભગવાન સ્વજ્ઞેય છે એ પરજ્ઞેયથી ભિન્ન છે. સમજાય છે કાંઈ? આવો માર્ગ છે, પ્રભુ! આહાહા..! લ્યો, આજે સોળમો દિવસ છે. શેઠ આજે જવાના છે. આવો માર્ગ છે, પ્રભુ! એમાં કોઈ ટીકા ટીપ્પણી કરે તો કાંઈ ચાલે એવું નથી, બાપા! આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોણ આપતા હતા? અહીં કોઈનું આપતા નથી. અહીંના લખાણ લખ્યા હોય તોપણ છાપતા નથી અને નિંદા લખે તોપણ છાપતા નથી. એને જે ઠીક લાગે એમ કરે. 'જામે જિતની બુદ્ધિ હૈ ઉતનો દિયે બતાય.' આહાહા..! એની અંદરની યોગ્યતા ન હોય ત્યાં સુધી.. પર એને સમજાવી શકે છે? આહાહા..! ...

પોતાનો ગુરુ આત્મા છે. કેમકે પર્યાય દ્રવ્યનો આદર કરે છે તો પોતાનો આત્મા જ ગુરુ છે. પરગુરુ તો પછી નિમિત્તથી, વ્યવહારથી કહેવામાં આવે છે. આહાહા..! પોતાની પર્યાય પોતાના સ્વસન્મુખ ઝુકે છે તો એ ગુરુ થઈ, સમજાણું? તેનાથી જાણવામાં આવ્યો. દેવ પણ પોતાનો આત્મા છે. દિવ્ય શક્તિનો ધરનાર, કળશમાં આવે છે ને? પોતાનો દેવ. દેવ નથી આવતું? સૂર્ય જેમ દેવ છે અને પ્રકાશે છે. આવે છે ને? કળશમાં આવે છે. એમ ભગવાનઆત્મા સ્વયં દેવ અને પ્રકાશ છે. આહાહા..! ચૈતન્યપ્રભુ પોતાનું સ્વરૂપ દેવ છે.

દિવ્ય શક્તિનો ધરનારો પ્રભુ. ઓહોહો..! એ દેવ છે.

મુમુક્ષુ :- દેવ તો ત્યાં દેરીમાં છે ને?

ઉત્તર :- ઈ દેવ અહીં છે. એ તો પરદેવ છે. સાક્ષાત્ ભગવાન હોય તોપણ પરદેવ છે. આ તો સ્થાપના નિક્ષેપ છે. પણ ભાવનિક્ષેપવાળા ભગવાન હોય તોપણ અહીં પરદેવ છે. છ દ્રવ્યમાં જ્ઞેયમાં જાય છે. આહાહા..! બંડીજી! માર્ગ આવો છે, ભગવાન! આ તો ભગવાન પાસેથી, જાણે ભગવાન આપતા હોય, બોલતા હોય એમ અહીં તો લાગે છે. ભગવાન કહે છે કે આમ છે, ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ?

છ દ્રવ્ય સ્વરૂપ લોક જ્ઞેય (છે). પછી વ્યક્ત એટલે બાહ્ય. એમ. ત્યારે ભગવાનઆત્મા એ જ્ઞેયથી ભિન્ન, વ્યક્તથી ભિન્નને અવ્યક્ત કહ્યો. આહાહા..! સમજાય છે કાંઈ? પૂર્ણાનંદનો નાથ ભગવાન જેની પર્યાયમાં આખું દ્રવ્ય જાણવામાં આવ્યું અને એ પર્યાયમાં એ લોકાલોક જાણવામાં આવ્યા. એવું ભગવાન જે દ્રવ્ય છે, એકલી પર્યાય નહિ.. આહાહા..! એક પર્યાયે સ્વદ્રવ્યને જાણ્યું અને લોકાલોકને જાણ્યું એ એકલી પર્યાય નહિ, પર્યાય તો અહીં વ્યક્ત છે તો એનાથી દ્રવ્ય અવ્યક્ત છે. આહાહા..! સમજાય છે કાંઈ? ઓહો..! સંતોએ તો ગજબ કામ કર્યા છે! દિગંબર મુનિઓએ.. આહાહા..! કેવળીના વિરહ ભુલાવે એવી એમની વાણી છે. આહા..! અંદરમાં ચોંટ લાગી જાય. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં તો પુસ્તકમાં સપ્તમ કહ્યું છે, એ પુસ્તકનું દૃષ્ટાંત આપ્યું. એમ મારે કહેવું છે. ભાઈ! આ સપ્તમ થઈ જાય છે એનો ખુલાસો કર્યો છે, એણે આ દૃષ્ટાંત આપ્યો છે. હવે તમારે કેટલી નિંદા, કોની કરવી છે? બંડીજી! સમજ્યા? અહીં તો નામ આવ્યું છે ને, આમાં.. આ પુસ્તક છપાણું એમાં નામ આવ્યું છે. નામ આવ્યું પણ પુસ્તક કોનું છે? ઈ એમાં આવ્યું છે એટલે જરી (વિરોધ કર્યો છે). સમજ્યા ને? પહેલા પાને આવ્યું ને? પૂજ્યશ્રી કાનજીસ્વામી ગ્રંથમાળા પુષ્પ-૧. એટલે જાણે અહીંનું પુસ્તક છે. ભાવનગરવાળાએ ૮૦૦૦૦ કાઢ્યા છે ને? 'હીરાલાલજી' આવ્યા છે? નથી આવ્યા? આ બેઠા. આ 'હીરાલાલજી' છે. ઉદ્‌ઘાટન વખતે ૮૦૦૦૦ એણે આપ્યા છે. સત્ સાહિત્ય. અને બીજા દોઢેક લાખ હશે અને હમણાં એક લાખ આવ્યા છે. 'શાંતિભાઈ' છે કે નહિ? ક્યાં ગયા? એ 'શાંતિભાઈ ઝવેરી' છે. એણે હમણાં એક લાખ આપ્યા. એંસી હજાર એણે, એક લાખ બીજા એમ કરીને અઢી લાખ થઈ ગયા. સાહિત્ય સસ્તુ કરવું. 'હીરાલાલજી' છે ને? 'હીરાલાલજી' મૌન છે, મુંગા જેવા છે. બહુ ઉદાર છે. અને રુચિ પણ છે. અહીં નામ આવ્યું ને? પૂજ્યશ્રી કાનજીસ્વામી ગ્રંથમાળા પુષ્પ-૧. જાણે અહીંનું પુસ્તક છે. પણ આ તો પુસ્તક છાપવામાં પહેલું છે. અહીંનું પુસ્તક ક્યાં છે? ઈ નામ આવ્યું ને. પણ માથે લખ્યું છે- 'શ્રી ક્ષુલ્લક ધર્મદાસજી વિરચીત'. એ તો પાછા ભૂલી ગયા.

મુમુક્ષુ :- કષાય કામ કરે છે, મહારાજ!

ઉત્તર :- એ તો કરે છે. ભગવાન! એવો આરોપ કરવામાં નુકસાન છે, ભાઈ! આહાહા..! 'ક્ષુલ્લક ધર્મદાસજી વિરચિત' એમાં લખ્યું છે. માથે લખ્યું છે. છાપવામાં માથે

લખ્યું છે. ભાઈએ ભાવનગર તરફથી પહેલું છપાવ્યું. એ મૂળ તો 'હીરાલાલજી' તરફથી છે. 'શ્રી ક્ષુલ્લક ધર્મદાસજી વિરચિત'. 'કાનજીસ્વામી વિરચિત' છે? આહાહા..! અરે..! ભગવાન! શરીરનું નામ છે 'કાનજીસ્વામી', આત્મા ક્યાં છે કાનજીસ્વામી? આહાહા..! અહીં તો એટલું બતાવવું હતું કે આ સપ્તમ થઈ જાય છે એમનું કહેલું દૃષ્ટાંત છે, એની તમારે કેટલી નિંદા કરવી છે? ભાઈ! છ દ્રવ્યસ્વરૂપ લોક.. આહાહા..! લોકાલોક. છ દ્રવ્યમાં લોકાલોક, અનંત સિદ્ધો, લાખો કેવળીઓ, વર્તમાન તીર્થંકરો બધા જ્ઞેયમાં આવે છે. એ જ્ઞાનમાં વ્યક્ત છે, તેનાથી ભિન્ન જ્ઞાયક આત્મા એકલો છે. એ પરજ્ઞેય તરીકે છે, સ્વજ્ઞેય તરીકે જ્ઞાયક ભિન્ન છે. આહાહા..! જોયું છે પુસ્તક? જોયું નથી? જોયું છે? (સંવત) ૧૯૭૮માં ઈ વાંચ્યું છે. 'બોટાદ'માં નદી પાસે એકલા જતા હતા. ૧૯૭૮માં વાંચ્યું હતું. ૫૪ વર્ષ થયા. કેટલાકની જિંદગી નહિ હોય. અરે..! ભગવાન! આ તો પૂર્વના સંસ્કાર હતા અને અંદર ભૂલ થઈ ગઈ અને અહીંયા આવી ગયા. અંદરમાં આ વાત આવી. વાત તો એવી છે, ભાઈ! શું કરીએ? આહાહા..!

અહીં તો એ બતાવવું છે, છ દ્રવ્યસ્વરૂપ, શું કહે છે આ? અનંતા સિદ્ધો, અનંતા નિગોદના જીવો, કેવળીઓ, તીર્થંકરો એ તો આ જ્ઞાયકભાવના પરજ્ઞેય તરીકે છે. આહાહા..! સ્વજ્ઞેય તો જ્ઞાયક ભિન્ન રહ્યો. તેથી કહ્યું ને? જ્ઞેય તે વ્યક્ત છે. વ્યક્ત એટલે એ બાહ્ય ચીજ છે. આહાહા..! સમજાય છે કાંઈ? કેટલી ગંભીરતા 'અમૃતચંદ્રાચાર્ય'ની, કેટલી ગંભીરતા 'કુંદકુંદાચાર્ય'ની! એમાંથી સપ્તમ એણે કાઢ્યું. એણે દૃષ્ટાંત આપ્યું એમાં ચોંટ્યા અને એ દૃષ્ટાંત વળી અહીંયાં કહ્યું. અરે..! ભગવાન! બાપુ! તું આમ ન કર, ભાઈ! આહા..!

છ દ્રવ્યસ્વરૂપ લોક જ્ઞેય છે, વ્યક્ત એટલે બીજી ચીજ છે. તેનાથી ભિન્ન છે એમ લેવું છે ને? વ્યક્ત એટલે છ દ્રવ્યસ્વરૂપ લોક ભિન્ન બીજી ચીજ છે. આહાહા..! અને તેનાથી જીવ અન્ય છે. એ બીજી ચીજ છ દ્રવ્યથી (અન્ય છે). એ બધી બીજી ચીજ છે. કેવળી, સિદ્ધો આદિ બીજી ચીજ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ વાંચનારાઓએ લખી લેવું અને ધ્યાનમાં રાખવું. પુસ્તકમાં (છે) ૧૯૪૬માં છપાયું છે. એમની હયાતીમાં એમણે છાપ્યું છે. નામ-ઠામ બધું અંદર છે. એણે પોતાની હાજરીમાં છપાવ્યું છે. ૧૯૪૮માં દેહ છૂટી ગયો.

મુમુક્ષુ :- પોતપોતાના મંદિરોના શાસ્ત્રભંડારમાં ગોતે તો મળી જાય એવું છે.

ઉત્તર :- બધે ઠેકાણે છે. છે ને બધે ઠેકાણે છે. જૂની પ્રત છે, આ નવી પણ ઘણી છે. આ ૪૦ વર્ષ પહેલા નવી આવી ને. એ પણ ઘણાં ભંડારમાં છે. આહાહા..! અરે..! પ્રભુ! આ શું કરે છે?

એક બાઈને લોઢાના ભુકા મૂકી લોઢાના. પરદેશની હતી તો આ દેશની ઓલી હતી. એના મા-બાપ પરદેશના હતા. એટલે આ પરદેશની છે એમ કરીને લગાવો. લોઢાનો ઢગલો કરીને અગ્નિ લગાવો. બાઈ કહે છે, અરે.. પ્રભુ! આ શું કરે છે એની એને ખબર નથી. પ્રભુ! એની દયા કરજો. આહાહા..! એ દાખલો આવે છે. 'મોતીબાઈ' કોઈ છે. નામ-ઠામ કાંઈ બધું યાદ રહે નહિ. યાદ છે? 'હિંમતભાઈ'. એક બાઈ છે, ગુજરી ગઈ. હતી દેશની પણ એ

બાઈનું પીયર પરદેશમાં. એટલે આ લોકો જાણે કે એના ગામની છે અને આપણા દેશની વિરોધી છે. એમ કરીને સળગાવી. લોઢાનો ભુક્કો કરી ભડ ભડ (અગ્નિ સળગાવી). એટલું બોલી, પ્રભુ! આ શું કરે છે, એની એને ખબર નથી. પ્રભુ! એની દયા કરજે. આહાહા..! એ આત્મા છે. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- સમજાણું નહિ.

ઉત્તર :- સમજાણું નહિ? ન્યાય ન આવ્યો. એક બાઈ હતી. પરદેશની હતી. નામ ભૂલી ગયા. દેશસેવા કરનારી બાઈ. બાઈ નથી સમજતા? દેશની સેવા કરનારી હતી, પણ દેશના માણસોએ એને એવી કલ્પી કે એના પીયરની હતી તો એ જ દેશની છે માટે આપણા દેશની વિરોધી છે. લોઢાનો ભુક્કો કરી ગ્યાસતેલ છાંટીને સળગાવી. માથે બેસાડી. બાઈને માથે બેસાડી દીધી. બાઈ એટલું બોલી, પ્રભુ! આ શું કરે છે? અમારા અભિપ્રાયની એને ખબર નથી. પ્રભુ! એની દયા કરજે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયાં તો આ કહે છે, એણે સપ્તમ લીધું, એણે દૃષ્ટાંત આપ્યું એને અહીંનું ખતવીને પંથ ભ્રષ્ટ છે, એ પંથ ભ્રષ્ટને ખંજરથી કાપી નાખો, એમ આવ્યું છે ને? છાપામાં આવ્યું છે. અરે..! ભગવાન! એ દૃષ્ટાંતમાં સિદ્ધાંત સિદ્ધ કરવો હતો. સમજાય છે કાંઈ? દૃષ્ટાંત છે તેમ કરો એ વાત જ નથી. સમજાય છે કાંઈ? આહા..! પહેલા બોલનો અર્થ કર્યો.

(અહીંયાં) ૮૨ ગાથા. '**આગે ફિર મૂઢકે લક્ષણ કહતે હૈં :-**'

**૮૨) तरुणउ बूढउ रूयडउ सूरउ पंडिउ दिव्वु।**
**खवणउ वंदउ सेवडउ मूढउ मण्णइ सव्वु।।८२।।**

**અન્વયાર્થ :- 'મૈં જવાન હૂં, બુઢ્ઢા હૂં,...'** અરે..! ઘરડું તો શરીર છે. તું ઘરડો છો? તું તો આનંદકંદ છો. આહાહા..! નિત્યાનંદ સહજાનંદ પ્રભુ તું છો ને! આહાહા..! સહજાનંદની મૂર્તિ પ્રભુ છે. તું એમ માને છો કે હું ઘરડો છું. '**રૂપવાન હૂં,...**' છે ને? રૂપવાન છું. મારું રૂપ સારું છે. ભગવાન! આ તો શરીર જડ છે, એને રૂપવાન તું શું કહે છે? આહા..! તારું રૂપ તો આનંદનું છે ને. આ રૂપવાન તારે ક્યાંથી આવ્યું? '**શૂરવીર હૂં,...**' હું મોટો ક્ષત્રિય છું, શૂરવીર છું. ક્યાંથી આવ્યું? ભગવાન! તને આવી મૂઢતા ક્યાંથી થઈ? હું શૂરવીર છું. '**પંડિત હૂં,...**' લ્યો. ભણવાથી હું પંડિત થઈ ગયો. પંડિત તો પર્યાયમાં બધું જણાયું, તારું દ્રવ્ય ક્યાં એવું છે? સમજાય છે કાંઈ? ક્ષયોપશમથી કોઈ જાણવાની પર્યાય થઈ, એ તો પર્યાયમાં થયું, તારું દ્રવ્ય ક્યાં એમાં આવ્યું છે? દ્રવ્ય એવું ક્યાં છે? આહાહા..!

મુમુક્ષુ :- ઘણું ભણ્યો એટલે તો પંડિત થયો...

ઉત્તર :- ઘણું ભણ્યો. પંડિત (કહેવાય છે) એ પર્યાયબુદ્ધિ છે એમ કહે છે. પંડિત છે એ પર્યાયબુદ્ધિ છે. તેને દ્રવ્યબુદ્ધિનો અભાવ છે. સમજાય છે કાંઈ? આહાહા..! અહીં તો બેય લેશે.

'**પંડિત હૂં, સબમેં શ્રેષ્ઠ હૂં,...**' પ્રમુખ છું, રાજા છું, બધાથી શ્રેષ્ઠ છું. મારી જેવી

પુણ્યની સંપદા બીજાની નથી. અરે..! પ્રભુ! પુણ્ય એ તારી ચીજ નથી તો તું સર્વશ્રેષ્ઠ ક્યાંથી થઈ ગયો? હું '**દિગંબર હૂં,...**'

મુમુક્ષુ :- આ વાત તો સાચી છે.

ઉત્તર :- દિગંબર નામ સંપ્રદાય એ દિગંબર આત્મા છે? દિગંબરમાં જન્મ્યો એટલે હું દિગંબર છું, મિથ્યા અભિમાન છે. છે? લખ્યું છે કે નહિ? આહાહા..!

મુમુક્ષુ :- દિગંબર નથી?

ઉત્તર :- હું દિગંબર છું. આત્મા દિગંબર છે? શરીરથી ભિન્ન છે. દિગંબર કુળમાં જન્મ્યા માટે દિગંબર થઈ ગયા? ઈ દિગંબર છે? દિગંબર તો ભગવાનઆત્મા, જેમાં વિકલ્પની લાગણી નથી, ઈચ્છાની વૃત્તિનો અભાવ છે, એવો ભાવ તો દિગંબર ચૈતન્યદ્રવ્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ તો શ્વેતાંબર, દિગંબર સંપ્રદાયનું અભિમાન થયું. હું દિંગબર છું. શું દિગંબર? આત્મા દિગંબર કેવો?

પછી '**वन्दकः**' '**બૌદ્ધમતકા આચાર્ય હૂં,...**' બધું લીધું છે. '**ઔર મૈં શ્વેતાંબર હૂં,...**' લ્યો, ઈ આવ્યું છે. 'યોગીન્દ્રદેવ' વખતે શ્વેતાંબર હતા ને. '**મૈં શ્વેતાંબર ઈત્યાદિ સબ શરીરકે ભેદોંકો...**' એ તો શરીરના ભેદ છે. આહાહા..! 'ઈન્દ્રલાલજી' કહેતા ને, દિગંબરમાં જન્મ્યા ઈ તો બધા ભેદજ્ઞાની જ છે. આહાહા..! ઠીક! હવે એણે વ્રત ચારિત્ર લેવા. અરે..! ભગવાન! પ્રભુ! એ સંપ્રદાયમાં જન્મ લીધો માટે થઈ જાય છે? આહા..! આવા સાચા ધર્મમાં, કુળમાં અવતાર (જન્મ) પણ અનંતવાર લીધો છે અને ભગવાનના સમવસરણમાં ભગવાનને દેવ માનીને પૂજા પણ અનંતવાર કરી છે. આહાહા..! એનાથી શું ધર્મ થયો? એ રૂપ આત્મા થયો? આહાહા..! ઈ કહેશે.

'**મૈં શ્વેતાંબર ઈત્યાદિ સબ શરીરકે ભેદોંકો મૂર્ખ અપના માનતા હૈ. આહાહા..! યે ભેદ જીવકે નહીં હૈ.**' જુઓ! દિગંબર ને શ્વેતાંબર ને બૌદ્ધ ને એ બધા જીવના ભેદ નથી, એ બહારના ભેદ છે, જીવનું સ્વરૂપ નથી. જીવ તો એનાથી ભિન્ન જ્ઞાયકતત્ત્વ છે, ઈ કહેશે.

**ભાવાર્થ :-** '**યહાં પર યહ હૈ કિ, યદ્યપિ વ્યવહારનયકર યે સબ તરુણ...**' જુવાન '**વૃદ્ધાદિ શરીરકે ભેદ આત્માકે કહે જાતે હૈં,..**' બોલવામાં આવે છે. '**તો ભી નિશ્ચયનયકર...**' યથાર્થ દૃષ્ટિથી વસ્તુને જોઈએ તો '**વીતરાગ સહજાનંદ એક સ્વભાવ...**' લ્યો, આવ્યું. જુઓ! એ તો લખ્યું છે. પાઠમાં એક છે ઈ અહીં લખ્યું છે, પહેલામાં નહોતું લખ્યું. બે ઠેકાણે નથી લખ્યું, અહીં લખ્યું છે. અહીં તો લખ્યું છે. '**નિશ્ચયનયકર વીતરાગ સહજાનંદ...**' પહેલા નિત્યાનંદ આવ્યું હતું, પછી સદા આનંદ આવ્યું હતું હવે સહજાનંદ આવ્યું. ભગવાનઆત્મા નિત્યાનંદ પ્રભુ છે. આહાહા..! સદાનંદ છે, સદા આનંદસ્વરૂપ પ્રભુ ભગવાન તો છે. આહાહા..! અહીં સહજાનંદ (આવ્યું). પેલા સ્વામીનારાયણના સહજાનંદ ઈ હશે આ? ન્યાં સહજાનંદનું એને પોતાને ભાન કે દિ' હતું? બ્રહ્મચારી તરીકે બિચારા હતા. આહાહા..!

અહીંયાં તો નિજ નિશ્ચય વીતરાગ સહજાનંદ. સહજ આનંદ. સ્વભાવિક આનંદ, એમ

કહેવું છે. ભગવાનઆત્મા સ્વભાવિક આનંદ, સહજાનંદ, નિત્યાનંદ, પરમાનંદ એ આત્માનું સ્વરૂપ છે. આહાહા..! એક ક્ષણિક પર્યાયનો આનંદ પણ નહિ, અહીંયાં તો ત્રિકાળી આનંદ લેવો છે. સમજાય છે કાંઈ? આહાહા..! વીતરાગ સહજાનંદ એક સ્વભાવ જે પરમાત્મા. કોણ? પોતાનો આત્મા, હોં! પરમાત્મા એટલે બીજા પરમાત્મા નહિ. આહાહા..! અરે..! બાહ્યના સુંદર (રૂપાદિના) આકર્ષણમાં પોતાને ભૂલી જાય છે. પણ અંદર કોણ ચીજ છે? સમજાય છે કાંઈ? તેને ભૂલીને રાગના પ્રેમમાં સુંદરતામાં ખેંચાઈ જાય છે. ભ્રમ છે અજ્ઞાનીનો. આહાહા..! સમજાય છે કાંઈ?

જ્ઞાની પણ વિષય સેવે છે ને? અરે..! સાંભળ તો ખરો, પ્રભુ! એ રાગ આવે છે અને કોઈ અપેક્ષાએ એ છૂટતો નથી તો એને દુઃખરૂપ જાણીને એમાં જોડાય જાય છે. સમજાય છે કાંઈ? દુઃખ છે, દુઃખ છે, બીજો કોઈ ઉપાય રહ્યો નહિ તો એ છૂટતો નથી તો રાગમાં આવી જાય છે. રુચિ નથી. એમાં સુખબુદ્ધિ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ દૃષ્ટાંત આપ્યું છે ને? પાંચ-સાત બહેનપણીઓ માથે પાણીનું બેડુ લઈને ચાલતી હોય, વાત કરતી હોય પણ એની દૃષ્ટિ ત્યાં છે. પડી ન જાય. હાથ નથી લગાડતી. હાથ આમ છૂટા રાખીને વાતચીત કરે, પણ નજર ત્યાં છે. એમ જ્ઞાનીની નજર ચાહે રાગમાં આવે પણ નજર તો જ્ઞાયક ઉપર છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**નિશ્ચયનયકર વીતરાગ સહજાનંદ એક સ્વભાવ જો પરમાત્મા ઉસસે ભિન્ન હૈં.**' શું? ચીજ. તરુણ ને વૃદ્ધ ને મૂર્ખ ને પંડિત ને દિગંબર ને શ્વેતાંબર એ બધા શરીરના ભેદ છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**યે તરુણાદિ વિભાવપર્યાય કર્મકે ઉદયકર ઉત્પન્ન હુએ હૈં...**' જુઓ! '**ઈસલિયે ત્યાગને યોગ્ય હૈં,...**' આહાહા..! એ પંડિતાઈ-બંડિતાઈનું અભિમાન છોડવું. આહાહા..! પરલક્ષી જ્ઞાન જે થયું એનું અભિમાન એ તો મિથ્યાત્વ છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ મૂર્ખાઈ છે, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? થોડા પાંચ-પચાસ શાસ્ત્ર આવડી ગયા, મોઢે કરી લીધા, પાંચ-દસ હજાર, પચીસ હજાર શ્લોક કંઠસ્થ કરી લીધા.. એ શું છે? એ કંઈ આત્માની ચીજ છે? આહાહા..! તો પરલક્ષી ક્ષયોપશમ છે. એ હું છું એમ માનનારો મૂર્ખ છે, એમ અહીં કહે છે. પંડિતમાં લીધું ને? પંડિતમાં. એ પંડિત. આહાહા..!

મુમુક્ષુ :- પચાસ શાસ્ત્ર થોડા કહેવાય, બે હજાર શાસ્ત્ર..

ઉત્તર :- બે હજાર શાસ્ત્ર હોય તોપણ શું થયું? લાખ શાસ્ત્ર (ભણે). કરોડ પૂર્વનું આયુષ્ય હોય તો લાખ શાસ્ત્ર ભણે, એમાં શું? અગિયાર અંગ નવ પૂર્વ પણ ભણ્યો. એ તો પરલક્ષી છે, એ જ્ઞાન નહિ, એ તો અજ્ઞાન છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**ત્યાગને યોગ્ય હૈ તો ભી ઉનકો સાક્ષાત્ ઉપાદેયરૂપ નિજ શુદ્ધાત્મ તત્ત્વમેં જો જો લગાતા હૈ,..**' આહાહા..! એ ત્યાગ કરીને પોતાનો શુદ્ધ ઉપાદેયરૂપ નિજાત્મા છે એમાં તત્ત્વની દૃષ્ટિ પોતાની લગાવે છે અર્થાત્ આત્માના માને છે. આહાહા..! બધાને છોડીને પોતાની દૃષ્ટિ ભગવાન ત્રિલોકનાથને માને છે. અર્થાત્ માન્યતાના કાળમાં એ ત્રિલોકનાથ

ઉપાદેય થયો, એ આત્મા આદરણીય છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**સાક્ષાત્ ઉપાદેયરૂપ નિજ શુદ્ધાત્મ તત્ત્વમેં જો લગાતા હૈ...**' શું કહે છે? આત્મામાં અંદર દૃષ્ટિ લગાવે છે. બધાને ત્યાગીને. પણ ત્યાગીને ક્યારે થયો? એ પરના અભિમાનનો ત્યાગ થયો તો થયું શું? કે પોતાની દૃષ્ટિ ભગવાનઆત્મામાં લગાવી દીધી. ધારણામાં રહ્યું એટલું નહિ. એમ કહે છે. સમજાય છે કાંઈ? આત્મા શુદ્ધ છે ને અભેદ છે ને વીતરાગ છે, એમ નહિ. એમ કહે છે. દૃષ્ટિ લગાવી દેવી. આહાહા..! વસ્તુની દૃષ્ટિ, એ દૃષ્ટિ ત્યાં દ્રવ્ય ઉપર લગાવી દેવી. ધ્રુવ ઉપર દૃષ્ટિને લગાવી દેવી. ત્યારે એ રાગાદિનો ત્યાગ કહેવામાં આવે છે. આહાહા..! અહીં ગ્રહણ થયું તો પરનો ત્યાગ થયો એમ કહેવામાં આવે છે. પરનો યથાર્થ ત્યાગ ક્યારે થાય છે? કે સ્વનું ગ્રહણ (થાય ત્યારે). ત્રિલોકનાથ પરમાત્મા નિજ સ્વરૂપ.. આહાહા..! પરમાત્મસ્વરૂપ ઉપર દૃષ્ટિ લગાવે ત્યારે તે ઉપાદેય થયો, ત્યારે રાગાદિનો ત્યાગ થયો. સમજાય છે કાંઈ? આહા..! શું કહે છે? એ પંડિતાઈ ને તરુણનું અભિમાન ક્યારે છૂટે? ક્યારે ત્યાજ્ય થાય? કે ગ્રહણ કરવાની ચીજમાં દૃષ્ટિ લગાવી દીધી હોય, દૃષ્ટિ લગાવી દીધી. ત્રિલોકનાથ સ્વભાવનો આશ્રય લઈ લીધો. સન્મુખ થઈને ઉપાદેય માન્યું ત્યારે પરનો ત્યાગ યથાર્થ કહેવાય છે. રાગ આદિનો ત્યાગ. આહાહા..!

'**વહ અજ્ઞાની જીવ બડાઈ, પ્રતિષ્ઠા...**' પોતાની બડાઈ જ્યાં ત્યાં ફેંકે કે મેં આમ કર્યું ને આમ કર્યું ને આમ કર્યું. પોતાની પ્રતિષ્ઠા થઈ. બડાઈની વાત બહારમાં કરે. '**ધનકા લાભ...**' પૈસાનો લાભ થાય. પાંચ-પચાસ લાખ, કરોડ-બે કરોડ થાય એટલે ઓહોહો..! ધૂળમાંય નથી. અજ્ઞાની '**ઈત્યાદિ વિભાવ પરિણામોંકે આધીન હોકર...**' આહાહા..! '**પરમાત્માકી ભાવનાસે રહિત હુઆ મૂઢાત્મા હૈ,...**' આહાહા..! પરમાત્માની ભાવના નામ અંતર એકાગ્રતા. તેનાથી '**રહિત હુઆ મૂઢાત્મા હૈ, વહ જીવકે હી ભાવ માનતા હૈ.**' એ જીવના ભાવ છે એમ માને છે. ક્યા ભાવ? આ પંડિતાઈ ને તરુણાઈ ને પૈસાનો લાભ. એ બધો જીવને લાભ થયો એમ મૂઢ આત્મા માને છે. સમજાય છે કાંઈ? અમે ગરીબ હતા, મા-બાપે કોઈ છોડ દીધો નહીં. અને અમે બાહુબળે કમાણા. અમારા બળથી કમાણા. છાપામાં બહુ આવે. ફલાણું આમ કર્યું ને પછી ઉદ્યોગપતિ થયા અને પછી આમ થયું ને તેમ થયું. ધૂળેય નથી. એવી બડાઈ છોડી, એ જીવમાં નથી એમ માને છે. જીવના ભાવ નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

अथ –

**८३) जणणी जणणु वि कंत घरु पत्तु वि मित्तु वि दव्वु।**
**माया-जालु वि अप्पणउ मूढउ मण्णइ सव्वु।।८३।।**

**जननी जननः अपि कान्ता गृहं पुत्रोऽपि मित्रमपि द्रव्यम्।**
**मायाजालमपि आत्मीयं मूढः मन्यते सर्वम्।।८३।।**

जणणी जणणु वि कंत घरु पुत्तु वि मित्तु वि दव्वु जननी माता जननः पितापि कान्ता भार्या गृहं पुत्रोऽपि मित्रमपि द्रव्यं सुवर्णादि यत्तत्सर्वं मायाजालु वि अप्पणउ मूढउ मण्णइ सव्वु मायाजालमप्यसत्यमपि कृत्रिममपि आत्मीयं स्वकीयं मन्यते। कोऽसौ। मूढो मूढात्मा। कतिसंख्योपेतमपि। सर्वमपीति। अयमत्र भावार्थः। जनन्यादिकं परस्वरूपमपि शुद्धात्मनो भिन्नमपि हेयस्याशेषनारकादिदुःखस्य कारणत्वाद्धेयमपि साक्षादुपादेयभूतानाकुलत्वलक्षण-पारमार्थिक-सौख्यादभिन्ने वीतरागपरमानन्दैकस्वभावे शुद्धात्मतत्त्वे योजयति। स कः। मनोवचनकायव्यापारपरिणतः स्वशुद्धात्मद्रव्यभावनाशून्यो मूढात्मेति।।८३।।

---

आगे फिर भी कहते हैं –

**गाथा – ८३**

अन्वयार्थ :– [ जननी ] माता, [ जननः ] पिता [ अपि ] और [ कान्ता ] स्त्री [ गृहं ] घर [ पुत्रः अपि ] और बेटा, बेटी [ मित्रमपि ] मित्र वगैरह सब कुटुम्बीजन बहिन, भानजी, नाना, मामा, भाई, बंधु और [ द्रव्यं ] रत्न, माणिक, मोती, सुवर्ण, चांदी, धन, धान्य, द्विपदवांदी धाय, नौकर, चौपाये–गाय, बैल, घोड़ी, ऊँट, हाथी, रथ, पालकी, बहली, ये [ सर्व ] सर्व [ मायाजालमपि ] असत्य हैं, कर्मजनित हैं, तो भी [ मूढः ] अज्ञानी जीव [ आत्मीयं ] अपने [मन्यते ] मानता है।

भावार्थ :– ये माता पिता आदि सब कुटुम्बीजन परस्वरूप भी हैं, सब स्वार्थके हैं, शुद्धात्मासे भिन्न भी हैं शरीर संबंधी हैं, हेयरूप संसारीक नारकादि दुःखोंके कारण होनेसे त्याज्य भी हैं, उनको जो जीव साक्षात् उपादेयरूप अनाकुलतास्वरूप परमार्थिक सुखसे अभिन्न वीतराग परमानंदरूप एकस्वभाववाले शुद्धात्मद्रव्यमें लगाता है, अर्थात अपने मानता है, वह मन, वचन, कायरूप परिणत हुआ शुद्ध अपने आत्मद्रव्यकी भावनासे शून्य (रहित) मूढात्मा है, ऐसा जानो, अर्थात् अतीन्द्रियसुखरूप आत्मामें परवस्तुका क्या प्रयोजन है। जो परवस्तुको अपना मानता है, वही मूर्ख हैं।।८३।।

---

હવે (ફરી પણ મૂઢાત્માનું લક્ષણ કહે છે) :

ભાવાર્થ :- મન-વચન-કાયના વ્યાપારમાં પરિણમેલો, સ્વશુદ્ધાત્મદ્રવ્યની ભાવનાથી શૂન્ય એવો મૂઢાત્મા માતા આદિ પરસ્વરૂપ છે,શુદ્ધ આત્માથી ભિન્ન છે, હેય એવા સમસ્ત નારકાદિ દુઃખનાં કારણ હોવાથી હેય છે તોપણ, તેમને સાક્ષાત્ ઉપાદેયભૂત અને અનાકુળતા જેનું લક્ષણ છે એવા પારમાર્થિક સૌખ્યથી અભિન્ન, વીતરાગપરમાનંદ જ જેનો એક સ્વભાવ છે એવા શુદ્ધાત્મતત્ત્વમાં યોજે છે (-જોડે છે.) અહીં આ ભાવાર્થ છે. ૮૩.

## વીર સંવત ૨૫૦૨, શ્રાવણ વદ ૭, સોમવાર
## તા. ૧૬-૦૮-૧૯૭૬, ગાથા-૮૩, ૮૪ પ્રવચન નં. ૬૪

'**मूढउ मण्णइ**' પોતે માને છે કે આ મારા પિતા છે. પિતા કેવા? આ તો માયાજાળ છે. ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, પોતાથી ભિન્ન કર્મજન્ય.. કહેશે, પાંચ બોલ કહેશે. '**પિતા ઔર...**' '**कान्ता**' આ મારી સ્ત્રી છે. આહા..! બતાવે તો આમ સ્ત્રી રાજી રાજી થઈ જાય. મૂઢ છે. સ્ત્રી કોની? આહાહા..! અર્ધાંગના છે. અર્ધું અંગ મારું અને અર્ધું અંગ એનું. આ માયાજાળને નિજાત્મા સાથે યોજે છે-જોડે છે, માને છે એ મિથ્યાદષ્ટિ મૂઢ છે. સમજાય છે કાંઈ? આ મારી સ્ત્રી છે. આ મારું '**ઘર,...**' આ મારું મકાન છે, મારું મકાન છે. એક ગલીમાં સો મકાન હોય, ગલીમાં જાય તો સોએ મકાન ખરેખર તો દેખવા-જાણવા લાયક છે, જ્ઞાનનો વિષય છે, પણ જ્યાં ઘર આવ્યું, આ મારું. ઈ ક્યાંથી આવ્યું?

મુમુક્ષુ :- નામ લખ્યું હોય.

ઉત્તર :- નામ લખ્યું હોય તોય શું? નામેય ક્યાં પોતાનું છે? આહાહા..! કહો, સમજાય છે કાંઈ? આ ઘર મારું. સો ઘર ગલીમાં છે તો સોએ ઘર જાણવાલાયક છે, એમાં આ મારું, ક્યાંથી આવ્યું? પચાસ છોકરા ઊભા હોય, એ પચાસ છોકરા જાણવાલાયક છે કે આ છે, એમાં આ મારો દીકરો એમ ક્યાંથી આવ્યું? એમ પચાસ સ્ત્રી આમ સળંગ હોય, જણાય કે આ છે, એમાં આ મારી સ્ત્રી એમ ક્યાંથી આવ્યું? સમજાય છે કાંઈ? શેઠ! છ-છ લાખના મકાન. શેઠ રહે છે ઈ છ લાખનું મકાન છે. હમણાં 'સાગર' ગયા ત્યારે ત્યાં ઉતર્યા હતા ને. આ મકાન (મારું). વળી બધી સામગ્રી ... બીડીના સાધન.. શું બધા? સૂંઘવાના ને ફલાણા, ઢીકણા બધું પડ્યું હોય. નહિ? અરે..અરે..! આ માયાજાળ. મસાણમાં હાડકા હોય ને? એ હાડકામાંથી ફાસફૂસ થાય છે. શું કહેવાય? ફોસ્ફરસ. એમ આ બધી મસાણના હાડકાની ફાસફૂસ છે. આહાહા..! ભગવાન! તારી ચીજમાં ઈ ક્યાં છે? કહેશે, પાંચ બોલ કહેશે.

'**ઔર બેટા, બેટી...**' આ મારો પુત્ર છે. બહુ કમાય ને, બે લાખ, પાંચ લાખ, દસ લાખ. દીકરો કમાઉ જાગ્યો છે, કર્મી જાગ્યો છે. કર્મી થયો છે. કર્મને કરનારો પાપી. કર્મી થયો મારો બેટો. આ મારી દીકરી છે. સારા ઘરે વરાવી, ઠેકાણે પાડી. લગ્નમાં બે લાખ દહેજ.. શું કહેવાય ઈ? દહેજમાં બે લાખ આપ્યા. ક્યાં પૈસા તારા છે? કન્યા ક્યાં તારી છે? એ બધી જગતની ચીજ છે. આવી વાત છે, ભગવાન! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, એની સાથે આ વસ્તુ નથી એને જોડે, યોજે એ બહિરાત્મા છે. આહાહા..! મિથ્યાદષ્ટિના લક્ષણ જુઓને કેવા છે.

'**मित्र...**' આ મારો મિત્ર છે. અમારા કુટુંબીજન છે. અમારી નાતના. શું કહે છે? જાતિ. આ અમારી જાતના, નાતના છે. દરબાર! આ અમારા ગરાસિયા છે બધા. મૂઢ છે.

ક્યાંથી લાવ્યો? એ ચીજ તારામાં ક્યાં છે? એ તો જગતની ચીજ છે. જગતની માયાજાળ છે. માયાજાળ તારી ક્યાંથી થઈ ગઈ? આહાહા..! એમાં પાંચ, પચાસ લાખની પેદાશ હોય. પેદાશ, હોં! મુડી પાંચ-પચાસ લાખ તો સાધારણ છે. પેદાશ હોય, પચાસ લાખ, કરોડ, બે કરોડ. આહાહા..! આ પૈસા મારા, આ વ્યવસ્થા કરનાર હું, પિતાજી પાસે તો કાંઈ નહોતું, અમે આ બાહુબળથી આ બધું હોંશિયારીથી પેદા કર્યું. મૂઢ છો. સમજાય છે કાંઈ? એ.. 'પોપટભાઈ'! ન્યાં 'વઢવાણ'માં આ બધું હતુ કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને માટે તો આ કહેવાય છે, ભગવાન! ભગવાન એમ કહે છે, ભગવાન! એ તારી ચીજ નહિ અને તું આ શું માને છો? અને શું કરે છો? પરચીજ મારી માનીને ચોર થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! એનો બહુ વિસ્તાર કરશે.

'**કુટુંબીજન, બહિન,...**' આ મારી બહેન છે અને દીવાનમાં વરાવી છે, રાજકુટુંબમાં વરાવી છે. વરાવી કહે છે ને? લગ્ન.. લગ્ન. લગ્ન કર્યા છે. અરે..! શું છે? ભગવાન! કોની બહેન? શું છે? '**ભાનજી...**' અંદર લીધું ને? અમારા બેનની દીકરી છે, ભાણી છે. અને સારા ઘરે (વરાવી છે ત્યાં) પાંચ કરોડ, દસ કરોડ રૂપિયા છે. શું છે પણ? રૂપિયા તો ધૂળ છે. જડ છે.

મુમુક્ષુ :- અહીં હા પાડે છે.

ઉત્તર :- અહીં તો હા પાડે છે, બહાર... એમ કહે છે, અહીં હા પાડે છે, બહાર (જાય ત્યાં મારું મારું કરે છે). સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! ભગવાન!

અહીં લ્યો ને, ગુરુ કહે કે મારો શિષ્ય છે. ભગવાન! પર શિષ્ય ક્યાંથી આવ્યું? તારો ક્યાંથી આવ્યું? સમજાય છે કાંઈ? અમે ઘણાં ચેલા-ચેલી બનાવ્યા. ચેલા-ચેલી તારા ક્યાંથી થયા? એ તો પરચીજ છે. આહાહા..!

મુમુક્ષુ :- ગુરુને તો ગુરુ માનવા જ પડે.

ઉત્તર :- એ ગુરુ મળ્યા માનવા એ યથાર્થ નથી. પરચીજ છે, તારી ક્યાંથી થઈ? વ્યવહારથી કહેવામાં આવે છે. એ તો નિમિત્તનું કથન છે. આહાહા..! ત્રણલોકના નાથ પણ આ આત્માના નહિ. આહાહા..! આવી વાત છે, બાપા! આ તો દિગંબર ધર્મ (છે). નાગા બાદશાહથી આઘા. ઓહોહો..! પ્રભુ! તું કોણ છો? તું કોણ છો અને કેવો છો એની તને ખબર નથી. જે તારામાં નથી, પર છે તેને પોતાના માનીને મૂઢ થઈ ગયો. ભાઈ! તારી દૃષ્ટિ વિપરીત છે. તારા આત્માનો તેં બગાડ કર્યો. આહાહા..! સમજાય છે કાંઈ?

'**ભાનજી, નાના,...**' માતાના પિતા. માતાના પિતાને નાના કહે છે ને? આ મારા નાના છે. મારી માંના પિતાજી છે. કોણ તારી માં ને પિતા કોણ છે? માયાજાળ છે. '**મામા,...**' છે. આ મારા મામા છે. રાજી થાય. પૈસાવાળો હોય ને, ગરીબ-બરીબ હોય તો મામા કહેવામાં શરમ આવે. સાધારણ ઘર હોય અને પોતે કાંઈક ઠીક હોય, કુટુંબ ઠીક હોય, મામા ગરીબ થઈ જાય તો મામા કહેવામાં શરમ આવે. પૈસાવાળા હોય તો કહે, આ મારા

મામા છે. શું છે પણ હવે? મામા કેવા? ગરીબ કેવા ને તવંગર કેવા? એ ચીજ જ ક્યાં આત્માની છે? આ મારો '**ભાઈ,...**' છે. લ્યો, આ મારો ભાઈ છે, '**બંધુ...**' છે. આ મારા '**રત્ન, માણિક,...**' છે. '**રત્ન, માણિક, મોતી...**' છે. લ્યો, વીંટીમાં નથી કરતા? હમણાં એ હીરો આવ્યો હતો ને? મેં કીધું, આ હીરા નાખતા ક્યાં હશે? એક જણે બતાવ્યું કે આ વીંટીમાં નાખીએ છીએ. એ વીંટી બતાવી. બેનને વધાવ્યા એમાં ઝીણા હીરા નહોતા? હેઠે કોક બાઈ ઊભી હતી. ઝીણા, ઝીણા, નહિ? અગિયાર હજારના હતા ને? અગિયાર હજારના હીરા. આહાહા..! ક્યાં વીંટી, ક્યાં જડ, ક્યાં હીરા. પ્રભુ!

મુમુક્ષુ :- વીંટી પહેરી હોય તો રૂપાળો કેવો લાગે.

ઉત્તર :- રૂપાળો કોણ? આ તો મડદું છે. આહાહા..! શાસ્ત્રમાં આવ્યું છે ને? નહિ? ઠાઠડી.. ઠાઠડી સમજ્યા? નનામી કહે છે? નનામી ઉપર શણગાર કરવા જેવા છે. આ તો નનામી છે. ઈ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે. સમજાય છે કાંઈ? નનામી કહે છે? ઠાઠડી.. ઠાઠડી. ઉપાડે ને? ઠાઠડી. એને ફૂલ ને દાગીના હીરા નાખો. શું છે? એમ આ ઠાઠડી છે. મડદું જડ છે.

મુમુક્ષુ :- ઈ વખતે તો કાઢી લે.

ઉત્તર :- તરત કાઢી લે. પણ આ તો જરી શોભા કરે ને. એ કરે. એક તો શેઠ હતા. પેટ મોટું હતું. મોટું પેટ. મોટા શેઠ હતા, 'દામનગર'ના 'જેઠાલાલ' શેઠ. પેટ મોટું હતું તો પેટમાં આમ વળ હતા, વળ. એમાં વીંટી ગરી ગયેલી અંદર, નીકળે નહિ. પેટ સમજ્યા ને? પેટમાં વળ, અંદર વીંટી ગરી ગયેલી. બીજાને ખબર નહિ, મરી ગયા પછી ખેંચીને કાઢી લીધી. ચોરે. ચોર એટલે બીજો કોઈ અજાણ્યો. આહાહા..! ક્યાં વીંટી, ક્યાં શરીર? ભગવાન! તું ક્યાં? તું ક્યાં રોકાઈ ગયો? રસ્તે ચાલતા જે ચીજ દેખાણી ઈ મારી. આહાહા..! રસ્તે ચાલતા ચાલતા જે મળ્યું એ મારું, આ મારું, આ મારી. એમ ગતિ કરતો કરતો ચાલ્યો જાય છે, એમાં આ મારું, આ મારું ક્યાંથી આવ્યું તારે? આહાહા..! સમજાય છે કાંઈ?

એ '**માણિક, મોતી, સુવર્ણ,...**' લ્યો, સોનું.. સોનું. '**ચાંદી, ધન, ધાન્ય,...**' અમારી પાસે આટલી લક્ષ્મી છે, આટલું ધાન કોઠામાં પડ્યું છે. ઘઉંના, બાજરીના પચાસ-સો કોઠા ભર્યા છે. આ તમાકુના ગોદામ ભર્યા છે. શેઠને ગોદામ છે. સમજાય છે કાંઈ? શું કહ્યું? '**ધાન્ય, દ્વિપદવાંદી,...**' બે પગવાળા માણસ હોય ને? નોકર.. નોકર. અમારે આટલા નોકર છે. ૫૦૦ નોકરથી કારખાનામાં કામ ચલાવીએ છીએ. પાંચ લાખનો ખર્ચ છે અને પેદાશ દસ લાખની છે. અચ્છા! આ અમારે છે ને? ક્યાં ગયા 'મલૂકચંદભાઈ'? બેઠા છે ને. એનો દીકરો છે ને? ત્યાં પાંચ કરોડ રૂપિયા. 'મુંબઈ.. મુંબઈ'. 'મુંબઈ'માં. 'મલૂકચંદભાઈ'નો દીકરો વચલો છે. મોટો 'સ્વીટઝર્લેન્ડ'માં છે. એક દીકરી છે, પરણાવી દીધી. ચાર કરોડ રૂપિયા, પણ મમતાનો પાર નથી, મૂકતો નથી ધંધો. શું છે કાંઈ ખબર પડતી નથી.

મુમુક્ષુ :- આપને તો ખબર પડી ગઈ.

ઉત્તર :- અરર..ર..! આની પાસે પાંચ કરોડ અને ઓલું થાય છે, શું કહેવાય? બ્લડ પ્રેશર. પાંચ કરોડ રૂપિયા. શું કહેવાય? ચશ્માનું? કારખાનું. ઘડિયાલનું. ભૂલી જવાય છે, ભાઈ! ઘડિયાલનું કારખાનું. અંદર લઈ ગયા તો કેટલાય નોકર ને ઘડિયાલ કેટલી! કેટલા સોનાના ચડે છે. ઘડિયાલ ઉપર સોનાના ગિલેટ. કેટલા તોલા? કાંઈક કીધું. આટલું સોનું ચડે છે. એક માણસ (રાખ્યો હતો). પોતે જાય અંદરથી. આમ ચાલે. પેલા બધા દેખે કે શેઠસાહેબ આવ્યા, શેઠસાહેબ આવ્યા. શેના શેઠ? શું છે આ તે? ભ્રમણા માયાજાળ ભૂતાવળમાં ક્યાં પેસી ગયો?

મુમુક્ષુ :- એ તો પૈસાનો સ્વાદ જેણે લીધો હોય એને ખબર પડે.

ઉત્તર :- ઈ તો કીધું હતું એણે. એક ફેરી 'અમદાવાદ'માં કહ્યું હતું. મારા પિતાજીએ ક્યાં પૈસાનો સ્વાદ ભાળ્યો છે. આ 'મલૂકચંદભાઈ' એના પિતાજી. અમે પૈસાના સ્વાદ ભાળ્યા છે, અમને ખબર છે પૈસામાં શું છે. ધૂળેય નથી. મરી જવાના, ક્યાંય ચાલ્યા જવાના. આહાહા..!

મુમુક્ષુ :- હાલ્યા જાય ત્યાં સુધી તો ભોગવી લે.

ઉત્તર :- અરે..! ક્યાં ભોગવે? કોને ભોગવે? એ ભોગવે છે રાગને. પરને ભોગવે છે? પરને ભોગવી શકે છે? આહાહા..! એ તો દુઃખને ભોગવે છે. રાગને ભોગવે છે, રાગ તો દુઃખ છે. આહા..!

'**દ્વિપદવાંદી,...**' બાંદી? શું કહે છે? દાસી. બાંદી, દાસી. આ મારી દાસી છે. અમારે સો દાસી છે. '**ધાય,...**' ધાયમાતા. શેઠિયાઓ ધાયમાતા રાખે ને? આ અમારી ધાયમાતા છે. '**નૌકર, ચૌપાયે...**' હાથી, ઘોડા. આટલી અમારે ગાય છે, આટલી ભેંસ છે. હાથી, ઘોડા છે. આહાહા..! આટલી ગાય છે. '**બૈલ,...**' અમારા બળદ છે. આ બળદ અમારા છે. આ અમારો ઘોડો છે. '**ઘોડી, ઊંટ...**' અમારા છે. '**હાથી, રથ, પાલકી, બહલી...**' બહલી એટલે? બેલગાડી? બેલગાડી. '**પાલકી, બહલી, યે સર્વ અસત્ય હૈ,...**' જુઓ, ભાષા! માયાજાળનો અર્થ શું કર્યો? '**યે સર્વ અસત્ય હૈ,...**' તારી ચીજ નહિ. તારું સત્ નહિ. આહાહા..! '**કર્મજનિત હૈં,..**' એ તો કર્મના નિમિત્તે ઉત્પન્ન થયેલી જંજાળ છે, તારી ચીજ ક્યાં છે? આહાહા..! '**તો ભી...**' '**મૂઢ઼:**' '**અજ્ઞાની જીવ અપને માનતા હૈ.**' આહાહા..! હવે પાંચ બોલ લેશે.

**ભાવાર્થ :- 'યે માતા પિતા આદિ કુટુંબી પૈસો, લક્ષ્મી, ઘર-મકાન, કુટુંબીજન પરસ્વરૂપ ભી હૈં,...**' જેટલા બોલ કહ્યા એ પરસ્વરૂપ તો છે જ. એક વાત. '**સબ સ્વાર્થકે હૈં,...**'

મુમુક્ષુ :- મુદ્દાની વાત છે.

ઉત્તર :- હા, મુદ્દાની વાત છે. એ બધી ધૂતારાની ટોળી મળી છે. 'નિયમસાર'માં એમ લખ્યું છે. માતા, પિતા, કુટુંબ એકબીજાને.. આજીવિકા માટે પેટભરા.. પેટભરા સ્વાર્થની

ટોળી મળી છે. 'નિયમસાર'માં છે, 'નિયમસાર' કળશમાં છે. આહાહા..! બધા સ્વાર્થી છે. એક તો બધી વાત કરી એ પરસ્વરૂપ છે, બીજું, બધા સ્વાર્થી છે. આહાહા..! છ મહિના કે બાર મહિના (રોગ લંબાયો હોય). જુવાન છોકરો હોય. એક જુવાન હતો. 'મુંબઈ'નું પાણી લાગ્યું હતું. જુવાન પરણેલો. એના દીકરાને દીકરો હતો. એની વહુ નાની. પછી તો રોગ બહુ ચાલ્યો ને રાત્રે જાગવું પડે ને. ક્યારે મરી ગયા ખબર ન હોય તો બહારમાં શું કહેવું? તણાણું વિશેષ. મહિનો, બે મહિના રાત્રે જાગવું પડે. મરતા.. મરતા.. મરતા.. અહીં આવીને કહે, મહારાજ! આ બિચારો દુઃખી બહુ થાય છે. બહુ દુઃખી છે એનો અર્થ ઈ હવે છૂટી જાય તો ઠીક. અમે છૂટીએ. નક્કી તો થઈ ગયું હોય કે આ બચવાનો તો નથી. બચવાનો નથી નક્કી થઈ ગયું હોય. હવે આજ, કાલ, આજ, કાલ, આજ, કાલ કરતાં કરતાં ચોવીસ-ચોવીસ કલાક ત્યાં હાજર રહેવું પડે. અને જો હાજર ન રહે તો (અને મરી જાય તો લોકો કહે), મરતા વખતે હાજરી નહોતી તમારી? તમે કંઈ ધ્યાન જ રાખ્યું નથી. હાય..હાય..! દરબાર! એમ દુનિયા કહે. આહાહા..! પછી તો બિચારો મરી ગયો. એની બાયડી પછી બીજે જતી રહી. વાણીયા.

અહીં કહે છે, એક તો બધા પરસ્વરૂપ છે. લક્ષ્મી, માતા, પિતા, સ્ત્રી, મકાન, સોનું, પાલખી, રથ, હાથી વગેરે સ્વાર્થના સગા છે. '**શુદ્ધાત્માસે ભિન્ન હૈં,...**' ત્રણ બોલ આવ્યા. ક્યા ત્રણ? એક તો ભગવાનઆત્માથી એ ચીજ ભિન્ન છે, પરસ્વરૂપ છે અને બધા સ્વાર્થના સગા છે. આહાહા..! અને ત્રીજું, શુદ્ધાત્માથી ભિન્ન છે. '**શરીર સંબંધી હૈં,...**' આત્મા સંબંધી કોઈ ચીજ નથી. એ તો શરીરસંબંધી છે. શરીરને ઓળખે છે. આત્માને જોયો છે ક્યાં એણે? આ મારો દીકરો, આ મારો બાપ, આ મારી બાયડી એ તો શરીરને જ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ત્રણ બોલ આવ્યા. બધા પરસ્વરૂપ છે, બધા સ્વાર્થી છે, શુદ્ધાત્માથી ભિન્ન છે અને શરીર સંબંધી છે-ચાર બોલ આવ્યા. આહાહા..! હવે પાંચમો બોલ.

આ બધા '**હેયરૂપ સંસારીક નારકાદિ દુઃખોંકે કારણ હોનેસે...**' નરક અને ઢોર ગતિના એ બધા કારણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? વાત તો જુઓને આચાર્ય (કરે છે)! પરમાત્મપ્રકાશ આત્મા છે ને! એ પરમાત્મા તો પર્યાયથી પણ ભિન્ન ચિદાનંદ અખંડ આનંદકંદ છે. એમ અનુભવમાં સમ્યગ્દર્શનમાં આવવું જોઈએ, કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ સિવાય કોઈપણ ચીજ મારી છે એમ લગાવી દે, આત્મા સાથે જોડી દે તો મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. ચાહે તો સાધુ હોય, દિગંબર નામ ધરાવતો હોય, પણ એ રાગ અને શરીરની ક્રિયા મારી છે અને એના સંબંધી મારા છે, એ બધા મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! ઔર '**દુઃખોંકે કારણ હોનેસે ત્યાજ્ય ભી હૈં,...**' લ્યો, પાંચમો બોલ આવ્યો. ત્યાજ્ય છે-બધું છોડવા લાયક છે. પોતાની ચીજ નથી. આહાહા..!

'**ઉનકો જો જીવ સાક્ષાત્...**' હવે કહે છે, '**સાક્ષાત્ ઉપાદેયરૂપ અનાકુલતાસ્વરૂપ પરમાર્થિક સુખસે અભિન્ન વીતરાગ પરમાનંદરૂપ એક સ્વભાવવાલા શુદ્ધાત્મદ્રવ્ય...**' આહાહા..! ભગવાનઆત્મા કેવો છે? '**સાક્ષાત્ ઉપાદેયરૂપ...**' પ્રત્યક્ષ આદર કરવાલાયક.

આહાહા..! અને '**અનાકુલતાસ્વરૂપ...**' આનંદસ્વરૂપ ભગવાનઆત્મા (છે). આહા..! અતીન્દ્રિય આનંદસ્વરૂપ '**પારમાર્થિક સુખસે અભિન્ન...**' ભગવાનઆત્મા. ખરેખર તો સુખથી પરમાત્મા પોતાથી અભિન્ન છે. આહાહા..! અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ, અતીન્દ્રિય આનંદથી અભિન્ન છે. આહાહા..! આ ભિન્ન છે તો અતીન્દ્રિય આનંદથી પ્રભુ અભિન્ન છે. આહાહા..!

'**વીતરાગ પરમાનંદરૂપ...**' કેવો છે ભગવાનઆત્મા? કેટલા વિશેષણ આપ્યા? સાક્ષાત્ ઉપાદેયરૂપ, અનાકુળતાસ્વરૂપ, પારમાર્થિક સુખથી અભિન્ન, વીતરાગ પરમાનંદરૂપ એકસ્વભાવવાળો. એકસ્વભાવ ત્રિકાળ જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક.. આનંદ.. આનંદ.. આનંદ.. આનંદ.. શુદ્ધતાની સદશતાના સ્વભાવનો પિંડ પ્રભુ. સદશ, હોં! છે.. છે.. છે.. પર્યાય પણ નહિ અહીં તો. આહાહા..! સમજાય છે કાંઈ? અતીન્દ્રિય આનંદના માખણનો પિંડ પ્રભુ તો છે. આહાહા..! અરે..! એનો પ્રેમ છોડીને જગતની ચીજમાં પ્રેમ કરે છે, પ્રભુ કહે છે, મૂઢ છે, ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ?

કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને માને તો મિથ્યાત્વ. આ તો પરને પોતાના માનવા એ મિથ્યાત્વ છે. આહા..! સમજાય છે કાંઈ? શરીરની ઇન્દ્રિયો સુંદર, નમણાઈ હોય તો એ તો જડની પર્યાય છે, પ્રભુ! આહા..! એ તો પરમાણુની દશા છે, માટીની દશા છે. એ તો તારાથી તો ભિન્ન છે. તો હું રૂપાળો છું અને સુંદર છું, પ્રભુ! એ ક્યાંથી લાવ્યો? આહાહા..! તારું રૂપ તો વીતરાગ પરમાનંદ છે ને! આહાહા..! કહો, 'શીખરચંદજી'! આવી વાતું છે, ભગવાન! આહાહા..!

મુમુક્ષુ :- આવું જાણ્યું ન હોય તો?

ઉત્તર :- ખબર ક્યાં છે માણસને? એમ ને એમ અનાદિથી મૂઢપણે ચાલ્યો જાય છે. સાધુ થઈને પણ આ શરીરની ક્રિયા મેં કરી, આ દયાના ભાવ મેં કર્યા, પરની દયા મેં પાળી. કાલે એક લેખ આવ્યો છે, ભાઈ! 'અમરચંદજી'નો. કાલે વાંચ્યો હતો. ભગવાને જગહિતાય, જગના સુખ માટે બધી વાત કરી છે. જગતને સુખ આપો. જગતનું હિત કરો. અરે..! કોણ કરે? એકલો વ્યવહાર નાખ્યો છે, ભાઈ! મોટો લેખ છે, 'જૈનપ્રકાશ'માં. એનો 'અમરચંદજી' મોટો કવિ કહેવાય છે. 'આગ્રા.. આગ્રા.' એય..! 'અમરચંદજી'ને ઓળખો છો? સ્થાનકવાસી. તમે નહિ ઓળખતા હો. 'આગ્રા' નહિ તમારું? 'વિદિશા'. 'આગ્રા'માં કોણ છે? 'પદમચંદજી'. 'આગ્રા'વાળું કોઈ નથી? એ 'આગ્રા'ના ત્યાં છે. સ્થાનકવાસીનું 'અમરચંદજી' ત્યાં રહે છે. હમણાં વિરાયતન 'રાજગૃહી'માં પચીસ-પચાસ લાખ ખર્ચીને (રહે છે). એનો લેખ કાલે 'જૈનપ્રકાશ'માં આવ્યો છે. પણ એકલું પરને સુખ દેવું ને પરનું હિત કરવું એ જ માણસનું કર્તવ્ય છે. અરે..! ધૂળેય કરી શકે નહિ, પ્રભુ! આ તું શું કરે છે? કોણ પરને સુખ આપે? સુખ તો એની પાસે છે. એ પાસે છે ત્યાં જાય તો સુખ મળે. તું સુખ આપી શકે છે? અને બહારના સંયોગો આપી શકે છે કે જેથી એ સુખી થાય? સુખી એ તો કલ્પનાનું સુખ છે. એ તો દુઃખ છે. આહાહા..! બહુ લખાણ આખું, એવું ઝેર જેવું

લખાણ છે. અને મોટામાં મોટો એનો કહેવાય 'અમરચંદજી'. એના ગુરુ માંદા હતા તો રેલમાં બેસીને ગયા હતા. મુહપત્તિ સહિત. અરે..! સાધુને આ? રેલમાં બેસવું ને આ. આહાહા..! સાધુ તો પગપાળા ચાલે. એવી ચીજ છે, ભાઈ! આહાહા..! વસ્ત્રનો ટુકડો ન હોય. માતાએ જન્મ્યો હોય એવો હોય. એવો શાસ્ત્રમાં પાઠ છે. જહાજાયા. જન્મ્યા પ્રમાણે રૂપ ભાખ્યું. પાઠમાં છે. પ્રવચનસાર. ત્રણલોકના નાથે મુનિને જન્મ્યા પ્રમાણે રૂપ ભાખ્યું. જેવો એકલો ખાલી જન્મ્યો હતો એવું એનું શરીર હોય છે. આહાહા..! ધન્ય અવતાર! ચારિત્ર દશા. એ અલૌકિક રમણતા, એની દશા.. આહાહા..! એકલી નગ્ન દશા નહિ, હોં! અંદર વિકલ્પથી રહિત નિર્વિકલ્પાનંદ આનંદના નાથનો અનુભવ કરીને અતીન્દ્રિય આનંદમાં મશગુલ રહે છે. મુનીની દશા નગ્ન થઈ જાય છે. કરતા નથી, થઈ જાય છે. આહાહા..! ધન્ય ચારિત્ર આરાધન! ભાઈ! આહાહા..! એ મુનિના દર્શન પણ ક્યાં છે? સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે, ભગવાનઆત્મા એકસ્વભાવવાળો શુદ્ધાત્મદ્રવ્ય (છે). એમાં આ સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મી, સોનું આદિ લગાવે છે, યોજે છે, આ અમારું છે, અમારું છે, અમારું છે. સમજાય છે કાંઈ? '**અર્થાત્ અપને માનતા હૈ,...**' પાઠમાં છે ને એટલે માનતા હૈ લીધું. ટીકામાં યોજતી છે. યોજતી-જોડે. પોતામાં જે ચીજ નથી એને જોડે. મારી છે, મારી છે, મારી છે. આહાહા..! આ મિથ્યાદૃષ્ટિના લક્ષણ. ભલે જૈન હોય, સંપ્રદાયમાં જન્મ્યો હોય. આહાહા..! સમજાય છે કાંઈ?

ત્રણલોકનો નાથ શુદ્ધાનંદ ચિદાનંદ પ્રભુ, એનાથી એ ચીજ ભિન્ન છે, સ્વાર્થથી સહિત છે, પરસ્વરૂપ છે, શરીરસંબંધી છે, દુઃખના કારણ છે. નિમિત્ત. આહાહા..! તેને પોતાના સ્વરૂપમાં લગાવે છે. '**વહ મન, વચન, કાયરૂપ પરિણત હુઆ...**' આહાહા..! મન, વચન ને કાયારૂપ પરિણત થયો થકો. મારું, મારું, મારું, મારું.. મારું.. ક્ષેત્ર મારું, પાદર મારું, મારી ઊપજ પાંચ લાખની છે. આહાહા..! આપણે મોટો છે ને. 'ખુરઈ' 'ઋષભકુમાર' કૃષિપંડિત છે. સરકાર તરફથી. કરોડો રૂપિયા. કૃષિ તે કેટલી જમીન.. ઓહોહો..! આપણા વાણિયા છે. અહીં આવી ગયા છે. એની સ્ત્રી તો મહિનો મહિનો રહી ગઈ છે. આપણને કંઈ ખબર ન હોય.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- 'ખુરઈ' ઠીક. 'ઋષભકુમાર'. ત્યાં એના ઘરે ઉતર્યા હતા. પછી ત્યાં બહાર એક મકાન (હતું). મકાન મોટા બાદશાહ જેવા. કેટલાય મકાન, કેટલીય ખેતી. દસ-દસ લાખ રૂપિયાની તો એક એક ઉપજ. ઘઉંના દસ લાખ, ફલાણાના દસ લાખ. મોટો ખેડૂત. સરકારે કૃષિ પંડિતની એને ઉપમા આપી છે. કૃષિ-ખેડૂનો પંડિત. ખેતરના પંડિત. મારા.. મારા.. મારા.. મોટા મકાન. ઘરના મંદિર બનાવ્યા છે. મોટા બે લાખ, પાંચ લાખના. ઘરના મંદિર. ગૃહસ્થ માણસ. આહા..! બાપુ! ઈ કાંઈ નથી, ભાઈ! એ તારી ચીજ ક્યાં છે. આહા..! માણસને પણ એમાં રસ-પોરો ચડી જાય. અમારી આટલી ઊપજ છે. પચાસ લાખની, કરોડની. અરે..! બાપુ! તું કોણ? ભાઈ! તારી પેદાશ અંતરમાં થાય કે બહારમાં? આહાહા..! કાં વિકારની પેદાશ થાય કાં નિર્મળદશાની પેદાશ થાય. એ સિવાય કોઈ ચીજ

તારામાં નથી. આહાહા..! મિથ્યાદષ્ટિને મિથ્યાત્વ અને રાગ-દ્વેષની પેદાશ થાય છે. સમ્યગ્દષ્ટિને આનંદ અને શાંતિની પેદાશ થાય છે. પેદાશ કહે છે? કમાઈ. આહાહા..!

ત્રણલોકનો નાથ આનંદનો કંદ પ્રભુ છો ને! એમાં જા ને, ત્યાં જા ને. આહાહા..! એની સમીપ ત્યાં જા ને. આ મારું છે, એમ સમીપતા છોડી દે ને. સમજાય છે કાંઈ? નજીક ચીજ આવે તો કહે, મારી છે. પણ આ નજીક છે તું, એ મારી છે, એને કેમ છોડી દીધી? બહાર ક્ષેત્રથી નજીક આવી તો કહે, મારી છે. અને અંદરમાં ભાવ તો તારામાં નજીક પડ્યો છે. આહાહા..!

આ શરીર નજીક છે, માયાનો પિંડ. ખરેખર તો આ રજકણ છે એ એકવાર વીંછીના ડંખપણે હતા. વીછીનો ડંખ. એ પણે આ પરમાણુ હતા. એ પરમાણુ આજે અહીં આવ્યા છે. છે શું? આહાહા..! શું સમજ્યા? આ શરીરના રજકણ છે એ એકવાર વીંછીના ડંખપણે પરિણમ્યા હતા. એ પરમાણુ અત્યારે આ શરીરપણે આવ્યા છે. અનંતવાર એ પરમાણુ વીંછીના ડંખપણે થઈ ગયા છે. આહાહા..! સર્પના ઝેરપણે આ પરમાણુ અનંતવાર થઈ ગયા છે. એ અત્યારે અહીં આ પર્યાયમાં આવ્યા છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! ત્યાં ઘર છે ને? કેટલા સો ઘર છે? 'ખુરઈ' વધારે હશે. ૪૦૦? સભા મોટી હતી. બહારમાં મોટી સભા ભરાતી. શેઠ સાથે આવતા. પોતે બેસતા બહાર વ્યાખ્યાનમાં. સભા ઘણી ભરાતી. એની સ્ત્રીને પ્રેમ ઘણો છે. એની સ્ત્રી છે ને બહેનને. આ તો છે, પણ શેઠાઈમાં. દીકરો નથી, નાના ભાઈનો દીકરો લીધો છે, દત્તક લીધો છે. ખબર છે ને. બધા આવ્યા હતા. આહાહા..! અરે..! કોના દીકરો ને કોણ દત્તક? પ્રભુ! તારી વસ્તુ તો તારી પાસે તારા ખોળામાં છે ને! આહાહા..! તારા ભંડારમાં પ્રભુ! અતીન્દ્રિય આનંદ ભર્યો છે, ત્યાં શોધને! આહાહા..! જ્યાં તું નથી ત્યાં કેમ શોધે છે? સોનાની ખાણ હોય, તે છોડીને ધૂળની ખાણ ખોદે. અહીં તો સોનાની ખાણ પડી છે ને, પ્રભુ! આહાહા..! તું તો આનંદકંદ પ્રભુ શાંતિના રસ (સ્વરૂપ છો). એમાં એકવાર રુચિ તો કર. સમજાય છે કાંઈ?

પોતાની ચીજ સિવાય સર્વ ચીજની એકવાર રુચિ છોડ. આહાહા..! એમ નહિ કરીને આ મારી ચીજ છે, એમ '**મન-વચન-કાયારૂપ પરિણત હુઆ શુદ્ધ અપને આત્મદ્રવ્યકી ભાવનાસે શૂન્ય...**' આહાહા..! ભગવાન વીતરાગસ્વરૂપ આનંદમૂર્તિની ભાવના નામ સન્મુખતાની એકાગ્રતા હોવી જોઈએ, તેને છોડીને આ ભાવનાથી શૂન્ય અને આ ભાવનાથી સહિત. આહાહા..! પોતાના આનંદસ્વભાવની ભાવનાથી શૂન્ય અને જે પોતાની ચીજ નથી તેની ભાવનાથી ભરપૂર. આહાહા..! ભાવના કરી શકે. એ ચીજ ક્યાં એની પાસે આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? લ્યો, 'ચીમનભાઈ'! આ તમારા કારખાના-ફારખાના ને આ બધું.. આ મારું કારખાનું, લ્યો! 'જોરાવરનગર'માં લોઢાનું મોટું કારખાનું છે.

મુમુક્ષુ :- કહેવાય તો ખરું ને?

ઉત્તર :- કહેવાય. કોના હતા? ધૂળના? આહાહા..! લોઢાનું છે, નહિ? ન્યાં ગયા હતા. સ્ટીલ-સ્ટીલ. ન્યાં ગયા હતા. સ્ટીલનું શું.. કાંઈ. પ્યાલા કે કાંઈ કીધું હતું. લઈ જાવ,

અમારે અહીં કામ નથી. આહાહા..!

અહીં પ્રભુ! તું ક્યાં છો? ત્યાંની ભાવનાથી શૂન્ય થઈને, જે ચીજ તારી નથી, એ ચીજની ભાવનાથી ભરપૂર થઈ ગયો? આહા..! અહીંથી ખાલી, અહીંથી ભરપુર. આહાહા..! ધર્માત્મા પરની ભાવનાથી શૂન્ય થઈને પોતાના જ્ઞાતા-દ્રષ્ટાની ભાવનાથી ભરપુર છે. આહાહા..! જુઓ! આ વીતરાગનો માર્ગ, ભાઈ! આહા..!

'**મૂઢાત્મા હૈ, ઐસા જાનો, અર્થાત્ અતીન્દ્રિયસુખરૂપ આત્મામેં પરવસ્તુકા ક્યા પ્રયોજન હૈ.**' આહાહા..! શું કહે છે? ભગવાન અતીન્દ્રિય સુખસ્વરૂપ આત્મા. એ આત્માના સુખની પ્રાપ્તિમાં પરવસ્તુની શું પ્રયોજન છે? શરીર, વાણી, મન, દેવ, ગુરુ, શાસ્ત્ર કોઈ પરવસ્તુનું એમાં પ્રયોજન શું છે? એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? જુઓને! ટીકાકારે પણ ટીકા કેવી કરી છે! અતીન્દ્રિયસુખરૂપ આત્મા. આહાહા..! હયાતી એની અતીન્દ્રિય આનંદથી ભરપુર ભગવાન પડ્યો છે. આહાહા..! એ તારું નિધાન છે, એ તારી ચીજ, એ તું છો. આહાહા..! એવા આત્મામાં '**પરવસ્તુકા ક્યા પ્રયોજન હૈ.**' આહાહા..! શું કહે છે? કહે છે કે એ ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ છે, એને વ્યવહાર રત્નત્રયનું પણ શું પ્રયોજન છે, એમ કહે છે. એ પણ પરવસ્તુ છે. આહાહા..! સ્ત્રી હોય તો શરીરને નાગા, ભૂખ્યા ન રાખે. સ્ત્રી હોય તો ખુલ્લું હોય તો વસ્ત્રથી ઢાંકે, ભૂખ લાગી હોય તો આહાર આપે. તો સ્ત્રી કામ તો કરે. કોણ કરે? ધૂળેય નથી. સાંભળને! માળા! ભિખારાપણે આવી ભાવના કરે છે. પુત્ર એને કહીએ કે પવિત્રતા કરે. ધૂળેય કરે નહિ. શાસ્ત્રમાં પુત્રનું લખાણ આવે છે. પુત્ર એને કહીએ, વ્યવહારે લોકો એમ કહે છે, પુત્ર એને કહીએ કે બાપને પવિત્ર કરે. પવિત્ર કરતો હશે ઈ? આહાહા..! સમજાય છે કાંઈ? લૌકિક એમ માને છે, શાસ્ત્રમાં એમ છે. આહા..! ધૂળેય કરતો નથી. આ શ્રાદ્ધ બરાધ નાખે ને. શું કહે છે?

મુમુક્ષુ :- .. નરકમાંથી બચાવ્યા.

ઉત્તર :- બચાવ્યા. કાગડો થઈને એનો બાપ આવતો હશે ત્યાં? શ્રાદ્ધ નાખે છે તો એનો બાપ કાગડો થયો હશે? તારા બાપને તો તેં કાગડો ઠરાવ્યો. આ શ્રાદ્ધ નાખે ને. ખીર ને પુરી ને... હેં!

મુમુક્ષુ :- સમજાણું નહિ.

ઉત્તર :- સમજાણું નહિ? આ શ્રાદ્ધ નથી નાખતા? ખબર નથી? ભાષા તો એની એ છે તમારી. શ્રાદ્ધને દિવસે એના પિતાને રોટલી નાખે ને? ખીર, પુરી. એનો પિતા કાગડો થઈને આવ્યો છે તો નાખે છે? મૂઢને (ખબર નથી કાંઈ). કાગડો થયો છે તારો બાપ તો ઠરાવે છે? આહાહા..! કૌઆ.. કૌઆ કહે છે ને? આહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વાણિયા પણ કરે છે, મૂઢ જેવા. અમારે ત્યાં કણબીવાડમાં રહેતા તો બધા કરતા. નાની ઉંમરમાં જોતા. અમારા મામા ને બધા પૈસાવાળા હતા ને. અને દીકરા નહોતા. પૈસા ઘણા, મકાન ઘણા. ઘરના મકાન, દુકાન, મોટા ગૃહસ્થ હતા. દીકરો નહોતો તો કંઈ

કંઈ તોફાન કરે. શ્રાદ્ધ નાખે ને ઢીકણું નાખે ને આ કરે ને તે કરે ને દોરા, ધાગા (પહેરે). સાત મામા હતા. એક્કે દીકરો ન મળે, દીકરી પણ ન મળે. આખો વંશ બધો ખલાસ થઈ ગયો. પૈસાવાળા હતા. ઘણા મકાન, ઘણી દુકાન. એ બધું પાંજરાપોળમાં દઈ દીધું, મહાજનને દઈ દીધું. નિર્વંશ ખરા ને, એને કોણ રાખે બીજા? એટલે બધું પાંજરાપોળને (આપી દીધુ). મોટું ઘર. આહાહા..! પણ એ બધી ભ્રમણા.. ભ્રમણા.. ભ્રમણા.. આમ કરીએ તો થાય, આ કરીએ તો થાય. આહા..! દુનિયાની ભ્રમણામાં ભગવાન ભૂલી ગયો. ભગવાનને યાદ કરવો જોઈએ એને ઠેકાણે ભ્રમણાને યાદ કરી. આહાહા..! ત્રણલોકનો નાથ જ્ઞાતા-દૃષ્ટા જ્યાં ક્ષણે પળે અંદર ઊભો છે. આહાહા..! એ જ્ઞાતા-દૃષ્ટા પ્રભુ તું છો ને. રાગ પણ તારી વસ્તુ નથી તો આ ચીજ તારી ક્યાંથી થઈ ગઈ? રાગ પણ ક્ષણે ક્ષણે પલટો મારે છે અને તું તો ધ્રુવ રહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! આત્મા અનંત સુખનો ધણી પ્રભુ (બિરાજે છે). ભાવમાં સમજવું જોઈએ, હોં! ભાષા (નહિ). ભાષા તો ભાષાથી થાય છે, એ તો જડની છે. આહાહા..!

**'ક્યા પ્રયોજન હૈ. જો પરવસ્તુકો અપના માનતા હૈ, વહી મૂર્ખ હૈં.'**

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પદવી. સમકિતીની પદવી એ પણ એક પદવી છે અને આ મૂર્ખ પણ એક પદવી છે. પદવી ગણે છે. સમ્યગ્દર્શન એક પદ-પદવી છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ પંડિત અને પદવી. સમ્યક્‌ની પદવી (છે). એ જ પંડિત છે. બહારના પંડિત પંડિત.. પંડ્યા ફોતરા ખંડ્યા. રાગથી ધર્મ માન્યો અને પુણ્યથી ધર્મ માન્યો, એ પંડિત બધા ફોતરા (સમાન છે). ફોતરા સમજ્યા? છીલકા.. છીલકા. આહાહા..! એમ છે ને? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પહેલા અધિકારમાં છે. પંડ્યા.. પંડ્યા.. પંડ્યા.. ફોતરા ખંડ્યા. છીલકા. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે.

---

**अथ –**

**८४) दुक्खहँ कारणि जे विसय ते सुह-हेउ रमेइ।**
**मिच्छाइट्ठिउ जीवडउ इत्थु ण काइँ करेइ।।८४।।**

**दुःखस्य कारणं ये विषयाः तान् सुखहेतून् रमते।**
**मिथ्यादृष्टिः जीवः अत्र न किं करोति।।८४।।**

**दुक्खहं कारणि जे विषय ते सुहहेउ रमेइ दुःखस्य कारणं ये विषयास्तान् विषयान् सुखहेतून् मत्वा रमते। स कः। मिच्छाइट्ठिउ जीवडउ मिथ्यादृष्टिर्जीवः। इत्थु ण काइं करेइ अत्र जगति योऽसौ दुःखरूपविषयान् निश्चयनयेन सुखरूपान् मन्यते स मिथ्यादृष्टिः किमकृत्यं पापं न करोति, अपि तु सर्वं करोत्येवेति। अत्र तात्पर्यम्। मिथ्यादृष्टिर्जीवो वीतरागनिर्विकल्प-समाधिसमुत्पन्नपरमानन्दपरमसमरसीभावरूपसुखरसापेक्षया निश्चयेन दुःखरूपानपि विषयान् सुखहेतून् मत्वा अनुभवतीत्यर्थः।।८४।। एवं त्रिविधात्मप्रतिपादकप्रथममहाधिकारमध्ये 'पज्जयरत्तउ जीवडउ' इत्यादिसूत्राष्टकेन मिथ्यादृष्टिपरिणतिव्याख्यानस्थलं समाप्तम्।।**

अब और भी मूढ़का लक्षण कहते हैं –

गाथा – ८४

अन्वयार्थ :– [ दुःखस्य ] दुःखके [ कारणं ] कारण [ ये ] जो [ विषयाः ] पाँच इन्द्रियोंके विषय हैं, [ तान् ] उनको [ सुखहेतुन् ] सुखके कारण जानकर [ रमते ] रमण करता है, वह [ मिथ्यादृष्टिः जीवः ] मिथ्यादृष्टि जीव [ अत्र ] इस संसारमें [ किं न करोति ] क्या पाप नहीं करता? सभी पाप करता है, अर्थात् जीवोंकी हिंसा करता है, झूठ बोलता है, दूसरेका धन हरता है, दूसरेकी स्त्री सेवन करता है, अति तृष्णा करता है, बहुत आरंभ करता है, खेती करता है, खोटे–खोटे व्यसन करता है, जो न करनेके काम हैं उनको भी करता है।

भावार्थ :– मिथ्यादृष्टि जीव वीतराग निर्विकल्प परमसमाधिसे उत्पन्न परमानंद परमसमरसीभावरूप सुखसे पराङ्मुख हुआ निश्चयकर महा दुःखरूप विषयोंको सुखके कारण समझकर सेवन करता है, सो इनमें सुख नहीं हैं।।८४।।

હવે (ફરી પણ મૂઢાત્માઓનું લક્ષણ કહે છે) :

**ભાવાર્થ :– મિથ્યાદ્ષ્ટિ જીવ વીતરાગ નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન પરમાનંદમય પરમસમરસી ભાવરૂપ સુખરસની અપેક્ષાએ નિશ્ચયથી દુઃખરૂપ વિષયોને પણ સુખના હેતુ માનીને અનુભવે છે, એ તાત્પયાર્થ છે. ૮૪.**

## ગાથા-૮૪ ઉપર પ્રવચન

**'अब और भी मूढका लक्षण कहते हैं :–'** વિશેષ કહે છે. ૮૪ (ગાથા).

**૮૪) दुक्खहँ कारणि जे विसय ते सुह–हेउ रमेइ।**
**मिच्छाइट्ठिउ जीवडउ इत्थु ण काइँ करेइ।।८४।।**

**અન્વયાર્થ :– 'દુઃખકે કારણ જો પાંચ ઈન્દ્રિયોંકે વિષય હૈં, ઉનકો સુખકે કારણ જાનકર રમણ કરતા હૈ,..'** આહાહા..! વિષયો દુઃખના કારણ છે. પાંચેય ઈન્દ્રિયના વિષય, હોં! આહાહા..! આબરૂ સાંભળે, સ્ત્રીના વિષયમાં રમે, રૂપને દેખે, વેશ્યા આદિને અને સુગંધ ફૂલની ઝાડ પાસે બેઠો હોય, એ બધા વિષય દુઃખના કારણ છે. આહાહા..!

મુમુક્ષુ :– નિમિત્તકારણ છે.

ઉત્તર :– નિમિત્ત જ છે ને ઈ તો. ઈ ક્યાં કરાવે છે? એ તો પરમ દિ' આવ્યું ને? વિષયો કિં કરોતિ? વિષય તો અકિંચિત્કર છે. તને દુઃખની દશા ઉત્પન્ન થાય છે એમાં વિષય અકિંચિત્કર છે. દુઃખ તું ઉત્પન્ન કરે છે. સમજાય છે કાંઈ? 'પ્રવચનસાર'માં એ અધિકાર તો બહુ સરસ (આવ્યો છે). સમજાય છે કાંઈ? જ્ઞાન અધિકાર છે ને ઈ? આહાહા..! શબ્દ, રૂપ,

રસ, ગંધ, સ્પર્શ એ પરવસ્તુ છે. એ તને શું કરે? એ અકિંચિત્કર છે. તારી સુખ-દુઃખની કલ્પનામાં એ ચીજ તો અકિંચિત્કર છે. એ વિષય તને કંઈ કરતા નથી. આહાહા..! ત્યાં સુધી લીધું ને, સ્વર્ગનો દેહ પણ સુખના નિમિત્ત નથી. નિમિત્ત કહેવાય છે, પણ સુખનું કારણ નથી. આહાહા..! સ્વર્ગનો દેહ-સુંદર શરીર, જેને હજારો વર્ષે કંઠમાંથી અમૃત ઝરે. એને આ કવલાહાર નથી. આહાહા..! એ દેહ પણ તને સુખમાં નિમિત્ત નથી, દુઃખમાં નિમિત્ત છે. એ પણ દુઃખ કરાવતો નથી, દેહ સુખ કરાવતો નથી. સુખની કલ્પના-આ ઠીક છે, એવી સુખની કલ્પના દેહ કરાવતો નથી. આહાહા..! દેવના શરીર તો સુંદર છે ને. સૂર્યના તેજ જેવા શરીર હોય. આહાહા..! ચાંદડા પડે અંદર પ્રકાશ.. પ્રકાશ.. પ્રકાશ. વ્યવતંર દેવ હોય તોપણ એનું સુંદર શરીર હોય. એના રહેવાના સ્થાન વ્યંતરના-ભૂતડાના સ્થાન પણ એવા ઊંચા હોય.

વ્યંતરના (રહેવાના સ્થાન) બહુ ઊંચા હોય છે. ત્યારે આ સ્વામીનારાયણના કેટલાક કહે છે ને કે અમારા દેવ ક્યાં છે? વૈકુંઠમાં. વૈકુંઠ શું એમાંથી આવ્યા હશે. પાછા ન્યાં ગયા હોય. એને ખબર શું કે દેવ કોને કહેવાય. વૈકુંઠ જે વ્યંતરના અંદર સ્થાન હીરા માણેકથી જડેલા છે. શાશ્વત વસ્તુ. એમાં એ વ્યંતર રહેતા હોય. એટલે બીજા અજ્ઞાનીને તો એમ લાગે કે આહાહા..! આ તો પરમેશ્વરનું વૈકુંઠ સ્થાન હશે ન્યાંથી આવ્યા. અને ન્યાં જાય તો એમ માને કે વૈકુંઠમાં ગયા. ભૂતડામાં-વ્યંતરમાં ગયા છે. ખબર છે ને, બધી ખબર છે. નીચે વ્યંતરના સ્થાન છે. કેટલા ૯૨ લાખ કે એટલા છે. વ્યંતરના સ્થાન એટલા સુંદર.. સુંદર.. સુંદર.. ઈન્દ્રમણિ જેવી શાશ્વત વસ્તુ (હોય છે). અજ્ઞાનીને ભાન ન હોય તો એમ જાણે કે આહા..! આ તો વૈકુંઠ છે. વૈકુંઠ નથી, ધૂળેય નથી. સમજાય છે કાંઈ? વૈકુંઠમાંથી આવ્યા અને વૈકુંઠમાં ગયા. એટલે ભૂતમાંથી આવ્યા અને ભૂતડામાં ગયા, એનો અર્થ ઈ છે. ઝીણી વાત છે. વાત તો એવી છે, હોં! આ તો થોડી બહાર આવી. વાત તો એવી છે. આહાહા..!

અહીંયાં તો... મોક્ષમાંથી કોઈ આત્મા આવે છે? અને વળી પાછા મોક્ષમાં જાય છે એમ છે? એકવાર ચણો શેકાય ગયો ઈ ફરીને ઊગે? ઊગે નહિ. એકવાર મોક્ષ થઈ ગયો, ખલાસ થઈ ગયું. અજ્ઞાનનો નાશ કરીને જ્ઞાનાનંદની દશા જ્યાં પૂર્ણાનંદ મોક્ષ આનંદ પ્રગટ થયો તેને પછી અવતાર ન હોય. દુનિયાને દુઃખી જોઈને, ભક્તોને દુઃખી જોઈને અવતાર ધારણ કરે એમ છે નહિ. આહાહા..! લોકોની કલ્પનાના બધા ગપ્પા છે. ભક્તોની ભીડ ભાંગવા ભગવાન અવતાર ધારણ કરે અને રાક્ષસોને મારવા (આવે). કોણ ભગવાન, બાપા! તને ખબર નથી, ભાઈ! ભગવાન તો અતીન્દ્રિય આનંદના સુખમાં આનંદમાં છે. લોકાલોકને દેખે છે માટે આનંદ છે એમ નહિ, હોં!

અંતર અતીન્દ્રિય આનંદ જે પોતાની શક્તિરૂપ હતો, સ્વભાવરૂપ હતો એ પર્યાયરૂપ અતીન્દ્રિય આનંદ થઈ ગયો, બસ! એ પરમાત્મા. એને દુઃખ નથી, અવતાર નથી, જન્મ નથી, જરા નથી, શિષ્ય નથી, કોઈ નથી એને. આહાહા..! એને પરમાત્મા કહીએ અને એ પરમાત્મા થયા પછી ફરીને સંસારમાં અવતરતા નથી. આહાહા..! દુઃખના કણ તો વિષયો-

આ પાંચ ઈન્દ્રિયના વિષય. અનુકૂળ '**સુખકે કારણ જાનકર રમણ કરતા હૈ,...**' આહાહા..! જ્ઞાની પણ વિષયમાં તો આવે છે. છન્નું હજાર સ્ત્રી છે. પણ ઈ સુખનું કારણ નથી જાણતો. અંદર રાગ આવે છે, એનું સમાધાન બીજી રીતે થતું નથી એટલે અંદર રાગમાં જોડાય જાય છે. માને છે કે આ દુઃખ છે. અજ્ઞાની તો વિષયમાં સુખ માનીને રમણતા કરે છે, એમ કહેવું છે. સમજાય છે કાંઈ? છન્નું હજાર સ્ત્રી, 'ભરત' ચક્રવર્તી ક્ષાયિક સમકિતી, એ ભવે મોક્ષ જવાવાળા, એને ચોક્કસ ખબર છે. સમજાય છે કાંઈ? 'ઋષભદેવ' ભગવાન જ્યારે અષ્ટાપદ પર્વત પરથી મોક્ષ પધાર્યા તો 'ભરત' ગયા. ત્યાં ગયા. આહાહા..! પ્રભુના ભરતમાં વિરહ પડ્યા. શક્રેન્દ્ર આવ્યા ઉપરથી. ભગવાન મોક્ષ પધાર્યા છે. 'ભરત' રોવે છે. ક્ષાયિક સમકિતી છે. ઈન્દ્ર કહે છે, અરે..! 'ભરતજી'! આ શું? મને તો ખબર છે અમે પણ આ ભવે મોક્ષમાં જશું. પણ પ્રભુના વિરહમાં મને દુઃખ થાય છે. એટલો હજી મને રાગ છે. હું હજી વીતરાગ થયો નથી. 'અમરચંદભાઈ'!

ઈન્દ્ર કહે છે, અરે..! 'ભરત'! રડે છે શા માટે? તું ક્ષાયિક સમકિતી જ્ઞાની છો ને. તમે તો મોક્ષ જશો, અમારે તો હજી એક મનુષ્યનો ભવ ધારણ કરવો પડશે. પછી મોક્ષમાં જશું. તમારે તો આ દેહ છૂટશે એટલે મોક્ષ છે. બધી ખબર છે, બધી ખબર છે. પણ રાગનો ભાવ આવે છે તો આવું રૂદન થઈ જાય છે. એમ વિષયમાં પણ રાગ આવ્યો એને દુઃખ માને છે. કાળો નાગ જેમ દેખે એમ રાગ જોવે છે. સુખબુદ્ધિ નથી. અજ્ઞાનીને વિષયમાં સુખબુદ્ધિ છે. એટલો ફેર છે. આહાહા..! સમજાય છે કાંઈ? ક્રિયા તો બેયની એકસરખી દેખાય. સમકિતીની અને મિથ્યાદષ્ટિની.

મુમુક્ષુ :- માન્યતામાં ફેર છે.

ઉત્તર :- અંદર દષ્ટિમાં ફેર છે. અજ્ઞાની સુખ માને છે, જ્ઞાની દુઃખ માને છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ વીતરાગનો. આહાહા..! થોડું લખ્યું ઘણું કરીને જાણજો, એમ નથી કહેતા? એમ થોડી વાતમાં સંતો ઘણી વાત કરે છે. એક એક ગાથામાં..

દુઃખના કારણ છે તેને સુખનું કારણ જાણીને રમણ કરે છે. આહાહા..! '**મિથ્યાદષ્ટિ જીવ ઈસ સંસારમેં ક્યા ક્યા પાપ નહીં કરતા?**' એમ છે, જુઓ! '**मिथ्यादृष्टिः किमकृत्यं पापं न करोति**'. આહાહા..! મિથ્યાશ્રદ્ધા શું નહિ કરે? કંઈકમાં કંઈ (માનશે). માંસ ખાય, દારૂ પીવે ને મજા માને છે. મહા મિથ્યાદષ્ટિ. સ્ત્રી સેવન કરે અને મજા માને છે. આહાર-પાણી અનુકૂળ ખાયને મજા માને છે. શું નહિ કરે, કહે છે. આહાહા..! સારી રેશમની પથારી સૂવાની મળે તો આહાહા..! શું ધૂળ છે? એ તો રેશમ અને મસાણ બેય એકસરખા છે. સમજાય છે કાંઈ? રેશમના રેશમી ગાદલા આવે છે ને? બિસ્તર. એક એકમાં કેટલા જીવ મરી જાય. રેશમના!

મુમુક્ષુ :- ..

ઉત્તર :: ઝેર છે. રેશમી કપડા હોય છે ને? એમાં બહુ જીવ મરે છે. રેશમના કપડા ન પહેરાય. બહુ પાપ છે. આહા..! એક આટલામાં સેંકડો જીવ મરી જાય. કીડાને ઊના

પાણીમાં નાખે. એ કપડા આર્ય માણસને વાપરવા લાયક નથી. સમજાય છે કાંઈ?

અહીં કહે છે, **'મિથ્યાદષ્ટિ જીવ ઈસ સંસારમેં ક્યા ક્યા નહીં કરતા?'** આહાહા..! **'સભી પાપ કરતા હૈ, અર્થાત્ જીવોંકી હિંસા કરતા હૈ, જૂઠ બોલતા હૈ,...'** ખોટુ બોલવામાં પણ ઠેકાણા નથી. આહાહા..! **'દૂસરેકા ધન હરતા હૈ,...'** ચોરી (કરે). **'દૂસરેકી સ્ત્રી સેવન કરતા હૈ, અતિ તૃષ્ણા કરતા હૈ,...'** આહાહા..! કેટલું પાપ લાગે છે કે ક્યાં જશે એની કંઈ ખબર નથી. એટલી તૃષ્ણા.. તૃષ્ણા.. તૃષ્ણા.. અરે..! પણ તારે ક્યાં જાવું છે? અહીંયાં તો પચીસ-પચાસ વર્ષની મુદત છે, સો વર્ષની મુદત લ્યો ને. આત્મા તો ભવિષ્યમાં અનંત કાળ રહેશે. અનંત કાળ કઈ રીતે રહેશે? પાપ કરે ને એમાં રહે આત્મા? એ તો દુર્ગતિ છે. આહાહા..! આ તો પચીસ, પચાસ, સો વર્ષ દેહમાં રહેવાનું છે. ભવિષ્યમાં તો ભગવાન અનાદિઅનંત રહેવાનો છે. તો અનંતકાળ ક્યાં રહેશે? આવા પાપ કરવામાં તો પાપબુદ્ધિમાં મિથ્યાત્વમાં રહેશે. આહાહા..! સમજાય છે કાંઈ? દેહ છૂટીને જાય છે તો શું આત્માનો નાશ થાય છે? આહાહા..! ભવિષ્યમાં પ્રભુ! તારે રહેવાનું છે ને. તારે ક્યાં રહેવું છે? ભાઈ! કઈ રીતે તારે રહેવું છે? પાપ કરીને રહેવું છે? એ તો દુઃખ છે. સમજાણું કાંઈ? ભવિષ્યમાં મિથ્યાદષ્ટિપણે રહીશ તો તારે દુઃખમાં જ રહેવાનું છે. આહા..! આહાહા..!

મિથ્યાદષ્ટિ રહીને તારે જવું છે તો ભવિષ્યમાં તારે દુઃખમાં જાવાનું છે. ભવિષ્યકાળ તારે દુઃખમાં રહેવું છે? સમજાય છે કાંઈ? આહાહા..! કેટલી વૈરાગ્યની વાત કરે છે, જુઓ! ઓહોહો..! .... તને ખબર નથી. નથી એની સાથે સંબંધ કરે છે તો એ સંબંધ નહિ છોડે. ચાર ગતિના ભવ નહિ છૂટે. આહાહા..! **'બહુત આરંભ કરતા હૈ,...'** આ જિન, પ્રેસમાં કેટલા ઊના ઊના પાણી હોજમાં પડે. કાગડા, મીંદડા, દેડકા મરી જાય. વાણિયા મોટા મોટા કરોડપતિ હોય ને? મિલ બનાવે ને? મિલ. આહા..! **'બહુત આરંભ કરતા હૈ, ખેતી કરતા હૈ,...'** ખેતી કરે, ખેતી. ખેતીમાં નીચે સર્પ હોય તો.. શું કહેવાય તમારું? હળ.. હળ. હળ ચાલે તો કપાય જાય ત્યાં. આહાહા..! **'ખેતી કરતા હૈ, ખોટે-ખોટે વ્યસન કરતા હૈ, જો ન કરનેકે કામ હૈં ઉનકો ભી કરતા હૈ.'** આહાહા..! જૂઠું, ચોરી એવું પાપ કરે, જેને મિથ્યાદષ્ટિપણે દરકાર નથી કે મારું શું થશે? એવું કરે. એનો ભાવાર્થ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, શ્રાવણ વદ ૭, મંગળવાર
## તા. ૧૭-૦૮-૧૯૭૬, ગાથા-૮૪થી ૮૬, પ્રવચન નં. ૬૫

૮૪ ગાથાનો ભાવાર્થ. **'મિથ્યાદષ્ટિ...'** જેની દષ્ટિ વિપરીત છે, મિથ્યાત્વ છે, એ જીવ **'વીતરાગ નિર્વિકલ્પ પરમસમાધિસે ઉત્પન્ન પરમાનંદ પરમસમરસીભાવરૂપ સુખ...'** શું

કહે છે? આહાહા..! વીતરાગ-રાગરહિત, અંતરમાં નિર્વિકલ્પ પરમસમાધિ-શાંતિ. આત્મામાં પરમસમાધિથી ઉત્પન્ન થયેલું સુખ. પરમાનંદ પરમસમરસીસ્વભાવ. પરમસમરસી. વીતરાગી આનંદ. ભગવાનઆત્માની અંતર દૃષ્ટિથી જે વીતરાગ પરમાનંદની દશા થાય તેનાથી '**પરાન્મુખ હુઆ...**' મિથ્યાદૃષ્ટિ આવા સુખથી ઊંધો પડ્યો. શું કહ્યું? ભગવાન પરમાનંદ સમરસીસુખ એવો જે પોતાનો સ્વભાવ, એમાંથી જે આનંદ ઉત્પન્ન થાય છે, તેનાથી મિથ્યાદૃષ્ટિ વિમુખ છે. આહાહા..! આવા સુખથી વિમુખ-પરાન્મુખ થયો. '**નિશ્ચયકર મહા દુઃખરૂપ...**' આ વિષયસેવન અજ્ઞાની સુખરૂપ માનીને સેવે છે, એની આ વ્યાખ્યા છે. આહા..! એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! પાંચ ઈન્દ્રિયના વિષયમાં સુખ છે એવી માન્યતાથી સેવે છે, જે પરમાનંદ સ્વરૂપ સુખ છે તેનાથી વિપરીત એ દુઃખ છે. આહાહા..! કહો, શેઠ! આ પૈસા-ફૈસા તરફના વલણમાં દુઃખ છે, એમ કહે છે. આવી ગયું? આહાહા..!

ભગવાન નિર્વિકલ્પ આનંદસ્વરૂપ પ્રભુ, એનાથી ઉત્પન્ન થયેલું પરમસમરસી વીતરાગી આનંદ, તેનાથી વિમુખ.. આહાહા..! મિથ્યાદૃષ્ટિ જીવ પરાન્મુખ-પોતાના સુખથી પરાન્મુખ થઈને, ઊંધો પડી નિશ્ચયકર મહા દુઃખરૂપ છે. આહાહા..! સ્ત્રીના સેવનનો ભાવ છે એ દુઃખરૂપ છે. આબરૂ સાંભળીને જે રાગ થાય છે એ દુઃખરૂપ છે. આહાહા..! લક્ષ્મી આદિ પાંચ, પચાસ કરોડ, બે કરોડ, પાંચ કરોડ મળી એમાં રાજીપો વર્તે છે એ દુઃખરૂપ છે. એ વિષય દુઃખરૂપ છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ ભાવ દુઃખરૂપ છે. એમ કહેવું છે ને? એ ભાવ, પોતાના આનંદ-સુખથી વિપરીત છે. પાંચ ઈન્દ્રિયના વિષય તરફના વલણવાળા ભાવ, એ દુઃખરૂપ છે. એને અજ્ઞાની સુખરૂપ માનીને સેવે છે. એ મિથ્યાદૃષ્ટિ છે, એને જૈનની ખબર નથી. આહાહા..! એને જૈનધર્મ શું છે, એની ખબર નથી. આહાહા..!

જૈન એટલે આત્મા વીતરાગમૂર્તિ પ્રભુ, એમાં જે અતીન્દ્રિય આનંદ છે, એ અતીન્દ્રિય આનંદનું, મિથ્યા ભ્રાંતિને છેદીને અતીન્દ્રિય આનંદ ઉત્પન્ન કરવો અને એનું વેદન કરવું એ જૈનધર્મ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**નિશ્ચયકર મહા દુઃખરૂપ વિષયોંકો સુખકા કારણ સમઝકર...**' એ શબ્દ છે ને? આહા..! '**સુખકા કારણ સમઝકર...**' આહાહા..! શબ્દ સાંભળે એમાં રાજી થાય છે. પોતાની પ્રશંસા, આબરૂ, પૈસા ઉપર લક્ષ જાય છે, વિષયભોગમાં લક્ષ જાય છે, એ બધી દુઃખરૂપ દશા છે. આહાહા..! બહારમાં એમ કહે, પૈસા છે, ઠીક છે, .... સુખી છીએ. ધૂળમાંય સુખી નથી. અજ્ઞાની પાગલ માને છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- દુનિયા તેને પાગલ નથી કહેતી.

ઉત્તર :- દુનિયા પાગલ છે, તો પાગલને પાગલ ન કહે. એને તો સારો કહે. પાગલમાં મોટો હોય તો એને મોટો પાગલ કહે. એ.. 'પોપટભાઈ'! મોટો પાગલ! એની પાસે બે કરોડ રૂપિયા છે. મોટા પાગલ હશે? આહાહા..! અહીં તો પરમાનંદ પ્રભુ અતીન્દ્રિય સુખરસથી

ભરેલો આત્મા, એની દૃષ્ટિ કરીને જે સુખ ઉત્પન્ન થવું જોઈએ, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો જોઈએ. આહાહા..! એવા અતીન્દ્રિય આનંદના સ્વાદથી વિપરીત, પાંચ ઈન્દ્રિયના વિષયનો સ્વાદ દુઃખરૂપ છે તેને સુખરૂપ માનીને સેવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ જૈન નથી, એને જૈનની ખબર નથી. આહાહા..! જૈન કોઈ વાડો નથી. જૈન કોઈ પક્ષ નથી. જૈન આત્માનું સ્વરૂપ છે. આનંદમૂર્તિ વીતરાગસ્વરૂપે ભગવાનઆત્મા (છે). સર્વજ્ઞ પરમાત્માએ જેવો પ્રગટ કર્યો એવી ચીજ અંદર પૂર્ણ પડી છે. આહાહા..! એ પરમાનંદ સમરસી વીતરાગી આનંદ, એમ કહે છે. આહાહા..! પેલું રાગનું સુખ, આ વીતરાગી આનંદ. આ સમતાભાવ, પેલો વિષમભાવ. આહાહા..! જુઓ! દૃષ્ટિફેરે ઈ શું માને છે? આહા..! સમ્યગ્દૃષ્ટિને વિષયસેવન હોય છે. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી આસક્તિ આવે છે, પણ સુખ માનીને સેવન નથી કરતા. આહાહા..! કહો, 'શાંતિભાઈ'! એ દિગંબર મુનિ થવાના હતા. વૈરાગી માણસ હતા. ગૃહસ્થ છે. નીચે ચટાઈમાં સૂવે છે. હજી તને દૃષ્ટિની ખબર નથી, સાધુપણું આવ્યું ક્યાંથી? આહાહા..!

ભગવાન! તારામાં તો અતીન્દ્રિય આનંદનો રસ ભરચક્ક છલોછલ ભર્યો છે ને! આહાહા..! અતીન્દ્રિય આનંદનો પિંડ આત્મા, અતીન્દ્રિય સુખનો સાગર આત્મા, એની દૃષ્ટિ કરવાથી સુખ અને આનંદની દશાના ઝરણા વહે છે. જેમ પર્વતમાંથી પાણીના ઝરણા વહે છે ડુંગરમાંથી. આહાહા..! એમ ભગવાન અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ, એના ઉપર દૃષ્ટિ દેવાથી સમ્યગ્દર્શનમાં આનંદની ધારા (ભરતી) આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? હજી તો એને સમ્યગ્દૃષ્ટિ કહીએ. સમજાય છે કાંઈ? એવા સમ્યગ્દર્શનમાં... 'કુંદકુંદાચાર્યે' પાંચમી ગાથામાં કહ્યું ને? હું મારા વૈભવથી સમયસાર કહીશ. મારો વૈભવ શું છે? મારો આનંદનો અનુભવ, આનંદ જેની મહોરછાપ છે, અતીન્દ્રિય આનંદનો મને અનુભવ છે, એ મારી મહોરછાપ મુનિની છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'સુખીયા જગતમાં સંત, દુરીજન દુખીયા રે, સુખીયા જગતમેં રે સંત.. દુરીજન દુખીયા રે..' જેણે પોતાનો આનંદનો નાથ પરમાત્મસ્વરૂપના અંતરમાં ભેટા કર્યા એ સંત સમકિતી જગતમાં સુખી છે. 'દુરીજન દુખિયા રે..' જેણે પોતાના આનંદની રુચિ છોડીને, સમરસી વીતરાગ પરમાનંદના ભાવથી પરાન્મુખ થઈને, પાંચ ઈન્દ્રિયના વિષયને સુખબુદ્ધિથી સેવે છે, ઈ મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે, પાખંડી છે, અજ્ઞાની છે. જન્મ-મરણના સમુદ્રમાં એ ગોથા ખાશે. આહાહા..! આવી વાત છે, ભગવાન! આહાહા..!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર પોતાના આનંદનો સ્વાદ લેવા છ ખંડનું રાજ છોડી દીધું. આહાહા..! સમજાય છે કાંઈ? 'પ્રવચનસાર'માં આવે છે ને? જ્યારે દીક્ષા લે છે ને? ચારિત્રદશા સમકિત સહિત. માતા, પિતા, પત્ની, પુત્ર પાસે આજ્ઞા માગે છે. શરીરને રમાડનારી રમણી! તું રજા દે. તું મને રમાડી નથી શકતી. મારી અનુભૂતિ, આનંદસ્વરૂપ ભગવાન અનુભૂતિ એ મારી સ્ત્રી છે. અનુભૂતિ ભગવાનઆત્મા, હોં! પોતાનો સ્વભાવ. હું અનુભૂતિ આનંદ પાસે જાઉં છું. હે શરીરને રમાડનારી! તું એકવાર રજા દે. આહાહા..! મારો

આનંદસ્વરૂપ ભગવાન, એ મારી અનુભૂતિ છે. આહાહા..! એમાં હું અનુભૂતિ કરવા જાઉં છું. મેં દીક્ષા લીધી એટલે વનમાં જાઉં છું, હું તો મારા આનંદની અનુભૂતિ કરવા જાઉં છું. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! માતા રજા ન દે તો માતાને કહે, માતા! તું શરીરની માતા છો. તેં આત્માને પ્રસવ નથી કર્યો. તેં તો શરીરને પ્રસવ કર્યો છે. મારો આત્મા.. માતા! અનાદિનો છે. જનેતા! શરીરને જન્મ દેનારી જનેતા! એકવાર રજા દે, બા! મારી આનંદની અનુભૂતિ માતા પાસે હું જાઉં છું. આહાહા..! જુઓ! સમ્યગ્દર્શનમાં આ વિષયસુખની રુચિ છૂટી ગઈ. સમજાય છે કાંઈ? એને અંદર મુનીપણું આવે છે. એને ચારિત્રમાં અતીન્દ્રિય આનંદની ધારા વહે છે. એમ ને એમ મુનિપણું માની લેવું, વ્રતધારી માની લે (એમ નથી). આહાહા..! સમજાય છે કાંઈ?

સંપ્રદાયમાં ઘણી વાર કહેતા હતા. શ્વેતાંબરમાં એક આવે છે. છ જીવને ઉત્તરાધ્યયનમાં (આવતું). છે તો કલ્પિત. પણ ઈ વખતે તો એ વાંચતા ને. માતાને કહે, અજ્જૈવ ધમ્મમ પડિવક્ક્ષ્યામો, જંહિ પુ.. પુનમભવામો. ઉત્તરાધ્યયન શ્વેતાંબરનું છે એની ગાથા છે. છ હજાર શ્લોક કંઠસ્થ કર્યા હતા. છ હજાર. એ વખતે તો ... પ્રતિષ્ઠા તો અમારી પહેલેથી હતી ને. નાની ઉંમરથી. 'અજ્જૈવ ધમ્મમ્ પડિવક્ક્ષ્યામો, જહી પવન્નામ પુનમ્ભવામો.' અર્થ કરશું, હોં! '...' હે માતા! મને રજા દે. મારો આનંદનો નાથ, એના ભોગવટા માટે હું વનમાં જાઉં છું. આહાહા..! માતા! એકવાર રોવું હોય તો રોઈ લે. પણ માતા! હું કોલકરાર કરું છું, હું બીજી માતા-જનેતા નહિ કરું. આહાહા..! 'અજ્જૈવ ધમ્મમ્ પડિવક્ક્ષ્યામો' ચારિત્રરૂપી ધર્મ અંગીકાર કરશું અને માતા! કોલકરાર કરીએ છીએ માતા. જહી પવન્નામ પુનમ્ભવામો. અમે આનંદના નાથને અંદર પરણવા જઈએ છીએ. આહાહા..! અને માતા કોલકરાર કરીએ છીએ, ફરીને ભવ અમારે નથી. માતા! હવે ફરીને માતા કરવાના નથી. આહાહા..! આ તો મા ને બાપ ને ધૂળ ને ધાણી,.. મરી ગયો એમાં ને એમાં.

અહીંયાં ઈ કહે છે, પાંચ ઇન્દ્રિયના વિષયમાં સુખબુદ્ધિથી સેવન કરે છે. આહાહા..! 'હેમચંદજી'! ઈ બ્રહ્મચારી છે ને. અત્યારે કેટલો પગાર છે? ૮૫૦. બાધા લીધી હતી ત્યારે ૬૦૦ હતો ને? જાવજીવનું બ્રહ્મચર્ય લીધું છે. માસિક ૬૦૦નો પગાર હતો. જાવજીવ બ્રહ્મચર્ય લીધું છે. હવે ૮૫૦નો પગાર છે. બાલ બ્રહ્મચારી છે. અરે..! બ્રહ્મ નામ આનંદ, બ્રહ્મ આત્મા આનંદસ્વરૂપ છે. એ આનંદમાં રમવું એનું નામ બ્રહ્મચારી છે.

અહીં એ કહે છે, અરે..! નિશ્ચયકર વિષયનું સેવન મહાદુઃખરૂપ છે. ઝેરના પ્યાલા પીવે છે અને માને છે કે અમે વિષય ભોગવીએ છીએ અને અમે સુખી છીએ. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! લાડવા ને મેસુબ ને જલેબી ખાય. અરે..! ભગવાન! શું છે? પ્રભુ! એ તરફનો ભાવ થાય છે એ તો રાગ છે ને, પ્રભુ! એ તો દુઃખનો અનુભવ છે. આહાહા..! વિષય સેવનમાં સ્ત્રીનું સુંદર શરીર કોમળ, નરમ લાગે તો સેવનમાં સ્ત્રીનું સ્પર્શન છે એમાં તો રાગનો ભાવ દુઃખ છે. ભગવાન! તને ખબર નથી. તું સુખકર માને છે. આહાહા..! સંતોની દયા તો જુઓ! પ્રભુ! પ્રભુ એ મિથ્યાદષ્ટિ છે. એમ કહે છે. સમજાય છે

કાંઈ? આહાહા..! પાંચ ઇન્દ્રિયના વિષયનું સેવન છોડી દીધું હોય, પણ અંદર વિષયનો પ્રેમ જેને હજી છે, પ્રેમ લાગે સુખબુદ્ધિ છે.. આહાહા..! સમજાય છે કાંઈ? એ મિથ્યાદૃષ્ટિ છે.

**'ઇસમેં સુખ નહીં હૈ.'** આહાહા..! સુખ ભગવાનઆત્મામાં છે ને, ભાઈ! સચ્ચિદાનંદ પ્રભુ, સત્ ચિદાનંદ. સત્ નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન અને આનંદ, એ તો પોતામાં ભર્યા છે. એ સુખ ત્યાં નહિ શોધતા બહારમાં શોધે છે ઈ મૂર્ખાય છે, કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ ૮૪ ગાથા થઈ. હવે ૮૫. એક ફેરી દાખલો આપ્યો હતો. પરમ દિ' આપ્યો હતો.

---

**तदनन्तरं सम्यग्दृष्टिभावनाव्याख्यानमुख्यत्वेन 'कालु लहेविणु' इत्यादि सूत्राष्टकं कथ्यते। अथ –**

**८५) कालु लहेविणु जोइया जिमु जिमु मोहु गलेइ।**
**तिमु तिमु दंसणु लहइ जिउ णियमें अप्पु मुणेइ।।८५।।**

**कालं लब्ध्वा योगिन् यथा यथा मोहः गलति।**
**तथा तथा दर्शनं लभते जीवः नियमेन आत्मानं मनुते।।८५।।**

**कालु लहेविणु जोइया जिमु जिमु मोहु गलेइ कालं लब्ध्वा हे योगिन् यथा यथा मोहो विगलति तिमु तिमु दंसणु लहइ जिउ तथा तथा दर्शनं सम्यक्त्वं लभते जीवः। तदनन्तरं किं करोति। णियमें अप्पु मुणेइ नियमेनात्मानं मनुते जानातीत्यर्थः। तथाहि एकेन्द्रिय-विकलेन्द्रियपञ्चेन्द्रियसंज्ञिपर्याप्तमनुष्यदेशकुलशुद्धात्मोपदेशादीनामुत्तरोत्तरदुर्लभक्रमेण दुःप्राप्ता काललब्धिः, कथंचित्काकतालीयन्यायेन तां लब्ध्वा परमागमकथितमार्गेण मिथ्यात्वादिभेदभिन्नपरमात्मोपलंभप्रतिपत्तेर्यथा यथा मोहो विगलति तथा तथा शुद्धात्मैवोपादेय इति रूचिरूपं सम्यक्त्वं लभते। शुद्धात्मकर्मणोर्भेदज्ञानेन शुद्धात्मतत्त्वं मनुते जानातीति। अत्र यस्यैवोपादेयभूतस्य शुद्धात्मनो रुचिपरिणामेन निश्चयसम्यग्दृष्टिर्न्जातो जीवः, स एवोपादेय इति भावार्थः।।८५।।**

---

**इसप्रकार तीन तरहकी आत्माको कहनेवाले पहले महाधिकारमें 'जिउ मिच्छतें इत्यादि आठ दोहोंमेंसे मिथ्यादृष्टिकी परिणतिका व्याख्यान समाप्त किया। इसके आगे सम्यग्दृष्टिकी भावनाके व्याख्यानकी मुख्यतासे 'काल लहेविणु' इत्यादि आठ दोहा-सूत्र कहते हैं –**

**गाथा – ८५**

**अन्वयार्थ :– [ योगिन् ] हे योगी, [ कालं लब्धवा ] काल पाकर [ यथा यथा ] जैसा जैसा [ मोहः ] मोह [ गलति ] गलता है–कम होता जाता है, [ तथा तथा ] तैसा तैसा [ जीवः ] यह जीव [ दर्शनं ] सम्यग्दर्शनको [ लभते ] पाता है, फिर [ नियमेन ] निश्चयसे [ आत्मानं ] अपने**

स्वरूपको [ मनुते ] जानता है।

भावार्थ :– एकेन्द्रीसे विकलत्रय (दोइन्द्री, तेइन्द्री, चोइन्द्री) होना दुर्लभ है, विकलत्रयसे पंचेन्द्री, पंचेन्द्रीसे सैनी पर्याप्त, उससे मनुष्य होना कठिन है। मनुष्यमें भी आर्यक्षेत्र, उत्तमकुल, शुद्धात्माका उपदेश आदि मिलना उत्तरोत्तर बहुत कठिन हैं, और किसी तरह 'काकतालीय न्यायसे' काललब्धिको पाकर सब दुर्लभ सामग्री मिलने पर भी जैन–शास्त्रोक्त मार्गसे मिथ्यात्वादिके दूर हो जानेसे आत्मस्वरूपकी प्राप्ति होते हुए, जैसा जैसा मोह क्षीण होता जाता है, वैसा शुद्ध आत्मा ही उपादेय है, ऐसा रुचिरूप सम्यक्त्व होता है। शुद्ध आत्मा और कर्मको जुदे जुदे जानता है। जिस शुद्धात्माकी रुचिरूप परिणामसे यह जीव निश्चयसम्यग्दृष्टि होता है, वही उपादेय है, यह तात्पर्य हुआ।।८५।।

---

એ પ્રમાણે ત્રણ પ્રકારના આત્માના પ્રતિપાદક પ્રથમ મહાધિકારમાં 'पज्जयरत्तउ जीवडउ' ઈત્યાદિ આઠ સૂત્રોથી મિથ્યાદષ્ટિની પરિણતિનું વ્યાખ્યાનસ્થળ સમાપ્ત થયું.

ત્યાર પછી સમ્યગ્દષ્ટિની ભાવનાના વ્યાખ્યાનની મુખ્યતાથી 'कालु लहेविणु' ઈત્યાદિ આઠ ગાથાસૂત્ર કહે છે.

હવે (સમ્યગ્દષ્ટિ જીવનું કથન કરે છે) :

ભાવાર્થ :- એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય, સંજ્ઞીપર્યાપ્તમનુષ્ય, આર્યક્ષેત્ર, ઉત્તમકુળ, શુદ્ધ આત્માનો ઉપદેશાદિ ક્રમથી જે ઉત્તરોત્તર દુર્લભ હોવાથી કાળલબ્ધિ દુઃપ્રાપ્ત છે. તેને કોઈ પ્રકારે 'કાકતાલીય ન્યાયથી' પામીને પરમાગમમાં કહેલા માર્ગથી મિથ્યાત્વાદિ ભેદોથી ભિન્ન પરમાત્માની ઉપલબ્ધિ થવાથી, જેમ જેમ મોહ ગળતો જાય છે તેમ તેમ 'શુદ્ધ આત્મા જ ઉપાદેય છે' એવું રુચિરૂપ સમ્યક્ત્વ જીવ પામે છે, શુદ્ધ આત્મા અને કર્મના ભેદજ્ઞાનથી શુદ્ધ આત્માને જાણે છે.

અહીં, ઉપાદેયભૂત જે શુદ્ધ આત્માની રુચિરૂપ પરિણામથી જીવ નિશ્ચયસમ્યગ્દષ્ટિ થાય છે તે શુદ્ધ આત્મા જ ઉપાદેય છે, એવો ભાવાર્થ છે. ૮૫.

---

## ગાથા-૮૫ ઉપર પ્રવચન

૮૫) कालु लहेविणु जोइया जिमु जिमु मोहु गलेइ।
तिमु तिमु दंसणु लहइ जिउ णियमें अप्पु मुणेइ।।८५।।

અન્વયાર્થ :- 'હે યોગીન,...' 'પ્રભાકર ભટ્ટ'ને ઉદ્દેશીને વાત છે ને. મુનિ છે. હે

યોગી! યોગી એટલે આ અન્યમતીના બાવા એ નહિ. પોતાના આનંદસ્વરૂપમાં જેણે પરિણતિ જોડી દીધી છે તેને યોગી કહે છે. યોગ-જોડાણ. આહાહા..! ભગવાનઆત્મામાં પરિણતિ નિર્મળ વીતરાગી દશા જોડી દીધી છે તેને યોગી કહે છે. સમ્યગ્દૃષ્ટિ પણ જઘન્ય યોગી છે. સમજાય છે કાંઈ? ચોથે ગુણસ્થાને પણ યોગી સ્વરૂપમાં પોતાની વૃત્તિ જોડી દીધી છે અને અનંતાનુબંધીનો અભાવ કરીને સ્થિરતા જોડી દીધી છે. આહાહા..! તો ચોથે યોગી, પાંચમે પણ યોગી અને મુનિ પણ યોગી. આ યોગી, હોં! અન્યમતીના બાવા ઈ નહિ. અન્યમતમાં યોગી હોતા નથી. એ તો અજ્ઞાની છે. આહાહા..!

'હે **યોગી, કાલ પાકર...**' ભાષા એવી લીધી છે. કાળને પામીને, કાળલબ્ધિને પામીને. આહાહા..! '**જૈસે જૈસા મોહ ગલતા હૈ...**' જેમ જેમ સ્વરૂપ તરફની સાવધાની, રુચિ વધે છે તેમ તેમ મિથ્યાત્વ મોહ ગળે છે. આહાહા..! '**જૈસા જૈસા મોહ ગલતા જાતા હૈ-કમ હોતા જાતા હૈ, તૈસા તૈસા યહ જીવ સમ્યગ્દર્શનકો પાતા હૈ,...**' ... ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ તરફની, એ તરફની રુચિ વધે છે. સમજાણું કાંઈ? ....

જુઓ! કરવાની ચીજ આ છે. બાકી લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો. 'છ ઢાળા'માં આવે છે ને? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ ફંદ, નિજ આતમ ઉર ધ્યાવો.' દ્વંદ નામ દ્વૈતપણું. આ આત્મા અને આ પર્યાય, એમ દ્વૈતપણું પણ લક્ષમાંથી છોડી દે. આહાહા..! સમજાય છે કાંઈ? એ તો 'છ ઢાળા'માં આવે છે. ... ભગવાનઆત્મા તરફ જેમ જેમ અંતરમાં નિશ્ચયનો પુરુષાર્થ ચાલે છે.. આહાહા..! તેમ તેમ મિથ્યાત્વનો રસ શ્રદ્ધામાં રસ મંદ પડે છે. શ્રદ્ધામાં, હોં! બહારમાં તો ઠીક. આહાહા..! અને જેમ જેમ સ્વરૂપ તરફનો અનુભવ થાય ત્યારે આત્માનો સ્વાદ લે છે. આહાહા..!

સમ્યગ્દર્શનમાં આત્માની પ્રાપ્તિ થાય છે. સમ્યક્ નામ સત્ય દર્શન. ચોથે ગુણસ્થાને, હોં! સમ્યક્ નામ સત્યદર્શન. અર્થાત્ ભગવાન પૂર્ણાનંદ સત્ય સ્વરૂપ પ્રભુ, પૂર્ણ સત્ય સ્વરૂપની દૃષ્ટિ થવી અને એમાં આનંદનું વેદન આવવું.. આહાહા..! એને સમ્યગ્દૃષ્ટિ કહે છે. સમજાય છે કાંઈ? અહીંયાં ઈ કહે છે, જેમ જેમ દર્શનમોહ ગળે છે, તેમ તેમ સમ્યગ્દર્શનને પામે છે. '**ફિર નિશ્ચયસે અપને સ્વરૂપકો જાનતા હૈ.**' અંતરમાં જ્ઞાનમાં સ્વસંવેદન થઈ જાય છે અને વધતું વધતું કેવળજ્ઞાન પણ થઈ જાય છે. આહાહા..! રઝળતા રખડતા ચોરાશીના અવતાર વિશેષ કહે છે, જુઓ!

ભાવાર્થ :- પહેલા તો એકેન્દ્રિયમાં હતો. અનાદિથી જીવ નિગોદમાં હતો. આહાહા..! જેમ સ્ત્રીનું પિયર હોય. પહેલા પિયરમાં રહે. એમ આત્મા પહેલા નિગોદમાં હતો. આહા..! પિયર કહે છે? સમજાય છે કાંઈ? માયકા. એમ આત્માનું પિયરનું સ્થાન નિગોદ છે. આહાહા..! અનંત જીવ પડ્યા છે, પ્રભુ! આહાહા..! ઘણા તો એમાંથી કદી ત્રસ નથી થયા એવા અનંત જીવ નિગોદમાં પડ્યા છે. આહાહા..! અહીંયાં તો દુર્લભતા વર્ણવતા વર્ણવતા સમ્યગ્દર્શન કેમ પ્રાપ્ત કરવું એ વાત કરી. આહા..!

ભાઈ! તું પહેલા એકેન્દ્રિયમાં હતો ને. આહાહા..! ત્યાંથી નીકળીને વિકલેન્દ્રિય થયો.

બેઈન્દ્રિય, ત્રણઈન્દ્રિય, ચૌઈન્દ્રિય થયો. એ '**હોના દુર્લભ હૈ,...**' એકેન્દ્રિયમાંથી નીકળ્યો. આહાહા..! અમે 'મુંબઈ' હતા ને. મકાન દરિયાને કાંઠે હતું. .. 'રમણિકભાઈ' છે ને? 'આમોદ'વાળા. દિગંબર છે. પાંચ-છ કરોડ રૂપિયા છે. અહીંયાં માંગણી કરવા આવ્યા હતા. મહારાજ! રહેજો. ઠીક, કીધું. સીત્તેર લાખનું મકાન. ત્યાં રહેતા હતા. દરિયો નજીક જોયો. સમુદ્ર. ઓહોહો..! કીધું, આ પાણી. ઉપર નીચે આગળ એક એક બિંદુમાં અસંખ્ય જીવ. બાપુ! એ વસ્તુનું સ્વરૂપ છે. ન માને એટલે કંઈ વસ્તુ ફરી જાય? એ પાણીના એક બિંદુમાં અસંખ્ય શરીર. એક શરીરમાં એક જીવ. એવું-એવું પાણીનું દળ ચાલ્યું જાય. નજર ન પહોંચે. ક્યાંય છેડો નહિ. નીચે દળ. આહાહા..! આમાંથી કે દિ' માણસ થાય? અને ક્યારે સત્ય વચન કાને પડે? કેટલી દુર્લભતા જીવને! જેને મળ્યું એને દરકાર નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અને ત્યાં તો પેલા બગલા હતા ને? બગલા માછલા ખાવા માટે બહુ ફરતા હતા. મોટો દરિયો. મેં પૂછ્યું, આ બગલા ક્યાં સુધી જાતા હશે? મહારાજ! વીસ-વીસ માઈલ સુધી માછલા લેવા જાય. આહા..! વીસ માઈલ. દરિયા ઉપર. ત્યાં બેસવાનું સ્થાન તો ક્યાંય છે નહિ. વીસ માઈલ ઉડતા ઉડતા ઉડતા ચાલ્યા જાય. આહાહા..! અને પાછા મરીને નરકે જાવું. આહાહા..! ગજબ વાત, બાપુ! તને ક્યારે મળશે આવું? સમજાય છે કાંઈ? આવી ચીજ દુર્લભ છે. કહે છે. એકેન્દ્રિયમાંથી બે ઈન્દ્રિય થવું દુર્લભ છે.

'**વિકલત્રયસે પંચેન્દ્રિય,...**' થવું. પાંચ ઈન્દ્રિયની પૂર્ણ પ્રાપ્તિ થવી દુર્લભ છે. એમાંથી પણ '**સૈની પર્યાપ્ત,...**' પંચેન્દ્રિય હોય પણ મન વિનાના હોય-અસંજ્ઞી. સંજ્ઞી પંચેન્દ્રિય થવું દુર્લભ છે. આહાહા..! '**ઉસસે મનુષ્ય હોના કઠિન હૈ.**' મનુષ્ય થયા હોય એને કંઈ દરકાર ન મળે. આહાહા..! વિષય ભોગ, રળવું, ખાવું, પીવું, એમાં મશગુલ. જાય મરીને ઢોરમાં જાય પછી. પશુ.. પશુ (થાય). સમજાય છે કાંઈ? એય..! '**મનુષ્યમેં ભી આર્યક્ષેત્ર,...**' મનુષ્ય અનાર્યક્ષેત્રમાં ઉત્પન્ન થાય. આર્યક્ષેત્રમાં ઉત્પન્ન થવું દુર્લભ છે. આર્યક્ષેત્રમાં પણ '**ઉત્તમકુલ,...**'માં ઉત્પન્ન થવું દુર્લભ છે. આહાહા..! એમાં પણ ઉત્તમ કુળ મળ્યું.

'**શુદ્ધાત્માકા ઉપદેશ આદિ મિલના ઉત્તરોત્તર બહુત કઠિન હૈ,...**' વસ્તુનો સત્ય ઉપદેશ મળવો અત્યારે તો દુર્લભ થઈ ગયું. આહાહા..! જ્યાં ત્યાં દયા, દાન, વ્રત, ભક્તિ કરો પરંપરા ધર્મ થશે. એવી પ્રરૂપણામાં સત્ય ધર્મ સાંભળવા મળવો દુર્લભ થઈ ગયો. સમજાય છે કાંઈ? છે? શુદ્ધાત્માનો ઉપદેશ, હોં! ભગવાન શુદ્ધ ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ તું છો. એ ભૂલ છે તો એક સમયની પર્યાયમાં ભૂલ છે. બાકી આખું સ્વરૂપ તારું ભગવાન છે. આહાહા..! શુદ્ધાત્મા નામ પરમાત્મસ્વરૂપ જ તારું છે. અહીંયાં પરમાત્મપ્રકાશ છે ને. આહાહા..!

કેમ નજરમાં આવે? એક સમયની પર્યાય પ્રગટ છે એની ઉપર અનાદિની દૃષ્ટિ છે. પર્યાય પાછળ ભગવાન આખો અનંત આનંદનો નાથ પ્રભુ પડ્યો છે, એની ખબર નથી. દુનિયાની બધી ખબર. આ આમ છે ને આમ છે, ધૂળ છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભાષા કેવી લીધી!

'**ઉત્તમકુલ, શુદ્ધાત્માકા ઉપદેશ...**' સમજ્યા? એ મહા દુર્લભ છે. આહાહા..! '**ઉત્તરોત્તર બહુત કઠિન હૈ,...**' એક પછી એક કઠણ છે, ભાઈ! આહા..! '**ઔર કિસી તરહ કાકતાલીય ન્યાયસે...**' કાગડાને બેસવું અને ડાળનું પડવું. ડાળ હોય ને? કાગડો બેસે ને ડાળી પડે. એ કંઈ કાગડાના ભારથી નથી પડતી. પણ તાકડે એવો જોગ થાય કે કાગડો બેસે અને ડાળ પડે. ડાળ પડી જાય છે ને? આ લીમડાની કે... એમ કાકતાલીય ન્યાય. છે ને? કાકાતાલીય ન્યાયથી. કાક એટલે કાગડો અને તાલી એટલે ડાળી. એનું બેસવું અને ડાળનું પડવું. એમ આ મનુષ્યદેહ મળ્યો, સ્વતત્ત્વનો ઉપદેશ મળ્યો.

'**કાલલબ્ધિકો પાકર સબ દુર્લભ સામગ્રી મિલને પર ભી...**' આહાહા..! '**જૈન-શાસ્ત્રોક્ત માર્ગસે...**' જુઓ! વીતરાગે કહેલા શાસ્ત્રનો માર્ગ. અન્યમતિના કહેલા માર્ગમાં તો માર્ગ છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? જૈન શાસ્ત્રોક્ત માર્ગ. આહાહા..! આકરી વાત છે. જૈન શાસ્ત્ર તો દિગંબરના શાસ્ત્રો એ જૈનશાસ્ત્ર છે. એ સિવાય કોઈ શાસ્ત્ર સાચા નથી. સમજાય છે કાંઈ? શ્વેતાંબરના શાસ્ત્ર પણ જૈનશાસ્ત્ર નથી. એ બધા કલ્પિત બનાવેલા છે. એ અહીં કહે છે.

જૈન શાસ્ત્રોક્ત, જૈન શાસ્ત્રોક્ત. ત્રિલોકનાથ સર્વજ્ઞના મુખે દિવ્યધ્વનિ નીકળી એવો જે માર્ગ છે.. આહાહા..! જિન '**માર્ગસે મિથ્યાત્વાદિક દૂર હો...**' જૈન શાસ્ત્રોક્ત માર્ગમાં મિથ્યાત્વ દૂર થાય. જૈનશાસ્ત્ર એમ કહે છે કે જૈનશાસ્ત્રનું તાત્પર્ય એ છે કે સ્વનો આશ્રય લે અને પરનો આશ્રય છોડી દે. અથવા પરની ઉપેક્ષા કર અને સ્વની અપેક્ષા કર. ત્રિલોકનાથ પરમાત્મા તારું સ્વરૂપ છે એની અપેક્ષા કર અને સંયોગ, રાગ, નિમિત્ત ને પર્યાયની ઉપેક્ષા કર. આહાહા..! શાસ્ત્રનું તાત્પર્ય તો વીતરાગતા છે. 'પંચાસ્તિકાય'ની ૧૭૨ ગાથા છે ને. ૧૭૨ ગાથા. શાસ્ત્રનું તાત્પર્ય તો વીતરાગતા છે. એનો અર્થ શું?

પોતાનો ભગવાન પૂર્ણાનંદ તરફ ઝુકી જવું... આહાહા..! અને સંયોગ, નિમિત્ત, રાગ અને પર્યાયની ઉપેક્ષા કરવી. આહાહા..! દ્રવ્ય ઉપર અપેક્ષા કરવી, પરની ઉપેક્ષા કરવી. દ્રવ્યની અપેક્ષા કરવી, પરની ઉપેક્ષા કરવી. આ શાસ્ત્રનું તાત્પર્ય છે. સમજાય છે કાંઈ? લાખ વાતની વાત અને કરોડ વાત કરે પણ આ છે. આ ન સમજાણું એને કાંઈ સમજાણું નથી. આહાહા...!

જૈન-શાસ્ત્રોક્ત એમ છે ને? જૈનશાસ્ત્રએ કહેલ, જૈનશાસ્ત્રએ કહેલો માર્ગ. એ વીતરાગમાર્ગ પરમાત્માએ કહ્યો. વીતરાગતા ઉત્પન્ન થાય એ કઈ રીતે ઉત્પન્ન થાય? ત્રિકાળી ભગવાનઆત્માના આશ્રયે વીતરાગતા ઉત્પન્ન થાય છે. તો સ્વનો આશ્રય કરવો અને પરનો આશ્રય છોડવો એ શાસ્ત્રોક્ત માર્ગ છે.

મુમુક્ષુ :- સ્વમાં વસ, પરથી ખસ.

ઉત્તર :- પરથી ખસ, પોતામાં વસ, ટૂંકું ટચ, એટલું બસ. પરથી ખસ. ખસ સમજ્યા? હટના. સંયોગથી, રાગથી ખસ. પૂર્ણાનંદના નાથમાં વસ. એ ટૂંકું ટચ, એટલું બસ. વીતરાગને આ કહેવું છે.

મુમુક્ષુ :- યહી હૈ જૈનધર્મ કા કસ.

ઉત્તર :- કસ આ છે. જૈનદર્શનનો આ કસ છે. આહાહા..! આ ન સમજે અને લાખ વાત બધી કરે, જાણપણાની વાતું ને શાસ્ત્રની ને ત્યાગની વાત કરે. અનંતવાર કર્યું એ તો. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, '**જૈન-શાસ્ત્રોક્ત માર્ગસે મિથ્યાત્વાદિકસે દૂર હો જાનેસે...**' એમ કહીને શું કહ્યું? સર્વજ્ઞ પરમેશ્વરે જે શાસ્ત્રો કહ્યા, એ સિવાય બીજા શાસ્ત્રથી મિથ્યાત્વ નાશ નથી થતું. બીજા શાસ્ત્રથી તો મિથ્યાત્વની પુષ્ટિ થાય છે. કેમકે એ કુશાસ્ત્ર છે. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથની દિવ્યધ્વનિને સંતો લાવીને આ વાત કરી છે. સમજાય છે કાંઈ? 'કુંદકુંદાચાર્યે' સાક્ષાત્ દિવ્યધ્વનિ સાંભળી. એ તો સંત હતા, સમકિતી હતા, મુનિ હતા. સાચા ભાવલિંગી હતા. તોપણ ભગવાન પાસે ગયા. ભગવાન 'સીમંધર' પ્રભુ વર્તમાન બિરાજે છે. પાંચસો ધનુષનો દેહ છે. કરોડ પૂર્વનું આયુષ્ય છે. સંવત ૪૯માં ગયા હતા. અત્યારે બિરાજે છે. હજી અબજો વર્ષ રહેવાના છે. આવતી ચોવીસીના તેરમા તીર્થંકર જ્યારે થશે ત્યારે મોક્ષ થશે. અત્યારે તો અરિહંતપદે સમવસરણમાં બિરાજે છે. આહાહા..! ત્યાં ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા. આહાહા..! ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા. આ તો દિવ્યધ્વનિનો સાર છે. સમજાય છે કાંઈ? આ વાણી મળવી દુર્લભ છે અને વાણીએ કહેલો માર્ગ પામવો એ તો દુર્લભમાં દુર્લભ છે. આહાહા..! એણે કરવાનું શું છે? આહાહા..! બધા જિનોક્ત શાસ્ત્રનો માર્ગ આ છે. ફલાણું કરવું ને આ કરવું ને વ્રત કરવા. એ તો વિકલ્પ છે. એ કરવાની આજ્ઞા નથી. આહાહા..!

ચિદાનંદ ભગવાન પરમાનંદનો રસકંદ, નિજાનંદનો નાથ પ્રભુ, એ તરફ ઝુકી જા. એ તરફ દિશા લે તો તારી દશા ફરી જશે. પર તરફની દિશામાં તો તારી દશા રાગી છે. પર તરફની દિશામાં તારી દશામાં રાગ છે. સ્વ તરફ દિશા લઈ જા તો તારી દશા વીતરાગી છે. સમજાય છે કાંઈ? આહાહા..! અરેરે..! જે કરવાનું છે એ કર્યું નહિ અને બહારથી આ કર્યું ને આહાર આપ્યો, આ કર્યું. આહાહા..! વ્રત પાળ્યા ને વસ્તુનો ત્યાગ કર્યો.

ભગવાન પ્રભુ તો એમ કહે છે, પ્રભુ! તારામાં એક શક્તિ-ગુણ એવો છે કે પરના ત્યાગ-ગ્રહણથી તો તું શૂન્ય છે. ત્યાગઉપાદાનશૂન્યત્વશક્તિ. તારામાં એક એવી શક્તિ-ગુણ છે કે પરનો ત્યાગ કરવો અને પરનું છોડવું એ તારામાં છે જ નહિ. આહાહા..! આ તો પરને છોડ્યું તો હું ત્યાગી થઈ ગયો. એ તો મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? આ છોડ્યું, બાયડી છોડી, કુટુંબ છોડ્યું, આ છોડ્યું, ધંધો છોડ્યો. શું છોડ્યું? હતું કે દિ' અંદર તો છોડે. અંદરમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષ છે એ છોડવા એ પણ વ્યવહારની વાત છે. આહાહા..! અંદર ભગવાન ચિદાનંદના નાથના અનુભવમાં જાવું, ત્યારે રાગ ઉત્પન્ન નથી થતો, મિથ્યાત્વ ઉત્પન્ન થતું નથી, તેને ત્યાગ્યું એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહાહા..! પરના ત્યાગગ્રહણ છે નહિ. આ તો જેટલું જેટલું પર છૂટ્યું એટલો અમે ત્યાગ કર્યો. શું કર્યું પણ? ગ્રહણ હતું કે દિ' તારામાં? કદી ગ્રહણ કર્યું નથી તો ત્યાગ ક્યાંથી આવ્યો? સમજાય છે

કાંઈ? પોતાના સ્વરૂપને છોડીને મિથ્યાત્વનું ગ્રહણ કર્યું હતું. આહાહા..! એ પોતાના સ્વરૂપને ગ્રહણ કરી મિથ્યાત્વનો ત્યાગ કર્યો. એ ત્યાગ કર્યો એ પણ વ્યવહારનું કથન છે. આહાહા..! એ તો પોતાના સ્વરૂપમાં ગયો અને રાગ, મિથ્યાત્વની ઉત્પત્તિ ન થઈ તેનો ત્યાગ કર્યો એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? શાસ્ત્રમાં આવે છે ને? આટલા દ્રવ્ય ખપે ને આટલા દ્રવ્ય ન ખપે. એ તો સમ્યગ્દર્શનમાં રાગ ઘટવામાં એ વસ્તુ આવે છે. રાગ મંદ કરવા. સમજાય છે કાંઈ? ગ્રહણ કોણ કરતું હતું? જડને કોણ ગ્રહણ કરે? ઝીણી વાત, ભાઈ! સમજાય છે કાંઈ?

અહીં કહે છે, '**મિથ્યાત્વાદિકે દૂર હો જાનેસે આત્મસ્વરૂપકી પ્રાપ્તિ હોતે હુએ,...**' આહાહા..! '**જૈસા જૈસા મોહ ક્ષીણ હોતા જાતા હૈ...**' પછી જેમ જેમ અંદરમાં વિશેષ એકાગ્ર થાય છે તેમ મોહ ક્ષીણ થાય છે. '**વૈસા શુદ્ધ આત્મા...**' શું શબ્દ છે? '**આત્મા હી ઉપાદેય હૈ,...**' અહીં ફાટી ગયું છે. જૂનો કાગળ છે ને, ફાટી ગયો છે. એટલી વાત છે. '**શુદ્ધ આત્મા હી ઉપાદેય હૈ,...**' આહાહા..! '**ઐસા રુચિરૂપ સમકિત હોતા હૈ.**' લ્યો. આ નિશ્ચય સમકિત, હોં! આનંદનો નાથ પૂર્ણાનંદ પ્રભુ તરફ ઝુકી જવું, દૃષ્ટિનું આખા દ્રવ્યમાં પ્રસરી જાવું. આહાહા..! અર્થાત્ એ દૃષ્ટિની પર્યાયમાં આખી વસ્તુની રુચિ થઈ જવી. આખી ચીજ દૃષ્ટિની પર્યાયમાં આવી નથી જતી, પણ એની રુચિ થઈ જવી. પોષાણ થઈ જવું. પૂર્ણાનંદના નાથનું પોષાણ. વાણિયાને માલ પોસાય છે ને. માલ પોસાય તે લાવે ને? અઢી રૂપિયે મણ આવતું હોય અને અહીંયાં સાડા ત્રણ ઊપજતા હો તો લાવે. સાડા ત્રણનો લાવતા હોય અને અહીંયાં અઢી ઊપજતા હોય તો લાવે માલ? પોસાય? એમ આત્મા અંદર પોસાય. આહાહા..! રાગની રુચિનું પોષાણ ટળી ગયું. ચાહે તો શુભરાગ હો તોપણ જ્ઞાનીની રુચિ છૂટી ગઈ. આહાહા..! આવો માર્ગ કઠણ એટલે માણસને એવું લાગે. આ તો આચાર્યો કહે છે, સંત કહે છે. વળી એમ કહે છે, સોનગઢે નિશ્ચય માર્ગ કાઢ્યો. અરે..! ભગવાન! આ તો આચાર્ય કહે છે. આ તો પરમાત્મપ્રકાશ છે. 'સમયસાર' તો ભગવાન 'કુંદકુંદાચાર્ય'એ કહ્યું. આહાહા..!

'**રુચિરૂપ સમ્યક્ત્વ હોતા હૈ. આહાહા..! તબ શુદ્ધ આત્મા ઔર કર્મકો જુદે જુદે જાનતા હૈ. જિસ શુદ્ધાત્માકી રુચિરૂપ પરિણામસે જીવ નિશ્ચયસમ્યગ્દૃષ્ટિ હોતા હૈ,...** ' જુઓ! આહાહા..! અત્યારે તો કહે છે, ચોથે ગુણસ્થાને નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ ન હોય, ત્યાં સરાગ સમકિત હોય. અહીં તો ચોથે ગુણસ્થાને નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ કહે છે. લોકોને એવા ઢીલા કરી નાખ્યા છે ને. નિશ્ચય સમ્યગ્દર્શન તો સાતમે થાય, આઠમે થાય. અરે..! સાંભળ. વ્યવહાર ... નિશ્ચય સમકિત સ્વરૂપ અનુભવની દૃષ્ટિ એ સમકિત છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ તો 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું ને? પોતાના સ્વરૂપની અનુભવ દૃષ્ટિ રુચિ થઈ એ નિશ્ચય સમ્યક્. સાથે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ ઉઠે છે, એ વિકલ્પમાં વ્યવહાર દર્શનનો આરોપ કર્યો છે. છે તો રાગ. ચારિત્રદોષ છે. પણ એને સહચર જોઈને નિશ્ચય સ્વભાવની દૃષ્ટિના કાળમાં રાગની મંદતા-દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, સમકિત નથી,

પણ રાગ છે. નિશ્ચય સમકિતનો સહચર જોઈને વ્યવહાર સમકિતનો આરોપ આપ્યો. છે તો બંધનું કારણ. આહાહા..! સમજાય છે કાંઈ? એ નિશ્ચય હોય એની વાત છે. જેને નિશ્ચય ન હોય, એને વ્યવહાર હોતો જ નથી. એને વ્યવહાર કહેતા નથી. સમજાવવા માટે કહે છે. જરી થોડા.

'બંધ અધિકાર'માં. નહિ તો એ તો વ્યવહારાભાસ છે. પણ એને એ જાતનો.. સમજાવવું છે ને. વ્યવહાર તો... શીલ, તપ, ત્યાગ આદિ ઉત્કૃષ્ટ કરે, એ કંઈ સમ્યગ્દર્શન નથી, એ કંઈ ધર્મ નથી. વ્યવહારને છોડાવવો છે. વ્યવહારથી લાભ થતો નથી. ત્યાં વળી એમ લે કે એ તો અભવીની વાત છે, ભવીની નહિ. લે. એ તો અભવીનો તો દૃષ્ટાંત આપ્યો છે. લાગુ તો બધાને પડે છે. નવમી ગ્રૈવેયક (ગયો છે). અનંતા પુદ્ગલ પરાવર્તન ભવીએ કર્યા છે. તો કેવી રીતે કરે? શું કહ્યું? પુદ્ગલ પરાવર્તનમાં એક ભવ, અનંત ભવ.. એક પુદ્ગલ પરાવર્તનમાં અનંત ભવ થાય છે. એવા એવા અનંત અનંત પુદ્ગલ પરાવર્તન નવમી ગ્રૈવેયકના ૩૧ સાગરના કર્યા છે. ભવીએ. ભવીએ કર્યા તો કઈ રીતે કર્યા? મિથ્યાદૃષ્ટિપણે કર્યા કે સમકિતપણે? મિથ્યાદૃષ્ટિ હતો. અનંત પુદ્ગલ પરાવર્તન સમકિતીને હોતા જ નથી. આહાહા..! એટલે અભવીની વાત કરી તો કહે, આ તો અભવી માટે કહ્યું છે. પણ ભવી નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. એનો દૃષ્ટાંત આપ્યો છે. અભવી આટલો વ્યવહાર કરે છે છતાં મિથ્યાદૃષ્ટિ છે. એને સમ્યગ્દર્શનની ખબર નથી. આટલો ત્યાગ, શીલ, સંયમ આદિ બહુ શબ્દ લે છે. સમજમાં આવ્યું? 'બંધ અધિકાર'માં છે. આહાહા..!

અહીંયાં તો કહે છે, શુદ્ધાત્માની રુચિ. એ તો 'છ ઢાળામાં' આવે છે ને. 'આત્મરુચિ ભલા હૈ.' એ નિશ્ચય સમ્યગ્દર્શન છે. 'છ ઢાળા'માં ગાગરમાં સાગર ભરી દીધો છે. પહેલાના પંડિતો સાચા જ્ઞાની હતા ને. ભલે ગૃહસ્થ હોય તો શું થયું? સમકિતમાં ક્યાં ફેર છે? સિદ્ધનું સમકિત અને તિર્યંચનું સમકિત, સમકિતમાં કંઈ ફેર નથી. ચારિત્રમાં ફેર છે. અસ્થિરતા છે એ જુદી વાત છે. આહાહા..! પણ એ ચારિત્ર તો સમ્યગ્દર્શન પછી આવે છે કે સમ્યગ્દર્શન વિના વ્રત લઈ લીધા એ ચારિત્ર થઈ ગયું? સમજાય છે કાંઈ? પંચમ ગુણસ્થાનના વ્રત લીધા. પણ હજી ચોથાના ઠેકાણા નથી તો પાંચમું ક્યાંથી આવ્યું? શેના વ્રત હતા? દોરડા હતા વ્રતના. આહાહા..!

અહીંયાં તો કહે છે, **'શુદ્ધાત્માકી રુચિરૂપ પરિણામસે યહ જીવ નિશ્ચયસમ્યગ્દૃષ્ટિ હોતા હૈ,..'** આહાહા..! **'વહી (શુદ્ધાત્મા) ઉપાદેય હૈ, યહ તાત્પર્ય હુઆ.'** બધું કહેવાનું તાત્પર્ય તો શુદ્ધ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ સમ્યગ્દર્શનમાં ઉપાદેય છે અને એ સમ્યગ્દર્શનના કાળમાં ઉપાદેય થયો. સમજાણું કાંઈ? ઉપાદેય છે એટલે આ આદરણીય છે, આદરણીય છે એમ નહિ. જ્યારે સમ્યગ્દર્શન થયું, પરિણમન થયું એમાં ઉપાદેય થયો. સમ્યગ્દર્શનના કાળમાં સમ્યગ્દૃષ્ટિને આત્મા જ્યાં અનુભવમાં આવ્યો ત્યારે એ સમ્યગ્દૃષ્ટિના કાળમાં ઉપાદેય થયો, ત્યારે આદરણીય થયો. વસ્તુનો આદર થયો નહિ અને વસ્તુ ઉપાદેય છે એ ક્યાંથી આવ્યું? વસ્તુનું જ્ઞાન થયું અને ઉપાદેય આદરણીય થયો, સમ્યગ્દર્શનના કાળમાં. આહાહા..! ગજબ

વાત છે! આ 'પરમાત્મપ્રકાશ'ની વાત બધાથી ભિન્ન. આહા..!

કહ્યું ને? સમ્યગ્દર્શન, સ્વસન્મુખ અનુભવ દૃષ્ટિ (થઈ) તે કાળે આત્મા ઉપાદેય થયો. જેને શુભરાગ દયા, દાન, વ્રત આદિનો રાગ ઉપાદેય છે, એને આત્મા શુદ્ધાત્મા હેય છે. ભગવાનઆત્મા એને હેય છે. એ ૩૬ ગાથામાં આવી ગયું છે. ૩૬, ૩૬માં. ૩૬ ગાથા. સમજાય છે કાંઈ? જેણે ભગવાન પૂર્ણાનંદનો નાથ ઉપાદેય કર્યો છે, એને રાગાદિ હેય થઈ ગયા. અને જેને રાગાદિ, પુણ્યાદિ, દયા, દાન, વ્રતાદિના પરિણામ ઉપાદેય છે, તેને ભગવાન હેય થઈ ગયો. આહાહા..! આવી વાત કેટલાકે જિંદગીમાં સાંભળી ન હોય. એમ ને એમ જીવન ગાળ્યા. આ ધંધા કરવા ને પૈસા રળવા. એમાં પાંચ, દસ, પચીસ લાખ આવ્યા તો થઈ ગયા સુખી. ધૂળેય નથી, સાંભળને! સમજાય છે કાંઈ? સુખી હોય તો અહીંયાં કેમ આવીએ? એમ નથી કહેતા? 'પોપટભાઈ' એમ કહે છે, ત્યાં સુખ હોય તો અમે અહીંયા આવીએ શું કરવા? સમજાય છે કાંઈ? ધૂળમાંય સુખ નથી. સુખ ક્યાં હતું. પાંચ ઇન્દ્રિયના વિષયમાં સુખ નથી તો પૈસામાં ધૂળમાં ક્યાંથી આવ્યું? જ્યાં સુખ છે ત્યાં નજર નથી અને જ્યાં સુખ નથી ત્યાં તારી નજર થઈ છે. આહાહા..! પાંચ ઇન્દ્રિયના વિષયમાં સુખ નથી ત્યાં તારી દૃષ્ટિ છે, આ ઠીક છે, આ ઠીક છે, આમાં રોકાવ. બસ! જિંદગી ગાળી એમાં. મરી ગયો. એ.. 'પોપટભાઈ'! અહીં તો એવી વાત છે, ભગવાન! શેઠ! પાણી ઉતારી નાખે એવું છે. આહાહા..! અમે પૈસા રળ્યા ને આમ કમાણા.. આહા..! મહિનાના દસ-દસ લાખ પેદા કરે. એમાં શું થયું. ધૂળમાં. એ તો પૂર્વના પુણ્ય હોય તો આવી જાય. પણ હું કમાણો એ ભાવ મિથ્યાત્વભાવ છે. આહાહા..! જડ પ્રાપ્ત કર્યું. આહાહા..! શેઠ! આવી વાત છે, ભગવાન! એનું નામ ભગવાનદાસ છે, લ્યો. આહાહા..!

ત્રણલોકનો નાથ આત્મસ્વરૂપે બિરાજે છે એનો અનાદર કરીને રાગનો આદર કર પ્રભુ! આનંદના નાથનો અનાદર કરીને લક્ષ્મીમાં સુખ છે, તું એનો આદર કર, નાથ! તારો આપઘાત થાય છે. એ આપઘાત થાય છે. ધન્નાલાલજી! આપઘાત સમજ્યા? અહીં બહારથી મરે એ નહિ. અંદર આનંદનો નાથ પ્રભુ, એનો સ્વીકાર નથી કરતો અને રાગનો સ્વીકાર કરે છે, ઘાત એટલે આ નથી, એમ ઘાત થઈ જાય છે. આહાહા..! દૃષ્ટિમાં આપઘાત થાય છે, પ્રભુ! આહાહા..! આત્માની હિંસા થાય છે. રાગમાં પુણ્યભાવમાં ઠીક છે, રુચિ છે, એને આનંદના નાથનો ઘાત થાય છે. એ નથી એમાં, એમ તારી માન્યતા થઈ. એને ખબર નથી કે આ શું થાય છે અને શું માનું છું. આહાહા..! સમજાય છે કાંઈ? એ ૮૫ થઈ. આહાહા..!

**'ઈસકે બાદ પૂર્વ કથિત રીતિસે સમ્યગ્દૃષ્ટિ હોકર મિથ્યાત્વકી ભાવનાસે વિપરીત જૈસી ભેદવિજ્ઞાનકી ભાવનાકો કરતા હૈ, વૈસી ભેદવિજ્ઞાન-ભાવનાકા સ્વરૂપ ક્રમસે સાત દોહા-સૂત્રોંમેં કહતે હૈં :-'** હવે ભેદવિજ્ઞાન કહે છે. પરથી ભિન્ન, સ્વભાવથી અભિન્ન, પરથી ભિન્ન. એકત્વ-વિભક્ત. પાંચમીમાં આવ્યું ને? '**तं एयत्तविहत्तं दाएहं**' પાંચમીમાં. '**एयत्तंविहत्तं**' સ્વભાવથી એકત્વ છે અને દયા, દાનના વિકલ્પ વિભાવથી વિભક્ત છે.

સમજાય છે કાંઈ? ત્રીજીમાં આવે છે ને? '**एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे**' એકત્વ નિશ્ચયગત '**समओ सव्वत्थ सुंदरो लोगे**' ભગવાનઆત્મા રાગથી ભિન્ન પડી, નિજ સ્વભાવમાં એકત્વ કરે એ ચીજ દુર્લભ છે અને એ જ સમયસાર અને આત્મા છે. સમજાય છે કાંઈ?

**एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।**
**बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि।।३।।**

ત્રીજી ગાથા. આહાહા..! ભગવાનઆત્મા સ્વરૂપમાં સ્વભાવમાં એકત્વ થવું, રાગથી ભિન્ન થવું એ વસ્તુની સુંદર શોભા છે. એ વસ્તુની સુંદરતા અને શોભા એમાં છે. રાગમાં રહેવું એ આત્માની સુંદરતા નહિ. રાગથી વિભક્ત થઈને સ્વભાવમાં રહેવું એ સુંદરતા છે. આહાહા..! સ્વભાવને છોડીને...

મુમુક્ષુ :-...

ઉત્તર :- 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ, ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.' 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ' રાગ મારો છે, એ મોટી ભ્રાંતિ છે. એ આત્મભ્રાંતિ જેવો કોઈ રોગ નથી, ભાઈ! લોકોને વાત કઠણ લાગે. બહારની આ ક્રિયા કરવી ને આ કરવું ને આ કરવું, અપવાસ કરવો ને આ ન ખાવું.. હવે એ તો અનંતવાર કર્યું. એ તો વિકલ્પ છે. આહાહા..!

ભગવાનઆત્મા નિર્વિકલ્પ સ્વરૂપ એકત્વ નિશ્ચયગત. આહાહા..! '**बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि**' ભગવાન 'કુંદકુંદાચાર્ય' એમ કહે છે, ભગવાન અબદ્ધસ્વરૂપ પ્રભુ સ્વથી એકત્વ, પરથી વિભક્ત છે, એને બંધભાવ કહેવો વિસંવાદ ઉભો થયો છે, ઝઘડો થયો છે, મિથ્યાત્વભાવ ઉત્પન્ન થયો છે. સમજાય છે કાંઈ? ત્રીજી ગાથામાં છે. '**तं एयत्तंविहत्तं दाएहं**' એ પાંચમી ગાથા છે. આ તો

**एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।**
**बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि।।३।।**

ભગવાન ત્રણલોકનો નાથ આનંદનો (કંદ) પ્રભુ! એને રાગના સંબંધવાળો માનવો.. આહાહા..! એ વિસંવાદ મિથ્યાત્વ ખડું થયું છે. પાઠ તો એવો છે, બંધકથા. કથા નહિ પણ બંધભાવ. કથા તો શબ્દ છે. આહાહા..! અબંધસ્વભાવી આત્મામાં રાગનો સંબંધ-બંધ માનવો વિસંવાદ ઉભો થયો છે, ઝઘડો ઉભો થયો છે. એ ભેદવિજ્ઞાનની વાત વિશેષ આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

अत ऊर्ध्वं पूर्वोक्तन्यायेन सम्यग्दृष्टिर्भूत्वा मिथ्यादृष्टिभावनाया प्रतिपक्षभूतां यादृशीं भेदभावनां करोति तादृशीं क्रमेण सूत्रसप्तकेन विवृणोति –

**८६) अप्पा गोरउ किण्हु ण वि अप्पा रत्तु ण होइ।**
**अप्पा सुहुमु वि थूलु ण वि णाणिउ जाणें जोइ।।८६।।**

आत्मा गौरः कृष्णः नापि आत्मा रक्तः न भवति।
आत्मा सूक्ष्मोऽपि स्थूलः नापि ज्ञानी ज्ञानेन पश्यति।।८६।।

आत्मा गौरो न भवति रक्तो न भवति आत्मा सूक्ष्मोऽपि न भवति स्थूलोऽपि नैव। तर्हि किंविशिष्टः। ज्ञानी ज्ञानस्वरूपः ज्ञानेन करणभूतेन पश्यति। अथवा 'णाणिउ जाणइ जोइं' इति पाठान्तरं, ज्ञानी योऽसौ योगी स जानात्यात्मानम्। अथवा ज्ञानी ज्ञानस्वरूपेण आत्मा। कोऽसौ जानाति। योगीति। तथाहि–कृष्णगौरादिकधर्मान् व्यवहारेण जीवसंबद्धानपि तथापि शुद्धनिश्चयेन शुद्धात्मनो भिन्नान् कर्मजनितान् हेयान् वीतरागस्वसंवेदनज्ञानी स्वशुद्धात्मतत्त्वे तान् न योजयति संबद्धान्न करोतीति भावार्थः।।८६।।

---

इसके बाद पूर्व कथित रीतिसे सम्यग्दृष्टि होकर मिथ्यात्वकी भावनासे विपरीत जैसी भेदविज्ञानकी भावनाको करता है, वैसी भेदविज्ञान–भावनाका स्वरूप क्रमसे सात दोहा–सूत्रोंमें कहते हैं –

**गाथा – ८६**

अन्वयार्थ :– [ आत्मा ] आत्मा [ गौरः कृष्णः नापि ] सफेद नहीं है, काला नहीं है, [ आत्मा ] आत्मा [ रक्तः ] लाल [ न भवति ] नहीं है, [ आत्मा ] आत्मा [ सूक्ष्मः अपि स्थूलः नैव ] सूक्ष्म भी नहीं है, और स्थूल भी नहीं है, [ ज्ञानी ] ज्ञानस्वरूप है, [ ज्ञानेन ] ज्ञानदृष्टिसे [ पश्यति ] देखा जाता है, अथवा ज्ञानी पुरुष योगी ही ज्ञानकर आत्माको जानता है।।

भावार्थ :– ये श्वेत काले आदि धर्म व्यवहारनयकर शरीरके सम्बन्धसे जीवके कहे जाते हैं, तो भी शुद्धनिश्चयनयकर शुद्धात्मासे जुदे हैं, कर्मजनित हैं, त्यागने योग्य हैं। जो वीतराग स्वसंवेदन ज्ञानी है, वह निज शुद्धात्मतत्त्वमें इन धर्मोंको नहीं लगाता, अर्थात् इनको अपने नहीं समझता है।।८६।।

---

ત્યાર પછી પૂર્વોક્ત ન્યાયથી સમ્યગ્દૃષ્ટિ થઈને મિથ્યાદૃષ્ટિની ભાવનાથી પ્રતિપક્ષભૂત જેવી ભેદભાવના કરે છે, તેવી ભેદભાવના ક્રમે કરીને સાત ગાથાસૂત્રોથી કહે છે :

ભાવાર્થ :- કૃષ્ણ, ગૌરાદિ ધર્મો વ્યવહારનયથી જીવની સાથે સંબદ્ધ છે તોપણ જે

**શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ આત્માથી ભિન્ન છે, કર્મજનિત છે, હેય છે, તેમને વીતરાગ સ્વસંવેદનજ્ઞાની સ્વશુદ્ધાત્મતત્ત્વમાં યોજતો નથી અને સંબદ્ધ કરતો નથી. એ ભાવાર્થ છે. ૮૬.**

---

**વીર સંવત ૨૫૦૨, શ્રાવણ વદ ૮, બુધવાર**
**તા. ૧૮-૦૮-૧૯૭૬, ગાથા-૮૬થી૮૮, પ્રવચન નં. ૬૬**

'પરમાત્મપ્રકાશ' ૮૬ ગાથા છે ને? **'ઇસકે બાદ પૂર્વ કથિત રીતિસે સમ્યગ્દષ્ટિ હોકર...'** પોતાના આત્માનું ભાન થઈને **'મિથ્યાત્વકી ભાવનાસે વિપરીત...'** પર મારો અને રાગ મારો છે એવી વિપરીત માન્યતાથી રહિત. **'જૈસી ભેદવિજ્ઞાનકી ભાવનાકો કરતા હૈ, વૈસી ભેદવિજ્ઞાન-ભાવનાકા સ્વરૂપ ક્રમસે સાત દોહા-સૂત્રોંમેં કહતે હૈં-'** શ્લોક તો બોલાઈ ગયો છે.

**અન્વયાર્થ :- 'આત્મા સફેદ નહીં હૈ,...'** એક આર્જિકા આવી હતી, કહે, આત્મા કેવો છે? પહેલા આત્મા પીળો છે, પછી ધોળો. એમ કીધું. વસ્તુની ખબર નહિ કાંઈ અને બાહ્ય ત્યાગથી લોકમાં પૂજાવાનો ભાવ. આહાહા..! અહીંયાં તો કહે છે, **'સફેદ નહીં હૈ, આત્મા કાલા નહીં હૈ, આહાહા..! આત્મા લાલ નહીં હૈ,...'** રાતો નથી. **'આત્મા સૂક્ષ્મ ભી નહીં હૈ, ઔર સ્થૂલ ભી નહીં હૈ, જ્ઞાનસ્વરૂપ હૈ, આહાહા..! જ્ઞાનદષ્ટિસે દેખા જાતા હૈ,...'** એ તો જ્ઞાનદષ્ટિથી જોવામાં આવે છે. ભગવાનઆત્મા પોતાના સ્વભાવથી જાણવામાં આવે છે, એમ કહે છે. અલિંગગ્રહણમાં છઠ્ઠો બોલ છે. કાલે વાત આવી હતી ને? કોઈએ પૂછ્યું ને? કેવો? એમાં ઈ છે ને? કાલે રાત્રે પ્રશ્ન કર્યો હતો ને?

શુદ્ધત્વ પરિણમન સર્વથા દ્રવ્યના પરિણમનરૂપ છે. મોક્ષનો જે માર્ગ છે એ શુદ્ધત્વ પરિણમન છે. દ્રવ્ય ત્રિકાળી શુદ્ધ છે તો તેના આશ્રયે દૃષ્ટિ શુદ્ધત્વ પરિણમન થાય છે. શુદ્ધ દ્રવ્ય છે એ ત્રિકાળ છે અને શુદ્ધત્વ પરિણમન છે એ વર્તમાન પર્યાય છે. શુદ્ધાત્મ પરિણમન સર્વથા દ્રવ્યના પરિણમનરૂપ છે, નિર્વિકલ્પરૂપ છે. એથી વચન દ્વારા કહેવાનું સામર્થ્ય નથી. શું કહે? રાત્રે ચર્ચા થઈ હતી ને? પર્યાયને અંદર વાળવી, સ્વસન્મુખ થવું. પણ એ બધી કથનશૈલી છે. બીજી આવે ક્યાંથી? વાત તો ઈ છે.

જુઓ! આપણે અહીંયાં આવ્યું ને? અહીં ઈ આવ્યું. વચન દ્વારા (કહી શકાતું નથી) તેથી એમ કહેવામાં આવે છે કે જીવના શુદ્ધસ્વરૂપનો અનુભવરૂપ પરિણમે તે જ્ઞાનગુણ. આ કહેવું છે. જ્ઞાનગુણ જે સ્વભાવ, એ શુદ્ધપણે પરિણમવું, અનુભવ થવો એ મોક્ષનો માર્ગ છે. સમજાય છે કાંઈ? છે? વચન દ્વારા કહેવાનું સામર્થ્ય નથી. એવા રૂપે કહેવામાં આવે છે કે જીવના શુદ્ધસ્વરૂપના અનુભવરૂપે પરિણમાવે તે જ્ઞાનગુણ. તે મોક્ષનું કારણ. એમ કહેવામાં

આવે છે. અર્થાત્ અહીં કહ્યું ને? ભગવાનઆત્મા પ્રધાન મુખ્ય તો સર્વજ્ઞસ્વભાવી છે. જ્ઞાનસ્વભાવ વસ્તુ ત્રિકાળ છે. એ જ્ઞાનસ્વભાવનો જ્ઞાન દ્વારા અનુભવ કરવો, એમ કહેવામાં આવે છે. કરવાનું તો જે કરે એને કરવાનું છે. સમજાય છે કાંઈ? અહીં એ કહ્યું, જુઓ!

'**જ્ઞાનસ્વરૂપ હૈ, જ્ઞાનદૃષ્ટિસે દેખા જાતા હૈ,...**' '**ज्ञानं ज्ञानेनं परिक्षति**' એમ કહ્યું છે. ભગવાનઆત્મા વિકલ્પથી પણ જણાતો નથી. એ શુદ્ધ જ્ઞાનની પરિણતિથી જ્ઞાતા, આનંદ જ્ઞાન જાણવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? બીજું શું કહે? વસ્તુ નિર્વિકલ્પ છે, એમ કહે છે. '**જ્ઞાનસ્વરૂપ હૈ, જ્ઞાનદૃષ્ટિસે દેખા જાતા હૈ, અથવા...**' હવે બીજો અર્થ કહે છે '**ज्ञानेन पश्यति**' કહ્યું ને? એનો બીજો અર્થ એ કર્યો. '**જ્ઞાની પુરુષ યોગી હી જ્ઞાનકર આત્માકો જાનતા હૈ.**' આહાહા..! જ્ઞાનીપુરુષ ધર્માત્મા યોગી એટલે આત્માના જ્ઞાનસ્વરૂપમાં જેનું જોડાણ થઈ ગયું છે. આહાહા..! વિકલ્પ નામ રાગથી રહિત ભગવાન આનંદસ્વરૂપને જ્ઞાનથી આત્મા સાથે જોડી દીધો છે. એવા '**યોગી હી જ્ઞાનકર આત્માકો જાનતા હૈ.**' બાહ્યથી વિકલ્પથી અને બાહ્યની ક્રિયાકાંડથી એ જાણવામાં આવતો નથી. આહાહા..! આ વાત છે, ભાઈ! સમજાય છે કાંઈ? કાલે કહ્યું હતું ને? ભાઈ! વચનથી અગમ્ય છે. ભાઈ! પ્રજ્ઞાછીણી. ૧૮૧ કળશ છે ને? '**प्रज्ञाछेन्नी शितेयं कथमपि निपुणैः पातिता सावधानैः**' એના કળશમાં ઈ છે. આહાહા..!

'**જ્ઞાનીપુરુષ યોગી હી જ્ઞાનકર...**' આ શું કહે છે? આહાહા..! પોતાનું આનંદ, જ્ઞાનસ્વરૂપ પ્રભુ પૂર્ણાનંદ પરમાત્મા એ જ્ઞાનકર નામ વર્તમાન જ્ઞાનની પરિણતિ દ્વારા જાણવામાં આવે છે. એ જ્યારે સમ્યગ્દષ્ટિથી શ્રદ્ધામાં દેખવામાં આવે છે તો સાથે જ્ઞાન છે એ જ્ઞાન જાણે છે. સમ્યગ્દર્શનને પણ જ્ઞાન જાણે છે. સમ્યગ્દર્શન સમ્યગ્દર્શનને જાણતું નથી. સમ્યગ્દર્શન આખા પૂર્ણ વિષયને જાણતું નથી પણ એની તરફ ઢળી ગયું માટે પૂર્ણાનંદની પ્રતીતિ થઈ એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! વાત ઝીણી, ભાઈ! આ તો સમ્યગ્દર્શન, હજી ચોથા ગુણસ્થાનની વાત છે. શ્રાવક તો ક્યાંય રહ્યા. મુનિ તો ક્યાંય રહ્યા, ભાઈ! અહીં કહે છે '**જ્ઞાનકર આત્માકો જાનતા હૈ.**' આહાહા..!

**ભાવાર્થ :-** '**યે શ્વેત કાલે આદિ ધર્મ વ્યવહારનયકર શરીરકે સંબંધસે જીવકે કહે જાતે હૈં, તો ભી શુદ્ધનિશ્ચયનયકર, આહાહા..! શુદ્ધાત્માસે જુદે હૈં, કર્મજનિત હૈં, ત્યાગને યોગ્ય હૈં.**' આહાહા..! '**જો વીતરાગ સ્વસંવદેન જ્ઞાની હૈં,...**' આહાહા..! રાગ રહિત અંતરની દૃષ્ટિ જેને થઈ છે, ચોથે ગુણસ્થાને, હોં! '**વીતરાગ સ્વસંવેદન જ્ઞાની...**' આહા..! '**વીતરાગ સ્વસંવેદન જ્ઞાની હૈં,...**' રાગનું લક્ષ છોડી જ્ઞાયકભાવના લક્ષમાં વર્તમાન જ્ઞાનની પરિણતિથી '**સ્વસંવેદનજ્ઞાની હૈં, વહ નિજ શુદ્ધાત્મતત્ત્વમેં ઇન ધર્મોંકો નહીં લગાતા,...**' ત્રિકાળી ભગવાન આનંદના નાથમાં આ વર્ણ, ગંધ, રસ ને ક્ષત્રિય આદિને જોડતા નથી. આહાહા..! '**અર્થાત્ ઉનકો અપને નહીં સમજતા હૈ.**' આહાહા..! એ ૮૬ થઈ. ૮૭.

अथ –

८७) अप्पा बंभणु वइसु ण वि ण वि खत्तिउ ण वि सेसु।
पुरिसु णउंसउ इत्थि ण वि णाणिउ मुणइ असेसु।।८७।।

आत्मा ब्राह्मणः वैश्यः नापि नापि क्षत्रियः नापि शेषः।
पुरुषः नपुंसकः स्त्री नापि ज्ञानी मनुते अशेषम्।।८७।।

अप्पा बंभणु वइसु ण वि ण वि खत्तिउ ण वि सेसु पुरिसु णउंसउ इत्थि ण वि आत्मा ब्राह्मणो न भवति वैश्योऽपि नैव नापि क्षत्रियो नापि शेषः शूद्रादिः पुरुषनपुंसकस्त्रीलिङ्गरूपोऽपि नैव। तर्हि किंविशिष्टः। णाणिउ मुणइ असेसु ज्ञानी ज्ञानस्वरूप आत्मा ज्ञानी सन्। किं करोति। मनुते जानाति। कम्। अशेषं वस्तुजातं वस्तुसमूहमिति। तद्यथा। यानेव ब्राह्मणादिवर्णभेदान् पुंल्लिङ्गादिलिङ्गभेदान् व्यवहारेण परमात्मपदार्थादभिन्नान् शुद्धनिश्चयेन भिन्नान् साक्षाद्धेयभूतान् वीतरागनिर्विकल्पसमाधिच्युतो बहिरात्मा स्वात्मनि योजयति तानेव तद्विपरीत-भावनारतोऽन्तरात्मा १स्वशुद्धात्मस्वरूपेण योजयतीति तात्पर्यार्थः।।८७।।

---

आगे ब्राह्मणादि वर्ण आत्माके नहीं हैं, ऐसा वर्णन करते हैं –

**गाथा – ८७**

अन्वयार्थ :– [ आत्मा ] आत्मा [ ब्राह्मणः वैश्यः नापि ] ब्राह्मण नहीं है, वैश्य नहीं है, [ क्षत्रियः नापि ] क्षत्री भी नहीं है, [ शेषः ] बाकी शुद्र भी [ नापि ] नहीं है, [ पुरुषः नपुंसकः स्त्री नापि ] पुरुष, नपुंसक, स्त्रीलिंगरूप भी नहीं है, [ ज्ञानी ] ज्ञानस्वरूप हुआ [ अशेषम् ] समस्त वस्तुओंको ज्ञानसे [ मनुते ] जानता है।

भावार्थ :– जो ब्राह्मणादि वर्ण–भेद हैं, और पुरुष लिंगादि तीन लिंग हैं, वे यद्यपि व्यवहारनयकर देहके सम्बन्धसे जीवके कहे जाते हैं, तो भी शुद्धनिश्चयनयकर आत्मासे भिन्न हैं, और साक्षात् त्यागने योग्य हैं, उनको वीतरागनिर्विकल्पसमाधिसे रहित मिथ्यादृष्टि जीव अपने जानता है, और उन्हींको मिथ्यात्वसे रहित सम्यग्दृष्टि जीव अपने नहीं समझता। आपको तो वह ज्ञानस्वभावरूप जानता है।।८७।।

## ગાથા-૮૭ ઉપર પ્રવચન

'આગે બ્રાહ્મણાદિ વર્ણ આત્માકે નહીં હૈ, ઐસા વર્ણન કરતે હૈં :-'

८७) अप्पा बंभणु वइसु ण वि ण वि खत्तिउ ण वि सेसु।
पुरिसु णउंसउ इत्थि ण वि णाणिउ मुणइ असेसु।।८७।।

**અન્વયાર્થ :-** ભગવાનઆત્મા '**બ્રાહ્મણ નહીં હૈ, વૈશ્ય નહીં હૈ,...**' એ તો બધા દેહના ધર્મ છે. આહાહા..! '**વૈશ્ય નહીં હૈ, ક્ષત્રીય ભી નહીં હૈ, બાકી શુદ્ર ભી નહીં હૈ, પુરુષ, નપુંસક, સ્ત્રીલિંગરૂપ ભી નહીં હૈ,...**' આહાહા..! '**જ્ઞાનસ્વરૂપ હુઆ સમસ્ત વસ્તુઓંકો જ્ઞાનસે જાનતા હૈ.**' બસ. આહાહા..! આ એનું સ્વરૂપ છે. બધાને જાણે છે. આહાહા..!

ભાવાર્થ :- '**જો બ્રાહ્મણાદિ વર્ણ-ભેદ હૈ, ઔર પુરુષ લિંગાદિ તીન લિંગ હૈં, વે યદ્યપિ વ્યવહારનયકર દેહકે સંબંધસે જીવકે કહે જાતે હૈં, તો ભી શુદ્ધનિશ્ચયનયકર આત્માસે ભિન્ન હૈં, આહાહા..! ઔર સાક્ષાત્ ત્યાગને યોગ્ય હૈં,...**' ભાષા જુઓ! સંસ્કૃત ટીકામાં છે. વર્ણ જાતિ હું ક્ષત્રિય છું ને બ્રાહ્મણ છું ને વાણિયો છું, એ સાક્ષાત્ ત્યાગવા યોગ્ય છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિને અંતર સ્વરૂપનો આશ્રય કરીને એ બ્રાહ્મણ આદિની જાતને ત્યાગવા યોગ્ય છે, સર્વથા ત્યાગવા યોગ્ય છે. આહાહા..! છે? વ્યવહારનયથી કહ્યા છે. '**શુદ્ધનિશ્ચયનયકર આત્માસે ભિન્ન હૈં, ઔર સાક્ષાત્ ત્યાગને યોગ્ય હૈં,...**'

'**ઉનકો વીતરાગનિર્વિકલ્પસમાધિસે રહિત, આહાહા..! મિથ્યાદૃષ્ટિ જીવ અપને જાનતા હૈ,...**' મિથ્યાદૃષ્ટિ, જેને વીતરાગનિર્વિકલ્પ સમ્યગ્દૃષ્ટિ નથી, એ હું બ્રાહ્મણ છું ને હું ક્ષત્રિય છું ને હું પુરુષ છું ને સ્ત્રી છું, હું નપુંસક છું એમ અજ્ઞાની માને છે. આહાહા..! '**ઔર ઉન્હીંકો મિથ્યાત્વસે રહિત સમ્યગ્દૃષ્ટિ જીવ અપને નહીં સમઝતા. આપકો તો વહ જ્ઞાનસ્વભાવરૂપ જાનતા હૈ.**' ધર્મીજીવ તો પોતાને જ્ઞાનસ્વરૂપ જ જાણે છે, બસ. રાગથી નહિ, વર્ણથી નહિ, ગંધથી નહિ, વર્ણ નામ બ્રાહ્મણ, ક્ષત્રિયથી નહિ. એ મારી ચીજ જ નથી ને. એ તો જડની ચીજ છે. આહાહા..! સમજાય છે કાંઈ? હવે જરી ૮૮ (ગાથા) આકરી છે.

---

अथ –

८८) अप्पा वंदउ खवणु ण वि अप्पा गुरउ ण होइ।
अप्पा लिंगिउ एक्कु ण वि णाणिउ जाणइ जोइ।।८८।।

आत्मा वन्दकः क्षपणः नापि आत्मा गुरवः न भवति।
आत्मा लिङ्गी एकः नापि ज्ञानी जानाति योगी।।८८।।

आत्मा वन्दको बौद्धो न भवति, आत्मा क्षपणको दिगम्बरो न भवति, आत्मा

गुरवशब्दवाच्यः श्वेताम्बरो न भवति। आत्मा एकदण्डित्रिदण्डिहंसपरमहंससंज्ञाः संन्यासी शिखी मुण्डी योगदण्डाक्षमालातिलककुलकघोषप्रभृतिवेषधारी नैकोऽपि कश्चिदपि लिङ्गी न भवति। तर्हि कथंभूतो भवति। ज्ञानी। तमात्मानं कोऽसौ जानाति योगी ध्यानीति। तथाहि–यद्यप्यात्मा व्यवहारेण वन्दकादिलिङ्गी भण्यते तथापि शुद्धनिश्चयनयेनैकोऽपि लिङ्गी न भवतीति। अयमत्र भावार्थः। देहाश्रितं १द्रव्यलिङ्गमुपचरितासद्भूतव्यवहारेण जीवस्वरूपं भण्यते, वीतरागनिर्विकल्पसमाधिरूपं भावलिङ्गं तु यद्यपि शुद्धात्मस्वरूपसाधकत्वादुपचारेण शुद्धजीवस्वरूपं भण्यते, तथापि सूक्ष्मशुद्धनिश्चयेन न भण्यत इति।।८८।।

---

आगे वंदक क्षपणकादि भेद भी जीवके नहीं हैं, ऐसा कहते हैं –

**गाथा – ८८**

अन्वयार्थ :– [ आत्मा ] आत्मा [ वन्दकः क्षपणः नापि ] बौद्धका आचार्य नहीं है, दिगंबर भी नहीं है, [ आत्मा ] आत्मा [ गुरवः न भवति ] श्वेताम्बर भी नहीं है, [ आत्मा ] आत्मा [ एकः अपि ] कोई भी [ लिंगी ] वेशका धारी [ न ] नहीं है, अर्थात् एकदंडी, त्रिदंडी, हंस, परमहंस, सन्यासी, जटाधारी, मुंडित, रुद्राक्षकी माला, तिलक, कुलक, घोष वगैरेः भेषोंमें कोई भी भेषधारी नहीं है, एक [ ज्ञानी ] ज्ञानस्वरूप है, उस आत्माको [ योगी ] ध्यानी [ मुनि ] ध्यानारूढ़ होकर [ जानाति ] जानता है, ध्यान करता है।

भावार्थ :– यद्यपि व्यवहारनयकर यह आत्मा वंदकादि अनेक भेषोंको धरता है, तो भी शुद्धनिश्चयनयकर कोई भी भेष जीवके नहीं है, देहके है। यहाँ देहके आश्रयसे जो द्रव्यलिंग है, वह उपचरितासद्भूतव्यवहारनयकर जीवका स्वरूप कहा जाता है, तो भी निश्चयनयकर जीवका स्वरूप नहीं है। क्योंकि जब देह ही जीवकी नहीं, तो भेष कैसे हो सकता है? इसलिये द्रव्यलिंग तो सर्वथा ही नहीं है, और वीतरागनिर्विकल्पसमाधिरूप भावलिंग यद्यपि शुद्धात्मस्वरूपका साधक है, इसलिये उपचारनयकर जीवका स्वरूप कहा जाता है, तो भी परमसूक्ष्म शुद्धनिश्चयनयकर भावलिंग भी जीवका नहीं है। भावलिंग साधनरूप है, वह भी परम अवस्थाका साधक नहीं है ।।८८।।

---

હવે (વંદક, ક્ષપણાદિક ભેદ પણ જીવના નથી એમ કહે છે) :

ભાવાર્થ :- જો કે આત્માને વ્યવહારનયથી વંદકાદિ લિંગી કહેવામાં આવે છે તોપણ શુદ્ધનિશ્ચયનયથી કોઈ પણ લિંગ (વેશ) જીવને નથી.

અહીં, એ ભાવાર્થ છે કે દેહાશ્રિત દ્રવ્યલિંગને ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી જીવનું સ્વરૂપ કહેવામાં આવે છે અને વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ ભાવલિંગ જો કે શુદ્ધાત્મસ્વરૂપનું સાધક હોવાથી ઉપચારથી શુદ્ધ જીવનું સ્વરૂપ કહેવામાં આવે છે તોપણ તેને સૂક્ષ્મશુદ્ધનિશ્ચયનયથી શુદ્ધ જીવનું સ્વરૂપ કહેવામાં આવતું નથી. ૮૮.

## ગાથા-૮૮ ઉપર પ્રવચન

**૮૮) अप्पा वंदउ खवणु ण वि अप्पा गुरउ ण होइ।**
**अप्पा लिंगिउ एक्कु ण वि णाणिउ जाणइ जोइ।।८८।।**

**અન્વયાર્થ :- 'આત્મા બૌદ્ધકા આચાર્ય નહીં હૈ, આહાહા..! દિગંબર (ગુરુ પણ આત્મા) નહીં હૈ,...'** દિગંબરના ગુરુ આચાર્ય. આહાહા..! **'આત્મા શ્વેતાંબર ભી નહીં હૈ,...'** ગુરુ શબ્દ પડ્યો છે ને? આહા..! **'આત્મા કોઈ ભી વેશકા ધારી નહીં હૈ,...'** ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા, જે સમ્યગ્દર્શનનો વિષય, એમાં આ કોઈ ચીજ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? **'એકદંડી, ત્રિદંડી,...'** અન્યમતમાં આવે છે ને? **'હંસ, પરમહંસ, સન્યાસી, જટાધારી, મુદ્રિત, રુદ્રાક્ષકી માલા, તિલક, કુલક, ઘોષ વગૈરે ભેષોંમેં કોઈ ભી ભેષધારી નહીં હૈ,...'** આહાહા..! કોઈપણ ભેખ ભગવાનઆત્માનો નહિ. આહાહા..! હું નગ્ન દિગંબર છું. એ તો જડની દશા છે. નગ્નદશા તો જડની છે, શરીરની છે, એમાં આત્મા ક્યાં આવ્યો? આહાહા..! સમજાણું કાંઈ? લ્યો, શ્વેતાંબરમાં તો ત્યાં સુધી કહે છે, જુઓ! ભાઈ! આ ગોછા. ઓઘા હોય છે ને? આ ઓઘા એ સાધુપણાનું કારણ છે. એમ કહે છે. ઓઘો નહિ? ઊનનો હોય છે ને. આટલું નાનું પુંજવા માટે. રજોહરણ સ્થાનકવાસીમાં હોય છે. લાંબી લાકડી. અને આને ટુંકી લાકડી. એ ત્રણ કાંખમાં રાખે. એને ઓઘા કહે છે. સ્થાનકવાસીમાં રજોહરણ કહે છે. નાના ઊનાને ગોછા કહે છે. એ તો જડ છે. ખરેખર તો ઊનની વસ્તુ ખપે નહિ.

અહીંયાં તો કહે છે, હું મોરપીંછી (ધારક) છું, મારી નગ્નદશા છે, એ મૂઢ છે. આત્મામાં એ ચીજ ક્યાંથી આવી? એ તો પરચીજ છે. આહાહા..! કોઈપણ ભેષધારી નથી. આહાહા..! **'જ્ઞાનસ્વરૂપ હૈ ઉસ આત્માકો ધ્યાની...' 'મુનિ'** આહાહા..! શું કહે છે? એ તો અંતરમાં રાગથી રહિત થઈને જ્યારે અંદર ધ્યાન કરે છે ત્યારે ખ્યાલમાં આવે છે, એમ કહે છે. ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ પરમાત્મા બધા દેહમાં બિરાજે છે. આહાહા..! એના તરફ ધ્યાન (કરવાથી જણાય છે). એમ નથી કહેતા કે ધ્યાનમાં તો લે, ધ્યાન રાખ, ધ્યાન રાખ, એમ નથી કહેતા? એનો અર્થ પહેલું ધ્યાન રાખનો અર્થ જ્ઞાનમાં લક્ષ દે. પછી ધ્યાન રાખનો અર્થ અંદરમાં ધ્યાન કર. સમજાય છે કાંઈ? ધ્યાનમાં લક્ષમાં પહેલા લે કે આત્મા શરીરથી, વર્ણથી, ગંધથી, વેદથી ભિન્ન છે. એમ જ્ઞાનમાં ખ્યાલમાં લે. એ ધ્યાન રાખ. અને પછી અંદરમાં ધ્યાન કર. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- આંખ મીંચીને બેસે તો..

ઉત્તર :- આંખ મીંચીને બેસે એમાં ડાળિયા શું થયા? આંધળા આંખ્યું મીંચીને બેસે છે, એને આંખ્યું નથી. આંખ મીંચીને બેસે તો અંદર કાળુ, ધોળુ લાગે. એ તો જડ છે.

લાલપ દેખાય. આંખ ભીંસે ને તો લાલ દેખાય, એ તો જડ છે. આત્મા એવો નથી. અને કોઈ વખતે એવું ધોળું ધોળું દેખાય. એ તો રંગ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા પોતાના જ્ઞાનસ્વરૂપથી જણાય છે. છે? '**ધ્યાની...**' '**मुनि**' '**ધ્યાનારૂઢ હોકર જાનતા હૈ,...**' ભાષા શું કરે છે? આ 'પરમાત્મપ્રકાશ'ની શૈલી એવી છે કે જ્યારે પોતાની જ્ઞાનપરિણતિને જ્ઞાયક સાથે જોડી દીધી તો એ વખતે ખ્યાલમાં આવે છે. આહાહા..! આકરી વાત, ભાઈ! ધર્મ બહુ સૂક્ષ્મ છે. લોકોએ બહારથી આમ માની બેઠા. ભક્તિ ને વ્રત ને તપ ને દાન ને પૂજા ને જાત્રા ને... ધૂળેય ધર્મ નથી. સાંભળ તો ખરો. આહાહા..! ધૂળેય નથીનો અર્થ શું? કે એમાં તો પુણ્યાનુબંધી પુણ્ય પણ નથી. ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્યબિંબ ચૈતન્યસૂર્ય, ચૈતન્યના નુરના તેજનું પુર છે.

જેમ પાણીનું પુર આવે ને? નદીમાં ઘોડાપુર આવે છે. સમજાય છે કાંઈ? અમારા જન્મસ્થાનમાં તો ઘોડાપુર બહુ આવે છે. 'ઉમરાળા'માં કાળુભાર નદી છે. મોટી નદી-દરિયો. પચ્ચીસ કોષ દૂરથી જળ આવતું હોય.. અમે તો નાની ઉંમરમાં નદીમાં રમતા. વૃદ્ધ માણસ બહારથી પોકાર કરે, એ.. ઘોડાપુર આવે છે. ઘોડાપુરનો અર્થ સમજ્યા? પાણીનું પુર આટલું આટલું. ઘોડા જેટલા ઊંચું. કેમકે વીસ-પચ્ચીસ ઈંચ વરસાદ થયો હોય અને બધા નહેરા, નદીનું પાણી ભેગું થઈને પુર આવતું. આટલું દળ, હોં! આટલું દળ. એકદમ આવે. છોકરાઓને પોકાર કરીને કહે, નીકળી જાઓ, ઘોડાપુર આવે છે.

એમ આત્મા તો આનંદનું પુર, ઘોડાપુર આત્મા છે. સમજાય છે કાંઈ? જ્ઞાનના નુરનું પુર પ્રભુઆત્મા. અરે..! ક્યાં એણે કોઈ દિ' સાંભળ્યું નથી. ધર્મ શું અને ધર્મ કરનારો કેવો છે. સમજાય છે કાંઈ? આહાહા..! કહે છે, જ્ઞાનસ્વરૂપ આત્માને ધ્યાની મુનિ ધ્યાનારૂઢ થઈને જાણે છે. આહાહા..! જેની દૃષ્ટિ ધ્યાતા ઉપર ગઈ, પૂર્ણાનંદનો નાથ પ્રભુ ધ્રુવ ચીજ છે, અનાદિઅનંત છે, અકૃત્રિમ-નહિ કરાયેલી ચીજ છે, નહિ પરિણમતી ચીજ છે. આહાહા..! સમજાય છે કાંઈ? પરિણમે છે એ તો પર્યાય વ્યવહાર છે. આહાહા..! એ તો નહિ પરિણમનારી કૂટસ્થ ધ્રુવ નિત્ય ધ્રુવ દળ આત્મદળ છે. આહાહા..! એના ધ્યેયના કાળે ધ્યાનમાં લક્ષમાં આવે છે. ધ્યાનના કાળે એનો અનુભવ થાય છે. ધ્યાનના કાળે એ શું છે એ જણાય છે, એમ કહે છે. આહાહા..! આહાહા..! હજી તો થોડી સૂક્ષ્મ વાત કરશે, હોં! આહા..!

'**ધ્યાન કરતા હૈ.**' '**ધ્યાનારૂઢ હોકર જાનતા હૈ, ધ્યાન કરતા હૈ.**' એને ખ્યાલમાં આવે છે. આહાહા..! જેણે જ્ઞાનની પરિણતિ જ્ઞાનાનંદ સ્વભાવ તરફ જોડી દીધી. આહાહા..! અથવા ધ્યાનમાં લાગી ગયો, બહારની બધી ચીજ ભૂલી ગયો. વિકલ્પને પણ ભૂલી ગયો. આહા..! માર્ગ આવો છે, ભગવાન! લોકોએ માર્ગને સ્થૂળ કરી નાખ્યો. આ ભક્તિ કરવી, વ્રત કરવા, તપસ્યા કરવી ને એ ધર્મ. ધૂળેય ધર્મ નથી. એ તો અભવી પણ એવું તો કરે છે. સમજાય છે કાંઈ? શાસ્ત્ર બનાવવા, શાસ્ત્રનો ઉપદેશ કરવો એ બધું ધર્મ છે. ધૂળેય ધર્મ નથી. મંદિર બનાવવા. પાંચ-પાંચ લાખ, દસ-દસ લાખ, પંદર લાખના. આ 'બેંગલોર'માં હમણાં

બાર લાખનું બનાવ્યું ને? ગયા વર્ષે અમે ગયા હતા ને. બાર લાખનું દિગંબર મંદિર, હોં!

મુમુક્ષુ :- બાર લાખનું હોય તો પણ ધર્મ તો થાય નહીં.

ઉત્તર :- એ વખતે પણ લોકોને કહ્યું હતું, શુભભાવ છે. મંદિર બને છે એ તો જડ પરમાણુથી બને છે. એ મંદિર આત્મા બનાવી શકે એ ત્રણકાળમાં નથી. આહાહા..! બે શેઠિયાઓએ પૈસા આપ્યા હતા. 'જુગરાજજી'એ ચાર લાખ આપ્યા હતા. સ્થાનકવાસી કરોડપતિ છે. અહીંનું માનનારા છે. અને એક 'ભભુતમલ' છે, બેય કરોડપતિ છે. એણે આઠ લાખ (આપ્યા). બાર લાખ. કાલે કહ્યું હતું ને? બાર લાખ. આઠ લાખ ખર્ચ્યા અને સોળ દિવસમાં ચાલીસ લાખ વધી ગયા. ભાવ વધી ગયો ને? ભાવ. બે કરોડનું સ્ટીલ હતું એમાં ભાવ વધી ગયા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એમાં ધૂળમાંય કાંઈ નથી. કીધું, આ બાર લાખનું મંદિર બનાવ્યું માટે ધર્મ થશે અને ભગવાનના દર્શન કરનારને ધર્મ થશે, એમ નથી. એ.. શેઠ! 'બેંગલોર' આવ્યા હતા કે નહિ? આહાહા..! ઈ શુભભાવ છે. ભાઈ! ભગવાનઆત્મા તો પોતાના જ્ઞાનસ્વભાવના ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. એ આવી બાહ્યક્રિયાથી પ્રાપ્ત નથી થતો. આહા..! સમ્યગ્દૃષ્ટિને અંતર સ્વરૂપના ધ્યાન કાળે પર્યાયમાં એ પૂર્ણાનંદનો નાથ અનુભવમાં આવે છે. એ જ્ઞાનથી જાણવામાં આવે છે. કોઈ શુભરાગથી કે દેવદર્શનથી.. આહાહા..! ઘણા શાસ્ત્ર બનાવ્યા માટે તેનાથી આત્માના દર્શન થશે એમ નથી. સમજાય છે કાંઈ? એમ કહે છે ને કે શાસ્ત્ર આપો તો જ્ઞાનાવરણીનો ક્ષય થાય છે. એ તો શુભભાવ છે. એટલો કદાચિત્ પરલક્ષી ક્ષયોપશમ હોય. નિજ સ્વભાવ, બાપુ! આકરી વાત, નાથ! આહાહા..!

ત્રણલોકનો નાથ પૂર્ણાનંદ પ્રભુ, ત્રણલોકનું તિલક. આહાહા..! આવો ભગવાન ધ્યાનમાં નામ અંતર્મુખ થઈને ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. આહાહા..! એ તો કહ્યું ને? 'દ્રવ્યસંગ્રહ'ની ૪૭ ગાથા. ચાર અને સાત. 'દ્રવ્યસંગ્રહ' છે, 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી'. **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा'** આહાહા..! ત્યાં આનંદની વીણા વાગે, કહે છે. ભગવાનના ધ્યાનમાં અને સમ્યગ્દર્શનના ધ્યેયમાં જ્યારે આત્માને લીધો ત્યાં પર્યાયમાં આનંદની વીણા વાગે છે. સમજાય છે કાંઈ? એ આનંદની દશામાં આનંદનો નાથ ધ્યાનમાં આવે છે. **'दुविहं पि मोक्खहेउं'** બે પ્રકારના મોક્ષના કારણ ધ્યાનમાં પ્રાપ્ત થાય છે, એમ કહ્યું છે. 'દ્રવ્યસંગ્રહ'. પંડિતજી! એનો તો લોકોને ઘણો અભ્યાસ છે. ચાર અને સાત. અહીં 'દ્રવ્યસંગ્રહ' નથી.

**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।**
**तह्मा पयत्तचित्ता जूयं झाणं समब्भसह।।४७।।**

**'મુનિ નિયમથી બન્ને પ્રકારનાં પણ મોક્ષના કારણોને ધ્યાનથી પ્રાપ્ત કરે છે.'** આ 'દ્રવ્યસંગ્રહ' સાધારણ બધાને અભ્યાસ હોય છે. 'અમરચંદભાઈ'! પાઠશાળામાં ભણાવે પણ

ખબર ન મળે. આહાહા..! બંને મોક્ષના કારણ આ પ્રકારે છે. નિશ્ચય રત્નત્રય સ્વરૂપ નિશ્ચય મોક્ષનું કારણ નિશ્ચય મોક્ષમાર્ગ. નિશ્ચય રત્નત્રય નિશ્ચય મોક્ષ કારણ-નિશ્ચય મોક્ષમાર્ગ અને વ્યવહાર રત્નત્રય વ્યવહાર મોક્ષહેતુ વ્યવહાર મોક્ષમાર્ગ. બંનેને પહેલા સાધ્ય સાધક ભાવથી નિશ્ચય મોક્ષમાર્ગ સાધ્ય છે અને વ્યવહાર મોક્ષમાર્ગ સાધક છે, પણ એ બધું ધ્યાનમાં આવે છે. સમજાય છે કાંઈ? આહાહા..! અંતરમાં ધ્યાન કરવાથી... અહીં કહ્યું ને? ધ્યાનીને ધ્યાનમાં આત્મા (જણાય છે). આહાહા..! જુઓ! અહીં તાકડે આ આવ્યું છે. આહાહા..! તાકડે એટલે શું કહે છે? મૌકે પર. ઈ બરાબર. સમજાય છે કાંઈ? શું કહે છે? આહાહા..!

૮૮ ચાલે છે ને? આહા..! ધ્યાની મુનિ અથવા ધ્યાની આત્મા. આ તો ત્રણ રત્નત્રય સાથે લેવું છે એટલે મુનિ લીધા. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર નિશ્ચય મોક્ષમાર્ગ અથવા નિશ્ચય રત્નત્રયરૂપ અને વ્યવહાર રત્નત્રયરૂપ વ્યવહાર મોક્ષમાર્ગ, બંને ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. આહાહા..! જે અંતરમાં આનંદના નાથની અનુભવ દશા થઈ એ દશા તો નિશ્ચય રત્નત્રય અને સાથે અબુદ્ધિપૂર્વકનો રાગ રહ્યો એને વ્યવહાર મોક્ષનો આરોપ દઈને વ્યવહાર માર્ગ છે એમ કહેવામાં આવ્યું. સમજાય છે કાંઈ? પણ '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि**' એમ એમાં છે. આહા..! અહીં એ કહ્યું ને? ધ્યાની મુનિ '**ધ્યાનારૂઢ હોકર જાનતા હૈ,...**' આહાહા..!

**ભાવાર્થ :-** '**યદ્યપિ વ્યવહારનયકર યહ આત્મા વંદકાદિ અનેક ભેષોંકો ધારતા હૈ,...**' વંદનાદિક એટલે ક્ષપણ દિગંબર, શ્વેતાંબર આદિ. '**તો ભી શુદ્ધ નિશ્ચયનયકર કોઈ ભી ભેષ જીવકે નહીં હૈ,...**' આહા..! અલિંગગ્રહણમાં તો એમ લીધું છે.. સમજાય છે કાંઈ? સત્તરમો બોલ. મુનિ-યતિનું બાહ્ય લિંગ સ્વરૂપમાં નથી. યતિનું બાહ્ય લિંગ. બાહ્ય નામ પંચ મહાવ્રત અને નગ્નપણું એ સ્વરૂપમાં નથી. આહાહા..! એને અલિંગગ્રહણ કહે છે. હવે અહીં તો એથી આગળ વિશેષ લેશે. સમજાય છે કાંઈ? આહાહા..! હવે હજી આગળ વધશે.

'**વ્યવહારનયકર યહ આત્મા વંદનાદિક..**' એટલે દિગંબર આદિ '**ભેષોંકો ધરતા હૈ, તો ભી શુદ્ધનિશ્ચયનયકર કોઈ ભી ભેષ જીવકે નહીં હૈ, દેહકે હૈં.**' નગ્નપણું એ તો જડ છે. નગ્નપણું આત્મા થઈ ગયો? અમે મુનિ છીએ, નગ્ન છીએ. અરે..! નગ્નપણું એ તો જડની પર્યાય, આ તો માટીની-ધૂળની છે. સમજાય છે કાંઈ? આહાહા..! દેહના છે, જીવના નહિ. '**યહાં દેહકે આશ્રયસે જો દ્રવ્યલિંગ હૈ, વહ ઉપચરિતસદ્ભુતવ્યવહારનયકર જીવકા સ્વરૂપ કહા જાતા હૈ.**' શું કહે છે? પંચ મહાવ્રતના વિકલ્પ અને નગ્નપણું આદિ ઉપચરિતઅસદ્ભુત વ્યવહારનય(થી કહેવાય છે). એટલે પોતામાં નથી પણ ઉપચારથી, વ્યવહારથી કહેવામાં આવે છે. આહાહા..! '**તો ભી નિશ્ચયનયકર જીવકા સ્વરૂપ...**' નથી. આહાહા..!

અલિંગગ્રહણમાં ૧૭ બોલમાં એ લીધું છે. યતિનું બાહ્ય લિંગ સ્વરૂપમાં નથી. પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ, એ તો વિકલ્પ છે, આસ્રવ છે અને દેહની અવસ્થા એ તો અજીવ જડની છે. જડની અવસ્થા અને આસ્રવ સ્વરૂપમાં નથી. આહાહા..!

સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ, એમાં એ કોઈ ભેખ નથી. મહાવ્રત આદિના પરિણામ પણ એમાં નથી. આહાહા..! હવે થોડું વિશેષ લે છે. એ થઈ ગયું.

'**ક્યોંકિ જબ દેહ હી જીવકી નહીં, તો ભેષ કૈસે હો સકતા હૈ?**' આહાહા..! '**ઈસલિયે દ્રવ્યલિંગ તો સર્વથા હી નહીં હૈ,...**' પંચ મહાવ્રત આદિના વિકલ્પ, અઠ્ઠાવીસ મૂળગુણ એ તો સર્વથા ભગવાનમાં નથી. એ તો વિકલ્પ આસ્રવ ને રાગ છે. આહાહા..! સમજાય છે કાંઈ? હવે સૂક્ષ્મ લ્યે છે. '**ઔર વીતરાગનિર્વિકલ્પસમાધિરૂપ ભાવલિંગ...**' જુઓ! આહાહા..! નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય સ્વસંવેદનજ્ઞાન, નિશ્ચય સ્વરૂપની રમણતા-ચારિત્ર એ વીતરાગ નિર્વિકલ્પ સમાધિ છે. રાગ વિનાની શાંતિ, આનંદનું એ રૂપ છે. મોક્ષનો માર્ગ પર્યાયમાં. આહાહા..! '**ભાવલિંગ યદ્યપિ શુદ્ધાત્મસ્વરૂપકા સાધક હૈ,...**' શુદ્ધાત્મસ્વરૂપ મોક્ષની પ્રાપ્તિનું એ ભાવલિંગ સાધક છે. આહાહા..! જુઓ! કેટલી સિદ્ધિ કરી! પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપી મુક્તિ, જેમાં અનંત આનંદનો લાભ થાય એવી મુક્તિ, જેમાં અનંત શાંતિનો લાભ થાય એવી મુક્તિ, એ નિર્વિકલ્પ વીતરાગી સમાધિ એનું સાધક છે. વ્યવહાર-ફ્યવહાર સાધક નથી પહેલા એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

'**વીતરાગનિર્વિકલ્પસમાધિરૂપ...**' અભેદ શાંતિ.. શાંતિ.. શાંતિ. કેમકે શાંત, નિર્વિકલ્પ શાંતસ્વરૂપ ભગવાનઆત્મા (છે). જેવી નિર્વિકલ્પ વીતરાગી શાંતિ સાધક પર્યાય, મોક્ષની સાધક છે પણ વસ્તુ જ નિર્વિકલ્પ શાંતરસથી પૂર્ણ પ્રભુ છે. આહાહા..! અભેદ અકષાય વીતરાગ સ્વભાવથી ભરપુર પ્રભુ, એના આશ્રયે મોક્ષમાર્ગની પર્યાય (પ્રગટ થાય), જેમાં શુદ્ધ ભગવાન સમીપ છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે નિશ્ચયનો માર્ગ, જે મોક્ષની સાધક દશા છે એ સાધક દશામાં ભગવાન પૂર્ણાનંદ સમીપ છે. રાગમાં દૂર હતો, એ સમ્યગ્દર્શન, જ્ઞાનમાં સમીપ આવ્યો આત્મા. આહાહા..! સમજાય છે કાંઈ? વ્યવહાર રત્નત્રય એ રાગ છે. રાગથી તો ભગવાન દૂર હતો. આહાહા..! સમજાય છે કાંઈ? અંતરમાં રાગરહિત વીતરાગ શાંતિની પરિણતિ-સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, જે વાસ્તવિક મોક્ષનો સાધક-ઉપાય, એ '**શુદ્ધાત્મસ્વરૂપકા સાધક હૈ, ઈસલિયે ઉપચારનયકર જીવકા સ્વરૂપ કહા જાતા હૈ,...**' પર્યાય છે ને? તો પર્યાય એ વ્યવહાર છે. આહાહા..! ઉપચાર છે. સમજાય છે કાંઈ? દેહાદિ તો નહિ, વાણી આદિ નહિ અને દયા, દાન વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ પણ નહિ, એ તો સાધક છે જ નહિ, પણ ત્રિલોકનાથ પરમાત્મા જ્ઞાનની પર્યાયમાં જે ભાસ-એનો અનુભવ થાય છે, એવી જે જ્ઞાનની પર્યાય, જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, નિર્વિકલ્પ શાંતિ વીતરાગરૂપ દશા, એ આત્માની ઉપચારથી કહેવાય છે. કેમકે એ પર્યાય છે. પર્યાય એ વ્યવહાર છે, ત્રિકાળી દ્રવ્ય તે નિશ્ચય છે. આહાહા..! પ્રભુ! તારી દૃષ્ટિ ત્યાં ઠરવી જોઈએ, કહે છે. એ દૃષ્ટિ અંદરમાં ઠરે તો એ દૃષ્ટિ પર્યાય છે, એ પણ વ્યવહાર છે. આહાહા..! ઉપચારથી આત્માની કહેવાય છે. એ પર્યાય દ્રવ્યની છે એમ ઉપચારથી કહેવાય છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- પરિચય જોઈએ.

ઉત્તર :- બહુ પરિચય જોઈએ.

આ દેહ, વર્ણ, જ્ઞાતી ક્ષત્રિય એ તો નહિ, નહિ ને નહિ જ. વ્યવહાર રત્નત્રય જે વિકલ્પ આવે છે એ પણ નહિ, એ તો અસદ્ભુતવ્યવહારનયમાં જાય છે. હવે ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યઘન પૂર્ણ આનંદપિંડ, એની સમીપ જઈને જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર નિર્મળ વીતરાગી પર્યાય મોક્ષની સાધક પર્યાય ઉત્પન્ન થઈ, એ સાધક પર્યાય જીવની છે એ પણ ઉપચારથી છે. આહાહા..! તો પછી આ બાયડી, છોકરા, પૈસા ને ધૂળધમાહા તો ઘણું દૂર છે. ન્યાં જશે તો નજીક થશે. બાપુજી.. બાપુજી કરશે, લ્યો! આહાહા..! એ તો દૂર જ છે. ત્યાં જાય તોય દૂર છે અને અહીં હોય તોય દૂર છે. માને ભલે ગમે તે રીતે. આહાહા..!

મુમુક્ષુ :- એ તો જ્ઞાનની પરાકાષ્ટા છે.

ઉત્તર :- પરાકાષ્ટા છે. આ ભેદજ્ઞાનની ગાથા છે ને. આહાહા..!

કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. પ્રભુ! આવું મનુષ્યપણું મળ્યું અને આ મનુષ્યના દેહમાં આત્માનું શું કરવું? આહાહા..! કહે છે કે જે પોતાનું શુદ્ધ ચૈતન્યઘન દ્રવ્ય સચ્ચિદાનંદ પ્રભુ, સચ્ચિદાનંદ પ્રભુ-સત્-શાશ્વત-ચિદ્ અને આનંદનો ઘન પ્રભુ, એના ધ્યાનમાં જે પર્યાય ઉત્પન્ન થાય છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અર્થાત્ વીતરાગી શાંતિ અથવા વીતરાગી સમાધિ, સમાધિ કહો કે શાંતિ કહો, એ વીતરાગ સમાધિ મોક્ષની સાધક છે. પૂર્ણાનંદની પ્રાપ્તિ મોક્ષ, એની એ સાધક છે. એ સાધક પર્યાય આત્માની છે એ ઉપચારથી કહેવાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભાગ્યવાનને કાને પડે એવી વાત છે આ તો. આહાહા..! અરે..! કદી સાંભળ્યું નથી અને અમે ધર્મ કરીએ છીએ. અરે..! ધૂળેય નથી. આહાહા..! જિંદગી ચાલી જાય, પ્રભુ! અને જેટલો સમય જાય છે તેટલો મૃત્યુની સમીપ જાય છે. આહાહા..! આ જાણે કે મોટા થાય છે. ભગવાન કહે છે, દેહની સ્થિતિ પૂરી થવાની નક્કી છે. એ સમય ઈ તરફ જાય છે. આહા..! એમાં કરવાનું તો આ છે, નાથ! આહાહા..! એ વિષયમાં સુખ નથી, લક્ષ્મીમાં સુખ નથી, આબરૂમાં સુખ નથી, પાપમાં સુખ નથી, પુણ્યમાં સુખ નથી. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પુણ્ય એમાં સુખ નથી, એ તો રાગ છે. વ્યવહાર રત્નત્રયમાં સુખ નથી. આહાહા..!

આનંદનો નાથ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એ તરફ સન્મુખ થઈ જે સમ્યગ્દર્શન વીતરાગી પર્યાય પ્રગટ થઈ એ આત્માની છે, એમ કહેવું ઉપચારથી છે. એ પર્યાય દ્રવ્યની છે એમ કહેવું ઉપચારથી છે. આહાહા..!

મુમુક્ષુ :- .. શુદ્ધ આત્મવ્યવહાર..

ઉત્તર :- સદ્ભુત વ્યવહાર છે. એમાં લીધું છે ને? 'પ્રવચનસાર'માં. મોક્ષનો માર્ગ જે નિશ્ચયથી છે એ આત્મવ્યવહાર છે, આત્મવ્યવહાર છે અને રાગાદિના ભાવ છે એ

મનુષ્યવ્યવહાર અસદ્ભુત મનુષ્યવ્યવહાર છે. આહાહા..! 'પ્રવચનસાર' ૯૪ ગાથા આવે છે. ઓહોહો..! ગજબ કામ કર્યા! દિગંબર સંતોએ જગતને ન્યાલ કરી નાખ્યા છે. આહાહા..! અરે..! પણ એને સાંભળવા મળે નહિ અને બહારની વાતુંમાં ભડકાવીને બિચારાને મારી નાખ્યા. આહા..! જાત્રા કરો, ભક્તિ કરો, પૂજા કરો, દાન કરો, મંદિર બનાવો, રથયાત્રા કાઢો. ધૂળેય નથી એમાં. ઈ કરતો હોય તો શુભરાગ છે. આહાહા..! ધમાધમ ચલી જ્ઞાનમાર્ગ રહ્યો દૂર, કહે છે ને? શું શબ્દ બોલ્યા? ધામધૂમે ધમાધમ ચલી, જ્ઞાનમાર્ગ રહ્યો દૂર. પ્રભુ! અંદરનો જ્ઞાનનો માર્ગ બહુ આઘો-દૂર રહી ગયો. સમજાય છે કાંઈ?

અહીં કહે છે.. આહાહા..! ભાવલિંગ. દ્રવ્યલિંગ તો નહિ, વિકલ્પ ને દેહનું નગ્નપણું તે તો નહિ, પણ ભાવલિંગ જ્યાં ભગવાન આનંદનો નાથ જાગીને જોવે છે... આહાહા..! ત્યાં જેના બ્રહ્માંડમાં, જેના નિધાનમાં અતીન્દ્રિય આનંદ ભર્યો છે, એ આનંદની દૃષ્ટિથી આનંદનો અનુભવ કરે છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિથી આત્માનો અનુભવ કરે છે. સ્વસંવેદનજ્ઞાનથી આત્માનો અનુભવ કરે છે, એ સ્વસંવેદનજ્ઞાન, દર્શન આદિ જે નિર્વિકલ્પ શાંતિ, એ પર્યાય છે. એને દ્રવ્યની કહેવી એ વ્યવહાર છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**ઈસલિયે ઉપચારનયકર જીવકા સ્વરૂપ કહા જાતા હૈ,...**' ગજબ છે! એમાં આ બાયડી મારી, છોકરા મારા, ક્યાં સલવાઈ ગયો? સાંભળને! આહાહા..! આ મારા દીકરા ને આ મારા મકાન ને. મોટું મકાન હોય તો ભાડું ઊપજે. ભાડાને શું કહે છે? કિરાયા. એ.. શેઠ! મકાન મોટું હોય તો એનું ભાડુ ઊપજે. બીજામાં જાય, ન જાય. મકાન બનાવો. પૈસા રહે, મકાન રહે અને ભાડુ ઊપજે. અરે..! એ તો ક્યાં રહી, પ્રભુ! એ ચીજ તારી નહિ, તારામાં નહિ, એમાં તું નહિ. પણ રાગનો વ્યવહારરત્નત્રય તારામાં નહિ અને વ્યવહાર રત્નત્રયમાં તું નહિ. અને નિશ્ચયરત્નત્રય તારામાં નહિ અને નિશ્ચયરત્નત્રયમાં તું નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

'પરમાત્મપ્રકાશ'. ભગવાન પરમાત્મસ્વરૂપ આનંદકંદ વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા તો છે. અત્યારે, હોં! એ વીતરાગસ્વરૂપી જ ભગવાનઆત્મા તો છે. નિર્વિકલ્પ શાંત આનંદમૂર્તિ પ્રભુ આત્મા છે. એની સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની જે પર્યાય છે, સાચા મોક્ષના સાધકરૂપી ઉપાય છે, એ જીવનો ઉપચારથી કહેવાય છે. એ દ્રવ્યની પર્યાય એમ ઉપચારથી કહેવાય છે. આહાહા..! હવે આ નિર્વિકલ્પ આનંદની મોક્ષની સાધકની પર્યાય, એ આત્માની ઉપચારથી (જ્યાં કહેવાય છે) તો તારે કઈ ચીજને પોતાની માનવી છે કે આ મારી છે? સમજાય છે કાંઈ? અમે પુણ્ય કર્યા, અમે વ્યવહાર કર્યો, અમે દયા, દાન કર્યા. આહાહા..! અભિમાન અંદરથી ઉતારી નાખે એવું છે. શેઠ!

મુમુક્ષુ :- ક્યા પરમાત્માની વાત છે?

ઉત્તર :- આ પરમાત્મા. આ ભગવાન પરમાત્મા અંદર બિરાજે છે એની વ્યાખ્યા ચાલે છે. પરમ આત્મા, પરમ સ્વરૂપ પરમ પારિણામિક સ્વભાવભાવ. પરમપારિણામિક સ્વભાવભાવરૂપ ધ્રુવ ચીજ જે છે એને અહીંયાં પરમાત્મા કહે છે. અપ્પા સો પરમઅપ્પા. એ આવે છે કે નહિ? 'તારણસ્વામી' બહુ કહે છે. અપ્પા સો પરમઅપ્પા. આત્મા પોતે

પરમાત્મા. પોતે એટલે સ્વયં. પોતે અમારી ગુજરાતી ભાષા છે. આત્મા સ્વયં પરમાત્મા. આહાહા..! એ પરમાત્માનું દળ જે ધ્રુવ છે, એનો જે મોક્ષનો માર્ગ છે, મોક્ષની સાધક પર્યાય, એ પણ આ દળની-આત્માની છે એમ કહેવું એ ઉપચારથી છે, કહે છે. આહાહા..! કેમકે એ પર્યાય દ્રવ્યમાં નથી, એ પર્યાયમાં દ્રવ્ય આવ્યું નથી.

દ્રવ્ય જે ત્રિકાળી જ્ઞાયકની પ્રતીતિ અને જ્ઞાન થયું. પ્રતીતિમાં આખું દ્રવ્ય પ્રતીતિમાં આવ્યું. પણ પ્રતીતિમાં દ્રવ્ય આવ્યું નહિ. દ્રવ્ય કેવડું કેવું છે, એ પ્રતીતિમાં આવ્યું પણ એ પ્રતીતિમાં દ્રવ્ય-વસ્તુ આવી નહિ. દ્રવ્યની તાકાત કેટલી છે એ પ્રતીતિમાં આવ્યું. આહાહા..! એમ સ્વસંવેદનજ્ઞાનની પર્યાયમાં વસ્તુથી તેનું જ્ઞાન આવ્યું, વસ્તુ ન આવી. આહાહા..! એમ ચારિત્રની પર્યાયમાં અંશમાં આત્મા ન આવ્યો. આહાહા..! આત્મા તો આત્મારૂપ રહીને શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની પરિણતિ ઊભી થાય છે. તો એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે સાચો મોક્ષમાર્ગ છે, સાચો મોક્ષનો સાધક છે, મોક્ષના કાર્યનું સાચું કારણ છે, એ જીવનો કહેવો એ ઉપચારથી છે. છે અંદર કે નહિ?

પહેલા નહોતા અહીંયા આ 'પરમાત્મપ્રકાશ'. વાંચીએ છીએ અને આવ્યા. પડ્યા હતા 'અગાસ.. અગાસ'. 'અગાસ' છે ને? 'શ્રીમદ્'નું. ન્યાં કંઈ એટલા ખપે નહિ એટલે પહેલા અહીં સો મગાવ્યા, પછી અઢીસો મંગાવ્યા, પછી સો મંગાવ્યા, પછી ચારસો મંગાવ્યા. એ પણ ખલાસ થઈ ગયા? ન્યાં તો ખપે નહિ. અહીં વંચાય ખરું ને એટલે લોકો આવે ઈ લઈ જાય. રાખો તો ખરા. પૈસા રાખો છો ઈ કરતાં 'પરમાત્મપ્રકાશ' (રાખો ને). વાચ્યનું વાચક. વાચ્ય પરમાત્મા, એનું વાચક આ શબ્દ છે. સાકર શબ્દ છે એ સાકરનું વાચક છે. અને સાકરનું વાચક સાકર પદાર્થ વાચ્ય છે. એમ પરમાત્મ શબ્દ એ વાચક છે અને પરમાત્મ સ્વરૂપ અંદર વાચ્ય છે. સમજાય છે કાંઈ? અરે..! ઈ વાત ક્યાં છે? ભગવાન! આહાહા..!

'**ઉપચારનયકર જીવકા સ્વરૂપ કહા જાતા હૈ,...**' આહાહા..! '**તો ભી પરમસૂક્ષ્મ શુદ્ધનિશ્ચયનયકર ભાવલિંગ ભી જીવકા નહીં હૈ.**' 'ધર્મલાલજી'! માણસને તત્ત્વનો અભ્યાસ નહિ ને બહારથી માની લે. અને આવી સાચી વાત આવે તો (રાડ પાડે), એ તો નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચય. એમ કહે છે ને? ભગવાન! એ તો નિશ્ચયની વાત છે. પણ નિશ્ચય એ જ સત્ય છે. અહીંયાં તો સાચો મોક્ષનો માર્ગ છે એ પણ ઉપચાર છે. આહાહા..! 'પ્રવીણભાઈ'! આવું છે. આ વંચાઈ ગયું છે પહેલા. 'પરમાત્મપ્રકાશ' તો પહેલા વંચાઈ ગયું છે. ૪૨ વર્ષ અહીં થયા. વ્યાખ્યાનમાં ચાલ્યું હતું, પૂરું થઈ ગયું છે. એક કે બે વાર. ખબર નથી બરાબર. સમજાય છે કાંઈ? આહાહા..!

'**તો ભી...**' પર્યાયમાં વીતરાગી આનંદની પર્યાય, મોક્ષનો સાધકરૂપ ભાવ પણ વ્યવહાર છે. ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાથી એ પર્યાય વ્યવહાર છે. એ આત્મવ્યવહાર છે. આત્મા એમાં આવ્યો નથી અને એ પર્યાય દ્રવ્યમાં ગઈ નથી. આહાહા..! પર્યાય દ્રવ્યમાં ગયા વિના પર્યાયમાં દ્રવ્યની શ્રદ્ધા અને જ્ઞાન આવ્યા. સમજાય છે કાંઈ? મોક્ષમાર્ગની જે નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર એ નિર્વિકલ્પ શ્રદ્ધામાં આત્મા ન આવ્યો, પણ આત્મા વસ્તુ કેવડી છે

એની શ્રદ્ધા થઈ ગઈ. સમજાય છે કાંઈ? એમ નિર્વિકલ્પ જ્ઞાનમાં ભગવાનઆત્મા ન આવ્યો, પણ નિર્વિકલ્પ જ્ઞાનની પર્યાયમાં આત્મા કેવો છે એવું જ્ઞાન આવ્યું. એ પર્યાયમાં જ્ઞાન આવ્યું, શ્રદ્ધા આવી, સ્થિરતા થઈ, તેને પણ આત્મદ્રવ્યના કહેવા તે ઉપચારથી છે. આહાહા...! આવો માર્ગ કોઈ દિ' સાંભળ્યો નથી. દિગંબરમાં જન્મ લીધો, દિગંબર શું કહે છે એની ખબરું ન મળે. એ.. શેઠ! એમાં છે ને, ભગવાન! શું છે? આ પુસ્તક અહીંનું છે? અહીંનું આ છપાણું નથી, આ તો બીજે છપાણું છે. 'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી છપાણું છે. રાજચંદ્રમાંથી છપાણું છે. અહીં નથી છપાણું. હમણા પુસ્તક આવ્યા ને. સો, અઢીસો, સો, ચારસો ત્યાંથી આવ્યા છે. અહીંનું નથી. ત્યાં ઘણા પડ્યા હશે. એ લોકો છપાવે છે. પણ ત્યાં 'શ્રીમદ્'નું બહુ વાંચે એટલે આવું ન વાંચે તો ખપે નહિ. અને આપણે તો અહીં બધા વાંચે છે. લોકો કેટલા બધા લઈ ગયા. ક્યાં કિંમત? આહાહા..!

ખ્રિસ્તી લોકો તો એક રૂપિયાનું પુસ્તક ચાર પૈસે, બે પૈસામાં આપે. એટલો પ્રચાર કરે છે. હરિજનને બનાવ્યા. કેવા કહેવાય? ખ્રિસ્તી. ઘણાને બનાવ્યા. આ તો ભગવાનની વાણી બાપા! આહાહા..! એની કિંમત શું? અહીંયાં તો કહ્યું ને, અલ્પ કિંમતે જેમ આપવા હોય તેમ આપો. હવે પૈસા ચાંદી-બાંદીમાં ન નાખવા, એમ મેં કહ્યું હતું. સત્તર હજારનું આવ્યું ને? સમવસરણ આવ્યું. ચાંદીનું છે ને? દસ અને સાત, સત્તર હજારનું છે. આવ્યું તો અમે તો સભામાં કહી દીધું, અહીં ચાંદીનું ફરીને કોઈએ ન લાવવું. અહીં ચાંદીનું શું કામ છે? અહીં તો સિદ્ધાંત શાસ્ત્ર વીતરાગના છે. એટલા પૈસામાં અલ્પ ખર્ચ કરીને આપો. પાંચ રૂપિયાનું પુસ્તક બે રૂપિયે આપો, એક રૂપિયે આપો. એમ કરો. આ શું? ચાંદી ને સોનાના ઢગલા કરવા છે? શું કરવું છે? સમજાય છે કાંઈ? એ વખતે જ કહી દીધું હતું. સભામાં કહ્યું હતું, હોં! હમણા આવ્યું હતું ને ગયા વર્ષે? 'મગનભાઈ'ના દીકરા લાવ્યા હતા. 'રજની'. અહીંયાં હવે કોઈએ ચાંદીનું કરીને લાવવું નહિ. અહીંયાં નહિ રાખીએ.

મુમુક્ષુ :- ચાંદીના નહિ લાવે તો સોનાના બનાવશે.

ઉત્તર :- એ પણ કહ્યું, નહિ? 'ભાવનગર'થી એક પત્ર આવ્યો છે. આ જ્યારે બનાવ્યું ને મહારાજ! મારી પાસે પાંત્રીસ તોલા સોનું છે. આપ 'સમયસાર'નું સોનાનું પૂઠું બનાવો. નહિ, અહીં સોનું-ફોનું નહિ. હમણાં બે વર્ષ પહેલા. 'ભાવનગર'માં છે. 'રતિભાઈ' ગુજરી ગયા ને. એની બેન પાસે પાંત્રીસ તોલા સોનું. અહીં પત્ર આવ્યો. સોનું લઈને 'સમયસાર'નું સોનાનું પૂઠું બનાવો. સોનું-બોનું અહીં નહિ. અહીંયાં તો સિદ્ધાંત બનાવો. દિગંબર શાસ્ત્ર, તત્ત્વના, હોં! એને અલ્પ કિંમતે આપો, ભાઈ! આ શાસ્ત્ર કરો ને. નવા નવા મૂકીને, નવા નવા બંગલા-મકાનો બનાવીને તારે કામ શું છે? સમજાય છે કાંઈ? આહાહા..! આ તો શાસ્ત્ર ... પછી તો 'ફૂલચંદજી'એ કહ્યું, એક ભગવાનની પ્રતિમા અહીંયાં રાખો તો પંચ કલ્યાણક તરીકે લોકો આવી શકે. આ પ્રતિમા છે, આ છે, કેટલું નાખે. પણ આ તો બન્યું હતું ને પંચ કલ્યાણક કરવા હતા. તો 'ફૂલચંદજી'એ કહ્યું, પ્રતિમા હોય અને પંચ કલ્યાણક થાય તો લોકો આવશે. છવીસ હજાર માણસ આવ્યું હતું. છવીસ હજાર. સાંઈઠ હજાર આવવાના હતા.

પણ તકરાર હતી ને સરકાર સાથે. બસની બસ પાછી ગઈ. નહિતર સાંઈઠ હજાર માણસ આવવાના હતા. એટલા લોકો.

મુમુક્ષુ :- શું કહ્યું મહારાજ? સમજમાં ન આવ્યું?

ઉત્તર :- ન સમજ્યા? સાંઈઠ હજાર માણસ અહીંયાં આવવાના હતા. પ્રતિષ્ઠા વખતે છવીસ હજાર આવ્યા. તકરાર હતી એટલે ન આવ્યા. આહાહા..!

અહીંયાં કહે છે કે પૈસાની શું કિંમત છે. આહાહા..! ત્રણલોકના નાથ, એના ધર્મની આગળ પૈસાની શું કિંમત છે. આહાહા..! પૈસા પુણ્યની દાસી છે. આહાહા..! એ સ્તુતિમાં આવ્યું છે. 'પદ્મનંદિ પંચવિંશતિઃ' છે ને? હે નાથ! તને માનીશું, તમને માનશું, તારી ભક્તિ કરીશું,.. નિશ્ચય સહિત, હોં! એની પાસે તો લક્ષ્મી દોડતી આવશે. 'પદ્મનંદિ પંચવિંશતિઃ'માં છે. ચક્રવર્તીનું રાજ, તીર્થંકરનું પદ મળશે. એ વસ્તુની કિંમત ક્યાં છે. સમજાય છે કાંઈ? તારા ભક્તને તો લક્ષ્મી દાસી છે. કેટલું આપે, શું છે? શું છે? જ્યાં જાય ત્યાં ચરુ હશે, લક્ષ્મીના ગંજ હશે, અબજોપતિ કાં તીર્થંકરપદ પામશે, ચક્રવર્તી થાશે. એમાં શું છે? સો કળશી અનાજ થાય તો સો ભરોટા ખડ સાથે થાય જ. ખડ સમજ્યા? ઘાસ. સો કળશી અનાજ હોય તો સો ગાડા ઘાસ તો સાથે થાય જ છે. એની કિંમત શું? સમજાય છે કાંઈ? જ્યાં પોતાના શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રનો ધર્મ પ્રગટ થયો ત્યાં રાગ બાકી છે એમાં ઘાસફુસ તો આવશે જ. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીંયાં તો આચાર્યે ગજબ કામ કર્યા છે! ૯૪માં એ જ લીધું ને? મોક્ષમાર્ગની દશા એ આત્મવ્યવહાર છે. એમ લીધું છે. 'પ્રવચનસાર'. અને 'પરમાર્થ વચનિકા'માં એ લીધું છે કે ભગવાનઆત્મા જે નિત્ય ધ્રુવ છે એ નિષ્ક્રિય છે, એમાં નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય સાધવી તે વ્યવહાર છે. 'પરમાર્થ વચનિકા'માં છે. નિશ્ચય મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર છે, કેમકે એ પર્યાય છે. દ્રવ્ય નિશ્ચય નિષ્ક્રિય છે. ભગવાનઆત્મા પરિણમન વિનાની વસ્તુ છે. મોક્ષમાર્ગની પર્યાય પરિણમનની વસ્તુ છે. આહાહા..! સમજાય છે કાંઈ? જેની મુદ્દત એક સમયની છે. નિશ્ચય મોક્ષમાર્ગની મુદ્દત એક સમયની છે. બીજે સમયે બીજો, ત્રીજે સમયે ત્રીજો. અને ભગવાનઆત્મા તો અનાદિઅનંત. કાળ ખાઈ ગયો. એવું ત્રિકાળી દળ પડ્યું છે. એમાં પરિણમન નથી, એની મુદ્દત નથી. સમજાય છે કાંઈ? કહો, 'હેમચંદજી'! આવો માર્ગ છે, ભગવાન! આહાહા..!

મુમુક્ષુ :- ઠેઠ પહોંચાડી દીધા.

ઉત્તર :- માર્ગ તો આ છે, ભાઈ! એના જ્ઞાનમાં લક્ષ તો કરે કે આ ચીજ આવી છે. લક્ષમાં, ધ્યાનમાં એટલે ધ્યાન ઉપર લક્ષમાં તો લે. ઓહોહો..! પછી અંતર્મુખ દૃષ્ટિ કરે, પ્રયોગ કરે તો આત્મા હાથ આવશે.

મુમુક્ષુ :- પ્રયોગ કરે તો.

ઉત્તર :- હા પ્રયોગ કરે તો. સમજાય છે કાંઈ?

**'પરમસૂક્ષ્મ શુદ્ધનિશ્ચયનયકર ભાવલિંગ ભી જીવકા નહીં હૈ. ભાવલિંગ તો**

**સાધનરૂપ હૈ, વહ ભી પરમ અવસ્થાકા સાધક નહીં હૈ.**' દ્રવ્યને સિદ્ધ કરવાની તાકાત છે, પણ એ દ્રવ્ય નથી. આહાહા..! પરમ સાધક અવસ્થા દ્રવ્યને સિદ્ધ કરે છે પણ દ્રવ્યરૂપ થઈ જાય એવી એનામાં તાકાત નથી. એને વ્યવહાર કહે છે. નિશ્ચય મોક્ષમાર્ગને વ્યવહાર કહે છે, પર્યાય છે માટે. દ્રવ્યને નિશ્ચય કહે છે. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, શ્રાવણ વદ ૧૦, શુક્રવાર
## તા. ૨૦-૦૮-૧૯૭૬, ગાથા-૮૮-૮૯, પ્રવચન નં. ૬૭

'પરમાત્મપ્રકાશ' ૮૮ ગાથા. ભાવાર્થ ફરીને. અમારા 'વિમલચંદજી' એ માંગણી કરી છે. 'વિમલચંદજી'! (એમણે કહ્યું કે) ફરીથી ૮૮ (ગાથા) લેવી. ભાવાર્થ, હોં! '**યદ્યપિ વ્યવહારનયકર યહ આત્મા...**' દિગંબર, શ્વેતાંબર, બૌદ્ધના આચાર્ય (આદિ) '**અનેક ભેખોંકો ધરતા હૈ,...**' વ્યવહારથી ભેખને ધરે છે એમ કહેવામાં આવે છે. '**તો ભી શુદ્ધનિશ્ચયનયકર કોઈ ભી ભેષ જીવકે નહીં હૈ,...**' આ અઠ્યાવીસ મૂળગુણ રાગાદિ કે નગ્ન દેહ એ બધા દેહના ધર્મ છે. આહાહા..! 'દેહકે હૈં.' આહાહા..!

'**યહાં દેહકે આશ્રયસે જો દ્રવ્યલિંગ હૈ, વહ ઉપચરિત અસદ્‌ભૂતવ્યવહારનયકર જીવકા સ્વરૂપ કહા જાતા હૈ,...**' ઉપચારથી જૂઠી વ્યવહારનયથી કહેવામાં આવે છે. આહાહા..! અસદ્‌ભુત કહ્યું ને! આહાહા..! ઉપચરિત (કહ્યું) કેમ કે બાહ્ય ભેખ છે ને! '**અસદ્‌ભૂતવ્યવહારનયકર જીવકા સ્વરૂપ કહા હૈ, તો ભી નિશ્ચયનયકર જીવકા સ્વરૂપ નહીં હૈ.**' એ લિંગ આદિ જીવનું સ્વરૂપ જ નથી. આહાહા..! અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ છે એ પણ જીવનું સ્વરૂપ નથી. એ પણ અસદ્‌ભુતવ્યવહારનયથી છે. આહાહા!

'**ક્યોંકિ જબ દેહ હી જીવકી નહીં, તો ભેષ કૈસે હો સકતા હૈ?**' દેહ જ આત્મા નથી તો દેહના ભેષને આત્માનો કેમ કહેવામાં આવે? આહાહા..! '**ઈસલિયે દ્રવ્યલિંગ તો સર્વથા હી નહીં હૈ,...**' હવે ભાવલિંગ ઉપચારથી કહેવું છે ને (એટલે આ) સર્વથા નથી એમ કહ્યું છે. આહાહા! નગ્નપણું કે ભેખ છે એ સર્વથા આત્માના નથી. કથંચિત્ આત્માનો, કથંચિત્ (દેહનો) એમ નહિ. આત્માની પર્યાયથી એ તો સર્વથા ભિન્ન વસ્તુ છે. '**દ્રવ્યલિંગ તો સર્વથા** હી નહીં હૈ ઔર વીતરાગનિર્વિકલ્પસમાધિરૂપ ભાવલિંગ...' આહાહા...! જુઓ! મોક્ષનો માર્ગ! જે જૈનશાસન... આહાહા..! જે પોતાનું અબદ્ધસ્પૃષ્ટ સ્વરૂપ છે તેને જોનારી નય અથવા જોનારો ભાવ એ જૈનશાસન ભાવલિંગ છે. આહાહા..! સમજાણું કાંઈ? જે પોતાને અબદ્ધસ્પૃષ્ટ જાણે, માને તે પર્યાયને જેને અહીંયા જૈનશાસન કહે છે, એ ભાવલિંગ

નિર્વિકલ્પ દશા છે. આહાહા..!

'**યદ્યપિ શુદ્ધાત્મસ્વરૂપકા સાધક હૈ,...**' શું કહે છે? એ શુદ્ધ પૂર્ણાનંદની પ્રાપ્તિમાં નિશ્ચય મોક્ષમાર્ગ નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ એ મોક્ષમાર્ગના સાધક હોવાથી '**ઉપચારનયકર જીવકા સ્વરૂપ કહા જાતા હૈ,...**' સાધક છે એ અપેક્ષાએ. મોક્ષનું સાધક છે... આહાહા..! એ વીતરાગી જૈનશાસનની પર્યાય એ પણ મોક્ષની સાધક હોવાથી '**ઉપચારનયકર જીવકા સ્વરૂપ કહા જાતા હૈ,...**' આહાહા..! સમજાય છે કાંઈ? અહીં તો એને વ્યવહારના વિકલ્પ અને વ્યવહારની ક્રિયાથી મને ધર્મ થશે (એમ માને છે). આહાહા..!

અહીં તો ત્યાં સુધી લગાવે છે કે નિમિત્તનું લક્ષ તો છોડ, રાગનું લક્ષ છોડ અને પર્યાયનું લક્ષ છોડ. સમજાય છે કાંઈ? એ નિર્વિકલ્પ મોક્ષનો માર્ગ જે વીતરાગી પર્યાય તેનું પણ લક્ષ છોડ. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ બહુ (સૂક્ષ્મ છે), ભાઈ! આ લોકો એમ કહે છે ને કે ભક્તિથી મુક્તિ થાય. હેં! ભગવાનની ભક્તિથી થાય. અરે..! પ્રભુ! ભગવાનની ભક્તિ તો શુભરાગ છે. '**परदव्वादो दुग्गइ**' એવો પાઠ છે. પરદ્રવ્યના લક્ષે આ રાગ થાય છે તે આત્માની ગતિ નથી, એ તો દુર્ગતિ છે, ચાર ગતિનું કારણ છે. ભલે સ્વર્ગનું કારણ કહો. સ્વર્ગ અને મનુષ્યનું કારણ એ તો દુર્ગતિ છે, આહા..! દુઃખ છે. આહાહા..! ઝીણી વાત ભારે, ભાઈ! લોકોને સ્થૂળ મળ્યું એટલે લોકોને આ વાત એવી લાગે, એકાંત છે. અરે..! એકાંત જ છે. સમ્યક્ એકાંત! અનેકાંતનો નય છે એ સમ્યક્ એકાંત છે. અનેકાંતમાં સમ્યક્ નય છે એ એકાંત છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાઈ ! માર્ગ બહુ સૂક્ષ્મ છે. આહાહા..!

કહે છે, '**શુદ્ધસ્વરૂપકા સાધક હૈ,...**' કોણ? નિર્વિકલ્પ નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર, સ્વસંવેદનજ્ઞાન, શાસ્ત્રજ્ઞાન આદિ નહિ અને સ્વરૂપની રમણતા એ ભાવલિંગ શુદ્ધાત્મસ્વરૂપ, પૂર્ણ મુક્તિની પ્રાપ્તિ, શુદ્ધાત્મસ્વરૂપની તેનું સાધક હોવાથી, શુદ્ધાત્મપર્યાયની પ્રાપ્તિ સાધક હોવાથી '**ઉપચારનયકર જીવકા સ્વરૂપ કહા જાતા હૈ.**' આહા..હા...! એને ઉપચારથી કહીએ. પેલો સિદ્ધાંત છે એ કંઈ બરાબર જોયો નથી. 'મુખ્ય અભાવ એસતિ' પ્રયોજન છે ઉપચાર પ્રવર્તે. એ કાલે રાત્રે યાદ આવ્યું હતું. 'આલાપપદ્ધતિ' માં છે. ઉપચાર ક્યારે કહીએ કે મુખ્યનો એમાં અભાવ છે. આહાહા! વસ્તુ જે મુખ્ય વસ્તુ છે અખંડ આનંદકંદ પ્રભુ, એ મુખ્યનો પર્યાયમાં અભાવ છે. નિર્મળ વીતરાગી મોક્ષમાર્ગ, હોં! આહાહા..! રાગની તો વાત જ અહીંયા ક્યાં છે? વીતરાગી પર્યાય જે મોક્ષનો માર્ગ, વીતરાગસ્વરૂપ ભગવાન, તેના આશ્રયે પર્યાયમાં ઉત્પન્ન થયો, નિર્વિકલ્પ આનંદની દશા, વીતરાગી દશા (પ્રગટી). એ વીતરાગી દશા-ભાવલિંગ મોક્ષની, શુદ્ધાત્મસ્વરૂપની પ્રાપ્તિ એટલે મોક્ષ શુદ્ધાત્મસ્વરૂપ, એની સાધક હોવાથી ઉપચારથી જીવનું સ્વરૂપ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! ઝીણો તો છે, પણ શું થાય? લોકો હજી બહારથી રાડ્યું પાડે છે કે વ્યવહાર કરતા કરતા થાય. વ્યવહાર તો રાગ છે. આ તો કહે છે કે નિર્વિકલ્પ દશા શુદ્ધાત્મસ્વરૂપની સાધક હોવાથી ઉપચારથી જીવનું સ્વરૂપ કહેવાય છે,

વ્યવહારથી (કહેવાય છે) કેમ કે એ પર્યાય છે. આહાહા..! ભગવાન! હવે આગલી લીટી.

'**તો ભી...**' આમ કહ્યું તો પણ '**પરમસૂક્ષ્મ શુદ્ધનિશ્ચયનયકર ભાવલિંગ ભી જીવકા નહીં હૈ.**' આહાહા! નિશ્ચય મોક્ષમાર્ગ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, નિશ્ચય વીતરાગી પર્યાય, જૈનશાસન (તે પણ જીવનું સ્વરૂપ નથી). આહાહા..! ૧૫ મી ગાથામાં કહ્યું ને? '**जो पस्सदि अप्पाणं**' આત્મા દેખે, શ્રદ્ધે તે પર્યાયને જૈનશાસન કહેવામાં આવે છે. પર્યાયને કહે છે ને? આહાહા..! જે ભગવાનને દેખે છે, પોતાનો ભગવાન, હોં! પર ભગવાન અને ગુરુને દેખે તો ત્યાં તો રાગ થશે. આહાહા..! સમજાય છે કાંઈ?

આચાર્ય તો એમ કહે છે, ભગવાન એમ કહે છે કે પ્રભુ ! તું અમારી સન્મુખ જુએ છે તો એક વાર તારી સન્મુખ જો ને ! જ્યાં તારું નિધાન છે ત્યાં જો ને ! તારું નિધાન અમારી પાસે ક્યાં છે કે તું અમારી સામે જોવે છે? આહાહા..! સમજાય છે કાંઈ? ત્રણલોકના નાથ વીતરાગની દિવ્યધ્વનિમાં એમ આવે છે... આહાહા..! અમારી સન્મુખ જોવાથી પ્રભુ તને રાગ થશે. આહાહા..! રાગ તો બંધનું કારણ છે. આહાહા..! તારી સન્મુખ જો. તારું નિધાન અંદર પડ્યું છે, નાથ ! તું નિર્વિકલ્પ આનંદનો કંદ છે ને! જે પર્યાયમાં આવતું નથી અને પર્યાય ત્યાં પેસતી નથી. સમજાય છે કાંઈ? આવો માર્ગ છે. અરે..! પિતાજી કંઈક નિધાન મુકી જાય તો વારસો લેવા તરત તપાસ કરે. પ્રભુ કહે છે કે તારી પાસે નિધાન પડ્યું છે ને, ભગવાન! આહાહા..! સ્વસન્મુખ જોવાથી જે પર્યાય ઉત્પન્ન થાય છે તે પણ જીવનું વ્યવહાર સ્વરૂપ છે. આહાહા..! એ વાસ્તવિક જીવ નહિ. આહાહા..! એ ઉપચારિક જીવ છે. આહાહા..! કહો, 'ચંદુભાઈ'! 'શાંતિભાઈ' ક્યાં બેઠા છે? 'ભાવનગર'. સમજાય છે કાંઈ? આ ફેરી રોકાણા છે. આહા..!

પ્રભુ! તારો માર્ગ... વીતરાગ ત્રણલોકના નાથ સર્વજ્ઞની વાણીમાં એમ આવ્યું, આહાહા..! પ્રભુ! તું અમારી સામે, દેવ-ગુરુ-શાસ્ત્ર સામે જોવે છે તો રાગ થશે. '**पस्सदि अप्पाणं**' આહાહા..! તારો નાથ તો તારી પાસે અંદર પડ્યો છે ને! આહાહા..! ત્યાં નિધાન ઉપર નજર કરવાથી તને આનંદ આવશે. અમારા ઉપર નજર કરવાથી પ્રભુ! તને દુઃખ થશે. 'અમરચંદભાઈ'! આવો માર્ગ સાંભળવા મળતો નથી. એમ ને એમ જિંદગી ચાલી જાય છે. ધૂળમાં ને ધૂળમાં. આ પૂજા ને ભક્તિ ને જાત્રા કરી તો થઈ ગયો ધર્મ. આહાહા..! ભાઈ ! એ તો રાગ છે. એ તો ધર્મ નહિ અને ધર્મનું કારણ નહિ. પણ જે વીતરાગી નિર્વિકલ્પ મોક્ષમાર્ગ છે તેનું વ્યવહાર કારણ નહિ પણ નિશ્ચય મોક્ષમાર્ગ છે તેનું કારણ દ્રવ્ય સ્વભાવ છે. સમજાય છે કાંઈ? અને એ દ્રવ્ય સ્વભાવ જે ત્રિકાળી છે તેની આ મોક્ષમાર્ગ પર્યાય છે? તો કહે છે, ના. તે ઉપચાર છે. આહાહા..! ગજબ વાત છે. સમજાય છે કાંઈ? આ વાત તો શાસ્ત્ર ચાલતું હોય ત્યારે કહેવાય. એમ ને એમ કહીએ તો ઝટ ન પકડાય. આ તો અધિકાર ચાલે છે, સામે ગાથા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**ઉપચારકર જીવકા સ્વરૂપ...**' (કહેવાય છે). ગજબ વાત, પ્રભુ! રાગ તો તેનું સ્વરૂપ

નહિ, દેહ તેનું સ્વરૂપ નહિ, પરદ્રવ્ય તેનું સ્વરૂપ નહિ. આહાહા..! પરદ્રવ્ય તેનું સ્વરૂપ નહિ, રાગ તેનું સ્વરૂપ નહિ, દેહ તેનું સ્વરૂપ નહિ પણ મોક્ષનો માર્ગ પણ જીવનું સ્વરૂપ ઉપચારથી છે. આહાહા..! ભારે વાત (છે). કેમ? - કે એ પર્યાય છે. એ દ્રવ્યની પર્યાય ઉપચારથી છે. આહા..! દ્રવ્યમાં પર્યાય નથી. સમજાય છે કાંઈ? આહાહા..! આવો માર્ગ છે. લોકોને એવું લાગે, હોં! આ વાત તૂટી ગઈ હતી ને-આહાહા..! (સાંભળવામાં કાને) નહોતી પડી. પછી એવું બોલે. કહો, બાપા! ભગવાન! આહાહા..! નિશ્ચયાભાસી એકાંતી છે, એમ કહે. કહે, બાપુ! (એને) ખબર નથી. પરમાત્મા તો આમ કહે છે.

ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ ગણધરો અને એકાવતારી ઈન્દ્રોની વચમાં આ કહેતા હતા. એ સંતો કહે છે. દિગંબર સંતો સર્વજ્ઞ કહે છે તે કહે છે. સમજાય છે કાંઈ? શ્વેતાંબરની જેમ નથી કે ભગવાને કહેલા તે શાસ્ત્ર અમે તમને કહીએ છીએ. આ તો અમારા વૈભવથી ભગવાને કીધું એ કહીએ છીએ. આહાહા..! ગજબ વાત છે, ભાઈ! એ સત્ય વાત કાને પડવા માટે ભાગ્ય જોઈએ. આ પૈસા-બૈસાના ભાગ્ય નહિ, હોં! પોપટભાઈ! છ છોકરા ને બે કરોડ રૂપિયા, એમ લોકો કહે. કોઈનો આંકડો અત્યારે બહાર પાડવાની જરૂર નથી કારણ કે અત્યારે બધે વિરોધ છે ને. આ તો અપેક્ષાથી કહીએ છીએ. લોકોમાં બહારમાં વિરોધ છે. પૈસા આટલા હોય તો આમ લાવો, ઢીકણું લાવો, ફલાણું એમ કહે છે. હોય ઈ ખરું. સરકાર તરફથી (એમ કહે છે). બધી ખબર છે ને. બાપા! આંકડા ગમે તે હો. આહાહા..! પ્રભુ ! એ તો જડના કાંકરા છે. એ તો જડના કાંકરા પરમાણુ (છે). એ તારા ક્યાંથી થયા? અહીંયા તો કહે છે, રાગ તારો નહિ અને નિર્વિકલ્પ મોક્ષનો માર્ગ ઉપચારથી તારો છે. ગજબ વાત છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! લ્યો, 'વિમલચંદજી'! 'વિમલચંદજી' એ કાલે કહ્યું હતું કે કાલે ફરીને થોડું લેજો. સારી વાત છે. એને રસ, પ્રેમ છે ને. આ એનો દીકરો છે 'અર્હંતપ્રકાશ'. એને દોઢ વર્ષથી તો રાત્રે આહાર-પાણી નથી. રાત્રે આહાર-પાણી બિલકુલ નહિ. અત્યારે આટલી ઉંમરથી. બે વર્ષથી તો આઠમ-ચૌદસના એકટાણા કરે છે. એને સાંભળવામાં રસ છે. એનું નામ 'અર્હંતપ્રકાશ' છે. આ આત્મા અર્હંતપ્રકાશ છે. પરમાત્મપ્રકાશ કહો કે અર્હંતપ્રકાશ કહો. 'હુકમચંદજી' નો 'પરમાત્મપ્રકાશ'. 'હુકમચંદજી'ના મોટા દીકરાનું નામ 'પરમાત્મપ્રકાશ' છે. આ 'હુકમચંદજી' પંડિત, 'જયપુર'. નાના દીકરાનું નામ 'અધ્યાત્મપ્રકાશ' છે. ઘરમાં સંસ્કાર... આહાહા..!

અહીં કહે છે, ગજબ વાત કરી છે. એ તો કહે છે, પૂર્ણ શુદ્ધાત્માનું સ્વરૂપ પ્રાપ્ત થાય એનો મોક્ષમાર્ગ સાધક હોવાથી ઉપચારથી જીવનું (સ્વરૂપ) છે એમ કહીએ છીએ. આહાહા..! આ તો શુદ્ધાત્માની પર્યાય પ્રાપ્ત થાય એનું સાધક અહીં સિદ્ધ કરવું છે. એ શુદ્ધાત્માની પર્યાય પૂર્ણ પ્રાપ્ત થાય એનું સાધક હોવાથી જીવનું (સ્વરૂપ) ઉપચારથી છે એમ કહીએ છીએ. સમજાય છે કાંઈ? આહાહા..! આ બધા વ્યવહારના ઝઘડા ને નિમિત્તના ને ક્રમબદ્ધના. એ ત્રણે ઝઘડા સોનગઢના નામે (ચાલે છે).

ક્રમબદ્ધ. એક પછી એક ક્રમબદ્ધ થાય છે. તો કહે, નહિ. હશે, ભગવાન! તો સર્વજ્ઞ જ

રહ્યા નહિ. સર્વજ્ઞે જોયું છે કે જે સમયે (જે પર્યાય) થાય છે તે સર્વજ્ઞે પહેલેથી જોયું છે. સમજાય છે કાંઈ? આહાહા..! સોનગઢનું છે કે ભગવાનના ઘરનું છે? આહાહા..! અરે..! પેલી વાણી 'સમ્યક્જ્ઞાન દીપિકા' બ્રહ્મચારી ક્ષુલ્લકની છે. એણે તો અમુક સિદ્ધાંત સિદ્ધ કર્યો છે. એ વાત એની (ખોટી) નથી. હવે એ સોનગઢને નામે લગાવી દઈને કહે, એય..! સોનગઢવાળા આમ કહે છે. અરે..! ભગવાન! ભાઈ! ન હોય, આમ ન ચાલે. અહીંયા વીતરાગના વિરહ પડ્યા એમાં આવા અન્યાય ન ચાલે. સમજાય છે કાંઈ? આહાહા..! ભાષા વાણી તો જુઓ! આવી સાંભળવા મળવી મુશ્કેલ છે. જિંદગી એમ ને એમ અજ્ઞાનમાં ચાલી જાય છે. આહાહા..! સરવાળે ચાર ગતિમાં રખડવું. આહાહા..!

પરિભ્રમણના અંત લાવવા માટે મોક્ષનો માર્ગ (છે). એ મોક્ષનો માર્ગ પણ પર્યાય છે માટે ઉપચાર છે. આહાહા..! વાસ્તવિક જીવ સ્વરૂપમાં એ નથી. ત્રિકાળી ભગવાન આનંદનો નાથ પ્રભુ ધ્રુવ ધ્રુવ સ્વરૂપ.. આહાહા..! 'પરમસૂક્ષ્મ શુદ્ધનિશ્ચયનયકર ભાવલિંગ ભી જીવકા નહીં હૈ.' દ્રવ્યલિંગ તો નહિ. 'ભી' શબ્દ પડ્યો છે ને? દ્રવ્યલિંગ તો નહિ, ભાવલિંગ પણ નહિ. પ્રભુ! તું તો સાક્ષાત્ પરમાત્મસ્વરૂપ છે ને! આહાહા..! વીતરાગમૂર્તિ તારી ચીજ છે. અકષાયરસ તારું સ્વરૂપ છે. અનંત શક્તિનો સંગ્રહાલય, ગુણનું ધામ ગોદામ તું છો. આહાહા..! એમાં આ પર્યાય છે તે એમાં નથી. સમજાય છે કાંઈ?

દૃષ્ટિનો વિષય બતાવે છે. દૃષ્ટિનો વિષય, મોક્ષમાર્ગ પર્યાય પણ દૃષ્ટિનો વિષય નથી. દૃષ્ટિનો વિષય દૃષ્ટિ નહિ. ગજબ વાત છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિનો વિષય સમ્યગ્દૃષ્ટિ નહિ. આહાહા..! તો સમ્યગ્દર્શનનો વિષય વ્યવહાર રત્નત્રય તો ક્યાંય રહી ગયું. સમ્યગ્દર્શનનો વિષય મોક્ષનો માર્ગ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ છે. આહાહા..! દેહાદિ તો નહિ, રાગાદિ તો નહિ, વ્યવહાર રત્નત્રય તો જીવનું સ્વરૂપ નહિ. આહાહા..! અસદ્ભુત વ્યવહારનયથી કહો, જૂઠી નયથી કહો. આહાહા..! અને આ મોક્ષનો માર્ગ જે નિર્વિકલ્પ ભાવલિંગ એ સદ્ભુત વ્યવહારનયનો વિષય છે. સદ્ભુત વ્યવહારનયનો વિષય છે તો એ જીવનું (સ્વરૂપ) ઉપચારથી કહેવામાં આવે છે. આહાહા..! આ માર્ગ આવો છે. શું કરે? પહેલા એનો પક્ષ તો કરવો જોઈએ. માર્ગ આવો છે. આ કોઈ ઘરની વાત, પક્ષની વાત નથી. આ તો ત્રણલોકના નાથના ઘરની વાત છે, પ્રભુ! આહાહા..! પરમેશ્વરની પર્યાય જેવડો તું નથી. મોક્ષમાર્ગની પર્યાય જેવડો નહિ, સિદ્ધની પર્યાય, પરમાત્માની પર્યાય જેવડો નહિ. પરમાત્મા સિદ્ધની પર્યાય પણ સદ્ભુત વ્યવહારનયનો વિષય છે. કેવળજ્ઞાન! કેવળજ્ઞાન સદ્ભુત વ્યવહારનયનો વિષય છે. નિશ્ચયનો વિષય નથી. સમજાય છે કાંઈ? આહાહા..! પર્યાય છે ને? દ્રવ્યમાંથી ભેદ પડ્યો ને? ભેદ પડ્યો અને એની છે માટે સદ્ભુત. સદ્ભુત વ્યવહારનયનો વિષય કેવળજ્ઞાન છે. ગજબ વાત છે, પ્રભુ! આહાહા..! તો તેનો સાધક છે તે તો ઉપચારથી જીવનું કહેવામાં આવે છે. આહાહા..!

આવી વાત પણ ક્યાં છે? પ્રભુ! આહાહા..! જિંદગી ચાલી જાય છે, સમયે સમયે મૃત્યુની સમીપ જાય છે. જે સમય ગયો તે ફરીને નહિ આવે. આહાહા..! જિંદગીના અંત

આવવાની તૈયારીઓ છે. દેહ છૂટી જશે, ભગવાન! જો આત્માનું શરણ ન લીધું તો કાંઈ ન કર્યું, તેં કાંઈ ન કર્યું. આહાહા..!

શ્રોતા :- એ સમયે યાદ આવશે ને?

ઉત્તર :- યાદ કર્યું હોય તો આવે ને! યાદ શું આવે? યાદ આવે એમાં શું છે? યાદ આવે એ તો ધારણા થઈ. અંતરમાં આત્માની દૃષ્ટિ થઈ હોય તો મરણ ટાણે તે દૃષ્ટિ આવશે. સમજાય છે કાંઈ? યાદ આવે એમાં શું થયું! એ તો ધારણા થઈ. ઝીણી વાત છે, બાપુ! વીતરાગનો માર્ગ એવો છે. જન્મ-મરણનો અંત લાવે એવી વાત છે. ચોરાસીનો સિંધુ દરિયો. આહાહા..! શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ! આ ભવસિંધુ એ અમારું રૂપ નહિ! ભવસિંધુનું કારણ રાગ એ પણ અમારું રૂપ નહિ. આહાહા..! 'કહે વિચિક્ષણ પુરુષ સદા મૈં એક હૂં, અપને રસશું ભર્યો અનાદિ ટેક હૂં' અનાદિ મારી ચીજ આનંદકંદ શુદ્ધ ચૈતન્યઘન નિર્વિકલ્પ આનંદ સામાન્ય ધ્રુવ સ્વરૂપ હું ત્રિકાળ છું. 'કહે વિચિક્ષણ પુરુષ સદા મૈં એક હૂં, અપને રસ સૌ ભર્યો અનાદિ ટેક હૂં, મોહકર્મ મમ નાંહિ, મોહકર્મ મમ નાંહિ, નાંહિ ભ્રમ કૂપ હૈ.' એ ભ્રમનો કૂવો છે. અને શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ, શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ... આહાહા.! જેમાં પર્યાય પણ નથી. આહાહા..! આવી વાત છે, પ્રભુ ! આહાહા..! અમારે 'વિમલચંદજી' કહે, ફરીને વાંચવું. એટલે ફરીને લીધું. એને રસ છે ને, પ્રેમ છે ને. અરે..! ભાઈ ! આ વસ્તુ ક્યાં છે? બાપા! એ ધૂળ ને ધાણી, આબરૂ ને પાણી બધા મીંડા વાળવા જેવા છે. ભરેલો ભગવાન ગુણનો સાગર તો પ્રભુ અહીં અંદર છે. એ રાગથી ખાલી, પર્યાયથી ખાલી (છે). આહાહા..! એ દૃષ્ટિનો વિષય છે. સમ્યગ્દર્શનનો આધાર-વિષય આ છે. જો કે નિશ્ચયથી મોક્ષમાર્ગની જે પર્યાય છે એ પર્યાય કર્તા, પર્યાય કર્મ, પર્યાયનો આધાર પર્યાય, પર્યાય થઈને પર્યાય રાખે છે અને પર્યાયમાંથી પર્યાય આવે છે. આહાહા..!

નિશ્ચય મોક્ષમાર્ગ જે છે તે પણ પર્યાય છે અને પર્યાયના કર્તા-કર્મ ષટ્કારક પર્યાયમાં છે. એ આત્માના કહેવા તે ઉપચારથી છે, કહે છે. આહાહા..! જે ભગવાનમાં કર્તા, કર્મ, કરણ ગુણ ત્રિકાળ પડ્યા છે. આ તો એક સમયની પર્યાયના કર્તા-કર્મ થયા. સમજાય છે કાંઈ? આહાહા..! વસ્તુમાં તો ત્રિકાળી કર્તા, ત્રિકાળી કર્મ ગુણોશક્તિ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ, સ્વચ્છતા, પ્રભુતા, જીવતર આદિ અનંત શક્તિનો સંગ્રહ, અનંત શક્તિનો પિંડ પ્રભુ (છે), જેમાં આ વ્યવહાર ઉપચારથી ભાવલિંગ કહ્યું તે જીવનું (સ્વરૂપ) નહિ. અરેરે..! બાયડી, છોકરા ને પૈસા ક્યાં ગયા? 'પોપટભાઈ'! આ મારો 'હસમુખ' ને આ મારી આ, આ મારા મકાન ને આ મારી લાદીઓ. સંચો. આહાહા..!

શ્રોતા :- આપે બધું ઉડાડી દીધું.

ઉત્તર :- ઊડી જ ગયેલું છે, એમાં હતું કે દિ'? એમાં છે ક્યાં? આહાહા..! એક દ્રવ્ય બીજા દ્રવ્યની ઉપર લોટે છે. બહિર્લુટંતી શબ્દ છે, સંસ્કૃત છે. કળશ છે. એક દ્રવ્ય ઉપર લોટે છે. પેલા શંકરવાળા નથી આવતા? શંકરના બાવા. એ આમ ઘંટ રાખે. પછી પૈસા આપતા વાર લાગે કે લાકડી બહાર ફેરવે (એટલે) અંદર લોલક હલે. સમજાય છે કાંઈ? આ ઉપર

ઉપર આખું દ્રવ્ય રહે છે. બહિર્લુટંતી એમ શાસ્ત્રમાં પાઠ છે. શરીર, કર્મ, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, પરિવાર બધા બહિર્લુટંતી છે. તારે અને એને શું સંબંધ છે? આહા..!

અહીંયા તો કહે છે કે તારે તો રાગ સાથે પણ સંબંધ નથી. અરે..! તારામાં નિર્વિકલ્પ પર્યાયનો સંબંધ કહેવો તે વ્યવહારથી છે. આહાહા..! 'માણેકચંદભાઈ'! આવી વાતું છે, પ્રભુ! ભાઈએ ફરીને વાંચવાનું કહ્યું તો ફરીથી વાંચ્યુ. આહાહા..! ભગવાનઆત્મા છે ને? ભાઈ! એ ભગવાનઆત્મામાં ભાવલિંગ પણ જીવનું નથી. આહાહા..! કેમ કે પલટતી દશા છે. મોક્ષમાર્ગ એ તો એક સમયની દશા છે. ભાવલિંગ છે તે એક સમયની દશા છે અને વસ્તુ ત્રિકાળ છે. સમજાય છે કાંઈ? આહાહા..! હવે આમાં 'ડાલચંદજી' ને 'માણેકચંદજી' ક્યાંય રહી ગયા. આ શું કહે છે? અંદરમાં સમજવું તે કરવું. આહાહા..!

ભગવાનઆત્મા વસ્તુ જે સ્વરૂપ ચિદ્‌ઘન આનંદકંદ નિત્યાનંદ છે તેમાં તો ભાવલિંગની પરિણતિ પણ નથી. અથવા એ ભાવલિંગ જીવનું સ્વરૂપ નથી, આહાહા..! એ તો પર્યાયનું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? હવે આટલું સ્પષ્ટ કથન (છે). આ 'પરમાત્મપ્રકાશ' છે ને? તો કહે છે કે ભાવલિંગ છે તે પરમાત્મપ્રકાશ વસ્તુમાં નથી. આહાહા..! પરમાત્મ પર્યાય જે પ્રગટી એ પરમાત્મ સ્વભાવમાં નથી. આહાહા..! પરમાત્મ સ્વભાવ તો ધ્રુવ ત્રિકાળ આનંદકંદ છે. એવી પરમાત્મ પ્રકાશની અનંતી અનંતી અનંતી પર્યાયનો પિંડ એ તો છે. આહાહા..! સમજાય છે કાંઈ? અરે..! એણે આત્મા સાંભળ્યો નથી. આહાહા..!

'પદ્મનંદિ પંચવિંશતિ'માં બાર-તેર બોલ લખ્યા છે. આત્મા સાંભળવો, આત્મા પૂછવો, આત્માના પ્રશ્ન કરવા, આત્માના વિચાર કરવા, આત્માનું ચિંતન કરવું, એનું મનન કરવું, અનુપ્રેક્ષા કરવી એવા તેર બોલ લીધા છે. 'પદ્મનંદિ પંચવિંશતી' છે ને? 'પદ્મનંદિ પંચવિશંતી' છે તેમાં આ લીધું છે. ૨૬ અધિકાર છે પણ ૨૫ નામ આપ્યું છે. અધિકાર ૨૬ છે. 'પદ્મનંદિ પંચવિંશતિ'. બધું જોયું છે ને. બધા શાસ્ત્ર (જોયા છે). એમાં ૨૬ અધિકાર છે, પણ નામ ૨૫ આપ્યું છે. 'પદ્મનંદિ પંચવિંશતિ' બનાવ્યું ને? એમાં આ લેખ છે. પ્રભુ! તારે આત્મા સાંભળવો, આત્મા વિચારવો, ચિંતવન કરવું, પૂછવું. આત્મા કેવો છે? ઈ પૂછવું. બીજી વાત છોડી દે, તું આ કર. 'પદ્મનંદિ પંચવિંશતિ' ની અંદર તેર બોલ છે. આહા..! ૨૬ તો અધિકાર છે, એમાં નામ આપ્યું પંચવિંશતિ. એમાં વચમાં છે. ઘણું કરીને નિશ્ચય અધિકારમાં હશે. નિશ્ચય અધિકાર છે ને? નિશ્ચય અધિકાર છે. છે, બધું વાંચ્યું છે, વ્યાખ્યાનમાં વાંચ્યું છે. ત્યાં નિશ્ચય (અધિકારમાં) હશે. વ્યાખ્યાન થઈ ગયા છે. એ અધિકાર વાંચ્યો છે. ૪૨ મું ચોમાસુ ચાલે છે. અહીંયા ૪૨ મું ચોમાસુ ચાલે છે. આહાહા..!

'**ભાવલિંગ ભી જીવકા નહીં હૈ. ભાવલિંગ સાધનરૂપ હૈ,...**' એ તો પર્યાયરૂપ સાધન છે એમ કહે છે. આહાહા..! '**યહ ભી પરમ અવસ્થાકા સાધક નહીં હૈ.**' અર્થાત્ દ્રવ્યને સિદ્ધ કરવામાં એ પર્યાય સાધન છે પણ દ્રવ્યમાં એ પર્યાય સાધન નથી. સમજાય છે કાંઈ? પર્યાય જે સાધનરૂપ છે તે દ્રવ્યમાં નથી. દ્રવ્યમાં આ છે તેને સિદ્ધ કરી શકતી નથી. દ્રવ્યમાં આ છે એમ પર્યાય સિદ્ધ નથી કરી શકતી. દ્રવ્ય તો દ્રવ્ય છે. આહાહા..! આવું દ્રવ્ય

ભગવાન સાક્ષાત્ પરમાત્મ સ્વરૂપ છે. ૮૮ (ગાથા પૂરી) થઈ. બે આઠડા છે. આઠ કર્મનો અભાવ. ભાવલિંગનો અભાવ. આહાહા..!

---

अथ –

८९) अप्पा गुरु णवि सिस्सु णवि णवि सामिउ णवि भिच्चु।
सूरउ कायरु होइ णवि णवि उत्तमु णवि णिच्चु।।८९।।

आत्मा गुरुः नैव शिष्यः नैव नैव स्वामी नैव भृत्यः।
शूरः कातरः भवति नैव नैव उत्तमः नैव नीचः।।८९।।

आत्मा गुरुर्नैव भवति शिष्योऽपि न भवति नैव स्वामी नैव भृत्यः शूरो न भवति कातरो हीनसत्त्वो नैव भवति नैवोत्तमः उत्तमकुलप्रसूतः नैव नीचो नीचकुलप्रसूत इत। तद्यथा। गुरुशिष्यादिसंबन्धान् यद्यपि व्यवहारेण जीवस्वरूपांस्तथापि शुद्धनिश्चयेन परमात्मद्रव्याद्भिन्नान् हेयभूतान् वीतरागपरमानन्दैकस्वशुद्धात्मोपलब्धेश्च्युतो बहिरात्मा स्वात्मसंबद्धान् करोति तानेव वीतरागनिर्विकल्पसमाधिस्थो अन्तरात्मा परस्वरूपान् जानातीति भावार्थः।।८९।।

---

आगे यह गुरु शिष्यादिक भी नहीं है –

**गाथा – ८९**

अन्वयार्थ :– [ आत्मा ] आत्मा [ गुरुः नैव ] गुरु नहीं है, [ शिष्य नैव ] शिष्य भी नहीं है, [ स्वामी नैव ] स्वामी भी नहीं है, [ भृत्यः नैव ] नौकर नहीं है, [ शूरः कातरः नैव ] शूरवीर नहीं है, कायर नहीं है, [ उत्तमः नैव ] उच्चकुली नहीं है, [ नीचः नैव भवति ] और नीचकुली भी नहीं है।

भावार्थ :– ये सब गुरु, शिष्य, स्वामी, सेवकादि संबंध यद्यपि व्यवहारनयसे जीवके स्वरूप हैं, तो भी शुद्धनिश्चयनयसे शुद्ध आत्मासे जुदे हैं, आत्माके नहीं हैं, त्यागने योग्य हैं, इन भेदोंको वीतरागपरमानंद निज शुद्धात्माकी प्राप्तिसे रहित बहिरात्मा मिथ्यादृष्टिजीव अपने समझता है, और इन्हीं भेदोंको वीतराग निर्विकल्पसमाधिमें रहता हुआ अंतरात्मा सम्यग्दृष्टिजीव पर रूप (दूसरे) जानता है।।८९।।

---

હવે (આત્મા, ગુરુ, શિષ્યાદિક પણ નથી એમ કહે છે) :

ભાવાર્થ :- ગુરુશિષ્યાદિ સંબંધો જો કે વ્યવહારનયથી જીવના સ્વરૂપો છે તોપણ શુદ્ધનિશ્ચયનયથી પરમાત્મદ્રવ્યથી ભિન્ન અને હેયભૂત છે, તેમને પોતાના આત્મામાં સંબદ્ધ કરે છે અને તેમને જ વીતરાગ નિર્વિકલ્પ સમાધિસ્થ અન્તરાત્મા પરસ્વરૂપ જાણે છે, એ ભાવાર્થ છે. ૮૯.

## ગાથા-૮૯ ઉપર પ્રવચન

**'आगे यह गुरु-शिष्यादि भी नहीं है :'** જુઓ! આ ગુરુ મારા ને આ દેવ મારા, એમ છે નહિ, એમ કહે છે. આહાહા..! ૮૯.

**૮૯) अप्पा गुरु णवि सिस्सु णवि णवि सामिउ णवि भिच्चु।**
**सूरउ कायरु होइ णवि णवि उत्तमु णवि णिच्चु।।८९।।**

ભગવાનઆત્મા ગુરુ નથી. આહાહા..! ગુરુ મારા છે એમ નથી, અહીં તો કહે છે. આહાહા..! શિષ્ય પણ નથી. સ્વામી પણ નથી અને ભૃત નામ નોકર પણ નથી. ગુરુ નહિ, શિષ્ય નહિ, સ્વામી નહિ, ભૃત નામ સેવક નહિ. ભૃત એટલે સેવકનોકર. **'शूरः कायरः नैव'** ભગવાનઆત્મા શૂરવીર નહિ. પર્યાયના શૂરવીર, હોં! અને પરમાત્મા કાયર પણ નથી. આહાહા..! એ શૂરવીર અને કાયર તો પર્યાયની વાત છે. સમજાય છે કાંઈ? આહાહા..! ઉત્તમ અને નીચ નહિ. ઊંચ કૂળ નહિ. અમે ઊંચ કૂળમાંથી છીએ. નીચ કુળ પણ નહિ. એ બધું ગુરુ, શિષ્ય, સ્વામી, સેવક આદિ સંબંધ. જુઓ! સંબંધ. આત્માને ગુરુ ને શિષ્યનો સંબંધ નથી. આહાહા..! એ તો વ્યવહારથી કહેવામાં આવે છે એટલું છે, એમ કહે છે. ગુરુ એમ કહે છે કે અમે તારા નથી, તારા અમે નથી, તું અમારો શિષ્ય નથી. આહાહા..! બધે ગડબડ છે, ખબર છે ને, ભાઈ! આહાહા..!

અહીં તો ૮૭ વર્ષ શરીરને ચાલે છે. અહીં તો (સંવત) ૧૯૬૫ની સાલથી તો આ શાસ્ત્ર અભ્યાસ છે. 'પાલેજ' માં પિતાજીની દુકાન (હતી). અમે તો ત્યાં શાસ્ત્ર વાંચતા હતા. પૂર્વના સંસ્કાર હતા ને, પણ શ્વેતાંબરના. શ્વેતાંબર હતા ને? એક કલ્પદ્રૂમ હતું. 'અધ્યાત્મ કલ્પદ્રૂમ'. શ્વેતાંબરનું પુસ્તક છે. પહેલા એ હાથમાં આવ્યું હતું, લ્યો! 'અધ્યાત્મ કલ્પદ્રૂમ' શ્વેતાંબરનું એક શાસ્ત્ર છે. ગ્રંથ છે, હોં! ત્યાં અમારે 'કુંવરજીભાઈ' નું મકાન હતું એ 'ચુનીલાલ મોતીલાલ' શ્વેતાંબરનું હતું. એની પાસે હતું. પણ આ તો ૧૯૬૫ ની સાલની વાત છે. ૧૯૬૫. ૬૭ વર્ષ થયા. બધું જોતા હતા. એ વખતે શ્વેતાંબરના શાસ્ત્ર 'દશવૈકાલિક', 'ઉત્તરાધ્યયન', 'આચારાંગ', 'સૂયગડાંગ' બધું જોતા હતા. ઈનામમાં 'કબીર'ના પુસ્તક આવતા હતા તો એ જોતા હતા. જૈન સમાચાર પત્ર અમે મંગાવતા હતા. 'વાડીલાલ મોતીલાલ' (કરીને) સ્થાનકવાસીના 'અમદાવાદ' માં હતા. જૈનસમાજના પત્રકાર હતા. એ મંગાવતા હતા, પણ હું એકલો (વાંચતો), બાકી બધા સૌ ધંધામાં (રહેતા). એમાં 'કબીર'નું એક ફેરે પદ ભેટમાં આવ્યું. 'કબીર'નું પુસ્તક પણ વાંચ્યું હતું. પણ આ જૈનદર્શનની વાત ક્યાંય છે નહિ. એ 'કબીર' બધા બૌદ્ધ મિથ્યાદષ્ટિ. હવે એ બૌદ્ધ ને મહાવીર બન્ને મોક્ષ પધાર્યા એમ કહે છે. 'ચીમન ચકુ' સ્થાનકવાસીનો માણસ છે. કહો, આ તે કંઈ ગજબ વાત છે! ક્યાં બૌદ્ધ ગૃહીત મિથ્યાદષ્ટિ, ક્યાં ભગવાન કેવળજ્ઞાની! બન્ને મોક્ષ

પધાર્યા છે, એમ કહે છે. આહા..! અત્યારે આંધળુ તે ચાલે છે. સ્થાનકવાસીમાં કોઈ એવો વિચાર કરનાર પણ નથી કે તું આ શું કરે છે? અને તું શેનું આ બોલે છે? હેં!

શ્રોતા :- ઊંડો ઉતરીને..

ઉત્તર :- પણ આમાં ઊંડું ક્યાં છે? બૌદ્ધ અને પરમાત્મા ક્યાં? સૂક્ષ્મ વાત હજી નિશ્ચય-વ્યવહારની હોય તો ઝીણી (પડે), પણ ક્યાં બૌદ્ધ અને ક્યાં ભગવાન ત્રણલોકનો નાથ અને ક્યાં ગૃહીત મિથ્યાદૃષ્ટિ ક્ષણિક માનનારો. વૈરાગી હતો બિચારો રાજા હતો ને રાજા! પણ ક્ષણિકને માનનારો. દુઃખથી વૈરાગ્ય (આવેલો) પણ વસ્તુ ત્રિકાળ શું છે? એ બૌદ્ધ નિત્ય તો માનતો જ નહોતો. આહાહા..! 'શ્રીમદ્' માં પણ પાછળ લખાણ છે. ૨૭ પ્રશ્નોત્તર છે એમાં કોઈએ પ્રશ્ન કર્યો છે. બૌદ્ધ છે? બૌદ્ધ એમના શાસ્ત્રથી જોઈએ તો તે બૌદ્ધ ધર્મ પામેલા નથી, એમ લખ્યું છે. 'શ્રીમદ્‌ની તો દૃષ્ટિ નિર્મળ હતી. એક આ શ્વેતાંબર-દિગંબરની ભિન્નતા સ્પષ્ટ પહેલા નહોતી થઈ, પાછળથી કરી પણ હવે એ લોકો એના ભક્તો માને નહિ. પાછળથી સ્પષ્ટ કરી નાખ્યું છે. સત્શ્રુત બધા દિગંબરના નામે ૧૯ આપ્યા છે. સત્સૂત્ર આ છે. એક વીસમો ગ્રંથ 'હરિભદ્રસૂરિ' નો બનાવેલો છે. 'દશવૈકાલિક', 'ઉત્તરાધ્યયન' આપ્યું જ નથી. લોકોને આ પકકડ હોય એને છૂટવી (કઠણ પડે). સંપ્રદાયનો આગ્રહ (છૂટે નહિ).

શ્રોતા :- ...

ઉત્તર :- નથી, વસ્તુ એમાં છે નહિ. મૂળ તો ગૃહીત મિથ્યાદૃષ્ટિ થયા પછી શાસ્ત્ર રચ્યા છે. ક્યાંય નથી. થોડુંક કાઢ્યું છે ઈ આપણું આમાંથી લઈને. 'સમયસાર' માંથી લઈને થોડુંક નાખ્યું છે, હમણા નવું બનાવ્યું છે. આ વસ્તુ, બાપુ! આ તો સનાતન સત્ય (છે). આહાહા..! સનાતન સત્યનો પ્રવાહ વહે છે. આવો માર્ગ છે, બાપુ ! આ ભગવાનનો કહેલો છે. આહાહા..! 'ચીમનલાલજી'!

શ્રોતા :- 'સમયસાર' ને પણ માનતા નથી?

ઉત્તર :- ના, એ માને નહિ. દિગંબરનો ગ્રંથ એ શેના માને? 'સમયસાર' ને માને તો શ્વેતાંબર ધર્મ આખો ખોટો થઈ જાય. એને ક્યાંથી માને ઈ? એને હોય શેનું? આહા..!

અહીં તો બીજું લેવું છે કે ગુરુ ને શિષ્ય પણ વ્યવહારનયથી કહેવામાં આવે છે. આહાહા..! આ મારા ગુરુ અને આ મારો શિષ્ય, એ તો વ્યવહારથી કથન છે. ગુરુ-શિષ્ય કેવા? ભગવાનઆત્મામાં દ્વૈત કેવું? આહાહા..! વિકલ્પનું દ્વૈત જેમાં નથી, અરે..! નિર્મળ પર્યાયનું દ્વૈત જેમાં નથી, એને ગુરુ-શિષ્ય ક્યાંથી આવ્યા? આહાહા..! અદ્વૈત ભગવાન અદ્વૈત અન્યમતિ કહે છે એમ નહિ, હોં! અદ્વૈત કહે છે ને? વેદાંત... વેદાંત. એ નહિ. આ અદ્વૈત એટલે તો એકરૂપ વસ્તુ, જેમાં પર્યાયની દ્વૈતતા નથી. એ પંચ પરમેષ્ઠીમાં આવે છે. હું દ્વૈત પણ નથી, હું અદ્વૈત પણ નથી. હું તો જેવો છું તેવો છું, એમ આવે છે. દ્વૈત નામ દ્રવ્ય-પર્યાય. 'પદ્મનંદિ પંચવિંશતિ'. એ આમાં શ્લોક આવે છે. 'નિયમસાર' માં એ આધાર આવે છે. આહાહા..! દ્રવ્ય અને પર્યાય એવો દ્વૈત પણ નહિ અને હું દ્રવ્ય છું એવો અદ્વૈતનો

વિકલ્પ પણ નહિ. આહાહા..! આવો માર્ગ છે, પ્રભુ! સમ્યગ્દર્શનનો વિષય અલૌકિક ચીજ છે. લોકો માની બેસે કે અમે સમ્યગ્દષ્ટિ છીએ ને પછી પડિમા લઈ લ્યો ને વ્રત લઈ લ્યો. માને. હજી સમ્યગ્દર્શન કેમ થાય (એની ખબર નથી). આહાહા..!

અરે..! સમ્યગ્દર્શન થયું તો વસ્તુ છે એ મોક્ષસ્વરૂપ છે. સમ્યગ્દર્શનમાં મોક્ષસ્વરૂપનું ભાન થયું તો અંદર મોક્ષ થઈ ગયો. પર્યાયમાં મોક્ષ થવાનો છે, દ્રવ્ય મોક્ષ તો અંદર આવી ગયો. અબદ્ધ કહો કે મોક્ષ કહો. આહાહા..! એવી ચીજમાં ગુરુ, સેવકાદિ તો વ્યવહારથી છે. આહાહા..! ઠીક! અહીં તો (એમ કહે), અમારા ગુરુને અમે માનીએ તો અમારો મોક્ષ થાય. હવે ક્યાં રહ્યું? ગુરુને માને તે તો વિકલ્પ છે. આ માર્ગ તો વીતરાગ છે... મોઢા સામે કોળિયો કોને ન ગોઠે? આ (વીતરાગ) તો ના પાડે છે કે અમારી સામે જોશો તો રાગ થશે. એય..! આ વીતરાગ માર્ગ છે, ભાઈ !

જુઓ! અહીં કહે છે, ગુરુ અને શિષ્ય વ્યવહારથી છે. 'શુદ્ધનિશ્ચયનયસે શુદ્ધ આત્માસે જુદે હૈં,...' ગુરુ કોણ? એનો આત્મા ભિન્ન, તારો આત્મા ભિન્ન. શિષ્યનો આત્મા ભિન્ન. તને આવું કેમ આવે છે? આહાહા..! સમજાય છે કાંઈ? અહીં કહે છે કે ગુરુની ભક્તિ કરતા કરતા મોક્ષ થશે, લ્યો! 'રતિભાઈ'! 'રતિભાઈ'એ કાલે કહ્યું હતું, એ લોકો એમ કહે છે કે ગુરુની ભક્તિ કરશું તો મુક્તિ થાશે. 'શ્રીમદ્'માં ઘણા બધાને એ લાકડું ગરી ગયું છે. ખબર છે. અમારા 'વીરચંદભાઈ' ના બાપ હતા. એ વળી ત્યાં (સંવત) ૨૦૧૦ ની સાલ. 'વીરચંદ ભૂરા' 'શિવલાલભાઈ'! નહિ? ૨૦૧૦ ની સાલમાં વ્યાખ્યાન ચાલતા હતા. ૨૨ વર્ષ થયા. મ્યુનિસિપાલટીમાં વ્યાખ્યાન સાંભળ્યું હતું. અહીં 'બોટાદ'. મંદિર નહોતું થયું, હવે મંદિર થઈ ગયું છે. ત્યારે વ્યાખ્યાન ચાલતું હતું. એમણે પ્રશ્ન કર્યો, મહારાજ! દેવ, ગુરુ ને શાસ્ત્ર તો શુદ્ધ છે. એ પરદ્રવ્ય? આ 'શ્રીમદ્' ના વાંચનારા અને ત્યાં 'અગાસ' માં જનારા. આ તમારા બાપને પણ બધું એ હતું. એ તો બિચારા પાછળથી... જાણે ગુરુની ભક્તિ કરીએ, બસ! આપણને મુક્તિ થઈ જશે. ભાઈ! ગુરુની ભક્તિ તો રાગ છે. ભગવાન તો ત્યાં સુધી કહે છે.... આગળ આવશે. આવી ગયું છે? 'ભવે ભવે પૂજીયો તીર્થંકરકો' એમ આવે છે.. આવી ગયું? હવે આવશે. ક્યાંક છે. હવે આવશે. એમાં શું આવ્યું? રાગ છે, શુભ છે.

અનંતવાર સમવસરણમાં જઈને સાક્ષાત્ ત્રણલોકના નાથને હીરાના થાળ, મણિરત્નના દીવા, કલ્પવૃક્ષના ફૂલથી. 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં આવે છે, 'સમ્યક્જ્ઞાન દીપિકા' માં પણ આવે છે. 'સમ્યક્જ્ઞાન દીપિકા' માં વિશેષ આવે છે, સ્પષ્ટ કરી દીધું છે. અનંતવાર પૂજા (કરી). શું થયું? એ તો શુભભાવ છે. સાક્ષાત્ ત્રિલોકનાથ સમવસરણમાં (બિરાજે છે). સિદ્ધની તો પરોક્ષ ભક્તિ કરે છે. વર્તમાન નથી ને! તો પરોક્ષ ભક્તિ સિદ્ધની કરે. અને આ ભગવાન તો સમવસરણમાં પ્રત્યક્ષ છે. સિદ્ધની ભક્તિ પરોક્ષ છે. અહીંયા છે નહિ ને. અરિહંત ભગવાન તો સાક્ષાત્ બિરાજે છે. સમવસરણમાં એવી ભક્તિ (કરી). એ શું છે? એ તો રાગ છે. તેનાથી બંધ થાય છે. આ ગજબ વાત છે, ભાઈ! 'મોક્ષ પાહુડ' માં ત્યાં સુધી કહ્યું છે, '**परदव्वादो दुग्गइ**' ૧૬ મી ગાથા. પરદ્રવ્ય ઉપર લક્ષ જાશે તો તને રાગ જ ઉત્પન્ન

થશે, તારી ગતિ ચૈતન્યની નહિ રહે. આહાહા..! આવી વાતું. દિગંબર મુનિઓ નાગા બાદશાહથી આઘા. એને જગતની ક્યાં પડી છે? કેમ માને, ન માને તમે જાણો. માર્ગ આ છે. આહાહા..!

'સમંતભદ્ર' માં નથી આવતું? 'સમંતભદ્રાચાર્ય' ની સ્તુતિ. ભગવાને ઉપદેશ કહ્યો પણ એનું ફળ ... એ તો કેવળી છે. ચોવીસમાં આવે છે. 'સ્વયંભૂસ્તોત્ર'. ભગવાને માર્ગ કહી દીધો. ઘણું કરીને 'ધર્મનાથ' નું છે. આ 'ધર્મનાથ' ની સ્તુતિમાં છે. ચોવીસ સ્તુતિ છે ને? 'સમંતભદ્રાચાર્યદેવ' નું 'સ્વયંભૂ સ્તોત્ર'. ભગવાને ધર્મ કહી દીધો પણ એનું ફળ આવ્યું કે નહિ એ કોણ જોવે? એ તો કેવળજ્ઞાની છે. એમ કહે છે. એમ અહીંયા ધર્માત્મા મુનિઓએ સત્ય વાત કરી. કોને બેઠી, ન બેઠી એનાથી શું કામ છે? આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયા જુઓને (કહે છે), ગુરુ-શિષ્ય નહિ. ગુરુનો આત્મા ભિન્ન, તારો આત્મા ભિન્ન. દેવનો આત્મા ભિન્ન, તારો ભિન્ન. આ બાજુ ક્યાંક આવે છે. ભવે ભવે પૂજ્યો છે. '**भवि भवि जिण पुज्जिउ वंदिउ**' ૨૨૮ પાનું આમાં છે, ગાથા ૧૪૩ છે. બીજા ભાગની ૧૪૩, હોં! બીજા ભાગની ૧૪૩ ગાથા. જુઓ! વચમાં છે. '**भवि भवि जिण पुज्जिउ वंदिउ**' એવું શાસ્ત્રનું વચન છે. અર્થાત્ ભવ ભવમાં આ જીવે જિનવર પૂજ્યા અને ગુરુને વંદન કર્યા. અનંતવાર ગુરુને વંદન કર્યા ને અનંતવાર જિનવર પૂજ્યા. ૧૪૩ ગાથા છે. શેઠ! બીજો ભાગ, હોં! પહેલા ભાગની નહિ. બે ભાગ છે, બીજો ભાગ. ૧૪૩. એનો ભાવાર્થ છે ને? ભાવાર્થ પછી, ૯-૧૦ લીટી પછી. ભવે ભવે જિન પૂજિઓ. આહાહા..! એણે નાખ્યું છે. '**जिणु सामिउ सम्मत्तु**' આહાહા..! સમકિત વિના ભાવભક્તિના અભાવથી જિનસ્વામી ન પામ્યા. જિનસ્વામી પણ નથી પામ્યા, કહે છે. એનો અર્થ સમ્યગ્દર્શન વિના જિનસ્વામી કહેવામાં આવતા નથી. આહાહા..! બહુ સારો અર્થ કર્યો છે. ૧૪૩ છે.

**૨૭૪) कालु अणाइ जिउ भव-सायरु वि अणंतु।**
**जीविं बिण्णि ण पताईं जिणु सामिउ सम्मतु।।१४३।।**

બે નથી પામ્યો જિનસ્વામી અને સમકિત. એ જિનસ્વામી ક્યારે પામ્યો કહેવાય? - કે જે સમ્યગ્દર્શન પામે એને જિનસ્વામી (પામ્યો) કહેવાય. આહાહા..! 'પરમાત્મ પ્રકાશ' ની ગાથા બહુ સારી છે. બીજા ભાગમાં. આહાહા..!

શુદ્ધનિશ્ચયથી ગુરુ ને શિષ્ય જુદા (છે). શૂરવીર અને સ્વામી, આહાહા..! કાયર અને નીચતા - બધું આત્માથી ભિન્ન છે. 'આત્માકે નહીં હૈ, ત્યાગને યોગ્ય હૈં,...' '**हेयभूतान्**' સંસ્કૃતમાં '**हेय**' છે. એ ગુરુ આદિ ત્યાગને યોગ્ય છે, એમ કહે છે. દૃષ્ટિનો વિષય નથી ને. ઝીણી વાતું છે, બાપા! જ્યાં સુધી પર ઉપર લક્ષ રહેશે ત્યાં સુધી રાગ, વિકલ્પ ઉઠશે. આહાહા! આવો માર્ગ છે.

શ્રોતા : ...

ઉત્તર :- જાડું-ફાડું કે દિ' હતું? 'લીંબડી' માં સાધુની એક ગાદી છે, નહિ?

સ્થાનકવાસીએ વળી ગાદી રાખી. દેખી છે. આહાહા..!

'**ઈન ભેદોંકો વીતરાગપરમાનંદ નિજ શુદ્ધાત્માકી પ્રાપ્તિસે રહિત બહિરાત્મા મિથ્યાદષ્ટિજીવ અપને સમજતા હૈ,...**' ભાષા જુઓ! આ મારા ગુરુ ને આ મારા શિષ્ય, બહિરાત્મા મિથ્યાદષ્ટિ પોતાના માને છે. એય..! શેઠ ! જોયું? ૮૯ ગાથા. હવે તો હિન્દી ચાલી ગયું તોપણ આ હિન્દી ચાલે છે. આ તો હિન્દી પુસ્તક છે ને? હિન્દી ચાલે છે.

'**વીતરાગપરમાનંદ નિજ શુદ્ધાત્માકી પ્રાપ્તિ...**' ભાષા જુઓ! '**વીતરાગપરમાનંદ નિજ શુદ્ધાત્માકી પ્રાપ્તિસે રહિત બહિરાત્મા મિથ્યાષ્ટિ જીવ અપને સમજતા હૈ,...**' આ મારા ગુરુ ને આ મારા શિષ્ય એમ અંતરમાં નિશ્ચયથી માને એ તો બહિરાત્મા છે. આહાહા..! પરદ્રવ્ય મારા. તો પછી આ 'હસમુખ' ને ઈ તો ક્યાંય ગયો. આ મારો 'હસમુખ'. ભાઈ હોંશિયાર છે ને? ઈ આ લાવ્યો છે ને? આ સંચો ઈ લઈ આવ્યો છે, હોં! એનો દીકરો. સાડા ત્રણ લાખ અક્ષર. 'ઈટાલી'થી ઈ લઈ આવ્યો છે. એને કહ્યું કે જુઓ! ભાઈ! અમારે ધર્મ કરવો છે. ન્યાં કંઈ રળવું નથી. છપાવું નથી. એમ કરીને આપ્યું. નહિતર હિન્દુસ્તાનમાં પહેલુંવહેલું આપ્યું છે. ઈ 'હસમુખ' જે પહેલુંવહેલું લાવ્યો છે. છે ને? સંચો પડ્યો છે. આહાહા..! ચારે કોર છે. ઝીણી વાત છે. જિનવાણી માતા સુધા ધર્મસાધની ધર્મશાળા, નથી આવ્યું? સુધા ધર્મસાધની ધર્મશાળા.. આહા..! એમાં એ આવે છે. ક્ષુધા મોહતાપની નાશની... મોક્ષદાની. આહાહા..! જિનવાણીની વાત, બહુમાન તો આવે ને! સર્વજ્ઞની વાણીનું બહુમાન આવે. વિકલ્પ છે ને? આવે. આહાહા..! પણ એનાથી એમ માની લે કે એનાથી આપણને કલ્યાણ થઈ જશે (તો એમ નથી). સમજાણું કાંઈ? મિથ્યાદષ્ટિ એમ સમજે છે, ગજબ છે! ગુરુ મારા અને શિષ્ય મારો એ મિથ્યાદષ્ટિ માને છે, કહે છે. આહાહા..! આ મારા શિષ્ય છે. કોના શિષ્ય? બાપા ! પર વસ્તુ ભિન્ન છે. તારી પાસે આવી નથી. તારી પરિણતિ જે શુદ્ધ છે તે પણ તારી ચીજમાં નથી તો આ ચીજ ક્યાંથી અંદરમાં આવી? આહાહા..!

'**ઔર ઈન્હીં ભેદોંકો વીતરાગ નિર્વિકલ્પસમાધિમેં રહતા હુઆ અંતરાત્મા સમ્યગ્દષ્ટિજીવ પર રૂપ (દૂસરે) જાનતા હૈ.**' પણ પરરૂપ જાણે છે ક્યારે? પરરૂપ ક્યારે જાણે છે? આહાહા..! વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં રહેતો થકો. આહાહા..! અંતરમાં વીતરાગી નિર્વિકલ્પ શુદ્ધમાં રમતો થકો અંતરાત્મા કાયમ એ પરને જુદા જાણે છે, એમ કહે છે. શુદ્ધ વીતરાગી આનંદ પ્રભુ (છું) એવી દષ્ટિ કરનારો અંતરાત્મા કાયમ એ ચીજને જુદી જાણે છે. જુદો થયો છે તો જુદા જાણે છે. એમ કહે છે. નિર્વિકલ્પ અનુભવમાં એ ચીજ જુદી થઈ તો નિર્વિકલ્પ અનુભવમાં જુદા જાણે છે. આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ !)

अथ –

९०) अप्पा माणुसु देउ ण वि अप्पा तिरिउ ण होइ।
अप्पा णारउ कहिँ वि णवि णाणिउ जाणइ जोइ।।९०।।

आत्मा मनुष्यः देवः नापि आत्मा तिर्यग् न भवति।
आत्मा नारकः क्वापि नैव ज्ञानी जानाति योगी।।९०।।

अप्पा माणुसु देउ ण वि अप्पा तिरिउ ण होइ अप्पा णारउ कहिँ वि णवि आत्मा मनुष्यो न भवति देवो नैव भवति आत्मा तिर्यग्योनिर्न भवति आत्मा नारकः क्वापि काले न भवति। तर्हि किंविशिष्टो भवति। णाणिउ जाणइ जोइ ज्ञानी ज्ञानरूपो भवति। तमात्मानं कोऽसो जानाति। योगी कोऽर्थः। त्रिगुप्तिनिर्विकल्पसमाधिस्थ इति। तथाहि। विशुद्धज्ञानदर्शनस्वभाव-परमात्मतत्त्वभावनाप्रतिपक्षभूतैः रागद्वेषादिविभावपरिणामजालैर्यान्युपार्जितानि कर्माणि तदुदयजनितान् मनुष्यादिविभावपर्यायान् भेदाभेदरत्नत्रयभावनाच्युतो बहिरात्मा स्वात्मतत्त्वे योजयति। तद्विपरीतोऽन्तरात्मशब्दवाच्यो ज्ञानी पृथक् जानातीत्यभिप्रायः।।९०।।

आगे आत्माका स्वरूपकहते हैं –

**गाथा – ९०**

अन्वयार्थ :– [ आत्मा ] जीव पदार्थ [ मनुष्यः देवः नापि ] न तो मनुष्य है, न तो देव है, [ आत्मा ] आत्मा [ तिर्यग् न भवति ] तिर्यंच पशु भी नहीं है, [ आत्मा ] आत्मा [ नारकः ] नारकी भी [ क्वापि नैव ] कभी नहीं, अर्थात् किसी प्रकार भी पररूप नहीं है, परन्तु [ ज्ञानी ] ज्ञानस्वरूप है, उसको [ योगी ] मुनिराज तीन गुप्तिके धारक और निर्विकल्पसमाधिमें लीन हुए [ जानाति ] जानते हैं।

भावार्थ :– निर्मल ज्ञान दर्शन स्वभाव जो परमात्मतत्त्व उसकी भावनासे उलटे राग-द्वेषादि विभाव-परिणामोंसे उपार्जन किये जो शुभाशुभ कर्म हैं, उनके उदयसे उत्पन्न हुए मनुष्यादि विभाव-पर्यायोंको भेदाभेदस्वरूप रत्नत्रयकी भावनासे रहित हुआ मिथ्यादृष्टि जीव अपने जानता है, और इस अज्ञानसे रहित सम्यग्दृष्टि ज्ञानी जीव उन मनुष्यादि पर्यायोंको अपनेसे जुदा जानता है।।९०।।

હવે (આત્માનું સ્વરૂપ કહે છે) :

ભાવાર્થ :- ભેદાભેદરત્નત્રયની ભાવનાથી ચ્યુત એવો બહિરાત્મા, વિશુદ્ધજ્ઞાન, વિશુદ્ધદર્શન જેનો સ્વભાવ છે એવા પરમાત્મતત્ત્વની ભાવનાથી પ્રતિપક્ષભૂત રાગદ્વેષાદિ વિભાવપરિણામની જાળથી ઉપાર્જન કરવામાં આવેલાં કર્મોના ઉદયથી થયેલ મનુષ્યાદિ વિભાવપર્યાયોને સ્વાત્મતત્ત્વમાં યોજે છે-જોડે છે, તેનાથી વિપરીત 'અન્તરાત્મા' શબ્દથી વાચ્ય એવો જ્ઞાની તેમને પૃથક્ જાણે છે. એ અભિપ્રાય છે. ૯૦.

## વીર સંવત ૨૫૦૨, શ્રાવણ વદ ૧૧, શનિવાર
## તા. ૨૧-૦૮-૧૯૭૬, ગાથા-૯૦, ૯૧ પ્રવચન નં. ૬૮

'પરમાત્મપ્રકાશ' ૯૦ ગાથા. '**આગે આત્માકા સ્વરૂપ કહતે હૈં :-**'

**९०) अप्पा माणुसु देउ ण वि अप्पा तिरिउ ण होइ।**
**अप्पा णारउ कहिँ वि णवि णाणिउ जाणइ जोइ।।९०।।**

**અન્વયાર્થ :-** '**જીવ...**' ભગવાનઆત્મા '**ન તો મનુષ્ય હૈ,...**' જે નથી તેનાથી ધર્મ નથી થતો એમ કહે છે. રાગ આત્મા નથી તો રાગથી ધર્મ નથી થતો. આત્મા મનુષ્ય નથી તો મનુષ્યપણાથી ધર્મ થતો નથી. સમજાય છે કાંઈ? એમ આત્મા '**ન તો દેવ હૈ,...**' દેવ નથી. એ તો બધી કર્મજન્ય ઉપાધિના પ્રકાર છે. મુખ્ય ભાવે હતું ને? ભાઈ! એ આજે જોયું. મુખ્ય ભાવે સતિ પ્રયોજને નિમિત્તે.. એ શબ્દ પડ્યા છે. જે વસ્તુ સ્વભાવ નથી પણ પ્રયોજન અને નિમિત્તને વશ ઉપચાર કરવામાં આવે છે. સમજાય છે કાંઈ? આ મનુષ્યપણું પોતાનું છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. કેમકે નિમિત્ત છે તો વ્યવહારથી કહેવામાં આવે છે. પરમાર્થે એ આત્મા નથી. સમજાય છે કાંઈ? અને એમ કહે છે ને કે મનુષ્યપણાથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે? મનુષ્યપણામાં ચારિત્ર થાય છે. તો મનુષ્યપણાથી ચારિત્ર થાય છે એમ નહિ. સમજાય છે કાંઈ? જે સ્વરૂપે એ નથી એ સ્વરૂપે એ કેમ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પામે? મનુષ્યપણામાં કેવળજ્ઞાન થાય છે. લ્યો! તો મનુષ્યપણું કેવળજ્ઞાનમાં કારણ ખરું કે નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મનુષ્ય થઈને ગયા નથી, આત્મા થઈને ગયા છે. મનુષ્યપણાને છોડીને પોતાનો નિર્વિકલ્પ આનંદસ્વરૂપ ભગવાન, નિર્વિકલ્પ પુણ્ય અને પાપના વિકલ્પથી પણ રહિત, વ્યવહારરત્નત્રયથી પણ રહિત.. આહાહા..! એવો નિર્વિકલ્પ આનંદસ્વરૂપ ભગવાનના અનુભવથી મુક્તિએ ગયા છે. વાત આકરી છે, ભાઈ! લોકો એમ કહે, એક પંડિત આવ્યા હતા એ કહે, મનુષ્યપણામાં કેવળજ્ઞાન થાય છે. માટે મનુષ્યપણું કારણ છે. પણ મનુષ્યપણું આત્મા જ નથી પછી કારણ ક્યાંથી આવ્યું? સમજાય છે કાંઈ?

આત્માદેવ નથી. '**આત્મા તિર્યંચ પશુ ભી નહીં હૈ,...**' તિર્યંચ એ તો નામકર્મને કારણે મળેલી ઉપાધિ છે. એ વસ્તુ ક્યાં છે, વસ્તુમાં ક્યાં છે? આહાહા..! '**આત્મા નારકી ભી કભી નહીં, અર્થાત્ કિસી પ્રકાર ભી પરરૂપ નહીં હૈ, પરંતુ (જ્ઞાની) જ્ઞાનસ્વરૂપ હૈ ઉસકો મુનિરાજ તીન ગુપ્તિકે ધારક ઔર નિર્વિકલ્પસમાધિમેં લીન હુએ જાનતે હૈં.**' આહાહા..! આત્માને ક્યારે જાણે છે અને પરને પરરૂપે ક્યારે જાણે છે, એમ કહે છે. આ મનુષ્યાદિ નથી

એ ક્યારે જાણે છે? અને હું આત્મા મારાથી જણાઉં છું, એ ક્યારે જણાય છે? આહાહા..! એ તો જ્યારે રાગથી ભિન્ન પડી નિર્વિકલ્પ શાંતિમાં આત્મા આવો છે એ જાણે છે. નિર્વિકલ્પ શાંતિમાં મનુષ્યાદિ પર એમ જાણે છે. સમજાય છે કાંઈ? ત્યારે મનુષ્યાદિ પર થઈ ગયા. એમ. આવી વાત વ્યવહારવાળાને તો એવું ગળે ચોંટે છે ને.

વ્યવહાર તો એક ઉપચારથી કહ્યું. કીધું ને ઈ? ભગવાન પરમાર્થસ્વરૂપ આત્મા, નિર્વિકલ્પ શાંતિ આનંદપ્રભુ, સહજાનંદની મૂર્તિ પ્રભુ આત્મા, સહજાત્મ સ્વરૂપ એનું, સહજાનંદની પ્રાપ્તિ, સહજાત્મ સ્વભાવને આશ્રયે પ્રાપ્તિ થાય છે. સમજાય છે કાંઈ? ત્યારે રાગાદિ છે. એ વખતે નહિ. એ તો પ્રશ્ન આવ્યો ને? 'પરમાત્મપ્રકાશ'માં આપણે લખ્યું છે. તે દિ' નહિ? ૧૪મી ગાથાનું પાનું છાપ્યું છે. જ્યારે નિશ્ચય હોય છે ત્યારે વ્યવહાર તો હોતો નથી. ચૌદમી ગાથા. આમાં ચૌદમી ગાથા છે. બીજા ભાગની ચૌદમી છે. એમાં વ્યવહારે સાધક કહ્યું છે ને? તો પછી શિષ્યને પ્રશ્ન થયો કે જ્યારે નિશ્ચય છે, આત્મા આનંદસ્વરૂપને અનુભવે છે ત્યારે તો વ્યવહાર છે નહિ. તો વ્યવહારને સાધક કઈ રીતે તમે કહો છો? ભગવાનઆત્મા તો વ્યવહારના વિકલ્પને છોડીને ચાહે તો દયા, દાન, ભક્તિ, જાત્રા, પૂજા આદિનો ભાવ હો, એ બધા વિકલ્પને છોડીને, પોતાનો નિર્વિકલ્પ આનંદપ્રભુ શુદ્ધ ચૈતન્ય પરમાત્મસ્વરૂપનો જ્યારે અનુભવ કરે છે ત્યારે તો વ્યવહાર નથી. તો શિષ્યએ પ્રશ્ન કર્યો કે તમે વ્યવહારને સાધક કઈ રીતે તમે કહો છો? પૂર્વ નૈગમનયથી અમે કહીએ છીએ. છે ને? અંદરમાં છે. સમજાય છે કાંઈ? ભૂતનૈગમનય છે. સંસ્કૃત છે.

**'આ કથન સાંભળીને અહીં શિષ્યે પ્રશ્ન કર્યો કે નિશ્ચયમોક્ષમાર્ગ તો નિર્વિકલ્પ છે, તે સમયે (નિર્વિકલ્પ નિશ્ચયમોક્ષમાર્ગ વખતે તો) સવિકલ્પ મોક્ષમાર્ગ તો હોતો નથી. તો પછી વ્યવહારમોક્ષમાર્ગ કેવી રીતે સાધક છે?'** બીજા ભાગની ચૌદમી ગાથા છે. સમાધાન - **'ભૂતનૈગમનયથી પરંપરાએ (સાધક) છે.'** અહીંયા જે વિકલ્પરહિત આનંદનો અનુભવ થયો.. આહાહા..! ભારે ભાઈ! વીતરાગમૂર્તિ પ્રભુ વિકલ્પથી ખસીને વીતરાગી આનંદના અનુભવમાં જ્યારે આવ્યો ત્યારે તો વ્યવહાર નથી, તો વ્યવહારને સાધક કેમ કહ્યું? એની પહેલા રાગ વિકલ્પ હતો તેનો અભાવ થઈને (અનુભવ) થયો તો વ્યવહારથી થયું એમ ભૂતનૈગમનયથી કહીએ છીએ. ભૂતનૈગમનયથી કહે છે. સમજાણું કાંઈ? ચૌદમી ગાથામાં સંસ્કૃત પાઠ છે, હોં! તે દિ' સુધાર્યું છે. કાલે પૂછતા હતા ને? ઓલો વ્યવહારનો 'આલાપપદ્ધતિ'નો પ્રશ્ન હતો પરમ દિ'નો, કાલે ભૂલાઈ ગયું. આજે લાવ્યા છે. મુખ્ય અભાવે એટલે મુખ્યનો અભાવ. નિશ્ચયનો જેમાં અભાવ અને જ્યાં વ્યવહાર કહેવામાં આવે છે એ પ્રયોજન ને નિમિત્તને કારણે વ્યવહાર કહેવામાં આવે છે. પ્રયોજન ઈ કે એ વખતે સિદ્ધ કરવું છે કે રાગ શું છે અને એ નિમિત્ત છે. નિમિત્ત છે. નિમિત્ત નિશ્ચયને કરતું નથી. જેમ માટીનો ઘડો. માટીની પર્યાય ઘડો થાય છે (તેમાં) કુંભાર કંઈ કરતો નથી.

મુમુક્ષુ :- વકીલ કરે?

ઉત્તર :- ઘડો કરે માટી. વકીલ પણ કરે નહિ અને બેરિસ્ટર પણ કરે નહિ. એમ કહે

છે, કુંભાર કરે નહિ તો શું વકીલ કરે? એમાં આવ્યું છે, માટી પોતાથી, પોતાને કારણે, પોતામાં, પોતાથી આધારે ઘડો કરે છે. ષટ્કારક છે. આહા..! સમજાય છે કાંઈ? માટી પોતાથી પોતામાં પોતાને કારણે પોતાને દેવા માટે પોતાના આધારે ઘડો કરે છે. આહાહા..! એમ આત્મા પોતાથી, પોતાને આધારે, પોતાને દેવા માટે મોક્ષમાર્ગ કરે છે. સમજાય છે કાંઈ? આહા..! આ વાત. લોકોને પેલો વ્યવહાર હોય ને? વ્યવહાર. ઘણા મૂર્તિપૂજાવાળાને ઈ કે મૂર્તિપૂજાથી જાણે સમકિત થઈ જશે. એ તો શુભભાવ છે. સમજાય છે કાંઈ? વ્યવહાર આવે છે, પણ એ ધર્મ છે અને ધર્મનું કારણ છે એમ નથી. વ્યવહાર વચ્ચે આવે છે. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી ક્ષાયિક સમકિતીને પણ વ્યવહાર તો આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પૂજા.. સમજાય છે કાંઈ? આગળ વધીને વ્રત, નિયમના વિકલ્પ પણ આવે છે. પણ એ કોઈ સાધન નથી. સમજાય છે કાંઈ? સાધન નથી તેને સાધન કહેવું એ ઉપચારથી કથન છે. આહાહા..! આવી વાતું ભારે. જગત એવી ભ્રમણામાં ઘૂસી ગયું છે ને.

અંદરમાં આત્મા નિર્વિકલ્પ આનંદનો નાથ પ્રભુ છે. જેમાં કોઈ વિકલ્પ મદદગાર છે જ નહિ. રાગ આત્માની વીતરાગી પરિણતિમાં મદદગાર થાય? ઓહો..! લસણ ખાતા ખાતા કસ્તૂરીનો ઓડકાર આવે? એમ વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય છે? ઝીણી વાત, ભગવાન! અત્યારે તો બહુ તકરાર (કરે છે).

જુઓ! ઈ અહીંયાં કહે છે, '**ज्ञानी**' '**ज्ञानस्वरूप है, उसको मुनिराज...**' આહાહા..! મુનિરાજ '**योगी**' લીધા છે ને? 'પ્રભાકર ભટ્ટ' હતા ને? '**तीन गुप्तिके धारक...**' મન, વચન અને કાયાના વિકલ્પથી પણ ખસીને. આહાહા..! '**निर्विकल्पशांतिमें लीन हुए...**' રાગરહિત વીતરાગી પર્યાય નિર્વિકલ્પ શાંતિ, જેમાં રાગની અપેક્ષા નથી. આહાહા..! આવો માર્ગ. સમજાય છે કાંઈ? નિર્વિકલ્પ સમાધિ-શાંતિ. ચોથે ગુણસ્થાને અકષાયની એટલી શાંતિ ચોથે અનંતાનુબંધી ગયો તેટલી શાંતિ. પાંચમે અપ્રત્યાખ્યાનાવરણીનો અભાવ થયો એટલી શાંતિ. છઠ્ઠે પ્રત્યાખ્યાનાવરણીના અભાવરૂપ શાંતિ. એમ ત્રણ કષાય, બે કષાય કે એક કષાયના અભાવરૂપ નિર્વિકલ્પ સમાધિ. આહાહા..! તે કાળે આત્મા જાણવામાં આવે છે, એમ કહે છે. અને તે કાળે હું મનુષ્યાદિ નથી, એમ પરિણમન થઈ ગયું છે. સમજાય છે કાંઈ? આવી વાત ભારે પડે. લોકોને ચડાવી દીધા છે ને આમાં, વ્રત પાળો ને પડિમા લઈ લ્યો ને ભક્તિ કરો ને પૂજા કરો ને મંદિર બનાવો. એમાં ધર્મ છે. ... એ શુભ રાગ છે, વિકલ્પ છે. ધર્મીને આવે છે, પણ છે બંધનું કારણ. સમજાય છે કાંઈ? ધર્મીને હેયબુદ્ધિએ આવે છે. ન આવે તો વીતરાગ થઈ જાય. વીતરાગને વ્યવહાર નથી, મિથ્યાદૃષ્ટિને વ્યવહાર નથી. સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિને નિશ્ચય છે ત્યાં વ્યવહાર આવે છે, રાગ આવે છે. સાધક છે ત્યાં બાધકપણું આવે છે. મિથ્યાદૃષ્ટિ સાધક નથી તો વ્યવહાર પણ નથી. કેવળી સાધક નથી, પૂર્ણ થઈ ગયા, એને વ્યવહાર નથી. સમજાય છે કાંઈ? જ્યાં પોતાનું નિર્વિકલ્પ વીતરાગી સમ્યગ્દર્શન (થયું). એ સમ્યગ્દર્શન એ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન છે. એમ ને એમ દેવ-ગુરુ-શાસ્ત્રને માનવું ને નવતત્ત્વની શ્રદ્ધા એ સમકિત નહિ. આહાહા..! વસ્તુના સ્વરૂપની

અંદરમાં (ખબર ન મળે).

વૈરાગ્યની વાત તો અન્યમાં પણ આવે છે. પણ એ વૈરાગ્ય ક્યારે કહેવાય? કે પરથી ખસીને સ્વના અસ્તિત્વમાં જાય તો એ વૈરાગ્ય કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? પોતાનું અસ્તિત્વ પૂર્ણાનંદ પરમાત્મસ્વરૂપ નિર્વિકલ્પ શાંતિ, આનંદકંદ પ્રભુ, એના અસ્તિત્વમાં પરથી ખસીને જાય તો વૈરાગ્ય કહેવામાં આવે છે. બાકી એકલો રાગને મંદ કરીને અંદરમાં ન જાય તો એ વૈરાગ્ય જ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? વૈરાગ્ય તો અન્યમાં પણ હોય છે. રાત્રે નહોતું કહ્યું? 'ભર્તુહરિ'નું. અમે તો 'ભર્તુહરિ'નું નાટક જોયું છે ને. 'ભર્તુહરિ', 'નરસિંહ મહેતા', એક 'અનસુયા'નું મોટું નાટક (જોયું છે). 'અનસુયા' એક સતિ થઈ ગઈ છે. ઘણા જોયેલા. અમારે 'પાલેજ' દુકાન (હતી). ત્યાં (નાટક) આવે તો રાત્રે જોવા જઈએ. પણ વૈરાગી, હોં! એ વખતે. વૈરાગી. 'મીરાબાઈ'. નાટકો જોવો તો ધુન ચડાવી દે. આહાહા..!

'ભર્તુહરિ'ની રાત્રે વાત નહોતી કરી? 'ભર્તુહરિ'ને જ્યારે એમ થયું કે અરે..! એક વેશ્યા હતી ને એની? એને કોઈકે અમરફળ-ઊંચું ફળ આપેલું. એ વેશ્યાએ રાજા 'ભર્તુહરિ'ને આપ્યું. 'ભર્તુહરિ'ને વહાલામાં વ્હાલી 'પીંગળા'. એને ખબર નહિ કે આ વ્યભિચારીણિ છે. એને આપ્યું. એણે આપ્યું 'અશ્વપાળ'ને. ઘોડાનો રક્ષક. એ 'અશ્વપાળે' પાછું વેશ્યાને આપ્યું. વેશ્યાએ પાછું અહીં આપ્યું. 'ભર્તુહરિ'ને આપ્યું. આહા..! અરે..! આ સંસાર, આ શું? બાણુ લાખ માળવાનો અધિપતિ. એની સ્ત્રી અશ્વપાળ સાથે ચાલે. 'દેખ્યા નહિ કુછ સાર જગતમેં, દેખ્યા નહિ કુછ સાર.' વૈરાગ્ય થઈ ગયો. આહા..! મારી પ્યારી 'પીંગળા' અશ્વપાળને પ્યાર કરે છે. હું આવો મોટો રાજા! ધિક્કાર છે સંસારને. પણ એ વૈરાગ્ય બહારનો, અંદર તત્ત્વની દૃષ્ટિ નહિ. સમજાય છે કાંઈ? વૈરાગ્ય તો એવો કે ધુન ચડાવી દે. કેટલી વાર તો કેટલાક 'ભર્તુહરિ'નું નાટક જોઈને બાવા થઈ ગયેલા. એવી ધુન ચડાવે.

એના બાવા પાસે દીક્ષા લ્યે છે. એ બાવા પાસે. જમાત છે. એનો ગુરુ પણ એવો હોય ને? મોટો પુણ્યશાળી. રાજાનો ગુરુ કેવો હોય. બાવો એ પણ મોટો પુણ્યશાળી. જમાત જાય છે, રાજાને કહે છે, જાઓ 'પીંગળા' પાસે, આહાર લઈ આવો. આહાહા..! અરે..! મેં જેને તજી છે (એની પાસે આહાર લેવા જાઉં)? આહાહા...! પછી 'ભર્તુહરિ' કહે છે, 'ભીક્ષા રે દેને મૈયા પીંગળા, માતા મને ભીક્ષા દે, મારી જમાત ચાલી જાય છે,' મારા ગુરુએ મને આજ્ઞા કરી. 'ભીક્ષા રે દેને મૈયા પીંગળા'. જેની સ્ત્રી, એને માતા કહે છે. 'પીંગળા' કહે છે, રાજન્! માતા કહેવું રહેવા દ્યો. આહાહા..! એ વખતે નાટકમાં વૈરાગ્ય થાય. અત્યારે તો કાળાકેર (કરે છે). અત્યારે શું કહેવાય તમારી? ફિલ્મ. એક સ્ત્રી આમ જોવે ને .. એ કંઈ વ્યવહારના આચરણ હોય? પરસ્ત્રી સાથે હાથ ને આમ જોવે ને હાથ નાખે ને.. અરેરે..! પ્રભુ! એ તો અનીતિના આચરણ સજ્જનને ન હોય. એવા દેખાવ કરે. એ વખતે તો વૈરાગ્ય ફાટી જાય અંદરથી. અને મારા જેવાને આવું સાંભળીને હું આવો થઈ જાઉં, એમ થઈ જાય. એવું થાતું, હોં! એ વખતે. એ વખતે એવું થાતું. આહા..!

'ભીક્ષા રે દેને મેયા પીંગળા' માતા! રાણી સાથે અનેક વર્ષો વિષય લીધેલા, રમતું કરેલી, એને માતા કહે છે. અરે..! રાજન્! મને માતા કહેવી રહેવા દો. હું તો આ શોકમાં છું. મેં અનાજ બનાવ્યું નથી. આપ આહાર લેવા આવ્યા, ભોજ્ય મારી પાસે નથી. 'ક્ષણમાં બનાવું ખીર એક..' ખીર નથી કહેતા? બીજું તો ક્યાંથી બને પણ રાજા એટલે દૂધ અને ચોખા તો તૈયાર હોય. 'ક્ષીર રે બનાવું ક્ષણ એકમાં, જમતા જાવો યોગીરાજજી' આંખમાંથી આંસુ ચાલ્યા જાય છે. અરર..! આ રાજા જોગી થયા. હું વ્યભિચારીણિ મારે કારણે આ થયું. રાજન્! યોગીરાજ! હું એક ક્ષણમાં ખીર બનાવું. એમાં વાર ન લાગે ને. દૂધ ઊનું કરે ને ચોખા (નાખી દે). બીજું તો એ વખતે ક્યાંથી બને? હું તો શોકમાં છું, મેં કાંઈ રાંધ્યું નથી કાંઈ. ('ભર્તુહરિ' કહે છે), મારી જમાત ચાલી જાય છે. જે હોય તે દે, માતા! નહીં તો હું ચાલ્યો જાઉં છું. આહાહા..!

મુમુક્ષુ :- એમાં નિમિત્ત શું થયું?

ઉત્તર :- નિમિત્ત એ 'પીંગળા'નો વૈરાગ્ય. સાંભળ્યું નહિ? અરેરે..! હું બાણુ લાખ માળવાનો રાજા 'ભર્તુહરિ'. 'વિક્રમ'નો ભાઈ, જેને નામે આ સાલ ચાલી ને? વિક્રમ સંવત. એની રાણી આ! અરરર...! ગજબ કર્યો. રાણી પણ બિચારી પછી તો 'ધીક રે ધીક તારી..' કાળા કેર કર્યા. આવા 'ભર્તુહરિ' જેવાને જોગ લેવો પડ્યો. આહાહા..! પણ પછી શું થાય? આહાહા..! સમજાય છે કાંઈ?

મારે તો બીજું કહેવું છે, એવો વૈરાગ્ય દેખાય. પણ અસ્તિત્વ વસ્તુ કેવી છે એની ખબર નહિ. સમજાય છે કાંઈ? પરથી ખસીને જાવું ક્યાં? ક્યાં જાવું છે? આખી દુનિયાથી વૈરાગ્ય થઈ જાય, લ્યો! પણ એ વૈરાગ્ય ક્યારે કહેવાય? પરથી ખસીને અંદરમાં એકાકાર આનંદમાં જાય તો વૈરાગ્ય કહેવામાં આવે છે. આપણે 'સમયસાર' 'નિર્જરા અધિકાર'માં ન આવ્યું? લખ્યું છે, જ્ઞાન વૈરાગ્ય શક્તિ. 'સમયસાર' 'નિર્જરા અધિકાર'માં આવ્યું છે. જ્ઞાનીને જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ હોય છે. આહાહા..! ખુલાસા તે ખુલાસા 'સમયસાર'ના! નિજ અસ્તિત્વમાં રહેવું એ જ્ઞાન છે અને રાગથી ખસવું એ વૈરાગ્ય છે. સમજાય છે કાંઈ? રાગથી ખસીને સ્વરૂપમાં વસવું એવી જ્ઞાન વૈરાગ્ય શક્તિ સમકિતીને ધર્મીને સહજ હોય છે. સમજાય છે કાંઈ? 'પોપટભાઈ'! આહાહા..! બાણુ લાખ (માળવાનો) સાહેબો. 'ભર્તુહરિ'ને જ્યારે...

મુમુક્ષુ :- .. અને રાગથી ખસવું.

ઉત્તર :- અહીંથી ખસવું. એવી જ્ઞાન, વૈરાગ્ય શક્તિ બે. અસ્તિત્વમાં જાવું અને રાગથી નાસ્તિ કરવી, એ વૈરાગ્ય. એકલો વૈરાગ્ય શું કરે? ઈ તો આ ભાઈ પણ કહે છે ને? શું કહેવાય? તમારો 'રજનીશ'. એ શેઠનો...એ 'તારણસ્વામી'માં જન્મ્યો હતો ને. એય..! તમારો છે ઈ રજનીશ. 'રજનીશ'. ઈ 'તારણસ્વામી' (સંપ્રદાયમાં) જન્મ્યો હતો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ધૂળેય નથી. ઈ કહે છે, વિકલ્પ તોડી નાખો, વિકલ્પ તોડી નાખો. નિર્વિકલ્પ થઈ જાઓ. પણ નિર્વિકલ્પ ક્યાંથી થાય? અસ્તિ વસ્તુ કેવડી છે એ તરફ ઝુક્યા વિના

વિકલ્પની નાસ્તિ કઈ રીતે થશે? પંડિતજી! આહાહા..! એ તો એકલો નાસ્તિનો ધર્મ. આહાહા...! એ બધાને (એમ જ કહે), વિકલ્પ છોડી દો, વિકલ્પ છોડી. પણ વિકલ્પ કઈ રીતે છૂટે? નિર્વિકલ્પ આનંદના નાથની જ્યાં દૃષ્ટિ થાય ત્યાં વિકલ્પની એકતા છૂટી જાય છે. એ વિના વિકલ્પ છોડો, વિકલ્પ છોડો. એ નાસ્તિ થઈ ગઈ. આહાહા..! 'બાબુભાઈ'! આહાહા..! એ તો શેઠના જાણીતા. એવું હોય તો શેઠને ભાષણમાં કોઈવાર બોલાવે. દાન આપો. એવું સાંભળ્યું હતું. 'તારણસ્વામી'નો દિવસ હોય તો બોલાવે. પેલો નાસ્તિક ઠેકાણા વિનાનો. ત્યાં તમને પહેલા બોલાવતા. હવે નહિ.

મુમુક્ષુ :- પહેલા બોલાવતા.

ઉત્તર :- હા. એ અસ્તિ તત્ત્વ છે. મહાપ્રભુ પૂર્ણાનંદનો નાથ વીતરાગ ચૈતન્યદળ. આહાહા..! એ તરફની પ્રતીતિ થયા વિના વિકલ્પની એકતા કદી નહિ તૂટે. સમજાય છે કાંઈ? પગથિયા હોય છે ને? પગથિયા કહે છે ને? શું કહે છે? સીઢી. સીઢીમાં અહીંથી પગ ઉપાડવો. પણ ઉપર મૂક્યા વિના અહીંથી ઉપડે કઈ રીતે? એમને એમ મૂક્યા વિના ઉપાડે તો હેઠો પડશે. હેઠો સમજ્યા? નીચે પડી જશે. પગ ઉપાડો, પગ ઉપાડો. પણ પગ ઉપાડીને મૂકવો ક્યાં? મૂકવાની ખબર નથી ને પગ ઉપાડો પડી જશે હેઠે. સમજાય છે કાંઈ?

'નિર્જરા અધિકાર'માં ભગવાન 'કુંદકુંદાચાર્યદેવે' પોકાર કર્યો છે, ધર્મીને બે શક્તિ સાથે છે-જ્ઞાન અને વૈરાગ્ય. આહાહા..! સમજાય છે કાંઈ? પરથી વૈરાગ્ય છે, પોતાના સ્વરૂપ અસ્તિત્વમાં જામી ગયા છે. આહાહા..! 'સુજાનમલજી'! આવી વાત છે, ભગવાન! શું કરે? અરેરે..! માંડ સત્ય બહાર આવ્યું ને માણસોને.. પ્રભુ! માર્ગ તો આવો છે, ભાઈ! કોઈ ગમે તે બીજી રીતે ખતવી નાખે પણ હાથ નહિ આવે. આહાહા..!

અહીં ઈ કહે છે, ચાર ગતિ પણ તારી નહિ. ગતિને આશ્રયે તને ધર્મ થશે, મનુષ્યને આશ્રયે તને સમકિત થશે અને કેવળજ્ઞાન થશે, રહેવા દે, મરી જઈશ. સમજાય છે કાંઈ? આહાહા..! આ અધિકારમાં જેટલું આત્માથી ભિન્ન ભિન્ન વર્ણવ્યું છે એનું કારણ કે તેનાથી ધર્મ થતો નથી, તેનાથી આત્માની પ્રાપ્તિ થતી નથી. તેથી આત્માથી રાગ ભિન્ન, આત્માથી મનુષ્યપણું ભિન્ન, આત્માથી ફલાણું ભિન્ન, વૃદ્ધાવસ્થા ભિન્ન, યુવાનઅવસ્થા ભિન્ન. એ બધી ભિન્ન ભિન્નનો અર્થ એ... સમજાય છે કાંઈ? કે એનાથી ધર્મ નથી થતો અને એના આશ્રયે ધર્મ નથી થતો. આહાહા..!

આ તો 'પરમાત્મપ્રકાશ' છે. ભગવાન પરમાત્મસ્વરૂપ જ બિરાજે છે. એ.. શેઠ! 'તારણસ્વામી' નથી કહેતા? અપ્પા સો પરમ અપ્પા. પણ તમને ક્યાં ખબર હતી? એ... શેઠ! ભાઈ તો કહે છે, મને ખબર નહોતી. એમ કહે છે. પહેલા ખબર નહોતી ને. એ વિચાર નહોતો. આહાહા..! અપ્પા સો પરમ અપ્પા. આહાહા..! એ અહીં કહે છે. ભગવાન આત્મા એ પરમાત્મા છે. જિન અને આત્મામાં કિંચિત્ ફેર નથી. જિનવર જે પર્યાયમાં પ્રગટ છે, આ ભગવાન વસ્તુમાં દ્રવ્યમાં પ્રગટ છે. સમજાય છે કાંઈ? જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, એ હી વચનસે સમજલે જિનપ્રવચન કા મર્મ. આહાહા..! વીતરાગ ત્રિલોકનાથની

વાણી, ભગવાન! એકવાર સાંભળ તો ખરો, નાથ! આહાહા..!

અરે..! ભગવાન તને ભગવાન તરીકે બોલાવે. ત્રણલોકના નાથ કેવળી સો ઈન્દ્રોના પૂજનિક એને ભગવાનઆત્મા એમ કહે. આહાહા..! 'અમરચંદભાઈ'! આહાહા..! ભાઈ! તું ભગવાન છો. ભગવાન-ભગ નામ અનંત જ્ઞાન, આનંદ, વાન. ભગવાન. ભગ નામ અનંત જ્ઞાન, અનંત શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા. એવી ભગ નામ લક્ષ્મી, લક્ષ્મીવાન તું છો. તું નિર્ધન નહિ, તું દરિદ્ર નહિ, તું પામર નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? પણ વિશ્વાસ લાવવો ભારે કઠણ જગતને. બહારમાં દૃષ્ટિ ઘૂંચાઈ ગઈ છે ને. એમાંથી આ પ્રભુ અંદર મહાપ્રભુ છે, સાક્ષાત્ પરમાત્મા છે. આહાહા..! શેઠ! મોક્ષસ્વરૂપ જ છે. ભગવાન મોક્ષસ્વરૂપ જ છે. અબંધ કહ્યું ને? આહાહા..! પંદરમી ગાથામાં કહ્યું, જે કોઈ પ્રભુઆત્માને અબદ્ધ જાણે ... આહાહા..! ભગવાન પરમાત્મા તું છો ને, ભાઈ! આહાહા..! પરમાત્મા પર્યાયમાં જે થાય એ પરમાત્માની પર્યાય આવી ક્યાંથી? રાગમાંથી આવી? મનુષ્યમાંથી આવી? પૂર્વની પર્યાયમાંથી આવી? આહાહા..! ત્રિલોકનાથ પરમાત્મા ચૈતન્યપિંડ આનંદકંદ પ્રભુ પરમાત્મસ્વરૂપમાંથી પરમાત્માની પર્યાય આવી છે. આહાહા..! સમજાય છે કાંઈ? અહીંયાં ઈ કહે છે.

**ભાવાર્થ :-** '**નિર્મલ જ્ઞાન દર્શન સ્વભાવ જો પરમાત્મતત્ત્વ...**' જુઓ! કેવો છે આ ભગવાનઆત્મા? દેહદેવળમાં બિરાજતા ભગવાન, ચાહે તો સ્ત્રીનો દેહ હોય, પુરુષનો હોય, કીડીનો હોય કે કુંજરનો હોય, ભગવાન તો પૂર્ણાનંદનો નાથ છે. એ તો બધા પર્યાયના, સંયોગના ભેદે ભેદ છે. આહાહા..! સમજાય છે કાંઈ? નિશ્ચયથી તો એકવાર એમ કહ્યું, કે જેટલા આત્મા છે એ બધા આરાધવા લાયક છે. ભાઈ! કેમકે આત્મા એ તો પરમાત્મસ્વરૂપ છે. તો બધા પરમાત્મા એ આત્મા જ આરાધવા યોગ્ય છે. આહાહા..! પછી એમાંથી પાંચ પરમેષ્ઠી કાઢ્યા છે. પાંચ પરમેષ્ઠી આરાધવા યોગ્ય છે. પછી એમાંથી અરિહંત, સિદ્ધ બે કાઢ્યા. એમાંથી સિદ્ધ કાઢ્યા. એમાંથી છેલ્લે એકલો આત્મા કાઢ્યો. ભગવાન પૂર્ણાનંદનો નાથ આરાધવા યોગ્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

આગળ આવશે ઈ, બીજો દેવ નહિ, બીજું તીર્થ નહિ. તીર્થ પણ તું અને દેવ પણ તું. આહા..! ગુરુ પણ તું ને દેવ પણ તું ને તીર્થ પણ તું. આહાહા..! ભગવાન અંદર આનંદનો નાથ પ્રભુ છે ને. જેમાં વિકલ્પ ને રાગનો ત્રિકાળ અભાવ છે. આહાહા..! જેમાં અલ્પજ્ઞપણાનો પ્રભુ અભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? અલ્પજ્ઞ પર્યાયનો અભાવ. અરે..! કેવળજ્ઞાનની પર્યાયનો પણ જેમાં અભાવ છે. ત્રિકાળી ચીજમાં કેવળજ્ઞાનની પર્યાય તો એક સમયની છે. કેવળજ્ઞાનની પર્યાય એક સમયની, પ્રભુ! આહાહા..! અને આ ત્રિકાળી વસ્તુ સત્ મહા અવિનાશી ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ. પરમપારિણામિક સ્વભાવભાવ પરમાત્મા, એની પાસે કેવળજ્ઞાનની પર્યાય પણ અપરમભાવ છે. સમજાય છે કાંઈ? અહીં એ કહે છે.

'**નિર્મલ જ્ઞાન દર્શન સ્વભાવ જો પરમાત્મતત્ત્વ...**' આહાહા..! એ પરમાત્મતત્ત્વ જ ત્રિકાળ એવું છે. જળ તો નિર્મળ જ છે. કાદવની સાથે મલિન દેખાય છે એ એનું સ્વરૂપ છે?

એમ કર્મના નિમિત્તના સંગે રાગાદિ (દેખાય) એ કંઈ આત્માનું સ્વરૂપ છે? ભગવાન તો નિર્મળાનંદ પ્રભુ છે. સમજાય છે કાંઈ? '**નિર્મલ જ્ઞાન દર્શન સ્વભાવ...**' બે જ સ્વભાવ લીધા. ઉપયોગ છે ને. ત્રિકાળી ઉપયોગ જ્ઞાન ને દર્શન સ્વભાવ આત્મા છે. '**ઉસકી ભાવનાસે ઊલટે...**' આવો જે પરમાત્મા, એની ભાવના નામ અંતરની એકાગ્રતા, તેનાથી ઊંધા રાગ-દ્વેષાદિ. આહાહા..! ચાહે તો શુભરાગ વ્યવહારરત્નત્રયનો હો તોપણ પરમાત્મતત્ત્વની ભાવનાથી ઊલટા છે. આહાહા..! પચાવવું કઠણ, ભાઈ! સમ્યગ્દર્શન પચાવી શકે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! અગ્નિ જેમ અનાજને પકાવે છે અને પાચન કરે છે. સમજાય છે કાંઈ? આહાહા..! એમ સમ્યગ્દર્શનમાં આખો આત્મા પચી જાય છે. સમજાય છે કાંઈ? એને સમ્યગ્દર્શન કહીએ, ભાઈ! જે પૂર્ણાનંદ પ્રભુ અખંડ નિર્મળ જ્ઞાન, દર્શન સ્વભાવનો પિંડ, સ્વભાવનો સાગર, જેની પરિમિતિતા હદ નહિ, અપરિમિત જેનો સ્વભાવ, એવા પરમાત્માની જે ભાવના અર્થાત્ મોક્ષમાર્ગ, તેનાથી ઊલટા રાગાદિ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

'**ઊલટે રાગ-દ્વેષાદિ વિભાવ-પરિણામોંસે...**' કહેવું છે શું? કે આવા જે ઊલટા રાગ-દ્વેષાદિ વિભાવપરિણામ, તેનાથી '**ઉપાર્જન કિયે જો શુભાશુભ કર્મ હૈં,...**' આહાહા..! તેની આ બધી ઉપાધિ છે. આ મનુષ્યભવ ને દેવભવ. સમજાય છે કાંઈ? એમાં કાંઈક બહારની લક્ષ્મી કાંઈક બે, પાંચ કરોડ હોય અને આમ થાય.. આહાહા..! '**ઉપાર્જન કિયે જો શુભાશુભ કર્મ હૈં, ઉનકે ઉદયસે ઉત્પન્ન હુઈ મનુષ્યાદિ વિભાવ-પર્યાય...**' છે, લ્યો! આહાહા..! આ સ્કંધ છે ને? સ્કંધની વિભાવિક પર્યાય છે અને અંદર મનુષ્યગતિ છે એ પણ વિભાવિક પર્યાય છે. ગતિ.. ગતિ છે ને? એ કંઈ સ્વભાવિક સિદ્ધ ગતિ નથી. વિભાવિક ગતિ છે. દેવ પણ વિભાવિક ગતિ છે. આહાહા..! જીવની પર્યાય, હોં! આ (શરીર) તો જડ છે, આ ક્યાં મનુષ્યપણું છે. આ કંઈ મનુષ્યગતિ નથી, આ તો જડની પર્યાય છે. મનુષ્યગતિ તો અંદર જે મનુષ્યપણાની યોગ્યતાપણે કર્મના ઉદયથી જે ગતિ મળી, ઈ ગતિ પોતામાં છે એ મનુષ્યગતિ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**મનુષ્યાદિ વિભાવ-પર્યાયોંકો ભેદાભેદસ્વરૂપ રત્નત્રયકી ભાવનાસે રહિત હુઆ...**' આહાહા..! ભગવાનઆત્મા અભેદ રત્નત્રય અને ભેદ રત્નત્રય, નિશ્ચય અને વ્યવહાર બેય સાથે લીધા ને? વસ્તુ જે શુદ્ધ ચૈતન્યઘન પરમાત્મા, તેના સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ નિશ્ચયરત્નત્રય અને સાથે વિકલ્પ ઉત્પન્ન થાય છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન આદિ, એ વ્યવહારરત્નત્રય. એને ઉપચારથી રત્નત્રય કહ્યું. છે તો રાગ. પણ અભેદ રત્નત્રયની સાથે સહચર હોવાથી નિમિત્તને જોઈને તેને વ્યવહાર રત્નત્રયનો આરોપ આપ્યો. આહાહા..! સમજાય છે કાંઈ? માણસને એવું લાગે કે આ બધું નિશ્ચય (છે). પણ બાપુ! નિશ્ચય એ પરમ સત્ય છે, ભાઈ! વ્યવહાર તો આરોપિત કથન છે.

ત્રણલોકના નાથ સમવસરણમાં બિરાજતા હોય. કાલે નહોતું આવ્યું? આવ્યું હતું ને? ભવે ભવે પૂજ્યો. સાક્ષાત્ ત્રણલોકના નાથ મહાવિદેહમાં સમવસરણમાં બિરાજે છે.

મહાવિદેહમાં તો તીર્થંકરના વિરહ હોય નહિ. કદી ન હોય એમ ન હોય. તીર્થંકર હોય જ. ત્યાં અનંત પુદ્‌ગલ પરાવર્તન(માં) મનુષ્યપણે જન્મ લીધો છે. મહાવિદેહમાં મનુષ્ય થયો. આ આત્માએ અનંત પુદ્‌ગલ પરાવર્તન કર્યા. અનંતા ભવ કર્યા છે. આહાહા..! ત્યાં ભગવાનની હાજરી હતી, સાંભળવા ગયો હતો. આહાહા..! તેથી શું? અને ભગવાનની પૂજા કરી. સાક્ષાત્. સિદ્ધ તો પરોક્ષ છે અને ભગવાન તો સામે પ્રત્યક્ષ છે. આમ અંદર બિરાજે છે. પાંચસો ધનુષનો દેહ છે. જય પ્રભુ.. જય પ્રભુ! આહાહા..! એનાથી શું? એ તો શુભભાવ છે. સમજાય છે કાંઈ? એ કોઈ ધર્મ નથી અને ધર્મનું તે કારણ નથી. આહાહા..! ધર્મ વીતરાગી પર્યાયનું કારણ કારણપરમાત્મા છે. એ પરમાત્મા નહિ, પણ આ પરમાત્મા. સમજાય છે કાંઈ? 'અમરચંદભાઈ'! આવી વાત છે, ભાઈ! આહાહા..!

વૈરાગ્યની વાતું તો અન્યમાં પણ હોય છે પણ આ અસ્તિત્વની વસ્તુ કેટલી કેવડી છે એ ચીજ ક્યાંય નથી, સર્વજ્ઞ સિવાય. સર્વજ્ઞે જોયું છે. ઓહોહો..! જેની સર્વજ્ઞની પર્યાય એક સમય, એ પણ અપરમભાવ. તેથી ધ્રુવ સ્વભાવ જે પરમભાવ.. આહાહા..! ઉત્કૃષ્ટ ભાવ સ્વભાવભાવ, ઉત્કૃષ્ટ સ્વભાવભાવ, એ પરમાત્માની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ નિશ્ચય. સ્વને આશ્રયે છે માટે. અને પરને આશ્રયે રાગાદિ થયા તે વ્યવહાર. એ સાથે લીધું છે. છે, નિમિત્ત તરીકે છે. '**ભેદાભેદસ્વરૂપ રત્નત્રયકી ભાવનાસે રહિત હુઆ...**' જુઓ! બેયની ભાવના કીધી પાછી. વ્યવહાર રત્નત્રય, નિશ્ચય રત્નત્રય. સામે નિમિત્ત છે ને. આહાહા..! હોય છે ને. પાંચમે, છઠ્ઠે નિશ્ચય છે ત્યાં વ્યવહાર રત્નત્રય આવે છે. નિશ્ચય છે ત્યાં, હોં! જ્યાં નિશ્ચય નથી ત્યાં વ્યવહાર નથી. આહાહા..!

'**ભેદાભેદસ્વરૂપ રત્નત્રયકી ભાવનાસે રહિત હુઆ મિથ્યાદૃષ્ટિ જીવ...**' પોતાના સ્વભાવની અરાધના વચ્ચે નિમિત્તના જ્ઞાન વિના.. આહાહા..! '**મિથ્યાદૃષ્ટિ જીવ અપને જાનતા હૈ,...**' હું મનુષ્ય છું, હું દેવ છું એમ જાણે છે. '**ઔર ઈસ અજ્ઞાનસે રહિત સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની જીવ ઉન મનુષ્યાદિ પર્યાયોંકો અપનેસે જુદા જાનતા હૈ.**' લ્યો. આહાહા..! જુદા જાણે છે એમ એકલું જ્ઞાનમાં નહિ, પણ જુદા અનુભવે છે ત્યારે જુદા જાણે છે. આહાહા..! અંદરમાં આવે તો. વીતરાગમાર્ગ સૂક્ષ્મ અને મહા ન્યાલ કરાવનારો છે. સમજાય છે કાંઈ? એ ૯૦ થઈ. ૯૧.

---

अथ –

**९१) अप्पा पंडिउ मुक्खु णवि णवि ईसरु णवि णीसु।**
**तरुणउ बूढउ बालु णवि अण्णु वि कम्म-विसेसु।।९१।।**

**आत्मा पण्डितः मूर्खः नैव नैव ईश्वरः नैव निःस्वः।**
**तरुणः वृद्धः बालः नैव अन्यः अपि कर्मविशेषः।।९१।।**

**अप्पा पंडिउ मुक्खु णवि णवि ईसरु णवि णीसु तरुणउ बूढउ बालु णवि आत्मा पण्डितो**

न भवति मूर्खो नैव ईश्वरः समर्थो नैव निःस्वो दरिद्रः तरुणो वृद्धो बालोऽपि नैव। पण्डितादिस्वरूपं यद्यात्मस्वभावो न भवति तर्हि किं भवति। अण्णु वि कम्मविसेसु अन्य एव कर्मजनितोऽयं विभावपर्यायविशेष इति। तद्यथा। पण्डितादिसंबन्धान् यद्यपि व्यवहारनयेन जीवस्वभावान् तथापि शुद्धनिश्चयनयेन शुद्धात्मद्रव्याद्भिन्नान् सर्वप्रकारेण हेयभूतान् वीतरागस्वसंवेदनज्ञानभावनारहितोऽपि बहिरात्मा स्वस्मिन्नियोजयति तानेव पण्डितादिविभावपर्यायांस्तद्विपरीतो योऽसौ चान्तरात्मा परस्मिन् कर्माणि नियोजयतीति तात्पर्यार्थः।।९१।।

---

आगे फिर आत्माका स्वरूप कहते हैं –

**गाथा – ९१**

अन्वयार्थ :– [ आत्मा ] चिद्रूप आत्मा [ पंडितः ] विद्यावान् व [ मूर्खः ] मूर्ख [ नैव ] नहीं है, [ ईश्वरः ] धनवान् सब बातोंमें समर्थ भी [ नैव ] नहीं है [ निःस्वः ] दरिद्री भी [ नैव ] नहीं है, [ तरुणः वृद्धः बालः नैव ] जवान, बूढ़ा और बालक भी नहीं है, [ अन्यः अपि कर्म विशेषः ] ये सब पर्यायें आत्मासे जुदे कर्मके विशेष हैं, अर्थात् कर्ममें उत्पन्न हुए विभाव–पर्याय है।

भावार्थ :– यद्यपि शरीरके सम्बन्धसे पंडित वगैरह भेद व्यवहारनयसे जीवके कहे जाते हैं, तो भी शुद्धनिश्चयनयकर शुद्धात्मद्रव्यसे भिन्न हैं, और सर्वथा त्यागने योग्य हैं। इन भेदोंको वीतरागस्वसंवेदनज्ञानकी भावनासे रहित मिथ्यादृष्टि जीव अपने जानता है, और इन्हींको पंडितादि विभावपर्यायोंको अज्ञानसे रहित सम्यग्दृष्टि जीव अपनेसे जुदे कर्मजनित जानता है ।।९१।।

---

હવે (ફરી આત્માનું સ્વરૂપ કહે છે) :

જો પંડિતાદિસ્વરૂપ આત્માનો સ્વભાવ નથી તો તે શું છે? [ अन्यः अपि कर्म विशेषः] પંડિતાદિ સ્વરૂપ આત્માથી ભિન્ન કર્મવિશેષ છે-અર્થાત્ કર્મજનિત વિભાવ પર્યાય વિશેષ છે.

ભાવાર્થ :- વીતરાગસ્વસંવેદનરૂપ જ્ઞાનની ભાવનાથી રહિત એવો બહિરાત્મા, પંડિતાદિ સંબંધો જો કે વ્યવહારનયથી જીવના સ્વભાવો છે તોપણ શુદ્ધનિશ્ચયનયથી શુદ્ધાત્મદ્રવ્યથી ભિન્ન અને સર્વપ્રકારે હેયભૂત છે તેમને પોતામાં યોજે છે-જોડે છે અને તેનાથી વિપરીત જે અન્તરાત્મા છે તે, તે જ પંડિતાદિ વિભાવપર્યાયોને પર એવા કર્મમાં યોજે છે. (તેમને પોતાથી જુદા કર્મજનિત જાણે છે.) એ તાત્પર્યાર્થ છે. ૯૧.

૯૧. '**આગે ફિર આત્માકા સ્વરૂપ કહતે હૈં :-**'

**९१) अप्पा पंडिउ मुक्खु णवि णवि ईसरु णवि णीसु।**
**तरुणउ बूढउ बालु णवि अण्णु वि कम्म-विसेसु॥९१॥**

**અન્વયાર્થ :-** '**ચિદ્રૂપ...**' ભગવાન. આત્માની વ્યાખ્યા કરી. ભગવાન ચિદ્રૂપ છે-જેનું જ્ઞાન જ રૂપ છે. આહાહા..! પ્રજ્ઞાબ્રહ્મ જ્ઞાનબ્રહ્મ, જ્ઞાન અને આનંદનું પૂર્ણ સ્વરૂપ બ્રહ્મ આત્મા છે. આહાહા..! અરે..! પામરતા સ્વીકારી એને પ્રભુતા કેમ બેસે? સમજાય છે કાંઈ? આહા..! એક પાંચ, પચાસ લાખ પૈસા મળે, બે-ચાર છોકરાઓ હોય, કમાણી ઠીક હોય, શરીર સુંદર જરીક આકર્ષક હોય ત્યાં એમ જાણે.. આહા..! અરે..! પ્રભુ! એ તો મસાણની રાખ છે આ તો. સમજાય છે કાંઈ? આહાહા..! આ જ ભવમાં શરીરની રાખ થાશે. કે ઓલે ભવે? અગ્નિના તણખા ઊડશે. અગ્નિની ક્રિયા પછી જ કરે ને. પહેલા શેના કરે પણ એ તો રાખનો પિંડલો છે, પ્રભુ! એ તો રાખ થશે. એ તો ૯૬ ગાથામાં કહેશે. 'સમયસાર'. ૯૫ ચાલી ને? ૯૬માં કહેશે. મૃતક ક્લેવરમાં અમૃતસાગર ભગવાન મૂર્છિત થઈ ગયો છે. અત્યારે, હોં! અત્યારે મૃતક ક્લેવર કહ્યું છે. ૯૬ આવશે, ૯૬ ગાથામાં આવશે. ઓહોહો..! મૃતક ક્લેવર આ અત્યારે, હોં! દેહ છૂટ્યા પછીનો પ્રશ્ન ક્યાં? મૃતક ક્લેવરમાં અમૃતસાગર ભગવાન.. 'અમૃતચંદ્રાચાર્યદેવે' ટીકા કરી છે ને! અમૃત મૂક્યું છે. અમૃતસાગર ભગવાન મૃતક ક્લેવરમાં. ત્રણે મ મા. મૃતક ક્લેવરમાં અમૃતસાગર. એમાં મ આવ્યો ને? મૂર્છાયો છે. આહાહા..! એમાં શરીરની જુવાની ઠીક દેખે ને કંઈક એવું દેખે એટલે આહાહા..! ક્ષણમાં નાશ થતાં વાર ન લાગે.

કહે છે, આત્મા ચિદ્રૂપ આત્મા. ભગવાન તો ચિદ્રૂપ છે. એ વિદ્વાન નહિ, એ પંડિત નહિ. બહારની વિદ્યા ક્ષયોપશમ એ આત્મા નહિ. પંડિયો નહિ, એમ કહે છે. સમ્યગ્દર્શન આત્માનું ભાન હોય એ પંડિત છે. ભલે થોડું સમજે, બીજાને સમજાવતા આવડતું ન પણ હોય, તેથી શું? આહાહા..! ભગવાન પરમાનંદના નાથનો જેને અનુભવ છે એ પંડિત છે. અહીં કહે છે કે એકલો બહારનો પંડિત, એ આત્મા નહિ. આહા..!

આત્મા '**મૂર્ખ નહીં હૈ,...**' મૂર્ખ આત્મા કઈ રીતે હોય? ભગવાન! આહા..! પર્યાયમાં મૂર્ખતા માને છે. વસ્તુ તો પરમાત્મસ્વરૂપે બિરાજે છે. આહાહા..! નિગોદના જીવને અક્ષરના અનંતમા ભાગનો વિકાસ ખુલ્લો છે. પર્યાયમાં અક્ષરના અનંતમા ભાગે જ્ઞાન ખુલ્લું છે, પણ વસ્તુ તો અંદર પરમાત્મસ્વરૂપ જ છે. આહાહા..! લીલ, ફૂગ-કાઈ. કાલે એવું થઈ ગયું હતું. પુરી હોય ને, પુરી. એમાં લીલ, ફૂગ થઈ ગઈ. થોડાક દિવસથી પડી હશે. આહાહા..! લીલ.. લીલ.. લીલ. આહાહા..! લીલ સમજ્યા? કાઈ. એમાં એક શરીરમાં અનંત જીવ. ક્યાંથી આવ્યો, ક્યાં ઊપજે. આહાહા..!

'કહાં જન્મે, કહાં બિછડે, કહાં લડેગો લાડ, ન જાનેકે રૂખ તળે જઈ પડેંગે હાલ' અમારે 'હિરાજી મહારાજ' વખતે કહેલું, ભાઈ! આ શ્લોક કહ્યો હતો. 'હિરાજી મહારાજ'

અમારા સંપ્રદાયના ગુરુ હતા. એનો જન્મ મારવાડ 'પાલી'. 'પાલી' છે ને? એની મિલમાં ઉતર્યા હતા. મારવાડ 'પાલી'માં એક ફેરી ઉતર્યા હતા. 'કહાં જન્મે, કહાં બિછડે' ક્યાં મોટા થયા? અહીં 'લાઠી'માં એટલામાં. 'કહાં લડેગો લાડ, ન જાણે કંઈ રૂખતળે. ' 'ખેરાળી' અને 'કાંપ'ની વચ્ચે. આ 'ખેરાળી'. હાર્ટ ફેઈલ. બે મિનિટમાં. ચાલતા ચાલતા. પાંચ ગાઉ ચાલવું હતું. એક ગાઉ ચાલીને રસ્તામાં પડી ગયા. રસ્તામાં દેહ છૂટી ગયો. શરીર ક્યાં ઊપજે, ક્યાં લડે-વધે, ક્યાં જશે? આહાહા..! એ ચીજ તારી ક્યાં છે? સમજાય છે કાંઈ? ક્યાં 'વઢવાણ' ને ક્યાં 'મુંબઈ' ને ક્યાં લાદીનો વેપાર. આ શેઠિયાને બીડીનો વેપાર ને શેઠ સાયકલ કરીને ગામડામાં જાતા. ધક્કા એવું સાંભળ્યું હતું. ધંધાની શરૂઆત કરી ત્યારે ગામડામાં જાય. આહા..!

અમે ગામડામાં ઉઘરાણી માટે જાતા, હોં! નાની ઉંમર ૨૨ વર્ષની. ૧૭ વર્ષથી ૨૨, પાંચ વર્ષ દુકાનનો ધંધો ચલાવ્યો. ઉઘરાણી કરતા. ઉઘરાણીને શું કહે છે? ઊધારી. પૈસા લેવા જાતા. આવે બિચારા બહુ. આદર કરે. પાંચ વર્ષ ગયા પણ ક્યાંય રુચિ જામી નહિ. આહાહા..!

અહીં કહે છે, એ પંડિત નહિ, મૂર્ખ નહિ, ભગવાન. એ '**ધનવાન...**' '**ઈશ્વરઃ**' નહિ. છે? ક્યાં છે? શેઠ! '**સબ બાતોંમેં સમર્થ ભી નહીં હૈ...**' બધી વાતોમાં સમર્થ ઈ આત્મા નહિ. છોકરાઓ 'ડાલચંદજી' જેવા ને ભાઈ 'શોભાલાલ' જેવા, મકાન છ-છ લાખના ને ગામમાં કેટલાય બીજા મકાનો. હો..હા.. હો.. હા. એ બધી વાતોમાં ઈશ્વર એ આત્મા નહિ, એમ કહે છે.

શ્રોતા :- ઈ આમાં લખ્યું છે ને?

ઉત્તર :- લખ્યું છે તો એ બીજાને સમજાવવા માટે છે ને. હૈં! સંતોએ જગતને કરૂણા કરીને ઉપદેશ આપ્યો છે. એને ક્યાં પડી હતી. કોઈ સમજે, ન સમજે. વિકલ્પ આવ્યો ને વાણી રચાઈ ગઈ. અક્ષરની વાણી થઈ ગઈ. અક્ષરની વાણી થઈ ગઈ અક્ષરથી. એમણે કંઈ કરી નથી. આહાહા..! ઈશ્વરની વ્યાખ્યા કરી-'**ધનવાન સબ બાતોંમેં સમર્થ ભી નહીં હૈ,...**' એ પણ આત્મા નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? '**દરિદ્રી ભી નહીં હૈ,...**' '**નિઃસ્વઃ નિઃસ્વઃ**' લ્યો. છે ને? '**નિઃસ્વઃ**' સ્વ રહિત. સ્વ રહિત. સ્વધનથી રહિત, એમ આવ્યું ને? ભાઈ! સ્વધન રહિત-નિ. આહાહા..! સ્વ એવું જે ધન, એનાથી રહિત દરિદ્ર. એ પણ આ ભગવાન દરિદ્ર નહિ. આ લોકો નથી કહેતા? દરિદ્ર નારાયણ. એને આપો તો ઈશ્વરને આપ્યું કહેવાય. અરે..! આત્મા દરિદ્ર જ નથી. એ તો પૂર્ણાનંદનો નાથ છે, સચ્ચિદાનંદ સ્વરૂપ છે. પરમાત્મસ્વરૂપમાં અને એનામાં કોઈ ફેર નથી. પર્યાયમાં ફેર છે, વસ્તુમાં ફેર નથી. આહાહા..! આવી દૃષ્ટિ કર્યા વિના અને એનો સ્વીકાર કર્યા વિના કદી સમ્યગ્દર્શન થતું નથી. આહાહા..!

'**તરુણઃ**' '**જવાન...**' નથી. એ જવાની તો જડની દશા. આહાહા..! જુવાની તારી ઝોલા ખાય, વૃદ્ધાવસ્થામાં ચાલી જાય. ઘડીકમાં એં... થઈ જશે. એ તારી નહિ, વૃદ્ધાવસ્થા

તારી નહિ, જુવાની તારી નહિ. બાળક પણ નહિ. '**अन्यः अपि कर्म विशेषः**' '**યે સબ પર્યાયેં આત્માસે જુદે કર્મકે વિશેષ હૈં, અર્થાત્ કર્મમેં ઉત્પન્ન હુએ વિભાવ-પર્યાય હૈં.**'

**ભાવાર્થ :- 'યદ્યપિ શરીરકે સંબંધસે પંડિત વગૈરહ...'** જોયું! શરીરના સંબંધે પંડિત, મૂર્ખ આદિ કહેવામાં આવે છે. આહાહા..! ભગવાન તો એનાથી પાર ભિન્ન છે. '**વગૈરહ ભેદ વ્યવહારનયસે જીવકે કહે જાતે હૈં,...**' બે નય વિરોધી છે. વ્યવહાર કહે છે, છે અને નિશ્ચય કહે છે નથી. હવે બે નયનો વિષય વિરોધ અને બે નયને આદરણીય માનવી! આહાહા..! નય છે કે નહિ? એમ કહે. પણ નય છે તો શું છે? એક જાણવા માટે છે અને એક આદરવા માટે છે. આહાહા..! '**શુદ્ધનિશ્ચયનયકર શુદ્ધાત્મદ્રવ્યસે ભિન્ન હૈં,...**' શુદ્ધાત્મદ્રવ્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ પરમાત્મસ્વરૂપથી આ બધી પંડિતાઈ આદિ ભિન્ન છે. બાળક, યુવાન, વૃદ્ધ, મૂર્ખ, દરિદ્ર, ઈશ્વરતા ભિન્ન છે. આહાહા..! પાઠમાં તો આમ છે, જુઓ! '**सर्वप्रकारेण हेय**' છે. એનું એટલું કર્યું, '**સર્વથા ત્યાગને યોગ્ય હૈ.**' એટલો અર્થ કર્યો. પાઠમાં ટીકામાં ઈ છે ને? ભાઈ! પહેલી લીટી છે. '**सर्वप्रकारेण हेयभूतान्**'. પહેલી લીટી છે. ૯૧ની ઉપર નહિ? સર્વ પ્રકાર લીધું છે. સર્વપ્રકારે હેય, કથંચિત્ પ્રકારે એમ નહિ, એમ કહે છે. સર્વ પ્રકારે જૈનમાં હોય નહિ ને કથંચિત્. અરે..! સાંભળ તો ખરો. આહાહા..! એ સર્વ પ્રકારે હેય છે.

'**ઈન ભેદોંકો વીતરાગસ્વસંવેદનજ્ઞાનકી ભાવનાસે રહિત...**' આહાહા..! પહેલામાં ભેદાભેદ રત્નત્રય નાખ્યું હતું, આમાં વીતરાગસ્વસંવેદન એક (લીધું). વીતરાગ સ્વસંવેદનજ્ઞાન, જેમાં રાગ ને વ્યવહારના વિકલ્પની અપેક્ષા નથી, એવું વીતરાગી સ્વસંવેદન-પોતાનું-સ્વ, સં-પ્રત્યક્ષ જ્ઞાનનું વેદન. સમ્યગ્જ્ઞાનમાં સ્વસંવેદનજ્ઞાન.. આહાહા..! એની ભાવનાથી રહિત. વીતરાગસ્વસંવેદનજ્ઞાનની ભાવના જોઈએ, એનાથી રહિત '**મિથ્યાદષ્ટિ જીવ અપને જાનતા હૈ,..**' અજ્ઞાની, હું પંડિત ને મૂર્ખ ને હું ઈશ્વર બધી વાતે પૂર્ણ, એ મિથ્યાદષ્ટિ જાણે છે. આહાહા..! સમજાય છે કાંઈ? મારો હુકમ ચાલે, મારું આ ચાલે. અરે..! પ્રભુ! તું કોણ હુકમ ચલાવનારો? એ મિથ્યાદષ્ટિ પોતાને બધી વાતોમાં સમર્થ-પૂરો, હું પંડિત કે હું મૂર્ખ (એમ) મિથ્યાદષ્ટિ જાણે (માને) છે. લ્યો! '**ઔર ઈન્હીંકો પંડિતાદિ વિભાવપર્યાયોંકો...**' વિભાવપર્યાય કહ્યું, જુઓ! પંડિતાઈ, ક્ષયોપશમજ્ઞાનની આટલી પર્યાય હોય, અગિયાર અંગ ને નવ પૂર્વ પણ ભણતો હોય, એ બધી બહારની પંડિતાઈ છે. આહાહા..!

'**ઈન્હીંકો પંડિતાદિ...**' પંડિત આદિ આવ્યું ને બધુ? મૂર્ખ, ધનવાન, તરુણ, વૃદ્ધ, બાળક કર્મવિશેષની બધી અવસ્થાઓ '**વિભાવપર્યાયોંકો અજ્ઞાનસે રહિત સમ્યગ્દષ્ટિ...**' અજ્ઞાનથી રહિત છે. તેથી પોતાના નથી માનતો. ક્ષયોપશમની પંડિતાઈ પોતાની નથી એમ માને છે. આહાહા..! '**અજ્ઞાનસે રહિત સમ્યગ્દષ્ટિ જીવ અપનેસે જુદે કર્મજનિત જાનતા હૈ.**' ભાષા જુઓ! નવ પૂર્વનો વિકાસ હો, અગિયાર અંગમાં એક અંગમાં અઢાર હજાર પદ, એક પદમાં એકાવન કરોડ ઝાઝેરા શ્લોક, એવો અગિયાર અંગનો પાઠી મરીને નિગોદમાં

જાય. આહાહા..! નિગોદથી નીકળ્યો હોય અને આવો પણ થઈ જાય. મિથ્યાત્વનું જોર થઈ જાય તો નિગોદમાં અક્ષરના અનંતમા ભાગે વિકાસ રહી જાય. સમજાય છે કાંઈ? આહાહા..!

પંડિત તો અંદર સમ્યગ્દર્શન, જ્ઞાન થયા, જે જ્ઞાન સ્વર્ગમાં પણ સાથે આવે અને પછી મનુષ્યમાં પણ સાથે રહીને કેવળજ્ઞાન પામીને મોક્ષ જાય, એ જ્ઞાનને જ્ઞાન કહેવાય. સમજાય છે કાંઈ? બીજી પંડિતાઈને જ્ઞાન કહેવાતું નથી. જ્ઞાની તો (એને) કર્મજનિત જાણે છે. આહાહા..! વિશેષ કહેશે.. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

अथ –

**९२) पुण्णु वि पाउ वि कालु णहु धम्माधम्मु वि काउ।**
**एक्कु वि अप्पा होइ णवि मेल्लिवि चेयण-भाउ।।९२।।**

**पुण्यमपि पापमपि कालः नभः धर्माधर्ममपि कायः।**
**एकमपि आत्मा भवति नैव मुक्त्वा चेतनभावम्।।९२।।**

**पुण्णु वि पाउ वि कालु णहु धम्माधम्मु वि काउ पुण्यमपि पापमपि कालः नभः आकाशं धर्माधर्ममपि कायः शरीरं, एक्कु वि अप्पा होइ णवि मेल्लिवि चेयणभाउ इदं पूर्वोक्तमेकमप्यात्मा न भवति। किं कृत्वा। मुक्त्वा किं चेतनभावमिति। तथाहि। व्यवहारनयेनात्मनः सकाशादभिन्नान् शुद्धनिश्चयेन भिन्नान् हेयभूतान् पुण्य-पापादिधर्माधर्मान्मिथ्यात्वरागादिपरिणतो बहिरात्मा स्वात्मनि योजयति तानेव पुण्यपापादि समस्तसंकल्पविकल्पपरिहारभावनारूपे स्वशुद्धात्मद्रव्ये सम्यक्श्रद्धानज्ञानानुचरणरूपाभेद-रत्नत्रयात्मके परमसमाधौ स्थितोऽन्तरात्मा शुद्धात्मनः सकाशात् पृथग् जानातीति तात्पर्यार्थः।।९२।। एवं त्रिविधात्मप्रतिपादकमहाधिकारमध्ये मिथ्यादृष्टिभावनाविपरीतेन सम्यग्दृष्टिभावनास्थितेन सूत्राष्टकं समाप्तम्।।**

---

**आगे आत्माका चेतनभाव वर्णन करते हैं –**

**गाथा – ९२**

**अन्वयार्थ :– [ पुण्यमपि ] पुण्यरूप शुभकर्म [ पापमपि ] पापरूप अशुभकर्म [ कालः ] अतीत अनागत वर्तमान काल [ नभः ] आकाश [ धर्माधर्ममपि ] धर्मद्रव्य, अधर्मद्रव्य [ कायः ] शरीर, इनमेंसे [ एक अपि ] एक भी [ आत्मा ] आत्मा [ नैव भवति ] नहीं है, [ चेतनभावम् मुक्तवा ] चेतनभावको छोड़कर अर्थात् एक चेतनभाव ही अपना है।।**

**भावार्थ :– व्यवहारनयकर यद्यपि पुण्य, पापादि आत्मासे अभिन्न हैं, तो भी**

**शुद्धनिश्चयनयकर भिन्न हैं, और त्यागने योग्य हैं, उन परभावोंको मिथ्यात्व रागादिरूप परिणत हुआ बहिरात्मा जानता है, और उन्हींको पुण्य, पापादि समस्त संकल्प, विकल्परहित निज शुद्धात्मद्रव्यमें सम्यक् श्रद्धान ज्ञान चारित्ररूप अभेदरत्नत्रयस्वरूप परमसमाधिमें तिष्ठता सम्यग्दृष्टि जीव शुद्धात्मासे जुदे जानता है।।९२।।**

---

હવે (**આત્માના ચેતનભાવનું વર્ણન કરે છે) :**

ભાવાર્થ :- **મિથ્યાત્વ, રાગાદિરૂપે પરિણમેલો બહિરાત્મા વ્યવહારનયથી આત્માથી અભિન્ન અને શુદ્ધનિશ્ચયનયથી આત્માથી ભિન્ન, હેયભૂત એવા તે પુણ્ય, પાપ અને ધર્માધર્માદિ દ્રવ્યોને પોતામાં યોજે છે અને તેમને જ, પુણ્યપાપાદિ સમસ્ત સંકલ્પ-વિકલ્પના ત્યાગની ભાવનારૂપ, નિજશુદ્ધાત્મદ્રવ્યનાં સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્આચરણરૂપ અભેદરત્નત્રયાત્મક પરમસમાધિમાં સ્થિત એવો અંતરાત્મા શુદ્ધાત્માથી પૃથક્ જાણે છે. ૯૨.**

---

**વીર સંવત ૨૫૦૨, શ્રાવણ વદ ૧૨, રવિવાર**

**તા. ૨૨-૦૮-૧૯૭૬, ગાથા-૯૨ પ્રવચન નં. ૬૯**

'પરમાત્મપ્રકાશ' ૯૨ ગાથા. '**આગે આત્માકા ચેતનભાવ વર્ણન કરતે હૈં...**'

**૯૨) पुण्णु वि पाउ वि कालु णहु धम्माधम्मु वि काउ।**
**एक्कु वि अप्पा होइ णवि मेल्लिवि चेयण-भाउ।।९२।।**

પુણ્યરૂપ શુભકર્મ અને પાપ અશુભકર્મ, એ આત્મા નહિ એ આત્મામાં નથી. આહાહા! પ્રથમ તો આ વાત છે, રાત્રે કહ્યું હતું કે આત્માની પર્યાયમાં જે વિકાર થાય છે એ પણ સ્વતંત્ર ષટ્કારક પરિણમનથી થાય છે. આવી સ્વતંત્રતા જેને ન બેસે તેને ત્રિકાળી ચૈતન્યભાવ સ્વતંત્ર છે એ કોઈ રીતે એને દૃષ્ટિમાં નહિ આવી શકે. સમજાય છે કાંઈ? એક સમયમાં અનંત ગુણની જે એક સમયમાં પર્યાય છે, વિકૃત કે અવિકૃત, એ વિકૃત અવસ્થા એક સમયમાં પોતાના ષટ્કારક કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ - એ ષટ્કારકના પરિણમનથી પોતાની વિકૃત પર્યાય પોતાથી, પરની અપેક્ષા વિના થાય છે. વિકારની પર્યાયને તો પરની અપેક્ષા નથી પણ નિર્મળ પર્યાય જે થાય છે - સમ્યગ્દર્શન, જ્ઞાનાદિ નિર્મળ પર્યાય છે તે પણ ખરેખર પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે. વ્યવહારની અપેક્ષાથી નહિ અને દ્રવ્ય-ગુણની અપેક્ષાથી થતી નથી. આહાહા..! આવું સત્ (છે). સમજાય છે કાંઈ?

જે સમ્યગ્દર્શન, જ્ઞાનની નિર્મળ પર્યાય.. એ કહેવામાં એમ આવે કે ભૂતાર્થના આશ્રયે થાય છે પણ એ પર્યાયની સ્વતંત્રતા, જ્યારે વિકારની પર્યાય પોતાના ષટ્કારકના પરિણમનથી પોતાની અપેક્ષાથી અને પરની અપેક્ષાથી રહિત થાય છે, એવા વિકારના સત્નું સ્વરૂપ એવું છે. આહાહા! તો નિર્વિકારી પર્યાયની સત્તાનો સ્વીકાર પોતાથી, પરની અપેક્ષા વિના (થાય છે). ત્યાં વ્યવહાર છે તો નિશ્ચય થયું છે એવી અપેક્ષા એમાં નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? એ નિર્મળ પર્યાય પોતાથી કર્તા, કર્મ... 'નવરંગભાઈ'! રાત્રે હતા? રાત્રે ઘણી વાત થઈ હતી. એ તો અમારે વળી 'સુજાનમલજી' કહે, દિવસે થોડું કહેવું. આહાહા!

એક એક ગુણની એક એક પર્યાય સ્વતંત્ર ષટ્કારકથી પરિણમે છે. આહાહા..! એ પર્યાયને પરની અપેક્ષા તો નથી, દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી પણ એક પર્યાયની સાથે અનંત પર્યાય જે ઉત્પન્ન થાય છે તે બીજી પર્યાયની અપેક્ષા નથી. આહાહા! સમજાય છે કાંઈ? આવો વસ્તુની સત્તાનો સ્વભાવ છે. એક એક પર્યાય પોતાથી, અનંત પર્યાય એક સમયે ઉત્પન્ન થાય છે, નિર્મળ કે વિકારી, એ એક એક સમયની પર્યાય ષટ્કારક કર્તા પર્યાય, કર્મ પર્યાય, કારણ પર્યાય, પર્યાય થઈને પર્યાય રાખે એ પર્યાય સંપ્રદાન, પર્યાયથી પર્યાય અને પર્યાયના આધારે પર્યાય થાય, આહાહા! અહીં તો કહેવું છે કે એ પર્યાયની આટલી સ્વતંત્રતા, ક્ષણિક પર્યાયની આટલી સ્વતંત્રતા જેને ન બેસે તેને ત્રિકાળી ધ્રુવ ઉપાદાન કદી દૃષ્ટિમાં નહિ આવે. 'નવરંગભાઈ'! સમજાય છે કાંઈ? આહાહા!

સમ્યગ્દર્શનની પર્યાય... વિકારી પર્યાય પણ જ્યારે ષટ્કારકના પરિણમનથી પરની અપેક્ષા વિના થાય છે તો સમ્યગ્દર્શનની પર્યાયમાં એ સત્ છે ને? આહાહા! અતીન્દ્રિય આનંદ સાથે સમ્યગ્દર્શનની પર્યાય (પ્રગટ થઈ) એ પર્યાયમાં અતીન્દ્રિય આનંદ આવ્યો એની સમ્યગ્દર્શનની પર્યાયને અપેક્ષા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? બહુ વાત.. દરિયો.. આત્મા એક સત્નો દરિયો છે. સત્નો સમુદ્ર છે. આહાહા!

શ્રોતા :- કાંઈ કરવાનું આવ્યું નહિ.

ઉત્તર :- કરવાનું આવ્યું ને! વીતરાગતા થઈ ને! પર્યાય પર્યાયથી થાય છે તો એની દૃષ્ટિ છોડીને દ્રવ્ય વસ્તુ હું છું, એ આવ્યું. એ વાત તો કહે છે. જો પર્યાય પરથી થાય તો પર્યાયને છોડી દ્રવ્યની દૃષ્ટિ તેને થતી નથી. પણ મારી પર્યાય મારાથી સ્વતંત્ર થાય છે તો હું એને છોડી દ્રવ્યદૃષ્ટિ કરું છું. ત્રિકાળી ચૈતન્યભાવ હું છું. પર્યાય છે તો તેનામાં પણ એ સ્વતંત્રપણે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અરે..! એક ગુણ બીજા ગુણરૂપે નથી. દ્રવ્યાશ્રયા ગુણા કહે છે ને? દ્રવ્યના આશ્રયે ગુણ છે, ગુણના આશ્રયે ગુણ નથી. આહાહા..! એક જ્ઞાનગુણ જે છે એ પણ બીજા અસ્તિત્વ ગુણને લઈને નથી. આહાહા! તો પર્યાયમાં પણ જ્ઞાનની જે એક સમયની પર્યાય છે, તે સમયે અસ્તિત્વ ગુણની પર્યાય છે તેને કારણે જ્ઞાનની પર્યાય નથી. આહાહા! સમજાય છે કાંઈ? ભગવાન ! માર્ગ તો આવો છે, ભાઈ! લોકોને દ્રવ્ય, ગુણ, પર્યાયનું જ્ઞાન નહિ અને પર્યાયરહિત ભગવાન કેવો છે તેની એને દૃષ્ટિ થતી નથી. આહાહા! પર્યાય તો છે

અને પ્રત્યેક ગુણ પણ છે પણ એક ગુણ બીજા ગુણરૂપે નથી પણ એક ગુણ બીજા ગુણના રૂપ રૂપે છે. એ શું કહ્યું?

જ્ઞાનગુણ જે છે, સાથે અસ્તિત્વ ગુણ છે તો અસ્તિત્વ ગુણને કારણે જ્ઞાન ગુણ નથી પણ જ્ઞાન ગુણમાં અસ્તિત્વપણું પોતાથી છે. જ્ઞાનગુણમાં અસ્તિત્વ છે, હોં! અસ્તિત્વ ગુણને કારણે નહિ. અસ્તિત્વ ગુણ તો જ્ઞાન ગુણના અસ્તિત્વમાં અસ્તિત્વ ગુણ તો નિમિત્ત છે, પણ આ જ્ઞાન ગુણમાં પોતાના ઉપાદાનથી અસ્તિત્વ છે. આહાહા! સમજાય છે કાંઈ? એવી એક પર્યાયના અસ્તિત્વમાં, જ્ઞાનની પર્યાયનું અસ્તિત્વ, અસ્તિત્વ ગુણની પર્યાય પણ સાથે છે પણ અસ્તિત્વ ગુણની પર્યાય તો જ્ઞાનગુણની પર્યાયમાં નિમિત્ત છે. ઉપાદાન તો જ્ઞાનની પર્યાયમાં અસ્તિત્વ પોતાને કારણે અસ્તિત્વ છે. બીજા ગુણનું બીજા ગુણમાં રૂપ કહેવામાં આવે છે, બીજા ગુણમાં બીજો ગુણ નથી. સમજાય છે કાંઈ? હવે આવી વાત. કહો, શેઠ! કોઈ દિ' સાંભળ્યું નથી ને પૈસા ને પૈસામાં (ગુંચાય ગયા). સ્વતંત્ર છે ને ભગવાન! આહાહા..! કેવી સ્વતંત્રતા! સમજાય છે કાંઈ?

એક પર્યાયની સાથે બીજી પર્યાય થઈ છે તેનાથી પણ એ પર્યાય નથી. પછી એ પર્યાય પરથી થાય (એ વાત જ ક્યાં રહી?) એમ ભગવાનઆત્મામાં જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય જે ષટ્કારકથી પોતાથી થાય છે તેમાં વ્યવહારની અપેક્ષા નથી. અહીં એ સિદ્ધ કરવું છે. આહા..! આ વાત ભારે, ભાઈ! પોતાના ત્રિકાળી ચૈતન્યભાવની પ્રતીતિ સમ્યગ્દર્શનની એ પર્યાયમાં વ્યવહારની અપેક્ષા નથી. એ પર્યાયમાં બીજી પર્યાયની અપેક્ષા નથી, એ પર્યાયને દ્રવ્ય-ગુણની અપેક્ષા નિશ્ચયથી નથી. આહાહા! સમજાય છે કાંઈ? કહો, 'કાંતિભાઈ'! આહાહા! એ પ્લેનમાં નોકર હતા. શેઠ તો ઓળખે છે. ૧૫૦૦ નો પગાર હતો. છોડી દીધું. માસિક ૧૫૦૦ નો પગાર. પ્લેનમાં, પ્લેન નથી ઉડતા? બે વર્ષથી છોડી દીધું. અઢાર હજાર બાર મહિને મળે. છોડી દીધી, નોકરી છોડી દીધી. હવે એમાં ધૂળમાં શું છે?

અરે..! એક સમયની પર્યાય વિના પર્યાયને ન ચાલે. પર વિના ચાલે, પોતાની પર્યાયમાં પોતાની પર્યાય વિના ન ચાલે. આહાહા..! એ તો વાત ચાલે છે. સમજાય છે કાંઈ? જ્ઞાનગુણ જે પોતામાં છે તે જ્ઞાનગુણ પોતાથી છે. અસ્તિત્વ ગુણ છે તો જ્ઞાન ગુણનું અસ્તિત્વ છે એમ નહિ. એમ દર્શન ગુણ છે તેમાં અસ્તિત્વ છે તે પોતાના અસ્તિત્વથી દર્શન ગુણ છે. અસ્તિત્વ ગુણને કારણે દર્શનનું અસ્તિત્વ છે એમ નથી. આહાહા! 'અમરચંદભાઈ'! આહાહા..! ક્યાં કોઈ દિ' સાંભળ્યું નથી. ભગવાનઆત્મા કોણ છે અંદર? જેના પર્યાય, ગુણ અને દ્રવ્ય સ્વતંત્ર સ્વતંત્ર છે. આહાહા! સ્વયંસિદ્ધ (છે).

કહે છે કે એક ગુણમાં બીજા ગુણનું રૂપ છે તેમ અનંત ગુણનું રૂપ એક ગુણમાં છે. એક જ્ઞાન ગુણ છે તેમાં પોતાનું અસ્તિત્વનું રૂપ છે, અસ્તિત્વ ગુણને કારણે નહિ, એમ વસ્તુત્વ ગુણને કારણે જ્ઞાનગુણમાં વસ્તુત્વ નથી પણ જ્ઞાનગુણમાં વસ્તુત્વનું રૂપ છે. સમજાય છે કાંઈ? એમ જ્ઞાન ગુણમાં જે સાથે કર્તા ગુણ છે તેનાથી કર્તાપણું નથી. જ્ઞાન પોતાથી કર્તા છે

એવું જ્ઞાનમાં કર્તાનું રૂપ છે. આહાહા! એમ કર્મ નામનો ગુણ છે તેનાથી જ્ઞાનમાં કર્મ ગુણનું રૂપ નથી. જ્ઞાનમાં કર્મરૂપકાર્યરૂપ રૂપ પોતાથી છે. આહાહા! સમજાય છે કાંઈ? લ્યો, આ વળી રવિવાર છે તો 'ભાવનગર' વાળા આવ્યા છે ને? આહાહા..!

એમ એક પર્યાયમાં અનંત પર્યાયનું રૂપ છે પણ એક પર્યાયમાં બીજી પર્યાય નથી. આહાહા! દરિયો, દરિયો છે ને! સત્‌નો સાગર છે!! દ્રવ્યનો સાગર, ગુણનો સાગર, પર્યાયનો સાગર. આહા..! જેને આવી એક સમયની પર્યાયમાં, પોતાની પર્યાયના ષટ્કારકથી પરિણમન છે અને ષટ્કારકમાં પણ કર્તા, કર્મ આદિ જે છ ગુણ છે તે ગુણની એક સમયની પર્યાયમાં બીજા ગુણની પર્યાયને કારણે કર્તા નથી. 'હિંમતભાઈ' ! શું કહ્યું ઈ?

જેમ ષટ્કારક આત્મામાં ગુણ છે તો એક ગુણ બીજા ગુણને કારણે નથી. એમ પર્યાયમાં ષટ્કારકપણે પરિણમન થયું તો કર્તાની પર્યાયથી કર્મની પર્યાય છે એમ પણ નથી. આહાહા! અંદર છ ગુણ છે ને? તો અહીં પણ છ પર્યાય છે. એ વાત સ્વતંત્ર છે. આહાહા! ગજબ વાત છે! સર્વજ્ઞ પરમાત્મા સિવાય આ વાત ક્યાંય કોઈએ જોઈ નથી અને કોઈએ જાણી નથી. વાતું મફતની કલ્પના છે. આહાહા! ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર એ પણ પરને જાણવું કહે છે કે એ તો અસદ્‌ભુત વ્યવહારનયથી છે. લોકાલોકને જાણે છે એમ કહેવું એ અસદ્‌ભુત વ્યવહારનયથી છે. કેમ કે તન્મય થઈને જાણતા નથી. લોકાલોકને તન્મય થઈને જાણતા નથી. એ રૂપે થઈને જાણે છે? એ તો પોતારૂપે રહીને જાણે છે. આહાહા..! સમજાય છે કાંઈ? એમનું સ્વપ્રકાશક અને પરપ્રકાશક પોતાની પર્યાયમાં પોતાને કારણે પરપ્રકાશકપણું છે, પરને કારણે નહિ. લોકાલોક છે તો અહીંયા પરપ્રકાશકપણું પ્રગટ થયું એમ નથી. આહાહા! ગજબ વાત છે, પ્રભુ! તારી બલિહારી છે, ભાઈ! આહા..! તારી સમૃદ્ધિ, તારી સંપદા..! આહાહા..! સમજાય છે કાંઈ?

એક પર્યાયમાં કર્તાની પર્યાય થઈ તે વખતે તેના કર્મ ગુણની પર્યાય પણ છે કે નહિ? ષટ્કારક ગુણની પર્યાય છે કે નહિ? આહાહા..! તો એક ગુણની પર્યાયમાં બીજા ગુણની પર્યાય પણ સાથે નથી. તેને કારણે નથી. પોતાનું રૂપ છે, કર્તા કર્તારૂપ છે, કર્મ કર્મરૂપ છે, કરણ કરણરૂપ છે, અપાદાન અપાદાન, સંપ્રદાન સંપ્રદાન, અધિકરણ અધિકરણ (રૂપે છે). આહાહા! ગજબ વાત છે! નિર્વિકલ્પતા વીતરાગતા ઉત્પન્ન થવાનો આ ઉપાય છે. સમય સમયની પર્યાય પોતાથી છે, પરની પર્યાયથી નથી. પરથી તો નથી પણ પોતાની બીજી પર્યાયથી નથી. અને પોતાનો એક ગુણ બીજા ગુણથી નથી. છતાં એક એક ગુણમાં અનંતા ગુણનું રૂપ છે. એમ એક એક પર્યાય બીજી પર્યાયથી નથી પણ એક પર્યાયમાં અનંત પર્યાયનું રૂપ છે. આહાહા..!

'ચિદ્‌વિલાસ' માં ઘણો ખુલાસો કર્યો છે. 'દીપચંદજી' સાધર્મી. 'ચિદ્‌વિલાસ' માં બહુ (ખુલાસો કર્યો છે). ભલે ગૃહસ્થ હતા. સમજ્યા? 'દીપચંદજી' છે ને? 'ચિદ્‌વિલાસ' જ્ઞાનનો વિલાસ. આ ચેતના આવી ને? જ્ઞાનનો વિલાસ. એમાં એમ લખ્યું છે કે એક એક પર્યાય સ્વતંત્ર છે, પોતાની બીજી પર્યાયથી પણ નથી. એક એક ગુણ સ્વતંત્ર છે, બીજા ગુણથી

નથી. પણ બીજા ગુણનું રૂપ એક ગુણમાં છે. અનંત ગુણનું રૂપ એક ગુણમાં છે. એમ એક પર્યાયમાં બીજી અનંતી પર્યાયનું રૂપ છે. આહાહા! એમાં તો એમ લખ્યું છે કે જેમ જેમ સ્પષ્ટીકરણ કરીએ છીએ તેમ તેમ શિષ્યને આનંદ ઊપજે છે, એમ લખ્યું છે. ભાઈ! 'ચિદ્‌વિલાસ'માં. આહાહા..! એનો સ્વભાવ જ એવો છે. ઓ..હો..હો...! એની દૃષ્ટિ થઈ હોય અને પછી સ્વતંત્રતાનું સ્પષ્ટીકરણ થાય ત્યારે તેને આનંદ ઊછળે છે. આહાહા! એમાં મજા પડે એવી મજા ક્યાંય પડતી નથી. એવી વાત છે. સમજાય છે કાંઈ? ઓ..હો..હો...!

એક ગુણમાં અનંત ગુણનું રૂપ! અને એ ગુણના આશ્રયે ગુણ નથી. કારણ કે દ્રવ્યાશ્રયા ગુણા આવ્યું ને? 'તત્ત્વાર્થ સૂત્ર' માં. દ્રવ્યને આશ્રયે ગુણ છે, કંઈ ગુણને આશ્રયે ગુણ નથી. છતાં ગુણને આશ્રયે ગુણ નથી છતાં અનંત ગુણનું રૂપ એક ગુણમાં છે. આહા..! પર્યાય પણ પર્યાયને આશ્રયે નિશ્ચયથી છે. આહાહા! સમજાય છે કાંઈ? એવી અનંતી પર્યાય એક એક સમયમાં ષટ્‌કારકની પરિણતિથી સ્વતંત્ર છે એમ જેને રુચ્યું હોય તેને દ્રવ્ય ઉપાદાન સ્વતંત્ર ધ્રુવ છે તેની દૃષ્ટિ થાય છે. ક્ષણિક પર્યાયના ઉપાદાનની સ્વતંત્રતા જેને ન રુચે તેને ધ્રુવ, જે પર્યાયમાં આવતો નથી, એવી ચીજની દૃષ્ટિ તેને સ્વતંત્ર થતી નથી. શું કહ્યું? શેઠ! સમજાયું? આહાહા..!

એક સમયની અનંત ગુણની અનંતી પર્યાય એક સમયમાં છે. એ એક એક પર્યાય પોતાના ષટ્‌ગુણ કારણથી પરિણમે છે, બીજાને કારણે નહિ. એમાં તો નિમિત્ત ઊડી જાય છે. આ વાંધો લોકોને આવે છે. પણ નિમિત્ત તો તેને કહીએ કે નિમિત્તથી તેમાં થતું નથી, તો નિમિત્ત કહીએ. આહાહા..! અને નિમિત્ત જે ચીજ છે તેમાં પણ અનંત ગુણ અને અનંતી પર્યાય છે. એ પર્યાય પણ પોતાના સ્વતંત્ર ષટ્‌કારકથી પરિણમે છે. આહાહા! સમજાય છે કાંઈ?

અહીંયા તો એ લેવું છે ને? 'આત્માકા ચેતનભાવ...' પણ કોને એ બેસે? જેને પર્યાયમાં સ્વતંત્રતા રુચિ હોય, ક્ષણિક ઉપાદાનમાં પ્રત્યેક પર્યાય પોતાથી થઈ છે, પરથી નહિ, અરે...! પરથી તો નહિ પણ દ્રવ્ય-ગુણથી નહિ. આહાહા! સમજાય છે કાંઈ? એવી પર્યાયની સ્વતંત્રતા વસ્તુનું સ્વરૂપ છે. ઓ..હો..હો...! એ કહે છે કે ઈશ્વર કર્તા છે, અહીં કહે છે કે એક પર્યાયની બીજી પર્યાય કર્તા નથી. એક પર્યાયનો દ્રવ્ય કર્તા નથી.

શ્રોતા : ગુણ પણ પર્યાયનો કર્તા નહીં?

ઉત્તર :- નહિ, ગુણ પણ કર્તા નથી. પર્યાય સ્વતંત્ર પોતાની કર્તા છે. આહાહા..! આહાહા..! એમ દરેક પર્યાય અને પ્રત્યેક ગુણ પોતપોતાના અનંતગુણરૂપ અને એક પર્યાય અનંત પર્યાયરૂપ છે. આહાહા..! એમ હોવા છતાં પરની અપેક્ષા નથી અને પોતાની પર્યાય બીજી પર્યાયની અપેક્ષાથી એ પર્યાય નથી. એમ પોતાનો ગુણ બીજા ગુણથી છે એમ નથી. છતાં એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે. પ્રમેયત્વ નામનો ગુણ છે તો જ્ઞાનમાં પ્રમેયત્વ નામની શક્તિ(નું રૂપ) છે. સમજાય છે કાંઈ? આહાહા!

શ્રોતા :- અસ્તિત્વ ગુણમાં જ્ઞાનનું રૂપ કઈ રીતે?

ઉત્તર :- અસ્તિત્વ ગુણ નહિ. અસ્તિત્વમાં જાણવાની અપેક્ષાળાળું અસ્તિત્વ છે એટલું. આમાં જાણનાર છે એટલું અસ્તિત્વ આમાં છે. એમાં જ્ઞાન ક્યાં છે? અસ્તિત્વમાં અનંત ગુણનું રૂપ છે, પણ અસ્તિત્વ તરીકે, જ્ઞાન તરીકે ન્યાં ક્યાં છે? તો તો પર ગુણ અહીં આવી ગયા. જ્ઞાનનું અસ્તિત્વ છે તે બીજા અસ્તિત્વમાં એનું રૂપ છે. આહાહા! આ તો વાત આવી ગઈ, ભાઈ! રાત્રે થોડી કાઢી હતી ને? અમારે 'સુજાનમલજી' કહે, દિવસે થોડી કહેવી. આવો માર્ગ, પ્રભુ! આહાહા! તારી ધારા.. તારી ધારા.. આહાહા!

ક્રમબદ્ધ તો છે પણ એ પર્યાય ક્રમબદ્ધ થાય છે તે પણ પોતાથી થાય છે, પૂર્વની પર્યાય છે તો આ પર્યાય થઈ એમ પણ નથી. આહાહા! આવો વસ્તુનો સ્વભાવ છે. એ 'બંધ અધિકાર' માં આવ્યું છે. દ્રવ્યમાં અહેતુક સત્ છે, ગુણમાં અહેતુક સત્ છે. એનો કોઈ હેતુ નથી. પર્યાય અહેતુક છે એમ આવ્યું છે. 'બંધ અધિકાર' માં. આહાહા! નિર્મળ પર્યાય અહેતુક સત્ છે. છે તેને પરની અપેક્ષા શું? આહાહા! એ સિવાય તો લાંબી વાત બહુ કરી. 'અધ્યાત્મ પંચ સંગ્રહ' માં 'દીપચંદજી' એ કરી છે. એના થાટ ને નટ ને થટ ને આવે છે ને? ભાઈ! એક ગુણમાં બીજાના નટ છે ને થટ છે ને કળા છે ને.. ઘણો વિસ્તાર આવ્યો છે. ભાઈએ 'દીપચંદજી' એ વિસ્તાર બહુ કર્યો છે. ઓહોહો...! એક એક પર્યાયમાં બીજી પર્યાયનું અસ્તિત્વ. રૂપ, હોં! એ ગુણ એમાં નથી. આહા..!

શ્રોતા :- એક પર્યાયમાં બીજી પર્યાય કેવી રીતે આવે?

ઉત્તર :- એ પર્યાય આવે નહિ પણ એ પર્યાયનું રૂપ એમાં આવે. અસ્તિત્વ ગુણની પર્યાયમાં જ્ઞાનગુણની પર્યાયનું રૂપ આવ્યું કે નહિ? અસ્તિત્વની પર્યાય ત્યાં ન આવી. પણ જ્ઞાનગુણની પર્યાય છે તેવું રૂપ એમાં છે કે નહિ? આહાહા! ઝીણી વાત છે, ભગવાન ! આ તો સર્વજ્ઞ પરમાત્માએ કહેલો પદાર્થ. દ્રવ્ય, ગુણ ને પર્યાય એવા અનંતા (પદાર્થ).

રાત્રે તો ત્યાં સુધી કહ્યું હતું ને? કે એક પરમાણુ જે છે એમાં બે ગુણની ચીકાશ છે. કોઈ ચાર ગુણ ચીકાશવાળા પરમાણુ સાથે (સંયોગ) થાય તો ચાર ગુણ થાય છે. એ ચાર ગુણ એના કારણે નથી થયા. એ ચાર ગુણ ચીકાશની પર્યાય ષટ્કારક પરિણતિથી થાય છે. આહાહા! મોટો ગોટો આ નિમિત્ત અને ઉપાદાનનો. સમજાય છે કાંઈ?

જુઓ! આ વસ્તુ છે. એમાં પરમાણુ જે છે તે સૂક્ષ્મ છે. અહીંયા સૂક્ષ્મ ન રહ્યો, સ્થૂળ થઈ ગયો. એ સ્થૂળ ષટ્કારકની પરિણતિથી પોતાથી થયો છે. સ્થૂળનો કર્તા, સ્થૂળનું કર્મ પોતાથી થયું છે, સંયોગથી નહિ.

શ્રોતા :- સંયોગમાં આવ્યા વિના ન થાય ને?

ઉત્તર :- એ આવ્યા વિના ન થાય (એમ) નહિ, એનો અર્થ જ એ (કે એ) થાય ત્યારે એની યોગ્યતા એમાં જ હોય, પણ એથી એને લઈને થયું છે (એમ નથી). આહાહા! ગજબ વાત છે, ભાઈ !

પ્રત્યેક પરમાણુમાં અનંત ગુણ છે. જેટલા ગુણ એક ચૈતન્ય આત્મામાં છે તેટલા જ ગુણો પરમાણુમાં - અચેતનમાં છે. આહાહા! જેટલા ગુણ એક સર્વવ્યાપક આકાશમાં છે

તેટલી સંખ્યાએ એક પરમાણુમાં આટલામાં છે. આહાહા! એટલી સંખ્યા. જેટલી એક આત્મામાં છે, તેટલા આકાશમાં છે, તેટલા એક પરમાણુમાં છે. ક્યાં સર્વવ્યાપક! એ તો ક્ષેત્રથી વ્યાપક થયું, ભાવ તો જે અનંત ગુણ છે તેટલા છે. એટલા ગુણ એક પરમાણુમાં છે. એક પ્રદેશ ભલે હો પણ અનંત ગુણશક્તિ એટલામાં છે. ઓ..હો..હો...! અને અનંત ગુણની એક પરમાણુમાં એક સમયમાં જે પર્યાય થાય છે તો તે પરમાણુમાં પણ ષટ્કારક ગુણ છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. આહાહા..! ગજબ વાત છે. 'ધર્મલાલજી'! આવી વાત છે, ભગવાન! લોકોને બિચારાને એવું લાગે છે. બહારની પેલી પ્રવૃત્તિમાં ગુંચાઈ ગયા ને! આહા..!

રાત્રે એક આવ્યું હતું ખરું પણ ભુલાઈ ગયું. સપનામાં એક આવ્યું હતું, કો'ક સાથે મોક્ષમાર્ગની ચર્ચા થતી હતી, પણ કઈ રીતે એ ભુલાઈ ગયું. અંદર મોક્ષમાર્ગની ચર્ચા થઈ હતી. પેલો કહે, આમ નહિ, નિશ્ચયથી આમ હોય, પેલો કહે આમ હોય. આહાહા!

એક પરમાણુ અનંત ગુણ સંપન્ન છે. અસ્તિત્વ ગુણ, વર્ણ ગુણ, ગંધ ગુણ, રસ ગુણ, સ્પર્શ ગુણ. એક એક ગુણ બીજા ગુણથી નથી પણ બીજા ગુણનું રૂપ એમાં છે. વર્ણ ગુણનું અસ્તિત્વ છે તો અસ્તિત્વ ગુણને કારણે એનું અસ્તિત્વ છે એમ નહિ. આહાહા! શક્તિઓનો સંગ્રહાલય ભગવાન! એક એક પરમાણુ અનંત શક્તિનો સંગ્રહાલય છે. એક એક પરમાણુ સ્વભાવનો સાગર છે. આહાહા! અરે..! લોકોને ક્યાં (ખબર છે) તત્ત્વ શું છે?

મુમુક્ષુ :- મોટી વખાર છે.

ઉત્તર :- વખાર તે કેવડી વખાર! આહા..! ગજબ છે, બાપુ ! સાધારણને તો એના વિશ્વાસમાં આ વાત આવવી, નિઃસંદેહપણે આવવી એ બહુ અલૌકિક વાતું છે. સમજાય છે કાંઈ? આત્માની યથાર્થ પ્રતીતિ વિના તેની યથાર્થ પ્રતીતિ થતી નથી. આહાહા!

એમ આકાશમાં પણ અનંત ગુણ છે અને એક ગુણ બીજા ગુણરૂપે નથી પણ એક ગુણમાં બીજા ગુણનું રૂપ છે. આહાહા! સમજાય છે કાંઈ? રાત્રે ઘણી વાત કરી હતી, આ થોડી થોડી આવી. એ તો પછી એની એ વાત નીકળે છે કાંઈ? આહાહા..! એ તો સવારમાં કહ્યું હતું નહિ? રાત્રે વિચાર આવ્યો હતો. કીધું, એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે. 'ચિદ્વિલાસ'માં (આવે છે). ભાઈને કહ્યું હતું. હમણાં ભાઈ લઈ આવ્યા હતા. ધનસુખ! તમે નથી કાઢ્યું. મેં રાત્રે કહ્યું હતું, 'ચિદ્વિલાસ' કાઢજો. એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે. આ ભાઈ 'ધનસુખ' છે એમને કહ્યું હતું. પછી 'ચીમનભાઈ' એ આપ્યું. મેં સવારે કહ્યું હતું પણ અહીં ન જોયું. એમાં છે. ૭૫ માં છે.

એક ગુણમાં સબ ગુણકા રૂપ સંભવે. મોટા અક્ષરથી છે. 'ચિદ્વિલાસ' 'દીપચંદજી' ગૃહસ્થાશ્રમમાં (લખે છે). તો શું છે? ગૃહસ્થાશ્રમમાં આત્મા તો છે કે નહિ? એક ગુણમાં સબ ગુણકા રૂપ સંભવે હૈ. આહાહા! વસ્તુ વિષે અનંત ગુણ હૈ સો એક એક ગુણ મેં સબ ગુણ કા રૂપ સંભવે હૈ. જો સત્તા ગુણ હૈ તો સબ ગુણ સત્તા છે, સબ ગુણ કા અસ્તિત્વ હૈ. એમ અનંત ગુણ લેવા. બહુ સ્પષ્ટ કર્યું છે. બારીકાઈથી કહ્યું છે. 'દીપચંદજી' સાધર્મી.

'ચિદ્‌વિલાસ', 'આત્માવલોકન', 'અનુભવ પ્રકાશ', 'અધ્યાત્મ પંચ સંગ્રહ'. એમાં બહુ સૂક્ષ્મ છે. એમાં તો ત્યાં સુધી કહ્યું, લોકો મારી વાત સાંભળતા નથી. હું શું કહું છું તે સાંભળતા નથી તેથી હું લખી જાઉં છું. એ.. શેઠ ! ગૃહસ્થાશ્રમમાં હતા. હું લખી જાઉં છું. સત્ય વાત મારી આગમની સાંભળતા નથી. નહિ, આમ નહિ, આમ નહિ, એમ કરીને કાઢી નાખે છે. કાઢી નાખો, હું લખી જાઉં છું, એમ લખ્યું છે. અરે...! તત્ત્વદષ્ટિવંત કોઈ દેખાતા નથી એમ એમાં લખ્યું છે. યથાર્થ તત્ત્વદષ્ટિવંત કોઈ દેખાતું નથી, હું કહું છું તો સાંભળતા નથી. એ 'પંચ સંગ્રહ'માં છે. 'અધ્યાત્મ પંચ સંગ્રહ' છે ને? બધું જોયું છે ને! અહીં તો કેટલી વાર બધું (વંચાઈ ગયું છે). આહાહા..! એક ગુણમાં અનંત ગુણનું રૂપ, લાવો! કોઈ ઠેકાણે કહ્યું છે? આહાહા! એટલું થયું, લ્યો! 'સુજાનમલજી'! અડધો કલાક ચાલ્યું.

અહીં આવ્યું ને? '**આત્માકા ચેતનભાવ કા વર્ણન...**' અહીંયા શું લીધું? જેને પર્યાયની સ્વતંત્રતા રુચતી હોય તે પર્યાયની દષ્ટિ છોડી ચેતનભાવની દષ્ટિ કરી શકે છે. સમજાય છે કાંઈ? પુણ્ય નહિ, પાપ નહિ, પણ પુણ્ય-પાપની પર્યાય તેનામાં સ્વતંત્ર થાય છે, પર્યાયમાં છે. આહાહા! જુઓ!

'**પુણ્યરૂપ શુભકર્મ, પાપરૂપ અશુભકર્મ, અતીતઅનાગત-વર્તમાન કાલ...**' આત્મામાં નથી. આહાહા..! ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય વસ્તુમાં ક્યાં છે? વસ્તુ તો ત્રિકાળ છે, ચેતનભાવ જે છે એ તો ત્રિકાળ છે. ધ્રુવ ઉપાદાન. પણ જેને ક્ષણિક ઉપાદાનની સ્વતંત્રતા ન બેસે તેને ધ્રુવ ઉપાદાનની શક્તિ નહિ બેસે. આહાહા! મોટી તકરાર અત્યારે આ. આહાહા! અરેરે..! ભગવાન! માંડ માર્ગ આવ્યો, પ્રભુ! સમજાય છે કાંઈ? અને એ પણ પછી ત્યાં સુધી લઈ જાય છે કે અરે..! પ્રભુ! વ્યભિચારી પંથ છે. અરે..! નાથ! શું કહેવું છે તારે? ભાઈ! આહાહા!

અહીં કહે છે કે પ્રભુ! ચેતનભાવમાં ભૂત, વર્તમાન, ભવિષ્યનો કાળ પણ નથી. કાળ શું? એ તો વસ્તુ છે ઈ છે. સમજાય છે કાંઈ? આહાહા! 'સમયસાર નાટક' માં આવે છે. 'દામોદરભાઈ' બોલતા હતા. એય..! તારો બાપ. ખબર છે? ખબર પણ નહિ હોય. 'દામોદરભાઈ લાખાણી' હતા ને? 'દામોદરભાઈ' અને 'મૂળજીભાઈ' બે. 'મૂળજીભાઈ' તો આપણે... 'દામોદરભાઈ'ને વાંચન ઘણું. એ કહેતા હતા, ઘડી મારી, કાળ મારો, પહોર મારો, દિવસ મારો.. એ બોલતા. એ 'સમયસાર નાટક' માં આવે છે. 'સમયસાર નાટક' માં... આ ઘડી મારી, આ કાળ મારો, આ પહોર મારો એમ કરીને મમતામાં કાળમાં ચોંટી ગયો છે. આહાહા! સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે ત્રિકાળ ભગવાનમાં કાળ છે જ નહિ. ભૂતકાળ, વર્તમાન, ભવિષ્ય વસ્તુ છે. વસ્તુમાં ક્યાં કાળ છે? આહાહા! ચેતનભાવ ત્રિકાળભાવ... આહાહા! 'કળશ ટીકા' માં તો એમ લીધું છે, ૨૫૨ કળશ. ૨૫૨ કળશ છે ને? જે ત્રિકાળ વસ્તુ છે તે સ્વકાળ છે અને એક એની એક સમયની પર્યાય છે તે પરકાળ છે. આહાહા..! એય..! સમજાય છે કાંઈ? એક સમયનું જે દ્રવ્ય છે તે સ્વદ્રવ્ય છે અને દ્રવ્યનો વિકલ્પથી ભેદ પાડવો કે આ દ્રવ્ય ને આ

દ્રવ્ય, એમ ભેદ પાડવો તે પરદ્રવ્ય છે. પેલા પરદ્રવ્યને તો ભિન્ન રહી ગયા. આહાહા! અસંખ્ય પ્રદેશી એકરૂપ છે તે સ્વક્ષેત્ર છે અને અસંખ્ય પ્રદેશમાં ભેદ પાડવા કે આ પ્રદેશ અને આ પ્રદેશ, એ પરક્ષેત્ર છે. ભેદ કલ્પના પરદ્રવ્ય અને ભેદ કલ્પના પરક્ષેત્ર. ભગવાનઆત્મા સ્વકાળ નામ.. આ કાળ નહિ, હોં! ભૂત, ભવિષ્ય નહિ. ત્રિકાળી વસ્તુ છે તે સ્વકાળ છે. પર્યાય જે છે, દ્રવ્યની, હોં! એ એક સમયની પર્યાયને પરકાળ કહી. ત્રિકાળીની અપેક્ષાએ પર્યાયને પરકાળ કહી. આહાહા! સમજાય છે કાંઈ? અને ભાવ. ત્રિકાળી ભાવ, એકરૂપ ચૈતન્યભાવ આદિ અનંત ગુણના ભાવ, અનંત ગુણરૂપ ભાવ એ સ્વભાવ, એમાં આ જ્ઞાન છે ને દર્શન છે એવા ભેદ પાડવા તે પરભાવ. ગજબ વાત છે, ભાઈ! પરદ્રવ્ય તો પરભાવ, રાગ તો પરભાવ પણ અનંત ગુણના એકરૂપમાં ગુણની ભેદ કલ્પના થવી તે પરભાવ છે. 'કળશ ટીકા' ૨૫૨ કળશમાં છે. સમજાય છે કાંઈ? આ છે ને 'કળશ ટીકા'?

**'સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ...'** એકરૂપ ત્રિકાળી દ્રવ્ય તે સ્વદ્રવ્ય. છે? **'સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર વસ્તુનો પ્રદેશ,...'** વસ્તુનો પ્રદેશ, વસ્તુના પ્રદેશ નહિ. એકરૂપ બધું. અસંખ્ય પ્રદેશને 'પંચાસ્તિકાય' માં એક પ્રદેશ કહ્યું છે. એકરૂપની અપેક્ષાએ એક પ્રદેશ કહ્યું છે. આહાહા..! એ સ્વક્ષેત્ર. છે? **'સ્વકાળ એટલે વસ્તુમાત્રની મૂળ અવસ્થા,...'** ત્રિકાળી. **'સ્વભાવ એટલે વસ્તુની મૂળની સહજ શક્તિ; પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદ કલ્પના...'** આહાહા! પરદ્રવ્ય તો પરદ્રવ્યમાં રહ્યા, રાગ પણ પરદ્રવ્યમાં રહ્યો પણ દ્રવ્યમાં ભેદ પાડવો, અભેદમાં ભેદ પાડવો તે પરદ્રવ્ય છે. આવો માર્ગ છે. કેટલાકે બિચારાએ સાંભળ્યો ન હોય એને આ વાત એવી લાગે... ભાઈ! માર્ગ તો આ છે, હોં!

કર્મથી વિકાર થાય છે, આમ થાય છે ને આમ થાય છે! આહાહા..! મોટી ગડબડ. સમજાય છે કાંઈ? 'બનારસ'માં ઈશ્વર કર્તા માનનારા પંડિતો પાસે ભણ્યા, એને જૈનદર્શનની શી ખબર! ઈ ઈશ્વરકર્તા માને. સૃષ્ટિ ઉપાદાન પોતાથી છે, નિમિત્ત ઈશ્વર છે. એ જ્યાં હોય ત્યાં નિમિત્ત ખોસી ઘાલ્યું. એણે પંડિતો, જૈનના પંડિતો શીખ્યા એણે. સમજાય છે કાંઈ? એ તો બિચારા કહે છે, 'દેવકીનંદન' કહે છે. 'દેવકીનંદન' પંડિત નહિ? અહીં રહ્યા, ચર્ચા થઈ. ઓહો..! આગમચક્ખુ સહાવો, મહારાજમાં તો આવું મેં અહીંયા જોયું. અમારા બધા પંડિતોનું નિમિત્તાધીન ભણતર છે. બધા પંડિતોની નિમિત્તાધીન (દૃષ્ટિ છે). એમ ઈ કહેતા હતા. 'દેવકીનંદન'. તે દિ' શેઠ અહીંયા નહિ હોય. સમજાય છે કાંઈ? માણસ બહુ નિસ્પૃહ હતા. 'પંચાધ્યાયી' ની ટીકા બનાવી છે ને? 'પંચાધ્યાયી' ની ટીકામાં ભુલ હતી તો મેં કીધું, ભાઈ! આ ભુલ છે. તો એ કહે, 'સુધારો મહારાજ. અમે તો અમારી દૃષ્ટિથી લખ્યું છે.' એમણે લખેલું છઠ્ઠે ગુણસ્થાને બુદ્ધિપૂર્વકનો રાગ છે અને સાતમે અબુદ્ધિપૂર્વકનો રાગ છે, એમ લખ્યું હતું. મેં કીધું, એમ નહિ. છઠ્ઠે ગુણસ્થાને બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વક બન્ને છે. સાતમે અબુદ્ધિપૂર્વક છે, એમ છે. પછી સુધારી નાખ્યું. કીધું, જુઓ! 'ગોમ્મટસાર'માં છે. વ્યક્ત-અવ્યક્ત. જે પ્રગટ ખ્યાલમાં આવે છે તે બુદ્ધિપૂર્વકનો રાગ છે અને તે જ સમયે ખ્યાલમાં નથી આવતો તે અબુદ્ધિપૂર્વક અવ્યક્ત છે. વ્યાક્તાવ્યકત શબ્દ 'ગોમ્મટસાર' માં છે. આહાહા..!

અહીંયા કહે છે કે સ્વદ્રવ્યમાં ભેદ પાડવો તે પરદ્રવ્ય છે. '**પરક્ષેત્ર એટલે જે વસ્તુનો આધારભૂત પ્રદેશ નિર્વિકલ્પ વસ્તુમાત્રરૂપે કહ્યો હતો તે જ પ્રદેશ સવિકલ્પ ભેદ-કલ્પનાથી પરપ્રદેશ...**' છે. આહાહા! અસંખ્ય પ્રદેશી ભગવાન એકરૂપ તે સ્વક્ષેત્ર. એ પ્રદેશમાં ભેદ પાડવા કે આ પ્રદેશ ને આ પ્રદેશ એવા ભેદ તે પરક્ષેત્ર. આ ગૃહસ્થ કામ કરે છે, જુઓ ! આ 'રાજમલ'. 'કળશ ટીકા' છે ને? એમાંથી 'સમયસાર નાટક' બનાવ્યું છે. એમાંથી (બનાવ્યું છે). 'બનારસીદાસ'. 'રાજમલ જૈનધર્મી' એવું લખ્યું છે. સમજાય છે આ. અહીં તો જૈનધર્મીનું કહેવું હતું. પરક્ષેત્ર. '**પરકાળ એટલે દ્રવ્યની મૂળની નિર્વિકલ્પ અવસ્થા...**' તે સ્વકાળ '**અવસ્થાંતર ભેદરૂપ કલ્પનાથી પરકાળ...**' આહાહા! કાળદ્રવ્ય પરદ્રવ્ય છે તેની વાત નથી. પોતાની ત્રિકાળી વસ્તુ તે સ્વકાળ અને તેની એક સમયની પર્યાયને પરકાળ કહી. ભેદ થયો ને? તેથી પરકાળ કહી દીધું.. આહાહા..! દૃષ્ટિનો વિષય બતાવવામાં (આમ કહે). પર્યાય, ભેદ એ કોઈ દૃષ્ટિનો વિષય નથી. દૃષ્ટિનો વિષય તો ત્રિકાળ પરમાનંદ મૂર્તિ પ્રભુ, નિર્વિકલ્પ સચ્ચિદાનંદ આત્મા સમ્યગ્દર્શનનો વિષય ધ્યેય છે. આહાહા! સમજાય છે કાંઈ? કહો, 'છોટાભાઈ'! આવી વાતું છે આ. તમે નહોતા કહેતા પહેલા? આ નિમિત્તનું લાકડું પંડિતોને (ગરી ગયું છે). પહેલા કહેતા હતા. બેન અહીંયા ક્ષયમાં હતા ત્યારે. આ લોકો એમ કહેતા ત્યારે અમને શંકા પડતી હતી. 'છોટાભાઈ' કહેતા હતા. આહાહા..!

અરે..! વસ્તુ છે ને! આહાહા..! સત્‌ને પરના આશ્રય કેવા? ચાહે તો પર્યાય સત્ હોય તો તેને પરનો આશ્રય કેવો? આહાહા..! જ્યાં ક્યાંય એવા કથન આવ્યા હોય તો તે ભેદથી વ્યવહારનયથી કથન કર્યા હોય. સમજાય છે કાંઈ? પણ વસ્તુસ્થિતિ તો જે છે તે પોતાથી છે.

અહીંયા તો સિદ્ધ એ કરવું છે કે વસ્તુ જે ત્રિકાળ છે તે સ્વકાળ અને એક સમયની પર્યાય તે પરકાળ. એ પરકાળ લક્ષ દેવા લાયક નથી એમ કહેવું છે. ત્રિકાળનું લક્ષ કરવું. લક્ષ દેનારી પર્યાય પરકાળ છે પણ તેનો વિષય સ્વકાળ ત્રિકાળ છે. આહાહા! આવી વાત છે, ભાઈ! આ તો સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવના આવા માર્ગ છે. ભગવાને આવું તત્ત્વ કહ્યું છે. લોકોને દ્રવ્ય, ગુણ, પર્યાયની ખબર નથી અને ધર્મ થશે.. ધર્મ થશે. અરે..! ભાઈ! પડિમા લઈ લ્યો, આ લઈ લ્યો.. ધૂળમાં પડિમા નથી. પડિમા ક્યાં આવી? હજી સમ્યગ્દર્શનના ઠેકાણા નથી. આહા..! વ્યવહાર શ્રદ્ધાના ઠેકાણા નથી. રાગથી રહિત ત્રિકાળ પરમાત્માની અનુભૂતિ થાય તે સમ્યગ્દર્શન છે, એવી શ્રદ્ધાના પણ ઠેકાણા નથી. સમજાય છે કાંઈ? આહાહા!

અરે..! જિંદગી ચાલી જાય છે, આંખ્યું મીંચીને મરી જશે ક્યાંક હમણાં અહીં. બિચારા બે જણા ૩૫-૩૫ વર્ષના જુવાન હતા, આમ જાતા હતા. શેમાં જાતા હતા? રીક્ષામાં. એમાં સામે ખટારો આવ્યો, ઉપર ચડી ગયો, મરી ગયા. ૩૫-૩૫ વર્ષના જુવાન માણસ. આહાહા! ક્યારે દેહ છૂટશે ભગવાન! એનો કંઈ નિયમ જોયો છે? આહાહા! પહેલા કરવા લાયક ચીજ તો આ છે. સમજાય છે કાંઈ?

ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, દરેક ગુણ સ્વતંત્ર, દરેક પર્યાય સ્વતંત્ર એમ જેને રુચે તેને ત્રિકાળી દ્રવ્યનો આશ્રય લેવા જેવો છે તે તેને રુચિ જાય. આહાહા! અહીંયા કહ્યું છે નહિ? પરભાવ. '**પરભાવ એટલે દ્રવ્યની સહજ શક્તિના પર્યાયરૂપ અનેક અંશ દ્વારા ભેદ-કલ્પના...**' આહાહા! અનંત ગુણરૂપ ભગવાન એકરૂપ છે એમાં આ અસ્તિત્વ ગુણ અને આ જ્ઞાનગુણ એવા ભેદ પાડવા તે પરભાવ છે. આ પરભાવની વ્યાખ્યા કેટલી કરી છે! પરવસ્તુ તે પરભાવ, રાગાદિ ભાવ તે પરભાવ અને ભાવમાં ભેદ પાડવા તે પરભાવ. એ વાત અહીંયા આપણે ચાલે છે. જુઓ! અહીંયા.

'**અતીત-અનાગત-વર્તમાન કાળ આકાશ, ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, શરીર, ઇનમેંસે એક ભી આત્મા નહીં હૈ,...**' એ વસ્તુ તરીકે છે. પુણ્ય તરીકે પુણ્ય છે, પાપ તરીકે પાપ છે. ભગવાનઆત્માના ચૈતન્યભાવમાં એ વસ્તુ નથી. આવી પર્યાયની સ્વતંત્રતા જેને બેસે તેને નહિ જોઈને જોવા જેવી દૃષ્ટિ તેની થઈ જાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવો માર્ગ છે. '**ચેતનભાવકો છોડકર અર્થાત્ એક ચેતનભાવ હી અપના હૈ.**' આહાહા! અહીં દૃષ્ટિના વિષયની અપેક્ષા લીધી છે. પર્યાય પર્યાય તરીકે તો છે, એ તો પહેલા સિદ્ધ કર્યું. પણ પર્યાયનો આશ્રય કરવાથી તો વિકલ્પ ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ?

ત્રિકાળી ભગવાન ચેતનભાવ જ્ઞાનભાવ, જ્ઞાનરસભાવ, જ્ઞાનશક્તિભાવ.. આહાહા! ચેતનાભાવ એ દ્રવ્ય છે, એ જ ચેતનાભાવનું ક્ષેત્ર છે, એ કાળ ચેતનાભાવ એ કાળ છે, ત્રિકાળ ચેતનાભાવ તે તેનો ભાવ છે. આહાહા..! દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ભિન્ન ભિન્ન નથી. એ જ ચીજને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ કહેવામાં આવે છે. ત્રિકાળ ચેતનાભાવ એ દ્રવ્ય, એ જ ક્ષેત્ર, અસંખ્ય પ્રદેશી એકરૂપ ક્ષેત્ર, ત્રિકાળ તે જ સ્વકાળ અને ભાવત્રિકાળ એકરૂપ ભાવ તે ભાવ. આહાહા! આવો ચેતનાભાવ પોતાનો છે.

**ભાવાર્થ :-** '**વ્યવહારનયકર યદ્યપિ પુણ્ય, પાપાદિ આત્માસે અભિન્ન હૈં,...**' પર્યાયમાં છે ને? પર્યાયમાં પુણ્ય, પાપ છે ને? '**તો ભી શુદ્ધનિશ્ચયનયકર ભિન્ન હૈં,...**' ભગવાન ચેતના સ્વભાવ, જાગૃત સ્વભાવ, એવા સ્વભાવથી તે ભિન્ન છે. '**ઔર ત્યાગને યોગ્ય હૈં,...**' જુઓ! પુણ્ય-પાપના ભાવ, શરીર આદિ ત્યાગવા યોગ્ય છે. આહાહા! પેલા કહે છે કે પુણ્યના ભાવ, વ્યવહારના ભાવ તે આદરવા લાયક છે, તેનાથી નિશ્ચય થશે. અરે..! ભગવાન! બહુ ફેર છે, હોં! ભાઈ! તને અત્યારે મીઠાશ લાગશે અને દુનિયાને પણ એ જાતના ઝુકાવવાળાને મીઠાશ લાગશે. સરવાળા જૂઠા આવશે. આહાહા..! તું રાજી થઈ જાય અને દુનિયાને રાજી કરે. સેવા કરો, દેશસેવા કરો, ફલાણું કરો, આમ કરો.. આહાહા! ભગવાને વળી જગતના સુખ ને હિતને માટે ઉપદેશ આપ્યો. સુખ કોણ? આ બહારની સામગ્રી. આહાહા..!

શ્રોતા :- શાસ્ત્રમાં આવે છે.

ઉત્તર :- શું આવે છે? એ ક્યુ સુખ? એ તો આત્માનું સુખ.

શ્રોતા :- લોકનું હિત..

ઉત્તર :- લોકનું હિત એટલે આત્માનું હિત, એ લોકનું હિત છે. 'ૠષભદેવ' ભગવાને પહેલું કર્યું ને? ગૃહસ્થાશ્રમમાં અસિ, મસિ, કૃષિ. શીખવ્યું હતું ને? પણ એ તો એ વખતે વિકલ્પ હતો એટલે આવ્યું. એ કોઈ માર્ગ છે ને એ ધર્મ છે એમ કરીને એ કહ્યું હતું? તીર્થંકરોએ પણ અસિ, મસિ, કૃષિને શીખવ્યા. એમ કહે. અને જગતના હિત માટે કર્યું હતું ને? અરે..! પ્રભુ! એ તો વિકલ્પ આવ્યો અને એ ક્ષેત્ર એ વખતે હતું તો કરુણાનો વિકલ્પ આવ્યો. પછી છોડી દીધું. જ્યારે મુનિ થયા ત્યારે એ વિકલ્પ છોડી દીધો. હિત ને સુખનું કારણ હોત તો એ વિકલ્પ છોડત કેમ? આહા..! અરે...! એ અસિ, મસિ, કૃષિ આવે છે ને? ષટ્ કારણ બતાવ્યા. (અસિ) તરવારની વાત, મસિ-લખવાની, કૃષિ-ખેડવાની. આહાહા! એ તો એ સમયે વિકલ્પ આવ્યો, એ સમયે એવી સ્થિતિ હતી, આવ્યો પણ જાણતા હતા કે વિકલ્પ છે તે હેય છે, દુઃખરૂપ છે. સમજાય છે કાંઈ?

શ્રોતા :- દૃષ્ટિ તરીકે નહીં?

ઉત્તર :- દૃષ્ટિ તરીકે નહિ, એ કરવાલાયક તરીકે નહિ. કરવાલાયક હોય? રાગ કરવાલાયક નથી ત્યાં વળી પરને શીખવવું ને કૃષિ કરવાલાયક છે? આહાહા! સમજાય છે કાંઈ? ભગવાને પણ આમ કર્યું હતું એટલે આપણે પણ એમ કરો. અરે..! ભગવાન! એ તો ત્રણ જ્ઞાનના ધણી, ક્ષાયિક સમકિતી. ખબર હતી કે મને આ ભવમાં કેવળજ્ઞાન છે. પણ એ સમયનો પ્રસંગ એવો કે વિકલ્પ પોતાને કારણે ઉઠ્યો, એ પોતાની નબળાઈને કારણે ઉઠ્યો છે. વિકલ્પ, હોં! વાણી તો વાણીને કારણે નીકળી. કૃષિમાં ખેડ કરે એમાં પાપ છે. લખાણ કરે-મસિ, અસિ-તલવાર આદિ પાપ બતાવે છે. એ ધર્મનું કારણ છે? સમજાય છે કાંઈ? આહા..!

'**ઉન પરભાવોંકો મિથ્યાત્વ રાગાદિરૂપ પરિણત હુઆ...**' શું કહે છે? પરકાળ, ધર્માસ્તિ અને પુણ્ય-પાપ, એ બધાને '**મિથ્યાત્વ રાગાદિરૂપ પરિણત હુઆ બહિરાત્મા (અપને) જાનતા હૈ,...**' આહાહા..! મિથ્યાદૃષ્ટિ પુણ્યને પોતાનું માને છે, શુભભાવને પોતાના માને છે. આહાહા! સમજાય છે કાંઈ? અહીં શુભકર્મ કીધું છે ને? એટલે એ શુભકર્મ જડ એમ લેવું, પણ એનું કારણ પુણ્ય છે એ પણ ભેગું લેવું. પુણ્ય-પાપ અધિકારમાં એ લીધું છે. લીધું છે કર્મ, પછી 'અમૃતચંદ્રાચાર્યે' સ્પષ્ટીકરણ કર્યું કે શુભકર્મ, શુભનું કારણ પુણ્ય ભાવ એ બધું હેય છે. સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! ભગવાન! જ્યાં એકલી પર્યાયનો પણ આદર નથી ત્યાં વળી પુણ્યનો આદર ને પરના આદર (તો ક્યાંથી હોય)? આહાહા..! સમજાય છે કાંઈ?

'**ઔર ઉન્હીંકો...**' પુણ્ય ને પાપને મિથ્યાદૃષ્ટિ પોતાના જાણે છે. ત્યાં પુણ્ય-પાપ અધિકારમાં કર્મ પાઠ લીધો છે. વ્રત, નિયમ, તપસ્યા આદિ શુભકર્મ છે. એને અજ્ઞાની પોતાના માને છે. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ ભારે, ભાઈ! સાંભળવા મળે નહિ એ બિચારા ક્યાં જાય? અરે..રે..! સ્થિતિ પૂરી થશે, જિંદગી ચાલી જશે, ક્યાં ઉપજશે? આહાહા! અને પાંચ-પચાસ લાખના આસામી શેઠિયા હોય, આહાહા..! ધર્મ હોય નહિ,

પુણ્ય હોય નહિ, મરીને ઢોરમાં જાય. આહા..હા..! સમ્યગ્દર્શન આદિ ધર્મ ન હોય, પણ સાંભળવું, વાંચવું આદિ પુણ્ય પણ ન હોય. એનો વખત લીધો ન હોય. સમજાય છે કાંઈ? પઠન, પાઠન, સ્તુતિ, ભક્તિ આદિ પુણ્ય છે. એનો પણ વખત લીધો ન હોય. એકાદ વખત જઈને કરે, બધું થઈ ગયું. જાઓ! ધર્મ તો ક્યાં? એ મરીને ક્યાં જાશે? પા કલાક આવે ને બહેનો અહીં હાથમાં પુસ્તક લઈ એક લીટી વાંચી લે, થઈ ગયું. છ આવશ્યક કહ્યા છે ને? ષટ્ આવશ્યક શ્રાવકના. થોડું વાંચન કરી લે, એક લીટી વાંચી લે. અહીં ઘણા આવે છે. પુસ્તક ત્યાં પડ્યા હોય તો લઈને પા કલાક વાંચી લે. પાંચ મિનિટ વાંચે એટલે થઈ ગયું, જાઓ! અરે..! ભગવાન! આહાહા..! વીતરાગ માર્ગ બાપુ જે સત્ય છે તે સાંભળવા મળ્યો નહિ, એ ક્યારે અંતરમાં પ્રયોગ કરી સ્વસન્મુખ થાય? આહાહા..!

'**પુણ્ય, પાપાદિ સમસ્ત સંકલ્પ વિકલ્પરહિત...**' કહે છે કે એ પુણ્ય, પાપને કોણ પોતાના માનતા નથી? બહિરાત્મા મિથ્યાદષ્ટિ પોતાના માને છે. સમ્યગ્દષ્ટિ '**નિજ શુદ્ધાત્મદ્રવ્યમેં...**' નિજ શુદ્ધાત્મદ્રવ્ય, હોં! પાછા પર શુદ્ધાત્મા પણ નહિ. એ શબ્દ વાપર્યો છે. પર ભગવાન શુદ્ધ આત્મા છે, પણ એ નહિ. એ પર છે. પરમાં વંદન આદિ જશે તો એ વિકલ્પ છે. આહાહા..! એક એક શબ્દમાં કેટલી મહિમા છે! '**નિજ શુદ્ધાત્મદ્રવ્યમેં સમ્યક્ શ્રદ્ધાન...**' તેની શ્રદ્ધા, પ્રતીતિ આનંદના અનુભવમાં. આહાહા! એનું નામ સમ્યગ્દર્શન છે. સ્વસંવેદનજ્ઞાન. પોતાનો આત્મા જ્ઞાન, આનંદ સ્વરૂપ છે તેનું જ્ઞાન. સ્વને જ્ઞેય બનાવીને જ્ઞાન થયું તેનું નામ સમ્યગ્જ્ઞાન અને ચારિત્રસ્વરૂપમાં રમણતા. આનંદનો નાથ પ્રભુમાં રમણતા, ચરવું, ચરવું. જેમ પશુ ઘાસ ચરે છે ને? એમ આત્મા આનંદના ભોજન કરે છે, ચરે છે તેનું નામ ચારિત્ર છે. લોકોને બિચારાને આકરું લાગે બહારમાં. અરે..! ભાઈ! પણ સત્યની વાત છે, બાપા! આવો મનુષ્યદેહ મળ્યો, એના .. સંપ્રદાયમાં જન્મ થયો, એમાં જિનની વાણી મળે તો એનું કામ કરી લેવું જોઈએ. આવા અવસર ફરીને મળશે નહિ. સમજાણું કાંઈ? આહાહા!

'**અભેદરત્નત્રયસ્વરૂપ પરમસમાધિમેં તિષ્ઠતા...**' આહાહા! પુણ્ય-પાપનો ત્યાગ પણ ક્યારે કહેવાય? એમ કહે છે; કે અંતર અભેદ રત્નત્રયમાં ઠરતા '**સમ્યગ્દષ્ટિ જીવ શુદ્ધાત્માસે જુદે જાનતા હૈ.**' આહાહા! અંતર અતીન્દ્રિય નિર્વિકલ્પ આનંદમાં રહીને પુણ્ય-પાપને ભિન્ન જાણે છે. સમજાય છે કાંઈ? તેનું યથાર્થ ભિન્ન જાણવું તે યથાર્થ છે અને બહિરાત્મા પુણ્ય-પાપને પોતાના માને છે તે મિથ્યાદષ્ટિ છે. વિશેષ કહેશે.. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ !)

अथानन्तरं सामान्यभेदभावनामुख्यत्वेन 'अप्पा संजमु' इत्यादि प्रक्षेपकान् विहायैकत्रिंशत्सूत्रपर्यन्तमुपसंहाररूपा चूलिका कथ्यते। तद्यथा –

यदि पुण्यपापादिरूपः परमात्मा न भवति तर्हि कीदृशो भवतीति प्रश्ने प्रत्युत्तरमाह –

९३) अप्पा संजमु सीलु तउ अप्पा दंसणु णाणु।
अप्पा सासय-मोक्ख-पउ जाणंतउ अप्पाणु।।९३।।

आत्मा संयमः शीलं तपः आत्मा दर्शनं ज्ञानम्।
आत्मा शाश्वतमोक्षपदं जानन् आत्मानम्।।९३।।

अप्पा संजमु सीलु तउ अप्पा दंसणु णाणु अप्पा सासयमोक्खपउ आत्मा संयमो भवति शीलं भवति तपश्चरणं भवति आत्मा दर्शनं भवति शाश्वतमोक्षपदं च भवति। अथवा पाठान्तरं 'सासयसुक्खपहुं' शाश्वतमोक्षस्य पन्था मार्गः, अथवा 'सासयसुक्खपउ' शाश्वतसौख्यपदं स्वरूपं च भवति। किं कुर्वन् सन्। जाणंतउ अप्पाणु जानन्ननुभवन्। कम्। आत्मानमिति। तद्यथा। बहिरङ्गेन्द्रियसंयमप्राणसंयमबलेन साध्यसाधकभावेन निश्चयेन स्वशुद्धात्मनि संयमनात् स्थितिकरणात् संयमो भवति, बहिरङ्गसहकारिकारणभूतेन कामक्रोधविवर्जनलक्षणेन व्रतपरिरक्षणशीलेन निश्चयेनाभ्यन्तरे स्वशुद्धात्मद्रव्यनिर्मलानुभवनेन शीलं भवति। बहिरङ्गेन सहकारिकारण भूतानशनादिद्वादशविधतपश्चरणेन निश्चयनयेनाभ्यन्तरे समस्तपरद्रव्येच्छानिरोधेन परमात्मस्वभावे प्रतपनाद्विजयनात्तपश्चरणं भवति। स्वशुद्धात्मैवोपादेय इति रुचिकरणान्निश्चयसम्यक्त्वं भवति। वीतरागस्वसंवेदन-ज्ञानानुभवनान्निश्चयज्ञानं भवति। मिथ्यात्वरागादिसमस्तविकल्पजालत्यागेन परमात्मतत्त्वे परमसमरसीभावपरिणमनाच्च मोक्षमार्गो भवतीति। अत्र बहिरङ्गद्रव्येन्द्रियसंयमादि-प्रतिपालनादभ्यन्तरे शुद्धात्मानुभूतिरूपभावसंयमादिपरिणमनादुपादेयसुखसाधकत्वा-दात्मैवोपादेय इति तात्पर्यार्थः।।९३।।

---

ऐसे बहिरात्मा परमात्मारूप तीन प्रकारके आत्माका जिसमें कथन है, ऐसे पहले अधिकारमें मिथ्यादृष्टिकी भावनासे रहित जो सम्यग्दृष्टिकी भावना उसकी मुख्यतासे आठ दोहा सूत्र कहे। आगे भेदविज्ञानकी मुख्यतासे 'अप्पा संजमु' इत्यादि इकतीस दोहापर्यन्त क्षेपक-सूत्रोंको छोड़कर पहला अधिकार पूर्ण करते हुए व्याख्यान करते हैं, उसमें भी जो शिष्यने प्रश्न किया कि यदि पुण्य-पापादिरूप आत्मा नहीं है, तो कैसा है? ऐसे प्रश्नका श्रीगुरु समाधान करते हैं।

**गाथा – ९३**

अन्वयार्थ :– [ आत्मा ] निज गुण-पर्यायका धारक ज्ञानस्वरूप चिदानंद ही [ संयमः ]

संयम है, [ शीलं तपः ] शील है, तप है, [ आत्मा ] आत्मा [ दर्शनं ज्ञानम् ] दर्शनज्ञान है, और [ आत्मानम् जानन् ] अपनेको जानता अनुभवता हुआ [ आत्मा ] आत्मा [ शाश्वतमोक्षपदं ] अविनाशी सुखका स्थान मोक्षका मार्ग है। इस कथनको विशेषतर कहते हैं।

भावार्थ :– पाँच इन्द्रियाँ और मनका रोकना व छह कायके जीवोंकी दयास्वरूप ऐसे इन्द्रियसंयम तथा प्राणसंयम इन दोनोंके बलसे साध्य–साधक भावकर निश्चयसे अपने शुद्धात्मस्वरूपमें स्थिर होनेसे आत्माको संयम कहा गया है, बहिरंग सहकारी निश्चय शीलका कारणरूप जो काल क्रोधादिके त्यागरूप व्रतकी रक्षा वह व्यवहार शील है, और निश्चयनयकर अंतरंगमें अपने शुद्धात्मद्रव्यका निर्मल अनुभव वह शील कहा जाता है, सो शीलरूप आत्मा ही कहा गया है, बाह्य सहकारी कारणभूत जो अनशनादि बारह प्रकारका तप है, उससे तथा निश्चयकर अंतरंगमें सब परद्रव्यकी इच्छाके रोकनेसे परमात्मस्वभाव (निजस्वभाव) में प्रतापरूप तिष्ठ रहा है, इस कारण और समस्त विभावपरिणामोंके जीतनेसे आत्मा ही 'तपश्चरण है, और आत्मा ही निजस्वरूपकी रुचिरूप सम्यक्त्व है, वह सर्वथा उपादेयरूप है, इससे सम्यग्दर्शन आत्मा ही है, अन्य कोई नहीं है, वीतराग स्वसंवेदनज्ञानके अनुभवसे आत्मा ही है, अन्य कोई नहीं है, वीतरागसंवेदनज्ञानके अनुभवसे आत्मा ही निश्चयज्ञानरूप है, और मिथ्यात्व रागादि समस्त विकल्पजालको त्यागकर परमात्मतत्त्वमें परमसमरसीभावके परिणमनसे आत्मा ही मोक्षमार्ग है। तात्पर्य यह है, कि बहिरंग द्रव्येन्द्रिय–संयमादिके पालनेसे अंतरंगमें शुद्धात्माके अनुभवरूप भावसंयमादिकके परिणमनसे उपादेयसुख जो अतीन्द्रियसुख उसके साधकपनेसे आत्मा ही उपादेय है।।९३।।

---

એ પ્રમાણે ત્રણ પ્રકારના આત્માના પ્રતિપાદક મહાધિકારમાં મિથ્યાદષ્ટિની ભાવનાથી વિપરીત સમ્યગ્દષ્ટિની ભાવનાની મુખ્યતાથી આઠ ગાથાસૂત્રો સમાપ્ત થયાં.

ત્યાર પછી હવે સામાન્ય ભેદભાવનાની મુખ્યતાથી 'अप्पा संजमु' ઇત્યાદિ પ્રક્ષેપકોને છોડીને એકત્રીસ સૂત્રો સુધી (પહેલો અધિકાર પૂર્ણ કરતાં) ઉપસંહારરૂપે ચૂલિકા કહે છે. તે આ પ્રમાણે :

જો પુણ્ય પાપાદિરૂપ પરમાત્મા નથી તો તે કેવો છે ?

એવા પ્રશ્નના ઉત્તરરૂપે શ્રીગુરુ સમાધાન કરે છે :-

ભાવાર્થ :- સાધ્યસાધક ભાવ વડે બહિરંગ ઇન્દ્રિય સંયમ અને પ્રાણસંયમના બળથી નિશ્ચયે સ્વશુદ્ધાત્મામાં સંયમિત રહેવું-સ્થિતિ કરવી-તે સંયમ છે.

બહિરંગ સહકારીકારણભૂત કામક્રોધાદિના ત્યાગસ્વરૂપ વ્રતરક્ષણરૂપ શીલ વડે નિશ્ચયથી અભ્યંતરમાં સ્વશુદ્ધાત્મદ્રવ્યનો નિર્મળ અનુભવ કરવો તે શીલ છે.

બહિરંગ સહકારીકારણભૂત અનશનાદિ બાર પ્રકારના તપશ્ચરણ વડે નિશ્ચયનયથી

**અભ્યંતરમાં સમસ્ત પરદ્રવ્યની ઇચ્છાનો નિરોધ કરીને પરમાત્મસ્વભાવમાં પ્રતપવું-વિજયવંત વર્તવું, તે તપશ્ચરણ છે.**

**'સ્વશુદ્ધાત્મા' જ ઉપાદેય છે એવી રુચિ કરવી તે નિશ્ચયસમ્યક્ત્વ છે. વીતરાગસ્વસંવેદનરૂપ જ્ઞાનનું અનુભવન તે નિશ્ચયજ્ઞાન છે. મિથ્યાત્વ, રાગાદિ સમસ્ત વિકલ્પજાળનો ત્યાગ કરીને પરમાત્મતત્ત્વમાં પરમસમરસીભાવનું પરિણમન તે મોક્ષમાર્ગ છે.**

**અહીં, બહિરંગથી દ્રવ્યેન્દ્રિયના સંયમાદિના પ્રતિપાલનથી અભ્યંતરમાં શુદ્ધાત્માનુભૂતિરૂપ ભાવસંયમાદિરૂપે પરિણમન દ્વારા ઉપાદેય એવા સુખનો સાધક હોવાથી 'આત્મા' જ ઉપાદેય છે, એવો તાત્પર્યાર્થ છે. ૯૩.**

## વીર સંવત ૨૫૦૨, શ્રાવણ વદ ૧૩, સોમવાર
## તા. ૨૩-૦૮-૧૯૭૬, ગાથા-૯૩, પ્રવચન નં. ૭૦

'પરમાત્મપ્રકાશ'. ૯૩-ગાથા. એ ચાર-પાંચ લીટી તો અમથી છે. પાંચ-છ લીટી પછી. **'ઉસમેં ભી જો શિષ્યને પ્રશ્ન કિયા કિ યદિ પુણ્ય-પાપરૂપ આત્મા નહીં હો, તો કૈસા હૈ આત્મા?'** છે? ચાર-પાંચ લીટી પછી. પુણ્ય અને પાપ, શુભ-અશુભભાવ અને એનો બંધ જે પુણ્ય-પાપ રજકણ, એ આત્મા નથી. તો આત્મા છે કેવો? એમ શિષ્યનો પ્રશ્ન છે. **'યદિ પુણ્ય-પાપાદિરૂપ આત્મા નહીં હૈ, તો કૈસા હૈ? ઐસે પ્રશ્નકા શ્રીગુરુ સમાધાન કરતે હૈં.'** જેને આવી જિજ્ઞાસા છે તેની વાત કરે છે. અમથી વાત સાંભળવા આવ્યો એમ નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? જેને આ પુણ્ય ને પાપભાવ, શુભ-અશુભભાવ આત્મા નથી, તો આત્મા છે કેવો? એમ અંતરની જેને જિજ્ઞાસા છે એને આ ઉત્તર આપવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ?

**९३) अप्पा संजमु सीलु तउ अप्पा दंसणु णाणु।**
**अप्पा सासय-मोक्ख-पउ जाणंतउ अप्पाणु।।९३।।**

**અન્વયાર્થ :- 'નિજ ગુણ-પર્યાયકા ધારક જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ હી...'** ભગવાન જ્ઞાન અને આનંદસ્વરૂપ પ્રભુઆત્મા, એ ગુણ-પર્યાયનો ધરનાર જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ (છે.) સૂક્ષ્મ વાત છે, ભાઈ! જ્ઞાનસ્વભાવ જ્ઞાનાનંદ. એ **'સંયમ હૈ,...'** આહાહા..! એનું નામ સંયમ છે. ભગવાન ચિદાનંદ આત્મા, પોતાના અંતર આશ્રયથી નિર્વિકલ્પ વીતરાગી પરિણતિ પ્રગટ કરે છે એનું નામ સંયમ છે. આહા..! આ લોકો વ્રત ને સંયમ કરે છે ને? એ સંયમ નહિ. નિશ્ચય યથાર્થ સંયમ તો ભગવાનઆત્મા, પોતાનો સ્વભાવ જે શુદ્ધ ચૈતન્યઘનમાં લીન થઈને જે દશા ઉત્પન્ન થાય છે તેનું નામ સંયમ કહેવામાં આવે છે. લ્યો, આ સંયમની વ્યાખ્યા. એ સંયમ આત્મા છે, એમ કહે છે. પુણ્ય-પાપના ભાવથી રહિત પોતાનો આત્મા આનંદ શુદ્ધ

જ્ઞાનાનંદમાં લીનતા, રમણતા, પવિત્રતા જેવી સ્વ શક્તિ અને સ્વરૂપ છે, એવી પવિત્રતા વીતરાગની દશા પ્રગટ થવી, એનું નામ સંયમ છે. ટીકામાં પછી નિમિત્ત લેશે. પંચ મહાવ્રત આદિ વિકલ્પ છે એ સ્વરૂપનો સંયમ હોય, એને એ હોય તો નિમિત્ત કહેવાય છે. નિમિત્ત સાધક કહેવાય છે. નિમિત્તરૂપી સાધક. પછી ટીકામાં લેશે. સમજાય છે કાંઈ? અહીં તો પાઠમાં આ છે કે સીધો ભગવાનઆત્મા જ્ઞાનાનંદ સ્વભાવી પરમાત્મા પોતે-નિજ, એમાં આનંદમાં લીન થવું.. આહાહા..! અતીન્દ્રિય આનંદની વર્તમાન દશામાં, અતીન્દ્રિય આનંદનો ઘણો સ્વાદ આવવો, એ આત્મા અને એને સંયમ કહે છે. આહાહા..! છે?

'**શીલ હૈ,...**' એને શીલ કહે છે. આહાહા..! પોતાના ચિદાનંદ સ્વભાવમાં વીતરાગભાવથી રમવું, એ આત્માનો સ્વભાવ પ્રગટ થવો એ શીલ છે. આ બાહ્યના બ્રહ્મચર્ય આદિ શીલ, એ તો વ્યવહાર છે, વિકલ્પ છે. આહાહા..! '**તપ હૈ,...**' ખુલાસો પછી કરશું. આત્મા તપ છે. બાર પ્રકારના તપ તો વિકલ્પ છે. અંતરમાં આત્મા આનંદથી પ્રતપન કરી, જેમ સુવર્ણમાં ગેરુ લગાવીને ઓપીત અને શોભિત થાય છે, એમ ભગવાનઆત્મા અતીન્દ્રિય જ્ઞાન અને આનંદથી પર્યાયમાં ઉગ્રપણે શોભિત થાય છે એનું નામ તપ કહેવાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**આત્મા દર્શનજ્ઞાન હૈ,...**' આત્મા સમકિત છે. સમજાય છે કાંઈ? ભગવાન ચિદાનંદ પ્રભુ પૂર્ણ સ્વરૂપ, એનો અંતરમાં જ્ઞાનનો અનુભવ કરી, જ્ઞાનસ્વરૂપનો અનુભવ કરીને પ્રતીતિ થવી, એ સમ્યગ્દર્શન, એ આત્મા છે. સમજાય છે કાંઈ? આહાહા..! અને જ્ઞાન આત્મા છે. શાસ્ત્રનું જ્ઞાન આદિ, એ તો નિમિત્ત છે. આહાહા..! નિજ આનંદકંદનું જ્ઞાન, સહજાનંદ સ્વરૂપ પ્રભુઆત્મા, એનું જ્ઞાન, એ આત્માનું જ્ઞાન. એ આત્મા છે. આહાહા..! સમજાય છે કાંઈ? શાસ્ત્રનું જ્ઞાનાદિ તો નિમિત્ત (છે). જ્યારે અહીંયાં આત્મજ્ઞાન કરે ત્યારે તેને નિમિત્ત સાધક કહેવાય છે. આત્મજ્ઞાન અને આનંદ પ્રગટ ન કરે તો તો નિમિત્ત ને વ્યવહાર સાધક પણ કહેવાય નહિ. આહાહા..! આ વાત છે.

'પરમાત્મપ્રકાશ' છે ને! પરમાત્મા એટલે આત્મા. આત્મા શીલ અને તપ છે. આહા..! '**આત્મા અવિનાશી સુખકા સ્થાન મોક્ષકા માર્ગ હૈ.**' ભગવાનઆત્મા જ અવિનાશી સુખ મોક્ષ અથવા મોક્ષનો માર્ગ (છે). સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ભગવાન ચિદાનંદનું દળ, ધ્રુવ, એના આશ્રયે જે નિર્મળ દશા, વીતરાગી સ્વસંવેદન દશા પ્રગટ થાય, તેને અહીંયાં મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ગાથા બહુ ઊંચી છે. મૂળ છે, આ મૂળ, જૈનદર્શનનું મૂળ. '**ઈસ કથનકો વિશેષતર કહતે હૈં.**' એ તો શબ્દાર્થ કર્યો. હવે ટીકા.

**ભાવાર્થ :-** '**પાંચ ઈન્દ્રિયાં ઔર મનકા રોકના વ છહ કાયકે જીવોંકી દયાસ્વરૂપ ઐસે ઈન્દ્રિયસંયમ તથા પ્રાણસંયમ...**' એ તો વિકલ્પ છે, રાગ છે. સમજાય છે કાંઈ? એ વાસ્તવિક સંયમ નહિ. '**ઈન દોનોંકે બલસે સાધ્ય-સાધક...**' ઈન્દ્રિયદમન, છ કાયનો સંયમ, એને વ્યવહાર સાધક કહીને નિશ્ચય જ્ઞાનાનંદ સ્વભાવને સાધ્ય કહીને '**સાધ્ય-સાધક ભાવકર નિશ્ચયસે અપને શુદ્ધાત્મસ્વરૂપમેં સ્થિર હોનેસે આત્માકો સંયમ કહા ગયા હૈ,...**'

આહાહા..! પંચ મહાવ્રત આદિ વિકલ્પ છે એ નિમિત્ત છે અને તેને છોડીને પોતાના સ્વભાવમાં આનંદ, અતીન્દ્રિય આનંદનો ઉભરો આવવો, ઉભરો આવવો. ઉભરો સમજો છો? ઉફાન આવે છે એ તો પોલું છે. દૂધમાં જે ઉફાન આવે છે એ તો પોલું છે. એ કોઈ (સક્કડ નથી). પાંચ શેર દૂધ હોય અને ઉફાનમાં ફૂલે એટલે કાંઈ દસ શેર થઈ જાય? સમજાય છે કાંઈ? આ તો અંદર મજબૂત દઢ આનંદકંદમાંથી અતીન્દ્રિય આનંદની દઢતા પ્રગટ થાય, અતીન્દ્રિય આનંદની વજ્રદશા પ્રગટ થાય.. આહાહા..! એને સાધ્ય સંયમ કહેવાય છે. આરે..! આવી વાત બધી.

મુમુક્ષુ :- વ્યવહાર સાધન..

ઉત્તર :- વ્યવહાર સાધનનો તો આરોપ કર્યો છે. પહેલા કહ્યું ને? પોતાના નિશ્ચય સ્વભાવનું સાધન કર્યું તો એને વર્તમાન વ્રતાદિના વિકલ્પ છે તેને વ્યવહાર સાધકનો આરોપ કરીને સાધન કહ્યું છે. સાધક નથી તેને કહેવું, તેનું નામ વ્યવહાર. ઝીણી વાત છે. ઘણીવાર વાત થઈ ગઈ છે. સાધક બે પ્રકારના નથી. જેમ મોક્ષમાર્ગ બે પ્રકારના નથી. મોક્ષમાર્ગનું કથન-નિરૂપણ બે પ્રકારે છે. મોક્ષમાર્ગ તો એક નિશ્ચય જ છે. એમ સંયમ એક જ છે. પોતાના સ્વરૂપમાં વીતરાગી દશા પ્રગટ પર્યાયમાં શાંતિ, વીતરાગતા પ્રગટ કરવી એ જ સંયમ છે. પણ એ સંયમની સાથે રાગની જે મંદતા છે તેને વ્યવહાર સાધક, સાધકનો આરોપ કરીને વ્યવહાર સાધક કહેવામાં આવે છે. સાધક છે નહિ. છે તો બાધક. અરર..! એનું નામ વ્યવહાર છે, એનું નામ વ્યવહાર છે. કહ્યું ને? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં સાતમા અધ્યાયમાં 'ટોડરમલજી'એ બહુ લીધું છે.

કહે છે, ભગવાનઆત્મા રાગ વિકલ્પથી રહિત નિજ આત્મા શુદ્ધ ચૈતન્યની સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર દશા એ જ મોક્ષમાર્ગ છે. એ જ મોક્ષનો માર્ગ નામ કારણ છે. પણ સાથે રાગની મંદતા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના વિકલ્પ, શાસ્ત્રનો વિકલ્પને સહચર નિમિત્ત જોઈને ઉપચારથી વ્યવહાર કહેવામાં આવ્યું છે. એક અક્ષર ફરે તો ફરી જાય એવી વસ્તુ છે. એ.. શેઠ! શું કહ્યું? 'મોક્ષમાર્ગ પ્રકાશક' કોઈ દિ' વાંચ્યું છે? ક્યાં નવરાશ હતી? આહાહા..! ક્યાં જાવું છે? ભાઈ! ક્યાં તારે રહેવું છે? આહાહા..! એકલો આત્મા જાશે. પુણ્ય ને પાપના ભાવ કોઈ કર્યા હશે, એના તો રજકણ બંધાણા, રજકણ, અત્યારે ભાવ તો નથી. આહાહા..! શુભઅશુભ ભાવ થઈ ગયા એના પુણ્ય-પાપ રજકણ બંધાઈ ગયા. એમાં આત્માને શું? એ રજકણ તો સંયોગમાં નિમિત્ત છે. સ્વભાવમાં નિમિત્ત થાય એવી એ ચીજ નથી. સમજાય છે કાંઈ?

અહીંયાં ચિદાનંદ ભગવાનનો સંયમ આત્માના આશ્રયે (પ્રગટ થયો), જેમાં અતીન્દ્રિય આનંદનો ઉગ્ર સ્વાદ હો, એનું નામ સંયમ છે. ઈ સંયમ સાથે પંચ મહાવ્રતના વિકલ્પ આદિ છે તો રાગ, પણ એને સહચર નિમિત્ત જોઈને વ્યવહાર સાધક કહેવામાં આવ્યું છે. આવી વાત છે. પાઠમાં તો એકલી આત્માની વાત છે, પણ ટીકાકારે બે વાત કાઢી છે. સમજાય છે કાંઈ? છે તો પોતાનો સાધક આનંદકંદ પ્રભુ, સ્વભાવ જે છે એ જ સ્વભાવરૂપ પરિણમન થઈને આનંદ અંદર આવે છે, એ જ સંયમ અને યથાર્થ સત્ય છે. પણ સાથે એવી દશાવાનને

પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ સાથે સહચર નિમિત્ત જોઈને વ્યવહાર સાધકનો આરોપ આપ્યો છે. આવી વાત છે. આમાં કંઈ પણ ફેરફાર થઈ જાય તો વિરોધ થઈ જાય. કહો, 'નવરંગભાઈ'! ઈ કહ્યું છે. '**દોનોંકે બલસે...**' ઈ તો વ્યવહારનું કથન છે. સમજાય છે કાંઈ? છે ને?

'**इन्द्रियसंयमप्राणसंयमबलेन**' સંસ્કૃતમાં શબ્દ છે. એટલે નિમિત્ત છે. એનો આશ્રય છોડીને જે સ્વભાવની સ્થિરતા થઈ છે એ સાચો સંયમ છે. આહાહા..! સમજાય છે કાંઈ? નિમિત્તના બળથી કહેવામાં આવ્યું છે એ નિમિત્તથી થયું એમ કહેવામાં આવ્યું એ વ્યવહારનયનું કથન છે. સમજાય છે કાંઈ? વ્યવહારનય જ એ છે. ભેદ ને વિકલ્પ એ બધો વ્યવહાર છે. સાધક નથી પણ સાધકનું કથન બે પ્રકારનું કહ્યું. પહેલા કહ્યું ને? મોક્ષમાર્ગ બે નથી, પણ બે પ્રકારે કથન છે. મોક્ષમાર્ગ એક જ છે. એમ સ્વરૂપનું સાધન આનંદનું સાધન અંદર જે રાગથી ભિન્ન કરે છે એ સાધક તત્ત્વ તો એક જ છે. પણ સાથે પૂર્ણતા વીતરાગ નથી તેથી રાગની મંદતાની હાજરી સહચર જોવામાં આવે છે તો નિમિત્ત જોઈને સાધકનો ઉપચાર કર્યો. સાધક છે નહિ. આવી વાત છે. અરે..! ભગવાન પૂર્ણાનંદનો નાથ નિર્વિકલ્પ આનંદકંદ પ્રભુ, એના સ્વભાવમાંથી સ્વભાવ પ્રગટે નહિ, એને કોઈ આત્મા કહેતા નથી. એ સંયમ નહિ. આગળ કહેશે.

હવે બીજું, શીલ.. શીલ. શીલની વ્યાખ્યા. '**બહિરંગ સહકારી...**' (નિમિત્ત) સાથે. જુઓ! સહકારી આવ્યું. '**બહિરંગ સહકારી નિશ્ચય શીલકા કારણરૂપ...**' વ્યવહાર કારણ '**કામ ક્રોધાદિકે ત્યાગરૂપ...**' કામ ક્રોધાદિના ત્યાગરૂપ '**વ્રતકી રક્ષા વહ વ્યવહાર શીલ હૈ,...**' વિકલ્પ છે. સમજાય છે કાંઈ? આહાહા..! પંચ મહાવ્રતના વિકલ્પ, પાંચ સમિતિ, ગુપ્તિના વ્યવહાર વિકલ્પને વ્યવહાર સંયમ કહેવામાં આવે છે. નિમિત્ત જોઈને, સહચર જોઈને વ્યવહાર કહેવામાં આવ્યું છે.

'**ઔર નિશ્ચયનયકર તો...**' આહાહા..! સાચી રીતે તો '**અંતરંગમેં અપને શુદ્ધાત્મદ્રવ્યકા નિર્મલ અનુભવ યહ શીલ કહા જાતા હૈ,...**' આહાહા..! ભગવાન આનંદસ્વરૂપનો અનુભવ એ શીલ છે. શીલ-પોતાના આનંદનો અનુભવ એ શીલ છે. આહાહા..! સમજાય છે કાંઈ? સત્ય દૃષ્ટિથી જોઈએ તો અંતરંગમાં, અંતરંગ, પેલા બહિરંગ હતા, સમજાય છે કાંઈ? પહેલા હતું ને? બહિરંગ હતું. નિમિત્ત સહકારી. પંચ મહાવ્રતના વિકલ્પ. આ અંતરંગ. પેલું બહિરંગ, આ અંતરંગ. એ બહિરંગ સાધન, અંતરંગ સાધ્ય. એ વ્યવહાર નિશ્ચયનું કથન છે. સાધ્ય એ નિશ્ચય છે અને વ્યવહાર સાધન એ વ્યવહાર છે. વ્યવહારનો આરોપ કરીને સાધન કહેવામાં આવ્યું છે.

'**શુદ્ધાત્મદ્રવ્યકા નિર્મલ અનુભવ...**' અતીન્દ્રિય આનંદની દશા વૃદ્ધિને પ્રાપ્ત થાય, અતીન્દ્રિય આનંદ વૃદ્ધિને પ્રાપ્ત થાય એ નિશ્ચય શીલ, આત્મશીલ, આત્મબ્રહ્મ, બ્રહ્માનંદ, બ્રહ્મમાં-બ્રહ્મ નામ આત્માના આનંદમાં લીનતા, એ નિશ્ચય શીલ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'સો શીલરૂપ આત્મા હી કહા ગયા હૈ,...'** એ શીલ જ આત્મા છે. એની નિર્મળ આનંદ દશાને આત્મા કહે છે અને વિકલ્પ ઉઠે છે એને આત્મા નથી કહેતા, એને અનાત્મા કહે છે. પણ વ્યવહારથી સાથે જોઈને એને સાધક કહેવામાં આવ્યું છે. આહાહા..! આવો માર્ગ છે. અહીંયાં તો એક જ વાત લીધી. ભગવાનઆત્મા.. પુણ્ય-પાપથી રહિત અને અલ્પજ્ઞતાથી પણ રહિત પૂર્ણ સર્વજ્ઞ આનંદાદિનો સ્વભાવ, વર્તમાન જ્ઞાનમાં પકડીને એની પ્રતીતિ અને શુદ્ધતા સ્વરૂપની એકાગ્રતા એનું નામ અહીંયાં શીલ કહેવામાં આવે છે. એ નિશ્ચયશીલ. એ શીલ છે. વ્યવહારશીલ તો નિમિત્તનો આરોપ કરીને સહકારી કહેવામાં આવે છે. આહાહા..!

હવે તપ કોને કહીએ? **'બાહ્ય સહકારી કારણભૂત જો અનશનાદિ બારહ પ્રકારકા તપ હૈ,...'** જુઓ! અહીં તો અનશન, ઉણોદરી, રસપરિત્યાગ, એ તો ઠીક પણ પ્રાયશ્ચિત અને ધ્યાન સમજાય છે કાંઈ? એ પણ એક વિકલ્પ છે. આહાહા..! અપવાસ કરું,.. ત્યાગ કરું, આઠ અપવાસ કરું, એ તો વિકલ્પ છે, રાગ છે. સમજાય છે કાંઈ? એ તપસ્યા નહિ. અંતરની તપસ્યામાં નિમિત્તરૂપ જોઈને બાહ્ય સાધન કહેવામાં આવ્યું છે. આહાહા..! ભારે માર્ગ ભાઈ વીતરાગનો. અહીં તો એક અપવાસ કરે, ન મળે ભાન, સમ્યગ્દર્શન, નહિ જ્ઞાન કે આનંદ, બસ, અપવાસ કરો એ નિર્જરા, વ્રત પાળે એ સંવર. વ્રત એ સંવર અને તપ એ નિર્જરા, થઈ રહ્યું, જાઓ! આહાહા..!

મુમુક્ષુ :- ઊલટી ગંગા..

ઉત્તર :- ઊલટી ગંગા. આહાહા..!

**'બાહ્ય સહકારી કારણભૂત જો અનશનાદિ...'** અનશન કરવો, ઉણોદરી કરવી, રસપરિત્યાગ કરવો, દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય કરવો એ બધો વ્યવહાર વિકલ્પ છે. એ અનશનાદિ બાર પ્રકારના તપ લીધા છે ને? એમાં તો અભ્યંતર તપ પણ લઈ લીધા. એ પણ વિકલ્પ છે. પ્રાયશ્ચિત લેવું, વિનય કરવો, વૈયાવચ્ચ કરવી, સજ્ઝાય, ધ્યાન એ બધા વિકલ્પ છે. આહાહા..! શાસ્ત્રનો સ્વાધ્યાય પણ વિકલ્પ છે, રાગ છે. સમજાય છે કાંઈ? **'અનશનાદિ બારહ પ્રકારકા તપ હૈ, ઉસસે તથા નિશ્ચયકર અંતરંગમેં સબ પરદ્રવ્યકી ઈચ્છાકે રોકનેસે...'** આહાહા..! બાર પ્રકારના તપમાં તો ઈચ્છા હતી. આ તો ઈચ્છાનિરોધ થઈ અતીન્દ્રિય શાંતિ, અતીન્દ્રિય અકષાયભાવ ઉછાળા મારે છે, તેનું નામ તપ કહે છે. આહાહા..! કહો, 'પોપટભાઈ'! અપવાસ-બપવાસ કર્યા છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો માન્યું હતું ને ભાઈએ. આહાહા..!

પરમાત્મા જિનેન્દ્રદેવ ત્રિલોકનાથના શાસનમાં તો ભગવાનઆત્મા અંદરમાં.. આહાહા..! પરદ્રવ્યની બધી ઈચ્છા રોકવાથી, અંદર આનંદની દશા, શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ... અકષાયસ્વભાવની ધારા વહે, તેનું નામ ભગવાન તપ કહે છે. આહાહા..! કોઈ દિ' સાંભળ્યું પણ ન હોય, એમ ને એમ આંધળી દોડે વાડામાં પડ્યા, બહારની પ્રવૃત્તિમાં ધર્મ

(માન્યો), એમાં જિંદગી હારી જવાના. અરેરે..! આવા મનુષ્યપણામાં.. સમજાય છે કાંઈ? પરમાત્મા એમ કહે છે, પરમાત્મપ્રકાશ છે ને. તારો સ્વભાવ જ પરમાત્મસ્વરૂપ છે. એના આશ્રયે, એના અવલંબને જે ઇચ્છાનિરોધની અમૃતની ધારા વહે, શાંત અકષાય સ્વભાવની શાંતધારા વહે, તેને ભગવાન તપ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! છે?

'**પરમાત્મસ્વભાવ** આહાહા..! **(નિજસ્વભાવ)...**' નિજસ્વભાવ-જ્ઞાન, આનંદ, શાંતિ, વીતરાગતા. આહાહા..! '**(નિજસ્વભાવ) में प्रतापरूप तिष्ठ रहा है...**' પ્રતાપરૂપ. અંદર પોતાનો પ્રતાપ ફોરવે છે. આનંદના નાથને જાગૃત કરીને શાંતિ અને આનંદનો પ્રતાપ અંદરથી ફોરવે છે તેનું નામ ભગવાન તપ કહે છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? છે કે નહિ સામે? હેં! ઘરના ચોપડા જોવે છે તો આ તો જોવે કે આમાં શું છે. આ છે, બાપા! આહા..! અરેરે..! ક્યાં ચાલ્યો જશે? બાપુ! અને કોઈ શુભ-અશુભભાવ કર્યા હશે એના તો રજકણ પરમાણુ બંધાઈ ગયા હશે. હવે એ રજકણ કંઈ આત્માને શરણ છે? એ રજકણ તો સંયોગ આપશે. સ્વભાવ આપશે? આહાહા..!

અહીં તો પરમાત્મા પુણ્ય અને પાપના વિકલ્પથી રહિત, પરમાત્મસ્વરૂપ નિજસ્વભાવ શુદ્ધ ધ્રુવ દળના અવલંબનથી જે વીતરાગી દશા પ્રગટ થાય, પોતાનો પ્રતાપ પ્રગટ થાય... આહાહા..! રાગના પ્રતાપની હાનિ થાય (તે તપ છે). આહાહા..! છે? '**(નિજસ્વભાવ) में प्रतापरूप...**' પ્રતાપરૂપ અંદર '**तिष्ठ रहा है...**' વીર્યના જોરે સ્વરૂપમાં ઠરે છે. આનંદમાં ઠરી જાય છે, લીન (થઈ જાય છે) તેનું નામ તપ છે. અરે..! આ વ્યાખ્યા. અહીં તો અપવાસ કર્યા તો થઈ ગયો તપ. આહાહા..! આઠ દિ'ના અપવાસ ચોવિહારા કરે તો ઓહોહો..! ભાઈ! ભારે કરી. એમાં પોર ચડાવી દે તો વળી બહુ થઈ જાય. પોર એટલે? ત્રણ કલાક બીજા આઠમના અપવાસને પારણે. અઠ્ઠમના પારણે પોર ચડાવે તો પચીસ અપવાસનું ફળ (મળે). ધૂળેય નથી. બધી લાંઘણું છે. એ લાંઘણ છે.

મુમુક્ષુ :- તપ કરવાવાળાનો તો વરઘોડો કાઢવો જોઈએ.

ઉત્તર :- તપ છે ક્યાં? વરઘોડા કાઢે. તમારા જેવા શેઠિયા ત્યાં ઓહો..! ભારે અપવાસ કર્યા, એમ કરીને વખાણ કરે, લ્યો. વળી કાંઈક બક્ષીસ દેવા જાય. મોટા સારા અપવાસ કર્યા હોય, મહિના, દોઢ મહિનાના. આહાહા..!

મુમુક્ષુ :- આનંદનું ઝરવું નથી ત્યાં સુધી શું કરે?

ઉત્તર :- કરે, એ તો અનાદિનું અજ્ઞાન કરે. એ તો અજ્ઞાનીનું અનાદિનું (અજ્ઞાન) છે. એ કોઈ વસ્તુ નથી, ધર્મ નથી. એ તો અજ્ઞાન કરે છે. આ તો નિશ્ચય (ધર્મ) કરવો છે એની વાત છે ને. સત્ય તપ કોને કહે છે? સત્યની સ્પષ્ટતા એ છે કે ભગવાન આનંદનો નાથ અતીન્દ્રિય આનંદના ઝરણા અંતરમાંથી ઝરે અને શાંતિ.. શાંતિ.. શાંતિ... શાંતિ... શાંતિનો સ્વાદ આવે. આહાહા..! એનું નામ તપ છે. હજી માન્યતામાં ઠેકાણા ન મળે. આ કરશું તો કાંઈક થાશે. એ તો કરો છો. એ તો પુણ્યબંધ ને રાગ છે. એમાં થાશે શું? ધૂળ થાશે. આહાહા..! શ્રદ્ધાની ખબર ન મળે, મૂળ ચીજની ખબર ન મળે. જુઓને!

'**પરમાત્મસ્વભાવ (નિજસ્વભાવ)મેં પ્રતાપરૂપ**...' રાગમાં જેમ વીર્ય ફોરવતો હતો એ તો નપુંસક વીર્ય છે. સમજાય છે કાંઈ? વ્રત, તપ આદિના વિકલ્પમાં જે વીર્ય છે એ તો નપુંસક વીર્ય છે. આહાહા..! પોતાના આનંદમાં વીર્ય ફોરવે તે પુરુષાર્થ અને પુરુષનું વીર્ય છે. એ પ્રતાપવંત શોભે છે. આહા..! એમાં કહ્યું ને? પ્રભુત્વગુણમાં. અખંડ પ્રતાપથી સ્વયં શોભાયમાન એવી પ્રભુત્વ નામની એક શક્તિ આત્મામાં છે. પ્રભુત્વ નામનો એક ગુણ છે. જેમ જ્ઞાનગુણ છે, આનંદગુણ છે, શાંતિ છે. એ પ્રભુત્વગુણનું સ્વરૂપ શું? કે જેનો પ્રતાપ અખંડ છે. જેનો ખંડ ન પડે એવી અખંડ દશા પ્રગટ થાય, એવો અંતરમાં પ્રભુત્વગુણ છે. અખંડ પ્રતાપથી સ્વતંત્ર શોભાયમાન. પોતાની આનંદની દશાથી શોભાયમાન. એનું નામ ભગવાન પ્રભુત્વગુણનું કાર્ય અને તપ કહે છે. ભાઈ! માર્ગ આવો છે, ભાઈ! એને સમજ્યો નથી અને માની બેસે કે અમે કાંઈક કરીએ છીએ. કાંઈક તો કરે છે, અનાદિનું કરે છે. એમાં નવું શું છે? આહાહા..! જેણે આત્મા આનંદસ્વરૂપની દૃષ્ટિ કરી નહિ, જેને અંદર આત્માના ભેટા થયા નહિ, એને વ્યવહાર-બ્યવહાર બધું સંસાર ખાતે છે. અહીં તો ધર્મની વાત ચાલે છે. સમજાય છે કાંઈ? એ હો તો એ તો અનાદિથી છે. સમજાય છે કાંઈ?

'**ઈસ કારણ...**' છે? '**સમસ્ત વિભાવપરિણામોંકે જીતનેસે...**' છે ને અંદર? સંસ્કૃતમાં છે. છે ને? '**प्रतपनाद्विजयनात्त**' સંસ્કૃતમાં બે શબ્દ પડ્યા છે. એની વ્યાખ્યા અહીં જુદી કરી. પ્રતાપની કરી અને વિજયની કરી. આહાહા..! સંસ્કૃતમાં છે. '**समस्तपरद्रव्येच्छानिरोधेन परमात्मस्वभावे प्रतपनाद्विजयनात्तपश्चरणं भवति**' આને તપશ્ચરણ કહેવાય છે. આહાહા..! અરે..! વીતરાગમાર્ગની ખબર ન મળે અને રાગના માર્ગમાં ધર્મ માને એ તો વીતરાગમાર્ગ નહિ, એ જૈનમાર્ગ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- બહારમાં બધા એને સાધન કહે છે.

ઉત્તર :- ઈ સાધન ક્યારે? ઈ નિશ્ચય હોય એને વ્યવહાર સાધન કહ્યું. સમજાય છે કાંઈ? નિશ્ચય સમ્યગ્દર્શન થયું એને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા હોય એને વ્યવહાર (સાધન કહેવાય છે). છે તો રાગ. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ તો રાગ છે. એ સમ્યગ્દર્શનની પર્યાય નથી. પણ અહીંયાં નિશ્ચય સમ્યક્ આત્માની પ્રતીતિ અનુભવમાં થઈ તો સાથે રાગને સહચર નિમિત્ત જોઈને વ્યવહાર સમકિત કહ્યું. ઈ સમકિત નથી, ઈ તો રાગ છે. એમ એ સાધક નથી, એ તો રાગ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભારે ભઈ. પહેલા તો હજી સત્યને સમજવાના ઠેકાણા ન મળે. આહાહા..! છે?

'**સમસ્ત વિભાવપરિણામોંકો જીતનેસે...**' જુઓ! આ જિન. પુણ્ય-પાપના વિકલ્પમાત્રને જીતવાથી અંતરમાં જિન વીતરાગી થાય છે, એને તપસ્યા કહે છે. આહાહા..! ટીકા પણ કરી છે ને! એ '**આત્મા હી તપશ્ચરણ છે,...**' આત્માની નિર્મળ વીતરાગદશા થઈ તો એ આત્માની દશા એ જ આત્મા છે. રાગ ને પુણ્યના વિકલ્પ એ આત્માની દશા નહિ, એ આત્મા નહિ. આહાહા..! આ વ્યવહાર સાધક કહ્યું એ પણ આત્મા નહિ. આરે.. આરે..! આહાહા..! છતાં નિશ્ચયના સાધકપણામાં આવા વ્યવહાર વિકલ્પને જોઈને, સહચર સાથે

જોઈને નિમિત્તનો આરોપ કરી સહચર સાધક કહ્યું. આહાહા..! આ ન સમજે તો પછી ગોટા વાળે તો શું થાય? અહીં તો આચાર્યના મૂળ પાઠમાં તો એકલો આત્મા જ લેવો છે. મૂળ પાઠમાં સાધક ને એ કાંઈ છે નહિ. ટીકાકારે સ્પષ્ટ કર્યું છે થોડું. કે આવું હોય તો એને અંદર આવો વિકલ્પ હોય છે. નિર્વિકલ્પ આનંદ અને શાંતિ પ્રગટ થઈ તેને પૂર્ણ વીતરાગતા નથી અને આવો વિકલ્પ રાગ હોય છે. એને વ્યવહારથી સાધક આરોપ કરીને કહ્યું. છે તો બાધક. આહાહા..! ભારે વાતું, ભાઈ! સમજાય છે કાંઈ? શું કહ્યું? 'દશરથલાલજી'! તમે માસ્તર છો? માસ્તર? આહાહા..! આવી વાત છે.

જેમાં ભગવાન આનંદનો કંદ ચિદાનંદ પ્રભુ પ્રગટ ન થાય એ ચીજને આત્મા કહેતા નથી. એને ધર્મ કહેતા નથી. આહાહા..! પહેલા જ્ઞાનમાં આમ નિર્ણય તો કરે કે આ માર્ગ આવો છે. આવા નિર્ણયના પણ ઠેકાણા નથી. એ વ્યવહાર નિર્ણય, હોં! સાચો નિર્ણય તો અનુભવ થાય ત્યારે થાય છે. આહાહા..! પણ વિકલ્પથી નિર્ણયમાં તો આવી વાત નક્કી કરે કે રાગ રહિત, વિકલ્પ રહિત આનંદની દશા પ્રગટ થાય એ તપ છે. આહાહા..! આ લાંઘણું કરી ને અપવાસ કર્યા, મહિના ને બે મહિનાના અપવાસ કર્યા તો નિર્જરા થઈ ગઈ. ધૂળેય નિર્જરા નથી. કંકોત્રી આવી હતી એમાં એ લખ્યું હતું. 'પાલીતાણા' બે સાધુ છે, 'ગોંડલ' સંઘાડાના. 'ગોંડલ'ના બે સાધુ છે ને? એ અપવાસ કરતા હશે. એને શ્રદ્ધાનો ફેરફાર છે. એને એમાં પણ કાંઈ ઠેકાણું નથી, ફેરવી નાખ્યું. ત્યાં ચોમાસુ કરીને અહીં આવ્યા હશે. ૨૩ કે એવા કાંઈક અપવાસ કર્યા. માથે કંકોત્રી હતી. ભવ સંચેણ કોડિ કમ્મ તપસ્યા નિર્જરેહિ. કરોડો ભવના સંચેલા કર્મ તપસ્યાથી (નિર્જરા કરી). આ તપસ્યા એની. અહીં 'પાલીતાણા' રહ્યા હતા. સ્થાનકવાસી સાધુ છે, 'ગોંડલ' સંઘાડાના છે. 'દેવરાજજી' હતા એના શિષ્ય છે. અંદર માથે લખ્યું હતું, દેવરાજજી, કાનજીસ્વામી એનામાં થઈ ગયા છે, એ બધા અમારા ગુરુ હતા. ગુરુભ્યો નમઃ. કેવા હતા ઈ ખબર છે. આહાહા..! અરે..! લોકો બિચારા આંધળે આંધળા.. જિંદગી ચાલી જાય. વીતરાગ માર્ગની ગંધ પણ ન આવે. આહાહા..! એને જન્મ-મરણના આરા કે દિ' આવે? આહાહા..!

અહીં કહે છે, '**આત્મા હી તપશ્ચરણ હૈ,...**' આહાહા..! હવે (કહે છે), '**આતમા હી નિજસ્વરૂપ કી રુચિરૂપ સમ્યક્ત્વ હૈ,...**' અંદર 'નિશ્ચય' શબ્દ જોઈએ. નિશ્ચય શબ્દ રહી ગયો છે. સમજાય છે કાંઈ? શું? '**આત્મા હી નિજસ્વરૂપકી રુચિ...**' ઈ 'છ ઢાળા'માં આવે છે ને? 'પરદ્રવ્ય સે ભિન્ન આત્મરુચિ સમકિત ભલા હૈ'. એ નિશ્ચય સમકિતની વાત છે. પહેલાના પંડિતોએ તો બહુ લખ્યું છે પણ વર્તમાન એના અર્થ કરનારા (ગોટા વાળે છે). સમજાય છે કાંઈ? આ જુઓ! અહીં નિશ્ચય સમકિત કહ્યું. કોને? '**આત્મા હી નિજસ્વરૂપ...**' સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘનની રુચિ. આહાહા..! એની રુચિરૂપ નિશ્ચય સમકિત છે. એ નિશ્ચય શબ્દ રહી ગયો છે. છે એમાં? ટીકા વાંચીએ છીએ એમાં છે એમ નથી કીધું? એમાં જોઈએ. સંસ્કૃતમાં છે. પહેલી લીટી છે, જુઓ! '**रुचिकरणातिश्चयसम्यक्त्वं भवति**' સંસ્કૃતમાં ઉપર છે. સમજાય છે કાંઈ? આહાહા..! જુઓ! કોઈ કહે કે આત્મરુચિ એ તો

વ્યવહાર સમકિત છે. નિર્વિકલ્પ વીતરાગ થાય ત્યારે નિશ્ચય (કહેવાય). અરે..! ભગવાન! કંઈક ગોટા વાળે અત્યારે.

આચાર્ય તો કહે છે, આત્મા વસ્તુ શુદ્ધ ચિદ્સ્વરૂપ પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા, કર્તા, કર્મ, કરણ આદિ ગુણથી પરિપૂર્ણ પ્રભુઆત્મા ભર્યો છે. આહાહા..! ષટ્કારકના ષટ્ ગુણ અંદરમાં છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવું પરિપૂર્ણ આત્મદળ સ્વભાવ, એની સન્મુખ થઈને વિકલ્પથી વિમુખ થઈને, વ્યવહારથી વિમુખ થઈને, સ્વભાવની સન્મુખ થઈને જે રુચિ થાય તે નિશ્ચય સમકિત છે. લ્યો! એ નિશ્ચય સમકિત. આહાહા..! એ ચોથે ગુણસ્થાને નિશ્ચય સમકિત હોય છે. કોઈ કહે કે, નિશ્ચય સમકિત સાતમે અને આઠમે હોય, આ વ્યવહાર સમકિત છે. વાત ખોટી છે. સમજાય છે કાંઈ? આહાહા..! લખ્યું છે, ત્યાં સુધાર્યું છે. નિશ્ચય છે ને?

'**યહ સર્વથા ઉપાદેયરૂપ હૈ...**' આહાહા..! વિકલ્પ વિનાની વીતરાગ શક્તિ-સ્વભાવ ભગવાનની વીતરાગી રુચિ એ નિશ્ચય સમ્યગ્દર્શન, એ સર્વથા ઉપાદેય છે. જુઓ! વીતરાગ.. એ તો પછી. ઉપરથી નાખ્યું. ટીકામાં એ શબ્દ નથી.

મુમુક્ષુ :- શુદ્ધાત્મા ઉપાદેય છે..

ઉત્તર :- ઈ પછી, ઈ પછી. હા, '**स्वशुद्धात्मैवोपादेय इति**' '**रुचिकरणाति**' એમ નાખ્યું છે. પહેલું આમ નાખી દીધું. '**સર્વથા ઉપાદેયરૂપ હૈ,...**' એમણે પછી નાખ્યું. અહીં તો સર્વથા ઉપાદેય ઈતિ. સર્વથા શબ્દ નથી એટલી વાત કરી. સમજાય છે કાંઈ? મારે તો પેલું સર્વથા જોવું હતું. આહા..!

મુમુક્ષુ :- એવ શબ્દ છે.

ઉત્તર :- એવ એટલે નિશ્ચય, એવ એટલે નિશ્ચય. શુદ્ધાત્મા એવ, શુદ્ધાત્મા જ. એમ અર્થ થાય. એવનો અર્થ જ-નિશ્ચય. સર્વથા શબ્દ છે કે નહિ (એ જોવું હતું). પેલા કથંચિત્ કહે ને. આહા..!

શુદ્ધ આત્મા પરમાત્મા આનંદકંદ દળ, 'સિદ્ધ સમાન સદા પદ મેરો'. આહાહા..! એવું સિદ્ધ સ્વરૂપ પોતાનું પદ, એની સ્વસન્મુખ થઈને અંતર રુચિ, નિર્વિકલ્પ દૃષ્ટિ કરવી એનું નામ નિશ્ચય સમકિત છે, તે ઉપાદેય છે. એમ કહેતાં વ્યવહાર સમકિતનો વિકલ્પ ઉપાદેય નથી, એમ કહેવું છે. વિકલ્પ સાથે હો, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા હોય તો એને વ્યવહાર સમકિત કહેવામાં આવે છે. પણ એ વ્યવહાર સમકિત ઉપાદેય નથી. એ લખ્યું છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં લખ્યું છે. બેયને ઉપાદેય માને છે એ મૂઢ છે. બેયને મોક્ષમાર્ગ માને તે મૂઢ છે. એમાં આવ્યું છે-નિશ્ચયાભાસ અને વ્યવહારાભાસમાં છે ને. એ અધિકાર તો પહેલા અમને વાંચતા એટલું થયું... ઓહો..! (સંવત) ૧૯૮૪ની સાલ. લખી લીધો. અમે પુસ્તક નહોતા રાખતા. ભાર-બોજો કોણ રાખે. નહિતર લોકો તો બિચારા આપતા. તો એ અધિકાર લખી લીધો હતો. (સંવત) ૧૯૮૪. ૪૮ વર્ષ થયા. પડ્યું છે પુસ્તક, લખેલો કાગળ છે. અમારે 'જીવરાજજી' હતા ને એણે લખ્યું હતું. અહીં 'બગસરા', 'બગસરા' છે ને? ત્યાં એક

દેરાવાસી 'કલ્યાણજીભાઈ' હતા. એ 'શ્રીમદ્'ના માનનારા. ત્યાં એની પાસે હતું. 'મોક્ષમાર્ગ પ્રકાશક' ત્યાં હતું તો એની પાસે લઈ લીધું. 'બગસરા.. બગસરા'. ઘણા વર્ષ થઈ ગયા. આહાહા..! (સંવત) ૧૯૮૪. સોળ વર્ષ એ અને આ ૩૨, ૪૮ (વર્ષ થયા). એ અધિકાર બહુ સારો. ઓહોહો..! અંતરમાં એને ભાન થઈ જાય. સમજાય છે કાંઈ? પરનું વ્યવહારનું અભિમાન ઊડી જાય. આ વ્યવહાર કરીએ છીએ ને આ વ્યવહાર કરીએ છીએ. એનાથી સાધક થશે. ધૂળેય નથી. અનંતવાર કર્યું. આહાહા..!

આત્મદર્શન વિના, સમ્યગ્દર્શન વિના આવો વ્યવહાર અનંતવાર કર્યો. એને પરંપરા મુક્તિનું કારણ માનનારા મિથ્યાદૃષ્ટિ છે, એમ કહે છે. 'કુંદકુંદાચાર્ય'ની બાર ભાવના છે. ગ્રંથ છે, બાર અનુપ્રેક્ષાનો ગ્રંથ છે. એમાં ઈ લખ્યું છે, એ આસ્રવ નિંદ્ય છે, પરંપરા અનર્થનું કારણ છે. અને એક 'અધ્યાત્મ પંચ સંગ્રહ' 'દીપચંદજી'નું કરેલું છે. એમાં પણ લખ્યું છે. અજ્ઞાની એમ માને છે કે અમે આ દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ કરીએ એ પરંપરા મોક્ષનું કારણ છે. મૂઢ છે. સમજાય છે કાંઈ? એ પુસ્તક 'દીપચંદજી' કૃત છે. 'અધ્યાત્મ પંચ સંગ્રહ'. (એમાં) 'પરમાત્મ પુરાણ', 'જ્ઞાનદર્પણ' 'ઉપદેશ રત્નમાલા' એવા પાંચ અધિકાર છે. આખું પુસ્તક છે. વાંચતી વખતે ત્યાં ચિહ્ન કર્યું હશે, દર વખતે કાંઈ વંચાય નહિ એટલે.

અહીંયા કહે છે, **'અન્ય કોઈ નહીં હૈ,...'** એમ કહીને શું કહ્યું? અહીંયાં વ્યવહાર સમકિતની વ્યાખ્યા ન કરી, ભાઈ! શીલ અને સંયમમાં વ્યવહાર નાખ્યો. આમાં ન નાખ્યો. એકલો નિશ્ચય. આત્મા પૂર્ણાનંદ પ્રભુ, શુદ્ધ સ્વભાવની સન્મુખ થઈને, વિકલ્પથી વિમુખ થઈ, નિમિત્તથી વિમુખ થઈ, આનંદના નાથની સન્મુખ થઈ અનુભવમાં જે સમ્યગ્દર્શન થાય છે, એ જ સમ્યગ્દર્શન સાચું અને એ જ ઉપાદેય છે. સમજાય છે કાંઈ? આહાહા..! છે? **'ઈસસે સમ્યગ્દર્શન આત્મા હી હૈ,...'** છે? એ સમ્યગ્દર્શન આત્મા છે, રાગ નહિ. વ્યવહાર રાગ એ સમ્યગ્દર્શન નહિ, એ આત્મા નહિ. આહાહા..! ભારે વાતું આકરી. કથન વ્યવહારના શાસ્ત્રમાં આવે એને પકડે. વ્યવહારનું કથન છે એ હેય છે. છતાં નિમિત્ત જોઈને એને સાધકનો આરોપ આપ્યો. આહાહા..! બહુ ગડબડ. જેને હજી શ્રદ્ધાની ખબર ન મળે.

પહેલી ચીજ જ સમ્યગ્દર્શન કઈ રીતે પ્રાપ્ત થાય? એ તો ત્રિકાળી આનંદના નાથનો આશ્રય લેતાં સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે. કેમકે સમ્યક્ સ્વરૂપ જે પૂર્ણ છે, એના આશ્રયે સમ્યક્-સત્ય દર્શન પ્રગટ થાય છે. એ નિશ્ચય સમકિત છે, આહા..! તે જ ઉપાદેય છે, એ આત્મા છે. છે? અન્ય કોઈ નહિ. વ્યવહાર નહિ, અહીંયા એમ કહે છે. વ્યવહાર નાખ્યો તો નહિ, પણ નથી એમ કહ્યું. આહાહા..! વ્યવહાર સમકિત દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ નહિ, એ આદરણીય નથી. એ હેય તરીકે આવે છે. આહાહા..! ભારે કઠણ. શાસ્ત્રના અર્થ કરવામાં જ મોટી આખી ભૂલ છે. વ્યવહાર સાધન છે, વ્યવહારનું સાધન કરો. કોને? જેને અંદર નિશ્ચય સાધન પ્રગટ થયું છે તેને વ્યવહાર સાધનનો આરોપ કરીને સાધન કહ્યું. છે તો બાધક. આહાહા..! ત્યાં 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પણ કહ્યું નથી? કે સમ્યગ્દર્શન, જ્ઞાનની સાથે સહચર જોઈને, નિમિત્ત જોઈને આરોપથી મોક્ષમાર્ગ કહ્યું છે. છે તો બંધનું કારણ. વ્યવહાર સમકિત આદિ છે તો બંધનું કારણ. પણ પોતાના સ્વભાવનો નિશ્ચય જોઈને સાથે સહચર

જોઈને વ્યવહાર આરોપ કરીને સમ્યગ્દર્શન કહ્યું.

'ટોડરમલજી'એ એટલું સ્પષ્ટ કર્યું છે. આચાર્યકલ્પ નામ છે. સમજાય છે કાંઈ? કોઈ આચાર્યકલ્પ એમ લગાવતા હતા. બોલશો નહિ. 'મુંબઈ'. હા... આચાર્યકલ્પ કાનજીસ્વામી. બોલશો નહિ આચાર્યકલ્પ. આહાહા..! એ ત્યાં ચાલ્યું હતું. 'મુંબઈ'માં જયંતિ થઈ ને તે દિ'. 'ટોડરમલ'ની જુદી વાત છે. એ વખતે નહોતું ને એને એકદમ (ટોડરમલજીએ આ વાત પ્રકાશી.) સમજાય છે કાંઈ? 'ટોડરમલ'નું 'મોક્ષમાર્ગ પ્રકાશક'.. ઓહોહો..! ગંભીર.. ગંભીર.. ગંભીર. સામાન્ય વાતને સ્પષ્ટ કરીને ચોખવટ કરીને ખુલ્લું મૂકી દીધું છે. આચાર્યને આ કહેવું છે.

મુમુક્ષુ :- આપે પણ આચાર્યનું ખુલ્લું કર્યું.

ઉત્તર :- એ પછી પણ આ તો...

અહીંયાં કહે છે, આહાહા..! '**અન્ય કોઈ નહીં હૈ,...**' લ્યો, એ સમકિતની વાત થઈ. હવે જ્ઞાન. જ્ઞાન-સાચું જ્ઞાન-સમ્યગ્જ્ઞાન કોને કહીએ? '**વીતરાગ સ્વસંવેદનજ્ઞાનકે અનુભવસે આત્મા હી હૈ,...**' આહાહા..! સમજાય છે કાંઈ? '**વીતરાગ સ્વસંવેદનજ્ઞાનકે અનુભવસે આત્મા હી નિશ્ચયજ્ઞાનરૂપ હૈ,...**' છે? વીતરાગપણે સ્વસંવેદનજ્ઞાન અંદર પ્રગટ થાય તેને જ્ઞાન કહેવાય છે. આહાહા..! આ શાસ્ત્રના ભણતર ને પઠન એ જ્ઞાન નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? જેમાં જ્ઞાન ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપનું જ્ઞાન થાય, આત્મજ્ઞાન એમ કહ્યું ને? આત્મજ્ઞાન. રાગનું જ્ઞાન, શાસ્ત્રનું જ્ઞાન નહિ. અને એમાં પણ આત્મજ્ઞાન કહ્યું. એનો અર્થ પર્યાયનું જ્ઞાન પણ નહિ. આત્મજ્ઞાન કહ્યું. આહાહા..! અરેરે..! આવી સત્ય વાત પણ કાને ન પડે એ પ્રયોગ કે દિ' કરે? એ ક્યાં જાય? આહા..! અરેરે..! ચોર્યાશીના અવતારમાં દુઃખી, દુઃખી, દુઃખી (છે). રાગની એકતામાં જેલમાં પડ્યો છે એ. આત્મા જેલમાં પડ્યો છે. આહાહા..! જેલ હોય છે ને? જેલ કહે છે ને? રાગ અને પુણ્યના વિકલ્પની એકતા એ મોટી જેલ છે. આહાહા..!

મુમુક્ષુ :- મીઠું ઝેર છે.

ઉત્તર :- હા, મીઠું ઝેર છે. આ માકડને મારવાનું ઝેર નથી આવતું? માકડ.. માકડ. ઝેરી દવા આવે છે. અને આ તો આત્માને મારી નાખવાની ઝેરી દવા છે. મારી નાખવાનો અર્થ-ચૈતન્યસ્વભાવ પૂર્ણાનંદનો આદર નહિ કરીને, તેનો અનાદર કરીને જે જેમાં નથી એવા રાગનો આદર કરવો એ આત્માના સ્વભાવનો અનાદર છે, એ મૃત્યુ છે. આહાહા..! અર્થાત્ એ હું નહિ, આ હું નહિ, આ રાગ તે હું. આહાહા..! મહાપ્રભુ ચૈતન્યના જીવનને ધક્કો મારી દીધો. આહાહા..! જીવતરશક્તિ આવે છે ને? ૪૭ શક્તિ છે એમાં પહેલી જીવતરશક્તિ છે. દર્શન, જ્ઞાન, આનંદ અને સત્તા એવા ચૈતન્યના પ્રાણ, એ પ્રાણથી ભગવાન અનાદિથી જીવે છે. આહાહા..! જીવતરશક્તિ છે ૪૭માં. બધા ઉપર વ્યાખ્યાન થઈ ગયા છે, બહાર આવી ગયા છે. 'સમયસાર'માં ૪૭ શક્તિઓનું વર્ણન છે, એમાં પહેલી જીવતરશક્તિ છે. જીવતરનો અર્થ જીવ જીવન છે ને? 'સમયસાર'ની શરૂઆતમાં બીજી ગાથા (લીધી), '**જીવો**

**चरित्तदंसणणाणठिदो**' તો ત્યાંથી '**जीवो**'માંથી જીવતરશક્તિ પહેલી કાઢી. ન્યાંથી શરૂ કર્યું. હમણાં બીજા એકે કોપી કરી છે. 'દેવચંદજી' થઈ ગયા છે ને શ્વેતાંબરમાં? એનામાં શક્તિ-બક્તિ ક્યાંય છે નહિ વાત. શ્વેતાંબરમાં ઈ વાત જ ક્યાં છે. એટલે પછી હમણાં થોડી સાત, આઠ, દસ શક્તિ આવી છે. પણ એમાં જીવતરને પહેલી ન નાખી, બીજી નાખી, આડીઅવળી કરીને. એમ કે આટલી શક્તિ ભંડારમાંથી હાથ આવી છે. 'દેવચંદજી'ની લખેલી. 'દેવચંદજી'ની શક્તિ હતી કે દિ' એમાં? શક્તિઓનું વર્ણન તો દિગંબર સંતોમાં છે. આહાહા..! કેમકે શક્તિવાન એવા દ્રવ્યની દૃષ્ટિવાનની એ શક્તિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? છાપામાં હમણાં આવ્યું છે. આટલી શક્તિ (મળી છે). ક્યાં શક્તિ? જીવતર, ચિતિ, દૃશિ ત્યાંથી નહિ, અદ્ધરથી લીધી છે. જ્ઞાન ને દર્શન ને એમ કાંઈક લીધું છે.

અહીં તો જીવતરશક્તિથી ઉપાડીને સિદ્ધાંત (કહ્યો છે). '**जीवो**' જીવતર-જીવન જેનું. જીવના જીવન. જેના જ્ઞાન, દર્શન, આનંદ ને સત્તાના-જેના જીવન છે. આહાહા..! એનું ટકવું એનું જીવન એનાથી છે. સમજાય છે કાંઈ? આ યથાર્થ વર્ણન છે. શક્તિના વર્ણનની શૈલીમાં પણ યથાર્થતા કેવી છે અને અયથાર્થ કોણ કહે છે, એમાં પોકળ લખે છે. આહા..! ભગવાનઆત્મા આ પ્રાણથી તો જીવતો નથી, દસ અશુદ્ધ ભાવપ્રાણથી પણ જીવતો નથી. શુદ્ધ ચૈતન્ય આનંદ, જ્ઞાન, સત્તાના ભાવપ્રાણથી અનાદિથી આત્મા જીવે છે. આહા..! એને અહીંયાં જીવ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? અધ્યાત્મની શૈલી જુદી છે, બાપુ! આહાહા..!

'**વીતરાગ સ્વસંવેદનજ્ઞાનકે અનુભવસે...**' આહાહા..! શાસ્ત્રનું જ્ઞાન એ પણ વિકલ્પવાળું છે. આહાહા...! બાર અંગનું જ્ઞાન પણ વિકલ્પવાળું છે. એમ નથી કહ્યું કળશમાં? કળશમાં છે. એમાં પણ અનુભૂતિ કરવાનું વિધાન છે. કળશટીકામાં છે. આહાહા..! અહીંયાં તો આત્મજ્ઞાન તે કેવું? વીતરાગી સ્વસંવેદનજ્ઞાન. આહાહા..! એ ચોથે ગુણસ્થાને (પ્રગટ થાય છે). વીતરાગ સ્વરૂપ ભગવાનઆત્માનું વીતરાગી સ્વસંવેદન. સ્વ નામ પોતાથી, સં નામ પ્રત્યક્ષ. આત્માનું જ્ઞાન કરવું એ સ્વસંવેદજ્ઞાન એ નિશ્ચય જ્ઞાન છે, એ સાચું જ્ઞાન છે. આહાહા..! બાકી બાહ્યના જ્ઞાનના અભિમાન કરવા એ મિથ્યા ભ્રાંતિ છે. આહાહા..! બાહ્યનો ક્ષયોપશમ એ બાહ્યનો ક્ષયોપશમ, એ અંતરનો નહિ. અને અંતરનો ક્ષયોપશમ તે કોને આશ્રયે? પૂર્ણ જ્ઞાનપિંડ પ્રભુના આશ્રયે. આહાહા..! જે જ્ઞાનમાં ભગવાન સમીપ વર્તે છે, જે જ્ઞાનમાં ભગવાનઆત્મા સમીપ વર્તે તેને જ્ઞાન કહે છે. જે જ્ઞાનમાં આત્મા દૂર વર્તે છે.. આહાહા..! તેને જ્ઞાન કહેતા નથી. આહાહા..! પ્રભુ.. પ્રભુ.. પ્રભુ! 'અમરચંદભાઈ'! આવી વાતું છે. ભાઈ! અરેરે..! વીતરાગમાર્ગ પરમાર્થ સત્યમાર્ગ સાંભળવા મળે નહિ, ભગવાન! અમે શું કરીએ? પહેલા આ માન્યતા તો કર કે માર્ગ આ છે, બીજો કોઈ છે નહિ. આહા..! સમજાય છે કાંઈ?

'નિયમસાર'માં કહ્યું છે કે ભાઈ! તારી શક્તિ ન હોય તો શ્રદ્ધામાં તો યથાર્થ રાખજે. આહાહા..! શ્રદ્ધા બરાબર યથાર્થ રાખજે. અનુભવની શ્રદ્ધા એ જ વસ્તુ છે. આહાહા..! 'નિયમસાર'માં 'કુંદકુંદાચાર્યે' કહ્યું કે આ મુનિપણું છે. એવી ચારિત્ર દશા પાળી ન શકે તો

શ્રદ્ધામાં ગોટા વાળીશ નહિ કે આ કાળે અત્યારે આમ હોય નહિ, અત્યારે આમ હોય નહિ. શ્રદ્ધા બરાબર રાખજે. સમજાય છે કાંઈ? 'નિયમસાર'માં એમ છે. મૂળ ગાથા છે, હોં! આહા..!

અહીં કહે છે, '**વીતરાગસ્વસંવેદનજ્ઞાનકે અનુભવસે આત્મા હી નિશ્ચયજ્ઞાનરૂપ હૈ,...**' આહાહા..! હવે પછી મોક્ષમાર્ગ શું છે, એ કહેશે.. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, શ્રાવણ વદ ૧૪, મંગળવાર
## તા. ૨૪-૦૮-૧૯૭૬, ગાથા-૯૩, ૯૪ પ્રવચન નં. ૭૧

'પરમાત્મપ્રકાશ', ૯૩ ગાથા. છેલ્લો બોલ છે. ત્યાં સુધી આવ્યું છે, જુઓ! '**વીતરાગસ્વસંવેદનજ્ઞાનકે અનુભવસે આત્મા હી નિશ્ચયજ્ઞાનરૂપ હૈ,...**' ત્યાં સુધી આવ્યું છે. શેઠ! છે? બતાવો શેઠને. '**વીતરાગસ્વસંવેદનજ્ઞાનકે અનુભવસે આત્મા હી નિશ્ચયજ્ઞાનરૂપ હૈ,...**' શાસ્ત્રજ્ઞાન એ તો વ્યવહારે કહેવામાં આવે છે. આત્મા વીતરાગસ્વરૂપ (છે), તેનું સંવેદન થવું, વીતરાગ સ્વરૂપનું અંદર સંવેદન થવું, તેનું નામ નિશ્ચય સમ્યગ્જ્ઞાન છે. આહાહા..! ત્યાં સુધી તો કાલે આવ્યું છે.

હવે અહીંયાં (કહે છે), '**મિથ્યાત્વ...**' વિપરીત માન્યતા અને રાગ-દ્વેષાદિ '**સમસ્ત વિકલ્પજાલકો ત્યાગકર પરમાત્મતત્ત્વમેં...**' પોતાનું જે શુદ્ધ પરમાત્મતત્ત્વ છે, શુદ્ધ ત્રિકાળી પરમાત્મતત્ત્વ, એમાં સમ '**પરમસમરસીભાવકે પરિણમનસે...**' પરમ સમતાભાવથી વીતરાગી પરિણમનથી '**આત્મા હી મોક્ષમાર્ગ હૈ.**' વીતરાગ નિર્વિકલ્પ સ્વરૂપ ભગવાન, એવું જે પરમાત્મતત્ત્વ, બધા વિકલ્પ છોડીને, વ્યવહારના વિકલ્પને પણ છોડીને પરમસમરસીભાવ એકલો વીતરાગ શાંત (ભાવમાં પરિણમન થવું). એમાં આવ્યું ને? 'રાગ આગ દાહ દહે સદા, તાતે સમામૃત સેઈએ' શુભરાગ છે એ પણ આગ છે. આહા..! દાહ છે. 'રાગ આગ દાહ દહે સદા, તાતે સમામૃત સેઈએ' સમામૃત આ. સમ-પરમસમરસીભાવ. વિકલ્પના ત્યાગથી પરમ વીતરાગ પરિણતિ અંતરમાં થવી, તેનું નામ મોક્ષમાર્ગ છે. તેનું નામ નિશ્ચય મોક્ષમાર્ગ છે. તેનું નામ સાચો મોક્ષમાર્ગ છે. સમજાય છે કાંઈ? વ્યવહાર એ અસત્યાર્થ મોક્ષમાર્ગ છે. નિમિત્ત જોઈને કહ્યું પણ છે અસત્યાર્થ. વ્યવહાર મોક્ષમાર્ગ છે નહિ. (મોક્ષમાર્ગ) આ એક જ છે.

'**તાત્પર્ય યહ હૈ, કિ બહિરંગ દ્રવ્યેન્દ્રિય-સંયમાદિકે પાલનેસે...**' એ નિમિત્ત '**અંતરંગમેં શુદ્ધાત્માકે અનુભવરૂપ...**' આત્માના અંતર આનંદના અનુભવરૂપ '**ભાવસંયમાદિકકે પરિણમનસે...**' અકષાય ભાવરૂપ પરિણમનથી '**ઉપાદેયસુખ...**' તેમાં જે આનંદ આવે છે, જે '**અતીન્દ્રિય સુખ ઉસકે સાધકપનેસે આત્મા હી ઉપાદેય હૈ.**' અતીન્દ્રિય સુખનું સાધન આત્મા છે. આહાહા..! વ્યવહાર એ અતીન્દ્રિય સુખનું સાધન નથી. આવી વાત છે. સમજાય છે કાંઈ? '**આત્મા હી ઉપાદેય હૈ.**' એ ૯૩ થઈ.

अथ स्वशुद्धात्मसंवित्तिं विहाय निश्चयनयेनान्यदर्शनज्ञानचारित्रं नास्तीत्यभिप्रायं मनसि संप्रधार्य सूत्रं कथयति –

९४) अण्णु जि दंसणु अत्थि ण वि अण्णु जि अत्थि ण णाणु।
अण्णु जि चरणु ण अत्थि जिय मेल्लिवि अप्पा जाणु।।९४।।
अन्यद् एव दर्शनं अस्ति नापि अन्यदेव अस्ति न ज्ञानं।
अन्यद् एव चरणं न अस्ति जीव मुक्त्वा आत्मानं जानीहि।।९४।।

अण्णु जि दंसणु अत्थि ण वि अण्णु जि अत्थि ण णाणु अण्णु जि चरणु ण अत्थि जिय अन्यदेव दर्शनं नास्ति अन्यदेव ज्ञानं नास्ति अन्यदेव चरणं नास्ति हे जीव। किं कृत्वा। मेल्लिवि अप्पा जाणु मुक्त्वा। कम्। आत्मानं जानीहीति। तथाहि यद्यपि षड्द्रव्यपञ्चास्तिकायसप्ततत्त्व–नवपदार्थाः साध्यसाधकभावेन निश्चयसम्यक्त्वहेतुत्वाद्व्यवहारेण सम्यक्त्वं भवति, तथापि निश्चयेन वीतरागपरमानन्दैकस्वभावः शुद्धात्मोपादेय इति रुचिरूपपरिणामपरिणतशुद्धात्मैव निश्चयसम्यक्त्वं भवति। यद्यपि निश्चयस्वसंवेदनज्ञानसाधकत्वातु व्यवहारेण शास्त्रज्ञानं भवति। तथापि निश्चयनयेन वीतरागस्वसंवेदन ज्ञान परिणतः शुद्धात्मैव निश्चयज्ञानं भवति। यद्यपि निश्चयचारित्रसाधकत्वान्मूलोत्तरगुणा व्यवहारेण चारित्रं भवति, तथापि शुद्धात्मानुभूतिरूपवीतरागचारित्रपरिणतः स्वशुद्धात्मैव निश्चयनयेन चारित्रं भवतीति। [१]अत्रोक्तलक्षणेऽभेदरत्नत्रयपरिणतः परमात्मैवोपादेय इति भावार्थः।।९४।।

---

आगे निज शुद्धात्मस्वरूपको छोड़कर निश्चयनयसे दूसरा कोई दर्शन ज्ञान चारित्र नहीं है, इस अभिप्रायको मनमें रखकर गाथा–सूत्र कहते हैं –

**गाथा – ९४**

अन्वयार्थ :– [ जीव ] हे जीव [ आत्मानं ] आत्माको [ मुक्तवा ] छोड़कर [ अन्यदपि ] दूसरा कोई भी [ दर्शनं ] दर्शन [ न एव ] नहीं है, [ अन्यदपि ] अन्य कोई [ ज्ञानं न अस्ति ] ज्ञान नहीं है, [ अन्यद् एव चरणं नास्ति ] अन्य कोई चरित्र नहीं है, ऐसा [ जानीहि ] तू जान, अर्थात् आत्मा ही दर्शन ज्ञान चारित्र है, ऐसा संदेह रहित जानो।

भावार्थ :– यद्यपि छह द्रव्य, पाँच अस्तिकाय, सात तत्त्व, नौ पदार्थका श्रद्धान कार्य – कारणभावसे निश्चयसम्यक्त्वका कारण होनेसे व्यवहारसम्यक्त्व कहा जाता है, अर्थात् व्यवहार साधक है, निश्चय साध्य है, तो भी निश्चयनयकर एक वीतराग परमानंदस्वभाववाला शुद्धात्मा ही उपादेय है, ऐसा रुचिरूप परिणामसे परिणत हुआ शुद्धात्मा ही निश्चयसम्यक्त्व है, यद्यपि निश्चयस्वसंवेदनज्ञानका साधक होनेसे व्यवहारनयकर शास्त्रका ज्ञान भी ज्ञान है, तो भी निश्चयनयकर वीतरागस्वसंवेदनज्ञानरूप परिणत हुआ शुद्धात्मा ही निश्चयज्ञान है। यद्यपि निश्चयचारित्रके साधक होनेसे अट्ठाईस मूलगुण, चौरासी लाख उत्तरगुण, व्यवहारनयकर

**चारित्र कहे जाते हैं, तो भी शुद्धात्मानुभूतिरूप वीतराग–चारित्रको परिणत हुआ निज शुद्धात्मा ही निश्चयनयकर चारित्र है। तात्पर्य यह है कि अभेदरूप परिणत हुआ परमात्मा ही ध्यान करने योग्य है।।९४।।**

**હવે, સ્વશુદ્ધાત્માની સંવિત્તિ સિવાય નિશ્ચયનયથી અન્ય કોઈ દર્શન, જ્ઞાન, ચારિત્ર નથી એવો અભિપ્રાય મનમાં રાખીને સૂત્ર કહે છે :**

**ભાવાર્થ :- જો કે છ દ્રવ્ય, પાંચ અસ્તિકાય, સાત તત્ત્વ, અને નવ પદાર્થ સાધ્યસાધકભાવ વડે નિશ્ચયસમ્યક્ત્વના હેતુ હોવાથી વ્યવહારનયથી સમ્યક્ત્વ છે, તોપણ નિશ્ચયનયથી વીતરાગ પરમાનંદ જેનો એક સ્વભાવ છે એવો શુદ્ધ આત્મા ઉપાદેય છે, એવી રુચિરૂપ પરિણામે પરિણમેલો શુદ્ધ આત્મા જ નિશ્ચયસમ્યક્ત્વ છે; જો કે શાસ્ત્રજ્ઞાન નિશ્ચયસ્વસંવેદનજ્ઞાનનું સાધક હોવાથી વ્યવહારથી જ્ઞાન છે, તોપણ નિશ્ચયનયથી વીતરાગસ્વસંવેદનજ્ઞાનરૂપે પરિણમેલો શુદ્ધ આત્મા જ નિશ્ચયજ્ઞાન છે; જો કે વ્યવહારનયથી મૂળ–ઉત્તર ગુણો (અઠ્ઠાવીસ મૂળ ગુણો, ચોરાસીલાખ ઉત્તર ગુણો) નિશ્ચયચારિત્રના સાધક હોવાથી ચારિત્ર છે તોપણ નિશ્ચયનયથી શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગચારિત્રરૂપે પરિણમેલો સ્વશુદ્ધાત્મા જ ચારિત્ર છે.**

અહીં, ઉક્ત લક્ષણવાળો અભેદરત્નત્રયરૂપે પરિણમેલો પરમાત્મા જ ઉપાદેય છે, એવો ભાવાર્થ છે. ૯૪.

## ગાથા-૯૪ ઉપર પ્રવચન

**'આગે નિજ શુદ્ધાત્મસ્વરૂપકો છોડકર નિશ્ચયનયસે દૂસરા કોઈ દર્શન જ્ઞાન ચારિત્ર નહીં હૈ,...'** આહાહા..! વ્યવહાર કહ્યો પણ એ દર્શન, જ્ઞાન, ચારિત્ર નથી. સમજાય છે કાંઈ? પોતાનો ભગવાનઆત્મા આનંદદળ ચૈતન્ય જ્ઞાયકભાવ ધ્રુવના અવલંબનથી જે વીતરાગી પર્યાય-પરિણતિ થાય છે એ જ એક મોક્ષમાર્ગ છે, અન્ય કોઈ મોક્ષમાર્ગ નથી. અહીં એમ કહ્યું કે અન્ય કોઈ દર્શન, જ્ઞાન, ચારિત્ર નહીં હૈ. સમજાય છે કાંઈ? ૯૪.

**९४) अण्णु जि दंसणु अत्थि ण वि अण्णु जि अत्थि ण णाणु।**
**अण्णु जि चरणु ण अत्थि जिय मेल्लिवि अप्पा जाणु।।९४।।**

**અન્વયાર્થ :-** 'હે જીવ...' જીવ અને આત્મા બે શબ્દ લીધા છે. આત્મા કહો કે જીવ કહો. **'હે જીવ આત્માકો છોડકર દૂસરા કોઈ ભી (સમ્યક)દર્શન નહીં હૈ,...'** આ ત્રિકાળની વાત નથી. વર્તમાન નિશ્ચય સમ્યગ્દર્શનનું પરિણમન એ આત્મા સિવાય હોય નહિ અને એ આત્મા છે, એમ કહેવામાં આવે છે. રાગાદિ ભાવ છે એ આત્મા નહિ, અનાત્મા છે. આગળ સાધન-સાધ્યમાં વ્યવહાર કહેશે. વ્યવહારથી સાધન કહેશે. અસત્યાર્થનયથી સાધન કહેશે.

આહાહા..! પણ એ તો બંધનું કારણ છે. સમજાય છે કાંઈ? આ આત્માને છોડીને દર્શન કોઈ બીજી વસ્તુ નથી. આહાહા..! ભગવાન(આત્મા) જ્ઞાયકપિંડ પ્રભુ, ચૈતન્યના નૂરના તેજનું પુર... આહાહા..! તેનો આશ્રય કરીને, તેના આશ્રયે જે સમ્યગ્દર્શન થાય છે તે આત્મા છે. આત્માથી ભિન્ન એ કોઈ વસ્તુ નથી. કહો, સમજાય છે કાંઈ? નિશ્ચયની વાત ભારે ઝીણી છે, ભાઈ! વ્યવહારની વાત આવે ત્યાં રાજી થઈ જાય. વ્યવહારને અહીં કહેશે. સાધ્ય તરીકે સાધક વ્યવહારને કહે છે, પણ એ તો ઉપચારનયથી વ્યવહારનયથી કહ્યું છે. એ યથાર્થ એ સાધક નથી. આહાહા..! એ પણ કહેશે.

'**હે જીવ આત્માકો છોડકર દૂસરા કોઈ ભી (સમ્યક)દર્શન નહીં હૈ,...**' આહાહા..! વ્યવહાર ને વિકલ્પને સમ્યગ્દર્શન કહ્યું, એ સમ્યગ્દર્શન નહિ. ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એની દૃષ્ટિનું પરિણમન થાય તે આત્મા છે. આત્માને છોડીને સમ્યગ્દર્શન કોઈ બીજી વસ્તુ નથી. અર્થાત્ વ્યવહાર રાગમાં સમ્યગ્દર્શન નથી, એમ કહે છે. જે વ્યવહારથી સમ્યગ્દર્શન કહેવાય છે, એ આત્માને છોડીને જે સમ્યગ્દર્શન છે, તે નહિ. એમ કહે છે. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો વિકલ્પ.. આવશે, કહેશે, નવ તત્ત્વ, છ દ્રવ્યની શ્રદ્ધા નિમિત્ત હોવાથી વ્યવહારથી સાધક કહ્યું પણ એ અસત્ય છે. કેમકે એમાં આત્મા ન આવ્યો. એ તો રાગ આવ્યો. આહાહા..! '**આત્માકો છોડકર દૂસરા કોઈ ભી દર્શન નહીં હૈ,...**' છે? ભાષા શું છે? '**अन्यदपि**' બીજો કોઈપણ. એમ. આહાહા..!

વસ્તુ નિર્વિકલ્પ આનંદપ્રભુની અનુભવમાં પ્રતીતિ થવી એ આત્માની શુદ્ધ પરિણતિ છે. તો એ આત્માને છોડીને સમ્યગ્દર્શન બીજી કોઈ વસ્તુ છે જ નહિ. આહાહા..! આ ઝઘડા બધા. '**न एव**' '**નહીં હૈ,...**' સમ્યગ્દર્શન ભગવાન પૂર્ણાનંદ '**भूदत्थमस्सिदो**' ભૂતાર્થ ત્રિકાળ ભગવાનના આશ્રયે સમ્યગ્દર્શન થાય તે આત્મા છે અને પરને આશ્રયે દેવ-ગુરુ-શાસ્ત્ર આદિની શ્રદ્ધા થાય એ આત્મા નહિ, એ તો અનાત્મા છે. તેને વ્યવહાર કહીને શ્રદ્ધા છોડાવી છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**અન્ય કોઈ જ્ઞાન નહીં હૈ,...**' ભગવાનઆત્માનો અનુભવ સ્વસંવેદનજ્ઞાન સિવાય કોઈ આત્મજ્ઞાન નથી. આહાહા..! શાસ્ત્રજ્ઞાનને જ્ઞાન કહ્યું એ ઉપચારથી સહચર જોઈને વર્તમાન વ્યવહાર કહ્યો. અને અનુભવ થયો તેની પહેલા શાસ્ત્રજ્ઞાનનો વિકલ્પ હતો તેને સાધક કહ્યું એ નૈગમનયથી કહ્યું. વર્તમાન શાસ્ત્રજ્ઞાન છે, ત્રિકાળી આત્માના આશ્રયે જ્ઞાન થયું તે જ્ઞાન છે અને શાસ્ત્રજ્ઞાન છે તે વ્યવહારજ્ઞાન છે. સહચર જોઈને નિમિત્તમાં આરોપ આપીને વ્યવહારજ્ઞાન કહ્યું. એ હેય છે. આહાહા..! અરે..! ભાઈ! ભારે વાતું, બાપા! સમજાય છે કાંઈ? છે? આ 'પરમાત્મપ્રકાશ' પડ્યા છે. આ વખતે તો ૭૫૦ શાસ્ત્ર ખપી ગયા. હવે છે? નહિ હોય. ઠીક કર્યું, આ વાંચનમાં ચાલતું હતું એમાં..

પરમાત્મા.. પરમાત્મા.. પરમાત્મા પોતે પરમાત્મા. જેનું સ્વરૂપ પરમાત્મા દ્રવ્યસ્વભાવ, પરમ આત્મા પરમસ્વરૂપ, આનંદઘન ચિદ્દ્ઘન એકલો જ્ઞાનરસ, જ્ઞાનભાવ, જ્ઞાનસ્વભાવ પૂર્ણ, એના આશ્રયે તેનું વેદન થાય તે સમ્યગ્જ્ઞાન છે. એ સિવાય અન્ય કોઈ જ્ઞાન નથી.

આહાહા..! શાસ્ત્રનું જ્ઞાન વ્યવહારે કહ્યું હતું, તેને અહીં કહ્યું, અન્ય નહિ, એ જ્ઞાન નહિ. સમજાય છે કાંઈ? માર્ગ પ્રભુ! અંતરના અવલંબનથી થાય છે, એ સિવાય બધી વાતું છે. ધર્મ કરવો હોય તો, ન કરવો હોય તો અનાદિકાળથી ઈ કરતો આવ્યો છે. સમજાય છે કાંઈ?

**'અન્ય કોઈ જ્ઞાન નહીં હૈ,...'** **'अन्यद् एव चरणं नास्ति'** આત્મા સિવાય અન્ય કોઈ ચારિત્ર નહિ. આહાહા..! ભગવાન પૂર્ણ જ્ઞાનાનંદ વીતરાગ અનાકુળ આનંદ, એની સ્થિરતાની રમણતાની વીતરાગની પરિણતિ તે આત્મા છે. આત્મા સિવાય બીજું કોઈ ચારિત્ર નથી. પંચ મહાવ્રતના પરિણામ એ આત્મા નહિ, માટે ત્યાં ચારિત્ર નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અઠ્યાવીસ મૂળગુણ જે સાધુના કહે છે, એ આત્મા નહિ, એ તો રાગ છે. માટે તે ચારિત્ર નહિ. આહાહા..! છે? **'अन्यद् एव चरणं नास्ति'** **'અન્ય કોઈ ચારિત્ર નહીં હૈ, ઐસા તૂ જાન.'** 'પરમાત્મપ્રકાશ', 'યોગીન્દ્રદેવ'. આહાહા..! તું આમ જાણ, એમ કહે છે. બીજું જાણ્યું, માન્યું છે એ છોડી દે. વ્યવહાર ચારિત્ર ને વ્યવહાર દર્શન, એ દૃષ્ટિ છોડી દે. આ સત્ય છે. સમજાય છે કાંઈ? અરે..! એને આવા મનુષ્યદેહમાં એવી વાણીનો યોગ મળ્યો છતાં એ વાસ્તવિક તત્ત્વને ન માને અને ઉપચારિક તત્ત્વને યથાર્થ સાધન માને. સમજાય છે કાંઈ? આહા..! એનો આરો કે દિ' આવે? ભાઈ!

**'અર્થાત્ આત્મા હી દર્શન, જ્ઞાન ને ચારિત્ર હૈ, ઐસા સંદેહ રહિત જાનો.'** આહાહા..! સંદેહ રહિત-નિઃસંદેહ. આહાહા..! નિજ ભગવાન પૂર્ણાનંદ પરમાત્મા, એ સ્વરૂપે દર્શનનું પરિણમન, જ્ઞાનનું પરિણમન અને ચારિત્રનું પરિણમન થાય તે આત્મા છે. આ નિશ્ચય જે આત્મા છે એ તો ત્રિકાળી, પણ આ આત્માના-એના પરિણમનને જ આત્મા કહ્યો. આહાહા..! સમજાય છે કાંઈ? 'નિયમસાર' ૩૮ ગાથામાં તો (એમ કહ્યું), સંવર, નિર્જરા ને મોક્ષની પર્યાય પણ હેય છે. એમ કહ્યું છે. પર્યાય છે ને. ત્રિકાળી જ્ઞાયકભાવ એક ઉપાદેય છે. ત્યાં સંવર, નિર્જરાને જે હેય કહ્યું હતું, તેને અહીંયાં સંવર, નિર્જરાનું પરિણમન શુદ્ધ છે તો એને આત્મા કહ્યું. નિશ્ચય આત્મા તો આત્મા છે, પણ એનું નિર્મળ પરિણમન થયું, શુદ્ધ વીતરાગી દશા થઈ તેને પણ આત્મા કહેવામાં આવ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે, ભાઈ! ભાવ તો છે ઈ છે.

આ તો ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવનો પંથ છે, બાપા! આ કાંઈ આલીદુઆલીનો કોઈ માર્ગ નથી. કલ્પનાથી ઊભો કર્યો એવો નથી આ. ત્રણલોકનો નાથ મહાવિદેહમાં બિરાજે છે. આહાહા..! એની વાણીમાં આ આવ્યું, એવું સંતોએ શાસ્ત્રમાં રચ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ? આમાં વાદ ને વિવાદને અવસર નથી. 'સમયસાર નાટક'માં કહ્યું છે, 'સદ્‌ગુરુ કહે સહજકા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' શેઠ! 'સદ્‌ગુરુ કહે સહજકા ધંધા'. સ્વાભાવિક ભગવાન આનંદનો નાથ, એની સાથે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું પરિણમન (થાય) એ સહજનો ધંધો છે. સમજાય છે કાંઈ? રાગથી વ્યવહારથી (થાય), એ તો કૃત્રિમ વાતું છે. 'છ ઢાળા'માં આવ્યું ને? નિશ્ચય સત્યાર્થ.. હા, સત્યાર્થને નિશ્ચય કહ્યું. ત્યારે બીજાને અસત્યાર્થ. આહાહા..! તો પછી કહ્યું શું કરવા? ભાઈ! સહચર નિમિત્ત જોઈને કહ્યું છે. સમજાય છે

કાંઈ? ઈ કહે છે, જુઓ!

**ભાવાર્થ :- 'યદ્યપિ છહ દ્રવ્ય,..'** ભગવાને કહેલાં છ દ્રવ્ય, જિનવરદેવે જાણેલા છ દ્રવ્ય. એ છ દ્રવ્ય ભગવાને જાણ્યા, એ સિવાય કોઈ ત્રણકાળમાં, પરમેશ્વર સર્વજ્ઞ સિવાય કોઈએ છ દ્રવ્ય જાણ્યા જ નથી. અન્યમતના બધા મોટા વેદાંતવાળા કહો ને સાંખ્યવાળા કહો, એ બધા સર્વજ્ઞ ભગવાન નથી કે જેથી એણે છ દ્રવ્ય જોયા હોય. આહાહા..! અહીંયાં તો એમ કહે છે, ભગવાન ત્રિલોકનાથે છ દ્રવ્ય જોયા, એ છ દ્રવ્ય, **'પાંચ અસ્તિકાય,...'** કાળ સિવાય. કાળ અસ્તિકાય ને? અસ્તિ છે, પણ કાય નથી. **'સાત તત્ત્વ, નૌ પદાર્થકા શ્રદ્ધાન...'** છ દ્રવ્ય, પાંચ અસ્તિકાય, સાત તત્ત્વ, નવ પદાર્થનું શ્રદ્ધાન **'કાર્ય-કારણભાવસે...'** વ્યવહારને નિમિત્તરૂપે કારણ કહ્યું. સમજાય છે કાંઈ? વાસ્તવિક એ કારણ નથી. આહાહા..! એ કાર્ય-કારણભાવનો બધામાં ગોટા છે. વ્યવહાર કારણ અને નિશ્ચય કાર્ય. પણ કઈ અપેક્ષાએ કહ્યું? જેમ વ્યવહાર મોક્ષમાર્ગ કહ્યું, એ છે નહિ તેને કહ્યું. આત્મા શુદ્ધ ચૈતન્ય ભગવાનનું સમ્યગ્દર્શન અનુભવમાં ભાન થયું, એની સાથે વ્યવહાર સમકિત આદિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા છે તો રાગ, પણ સહચર-સાથે દેખી તેને નિમિત્તથી એનું કથન કર્યું. છે તો હેય, આહાહા..! પણ આવે છે, નિશ્ચય સમ્યગ્દર્શન મોક્ષમાર્ગની દશામાં વ્યવહાર વિકલ્પ આવો આવે છે, તેથી સહચર કારણ દેખીને વ્યવહાર મોક્ષમાર્ગ આરોપથી કહ્યું. એ માર્ગ નથી, છે તો બંધમાર્ગ. આહાહા..! સમજાય છે કાંઈ? જુઓ!

**'કાર્ય-કારણભાવ...'** શું કહે છે? નિશ્ચય કાર્ય અને વ્યવહાર કારણ. 'છ ઢાળા'માં ન આવ્યું? નિયતનો હેતુ. નિમિત્ત. નિયતનો-નિશ્ચયનો હેતુ એટલે નિમિત્ત. એ નિમિત્તનું વ્યવહારનું જ્ઞાન કરાવ્યું છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- જરા કઠણ પડે છે.

ઉત્તર :- હળવે હળવે કહીએ છીએ. નિશ્ચયને આશ્રયે જ આત્માને લાભ છે. વ્યવહારથી આત્માને લાભ નથી. પણ વ્યવહાર કહ્યો કેમ? સાથે એ જાતનો (વિકલ્પ) જોઈને (કહ્યું). પહેલો વ્યવહાર અને પછી નિશ્ચય એમ નહિ અહીં તો. નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થયા એ જ સમયે સહચરમાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન અને પંચ મહાવ્રતના પરિણામ (હોય છે) તેને વ્યવહાર આરોપ કરીને વ્યવહાર મોક્ષમાર્ગ કહ્યું. પણ બેય માર્ગ ઉપાદેય છે, એમ નથી. બેય માર્ગ સાચા છે, એમ નથી અને બે માર્ગ છે એમ પણ નથી.

મુમુક્ષુ :- કથન બે પ્રકારે છે.

ઉત્તર :- કથન બે પ્રકારના છે. આહાહા..! 'ટોડરમલે' તો એ સાતમા અધ્યાયમાં ગજબ કરી નાખ્યો છે. અને તે પછી પણ એક જ લીટી-પંકિત મૂકી કે જુઓ! જ્યાં નિશ્ચય સમ્યગ્દર્શન છે, આત્માનો અનુભવ ને નિર્વિકલ્પ આનંદની પ્રતીતિ આવી અને આનંદ પણ આવ્યો, એની સાથે વ્યવહારશ્રદ્ધા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, છ દ્રવ્યની શ્રદ્ધા આદિનો વિકલ્પ છે એ સહચર દેખીને નિમિત્તથી, નિમિત્ત હોવાથી ઉપચારથી વ્યવહાર કહ્યો, પણ એ

આદરણીય નથી. આહાહા..! એ હેય છે. કેમકે બે નયનો વિષય વિરોધ છે. બે નય જ વિરોધ છે. તો નિશ્ચયથી જ્યારે આ આદરણીય છે તો વ્યવહાર છે એ આદરણીય નથી. વ્યવહાર છે તે હેય છે. આ ઉપાદેય છે તો ઈ હેય છે. કેમકે બે નય વિરોધ છે. સમજાય છે કાંઈ? અરે..! કહો, 'સૂરજભાઈ'! આવી વાતું છે આ.

અરે..! જન્મ-મરણના આંટા કરી કરીને મરી ગયો છે, ભાઈ! ભૂલી ગયો એ ભૂલી ગયો. આહાહા..! એ નિગોદમાં એક શ્વાસમાં અઢાર ભવ. અરે..! કોઈ દિ' એણે વિચાર્યું છે? બાપુ! એવા તો અનંત ભવ કર્યા. એક શ્વાસમાં અઢાર ભવ, એવા અનંત ભવ કર્યા. નિગોદના, હોં! નિગોદ સમજો છો? કાઈ. લીલ, ફૂગ. આહાહા..! ભાઈ! તું ભૂલી ગયો. આ તારી ભીડમાં કેટલી ભીડ તેં સહન કરી, પ્રભુ! આહા..! વિકારની એકતામાં દુઃખના વેદનના પાર નહિ, પ્રભુ! આત્મા આનંદમૂર્તિથી ઊલટી દશા. શુભ-અશુભભાવ દુઃખરૂપ છે, એના વેદનમાં ભાઈ! તું અનંતકાળથી પીડાઈ ગયો (છો.) ઘાણીમાં તલ પીલે.. આહાહા..! આનંદના નાથને રાગમાં પીલી નાખ્યો. ભગવાન અતીન્દ્રિય આનંદમૂર્તિ પ્રભુ, એને ભવ અને ભવના કારણમાં તેં પીલી નાખ્યો. સમજાય છે કાંઈ? અને રાજીપો માને પાછો. આહાહા..! પાગલ તે કાંઈ પાગલ! આહાહા..! પાગલના કંઈ ગામ જુદા હોય છે? આહાહા..! રાજીપો માને વળી. તત્ત્વની દૃષ્ટિ ન મળે, જ્ઞાન ન મળે અને એકલો વ્યવહાર. શુભનો તો એક કોર રાખો, પણ અશુભમાં રાજીપો કરે હજી તો. ચોવીસ કલાક બાયડી, છોકરા, કુટુંબ, ધંધા.. આહાહા..! અને રાજીપો કરીને જાય. અરે..! પ્રભુ! શું થયું? ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- કરવું શું?

ઉત્તર :- કરવાનું આ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ હતો? દીકરો કે દિ' હતો તે મૂકે? એ તો એનો આત્મા ભિન્ન છે, એનું શરીર ભિન્ન છે. દ્રવ્ય ભિન્ન છે. આ દ્રવ્યને અને એને સંબંધ શું છે? એય..! શેઠ! 'ડાલચંદજી' ડાહ્યો જાગ્યો છે અને આ થયો માટે સારો. શું સારો? કોનો પણ? આહાહા..! આ તો શેઠના ઘરનો દાખલો આપ્યો. આ તો બધાને એમ છે ને. આહાહા..! અરે..! પ્રભુ! પણ એ આત્મા પરદ્રવ્ય, એના રજકણો પરદ્રવ્ય. તારે અને એને એકબીજામાં અભાવ. એના દ્રવ્યમાં તારો અભાવ અને તારા દ્રવ્યમાં એનો અભાવ. અરે..! ભગવાન! તારો એ ભાવ ક્યાંથી આવી ગયો? એ ક્યાંથી તારો દીકરો અને ક્યાંથી બાયડી? આહાહા..! પ્રભુ! એનો આત્મા તો તારાથી ભિન્ન છે. તારું દ્રવ્ય અને એનું દ્રવ્ય તદ્દન ભિન્ન છે. ત્રણકાળમાં ક્યાંય બેયને મેળ નથી. આહાહા..!

મુમુક્ષુ :- મેળ ન હોય ત્યારે તો...

ઉત્તર :- ઈ પણ હમણાં કહેશે. હવેની ગાથા આવશે-૯૫મી. આ તો હજી ૯૪ ચાલે છે ને? ૯૪ ચાલે છે, ૯૫માં કહેશે. '**अण्णु जि तित्थु म जाहि जिय अण्णु जि गुरुउम सेवि।**'

એ અનેરા તીર્થમાં-સમ્મદેશીખર ને શેત્રુંજય ન જા, ભાઈ! તારું તીર્થ અંદર પડ્યું છે. પ્રભુ! અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ! તું અંદર રહે ને. એ તીર્થ છે ને. ન્યાં જા ને. આ ભટક્યા ભટક (કરે છે). સમેદશીખર ને શેત્રુંજય ને ગિરનાર. ઈ કહેશે, ન જા. એમ કહેશે. એને ક્યાં પડી છે. સમજાય છે કાંઈ? એ તો જાણે જ છે. આ શુભભાવ તો દુઃખ છે. આહાહા..! ગજબ વાતો છે! પેલા એમ કહે, એકવાર વંદે જો કોઈ, નરક પશુ ન હોઈ. રાજી રાજી થઈ જાય. શું છે? સાંભળને! એવો કોઈ શુભ હોય તો નરક, પશુ ન થાય. દેવમાં જાય. ન્યાંથી મરીને નરક, પશુ જાશે. આહાહા..!

અહીં તો ભગવાન આચાર્ય 'યોગીન્દ્રદેવ' ઈ પછી કહેશે, હોં! ગુરુ ન સેવ, તીર્થમાં ન જા, પ્રભુ! તારો ગુરુ, તારું તીર્થ તો તારી પાસે છે ને, પ્રભુ! આહાહા..! પ્રતિમા અનાદિની છે. શાશ્વત પ્રતિમાઓ છે. આ અષ્ટાહ્નિકાના દિવસો હોય છે ને? અષ્ટાહ્નિકા. નંદીશ્વર દ્વિપ બાવન જિનાલય છે. એક એક જિનાલયમાં ૧૦૮ રત્નની પ્રતિમાઓ છે. જાણે હમણા બોલશે એવી ચીજો શાશ્વત છે. સમજાય છે કાંઈ? ઈન્દ્રો એકાવતારી એક ભવતારી શક્રેન્દ્ર આદિ. એની રાણી એકભવતારી આઠ-આઠ દિ' જાય. કારતક સુદ-૮ થી ૧૫. ફાગણ સુદ-૮થી ૧૫, અષાઢ સુદ-૮થી ૧૫. ત્રણ અષ્ટાહ્નિકા છે ને? પંડિતજી! ઘુઘરા બાંધીને નાચે. ભાવ હોય, એને શુભભાવ હોય છે. પણ એ ધર્મ છે, એમ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? તે પણ જેની દૃષ્ટિ નિશ્ચય છે, તેને આવો ભાવ આવે એને વ્યવહાર કહેવામાં આવે છે. અજ્ઞાનીને તો વ્યવહાર પણ ક્યાં છે. આહાહા..! જ્યાં આત્મા આનંદનો નાથ જાગ્યો નથી ને એના રાગને વ્યવહાર કહેવો કોને? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- વ્યવહારાભાસ છે.

ઉત્તર :- વ્યવહારાભાસ છે. વાહ! 'દર્શનલાલજી'! વાત તો એવી છે, ભગવાન! માર્ગ આવો છે, બાપુ! ઝઘડા વિવાદ ન કરો, પ્રભુ! વાદવિવાદ કરો નહિ, ભાઈ! એ વાત છે, એને સરળપણે આદરો. આહાહા..! સમજાય છે કાંઈ? ઈ કહે છે, જુઓ!

અહીં કાર્ય-કારણ કીધું ને? વ્યવહારને કારણ ઉપચારથી કહ્યું છે. વાસ્તવિક કારણ એ નહિ. આહાહા..! '**નિશ્ચયસમ્યક્ત્વકા કારણ હોનેસે વ્યવહારસમ્યક્ત્વ કહા જાતા હૈ,..**' જુઓ! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, છ દ્રવ્ય, નવ તત્ત્વ, સાત તત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ જે છે એ નિશ્ચય સમકિતમાં નિમિત્તરૂપે કારણ જોઈને તેને વ્યવહાર સમકિત કહ્યું છે. સમજાય છે કાંઈ? એનાથી થાય છે એમ નહિ. જ્યારે નિશ્ચય સમ્યગ્દર્શન છે તો વ્યવહાર સાથે છે, તેને વ્યવહાર સાધક તરીકે આરોપ તરીકે કહ્યું. સમજાય છે કાંઈ? સાધકપણું તો એક જ પ્રકારે છે. પોતાનું સ્વરૂપ રાગરહિતનું સાધન એક જ પ્રકાર છે, પણ સાધકનું કથન-નિરૂપણ બે પ્રકારે છે. 'ટોડરમલે' એ લીધું છે. સમજાય છે કાંઈ? છે ને?

મોક્ષમાર્ગ તો કાંઈ બે નથી પણ મોક્ષમાર્ગનું કથન બે પ્રકારે છે. જ્યાં સત્ય મોક્ષમાર્ગનું કથન છે તે નિશ્ચય મોક્ષમાર્ગ છે. જ્યાં મોક્ષમાર્ગ તો નથી પરંતુ મોક્ષમાર્ગનું નિમિત્ત સહચારી સાથે હોય છે. સાથે હોય. પહેલો રાગ ને પછી નિશ્ચય એમ નહિ. નિશ્ચયના કાળમાં સાથે

રાગ હોય છે તેને વ્યવહાર કહેવામાં આવે છે. એ શબ્દ જુઓને! કેટલું.. ઓહોહો..! 'ટોડરમલે' તો શાસ્ત્રના ગહન વિષયને ખોલીને મૂક્યા છે. હવે એ લોકો કહે, નહિ. હમણાં 'લલિતપુર'માં શાસ્ત્ર પરિષદ ભરી હતી. એ પંડિતોએ આનો બહુ વિરોધ કર્યો. 'ટોડરમલ' અને 'બનારસીદાસ' અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા છે. એમ કીધું. અરેરે..! પ્રભુ! બાપુ! તને કોઈ પૂછનાર અત્યારે નથી. અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા. છાપામાં આવ્યું હતું. અરેરે..! સોલાપુરવાળાએ બિચારાએ છપાવ્યું હતું. સોલાપુરનો કોઈ પત્ર આવે છે ને? દિવ્યધ્વનિ. એમાં આવ્યું હતું, આ શાસ્ત્ર પરિષદ નહિ, આ તો શસ્ત્ર પરિષદ છે. આવું? અરે..! 'ટોડરમલ' કોણ, 'બનારસીદાસ' કોણ? ધર્મના થાંભલા સમ્યગ્દૃષ્ટિ જીવ. આહાહા..! 'બનારસીદાસ'ની શૈલી જુઓ તો ગજબ વાત! આહાહા..! જેણે 'સમયસાર નાટક' બનાવ્યું. આ 'કળશટીકા'માંથી. હવે એ 'બનારસીદાસ' અને 'ટોડરમલ', અધ્યાત્મની ભાંગ પીધી હતી. અરે..! પ્રભુ! આ ન શોભે, ભાઈ!

મુમુક્ષુ :- એ લોકો વિરોધની ભાંગ પીધી.

ઉત્તર :- પણ ઈ તો બિચારા.. (આમ) ન હોય, ભગવાન! બાપુ! ભાઈ! આવા મનુષ્યપણામાં.. એ સંત ધર્માત્મા જીવો હતા. 'બનારસીદાસ'.. આહાહા..! અધ્યાત્મની વાતનું સ્પષ્ટીકરણ કર્યું, ભાઈ! ભાંગ પીને નાચ્યા છે એમ નથી. સમજાય છે કાંઈ?

વ્યવહાર મોક્ષમાર્ગ ઉપચારથી કહ્યું. હવે અહીં નિશ્ચય જુઓ! કારણ કે... કેટલી વાત સમજાવી છે! નિશ્ચય-વ્યવહારનું સર્વત્ર આવું લક્ષણ છે. આહાહા..! આ તો ગજબ કરી છે એણે! 'ટોડરમલ' જેને આચાર્યકલ્પ લોકો કહે છે. કહે છે ને? આચાર્યકલ્પ કહે છે. આહા..! નિશ્ચય-વ્યવહારનું સર્વત્ર આવું જ લક્ષણ છે. આહાહા..! આટલો સિદ્ધાંત સિદ્ધ કર્યો છે અને સ્પષ્ટ! અને અહીં જે સાધક-કારણ કહ્યું, એ વ્યવહાર જોઈને કહ્યું છે. એ યથાર્થ કારણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! જેમાં રાગ-શુભરાગ પણ નુકસાનકારક, એમ કોઈ પ્રત્યે દ્વેષ કરવો એ હોય નહિ. ભલે એની દૃષ્ટિ કોઈ વિપરીત હોય, પણ વ્યક્તિ પ્રત્યે દ્વેષ ન હોય. સમજાય છે કાંઈ? તેથી આ ભાઈમાં આવ્યું છે ને? 'ષટ્ પાહુડ'માં. 'શ્રુતસાગર'ને ઈ? ટીકા કરનાર. એવી ભાષા લખી છે કે એ ટીકા માન્ય નહિ. એણે એક ઠેકાણે એવું લખ્યું છે, જે કોઈ મૂર્તિને, આ ઢુંઢિયાની સામે લખ્યું છે. પણ એમ હોય નહિ. કોઈ વ્યક્તિ પ્રત્યે એટલો દ્વેષ ન હોય. એની દૃષ્ટિ ભલે વિપરીત હોય, પણ એ ભગવાન છે અંદર. એક સમયની ભૂલ છે. આખો ભગવાન છે. એના પ્રત્યે પ્રેમ કેમ ચાલ્યો જાય? એણે ઈ કહ્યું.. સમજાય છે કાંઈ? 'શ્રુતસાગરે' એમ કહ્યું, 'શ્રુતસાગર' ટીકાકાર ને? ષટ્ પાહુડ. 'કુંદકુંદાચાર્ય' મહાવિદેહમાં ગયા હતા, કળિકાળ સર્વજ્ઞ. એમ લખ્યું છે. સમજાય છે કાંઈ? આહાહા..! 'બનારસીદાસે' એમાંથી બનાવ્યું. 'સમયસાર નાટક'. સમયસાર જોઈને એને એમ કહેવું, ભાંગ પીધી. ભગવાન! એમ ન હોય, ભાઈ! વ્યંગ (ન કરાય). સમાજમાં ઝઘડો ઉઠે, નાથ! તને એ શોભે નહિ. આહાહા..! પ્રભુ! તું પ્રભુ છો ને, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- પોતાનું ગાંડપણ...

ઉત્તર :- એ પ્રમાણે એમ કે સોનગઢવાળાએ અધ્યાત્મની ભાંગ પીધી છે. અરે..! પ્રભુ! તું રહેવા દે, બાપા! ભાઈ! તને ઠીક નહિ. અરે..! શું થાય? એવું ઝનુન ન હોઈ શકે. આહાહા..! પેલો દાખલો આપ્યો, ભાઈએ. 'સમ્યગ્જ્ઞાન દીપિકા'. મારે તો પેલા 'શ્રુતસાગર'નું બીજું કહેવું હતું. 'શ્રુતસાગરે' ટીકામાં એવું લખ્યું છે, મૂર્તિ ન માને એને, મૂર્તિપૂજન ન માને, ફૂલ ચડાવીને પૂજા ન માને એને ખાસડા લઈને.. ખાસડા સમજ્યા? જૂતા. ખાસડા લઈને વિષ્ટામાં ચોપડીને મારવા. પાપં નાસ્તિ. અરે..! એવું હોય? કોઈ ગમે તે હોય માણસ. સત્ત્વેષુ મૈત્રી. ગમે તે આત્મા હોય. કહેવું હતું આ, ભાઈ! પણ ભૂલી ગયા. 'શ્રુતસાગરે' આવું લખ્યું છે. ટીકામાં.

મુમુક્ષુ :- વીસપંથી...

ઉત્તર :- એ તો વીસપંથી હશે, પણ આવી ભાષા હોય કાંઈ? ષટ્ પાહુડની ટીકામાં છે. અમે તો ટીકા-બીકા બધું જોયું છે. ત્યાં ચિહ્ન પણ કર્યા છે. મૂર્તિ અને મૂર્તિની પૂજા ફૂલથી ન માને.. એ વખતે ઢુંઢિયા નીકળ્યા હતા ને, એના પછી આ નીકળ્યા છે. એને જૂતા લઈને, વિષ્ટા ચોપડીને માથે મારવા. પાપં નાસ્તિ. આવી ભાષા? ઈન્દ્રોના વખતમાં ઈન્દ્રોએ એવું કર્યું નથી. એવું હોય? કોઈ વ્યક્તિ પ્રત્યે વિરોધ નહિ. એની દૃષ્ટિ હોય તો એને સમજી લેવી. સમજાય છે કાંઈ? એણે એવું લખ્યું છે. પછી 'હિંમતભાઈ' એ એની ટીકા જ ન કરી ષટ પાહુડની. ઘણીવાર કહ્યું. પણ ટીકા ન કરી. એ માન્ય નથી. ટીકા માન્ય નથી. વાત સાચી. આવા શબ્દો? એ કાંઈ મુનિઓના (શબ્દો હોય)? ગમે તે હોય.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ભટ્ટારક. ષટ્ પાહુડ છે. અહીં નથી અત્યારે. એવું ન હોઈ શકે. દૃષ્ટિ વિપરીત હોય તે સમજી લેવી. એને સમજીને એની સાથે વેર બાંધવું એમ ન હોય. ભગવાન છે, ભગવાન છે. શાસ્ત્રમાં તો ત્યાં સુધી કહ્યું છે, કે અનંત આત્માઓ જે આત્મારૂપે છે તે આરાધવા લાયક છે, એમ કહ્યું. પર્યાયમાં ભલે ભૂલ હોય. સમજાય છે કાંઈ? આહા..! એ ભગવાન પરમાનંદનો નાથ પ્રભુ, અસ્તિ તને જો એ દૃષ્ટિ બેઠી હોય તો એનું પરમાત્મસ્વરૂપ એ છે. આહાહા..! એ બધા પરમાત્મા-આત્મા આરાધવા લાયક છે, એમ કહ્યું છે. આહા..! એ પર્યાયની વાત નહિ, આત્મા જો. આહાહા..! 'દશરથલાલજી'! આ તો વીતરાગમાર્ગ છે, બાપા! રાગનો કણ પણ ત્યાં ખૂંચે, દુઃખ થાય. આહાહા..! 'રાગ આગ દાહ દહે સદા, તાતે સમામૃત સેઈએ.' સમામૃત-સમતાનું અમૃત સેવન કરો, પ્રભુ! આહાહા..! વીતરાગભાવનું સેવન કરો. આહાહા..! સંતોની વાણી તો જુઓ! આહાહા..!

અહીં શું કહે છે, નિશ્ચય સમકિતનું કારણ વ્યવહાર સમકિત કહેવામાં આવે છે. અર્થાત્ વ્યવહાર સાધક અને નિશ્ચય સાધ્ય. વ્યવહાર સાધક એ વ્યવહારથી કહ્યું. નિશ્ચય સાધક તો પોતાના સ્વરૂપની પરિણતિ તે જ સાધક છે. પણ એનો આરોપ આપીને વ્યવહારને સાધક

કહેવામાં આવ્યું. એ સાધક છે નહિ. એને સાધક કહેવું એનું નામ વ્યવહાર છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! એક ક્ષણમાં દેહ ઊડી જશે. ક્યાં ચાલ્યો જશે? આહાહા..! કોઈ શરણ છે ત્યાં? શરણ જે અહીં છે ત્યાં તો જોતો નથી. આહાહા..! સત્યની વાત આવે તો એ એને માન્ય થતી નથી. નહિ, નહિ, નહિ. એ નહિ, એ નહિ. વ્યવહાર કરો. અરે..! પ્રભુ! વ્યવહાર તો અનંતવાર કર્યો છે, ભાઈ! એ તો અનાદિનો કર્યો છે. મુનિવ્રત ધાર, કહ્યું નહિ? મુનિવ્રત ધારીને અનંત પુદ્ગલ પરાવર્તન નવમી ગ્રૈવેયકના કર્યા છે. નવમી ગ્રૈવેયક. ગ્રીવાના સ્થાને. ચૌદ બ્રહ્માંડ પુરુષના આકારે છે. એની ગ્રીવાના સ્થાને નવ પાસડા છે. એમાં પણ અનંતવાર જન્મ લીધા. એ કોણ જાય? દિગંબર મુનિ સિવાય ત્યાં જઈ શકે નહિ. વસ્ત્રસહિત કે બીજા ત્યાં ઉપર જઈ શકે નહિ. એવો દિગંબર મુનિ મિથ્યાદૃષ્ટિ અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો તો એમાં કાંઈ આત્માનો લાભ થયો નહિ.

અહીં તો જેને નિશ્ચય છે એની સાથે રાગની મંદતા જોઈને વ્યવહાર કારણ અને સાધક કહેવામાં આવ્યું છે. એ તો જેમ મોક્ષમાર્ગ એ કારણ છે ને? મોક્ષમાર્ગ શું છે? કારણ. જેમ નિશ્ચય મોક્ષમાર્ગ એ કારણ છે અને વ્યવહાર મોક્ષમાર્ગ કારણ. પણ એ (કારણ) કેવું? વ્યવહાર મોક્ષમાર્ગ કારણ ઉપચારથી કહ્યું, વાસ્તવિક કારણ નહિ. એટલે કારણ તો એક જ છે. એમ સાધક તો એક જ છે. પણ સાધકની સાથે રાગની આવી મંદતા જોઈને વ્યવહાર સાધક અને વ્યવહાર કારણ કહેવામાં આવ્યું. આહાહા..! સમજાય છે કાંઈ? આવું સ્વરૂપ છે પ્રભુનું. આહા..! દિગંબર સંતોએ આ રીતે જાહેર કર્યું છે. આહા..! કહો, 'દશરથલાલજી'! ઠીક બોલ્યા, વિરોધની ભાંગ. અરે..! ભગવાન! એ આત્મા છે. ભાઈ! એના ભાવને દુઃખ થાય એ પણ કેમ ઈચ્છે? આહાહા..! લ્યો, એક સમકિતની વાત થઈ.

**'તો ભી નિશ્ચયનયકર એક વીતરાગ પરમાનંદસ્વભાવવાલા શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ,...'** દેખો! વ્યવહાર કારણરૂપે સાધક કહ્યો ખરો, પણ હેય છે. આહાહા..! છે એટલું જ્ઞાન કરાવ્યું. વ્યવહાર છે ને, રાગ છે ને. પણ ઉપાદેય તરીકે તો એક વીતરાગ પરમાનંદ સ્વભાવ શુદ્ધાત્મા (છે). **'શુદ્ધાત્મા હી...'** એકાંત લીધું. સમજાય છે કાંઈ? આહાહા..! એકાવતારી ઈન્દ્રો મોટા બત્રીસ લાખ વિમાનનો લાડો, સ્વામી, એ જે સભામાં સાંભળવા બેસતા હશે એ ભગવાનની વાણી કેવી હશે! જ્યાં અર્ધલોકના સ્વામી શક્રેન્દ્ર દક્ષિણના, ઉત્તરના ઈશાનઈન્દ્ર સભામાં બેઠા હોય... આહાહા..! એ વીતરાગની વાણી, બાપા! કેવી હોય? ભાઈ! સમતારસના ઝુલે ઝુલાવી દે એવી એની વાણી હોય. સમજાય છે કાંઈ? વીતરાગભાવમાં એને અંદરથી કોતરી નાખે. આહાહા..!

ભગવાન તો વીતરાગમૂર્તિ છે ને! એમાંથી એક સમયની વીતરાગપર્યાય કાઢવી એમાં શું. આહાહા..! નિશ્ચય મોક્ષમાર્ગ એ તો વીતરાગી પર્યાય છે. પણ ભગવાન તો પૂર્ણ વીતરાગમૂર્તિ ત્રિકાળ છે. આહા..! સમજાય છે કાંઈ? એવા નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય પણ અનંતી અનંતી પર્યાય અંદરમાં પડી છે. એક પર્યાય નહિ, પણ એવી અનંતી અંદર પડી છે. આહાહા..! સમજાય છે કાંઈ? અરે..! એની આસ્થા ને પ્રતીતિ નહિ, એને વિશ્વાસ નથી

આવતો. હું આવડો મોટો છું, એવી પ્રતીતિ આવતી નથી. રાંક અને પામર માન્યો છે ને. આહાહા..! પ્રભુ! તારી પ્રભુતા તો એટલી છે કે સર્વજ્ઞ પરમેશ્વરની જે પર્યાય છે એ તો તારા દ્રવ્યથી અનંતમે ભાગે છે. સમજાય છે કાંઈ? પ્રભુ! તું મોટો પ્રભુ છો. આહાહા..! તારો પ્રતાપ અખંડ શોભા સ્વતંત્રતાથી અંદર શોભાયમાન છે. આહા..! એને ખંડ કરવા જગતમાં કોઈની તાકાત નથી. આહાહા..! અને જેને આત્માની ગરજ થાય અને આત્મા પ્રાપ્ત ન થાય, એમ બને નહિ. આહાહા..!

બેનનું એક વાક્ય સાંભળીને કાલે તો... પેલા ૬૩ બોલ લખ્યા છે ને? એમાં એક બોલ એવો આવ્યો છે, જેને આત્માની ગરજ છે અને આત્મા પ્રાપ્ત ન થાય તો ચૌદ બ્રહ્માંડ ખાલી થઈ જાય. એમ લખ્યું છે. ખબર છે? આહાહા..! એમ કહ્યું... છે અહીં? પણ યાદ ક્યાંથી હોય? પહેલો જ છે? આહા..! '**ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ-દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના-એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. જો ન ફળે તો જગતને-ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે.**' (બોલ ૨૧). આહાહા..! ભાવનું ફળ ન આવે તો જગતનો અભાવ થઈ જાય. આહાહા..! શું કહ્યું? પંડિતજી! '**ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ-દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના-એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. જો ન ફળે તો જગતને-ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે.**' એવું અંદર જોર છે. આહાહા..! ત્રણલોકનો નાથ એની ભાવના કરે અને ફળે નહિ, કેમ બને? સમજાય છે કાંઈ? પણ એની દરકાર ક્યાં છે? આહાહા..! વ્યવહારનો પ્રેમ ને રુચિ (હોય) અને (પૂછે) મને કેમ નિશ્ચય થતું નથી? પણ નિશ્ચય શી રીતે થાય? એ.. 'પોપટભાઈ'! આ પહેલો જ બોલ છે. આહાહા..! આ તો ગજબ છે! ભાવમાંથી ભાવના કરતાં ભાવ ન આવે.. આહાહા..! અસ્તિપણું પ્રગટ ન થાય, આખું જગત અભાવ-શૂન્ય થઈ જશે. આ તો સિદ્ધાંત છે. આહાહા..! પહેલો બોલ આવ્યો. સારું લખ્યું છે.

મુમુક્ષુ :- જગતનો અભાવ થઈ જાય કેવી રીતે?

ઉત્તર :- એટલે મારો ભાવ ન આવે એમ કેમ બને? એમ કહે છે. એમ એનો અર્થ છે. જગતનો અભાવ એટલે કે શૂન્ય થઈ જાય. હું સત્ય પ્રભુ છું એની ભાવનામાંથી ફળે નહિ તો આ જગતનો અભાવ થઈ જશે. જરી જોર છે. બેનનું એમાં જોર છે. આહા..! લોકો ગાંડા કહે, પાગલ કહે. કહો. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- દુનિયા પાગલ છે.

ઉત્તર :- એને ન બેસે એટલે બિચારા શું કરે? એક સાધારણ માણસ, અમે આટલા આટલા મુનિપણું પાળીએ, આવા પંડિત ને અમારે સમકિત નહિ અને એને સમકિત? કેમ માનીયે હવે સાધારણ... માણસને એમ થઈ જાય. એટલે એમાં તો આવ્યું હતું એક ફેરી, આ બેનને આમ કહે છે, એ તો મિથ્યાત્વનું તાંડવ નચાવ્યું છે, એમ લખ્યું છે. અરેરે..! પ્રભુ! શું કરે છે? એવું છાપામાં આવ્યું છે. આ લોકો 'ચંપાબેન'ને આમ થયું છે, ફલાણું થયું છે. મિથ્યાત્વનું તાંડવ છે. મિથ્યાત્વનું નાટક છે એમ લખ્યું છે. એણે એમ લખ્યું. એને ન બેસે.

શું કરીએ? સાધારણ બાયને આમ કહેવું અને મોટા મુનિઓને સમકિત નથી એમ કહેવું, અરે આકરું પડે ને માણસને?

'**શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ, ઐસા રુચિરૂપ પરિણામસે પરિણતિ હુઆ શુદ્ધાત્મા હી નિશ્ચયસમ્યક્ત્વ હૈ,...**' ઈ ને? નિશ્ચય સમકિત કાલે પણ આવ્યું હતું. '**યદ્યપિ નિશ્ચયસ્વસંવેદનજ્ઞાનકા સાધક હોનેસે...**' દેખો! સાધક વ્યવહાર તરીકે. '**વ્યવહારનયકર શાસ્ત્રકા જ્ઞાન ભી જ્ઞાન હૈ,...**' વ્યવહારથી કહ્યું, હોં! આહા..! '**તો ભી નિશ્ચયનયકર વીતરાગસ્વસંવેદનજ્ઞાનકર પરિણત હુઆ...**' '**વીતરાગ સ્વસંવેદનજ્ઞાનરૂપ પરિણત હુઆ શુદ્ધાત્મા હી નિશ્ચયજ્ઞાન હૈ,...**' સમજાય છે? આહા..! '**શુદ્ધાત્મા હી નિશ્ચયજ્ઞાન હૈ,...**' આહાહા..! જ્ઞાનનું જ્ઞાન કર્યું એ જ્ઞાન છે. શાસ્ત્રનું જ્ઞાન તો પર છે. એ તો ત્યાં કહ્યું નથી? બંધ અધિકારમાં. એ તો અક્ષરનું જ્ઞાન છે, શબ્દનું જ્ઞાન છે. શાસ્ત્રનું જ્ઞાન એ શબ્દજ્ઞાન. એનો આશ્રય શબ્દ છે. આહાહા...! બંધ અધિકારમાં કહ્યું છે. માટે એ નહિ, એ જ્ઞાન નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? પણ અહીં સાથે હોય છે. સમ્યક્ વેદનથી આત્માનું અંતરજ્ઞાન થયું, સાથે શાસ્ત્રજ્ઞાન હોય છે. તેથી તેને વ્યવહાર શાસ્ત્રજ્ઞાન કહેવામાં આવ્યું. નિશ્ચય તો આ છે. આહાહા..! અરે..! ભગવાન! તારી મોટપની વાતું.. આહાહા..! ભગવાનની વાણીમાં પણ તારું પૂર્ણ સ્વરૂપ ન આવ્યું. 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો' જેટલું જાણ્યું એટલું કહી શક્યા નહિ.

જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો,
તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.

ત્રણલોકના નાથ પણ જેના સ્વરૂપને વાણી દ્વારા પૂરું કહી શક્યા નહિ.. આહાહા..! અને જાણ્યું તેથી અનંતમા ભાગનું વાણીમાં આવ્યું અને વાણીમાં આવ્યું તેના અનંતમા ભાગે ગણધરોએ શાસ્ત્રમાં રચ્યું. આહાહા..! એવો ત્રણલોકનો નાથ હાજરાહજૂર પરમાત્મા પોતે અંદર બિરાજે છે. સમજાય છે કાંઈ? એને અન્ય વાણી તે શું કહે? એ તો અનુભવગોચર માત્ર રહ્યું. આહાહા..! સમજાય છે કાંઈ? જન્મથી ગળથૂથી મળી છે ને? શું કહેવાય? જન્મઘૂંટી. અમારે કાઠિયાવાડમાં ગળથૂથી કહે છે. પણ તમારે ઘૂંટી (કહે છે). જન્મઘૂંટીમાં ગોળ મળ્યો છે, સાકર મળી છે. કેવો સ્વાદ? બતાવો. કેવો સ્વાદ? ક્યા પદાર્થ સાથે મેળવીને બતાવો? ખ્યાલમાં છે. ખ્યાલમાં છે પણ કોઈની સાથે મિંઢવીને કહી શકાય નહિ. આહાહા..! ત્રણલોકનો નાથ સાક્ષાત્ પરમાત્મા ઈશ્વર પોતે પૂર્ણ છે. આહાહા..! એના અનુભવની વાત કરો, કહે છે. કઈ કરે? બાપા! શી રીતે કરે? કળશમાં બતાવ્યું હતું, નહિ? કળશમાં બતાવ્યું હતું. ભાઈ! એ વચનમાં ન આવે એવી ચીજ છે. પણ એટલું કહેવાય.. એમ લખ્યું છે, એ કળશમાં બતાવ્યું હતું. પ્રજ્ઞા છે ને? (કળશ) ૧૮૧. જ્ઞાનનું પરિણમન કરવું, એટલું કહી શકાય. બીજું શું કહે? સમજાય છે કાંઈ? ભગવાન જ્ઞાનસ્વરૂપી પિંડ પ્રભુ, જ્ઞાનનો પર્વત,

મોટો ડુંગર... આહાહા..! એ જ્ઞાનનું પરિણમન કરવું એટલું કહી શકાય, બીજું શું કહીએ? સમજાય છે કાંઈ?

'**વીતરાગસ્વસંવેદનજ્ઞાનરૂપ પરિણત હુઆ શુદ્ધાત્મા હી નિશ્ચયજ્ઞાન હૈ.**' આહાહા..! '**યદ્યપિ નિશ્ચયચારિત્રકે સાધક હોનેસે અટ્ઠાઈસ મૂળગુણ, ચૌરાસી લાખ ઉત્તરગુણ, વ્યવહારનયકર ચારિત્ર કહે જાતે હૈં,...**' વાસ્તવિક નહિ. આહાહા..! '**તો ભી શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગ-ચારિત્રકો પરિણત હુઆ..**' શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગ. રાગરહિત શાંત.. શાંત.. શાંત.. અકષાયરસપણે પરિણમન થયું, વીતરાગ પરિણતિપણે પરિણમન થયું એ '**નિજ શુદ્ધાત્મા હી નિશ્ચયનયકર ચારિત્ર હૈ,...**' તે જ ચારિત્ર છે. આહાહા..! સમજાય છે કાંઈ? લોકો કંઈનું કંઈ માને અને અન્યમતિ સાથે એને મેળવે. અરેરે..! ભાઈ! આહાહા..! આ તો સર્વજ્ઞથી સિદ્ધ થયેલી વસ્તુ છે. આ કાંઈ કલ્પિત છે ને આમ હોવું જોઈએ ને આમ હોવું જોઈએ એમ નથી. આમ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

'**તાત્પર્ય યહ હૈ કિ અભેદરૂપ પરિણત હુઆ પરમાત્મા હી ધ્યાન કરને યોગ્ય હૈ.**' આહાહા..! અભેદ રત્નત્રયમાં પરિણતિ થયેલો પરમાત્મા ધ્યાન કરવા લાયક છે. આ જ એનો સાર છે. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अथ निश्चयेन वीतरागभावपरिणतः स्वशुद्धात्मैव निश्चयतीर्थः निश्चयगुरुर्निश्चयदेव इति कथयति –**

**९५) अण्णु जि तित्थु म जाहि जिय अण्णु जि गुरुउ म सेवि।**
**अण्णु जि देउ म चिंति तुहुँ अप्पा विमलु मुएवि।।९५।।**

**अन्यद् एव तीर्थं मा याहि जीव अन्यद् एव गुरुं मा सेवस्व।**
**अन्यद् एव देवं मा चिन्तय त्वं आत्मानं विमलं मुक्त्वा।।९५।।**

**अण्णु जि तित्थु म जाहि जिय अण्णु जि गुरुउ म सेवि अण्णु जि देउ म चिंति तुहुं अन्यदेव तीर्थं मा गच्छ हे जीव अन्यदेव गुरुं मा सेवस्व अन्यदेव देवं मा चिन्तय त्वम्। किं कृत्वा। किं कृत्वा! अप्पा विमलु मुएवि मुक्त्वा त्यक्त्वा। कम्। आत्मानम्। कथंभूतम्। विमलं रागादिरहितमिति। तथाहि। यद्यपि व्यवहारनयेन निर्वाणस्थानचैत्यचैत्यालयादिकं तीर्थभूतपुरुषगुणस्मरणार्थं तीर्थं भवति, तथापि वीतरागनिर्विकल्पसमाधिरूपनिश्छिद्रपोतेन संसारसमुद्रतरणसमर्थत्वान्निश्चयनयेन स्वात्मतत्त्वमेव तीर्थं भवति [१]यदुपदेशात्पारंपर्येण परमात्मतत्त्वलाभो भवतीति। व्यवहारेण शिक्षादीक्षादायको यद्यपि गुरुर्भवति, तथापि निश्चयनयेन पञ्चेन्द्रियविषयप्रभृतिसमस्तविभावपरिणामपरित्यागकाले संसारविच्छित्ति-कारणत्वात् स्वशुद्धात्मैव गुरुः। यद्यपि प्राथमिकापेक्षया सविकल्पापेक्षया चित्तस्थितिकरणार्थं तीर्थंकरपुण्यहेतुभूतं साध्यसाधकभावेन परंपरया निर्वाणकारणं च जिनप्रतिमादिकं व्यवहारेण**

देवो भण्यते, तथापि निश्चयनयेन परमाराध्यत्वाद्वीतरागनिर्विकल्पत्रिगुप्तिपरमसमाधिकाले स्वशुद्धात्मस्वभाव एव देव इति। एवं निश्चयव्यवहाराभ्यां साध्यसाधकभावेन तीर्थगुरुदेवतास्वरूपं ज्ञातव्यमिति भावार्थः।।९५।।

आगे निश्चयनयकर वीतरागभावरूप परिणत हुआ निज शुद्धात्मा ही निश्चयतीर्थ, निश्चयगुरु, निश्चयदेव है, ऐसा कहते हैं –

**गाथा – ९५**

अन्वयार्थ :– [ जीव ] हे जीव [ त्वं ] तू [ अन्यद् एव ] दूसरे [ तीर्थं ] तीर्थको [ मा याहि ] मत जावे, [ अन्यद् एव ] दूसरे [ गुरुं ] गुरुको [ मा सेवस्व ] मत सेवे, [ अन्यद् एव ] अन्य [ देवं ] देवको [ मा चिन्तय ] मत ध्यावे, [ आत्मानं विमलं [ रागादि मल रहित आत्माको [ मुक्तवा ] छोड़कर अर्थात् अपना आत्मा ही तीर्थ है, वहाँ रमण कर, आत्मा ही गुरु है, उसकी सेवा कर और आत्मा ही देव है उसीकी आराधना कर।

भावार्थ :– यद्यपि व्यवहारनयसे मोक्षके स्थानक सम्मेदशिखर आदि व जिनप्रतिमा जिनमंदिर आदि तीर्थ हैं, क्योंकि वहाँसे गये महान् पुरुषोंके गुणोंकी याद होती है, तो भी वीतराग निर्विकल्पसमाधिरूप छेद रहित जहाजकर संसाररूपी समुद्रके तरनेको समर्थ जो निज आत्मतत्त्व है, वही निश्चयकर तीर्थ है, उसके उपदेश–परम्परासे परमात्मतत्त्वका लाभ होता है। यद्यपि व्यवहारनयकर दीक्षा शिक्षाका देनेवाला दिगंबर गुरु होता है, तो भी निश्चयनयकर विषय कषाय आदिक समस्त विभावपरिणामोंके त्यागनेके समय निज शुद्धात्मा ही गुरु है, उसीसे संसारकी निवृत्ति होती है। यद्यपि प्रथम अवस्थामें चित्तकी स्थिरताके लिये व्यवहारनयकर जिनप्रतिमादिक देव कहे जाते हैं, और वे परंपरासे निर्वाणके कारण हैं, तो भी निश्चयनयकर परम आराधने योग्य वीतराग निर्विकल्पपरमसमाधिके समय निज शुद्धात्मभाव ही देव हैं, अन्य नहीं। इसप्रकार निश्चय व्यवहारनयकर साध्य–साधक–भावसे तीर्थ गुरु देवका स्वरूप जानना चाहिये। निश्चयदेव, निश्चयगुरु, निश्चयतीर्थ निज आत्मा ही है, वही साधने योग्य है, और व्यवहारदेव जिनेन्द्र तथा उनकी प्रतिमा, व्यवहारगुरु महामुनिराज, व्यवहारतीर्थ सिद्धक्षेत्रादिक ये सब निश्चयके साधक हैं, इसलिये प्रथम अवस्थामें आराधने योग्य हैं। तथा निश्चयनयकर ये सब पदार्थ हैं, उनसे साक्षात् सिद्धि नहीं है, परम्परासे है। यहाँ श्रीपरमात्मप्रकाश अध्यात्मग्रंथमें निश्चयदेव गुरु तीर्थ अपना आत्मा ही है, उसे आराधनाकर अनंत सिद्ध हुए और होवेंगे, ऐसा सारांश हुआ।।९५।।

હવે, નિશ્ચયનયથી વીતરાગભાવરૂપે પરિણમેલો સ્વશુદ્ધાત્મા જ નિશ્ચયતીર્થ છે, નિશ્ચયગુરુ છે, નિશ્ચયદેવ છે એમ કહે છે :

ભાવાર્થ :- જો કે વ્યવહારનયથી નિર્વાણસ્થાન, ચૈત્ય (જિન પ્રતિમા), ચૈત્યાલય

**(મંદિર) વગેરે તીર્થરૂપ પુરુષના ગુણના સ્મરણાર્થે તીર્થ છે તોપણ, વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ છિદ્ર રહિત જહાજ વડે સંસારસમુદ્રને તરવાને સમર્થ હોવાથી નિશ્ચયનયથી સ્વઆત્મતત્ત્વ જ તીર્થ છે-કે જેના ઉપદેશથી પરંપરાએ પરમાત્માની પ્રાપ્તિ થાય છે.**

**જો કે વ્યવહારનયથી શિક્ષા, દીક્ષાના દેનાર ગુરુ છે તોપણ, નિશ્ચયનયથી પંચેન્દ્રિયના વિષય (કષાય) આદિથી માંડીને સમસ્ત વિભાવપરિણામના ત્યાગ સમયે સંસારના નાશનું કારણ હોવાથી 'સ્વશુદ્ધાત્મા' જ ગુરુ છે.**

જો કે પ્રાથમિક અપેક્ષાએ-સવિકલ્પ અપેક્ષાએ-ચિત્તને સ્થિર કરવા માટે તીર્થંકરના પુણ્યના હેતુરૂપ અને સાધ્યસાધક ભાવથી પરંપરાએ નિર્વાણનું કારણ એવી જિનપ્રતિમાદિક વ્યવહારથી દેવ કહેવાય છે તોપણ, નિશ્ચયનયથી પરમ આરાધ્ય હોવાથી વીતરાગ નિર્વિકલ્પ ત્રિગુપ્તિયુક્ત પરમસમાધિકાળે 'સ્વશુદ્ધાત્મસ્વભાવ જ દેવ છે.

એ પ્રમાણે [૧]સાધ્યસાધકભાવથી નિશ્ચય વ્યવહારનયથી તીર્થ, ગુરુ અને દેવનું સ્વરૂપ જાણવું, એવો ભાવાર્થ છે. ૯૫.

---

## વીર સંવત ૨૫૦૨, શ્રાવણ વદ ૧૫, બુધવાર
## તા. ૨૫-૦૮-૧૯૭૬, ગાથા-૯૫, પ્રવચન નં. ૭૨

'પરમાત્મપ્રકાશ'. ૯૫ ગાથા છે.

**९५) अण्णु जि तित्थु म जाहि जिय अण्णु जि गुरुउ म सेवि।**
**अण्णु जि देउ म चिंति तुहुँ अप्पा विमलु मुएवि।।९५।।**

'**આગે નિશ્ચયનયકર વીતરાગભાવરૂપ પરિણત હુઆ નિજ શુદ્ધાત્મા હી નિશ્ચયતીર્થ, નિશ્ચયગુરુ, નિશ્ચયદેવ હૈ, ઐસા કહતે હૈં :-**' આહાહા..!

**અન્વયાર્થ :-** '**હે જીવ તૂ દૂસરે તીર્થકો મત જાવે,...**' નિશ્ચયની વાત છે ને. જ્યારે અંદર રહી શકે નહિ ત્યારે દેવ, ગુરુ, તીર્થ હોય છે, પણ એ વ્યવહાર છે. પણ કરવાનું નિશ્ચયથી તો અંતરમાં કરવાનું છે. સમજાય છે કાંઈ? અહીં તો આચાર્ય સ્પષ્ટ કરે છે કે '**દૂસરે તીર્થકો મત જાવે...**' સમ્મેદશીખર ને શેત્રુંજય ને ગિરનાર ને... અહીંયા જા, તીર્થ અહીંયાં અંદરમાં છે. અંદરમાં સ્થિર ન થઈ શકે ત્યારે શુભભાવ છે તો વ્યવહાર આવે છે. સમજાય છે કાંઈ? એ ટીકામાં લેશે. પણ ખરેખર તો નિશ્ચય પોતાનું તીર્થ છે ત્યાં જવાનું છે. ન્યાં તીર્થમાં ભટકવાથી મળશે એમ નથી. સમ્મેદશીખર ને શેત્રુંજય કહે છે ને (શ્વેતાંબર) લોકો?

---

૧. સાધ્યસાધકભાવનાં સ્પષ્ટીકરણ માટે શ્રી પંચાસ્તિકાય ગુજરાતી ગાથા ૧૬૬ થી ૧૭૨ સુધીની ફૂટનોટ જુઓ-

પૂર્વ નવ્વાણુ વાર ઋષભજિન અહીં આવ્યા હતા. તો નવ્વાણુ જાત્રા કરે તો કલ્યાણ થઈ જાય. ધૂળેય નથી. નવ્વાણું શું લાખ કરે નહિ, એ તો શુભભાવ છે. સમજાય છે કાંઈ? સ્વરૂપમાં અંતરમાં નિર્વિકલ્પ વીતરાગ પરિણતિમાં રહેવું એ પોતાનું તીર્થ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં તો આચાર્ય એનો નિષેધ કરે છે. દેખો! વ્યવહાર નિષિદ્ધ છે ને? તો અહીંયાં સ્પષ્ટ કરે છે. આહા..! '**દૂસરે તીર્થકો મત જાવે,...**' બીજા તીર્થમાં ન જા, પ્રભુ! તારું તીર્થ તો અંદર આનંદસ્વરૂપ છે ને. આહાહા..! નિર્વિકલ્પ આનંદકંદ પ્રભુ ત્યાં ચડ ને, જાને. ત્યાં આરૂઢ થા ને. એ તારું તીર્થ છે. આહાહા..!

મુમુક્ષુ :- આત્મ હી દેવ નિરંજન, આત્મ હી..

ઉત્તર :- ત્રણે એ જ છે. એ આવ્યું ને. દેવ પણ તું, ગુરુ પણ તું અને તીર્થ પણ તું છો. બહારનો તો પછી વ્યવહાર શુભભાવ આવે છે, હોય છે, પણ એ કંઈ મોક્ષનું કારણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? લોકો ત્યાં અથડાય પછી. સમ્મેદશીખર ને શ્વેતાંબરને શેત્રુંજય, દિગંબરને.. શું કહેવાય ઈ? સમ્મેદશીખર. એ હોય છે, ઈ કહેશે હમણાં. ચિત્તની સ્થિરતા માટે એ શુભભાવ હોય છે, પણ એમાં ધર્મ માનવો અને તેનાથી ધર્મ થશે, એ ત્રણકાળમાં નથી. આહાહા..! ભારે ગડબડ, ભાઈ! એકે-સ્થાનકવાસીએ ઊડાવી દીધું. એકે એમાં ધર્મ માની લીધો. સમજાય છે કાંઈ? બેય ભૂલ છે. આહાહા..! કહો, 'દશરથલાલજી'!

આચાર્ય કહે છે કે પર તીર્થમાં ન જા. '**દૂસરે ગુરુકો મત સેવે,...**' આહા..! બીજા ગુરુ તો વ્યવહાર છે. એમનો વિનય, સેવા એ તો શુભભાવ છે. એ કંઈ શુદ્ધભાવ ધર્મ નથી. આહાહા..! 'અમરચંદભાઈ'! આવો માર્ગ લોકોને (આકરો લાગે છે). '**અન્ય દેવકો મત ધ્યાવે,...**' સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતદેવનું ધ્યાન ન કર, એ તો શુભભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ગાથા બહુ (ઊંચી છે). તીર્થમાં દેવ છે. દેવ તો અહીંયાં છે. દેવાધિદેવ.. આહાહા..! સમજાય છે કાંઈ? તું હી દેવાધિદેવ, તું હી દેવનો દેવ. ઓહો..! સમજાય છે કાંઈ?

(સંવત) ૧૯૬૩ની સાલ. ૬૩.. ૬૩. સાલ ૧૯૬૩. લગભગ ૬૩ વર્ષ થયા ને? ૬૮ વર્ષ પહેલા રામલીલા જોવા ગયા હતા ને. ... અંદરથી આવ્યું. 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.' ૧૯૬૩ની સાલ. ૧૭ વર્ષની ઉંમર હતી. દસ અને સાત. આજ તો ૮૭ થયા. સીત્તેર વર્ષ થયા. સમજાય છે કાંઈ? શિવરમણી રમનાર તું. આ રમણી નહિ. પરમાનંદની દશાની રમણતામાં રમણતા કરવી ઈ છે. અને તું હી દેવનો દેવ. દેવનો દેવ દેવાધિદેવ તું છો. આહાહા..! સમજાય છે કાંઈ? એક લીટી રહી ગઈ. હતી તો છ. અમે તો વેપારી છીએ, પણ ઈ અંદરથી આવ્યું હતું. છ લીટી. .. આહાહા..!

અહીં ઈ કહે છે, જુઓ! આહાહા..! '**અન્ય દેવકો મત ધ્યાવે,...**' અન્ય દેવ નામ કુદેવ, કુગુરુની અહીંયાં વાત નથી. અહીં તો અરિહંતદેવને ન ધ્યાવ. આહાહા..! સિદ્ધને ન ધ્યાવ. કેમકે એ પરદ્રવ્ય છે અને તેની ઉપર લક્ષ જતાં તો તને શુભભાવ થશે, પુણ્ય થશે.

પાપથી બચવા, અસ્થાનથી બચવા શુભભાવ આવે છે, પણ એ ધર્મ છે એમ નથી. આહાહા..! તેમ એ ધર્મનું કારણ છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. એ યથાર્થ કારણ છે જ નહિ. એ હમણાં કહેશે. આહા..! અન્ય દેવને ન ધ્યાવ એટલે? કુદેવ, કુગુરુની અહીં વાત નથી. અહીં તો પંચ પરમેષ્ઠી અને અરિહંત, સિદ્ધને પણ ન ધ્યાવ. કેમકે એનું ધ્યાન કરવાથી તને શુભરાગ થશે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'મત ધ્યાવે,...'** **'आत्मानं विमलं'** **'રાગાદિ મલ રહિત આત્માકો છોડકર...'** ભગવાન રાગથી રહિત ભગવાન નિર્મળાનંદ પ્રભુ છે ને. આહાહા..! એકલો આનંદનો ડુંગર, આનંદનો ડુંગર છે. આહાહા..! ત્યાં જાને. તને આત્માના ભેટા થશે. ભગવાનના ભેટા ત્યાં થશે. ન્યાં તીર્થમાં ને બહારમાં ક્યાંય ભગવાનના ભેટા થશે નહિ. આહાહા..! માણસને...

**'રાગાદિ મલ રહિત આત્માકો છોડકર અર્થાત્ અપના આત્મા હી તીર્થ હૈ,...'** પોતાનો ભગવાનઆત્મા તીર્થ છે. ભાઈ! એને બેસતું નથી. આહા..! પરમ અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતશાંતિ, અનંતસ્વચ્છતા, અનંતઈશ્વરતાનો પિંડ પ્રભુ છે. એ તારું તીર્થ છે. એની સમીપ જા, ત્યાં. આહાહા..! સમજાય છે કાંઈ? 'સમયસાર નાટક'માં 'બનારસીદાસે' લીધું છે, શીકા ચડીને શેત્રુંજય ને સમ્મેદશીખર જાય છે, ત્યાં જાણે ભગવાન છે. શીકા સમજો છો? ડોલી.. ડોલી. ડોલી નથી હોતી? એમાં બેસીને જાય. હિન્દીમાં એને શીકા કહે છે. 'બનારસીદાસ'માં આવ્યું છે. શીકે ચડીને જાય. ત્યાં ભગવાન હશે. ભગવાન ન્યાં ક્યાં છે? ભગવાન તો અહીં છે. એ તો નિક્ષેપરૂપે ભગવાન છે, વ્યવહાર છે. પણ પરમાર્થ એ દેવ નથી. આહા..! સમજાય છે કાંઈ? નિર્મળાનંદ ભગવાનને છોડીને **'આત્મા હી તીર્થ હૈ, વહાઁ રમણ કર,...'** આહાહા..! તરવાની શક્તિ તો એમાં છે. એ તીર્થ આત્મા છે. આહાહા..! સમજાય છે કાંઈ? ગાથા બહુ સારી આવી છે. આહા..! પેલા ત્યાગમાં મનાવી દે. તીર્થ છે તો કલ્યાણ થશે. એ તો વ્યવહાર આવે છે, પણ જેને નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન થયા તેને વ્યવહાર આવે છે, પણ તેને પણ પુણ્યબંધનું કારણ છે. સમજાય છે કાંઈ? મોક્ષનું કારણ નહિ. ઉપચારથી એને સાધક અને કારણ કહેશે. છે નહિ. આહાહા..! આવો માર્ગ, ભગવાન!

અનંત અનંત અપરિમિત જ્ઞાનસ્વભાવી પ્રભુ, અનંત અનંત અપરિમિત હદ વિનાનો અનંત આનંદ, એવો ભગવાન નિર્મળ રાગથી ભિન્ન છે, એ તારો આત્મા તીર્થ છે, કહે છે. આહા..! તરવાનો ઉપાય ત્યાંથી નીકળશે. બહારથી આવતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? **'આત્મા હી ગુરુ હૈ, ઉસકી સેવા કર...'** આહા..! આનંદકંદ પ્રભુ.. ત્રીજી ગાથામાં તો એ કહ્યું, નહિ? **'एयतणिच्छयगदो'** તેં આત્મજ્ઞ (પુરુષની) સેવા કરી નહિ. સમયસારમાં આવે છે. ત્યાં વ્યવહાર સિદ્ધ કરવો છે ને. જેને આત્મા જાણ્યો નહિ અને જાણનારની તેં સેવા કરી નહિ તો તને ક્યાંથી મળે? એ નિમિત્ત ત્યાં સિદ્ધ કરવું છે ને.

અહીંયાં કહે છે, ઓહો..! **'આત્મા હી ગુરુ હૈ, ઉસકી સેવા કર ઔર આત્મા હી દેવ હૈ ઉસીકી આરાધના કર.'** દિવ્ય શક્તિનો ધરનાર દેવ પ્રભુઆત્મા છે. એ દેવાધિદેવ, દેવનો

દેવ. છે ને? ઈ સમયસાર કળશમાં આવે છે. એ જ દેવ છે. કળશમાં આવે છે ને? સમજાય છે કાંઈ? દિગંબર આચાર્ય તો કોઈપણ કહે, વસ્તુની સ્થિતિનું વર્ણન કરે છે. સમજાય છે કાંઈ? વ્યવહારનયનું કથન હોય તોપણ. નિશ્ચય લક્ષમાં રાખીને વ્યવહારના કથન છે. જેની પાસે નિશ્ચય નથી ત્યાં વ્યવહાર ક્યાં છે? એવું તો અનંતવાર કર્યું છે. સમજાય છે કાંઈ? પોતા સિવાય બીજાનું સેવન ન કરે, આ જ કથનને વિસ્તારથી કહે છે. લીટીમાં આગળપાછળ થઈ ગયું છે, ભાઈ! જરી લખાણમાં આગળપાછળ છે. પછી આવશે, હોં!

**ભાવાર્થ :- 'યદ્યપિ વ્યવહારનયસે મોક્ષકે સ્થાનક સમ્મેદશીખર...'** છે, વ્યવહારનયથી એ છે. નથી જ એમ નથી. બિલકુલ પ્રતિમા માનવી જ નહિ, પ્રતિમા પૂજાય નહિ, એ તો મિથ્યાદષ્ટિ છે. વ્યવહાર છે. તેને-વ્યવહારને ન માને એ મિથ્યાદષ્ટિ છે. એના સ્થાનમાં-વ્યવહારના સ્થાનમાં વ્યવહાર છે. સમજાય છે કાંઈ? પણ એનાથી નિશ્ચય આત્માનો મોક્ષમાર્ગ પ્રાપ્ત થાય છે, એમ નથી. એટલી વાત છે. આહા..! શુભભાવ થાય, બંધભાવ થાય. પણ આવ્યા વિના રહે નહિ. સમકિતીને પણ, ક્ષાયિક સમકિત હોય તોપણ, અંતરમાં સ્થિર ન થઈ શકે તો અશુભથી બચવા, અસ્થાનથી બચવા માટે તીવ્ર રાગના જ્વરથી છૂટવા માટે આવો શુભરાગ આવ્યા વિના રહેતો નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

એકાવતારી ઈન્દ્રો. શક્રેન્દ્ર એકભવતારી છે. એની ઈન્દ્રાણી એકભવતારી છે. પતિ-પત્ની બેય એક ભવ કરનાર છે. આઠ દિવસ, જ્યાં બાવન જિનાલય શાશ્વત છે. એક એક જિનાલયમાં ૧૦૮ શાશ્વત ભગવાનની રતનની પ્રતિમા છે. જાણે હમણાં બોલશે એવી રત્નની પ્રતિમા છે. આઠમો દ્વિપ છે. (ત્યાં) મનુષ્ય ન જઈ શકે. મનુષ્ય ન જઈ શકે, દેવ જઈ શકે. એ ત્યાં ઘુઘરા બાંધીને નાચે છે, ભક્તિ કરે છે. સમજે છે કે આ ભાવ શુભ છે. સમજાય છે કાંઈ? અંદરમાં એ ખેદનું કારણ, દુઃખનું કારણ જાણે છે. આહાહા..! પણ આવ્યા વિના રહે નહિ. કહો, 'પોપટભાઈ'! આવું છે. સમજાય છે કાંઈ? છે ને?

**'વ્યવહારનયસે મોક્ષકે સ્થાનક સમ્મેદશીખર...'** ગિરનાર, શેત્રુંજય વગેરે **'જિનપ્રતિમા...'** વીતરાગ ત્રિલોકીનાથની પ્રતિમા, **'જિનમંદિર આદિ (વ્યવહાર) તીર્થ હૈં,...'** પુણ્યબંધનું કારણ છે. પણ છે. આહાહા..! 'બનારસીદાસે' તો.. છે અહીંયાં? 'સમયસાર નાટક' છે? આવ્યું, આવ્યું, હોં! ગુણસ્થાનનું આવ્યું. (ચૌદ ગુણસ્થાન અધિકાર).

**જિનપ્રતિમા જિન-સારખી, નમૈ બનારસી તાહિ,**
**જાકી ભક્તિ પ્રભાવસૌં, કીનૌ ગ્રન્થ નિવાહિ।।૧।।**

**જિન-પ્રતિબિંબનું માહાત્મ્ય**

**જાકે મુખ દરસસૌં ભગતકે નૈનનિકૌં,**
**થિરતાકી બાની બઢૈ ચંચલતા વિનસી.**

સમ્યગ્દષ્ટિ સહિતની વાત છે. શુભભાવ.

**મુદ્રા દેખી કેવલીકી મુદ્રા યાદ આવૈ જહાં,**
**જાકે આગૈ ઇંદ્રકી વિભૂતિ દીસૈ તિનસી.**
**જાકૌ જસ જપત પ્રકાસ જગૈ હિરદેમૈં,**
**સોઇ સુદ્ધમતિ હોઇ હુતી જુ મલિનસી.**
**કહત બનારસી સુમહિમા પ્રગટ જાકી,**
**સોહૈ જિનકી છબિ સુવિદ્યમાન જિનસી. ૨.**

હવે આ. જિન-મૂર્તિપુજકોની પ્રશંસા

**જાકે ઉર અંતર સુદિષ્ટિકી લહર લસી,**
**વિનસી મિથ્યાત મોહનિદ્રાકી મમારખી.**
**સૈલી જિનશાસનકી ફૈલી જાકે ઘટ ભયૌ,**
**ગરબકૌ ત્યાગી ષટ-દરવકૌ પારખી.**
**આગમકે અચ્છર પરે હૈં જાકે શ્રવનમૈં,**
**હિરદૈ-ભંડારમેં સમાની વાની આરખી.**
**કહત બનારસી અલપ ભવથિતિ જાકી,**
**સોઈ જિન પ્રતિમા પ્રવાંનૈ જિન સારખી. ૩.**

આવે છે. છે ને. વ્યવહાર છે ને. સમ્યગ્દર્શન સહિત સ્વરૂપના ભાન સહિત આવો ભાવ (આવે છે). કેટલું લખ્યું છે! 'બનારસીદાસ'. એકલા અધ્યાત્મની ભાંગ પીને નાચતા હતા. કોઈ એમ કહે છે ને? ક્યાં ગયા? આહાહા..! અરે..! ભગવાન! જુઓને! આ અધ્યાત્મની વાત કરે છે એની સાથે આ વાત તો કરે છે. અરે..! ભગવાન! એને ન હોય, બાપુ! ભાઈ! તને અધ્યાત્મનો અનાદર કેમ થયો?

અહીં તો ત્રણલોકનો નાથ આત્મા જ દેવ છે, આત્મા જ ગુરુ છે અને આત્મા જ તીર્થ છે, એમ સિદ્ધ કરવું છે. પછી તેમાં સ્થિર ન થઈ શકે તો વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. '**કહત બનારસી અલપ ભવથિતિ જાકી, સોઈ જિન પ્રતિમા પ્રવાંનૈ જિન સારખી.**' આ તો અમારે (સંવત) ૧૯૭૮થી ચાલે છે ને. ૧૯૭૮ની સાલથી આ બધું વાંચ્યું છે. સમજાય છે કાંઈ? અમે તો સંપ્રદાયમાં પણ કહેતા હતા કે, જુઓ! શાસ્ત્રમાં પ્રતિમા છે. તમારો સ્થાનકવાસી પંથ નીકળ્યો એ જૂઠો છે.

ઈ 'રાયચંદ ગાંધી' શેઠે પૂછ્યું હતું. ગૃહસ્થ, ઘણા લાખોપતિ, પચાસ હજારની પેદાશ હતી. રૂનો વેપાર. 'બોટાદ.. બોટાદ'. એકવાર ખાનગીમાં પૂછ્યું હતું, મહારાજ! મેં કીધું, જુઓ! સંપ્રદાયમાં છીએ ત્યાં એવું કેમ કહી શકાય? આમાંથી નીકળી. શાસ્ત્રમાં પ્રતિમા છે. પ્રતિમાપૂજા છે. સમજાય છે કાંઈ? 'રાયચંદ ગાંધી' હતા. 'શાંતિભાઈ'. એણે પૂછ્યું હતું. (સંવત) ૧૯૭૭ની સાલ. છે, વસ્તુ છે, બાપુ! આમાં પડ્યા છીએ ને કહીએ તો ક્લેશ થાય,

વિરોધ થાય. માર્ગ આવો છે, બાપુ! એ વ્યવહારને સ્થાને વ્યવહાર છે. સમજાય છે કાંઈ? અહીં ઈ કહે છે, જુઓ! આહાહા..!

**જિન-પ્રતિમા જન દોષ નિકંદે,**
**સીસ નમાઈ બનારસિ વંદૈ.**
**ફિરિ મનમાંહિ વિચારૈ ઐસા,**
**નાટક ગરંથ પરમ પદે જૈસા.**
**પરમ તત્ત પરચૈ ઈસ માંહી,**
**ગુનથાનકકી રચના નાંહી.**
**યામૈં ગુનથાનક રસ આવૈ,**
**તો ગરંથ અતિ સોભા પાવૈ. ૫.**

પછી ચૌદ ગુણસ્થાન વર્ણવ્યા છે. આ લેવું છે. '**આગમકૈ અચ્છર પરે હૈં જાકે શ્રવનમૈં**' આગમમાં પ્રતિમા છે એવો પાઠ છે. અનાદિ છે, એ નવી વસ્તુ નથી. સમજાય છે કાંઈ? પણ એ વ્યવહાર છે. ત્યાંથી ધર્મ થઈ જશે અને એનાથી જન્મ-મરણનો અંત આવશે એ નહિ. પણ વચ્ચે વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. સમજાય છે કાંઈ? છે પુણ્યબંધનું કારણ. અને 'બનારસીદાસે' તો ત્યાં સુધી લીધું,

**કહત બનારસી અલપ ભવથિતિ જાકી,**
**સોઈ જિન પ્રતિમા પ્રવાંનૈ જિન સારખી.**

સમજાય છે કાંઈ? અજ્ઞાનીને એ વાત નહિ બેસે. જેને સમ્યગ્દર્શન થયું છે અને જેને અલ્પ ભવ છે, એને જિનપ્રતિમા જિન સારખી નિક્ષેપ ભાસમાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ કહ્યું હતું ને?

ઘણા વર્ષ પહેલા શેઠ સાથે ચર્ચા થઈ હતી. 'દામોદર' શેઠ પૈસાવાળા માણસ. એ વખતે સાંઈઠ વર્ષ પહેલા પૈસા ક્યાં બહુ હતા. દસ લાખ રૂપિયા તે દિ' તો. ઓહોહો..! એણે એમ કહ્યું, સ્થાનકવાસી હતા, જ્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે ત્યાં સુધી જિનપ્રતિમાની પૂજા હોય છે. સમ્યગ્દર્શન થયા પછી નહિ. એમ એણે કહ્યું. સ્થાનકવાસી હતા ને. પછી મેં હળવેથી કીધું, જુઓ! નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિને પોતાનું આત્મજ્ઞાન થયું એને શ્રુતજ્ઞાન હોય છે અને શ્રુતજ્ઞાનનો ભેદ તે નિશ્ચય અને વ્યવહારનય છે. વ્યવહારનયનો વિષય નિક્ષેપ જે પ્રતિમા છે એ જ્ઞાનીને જ વ્યવહારનયનો વિષય હોય છે. માટે અજ્ઞાનીને (જ) મૂર્તિપૂજા છે એમ વાત નથી. સમજાય છે કાંઈ? જ્યારે પોતાનું આત્મજ્ઞાન થાય છે ત્યારે શ્રુતજ્ઞાન થાય છે. શ્રુતજ્ઞાનનો પેટા ભેદ નય છે. નિશ્ચય અને વ્યવહાર. અને જ્ઞેયના ભેદમાં નિક્ષેપ ભગવાનની પ્રતિમા છે એ જ્ઞેયનો ભેદ છે. તો વ્યવહારનયનો વિષય ઈ છે. તો જ્ઞાનીને જ વ્યવહારનયનો વિષય સાચો હોય છે. એમ નિષેધ કરો એમ ન ચાલે, કીધું. અમે અહીં સંપ્રદાયમાં આવી ગયા છીએ માટે (માની લઈએ એમ નથી). જરીક ફેરફાર કરશો તો ક્ષણમાં છોડી દઈશું, કીધું. અમે તો આત્મા માટે નીકળ્યા છીએ, અમે કાંઈ વેશ વાડો રાખવા માટે નથી નીકળ્યા.

આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિને જ નય હોય છે અને નયમાં બે ભેદ-નિશ્ચય અને વ્યવહાર. વ્યવહારનયનો વિષય સ્થાપના નિક્ષેપ છે, એ જ્ઞેયનો ભેદ છે. જ્ઞાનના ભેદવાળાને જ્ઞેયનો ભેદ હોય છે. આહાહા..! વાત એમ છે કે એ પુણ્યબંધનું કારણ છે. સમ્યગ્દર્શનમાં પ્રતીત છે, ભાન છે કે આ શુભભાવ થાય છે. સમજાય છે કાંઈ? હેયબુદ્ધિએ પણ આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ અહીં કહે છે.

'**વ્યવહારનયકર...**' છે? જિનપ્રતિમા, જિનમંદિર, સમ્મેદશિખર વગેરે લેવું. તીર્થ છે. '**ક્યોંકિ વહાંસે ગયે મહાન પુરુષોંકે ગુણોંકી યાદ આતી હૈ,...**' એ પહેલા પ્રશ્ન થયો હતો. ત્યાં એક બરવાળાવાળા હતા ને? ગુજરી ગયા ને? સ્થાનકવાસી, સંતબાળને માનતા હતા. 'જગજીવનભાઈ', ઈ 'જગજીવનભાઈ' સ્થાનકવાસી (હતા) ને સંતબાળને માને. પહેલા જ્યારે અમે (સંવત) ૨૦૧૩ની સાલમાં જાત્રામાં જાવું હતું ત્યારે 'મુંબઈ' પહેલાવહેલા મોટરમાં બેઠા. એ વખતે તો કોઈ દિ' બેઠા નથી. જાત્રામાં જાવું હતું ને. ત્યારે એણે પ્રશ્ન કર્યો હતો, મહારાજ! આ જાત્રામાં શું? જુઓ, ભાઈ! જાત્રામાં એમ છે કે જ્યાંથી મુક્તિ પધાર્યા હોય ત્યાં ભગવાન ઉપર છે. ત્યાં જાય છે ત્યારે એમની યાદ આવે છે કે આ ભગવાન માથે છે. એ યાદને માટે જાત્રા છે. પંડિતજી! સમજાય છે કાંઈ? એ કંઈ દેતા નથી. જેમકે અહીં શેત્રુંજય છે ત્યાંથી પાંડવો મોક્ષ પધાર્યા છે. અત્યારે પણ ત્યાં જ છે, એ જ સ્થાનમાં ઉપર બિરાજે છે. ત્યાં જઈને.. આહાહા..! માથે ભગવાન બિરાજે છે એમ યાદ આવે એ જાત્રાનું કારણ છે. સમજાય છે કાંઈ? તો એ પણ ખુશી થઈ ગયા, હોં! નહિતર એ મૂર્તિને ન માને. કારણ કે સંતબાળ મૂર્તિનો નિષેધ કરતો હતો. સ્થાનકવાસીનો અત્યારે હજી છે. પછી તો એણે માન્યું કે શાસ્ત્રમાં મૂર્તિ ૮૧ સાલ સુધી તો છે. જ્યારે પૂર્વધરો હતા ત્યારથી મૂર્તિ છે. ભગવાન પછી ૮૧ વર્ષ સુધી (મૂર્તિ તો છે એવો) શિલાલેખ નીકળ્યો. હમણાં તો ઘણા શીલાલેખ નીકળ્યા છે. પાંચ હજાર વર્ષ પહેલાથી દિગંબર પ્રતિમા છે. મોહન જો દરોમાં. મોહન જો દરોમાં પાંચ હજાર વર્ષ પહેલાની પ્રતિમા છે. પહેલા શ્વેતાંબર હતા ક્યાં? ત્યારથી પ્રતિમા છે. સમજાય છે કાંઈ? પણ એ પ્રતિમામાં, જેને નિશ્ચય સમ્યક્ થયું છે તેને એ વ્યવહાર આવ્યા વિના રહે નહિ અને એને પુણ્યબંધનું કારણ છે. એકલા મિથ્યાદૃષ્ટિને શુભભાવ થાય છે. એને નય અને નિક્ષેપ તો છે નહિ. સમજાય છે કાંઈ? બાબુભાઈ અહીં તો પરીક્ષા કર્યા વિના, અંદરમાં બેઠા વિના અમે હા પાડીએ નહિ. તમે સૌ માનો એમ અમારે નથી. અહીં તો અંદર બેસવું જોઈએ. સમજાય છે કાંઈ? એય..! 'પોપટભાઈ'! આ બધા ઈ હતા. એ બધા સ્થાનકવાસી છે. આહા..!

અહીં ઈ કહે છે, જુઓ! '**જિનમંદિર આદિ તીર્થ હૈં, ક્યોંકિ વહાંસે ગયે મહાન પુરુષોંકે ગુણોંકી યાદ હોતી હૈ,...** ' દેખો! એ નીકળ્યું. જોયું! ત્યાં જાય છે તો ત્યાં પરમાત્મા બિરાજે છે. 'ઋષભદેવ' ભગવાન અષ્ટાપદ પર્વત ઉપર, બીજા તીર્થંકર સમ્મેદશીખર ઉપર. વીસ તીર્થંકર જ્યાંથી મોક્ષ પધાર્યા ત્યાં ઉપર ભગવાન સિદ્ધપણે બિરાજે છે. ત્યાં યાદ આવે છે. ઓહો..! આ ક્ષેત્રે પરમાત્મા (બિરાજે છે). એ એક શુભભાવ છે. છે

તો શુભભાવ, હોં! પરના ગુણનું સ્મરણ પણ શુભભાવ છે. પણ એ આવ્યા વિના રહે નહિ, તેમ એ ધર્મ નથી. આહાહા..! છે?

**'તો ભી...'** કહે છે, ભલે એમ હો, **'તો ભી વીતરાગનિર્વિકલ્પસમાધિરૂપ છેદ રહિત જહાજકર...'** આહાહા..! તરવાનો ઉપાય તો આ છે. આહાહા..! ઈ વચ્ચે આવે છે પણ એ તરવાનો ઉપાય નથી. દેખો! વીતરાગનિર્વિકલ્પ સમાધિ. રાગથી ભિન્ન પોતાની નિર્વિકલ્પ દૃષ્ટિ, જ્ઞાન આદિ છેદ રહિત જહાજ છે. વહાણ કહે છે. છેદ રહિત-કાણું નહિ. એ જહાજ પેલો રાગ તો છેદ છે. આ તો રાગરહિત શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા અંદર થઈ એ રાગરહિત છેદરહિત જહાજ છે. આહાહા..! એ **'છેદરહિત જહાજકર સંસારરૂપી સમુદ્રકે તરનેકો...'** એ છેદરહિત જહાજ, વીતરાગી શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન અને વીતરાગી સ્થિરતા, એ પોતાનું તીર્થ છે. આહાહા..! એ **'સંસારરૂપી સમુદ્રકો તરનેકો સમર્થ જો નિજ આત્મતત્ત્વ હૈ,...'** આહાહા..! સમજાય છે કાંઈ? **'વહી નિશ્ચયકર તીર્થ હૈ,...'** પેલો વ્યવહાર તીર્થ કહ્યું પણ તરવાનો ઉપાય તો અહીં છે. સમજાય છે કાંઈ? પણ એ વચ્ચે આવે છે ઈ તરવાનો ઉપાય નથી. 'અમરચંદજી'! આહાહા..! આવ્યા વિના રહેતો નથી. બે નય છે ને? બે નય છે. કાંઈ એક જ નય છે? આહાહા..! સમજાય છે કાંઈ? **'નિજ આત્મતત્ત્વ હૈ, વહી નિશ્ચયકર તીર્થ હૈ,...'** આહાહા..! લ્યો, બહુ સરસ મૂક્યું છે. ગાથા બહુ સારી આવી ગઈ. હવે પછી થોડું છે ને ઈ આઘુપાછું કરી નાખ્યું છે.

**'યદ્યપિ વ્યવહારનયકર દીક્ષા શિક્ષાકા દેનેવાલા દિગંબર ગુરુ હોતા હૈ,...'** દિગંબર ગુરુ સંત આત્મજ્ઞાની અનુભવી એ ગુરુ છે. વ્યવહારનયકર દીક્ષા, શિક્ષા-ઉપદેશ (દેવાવાળા) દિગંબર ગુરુ હોય છે. છે? **'ઉસકે ઉપદેશ પરંપરાસે પરમાત્મતત્ત્વકા લાભ હોતા હૈ.'** ઈ ત્યાં લેવું. છે ને? પછીની લીટી અહીં લેવી. **'ઉસકે ઉપદેશ...'** એમ છે ને? **'પરંપરાસે પરમાત્મતત્ત્વકા લાભ હોતા હૈ.'** વ્યવહાર છોડીને નિશ્ચય થશે. કારણ કે જ્ઞાનીને ખ્યાલ છે કે આ વ્યવહાર રાગ છે. અશુભથી બચવા આવે છે. પછી શુભ છોડીને સ્થિરતા થશે ત્યારે નિશ્ચય મોક્ષમાર્ગ થશે. આહાહા..! સમજાય છે કાંઈ? 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ, ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થી જન એહ.' 'શ્રીમદ્'નું વાક્ય છે. 'શ્રીમદ્ રાજચંદ્ર'. 'ગિરધરભાઈ'!

મુમુક્ષુ :- એમાં વ્યવહારના આચરણનું ન આવી જાય?

ઉત્તર :- કહ્યું ને વ્યવહાર. 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ.' વ્યવહારના સ્થાનમાં વ્યવહાર સમજવો, નિશ્ચયના સ્થાનમાં નિશ્ચય સમજવો.

**'ઉસકે ઉપદેશ પરંપરાસે...'** કોણ? **'વ્યવહારનયકર દીક્ષા શિક્ષાકા દેનેવાલા દિગંબર ગુરુ હોતા હૈ, ઉસકે ઉપદેશ પરંપરાસે પરમાત્મતત્ત્વકા લાભ હોતા હૈ.'** પરંપરા. છે? **'તો ભી...'** આમ હોવા છતાં **'નિશ્ચયનયકર વિષય કષાય આદિક સમસ્ત વિભાવપરિણામોંકે ત્યાગનેકે સમય નિજ શુદ્ધાત્મા હી ગુરુ હૈ,...'** આહાહા..! એ તો વિકલ્પ છે. દીક્ષા, શિક્ષા

ગુરુ પાસે (લેવી). સેવા, વંદન આદિ વિકલ્પ છે. હોય છે, પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં મુનિને પણ ગુરુની સેવા કરવાનો ભાવ આવે છે. આવે છે ને? વૈયાવચ્ચનો ભાવ આવે છે. 'પ્રવચનસાર'. મુનિને રોગ આદિ હોય, એ વખતે પોતે ધ્યાનમાં ન હોય તો શુભરાગ આવે છે. એની વૈયાવચ્ચમાં બળખા નીકળતા હોય તો સાફ કરે, આમ કરે. એ ભાવ છે ને? પણ એ શુભભાવ છે. પણ એ શુભભાવની મર્યાદા એ વખતે આવ્યા વિના રહેતી નથી. હઠ કરવા જાય તો નહિ (ઠરી શકે). એમ કહે છે. 'પ્રવચનસાર'માં ઉત્સર્ગ અને અપવાદ માર્ગ. એકલો ઉત્સર્ગમાં જશે અને અપવાદ નહિ હોય તો ભ્રષ્ટ થઈ જશે. અને એકલા અપવાદમાં રહેશે અને ઉત્સર્ગનું ધ્યાન નહિ રાખે તો નિશ્ચય નહિ પ્રાપ્ત થાય. આહાહા..! વીતરાગની વાણી તો જુઓ! ઓહો..! સ્યાદ્વવાદ જેની કથનશૈલી. આહાહા..! 'પ્રવચનસાર' માં ચરણાનુયોગમાં એમ લખ્યું છે. ઉત્સર્ગમાર્ગ અને અપવાદમાર્ગ. ચરણાનુયોગમાં છે. આહાહા..!

આ બરાબર સમજવાની વસ્તુ છે. ભગવાન એવી વાત છે, બાપુ! વ્યવહાર આવે છે. ગુરુની સેવા, ગુરુના ઉપદેશથી સમ્યગ્દૃષ્ટિને પરંપરા નામ શુભભાવ છોડીને મુક્તિ થશે. પરંપરા એટલે ઈ. શુભભાવથી મુક્તિ થશે એમ નહિ, પણ શુભભાવ છોડશે ત્યારે થશે. નિશ્ચયથી તો '**વિષય કષાય આદિક સમસ્ત વિભાવપરિણામોં...**' પરની ભક્તિ અને સેવા આદિના વિભાવ પરિણામ '**ત્યાગનેકે સમય...**' આહાહા..! '**નિજ શુદ્ધાત્મા હી...**' જોયું! ત્યાં નિશ્ચય સિદ્ધ કર્યો. '**હી ગુરુ હૈ,...**' ભગવાનઆત્મા ગુરુ છે. આહાહા..! પછી ગુરુ છે એને વ્યવહાર ગુરુ કહેવામાં આવે છે. પણ નિશ્ચય હોય તો ને. નિશ્ચય પોતાનો ગુરુ છે એની તો ખબર નથી. અને પર ગુરુ તારી દેશે. આહાહા..! સમજાય છે કાંઈ?

એક ખોજા હતા. 'બાવળા'ના. 'શ્રીમદ્'ના ભગત અહીં આવતા. પછી કહેતા, અમે તો ગુરુને પકડ્યા છે, હવે ગુરુને તારવા છે, અમારે બીજું કાંઈ છે નહિ. કોણ તારે? સમજાય છે કાંઈ? એ બધો એકાંત આગ્રહ. ગુરુને પકડ્યા. ગુરુ શું સાક્ષાત્ દેવને પકડ્યા હોય તોપણ એ વિકલ્પ છે. સમજાય છે કાંઈ? માર્ગ તો ભાઈ, જેમ છે તેમ છે. ખેંચાતાણ કરે એમ ન ચાલે. આહાહા..! ગુરુ તારી દેશે. ગુરુ તો પર છે. તરવાનો ઉપાય તો તારી પાસે છે.

મુમુક્ષુ :- માર્ગ બતાવ્યો કે નહિ?

ઉત્તર :- માર્ગ બતાવ્યો પણ પ્રગટ કર્યો કોણે? આહાહા..! આ તો નિશ્ચયની વાત ચાલતી હોય ત્યારે તો છતાં વ્યવહાર સિદ્ધ કર્યો, વ્યવહાર છે, પણ વ્યવહાર એ પુણ્યબંધનું કારણ છે. નિશ્ચયથી તો આત્માની વીતરાગ નિર્વિકલ્પ સમાધિ એ દેવ છે. એ ગુરુ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- નિશ્ચય-વ્યવહાર..

ઉત્તર :- નિશ્ચય-વ્યવહાર આમ છે. બેય છે. પણ એમ નથી કે વ્યવહારથી નિશ્ચય થાય છે. એમ નથી. વ્યવહાર છે ખરો, વ્યવહાર નથી એમ નહિ અને વ્યવહારથી નિશ્ચય થાય છે એમ પણ નહિ. એને છોડીને નિશ્ચય થાય છે. એવી વાત છે, ભાઈ! બહુ ખેંચાતાણ

એવી થઈ ગઈ માણસને. પોતાની માન્યતા પ્રમાણે પછી શાસ્ત્રના અર્થ પણ ખેંચાતાણ કરી નાખે. ભગવાન શું કહે છે એની ઉપર દૃષ્ટિ લઈ જવી. પોતાની દૃષ્ટિથી શાસ્ત્રના અર્થ નહિ કરવા. સમજાય છે કાંઈ? ભગવાન સંતો શું કહે છે એની ઉપર દૃષ્ટિ લઈ જવી. પોતાની દૃષ્ટિ હોય કે વ્યવહારથી પ્રાપ્ત થાય, એમ એમાંથી અર્થ કાઢે તો વિરોધ થઈ જાય. પરંપરા કહ્યું. પરંપરાનો અર્થ એ કે શુભરાગ છોડીને શુદ્ધમાં જશે ત્યારે મુક્તિ થશે. સમજાય છે કાંઈ? આહાહા...! સત્ય છે, સત્ય છે. આહાહા..!

'**ઉસીસે સંસારકી નિવૃત્તિ હોતી હૈ,...**' ભાષા દેખો! '**નિજ શુદ્ધાત્મા હી ગુરુ હૈ, ઉસીસે સંસારકી નિવૃત્તિ હોતી હૈ,...**' ગુરુ છે, તીર્થ છે, સેવા કરવી, એ શુભભાવ છે પણ એનાથી સંસારની નિવૃત્તિ નથી થતી. આહાહા..! આવી વાત. ખરેખર તો એ શુભભાવ સંસાર છે. પણ નિશ્ચયવંતને જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન થાય તો આવ્યા વિના રહે નહિ. આહાહા..! આવી વાત છે. આવે માટે એનાથી નિશ્ચય થાય છે એમ નથી. અરે..! ખેંચાતાણ કરી નાખી. 'ટોડરમલ' તો કહે છે, વ્યવહાર અને નિશ્ચયનય. બે નયને વિરોધ છે. બેય ઉપાદેય? નહિ, વ્યવહાર હેય, નિશ્ચય ઉપાદેય. બે છે ખરી. સમજાય છે કાંઈ? હેય છે તો કેમ આવે છે? પણ આવ્યા વિના રહે નહિ. નબળાઈ છે. સમજાય છે કાંઈ? મુનિને પણ પંચ મહાવ્રત આવે છે, અઠ્યાવીસ મૂળગુણ આવે છે. એ શું છે? શુભભાવ છે. દૃષ્ટિમાં તો હેય છે, પણ અસ્થિરતામાં એ આવ્યા વિના રહે નહિ. આહાહા..! એને ધર્મ માને અને મોક્ષનું કારણ માને તો દૃષ્ટિ વિપરીત છે અને એ આવે છે તો ન જ આવવો જોઈએ, એ પણ મિથ્યાઆગ્રહ છે. 'દશરથલાલજી'! આવી વાત છે. આહાહા..!

મુમુક્ષુ :- પુણ્ય સંસાર ... કે સંસારમાં રોકાવાનું?

ઉત્તર :- એ રાગ ઈ સંસાર જ છે. એ ભાવ જ સંસાર છે, જગપંથ છે. એક ફેરી કહ્યું હતું ને? મુનિને.. કહ્યું હતું ને? 'સમયસાર નાટક'માં છે. છઠ્ઠે ગુણસ્થાને આત્મજ્ઞાની ત્રણ કષાયનો અભાવ થયો છે એ મુનિ. 'તા કારણ જગપંથ ઈત'. એને પણ વિકલ્પ આવે છે તો જગપંથ છે. છઠ્ઠે ગુણસ્થાને પ્રમાદ. 'તા કારણ જગપંથ ઈત, ઉત શિવમારગ.. જોર' સ્વભાવની સન્મુખતાની સ્થિરતા એ મોક્ષમાર્ગનું જોર છે. 'પરમાદી જગકો ધુકૈ,' પ્રમાદી વિકલ્પ આવ્યો એ જગ તરફ ઝુકવાવાળો છે. આવે છે પણ જગ તરફ ઝુકે છે. આહાહા..! આવી વીતરાગની વાણી. છે? 'તેથી પ્રમાદ સંસારનું કારણ, અનુભવ મોક્ષનું કારણ. પ્રમાદી સંસારને જોવે છે.' આહાહા..! અને અપ્રમાદી મોક્ષ તરફ જોવે છે અને અંદર ઝુકે છે. આ છઠ્ઠા ગુણસ્થાનની વ્યાખ્યા કરી છે, હોં! આહાહા..! 'જે પરમાદી આલસી જિનકે વિકલ્પ ભૂરી હોઈ સિથલ અનુભૌ વિષૈ તિન્હકૌ શિવપથ દૂરી' જે કંઈ વિકલ્પમાં આવે છે ત્યાં મોક્ષપંથ દૂર થઈ જાય છે. આહાહા..! શિથિલ અનુભવ વિષે. અંતર અનુભવમાં શિથિલ થઈ ગયો. આનંદના નાથમાં સ્થિર થવું જોઈએ (તેને બદલે) વિકલ્પથી શિથિલ થઈ ગયો. આહાહા..! 'તિનકો શિવપંથ દૂરી'. શુભભાવ સમકિતી મુનિને શુભભાવ આવે છે એ પણ શિવપંથથી દૂર છે. આહાહા..! આ દિગંબર વાક્યો તો જુઓ! 'બનારસીદાસ' ગૃહસ્થ છે.

સમકિતદર્શનમાં ક્યાં ફેર છે. સિદ્ધ અને તિર્યંચનું સમકિત સરખું છે. ચારિત્રમાં ફેર છે. સમ્યગ્દર્શન તો તિર્યંચનું અને સિદ્ધનું (સમાન છે). આહાહા..!

એ 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં આવ્યું છે, 'ટોડરમલે' નાખ્યું છે. તિર્યંચનું અને સિદ્ધનું સમકિત, બેયનું એકસરખું છે. આહાહા..! 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં છે. સમજાય છે કાંઈ? 'જે પરમાદી આલસી તેહ અભિમાની જીવ...જે અવિકલ્પી અનુભવી તે સમરસી સદિવ' આહાહા..! 'બનારસીદાસ' પણ.. આહાહા..! 'જે અવિકલ્પી અનુભવી શુદ્ધચેતનાયુત, તે મુનિવર લઘુકાલમેં હોય કર્મસો મુક્ત.' આહાહા..! અનુભવી સમકિતી છે છતાં અનુભવમાં સ્થિર નથી અને આ રાગ આવે છે તો પ્રમાદ છે, સંસાર તરફ ઝુકે છે, કહે છે. આહાહા..! અને 'કુંદકુંદાચાર્યે' 'પુણ્ય-પાપ અધિકાર'માં કહ્યું ને? પહેલી ગાથામાં પુણ્ય જો સંસારમાં દાખલ કરે એને ભલું કેમ કહીએ? આહાહા..! આવે છે. સમજાય છે કાંઈ? શેઠ! આ તમારા પુણ્ય નહિ, હોં! આ પુણ્યથી પૈસા મળ્યા એની વાત નથી. આ તો વર્તમાન પુણ્યભાવની વાત છે. આ પૈસા મળ્યા એ તો પૂર્વના પુણ્યના પરમાણુ હતા એનું છે. આ તો વર્તમાન પુણ્યનો જે ભાવ છે... સમજાય છે કાંઈ? આહાહા..! એ સંસાર છે. સંસારમાં દાખલ કરે જે પુણ્યભાવ તેને ભલો કેમ કહીએ? આહા..! તેથી અહીંયાં આચાર્ય બોલ્યા ને. **मा** તીર્થમાં ન જા. પ્રભુ! એ શુભભાવ છે. આહાહા..! **मा** ગુરુની સેવા ન કર, પ્રભુ! એ શુભભાવ છે. દેવની સેવા કરમા, એ શુભભાવ છે. એમ કહ્યું. વ્યવહારનો નિષેધ કરે છે. આહાહા..! છતાં વ્યવહાર આવે છે. વ્યવહાર ન હોય તો અપ્રમત્ત દશા થઈ જાય. સમજાય છે કાંઈ? ચોથે ગુણસ્થાને પણ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પૂજા હોય છે. પાંચમે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ અને બાર વ્રત હોય છે. છઠ્ઠે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ અને પંચ મહાવ્રત હોય છે. હોય છે ને? પણ એ જાણવાલાયક છે. એવું જાણ. નિષેધ કરે કે એ હોય જ નહિ, એમ પણ નહિ અને એનાથી કલ્યાણ થશે એમ પણ નહિ. સમજાય છે કાંઈ? આવો માર્ગ પ્રભુનો છે, ભાઈ! આહાહા..!

**'નિશ્ચયનયકર વિષય કષાય આદિક સમસ્ત વિભાવપરિણામોંકે ત્યાગને કે સમય...'** જોયું! **'નિજ શુદ્ધાત્મા હી ગુરુ હૈ, ઉસીસે સંસારકી નિવૃત્તિ હોતી હૈ. યદ્યપિ પ્રથમ અવસ્થામેં ચિત્તકી સ્થિરતાકે લિયે...'** દેખો! સમજાય છે કાંઈ? એમાં થોડું પડ્યું રહ્યું. **'सविकल्पापेक्षया चित्तस्थितिकरणार्थं'** સંસ્કૃતમાં છે. સવિકલ્પ. સવિકલ્પ દશામાં હોય ત્યારે **'स्थितिकरणार्थं तीर्थंकरपुण्यहेतुभूतं'** જિનપ્રતિમાની ભક્તિ આદિ હોય છે. શું કહ્યું? પહેલો શબ્દ એમ છે કે **'પ્રથમ અવસ્થામેં ચિત્તકી સ્થિરતાકે લિયે...'** સવિકલ્પ અવસ્થામાં. જ્યારે સમકિતીને અંદર નિર્વિકલ્પ અનુભવ નથી, જ્યારે વિકલ્પ આવે છે તો સવિકલ્પ દશામાં **'ચિત્તકી સ્થિરતાકે લિયે વ્યવહારનયકર જિનપ્રતિમાદિક દેવ કહે જાતે હૈં,...'** જિનપ્રતિમા, સમ્મેદશીખર આદિ દેવ વ્યવહારથી કહેવામાં આવે છે. સાક્ષાત્ ભગવાન પણ વ્યવહારથી દેવ કહેવાય છે. આહા..! **'ઔર યે પરંપરાસે નિર્વાણકે કારણ હૈં,...'** લોકો અહીંયાં મુંઝાય છે.

અજ્ઞાનીની આ વાત નથી. જ્ઞાનીને જેને રાગ હેય વર્તે છે, તેણે અશુભરાગ ટાળ્યો છે અને શુભરાગ ટાળશે એ અપેક્ષાએ પરંપરા કારણ કહ્યું. રાગ કદી મુક્તિનું કારણ થાય? સમજાય છે કાંઈ? રાગનો અભાવ કરશે તો પરંપરા મોક્ષનું કારણ કહેવાય છે. આહાહા..! ભારે વાતું, ભાઈ! કઈ નયનું વાક્ય છે?

અત્યારે આ ગડબડ ચાલી છે ને. 'જગનમોહનલાલજી'એ નાખ્યું, વ્યવહાર પરંપરા હેતુ. કોનો વ્યવહાર? અને કઈ રીતે? મિથ્યાદૃષ્ટિને હજી સમકિતની ખબર નથી એને પડિમા-ફડિમાનો વ્યવહાર એ વ્યવહાર છે જ ક્યાં? આહાહા..! વાદવિવાદે જગતને મારી નાખ્યા. પોતાનો એકાંત પક્ષ પકડે. તો કહે, વ્યવહારથી લાભ ન થાય એ એકાંત નથી? એકાંત જ છે. વ્યવહારથી લાભ નથી, એનું નામ એકાંત છે. પણ વ્યવહાર નથી એમ નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

'**તો ભી નિશ્ચયનયકર પરમ આરાધને યોગ્ય વીતરાગ નિર્વિકલ્પપરમસમાધિકે સમય...**' આહાહા..! વીતરાગી પરિણતિની પરમસમાધિ કાળમાં ભગવાન જ સેવવા લાયક છે. આહાહા..! '**નિજ શુદ્ધાત્મભાવ હી દેવ હૈં,...**' આહાહા..! દિવ્ય શક્તિનો ધણી ભગવાનઆત્મા દેવ છે. અરિહંત આદિ દેવ તો વ્યવહાર દેવ છે. પોતાની અપેક્ષાએ. એની અપેક્ષાએ ભલે નિશ્ચય હોય, આની અપેક્ષાએ પર છે તો પર એ વ્યવહાર દેવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**અન્ય નહીં.**' છે? અન્ય નહીં, એટલે? આ દેવ સિવાય અરિહંતદેવ પણ દેવ નથી, એમ કહે છે. નિશ્ચયમાં તો પોતાનો આત્મા જ દેવ છે, અન્ય દેવ નથી. આહાહા..! ભારે વાત, ભાઈ!

'**ઈસપ્રકાર નિશ્ચય વ્યવહારનયકર સાધ્ય-સાધક-ભાવસે...**' દેખો! નિશ્ચય સાધ્ય છે અને વ્યવહાર સાધક કહેવાય છે. વ્યવહારથી, હોં! '**તીર્થ ગુરુ દેવકા સ્વરૂપ જાનના ચાહિયે.**' આહાહા..! '**નિશ્ચયદેવ, નિશ્ચયગુરુ, નિશ્ચયતીર્થ નિજ આત્મા હી હૈ,...**' આહાહા..! નિશ્ચયદેવ, નિશ્ચયગુરુ, નિશ્ચયતીર્થ છે ને? વિશેષ સ્પષ્ટ કરીને દૃઢ કર્યું છે. '**વહી સાધને યોગ્ય હૈ, ઔર વ્યવહારદેવ જિનેન્દ્ર તથા ઉનકી પ્રતિમા, વ્યવહારગુરુ મહામુનિરાજ, વ્યવહારતીર્થ (સમ્મેદશીખર) સિદ્ધક્ષેત્રાદિક યે સબ નિશ્ચયકે સાધક હૈં,...**' નિમિત્ત છે. એમાં એને નિમિત્ત કહેવાય છે. સાધક કહો, વ્યવહાર સાધક કહો. '**સાધક હૈં, ઈસલિયે પ્રથમ અવસ્થામેં આરાધને યોગ્ય હૈં.**' પ્રથમ અવસ્થામાં શુભભાવ હોય ત્યારે દેવ-ગુરુ-શાસ્ત્ર આરાધવા લાયક છે એમ કહે છે.

'**નિશ્ચયનયકર યે સબ (પર)પદાર્થ હૈં...**' સમજાય છે કાંઈ? નિશ્ચયનયથી સાધ્ય સાધન અંદર લખ્યું છે સાધ્ય સાધનભાવે... '**तीर्थंकरपुण्यहेतुभूतं साध्यसाधकभावेन परंपरया निर्वाणकारणं**' '**ઉનસે સાક્ષાત્ સિદ્ધિ નહીં હૈ,...**' દેખો! વ્યવહાર તીર્થ, વ્યવહાર દેવ, વ્યવહાર ગુરુ, '**ઉનસે સાક્ષાત્ સિદ્ધિ નહીં હૈ,...**' પરંપરાનો અર્થ પ્રથમ અત્યારે નિશ્ચય સહિત શુભભાવ આવ્યો છે, પછી શુભભાવ છોડશે. છોડશે જરૂર. સમજાય છે કાંઈ? કેમકે

શ્રદ્ધામાં એમ આવ્યું છે કે સ્વરૂપમાં ઠરવું એ ચારિત્ર છે. સમ્યક્ થયું, એ સમ્યગ્દર્શનમાં આમ આવ્યું છે કે આ સ્વરૂપમાં ઠરવું એટલું ચારિત્ર છે. એમ સમ્યગ્દર્શનમાં આવ્યું છે. આહા..! સમજાય છે કાંઈ? એ શુભભાવ છોડીને અંદર ઠરશે. અલ્પકાળમાં.. આહાહા..! બીજ થઈ એની પૂનમ થશે જ. પૂનમ થયા વિના રહેશે નહિ. આહાહા..! એમ સમ્યગ્દર્શન આદિની બીજ ઊગી એને પૂર્ણ કેવળજ્ઞાન થયા વિના રહેશે નહિ. વ્યવહાર છોડીને સ્થિર થઈ જશે. આહાહા..! આવી વાત છે, ભાઈ! ગુરુના માનનાર એમ માને કે ગુરુ આપણને તારી દેશે. ગુરુ તારી દેશે? તરવાનો ઉપાય તો તારી પાસે છે? એ કંઈ તારી દેશે? એ.. શેઠ! આવી વાત છે.

મુમુક્ષુ :- ગુરુથી દેશના મળી..

ઉત્તર :- દેશના મળી પણ દેશનાથી ક્યાં સમ્યગ્દર્શન થાય છે? પોતાનો આશ્રય કરે તો સમ્યગ્દર્શન થાય છે. દેશનાથી નથી થતું, એમ કહે છે. દેશના આવે છે, પણ એનું લક્ષ જ્યાં સુધી ત્યાં છે, સમ્યગ્દર્શન નહિ થાય. આહાહા..! એવી વાત છે, ભગવાન! વીતરાગનો માર્ગ સ્યાદ્વાદ અનેકાંતની આ સ્થિતિ છે. વ્યવહારથી પણ થાય અને નિશ્ચયથી પણ થાય, એમ અનેકાંત નથી. નિશ્ચયથી થાય છે, પછી વ્યવહારને છોડીને થાય છે એનું નામ અનેકાંત છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. ચાર જ્ઞાન.. પરંપરા છે.

‘**યહાં શ્રીપરમાત્મપ્રકાશ અધ્યાત્મ ગ્રંથમેં નિશ્ચયદેવ, ગુરુ, તીર્થ અપના આત્મા હી હૈં, ઉસે આરાધનાકર અનંત સિદ્ધ હુએ...**’ દેખો! ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદ પરમાત્મા, એની દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિ એ આરાધના. એનાથી અનંત સિદ્ધ થયા ‘**ઔર હોવેંગે, ઐસા સારાંશ હુઆ.**’ સારાંશ આ છે. પોતાનું આરાધન કરીને મુક્તિને પ્રાપ્ત થાય છે. પરની આરાધના વચ્ચે આવે છે પણ એને છોડીને પોતાની આરાધના કરે તો મુક્તિ થાય છે. (વિશેષ કહેશે...) (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अथ निश्चयेनात्मसंवित्तिरेव दर्शनमिति प्रतिपादयति –**

**९६) अप्पा दंसणु केवलु वि अण्णु सव्वु ववहारु।**
**एक्कु जि जोइय झाइयइ जो तइलोयहँ सारु।।९६।।**

**आत्मा दर्शनं केवलोऽपि अन्यः सर्वः व्यवहारः।**
**एक एव योगिन् ध्यायते यः त्रैलोक्यस्य सारः।।९६।।**

**अप्पा दंसणु केवलु वि आत्मा दर्शनं सम्यक्त्वं भवति। कथंभूतोऽपि। केवलोऽपि। अण्णु सव्वु ववहारु अन्यः शेषः सर्वोऽपि व्यवहारः। तेन कारणेन एक्कु जि जोइय झाइयइ हे योगिन्, एक एव ध्यायते। यः आत्मा कथंभूतः। जो तइलोयहं सारु यः परमात्मा त्रैलोक्यस्य सारभूत**

इति। तद्यथा। वीतरागचिदानन्दैकस्वभावात्मतत्त्वसम्यक् श्रद्धानज्ञानानुभूतिरूपाभेद-रत्नत्रयलक्षणनिर्विकल्पत्रिगुप्तिसमाधिपरिणतो निश्चयनयेन स्वात्मैव सम्यक्त्वं अन्यः सर्वोऽपि व्यवहारस्तेन कारणेन स एव ध्यातव्य इति। अत्र यथा द्राक्षाकर्पूरश्रीखण्डादिबहुद्रव्यैर्निष्पन्नमपि पानकमभेदविवक्षया कृत्वैकं भण्यते, तथा शुद्धात्मानुभूतिलक्षणैर्निश्चयसम्यग्दर्शनज्ञानचारित्रै-र्बहुभिः परिणतो अनेकोऽप्यात्मात्वभेदविवक्षया एकोऽपि भण्यत इति भावार्थः। तथा चोक्तं अभेद-रत्नत्रयलक्षणम् – 'दर्शनमात्मविनिश्चितिरात्मपरिज्ञानमिष्यते बोधः। स्थितिरात्मन चारित्रं कृत एतेभ्यो भवति बन्धः।।'।।९६।।

---

आगे निश्चयनयकर आत्मस्वरूप ही सम्यग्दर्शन है –

**गाथा – ९६**

अन्वयार्थ :– [ केवलः आत्मा अपि ] केवल [ एक ] आत्मा ही [ दर्शनं ] सम्यग्दर्शन है, [ अन्यः सर्वः व्यवहारः ] दूसरा सब व्यवहार है, इसलिये [ योगिन् ] हे योगी [ एक एव ध्यायते ] एक आत्मा ही ध्यान करने योग्य है, [ यः त्रैलोक्यस्य सारः ] जो कि तीन लोकमें सार है।

भावार्थ :– वीतराग चिदानंद अखंड स्वभाव, आत्मतत्त्वका सम्यक् श्रद्धान ज्ञान अनुभवरूप जो अभेदरत्नत्रय वही जिसका लक्षण है, तथा मनोगुप्ति आदि तीन गुप्तिरूप समाधिमें लीन निश्चयनयसे निज आत्मा ही निश्चयसम्यक्त्व है, अन्य सब व्यवहार है। इस कारण आत्मा ही ध्यावने योग्य है। जैसे दाख, कपूर, चन्दन इत्यादि बहुत द्रव्योंसे बनाया गया जो पीनेका रस यद्यपि अनेक रसरूप है, तो भी अभेदनयकर एक पानवस्तु कही जाती है, उसी तरह शुद्धात्मानुभूतिस्वरूप निश्चयसम्यग्दर्शन ज्ञान चारित्रादि अनेक भावोंसे परिणत हुआ आत्मा अनेकरूप है, तो भी अभेदनयकी विवक्षासे आत्मा एक ही वस्तु है। यही अभेदरत्नत्रयका स्वरूप जैन सिद्धान्तोंमें हरएक जगह कहा है – 'दर्शनमित्यादि' इसका अर्थ ऐसा है, कि आत्माका निश्चय वह सम्यग्दर्शन है, आत्माका जानना वह सम्यग्ज्ञान है, और आत्मामें निश्चल होना वह सम्यक्चारित्र है, यह निश्चयरत्नत्रय साक्षात् मोक्षका कारण है, इनसे बंध कैसे हो सकता है ? कभी नहीं हो सकता।।९६।।

---

હવે, નિશ્ચયથી આત્મસંવિત્તિ જ (આત્માનું સંવેદન જ) દર્શન (સમ્યક્ત્વ) છે, એમ કહે છે :

ભાવાર્થ :- નિશ્ચયનયથી વીતરાગ ચિદાનંદ જ જેનો એક સ્વભાવ છે એવા આત્મતત્ત્વનાં સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્અનુભૂતિરૂપ અભેદરત્નત્રયસ્વરૂપ અને નિર્વિકલ્પ ત્રિગુપ્તિયુક્ત સમાધિમાં પરિણમેલો સ્વાત્મા જ સમ્યક્ત્વ છે, બાકીનો બધોય વ્યવહાર છે, તેથી તે જ (સ્વાત્મા જ) ધ્યાવવા યોગ્ય છે.

**અહીં જેવી રીતે દ્રાક્ષ, કપૂર, ચંદનાદિ અનેક દ્રવ્યોથી બનેલ પાનક અભેદ વિવક્ષાએ કરીને એક જ કહેવાય છે, તેવી રીતે શુદ્ધઆત્માની અનુભૂતિસ્વરૂપ નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાનચારિત્રાત્મક અનેક ભાવોરૂપે પરિણમેલો આત્મા અનેક હોવા છતાં અભેદવિવક્ષાથી એક જ કહેવાય છે, એવો ભાવાર્થ છે. (શ્રી અમૃતચંદ્રાચાર્ય કૃત પુરુષાર્થસિદ્ધ્યુપાય ગાથા ૨૧૬માં) અભેદરત્નત્રયનું સ્વરૂપ એ જ પ્રમાણે કહ્યું છે કે : 'दर्शनमात्मविनिश्चिति-रात्मपरिज्ञानमिष्यते बोधः। स्थितिरात्मनि चारित्रं कुत एतेभ्यो भवति बंधः' અર્થ : આત્માના સ્વરૂપનો નિશ્ચય થવો તે સમ્યગ્દર્શન છે, આત્માના સ્વરૂપનું પરિજ્ઞાન થવું તે સમ્યગ્જ્ઞાન છે અને આત્મસ્વરૂપમાં લીન થવું તે સમ્યગ્ચારિત્ર છે. જ્યારે આ ત્રણેય ગુણ આત્મસ્વરૂપ છે તો એનાથી કર્મોનો બંધ કેવી રીતે થઈ શકે? (અર્થાત્ થઈ શકતો નથી, તે નિશ્ચયરત્નત્રય સાક્ષાત્ મોક્ષનું કારણ છે.) ૯૬.**

## વીર સંવત ૨૫૦૨, ભાદરવા સુદ ૧, ગુરુવાર
## તા. ૨૬-૦૮-૧૯૭૬, ગાથા-૯૬, પ્રવચન નં. ૭૩

'પરમાત્મપ્રકાશ', ૯૬ ગાથા. પહેલા ભાગની ૯૬. પહેલા ભાગની ૯૬ ગાથા, હોં! **'આગે નિશ્ચયનયકર આત્મસ્વરૂપ હી સમ્યગ્દર્શન હૈ-'** મુદ્દાની વાત કરે છે.

**૯૬) अप्पा दंसणु केवलु वि अण्णु सव्वु ववहारु।**
**एक्कु जि जोइय झाइयइ जो तइलोयहँ सारु।।९६।।**

આહા..! ગાથા બહુ અલૌકિક છે!

**અન્વયાર્થ :- 'केवलः आत्मा अपि' 'કેવલ...' 'एक' 'આત્મા હી સમ્યગ્દર્શન હૈ,...'** આહાહા..! અર્થાત્ સમ્યગ્દર્શન માત્ર કેવળ આત્માના આશ્રયે થાય છે. ત્યાં કોઈ વ્યવહાર-બ્યવહારથી થાય છે એમ નથી. આહાહા..! વાત તો એવી છે પણ અત્યારે ગડબડ એવી કરી નાખી છે. સમજાય છે કાંઈ? કેવળ આત્મા જ. એમ છે ને? આહાહા..! **'केवलु वि आत्मा दर्शनं सम्यक्त्वं भवति'** આહાહા..! એકલો આત્મા ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુના આશ્રયે જ સમ્યગ્દર્શન થાય છે. તો એ આત્મા જ સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ?

**'अन्यः सर्वः व्यवहारः' 'દૂસરા સબ વ્યવહાર હૈ,...'** વ્યવહારનો અર્થ એના આશ્રયે સમ્યગ્દર્શન નથી થતું, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? પોતાનો મોક્ષમાર્ગ-દર્શન, જ્ઞાન, ચારિત્ર તો આત્મા જ છે અથવા આત્માના આશ્રયે ઉત્પન્ન થાય છે તો એ આત્મા જ છે. આગળ કહેશે, તો આ બીજો વ્યવહાર શું છે? અન્ય વ્યવહાર હો. બાહ્ય સહકારી કારણ

તરીકે એને હો. વ્યવહાર દયા, દાન, વ્રતાદિના ભાવ કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ એ કેવળ મોક્ષના માર્ગમાં બાહ્ય સહકારી કારણ કહેવામાં આવે છે. બસ, એટલું. સમજાય છે કાંઈ? પણ ઉપાદાન તો આત્માથી જ સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**સબ વ્યવહાર હૈ,...**' એમ કહીને વ્યવહારના આશ્રયે સમ્યગ્દર્શન નથી થતું એમ હવે સિદ્ધ કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- વ્યવહાર સાધક, નિશ્ચય સાધ્ય તો કહ્યું.

ઉત્તર :- એ સાધકનો અર્થ બાહ્ય સહકારીનો આરોપ દઈને સાધક કહ્યું. સાધક છે નહિ. આ વાત છે. આગળ ગાથામાં આવશે. પોતાના આત્માના અવલંબને, જેમાં અનંતઆનંદ, જ્ઞાન આદિ ભર્યા છે, પ્રભુ! એના આશ્રયે, તેની પૂર્ણતાના સ્વીકારથી સમ્યગ્દર્શન થાય છે, તે જ મોક્ષનો માર્ગ છે. સાથે એને સાધક કહ્યું, બાહ્ય નિમિત્ત કારણને જોઈને. એ હમણાં આવશે. ૯૮માં? ૯૮માં આવશે. ૯૮ છે ને? ૯૮નો ભાવાર્થ.

'**વીતરાગનિર્વિકલ્પસમાધિરૂપ શુદ્ધભાવના નહીં હૈ, ઉસકે શાસ્ત્ર, પુરાણ, તપશ્ચરણાદિ સબ વ્યર્થ હૈં.**' છે? આ ભગવાનના ચોપડામાં તો આમ છે. આહા..! '**યહાં શિષ્ય પ્રશ્ન કરતા હૈ...**' જુઓ હવે. '**ક્યા બિલકુલ હી નિરર્થક હૈ?**' બિલકુલ નિરર્થક છે? આહાહા..! '**ઉસકા સમાધાન ઐસા હૈ કિ, બિલકુલ તો નહીં હૈ, લેકિન વીતરાગ સમ્યક્ત્વરૂપ નિજ શુદ્ધાત્માકી ભાવના સહિત હો, તબ તો મોક્ષકે બાહ્ય સહકારીકારણ હૈ...**' બાહ્ય સહકારી-સાથે છે તો નિમિત્તકારણ કહેવામાં આવે છે. આહાહા..! જુઓને એ! 'ટોડરમલે' ખુલાસો કર્યો છે એ વાત અહીંથી નીકળે છે. જે આત્મા પોતાના આશ્રયે... આહાહા..! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ કરે છે તો એ એક જ મોક્ષમાર્ગ છે. અન્ય બધું વ્યવહાર નામ મોક્ષમાર્ગ નથી એમ અહીંયા ચાલતી ગાથામાં કહેવું છે. એને અહીંયા કહ્યું કે અંતરમાં અભેદ રત્નત્રય સ્વના આશ્રયે પ્રગટ થયા હોય તો એ બધાને બાહ્ય સહકારી જોઈને, નિમિત્ત સહકારી કારણ કહેવામાં આવે છે. બાહ્ય સહકારી કારણ. અંતરમાં નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એક વાત (થઈ).

'**યદિ વે વીતરાગસમ્યક્ત્વકે અભાવરૂપ હો, તો પુણ્યબંધકે કારણ હૈં,...**' અંતર સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન થયું ન હોય અને એ વ્યવહાર હોય તો પુણ્યબંધનું કારણ છે. બે (વાત થઈ). '**ઔર જો મિથ્યાત્વરાગાદિ સહિત હો તો પાપબંધકે કારણ હૈં,...**' ત્રણ ખુલાસા કર્યા. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા જે પૂર્ણ શુદ્ધ ચૈતન્યની સન્મુખ થઈને-એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ થાય છે. અહીં સમ્યગ્દર્શનની વાત મુખ્ય છે ને. તો સાથે એ વ્યવહાર હોય તો એને બાહ્ય સહકારી નિમિત્ત તરીકે કહો, જાણો. એમ કહે છે. અને અંતર સ્વભાવનો આશ્રય નથી અને એ વ્યવહાર હો તો મિથ્યાત્વસહિત પુણ્યબંધ થાય છે. આહાહા..! અને ઈ ન હોય.. સમજાય છે કાંઈ? '**મિથ્યાત્વરાગાદિ સહિત હો તો પાપબંધકે કારણ હૈં,...**' આહાહા..! વ્યવહારરત્નત્રય પણ મિથ્યાશ્રદ્ધા સહિત

હો તો એ પાપબંધનું કારણ છે. જુઓ! જેને મોક્ષનું બાહ્ય સહકારી કહેતા હતા એ મિથ્યાત્વ રાગાદિ સહિત હો તો એ પાપબંધના કારણ છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વીતરાગ સમકિત નથી અને એકલા દયા, દાન, વ્યવહાર શ્રદ્ધા, જ્ઞાન હો તો પુણ્યબંધનું કારણ છે.

મુમુક્ષુ :- મિથ્યાત્વ..

ઉત્તર :- મિથ્યાત્વ તો સાથે છે જ, પણ અહીં તો હજી એને અભાવ છે એટલું લીધું છે. વીતરાગી સમકિત નથી પણ એનું જોર અંતર વલણ તરફ નથી. પણ જરી એનો શુભભાવ છે તો એને બાહ્ય પુણ્યબંધનું કારણ કહ્યું છે. છે તો એ સમકિત વિના. કહ્યું ને? '**વીતરાગસમ્યક્ત્વકે અભાવરૂપ હોં...**' એમ કહ્યું ને. સમકિત તો નથી. '**તો પુણ્યબંધકે કારણ હૈં, ઔર મિથ્યાત્વરાગાદિ સહિત હોં,...**' તદ્દન પરસન્મુખની દૃષ્ટિ અને પરસન્મુખનો રાગ હો તો તો પાપબંધનું કારણ છે. '**જૈસે કે રુદ્ર...**' શંકર આદિ '**વિદ્યાનુવાદનામા દસવેં પૂર્વ તક શાસ્ત્ર પઢકર ભ્રષ્ટ હો જાતે હૈં.**' સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં તો અન્ય વ્યવહાર આવ્યું ને? '**આત્મા હી સમ્યગ્દર્શન હૈ, દૂસરા સબ વ્યવહાર હૈ,...**' આહાહા..! ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, ભક્તિ, પૂજા, દાન, દયા, વ્રત, તપ આદિ હો, એ બધો વિકલ્પ છે અને બધો અન્ય વ્યવહાર છે એનો અર્થ કે મોક્ષમાર્ગ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! એને ઉદ્ધાર કરવાનો રસ્તો તો પ્રભુઆત્મા છે. એ આત્માનું અવલંબન લીધા વિના જે કંઈ કરે એ બધું નિરર્થક છે, મોક્ષમાર્ગમાં એ સાર્થક નથી. મોક્ષમાર્ગ માટે નિરર્થક, સંસાર માટે સાર્થક. આહાહા..! આવી વાત છે, ભાઈ! ભાષા જુઓને! '**अन्यः सर्वः व्यवहारः**'. આહા..! ભગવાનઆત્મા અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન પ્રગટ કરે તો એ સમ્યગ્દર્શન આત્મા જ છે. એ સિવાય અનાત્મા છે. એમ કહેવું છે. બધો વ્યવહાર અનાત્મા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- મિથ્યાત્વના અભાવ વગર...

ઉત્તર :- નહિ, નહિ. અભાવ છે પણ જરી મંદ છે. તીવ્ર મિથ્યાત્વ નહિ, મંદ છે અને એની સાથે પુણ્યબંધ.

મુમુક્ષુ :- સન્મુખતા છે...

ઉત્તર :- સન્મુખ તો નથી. મંદ છે એટલું. મંદ તો થાય છે ને. મિથ્યાત્વ, અનંતાનુબંધીની મંદતા થાય છે. છતાં મંદ થાય એ કંઈ વસ્તુ નથી. સમજાય છે કાંઈ? પુણ્યબંધ થાય છે, એમ કહે છે. આહાહા..! ગજબ વાત છે, ભાઈ! વીતરાગનો માર્ગ અત્યારે બહુ વીંખાઈ ગયો. ચારે કોર રાડેરાડ પાડે છે. અરે..! આ વ્યવહારનો તિરસ્કાર કરે છે, તિરસ્કાર કરે છે. વ્યવહારથી થાય છે એમ માનતા નથી, એકાંત છે. જૈન ગેજેટમાં બહુ

આવે છે. આહાહા..! અરે..! ભગવાન! ભાઈ! તારી ચીજને છોડીને જે થાય છે એ આત્માના મોક્ષનું કારણ નથી. એ તો અનાત્મા છે ને, પ્રભુ! આહાહા..! અનાત્મા એ આત્માના મોક્ષના કારણમાં કેમ મદદ કરે? સમજાય છે કાંઈ? ભાષા જુઓને સિદ્ધાંત.

'**આત્મા હી...**' એમ શબ્દ છે ને? ટીકામાં ખુલાસો એમ છે, '**अप्पा दंसणु**'. આત્મા જ દર્શન છે. આહાહા..! ભાઈ! એને આત્માની કિંમત લોકોને નથી. આત્મા મહાપ્રભુ આનંદનો નાથ, અતીન્દ્રિય સહજાનંદ પ્રભુ, સહજાત્મસ્વરૂપ સહજ આત્મસ્વરૂપ ત્રિકાળ, એની સન્મુખ થઈને, એના આશ્રયે, સમ્યગ્દર્શન એના આશ્રયે થયું તો એ આત્મા છે, એમ કહે છે. આહાહા..! ભાવમાં જરી વિચાર કરવો જોઈએ, ભાઈ! અહીં કહે છે, '**अप्पा दंसणु**' આત્મા જ સમ્યગ્દર્શન છે. '**अन्यः सर्वः व्यवहारः**' છે. આહા..! એક લીટીમાં તો કેટલું નાખ્યું છે! આ સિદ્ધાંત કહેવાય. સમજાય છે કાંઈ? ગંભીરતાનો પાર નહિ. આહાહા..! આ સંતોની વાણી. રામબાણ વાણી છે. એક પંક્તિમાં આટલું ભરી દીધું છે. આહા..!

ભગવાનઆત્મા વસ્તુ છે ને. પરમાનંદ અનાકુળ શાંતરસનો કંદ પ્રભુ છે. એ સમ્યગ્દર્શન આત્મા છે. કેમ કે આત્માના આશ્રયે ઉત્પન્ન થયું તો એ આત્મા છે. આહાહા..! અને પરના આશ્રયે ઉત્પન્ન થાય એ વ્યવહારે અનાત્મા છે. આહાહા..! વાત તો આવી છે, પ્રભુ! લોકોને પણ આ પદ્ધતિ રીત નહોતી, નવી આવી એટલે એને લાગે છે. શાસ્ત્રમાં તો પહેલેથી પડી છે. આ નવું બનાવ્યું છે? આ સોનગઢનું છે? 'અમરચંદભાઈ'!

મુમુક્ષુ :- એનો આપે ઉકેલ કરી દીધો.

ઉત્તર :- ઈ જુદી વાત છે. આ છે. આહાહા..! એ.. શેઠ! આ 'પરમાત્મપ્રકાશ' પહેલાનું છે કે અહીંનું છે? પહેલાનું છે?

મુમુક્ષુ :- અહીંયાં તો છપાણું પણ નથી.

ઉત્તર :- છપાવ્યું, ઈ વાત સાચી. આ પ્રકાશન પણ ત્યાંથી આવ્યું છે, 'અગાસ'થી આવ્યા છે. હમણાં નવા આવ્યા છે, કોઈ કહે છે. કેટલા? ૨૫૦! ઓહોહો..! ૧૦૦૦ આવ્યા. પહેલા ૨૫૦, પછી ૧૦૦, પછી ૪૦૦, હવે ૨૫૦. ૧૦૦૦ થયા, ઘણા પડ્યા હશે. 'અગાસ'માં છપાવ્યા છે. શેઠ કહે છે એમ અહીં નથી છપાયું. આ તો બીજે ઠેકાણે છપાયા છે. આહા..! અહીં છપાયું હોય તોપણ શબ્દો તો ઈના ઈ છે ને. આહાહા..! ગજબ વાત છે! ૯૬ ગાથા, આહાહા..!

'**આત્મા હી સમ્યગ્દર્શન હૈ,...**' છે? આહાહા..! '**केवलु**' એમ લખ્યું છે ને? આહા..! પાછી ખુબી શું છે? ભગવાન પૂર્ણાનંદ ઉપર જેની દૃષ્ટિ ગઈ... આહાહા..! તો એ દૃષ્ટિનો આશ્રય તો ભગવાનઆત્મા થયો અને એ દૃષ્ટિ આત્માના આશ્રયે થઈ તો આત્માના આશ્રયે થઈ એ જ આત્મા છે. આહાહા..! અને '**अन्यः सर्वः व्यवहारः**' ઓહોહો..! સંતો દિગંબર મુનિઓની વાણી તો દેખો! ઓહોહો..! એક પંક્તિમાં તો આખા ચૌદ બ્રહ્માંડનો સાર ભરી દીધો છે. નિશ્ચય અને વ્યવહાર, બેનો ફેંસલો કરી નાખ્યો છે. આહાહા..!

સમજાય છે કાંઈ? સંતો કેવળીઓના કેડાયતો છે. એની કેડે કેડે ચાલનારા અને અલ્પકાળમાં કેવળજ્ઞાન લેનારા. ચોક્કસ લેનારા. આહાહા..!

કહે છે કે જેમાં સંપૂર્ણ શક્તિ અને સંપૂર્ણ આનંદ પડ્યો છે, સંપૂર્ણ જ્ઞાન છે, એવો ભગવાનઆત્મા પ્રભુ! જે ધ્રુવ સામાન્ય એકરૂપ સ્વભાવનો વિશેષ આશ્રય લીધો, એનો વિશેષ આશ્રય લીધો. સમ્યગ્દર્શન એ વિશેષ છે. આહાહા..! સામાન્યનો આશ્રય લીધો. સામાન્યનું વિશેષ થયું માટે એ આત્મા છે. સમજાય છે કાંઈ? આહાહા..! પુસ્તક છે. અમારે 'જયંતિભાઈ'ને નહોતું તો આપ્યું, અહીં પડ્યું હતું. 'જયંતિભાઈ'ને આપ્યું, એ.. 'મલૂકચંદભાઈ'! અહીં અમારી પાસે એક હતું. એક ખાલી હતું તે આપ્યું હમણાં. વાંચે તો ખરા, પછી અહીં મૂકી દેજો. આવ્યા છે. આહાહા..!

આ ભગવાનઆત્મા, જે વિકલ્પથી ખાલી અને અનંત અનંત સ્વભાવથી ભરપુર. આહાહા..! સમજાય છે કાંઈ? એ વર્તમાન પર્યાયથી પણ ખાલી છે અને અનંત ગુણથી ભરપુર ભરેલો ભંડાર છે. 'પોપટભાઈ'! તમારા બે કરોડના ભંડાર-ફંડારની તો અહીં કિંમત ન મળે. આહાહા..! આ તો અંદર અનંતો ભંડાર ભર્યો છે.

મુમુક્ષુ :- અખૂટ.. અખૂટ.

ઉત્તર :- અખૂટ. આહાહા..! ખૂટે નહિ. કેવળજ્ઞાનની પર્યાય અનંતી કાઢે તોપણ ખૂટે નહિ. આહાહા..! જેમાંથી કેવળજ્ઞાનની પર્યાય કાઢે, એક સમય, બે સમય એમ અનંત સમય કાઢે તોપણ એ ખૂટે નહિ એવો ભગવાન ભંડાર અંદર છે. આહાહા..! શંકરનો ભંડાર છે ઈ. આ લોકો દુકાનમાં પેસતા પગે નથી લાગતા? દુકાનમાં અંદર પેસે ને? સવારે દુકાન ઉઘાડે ત્યારે. ઉંબરાને પગે લાગે. શંકરનો ભંડાર છે. એમ કે આજે પેદાશ ખુબ હજો. દુકાનમાં તમારે ત્યાં નથી કરતા? સવારે દુકાન ખોલે ને, સવારે દુકાન ખોલે (એટલે ઉંબરાને પગે લાગે). અમારે તો અહીં દુકાનમાં થાય છે. અમારે બીજા કરતા હતા, આપણે કરતા નહોતા દુકાન ખોલીએ ત્યારે. એમ કે આ શંકરનો ભંડાર છે. આ શંકર નામ સુખનો ભંડાર તો આ છે. શંકર નામ સુખ થાય છે. સુખનો ભંડાર ભગવાન અંતર પૂર્ણાનંદનો નાથ. આહાહા..! જેનો જેણે આશ્રય લીધો એવું સમ્યગ્દર્શન, એ સામાન્યનું જ વિશેષ થયું. તો વિશેષ એ આત્મા જ છે. આ સિવાય અન્ય જેટલા વિકલ્પ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના વિકલ્પ, અરે..! શાસ્ત્ર ભણવાનો વિકલ્પ, એ બધું અનાત્મા છે. આ આત્મા છે તો એ વ્યવહાર અન્ય છે તો અનાત્મા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ગુરુનો ઉપદેશ..

ઉત્તર :- ગુરુનો ઉપદેશ અનાત્મા છે. અહીં તો શેઠ! એવી વાત છે. આ તો ત્રણલોકના નાથ જિનવરદેવનો માર્ગ છે પ્રભુ આ! વીતરાગી પ્રધાન દશા. આહાહા..! જેમાં પરની સાથે સ્નેહનો સંબંધ નથી, રાગનો સંબંધ નથી. આહાહા..! એવો ભગવાનઆત્મા... ઓહોહો..! એક લીટીએ તો ગજબ કર્યો છે!

'**अप्पा दंसणु केवलु**' એમ છે ને? એટલે કેવળમાં એક આવી ગયું, ભાઈ! એકલું કેવળ

આત્મા દર્શન છે. આહાહા..! સમ્યગ્દર્શનને માટે ભગવાન એકલો આત્મા જ આશ્રય છે. માટે દર્શનને કેવળ આત્મા કહેવામાં આવે છે. આહાહા..! પુસ્તક સામે છે ને? જુઓને! એને માટે તો રાખીએ છીએ. નહિતર કંઈ વાંચન અહીં થાય અને પુસ્તક નીચે હોય? પણ આ તો એને વિશેષ ખ્યાલ આવે એ ખાતર પુસ્તક રાખીએ છીએ. સમજાય છે કાંઈ? '**अन्यः सर्वः व्यवहारः**' બે ભાષા કરી. એક કોર ભગવાનઆત્મા સમ્યગ્દર્શન એકરૂપ આત્મા, અન્ય સર્વ વ્યવહાર. આહાહા..! ચાહે તો દયા, દાનના વિકલ્પ ઉઠે, ભગવાનની ભક્તિ, તીર્થંકર ગોત્રનો ભાવ (હો), બધો વ્યવહાર છે. આહાહા..! પરના આશ્રયે ઉત્પન્ન થયા એ બધો વ્યવહાર છે. પોતાના આશ્રયે ઉત્પન્ન થયો એ આત્મા છે. આહાહા..!

ભગવાન નિજ આંગણે આવ્યા, પર્યાયમાં આવ્યા. આહાહા..! જે સ્વભાવમાં પૂર્ણાનંદમાં હતું, એનો આશ્રય લીધો તો એ પર્યાયમાં ભગવાન આવ્યા. આહાહા..! ઓહોહો..! દર્શનની પર્યાયમાં આખા આત્માની શ્રદ્ધા થઈ. ભલે આત્મા પર્યાયમાં આવ્યો નહિ પણ આખા આત્માની શ્રદ્ધા થઈ તો આત્મા આવ્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો બાપુ! વીતરાગનો માર્ગ છે, ભાઈ! ચાહે તો દુઃખીજન પ્રાણી! ભાઈ નથી આવ્યા? 'છોટુભાઈ રાયચંદ'. એને બિચારાને બેય આંખ ગઈ છે. બહુ હિંમતવાળા માણસ. જામરને લઈને આંખ ગઈ. જામરની ખબરેય ન પડે કે આ છે. આહાહા..! દેહની દશા.. ભગવાન કોઈ દિ' આંધળો થતો નથી. એ તો જ્ઞાનચક્ષુ ભગવાનઆત્મા. જેના જ્ઞાનચક્ષુ છે એવા ભગવાનનો જેણે આશ્રય લીધો, મોટાનું શરણ જેણે લીધું, એ પર્યાય પણ આત્મા થઈ ગઈ. આહાહા..! સમજાય છે કાંઈ? જેણે નિમિત્ત અને પરનો આશ્રય લીધો એ અનાત્મા થઈ ગયા. આહાહા..! ત્રણલોકના નાથનો આશ્રય લીધો તો આત્મા થઈ ગયો. સમજાય છે કાંઈ? પર્યાયમાં વારસો મળ્યો. દ્રવ્યની જેટલી શક્તિ છે તેનો પર્યાયમાં વારસો મળ્યો. તેથી તેને આત્મા કહે છે. આહાહા..! અને વિકલ્પ વ્યવહારાદિ છે એ બધા આત્માથી ભિન્ન છે માટે અનાત્મા છે, એમ કહે છે. એમ કહ્યું ને અહીંયાં? આહાહા..! ગજબ વાત, પ્રભુ! લોકોને બેસે ન બેસે, એકાંત માને ન માને, સ્વતંત્ર છે, ભાઈ! માર્ગ તો પ્રભુનો આ છે. પ્રભુના શ્રીમુખે દિવ્યધ્વનિમાં આ આવ્યું છે. સમજાય છે કાંઈ?

'**अन्यः सर्वः व्यवहारः**' ન્યાંથી નીકળવું કઠણ પડે છે. આહાહા..! ભગવાન પૂર્ણાનંદનો જેણે આશ્રય લીધો એ આત્મા અને જેણે પરનો આશ્રય લીધો એ સર્વ વ્યવહાર અનાત્મા. હવે શું કરવું છે તારે? 'નવરંગભાઈ' છે હજી, રોકાણા છે, ઠીક. કહો, 'નવરંગભાઈ'! આ પાણીનું ગળવું ક્યાંય રહી ગયું. આ પાણી ગળવું આવ્યું. આહાહા..! અરે..! વીતરાગદેવની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન, પંચમહાવ્રતના પરિણામ... કહે છે કે (એ) આત્મા સમ્યગ્દર્શન છે, તો એ આત્મા નહિ. આહાહા..! આમ બે ફડચા પાડ્યા છે. હવે એ અનાત્માથી આત્મા થાય? ભગવાન! એ ન હોઈ શકે. આહા..! ન્યાયસંગત નથી. પ્રભુ! તને ખ્યાલમાં તો આવવું જોઈએ ને. સત્ય શું છે અને અસત્ય શું છે, એની તુલના કરીને અંદર પ્રેમ તો આવવો

જોઈએ ને. અનાત્માથી આત્મા થાય? આહાહા..! આત્માથી આત્મા થાય, આત્માથી આત્મા થાય છે. અનાત્માથી અનાત્મા થાય છે. પરના આશ્રયે તો બધા અનાત્મા થાય. આહાહા..!

દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, ભક્તિ, પૂજા, વ્રત ભાવ આદિ.. ઓહોહો..! '**अन्यः सर्वः व्यवहारः**'. સર્વ વ્યવહાર, એમ પાછું. આહા..! બે જ ભાગ. એક કોર ભગવાનને આશ્રયે થયો એ આત્મા અને પોતા સિવાય જેટલા પરના આશ્રયે થયા એ સર્વ વ્યવહાર-અનાત્મા. આહાહા..! કહો, સમજાય છે કે નહિ ભાઈ! આ? આવી વાત છે, ભગવાન! શું કરીએ? કડક પડે. પ્રભુ! માર્ગ તો આ છે, ભાઈ! આહા..! લોકોને સમજમાં ન આવે, ન બેસે અને ઊંધે રસ્તે ચડી જાય એથી કાંઈ સત્ય નહિ પલટે. આહા..!

ત્રણલોકના નાથની દિવ્યધ્વનિમાં આવ્યું એને સંતોએ શાસ્ત્રમાં રચ્યું. એ દિગંબર મુનિઓ મહા પરમાત્મા તુલ્ય ભગવાન છે. આહાહા..! એ પરમાત્મા જ છે. સંતો પરમાત્મા છે. આહાહા..! પરમેષ્ઠી નહિ, પણ પરમાત્મા. એ સ્વરૂપ જ. પંચ પરમેષ્ઠી જ પરમાત્મા છે. એક પૂર્ણ છે અને થોડું બાકી છે, પણ એ પૂર્ણ તુલ્ય જ છે. આહાહા..! 'નિયમસાર'માં લીધું છે. સંતો અને પરમાત્મામાં કિંચિત્ ફેર ન જોવો, ફેર જોવે એ જડ છે. એમ કહે છે. આહાહા..! આવી વાણી તો જુઓ! એના ભાવ અંદર ઘા મારી જાય. આહાહા..! ૯૬ ગાથાની એક લીટી. '**अन्यः सर्वः व्यवहारः**' એમ શબ્દ પડ્યો છે ને? '**अण्णु सव्वु ववहारु**' અન્ય સર્વ વ્યવહાર. ચાહે તો ત્રણલોકના નાથ તીર્થંકર ગોત્રની જે ભાવે પ્રકૃતિ બંધાય એ વ્યવહાર છે, અનાત્મા છે. કહો, 'સુજાનમલજી'! આવી વાતું છે, પ્રભુ! આહાહા..! બહારના આચરણ અને બહારની ક્રિયાથી અંદરમાં જઈ શકશે એવું જે માને છે, પ્રભુ! એમ નથી, ભાઈ! એવું નથી. એ વસ્તુ જ એવી નથી. નમાલો નથી એ, કે જેને રાગની મદદ મળે તો અંતરમાં જાય અને અનુભવ થાય. આહાહા..! એવો એ બળવાન આત્મા છે. આ પાંચ ઇન્દ્રિય છે ને? ભાઈ! એ પંચેન્દ્રિયને બળવાન કીધી છે. 'પંચાસ્તિકાય'. પાંચ ઇન્દ્રિયમાં પાંચ ઇન્દ્રિય છે ખરી ને? અને ક્ષયોપશમ એ પ્રમાણે છે ને. બળવાન ભાષા મૂળ પાઠમાં છે. 'પંચાસ્તિકાય'. પાંચ ઇન્દ્રિય પૂરી થઈ એને બળવાન કીધી. અહીં તો અણીન્દ્રિય ભગવાન પૂર્ણાનંદનો નાથ,.. આહાહા..! એના બળની શું વાત કરવી! સમજાય છે કાંઈ? એ તો એને એમ કે ક્ષયોપશમ વિશેષ છે ને. ચાર ઇન્દ્રિય કરતાં પંચેન્દ્રિયને ક્ષયોપશમ વિશેષ છે, એટલી વાત. એને સમજવાનો જોગ હોય ત્યાં સમજે. બીજા મન વિનાના પ્રાણી અને પંચેન્દ્રિય હોય એને બિચારાને ક્યાં સાંભળવાનું પણ મળે નહિ. અરેરે..! આહા..! હવે શું કહે છે?

'**ઇસલિયે...**' એમ શબ્દ પડ્યો છે ટીકામાં. ટીકામાં એમ છે, જુઓ! '**आत्मा दर्शनं सम्यक्त्वं भवति। कथंभूतोऽपि। केवलोऽपि। अण्णु सव्वु ववहारु अन्यः शेषः सर्वोऽपि व्यवहारः**' આહાહા..! ટીકાકાર.. '**तेन कारणेन**' એમ શબ્દ છે. તે કારણે. આહાહા..! હે

યોગી! સ્વરૂપમાં તારી દૃષ્ટિ પડી છે માટે તને યોગી કહીએ છીએ. આહાહા..! હે સંત, યોગી! જેણે વર્તમાન પર્યાયને દ્રવ્ય સાથે જોડી દીધી છે એ યોગી છે. જે વર્તમાન પર્યાયને રાગ સાથે જોડે છે તે અયોગી ભ્રષ્ટ છે. આહાહા..! સમજાય છે કાંઈ? શું કહ્યું? આત્મા કેવળ સમ્યગ્દર્શન-એકલું સમ્યગ્દર્શન છે. એક જ આત્માનો આશ્રય લીધો માટે એ સમ્યગ્દર્શન તે આત્મા. '**अण्णु सव्वु**' અન્ય સર્વ. ટીકામાં '**शेषः**' લીધું છે. અન્ય શેષ ગમે તે હો. પંચ મહાવ્રતનો વિકલ્પ, તીર્થંકર ગોત્ર બાંધવાનો, સર્વાર્થસિદ્ધના આયુષ્યનો વિકલ્પ.. આહાહા..! તીર્થંકર ગોત્ર બાંધવાનો ભાવ એ શેષ અન્ય વ્યવહાર છે. અન્ય '**शेषः सर्वोऽपि व्यवहारः**' એમ છે ને? પાઠમાં સર્વ શબ્દ છે.

'**ઇસલિયે હે યોગી એક આત્મા હી ધ્યાન કરને યોગ્ય હૈ,...**' આહાહા..! તું લાખ વાત કર, શાસ્ત્રની અનંત વાત કર, આ આત્મા છે એ ધ્યાન કરવા લાયક છે, બસ! બીજી કોઈ વસ્તુ નથી. આહાહા..! ભગવાનઆત્માને દેવ-ગુરુ-શાસ્ત્રનું ધ્યાન કરવા લાયક નથી. એ તો પહેલું આવી ગયું ને? કાલે આવ્યું હતું. તું દેવને સેવ નહિ, ગુરુને સેવ નહિ. આચાર્યને જગતની ક્યાં પડી છે. સત્યને જાહેર કરે છે. કહે છે કે તીર્થમાં ન જા. અરે..! પ્રભુ! પણ એટલો શુભભાવ છે ને. સાંભળ, સાંભળ! ગુરુને ન સેવ, અરિહંતનું ધ્યાન ન કર. દેવ માનીને એનું ધ્યાન ન કર. તું પોતે દેવ, ગુરુ અને તીર્થ છો. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાણી તો જુઓ સંતોની! રામબાણ છે ને! ફેંસલા કરી નાખ્યા છે. એક આત્મા અને એક અનાત્મા, એક નિશ્ચય અને એક વ્યવહાર. આહાહા..!

તે કારણે, આમ છે એ કારણે હે મુનિ, હે યોગી! આહાહા..! '**एक एव ध्यायते** ' જોયું! આત્મા કેવળ એક સમકિત છે, અન્ય સર્વ વ્યવહાર છે. તેથી '**એક આત્મા હી ધ્યાન કરને યોગ્ય હૈ,...**' આહાહા..! ધર્મ કરવો હોય એને તો ભગવાન પૂર્ણાનંદના નાથનું ધ્યાન કરવું એ એક જ ચીજ છે. આહાહા..! સમજાય છે કાંઈ? કેમ? એનો અર્થ હજી ચોથે પદે ખુલાસો કરશે. પહેલું તો કહ્યું, કેવળ સમ્યક્ આત્મા જ છે, અન્ય સર્વ શેષ વ્યવહાર છે. તેથી આત્માનું જ ધ્યાન કરવું. લાખ વાતની વાત.. 'છ ઢાળા'માં આવ્યું નહિ? લાખ નહિ, કરોડ઼ નહિ, અનંત વાતની વાત. છે ને? લાખ વાતની વાત, નિશ્ચય ઉર આણો. એ શું? આ. લાખ, કરોડ વાત શાસ્ત્રની (આવે) પણ એક આત્મા તરફ જા. ધ્યાન બસ, એક જ વાત. બાકી બધું અસાર.. અસાર.. અસાર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, દ્વૈત પણ છોડી દે. આ ગુણી ને આ ગુણ ને આ દ્રવ્ય ને આ પર્યાય ને એવા ભેદ પણ છોડી દે. આહાહા..! એક નિજ આત્મ ઉર ધ્યાવો. નિજ આત્મા પાછો, એમ. ભગવાન છે એ નહિ. આ તો કંઈ દિગંબર સંતોનો પડી છે કંઈ? આ વચનોની તુલના કરીને કોણ જૂઠા કહેશે, અમને પાગલ કહેશે.. હો, અમે તો પોકાર કરીને કહીએ છીએ કે, તીર્થમાં જાવ નહિ, ગુરુની સેવા કરવી નહિ. આહાહા..! અરે..! ભગવાન! ભાઈ! તેમાં તારો

લાભ નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? એમાં આત્માનો લાભ નથી. ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ, દાંડીને પીટીને મોટે અવાજે જે કહેવું છે તે મુનિ કહી રહ્યા છે. આહાહા..! સમાજમાં કેમ માનશે, કેમ કરશે.. સમાજ એને ઘરે રહ્યો. આહાહા..!

ભાઈ! તું પરમાત્મસ્વરૂપ છો ને! અને તારે આશ્રયે થયેલું સમ્યગ્દર્શન તે તું છો ને! આહાહા..! તું છો ને. એ આત્મા છે, પ્રભુ! આહાહા..! એક કોર પૂર્ણાનંદના નાથને આત્મા કહ્યો. પર્યાયને પણ નહિ. (નિયમસાર ગાથા) ૩૮. નિશ્ચય આત્મા, ત્રિકાળી તે નિશ્ચય આત્મા. પર્યાય નહિ. અહીં તો એને આશ્રયે થયું માટે આત્મા અને પરાશ્રય થયું માટે વ્યવહાર અનાત્મા છે એમ સિદ્ધ કરવા માટે (કહ્યું છે). આહાહા..! સમજાય છે કાંઈ? કહો, 'વિમલચંદજી'! આવી વાત છે, ભગવાન! એ દુનિયા દુનિયાની જાણે, બાપુ! પાંચ-પચાસ લાખ થાય એટલે આમ ખુશી.. ખુશી.. ખુશી થઈ જાય. બાયડી સારી રૂપાળી મળે ને.. અરે..! બાપુ! એ શું છે? બધા મસાણના હાડકા છે, ભાઈ! ત્રણલોકનો નાથ જ્યાં છે ત્યાં વિકલ્પની કિંમત નથી. આહાહા..! ભગવાન પાસે પર ચીજની ક્યાં કિંમત છે, ભાઈ! સમજાય છે કાંઈ?

હે યોગી! '**एक एव ध्यायते**' પહેલું કીધું હતું ને? '**केवलः आत्मा अपि**' સમ્યક્. કેવળ આત્મા જ સમ્યગ્દર્શન છે. તો '**એક આત્મા હી ધ્યાન કરને યોગ્ય હૈ,...**' કેમ? '**यः त्रैलोक्यस्य सारः**' આહાહા..! શેઠ! છે? ક્યાં છે? હજી હાથ નથી આવ્યું. '**यः त्रैलोक्यस्य सारः**' છે. આહાહા..! ત્રણલોકમાં સાર ત્રણલોકનો નાથ પોતે સાર છે. આહાહા..! '**તીન લોકમેં સાર હૈ.**' આહાહા..! વ્યવહાર-ફ્યવહાર એ સાર નહિ.આહાહા..! એ અસાર છે. સમજાય છે કાંઈ? શું થાય? ભાઈ! માર્ગ આ છે. દુનિયાને કઠણ લાગે પણ માર્ગ તો હોય એ હોય ને. આહાહા..! શીરો કરવો હોય તો પહેલા ઘીમાં લોટને શેકે છે પછી ગોળનું પાણી નાખે. બહુ મોંઘું પડી જાય અને ગોળના પાણીમાં લોટ શેકે પછી ઘી નાખે તો શીરો થાય? શીરો બનાવવાની રીત તો એ જ છે. શીરો-હલવો. પહેલા લોટને ઘીમાં શેકવો. ભલે ઘી મોંઘું હોય, લોટ ચૂસી લે, પણ શીરો તો એ રસ્તે થશે. એમ ભગવાનઆત્મા પોતાના આશ્રયે જ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થાય છે. ત્રણકાળમાં પરના આશ્રયે મોક્ષમાર્ગ થતો નથી. આહાહા..! '**તીન લોકમેં સાર હૈ.**'

**ભાવાર્થ :-** '**વીતરાગ ચિદાનંદ અખંડ સ્વભાવ, આત્મતત્ત્વકા સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન અનુભવરૂપ જો અભેદરત્નત્રય યહી જિસકા લક્ષણ હૈ,...**' આહાહા..! વીતરાગ ચિદાનંદ અખંડ સ્વભાવ આત્મતત્ત્વ. પહેલા આત્મતત્ત્વની વ્યાખ્યા કરી. વીતરાગ ચિદાનંદ અખંડ સ્વભાવ. ભગવાનઆત્મા વીતરાગ અખંડ ચિદાનંદ સ્વભાવ આત્મતત્ત્વનું સમ્યક્ શ્રદ્ધાન. તેનું સાચું શ્રદ્ધાન, સાચું જ્ઞાન અને સાચા અનુભવની સ્થિરતા, એ '**અભેદરત્નત્રય યહી જિસકા લક્ષણ હૈ,...**' આહાહા..! '**તથા મનોગુપ્તિ આદિ તીન ગુપ્તિરૂપ સમાધિમેં લીન...**' આહાહા..! મન, વચનથી, કાયાથી, વિકલ્પથી ખસી સમાધિ-શાંતિ.. શાંતિ..

શાંતિમાં લીન.

'**નિશ્ચયનયસે નિજ આત્મા હી નિશ્ચયસમ્યક્ત્વ હૈ,...**' આહાહા..! જુઓ! આ સમકિતની વ્યાખ્યા કરી. આહાહા..! સમાધિ શાંતરસમાં લીન, શાંતરસ ભગવાનઆત્મા, એમાં શાંતરસની પરિણતિથી લીન. આહાહા..! '**નિશ્ચયનયસે નિજ આત્મા હી નિશ્ચયસમ્યક્ત્વ હૈ,...**' જુઓ! એનું નામ સમ્યક્ત્વ. આહાહા..! વ્યવહારશ્રદ્ધા કરો ને રુચિ કરો, એને નહિ. આ તો શ્રદ્ધા અને રુચિ એનું નામ છે કે જ્યાં આનંદના નાથની શુદ્ધ પરિણતિ આનંદની શાંતિ પ્રગટી એને નિશ્ચય સમકિત કહેવાય છે. આહાહા..! પરથી ખસીને સ્વભાવના આનંદની લહેરમાં લીનતા કરે છે તેનું નામ આત્મા અને નિશ્ચય સમકિત છે. આહાહા..! '**અન્ય સબ વ્યવહાર હૈ.**' 'દશરથલાલજી'! '**અન્ય સબ વ્યવહાર હૈ.**' આત્મા નહિ. આહા..! ભાઈ! થોડું પણ સત્ય હોવું જોઈએ ને. સમજાય છે કાંઈ? લાંબી મોટી મોટી વાતું કરે ને આમ થાય ને આમ થાય ને આમ થાય. વ્યવહારથી આમ થાય, પરંપરાએ થાય. કોને થાય? ભાઈ! કઈ રીતે થાય? આહાહા..! વ્યવહાર અનાત્મા, એનાથી પરંપરાએ આત્મા થાય.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો વ્યવહાનયનું વાક્ય છે. તે કોને? સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ધર્માત્મા માટેની વાત છે. હજી અજ્ઞાની છે એને વ્યવહાર પરંપરા મોક્ષનું કારણ (નહિ). પરંપરા અનર્થનું કારણ, નરક, નિગોદનું કારણ છે. આકરું કામ, બાપા! વીતરાગનો માર્ગ.. આહાહા..! દરકાર કે દિ' કરી છે એણે આત્મા તરફની? એક તો આ બહારની હોળી આખો દિ' સળગી. આહાહા..! પાપમાં પ્રપંચમાં પડ્યો એને પુણ્યના ઠેકાણા ન મળે. શ્રવણ, મનન, સ્તુતિ, ભક્તિ એ બધું પુણ્ય છે. એને માટે પણ વખત ન મળે. એને આ પુણ્યથી રહિત ભગવાનને ગોતવો હોય તો ક્યારે વખત મળે? હેં! આહાહા..! સમજાય છે કાંઈ? પરદ્રવ્યની પંચાતમાં માળો ફસાઈ ગયો. અને એમ કરતાં આગળ ગયો તો વ્યવહાર એ પણ ખરેખર પરદ્રવ્ય છે, ત્યાં ફસાઈ ગયો. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા.. અહીં તો ગજબ વાત છે! સંતોને કંઈ પડી છે? તમે આ નિષેધ કરો છો (લોકોને બેસશે કે નહિ)? જાત્રા ન કરો, ગુરુની સેવા ન કરો, આવી તમારી નાગી ભાષા.

મુમુક્ષુ :- કોઈ ગુરુની સેવા નહિ કરે.

ઉત્તર :- કોણ કરતું હતું? એને ક્યાં પડી છે. અને જેને અંતરનું ભાન થાય તેને બહુમાન આવ્યા વિના રહે જ નહિ. સમજાય છે કાંઈ? પણ આવે એ વચ્ચે ડખલ છે માટે એ ન કર, એમ અહીં તો કહે છે. એને દુનિયાની કંઈ પડી નથી. આ તો દિગંબર સંતો છે. બાદશાહ છે, નાગાથી આઘા. નાગા બાદશાહ છે એ તો. આહાહા..! આનંદના બાદશાહ છે. આ વસ્તી ને મકાનના બાદશાહ કહેવાય, બહારના. આ આનંદના બાદશાહ છે. આનંદમાં ઝુલતા સંતો જગતને વાતું કરે છે. આહાહા..! ભાઈ! તારો આનંદનો નાથ અંદર પડ્યો છે

ને, પ્રભુ! તને એ વ્યવહારની ક્રિયાકાંડના વિકલ્પથી તને લાભ થાય, તું ક્યાં ગયો? પ્રભુ! આહાહા..! તારા સ્વભાવના એ બધા વેરીઓ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપનો વિકલ્પ છે એ વિકલ્પ વેરી છે. 'પ્રવચનસાર'માં એમ કહ્યું, એ અનિષ્ટ છે. વિકલ્પો માત્ર અનિષ્ટ છે અને સ્વભાવ તે ઇષ્ટ છે. ભગવાને અનિષ્ટનો નાશ કરીને ઇષ્ટની પ્રાપ્તિ કરી છે. આવે છે ને? 'પ્રવચનસાર'માં આવે છે. આહાહા..! અનિષ્ટનો નાશ કરીને ઇષ્ટની પ્રાપ્તિ કરી છે, એવો પાઠ છે. વ્યવહારમાત્ર અનિષ્ટ હતો તેનો નાશ કરી નાખ્યો છે. આહા..! પરમાત્મા આપે અનિષ્ટનો નાશ કરીને ઇષ્ટની પ્રાપ્તિ કરી. ઇષ્ટ તો પોતાનું સ્વરૂપ છે. એની નિર્મળ પરિણતિ એ જ ઇષ્ટ છે. આહાહા..! વીતરાગી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તે ઇષ્ટ છે. રાગાદિ ભાવ તે અનિષ્ટ છે. ચોખ્ખી વાત છે. ભગવાન! પણ આ બહાર આવી ને લોકો એકદમ ભડક્યા. હતું નહિ, હતું નહિ. એ વાત સાચી. આહાહા..!

મુમુક્ષુ :- ... બહુ ભડકતા હતા.

ઉત્તર :- રેલ આવી તો પૂજા કરતા. 'ખસ'માં રેલગાડી આવીને તો રેલની પૂજા કરતા. રેલ આવી ને? એક કુંભાર હતો. અમે નીકળતા હતા. આ તો મોટી દેવી છે, એમ કહે. રેલ આવી ને રેલ? આહા..! અન્જિનથી ચાલ્યું. નહિ બળદ, નહિ ઊંટ, નહિ ઘોડા અને આ ચાલે! નળિયું.. નળિયું.. સમજ્યા? મકાન ઉપર (લગાવે છે). આટલા આટલા નળિયા (મૂકે). તમારે નળિયાનું નામ હશે. કવેલું. એમાંથી લઈ અગ્નિ નાખી ને ધૂપ નાખીને રેલની (આરતી) ઉતારતી હતા. આવા મૂઢ. એક જણો વળી એમ કહેતો હતો, સ્થાનકવાસી હતો, આ જીન ચાલે છે એમાં જીવ છે. 'અમદાવાદ'વાળા. આહાહા..! વાણિયો. એ તો જડની પર્યાય છે. એમ કે આવું કામ! એકદમ ચાલે. કરોડ કરોડ મણનો ભાર હોય. સડસડાટ ચાલે. એ કંઈ જીવ વિના ચાલે? અરે..! સાંભળ! એ કહેતો હતો. 'શાંતિભાઈ'નો સાળો હતો ને? ઈ. આ તો જીવ છે, કહે. અરે..! પ્રભુ! આહાહા..!

**'અન્ય સબ વ્યવહાર હૈ. ઈસ કારણ...'** ઈસ કારણ **'આત્મા હી ધ્યાવને યોગ્ય હૈ.'** આહા..! એક ભગવાન આનંદનો નાથ, ત્યાં દૃષ્ટિ દઈને ધ્યાન કરવા જેવું છે. આહાહા..! તારું વલણ ફેરવી નાખ હવે. પર તરફના વલણમાં વળ્યો છો એ હવે સ્વ તરફના વલણમાં આવ, ભાઈ! આહાહા..! આ વલણ નથી ચૂકવતા? સટ્ટાવાળાને. વાયદાનું એક દિવસ વલણ ચૂકવે. અહીં વલણ ચૂકવ, પ્રભુ! અહીં જા હવે. આહાહા..! નિશ્ચયની પરમ સત્ય વાત લોકોને સાંભળવા મળી નથી. એમ ને એમ આ વ્રત કરવા ને અપવાસ કરવા ને તપસ્યાઓ કરવી... આહા..! અજ્ઞાનમાં સંથારા કર્યા.. મૂઢ છે, મરી જવાના બિચારા. નરક ને નિગોદમાં જાશે. જે પરાશ્રયભાવમાં હિત માનીને ચોંટ્યા છે, એ અનાત્માના પ્રેમી છે. એને આત્માનો દ્વેષ છે. આ વાત કોણ સાંભળે? આહાહા..! ભગવાનઆત્મા પ્રત્યે જેને પ્રેમ છે એને વ્યવહાર પ્રત્યેની રુચિ ઊડી ગઈ હોય છે. હોય છે, હોય છે. રુચિ ઊડી ગઈ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'એક આત્મા હી ધ્યાવને યોગ્ય હૈ,...'** લ્યો. આત્મા જ ધ્યાન કરવા લાયક છે.

આહાહા..! આ તો માખણ વાત હતી, બાપા! અરે..! ભાગ્ય વિના.. બાપા! એ વાત સાંભળવા ક્યાં મળે? આ તો વીતરાગનો માર્ગ છે, ભાઈ! ભગવાન એમ કહે, મારી સામું જોતાં પ્રભુ! તને રાગ થાય. આહાહા..! ત્રણલોકનો નાથ એમ કહે. પ્રભુ! મારી સન્મુખ જોતાં તું તારા દ્રવ્યમાંથી ખસી જાય છે. તારી સન્મુખ જોને, પ્રભુ! દ્રવ્યમાં ઠર, ત્યાં ઠરવાનું છે. અહીં અમારી સામું જોઈને ઠરવા જઈશ તો રાગ આવશે. આહાહા..! વીતરાગ એમ કહે, હોં! આહાહા..! અમારે ચરણે આવ તારું કલ્યાણ થઈ જાય. અમારા સાધુને આહાર-પાણી દે, તને વૈકુઠમાં આહાર સારા મળશે. અરે..! ધૂળે ધૂળ. આહા..! શેઠ! આ માર્ગ છે. આ બધા ઠીક આમાં વળી ગયા. આ તો હિન્દી ચાલે છે. આહાહા..!

'**જૈસે દ્રાક્ષ, કપૂર, ચન્દન ઈત્યાદિ બહુત દ્રવ્યોંસે બનાયા ગયા જો પીનેકા રસ યદ્યપિ અનેક રસરૂપ હૈ, તો ભી અભેદનયકર એક પાનવસ્તુ કહી જાતી હૈ...**' પીણું. શબ્દ પીણું કહે. હોય એમાં ઘણી વસ્તુ. '**ઉસી તરહ...**' આહાહા..! એ તો દૃષ્ટાંત થયો. '**શુદ્ધાત્માનુભૂતિરૂપ નિશ્ચયસમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રાદિ અનેક ભાવોંસે પરિણત હુઆ...**' '**શુદ્ધાત્માનુભૂતિરૂપ નિશ્ચયસમ્યગ્દર્શન...**' આહાહા..! આ શુદ્ધાત્માનુભૂતિ ચોથે નથી? આ આઠમે છે? અરેરે..! પેલા 'વિકાસચંદજી'નો કાગળ આવ્યા જ કરે છે. હમણાં બે-ત્રણ દિ' આવ્યો. ચોથે ગુણસ્થાને નિશ્ચય સમકિત કહીને હળાહળ ઝેર પાવ છો. અરે..! પ્રભુ! બાપુ! શું કરે એને? એણે સાંભળ્યું નથી ને. અહીં શું કહે છે? '**શુદ્ધાત્માનુભૂતિરૂપ નિશ્ચયસમ્યગ્દર્શન...**' તો શું શુદ્ધાત્માનુભૂતિ આઠમે થાય? આહાહા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એની શુદ્ધ અનુભૂતિ. એના તરફની શુદ્ધ અનુભવ દશા તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. આહાહા..! અરે..! પ્રભુ! આહાહા..! કહે છે ને? લક્ષ્મી ચાંદલો કરવા આવી તો હું મોઢું ધોઈ આવું તો ઠીક શોભશે. હવે કરવા દે ને, પછી નહિ આવે. સાંભળ્યું છે? લક્ષ્મી ચાંદલો કરવા આવે છે. તમારે દૃષ્ટાંત તો હશે. તિલક કરવા. તો કહે, હું મોઢું ધોઈ આવું. હવે ઓલી નહિ આવે, પછી. ઓલી નહિ આવે, જતી રહેશે. ટાણા આવ્યા તો કહે, હમણાં નહિ, હમણાં થોડું બીજું કરી લઉં. આહાહા..! ફરીને આવા ટાણા નહિ મળે, પ્રભુ! આહાહા..! આવી વાત છે, બાપુ! આહાહા..! ઓહો..! 'પરમાત્મપ્રકાશ' પણ 'પરમાત્મપ્રકાશ' છે ને! અને ખુબી તો એ છે કે આ ફેરી વાંચવા વખતે એક હજાર પુસ્તક 'પરમાત્મપ્રકાશ' (આવ્યા). એ નવું થયું. બહાર આવ્યું બહાર. વાંચશે તો ખરા, ભાઈ! વાંચે તો ખરા, બાપુ! અરે..! તું કોણ છો, એની વાત છે, ભાઈ! અને ક્યાં જવું? ક્યાં જવાથી તને ધર્મ થાય એની વાત છે. બહારમાં નીકળવાથી ધર્મ નથી. આહાહા..! ઓહોહો..!

'**શુદ્ધાત્માનુભૂતિસ્વરૂપ નિશ્ચયસમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રાદિ અનેક ભાવોંસે પરિણત હુઆ આત્મા અનેકરૂપ હૈ,...**' એ વ્યવહાર થયો. '**તો ભી અભેદનયકી વિવક્ષાસે આત્મા એક હી વસ્તુ હૈ.**' એક કહ્યું હતું ને? એક ફેરી. '**યહી અભેદરત્નત્રયકા સ્વરૂપ જૈન સિદ્ધાંતોંમેં હરએક જગહ કહા હૈ...**' બીજામાં આ અધિકાર આવ્યો છે. વિશેષ કહેશે..

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત ૨૫૦૨, ભાદરવા સુદ ૨, શુક્રવાર**
**તા. ૨૭-૦૮-૧૯૭૬, ગાથા-૯૬, ૯૭ પ્રવચન નં. ૭૪**

'પરમાત્મપ્રકાશ' ગાથા-૯૬. '**જૈનસિદ્ધાંતોંમેં હરએક જગહ કહા હૈ...**' ઈ ગાથા છે ને. અંદર ગાથા છે. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' ૨૧૬.

**दर्शनमात्मविनिश्चितिरात्मपरिज्ञानमिष्यते बोधः।**
**स्थितिरात्मनि चारित्रं कुत एतेभ्यो भवति बंधः।।**

'**આત્માકા નિશ્ચય વહ સમ્યગ્દર્શન હૈ,...**' આહાહા..! ભગવાનઆત્મા, જે અબંધસ્વરૂપ, એનું અંતર્મુખ થઈને જ્ઞાનનો અનુભવ થઈને પ્રતીતિ કરવી એ સમ્યગ્દર્શન છે. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'નો આધાર આપ્યો છે. આ સમ્યગ્દર્શન છે. વ્યવહારથી નિશ્ચય થાય છે એમ નહિ, એમ કહે છે. નિમિત્તથી નિશ્ચય થાય છે એમ નહિ, આત્માથી નિશ્ચય થાય છે. ભગવાનઆત્મા અનંત આનંદ ને અનંતજ્ઞાન, એના સન્મુખની દૃષ્ટિ કરીને અનુભવ કરીને પ્રતીતિ કરવી. આત્મા આનંદ છે તેનો અનુભવ કરીને પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે. આહાહા..! ચોથે ગુણસ્થાનથી આ સમકિત શરૂ થાય છે. સમજાય છે કાંઈ? નિશ્ચય આત્મા અબંધસ્વરૂપી પ્રભુ, એની અંતરમાં પ્રતીતિ-સમ્યગ્દર્શન, એ બંધનું કારણ કઈ રીતે થાય? એમ કહે છે. ચોથા પદમાં (કહેશે). એ તો મોક્ષનું જ કારણ છે. આહા..! વચ્ચે જ્યારે સ્થિર ન થઈ શકે અને વ્યવહાર આવે છે તો એ બંધનું કારણ છે. સમજાય છે કાંઈ?

'**આત્માકા નિશ્ચય...**' આત્માકા નિશ્ચય. આત્મા પૂર્ણ પરમાત્મસ્વરૂપ નિર્વિકલ્પ સ્વરૂપ, અભેદ સ્વરૂપ, સામાન્ય એકરૂપની પ્રતીતિ થવી તેનું નામ સમ્યગ્દર્શન છે. આહા..! જ્યાં શુભાશુભ વિકલ્પની પણ લાગ નથી, સંબંધ નથી. આહા..! જેને દેવ-ગુરુની ભક્તિ આદિનો શુભરાગ, એનો પણ જ્યાં સંબંધ નથી. એવી એ ચીજ છે. આહાહા..! આ મોટી તકરાર અત્યારે (એ ચાલે છે). વ્યવહારથી પરંપરા, વ્યવહારથી પરંપરા (થાય). પણ કોને? બાપા! ભાઈ! કોને અને કોને માટે? ભાઈ! તને ખબર નથી. વીતરાગના વિરહે પ્રભુના વિરહ પડ્યા અને બીજો રસ્તો કહેવો, કરવો એ વસ્તુ નથી. સમજાય છે કાંઈ?

એમ પરમાત્માના વિરહ છે, પણ ભગવાન ત્રિલોકનાથના રાગમાં પ્રીતિવાળાને વિરહ પડ્યા જેને. આહા..! સમજાય છે કાંઈ? ત્રણલોકના નાથની અહીંયાં હયાતી નથી, પરમાત્માની. પણ અહીંયાં પરમાત્મા છે, એના રાગની રુચિવાળાને વિરહ પડ્યા. ત્યાં રોકાઈ ગયા. ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ નિર્વિકલ્પ આનંદ એની સન્મુખ સત્કાર, સ્વભાવનો સ્વીકાર, એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..! જેમાં ઈન્દ્રના ઈન્દ્રાસનોના ભોગની જેને રુચિ, સુખબુદ્ધિ ટળી જાય છે. સમજાય છે કાંઈ? જ્યાં પોતાની સુખબુદ્ધિ પોતામાં છે એમ આવ્યું, મારો સ્વભાવ જ અતીન્દ્રિય આનંદ છે.. કેમ બેસે? પર્યાયની પાછળ પ્રભુ બિરાજે

છે એની ખબર ન મળે અને પર્યાયમાં રોકાઈ આગળ વધે છે તો રાગ અને પુણ્યમાં જાય. એ તો બંધનું કારણ છે. આહાહા..!

આ 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં 'અમૃતચંદ્રાચાર્ય' (કહે છે). સમજાય છે કાંઈ? આ 'અમૃતચંદ્રાચાર્યે' બનાવેલો 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' ગ્રંથ છે. એમાં આ છે. આહા..! એમાં તો રાગ આવે છે એ હિંસા છે, એમ કહ્યું. ઓહોહો..! વ્યવહાર રત્નત્રયનો રાગ પણ સ્વરૂપની હિંસા છે. ભગવાન વીતરાગસ્વરૂપમાં રાગનું થવું એ બંધનું કારણ છે. આહાહા..! એ બંધના કારણથી અબંધ સમ્યગ્દર્શન નથી થતું. અત્યારે આ મોટી તકરાર. .. અરે..! પ્રભુ! ભાઈ! પરમાત્માના વિરહ પડ્યા છે ને તારે આત્માનો વિરહ રાખવો છે? શું કરવું છે તારે? સમજાય છે કાંઈ? રાગથી થાય છે એ એને પરમાત્માના વિરહ છે. પોતાનો પરમાત્મા, હોં! આહાહા..! સમજાય છે કાંઈ?

'અમૃતચંદ્રાચાર્ય' કહે છે, આહાહા..! એ તો ૯૬ ગાથામાં આવ્યું, '**अप्पा दंसणु केवलु वि अण्णु सव्वु ववहारु**'. આહાહા..! એને અનુકૂળ માટે આ ગાથા છે. પુણ્યના વિકલ્પ આદિ ઉઠે છે એ બધો વ્યવહાર છે, એ આત્મા નહિ. આહાહા..! ભગવાનઆત્મા અપ્પા સો પરમઅપ્પા. એ પરમાત્મસ્વરૂપ છે, પ્રભુ! એને ખબર નથી. સાક્ષાત્ સચ્ચિદાનંદ પ્રભુ ચૈતન્યમહાપ્રભુ આત્મા છે. સમજાય છે કાંઈ? એની દૃષ્ટિ, એનો નિર્ણય, એની શ્રદ્ધામાં આખા પરમાત્માની શ્રદ્ધા આવે છે. પરમાત્મા એ શ્રદ્ધાની પર્યાયમાં નથી આવતા. આહાહા..! પણ એ પર્યાય છે તેણે પરમાત્માની શ્રદ્ધા કરી તો એ અબંધ પરિણામી છે. મોક્ષમાર્ગ કહો કે અબંધ પરિણામ કહો. સમ્યગ્દર્શન મોક્ષનો માર્ગ છે. મોક્ષનો માર્ગ- સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાણી મોક્ષમાર્ગઃ. ત્રણેમાં સમ્યગ્દર્શન એ મોક્ષમાર્ગનો એક અવયવ છે. આહા..! સમજાય છે કાંઈ? એ તો આત્માનો નિશ્ચય, અબંધસ્વભાવીનો નિશ્ચય એ તો અબંધ પરિણામ છે. આહાહા..! ઈ કહે છે. એનાથી બંધ કઈ રીતે થાય? આહાહા..!

ભગવાન પરમાત્મસ્વરૂપ અબંધસ્વરૂપ પરમાત્મા અંદર બિરાજે છે. મોજૂદ છે, મોજૂદ છે, આત્મતત્ત્વ મોજૂદ છે. હયાતીવાળું તત્ત્વ છે, મહાપ્રભુ છે. આહા..! અરે..! એક બીડી વિના ચાલે નહિ, .. વિના ચાલે નહિ એને આ કેમ બેસે? સમજાય છે કાંઈ? અહીંયાં ધ્યાન રાખો, એ.. વાતચીત કરતાં. વાતચીતમાં કાંઈ માલ નથી. આ શું કહેવાય છે એ સાંભળવા બેઠા છો કે શું કરવા? આહા..! અરે..! પ્રભુ! આ ક્યાં છે? ભાઈ! આહા..! સમજાય છે કાંઈ?

આત્મા જ્ઞાયકસ્વરૂપ ભગવાન, એક સમયમાં પૂર્ણ પરમાત્મા, એનો નિશ્ચય. એનો નિશ્ચય ક્યારે થશે? એની સન્મુખ થાય તો નિશ્ચય થાય. રાગની સન્મુખ હોય અને સ્વભાવથી વિમુખ હોય તો નિશ્ચય ક્યાંથી થાય? સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! એણે કદી (કર્યું નથી). જૈન સાધુ અનંતવાર થયો. દિગંબર (સાધુ થઈને) નવમી ગ્રૈવેયક ગયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવયક ઉપજાયો' પણ આત્મસન્મુખની દૃષ્ટિ ન કરી. તેથી એક લેશ પણ સુખ પામ્યો નહિ. મહાવ્રત-પંચ મહાવ્રત પાળ્યા તોપણ સુખ મળ્યું નહિ,

એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? વેપાર, ધંધામાં તો એકલા પાપ, ત્યાં તો સુખ છે જ નહિ, આહાહા..! પણ પંચ મહાવ્રતના પાલનમાં એકલું પુણ્ય છે, બંધ છે, સુખ એમાં નથી. આહાહા..! પઠન, પાઠન, ભક્તિ, વંદન, સ્તુતિ, પરમાત્માનું સ્મરણ એ બધા ભાવ શુભરાગ છે. આહાહા..! એમાં સુખ નથી. એ દુઃખ છે. તો દુઃખ સાધન અને સુખ સાધ્ય? સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા આનંદસ્વરૂપ પ્રભુ, એનું રાગ દુઃખ છે એ સાધન? અને આ સાધ્ય? શાસ્ત્રમાં તો આવ્યું છે. કઈ અપેક્ષાએ? એ સાધન (ત્યારે કે) રાગથી ભિન્ન પડી પોતાનો અનુભવ કર્યો તો એ સાધન છે. પણ એની સાથે રાગની મંદતાનું લક્ષ કરવાથી, નિમિત્ત છે એમ જોઈને આરોપ કર્યો કે એ વ્યવહાર સાધન છે. સાધન છે નહિ. આહાહા...! અરેરે..! આ મોટી તકરાર, વાંધા. માંડ સમજવાના કાળ આવે, તત્ત્વ ન મળે એમાં વચ્ચે આ વિઘ્ન. અરે..! ક્યારે સમજે?

કહે છે, '**આત્માકા નિશ્ચય...**' આત્માનો નિશ્ચય-વિશ્વાસ. પૂર્ણાનંદ પરમાત્મા હું છું, એવો અંતર નિર્વિકલ્પ નિશ્ચય. નિર્વિકલ્પનું જ્ઞાન એ જ્ઞાન છે. આહા..! એ મોક્ષમાર્ગમાં જ્ઞાન બીજું અવયવ છે. સમ્યગ્દર્શન એક, સમ્યગ્જ્ઞાન બે, સમ્યક્ચારિત્ર ત્રીજું. ત્રણ મળીને મોક્ષમાર્ગ, એનો આ એક અવયવ છે. આહાહા..! આ બધા લૌકિકના જાણપણાના ચોપડા લખતા આવડે. કેટલાક એ ચોપડામાં ડાહ્યા હોય છે ને. એના નોકર રાખે છે. 'પોપટભાઈ'! ચોપડા લખનારાને નોકરીએ રાખે. નામું. ત્રણ-ચાર શેઠિયા રાખે. ત્રણ-ચાર જણા પાસેથી આઠેક હજાર મહિને આવી જાય. નામા લખવાવાળા નોકર. આહાહા..! ભગવાન! એ તો પાપ છે. શાસ્ત્ર લખવા અને શાસ્ત્રનું ભણવું, વાંચવું એ પણ પુણ્ય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

પ્રભુ! તું દુઃખી છો. દુઃખથી મુક્ત થવાનો ઉપાય આત્માનું જ્ઞાન (છે). દુઃખથી મુક્ત થવાનો ઉપાય ભગવાનઆત્માનું જ્ઞાન (છે). શાસ્ત્રજ્ઞાન એ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા અંદર શુદ્ધચૈતન્ય વસ્તુ, એનું જ્ઞાન. વિનિશ્ચય છે ને? આહા આત્માનું વિનિશ્ચય. '**आत्मपरिज्ञान**' છે. વિનિશ્ચયમાં સમકિતનું આવ્યું. વિનિશ્ચય અને આ પરિજ્ઞાન આવ્યું. એને ઉપસર્ગ લગાડી દીધો છે-પરિજ્ઞાનં. આહાહા..! એ 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'નો શ્લોક છે. અંદર છે. એનો આ અર્થ છે. '**दर्शनमात्मविनिश्चितिरात्मपरिज्ञानमिष्यते बोधः**' આહાહા..! 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'નો સંસ્કૃત શબ્દ છે. ભગવાનઆત્મા, બાપુ! પ્રભુ! કોણ છે, ભાઈ! તને ખબર નથી. આહા..! એ પરમાત્મસ્વરૂપ છે, ભાઈ! પર્યાયમાં પરમાત્મા થાય છે એ ક્યાંથી થાય છે? બહારથી કોઈ ચીજ આવે છે? આહા..!

મુમુક્ષુ :- ગુરુના ઉપદેશથી.

ઉત્તર :- ગુરુથી નથી આવતી. ગુરુનો ઉપદેશ શું, દિવ્યધ્વનિમાંથી નથી આવતી. એ પહેલા આવી ગયું છે. તમે નહોતા ત્યારે અહીં આવી ગયું છે. છે? કેટલામી? ૩૬? ૨૩ ગાથા છે. બે અને ત્રણ.

'**वेयहि सत्थहिँ इदयहिँ जो जिय मुणहु ण जाइ।**' આહાહા..! વેદની વ્યાખ્યા નીચે કરી, કેવળીની દિવ્યધ્વનિ. '**वेदैः**' ૨૩ ગાથા. '**वेदैः**' કેવળીની દિવ્યધ્વનિ. આવ્યું? ચોપડા જોતા હજી આવડતા નથી. પેલા બીડીઓના ચોપડા બહુ જોયા છે ને. શું કહ્યું? જુઓ! લખ્યું છે? '**वेदैः**' છે? '**वेदैः**'ની વ્યાખ્યા કરી. '**કેવલીકી દિવ્યવાણીસે...**' '**शास्त्रैः**' '**મહામુનિયોંકે વચનોંસે તથા ઇન્દ્રિય ઔર મનસે ભી શુદ્ધાત્મા જાના નહીં જાતા...**' છે? વાંચો જોઈ. મહામુનિના શાસ્ત્રોથી, મુનિના વચનોથી, ગણધરો આદિ સંતો મુનિઓના વચનથી પણ આત્મા જણાતો નથી. 'પરમાત્મપ્રકાશ' પુસ્તક ત્યાં રાખ્યું છે કે નહિ? પડ્યું હશે ભંડારમાં. એ.. શેઠ! 'પરમાત્મપ્રકાશ' છે કે નહિ? ભંડારમાં છે. કેવળીની વાણીથી અને મુનિઓના બનાવેલા શાસ્ત્રથી અને મુનિની વાણીથી ભગવાન જણાતો નથી. આહાહા..! છે? તમે આવ્યા પહેલા એ ગાથા આવી ગઈ. ૨૩ ને. ઇન્દ્રિયથી, મનથી પણ જણાતો નથી. છે? આહા..! મન તો વિકલ્પ છે. આહાહા..! ઇન્દ્રિયથી તો બીજા પાંચ પદાર્થ તરફ લક્ષ જાય છે. ભગવાન તો અણીન્દ્રિય છે. આહાહા..! એ અણીન્દ્રિય જ્ઞાનથી જણાય છે. વીતરાગની વાણી, કેવળીની દિવ્યધ્વનિથી પણ જણાતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'**परिज्ञान**' આત્માનું જાણવું. એટલો સાધારણ અર્થ. '**परिज्ञान**' એટલે વિશેષ. આખું પૂર્ણ આત્માનું સ્વરૂપ જાણવું એ સમ્યગ્જ્ઞાન છે. ચાલતો અધિકાર. '**ઔર આત્મામેં નિશ્ચલ હોના વહ સમ્યક્ચારિત્ર હૈ,...**' આહાહા..! સમ્યક્ચારિત્ર એટલે શું? પાંચ મહાવ્રત ને નગ્નપણું એ ચારિત્ર નહિ. આહાહા..! અઠ્યાવીસ મૂળગુણ એ ચારિત્ર નહિ. આહાહા..! લોકોને બહુ આકરું. એ વસ્તુ એણે સાંભળી નથી. એની મોટપ, એની મોટપ શું છે! આહા..! કહે છે, '**આત્મામેં નિશ્ચલ હોના...**' ભગવાન આનંદસ્વરૂપમાં નિશ્ચલ સ્થિર થવું, આનંદમાં લીન થવું, અતીન્દ્રિય આનંદમાં લીન થવું એ ચારિત્ર છે. આહાહા..! હવે અત્યારે પાંચ મહાવ્રતના ઠેકાણા નથી, અઠ્યાવીસ મૂળગુણના ઠેકાણા નથી ને થઈ ગયા વ્રતધારી ને ચારિત્ર. અને આ શેઠિયાઓ પછી જય નારાયણ.. જય મહારાજ, જય મહારાજ (કરે). બધા કરે એમ કરે. સમાજ કરતો હોય એમ કરે.

મુમુક્ષુ :- જેલમાં આવે તો શું કરે?

ઉત્તર :- ગામમાં ચોર આવે તો એને તો ચોરવા દેવું ને? ગામમાં આવે તો શું કરવું? ખાલી હાથે જાય બિચારો? ગામમાં ચોર આવે. આકરી વાત, બાપા! મૂળ વીતરાગનો માર્ગ આ છે. આહાહા..! આ તો જિનવરદેવ ત્રિલોકનાથની દિવ્યધ્વનિમાં ગણધરો અને સંતોની વચ્ચે આ આવ્યું હતું. આહાહા..! એ સભા કોઈ સાધારણ નહોતી. જેમાં ગણધરો અને ઇન્દ્રો.. આહાહા..! વાઘ ને નાગ જેવા સાંભળવા બેઠા હોય. આહાહા..! એકાવતારી ઇન્દ્ર (બેઠા હોય), એમાં ભગવાન કહેતા હતા, પ્રભુ! અમે ચારિત્ર કોને કહીએ છીએ? જે આત્મા પરમાત્મસ્વરૂપ આનંદનો નાથ છે એમાં લીનતા થવી એ ચારિત્ર છે. મનમાં પંચ મહાવ્રતના વિકલ્પ આદિ ઉઠે છે એ તો અચારિત્ર, દોષ છે. આહાહા..! પંચ મહાવ્રતના વિકલ્પ ઉઠે છે

એ તો જગપંથ છે, સંસારની દશા પ્રાપ્ત કરાવવાનું એ કારણ છે. આહાહા..! જગપંથ કહ્યું નહોતું? 'સમયસાર નાટક' 'મોક્ષ અધિકાર'નો ૪૦મો બોલ છે. જગપંથ. આહાહા..! આ મોક્ષપંથ.

આત્મા આનંદસ્વરૂપમાં અંદર ઘુસી જવું. આહાહા..! ઘુસવું એટલે લીન થવું. ચારિત્ર કંઈ દ્રવ્યમાં ઘુસી નથી જતું-પેસી નથી જતું. આહાહા..! નિર્વિકલ્પ આનંદની રમણતા, અતીન્દ્રિય આનંદની નિર્વિકલ્પ રમણતા, એને ભગવાન સત્ય ચારિત્ર કહે છે. સત્ય ચારિત્ર એને કહે છે. આહાહા..! છે? '**યહ નિશ્ચયરત્નત્રય સાક્ષાત્ મોક્ષકા કારણ હૈ...**' ત્યારે કોઈ કહે, સાક્ષાત્ કહ્યું તો વ્યવહાર પરંપરા કારણ એમાં આવી ગયું. એનો અર્થ એ કે આ સાક્ષાત્ છે, સાથે રાગની મંદતા છે તેનો અભાવ કરીને સાક્ષાત્ પ્રાપ્ત કરશે તેથી રાગને, વ્યવહારને પરંપરા કારણ કહેવામાં આવ્યું છે. રાગ કંઈ વીતરાગતાનું કારણ થાય? આહાહા..! લસણ ખાય અને કસ્તૂરીનો ઓડકાર આવે? આહાહા..! સમજાય છે કાંઈ? ઈ કહે છે.

'**નિશ્ચયરત્નત્રય સાક્ષાત્ મોક્ષકા કારણ હૈ...**' પછી કહે છે, જુઓ! '**ઈનસે બંધ કૈસે હો સકતા** હૈ?' એ તો પાઠમાં છે. સમજાય છે કાંઈ? '**कृत एतेभ्यो भवति बन्धः**' આહાહા..! અહીં તો કહ્યું કે, તીર્થંકર ગોત્રનો બંધ પડે છે એ પણ અપરાધ છે, મોક્ષમાર્ગ નહિ. મોક્ષમાર્ગમાં બંધ કેવો? 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં લીધું છે કે તીર્થંકર ગોત્ર બંધાય, મુનિને આહારક શરીર બંધાય એ ભાવ અપરાધ છે. આહાહા..! એ આરાધના નહિ, એ તો અપરાધ, નુકસાન, બંધ છે. સમજાય છે કાંઈ? 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' 'અમૃતચંદ્રાચાર્યે' ગજબ કામ કર્યા છે! 'સમયસાર', 'પ્રવચનસાર', 'પંચાસ્તિકાય'ની ટીકા તો કરી પણ આવું 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય', 'તત્ત્વાર્થસાર' ગ્રંથ બનાવ્યા, સ્વયં બનાવ્યા. બધા વંચાઈ ગયા છે. વ્યાખ્યાનમાં વાંચ્યા છે. 'તત્ત્વાર્થસાર' એક બનાવ્યું છે. વ્યાખ્યાનમાં વંચાઈ ગયું છે. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' પણ વંચાઈ ગયું છે. સમજાય છે કાંઈ? લોકો કહે છે ને કે 'સમયસાર' વાંચ્યું છે. બધા પુસ્તક વંચાઈ ગયા છે. એમાં વાંધો શું છે તને? 'ધવલ'નો પહેલો ભાગ વ્યાખ્યાનમાં વંચાઈ ગયો છે. 'તત્ત્વાર્થસાર' ગ્રંથ 'અમૃતચંદ્રાચાર્ય'નો છે. આહા..!

એમાં એમ લીધું છે, પ્રભુ! તારો જન્મ થયો તો તારી માતાની નજર તો પછી પડશે, પણ અનિત્યતાએ તને ખોળામાં લઈ લીધો છે. શરીરને અનિત્યતાએ ખોળામાં લીધો છે. માતા તો ખોળામાં નજરમાં પછી લેશે. આહાહા..! આ તો જન્મ્યા પછીની વાત લીધી છે. સમજાય છે કાંઈ? માતા ખોળામાં તો પછી લેશે. આ કન્યા છે કે છોકરો છે? એ પછી જોવે. પહેલા તો અનિત્યતાએ ખોળામાં લઈ લીધો છે. દેહ ક્યારે છૂટશે? આહાહા..! 'તત્ત્વાર્થસાર'માં એમ કહ્યું છે.

'**કભી નહીં હો સકતા.**' ઓહોહો..! મોક્ષમાર્ગ-ભગવાનઆત્માનું નિશ્ચય જ્ઞાન અને રમણતા એ મોક્ષનો માર્ગ છે, તેનાથી બંધ કઈ રીતે થાય? એમ કહે છે. અસ્તિ નાસ્તિ કરી. જે આત્માના નિશ્ચય જ્ઞાન, ચારિત્ર-લીનતા એ મોક્ષનો માર્ગ છે, એનાથી બંધ કઈ રીતે

થાય? એનો બીજો અર્થ ઈ કે જે બંધનો માર્ગ છે એ મોક્ષનો માર્ગ કઈ રીતે થાય? સમજાય છે કાંઈ? ઈ જોર દેવા માટે ત્યાં કહ્યું છે. આહા..! સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા અબદ્ધસ્વરૂપ પરમાત્મા, એના નિશ્ચય દર્શન, જ્ઞાન, ચારિત્ર એ તો મોક્ષનો માર્ગ છે. એમાં બંધ ક્યાંથી થાય? એમ કહે છે. આહાહા..! ત્યારે કહે, બંધ થાય છે ને? બંધ થાય છે એ રાગથી થાય છે. એ રાગ મોક્ષનો માર્ગ કઈ રીતે થાય? જે બંધનો માર્ગ છે એ મોક્ષનો માર્ગ કઈ રીતે થાય? આહાહા..! સમજાય છે કાંઈ? જેમ મોક્ષમાર્ગથી કદી બંધ નથી થતો, તો બંધભાવથી કદી મોક્ષમાર્ગ થતો નથી. સમજાય છે કાંઈ? આહા..! અરે..! ભાઈ! આ તો જેને અંતર ગરજ હોય. અરેરે..! ચોર્યાશીના અવતાર કરી કરીને મરી ગયો છે. દુઃખી.. દુઃખી... દુઃખી. આહાહા..! એને શરીર કંઈક ઠીક હોય ને પાંચ, પચાસ લાખ મળે ને નિરોગ હોય તો અમે ઠીક છીએ. ધૂળેય ઠીક નથી. દુઃખથી ઘેરાયેલો પ્રભુ છો. તને ખબર નથી. આનંદના નાથને તેં દુઃખમાં ઘેરી નાખ્યો છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- દુઃખનું નિમિત્ત છે. પૈસા દુઃખને અકિંચિત્કર છે. લક્ષ્મી રાગ કરાવવામાં અકિંચિત્કર છે. પણ રાગ કરે છે એ દુઃખ છે. છે? આહાહા..! એ તો 'પ્રવચનસાર'માં આવ્યું હતું ને? પાંચ ઈન્દ્રિયના વિષય સુખ-દુઃખની કલ્પનામાં અકિંચિત્કર છે. આહાહા..! સ્ત્રીનું સુંદર કોમળ શરીર જોઈને તને રાગ થાય છે, તો કહે છે કે એ વિષય રાગ ઉત્પન્ન કરાવવામાં અકિંચિત્કર છે. આહાહા..! સુંદર રૂપ, રૂપાળું શરીર, માખણ જેવા ગાલ, શરીરના અવયવો એ આકૃતિ સુંદર, નમણાઈ, એમાં તને જે પ્રેમ થાય છે એ પ્રેમ થવામાં એ ચીજ અકિંચિત્કર છે. સમજાય છે કાંઈ? આહાહા..! એમ મોક્ષમાર્ગમાં બંધભાવ અકિંચિત્કર છે. અહીં તો ત્યાં લગાવવું હતું. ભાઈ! આહાહા..! '**कुत**' બંધ કહ્યું ને આચાર્યે? કહેવાનો આશય આ છે. આહાહા..!

ભગવાનઆત્મા, પોતાના સ્વભાવના આશ્રયે દર્શન, જ્ઞાન, ચારિત્ર (પ્રગટ થયા) એ દુઃખથી મુકાવાનો ઉપાય છે અને એનાથી દુઃખ કઈ રીતે થાય? કહે છે. એને જે રાગાદિથી દુઃખ થાય તે મોક્ષમાર્ગમાં અકિંચિત્કર છે. આહાહા..! મોક્ષમાર્ગ બંધને અકિંચિત્કર છે, બંધ મોક્ષમાર્ગને અકિંચિત્કર છે. સમજાય છે કાંઈ? આહાહા..! આ વીતરાગ માર્ગ. લોકોએ સ્થાનકવાસીમાં દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરો એ ધર્મ. આહાહા..! એના પણ ઠેકાણા ક્યાં છે? રાગની મંદતા કરતા હોય તો કદાચિત્ મિથ્યાત્વ સહિત પુણ્ય બંધાય. આહાહા..! શ્વેતાંબરમાં જાત્રાઓ કરો ને મોટી મોટી પૂજાઓ કરે, હાથીને હોદે રથયાત્રા કાઢે. પાંચ પાંચ હાથી. હાથી હતા ને અમારે પણ? 'જયપુર'. કેટલા? ૨૧ હાથી. ૨૧ હાથીનો વરઘોડો હતો. તેથી શું? એ તો બહારની ચીજ છે. એમાં ભાવ હોય તો શુભ હો. આહા..! અમે ગયા હતા ને? સાંઈઠ હજાર માણસ. આખું ગામ. ભગવાન પાસે રથ ઉપર બેઠા હતા. સાંઈઠ હજાર માણસ કહેતા હતા, પણ ચાલીસ હજાર તો ખરા. ચાલવામાં, હોં! ચારે કોર જોવાવાળા તો લાખો! મેડી ઉપર. સાધુ જોવા આવેલા. 'દેશભુષણ' ત્યાં હતા. જોવા

નીકળ્યા હતા કે આ શું છે? લોકોને તો એમ થઈ જાય કે કોઈ રાજા આવ્યા છે? ૨૧-૨૧ હાથી શું છે? એમ બિચારા વાતું કરતા. તે દિ' આવ્યા હતા. પણ એ તો બહારની ચીજ, પ્રભુ! એ તો બહારની ચીજ છે. એ આત્માથી કરી નથી થતી. ૨૧ હાથી બહાર નીકળીને પછી સલામી માટે. એ તો બધી બહારની ચીજ, પ્રભુ! એમાં રાગ શુભ હોય તો બંધનું કારણ છે. એનાથી મોક્ષના કારણમાં કોઈ સહાયતા મળે છે એમ નથી. બહુ આકરી વાત, ભાઈ! આહાહા..!

આચાર્ય ભગવાન, 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ દિગંબર સંત મોક્ષના માંડવા રોપ્યા જેણે! મંડપ.. મંડપ, મોક્ષના મંડપ રોપ્યા. આહા..! જેણે ભગવાનને દર્શન, જ્ઞાન, ચારિત્રથી વીંટી દીધા છે. આહાહા..! એ મોક્ષમાર્ગથી બંધ કઈ રીતે થાય? એનો અર્થ એ છે કે રાગાદિ વ્યવહારરત્નત્રય બંધનું કારણ છે, એનાથી મોક્ષમાર્ગ કઈ રીતે થાય? આહાહા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! એ ૯૬ ગાથા થઈ. ૯૭.

---

**अथ निर्मलमात्मानं ध्यायस्व येन ध्यातेनान्तर्मुहूर्तेनैव मोक्षपदं लभ्यत इति निरूपयति –**

**९७) अप्पा झायहि णिम्मलउ किं बहुएँ अण्णेण।**
**जो झायंतहँ परम-पउ लब्भइ एक्क-खणेण।।९७।।**

**आत्मानं ध्यायस्व निर्मलं किं बहुना अन्येन।**
**यं ध्यायमानानां परमपदं लभ्यते एकक्षणेन।।९७।।**

**अप्पा झायहि णिम्मलउ आत्मानं ध्यायस्व। कथंभूतं निर्मलम्। किं बहुएं अण्णेण किं बहुनान्येन शुद्धात्मबहिर्भूतेन रागादिविकल्पजालमालाप्रपञ्चेन। जो झायंतहं परमपउ लब्भइ यं परमात्मानं ध्यायमानानां परमपदं लभ्यते। केन [१]कारणभूतेन। एक्कखणेण एकक्षणेनान्तर्मुहूर्तेनापि। तथाहि। समस्तशुभाशुभसंकल्पविकल्परहितेन स्वशुद्धात्मतत्त्व-ध्यानेनान्तर्मुहूर्तेन मोक्षो लभ्यते तेन कारणेन तदेव निरन्तरं ध्यातव्यमिति। तथा चोक्तं बृहदाराधनाशास्त्रे। [२]षोडशतीर्थंकराणां एकक्षणे तीर्थकरोत्पत्तिवासरे प्रथमे श्रामण्यबोधसिद्धिः अन्तर्मुहूर्तेन निर्वृत्ता। अत्राह शिष्यः। यद्यन्तर्मुहूर्त-परमात्मध्यानेन मोक्षो भवति तर्हि इदानीमस्माकं तद्ध्यानं कुर्वाणानां किं न भवति। परिहारमाह। यादृशं तेषां प्रथमसंहननसहितानां शुक्लध्यानं भवति तादृशमिदानीं नास्तीति। तथा चोक्तम् – 'अत्रेदानीं निषेधन्ति शुक्लध्यानं जिनोत्तमाः। धर्मध्यानं पुनः प्राहुः श्रेणिभ्यां प्राग्विवर्तिनम्।।'। अत्र येन कारणेन परमात्म-ध्यानेनान्तर्मुहूर्तेन मोक्षो लभ्यते तेन कारणेन संसारस्थितिच्छेदनार्थ-मिदानीमपि तदेव ध्यातव्यमिति भावार्थः।।९७।।**

---

१. પાઠાંતર :- **कारणभूतेन-करणभूतेन**

२. પાઠાંતર :- આ ગાથા સંસ્કૃત ટીકાવાળી ભગવતીઆરાધનામાં પાન ૧૭૭૧, ગાથા-૨૨૨૮માં છે.

आगे ऐसा कहते हैं, कि निर्मल आत्माको ही ध्यावो, जिसके ध्यान करनेसे अंतर्मुहूर्तमें (तात्काल) मोक्षपदकी प्राप्ति हो –

गाथा – ९७

अन्वयार्थ :– हे योगी तू [ निर्मलं आत्मानं ] निर्मल आत्माका ही [ ध्यायस्व ] ध्यान कर, [ अन्येन बहुना किं ] और बहुत पदार्थोंसे क्या। देश काल पदार्थ आत्मासे भिन्न हैं, उनसे कुछ प्रयोजन नहीं है, रागादि–विकल्पजालके समूहोंके प्रपंचसे क्या फायदा, एक निज स्वरूपको ध्यावो, [ यं ] जिस परमात्माके [ ध्यायमानानां ] ध्यान करनेवालोंको [ एकक्षणेन ] क्षणमात्रमें [ परमपदं ] मोक्षपद [ लभ्यते ] मिलता है।

भावार्थ :– सब शुभाशुभ संकल्प–विकल्प रहित निजशुद्ध आत्मस्वरूपके ध्यान करनेसे शीघ्र ही मोक्ष मिलता है, इसलिये वही हमेशा ध्यान करने योग्य है। ऐसा ही बृहदाराधना–शास्त्रमें कहा है। सोलह तीर्थंकरोंके एक ही समय तीर्थंकरोंके उत्पत्तिके दिन पहले चारित्र ज्ञानकी सिद्धि हुई, फिर अंतर्मुहूर्तमें मोक्ष हो गया। यहाँ पर शिष्य प्रश्न करता है कि यदि परमात्माके ध्यानसे अंतर्मुहूर्तमें मोक्ष होता है, तो इस समय ध्यान करनेवाले हम लोगोंको क्यों नहीं होता? उसका समाधान इस तरह है–कि जैसा निर्विकल्प शुक्लध्यान वज्रवृषभनाराचसंहननवालोंको चोथे कालमें होता है, वैसा अब नहीं हो सकता। ऐसा ही दूसरे ग्रंथोंमें कहा है–'अत्रेत्यादि' इसका अर्थ यह है, कि श्रीसर्वज्ञवीतरागदेव इस भरतक्षेत्रमें इस पंचमकालमें शुक्लध्यानका निषेध करते हैं, इस समय धर्मध्यान हो सकता है, शुक्लध्यान नहीं हो सकता। उपशमश्रेणी और क्षपकक्षेणी दोनों ही इस समय नहीं हैं, सातवाँ गुणस्थान तक गुणस्थान है, ऊपरके गुणस्थान नहीं हैं। इस जगह तात्पर्य यह हैं कि जिस कारण परमात्माके ध्यानसे अंतर्मुहूर्तमें मोक्ष होता है, इसलिये संसारकी स्थिति घटानेके वास्ते अब भी धर्मध्यानका आराधन करना चाहिये जिससे परम्परया मोक्ष भी मिल सकता है।।९७।।

---

હવે, કહે છે કે તું નિર્મળ આત્માનું ધ્યાન કર કે જેનું ધ્યાન કરવાથી તું અંતર્મુહૂર્તમાં જ મોક્ષપદ પામીશ :

ભાવાર્થ :- સમસ્ત શુભાશુભ સંકલ્પવિકલ્પરહિત સ્વશુદ્ધાત્મતત્ત્વના ધ્યાનથી અંતર્મુહૂર્તમાં મોક્ષ મળે છે તેથી તે જ નિરંતરધ્યાવવા યોગ્ય છે. [૨]બૃહદારાધના શાસ્ત્રમાં પણ કહ્યું છે કે : 'षोडशतीर्थंकराणां एकक्षणे तीर्थंकरोत्पत्तिवासरे प्रथमे श्रामण्यबोधसिद्धिः अन्तर्मुहूर्तेन निवृता।' (અર્થ : ઋષભનાથથી માંડીને શાંતિનાથ તીર્થંકર સુધી સોળ તીર્થંકરોને જે દિવસે દિવ્યધ્વનિની ઉત્પત્તિ થઈ હતી તે પ્રથમ દિવસે બહુ મુનિઓને શ્રામણ્યબોધસિદ્ધિ (ચારિત્ર અને કેવળજ્ઞાનની સિદ્ધિ) એક ક્ષણે-અંતર્મુહૂર્તમાં-થઈ).

**અહીં, શિષ્ય પ્રશ્ન કરે છે કે-જો પરમાત્માના ધ્યાનથી અંતર્મુહૂર્તમાં મોક્ષ થાય છે તો અત્યારે તેનું ધ્યાન કરનારા અમને કેમ મોક્ષ થતો નથી ?**

**તેનું સમાધાન : પ્રથમ સંહનનવાળાને (વજ્રવૃષભનારાચસંહનનવાળા જીવોને) જેવું શુકલધ્યાન થાય છે તેવું શુકલધ્યાન અત્યારે થતું નથી, (શ્રી રામસેનકૃત તત્ત્વાનુશાસન ગાથા ૮૩માં) કહ્યું પણ છે કે 'अत्रेदानीं निषेधन्ति शुक्लध्यानं जिनोत्तमाः। धर्मध्यानं पुनः प्राहुः श्रेणिभ्यां प्राग्विवर्तिनाम्।।' અર્થ :- સર્વજ્ઞવીતરાગજિનવરદેવે આ ભરતક્ષેત્રમાં અત્યારે (આ પંચમકાળમાં) શુકલધ્યાનનો નિષેધ કર્યો છે પણ તેમણે આ કાળમાં ધર્મધ્યાન કહ્યું છે, (ધર્મધ્યાન હોય એમ કહ્યું છે.) ઉપશમ અને ક્ષપકશ્રેણીથી નીચેના ગુણસ્થાનમાં વર્તતા જીવોને ધર્મધ્યાન હોઈ શકે છે તેવી ભગવાનની આજ્ઞા છે.**

**અહીં, જે કારણે પરમાત્માના ધ્યાનથી અંતર્મુહૂર્તમાં મોક્ષ મળે છે તે કારણે સંસારની સ્થિતિ છેદવા માટે અત્યારે પણ (આ પંચમકાળમાં પણ) તે જ પરમાત્માનું ધ્યાન કરવા યોગ્ય છે, એવો ભાવાર્થ છે. ૯૭*.**

## ગાથા-૯૭ ઉપર પ્રવચન

**'આગે ઐસા કહતે હૈં કિ, નિર્મલ આત્માકો હી ધ્યાવો, જિસકે ધ્યાન કરનેસે અંતર્મુહૂર્તમેં (તાત્કાલ) મોક્ષપદકી પ્રાપ્તિ હો-'** દૃષ્ટાંત પણ આપશે. બહુ સારુ. આહાહા..!

**९७) अप्पा झायहि णिम्मलउ किं बहुएँ अण्णेण।**
**जो झायंतहँ परम-पउ लब्भइ एक्क-खणेण।।९७।।**

**અન્વયાર્થ :- 'હે યોગી તૂ નિર્મલ આત્માકા હી ધ્યાન કર,...'** આહાહા..! **'આત્માકા હી ધ્યાન કર...'** પ્રભુ! ધ્યાન ત્યાં કર. ત્રાટક ત્યાં લગાવી દે. આહા..! જ્ઞાનની પર્યાય, શ્રદ્ધાની પર્યાયને ત્યાં લગાવી દે. આહાહા..! એ ધ્યાન એ મોક્ષનો માર્ગ છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'નિયમસાર'માં તો ઈ કહ્યું, આ ધ્યાન એ વ્રત, તપ જે કહો તે ઈ છે. બધા બોલ મૂક્યા છે. આચાર્યોએ તો પૂર્વાપર વિરોધ રહિત ચારે કોર .. દિગંબર સંતોની બલિહારી છે! આહા..! એમણે મોક્ષના માર્ગના મંડપ નાખ્યા, ફરે નહિ. અને એ મંડપે મોક્ષ લેવાના. પંચમઆરામાં અત્યારે કેવળજ્ઞાન નથી, પણ એક ભવ પછી લેશે.

**'નિર્મલ આત્માકા હી...'** એમ છે ને? **'ध्यायस्व'** **'ધ્યાન કર...'** **'अन्येन बहुना किं'** આહા..! **'બહુત પદાર્થોંસે ક્યા...'** અર્થાત્ બીજા **'દેશ...'** એટલે ક્ષેત્ર, બીજો **'કાલ**

* આ ગાથા સંસ્કૃત ટીકાવાળી ભગવતી આરાધના આશ્વાસ ૭, ગાથા-૨૦૨૮, પાના-૧૭૭૨ની સંસ્કૃત ટીકામાં આધારરૂપે આપેલ છે.

**પદાર્થ...**' રાગાદિક વ્યવહાર '**આત્માસે ભિન્ન હૈં,...**' આહાહા..! તીર્થક્ષેત્ર પણ આત્માથી ભિન્ન છે. આ કાળ કહેવાયને? શું કહેવાય? પંચ કલ્યાણકના કાળ. તીર્થંકરના પંચ કલ્યાણક. એ કાળ પણ તારાથી ભિન્ન છે. અમાસ, ચૌદસ ભગવાન મોક્ષ પધાર્યા. કાળ તો તારાથી ભિન્ન છે. આહાહા..! અને પદાર્થ. રાગાદિ વિકલ્પથી માંડીને બીજા બધા પદાર્થ તારાથી ભિન્ન છે. આહાહા..! ત્રણલોકના નાથ ને શાસ્ત્ર પણ તારાથી તો ભિન્ન છે. સમજાય છે કાંઈ? આહા..! જેનાથી અનંતજ્ઞાન પ્રગટ થાય અને અનંત દુઃખનો અંત આવે, એ ઉપાય તો અલૌકિક હોવો જોઈએ ને? આ એક અપવાસ કર્યો ને બે અપવાસ કર્યા, નિર્જરા થઈ ગઈ. કાળ ગયો તારો, સાંભળને! આહા..! લોકોએ મનાવી દીધું. સ્થાનકવાસીમાં તો તપ ને ત્યાગની જ વ્યાખ્યા, બસ. સ્થાનકવાસી આવે છે ને? 'જીવણલાલ સંઘવી' 'અમદાવાદ', 'જૈન પ્રકાશ' 'મુંબઈ'થી. ચારે કોર. એક જણે અપવાસ માંડ્યા ને મહિનો કર્યા ને ફલાણા કર્યા. સમ્યગ્દર્શનના ઠેકાણા ન મળે અને એવા વ્રત એ તો બધા બંધના કારણ છે. બંધના કારણને મોક્ષનું કારણ (માને) તો મિથ્યાત્વ પોષાય છે. મિથ્યાત્વની પુષ્ટિ થાય છે ત્યાં ધર્મ થાય છે એમ માને છે. ગજબ વાત, બાપા! આહાહા..! વિરૂદ્ધ માન્યતા. વિપરીત અભિનિવેશ. આહા..! સમજાય છે કાંઈ? એમ આમાં. શું કહેવાય? કર્મ બાળવાની પૂજા છે ને? કર્મદહન પૂજા શ્વેતાંબરમાં બહુ આવે. કર્મદહન પૂજા, સિદ્ધચક્ર પૂજા, શાંતિનાથની પૂજા. એ બધા ભાવ શુભભાવ છે. જો ત્યાં (ધ્યાન) રાખ્યું હોય તો. એમાં લક્ષ બીજે હોય તો અશુભભાવ છે. આહાહા..! એ શુભભાવ બંધનું કારણ છે. એ મોક્ષનું કારણ છે એમ છે નહિ. આહા..!

આવું સત્ય એને સાંભળવા મળે નહિ, ક્યારે કરે ઈ? અરે..! જિંદગી ચાલી જાય. મનુષ્યપણું મળવું મુશ્કેલ પડે. ત્રસની સ્થિતિ પૂરી થશે. એ જો સત્ય નહિ સમજે તો નિગોદમાં ચાલ્યો જશે. ભગવાન એમ કહે છે, ત્રસની સ્થિતિ બે હજાર સાગર છે. ત્રસમાં રહેવાની. બે ઈન્દ્રિયથી પંચેન્દ્રિય. બેઈન્દ્રિય, ત્રણઈન્દ્રિય, ચૌઈન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય, નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ. એમાં એ બે હજાર સાગર રહે. એ સ્થિતિ પૂરી થાય એટલે નિગોદ એકેન્દ્રિયમાં જાય. આહાહા..! નિયમ છે. ભગવાને જોયો છે. પ્રભુ! તારે...

મુમુક્ષુ :- નિગોદમાં જાય અથવા મોક્ષમાં જાય.

ઉત્તર :- મોક્ષમાં તો આત્મજ્ઞાન કરે તો ને. એને માટે તો કહેવાય છે. આત્મજ્ઞાન, દર્શન અને ચારિત્ર કરે તો મોક્ષ થાય. ત્રસની સ્થિતિ પૂરી અને સંસારની સ્થિતિ પૂરી. અને આત્મજ્ઞાન ને સમ્યક્ કરે નહિ તો ત્રસની સ્થિતિ પૂરી અને નિગોદની સ્થિતિ શરૂઆત. વસ્તુ ભાઈ! આવી છે, બાપા! એ ભય બતાવવા માટે નથી. વસ્તુની સ્થિત આવી છે, ભાઈ! જો અહીં લપટ્યો... આહાહા..! આપણા ભાઈ નહિ? 'ધીરૂભાઈ', 'ધ્રાંગધ્રાવાળા'. ત્યાં 'જામનગર'. રણજીત તળાવ છે ને? એ બધા ફરવા ગયા હશે. ન્યાં પાણી પીવા ગયા. આપણે 'છોટાભાઈ'ના દીકરા 'રજનીભાઈ'ના ભાઈ. ભણતો, અહીંનો બહુ પ્રેમ હતો, હોં! કોલેજમાં ભણતા ને બધા ફરવા ગયેલા. મોટું રણજીત તળાવ છે. 'જામનગર'માં. પછી અમે

જોવા ગયા હતા. ન્યાં દેહ છૂટી ગયો હતો ને, પછી અમે બીજી વાર ગયા ત્યારે જોવા ગયા હતા. પાણીમાં પગ જરી લપટી ગયો. પાણી પીવા ગયા હશે. લીલ ફૂગ હતી. લીલ ફૂગ સમજ્યા? કાઈ... કાઈ. પગ આમ (થઈ ગયો). તરતા આવડે નહિ. આમ થઈ ગયું, દેહ છૂટી ગયો. ચોવીસ કલાકે તો મડદું હાથ આવ્યું. પેલા માછલા હતા ને? આંખ ખાઈ ગયા. મચ્છ.. મચ્છ. ચોવીસ કલાકે કાઢ્યા. મીંદડી હતી, મીંદડી સમજ્યા? લોઢાના આંકડિયા હોય ને? પછી છોકરાઓ તો બિચારાએ ખટારામાં કાઢી ફૂલની માળા નાખીને એવી રીતે કાઢ્યા હતા. 'ધીરૂભાઈ' હતા, 'રજની'થી નાનો. આહાહા..! તળાવમાં લપટ્યો તે ગયો.

એમ જે સંસારમાં લપટે એ જાશે નિગોદમાં, એમ કહેવું છે. આહાહા..! અમે બીજે વર્ષે જોવા ગયા હતા ત્યાં. કીધું, 'ધીરૂભાઈ' ક્યાં ગુજરી ગયા? ત્યાં એક હરિજન બાવાની જગ્યા છે. અહીંનો આવનારો છે, અહીંનો પ્રેમી છે. હરિજન છે. બાવો, જંગલમાં રહે. ઈ આનો શિષ્ય છે. 'ઉમરાળા'ના 'શામદાસ'નો. ઈ બાવો અહીં આવે છે. હરિજન છે. ત્યાં આગળ એની ઝુંપડી હતી. અમે જોવા ગયા. અહીં 'ધીરૂભાઈ' લપટી ગયા, આ ઠેકાણે. પાણી જબ્બર અને તરતા આવડે નહિ. આહાહા..! એમ જેને સંસારમાંથી તરતા ન આવડે એ નિગોદાદિમાં ડૂબી જશે. નિગોદ સ્થાન જ, માતાનું જેમ પિયર હોય છે ને? કન્યાનું પિયર હોય છે ને? એમ નિગોદ ઈ જ આત્માનું પિયર છે. ત્યાં વધારે કાળ રહે છે. અને અનંતકાળ ત્યાં જ રહ્યો હતો. ત્યાંથી નીકળીને માંડ માણસ થયો છે. આહાહા..! માણસપણાની દુર્લભતાની એને ખબર નથી. પૈસાની દુર્લભતા નથી, મનુષ્યપણું મળવું એ દુર્લભ છે. આહાહા..! એવા મનુષ્યપણામાં જો આત્માનું સાધન...

મનુષ્યનો અર્થ જ એ છે, મનુષ્યતે જ્ઞાયતે ઈતિ મનુષ્ય. જે આત્માને જાણે તે મનુષ્ય છે. નહિતર તો બધા પશુ છે. મનુષ્યા સ્વરૂપે મૃગા ચરંતિ. આહા..! ભગવાનઆત્મા.. બધું મૂક પડતું સામું જોવું. એક ત્યાં જો. આહાહા..! ત્યાં ધ્યાન કર, તને ક્ષણમાં મોક્ષ થશે. આહાહા..! એક ક્ષણમાં મોક્ષ થશે. આહાહા..! ત્રણલોકનો નાથ નિર્વિકલ્પ આનંદથી બિરાજમાન છે. એની મોજૂદગી જ આનંદથી મોજૂદગી છે. આહાહા..! રાગ ને દુઃખની મોજૂદગી એની નહિ. આહાહા..! એવી વાત છે, ભગવાન! અહીં તો. આહા..! એ ધ્યાન કર.

'**બહુત પદાર્થોંસે ક્યા.**' પ્રયોજન? '**ઉનસે કુછ પ્રયોજન નહીં હૈ,...**' આહાહા..! એ વ્યવહારરત્નત્રયથી પણ તારે શું પ્રયોજન? એમ કહે છે. તારા પ્રયોજનની એમાં ક્યાં સિદ્ધિ થાય છે? આહાહા..! '**રાગાદિ-વિકલ્પજાલકે સમૂહોંકે પ્રપંચસે ક્યા ફાયદા,...**' સમજાય છે? '**रागादिविकल्पजालमालाप्रपञ्चेन**' એમ અંદર શબ્દ છે, હોં! રાગાદિ વિકલ્પ જાલ માળા. વિકલ્પની જાળની માળા. એક પછી એક મોતી ફેરવે. આહાહા..! જેમ સુતર કાંતે છે ને? કાંતે કહે છે? એક પછી એક આમ દોરા નીકળ્યા જ કરે. એમ વિકલ્પની જાળના દોરા અનાદિથી કાંત્યા જ કરે છે. કરોળિયો જેમ જાળમાં વીંટાય એમ આ જાળમાં વીંટાઈ જાય છે. એક પછી એક વિકલ્પ કર્યા જ કરે. અરે..! બાપુ! શું છે તને? ક્યાં જાવું છે તારે?

આહાહા..! જ્યાં જાવું છે ત્યાં વ્યવહારનો પણ સાથ નથી. સમજાય છે કાંઈ? તો તારે કોને સાથે લઈને અંદર જાવું છે? આહાહા..! દાખલો આપશે. અલૌકિક!

જાળ કીધું ને? જાળ. સમૂહ એટલે માળા. માળાનો અર્થ ઈ કર્યો, ભાઈ! વિકલ્પજાળની માળા-સમૂહ. વિકલ્પની જાળ માળા-સમૂહ. એક પછી એક પછી એક કર્યા જ કરે. એ કાંતણમાં દોરી સાંધ્યા જ કરે. પૂરી થઈ જાય તો બીજી.. શું કહેવાય ઈ? પુણી.. પુણી સાંધે. તૂટવા ન દે. એમ ને એમ દોરો હાંક્યા જ કરે. આહાહા..! પુણી નથી હોતી? આમ પગે ચલાવે. આહાહા..! એમ ભગવાન! તેં વિકલ્પની જાળને કોઈ દિ' તોડી નથી. વિકલ્પની જાળને તેં લંબાવી છે. આહાહા..!

**'જિસ પરમાત્માકે ધ્યાન કરનેવાલોંકો ક્ષણમાત્રમેં મોક્ષપદ મિલતા હૈ.'** દેખો ભાષા! ઓહોહો..! હવે કોને ક્ષણમાત્રમાં મોક્ષ થયો, એ દૃષ્ટાંત આપે છે.

**ભાવાર્થ :- 'સબ શુભાશુભ સંકલ્પ-વિકલ્પ રહિત નિજશુદ્ધ આત્મસ્વરૂપકે ધ્યાન કરનેસે શીઘ્ર હી મોક્ષ મિલતા હૈ,...'** છે? **'ઈસલિયે વહી હંમેશા ધ્યાન કરને યોગ્ય હૈ.'** હંમેશા ધ્યાન કરવા યોગ્ય છે. આહાહા..! નિરંતર તારા ધ્યેયમાં ધ્યાન તો એનું હોવું જોઈએ, કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- મુનિની વાત છે આ તો.

ઉત્તર :- સાંભળો, હજી આવ્યું નથી. આ મોક્ષ થાશે, એમ કીધું. કોને થાય છે એ ક્યાં કીધું છે. હજી તો થાય છે એની વાત ચાલે છે.

**'ઈસલિયે વહી હમેશા ધ્યાન કરને યોગ્ય હૈ.'** મુનીની પ્રધાનતાથી કથન છે, તો બધાને માટે એમ છે ને. ગૃહસ્થ હો કે ત્યાગી હો, એને આત્માના ધ્યાનમાં જતાં જ કલ્યાણનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય છે નહિ. સમજાય છે કાંઈ? અહીંયા તો આત્માનો દોર બાંધે તો મુક્તિ છે, બાકી હરામ છે કાંઈ, એમ કહે છે. આહાહા..! આ બાયુ ઉપાડે છે ને? બેડું. નાની પંદર વર્ષની છોડી હોય, માથે બેડું (હોય). ધ્યાન ત્યાં હોય. ભલે સાથે ચાલે ને વાતું કરે પણ ધ્યાન ત્યાં હોય. કારણ કે માથું ફરવું ન જોઈએ. હોય ને? ઈ શું કહેવાય? ઈંઢોણી...ઈંઢોણી. આમ બરાબર રાખે. અને પેલા નાટકિયા ખેલ કરનારા આવે છે ને? છ-સાત (બેડા) ઉપર ઉપર રાખે. માથે દીવો કરે. અને ચાલે. એનું માથું છે એને ફરવા ન દે. પગ ચાલે, શરીર ચાલે, બધું ચાલે. આપણે અહીં આવ્યો નહોતો? ક્યા ગામનો? અહીં આવ્યા હતા. 'મુંબઈ' કર્યું છે. એનું ધ્યાન ત્યાં હોય. બાયુ પણ એક, બે, ત્રણ સુધી ચડાવે. ધ્યાન ત્યાં હોય. અહીં આવ્યા હતા, 'મુંબઈ' આવ્યા હતા, અહીં આવ્યા હતા. 'મુંબઈ' આવ્યા હતા. આહાહા..! શાસ્ત્રમાં દાખલો છે. સ્ત્રી સહેલી સાથે વાત કરે, દાંત કાઢે પણ એનું ધ્યાન ત્યાં છે. એ પડી ન જાય. એને હાથ લગાવવો ન પડે. હાથ લગાડ્યા વિના. આહાહા..! એમ ધર્માત્માના ધ્યાનમાં તાલાવેલી આત્મા ઉપર છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયાં દાખલો આપ્યો છે. **'ઐસા હી બૃહદઆરાધના-શાસ્ત્રમેં કહા હૈ.'** શાસ્ત્ર છે,

મહા આરાધનાનું શાસ્ત્ર. '**સોહલ તીર્થંકરોંકે એક હી સમય તીર્થંકરોંકે ઉત્પત્તિકે દિન...**' ચોવીસ તીર્થંકર થયા એમાં સોળ તીર્થંકરે તો દીક્ષા લીધી ને કેવળજ્ઞાન થયું. આહા..! એમાં મુનિ થયા. '**ઉત્પત્તિકે દિન પહલે ચારિત્ર જ્ઞાનકી સિદ્ધિ હુઈ,...**' એ સાધુ થયા ને એકદમ ચારિત્ર આવ્યું, ચારિત્ર આવ્યું ને એકદમ ક્ષણમાં કેવળજ્ઞાન થઈ ગયું. ભગવાને તો હજી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું, મોક્ષ તો પછી જશે. સમજાય છે કાંઈ? શું કહ્યું? સોળ તીર્થંકરે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. એના શાસનમાં એવી વસ્તુ બની કે જ્યાં કેવળજ્ઞાન થયું ને ધ્વનિ નીકળી ત્યાં સાધુ થયા, એ સાધુ થયા, ક્ષણમાં કેવળજ્ઞાન પામી મોક્ષમાં ચાલ્યા ગયા. આહાહા..! એય..! 'ગિરધરભાઈ'! ચોવીસ તીર્થંકરો મોક્ષમાં પધાર્યા એમાં સોળમાં આમ બન્યું છે, કહે છે. બીજા તીર્થંકરમાં તરત અંતર્મુહૂર્તમાં સાધુ થઈને કેવળ પામ્યા નથી. વાર લાગી. આહાહા..! ભગવાન તો મોક્ષ પછી જશે. કેવળ પામ્યા અને જ્યાં વાણી નીકળી. આહાહા..! દિવ્યધ્વનિ સાંભળી ને અંદર ઘુસી ગયા. દિવ્યધ્વનિથી નથી થયું. અંદરમાં ગયા. આહાહા..! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણે પામ્યા. છે?

'**પહલે ચારિત્ર જ્ઞાનકી સિદ્ધિ હુઈ,..**' એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેની સિદ્ધિ થઈ. '**ફિર અંતર્મુહૂર્તમેં મોક્ષ હો ગયા.**' પછી સાધુ અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પામી મોક્ષમાં ચાલ્યા ગયા. આહાહા..! ભગવાનઆત્મા છે ને અંદર! હજી ભગવાનને તો કેવળજ્ઞાન થયું છે. સોળ તીર્થંકરોમાં કેટલાકને તો હજી હજારો વર્ષ કેવળજ્ઞાનમાં રહેવાનું હોય. પણ કોઈ સાધુ એવા થયા કે તરત ને તરત જ્ઞાન અને ચારિત્ર પામ્યા અને એક અંતર્મુહૂર્તમાં ક્ષણમાં કેવળજ્ઞાન પામી મોક્ષમાં ચાલ્યા ગયા. આહાહા..! 'દશરથલાલજી'! આવી વાત છે. આહાહા..! અહીંયાં તો આત્માના ધ્યાનની મહિમા બતાવવી છે. ભગવાનને તો હજી કેવળ થયું, મોક્ષ તો ઘણા વર્ષો પછી થશે. પણ અંદર જે સાધુ થયા.. આહાહા..! અંદરમાં એકદમ જ્ઞાન અને ચારિત્ર પામ્યા. સમ્યગ્જ્ઞાન. દર્શન તો સાથે છે. અને ક્ષણમાત્ર સાધુપણું રહ્યું અને ક્ષણમાત્રમાં કેવળજ્ઞાન થઈ ગયું. ક્ષપકશ્રેણી માંડી. આહાહા..! ભગવાન સામે બિરાજે અંદરમાં પછી ક્યાં એમાં ખોટ છે. સમજાય છે કાંઈ? જે ચીજ આરાધવા લાયક છે એ ચીજ તો પોતાની પાસે પડી છે. એ પોતે એવી ચીજ છે. આહાહા..! જુઓ! દૃષ્ટાંત.

ભગવાનઆત્મામાં એટલી તાકાત છે કે કેવળજ્ઞાની નીકળ્યા પછી સાધુ થયા હોય અને ભગવાન તો હજી મોક્ષ પછી પધારશે, આ તો તરત ક્ષણમાત્રમાં અંતરમાં સ્થિર થઈને ક્ષપકશ્રેણી થઈને કેવળજ્ઞાન. કેવળજ્ઞાન તો થયું પણ અંતર્મુહૂર્તમાં મોક્ષ! સમજાય છે કાંઈ? નહિતર કેવળજ્ઞાન થયા પછી પણ વાર લાગે. આહાહા..! દૃષ્ટાંત તો કેવો આપ્યો છે! સમજાય છે કાંઈ? ભગવાનની વાણી સાંભળી અને અંદર ઊતરી ગયા. સાધુપદ તો પામ્યા, અને ક્ષણમાં કેવળજ્ઞાન પામ્યા અને બીજી ક્ષણે મોક્ષ થઈ ગયો. સમજાય છે કાંઈ? એવી આત્માના ધ્યાનની તાકાત છે એમ બતાવવું છે. બહારના વ્યવહાર-ફ્યવહારમાં કંઈ નથી. થોથા છે. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત ૨૫૦૨, ભાદરવા સુદ ૩, શનિવાર**
**તા. ૨૮-૦૮-૧૯૭૬, ગાથા-૯૭થી ૯૯, પ્રવચન નં. ૭૫**

સમ્યગ્દર્શન એ આત્માનું ધ્યાન છે, જ્ઞાન એ પણ આત્માનું ધ્યાન છે, ચારિત્ર એ આત્માની ધ્યાન દશા છે. બધું કરીને કરીને આ કરવાનું, એમ કહે છે. સોળ તીર્થંકરને કેવળજ્ઞાન થયું તો મુનિ એકદમ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત કરીને (મોક્ષ પામ્યા). આત્માનું જ મૂળ તો ધ્યાન કરવાનું છે. બાકી ચીજ વ્યવહાર આદિ હો પણ એનાથી કોઈ લાભ થતો નથી. એ સિદ્ધ કરે છે. સાધુ થયા તો તરત કેવળજ્ઞાન થયું. વસ્તુ આખી અખંડાનંદ પ્રભુ ઉપર દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા કરવી એ ચીજ છે. જેનાથી અંતર્મૂહુર્તમાં કેવળજ્ઞાન પામી સાધુ મોક્ષમાં ચાલ્યા ગયા. ભગવાનને કેવળજ્ઞાન થયું પછી સીધા મોક્ષમાં ગયા. આહાહા..! સમજાય છે કાંઈ? કેમકે આત્મા પરમાનંદસ્વરૂપ પરમાત્માસ્વરૂપને ધ્યાનમાં લઈને.. એ આપણે આવ્યું ને? 'દ્રવ્યસંગ્રહ'માં. '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**' અંતર વસ્તુનું ધ્યાન લગાવ્યું, નિશ્ચય સ્વભાવનો આશ્રય જ્યાં લીધો તો નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન પ્રગટ થાય છે. કોઈ વ્યવહાર છે તો વ્યવહારને કારણે પ્રગટ થાય છે એમ નથી. એ સિદ્ધ કરવું છે. પોતાનો ભગવાન પૂર્ણાનંદના આશ્રયથી જ આરાધન થઈને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લઈને પ્રાપ્ત થઈ જાય છે. સમજાય છે કાંઈ?

'**અંતર્મુહૂર્તમેં મોક્ષ હોતા હૈ, તો ઈસ સમય ધ્યાન કરનેવાલે...**' હવે શિષ્ય પ્રશ્ન કરે છે. '**ફિર અંતર્મુહૂર્તમેં મોક્ષ હો ગયા.**' તો શિષ્ય પ્રશ્ન કરે છે. '**યહાં પર શિષ્ય પ્રશ્ન કરતા હૈ કિ યદિ પરમાત્માકે ધ્યાનસે અંતર્મુહૂર્તમેં મોક્ષ હોતા હૈ, તો ઈસ સમય ધ્યાન કરનેવાલે હમ લોગોંકો ક્યોં નહીં હોતા?**' અમે પણ ધ્યાન તો કરીએ છીએ, એમ કહે છે.

'**ઉસકા સમાધાન ઈસ તરહ હૈ-કિ જૈસા નિર્વિકલ્પ શુક્લધ્યાન વજ્રવૃષભ-નારાચસંહનનવાલોંકો ચૌથે કાલમેં હોતા હૈ, વૈસા અબ નહીં હો સકતા.**' વજ્રનારાચસંહનન તો નિમિત્તથી કહ્યું, પણ અંતરમાં જે પુરુષાર્થથી અંતર ઉગ્ર એકાગ્રતા થતી હતી, એવું નિર્વિકલ્પ ધ્યાન જેવું હતું એવું ધ્યાન અત્યારે નથી. આ કારણ છે. એમ કે નિમિત્તાદિ નથી એટલે નથી થતું એમ ન લીધું. વજ્રનારાચસંહનન આદિ નથી, એ નહિ, એ તો નિમિત્તનું કથન છે. પોતાના ધ્યાનમાં જેટલી ઓછપ છે, તેથી ઉગ્ર ધ્યાન થતું નથી. આહા..! એ તો પોતાનું કારણ છે, બીજું કોઈ કારણ નથી, એમ બતાવે છે. જેવું નિર્વિકલ્પ ધ્યાન અંદરમાં લીન થઈને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લે છે એવી લીનતા નથી. તેનું કારણ પોતાની નબળાઈ છે. સમજાય છે કાંઈ? આહાહા..! અસ્થિરતા છે. કોઈ વ્યવહાર કાચો રહ્યો એટલે નથી થતું એમ નથી. વ્યવહારનો પક્ષ નથી. અહીં તો નિશ્ચયનું જે ધ્યેય છે તેને પકડવામાં જે ઉગ્ર ધ્યાન જોઈએ તેની કમી છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'ઐસા હી દૂસરે ગ્રંથોંમેં કહા હૈ-ઈસકા અર્થ યહ હૈ કિ, શ્રીસર્વજ્ઞવીતરાગદેવ ઈસ ભરતક્ષેત્રમેં ઈસ પંચમકાલમેં શુક્લધ્યાનકા નિષેધ કરતે હૈં,...'** અંદરની એકાગ્રતા ઉગ્ર થાય એવો ભાવ અત્યારે નથી. આહા..! **'ઈસ સમય ધર્મધ્યાન હો સકતા હૈ,...'** આ ધર્મધ્યાન એટલે શુભ નહિ. કોઈ કહે છે ને કે ધર્મધ્યાન એટલે શુભભાવ છે, અત્યારે શુક્લધ્યાન તો છે નહિ. એ અહીં નથી. નિશ્ચય ધર્મધ્યાન જે છે એ અત્યારે છે. આહાહા..! વ્યવહાર ધર્મધ્યાન તો શુભભાવ છે, એની અહીંયાં વાત નથી. જેટલી લીનતા શુક્લધ્યાનમાં જોઈએ એટલી લીનતા ધર્મધ્યાનમાં નથી. પણ ધર્મધ્યાન છે તો અંદર આત્માના આનંદની લીનતા. આહાહા..! કેવી શૈલી લીધી છે, જુઓ! આહા..! તારા ધ્યાનની લીનતાની કમી છે તેથી શુક્લધ્યાન નથી. બીજું કોઈ કારણ નથી. આહાહા..! પંચમકાળ છે, આ છે, ફલાણું છે, એ બધું પર નિમિત્ત છે. જેટલી અંદરમાં નિર્વિકલ્પ શુક્લધ્યાનની રમઝટ જામી જવી જોઈએ એની એટલી ઓછપ છે. પણ ધર્મધ્યાન તો છે. આત્માના આનંદનું ધ્યાન, પોતાના આનંદનું ધ્યાન તો છે એમ કહે છે. એ ધર્મધ્યાન. આહાહા..! ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એના શુક્લધ્યાનની તીવ્રતાથી જે દશા તરત પ્રાપ્ત થાય એવું નથી, પણ ધર્મધ્યાન છે. એ ધર્મધ્યાનનો અર્થ શુભભાવ નહિ. અંદરમાં લીનતા શુક્લધ્યાનની ઓછપ એ ધર્મધ્યાન અહીંયાં છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'ઈસ સમય ધર્મધ્યાન હો સકતા હૈ, શુક્લધ્યાન નહીં હો સકતા. ઉપશમશ્રેણી ઔર ક્ષપકશ્રેણી દોનોં હી ઈસ સમય નહીં હૈ, સાતવાં ગુણસ્થાન તક ગુણસ્થાન હૈ,...'** પંચમઆરામાં પણ સપ્તમ ગુણસ્થાન થઈ શકે છે. સમજાય છે કાંઈ? પોતાનું નિશ્ચય ધ્યાન કરીને સમ્યગ્દર્શન થાય છે, સમ્યગ્જ્ઞાન થાય છે અને સમ્યક્ચારિત્રની સપ્તમ ગુણસ્થાન સુધી દશા થાય છે. આહાહા..! પણ એ દશા અંતરના ધ્યાનથી થાય છે. કોઈ એકલી ક્રિયાકાંડથી આ પંચમહાવ્રત લીધા એટલે સપ્તમ ગુણસ્થાન થઈ ગયું, એમ નથી. આહાહા..! અભી **'ઉપરકે ગુણસ્થાન નહીં હૈ.'**

**'ઈસ જગહ તાત્પર્ય યહ હૈ કિ જિસ કારણ પરમાત્માકે ધ્યાનસે અંતર્મુહૂર્તમેં મોક્ષ હોતા હૈ...'** તેથી જે ભગવાનઆત્મા પૂર્ણ આનંદ પરમાત્મસ્વરૂપનું જે ઉગ્ર ધ્યાન થાય છે અને અંતર્મુહૂર્તમાં મોક્ષ થાય છે. **'ઈસલિયે સંસારકી સ્થિતિ ઘટાનેકે વાસ્તે...'** એ નિર્વિકલ્પ ધ્યાન ભલે ન હો, પણ સંસારના ભવને ઘટાડવા માટે. આહાહા..! **'અબ ભી ધર્મધ્યાનકા આરાધન કરના ચાહિયે,...'** એ ધર્મધ્યાન ઉપરથી લીધું. **'संसारस्थिति-च्छेदनार्थमिदानीमपि तदेव ध्यातव्यमिति'** આત્માનું ધ્યાન કરવું. એમ. ધર્મધ્યાન તો પછી શબ્દ લગાવ્યો. માથે કીધું છે ખરું ને કે ધર્મધ્યાન છે. આહાહા..! શું વાત, તાત્પર્ય! પરમાત્મસ્વરૂપ જે પૂર્ણ છે એનું ધ્યાન સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તે ધ્યાન. તેમાં ઉગ્ર ધ્યાન થઈ જાય તો કેવળજ્ઞાન થઈ જાય. મંદ ધ્યાન રહે તો સંસારની સ્થિતિ ઘટાડી આત્માનું

આરાધન કરીને એક-બે ભવે મોક્ષમાં જાય છે. પણ વાત ઈ, આત્માના આરાધનની અહીંયાં વાત છે. દેવ-ગુરુ-શાસ્ત્રની આરાધના, એમની ભક્તિ એ તો બધો વ્યવહાર છે, એ તો અનંતવાર થયું, અહીંયાં પણ હોય પણ એનો અભાવ કરીને આત્માનું ધ્યાન થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કહ્યું ને. રાગનો અભાવ કરીને સ્વરૂપમાં એકાગ્ર થાય છે. રાગથી નથી થતું. આહાહા..! અંતર્મુખમાં એકાગ્ર થવું એ વ્યવહાર રત્નત્રયની સહાયતાથી નથી થતું. તેનાથી ખસીને સ્વભાવમાં એકાગ્ર થાય એ ધ્યાનથી થાય છે. ઝીણી વાત છે. એકદમ તાત્પર્ય વાત છે. બહુ સારી વાત છે. સમજાય છે કાંઈ? માલ તે આત્મા છે, એનું ધ્યાન કરવું એ એક જ ચીજ છે. મંદ ધ્યાન હો તો સંસારની સ્થિતિ છેદીને એક-બે ભવ પછી મોક્ષ જશે. તીવ્ર ધ્યાન શુક્લધ્યાન હોય તો એ ભવે કે અંતર્મુહૂર્તે મોક્ષમાં જશે. એમ કહે છે. સિદ્ધ એ કરવું છે. પેલા વ્યવહારથી થાય છે, નિમિત્તથી થાય છે એ વાતનો નિષેધ કરે છે. આહાહા..!

મુમુક્ષુ :- પૂજા, પાઠ વગેરે..

ઉત્તર :- ઈ વાતેય ક્યાં છે? એ આત્મધ્યાન ક્યાં છે. મોક્ષના માર્ગમાં વચ્ચે આવ્યું પણ એ તો વિઘ્ન છે. ભારે આકરી વાત. એ કહે છે, છાપામાં લખે છે, અત્યારે ધર્મધ્યાન શુભભાવ છે, શુક્લધ્યાન નથી. છાપામાં આવે છે. અરે..! એ નહિ. 'નિયમસાર'માં ઘણી ગાથાઓમાં લીધું છે. નિશ્ચય ધર્મધ્યાન એવો શબ્દ પડ્યો છે. નિશ્ચય ધર્મધ્યાન. 'નિયમસાર'માં. આહાહા..!

પૂર્ણ આનંદસ્વરૂપ ભગવાન.. પછી ચાર બોલ લેશે, બહુ સરસ! ઓહોહો..! 'પરમાત્મપ્રકાશ'. એ પરમાત્મપ્રકાશ કઈ રીતે થાય? એ પરમાત્મા નિજ સ્વરૂપમાં લીનતા થાય તો પરમાત્મપ્રકાશ પર્યાયમાં થાય છે. લીનતાની ઓછપ હોય તો ધર્મધ્યાનથી સંસારનો છેદ કરી નાખે. પછી શુક્લધ્યાન થાશે ત્યારે સંસારનો અભાવ કરશે. આહાહા..! વ્યવહારથી સંસારનો છેદ થાય છે એનો અહીંયાં નિષેધ કરે છે. કેમકે વ્યવહાર એ રાગ છે અને એ જ સંસાર છે. સંસારથી સંસાર કઈ રીતે ઘટે? એ આવ્યું હતું છાપામાં. શુભભાવથી શુભભાવ ઘટતો જાય છે. અરે..! આ ગપ મારે બધા. અરે..! પ્રભુ! માણસોને ખબર ન મળે. વીતરાગ ત્રિલોકનાથ.. આહાહા..! વસ્તુ આખી પરમાત્મસ્વરૂપ, પરમાત્મસ્વરૂપ તું છો. એમાં લીન થવું એ એક જ મોક્ષનો માર્ગ છે. સમજાય છે કાંઈ? ઓછી લીનતા છે તો ધર્મધ્યાન, ઉગ્ર લીનતા છે તો શુક્લધ્યાન. પણ લીનતા એ ધર્મ અધ્યાત્મ વસ્તુ છે. શેઠ! આહાહા..!

મુમુક્ષુ :- પરંપરા છે.

ઉત્તર :- પરંપરા કોને? હજી આવશે. આહાહા..! છે? '**સંસારકી સ્થિતિ ઘટાનેકે વાસ્તે અબ ભી ધર્મધ્યાનકા આરાધન કરના ચાહિયે, જિસસે પરંપરા મોક્ષ ભી...**' દેખો! તેથી તો આચાર્ય પહેલેથી કહેતા આવ્યા છે. '**मायाहि तीर्थ**' તીર્થમાં ન જા, ભાઈ! ત્યાં મોક્ષ

નથી. આહાહા..! મોક્ષનો માર્ગ ત્યાં નથી. માર્ગ તો તારી અંદર છે. ગુરુને ન સેવ. આહાહા..! અરે..! નિષેધ? પ્રભુ! આવા વ્યવહારનો નિષેધ કરો છો? નિષેધ કરીએ છીએ, સાંભળને! દેવને ન સેવ. અરિહંતદેવને ન સેવ. કેમકે એ પર તરફ જાય છે તો તને વિકલ્પ જ થશે. માર્ગ નિર્વિકલ્પ છે. આહાહા..! સમજાય છે કાંઈ? અરે..! વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથની કરુણાભીની દિવ્યધ્વનિ. આહાહા..! વીતરાગી કરુણા, હોં! આહાહા..! એમાં આવ્યું એ સંત જાહેર કરે છે. પ્રભુ! તારા તરફનો જેટલો ઝુકાવ એટલો સંસારનો અભાવ. ઉગ્ર જો કરે તો સંસારનો તરત અભાવ થઈ જાય. પહેલા મંદ રીતે ધર્મધ્યાન હોય તો પરંપરા આગળ વધીને પૂર્ણ થશે ત્યારે મોક્ષ થશે. સમજાય છે કાંઈ?

ધર્મધ્યાનથી પરંપરા મુક્તિ થશે એનો અર્થ શું? કે ધર્મધ્યાન છૂટીને પછી શુક્લધ્યાન થઈ જશે, ત્યારે મોક્ષ થશે. ધર્મધ્યાનથી મોક્ષ થાય છે? પરંપરા કહ્યું એનો અર્થ શું? કે ધર્મધ્યાનથી મોક્ષ નહિ થાય. પરંપરા નામ પછી શુક્લધ્યાન કરશે ત્યારે મોક્ષ થશે. આહાહા..! સમજાય છે કાંઈ? અરે..!

‘**જિસસે પરંપરા મોક્ષ ભી મિલ સકતા હૈ.**’ જોયું! વર્તમાન ધર્મધ્યાનમાં લીનતા મંદ છે. પછી પરંપરા નામ આગળ વધીને એ ધર્મધ્યાનથી લીનતાથી પણ આગળ વધી ઉગ્ર લીનતા થશે તો એનાથી પરંપરા મોક્ષ થશે એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! એ ૯૭ થઈ. ૯૮. બહુ સરસ ગાથાઓ આવી. આહાહા..!

---

**अथ अस्य वीतरागमनसि शुद्धात्मभावना नास्ति तस्य शास्त्रपुराणतपश्चरणानि किं कुर्वन्तीति कथयति –**

**९८) अप्पा णिय-मणि णिम्मलउ णियमेँ वसइ ण जासु।**
**सत्थ-पुराणइँ तव-चरणु मुक्खु वि करहिँ कि तासु।।९८।।**

**आत्मा निजमनसि निर्मलः नियमेन वसति न यस्य।**
**शास्त्रपुराणानि तपश्चरणं मोक्षं अपि कुर्वन्ति किं तस्य।।९८।।**

**अप्पा णियमणि णिम्मलउ णियमें वसइ ण जासु आत्मा निजमनसि निर्मलो नियमेन वसति तिष्ठति न यस्य सत्थपुराणइं तवचरणु मुक्खु वि करहिं किं तासु शास्त्रपुराणानि तपश्चरणं च मोक्षमपि किं कुर्वन्ति तस्येति। तद्यथा। वीतरागनिर्विकल्पसमाधिरूपा यस्य शुद्धात्मभावना नास्ति तस्य शास्त्रपुराणतपश्चरणानि निरर्थकानि भवन्ति। तर्हि किं सर्वथा निष्फलानि। नैवम्। यदि वीतरागसम्यक्त्वरूपस्वशुद्धात्मोपादेयभावनासहितानि भवन्ति तदा मोक्षस्यैव बहिरङ्गसहकारिकारणानि भवन्ति तदभावे पुण्यबन्धकारणानि भवन्ति। मिथ्यात्वरागादि-सहितानि पापबन्धकारणानि च विद्यानुवादसंज्ञितदशमपूर्वश्रुतं पठित्वा भर्गपुरुषादिवदिति भावार्थः।।९८।।**

आगे ऐसा कहते हैं कि, जिसके राग रहित मनमें शुद्धात्माकी भावना नहीं है, उनके शास्त्र, पुराण, तपश्चरण क्या कर सकते हैं ? अर्थात् कुछ भी नहीं कर सकते –

गाथा – ९८

अन्वयार्थ :– [ यस्य ] जिसके [ निजमनसि ] निज मनमें [ निर्मलः आत्मा ] निर्मल आत्मा [ नियमेन ] निश्चयसे [ न वसति ] नहीं रहता, [ तस्य ] उस जीवके [ शासत्रपुराणानि ] शास्त्रके पुराण [ तपश्चरणमपि ] तपस्या भी [ किं ] क्या [ मोक्षं ] मोक्षको [ कुर्वंति ] कर सकते हैं? कभी नहीं कर सकते।

भावार्थ :– वीतरागनिर्विकल्पसमाधिरूप शुद्धभावना जिसके नहीं है, उसके शास्त्र, पुराण, तपश्चरणादि सब व्यर्थ हैं। यहाँ शिष्य प्रश्न करता है, कि क्या बिलकुल ही निरर्थक हैं। उसका समाधान ऐसा है, कि बिलकुल तो नहीं है, लेकिन वीतराग सम्यक्त्वरूप निज शुद्धात्माकी भावना सहित हो, तब तो मोक्षके ही बाह्य सहकारीकारण है, यदि वे वीतरागसम्यक्त्वके अभावरूप हों, तो पुण्यबंधके कारण हैं, और जो मिथ्यात्वरागादि सहित हों, तो पापबंधके कारण है, जैसे कि रुद्र वगैरह विद्यानुवादनामा दशवें पूर्व तक शास्त्र पढ़कर भ्रष्ट हो जाते हैं।।९८।।

હવે, કહે છે કે જેના રાગરહિત મનમાં શુદ્ધાત્મભાવના નથી તેને શાસ્ત્ર, પુરાણ, તપશ્ચરણાદિ શું કરે ? તે કહે છે.

ભાવાર્થ :– વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ શુદ્ધાત્મભાવના જેને નથી તેને શાસ્ત્ર, પુરાણ અને તપશ્ચરણ નિરર્થક છે.

પ્રશ્ન :– તો શું તેઓ સર્વથા (તદ્દન) નિષ્ફળ છે ?

તેનું સમાધાન :– સર્વથા નહિ (તેઓ સર્વથા નિષ્ફળ નથી.) જો 'વીતરાગ-સમ્યક્ત્વરૂપ શુદ્ધાત્મા જ ઉપાદેય છે, એવી ભાવના સહિત હોય તો તેઓ મોક્ષનાં બહિરંગ સહકારી કારણ છે, તેના અભાવમાં તેઓ પુણ્યબંધનાં કારણ છે. મિથ્યાત્વ, રાગાદિ સહિત હોય તો, તેઓ પાપબંધનાં કારણ છે, જેમ રુદ્રપુરુષને વિદ્યાનુવાદ નામના દશમા પૂર્વ સુધી શાસ્ત્ર ભણવા છતાં પાપબંધનાં કારણ થયાં હતાં. એ ભાવાર્થ છે. ૯૮.

## ગાથા-૯૮ ઉપર પ્રવચન

**'આગે ઐસા કહતે હૈં કિ, જિસકે રાગ રહિત મનમેં શુદ્ધાત્મકી ભાવના નહીં હૈ, ઉનકે શાસ્ત્ર, પુરાણ, તપશ્ચરણ ક્યા કર સકતે હૈં?'** આહાહા..! જેમાં શુદ્ધાત્માની શ્રદ્ધા, જ્ઞાન અને ભાવના નથી, એના શાસ્ત્રના પુરાણ, ભણતર, તપશ્ચરણ શું કરે? તપ કરે. અપવાસ

મહિના મહિનાના, બે-બે મહિનાના અપવાસ કરે. શું કરે એમાં? એ તો સંસાર ખાતે છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**अर्थात् कुछ भी नहीं कर सकते-**' ૯૮ ને?

**९८) अप्पा णिय-मणि णिम्मलउ णियमें वसइ ण जासु।**
**सत्थ-पुराणइँ तव-चरणु मुक्खु वि करहिँ कि तासु।।९८।।**

**અન્વયાર્થ :-** '**जिसके निर्मल मनमें...**' ભગવાનઆત્મા વસતો નથી. જેના મનમાં આત્મા સ્થિર થયો નથી. આહાહા..! '**निश्चयसे नहीं रहता...**' નિર્વિકલ્પમાં આત્મા નથી રહેતો. આહાહા..! '**उस जीवके शास्त्रके पुराण तपस्या भी क्या मोक्षको कर सकते हैं?**' આહાહા..! અહીં અંતર્મુહૂર્તમાં આરાધન કરીને આત્માના આરાધનથી મોક્ષ થાય છે, પણ વ્યવહાર આટલા લાખ, કરોડ વર્ષ કરે તો એનાથી મુક્તિ થતી નથી, એમ સિદ્ધ કરવું છે. આહાહા..! સમજાય છે કાંઈ? વ્યવહાર છે, દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત, તપ આદિ, એનાથી શું? એ તો પુણ્યબંધનું કારણ છે. શું એનાથી મુક્તિ થશે? આહાહા..! પછી ખુલાસો આવશે. '**कर सकते हैं? कभी नहीं कर सकते?**' આહાહા..!

**ભાવાર્થ :-** '**वीतरागनिर्विकल्पसमाधिरूप शुद्धभावना जिसके नहीं है,...**' જેને ભગવાનઆત્માની શુદ્ધ-પુણ્ય, પાપના ભાવથી રહિત પવિત્ર શુદ્ધ ભાવના નથી, શુદ્ધ ઉપયોગ નથી.. આહાહા..! શુદ્ધ પરિણતિ નથી, વસ્તુના આશ્રયે શુદ્ધ દશા નથી, આહાહા..! '**उसके शास्त्र, पुराण, तपश्चरणादि सब व्यर्थ हैं.**' એના શાસ્ત્રના જ્ઞાન ને તપસ્યા કરી કરીને મરી જાય, વ્યર્થ છે. આહાહા..! આવી ભાષા છે. મુનિને ક્યાં પડી છે કે દુનિયા કહેશે કે અરે..! આવો માર્ગ? આવો માર્ગ? સાંભળને હવે. આહા..! તારા ડહાપણ મૂકી દે. ભગવાનની સન્મુખ જઈશ, જેટલો એકાગ્ર થઈશ તેટલો ધર્મ છે. વ્યવહાર રત્નત્રય લાખ, કરોડ વર્ષ કરે તો એ ધર્મ નથી. આહાહા..! અને આત્માનું આરાધન અંતર્મુહૂર્ત કરે તો મોક્ષ થશે. અને આત્માના આરાધન વિના આવા લાખ વાર, કરોડ વાર કરોડ ભવ કર, ક્લેશ છે, એનાથી કોઈ ધર્મ-બર્મ નથી. આહા..! ભારે વાતું, ભાઈ!

મુમુક્ષુ :- શરીર નિરોગ રહે?

ઉત્તર :- શરીર નિરોગ રહે એમાં શું? એ પણ નિરોગ રહેવું હોય તો રહે. તપસ્યા કરે છે માટે નિરોગ રહે છે એમ પણ નથી. આહાહા..! એની સાથે શું છે? આત્મા નિરોગ રહે એ વાત છે અહીંયાં તો. વિકલ્પસહિત એ રોગ છે. આહાહા..! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ એ રોગ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ, ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.' એમ કહ્યું. અપવાસ કરવા ને તપસ્યા કરવી ને વ્રત પાળવા એ નથી કહ્યું. 'શ્રીમદ્દે' આમ કહ્યું છે. 'આત્મસિદ્ધિ'માં. આહાહા..! સમજાય છે કાંઈ? ભ્રાંતિ-રાગથી અને પરથી મને લાભ થશે એ ભ્રાંતિનો મોટો રોગ છે. પુણ્ય પરિણામથી, દેવ-ગુરુની ભક્તિથી કે જાત્રા આદિથી મારું કલ્યાણ થશે, એ મોટી આત્મભ્રાંતિ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

આત્મભ્રાંતિ સમ રોગ નહિ. એના જેવો (બીજો કોઈ) રોગ નથી. શરીરનો રોગ તો જડનો છે. એમાં શું? આહાહા..! 'સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ.' સુજાણ, હોં! જેને યથાર્થ ભાન થયું છે, અનુભવ થયો છે, એ સદ્‌ગુરુ એમ કહે છે, ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન. એણે બતાવ્યું. આત્માનું ધ્યાન એ ઔષધ. આહાહા..! સમજાય છે કાંઈ? એનો વિચાર જ્ઞાન અને ધ્યાન. આહાહા..! એનું જ્ઞાન અને એનું ધ્યાન, એ ઔષધ છે. જન્મ-મરણ મટાડવાનું એ ઔષધ છે. આહાહા..! માર્ગ આવો ભાઈ! અહીં તો દ્રવ્યસ્વભાવનું આરાધન, આ એક જ વાત બતાવવી છે. બાકી બધો વ્યવહાર આદિ હો, એ બધું બંધનું કારણ છે. આહાહા..! હવે આ લોકોને એમ કહેવું છે કે વ્યવહાર મદદ કરે. વ્યવહાર તો શુભરાગ છે. વીતરાગપણાની પ્રાપ્તિમાં એ રાગ મદદ કરે? એ ખુલાસો કરશે.

'**શાસ્ત્ર, પુરાણ, તપશ્ચરણાદિ સબ વ્યર્થ હૈં.**' જેને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આત્માના આશ્રયે થયા નથી, જેણે આત્માનો આશ્રય લીધો જ નથી, આત્માનો આશ્રય કર્યો નથી, એ પ્રાણી શાસ્ત્રના ભણતર લાખ, કરોડ કરે, તપસ્યાઓ કરે, વ્રત પાળે, બધું વૃથા છે. આત્માનો લાભ નથી. આહાહા..! '**યહાં શિષ્ય પ્રશ્ન કરતા હૈ કિ, ક્યા બિલકુલ હી નિરર્થક હૈં?**' બિલકુક નિરર્થક છે? શિષ્યનો પ્રશ્ન છે. એમાં ત્રણ બોલ છે. પહેલા આવી ગયું છે.

'**ઉસકા સમાધાન ઐસા હૈ કિ, બિલકુલ તો નહીં હૈ, લેકિન વીતરાગ સમ્યક્ત્વરૂપ નિજ શુદ્ધાત્માકી ભાવના સહિત હો,...**' આહાહા..! રાગ વિનાનું નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, એની જે ભાવના, શુદ્ધાત્માની ભાવના એમ કહે છે. વીતરાગી સમ્યક્ત્વરૂપ ઈ શું? વીતરાગ સમ્યક્ત્વરૂપ શું? કે નિજ શુદ્ધાત્માની ભાવના. આહાહા..! શુદ્ધ ભગવાન પૂર્ણ શુદ્ધ, એની ભાવના. એનું નામ વીતરાગ સમ્યગ્દર્શન. સમજાય છે કાંઈ? '**વીતરાગ સમ્યક્ત્વરૂપ...**' એક વાત. '**નિજ શુદ્ધાત્માકી ભાવના...**' વીતરાગ સમ્યક્ નિશ્ચય અર્થાત્ શુદ્ધાત્માકી ભાવના-શુદ્ધાત્મામાં એકાગ્રતા. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બહારમાં શું દેખાય? ક્ષાયકિ સમકિતી ચક્રવર્તીનું રાજ કરતા હોય. એમાં શું છે? ક્ષાયિક સમકિતી હોય અને ચક્રવર્તીનું રાજ હોય. છન્નું હજાર સ્ત્રી હોય. આ તો અંતરની વસ્તુ છે. અને બાહ્યમાં બધો ત્યાગ કરીને બેઠો હોય, નગ્નમુનિ આદિ. પંચમહાવ્રત પાળતો હોય, એ પંચ મહાવ્રતમાં ધર્મ માને છે. એ તો મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- ગૃહસ્થ કરતાં તો સારા છે.

ઉત્તર :- ગૃહસ્થ કરતાં સારા છે? ગૃહસ્થ ભુંડા કરતાં સારા? સમકિતી છે તો ગૃહસ્થ મોક્ષમાર્ગમાં છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અણગાર હોય પણ રાગને ધર્મ માને છે તો એ મહા હલકો છે. મોક્ષમાર્ગમાં નથી. એમ લખ્યું છે. 'રત્નકરંડશ્રાવકાચાર'. આહાહા..! ગૃહસ્થાશ્રમમાં પણ આત્માનો

આશ્રય લઈને સમ્યગ્દર્શન પ્રગટ થયું તો એ મોક્ષમાર્ગમાં છે. અને અણગાર થઈને રાગથી ધર્મ માને છે, ક્રિયા મારી છે, જડની ક્રિયા હું કરું તો મને લાભ થશે તો એ મોક્ષમાર્ગનો વિરોધી છે, મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એક તો એ કે વીતરાગ સમ્યક્ત્વરૂપ નિજ શુદ્ધાત્માની ભાવના સહિત જો વ્યવહાર હોય તો એ વ્યવહારને બહિરંગ સહકારણ કહે છે. બહિરંગ સહકારણ. સાથે નિમિત્ત છે બસ એટલું. સમજાય છે કાંઈ? '**વીતરાગ સમ્યક્ત્વરૂપ નિજ શુદ્ધાત્માકી ભાવના...**' આહાહા..! જ્ઞાનસ્વરૂપ ભગવાન પૂર્ણ પ્રકાશપિંડ પ્રભુ, એમાં વીતરાગી સમકિત અર્થાત્ શુદ્ધાત્માની ભાવના. રાગ અને વ્યવહારની ભાવના નહિ. પરની ભાવના નહિ, શુદ્ધાત્માની ભાવના. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રની પણ ભાવના નહિ. એમ કહીને વીતરાગી સમકિત એ સત્ય સમકિત (છે), એ શુદ્ધાત્માની ભાવના. ભગવાન પૂર્ણાનંદ શુદ્ધની ભાવના, એ વીતરાગ સમકિત (છે). આહાહા..! આચાર્યો પણ.. સમજાય છે કાંઈ?

વીતરાગનો માર્ગ વીતરાગની પર્યાયથી શરૂ થાય છે.રાગની પર્યાયથી શરૂ થાય એ વીતરાગ માર્ગ છે? આહા..! લાખ વ્યવહાર રત્નત્રય હો. એ તો 'નિયમસાર'માં કહ્યું કે, કથનમાત્ર વ્યવહારરત્નત્રય તો અનંતવાર કર્યા, એનાથી કોઈ લાભ થયો નથી. એવો ને એવો સંસાર રહ્યો. વ્યવહાર રત્નત્રય એટલે કથનમાત્ર, એવું અનંતવાર કર્યું. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, ભક્તિ.. પાંચ મહાવ્રત આહાહા..! નવમી ગ્રૈવેયક ગયો. શુભભાવ એ કોઈ ધર્મધ્યાન નથી, એ કોઈ મોક્ષનો માર્ગ નથી. આહાહા..! અને અહીંયાં થોડો પણ ભગવાનનો આશ્રય લઈને ધર્મધ્યાન પ્રગટ કર્યું તો એ વીતરાગી સમકિત શુદ્ધાત્માની ભાવના મોક્ષમાર્ગમાં છે. આહાહા..! સમજાય છે કાંઈ? વર્તમાનમાં ગડબડ બહુ થઈ ગઈ એટલે લોકોને આ પકડવું ભારે પડી ગયું. રાડે રાડ પત્રવાળા પાડે છે. વ્યવહારથી લાભ થાય એને ઠેકાણે ના પાડે છે, એકાંત છે, એકાંત છે, એકાંત મિથ્યાત્વ છે. અરે..! પ્રભુ! સાંભળ તો ખરો, ભાઈ! સમજાય છે કાંઈ?

અહીંયાં કહે છે, પોતાનો આત્મા આનંદકંદ પ્રભુ, એ રાગ પણ નથી અને અલ્પજ્ઞ પણ નથી. પૂર્ણ સર્વજ્ઞ પ્રભુ, સર્વજ્ઞસ્વભાવી, સર્વ આનંદસ્વભાવી, સર્વ વીર્યસ્વભાવી, સર્વ દર્શનસ્વભાવી, આહાહા..! સર્વ ઈશ્વરસ્વભાવી, એવો જે શુદ્ધાત્મા, એની ભાવના અર્થાત્ આ ભાવની ભાવના-એકાગ્રતા એ વીતરાગી સમ્યગ્દર્શન છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ સાચું સમ્યગ્દર્શન છે, એમ કહે છે. આહાહા..! આવું હોય '**તો મોક્ષકે હી બાહ્ય સહકારીકારણ હૈં,...**' બસ. બાહ્ય તરીકે. અભ્યંતર નહિ પણ બાહ્ય તરીકે. અભ્યંતર તો સ્વભાવ શુદ્ધાત્માની ભાવના આહાહા..! અને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, તપસ્યા આદિ '**બાહ્ય સહકારીકારણ હૈં,...**' બસ, એટલી વાત. આહાહા..! એનાથી કોઈ મોક્ષમાર્ગ છે કે એમ કાંઈ નથી. આહાહા..!

'**યદિ વે વીતરાગસમ્યક્ત્વકે અભાવરૂપ હો,...**' શ્રદ્ધા હોય પણ વીતરાગી સમકિત

નહિ. વ્યવહાર શ્રદ્ધા આદિ હોય. '**અભાવરૂપ હો, તો પુણ્યબંધકે કારણ હૈં,...**' તો એને પુણ્યબંધ થશે. આહાહા..! સમજાય છે કાંઈ? '**ઔર જો મિથ્યાત્વરાગાદિ સહિત હો,...**' આહાહા..! વ્યવહારશ્રદ્ધામાં પણ ભ્રષ્ટ હોય.. સમજાય છે કાંઈ? તો એ મિથ્યાત્વ અને રાગાદિ સહિત તો '**પાપબંધકે કારણ હૈં,...**' આહાહા..! વસ્તુની સ્થિતિ આ છે. આહાહા..! કહ્યું ને? '**જૈસે કિ રુદ્ર વગૈરહ વિદ્યાનુવાદનામા દશવેં પૂર્વ તક શાસ્ત્ર પઢકર...**' આહાહા..! કહો. '**ભ્રષ્ટ હો જાતે હૈં.**' આહાહા..! સમજાય છે કાંઈ?

ત્રણ બોલ લીધા. વ્યવહાર જે કહેવાય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતાદિ ભાવ, શાસ્ત્રના ભણતર, એ જો આત્મસન્મુખની વીતરાગ સમકિત જો શુદ્ધાત્માની એકાગ્રતારૂપ, વીતરાગ સમકિત અર્થાત્ શુદ્ધાત્માની એકાગ્રતારૂપ એવી દશાવંતને બાહ્ય સહકારણી નિમિત્ત કહેવાય છે. સમજાય છે કાંઈ? સહકારી નિમિત્ત એ આત્માને કંઈ કરે એમ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- બાહ્ય સહકારી..

ઉત્તર :- બાહ્ય સહકારી છે. બાહ્ય ચીજ રાગ (છે). અંતરમાં તો આત્માના આનંદ તરફનો ઝુકાવ પરિણત થયો એ. શુદ્ધાત્માની ભાવના અને વીતરાગ નિર્વિકલ્પ સમકિત થયું તે. અને આ બાહ્યમાં નિમિત્ત છે. આ વ્યવહાર મોક્ષમાર્ગ કહ્યું ને? જેને નિશ્ચય સમ્યગ્દર્શન છે, તેને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધામાં છે તો રાગ, પણ નિશ્ચય સમકિતમાં તેને વ્યવહાર સમકિતનો આરોપ આપ્યો. સમકિત છે નહિ, પણ સહચર જોઈને નિમિત્તને અંદરમાં વ્યવહાર કહેવામાં આવ્યો. આહાહા..! પોતાનો શુદ્ધ ઉપાદાન આત્મા ધ્રુવ એ નહિ, શુદ્ધ ઉપાદાન અંતરમાં નિશ્ચય સ્થિરતા, દૃષ્ટિ, જ્ઞાનની રમણતા એ નિશ્ચય સમ્યગ્દર્શન, વીતરાગી સમ્યગ્દર્શન. એ શુદ્ધ ભાવના, શુદ્ધાત્માની ભાવના. આહાહા..! એની સાથે જો આ રાગાદિ વ્યવહાર હોય તો બાહ્ય સહકારી કારણ કહેવામાં આવે છે. એ સહકારી કારણ છે તો નિશ્ચય છે એમ નહિ. સમજાય છે કાંઈ? નિશ્ચય તો પોતાના સ્વભાવના આશ્રયે જ છે. બાહ્ય છે તો નિશ્ચય છે એમ નહિ. પણ નિશ્ચય અંતરમાં છે એને બાહ્ય રાગાદિ વ્યવહાર છે (તો) સહકારી નિમિત્તકારણ કહે છે. આહાહા..!

વીતરાગ સમ્યક્ત્વનો અભાવ. આમ શ્રદ્ધા હોય. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ હોય પણ વીતરાગ સમકિત નથી. સમજાય છે કાંઈ? શુદ્ધાત્માની ભાવના, ભાવ જે ત્રિકાળી ભાવની ભાવના નથી અને કંઈક વ્યવહાર શ્રદ્ધા આદિ હોય તો પુણ્યબંધનું કારણ છે. પુણ્યબંધનું કારણ છે. તપસ્યા, શાસ્ત્રજ્ઞાન, નવ તત્ત્વની વ્યવહારશ્રદ્ધા આદિ એ બધું પુણ્યબંધનું કારણ છે. માર્ગ ભારે ભાઈ! આવું સાંભળતા લોકોને એવું થાય. જ્યાં હોય ત્યાં મળે. આહાહા..! સ્થાનકવાસીમાં તો તપ ને ત્યાગ જ ભર્યું છે. આવે છે ને? 'જીવણલાલ'નું ત્યાંનું. સ્થાનકવાસી પત્ર નથી આવતું? 'અમદાવાદ'. 'મુંબઈ'થી 'જૈન પ્રકાશ'. બધું આ ભર્યું હોય. આણે તપ કર્યું ને આણે આમ કર્યું ને આણે ત્યાગ કર્યો. પણ વસ્તુ વિના? આ

શ્વેતાંબરમાં આ જાત્રાઓ કરી, કર્મદહનની પૂજા કરી, સિદ્ધચક્રની પૂજા કરી ને ધામધૂમ કરી ને લાખ, બે લાખ ખર્ચ્યા, એવી વાતું આવે. આહાહા..!

આત્માના સ્વભાવની ભાવના રહિત જીવ છે.. એમ કહે છે, એને આ વ્યવહારરત્નત્રય આદિ હો, ભલે વ્યવહારભાસ છે, તો એ પુણ્યબંધનું કારણ છે. એનાથી ધર્મ કિંચિત્ નથી. આહાહા..! નિશ્ચય નહિ પણ વ્યવહાર છે એમાં કંઈક કાંઈક થોડો નિશ્ચય છે. એ કહેતા હતા. સાંભળ્યું છે.

'**ઔર જો મિથ્યાત્વરાગાદિ સહિત હોં,...**' શ્રદ્ધા પણ વિપરીત અને રાગ પણ વિશેષ, તો એ પાપબંધનું કારણ છે. આહાહા..! '**જૈસે કિ રુદ્ર વગૈરહ વિદ્યાનુવાદનામા દશવેં પૂર્વ તક શાસ્ત્ર પઢકર ભ્રષ્ટ હો જાતે હૈં.**' આહાહા..! જેમાં ભગવાનઆત્માના ભેટા ન થયા, ત્રણલોકનો સાર, બાર અંગનો સાર.. આહાહા..! એવો પ્રભુ દૃષ્ટિમાં, જ્ઞાનમાં આવ્યો નહિ તો એને બધા વ્યવહાર-ફ્યવહારથી સંસાર છે. એનાથી જન્મ-મરણ મટશે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વ્યવહાર મિથ્યાદૃષ્ટિ. પણ અહીંયાં વ્યવહાર સંબંધ છે ને એટલે જરી.. છે તો સમકિતરહિત. નિશ્ચય સમકિત રહિત, પણ વ્યવહાર શ્રદ્ધા હોય એની સાથે આ હોય તો પુણ્યબંધ થાય. અને જેના હજી વ્યવહારશ્રદ્ધાના જ ઠેકાણા નથી, દેવ-ગુરુ-શાસ્ત્રના ઠેકાણા નથી અને વ્યવહાર કરે એ તો મિથ્યાત્વ છે અને સાથે રાગ પણ છે. આહાહા..! પાપબંધનું કારણ છે. આહાહા..! હવે ૯૯ ગાથા આવી.

---

**अथात्मनि ज्ञाते सर्वं ज्ञातं भवतीति दर्शयति –**

**९९) जोइय अप्पें जाणिएण जगु जाणियउ हवेइ।**
**अप्पहँ केरइ भावडइ बिंबिउ जेण वसेइ।।९९।।**

**योगिन् आत्मना ज्ञातेन जगत् ज्ञातं भवति।**
**आत्मनः संबन्धिनिर्भावे बिम्बितं येन वसति।।९९।।**

**जोइय अप्पे जाणिएण हे योगिन् आत्मना ज्ञातेन। किं भवति। जगु जाणियउ हवेइ जगत्त्रिभुवनं ज्ञातं भवति। कस्मात्। अप्पहं केरइ भावडइ बिंबिउ जेण बसेइ आत्मनः संबन्धिनि भावे केवलज्ञानपर्याये बिम्बितं प्रतिबिम्बितं येन कारणेन वसति तिष्ठतीति। अयमर्थः। वीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानेन परमात्मतत्त्वे ज्ञाते सति समस्तद्वादशाङ्गागमस्वरूपं ज्ञातं भवति। कस्मात्। यस्माद्राघवपाण्डवादयो महापुरुषा जिनदीक्षां गृहीत्वा द्वादशाङ्गं पठित्वा द्वादशाङ्गाध्ययनफलभूते निश्चयरत्नत्रयात्मके परमात्मध्याने तिष्ठन्ति तेन कारणेन वीतराग–स्वसंवेदनज्ञानेन निजात्मनि ज्ञाते सति सर्वं ज्ञातं भवतीति। अथवा निर्विकल्पसमाधिसमुत्पन्न–**

परमानन्दसुखरसास्वादे जाते सति पुरुषो जानाति। किं जानाति। वेत्ति मम स्वरूपमन्य-द्देहरागादिकं परमिति तेन कारणेनात्मनि ज्ञाते सर्वं ज्ञातं भवति। अथवा आत्मा कर्ता श्रुतज्ञानरूपेण व्याप्तिज्ञानेन करणभूतेन सर्वं लोकालोकं जानाति तेन कारणेनात्मनि ज्ञाते सर्वं ज्ञातं भवतीति। अथवा वीतरागनिर्विकल्पत्रिगुप्तिसमाधिबलेन केवलज्ञानोत्पत्ति-बीजभूतेन केवलज्ञाने जाते सति दर्पणे बिम्बवत् सर्वं लोकालोकस्वरूपं विज्ञायत इति हेतोरात्मनि ज्ञाते सर्वं ज्ञातं भवतीति अत्रेदं व्याख्यानचतुष्टयं ज्ञात्वा बाह्याभ्यन्तरपरिग्रहत्यागं कृत्वा सर्वतात्पर्येण निजशुद्धात्मभावना कर्तव्येति तात्पर्यम्। तथा चोक्तं समयसारे – 'जो पस्सइ अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं। अपदेससुत्तमज्झं पस्सइ जिणसासणं सव्वं।।'।।९९।।

---

आगे निज भव्यजीवोंने आत्माको जान लिया, उन्होंने सब जाना ऐसा दिखलाते हैं –

**गाथा – ९९**

अन्वयार्थ :– [ योगिन् ] हे योगी [ आत्मना ज्ञातेन ] एक अपने आत्माके जाननेसे [ जगत् ज्ञानं भवति ] यह तीन लोक जाना जाता है, [ येन ] क्योंकि [ आत्मनः संबन्धिनि भावे ] आत्माके भावरूप केवलज्ञानमें [ बिम्बितं ] यह लोक प्रतिबिम्बित हुआ [ वसति ] बस रहा हैं।

भावार्थ :– वीतराग निर्विकल्पस्वसंवेदनज्ञानसे शुद्धात्मतत्त्वके जानने पर समस्त द्वादशांग शास्त्र जाना जाता है। क्योंकि जैसे रामचन्द्र, पांडव, भरत, सगर आदि महान् पुरुष भी जिनराजकी दीक्षा लेकर फिर द्वादशांगको पढ़कर द्वादशांग पढ़नेका फल निश्चयरत्नत्रयस्वरूप जो शुद्धपरमात्मा उसके ध्यानमें लीन हुए तिष्ठे थे। इसलिये वीतरागस्वसंवेदनज्ञानकर अपने आत्माका जानना ही सार है, आत्माके जाननेसे सबका जानपना सफल होता है, इस कारण जिन्होंने अपनी आत्मा जानी उन्होंने सबको जाना। अथवा निर्विकल्पसमाधिसे उत्पन्न हुआ जो परमानंद सुखरस उसके आस्वाद होने पर ज्ञानी पुरुष ऐसा जानता है, कि मेरा स्वरूप जुदा है, और देह रागादिक मेरेसे दूसरे हैं, मेरे नहीं हैं, इसलिये आत्माके (अपने) जाननेसे सब भेद जाने जाते हैं, जिसने अपनेको जान लिया, उसने अपनेसे भिन्न सब पदार्थ जाने। अथवा आत्मा श्रुतज्ञानरूप व्याप्तिज्ञानसे सब लोकालोकको जानता है, इसलिये आत्माके जाननेसे सब जाना गया। अथवा वीतरागनिर्विकल्प परमसमाधिके बलसे केवलज्ञानको उत्पन्न (प्रगट) करके जैसे दर्पणमें घट पटादि पदार्थ झलकते हैं, उसी प्रकार ज्ञानरूपी दर्पणमें सब लोक-अलोक भासते हैं। इससे यह बात निश्चय हुई, कि आत्माके जाननेसे सब जाना जाता है। यहाँ पर सारांश यह हुआ, कि इन चारों व्याख्यानोंका रहस्य जानकर बाह्य अभ्यंतर सब परिग्रह छोड़कर सब तरहसे अपने शुद्धात्माकी भावना करनी चाहिये। ऐसा ही कथन समयसारमें श्रीकुंदकुंदाचार्यने किया है। 'जो पस्सइ' इत्यादि-इसका अर्थ यह है, कि जो निकट-संसारी जीव स्वसंवेदनज्ञानकर

अपने आत्माको अनुभवता, सम्यग्दृष्टिपनेसे अपनेको देखता है, वह सब जैनशासनको देखता है, ऐसा जिनसूत्रमें कहा है। कैसा वह आत्मा है? रागादिक ज्ञानावरणादिकसे रहित है, अन्यभाव जो नर नारकादि पर्याय उनसे रहित है, विशेष अर्थात् गुणस्थान मार्गणा जीवसमास इत्यादि सब भेदोंसे रहित है। ऐसे आत्माके स्वरूपको जो देखता है, जानता है, अनुभवता है, वह सब जिनशासनका मर्म जाननेवाला है।।९९।।

---

હવે, આત્માને જાણતાં સર્વ જણાયું એમ દર્શાવે છે :

ભાવાર્થ :- વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ જ્ઞાન વડે પરમાત્મતત્ત્વ જાણતાં, સમસ્ત બાર અંગનું સ્વરૂપ જણાયું, કારણ કે (૧) જેથી રામ, પાંડવ આદિ મહાપુરુષો જિનદીક્ષા લઈને બાર અંગ ભણીને બાર અંગના અધ્યયનના ફળરૂપ, નિશ્ચયરત્નત્રયાત્મક પરમાત્મધ્યાનમાં લીન રહે છે તેથી વીતરાગ સ્વસંવેદનરૂપ જ્ઞાન વડે નિજ આત્માને જાણતાં સર્વ જણાયું છે. (૨) અથવા નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન પરમાનંદરૂપ સુખરસનો આસ્વાદ ઉત્પન્ન થતાં જ, પુરુષ એમ જાણે કે 'મારું સ્વરૂપ અન્ય છે, દેહ-રાગાદિ પર છે' તેથી આત્માને જાણતાં, સર્વ જણાયું. (૩) અથવા કર્તારૂપ આત્મા કરણભૂત શ્રુતજ્ઞાનરૂપ વ્યાપ્તિજ્ઞાનથી સર્વ લોકાલોકને જાણે છે તેથી આત્માને જાણતાં સર્વ જણાયું. (૪) અથવા કેવળજ્ઞાનની ઉત્પત્તિના બીજરૂપ વીતરાગ, નિર્વિકલ્પ ત્રણગુપ્તિયુક્ત સમાધિના બળથી કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં, જેવી રીતે દર્પણમાં પદાર્થો પ્રતિબિંબિત થાય છે તેવી રીતે સર્વલોકનું સ્વરૂપ જણાય છે. એ કારણે આત્માને જાણતાં, સર્વ જણાયું.

અહીં, આ ચાર પ્રકારનું વ્યાખ્યાન જાણીને, બાહ્ય અભ્યંતર પરિગ્રહનો ત્યાગ કરીને, સર્વ તાત્પર્યથી નિજ શુદ્ધાત્માની ભાવના કર્તવ્ય છે, એવો ભાવાર્થ છે. શ્રી સમયસાર (ગાથા ૧૫)માં પણ કહ્યું છે કે 'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णविसेसं। अपदेससुत्तमज्झं पस्सइ जिणसासणं सव्वं।।' અર્થ : જે પુરુષ આત્માને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, અવિશેષ (તથા ઉપલક્ષણથી નિયત અને અસંયુક્ત) દેખે છે તે સર્વ જિનશાસનને દેખે છે-કે જે જિનશાસન બાહ્ય દ્રવ્યશ્રુત તેમ જ અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે. ૯૯.

## ગાથા-૯૯ ઉપર પ્રવચન

**'આગે જિન ભવ્યજીવોંને આત્માકો જાન લિયા,..'** ૯૯માં ગજબ વાત છે. **'ઉન્હોંને સબ જાના...'** એગં જાણહિ સવ્વ જાણહિં, એનો ખુલાસો કરે છે. આહાહા..! જે ભવ્યજીવોએ. ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપી પ્રભુની સ્વસન્મુખ થઈને આત્માનું જ્ઞાન થયું, **'ઉન્હોંને સબ જાના...'** એણે બધું જાણ્યું. જાણવાલાયક વસ્તુને જાણી તો બધું જાણી લીધું. આહાહા..! ૯૯.

**९९) जोइय अप्पेँ जाणिएण जगु जाणियउ हवेइ।**
**अप्पहँ केरइ भावडइ बिंबिउ जेण वसेइ।।९९।।**

આહાહા..! ભારે, ભાઈ! 'પરમાત્મપ્રકાશ'.

**અન્વયાર્થ :- 'હે યોગી એકઅપને આત્માકે જાનનેસે...' 'जगत् ज्ञानं भवति' 'યહ તીન લોક જાના જાતા હૈ...'** આહાહા..! એની વ્યાખ્યા ચાર પ્રકારે કરશે. સમજાય છે કાંઈ? જેણે ભગવાનઆત્મા પ્રજ્ઞા આનંદસ્વરૂપ, એનું જેને અંતર્મુખ શુદ્ધાત્માની ભાવનાથી પ્રગટ થયું સમકિત... સમજાય છે કાંઈ? તો એણે બધું જાણ્યું. કેમ? કે **'આત્માકે ભાવરૂપ કેવલજ્ઞાનમેં યહ લોક પ્રતિબિંબિત હુઆ બસ રહા હૈ.'** આહાહા..! જેણે આત્મા જાણ્યો એના જ્ઞાનમાં લોકાલોક આવશે. ચાર પ્રકાર કહેશે.

**ભાવાર્થ :- 'વીતરાગ નિર્વિકલ્પસ્વસંવેદનજ્ઞાનસે શુદ્ધાત્મતત્ત્વકે જાનને પર સમસ્ત દ્વાદશાંગ શાસ્ત્ર જાના જાતા હૈ.'** દેખો! અહીં એમ કહેવું છે, **'जोइय अप्पेँ जाणिएण जगु जाणियउ'** જગત જાણ્યું. એનો હવે અર્થ કરે છે. **'વીતરાગ નિર્વિકલ્પસ્વસંવેદનજ્ઞાનસે...'** આ જ્ઞાન, હોં! શાસ્ત્રજ્ઞાન નહિ. આહાહા..! રાગરહિત અભેદ પોતાના આત્માનું પ્રત્યક્ષ વેદનજ્ઞાનથી. આ જ્ઞાન. આવા **'શુદ્ધાત્મતત્ત્વકે જાનને પર...'** આવા જ્ઞાનથી શુદ્ધાત્મતત્ત્વને જાણવાથી.. આહાહા..! **'વીતરાગ નિર્વિકલ્પસ્વસંવેદનજ્ઞાનસે શુદ્ધાત્મતત્ત્વકે જાનને પર...'** કઈ રીતે જાણવાથી? કોને જાણવાથી? કે શુદ્ધાત્મતત્ત્વને. કઈ રીતે જાણવાથી? **'વીતરાગ નિર્વિકલ્પસ્વસંવેદનજ્ઞાનસે જાનને પર...'** આહાહા..! **'સમસ્ત દ્વાદશાંગ શાસ્ત્ર જાના જાતા હૈ.'** લ્યો. એણે બાર અંગ જાણ્યા. કેમકે બાર અંગમાં કહેવું હતું એ જાણ્યું એટલે બધું જાણ્યું. આહાહા..! સમજાય છે કાંઈ?

**'ક્યોંકિ જૈસે રામચંદ્ર, પાંડવ,...'** મહાપુરુષો. 'રામચંદ્રજી' પુરુષોત્તમ પુરુષ. આહાહા..! પાંડવ. ધર્મરાજા, ભીમ, અર્જુન, સહદેવ, નકુલ. પાંડવ. **'ભરત,..'** 'ઋષભદેવ' ભગવાનના પુત્ર 'ભરત'. **'સગર (ચક્રવર્તી) આદિ મહાન્ પુરુષ...'** ઓહો..! **'જિનરાજકી દીક્ષા લેકર...'** આહાહા..! વીતરાગી સમ્યગ્દર્શન સહિત જિનરાજની વીતરાગી દીક્ષા લઈને. આહાહા..! 'રામચંદ્રજી' બળદેવ મહાપુરુષ ચરમશરીરી-છેલ્લું શરીર. એ ભવે કેવળજ્ઞાન

લઈને મોક્ષ પામ્યા. આહાહા..! પાંચ પાંડવો. એમાં ત્રણ તો એ ભવે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષ પામ્યા. બેને વળી વિકલ્પ રહી ગયો, અરે..! મુનિને શું હશે? અહીં 'શેત્રુંજય'. આહાહા..! ત્રણ મોટા મુનિને શું હશે? લોઢાના (દાગીના) પહેરાવ્યા ને? 'દુર્યોધન'ના ભાણેજે લોઢાના દાગીના આભુષણ મુગટ, અહીંયાં અહીંયાં (પહેરાવ્યા). આહાહા..! ભાવલિંગી સંત.. અમૃતના ઝરણાના વેદન છે, આહાહા..! બે મુનિને એવો વિકલ્પ આવ્યો. પણ આરાધન કરીને એકાવતારી થઈ ગયા. સમજાય છે કાંઈ? એણે પણ બાર અંગ જ જાણ્યા, કહે છે. બાર અંગનો સાર જાણ્યો તો એણે બધું જાણ્યું. આહાહા..! છે?

'**જિનરાજકી દીક્ષા લેકર ફિર દ્વાદશાંગકો પઢકર...**' બાર અંગ ભણ્યા. આહાહા..! 'ભરત', 'પાંડવ', 'રામચંદ્ર', 'સગર' આદિ દીક્ષા લઈને બાર અંગ ભણ્યા. આહાહા..! '**દ્વાદશાંગ પઢનેકા ફલ...**' બાર અંગનો અર્થ. જેમાં ચૌદ પૂર્વ તો એક ભાગ છે. બાર અંગ તો એનાથી પણ વિશેષ છે. પાંચ ભાગ છે એમાં ત્રીજો ભાગ પૂર્વનો છે. બે ભાગ વિશેષ છે. બધું મળીને બાર અંગ છે. આ ભણવાનું ફળ '**નિશ્ચયરત્નત્રયસ્વરૂપ જો શુદ્ધપરમાત્મા...**' આહાહા..! નિશ્ચય રત્નત્રયસ્વરૂપ, જો પરમાત્મા '**ઉસકે ધ્યાનમેં લીન...**' કેવું ધ્યાન? નિશ્ચયરત્નત્રયસ્વરૂપ. આહાહા..! ગજબ વાત છે, બાપા! ભગવાન પૂર્ણાનંદ સ્વભાવ નિશ્ચયરત્નત્રયમાં જેણે ધ્યાનમાં લીધો. આહાહા..! '**ઉસકે ધ્યાનમેં લીન હુએ તિષ્ઠે થે.**' આહાહા..!

'**ઈસલિયે વીતરાગસ્વસંવેદનજ્ઞાનકર અપને આત્માકા જાનના હી સાર હૈ,...**' '**ઈસલિયે વીતરાગ સ્વસંવેદનજ્ઞાનકર...**' શાસ્ત્રથી નહિ. આહાહા..! પોતાના જ્ઞાનની પર્યાયથી અંતરમાં જ્ઞાતાને જાણીને. સ્વસંવેદન સીધું જાણીને. આહાહા..! 'પાંડવો', 'રામચંદ્રજી', 'ભરત', 'સગર' આદિ ચક્રવર્તીઓ.. આહાહા..! બે ગયા છે નરકમાં, બાકી દસ ચક્રવર્તી મોક્ષ પધાર્યા છે. સમજાય છે કાંઈ? આહાહા..! છ ખંડના રાજ. 'રામચંદ્રજી' બળદેવ ત્રણ ખંડનું રાજ. 'ભરત'ને છ ખંડનું રાજ. આહાહા..! 'પાંડવો' મહાયોદ્ધા હતા ને! ઓહો..! એ યોદ્ધાઓ બાર અંગને જાણીને અંતર ધ્યાનમાં ગયા, એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! જ્યાં ભગવાન પૂર્ણાનંદ બિરાજે છે, આત્મા, હોં! ત્યાં અંદરમાં ઊતરી ગયા. આહાહા..! ઊંડા ઊતરી ગયા. જ્યાં તળસ્પર્શ થાય, પૂર્ણાનંદનો સ્પર્શ થાય, એ રીતે અંદરમાં ગયા. આહાહા..! માર્ગ ભારે, ભાઈ! સમજાય છે કાંઈ?

'**વીતરાગસ્વસંવેદનજ્ઞાનકર અપને આત્માકા જાનના હી સાર હૈ,...**' આહાહા..! રાગ વ્યવહાર એ સાર નહિ, એમ કહે છે. આહા..! આવી વાત આકરી પડે. અભ્યાસ નહિ અને પેલો ઊંધો અભ્યાસ ઘણો. પ્રભુ રહી ગયો, કહે છે. તેં બધા અભ્યાસ કર્યા, પોતે અભ્યાસ કરવા લાયક ચીજ રહી ગઈ. આહા..! '**આત્માકે જાननેસે સબકા જાનપના સફલ હોતા હૈ,...**' આ કોની વ્યાખ્યા કરી? '**जोइय अप्पें जाणिएण जगु जाणियउ**' એની વ્યાખ્યા ચાલે છે. બે પદ છે ને? જેણે આત્મા જાણ્યો એણે જગ જાણ્યું. જગ જાણ્યું એ પછી બોલ

ભિન્ન કર્યો. જેણે આત્મા જાણ્યો એણે બાર અંગ જાણ્યા. એમ. એ જગમાં આવ્યું ને? આહાહા..! સમજાય છે કાંઈ? જેણે ભગવાનઆત્માને જાણ્યો એણે જગતને જાણ્યું. હવે એના ચાર ભેદ. એક તો બાર અંગને જાણ્યા. કેમકે બાર અંગનો સાર જે આત્મતત્ત્વ જેણે જાણ્યું, એણે બાર અંગ જાણ્યા અથવા એણે બાહ્ય જ્ઞાનનું સફળપણું કર્યું. શું કહ્યું સમજાણું? આહાહા..! આવી ચીજ પડી છે, જુઓને! એ વાંચવાને નવરાશ ન મળે અને પેલા પાપના થોથા ફેરવ્યા કરે આખો દિ'. એ.. શેઠ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ હજી વાંચે તો ખબર પડે ને. હજી વાંચવું ન મળે. નવરાશ ન મળે. નવરાશને શું કહે છે? ફુરસદ. ફુરસદ.. ફુરસદ. આહાહા..! કેવળજ્ઞાનના કપાટ ખોલી નાખ્યા છે! આહાહા..! પ્રભુ! એકવાર જો તો ખરો કહે છે. તારી ચીજ અંદર મહાપ્રભુ ચૈતન્ય ભગવાન બિરાજે છે, નાથ! તને ખબર નથી, ભાઈ! એની તું રક્ષા કર. જેવું જે પ્રકારે સ્વરૂપ છે એ પ્રકારે નિર્વિકલ્પ વીતરાગી ભાવનાથી જોડાઈ જા. આહાહા..! તો એણે બાર અંગ જાણ્યા અથવા બાર અંગનું સફળપણું થયું. આહાહા..!

બે વાત છે ને? '**વીતરાગ સ્વસંવેદનજ્ઞાનકર અપને આત્માકા જાનના હી સાર હૈ, આત્માકે જાનનેસે સબકા જાનપના સફલ હોતા હૈ,...**' આહાહા..! ભગવાનઆત્મા.. વર વિનાની જાન જોડી દીધી. વર સમજો છો? દુલ્હા.. દુલ્હા. દુલ્હા ન મળે ને જાન જોડી દીધી. લાખ માણસ ને પડઘમ વાજા ને બેંડ ને.. દયા, દાન, વ્રત ને ભક્તિ ને તપ જોડી દીધા. વર ન મળે ભગવાન જોડે. આહાહા..! '**વીતરાગ સ્વસંવેદનજ્ઞાનકર અપને આત્માકા જાનના હી સાર હૈ,...**' આહાહા..! બાર અંગ જાણીને પણ સાર તો આત્માનું જ્ઞાન કરવું એ છે. એ કળશમાં પણ આવ્યો છે ને, બાર અંગ જાણવા એ પણ વિકલ્પ છે. કળશમાં આવ્યું છે. એમાં પણ અનુભૂતિ કરવાની વાત કરી છે. સમજાય છે કાંઈ? છે ને એમાં? આ પ્રસંગે બીજો પણ સંશય થાય છે, કોઈ જાણશે કે દ્વાદશાંગ કોઈ અપૂર્વ લબ્ધિ છે? બાર અંગનું જ્ઞાન કોઈ અપૂર્વ વાત છે. તેનું સમાધાન, દ્વાદશાંગ જ્ઞાન પણ વિકલ્પ છે. એમાં પણ એમ કહ્યું છે કે શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે. બાર અંગમાં ઈ કહ્યું છે કે આત્મા આનંદમૂર્તિ ભગવાન, એની અનુભૂતિ એ મોક્ષમાર્ગ છે. દયા, દાન ને વ્રત, ભક્તિ-ફક્તિ મોક્ષમાર્ગ બાર અંગમાં કહ્યું નથી, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**ઈસ કારણ જિન્હોંને અપની આત્મા જાની ઉન્હોંને સબકો જાના.**' આ એક બોલનો ખુલાસો કર્યો. આગળ આચાર્ય કહેશે, મોટા મોટા આચાર્યોએ આ વાતને માન્ય રાખીને રહસ્ય ખોલ્યા. આ ચાર બોલમાં. પછી આવે છે ને? ૧૦૦માં. '**યહી વ્યાખ્યાન બડે બડે આચાર્યોંને માના હૈ.**' આહાહા..! જેણે આત્મા આનંદસ્વરૂપ ભગવાન જાણી લીધો, એણે બાર અંગ જાણ્યા. અથવા બાર અંગનો સાર જાણ્યો તો બાહ્ય જ્ઞાનનું સફળપણું એને કહે છે. આહાહા..! પોતાનું જ્ઞાન ન કરે અને એકલું શાસ્ત્રનું જ્ઞાન કરે એ સફળ નહિ. આહાહા..!

સમજાય છે કાંઈ? આવો માર્ગ. ઈ એક બોલ કહ્યો. બીજો બોલ.

ચાર બોલ કહેશે. આત્મા જાણ્યો એણે જગત જાણ્યું. આત્મા જાણ્યો એણે જગત જાણ્યું-એ શબ્દનો ચાર અર્થ કરશે. સમજાય છે કાંઈ? એક તો એ અર્થ કર્યો કે જેણે ભગવાન આનંદનો નાથ પ્રભુ પરમાત્મસ્વરૂપ, એને વીતરાગી સ્વસંવેદનજ્ઞાનથી જાણ્યું, પાછું વીતરાગી સ્વસંવેદનજ્ઞાનથી જાણ્યું એણે બાર અંગનો સાર જાણ્યો અને બાર અંગને એણે સફળ કર્યા. આહા..! સમજાય છે કાંઈ? આહાહા..! લોકો નથી કહેતા? પાના ફરે એમ સોનું ઝરે, એમ કહે છે. શું કહ્યું? શેઠ! પાના ફરે એમ સોનું ઝરે. ઉઘરાણીના ચોપડામાં નામ લખ્યું હોય ને. આની પાસે આટલા ને આની પાસે આટલા. કોઈ ભૂલી ગયા હોય તો.. દસ હજારનું લેણું છે એ તો ભૂલી ગયા. પાના ફરે એમ સોનું ઝેર. એમ કહે છે. આ પાનું ફરે અને નિર્વિકલ્પ સમાધિ પ્રગટ થાય એમ કહે છે. પરિણતિ ફરતા ફરતા નિર્વિકલ્પ સમાધિ આનંદ આવે. આહા..! પેલામાં પૈસા આવે ધૂળમાં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ ધન છે. પેલી ધૂળમાં કાંઈ નથી. આહાહા..! મરીને ત્યાં સર્પ થાશે માથે. નહોતું આવ્યું? આ સાયલાવાળા લાલા ભગત. સાયલાવાળા લાલા ભગત હતા. તે દિ' તો સવા રૂપિયાની બહુ કિંમત હતી ને. એ પાછો ત્યાં મરી ગયો. ઘણા વર્ષ થયા. ડાબલીમાં જોવે તો કણો. અરે..! આ બાવો કણો થયો છો. કણો સમજો છો? નાનો સર્પ. એ ડાબલીમાં કણો નીકળ્યો. અરે..! બાવો મરીને કણો થયો ને મમતા થઈ. આ લક્ષ્મી જાણે તો તો આનંદ અને પરમાત્મા થાય. બહારની લક્ષ્મીમાં જાય તો કણો થશે ત્યાં. વિશેષ કહેશે..

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, ભાદરવા સુદ ૫, રવિવાર
## તા. ૨૯-૦૮-૧૯૭૬, ગાથા-૯૯, પ્રવચન નં. ૭૬

આજે દસલક્ષણી પર્વનો પહેલો દિવસ છે. ઉત્તમક્ષમા. એ ઉત્તમક્ષમા કોને હોય છે? જેને અંતર આત્માનો અનુભવ થયો હોય, તે વાત છે. સમ્યગ્દર્શન થયું હોય. નિજ ચૈતન્યના આશ્રયે નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ. અહીં ચારિત્રની વ્યાખ્યા છે ને? ત્રણે જેને અંતરમાંથી પ્રગટ થયા હોય. એને નિશ્ચયથી ઉત્તમક્ષમા હોય છે. મિથ્યાદષ્ટિને ક્ષમા નથી હોતી. સમજાય છે કાંઈ? વ્યવહારથી ધર્મ થાય છે એમ માનનારને ઉત્તમક્ષમા નથી હોતી. 'પદ્મનંદિ પંચવિંશતિઃ' આવ્યું છે? પુસ્તક નથી આપ્યું કોઈએ? સૌને ઘરે હોય તો લાવવું. બપોરે આલોચના ચાલશે અને સવારમાં ચાલે છે ને? એમાં આ ઉત્તમક્ષમાનો અધિકાર છે. 'પદ્મનંદિ પંચવિંશતિઃ'. એમાં ૮૧ ગાથા છે, પછી ૮૨ ગાથાથી ઉત્તમક્ષમાનો

અધિકાર ચાલ્યો છે. એમાં પહેલા એમ લીધું છે... જુઓ!

**'આત્મા નામના નિર્મળ તેજનો નિર્ણય કરવો...'** વિશ્વાસ કરવો એ નિશ્ચય સમ્યગ્દર્શન છે. પોતાનું જ્ઞાનતેજ પ્રકાશનો પુંજ પ્રભુનો અનુભવ કરીને પ્રતીત કરવી તેનું નામ સમ્યગ્દર્શન છે. અને આ ત્રણેની એકતા કર્મબંધનો નાશ કરનારી છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, જે આત્માના અવલંબનથી, આશ્રયથી નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થાય છે એ મોક્ષનું કારણ છે. એ બંધનું કારણ જરીયે નથી. ઉત્તમક્ષમા પહેલા શું વાત કરે છે, એ સમજવાની ચીજ છે. **'ઈસ નિશ્ચય રત્નત્રયસે જો બાહ્ય હૈ...'** આચાર્ય પોતે કહે છે. 'પદ્મનંદી' આચાર્ય જંગલવાસી વનવાસી મુનિ હતા. જે કોઈ નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પોતાના આશ્રયે નિર્વિકલ્પ આનંદની વેદના-આનંદનો અનુભવ થવો એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે. એ સિવાય બાહ્ય જે છે, **'વહ ચાહે શુભ હો, ચાહે અશુભ હો, બંધકા હી કારણ હૈ.'** મૂળ પાઠમાં છે. **'बन्धः'** જુઓ!

**'बाह्यं बाह्यार्थमेव, त्रितयमपि परं, स्याच्छुभो वाऽशुभो वा, बन्धः संसारमेवं'** વ્યવહાર રત્નત્રય શુભભાવ એ સંસાર છે, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા...! ભગવાનઆત્મા આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ, એની અંતર વિકલ્પ નામ રાગ વિનાની અંતર અનુભવની પ્રતીતિ, તેજ-ચૈતન્યના તેજનો અંતર વિશ્વાસ, નિર્વિકલ્પ આનંદમાં વિશ્વાસ, એનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન છે. આહાહા..! અને સમ્યગ્દર્શન વિના આ ઉત્તમક્ષમા આદિ હોતા નથી. ઈ પહેલો શ્લોક લીધો અને પછી ઉત્તમક્ષમાનો લીધો છે, ભાઈ! આ ૮૧ છે અને પછી ૮૨થી ઉત્તમક્ષમાનો અધિકાર (લેશે).

હજી વાત તો થોડી બીજી છે. **'बन्धः संसारमेवं'** આહાહા..! પોતાનો ભગવાન આનંદના નાથની નિર્વિકલ્પ દૃષ્ટિ, જ્ઞાન, રમણતા એ જ એક મોક્ષનો માર્ગ છે. આનાથી બાહ્ય ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, આહાહા..! એમાં નથી. છે 'પદ્મનંદી'? આ 'પદ્મનંદિ'માં છે. એમાંથી ક્ષમા લેવી છે. કહે છે, ભગવાનઆત્મા.. જુઓ! ઉત્તમક્ષમાને દિવસે મંડપ નાખે છે. આહાહા..! જેને અંતર આનંદના નાથની પ્રતીતિ અનુભવમાં થઈ હોય, આહાહા..! અને નિર્વિકલ્પ આનંદનું જેને વેદન થયું હોય.. આહાહા..! એ જ સમ્યગ્દર્શન અને એ જ મોક્ષનો માર્ગ. **'बाह्यं बन्धः'** એ સિવાય બાહ્ય ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, શ્રદ્ધા, પંચ મહાવ્રત **'बन्धः संसारमेव'**. એ તો ઠીક સંસાર, એ રાગ સંસાર છે. આહાહા..!

**'श्रुतिनिपुणधियः साधवस्तं वदन्ति'** શું કહે છે? આહાહા..! **'શ્રુતજ્ઞાનકે પારંગત આચાર્ય કહતે હૈં.'** શ્રુતના પારંગત આચાર્ય આમ કહે છે. બારે અંગ જાણ્યા હોય અને એમાં શું છે, એના જાણનારા આમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? **'શ્રુતજ્ઞાનકે પારંગત આચાર્ય કહતે હૈં. ઈસલિયે ભવ્ય જીવોંકો નિશ્ચય રત્નત્રયકે લિયે હી પ્રયત્ન કરના ચાહિયે.'** પહેલો તો આ બોલ છે. શ્રુતના પારંગત આચાર્યો એમ કહે છે, લ્યો. કોઈ વળી શાસ્ત્રમાં

વ્યવહારપ્રધાન કહે, એમ નહિ. આ એનો સાર છે. પરંપરા વ્યવહાર મોક્ષનું કારણ છે. એ રાગ ભાગ છે ને હજી. તો અહીં કહે છે, શ્રુતના પારંગત.. પાઠ છે, હોં! '**श्रुतिनिपुणधियः**' શ્રુતમાં નિપુણ બુદ્ધિવાળા આચાર્ય, મહા શ્રુતજ્ઞાની '**साधवस्तं वदन्ति संसारमेवं**'. નિશ્ચયરત્નત્રય સિવાય જેટલા બાહ્યના વ્યવહારના વિકલ્પ ઉઠે એ બધા બંધના કારણ અને '**संसारमेवं**'. એ શ્રુતના પારંગત આચાર્યો આમ કહે છે. 'દશરથલાલજી'! આહા..! શેઠ! આટલું કહ્યા પછી ક્ષમા લીધી છે, ભાઈ! પછી શરૂ કરે છે. આહાહા..! કેટલી અદ્‌ભુત વ્યાખ્યા!

'પદ્મનંદી' આચાર્ય થયા છે, દિગંબર સંત વનવાસી, આનંદમાં ઝુલતા હતા એમાં વિકલ્પ આવ્યો, કરુણાથી શાસ્ત્ર થઈ ગયું. શાસ્ત્રની રચના કરનારા પણ એ નહિ. કેમકે એ તો પરમાણુની પર્યાય છે. આહાહા..! વિકલ્પ આવ્યો, તો કહે છે, એ પણ બંધનું કારણ છે. એમ શ્રુતના પારંગત આચાર્યો આમ કહે છે. આહાહા..! 'અમરચંદભાઈ'! આહાહા..!

ભગવાનઆત્મા અતીન્દ્રિય જ્ઞાનના તેજનો પુંજ પ્રભુ, એ જ્ઞાનનું જ્ઞાન કરીને જ્ઞાનમાં નિર્ણય કરવો. આહાહા..! જેમાં રાગ અને વિકલ્પની અપેક્ષા નથી. એનું નામ ભગવાન શ્રુત પારંગત આચાર્યો એને નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કહે છે. એનાથી જે બાહ્ય... વ્યવહારરત્નત્ર શુભરાગ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ રાગ, પંચ મહાવ્રતના પરિણામ એ રાગ, શ્રુતના ભણતરના વિકલ્પ એ રાગ એ બધા બંધનું કારણ છે અને '**संसारमेवं**' છે. આહાહા..! 'પદ્મનંદી પંચવિંશતિઃ' છે. 'પદ્મનંદી' આચાર્યે ૨૬ અધ્યાય બનાવ્યા છે, પણ નામ આપ્યું 'પદ્મનંદી પંચવિંશતિઃ'. છે ૨૬ અધ્યાય. 'પદ્મનંદી' આચાર્ય દિગંબર સંત વનવાસી, જેને વનશાસ્ત્ર કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

એ વનશાસ્ત્રમાં શ્રુતના પારંગત (આમ કહે છે, એમ કહ્યું છે). એમ નહિ કે અમુક સૂત્રમાં કહ્યું ને બીજા સૂત્રમાં બીજું કહ્યું. આહાહા..! બધા શ્રુતના પારંગત આચાર્યો.. છે? '**श्रुतिनिपुणधियः साधवस्तं वदन्ति**' નિશ્ચય સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા, નિર્વિકલ્પ આનંદ એ સિવાયના જેટલા વિકલ્પ છે, એ બંધના કારણ, એ સંસાર છે એમ શ્રુતના પારંગત આચાર્યો કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવું સમ્યગ્દર્શન થયા પછી.. અહીં તો ચારિત્ર સહિતની વાત છે ને! દસલક્ષણી ચારિત્ર છે. ચારિત્રના દસ ભેદ છે. તો જેને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે એની ઉત્તમક્ષમા કેવી હોય એ વાત ચાલે છે. પેટામાં ગૃહસ્થ સમકિતીને પણ ઉત્તમક્ષમા કેવી હોય, એનું વર્ણન છે. એ ૮૨ ગાથા. ઉત્તમક્ષમા.

**जड़जनकृत-बाधाऽक्रोशहासाऽप्रियादा-**
**वपि सति न विकारं, यन्मनो याति साधोः।**
**अमलविपुलचित्तैरुत्तमा सा क्षमादौ-**
**शिवपथपथिकानां, सत्सहायत्वमेति।।८२।।**

**અર્થ :-** આહાહા...! '**મૂર્ખજનો દ્વારા કિયે હુએ બંધન, ક્રોધ, હાસ્ય આદિ કે હોને**

**પર તથા કઠોર વચનોં કે બોલને પર ભી જો સાધુ, અપને નિર્મલ ધીર-વીર ચિત્ત સે વિકૃત નહીં હોતા,..'** સમ્યગ્દર્શન, જ્ઞાન સહિતની વાત છે. સમજાય છે કાંઈ? જેને સમ્યગ્દર્શન નથી તેને ઉત્તમક્ષમા હોતી નથી. કૃત્રિમ ક્ષમા હોય છે, પુણ્યબંધનું કારણ. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

સંતોએ પણ વાત કરી છે ને. શ્રુતના પારંગત. એમ કે જેણે બધા સૂત્ર જાણ્યા છે, એવા સાધુઓ એમ કહે છે કે પોતાના આત્માના આનંદની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા, દર્શન-જ્ઞાન-ચારિત્ર, નિર્વિકલ્પ વીતરાગી પર્યાય, એ સિવાયના જેટલા વિકલ્પ ઉઠે, શાસ્ત્ર ભણવા, સાંભળવા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ.. આહાહા..! '**संसारमेवं**'. એ.. શેઠ! કોઈ દિ' સાંભળ્યું નથી. જ્યાં ત્યાં હા પાડે. મોટા શેઠ કહેવાય ને. મોઢા આગળ બેસાડે. લોકો વળી આશા રાખે કે પૈસા-બૈસા આપશે. મોઢા આગળ બેસાડે. હા ભણવી જોઈએ. કહો, શેઠ! આહાહા..! જુઓ! આ દિગંબર સંતોની વાણી. આહાહા..! 'નવરંગભાઈ'!

નિશ્ચય રત્નત્રય સિવાય જેટલા વ્યવહારના વિકલ્પ ઉઠે, એ બંધનું કારણ અને '**संसारमेवं**'. શ્રુતના પારંગત મુનિઓ એમ કહે છે. આહાહા..! 'દશરથલાલજી'! થોડાઘણા ભણીને એમ કહે, વ્યવહારથી આમ થાય ને વ્યવહારથી આમ થાય. અરે..! સાંભળ તો ખરો, પ્રભુ! વ્યવહારથી બંધ થાય એ મોક્ષનું કારણ? શાસ્ત્રમાં કહ્યું છે ને? એ તો પરંપરા એનો અભાવ કરીને થશે, એ અપેક્ષાથી કહ્યું છે. વ્યવહાર તો બંધનું જ કારણ છે. '**संसारमेवं**' એમ અહીં તો પાઠ લીધો છે. સમજાય છે કાંઈ? આહાહા..! દિગંબર નગ્ન મુનિઓ સંતો વનવાસી આનંદમાં ઝુલનારા પોકાર કરે છે. અમને પણ શાસ્ત્રમાં લખવાનો જે વિકલ્પ આવ્યો એ બંધનું કારણ અને સંસાર છે. આહા..! સમજાય છે કાંઈ? અશુભભાવની વાત શું કરવી? આહા..! સંસારમાં કમાવું, બાયડી, છોકરા, કુટુંબ માટે વેપાર-ધંધામાં રોકાવું. આહાહા..! એકલા પાપ છે એ તો.

મુમુક્ષુ :- એમાંથી છૂટવું હોય તે દિ'...

ઉત્તર :- આ છૂટવાની વાત કરે છે ને. પોતાના દ્રવ્યસ્વભાવમાં દૃષ્ટિ કરવાથી વ્યવહારથી અને પરથી ઈ છૂટી જશે. સમજાય છે કાંઈ? 'સુમનભાઈ'! આ તમારા માટે પ્રશ્ન કરે છે. બધા માટે. આહાહા..!

હવે આચાર્ય શું કહે છે? સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર સહિત સંતોએ.. મુખ્ય તો સંતોનું ચારિત્રનું આરાધન છે ને. ગૌણપણે સમકિતી, શ્રાવકને પણ એમાં આવી જાય છે. મિથ્યાદૃષ્ટિને આવે છે એ વાત નથી. જેની દૃષ્ટિમાં વ્યવહારથી નિશ્ચય થાય છે, એવા મિથ્યાદૃષ્ટિ માટે ઉત્તમક્ષમાનો અંશ પણ એને નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

દસલક્ષણી એટલે દસ લક્ષણ. લક્ષ શું છે? ચારિત્ર. એ ચારિત્રના દશ ભેદ છે. દસલક્ષણ પર્વ એ ચારિત્રના દશ ભેદ છે. તો ચારિત્ર, જેને સમ્યગ્દર્શન, જ્ઞાન થયા એ ઉપરાંત સ્વરૂપની રમણતાની વીતરાગ દશા ઉત્પન્ન થાય, એને આવી ઉત્તમ ક્ષમા હોય છે. આહાહા..! આટલી શરત સહિત ઉત્તમક્ષમા કહેવાય છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- મુનિઓ...

ઉત્તર :- પહેલા થોડું કહ્યું ને? દેશ અંશે સમકિતી શ્રાવકને પણ હોય છે. દેશ શબ્દ વચ્ચે કહ્યો હતો. આહાહા..! મુખ્ય તો દસલક્ષણ પર્વ ચારિત્રની આરાધનાનો પ્રકાર છે. કેમ? કે ચારિત્ર એ મોક્ષનું કારણ છે. અને એ ચારિત્ર સમ્યગ્દર્શન હોય તો હોય છે. એટલે ચારિત્ર મોક્ષનું કારણ છે. એ ચારિત્રના આ ઉત્તમક્ષમા આદિ દશ ભેદ છે. એ સમકિતીને જ દર્શન, જ્ઞાન, ચારિત્ર થયા એના દશ ભેદ છે એની વ્યાખ્યા કરે છે. 'અમરચંદભાઈ'! બહારમાં તો બસ, આ ઉત્તમક્ષમા કહ્યું. પણ કોને? ઉત્તમ કોને હોય? ઉત્તમ ક્યા સંબંધે આવ્યો છે.

મૂર્ખજનો દ્વારા હાસ્ય આદિ થાય તો સાધુ વિકૃત ચિત્ત થવા નથી દેતા. જ્ઞાનમાં વિકૃત નથી થવા દેતા. '**ઉસી કા નામ ઉત્તમ ક્ષમા હૈ.**' આહાહા..! છે? વળી (૮૩ ગાથામાં) કહે છે કે '**આચાર્ય કહતે હૈં કિ ગુણરૂપી શાખ-પત્ર-ફૂલોંસે સહિત યહ યતિરૂપી વૃક્ષ હૈ.**' જો અંદર ક્રોધ થઈ જાય તો બળીને રાખ થઈ જાય છે, કહે છે. આખું ઝાડ ફાલ્યું હોય, વૃક્ષ, શાખા (તેમાં) અગ્નિ લાગે તો ખલાસ થઈ જાય. એમ આત્માના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ફાલ્યા હોય પણ અંદર જો ક્રોધ થઈ જાય, ક્રોધાગ્નિ, તો બધાને નાશ કરી નાખશે. આહાહા..! સમજાય છે કાંઈ?

(૮૪ ગાથામાં કહે છે), '**રાગ-દ્વેષ (આદિ) સે રહિત હોકર હમ તો અપને ઉજ્જ્વલ ચિત્ત સે રહેંગે.**' ધર્માત્મા સંત તો આવી ભાવના કરે છે. '**સ્વેચ્છાચારી યહ લોક, અપને હૃદયમેં ચાહે હમકો ભલા-બુરા કૈસા ભી માનો, ક્યોંકિ સભી પુરુષોંકો અપને આત્મા કી શુદ્ધિ કરની ચાહિયે. ઈસ લોક મેં વૈરી અથવા મિત્રોં સે હમકો ક્યા હૈ? અર્થાત્ વે હમારા કુછ ભી નહીં કર સકતે ક્યોંકિ જો હમારે સાથ દ્વેષરૂપ તથા પ્રીતિરૂપ પરિણામ કરેગા, ઉસકા ફલ ઉસકો અપને આપ મિલ જાયેગા.**' અમારે શું? એમ કરીને ક્ષમા કરવી.

મુમુક્ષુ :- જો કરેગા સો ભોગેગા.

ઉત્તર :- જે કરશે એ ભોગવશે. આહા..!

હવે આપણે ચાલતો અધિકાર. 'પરમાત્મપ્રકાશ'. છે ને? ૯૯ ગાથા. આહાહા..! '**जोइय अप्पेँ जाणिएण जगु जाणियउ**' આહાહા..! હે યોગી! 'યોગીન્દ્રદેવ' કહે છે, જેણે આત્મા જાણ્યો તેણે જગ જાણ્યું. આ શબ્દ છે. આત્મા આનંદનો નાથ નિર્વિકલ્પ વેદનથી જણાયો. આહાહા..! એ '**जगु जाणियउ**' એ જગતને જાણે છે. એ જગતને જાણે છે, એની વ્યાખ્યા કરી એમાં ચાર બોલ લીધા.

જે કોઈ આત્મા જ્ઞાયક તેજનો પુંજ પ્રભુ, નિમિત્તનો નહિ, રાગનો નહિ, એક (સમયની) પર્યાયનો નહિ, ત્રિકાળી જ્ઞાયકનું તેજ ભગવાનઆત્મા, એનું અંતર્મુખ થઈને જે સમ્યગ્જ્ઞાન થાય છે,.. આહાહા..! એ આત્મા જાણ્યો એણે જગ જાણ્યું. જેને આત્માનું જ્ઞાન થયું, તેને જગતનું જ્ઞાન થયું. હવે જગતના જ્ઞાનમાં ચાર બોલ લીધા છે. એક બોલ તો કાલે ચાલ્યો છે. છે? '**નિશ્ચયરત્નત્રયસ્વરૂપ જો શુદ્ધપરમાત્મા ઉસકે ધ્યાનમેં લી હુએ તિષ્ઠે થે. ઈસલિયે વીતરાગસ્વસંવેદનજ્ઞાનકર અપને આત્માકા જાનના હી સાર હૈ,...**' આહાહા..!

**'આત્માકે જાનનેસે સબકા જાનપના સફલ હોતા હૈ...'** છે? એ જગ જાણેનો અર્થ કર્યો. આહાહા..! એક. **'ઈસ કારણ જિન્હોંને અપની આત્મા જાની ઉન્હોંને સબકો જાના.'** આહાહા..! એક બોલ આવ્યો. બીજો બોલ. એ જગ જાણ્યું એના ચાર અર્થ કર્યા છે.

આત્માનું જેને ભાન થયું એ જગતને જાણનાર જગતને જાણે છે. **'અથવા નિર્વિકલ્પસમાધિસે ઉત્પન્ન હુઆ...'** હવે શું કહે છે? જુઓ! પોતાના આત્મામાં નિર્વિકલ્પ સમાધિ શાંતિથી ઉત્પન્ન થયો આનંદ.. આહાહા..! ટીકા પણ ગજબ કરી છે ને! આત્મા જાણ્યો એણે જગ જાણ્યું. એની આ બીજી વ્યાખ્યા. પહેલી વ્યાખ્યા તો એ કહી કે પોતાના આત્માનું જેને જ્ઞાન થયું તેને બાર અંગ સફળ થયા. અથવા બાર અંગમાં કહેવું હતું તે એણે જાણ્યું. તો એ જાણ્યું તો એણે બાર અંગ જાણ્યા. સમજાય છે કાંઈ? આહાહા..! જુઓને! આચાર્ય કહે છે, શ્રુતના પારંગત આચાર્યો એમ કહે છે કે ભગવાનના નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર સિવાય બીજા કોઈપણ જાતના વિકલ્પ હો.. આહાહા..! જે તીર્થંકર ગોત્ર બાંધવાનો ભાવ છે એ પણ બંધનું કારણ છે અને સંસાર છે. એમ શ્રુતના પારંગત આચાર્યો **'वदन्ति'** - કહે છે. આહાહા...! 'ચીમનભાઈ'! આવી વાત છે. આહાહા..!

બીજો બોલ. જેણે નિર્વિકલ્પ શાંતિ દ્વારા.. આહાહ..! નિજ આત્માનો આનંદ **'પરમાનંદ સુખરસ ઉસકે આસ્વાદ હોને પર...'** આહાહા..! પોતાને જાણ્યો એણે જગને જાણ્યું. એનો બીજો અર્થ. પોતાના નિર્વિકલ્પ આનંદથી જે નિર્વિકલ્પ આનંદનું સમ્યગ્દર્શન, જ્ઞાનમાં વેદન થયું-આસ્વાદન થયું.. આહાહા..! એ પુરુષ **'આસ્વાદ હોને પર જ્ઞાની પુરુષ ઐસા જાનતા હૈ, કિ મેરા સ્વરૂપ જુદા હૈ,...'** હું આનંદસ્વરૂપી, મારું (સ્વરૂપ) રાગથી, દેહથી બધાથી ભિન્ન છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- દેહત્યાગ...

ઉત્તર :- દેહ તો ક્યાંય રહી ગયો. આ તો રાગથી જુદો. વ્યવહાર રત્નત્રયના રાગથી જુદો. 'સુમનભાઈ'થી જુદો? ઈ કહે છે કે રાગ અને શરીરથી જુદો તો 'સુમનભાઈ'ના બાપ કહેવાય છે એ જુદા હશે? આહાહા..!

ભગવાનઆત્મા.. બાપુ! આ તો દસલક્ષણી પર્વનો પહેલો દિ' છે. અને એ દિગંબરમાં જ દસલક્ષણી પર્વ ચાલે છે. બીજામાં ઈ નથી. બીજામાં સત્ય માર્ગ નહોતો તો એણે કલ્પના કરીને પાંચમ બનાવી અને પાંચમ પહેલા સાત દિવસ, એમ કરીને આઠ દિવસ બનાવ્યા. સ્થાનકવાસીનો આજે છેલ્લો દિવસ છે ને? શ્વેતાંબરની પાંચમ માનનારાનો છેલ્લો દિવસ છે. ચોથ માનનારાના કાલે શનિવારે પૂરા થઈ ગયા અને આપણે તો આજથી શરૂ થાય છે. સમજાય છે કાંઈ? રવિવારથી મંગળવાર. દસ દિવસ છે ને? આહાહા...! છેલ્લો મંગળ દિવસ છે. આહાહા..!

અહીં કહે છે, જેણે પોતાનો આત્મા અંતરથી (જાણ્યો), શાસ્ત્રથી જાણ્યો એ નહિ, એમ કહે છે. સાંભળીને જાણ્યો એ પણ નહિ. નિર્વિકલ્પ શાંતિ દ્વારા જેણે આત્માનો સ્વાદ જાણ્યો. આહાહા..! 'પોપટભાઈ'! આ અલકમલકની વાતું નથી. અગમ્યગમ્યની વાત છે.

આહાહા..! પ્રભુ! તારો પંથ તો જો. તને તારી કિંમત નથી અને તારી સિવાય બહારની કિંમતમાં તને મહત્તા આવી ગઈ. કાં પુણ્ય પરિણામમાં અને કાં પુણ્યના ફળ મળે આ બહારની ધૂળ પાંચ, પચાસ લાખની મહત્તા. તેં તને ખોઈ નાખ્યો. સમજાય છે કાંઈ? તારી સિવાય કોઈપણ વિકલ્પ અને બાહ્ય સામગ્રીની જો મહત્તા આવી તો એણે આત્માનો અનાદર કરી આત્માની હિંસા કરી. સમજાય છે કાંઈ? આહાહા..! શું કહ્યું બીજા બોલમાં?

પહેલા બોલમાં તો ઈ લીધું કે જેણે આત્મા જાણ્યો તેણે બાર અંગને જાણ્યા. બાર અંગમાં કહેવું હતું એ બાર અંગ જાણી લીધા. આહાહા..! હવે કહે છે કે જેણે આત્માના આનંદનો સ્વાદ જાણ્યો, એણે રાગથી, પરથી બધાથી જુદા જાણ્યા એ પરને જાણ્યું. સમજાય છે કાંઈ? જેણે આત્માનો આનંદ નિર્વિકલ્પ સમાધિથી જાણી લીધો... આહાહા..! અર્થાત્ સમ્યગ્દૃષ્ટિથી પોતાનો આત્મા પૂર્ણાનંદનો સ્વાદ આવ્યો, એ આનંદના સ્વાદ સિવાય બીજી બધી ચીજ ભિન્ન છે, આ આત્મા જાણ્યો તો એનાથી બધું ભિન્ન છે, એમ સર્વને જાણ્યું. એને બધું જાણ્યું કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા.. એમ કહ્યું ને? જેણે આત્મા જાણ્યો તેણે જગ જાણ્યું. આ બીજો બોલ આવ્યો. આત્મા નિર્વિકલ્પ શાંતિ-સમાધિ દ્વારા અંતર્મુખ ભગવાનને જેણે જાણી લીધો તો એમાં પરમાનંદનો સ્વાદ આવ્યો, તો પરમાનંદના સ્વાદથી જે ચીજ ભિન્ન છે એ બધાને જાણી. આનંદને જાણ્યો એણે એનાથી ભિન્ન બધાને જાણ્યા, એમ કહે છે. આરે..! ટીકા તે ટીકા. દિગંબર સંતોની શૈલી જ કોઈ અલૌકિક છે. સાધારણ પ્રાણીને તો એ પકડવું કઠણ પડે. આહાહા..! જેણે પોતાનો જાણ્યો, શું પોતાનું? અંદરમાં રાગના વિકલ્પથી રહિત શાંતિ-સમાધિથી આનંદનો સ્વાદ જેને આવ્યો, એને આનંદનો સ્વાદ એ હું છું અને એ સિવાય વિકલ્પ રાગાદિ, દયા, દાન, વ્રતાદિ હો એ બધા મારાથી ભિન્ન છે, એવું જ્ઞાન થયું. સમજાય છે કાંઈ? આહાહા..! કર્મ મારાથી ભિન્ન, મારા આનંદથી કર્મ ભિન્ન, મારા આનંદથી શરીર ભિન્ન, મારા આનંદથી રાગ ભિન્ન, પુણ્યનું ફળ એ મારા આનંદથી ભિન્ન. ચક્રવર્તીનું રાજ મળ્યું હોય. જેણે આત્માનો આનંદ નિર્વિકલ્પ શાંતિથી જાણી લીધો એ હું, એ સિવાય બધી ચીજ પર છે. એણે બધા પરને જાણ્યા. પોતાના આનંદનો જાણ્યો એણે બધા પરને જાણ્યા. મારાથી બધા પર ભેદ (જુદા) છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'નટુભાઈ'! વકીલાત જાણી એણે બધું જાણ્યું એમ નથી કહ્યું. મોટા બારિસ્ટર. 'રામજીભાઈ' જુઓને, ૩૦ વર્ષ પહેલા કોર્ટમાં પાંચ કલાક જતા હતા. બસો રૂપિયા લેતા હતા, પહેલા સો લેતા હતા, પછી બસો લેતા. એ બધું હોંશિયાર કહેવાય ને? નહિ?

અહીં તો કહે છે કે જેણે આત્મા જાણ્યો એણે બધું જાણ્યું. જગને જાણ્યું. એ બધું જગ છે. આત્મા અંદર નિર્વિકલ્પ વિકલ્પથી રહિત આનંદનો સ્વાદ જેણે લીધો, એણે આનંદથી રાગ, શરીર, કર્મ, દેશ, કુટુંબ બધા ભિન્ન છે. એકને જાણ્યો તો એનાથી બધા ભિન્ન છે તેને પણ જાણ્યા. સમજાય છે કાંઈ? આહા..!

મુમુક્ષુ :- બધાને જાણ્યા એટલે...

ઉત્તર :- નહિ, નહિ. પર છે એટલું. મારાથી પર છે એ જાણ્યું. આ હું આનંદમય છું, તો એનાથી પરચીજ બધી ભિન્ન છે, એમ જાણ્યું. અહીં આત્માને જાણ્યો તો બધાને જાણ્યા. બધા એટલે આમ. ન્યાયમાં તો વાત બેસે છે. ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે, બાપુ! આહાહા..!

ત્રિલોકનાથ તીર્થંકદેવની દિવ્યધ્વનિમાં આવેલો આ માર્ગ છે. જેને ગણધરો અને ઈન્દ્રો સાંભળતા હતા, કુતરીના બચ્ચાની જેમ, બધો ગર્વ-અભિમાન છોડી, આહાહા..! સભામાં સો સો ઈન્દ્રો, સિંહ, વાઘ, ચક્રવર્તી, વાસુદેવ. વાસુદેવ હોય ત્યારે ચક્રવર્તી ન હોય.. બળદેવ આદિ ભગવાન પાસે (સાંભળતા હતા). આહાહા..! 'ચિદાનંદ ભુપાલકી રાજધાની'. વીતરાગની વાણી સર્વજ્ઞની દિવ્યધ્વનિ એ ચિદાનંદ ભુપાલ-જ્ઞાનાનંદનો ભુપાલ રાજા આત્મા, એની એ વાણી રાજધાની છે. સમજાય છે કાંઈ? ઈ એમાં આવ્યું છે. સ્તુતિ આવે છે ને. 'જિનાદેશ જાતા..' 'પ્રણવ મંત્ર' આહાહા..! 'ચિદાનંદ ભુપાલકી રાજધાની, નમો દેવી વાકેશ્વરી જૈનવાણી.' આહાહા...! 'ચિદાનંદ ભુપાલકી રાજધાની, નમો દેવી વાકેશ્વરી...' વાક્.. વાક્. વાઘેશ્વરી નહિ. પેલી સરસ્વતીને વાઘ ઉપર બેસાડે છે ને. 'નમો દેવી વાકેશ્વરી..' વાક્ની ઈશ્વરી. આહા..! એવી વીતરાગની વાણી, એમાં આ ભાવ આવ્યો. આહાહા..! સમજાય છે કાંઈ? આવા કથન સર્વજ્ઞ સિવાય ક્યાંય નથી. મુનિઓ પણ કહે છે કે અમે સર્વજ્ઞને અનુસરીને કહીએ છીએ. પોતાના અનુભવથી કહે છે પણ હજી પૂર્ણ પ્રગટ નથી થયું તો સર્વજ્ઞ અનુસાર બધું કહે છે. આહાહા..! એટલા માટે. છે?

'**પરમાનંદ સુખરસ ઉસકે આસ્વાદ હોને પર...**' આહાહા..! નિજાત્માના સમ્યગ્દર્શન દ્વારા પરમાનંદરસનો '**આસ્વાદ હોને પર...**' આહાહા..! હું આનંદરસવાળો છું અને એનાથી રાગાદિથી માંડી બધી ચીજ, જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ પણ મારાથી ભિન્ન છે. આહાહા..! એ પણ સંસાર છે, જગ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ગજબ વાણી! થોડામાં ગાગરમાં સાગર ભરી દીધો છે. આહા..! અરે..! '**મેરા સ્વરૂપ જુદા હૈ ઔર દેહ રાગાદિક મેરેસે દૂસરે હૈં, મેરે નહીં હૈ, ઈસલિયે આત્માકે (અપને) જાનનેસે સબ ભેદ જાને જાતે હૈં...**' આત્માને જાણવાથી બધા ભેદ નામ ભિન્ન ચીજને જાણવામાં આવે છે. આહાહા..! એક મારો ભગવાન આનંદસ્વરૂપને જેણે જાણ્યો, એનાથી ભિન્ન જેટલી ચીજ છે, આત્મા જાણ્યો તો બધાને જાણ્યા. જગને જાણ્યું એટલે બધાને જાણ્યું. આહાહા..! સમજાય છે કાંઈ? બે બોલ થયા. બે બોલ થયા ને? ચાર બોલ છે. આચાર્ય આગળ કહેશે, આ વ્યાખ્યાન મોટા મોટા આચાર્યોને માન્ય છે. પછીની ગાથામાં આવશે. ૧૦૦-૧૦૦. આ વ્યાખ્યાન મોટા મોટા આચાર્યો, મહા સંતો, 'કુંદકુંદ' આદિ આચાર્યોએ આ માન્યું છે. 'અમરચંદભાઈ'! આહાહા..!

ત્રીજો બોલ. '**આત્મા શ્રુતજ્ઞાનરૂપ વ્યાપ્તિજ્ઞાનસે...**' હવે જ્યારે આત્મા જાણ્યો, તેને શ્રુતજ્ઞાન ઉત્પન્ન થયું. ભાવશ્રુતજ્ઞાન. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ, ચૈતન્યના તેજનો અંબાર, આહાહા..! સમજાય છે કાંઈ? ચૈતન્યના તેજનો અંબાર પ્રભુ,

જેણે નિર્વિકલ્પ દૃષ્ટિ દ્વારા આત્માને જાણ્યો, આહાહા...! તેને શ્રુતજ્ઞાનમાં લોકાલોક જણાય છે, એમ કહે છે, જુઓ! '**શ્રુતજ્ઞાનરૂપ વ્યાપ્તિજ્ઞાનસે સબ લોકાલોકકો જાનતા હૈ,...**' આહાહા..! '**ઈસલિયે આત્માકે જાનનેસે સબ જાના ગયા.**' દેખો! એ ત્રીજો બોલ થયો.

મુમુક્ષુ :- વ્યાપ્તિજ્ઞાન એટલે?

ઉત્તર :- વ્યાપ્તિ એટલે આ આમ છે તો આમ હોવું જોઈએ, એમ. લોક આવો, અલોક આવો, પરના દ્રવ્ય, ગુણ, પર્યાય આવા. વ્યાપ્તિ એટલે તર્કથી. ઈ કહેવું છે. શ્રુતજ્ઞાનમાં તર્ક થાય છે ને ભાઈ? મતિજ્ઞાનમાં નહિ, શ્રુતજ્ઞાનમાં તર્ક થાય છે. એ તર્કને અહીંયાં વ્યાપ્તિ કહેવાય છે. તર્ક દ્વારા એને આખો લોકાલોક જણાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? પહેલા દિવસે આવો અધિકાર આવ્યો. આહાહા..! દસલક્ષણી પર્વ અનાદિનો ધર્મ છે. આ કંઈ નવો નથી. શ્વેતાંબરમાં તો કલ્પિત નવું કર્યું છે. આઠ દિવસ... આ માર્ગ બીજો છે, ભાઈ! આહા..!

કહે છે, તર્ક જ્ઞાન દ્વારા '**વ્યાપ્તિજ્ઞાનસે સબ લોકાલોકકો જાનતા હૈ,...**' આહા..! તર્ક દ્વારા આખા લોકાલોકનું જ્ઞાન થાય છે. આવે છે ને? ભાઈ! સર્વવિશુદ્ધિ. તર્ક જ્ઞાન દ્વારા બધું જાણે છે. સર્વવિશુદ્ધિમાં આવે છે. 'પ્રવચનસાર'માં પાછળ ચરણાનુયોગમાં. આહાહા..! ચારે કોર મેળવો તો એ તો... આહાહા..! સમ્યગ્દૃષ્ટિ તર્ક દ્વારા સર્વજ્ઞે જે કહ્યું તે બધાનું એને જ્ઞાન થાય છે. સમજાય છે કાંઈ? આહા..!

મુમુક્ષુ :- વ્યાપ્તિજ્ઞાન..

ઉત્તર :- તર્ક કહ્યું ને, તર્ક. આ છે, આત્મા છે તો બીજા જડ છે. આ જ્ઞાન છે તો બીજા અજીવ છે. પર્યાયમાં અપૂર્ણતા છે તો કોઈને પૂર્ણતા છે. એમ તર્કથી આખા લોકાલોકનું જ્ઞાન એને થઈ જાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! જડ છે તો હું ભિન્ન છું. હું છું તો મારાથી જડ ભિન્ન છે. હું ચેતન છું તો બીજા અચેતન છે. હું જ્ઞાયક છું તો રાગ એ અચેતન છે. આહાહા..! સમજાય છે કાંઈ? કેટલામી ગાથા છે ચરણાનુયોગમાં? 'પ્રવચનસાર'. ૨૩૫.

'**પ્રથમ તો, આગમ વડે બધાંય દ્રવ્યો પ્રમેય થાય છે (અર્થાત્ જણાય છે), કારણકે સર્વ દ્રવ્યો વિસ્પષ્ટ તર્કણાથી અવિરુદ્ધ છે...**' અહીંયાં આ લેવું. આહાહા..! '**(-બધાં દ્રવ્યો આગમાનુસાર જે વિશેષ સ્પષ્ટ તર્ક તેની સાથે મેળવાળાં છે અર્થાત્ તેઓ આગમાનુસાર વિસ્પષ્ટ વિચારથી જણાય એવાં છે).**' આહાહા..! ૨૩૫. '**आगमेन हि दृष्टा**' એમ છે. આહા..! ઈ છદ્મસ્થ મુનિની વાત છે, હોં! કેવળીની નહિ. આ પણ કેવળીની નહિ. આત્મા શ્રુતજ્ઞાનથી જણાયો એ શ્રુતજ્ઞાનમાં તર્કથી લોકાલોક આવો છે એમ જણાયું. સમજાય છે કાંઈ? આહાહા..! આ આત્મા જાણ્યો એણે જગ જાણ્યું, એનો આ ત્રીજો અર્થ. આત્મા જાણ્યો એણે જગ જાણ્યું. એટલે વિકલ્પથી માંડી બધી ચીજો લોકાલોકનું જ્ઞાન થયું એ જગનું જ્ઞાન થયું. આહાહા..!

પહેલા જે 'પદ્મનંદી'માં ૮૦મી ગાથા ગઈ ને ત્યાં ગજબ વાત કરી. પછી ઉત્તમક્ષમાની

વાત કરી. આહાહા..! ઓહો..! શ્રુતના પારંગતો, પારંગત પામેલા શ્રુતકેવળીઓ. એ સાધુ એમ કહે છે. પોતાના આત્માના આનંદસ્વભાવ સિવાય જેટલા રાગ વ્યવહાર આદિ થાય છે એ બધો રાગ, વ્યવહાર રત્નત્રય બંધનું કારણ છે. એ સંસાર છે. એમ શ્રુતના પારંગત સંતો કહે છે. આહા...! સમજાય છે કાંઈ? આજે આ પહેલું માંગલિક કર્યું. આહાહા..! દિગંબર સંતોની વાણી તો જુઓ! જેને દુનિયાની કાંઈ પડી નથી. તમે એમ કહેશો કે વ્યવહાર સંસાર (છે). રાડ નાખશે લોકો. રાડ નાખે તો એને ઘરે રહ્યા, માર્ગ આ છે. તારા અશુભભાવ અને અશુભના ફળ તો સંસાર, આહાહા...! પણ તને સમકિતીને શુભભાવ આવે, સમકિતીને, હોં! અજ્ઞાનીની વાત નથી, સમ્યગ્દૃષ્ટિને જે શુભભાવ છે.. આહાહા..! શ્રુતના પારંગત આચાર્યો એને સંસાર કહે છે. કહો, 'ગિરધરભાઈ'! આવી વાત છે. આહાહા..! ત્રીજો બોલ થયો. '**ઈસલિયે આત્માકે જાનનેસે સબ જાના ગયા.**'

ચોથો બોલ. હવે કેવળજ્ઞાન લ્યે છે. '**વીતરાગનિર્વિકલ્પ પરમસમાધિકે બલસે કેવલજ્ઞાનકો ઉત્પન્ન (પ્રગટ) કરકે...**' આહાહા..! એક તો ન્યાય આપ્યો કે કેવળજ્ઞાન કઈ રીતે ઉત્પન્ન થયું? પછી કેવળજ્ઞાનથી જાણવું એ પ્રશ્ન પછી. સમજાય છે કાંઈ? આહાહા..! '**વીતરાગનિર્વિકલ્પ પરમસમાધિકે બલસે કેવલજ્ઞાનકો ઉત્પન્ન કરકે...**' વ્યવહારથી ઉત્પન્ન કરીને એમ નથી લીધું. આહાહા..! ભગવાન અંતર સમાધિ શાંતિનો સાગર ભગવાન છે. તો એને અંશે વીતરાગી શાંતિથી.. આહાહા..! જેણે કેવળજ્ઞાન પ્રગટ કર્યું. આહાહા..! આત્મા મુક્તસ્વરૂપ છે, અબંધસ્વરૂપ છે. એ પછી કહેશે. આધાર આપશે. 'સમયસાર'ની ૧૫મી ગાથાનો આધાર આપશે. આહાહા..! ગજબ કર્યું! 'પરમાત્મપ્રકાશ'.

'**વીતરાગનિર્વિકલ્પ પરમસમાધિકે બલસે...**' ઈ શું કહ્યું? પોતાના ચિદાનંદ ભગવાનની સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે વીતરાગી પર્યાયના બળથી કેવળજ્ઞાન પ્રગટ કર્યું. કોઈ વ્યવહારથી કેવળજ્ઞાન પ્રગટ કર્યું (એમ નથી). આહાહા...! છે? ઓલા ચોપડા લખતા ઈ કરતાં આ સારું છે.

મુમુક્ષુ :- ઈ માટે તો અહીંયાં આવ્યા.

ઉત્તર :- વાત સાચી. અરે..! ભાઈ! બાપા! શરણભૂત ચીજ ક્યાં છે? કેવી છે? એ જાણ્યા વિના તેં શું કર્યું? અને એને જાણ્યું એણે બધું જાણ્યું, એમ કહે છે. આહાહા..! આત્માને આનંદની સમાધિથી જાણ્યો, વીતરાગી પર્યાયથી વીતરાગ સ્વભાવ જણાયો, નિર્વિકલ્પ સમાધિથી નિર્વિકલ્પ સમાધિ સ્વરૂપ જણાયું.. આહાહા..! સમજાય છે કાંઈ? એણે બાર અંગ જાણ્યા, એણે પોતાનો આનંદ જાણ્યો તો આનંદથી ભિન્ન સર્વ ચીજ ભિન્ન છે એમ જાણ્યું, પોતાના આનંદનું જ્ઞાન-ભાન થયું તો શ્રુતજ્ઞાનના તર્કથી આખા લોકાલોકનું જ્ઞાન થઈ ગયું. તર્કથી. સમજાય છે કાંઈ? અને જ્યારે કેવળજ્ઞાન લેવું છે તો કેવળજ્ઞાન પણ કઈ રીતે ઉત્પન્ન થયું એ પછી. આહાહા..!

'**વીતરાગનિર્વિકલ્પ પરમસમાધિકે બલસે કેવલજ્ઞાનકો ઉત્પન્ન (પ્રગટ) કરકે...**' એમ નથી કહ્યું કે વ્યવહાર રત્નત્રયથી મોક્ષ થશે, પરંપરા થશે. અરે..! ભગવાન! બાપુ! આ કાઢ્યું.

માળે. પંડિત લોકોએ આવો અર્થ કાઢ્યો. સમજાય છે? ક્યાંય ફાવ્યા નહિ, તો હવે કરવું શું? શાસ્ત્રમાં વ્યવહારને પરંપરા કહ્યું છે. પણ કોને? કઈ રીતે? સમ્યગ્દષ્ટિ વિના મિથ્યાદષ્ટિને પરંપરા કારણની વાત છે જ નહિ. કેમકે નવમી ગ્રૈવેયક ગયો તો અનંતવાર એમ કર્યું છે. એનાથી પરંપરા સમ્યગ્દર્શન થયું નહિ તો મોક્ષ તો ક્યાંથી થાય? આહાહા...! આવા શુભ વ્યવહારથી સમ્યગ્દર્શન નથી થતું તો મોક્ષ તો ક્યાંથી થાય? સમજાય છે કાંઈ?

અહીં કહે છે.. આહા..! '**કેવલજ્ઞાન ઉત્પન્ન (પ્રગટ) કરકે...**' વીતરાગ અભેદ પરમ શાંતિ.. શાંતિ અકષાયભાવ, ભગવાન પરમ શાંતિ અકષાયભાવસ્વરૂપ, એને પરમ અકષાય પરિણતિ દ્વારા જેણે જાણ્યો, એ બળ દ્વારા કેવળજ્ઞાન પ્રગટ કર્યું. કોઈ તપસ્યા કરી ને અપવાસ કર્યા ને આમ કર્યું માટે કેવળજ્ઞાન પ્રગટ થયું એમ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? '**કેવલજ્ઞાનકો ઉત્પન્ન (પ્રગટ) કરકે...**' આહાહા..! '**જૈસે દર્પણમેં ઘટ પટાદિ પદાર્થ ઝલકતે હૈં,...**' દર્પણ.. દર્પણ. ઝલકતે હૈં નામ પ્રતિબિંબ પોતાની પર્યાય એવી થાય છે. દર્પણમાં સામે ઘટ પટ હોય એમ આવે છે ને? આહા..! '**ઉસી પ્રકાર જ્ઞાનરૂપ દર્પણમેં સબ લોક-અલોક ભાસતે હૈં.**' આહા..! ઓલામાં તર્કજ્ઞાનથી ભાસે છે એમ કહ્યું, અહીં સીધું જાણે છે એમ કહ્યું. શ્રુતજ્ઞાન હતું ને. આહાહા..! સમજાય છે કાંઈ? અરે..!

ભગવાન વીતરાગ જિનવરદેવ, એનો વીતરાગી ભાવ અને વીતરાગી ભાવથી કેવળજ્ઞાન થાય છે. આહાહા..! કોઈ વજ્રનારાચ સંહનન હતું તો કેવળજ્ઞાન થયું, એમ અહીંયાં કહ્યું? મનુષ્યપણું હતું તો કેવળજ્ઞાન થયું? નિર્વિકલ્પ શાંતિ-સમાધિ દ્વારા કેવળજ્ઞાન જેણે પ્રગટ કર્યું, એ કેવળજ્ઞાનમાં દર્પણમાં જેમ બધા પદાર્થ પ્રતિબિંબિત થાય છે, કેવળજ્ઞાનમાં લોકાલોક પ્રતિબિંબિત થાય છે. આ એક જાણ્યો એણે સર્વ જાણ્યું. આહાહા..! આ પૈસા ને..

મુમુક્ષુ :- બધા શાસ્ત્રોનો તાળો (આમાં છે)

ઉત્તર :- લ્યો, અમારા શેઠ ખુશી થઈ ગયા. આ બધા મજૂરીના મફતના કામ કરતા હતા. આહાહા..!

એક આત્મા જાણ્યો એણે જગ જાણ્યું. આહાહા..! પાઠ છે ને? એક આત્મા જાણ્યો એણે જગ જાણ્યું. એના ચાર અર્થ કર્યા. જેણે આત્માનું અનુભવજ્ઞાન કર્યું, આહાહા...! તેને બાર અંગનો સાર જણાયો અથવા બાર અંગની સફળતા થઈ. આહાહા..!

મુમુક્ષુ :- અવલંબન..

ઉત્તર :- અવલંબન આત્મા. શેઠ! સ્થાનકવાસી ને દેરાવાસીમાં તકરાર છે ને? ઓલો કહે, ભગવાનનું આલંબન જોઈએ, ઓલો કહે, આલંબન નહિ. આલંબન વ્યવહાર શુભભાવ હોય છે ત્યારે આલંબન કહેવાય છે. પ્રતિમાથી શુભભાવ થાય છે એમ નહિ. શુભભાવ થાય છે તેમાં નિમિત્ત કહે છે, તો આલંબન... પણ છે બંધનું કારણ. આહાહા..! સ્થાનકવાસી અને શ્વેતાંબરને તકરારુ મોટી. ઓલો કહે, આલંબન જોઈએ, ઓલો કહે, આલંબન નહિ. કઈ અપેક્ષાએ આલંબન જોઈએ? સાંભળ તો ખરો, પ્રભુ! શુભભાવ આવે છે. એ ધર્મ તો નથી. જ્યારે અંદર સ્થિર રહી શકે નહિ ત્યારે અશુભથી બચવા અસ્થાનનો નિષેધ કરવા

ભગવાનની પૂજા આદિનો ભાવ આવે છે. એ ભગવાન છે તો આવે છે એમ પણ નહિ. આ બધું ભારે આકરું પડે. સમજાય છે કાંઈ?

**'જ્ઞાનરૂપી દર્પણમેં સબ લોક-અલોક ભાસતે હૈં. ઈસસે યહ બાત નિશ્ચય હુઈ કિ, આત્માકે જાનનેસે સબ જાના જાતા હૈ.'** ચાર બોલ લીધા. આહાહા..! કહો, 'સુમનભાઈ'! તમે આવ્યા ને આ બધું આવ્યું છે, લ્યો! આહા..! હેરાન થઈ જાય. સલવાય ગયો છે. સાંગો સલવાય ગયો છે. આઠ હજારનો પગાર પણ સવારથી સાંજ સુધી નવરાશ નહિ. ખાવા આવવા દે, બાકી ન્યાં ને ન્યાં મજૂરી. તારા આઠ હજાર ને ધૂળ... આહાહા..! એવો એનો કામ કરનારો માણસ. ઈ પણ આખો દિ' મજૂરની જેમ કામ કરે છે, નોકરોને રોકે. અરે..! પણ બે-ચાર કલાક નિવૃત્તિ હોય કે નહિ દિવસમાં? રાત્રે તો શું? આહાહા..! અરેરે..! આત્માનું શું કર્તવ્ય છે? એ માટે અવસર મળે નહિ અને પાપ કરવામાં અવસર મળે, અરે..! પ્રભુ! એને ક્યાં જાવું? આહાહા..! ભાઈ! કોઈ શરણ નથી, કોઈ આધાર નથી. દુકાનમાં ચોવીસ કલાક. ચોવીસ કલાક તો ન હોય, આઠ-દસ કલાક. સવારથી ઊઠે પાંચ વાગ્યાથી રાતના દસ વાગ્યા સુધી. આહાહા..! સત્તર કલાક સલવાણો. એ.. 'નટુ'! આહા..! સાત કલાક રાત્રે સૂવા જોવે. એટલું થયું બાકી તો...

મુમુક્ષુ :- એમાં એની ગોઠવણી..

ઉત્તર :- એની પાછી ગોઠવણી, લ્યો ઠીક! આહાહા..! અહીં અમને રાત્રિ ચર્ચા હોય તો ઈ ચાલતું હોય સપનામાં. નહિ, આમ છે. તું કહે છે એમ નહિ. નિંદ્રા જરી કાચી હોય ને એમાં અંદર એ આવે. મોક્ષમાર્ગનું આ છે ને ફલાણું આ છે. એટલું યાદ પણ રહે નહિ. ટૂંકું.. માર્ગ એવો નથી. આનંદના નાથને જગાડવો એ માર્ગ છે. વ્યવહાર-ફ્યવહાર એ માર્ગ નથી. ઓલો વળી તર્ક કાઢતો હતો. આમાં લખ્યું હોય ઈ બધું લખ્યું હોય. સમજાય છે કાંઈ? આહાહા..!

**'યહાં પર સારાંશ યહ હુઆ કિ ઈન ચારોં વ્યાખ્યાનોંકા રહસ્ય જાનકર...'** ચારોં વ્યાખ્યાનોંકા રહસ્ય જાનકર. સારાંશ છે ને? **'બાહ્ય અભ્યંતર સબ પરિગ્રહ છોડકર...'** મુખ્ય તો મુનિની વ્યાખ્યા છે ને. બાહ્ય-વસ્ત્ર આદિ, અભ્યંતર-રાગાદિ. બધાને છોડીને. આહાહા..! મુનિપણાની મુખ્ય વ્યાખ્યા છે ને. અને ક્ષમા આદિ મુનિપણાની વ્યાખ્યા છે ને, ભાઈ! દસે બોલ મુનિપણાના છે. અને મુનિપણું કોને હોય? જેને આત્માના આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થયા હોય એની ઉત્તમક્ષમાની વ્યાખ્યા છે. સમજાય છે કાંઈ? અહીં તો હજી સમ્યગ્દર્શન કઈ રીતે થાય એની ખબર ન મળે અને ઉત્તમક્ષમાનો ધર્મ એને આવી ગયો.

મુમુક્ષુ :- તત્ત્વાર્થ સૂત્ર...

ઉત્તર :- તત્ત્વાર્થ સૂત્ર આ છે. તત્ત્વમાં તત્ત્વ ભગવાનઆત્મા છે. આહાહા..! એને જાણ્યો એણે નવેય તત્ત્વ જાણ્યા. સમજાય છે કાંઈ? છે?

**'ઐસા હી કથન સમયસારમેં...'** **'સબ તરહસે અપને શુદ્ધાત્માકી ભાવના કરની ચાહિયે...'** દેખો! શુદ્ધાત્માની એકાગ્રતા કરવી જોઈએ એમ કહે છે. ધ્યેય એની ઉપર

લગાવી દેવું જોઈએ. આહાહા..! ચારેયનું રહસ્ય '**સબ તરહસે અપને શુદ્ધાત્માકી ભાવના કરની ચાહિયે. ઐસા હી કથન સમયસારમેં શ્રીકુંદકુંદાચાર્યને કિયા હૈ.**' ટીકાકાર 'કુંદકુંદાચાર્ય'નો આધાર લઈને કહે છે. '**जो पस्सदि**' **ઈસકા અર્થ યહ હૈ, કિ જો નિકટ-સંસારી જીવ...**' આહાહા..! જેનો સંસારનો અંત નજીક આવી ગયો. સંસારનો અંત નજીક આવી ગયો, સંસારનો હવે કિનારો આવી ગયો. આહાહા..! '**જીવ સ્વસંવેદનજ્ઞાનકર...**' એ જીવ પોતાનું સ્વસંવેદનજ્ઞાન કરી, અંતરનું વેદનજ્ઞાન કરી '**અપને આત્માકો અનુભવતા,...**' હૈ. ૧૫ ગાથા. '**जो पस्सदि अप्पाणं**' જે કોઈ પોતાના આત્માને જોવે છે, કેવો? અબદ્ધ. રાગથી અને નિમિત્તથી બંધાયેલો નહિ, એવો ભગવાન અંદર મુક્તાનંદ પ્રભુ.. આહાહા..! સમજાય છે કાંઈ? આવા આત્માને જોવે છે. '**जो पस्सदि अप्पाणं**' જે કોઈ પોતાનો અબદ્ધસ્પૃષ્ટ, સામાન્ય, વિશેષ વિના અને રાગ-દ્વેષની જ્વાળા વિના એકલા આનંદના નાથને જે અંદર જોવે છે.. આહાહા..! છે? એ '**સમ્યગ્દષ્ટિપનેસે અપનેકો દેખતા હૈ,...**' આહા..! છે?

'**વહ સબ જૈનશાસનકો દેખતા હૈ,...**' આ જૈનશાસન. આહાહા..! સમજાય છે કાંઈ? જેણે ભગવાનઆત્મા, અબદ્ધસ્પૃષ્ટ-બંધાયેલ નહિ, પરથી સ્પર્શાયેલ નહિ. અનન્ય-અનેરા અનેરા નહિ, એવો સામાન્ય, એ નિશ્ચય અને અસંયુક્ત-વિકારથી જેનો સંબંધ નથી. ત્રિકાળી આનંદના ભાવથી જેને સંબંધ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એવા આત્માને જે જાણે છે, તે પોતાને દેખે છે, તે સમસ્ત જિનશાસનને દેખે છે. આહાહા..! '**ઐસા જિનસૂત્રમેં કહા હૈ.**' 'સમયસાર'ની ૧૫મી ગાથામાં કહ્યું. સમજાય છે કાંઈ? આહાહા..! એના વિશેષ પાંચ બોલ છે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, ભાદરવા સુદ ૭, મંગળવાર
## તા. ૩૧-૦૮-૧૯૭૬, ગાથા-૯૯, ૧૦૦ પ્રવચન નં. ૭૭

ત્રીજો દિવસ છે. આર્જવધર્મ. આર્જવ નામ સરળતા, કપટ રહિતતા. મૂળ તો આ ધર્મ મુખ્યપણે મુનિને હોય છે. જેને અંદર સમ્યગ્દર્શન થયું હોય, આત્મા પૂર્ણ અખંડ આનંદસ્વરૂપનું અંતરમાં રાગના અવલંબન વિના, ત્રિકાળી ભગવાનના અવલંબનથી નિર્વિકલ્પ નામ અભેદ વીતરાગી દૃષ્ટિ થાય છે તેનું નામ સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ? એ સમ્યગ્દૃષ્ટિને જ્યારે ચારિત્ર અંદર સ્વરૂપની રમણતા થાય છે, તેને રમણતા નામ ચારિત્ર હોય છે. તેને આર્જવધર્મ હોય છે. મિથ્યાદૃષ્ટિને આર્જવ આદિ સાધારણ હોય, મિથ્યાત્વ સહિત પુણ્ય બંધાશે. સમજાય છે કાંઈ? ધર્મ નહિ. ધર્મ તો જેણે અખંડ આનંદ પ્રભુ,.. હવે આવશે, 'પરમાત્મપ્રકાશ'માં.

જેણે પોતાનો આત્મા પૂર્ણ શુદ્ધાત્મા, પૂર્ણ પવિત્ર આત્માનું અવલંબન લઈને નિશ્ચય સમ્યગ્દર્શન, આનંદના અનુભવ સહિત જે પ્રતીતિ થાય છે તેનું નામ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વિના જ્ઞાન પણ સાચું નથી અને વ્રત ને ચારિત્ર પણ સાચા હોતા નથી. આહાહા..! તો આર્જવધર્મ શું છે, ઈ કહે છે. શ્લોક નથી બોલતા.

'**મનમેં જો બાત હોવે, ઉસીકો વચનમેં પ્રગટ કરના ચાહિયે, ઐસા ન હો કિ મન મેં કુછ હોવે તથા વચન સે કુછ અન્ય હી બોલેં;...**' એ તો માયા છે. જેવું મનમાં હોય એવું વાણીમાં કહે. વાણી તો થાય છે, આ તો સરળતા બતાવવી છે ને. બીજું બોલે. બોલે એ તો વાણી છે, પણ અંદરમાં ભાવ બીજો થઈ જાય, ઈ કહે છે. '**ઈસે આચાર્ય આર્જવધર્મ કહતે હૈં. તથા મીઠી બાત કરકે દૂસરે કો ઠગના,...**' મીઠી મીઠી વાત કરીને બીજાને ઠગવા એ પણ માયા-કપટ છે. '**ઈસકો અધર્મ કહતે હૈં.**' મીઠી વાત કહીને બીજાને ઠગવા એનું નામ અધર્મ છે. '**ઈનમેંસે આર્જવ ધર્મ સે તો સ્વર્ગ કી પ્રાપ્તિ હોતી હૈ...**' એટલું જરી લીધું છે. છે તો ધર્મ ચારિત્રની પર્યાય. આત્મામાં આનંદસ્વરૂપના અનુભવની ભૂમિકામાં જે સ્વરૂપની ચારિત્ર-રમણ દશા ઉત્પન્ન થાય તેમાં જે સરળતા છે એ તો વાસ્તવિક ધર્મ છે, બંધનું કારણ નથી. પણ એની સાથે જરી વિકલ્પ રહે છે તેને અહીંયાં વ્યવહાર આર્જવ ધર્મ કહીને સ્વર્ગનું કારણ કહ્યું. આહાહા..! સમજાય છે કાંઈ? '**તથા અધર્મ, નરક કો લે જાનેવાલા હોતા હૈ. ઈસલિયે આર્જવ ધર્મ કે પાલન કરનેવાલે ભવ્ય જીવોં કો કિસી કે સાથ માયા સે વ્યવહાર કદાપિ નહીં કરના ચાહિયે.**' આહા..! બીજી (ગાથા).

'**યદિ એક બાર ભી કિસી કે સાથ માયાચારી કી જાયે તો યહ માયાચારી, બડી કઠિનતા સે સંચય કિયે હુએ અહિંસા, સત્ય આદિ મુનિયોં કે ગુણોં કો ફીકા કર દેતી હૈ અર્થાત્ વે ગુણ આદરણીય નહીં રહ પાતે. ઉસ માયારૂપી મકાનમેં નાના પ્રકાર કે ક્રોધાદિ શત્રુ છિપે હુએ બૈઠે રહતે હૈં. આહાહા..! ઓર ઉસ માયાચારસે ઉત્પન્ન હુએ પાપ સે જીવ, નાના પ્રકાર કે દુર્ગતિ-માર્ગોં મેં ભ્રમણ કરતા રહતા હૈ. ઈસલિયે મુનિગણ...**' મુનિની મુખ્યતાથી વાત છે ને. '**મુનિગણ માયાચાર કો અપને પાસ ભી ફટકને ન દેવેં.**' આહા..! આર્જવધર્મ તો અલૌકિક છે. મૂળ આર્જવધર્મ છે ઈ બંધનું કારણ નથી. પણ આર્જવની સાથે જરી સરળતાનો વિકલ્પ આવી જાય છે તેનું પુણ્ય બંધાય જાય છે. સમજાય છે કાંઈ? ધર્મ જે છે એ તો મોક્ષનું કારણ છે, પણ સાથે જરી વિકલ્પ છે એ બંધનું કારણ છે. ચાલતો અધિકાર. ૯૯ ગાથા ચાલે છે ને?

'પરમાત્મપ્રકાશ'. ક્યાં ગયું 'પરમાત્મપ્રકાશ'? ૯૯ ગાથા, ૯૯. આહાહા..! '**ઐસા હી કથન સમયસારમેં શ્રીકુંદકુંદાચાર્યને કિયા હૈ.**' ત્યાં છે. '**जो पस्सदि अप्पाणं**' આહાહા..! ગાથા-૧૫. 'સમયસાર'ની ગાથા-૧૫. 'પરમાત્મપ્રકાશ'ની ગાથા-૯૯. એમાં આધાર આપ્યો છે કે જે કોઈ નિકટ સંસારી જીવ.. આહાહા..! '**સ્વસંવેદનજ્ઞાનકર અપને આત્માકો અનુભવતા,...**' હૈ. આહાહા..! શાસ્ત્રજ્ઞાનથી પણ નહિ. સાંભળવાથી પણ નહિ.

આહાહા..! પોતાનો ભગવાન અખંડાનંદ પ્રભુ પોતાનું સ્વસંવેદનજ્ઞાન. સ્વ નામ પોતાનું, સં નામ પ્રત્યક્ષ. અનુભૂતિ પ્રત્યક્ષ આનંદનું વેદન, તેનાથી નિજાત્માને અનુભવે છે. આહાહા..! આ વાત છે. એ જૈનશાસન છે. સમજાય છે કાંઈ? '**સમ્યગ્દષ્ટિપનેસે અપનેકો દેખતા હૈ,...**' આહાહા..! અંતર પૂર્ણ શુદ્ધ ચૈતન્ય અભેદ પોતાના સમ્યગ્દષ્ટિપણાથી શ્રદ્ધે છે કહો કે દેખે છે કહો, ઝીણી વાત બહુ, ભાઈ! સમજાય છે કાંઈ? '**વહ સબ જૈનશાસનકો દેખતા હૈ,...**' એણે સમસ્ત જૈનશાસન જોયું. આહાહા..! '**ઐસા જિનસૂત્રમેં કહા હૈ.**'

'**કૈસા યહ આત્મા હૈ? રાગાદિક જ્ઞાનાવરણાદિકસે રહિત હૈ,...**' એવી અંતરમાં દૃષ્ટિ અનુભવ કરવો, એમ કહે છે. ભગવાનઆત્મા તો શુભરાગાદિથી રહિત છે અને કર્મથી પણ રહિત છે. આહાહા..! આવા આત્માને દૃષ્ટિમાં લેવો, આવા આત્માને દૃષ્ટિથી જોવે, દૃષ્ટિથી શ્રદ્ધવો. આહાહા..! આવી વાત છે. છે? '**અન્યભાવ જો નર નારકાદિ પર્યાય ઉનસે રહિત હૈં,...**' નારકી, મનુષ્ય, દેવ આદિ જે ગતિ છે, શરીર નહિ, ગતિની પર્યાય છે એનાથી પણ ભગવાન તો રહિત છે. અંતર. આહાહા..! જુઓ! આ સમ્યગ્દર્શનનો વિષય. ઝીણી વાત, ભાઈ! સમ્યગ્દર્શન.. કાલે પૂછતા હતા ને? ધ્યાન કોનું કરવું? આ ૐનું ને પંચ પરમેષ્ઠીનું ધ્યાન કરે તો રાગ છે, ધર્મ નહિ. લાખ, કરોડ અંદર ૐ.. ૐ (કરે), પંચ પરમેષ્ઠીનું ધ્યાન (કરે). ણમો અરિહંતાણંનું ધ્યાન કરે. સિદ્ધનું ધ્યાન કરે. બધો રાગ છે. એ ધર્મધ્યાન નહિ. આહાહા..!

અહીંયાં તો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ અબદ્ધસ્પૃષ્ટ છે. રાગથી અને કર્મથી બંધાયેલો નથી. એવી ચીજની અંતર દૃષ્ટિ કરવી અને નારકી, મનુષ્ય આદિની જે પર્યાય છે એ અનેરી અનેરી પર્યાયથી પણ ભિન્ન છે. આહાહા..! સમજાય છે કાંઈ? એમાં ત્રીજો બોલ નથી લીધો. ત્રીજો બોલ રહી ગયો છે એમાં. નિયત-નિશ્ચય છે. એની પર્યાયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિથી જે જ્ઞાનાદિની પર્યાય થાય છે, એનાથી રહિત છે. એકરૂપ નિશ્ચળ સમુદ્ર ભગવાનઆત્મા. આહાહા..! એને નિયત કહે છે. એકરૂપ ત્રિકાળ જ્ઞાયક આનંદસ્વરૂપ, જેમાં વિશેષ અવસ્થાઓ જે હિનાધિક છે ઈ એમાં નથી. આવા આત્માને અંદર જાણવો, દેખવો, માનવો એનું નામ સમ્યગ્દર્શન અને એનું નામ જૈનશાસન છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ચોથો બોલ છે. અવિશેષ છે ને? એનો ખુલાસો કર્યો છે. ત્યાં તો એમ છે, જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણ ધર્મ વિશેષ છે એ પણ એમાં નથી. સામાન્ય એકરૂપને અંદર જોવો. ઓહોહો..! આ માર્ગ. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો રાગ પણ એમાં નથી. પંચ મહાવ્રતનો રાગ પણ આત્મામાં નથી. અરે..! ગુણભેદ પણ આત્મામાં નથી. અને ગુણસ્થાન, માર્ગણાસ્થાન, જીવસમાસ આદિના ભેદથી પણ રહિત છે. ભગવાનઆત્મામાં ગુણસ્થાન, માર્ગણાસ્થાનના ભેદ પણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? પાંચમો બોલ રહી ગયો છે.

અસંયુક્ત. વિકારી પરિણામથી સહિત નથી. ટૂંકામાં અભ્યાસ કર્યો છે. ત્રણ કર્યા છે, બે રહી ગયા છે. ભગવાનઆત્મા, જેમ પાણી અગ્નિના સંબંધમાં છે તો ઉષ્ણ છે. એમ

ભગવાનઆત્મા કર્મના સંબંધમાં છે તો ત્યાં દુઃખની પર્યાય થાય છે. ભગવાનઆત્મા દુઃખની પર્યાયથી રહિત છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ વીતરાગ આને સમ્યગ્દર્શન કહે છે. આવો અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ, અસંયુક્ત એવા આત્માને અંદર શ્રદ્ધે છે, અનુભવે છે તેણે આખું જૈનશાસન જોયું. આહાહા..! માથે આવ્યું હતું ને? ઈ આધાર છે ને? ચાર બોલ આવ્યા હતા.

જેણે આ આત્મા અંતર જ્ઞાનસ્વરૂપમાં વેદનથી જોયો, વિકલ્પને છોડી જ્ઞાનાનંદ સ્વભાવથી સીધો જોયો, માન્યો, જાણ્યો એણે બાર અંગનો સાર જાણ્યો. બાર અંગમાં કહેવું હતું એનો સાર જાણ્યો. અને એનું બાર અંગનું જ્ઞાન સફળ થયું. સમજાય છે કાંઈ? ચાર બોલ આવ્યા હતા. બીજો ઈ આવ્યો હતો, ભગવાનઆત્મા રાગથી ભિન્ન, અતીન્દ્રિય આનંદસ્વભાવ, આનંદથી આત્માને જાણ્યો કે આત્મા તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. એવી વર્તમાન પર્યાયમાં અતીન્દ્રિય આનંદના સ્વાદથી આત્માને જાણ્યો, એણે આનંદના સ્વાદથી ભિન્ન રાગાદિ, દયા, દાન વિકલ્પાદિ બધા ભેદને એણે યથાર્થ જાણ્યા. જાણ્યા, હોં! આહા..! સમજાય છે કાંઈ? જેણે આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ લીધો.. આહાહા..!

સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આત્માના આનંદનો અંશે સ્વાદ આવે છે. આહાહા..! એ સ્વાદ જેણે લીધો, એણે એ આનંદના સ્વાદથી વિપરીત વિકલ્પાદિ દુઃખરૂપ છે, એ બધા ભેદ એણે યથાર્થ જાણ્યા. આનંદની સાથે મિંઢવણી કરી કે રાગ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ પણ દુઃખરૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ બાપા! બહુ ઝીણો, ભાઈ! અત્યારે તો માર્ગને વીંખી નાખ્યો. આહાહા..! જેણે આનંદને જાણ્યો,.. આહાહા..! '**પરમાનંદ સુખરસ ઉસકે આસ્વાદ હોને પર...**' જેણે ભગવાનઆત્માની સન્મુખ થઈ સંયોગી નિમિત્ત, રાગ અને એક સમયની પર્યાયથી વિમુખ થઈ, પોતાના આનંદનો સ્વાદ જેણે લીધો, તેણે આનંદના સ્વાદથી બધો રાગ, દયા, દાન, વિકલ્પ પણ ભિન્ન છે, પોતાના જ્ઞાનથી ભિન્ન છે, એવું ભેદજ્ઞાન કર્યું. એ બધા ભેદ એને યથાર્થ જ્ઞાનમાં આવે છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભારે વાતું, ભાઈ! લોકોને કાંઈને કાંઈ પંડિતોએ અને મુનિઓએ મનાવી દીધું છે. અરે..! બાપુ! મારગડા જુદા, નાથ! આહા..!

ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદથી આત્મા છલોછલ ભરેલો છે. જેમ તળાવ પાણીથી ભર્યું હોય, સમુદ્ર જેમ જળથી ભર્યો હોય.. આહા..! એમ ભગવાન અનાકુળ અતીન્દ્રિય આનંદથી પૂરો છલોછલ ભર્યો છે. એની ઉપર એકાગ્ર થઈ જેણે આનંદનો સ્વાદ લીધો, તેણે આનંદથી વિપરીત જેટલી ચીજ છે તે બધા ભેદોનું જ્ઞાન કરી લીધું. બરાબર છે? આહાહા..! જેણે સાકરનો સ્વાદ લીધો, તેનાથી ભિન્ન જેટલી કડવી, ખાટી, મીઠી ચીજ છે એ તેનાથી ભિન્ન છે એવું જ્ઞાન થઈ ગયું. આહાહા..! ધર્મીને આત્માના આનંદના સ્વાદ આગળ વ્યવહાર રત્નત્રયના વિકલ્પ પણ દુઃખરૂપ ભિન્ન ભાસે છે. આવો માર્ગ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, તેને યથાર્થ ઓળખાણ થઈ. આ તો આનંદ છે અને આ રાગાદિ છે, એનાથી વિરૂદ્ધ દુઃખરૂપ છે. તો એનું યથાર્થ ભેદજ્ઞાન થયું. આનંદથી ભિન્નનું એને યથાર્થ જ્ઞાન થયું. જેણે આનંદના નાથને આનંદથી જોઈ લીધો.. આહાહા..! એને આનંદથી વિપરીત ભેદ, ભેદ નામ અનેક, એ ભેદનું યથાર્થ જ્ઞાન એને થયું. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..! બે બોલ થયા ને?

ત્રીજો બોલ એ લીધો હતો, જેણે પોતાના શ્રુતજ્ઞાનથી આત્માને જાણ્યો, ભાવશ્રુતજ્ઞાન, હોં! દ્રવ્યશ્રુતથી તો જણાતો નથી. દ્રવ્યશ્રુત જાણે છે પણ જે વિકલ્પ ઉત્પન્ન થાય છે, તેનાથી પણ જણાતો નથી. આહાહા..! જેણે પોતાના આત્મામાં મતિ, શ્રુત, સમ્યક્ ભાવજ્ઞાનથી આત્માને જાણી લીધો, એણે શ્રુતજ્ઞાનના તર્ક-વ્યાપ્તિજ્ઞાનથી લોકાલોક જાણી લીધા. જેણે પોતાનો જ્ઞાનઆત્મા શ્રુતજ્ઞાનથી જાણ્યો, આનંદના સ્વાદની સાથે શ્રુતજ્ઞાનથી જાણ્યો, તેણે તર્કથી-વ્યાપ્તિજ્ઞાનથી (લોકાલોક જાણી લીધા). આ રાગ છે, આ શરીર, વાણી અજીવ છે. મારો સ્વભાવ નથી તેથી અજીવ છે. આ દુઃખ, મારો આનંદ છે તેનાથી ભિન્ન આ રાગ આસ્રવ છે અથવા દુઃખ છે. એવું યથાર્થ જ્ઞાન લોકાલોકના શ્રુતજ્ઞાનમાં આવી જાય છે, એમ કહે છે. જેણે એકને જાણ્યો તેણે સર્વ જાણ્યું, એનો અર્થ ચાલે છે.

જેણે એક ભગવાનને જાણ્યો તેણે આખા જગતને જાણ્યું. એ જગતને જાણવામાં ચાર પ્રકાર પાડ્યા. બાર અંગને જાણ્યા એ જગત. આહાહા..! આનંદને જાણવાથી દુઃખ આદિને પર જાણ્યું એ જગત. આહાહા..! અને આત્માને શ્રુતજ્ઞાનથી જાણ્યો, તો શ્રુતજ્ઞાનના તર્કથી લોકાલોકને જાણ્યું એ જગત. આહાહા..! અને જેણે આત્માને અંતરમાં જાણ્યો એને કેવળજ્ઞાન થાય છે તો કેવળજ્ઞાનથી લોકાલોકને જાણ્યું. ન્યાય સમજાય છે? ભાષા તો સાદી છે, ભાઈ! ભાવ તો છે ઈ છે. આહાહા..!

એ ચાર બોલની સિદ્ધિમાં આ દૃષ્ટાંત આપ્યો. 'સમયસાર'નો દૃષ્ટાંત આપ્યો. જેણે ભગવાનઆત્મા.. જેના અનંત ગુણ છે. સંખ્યાએ આકાશના પ્રદેશથી અનંતગુણા. આકાશના પ્રદેશ છે, લોકાલોક, એક પોઈન્ટ પરમાણુ જેટલામાં મૂકીએ તેને પ્રદેશ કહેવાય છે. એવા અનંત લોકાલોકના આકાશના પ્રદેશ અનંત છે. તેનાથી અનંતગુણા એક આત્મામાં ગુણ છે. આહા..! અરે..! સમજાય છે કાંઈ? એવા જે અનંત ગુણ આત્મામાં છે.. આહાહા..! એવા અનંત ગુણરૂપ આત્માને જેણે જાણ્યો, તે પર્યાયમાં લોકાલોકને જાણે છે. આવા આત્માને જેણે જાણ્યો તેણે જૈનશાસન જાણ્યું. આહાહા..!

જૈનશાસનનું તાત્પર્ય તો વીતરાગતા છે. આવ્યું ને? 'પંચાસ્તિકાય' ૧૭૨ ગાથા. સૂત્ર તાત્પર્ય તો ગાથાદીઠ કહેવાય ગયું છે. શાસ્ત્ર તાત્પર્ય તો વીતરાગતા છે. આહાહા..! ચારે અનુયોગનું તાત્પર્ય તો વીતરાગતા છે. ચારે અનુયોગને જાણીને પણ પોતાના દ્રવ્ય સન્મુખ થઈને આત્માને ન જાણ્યો, તેણે કાંઈ જાણ્યું નથી. આહાહા..! અને જેણે ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ અનંત ગુણનો સાગર, તેને જેણે જાણ્યો એણે આખું જૈનશાસન જાણ્યું. કેમકે જૈનશાસનમાં ઈ કહેવું હતું. ચારે અનુયોગમાં સારરૂપ આ કહેવું હતું કે વીતરાગ પર્યાય

પ્રગટ કર. તો વીતરાગ પર્યાય ક્યારે પ્રગટ થાય છે? ત્રિકાળી દ્રવ્યને આશ્રયે વીતરાગ પર્યાય પ્રગટ થાય છે. પરના આશ્રયે તો રાગ થાય છે. ચાહે તો ત્રણલોકના નાથ તીર્થંકર હો, એમની ભક્તિ ને એમના સ્મરણથી તો રાગ ઉત્પન્ન થાય છે. આહાહા..! એ.. શેઠ! આહાહા..!

જેણે ચાર અનુયોગ જાણ્યા એ એને કહેવાય કે આ જાણ્યું તેણે ચાર અનુયોગ જાણ્યા તે યથાર્થ છે. ચાર અનુયોગમાં કહેવી છે વીતરાગતા. અને એ વીતરાગની પર્યાય કેમ ઉત્પન્ન થાય? કે ત્રિકાળી ભગવાનના આશ્રયે ઉત્પન્ન થાય છે. તો ચારે અનુયોગનો સાર, જેણે આત્મા જાણ્યો તેણે બધું જાણ્યું. આહાહા..! સમજાય છે કાંઈ? એમ કે ચરણાનુયોગમાં આમ છે ને કરણાનુયોગમાં આમ છે, બધું છે પણ સાર તો વીતરાગતા છે. સમજાય છે કાંઈ? એ વીતરાગ પર્યાય ક્યારે પ્રગટ થાય છે? કે સ્વનો આશ્રય કરે તો વીતરાગ પર્યાય પ્રગટ થાય છે. ચારે અનુયોગમાં સ્વનો આશ્રય કરવો એ તાત્પર્ય છે. 'દશરથલાલજી'! ન્યાય સમજાય છે? આહા..! શું શૈલી! સંતોની, દિગંબર સંતોની શું શૈલી! ચારે અનુયોગમાં તાત્પર્ય વીતરાગતા? આહાહા..! આ અનુયોગ ભણશે તો એમાં આમ થાશે. અરે..! સાંભળને હવે બધું.

ચારે અનુયોગનું તાત્પર્ય તો પ્રભુ! ભગવાનઆત્મામાં સ્વઆશ્રય કરવો કે જેનાથી વીતરાગ સમકિત પ્રગટ થાય. ચોથે ગુણસ્થાને સમકિત છે તે વીતરાગ સમકિત છે. સમજાય છે કાંઈ? સમકિત સરાગ અને ફરાગ એવા ભેદ તો અપેક્ષાએ કથન છે. ચારિત્રદોષ સહિત સમકિત કહે તો. સમકિત વસ્તુ તો વીતરાગ જ છે. અહીં શું કહેવું છે? ચારે અનુયોગમાં તાત્પર્ય તરીકે વીતરાગતા કહી. અને એ વીતરાગતા ક્યારે ઉત્પન્ન થાય છે? કે ચારે અનુયોગમાં એ કહેવામાં આવ્યું છે, કે આત્મા પરમાત્મસ્વરૂપ ભગવાનનો આશ્રય લે. કે જેથી તને શાસ્ત્રનું તાત્પર્ય જે વીતરાગ દશા તે તને પ્રગટ થશે. આહા..! ગજબ વાત છે, ભાઈ! દેવ-ગુરુ-શાસ્ત્રનો આશ્રય લઈશ તો રાગ થશે, એ કંઈ શાસ્ત્ર તાત્પર્ય નથી. આહાહા..! શું કહ્યું સમજાયું?

ચાર અનુયોગમાં પરથી પૃથક્ કરીને વાંચ્યા, ભણ્યા એ રાગ થયો. એ તો રાગ થયો. સમજાય છે કાંઈ? અથવા દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો રાગ, એ કંઈ શાસ્ત્રનું તાત્પર્ય નથી. આહાહા..! વ્યવહાર જે ભાવ છે એ કંઈ શાસ્ત્રનું તાત્પર્ય નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ત્રણલોકનો નાથ તીર્થંકરદેવ, ગણધરો અને સંતોની વચ્ચે જે વાત કહે છે તે આ વાત છે. આહાહા..! પાંચમા આરા માટે જુદું અને ચોથા આરા માટે જુદું એવો કોઈ માર્ગ નથી. આહાહા..!

**'ઐસે આત્માકે સ્વરૂપકો જો દેખતા હૈ, જાનતા હૈ, અનુભવતા હૈ, વહ સબ જિનશાસનકા મર્મ જાનનેવાલા હૈ.'** આહાહા..! એગં જાણઈ, સવ્વં જાણઈ, એનો આ ખુલાસો છે ને. એકને જાણ્યો એણે જગ જાણ્યું. એની વ્યાખ્યામાં આ આધાર આપ્યો કે ભગવાન 'કુંદકુંદાચાર્ય' પણ આમ કહે છે. ચારે કોરથી વિકલ્પને સમેટીને પોતાની પર્યાય જે

પર તરફ ઝુકે છે તેને સમેટીને, આહાહા..! ભગવાન ત્રણલોકનો નાથ પરમાત્મા પોતે છે તેના ઉપર પર્યાયને જોડી દેવી, એ શાસ્ત્રનું તાત્પર્ય છે, શાસ્ત્રને એ કહેવું છે. સમજાય છે કાંઈ? ફલાણાએ આમ કહ્યું છે ને આ શાસ્ત્રમાં આ કહ્યું છે, બધાનું કહેવાનું આ છે. લાખ વાત હોય નહિ. 'છ ઢાળા'માં આવ્યું નહિ? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ ફંદ...' દ્વૈતપણાનો વિકલ્પ પણ છોડ. આહાહા..! 'છ ઢાળા'માં પણ ગાગરમાં સાગર ભરી દીધો છે. પાઠશાળામાં ભણાવે પણ અર્થની ખબર ન મળે. આહા..! સમજાય છે કાંઈ?

અહીં કહે છે, આખું જૈનશાસન જાણ્યું. આહાહા..! પેલા ચાર બોલનો આધાર આપ્યો ને? આહાહા..! પરમાત્મા પૂર્ણ પરમાત્માનું જ્ઞાન, અબદ્ધસ્પૃષ્ટ, નિયત, અનન્ય, અવિશેષ, અસંયુક્ત એટલે સામાન્ય. એકલો ભગવાન ત્રિકાળ સામાન્ય નિત્ય સદશ નિત્ય ધાતુ, એવી નિત્ય ચૈતન્યધાતુ જેણે ધારી રાખી છે એવો આત્મા, એ તરફ જેણે ઝુકાવ કરી આત્માને જાણ્યો, એણે આખું જૈનશાસન જાણ્યું. .. કેમ છે ને આમ છે, બધામાં આ કહેવું છે. સમજાય છે કાંઈ? વ્રત કરવા એવી વાત આવે છે ને? ઈ તો કહે છે, સાંભળને! એ વ્રતના વિકલ્પનો પાછો સાર શું? જો વીતરાગને જાણ્યો હોય તો વ્રતના વિકલ્પને વ્યવહાર કહેવાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? ઈ તો આવી ગયું છે.

જેણે આત્માનો આનંદ જાણ્યો, તો આનંદની સાથે રાગાદિ વ્યવહારનો મેળ નથી થતો, સમજ્યા? તો એણે ભેદને જાણ્યા. એણે ભેદનું જ્ઞાન જાણ્યું. આહાહા..! એ પણ વીતરાગ શાસન જાણ્યું. વીતરાગ શાસન શું છે? કે પોતાની વીતરાગી પર્યાય પ્રગટ કરીને પોતાને જાણ્યો, તો તેનાથી ભેદ છે તેને પણ જાણ્યા. બસ, જાણ્યા. આહાહા..! કેમ? કે ભગવાનઆત્મા સ્વ જ્ઞ-સ્વભાવી છે, સર્વજ્ઞસ્વભાવી પ્રભુ છે. તો બધાને જાણવાનો સ્વભાવ પોતાનો પોતામાં છે. બધાને જાણવાનો સ્વભાવ, પરની અપેક્ષા વિના, પરની સત્તા છે તો બધાને જાણવું થાય છે એમ પણ નથી. આહાહા..! પોતાનો સ્વભાવ સ્વપરને જાણવાનો એ નિજ સામર્થ્યથી પ્રગટ થયો છે. સ્વપરને જાણનારો આવો આત્મા જાણ્યો, તેને જેણે યથાર્થ જાણ્યો, તેણે બધું જાણ્યું. દેવ જાણ્યા, ગુરુ જાણ્યા, શાસ્ત્ર જાણ્યા, બધું તાત્પર્ય એમાં આવી ગયું. આહાહા..! દેવને એ કહેવું હતું, ગુરુને ઈ કહેવું હતું, ગુરુએ એ પ્રગટ કર્યું હતું, શાસ્ત્રને ઈ કહેવું છે. આહાહા..! સમજાય છે કાંઈ? કહો, 'અમરચંદભાઈ'! વાત તો સાદી ભાષા છે, ભાઈ!

માર્ગ આવો છે, બાપા! લોકો કંઈકનું કંઈક કરી જિંદગી હારી જશે, બાપા! આહા..! આ કરો, આ કરો, વ્યવહાર કરો. કરતા કરતા થાશે. એ વ્યવહારનું જ્ઞાન પણ કરતા તો થાય નહિ, પણ વ્યવહારથી ભિન્ન પડીને ભગવાનને જાણે ત્યારે વ્યવહારનું જ્ઞાન યથાર્થ થાય. આહાહા..! જ્ઞાન થાય, હોં! કારણ કે સ્વપરપ્રકાશક જ્ઞાનનો પોતાનો સ્વભાવ છે. સ્વપરપ્રકાશક આત્માને જેણે જાણ્યો તેણે સ્વનું જ્ઞાન અને રાગાદિનું જ્ઞાન, સ્વપરપ્રકાશક પોતાથી પ્રગટ થયું તો એણે વ્યવહાર જાણ્યો. સમજાય છે કાંઈ? કંઈક સમજાય છે? આ તો

ગાથા આવી છે.

જેણે ભગવાનને જાણ્યો, ભગવાન અહીં આત્માને જ કહે છે, હોં! એ ભગવાન નહિ, એ ભગવાન એના ભગવાન. આહાહા..!

મુમુક્ષુ :- ફક્ત જાણવું જ જાણવું જ...

ઉત્તર :- આ જાણવું ઈ કરવું નથી?

મુમુક્ષુ :- બીજું કાંઈ કરવું કે ન કરવું?

ઉત્તર :- બીજું કોણ કરે? ઈ વાત તો ચાલે છે. જ્યારે પોતાને શુદ્ધ ચૈતન્યઘન આનંદના સ્વાદ સાથે જાણી લીધો તો એને વ્યવહાર આદિ છે એનું જાણવું થઈ ગયું. કરવું નહિ, જાણવું થઈ ગયું. આહાહા..! 'ચીમનભાઈ'! સમજાય છે કાંઈ? આહાહા..! કહો, 'પદમચંદજી'! માર્ગ તો આ છે. દુનિયા ગમે તે કરતી હોય, ગમે તે માનો. ત્રણલોકના નાથ અનંત તીર્થંકરોએ, અનંત કેવળીઓએ, આ ભગવાનઆત્મા જાણ્યો એણે બધું જાણ્યું એમ બધા ભગવાન કહે છે. તો બધું જાણવામાં એ વ્યવહાર આવી ગયો. આત્માને જાણ્યો એણે વ્યવહાર પણ જાણ્યો. અને જેણે આત્માને જાણ્યો નથી એને વ્યવહાર છે જ નહિ. એને તો વ્યવહારને જાણવું પણ રહેતું નથી. 'પદમચંદજી'! એવી વાત છે, ભાઈ! આહાહા..! શેઠિયાઓને જાણે પેલા પૈસા ખર્ચીએ તો ધર્મ થઈ જાય. શરીરના બળુકા બળવાળા એ જાણે કે અપવાસ કરીએ તો ધર્મ થઈ જાય. મનના વાતું કરતાં ધર્મ થઈ જાય. ત્રણે ખોટા છે અહીં તો. સમજાય છે કાંઈ? આહાહા..!

ગાથા ભારે, ભાઈ! ગાથા જ ઈ છે ને! '**जोइय अप्पैं जाणिएण जगु जाणियउ हवेइ**' આહાહા..! આ ૯૯નો ધક્કો છે. પેલું નથી કહેતા કાંઈક? વાર્તામાં આવે છે ને? આહા..! '**जोइय**' હે યોગી! હે ધર્મીજીવ! એમ ભગવાન સંબોધે છે. જેણે ભગવાનઆત્માને જાણ્યો.. આહાહા..! એ '**जगु जाणियउ**' એણે આખા જગતને જાણ્યું. પછી જગતના ચાર બોલ લીધા. બાર અંગ જાણ્યા એ જગતમાં-પરમાં જાય છે. આહા..! નિજ સ્વરૂપ જાણ્યું એણે બાર અંગને જાણ્યા. નિજ સ્વરૂપ જાણ્યું એણે આનંદ સહિત જાણ્યું તો આનંદથી વિપરીત ચીજ આ દુઃખ છે, આ રાગ છે, એનું પણ જ્ઞાન થયું. અજ્ઞાનીનું ભેદ અને વ્યવહારનું જ્ઞાન પણ યથાર્થ હોતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અને પોતાને જાણ્યો એણે શાસ્ત્રજ્ઞાન દ્વારા, સમ્યગ્જ્ઞાન દ્વારા, શ્રુતજ્ઞાન દ્વારા તર્કથી લોકાલોક જાણ્યા. અને જેણે પોતાને જાણ્યો એને કેવળજ્ઞાન પણ જણાય છે, તો કેવળજ્ઞાનમાં લોકાલોક જાણે છે. આહા..! કહો, સમજાય છે કાંઈ? એ ૯૯ થઈ. બહુ સારું આવી ગયું, લ્યો! આવતા આવતા આવ્યું. આહાહા..!

પ્રભુ! તારે ક્યાં જાવું છે? ભાઈ! તારા ઘરમાં ગયા વિના (છૂટકો નથી). તારું ઘર તો અંદર છે. તારું ઘર રાગમાં નથી, નિમિત્તમાં નથી, પર્યાયમાં નથી. સમજાય છે કાંઈ? ભજનમાં પણ નથી આવતું? 'અબ હમ કબહુ ન નિજ ઘર આયે, કબહુ ન નિજ ઘર આયે

રે, અબ હમ કબહુ ન નિજ ઘર આયે.' પર્યાયમાં રહે, રાગમાં રહે એ નિજઘર નહિ. આહાહા..! જેમાં ઘરવખરો-આખા અનંત ગુણ પડ્યા છે, એ ઘરવખરો તમારે કહે છે ને? શું કહે છે? શું કહેવાય ઈ? ફર્નીચર. કીધું ને? એક ઠેકાણે સાંજે આહાર કરવા ગયા હતા ને? તો સાડા પાંચ લાખનું તો ફર્નીચર હતું. બધે પગલા કરાવ્યા. શું કહેવાય તમારે? મખમલ.. મખમલ. મખમલના ગાલીચા ને મખમલના.. મોટા ગૃહસ્થ માણસ. પાંચ કરોડ. સાંજે આહાર કરવા ગયા હતા તો બધે પગલા કરાવ્યા. ઓહોહો..! આમાંથી નીકળવું આકરું પડશે. આહાહા..!

ભગવાન! જે ક્ષેત્ર બંગલામાં રહે છે એ ક્ષેત્રાકાર વૃત્તિ થઈ. બસ, આ.. આ. આહાહા..! એ ક્ષેત્રાકાર વૃત્તિ પરાધીન છે. એમાંથી તને નીકળવું કઠણ પડશે, પ્રભુ! જ્યાં સૂતો હોય એ મકાનમાં બારી આમ હોય, હવા આમ (આવે). ઉપર નીચે. આખો દિ' ક્ષેત્રાકાર વૃત્તિ થઈ ગઈ એની. નિજ આકાર ન થઈ. માથે પડદો હોય ને કાં મચ્છરદાની હોય. બે બાજુથી બારીમાંથી હવા આવતી હોય. આહા..! ખાટલો હોય ને આમ જોવે તો આમ દેખાય. આહાહા..! જે ક્ષેત્ર પર છે એની સાથે તારે કાંઈ સંબંધ નથી. આહાહા..! જેને પરક્ષેત્રાકાર વૃત્તિ થઈ એને એમાંથી નીકળવું ભારે મુશ્કેલ. પરદ્રવ્યને આકારે વૃત્તિ થઈ એમાંથી નીકળવું મુશ્કેલ. પરકાળને આકારે આકૃતિ થઈ, પરકાળ, પરદ્રવ્યની જે વર્તમાન પર્યાય છે તે પરકાળ છે. એની આકૃતિ થઈ એને એમાંથી નીકળવું કઠણ. પરભાવને આકારે વૃત્તિ થઈ. રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપના ભાવને આકારે વૃત્તિ થઈ. આહાહા..! એને પરભાવને આકારે થયેલી વૃત્તિમાંથી નીકળવું કઠણ, પ્રભુ! તું તો એનાથી ભિન્ન છો. આહાહા..! કહો, 'રસિકભાઈ'! આવું છે આ. 'કલકત્તા'માં જે મકાનમાં રહેતા હોય, મકાન હોય ને જ્યાં બારીઓ ને રંગથી રંગે, ઘડિયાલું હોય. આહા..! પ્રભુ! શું છે આ? ભાઈ! એ તો બધા પરપદાર્થ. એના તરફના લક્ષે પરઆકૃતિ વૃત્તિ થાય એમાં એકાકાર થઈ જાય.

અહીંયાં તો પરમાત્મા જ્યાં પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને આકારે નથી, પણ પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના જાણવાના સ્વભાવવાળો છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભાવ આવી ગયો. કોઈ શબ્દ ગુજરાતી આવી જાય. આહાહા..! એણે સમસ્ત જિનશાસન જાણ્યું. આહાહા..! આમ કહેવાથી ઈ પણ આવ્યું કે જેણે આત્મા નિશ્ચય સ્વભાવ અભેદ જાણ્યો, એને વ્યવહારનું જાણવું થાય છે. અજ્ઞાનીને વ્યવહારનું જાણવું (યથાર્થ હોતું નથી). જુઓ! ન્યાય તો જુઓ! ઓહોહો..! અગિયાર ને બાર ગાથા, ભાઈ! અગિયારમી ભૂતાર્થ, બારમી વ્યવહાર જાણેલો પ્રયોજનવાન. બધે ચારે બાજુ એકની એક વાતું. આહાહા..! ગજબ વાત છે. દિગંબર સંતોએ જગતને આખો મોક્ષમાર્ગ આપ્યો છે. કેવળજ્ઞાનના કેડાયતો, એની શૈલી જુઓ તો ક્યાંય પૂર્વાપર વિરોધ રહિત. આહાહા..!

કહે છે, અગિયારમી ગાથામાં એમ કહ્યું કે જેણે ભૂતાર્થને જાણ્યો, એ આ જૈનશાસન જાણ્યું. અબદ્ધસ્પૃષ્ટ કહો કે ભૂતાર્થ કહો. ત્રિકાળી ભગવાન મહાસત્તા પ્રભુની, એના આશ્રયે જેને સમ્યગ્દર્શન થયું એ તો નિશ્ચય થયું. પણ એને હજી રાગાદિ છે ને. રાગાદિ છે એ

વ્યવહાર એને જાણવા લાયક થઈ ગયો. આદરવાલાયક તો ભગવાન જ એક રહ્યો. રાગાદિ આવે છે તેને વ્યવહારનું યથાર્થ જ્ઞાન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ભૂતાર્થને આશ્રયે અભૂતાર્થ...

ઉત્તર :- અભૂતાર્થ જણાયું. ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થયું, પછી અભૂતાર્થ જે રાગાદિ બાકી છે તેને તે સમયે જાણે છે. જાણેલો પ્રયોજનવાન છે. આહાહા..! ગજબ વાત કરે છે ને! એ ભાષા સાધારણ નથી, ભાઈ! આહાહા..! ઈ અહીં કહે છે. જેણે ભગવાન આત્માને જાણ્યો તેને આનંદથી વિપરીત ભિન્ન ચીજ છે એનું યથાર્થ જ્ઞાન થાય છે. સમજાય છે કાંઈ? લ્યો, એ ૯૯ થઈ. એટલું આવ્યું થોડું અંદરથી. આહા..! કારણ કે ચાર બોલ તો એણે નાખ્યા છે અને પાંચમો બોલ 'કુંદકુંદાચાર્ય'નો આધાર આપ્યો. '**अप्पँ जाणिएण**' આહાહા..! જાણનારને જાણ્યો નહિ અને બાકી માથાફોડ (કરી). દેખનારને દેખ્યો નહિ ને માથાફોડ કરે. આહાહા..!

---

**अथैवदेव समर्थयति –**

**१००) अप्प–सहावि परिट्ठियह एहउ होइ विसेसु।**
**दीसइ अप्प–सहावि लहु लोयालोउ असेसु।।१००।।**

**आत्मस्वभावे प्रतिष्ठितानां एष भवति विशेषः।**
**दृश्यते आत्मस्वभावे लघु लोकालोकः अशेषः।।१००।।**

**अप्पसहावि परिट्ठियहं आत्मस्वभावे प्रतिष्ठितानां पुरुषाणां, एहउ होइ विसेसु एष प्रत्यक्षीभूतो विशेषो भवति। एष कः। दीसइ अप्पसहावि लहु दृश्यते परमात्मस्वभावे स्थितानां लघु शीघ्रम्। अथवा पाठान्तरं 'दीसइ अप्पसहाउ लहु'। दृश्यते, स कः, आत्मस्वभावः कर्मतापन्नो, लघु शीघ्रम्। न केवलमात्मस्वभावो दृश्यते लोयालोउ असेसु लोकालोकस्वरूपमप्यशेषं दृश्यत इति। अत्र विशेषण पूर्वसूत्रोक्तमेव व्याख्यानचतुष्टयं ज्ञातव्यं यस्मात्तस्यैव वृद्धमतसंवादरूपत्वादिति भावार्थः।।१००।।**

---

**अब इसी बातका समर्थन (दृढ़) करते हैं –**

**गाथा – १००**

**अन्वयार्थ :– [ आत्मस्वभावे ] आत्माके स्वभावमें [ प्रतिष्ठितानां ] लीन हुए पुरुषोंके [ एष विशेषः भवति ] प्रत्यक्षमें जो यह विशेषता होती है, कि [ आत्मस्वभावे ] आत्मस्वभावमें उनको [ अशेषः लोकालोकः ] समस्त लोकालोक [ लघु ] शीघ्र ही [ दृश्यते ] दिख जाता है।**

**भावार्थ :– अथवा इस जगह ऐसा भी पाठांतर है, 'अप्पसहाव लहु' इसका अर्थ यह हैं, कि अपना स्वभाव शीघ्र दिख जाता है, और स्वभावके देखनेसे समस्त लोक भी दिखता है।**

**यहाँ पर भी विशेष करके पूर्व सूत्रकथित चारों तरहका व्याख्यान जानना चाहिये, क्योंकि यही व्याख्यान बड़े-बड़े आचार्योंने माना है।।१००।।**

---

**હવે, આ વાતનું જ સમર્થન કરે છે :**

**ભાવાર્થ :- અહીં વિશેષપણે પૂર્વ સૂત્રમાં કહેલાં ચારેય વ્યાખ્યાન જાણવા, કારણ કે તે વ્યાખ્યાન પ્રમાણે વૃદ્ધ આચાર્યોની સાક્ષી પણ મળી આવે છે.**

**(કારણ કે તે વ્યાખ્યાનનો, વૃદ્ધ આચાર્યોના મતની સાથે પણ મેળ ખાય છે.) ૧૦૦.**

---

## ગાથા-૧૦૦ ઉપર પ્રવચન

૧૦૦મી ગાથા. ૧૦૦ છે ને?

**१००) अप्प-सहावि परिट्ठियह एहउ होइ विसेसु।**
**दीसइ अप्प-सहावि लहु लोयालोउ असेसु।।१००।।**

આહાહા..! **'આગે ઈસી બાતકા સમર્થન (દૃઢ) કરતે હૈં :'**

**અન્વયાર્થ :- 'આત્માકે સ્વભાવમેં લીન હુએ પુરુષોંકે પ્રત્યક્ષમેં જો યહ વિશેષતા હોતી હૈ,...'** શું કહે છે? ભગવાન જ્ઞાનસ્વભાવી આનંદ પ્રભુ, તેને જેણે રાગના વિકલ્પથી રહિત જાણી લીધો. રાગના વિકલ્પથી રહિત જાણ્યો અને એ રાગના વિકલ્પથી રહિત આત્મા છે તેને જાણ્યો. શું કહ્યું ઈ? રાગના વિકલ્પથી રહિત જાણ્યો, પર્યાય સહિત. એ રાગના વિકલ્પથી રહિત. એ પર્યાયે રાગના વિકલ્પથી રહિત ત્રિકાળી છે તેને જાણ્યો. આહાહા..! **'પ્રત્યક્ષમેં જો યહ વિશેષતા હૈ, કિ આત્મસ્વભાવમેં ઉનકો સમસ્ત લોકાલોક શીઘ્ર હી દિખ જાતા હૈ.'** આહા..! આ તો 'એગં જાણઈ સવ્વં જાણઈ' એનો આ વિસ્તાર છે. આચારાંગમાં એ શબ્દ છે. એમાં એ આવી ગયો શબ્દ એટલું. 'શ્રીમદ્'ના પુસ્તકમાં મુખ્યમાં નાખે ઈ. 'જે એગં જાણઈ સવ્વં જાણઈ'. 'શ્રીમદ્'ના પુસ્તકમાં (નાખે છે) ઈ આચારાંગનો ટુકડો છે. અને આપણે 'એગં જાણઈ સવ્વં જાણઈ' 'પ્રવચનસાર'ની ૪૮-૪૯ ગાથા છે. ભાઈ! ૪૮-૪૯. એ વખતે બધા હતા ને? 'હુકમીચંદજી' શેઠ અને ભાઈ 'બંસીધરજી' પંડિત. ત્યારે એ 'પ્રવચનસાર'ની ૪૮-૪૯ ચાલતી હતી. એમાં એ આવ્યું હતું, 'એગં જાણઈ સવ્વં જાણઈ'. એમાં ઈ છે. 'પ્રવચનસાર' દિવ્યધ્વનિનો સાર. આહાહા..! છે ને ભાઈ એમાં? આત્મા જાણ્યો એણે બધું જાણ્યું. આહાહા..! એ લોકનો નાથ...

લોકાલોકને જાણવાની તો એક સમયની પર્યાય છે. એક સમયની પર્યાયમાં લોકાલોક જાણે છે. એક સમયની લોકાલાક જાણનારી પર્યાયને માને ત્યારે તો એક પર્યાયમાં લોકાલોક જાણ્યા એમ આવી જાય છે. એ તો હજી પર્યાયને માની. આહાહા..! શું કહ્યું? એક સમયની જે જ્ઞાનની પર્યાય જીવની છે, એમાં લોકાલોક જાણવાની તાકાતથી લોકાલોક જાણે છે.

પર્યાયમાં એમ જ છે. આહાહા..! જેમ ૧૭-૧૮ ગાથામાં કહ્યું ને? 'સમયસાર'. ભગવાનઆત્મા જ્ઞાનની એક સમયની પર્યાયમાં, એ પર્યાયમાં દ્રવ્ય જ અનુભવમાં આવે છે. અજ્ઞાનીને પણ અનાદિથી. આહાહા..! ૧૭-૧૮ ગાથા. 'મુંબઈ'માં ખુબ સ્પષ્ટીકરણ થયું. 'મુંબઈ'માં તો બહુ માણસ. દસ-દસ હજાર. રવિવારે તેર હજાર, બીજના દિવસે પંદર હજાર. ઘણું માણસ. છેલ્લે તો બીજ હતી ને. વૈશાખ સુદ-૨. જન્મદિન હતો ને ગામમાં શિવાજીનો જન્મદિન હતો. એટલે દુકાનો બંધ રાખીને માણસ જોવા આવેલું. સોળ સુધી જાત. પંદર હજાર તો ખરું. પંદર હજાર માણસ. માર્ગ આ છે, બાપા! આહાહા..! શું કહ્યું?

એક સમયની પર્યાયમાં લોકાલોક જાણવાની તાકાત છે અને એક સમયની પર્યાયમાં દ્રવ્યને જાણવાની તાકાત છે. શું કહ્યું ઈ? ચાહે તો શ્રુતજ્ઞાનની પર્યાય હો, પણ એ પર્યાયમાં દ્રવ્ય જ જણાય છે. અનાદિ જ્ઞાનની પર્યાયમાં દ્રવ્ય જણાય છે, પણ અજ્ઞાનીની દૃષ્ટિ એની ઉપર નથી. અજ્ઞાનીની દૃષ્ટિ પર્યાય અને રાગ ઉપર છે. આહાહા..! સમજાય છે કાંઈ? આજે તો હવે અહીં પરપ્રકાશક ભેળવવું છે. જેની જ્ઞાનપર્યાય છે, એમાં ભગવાન એમ કહે છે કે દ્રવ્ય જ અનુભવાય છે. કેમકે પર્યાયનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. તેથી જ્ઞાનની પર્યાયમાં દ્રવ્ય જ અનુભવાય છે. પણ અજ્ઞાનીની દૃષ્ટિ દ્રવ્ય ઉપર નથી તેથી તેને દ્રવ્ય અનુભવાય છે તેની ખબર નથી. એની પર્યાય ઉપર દૃષ્ટિ અને રાગ ઉપર દૃષ્ટિ હોવાથી સ્વ જણાય છે તેનો ખ્યાલ જ નથી. આહાહા..!

ઠીક, હવે અહીંયાં કહે છે, અહીં તો બીજું કહેવું હતું કે એક સમયની પર્યાયની લોકાલોક જાણવાની તાકાત છે. એ પર્યાય પોતાને જાણે છે એવો એનો સ્વભાવ છે, કહે છે. આહાહા..! પણ એ પર્યાયની દૃષ્ટિ દ્રવ્ય ઉપર નથી. દ્રવ્ય પર્યાયમાં જણાય છે. શક્તિ તો એવી છે. પણ દૃષ્ટિ એની ઉપર નથી એટલે દ્રવ્ય જણાય છે એ ખ્યાલ નથી આવતું. આહા..! આવી વાત તો જુઓ! આહાહા..! અમૃત વરસે છે ભગવાનની વાણીમાં તો. ભગવાને તો અમૃત વરસાવ્યા છે, ભાઈ! આહા..! સંતોએ 'કુંદકુંદાચાર્ય' આદિ... આહા..! થોડી વાતમાં કેટલું સમાડી દીધું છે!

અહીંયાં કહે છે કે પોતાને જાણ્યો તેણે લોકાલોક જાણ્યા. છે? હવે જેને પર્યાયમાં આત્મા જણાય છે એવી જો દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોય તો દ્રવ્યને જાણ્યું અને પર્યાયમાં તાકાત એટલી છે લોકાલોકને જાણે છે. એ પર્યાયમાં સ્વપરપ્રકાશક ભાવ આવી ગયો. જાણવું એ આવી ગયું. એ તો ભગવાન જ્ઞાનસ્વરૂપ છે. સર્વજ્ઞસ્વભાવી પદાર્થ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ વળી ક્યાંથી નીકળ્યું આવું, લ્યો! આહાહા..! અને એ દ્રવ્યને જાણે એની પર્યાયની તાકાત લોકાલોકને જાણે ઈ તો છે જ. પરપ્રકાશક તો પર્યાયમાં છે જ, પણ પર્યાયમાં સ્વપ્રકાશક છે એની એને ખબર નથી. સમજાય છે કાંઈ? કહો, 'ચેતનજી'! આહાહા..! ભગવાનનો સંદેશ આપે છે. આહાહા..!

એ પર્યાયમાં સ્વપરપ્રકાશક સ્વભાવ છે, એ ક્યારે જણાય? કે દ્રવ્યને જાણે ત્યારે પર્યાયના સ્વપરપ્રકાશક સ્વભાવનું જ્ઞાન એને થાય. સમજાય છે કાંઈ? જ્ઞાનનો સ્વભાવ

સ્વપરપ્રકાશક (છે). તો ભગવાન સર્વજ્ઞ સ્વભાવી આત્મા (છે). તો સર્વજ્ઞસ્વભાવીનો અર્થ ત્રિકાળ સ્વપરપ્રકાશક જેનો સ્વભાવ. સ્વપરપ્રકાશક એનો ત્રિકાળી ધ્રુવ સ્વભાવ. એ 'નિયમસાર'માં આવે છે ને? ભાઈ! ત્રિકાળી જ્ઞાનસ્વભાવ સ્વને જાણે છે એ ત્રિકાળી શક્તિરૂપે. 'નિયમસાર'માં આવે છે. આહાહા..! ત્રિકાળી ધ્રુવ જે જ્ઞાન, દર્શન, એ ત્રિકાળીને જાણે છે, એમ ત્યાં લીધું છે. સ્વભાવ છે ને એનો? આહા..! દ્રવ્ય સ્વભાવ જે ત્રિકાળી છે, જ્ઞાન-દર્શન, એ ત્રિકાળી ત્રિકાળીને જાણે-દેખે છે એવી એ ચીજ છે. એ ત્રિકાળી જાણે-દેખે એવી શક્તિ જ એની છે. સમજાય છે કાંઈ? પણ એ ચીજ આવી છે એની પ્રતીતિ કરનાર પર્યાય છે. આહા..! સમજાય છે કાંઈ?

વસ્તુ જે છે એ જ્ઞાન-દર્શનમય છે. જ્ઞાન-દર્શન સ્વપર પૂર્ણ, પૂર્ણ, પૂર્ણને જાણે એ જ એનો સ્વભાવ છે. સ્વભાવમાં નવું કરવું એ નથી. ત્રિકાળ જાણે એવો જ એનો સ્વભાવ છે. આહાહા..! એ ત્રિકાળ જાણે એવો એનો સ્વભાવ છે એવી પ્રતીતિ કોણ કરે છે? એનું જ્ઞાન કોણ કરે છે? એ તો પર્યાય કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! એ ત્રિકાળી આત્મા જ્ઞાન, દર્શનરૂપ એ ત્રિકાળને જાણે-દેખે જ છે. એ જ એનો ત્રિકાળી સ્વભાવ છે. હવે એ ત્રિકાળી જ્ઞાન-દર્શન ત્રિકાળીને જાણે-દેખે છે, એ તો ધ્રુવની વાત થઈ. પણ આ ધ્રુવ આવો છે એવો નિર્ણય કોણે કર્યો? એ તો જાણનારી પર્યાયે કર્યો. આહાહા..! માર્ગ તો બાપા! બહુ અલૌકિક છે અને એ દિગંબર જૈનદર્શન.. આહાહા..! બીજાને દુઃખ લાગે ન લાગે, સત્ય આ છે, પ્રભુ! આત્મા પોકાર કરીને કહે છે. આહાહા..!

શું કહ્યું આપણે? જુઓ! '**આત્માકે સ્વભાવમેં લીન હુએ પુરુષોંકે પ્રત્યક્ષમેં જો યહ વિશેષતા હૈ, કિ આત્મસ્વભાવમેં ઉનકો સમસ્ત લોકાલોક શીઘ્ર હી દિખ જાતા હૈ.**' આહાહા...! આ ૧૦૦મી ગાથા ચાલે છે. અર્થાત્ જેણે આત્મસ્વભાવ જાણી લીધો, જાણ્યો તો એના સ્વભાવની જે પર્યાય પ્રગટ થઈ, એમાં લોકાલોક જાણવાની પર્યાય ખ્યાલમાં આવી ગઈ. લોકાલોકને જાણે છે એવો વ્યવહારનો ખ્યાલ તો નિશ્ચય જાણ્યો તો આવ્યો, એમ કહે છે. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા.. આહાહા..!

પ્રભુ! આહા..! ભરતક્ષેત્રે તારા વિરહ પડ્યા. એ વાણી ન્યાંથી 'કુંદકુંદાચાર્ય' લાવ્યા. આહાહા..! જુઓ! આ 'કુંદકુંદાચાર્ય'. 'દર્શનસાર'માં છે. 'દેવસેનાચાર્ય' કહે છે, પ્રભુ! 'કુંદકુંદાચાર્ય' મહાવિદેહમાંથી આપ આ વાત ન લાવત તો અમે મુનિધર્મ કઈ રીતે પામત? આહાહા..! 'દેવસેનાચાર્ય'એ 'દર્શનસાર'માં પાઠ લીધો છે. 'પદ્મનંદીનાથ'! ભગવાન 'કુંદકુંદાચાર્ય'ના પાંચ નામ છે ને. ત્યાં મહાવિદેહમાં જઈને આ ન લાવ્યા હોત તો અમે મુનિધર્મ કઈ રીતે પામત? આહાહા..! સમજાય છે કાંઈ? હવે એ મહાવિદેહની કપોલકલ્પિત વાત કરે છે. અરે..! ભગવાન! બાપુ! 'વિદ્યાનંદજી' 'દિલ્હી'માં એમ કહે છે કે મહાવિદેહમાં ગયા હતા એ વાત કપોલકલ્પિત છે. એ 'શ્રીપાલજી'! સાંભળ્યું છે કે નહિ? શું કહે છે? છાપામાં આવ્યું છે કે આ કપોલકલ્પિત છે. અરે..! પ્રભુ! તને શાસ્ત્રની ખબર નથી. 'પંચાસ્તિકાય'ની 'જયસેનાચાર્ય'ની સંસ્કૃત ટીકામાં છે. મહાવિદેહમાં ગયા હતા, અહીંયા

આવીને (શાસ્ત્ર) બનાવ્યા. પાઠ છે. અને ષટ્ પાહુડની ટીકામાં છેલ્લે છે. આ 'દર્શનસાર'માં 'દેવસેનાચાર્ય'નો પાઠ છે. સમજાય છે કાંઈ? વાત ઈ કે અહીંથી વાત બહુ આવી છે કે મહાવિદેહમાં ગયા હતા. એટલે એ વાત ખોટી પાડવા (આમ કહે). અરે..! ભગવાન! શું કરે છે આ? અરે..! પ્રભુ! શું કરે છે? ભાઈ! આ 'ચંપાબેન'ને અસંખ્ય અબજ વર્ષનું જાતિસ્મરણ છે ને સમ્યક્ છે એ વાત હવે એને ખોટી પાડવી છે. એનાથી મહાવિદેહમાં ગયા છે ને એ બધું અહીંથી નીકળ્યું છે. અરે..! ભગવાન! અરે..! પ્રભુ! તને ન શોભે, ભાઈ! આહાહા..! ભગવાન! આ શૈલી તો જુઓ! ક્યાંથી આવે છે અંદરથી! સમજાણું કાંઈ?

કહે છે, જેણે આત્મા જાણ્યો.. છે ને? આત્મ સ્વભાવને જાણ્યો એને લોકાલોક પણ જણાઈ ગયા. આહાહા..! આ એની વિશેષતા છે, એમ કહે છે. છે ને? દેખો! **'આત્માકે સ્વભાવમેં લીન હુએ પુરુષોંકે પ્રત્યક્ષમેં જો યહ વિશેષતા હોતી હૈ, કિ આત્મસ્વભાવમેં ઉનકો સમસ્ત લોકાલોક શીઘ્ર હી દિખ જાતા હૈ.'** ભાઈ! ઈ લીધું. એની વિશેષતા છે ને. ૧૦૦ ગાથા. આહાહા..! વિશેષ આવશે, લ્યો... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, ભાદરવા સુદ ૮, બુધવાર
## તા. ૧-૦૯-૧૯૭૬, ગાથા-૧૦૦, ૧૦૧ પ્રવચન નં. ૭૮

દસલક્ષણી પર્વનો આજે ચોથો દિવસ છે. સત્યનો દિવસ છે, સત્ય. આચાર્ય સત્યધર્મનું વર્ણન કરે છે. મુનિ કેવા હોય છે? આ મુનીની વ્યાખ્યા છે. જેને નિજ આનંદસ્વરૂપ ભગવાન અનુભવમાં સમ્યગ્દર્શનમાં આવ્યો હોય, એ ઉપરાંત પોતામાં રમણતા આનંદ, અતીન્દ્રિય આનંદમાં રમણતા પ્રગટ થઈ હોય, એનું નામ ચારિત્ર અને મુનિપણું કહે છે. એ મુનિને સત્યધર્મ હોય છે. મુનિની વ્યાખ્યા છે ને. જ્યાં સુધી રાગથી ધર્મ માને છે, પુણ્યથી ક્રિયાકાંડથી મને ધર્મ થશે ત્યાં સુધી તો એ મિથ્યાદૃષ્ટિ છે અને સમ્યગ્દૃષ્ટિ નથી. તેમાં ચારિત્ર તો નથી તો એને સત્યધર્મ નથી. સમજાય છે કાંઈ? ઈ કહે છે.

**'ઉત્કૃષ્ટ જ્ઞાનકો ધારણ કરનેવાલે મુનિયોં...'** અર્થાત્ પોતાનો જે શુદ્ધ જ્ઞાયકભાવ ચૈતન્યસૂર્ય, એવા જ્ઞાનને ધારણ કરનાર મુનિ હોય છે. કહો, શેઠ! પોતાનો એક સમયમાં જ્ઞાયકભાવ ચૈતન્યસૂર્ય, ચૈતન્યના તેજનો અંબાર, પ્રકાશનું પુર પ્રભુ, આહા..! એવા **'ઉત્કૃષ્ટ જ્ઞાનકો ધારણ કરનેવાલે...'** મુનિ એને કહે છે અને સમકિતી પણ એને કહે છે. પોતાનો જ્ઞાયકભાવ પુણ્ય-પાપની ક્રિયાથી ભિન્ન, દેહની ક્રિયાથી ભિન્ન એવો ભગવાનઆત્મા મહાચૈતન્યની સત્તાસ્વભાવ સ્વરૂપને દૃષ્ટિમાં, જ્ઞાનમાં ધારણ કરનાર... આહાહા..! **'પ્રથમ તો બોલના હી નહીં ચાહિયે...'** કહે છે. બોલવું એ જડની ક્રિયા અને બોલવામાં વિકલ્પ ઉઠે

છે. ઝીણી વાત છે, ભાઈ! સમજાય છે કાંઈ? '**યદિ બોલે તો ઐસા બોલના ચાહિયે, જો સમસ્ત પ્રાણીયોં કા હિત કરનેવાલા હો,...**' સમસ્ત પ્રાણીમાં પોતાનો પણ આત્મા પ્રાણી છે. હિત કરનાર. પોતાનો આનંદસ્વભાવ ભગવાનની દૃષ્ટિ કરો, સ્થિરતા કરો એ સત્ય વચન છે. સમજાય છે કાંઈ? નિમિત્તથી પરમાં કંઈ થાય છે અને વ્યવહાર ક્રિયાકાંડથી આત્મામાં ધર્મ થાય છે એ બધી મિથ્યા માન્યતા અને જૂઠા વચન છે. ઝીણી વાત, બાપુ!

મુમુક્ષુ :- આ તો મુનિઓની વાત છે.

ઉત્તર :- મુનિઓની વાત મુખ્ય છે, પણ ગૃહસ્થે એની શ્રદ્ધા કરવી પડે ને. મુનિ આવા હોય છે એવી એની શ્રદ્ધા તો કરવી પડે ને. દસલક્ષણી પર્વ એ મુનિના છે. ઉત્તમક્ષમા આદિ સમ્યગ્દૃષ્ટિ સહિત પોતાના આનંદના અનુભવના વેદન સહિત સ્વરૂપના આનંદમાં જેની રમણતા નામ ચારિત્ર નામ ચરવું જામી ગયું છે એને આ દસલક્ષણી પર્વની આરાધના છે. ચારિત્ર છે ને આ તો. સમજાય છે કાંઈ? ઉત્તમક્ષમા આદિ ચારિત્રના દસ બોલ છે. ચારિત્ર કોને હોય છે? જેને પોતાનું ઉત્કૃષ્ટ જ્ઞાન ભગવાન પૂર્ણાનંદ પ્રભુ,.. આ ઉત્કૃષ્ટનો અર્થ કર્યો. આહાહા..! ચૈતન્ય શરીર, વાણીથી તો ભિન્ન, પુણ્ય-પાપના વિકલ્પ, દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પથી પણ ભિન્ન, એવું ઉત્કૃષ્ટ ચૈતન્યનું તેજ, જેને જ્ઞાયકભાવ કહીએ, એવા મુનીઓએ આવા આત્માને ધારણ કર્યો છે. આહાહા..! રાગને ધારણ કર્યો એમ નથી. સમજાય છે કાંઈ?

શાસ્ત્રકાર મુનિ તો એને કહે છે કે જેણે શુદ્ધઉપયોગ ધારણ કર્યો છે. ઈ ઉપરથી લક્ષ ગયું. શું કહ્યું? આ પંચ મહાવ્રત આદિ છે એ તો શુભરાગ છે, આસ્રવ છે. એ કોઈ ધર્મ નથી. જેણે પુણ્ય અને પાપના શુભ-અશુભભાવથી ભિન્ન શુદ્ધ સ્વરૂપ જે ભગવાન પૂર્ણાનંદ પ્રકાશનો પુંજ પ્રભુ, એના તરફનો ઉપયોગ નામ આચરણનો શુદ્ધ વેપાર, એ શુદ્ધઉપયોગ મુનિપણું છે. એ વાત અહીંયાં કહે છે.

આવા મુનિએ પહેલા તો બોલવું ન જોઈએ. બોલે તો સર્વ પ્રાણીને હિત કરનાર હોય, પરિમિત હોય, મર્યાદિત હોય. આહાહા..! બહુ લવારા કરવા, આમ કરવું, દેશસેવા કરો એ બધી મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? પરની દયા પાળી શકે છે એમ માનવું પણ મિથ્યાત્વ છે. એ 'બંધ અધિકાર'માં કહ્યું છે. 'કુંદકુંદાચાર્ય'. આહાહા..! પરનું હું કરી શકું છું ને પરને સુખી કરી શકું છું, એવી ભાષા અને પ્રરૂપણા મિથ્યાદૃષ્ટિની છે. એ જૈનની નહિ, જૈન સાધુની નહિ. આહાહા..! આવો માર્ગ દુનિયાએ સાંભળ્યો નથી. '**અમૃતકે સમાન પ્રિય હો...**' આહાહા..! છે? પોતાનો આત્મા આનંદમૂર્તિ પ્રભુ, અમૃતનો પિંડ એ તો આત્મા છે. આહાહા..! પુણ્ય-પાપના ભાવ ઝેર છે. અરે..! ગજબ વાત, નાથ! શુભભાવ જે વ્રતના છે એ વિષકુંભ છે. 'સમયસાર' 'મોક્ષ અધિકાર'માં કહ્યું છે. આ પ્રભુ આત્મા અમૃતકુંભ છે. આહાહા..! અરે..! એ શું ચીજ!

અવિકારી વીતરાગી રસનો પિંડ પ્રભુઆત્મા અમૃતરસ છે. એની વાણીમાં અમૃત આવવું જોઈએ, એમ કહે છે. '**અમૃત કે સમાન પ્રિય હો...**' આહા..! '**સર્વથા સત્ય**

**હો,...**' સર્વથા સત્ય હો. કથંચિત્ સત્ય અને કથંચિત્ અસત્ય એમ નહિ. આહાહા..! '**જો વચન, જીવોં કો પીડા દેનેવાલા ઔર કડવા હો, ઉસ વચન કી અપેક્ષા મૌન સાધના હી અચ્છા હૈ.**' સત્ય વચન બોલનાર, સત્યવ્રતને પાળનારો, સમકિત સહિતની વાત છે, હોં! એકલા સત્ય વ્રત નહિ. પંચ મહાવ્રતના પરિણામ તો અભવિને પણ અનંતવાર થઈ ગયા અને નવમી ગ્રૈવેયક ગયો એ બધાને (થઈ ગયા). મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ તો અનંત વાર થઈ ગયા, એ તો રાગ છે, આસ્રવ છે. એ આસ્રવતત્ત્વથી રહિત જે કંઈ સત્યસ્વરૂપ ભગવાનઆત્માની પ્રતીતિ અને રમણતામાં સત્યની ચારિત્રની રમણતા સહિત સત્યવ્રત હોય. '**સત્યવ્રત કે પાલન કરને સે હી વહ સમસ્ત વ્રતોં કા પાલન કરનેવાલા હોતા હૈ.**' પરમ સત્ય.

એક શ્લોક તો સંપ્રદાયમાં હતો, યાદ નહોતો. 'સમકિતનું મૂળ જાણી...' આ ગુજરાતી છે. પહેલા સંપ્રદાયમાં ચાલતો હતો. 'સમકિતનું મૂળ જાણીયે સત્યવચન સાક્ષાત્, સાચામાં સમકિત વસે, માયામાં મિથ્યાત્વ.' 'મૂળચંદભાઈ'! એ વાત સંપ્રદાયમાં કહેતા. વ્યાખ્યાન તો સંપ્રદાયમાં હતા ત્યારે (સંવત) ૧૯૭૪થી ચાલે છે. હજારો માણસોમાં. ૧૯૭૪થી. કેટલા વર્ષ થયા? ૨૭ ને ૩૨, ૫૯ વર્ષ. સાંઈઠમાં એક ઓછો. સંપ્રદાયમાં પણ અમારી તો પ્રતિષ્ઠા ઘણી હતી ને. બે-બે હજાર, ત્રણ-ત્રણ હજાર માણસ થાતા. 'બોટાદ'. અને 'રાજકોટ'માં તો છેલ્લું ચોમાસુ (હતું). કેવું કહેવાય? ૧૯૮૯, સંવત ૧૯૮૯. 'રાજકોટ'માં ત્રણ-ત્રણ હજાર માણસ. કલાક, દોઢ કલાક પહેલા તો મોટરો જામી જતી. એમાં પણ અમારી મોટી પ્રતિષ્ઠા હતી ને. પણ વાત બધી દૃષ્ટિની જૂઠી. સમજાય છે કાંઈ? પરની દયા પાળવી એ ધર્મ છે. અમારા ગુરુ એમ કહેતા હતા. સંપ્રદાયમાં ગુરુને એ વસ્તુ મળી નહિ.

અમારા ગુરુ હતા એ બહુ ગંભીર હતા. કષાય મંદ હતો. અહિંસા પાળવી એમ કહેતા હતા. અહિંસા-પરને ન મારવા એ પરમધર્મ આગમનો સાર છે, એમ કહેતા હતા. અહીં કહે છે, એ નહિ. અહિંસા પરમોધર્મ. આત્મામાં રાગની ઉત્પત્તિ ન થવી અને વીતરાગી પર્યાયની ઉત્પત્તિ થવી એ અહિંસા પરમોધર્મ છે. 'પુરુષાર્થસિદ્ધિ'માં ઈ કહ્યું છે. આહા..! 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'નો એ શ્લોક છે. ચાહે તો પરની દયા પાળવાનો ભાવ ઉત્પન્ન હો એ રાગ અને હિંસા છે. હવે એને ધર્મ માને, એ અસત્ય છે. પ્રરૂપણા અસત્ય છે, શ્રદ્ધા અસત્ય છે. એને સત્ય ધર્મ છે નહિ. આહાહા..! આવી વાત છે, શેઠ!

'**આચાર્ય કહતે હૈં કિ સત્યવાદી મનુષ્ય, આગામી ભવોં મેં શ્રેષ્ઠ ચક્રવર્તી રાજા બનતે હૈં,...**' સમકિતી હોય, આત્મજ્ઞાની હોય એ સત્યવાદી હોય, એમાં વિકલ્પ રહી જાય તો ચક્રવર્તી પદ પણ મળી જાય. સમજાય છે કાંઈ? '**ઇન્દ્રાદિ ફલ કો પ્રાપ્ત કરતે હૈં ઔર સબસે ઉત્કૃષ્ટ મોક્ષરૂપી ફલ કો ભી પ્રાપ્ત કર લેતે હૈં...**' આનંદના અનુભવથી. આહાહા..! એ સત્યવ્રતની વાત કરી. હવે આપણે ચાલતો અધિકાર. ૧૦૦મી ગાથા ચાલે છે ને? ૧૦૦, ૧૦૦. 'કૈલાસચંદજી' ૧૦૦ ગાથા છે. છે? અહીંથી લો.

ફરીથી, **'આત્માકે સ્વભાવમેં લીન હુએ પુરુષોંકે...'** શબ્દાર્થ કરે છે. આહાહા..! **'આત્માકે સ્વભાવમેં લીન હુએ પુરુષોંકે...'** ભગવાનઆત્માનો સ્વભાવ જ્ઞાન અને આનંદ, આહાહા..! એમાં **'લીન હુએ પુરુષોંકે પ્રત્યક્ષ મેં જો યહ વિશેષતા હોતી હૈ, કિ આત્મસ્વભાવમેં ઉનકો સમસ્ત લોકાલોક શીઘ્ર હી દિખ જાતા હૈ.'** સમજાય છે કાંઈ? આહાહા..! ભગવાનઆત્મા.. અહીંયાં એમ કહે છે, કે આત્માનો સ્વભાવ શું? સ્વભાવ જ્ઞાન અને આનંદ એ એનો સ્વભાવ છે. અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન એનો સ્વભાવ છે. આહા..! આવા આત્મસ્વભાવમાં જે લીન છે, અતીન્દ્રિય આનંદમાં લીન છે.. આહાહા..! એમને કેવળજ્ઞાન થઈ જાય છે કે શ્રુતજ્ઞાન થાય છે. તો શ્રુતજ્ઞાનમાં પણ લોકાલોક જણાય છે. સમજાય છે કાંઈ? આકરી વાત. બાપુ! જૈનદર્શન કોઈ ચીજ એવી છે. વર્તમાનમાં તો એનું રૂપ લૌકિક રૂપ કરી નાખ્યું છે. આહાહા..!

આ 'પરમાત્મપ્રકાશ' છે. 'યોગીન્દ્રદેવ' મુનિ હતા, દિગંબર સંત આત્મધ્યાની આનંદમાં લહેર કરનારા. સમજાય છે કાંઈ? સાચા મુનિ હોય, વીતરાગ કહે એવા સાચા મુનિને તો પોણી સેકંડની નિંદ્રા હોય છે. પોણી સેકંડથી વિશેષ નિંદ્રા આવી જાય તો મુનિપણું રહેતું નથી. આહાહા..! આવી વાત ક્યાં લોકોએ સાંભળી છે. 'અમરચંદભાઈ'! આવે છે? ઈ 'છ ઢાળા'માં આવે છે. 'છ ઢાળા'માં. 'પીછલી રયન મેં...' 'છ ઢાળા'માં આવે છે. 'પીછલી રયન મેં એકાસન..' એકાસન એટલે આમ હોય તો આમ ન થાય, આસન ફરે નહિ. પોણી સેકંડમાં એટલી નિંદ્રા આવી જાય. તરત અપ્રમત્ત દશા થઈ જાય. આહાહા..! પાઠશાળામાં ભણાવે છે, અર્થની ક્યાં ખબર છે. 'છ ઢાળા' નહિ?

અહીં કહે છે, જેને આત્મસ્વભાવ.. આહાહા..! જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ, જે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી પણ ભિન્ન છે અને જેનો સ્વભાવ પરિપૂર્ણ જ્ઞાન અને આનંદથી ભરેલો છે. આહાહા..! અરે..! જેમ સરોવર અથવા સમુદ્ર પાણીથી છલોછલ ભરેલું હોય, એમ ભગવાનઆત્મા જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય શાંતિથી ભરપૂર ભર્યો છે. ક્યાં છે, ખબર નહિ. સમજાય છે કાંઈ? એવા **'આત્માકે સ્વભાવમેં લીન હુએ પુરુષોંકે પ્રત્યક્ષમેં જો યહ વિશેષતા હોતી હૈ કિ આત્મસ્વભાવમેં ઉનકો સમસ્ત લોકાલોક શીઘ્ર...'** **'લઘુ.. લઘુ'** **'શીઘ્ર હી દિખ જાતા હૈ.'** અંતર સ્વભાવમેં લીન થયા એ છદ્મસ્થને શ્રુતજ્ઞાન થયું, એના શ્રુતજ્ઞાનમાં પણ લોકોલોક ભાસે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

આ 'પરમાત્મપ્રકાશ' છે. 'પરમાત્મપ્રકાશ'માં આ ગાથામાં શું લીધું? પરમાત્મસ્વરૂપ જે નિજ સ્વભાવ છે.. આહાહા..! એમાં લીન થઈને જે ભાવશ્રુતજ્ઞાન પ્રગટ થયું તો એમાં પણ પરોક્ષપણે લોકાલોક જણાય છે અને સ્વભાવમાં પૂર્ણ લીન થઈને કેવળજ્ઞાન થયું તો એમાં તો લોકાલોક જણાય એવી સ્વભાવની તાકાત છે. એમ કહીને શું કહ્યું? આત્માના સ્વભાવમાં લીન થાય છે તો લોકાલોકનું જ્ઞાન થાય છે પણ લોકાલોકની કોઈ ચીજને કરે છે...

આહાહા..! કોઈની દયા પાળે છે, કોઈની હિંસા કરે છે એ ચીજ સ્વરૂપમાં નથી. આહાહા..! લોકાલોક, અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અનંત પરમાણુમાં એક એક પરમાણુ અને એક એક આત્મામાં અનંત ગુણ. અને અનંત ગુણની અનંતી પર્યાય એક સમયમાં. આત્માનો સ્વભાવ એવો છે કે એમાં લીન થાય તો આત્માની પર્યાય સર્વજ્ઞ થઈ જાય છે, એમ કહે છે. એ કોઈને કરતું નથી પણ બધાને જાણે છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવો માર્ગ હજી સાંભળ્યો નથી. એને રુચે ક્યાં? બેસે ક્યાં? અરે..! છે? '**શીઘ્ર હી દિખ જાતા હૈ.**'

**ભાવાર્થ :- 'અથવા ઈસ જગહ ઐસા ભી પાઠાંતર હૈ, 'अप्पसहाव लहु'** આત્માનો સ્વભાવ અલ્પકાળમાં પ્રાપ્ત કરી લે છે. છે? '**અપના સ્વભાવ શીઘ્ર હી દિખ જાતા હૈ,..**' અર્થાત્ આ જ્ઞાનાનંદ પ્રભુ, સહજાત્મ પ્રભુ અનંત જ્ઞાન, આનંદનો ધણી, સ્વામી પ્રભુ, એનું ધ્યાન કરવાથી, એમાં એકાકાર થવાથી, ઈ ધ્યાન, હોં! ૐકારનું ધ્યાન ને પંચ પરમેષ્ઠીનું ધ્યાન એ ધ્યાન નહિ, એ તો બધો રાગ છે. આહાહા..! માર્ગ બાપુ! બહુ જુદો, ભાઈ! અરેરે..! આવું મનુષ્યપણું મળ્યું, જો આ સત્ સમજશે નહિ તો એના ભવના આરા ક્યાંય નહિ. આવે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- રાત્રે પ્રશ્ન પૂછતા હતા ને?

ઉત્તર :- પૂછતા હતા ને, એટલે તો કહીએ છીએ. ધ્યાન કરો, ૐ ૐ કરો, મહાવીર મહાવીર કરો, ણમો અરિહંતાણં કરો, એ તો બધા વિકલ્પ છે, રાગ છે. ધ્યાન તો આત્માના સ્વભાવનું અંદર ધ્યાન કરવું એ ધ્યાન છે. પણ હજી આત્મસ્વભાવ કેવો, એની પ્રતીતિ થઈ ન હોય એ ધ્યાન કઈ રીતે કરે? કહો, 'પદમચંદજી'! ઓળખો છો? 'કૈલાસચંદજી'! 'આગ્રા'. બધા પૈસાદાર છે. ધૂળના ધણી. ધૂળ.. ધૂળ. ધૂળમાંય કામ આવતી નથી. ગયા વર્ષે શિક્ષણ શિબિરનો ખર્ચ એણે આપ્યો હતો ને? ગયા વર્ષે શિક્ષણ શિબિર કરી હતી ને? વીસ હજારનો ખર્ચ થયો હતો. એણે આપ્યા હતા. વીસ દિવસ શિક્ષણ શિબિર ચાલી હતી ને? હમણાં શિક્ષણ શિબિર ચાલી ને? અત્યારનો ખર્ચ સંસ્થાનો હતો. અહીં સંસ્થામાં ક્યાં તૂટો છે, ઘણા છે. કેટલા માણસ આવ્યા? ૬૦૦ માણસ તો બહારથી આવ્યા અને ૨૫૦ બાયું આવી હતી. શિક્ષણ શિબિરમાં નહિ, સાંભળવા માટે. બાયુંને શિબિરમાં બેસવાનું નહિ. ચંદુભાઈ! એક હજાર માણસ આવ્યા હતા, વીસ દિવસ. અરે..!

એ શિક્ષણ શિબિરનો અર્થ આ ભગવાનઆત્મા.. આહાહા..! સંયોગી ચીજથી તો શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, પરિવારથી તો ભિન્ન છે, અંદરમાં રાગ થાય છે, શુભ-અશુભ વિકલ્પ રાગ થાય છે એનાથી પણ ભિન્ન છે અને એ રાગને જાણનારી વર્તમાન જ્ઞાનની અલ્પજ્ઞ પર્યાય છે.. આહાહા..! પ્રભુ.. પ્રભુ! આવો માર્ગ! એ અલ્પજ્ઞ પર્યાયથી પણ અંદર ભિન્ન છે. એને અહીંયાં આત્મસ્વભાવ કહે છે. સમજાય છે કાંઈ? આવા આત્મસ્વભાવમાં.. છે? '**અપના સ્વભાવ શીઘ્ર દિખ જાતા હૈ, ઔર સ્વભાવકે દેખનેસે સમસ્ત લોક ભી દિખતા હૈ.**' આહાહા..! ચૈતન્યસ્વભાવ.. બાપુ! ઝીણી પડે વાતું. અત્યારે

તો બહારમાં બધું મનાવી દીધું છે. આ વ્રત કરો ને તપ કરો ને અપવાસ કરો ને ત્યાગ કરો. જે આત્મા ભગવાન પરના ત્યાગ ગ્રહણથી તો શૂન્ય છે.

આત્મામાં એવો એક ગુણ છે, ભગવાન ૪૭ શક્તિમાં કહે છે, કે પરના ત્યાગ ગ્રહણ રહિત આત્મા છે. પરના ત્યાગ ગ્રહણથી તો શૂન્ય છે. પરનો ત્યાગ કઈ રીતે કરે? પરનું ગ્રહણ ક્યાં કર્યું છે એણે? આહાહા..! પરમાણુમાત્રનું ગ્રહણ કઈ રીતે કરે? અને પરમાણુને છોડે કઈ રીતે? ગ્રહણ નથી કર્યું, છોડે કઈ રીતે? આહાહા..! સમજાય છે કાંઈ? ત્યાગોપાદાનશૂન્યત્વ. અમારે પંડિતજીને યાદ આવી ગયું. ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ. 'સમયસાર'માં ૪૭ શક્તિમાં છે. ભગવાનઆતમા.. આહાહા..! પરનો ત્યાગ અને પરના ગ્રહણથી તો રહિત છે. સમજાય છે કાંઈ? એ પ્રાણી કહે કે હું આ વસ્તુ છોડી દઉં, બાયડી, છોકરા છોડી દઉં. શું છોડે? છૂટા જ પડ્યા છે. ગ્રહ્યા છે કે દિ' તો છોડે. આહા..! અજ્ઞાન પકડ્યું તું. પૂર્ણાનંદના નાથને નહિ જાણીને હું રાગ છું ને પુણ્ય છું ને દયા, દાનવાળો છું, એવું અજ્ઞાન કર્યું હતું. એ અજ્ઞાનને છોડવું એને છે. એ અજ્ઞાન છોડવું એ પણ વ્યવહારથી કથન છે. જ્ઞાનાનંદ સ્વભાવની અંતર દૃષ્ટિ અને અનુભવ થતાં અજ્ઞાન ઉત્પન્ન થતું નથી, અજ્ઞાનનો નાશ થાય છે તેને અજ્ઞાનનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. આરે.. આરે..! વાતું ભારે, બાપુ! સત્ય વાત આવી છે. સમજાય છે કાંઈ?

ઈ કહે છે, **'અપના સ્વભાવ શીઘ્ર...'** **'लहु'** છે ને? **'लहु'**. ભગવાનઆત્મા ચૈતન્યસૂર્ય જ્ઞાન સ્વપરપ્રકાશક સ્વભાવનો સમુદ્ર, એવા આત્મસ્વભાવનું ધ્યાન કરવાથી, એ તરફ લીન થવાથી આત્મસ્વભાવ **'लहु'** **'શીઘ્ર દિખ જાતા હૈ,...'** પોતાને આખો આત્મા દેખાય છે અને એ જોવામાં આખો લોકાલોક પણ દેખાય છે. આહા..! આવી વાત આ. શું છે આ? કંઈક કરવું.. અહીં તો કહે છે, કરવું ત્યાં મરવું છે. ભાઈ લખે છે ને? 'સોગાની', 'નિહાલચંદ્ર સોગાની'. 'અજમેર'. 'દિલ્હી' નહિ? 'કલકત્તા'. એક છોકરાની દુકાન છે, 'મુંબઈ'. એ પોતે ગુજરી ગયા. એ 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં લખે છે, બહુ આત્મશક્તિ હતી. ધંધો પછી છોડી દીધો હતો. દીકરો છે ત્યાં. 'કલકત્તા'માં છે અને એક 'મુંબઈ' છે. એ કહે છે, રાગ કરવો, શુભભાવ કરવો, ત્યાં શાંતિનું મરવું (છે). આવ્યું છે? 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' આવ્યું છે ને તમને? આહાહા..! લોકોને કાંઈક કરવું છે, કાંઈક કરવું છે. પણ શું કરવું છે? જ્ઞાન કરવું ઈ કરવું નથી? આહાહા..!

સ્વરૂપ ભગવાન ચૈતન્યનો પુંજ પ્રભુ.. આહાહા..! સ્વભાવનો સાગર, અનંત શક્તિનો સંગ્રહાલય. સંગ્રહનો આલય-સ્થાન છે. ભગવાન અનંતશાંતિ, અનંતઆનંદનું સંગ્રહાલય આલય-સ્થાન છે. એ રાગનું સ્થાન નથી. એ પુણ્ય-પાપનું સ્થાન આત્મા નહિ. આહાહા..! એ ગુણનું ગોદામ છે. આ ગોદામ નથી હોતાં? 'મુંબઈ'માં મોટા ગોદામ છે. કેસરના ડબ્બા મોટા મોટા વખારૂ. અમે તો બધું જોયું છે ને. પાંચ વર્ષ ધંધો કર્યો હતો ને. પિતાજીની દુકાન હતી ને. અત્યારે અમારી દુકાન છે ને. 'પાલેજ'. 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે. છે ને, અમારે આવ્યા હતા ને. હવે ઈ વેપાર ધંધો કરે છે. 'નટુભાઈ'. ત્રણ છોકરાઓ છે. ફઈના

દીકરા ભાગીદાર હતા, એમના દીકરા છે. દુકાન ચાલે છે. હવે જુદા થઈ ગયા છે. ત્રણ લાખની પેદાશ હતી. બાર મહિનાની ત્રણ લાખની પેદાશ, હોં! હવે જુદા પડી ગયા. ભાગ પડી ગયા. થઈ રહ્યું. અને એમાં રોકાવું પડે. આહાહા..! અરે.. અરે..! મારી નાખ્યા. આ કરવું ને આ કરવું ને આ કરવું. એ બધા વિકલ્પમાં મરી ગયો છે. કહો, 'ગિરધરભાઈ'! ચૈતન્યના આનંદના જ્ઞાનના જીવનમાં રાગ કરવો એ જ્ઞાનના જીવનનો સંહાર થાય છે. જેને પરમાત્મા 'પુરુષાર્થ સિદ્ધ ઉપાય'માં 'અમૃતચંદ્રાચાર્ય', હમણાં પંડિતજી બોલ્યા, પ્રાદુર્ભાવ રાગ. ચાહે તો શુભરાગની ઉત્પત્તિ હો, હિંસા (છે). સમજાય છે કાંઈ? ગજબ વાત! બાપુ! વીતરાગ માર્ગ પરમેશ્વરનો, અને એ માર્ગ જેને અંદરમાં બેસે (એને) ભવનો અંત (આવે) અને સિદ્ધપદની પ્રાપ્તિ (થાય) આહાહા..! અહીંયાં ઈ કહે છે ને, જુઓને!

'**અપના સ્વભાવ શીઘ્ર દિખ જાતા હૈ, ઔર સ્વભાવકે દેખનેસે સમસ્ત લોક ભી દિખતા હૈ.**' આહાહા..! '**યહાં પર ભી વિશેષ કરકે પૂર્વ સૂત્રકથિત ચારોં તરહકા વ્યાખ્યાન જાનના ચાહિયે, ક્યોંકિ યહી વ્યાખ્યાન બડે-બડે આચાર્યોંને માના હૈ.**' મોટા મોટા આચાર્ય. 'કુંદકુંદ' આદિ મહા આચાર્ય સંતોએ આ ચાર પ્રકારનું વ્યાખ્યાન કર્યું છે. એ આપણે આવી ગયું. ૯૯માં આવી ગયું ને. ૯૯. શું આવ્યું? ચાર બોલ આવી ગયા. ઈ કહે છે કે મોટા મોટા આચાર્યોએ આ કહ્યું છે. જેણે પોતાનો આત્મા જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ જાણી લીધો, એણે બાર અંગ જાણી લીધા. આહાહા..! શાસ્ત્રજ્ઞાન પણ નહિ. પોતાનો ભગવાન પૂર્ણાનંદ ચૈતન્યસૂર્ય બિંબ પ્રભુ, ચૈતન્યનો ચમકતો સૂર્ય પ્રભુ, અરે..! ક્યાં એણે કોઈ દિ' જોયું નથી. એવા ચૈતન્યસ્વભાવનો ચમકતો સૂર્ય, એનો જેણે અંતરમાં જઈને અનુભવ કર્યો તો એણે બાર અંગ જાણી લીધા. બાર અંગમાં કહેવું હતું એ એની પાસે આવી ગયું. સમજાય છે કાંઈ? આહાહા..! એક બોલ ઈ કીધો. ચાર બોલ છે ને? ચાર. મોટા મોટા આચાર્યોએ એ ચાર બોલ (કહ્યા છે).

બીજો બોલ ઈ આવ્યો કે ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો જેણે સ્વાદ લીધો, સમ્યગ્દૃષ્ટિ થઈને સમ્યગ્દૃષ્ટિ-સત્યદૃષ્ટિ, સત્ય નામ પરમ સત્ય સ્વરૂપની દૃષ્ટિ અનુભવમાં આવી જે સમ્યગ્દર્શન થયું એમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો. સ્વાદ તો આ દાળ, ભાત, શાકનો, રસગુલ્લા ને કેરીનો (આવે). ધૂળમાંય સ્વાદ નથી. સાંભળ તો ખરો. આહાહા..! એ પરનો સ્વાદ જ્ઞાનીને આવે છે? કડવો, મીઠો, ગળપણ, ગળ્યું, એનો સ્વાદ આવે છે? એ તો જડની વસ્તુ છે. એમ સ્ત્રીના શરીરના ભોગ કાળે એને શરીરનો અનુભવ થાય છે? બિલકુલ જૂઠ. આહા..! પરમાં રાગ ઉઠાવીને રાગનો સ્વાદ અજ્ઞાની લે છે. જ્ઞાનીએ અંદરમાં રાગથી રહિત નિજ સ્વભાવનો સ્પર્શ કર્યો.. આહાહા..! સમકિતી, હોં! હજી ચોથે ગુણસ્થાને. પોતાનો સ્વાદ લીધો. ઈ આવી ગયું. '**પરમાનંદ સુખરસ ઉસકે આસ્વાદ હોને પર જ્ઞાની પુરુષ ઐસા જાનતા હૈ,...**' ઓહોહો..! હું તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ છું, એમ અતીન્દ્રિય આનંદનું જ્ઞાન થયું તો એ રાગ ને સુખ-દુઃખની કલ્પના ને શરીરાદિ, આ આનંદથી ભિન્ન છે એવું ભેદજ્ઞાન થઈ ગયું. આનંદથી બધી ચીજ ભિન્ન છે એ બધાનું જ્ઞાન

એને થઈ ગયું. આહાહા..! આવી વાતું. કંઈ પૈસા ભરવાનું કહે, દાન કરવાનું કહે તો સમજાય. ધૂળમાંય નથી. તારા દાન. તું અહીં કોણ વળી પૈસા ક્યાં તારા બાપના (હતા)? તારી ચીજ ક્યાં હતી તે આપે. પૈસા મારા માનીને આપે એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? એ તો અજીવ છે, તું તો જીવ છે. જીવનું અજીવ થાય? આહાહા..! પૈસા છે ને એની પાસે વધારે, એટલે એણે દાંત કાઢ્યા. છ છોકરા ને બે કરોડ રૂપિયા છે એની પાસે.

મુમુક્ષુ :-...

ઉત્તર :- અહીં ક્યાં હતા. મમતા છે હજી અંદર. ઈ ચીજ ક્યાં હતી? ન્યાં પણ ક્યાં તમારી પાસે હતી? 'પોપટભાઈ'! અહીં તો સત્ય વાત (આ છે), બાપા! એ પૈસા કંઈ આત્મા પાસે આવે છે? આવે છે તે મને આવ્યા એવી મમતા એની પાસે આવી. આહાહા..! પ્રભુ.. પ્રભુ! તું શું કરે છો? ચોર છો, કહે છે. જે પારકી ચીજ પર છે એને મારી માને છે એ તો ચોર છે. આહાહા..! સ્ત્રીનો આત્મા, દીકરાનો આત્મા એ તો પર છે. એ તો એને કારણે આવ્યા ને એને કારણે રહ્યા ને એને કારણે ચાલ્યા જશે. તારે કારણે અહીંયાં આવ્યા નથી. એ તો પરદ્રવ્ય છે. તારામાં આવ્યા છે જ ક્યાં. આહાહા..! પરદ્રવ્યનો સંયોગ આવે છે? શું છે?

મુમુક્ષુ :- પોતાની પાસે છે તો રખેવાળી તો કરવી પડે.

ઉત્તર :- કોણ રખેવાળી કરે? હવે તો એના છોકરા ને બધા હોંશિયાર થયા છે. 'ડાલચંદ'ને.. ધૂળમાંય નથી. 'ડાલચંદ' કોનો? એય..! અરે..! ભગવાન! બાપુ! પરદ્રવ્યને મારા માનવા એ તો મહા મૂઢતા છે.

અહીંયાં તો પ્રભુ ત્યાં સુધી કહે છે, એ દયા, દાન, વ્રતનો વિકલ્પ ઉઠે ઈ મારો છે એ પણ મૂઢ અને મિથ્યાદૃષ્ટિ છે. રાગનો ચોર છે ઈ. રાગ તો પરવસ્તુ છે. આહા..! સ્વ વસ્તુમાં ક્યાં છે ઈ. આહાહા..! અહીંયાં ઈ કહે છે.

જેને પોતાનો આનંદ આવ્યો, આનંદના સ્વાદ આગળ આ બીજી ચીજ આનંદથી ભિન્ન છે, એ પોતાથી ભિન્ન છે એનું જ્ઞાન થઈ ગયું. આહાહા..! બે બોલ થયા. ત્રીજો બોલ. જેને પોતાનું જ્ઞાન થયું એવું શ્રુતજ્ઞાન થયું-ભાવશ્રુતજ્ઞાન અંદર થયું આનંદના જ્ઞાનમાં, એ ભાવશ્રુતજ્ઞાન દ્વારા લોકાલોકને જાણે છે. સમજાય છે કાંઈ? હવે ચોથો બોલ, જેને આત્મજ્ઞાન ભાન થયું, એ આગળ વધી જ્યારે કેવળજ્ઞાન પામે છે તો લોકાલોકને જાણે છે. એગં જાણઈ સવ્વં જાણઈ. પોતાને જાણ્યો તો સર્વને જાણ્યું. પોતાને જાણ્યો તો બધાની ઓળખાણ થઈ. પોતાને જાણ્યો તો લોકાલોકને જાણ્યા. પોતાના આનંદ સ્વરૂપને જાણ્યું તો દુઃખ ને રાગાદિ ભિન્ન છે તેને પણ જાણ્યા. આહાહા..! પ્રભુ.. પ્રભુ! માર્ગ આવો છે, ભાઈ! લોકોને બિચારાને મળતો નથી ને એમ ને એમ ઢસરડા કરીને મરી જવાના. આહા..! સમજાય છે કાંઈ? 'દશરથલાલજી'! ઈ ચાર બોલ અહીં કહ્યાં ને.

**'પૂર્વ સૂત્રકથિત ચારોં તરહકા વ્યાખ્યાન જાનના ચાહિયે...'** છે ને? ઈ આ ચાર કહ્યા ઈ. **'ક્યોંકિ યહી વ્યાખ્યાન બડે-બડે આચાર્યોંને માના હૈ.'** મોટા મોટા આચાર્યો એમણે

ચાર વ્યાખ્યાન કહ્યા છે. હમણાં ચાર કહ્યા ને? હવે ૧૦૧. એ ૧૦૦ ગાથા થઈ. આ બરાબર મેળ (થયો). આ ૧૦૧ ચાલે છે, બપોરે ૧૦૧ (ચાલે છે). 'સમયસાર'ની ૧૦૧ ચાલે છે.

---

अतोऽमुमेवार्थं दृष्टान्तद्राष्टान्ताभ्यां समर्थयति –

१०१) अप्पु पयासइ अप्पु परु जिम अंबरि रवि–राउ।
जोइय एत्थु म भंति करि एहउ वत्थु–सहाउ।।१०१।।
आत्मा प्रकाशयति आत्मानं परं यथा अम्बरे रविरागः।
योगिन् अत्र मा भ्रान्तिं कुरु एष वस्तुस्वभावः।।१०१।।

अप्पु पयासइ आत्मा कर्ता प्रकाशयति। कम्। अप्पु परु आत्मानं परं च। यथा कः किं प्रकाशयति। जिमु अंबरि रविराउ यथा येन प्रकारेण अम्बरे रविरागः। जोइय एत्थु म भंति करि एहउ वत्थुसहाउ हे योगिन् अत्र भ्रांति मा कार्षीः, एष वस्तुस्वभावः इति। तद्यथा। यथानिर्मेघाकाशे रविरागो रविप्रकाशः, स्वं परं च प्रकाशयति तथा वीतरागनिर्विकल्प–समाधिरूपे कारणसमयसारे स्थित्वा मोहमेघपटले विनष्टे सति परमात्मा छद्मस्थावस्थायां वीतरागभेदभावनाज्ञानेन स्वं परं च प्रकाशयतीत्येष पश्चादर्हदवस्थारूपकार्यसमयसाररूपेण परिणम्य केवलज्ञानेन स्वं परं च प्रकाशयतीत्येष आत्मवस्तुस्वभावः संदेहो नास्तीति। अत्र योऽसौ केवलज्ञानाद्यनन्तचतुष्टयव्यक्तिरूपः कार्यसमयसारः स एवोपादेय इत्यभिप्रायः।।१०१।।

---

आगे इसी अर्थको दृष्टातदार्ष्टान्तसे दृढ़ करते हैं –

**गाथा – १०१**

अन्वयार्थ :– [ यथा ] जैसे [ अंबरे ] आकाश में [ रविरागः ] सूर्यका प्रकाश अपनेको और परको प्रकाशित करता है, उसी तरह [ आत्मा ] आत्मा [ आत्मानं ] अपनेको [ परं ] पर पदार्थोंको [ प्रकाशयति ] प्रकाशता है, सो [ योगिन् ] हे योगी [ अत्र ] इसमें [ भ्रान्तिं मा कुरु ] भ्रम मत कर। [ एष वस्तुस्वभावः ] ऐसा ही वस्तुका स्वभाव है।

भावार्थ :– जैसे मेघ रहित आकाशमें सूर्यका प्रकाश अपनेको और परको प्रकाशता है, उसी प्रकार वीतरागनिर्विकल्प समाधिरूप कारणसमयसारमें लीन होकर मोहरूप मेघसमूहका नाश करके यह आत्मा मुनि अवस्थामें वीतराग स्वसंवेदनज्ञानकर अपनेको और परको कुछ प्रकाशित करता है, पीछे अरहंत अवस्थारूप कार्यसमयसार स्वरूप परिणमन करके केवलज्ञानसे निज और परको सब द्रव्य, क्षेत्र, काल, भावसे प्रकाशता है। यह आत्म–वस्तुका स्वभाव है, इसमें संदेह नहीं समझना। इस जगह ऐसा सारांश है, कि जो केवलज्ञान, केवलदर्शन, अनंतसुख, अनंतवीर्यरूप, कार्यसमयसार है, वही आराधने योग्य है।।१०१।।

**હવે, આ જ અર્થને દૃષ્ટાંત દાર્ષ્ટાંતથી દૃઢ કરે છે :**

**ભાવાર્થ :- જેવી રીતે વાદળાં વિનાના (નિર્મળ) આકાશમાં સૂર્યનો પ્રકાશ પોતાને અને પરને પ્રકાશે છે તેવી રીતે વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ કારણસમયસારમાં સ્થિત થઈને, મોહરૂપી મેઘપટલનો નાશ થતાં, પરમાત્મા છદ્મસ્થ-અવસ્થામાં વીતરાગ ભેદભાવનારૂપ જ્ઞાન વડે સ્વ અને પરને પ્રકાશે છે, પછી અર્હંત-અવસ્થારૂપ કાર્યસમયસારરૂપે પરિણમીને કેવળજ્ઞાનથી સ્વ અને પરને પ્રકાશે છે. એવો આત્મવસ્તુનો સ્વભાવ છે એમાં સંદેહ નથી.**

**અહીં કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટયની વ્યક્તિરૂપ જે કાર્યસમયસાર છે તે જ ઉપાદેય છે, એવો અભિપ્રાય છે. ૧૦૧.**

## ગાથા-૧૦૧ ઉપર પ્રવચન

**'આગે ઈસી અર્થકો દૃષ્ટાંત, દાષ્ટાંત સે દૃઢ કરતે હૈં -'**

**१०१) अप्पु पयासइ अप्पु परु जिम अंबरि रवि-राउ।**
**जोइय एत्थु म भंति करि एहउ वत्थु-सहाउ।।१०१।।**

**અન્વયાર્થ :- 'જૈસે આકાશ મેં સૂર્યકા પ્રકાશ અપનેકો ઔર પરકો પ્રકાશિત કરતા હૈ,...'** **'अंबरे अंबरे' 'अंबरे'** એટલે આકાશ. આકાશમાં સૂર્યનો પ્રકાશ પોતાને અને પરને પ્રકાશિત કરે છે. **'ઉસી તરહ આત્મા અપનેકો પર પદાર્થોંકો પ્રકાશતા હૈ,...'** બસ. પોતાના આનંદ, જ્ઞાન સ્વરૂપને જાણે છે અને એ સિવાય રાગાદિ પર છે એને જાણે છે, પ્રકાશે છે. સમજાય છે કાંઈ? **'હે યોગી ઈસમેં ભ્રમ મત કર.'** હે ધર્માત્મા ભ્રમણા ન કર હવે, કે હું પરને કરી દઉં ને પરથી મારામાં કંઈક થાય છે. તારા સ્વભાવનું ભાન થવાથી... આહાહા..! પર પદાર્થનો પ્રકાશ સહજ થઈ જાય છે. પરનું જાણવું તને સહજ થઈ જાય છે. આહાહા..! જાણવું, હો! આહાહા..!

**'ઈસમેં ભ્રમ મત કર.' 'एष वस्तुस्वभावः' 'ઐસા હી વસ્તુકા સ્વભાવ હૈ.'** આહાહા.! શું કહ્યું ઈ? ભગવાન ચૈતન્યપ્રકાશનું નૂર પૂર, એને જેણે જાણ્યું.. સમજાય છે કાંઈ? તે બધાને પરપ્રકાશમાં જાણે જ છે. સ્વને જાણ્યું તેમાં પરપ્રકાશનું જ્ઞાન પણ આવી ગયું. આહાહા..! પરને પ્રકાશે છે. પરને મારા માને છે એમ નહિ. આહાહા..! 'ભરત' ચક્રવર્તી સમકિતી હતા. છન્નું હજાર રાણી હતી. 'ઋષભદેવ' ભગવાનના પુત્ર, 'ભરત'. છન્નું હજાર સ્ત્રી, સોળ હજાર દેવ જેની તૈનાતમાં અને દેવ હતા ને દેવ? બે હજાર તો અહીંયાં શરીરની રક્ષા માટે રહે. એ ચક્રવર્તી આત્મજ્ઞાની હતા તો વિકલ્પથી માંડી પરવસ્તુ મારી નથી એમ માનતા હતા. આહાહા..! છ ખંડમાં રહેતા હોવા છતાં અખંડ રહ્યા છે. બહુ ઝીણી વાત,

પ્રભુ! સમકિત વસ્તુ એવી વસ્તુ છે. અત્યારે સમકિત એટલે કાંઈ નહિ. આ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો. નવ તત્ત્વની શ્રદ્ધા કરો ઈ સમકિત. અરે..! ધૂળેય નથી, સાંભળને! સમજાય છે કાંઈ? **'ઐસા હી વસ્તુકા સ્વભાવ હૈ.'**

ભાવાર્થ :- **'જૈસે મેઘ રહિત આકાશમેં સૂર્યકા પ્રકાશ અપનેકો ઔર પરકો પ્રકાશતા હૈ,...'** સૂર્ય. **'ઉસી પ્રકાર...'** હવે સિદ્ધાંત આવ્યો. એ તો દૃષ્ટાંત થયો. આહાહા..! **'વીતરાગનિર્વિકલ્પ સમાધિરૂપ કારણસમયસારમેં...'** લ્યો, આ ધ્યાન. ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, એમાં વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ કારણસમયસાર મોક્ષનો માર્ગ. કારણસમયસાર એટલે મોક્ષનો માર્ગ. શું? વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ. આહાહા..! વ્યવહાર રત્નત્રયનો રાગ એ પણ ધર્મ નહિ.

મુમુક્ષુ :- પરંપરા.

ઉત્તર :- ધૂળેય પરંપરા નથી. એ તો વ્યવહારના વચન છે. રાગ તે કાંઈ કારણ થતા હશે? લસણ ખાયને કસ્તૂરીનો ઓડકાર આવે? લસણ ખાતા ખાતા કસ્તૂરીનો ઓડકાર આવશે. ધૂડેય નહિ આવે. એમ રાગ કરતાં કરતાં આત્માની દૃષ્ટિ-સમ્યગ્દર્શન થશે. સમજાય છે કાંઈ? એવી વાત છે, બાપુ! આ તો પરમાત્માના ઘરની વાતું છે. આહાહા..!

**'વીતરાગનિર્વિકલ્પ સમાધિરૂપ કારણસમયસારમેં...'** એટલે મોક્ષમાર્ગ. શું મોક્ષમાર્ગ? વીતરાગ-રાગ રહિત, પુણ્યના વિકલ્પ પણ નહિ. નિર્વિકલ્પ-અભેદ, સમાધિ નામ શાંતિ. આહાહા..!

મુમુક્ષુ :- અહીંયાં કારણસમયસારનો અર્થ શુદ્ધ પર્યાય?

ઉત્તર :- એ શુદ્ધ પર્યાય મોક્ષમાર્ગની, એ કારણસમયસાર. હજી હળવે હળવે આવીએ છીએ. કારણસમયસારના બે પ્રકાર. એક ત્રિકાળી આનંદકંદ પ્રભુ જ્ઞાયકભાવ કારણપરમાત્માને કારણસમયસાર કહે છે. આહાહા..! વસ્તુ જે ત્રિકાળી આનંદનો નાથ અનંત શક્તિનો સાગર, ધ્રુવ, એને કારણસમયસાર અથવા કારણપરમાત્મા કહે છે. એ કારણપરમાત્માના આશ્રયે નિર્વિકલ્પ રાગ રહિત વીતરાગી શાંતિ, વીતરાગી શાંતિ દ્વારા જેણે મોક્ષમાર્ગ પ્રગટ કર્યો એ કારણસમયસાર. એ પર્યાયનો કારણસમયસાર. આહાહા..! રાગ-ફાગની તો અહીં વાત જ નથી. વિકલ્પ જે ઉઠે છે દયા, દાનના એ તો ધર્મ પણ નથી, ધર્મનું કારણ પણ નથી અને મોક્ષમાર્ગ પણ નથી. આહાહા..! એ.. 'દશરથલાલજી'! ભગવાન! માર્ગ તો બહુ જુદી જાતનો, પ્રભુ! લોકોને પીરસાણો છે, અજૈનપણું જૈનના નામે પીરસાણું. આહાહા..!

જૈનમાર્ગની રીત તો વીતરાગભાવની છે. સમજાય છે કાંઈ? એક શબ્દમાં મૂક્યું. શું? જેમ આકાશમાં સૂર્ય પોતાને પ્રકાશે છે, પરને પ્રકાશે છે. એમ ભગવાનઆત્મા પોતાનો કારણસમયસાર પ્રભુ જે ત્રિકાળ, એમાં વિકલ્પ રહિત નિર્વિકલ્પ નામ વીતરાગી પર્યાયથી નિર્વિકલ્પ અભેદ અને સમાધિ. સમાધિ એટલે પેલા બાવા સમાધિ કરે એ નહિ. વીતરાગની ભાવરૂપી સમાધિ અંદર પ્રગટ કરી એનું નામ મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. એનું નામ

કારણસમયસાર-પર્યાયનો કારણસમયસાર છે. અરે..અરે..! આવી બધી વાતું. ઓહોહો..! કહો! છે?

પહેલા દૃષ્ટાંત લીધો છે ને? સમજ્યા? '**જૈસે મેઘ રહિત...**' વાદળા અને વરસાદ રહિત આકાશમાં સૂર્યનો પ્રકાશ પોતાને, સૂર્ય પોતાને પ્રકાશે છે અને પરને પ્રકાશે છે. '**ઉસી પ્રકાર વીતરાગનિર્વિકલ્પ સમાધિરૂપ કારણસમયસારમેં લીન હોકર...**' આહાહા..! ભાષા પણ કઠણ પડે માણસને. જેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું, એ સમ્યગ્દર્શન વીતરાગી પર્યાય છે. ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદની અનુભવમાં પ્રતીતિ કરી, સ્વભાવ જે ત્રિકાળી કારણપરમાત્મા ધ્રુવ છે એની પ્રતીતિ એના આશ્રયે કરી એ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન વીતરાગી પર્યાય છે. અને ત્રિકાળી જ્ઞાનનું જ્ઞાન કર્યું એ જ્ઞાન છે, એ સમ્યગ્જ્ઞાન છે. અને ત્રિકાળી જ્ઞાનસ્વરૂપમાં લીનતા થઈ એ ચારિત્ર છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભઈ!

આ પર્યુષણના દિવસો છે. ભગવાનની વાણી આ છે. એને સાંભળવા ન મળે એ શું કરશે? પ્રભુ! આહાહા..! આંખ મીંચીને ક્યાંય કાગડે ને કૂતરે (ચાલ્યો જશે). ત્રસની સ્થિતિ પૂરી થશે. ત્રસની સ્થિતિ પૂરી થશે તો ચાલ્યો જશે નિગોદમાં. માંડ નીકળીને મનુષ્ય થયો છે. આહાહા..! આવો વીતરાગનો માર્ગ જો ખ્યાલમાં ન આવ્યો, સૂતરની દોરી વિનાની સોય ખોવાય જાય છે, હાથ નહિ આવે. પણ જો સોયમાં સૂતરનો દોરો... એ તો સમજો છો ને? એકલી સોય હોય (તો નહિ મળે). પણ સાથે જો દોરો હોય અને ચકલી માળામાં લઈ જાય તો.. એ.. આપણો દોરો છે, સોય ત્યાં છે. એમ આત્માએ સમ્યગ્જ્ઞાનરૂપી દોરો પરોવ્યો હશે તો જન્મ-મરણથી રહિત થઈ જશે, એ ખોવાશે નહિ. ચાર ગતિમાં ખોવાઈ નહિ જાય. આહાહા..! સમજાય છે કાંઈ? અને આ સમ્યક્ સત્ય જ્ઞાન જેણે કર્યું નહિ એ ગમે તેટલા મહાવ્રત આદિ પાળે એ ચાર ગતિમાં રખડનારો છે. આહાહા..! 'કુંદકુંદાચાર્યે' એ દાખલો આપ્યો છે. '...' સોય સૂતરના દોરા સહિત હશે તો ખોવાશે નહિ. ખોવાશે નહિને શું કહે છે? ગુમ નહિ હોગી. તમારી હિન્દી કંઈ પૂરી નથી આવડતી. આ તો થોડી થોડી આવડે છે. આહાહા..! અને સસૂત્ર સોઈ ખોવાશે નહિ. આહાહા..!

જેણે જ્ઞાનલક્ષણ સ્વભાવ પ્રગટ કરી લીધો.. આહાહા..! હું તો જ્ઞાનસ્વભાવી આત્મા છું. પુણ્ય-પાપના ભાવ હું નહિ ને એનાથી મને લાભ નથી, નુકસાન છે. આહાહા..! એવા નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રથી કારણસમયસારમાં લીન થયો. આહાહા..! પ્રભુ અંદર ધ્યાનમાં આનંદમાં (લીન થયો). અતીન્દ્રિય આનંદમાં દૃષ્ટિ જ્ઞાનની લીનતા થઈ. આ મોક્ષમાર્ગ. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ. 'તત્ત્વાર્થ સૂત્ર'. દસલક્ષણીમાં બોલે બધા. ગડિયા હાંકે જાય. અર્થની ખબર ન મળે કે શું છે. આહાહા..! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાણી મોક્ષમાર્ગ. 'તત્ત્વાર્થ સૂત્ર'. આહાહા..! એ આ. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ વીતરાગ સ્વરૂપે પ્રભુઆત્મા છે. આત્મા વીતરાગની મૂર્તિ છે. અત્યારે, હોં! આહાહા..!

એ નિર્વિકલ્પ વીતરાગ સમાધિસ્વરૂપ જ આત્મા છે. લ્યો, વળી એ કહ્યું. શું કહ્યું? ભગવાનઆત્મા નિર્વિકલ્પ વીતરાગ શાંત સમાધિસ્વરૂપ જ છે. એના આશ્રયે પર્યાયમાં જે

પ્રગટ થયો એ પણ નિર્વિકલ્પ સમાધિ વીતરાગ પર્યાય, એનું નામ મોક્ષનો માર્ગ. શું કહ્યું ઈ? નિર્વિકલ્પ વીતરાગ નિર્વિકલ્પ સમાધિ. એ ઉત્પન્ન કરી. મોક્ષમાર્ગ. પણ એ નિર્વિકલ્પ પર્યાય ઉત્પન્ન થઈ કોનાથી? એ વસ્તુ નિર્વિકલ્પ વીતરાગ સમાધિ શાંતમૂર્તિ પ્રભુઆત્મા છે, એમાંથી નિર્વિકલ્પ પર્યાય પ્રગટ થાય છે. આહાહા..! આ વ્યવહાર રાગ કરતા કરતા થાય છે એની ના પાડે છે. કહો, 'જાંજરીજી'! આવો માર્ગ છે. આહાહા..! અરે..! એક સેકંડ પણ કદી જાણ્યો નહિ, રુચ્યો નહિ. આહાહા..! એમ ને એમ જિંદગી મજૂરીની પેઠે કાઢી નાખી. આહા..! સાધુના એ વ્રત, તપ, અઠ્યાવીસ મૂળગુણ છે ને? એ પણ રાગ છે, મજૂરી છે, આત્મધર્મ નહિ. એ.. શેઠ! પણ પોતાને કંઈ ત્યાગ ન આવડે અને (બીજાએ) થોડો બહારથી ત્યાગ કર્યો હોય તો જય મહારાજ, જય નારાયણ (કરે). અરે..! ભગવાન! સાંભળ તો ખરો. પ્રભુ!

અહીંયાં એક શબ્દમાં કેટલું ભરી દીધું છે! '**આકાશમેં સૂર્યકા પ્રકાશ અપનેકો ઔર પરકો પ્રકાશતા હૈ, ઉસી પ્રકાર...**' એ તો દૃષ્ટાંત થયો. '**વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ કારણસમયસાર...**' ભગવાનની-આત્માની પર્યાય. આહાહા..! ભગવાનસ્વરૂપ જ પ્રભુઆત્મા છે. તેના આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે નિર્વિકલ્પ વીતરાગી શાંતિ પ્રગટ થઈ એ મોક્ષમાર્ગ. સમજાય છે કાંઈ? ભઈ, આ પર્યુષણના દિવસોમાં જે સત્ય વાત.. આજે પાછો સત્યધર્મ છે. ચોથો સત્યધર્મ છે. આહાહા..! એની શ્રદ્ધામાં તો પક્ષ કરે કે નિર્વિકલ્પ વીતરાગની પરિણતિ ઉત્પન્ન થાય એ મોક્ષમાર્ગ છે. એમ શ્રદ્ધામાં પહેલો પક્ષ કરવો જોઈએ. પક્ષ કરે તો લક્ષ થયું તો દક્ષ થશે તો કેવળજ્ઞાન થશે. પક્ષ કરે તો લક્ષ થશે ને ત્યારે દક્ષ થશે. આહાહા..! અરેરે..!

મુમુક્ષુ :- પક્ષ કરે તો લક્ષ થશે...

ઉત્તર :- પક્ષ કરે તો લક્ષ થશે. પક્ષ કરતા કરતાં લક્ષ થશે અને લક્ષ થતાં દક્ષ થશે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન થશે. પણ હજી પક્ષના પણ ઠેકાણા નથી. આહાહા..! અહીં તો પરમાત્મા 'યોગીન્દ્રદેવ' સંત દિગંબર જંગલવાસી. મુનિઓ તો જંગલમાં રહેતા હતા. શ્વેતાંબર આદિ વસ્ત્ર સહિત તો પછી નીકળ્યા. ભગવાન પછી ૬૦૦ વર્ષે. એ કંઈ મુનિમાર્ગ નથી. એ જૈનમાર્ગ નથી.

જૈન તો આત્માના આનંદમાં મસ્ત, અતીન્દ્રિય આનંદના અનુભવમાં મસ્ત. જેને વસ્ત્ર પાત્ર છૂટી જાય છે અને અંતરમાં ત્રણ કષાયનો અભાવ થઈ જાય છે. એવી નિર્વિકલ્પ વીતરાગી સમાધિ, એનું નામ મોક્ષનો માર્ગ છે. આહાહા..! સમજાય છે કાંઈ? વીતરાગ નિર્વિકલ્પ.. નીચે ક્યાં વીતરાગ છે? વીતરાગ તો કેવળ થાય ત્યારે થાય. અરે..! સાંભળ તો ખરો. આત્મા ત્રિકાળ વીતરાગ નિર્વિકલ્પ શાંતસ્વરૂપ જ છે. ખબર ક્યાં છે, એ ચીજ અંદરમાં શું છે. તેના આશ્રયે જે દૃષ્ટિ પ્રગટે એ નિર્વિકલ્પ વીતરાગ પરિણતિ પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ? એ કારણસમયસાર. આહાહા..! મોક્ષ જે કેવળજ્ઞાન છે એ કાર્યસમયસાર છે. કેવળજ્ઞાન મોક્ષ કાર્યસમયસાર (છે), એનું કારણસમયસાર આ. આહા..! એનું કારણ

આ. એનું કારણ વ્યવહાર દયા, દાન ને વ્રત એ કારણ-ફારણ નથી, એ તો વિઘ્ન છે. બંધનું કારણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? છે?

સૂર્યની પેઠે. સૂર્ય પોતાને પ્રકાશે છે, પરને પ્રકાશે છે. એમ વીતરાગ નિર્વિકલ્પ સમાધિ, સમાધિ એટલે શાંતિ, સમાધિ એટલે પેલા બાવા કહે છે ઈ સમાધિ નહિ, એ તો હઠયોગી મૂઢ છે. આ તો આત્માના આનંદમાં જાગૃત થઈને શાંતિ. શાંતિ.. શાંતિ.. શાંતિ. શાંતરસના ઝરણા ઝરે. રાગ એ કષાયભાવ અશાંતભાવ છે. આહાહા..! 'છ ઢાળા'માં આવ્યું નહિ? 'રાગ આગ દાહ દહે સદા, તાતે સમામૃત સેઈએ'. 'છ ઢાળા'માં આવે છે. 'રાગ આગ દાહ દહે સદા.' એ શુભરાગ પણ આગ છે, દાહ છે. આહાહા..! 'છ ઢાળા'માં ગાગરમાં સાગર ભરી દીધો છે. એના અર્થની ખબર ન મળે. આહાહા..! એ અહીં કહે છે.

રાગ રહિત વીતરાગી નિર્વિકલ્પ અભેદ સમાધિ-શાંતિ, એવા '**કારણસમયસારમેં લીન હોકર મોહરૂપ મેઘસમૂહકા નાશ કરકે...**'લ્યો. પેલા સૂર્યે વાદળાનો નાશ કર્યો. આ મોહ એનાથી નાશ પામે છે. આહાહા..! પૂર્ણ વીતરાગસ્વરૂપ ભગવાનઆત્મા છે જ. એના આશ્રયે એનું ધ્યાન કરવાથી જે નિર્વિકલ્પ શાંતિ વીતરાગી પર્યાય પ્રગટ થાય છે તેને અહીંયાં કારણસમયસાર કહે છે. એમાં લીન થઈને '**મોહરૂપ મેઘસમૂહકા નાશ કરકે વહ આત્મા છદ્મસ્થ અવસ્થામેં...**' સંસ્કૃતમાં છદ્મસ્થ અવસ્થા છે, ભાઈ! સંસ્કૃતમાં. એ એણે નથી નાખ્યું. સંસ્કૃત છે. ઓલી કોર છે. '**विनष्टे सति परमात्मा छद्मस्थावस्थायां वीतरागभेदभावनाज्ञानेन**' છદ્મસ્થ અવસ્થા.

પોતાના આનંદસ્વરૂપમાં લીન થઈને છદ્મસ્થ અવસ્થામાં... આહાહા..! '**વીતરાગ સ્વસંવેદનજ્ઞાનકર અપનેકો ઔર પરકો કુછ પ્રકાશિત કરતા હૈ...**' શું કહે છે? જેમ વાદળ.. વાદળ કહે છે? મેઘ. વાદળા વિનાનો સૂર્ય પોતાને પ્રકાશે છે અને પરને પ્રકાશે છે. એમ ભગવાનઆત્મા પોતાના ચૈતન્યપ્રકાશનું નૂર પૂરમાં એકાગ્ર થઈને નિર્વિકલ્પ શાંતિ અને વીતરાગી પર્યાયથી લીન થઈને, છદ્મસ્થ અવસ્થામાં તેનાથી શું થાય છે? છે? '**વીતરાગ સ્વસંવેદનજ્ઞાનકર અપનેકો...**' આહાહા..! પોતાની વીતરાગી પર્યાય સ્વ નામ પ્રત્યક્ષ સંવેદનજ્ઞાન પોતાને જાણે છે અને '**પરકો કુછ પ્રકાશિત કરતા હૈ...**' કુછ. પૂર્ણ નહિ. સમજાય છે કાંઈ? અરે..! ભારે ગાથા ભાઈ આવી. અલૌકિક છે, બાપુ! આહાહા..! વીતરાગમાર્ગ અલૌકિક છે. એ સિવાય ક્યાંય નથી. વીતરાગ દિગંબર માર્ગ આ વીતરાગ છે. આવી વાત કોઈ મતમાં ક્યાંય નથી. બીજા સાથે સમન્વય કરે બધું ખોટું છે. સમજાય છે કાંઈ? આહાહા..!

'**વીતરાગ સ્વસંવેદનજ્ઞાનકર...**' મોહાદિને નાશ કરી.. આહાહા..! '**અપનેકો ઔર પરકો કુછ પ્રકાશિત કરતા હૈ...**' છદ્મસ્થ છે ને? પૂર્ણ પ્રકાશિત પ્રત્યક્ષ ન થાય. '**પીછે અરહંત અવસ્થારૂપ...**' આહાહા..! '**કાર્યસમયસાર સ્વરૂપ પરિણમન કરકે...**' જુઓ! આ કાર્ય. આ આત્માનું કાર્ય છે. ધૂળનું કાર્ય નથી ને રાગનું કાર્ય પણ આત્માનું નહિ. આહાહા..!

પોતાની નિર્વિકલ્પ વીતરાગી પર્યાય દ્વારા જેણે.. આહાહા..! '**કાર્યસમયસાર સ્વરૂપ પરિણમન કરકે...**' આહાહા..! કાર્યસમયસાર કહ્યું. અહીંયાં મોક્ષમાર્ગને કારણસમયસાર કહ્યું. એ કારણ છે અને કેવળજ્ઞાન કાર્ય છે. સમજાય છે કાંઈ? વ્યવહાર રત્નત્રય કારણ નથી, એમ કહે છે. આહાહા..! એ તો બંધનું કારણ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, પંચ મહાવ્રતનો વિકલ્પ, શાસ્ત્ર ભણવાનો વિકલ્પ એ બધું બંધનું કારણ છે. આહાહા..!

આ દસલક્ષણી પર્વમાં હિન્દી પહેલીવાર ચાલે છે, હોં! અત્યાર સુધી ગુજરાતી ચાલ્યું છે. એમાં અમારે વળી 'કૈલાસચંદજી' બરાબર આવી ગયા. બેયે આગ્રહ કર્યો હશે. હિન્દી નથી ચાલતું, દસ લક્ષણી પર્વમાં. પેલા વીસ દિવસ ચાલે છે ત્યારે હિન્દીમાં ચાલે છે. હિન્દી ઘણા આવે છે ને. પણ આ તો પહેલીવાર હિન્દી ચાલે છે. આહાહા..!

અહીંયાં તો કહે છે, જેણે પોતાની સ્વસંવેદન વીતરાગ પર્યાય દ્વારા લોકાલોક પ્રકાશે એવું કાર્યસમયસાર પ્રગટ કર્યું, એનું નામ પરમાત્મા અને અરહિંત કહેવાય છે. વિશેષ કહેવાશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, ભાદરવા સુદ ૯, ગુરુવાર
## તા. ૨-૦૯-૧૯૭૬, ગાથા-૧૦૧, ૧૦૨ પ્રવચન નં. ૭૯

દસલક્ષણી પર્વનો પાંચમો દિવસ છે. શૌચ.. શૌચ. શૌચનો અર્થ છે પવિત્રતા. એનો અર્થ છે. ૯૪ ગાથા છે ને? '**જો પરસ્ત્રી તથા પરાયે ધન મેં ઈચ્છારહિત હૈ, કિસી ભી જીવ કો મારને કી જિનકી ભાવના નહીં હૈ ઔર જો અત્યંત દુર્ભેદ્ય લોભ, ક્રોધાદિ મલોં કા હરણ કરનેવાલા હૈ, ઐસા ચિત્ત હી શૌચધર્મ હૈ,...**' શું કહે છે? થોડી સૂક્ષ્મ વાત છે. પરસ્ત્રી એટલે ખરેખર તો રાગની પરિણતિ એ પરસ્ત્રી છે. શુભરાગ હો, અશુભરાગ તો એક કોર રહ્યો, શુભરાગ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ રાગ એ અશુદ્ધ પરિણતિ છે, તેનો સંગ કરવો એ પરસ્ત્રીનું સેવન છે. સમજાય છે કાંઈ? આમ તો પરસ્ત્રીનો બહારનો ત્યાગ તો અનંતવાર કર્યો. સમજાય છે કાંઈ? છે ને? સાત વ્યસન છે ને એમાં છે. સાત વ્યસન છે ને? 'સમયસાર નાટક'. એમાં લીધું છે ને? (સાધ્ય-સાધક દ્વાર, પદ-૨૯) શું કહેવાય ઈ? વ્યસન.. વ્યસન.

'**અશુભમેં હારિ શુભજીતિ યહૈ દૂત કર્મ**' જુગાર કોને કહે છે? જુગાર કહે છે? ભગવાન અહીંયાં જુગાર કોને કહે છે? કે અશુભ કર્મમાં હાર માનવી અને શુભમાં જીત માનવી એ જુગટું છે. 'સુમનભાઈ'! કાલે ગયા હતા ક્યાંય? ઠીક, ત્યાં તમારે ઓલો છે. સમજાય છે કાંઈ? 'બનારસીદાસે' ખુલાસો કર્યો છે. '**અશુભ કર્મના ઉદયમાં હાર અને શુભ કર્મના ઉદયમાં વિજય માનવો એ ભાવ જુગાર છે,...**' ભાવ સટ્ટો છે. આહાહા..! બહારના

સટ્ટાની ચીજ શું? સાધારણ છે. સમજાય છે કાંઈ? જુઓ! **'શરીરમાં લીન થવું એ ભાવ-માંસભક્ષણ છે,...'** ભગવાન આનંદસ્વરૂપમાં લીનતા છોડી, ભગવાન અતીન્દ્રિય આનંદમય પ્રભુ, એમાં લીનતા છોડી શરીરમાં લીનતા કરવી.. શેઠ! એ ભાવમાંસ છે. એ માંસ ખાનાર છે. શું કહે છે?

મુમુક્ષુ :- જુદો અર્થ કાઢ્યો.

ઉત્તર :- આ છે, અમારો નથી. 'સમયસાર નાટક'નો છે. 'બનારસીદાસ'. ૩૪૭ પૃષ્ઠ છે. અમે તો (સંવત) ૧૯૭૮ની સાલથી વાંચ્યું છે. ૧૯૭૮. આ 'સમયસાર નાટક'. ૨૨ ને ૩૨, ૫૪ વર્ષ થયા. અમે તો ત્યારથી આ વાંચીએ છીએ. અમે તો સંપ્રદાયમાં આ વાંચતા હતા. એમાં હતા ને? અહીંયા કહે છે, **'શરીરમાં લીન થવું એ ભાવ-માંસભક્ષણ છે, મિથ્યાત્વથી મૂર્છિત થઈને સ્વરૂપને ભૂલી જવું એ ભાવ-મદ્યપાન છે,...'** ઈ આવ્યું, જુઓ!

**અશુભમૈં હારિ શુભજીતિ યહૈ દૂત કર્મ,**
**દેહકી મગનતાઈ યહૈ માંસ ભખિયૌ.**
**મોહકી ગહલસૌં અજાન યહૈ સુરાપાન,**

આહાહા..! દારૂ પીધો. જેણે નિજ ભગવાન આનંદસ્વરૂપની દૃષ્ટિ છોડી.. આહાહા..! શુભભાવના પ્રેમમાં ઘેલો થઈ ગયો છે, ઘેલો, એ સુરાપાન-એણે દારૂ પીધો છે. સમજાય છે કાંઈ? એને શૌચધર્મ હોતો નથી. અહીં તો આ વાત આવી છે, ભાઈ! **'કુમતિકી રીતિ ગનિકાકૌ રસ ચખિયૌ.'** **'કુબુદ્ધિના રસ્તે ચાલવું એ ભાવ-વેશ્યાસેવન છે,...'** વિપરીત મતિ-રાગથી ધર્મ છે, પુણ્યથી ધર્મ છે.. સમજાય છે કાંઈ? એવી કુબુદ્ધિ ઉપર ચાલવું એ વેશ્યાનો સંગ છે.

મુમુક્ષુ :- ... આમ જ થાય છે.

ઉત્તર :- થાય છે એની તો વાત ચાલે છે. આ વાત તો એવી જ છે. આહાહા..! આ તો 'સમયસાર નાટક' 'બનારસીદાસે' બનાવ્યું છે.

**'કુબુદ્ધિના રસ્તે ચાલવું એ ભાવ-વેશ્યાસેવન છે,** આહાહા..! **ઔર કઠોર પરિણામ રાખીને પ્રાણોનો ઘાત કરવો એ ભાવ-શિકાર છે,...'** અંદર દ્વેષ કરીને પરનો ઘાત કરવો એ દ્વેષ એ શિકાર છે. આહાહા..! પોતાનો શિકાર-નિજ શાંતિનો એમાં શિકાર થાય છે. આહા..! રાગ અને દ્વેષના પરિણામમાં રુચિ અને પ્રેમ (એમાં) નિજ શાંતિનો શિકાર થાય છે. આવી વાત છે, ભાઈ! સમજાય છે કાંઈ? **'દેહાદિ પરવસ્તુમાં આત્મબુદ્ધિ રાખવી તે ભાવ-પરસ્ત્રીસંગ છે,...'** હમણાં કહ્યું ઈ. દેહ, રાગ, પુણ્યભાવમાં આત્મબુદ્ધિ રાખવી. આહાહા..! એ શુભભાવ ને દેહ ને સ્ત્રી આદિ પર પદાર્થ બધા, એ બધામાં આત્મબુદ્ધિ રાખવી એ ભાવ-સ્ત્રીસંગ છે. બહારની સ્ત્રીનો સંગ તો અનંતવાર છોડ્યો. એમાં શું થયું? સમજાય છે કાંઈ? આ પરસ્ત્રી જે આત્માની વિકાર પરિણતિ... આહાહા..! એમાં

આત્મબુદ્ધિ રાખવી. ભગવાન તો નિર્મળાનંદ પ્રભુ છે, એની બુદ્ધિ છોડી શુભાશુભ પરિણામ, જે મલિન છે એમાં આત્મબુદ્ધિ કરવી એ જ પરસ્ત્રીનું સેવન છે. આહાહા..!

મુમુક્ષુ :- વ્યભિચારીણિ બુદ્ધિ.

ઉત્તર :- વ્યભિચારીણિ બુદ્ધિ. લોકોને બહારની પડી છે, પણ અંતર ચીજ શું છે એની ખબર નથી. સમજાય છે કાંઈ? અહીંયાં એ કહે છે, જુઓ! ઓહો..!

**'અનુરાગપૂર્વક પર પદાર્થોનું ગ્રહણ કરવાની અભિલાષા તે ભાવ-ચોરી છે.'** આહાહા..! પ્રેમથી શુભભાવને ગ્રહણ કરવો એ ભાવ-ચોરી છે. આહાહા..! ભગવાન આનંદનો નાથ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘનને છોડી, આવા શુભરાગના ભાવમાં પોતાની બુદ્ધિ રાખવી અથવા પ્રેમ કરવો એ ભાવ-ચોરી છે. **'આ જ સાતે ભાવ-વ્યસન આત્મજ્ઞાનનું વિદારણ કરે છે...'** આ સાતે ભાવ-વ્યસન ભગવાન આત્મજ્ઞાન, સમ્યગ્દર્શનનું વિદારણ કરે છે, છેદે છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'ચીમનભાઈ'! આ આવું આવ્યું. આમાં સાધારણ પરસ્ત્રીનું લખ્યું છે એ તો સાધારણ વાત છે. આહા..!

પોતામાં શુભરાગનો ભાવ થાય, સમજાય છે કાંઈ? એ પણ હિંસા છે. આહાહા..! એમાંથી છૂટી વીતરાગી પર્યાય આત્માના આશ્રયે પ્રગટ કરવી એ અહિંસા ધર્મ છે. એ શૌચ છે, એ પવિત્રતા છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ એક બોલ થયો. એક ગાથા (થઈ). બીજી ગાથા. **'આચાર્ય કહતે હૈં કિ જિસ પ્રકાર અત્યંત ઘૃણિત મદ્ય (દારૂ) સે ભરા હુઆ ઘડા યદિ બહુત બાર શુદ્ધ જલ સે ધોયા ભી જાય તો વહ શુદ્ધ નહીં હો સકતા, ઉસી પ્રકાર જો મનુષ્ય, બાહ્ય મેં ગંગા-પુષ્કર આદિ...'** એ તો અન્યમતિના નામ લીધા. પણ આપણે શેત્રુંજય આદિ જાય અને શેત્રુંજી નદીમાં ન્હાય, એનાથી કોઈ પવિત્ર નથી થતું. આહાહા..! **'કિન્તુ ઉસકા અન્તઃકરણ નાના પ્રકાર કે ક્રોધાદિ કષાયોં સે મલીસમ (મલિન) હૈ...'** એમ શબ્દ છે એમાં? ભાઈ! છે ને મિથ્યાત્વાદિ? આમાં ક્રોધાદિ કષાય લખ્યું છે. પાઠમાં મિથ્યાત્વ છે. એ અર્થમાં થોડો ફેર છે. **'मिथ्यात्वादिमलिमसं'** એવો પાઠ છે. જેની બુદ્ધિ, દેહ મારો છે, પુણ્ય પરિણામ થાય છે એ મારા છે અને એનાથી મને લાભ થશે, એવા મિથ્યાત્વથી જેની બુદ્ધિ મલિન છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ અશૌચ છે. આહાહા..! પરમાં નિજ બુદ્ધિ છોડી નિજ સ્વભાવમાં બુદ્ધિ કરવી-સમ્યગ્દર્શન એ શૌચ છે. બાકી બધા શૌચ, અશૌચ છે. આહાહા..! સમજાય છે કાંઈ? મિથ્યાત્વાદિ મુખ્ય એ વસ્તુ લેવી છે.

આપણે 'પરમાત્મપ્રકાશ' ૧૦૧ છે ને? ૧૦૧ ગાથા છે. આહાહા..! **'યહ આત્મ-વસ્તુકા સ્વભાવ હૈ,...'** ૧૦૧ ગાથા, નીચેથી ત્રીજી પંક્તિ. **'યહ આત્મ-વસ્તુકા સ્વભાવ...'** શું? પોતાના આત્માનો, આહાહા..! શુદ્ધ ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદ પ્રભુ, એની દૃષ્ટિ કરી એમાં લીન થવું એ કારણસમયસારમાં લીન થયો. એનાથી કાર્યસમયસાર કેવળજ્ઞાનાદિ પ્રગટ થશે એ કાર્યસમયસાર છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભઈ, જૈનદર્શન સૂક્ષ્મ છે. લોકોને તો જૈનદર્શન મળ્યું નથી. અજૈન નામમાં જૈનપણું ધરાવ્યું છે. રાગમાં

પરથી લાભ છે (એ માન્યતા) અજૈનપણું છે. શુભરાગ જે દયા, દાન, વ્રત, ભક્તિથી ધર્મ થાય છે એવી માન્યતાવાળા જૈન નથી, અજૈન છે. સમજાય છે કાંઈ?

અહીંયાં એ કહે છે, આહાહા..! ભગવાનઆત્મા શુદ્ધ આનંદઘન પ્રભુનો અનુભવ કરવો. આહાહા..! એ ચૈતન્ય પવિત્રને અનુસરીને અનુભવ કરવો. 'અનુભવ રત્નચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ'. સમજાય છે કાંઈ? આહા..! મૂળ વાત વિના બધા થોથા ચાલે અને બધા જિંદગી ગુમાવે, ચાર ગતિમાં રખડે છે. આહાહા..! અહીંયાં તો કહે છે, પોતાનો જે કારણપરમાત્મા ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, એનો અનુભવ કરીને દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ કરે છે, સમ્યગ્દર્શન એ નિર્વિકલ્પ દશા (પ્રગટ કરે છે), તેને અહીંયાં કારણસમયસાર કહે છે. અને એ કારણસમયસારથી કાર્યસમયસાર-કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રગટ થાય છે, તેને કાર્યસમયસાર કહે છે. વાતે વાતે ફેર. પેલા કહે છે ને? 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે ને એક તાંબિયાના તેર.' એમ ભગવાન કહે છે, તારે ને મારે વાતે વાતે ફેર છે. સમજાય છે કાંઈ? 'પરમાત્મપ્રકાશ' છે, કદી જોયું નથી. 'કૈલાસચંદજી'! ઘરે છે કે નહિ? અમારી બેન પાસે તો હશે. એની પાસે તો હોય, એમાં શું? બેન પાસે છે ને? બા! આ 'પરમાત્મપ્રકાશ' લીધું? લીધું. આહાહા..! આ ચીજ તો શું છે! જૈનદર્શનના પ્રાણ.

ભગવાન પરમાત્મસ્વરૂપ જ છે એમ પરમાત્મપ્રકાશ કહે છે. તારી ચીજ જ પરમાત્મસ્વરૂપ છે. વિકલ્પ, રાગ, મનના સંબંધ વિનાની, કર્મ વિનાની ચીજ, તારું પરમાત્મસ્વરૂપ અનંતઆનંદ ને જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે. આહાહા..! એની અંતરમાં, એ પરમાત્મસ્વરૂપ જે અસલી ધ્રુવ કાયમને અહીંયાં કારણપરમાત્મા કહે છે. સમજાય છે કાંઈ? વાતે ફેર બહુ. એ કારણપરમાત્માની સન્મુખ થઈને સમ્યગ્દર્શન અંતરમાં જ્ઞાનનો અનુભવ કરી, જ્ઞાનની પ્રતીતિ (કરવી), પૂર્ણ જ્ઞાનસ્વરૂપ (છે) એવી અંતરમાં નિર્વિકલ્પ રાગ વિનાની પ્રતીતિ કરવી એનું નામ પ્રથમ તો સમ્યગ્દર્શન છે. આહાહા..! સમજાય છે કાંઈ? અને એ સમ્યગ્જ્ઞાન પછી, પૂર્ણાનંદ પ્રભુ સ્વરૂપ છે તેને સં નામ પોતાથી પ્રત્યક્ષ જ્ઞાનનું સંવેદન કરવું, રાગનું નહિ, જ્ઞાન, આનંદનું સંવેદન કરવું, એનું નામ સમ્યગ્જ્ઞાન છે. અને એ સ્વરૂપ ભગવાન પરમાત્મામાં અંતર લીન થવું, અતીન્દ્રિય આનંદનું ભોજન કરવું આહાહા..! (એ સમ્યક્ચારિત્ર છે). આહાહા..! આ ભોજન કરે છે ને? સવારે સાટા ને ફાટા ને.. સાટાને શું કહે છે તમારે? ખાજા. ખાજા કહે છે ને? આ ગળ્યા સાટા નથી આવતા? હમણાં ખાજા આવ્યા હતા. કો'ક લાવ્યું હતું. ખાજા કહે છે તમારે, નહિ? અહીંયાં સાટા કહે છે. આહાહા..! આ ખાજા તો ભગવાન આનંદનો નાથ એને ખા, એ ખાજા છે. સમજાય છે કાંઈ? અરેરે..! એ ક્યાંથી લાવે? ભાઈ! હજી વાત જ સાંભળવા ન મળે એ બિચારા ક્યાં જાય? અરે..!

પ્રભુ તો એમ કહે છે, એ કારણપરમાત્મા સચ્ચિદાનંદ પ્રભુ ધ્રુવ, એ કારણજીવ કહો, કારણપરમાત્મા કહો, ત્રિકાળી કારણસમયસાર કહો, એની સન્મુખનો અનુભવ, નિર્વિકલ્પ

રાગ વિનાની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ, એ પ્રગટ પર્યાયને કારણસમયસાર કહે છે. ત્રિકાળને કારણસમયસાર અને પ્રગટ પર્યાય જે થઈ, વીતરાગી સમ્યક્, વીતરાગી જ્ઞાન, વીતરાગી ચારિત્ર-સ્થિરતાને કારણસમયસાર કહે છે. અને એ કારણસમયસારનું ફળ અનંતજ્ઞાન, દર્શન, આનંદાદિ જે કાર્યસમયસાર ભગવાન થાય છે એ કાર્યસમયસાર છે. એ કારણસમયસારનું એ કાર્યસમયસાર ફળ છે. કોઈ વ્યવહાર દયા, દાન, વ્રતથી કાર્ય થાય છે એમ નથી. આ લોકોને એકાંત લાગે છે, પણ વસ્તુ સમ્યક્ એકાંત આવી છે. સમજાય છે કાંઈ? આહાહા..! મહાપ્રભુ ચૈતન્યરત્ન!

'જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જીવ સ્વભાવ રે,' 'જેમ નિર્મળતા..' કહે છે ને અહીંયાં? એ વસ્તુનો સ્વભાવ, જુઓ! **'યહ આત્મ-વસ્તુકા સ્વભાવ હૈ,...'** શું? 'જેમ નિર્મળતા રે સ્ફટિક તણી' સ્ફટિક રત્ન હોય છે ને? અમે તો આવડું સ્ફટિક રત્ન જોયું છે. 'જામનગર'માં. (સંવત) ૧૯૯૦ની સાલમાં. ૧૦૦મી ગાથા ચાલતી હતી. પછી ડૉક્ટર આવ્યા. 'પ્રાણજીવન' ડૉક્ટર. ડૉક્ટર છે, માસિક અઢી હજારનો પગાર, તે વખતે, હોં! આ તો ૧૯૯૦ની સાલની વાત છે. ત્યારે તો અમે સંપ્રદાયમાં હતા. પણ 'સમયસાર' વાંચતા હતા ને. તો એણે કહ્યું.

મુમુક્ષુ :- સ્ફટિક..

ઉત્તર :- આવડું સ્ફટિક બતાવ્યું. છ લાખ રૂપિયાનું તો એક સોલેરિયમ છે. સોલેરિયમ સમજ્યા? છ લાખ રૂપિયાનો સંચો છે. તે વખતના છ લાખ, હોં! અત્યારે તો વધી ગયા. છ લાખ રૂપિયાનું. સૂર્યનો તડકો આવે ને? તો એમાં તાંબાના હોય. ગુમડા થાય એને લગાવે તો મટી જાય. એવા છ લાખનો સોલેરિયમ છે. એ ડૉક્ટરે ૧૦૦મી ગાથા સાંભળી. 'સમયસાર'ની ૧૦૦મી ગાથા બહુ સૂક્ષ્મ છે. તો કહે, મહારાજ! તમે જોવા આવો, તમારે દૃષ્ટાંતમાં કામ આવશે. પછી અમે જોવા ગયા હતા. સમજાય છે કાંઈ? આપણે ૧૦૦ ગાથામાં આવ્યું ને? 'સમયસાર' નહિ? આ તો 'જામનગર'માં ચાલી હતી એની વાત છે. 'રાજકોટ'માં તો ૧૦૦ સુધી ચાલી હતી. ૧૯૯૦ની સાલ. ન્યાં ચાલી હતી. ત્યાંથી ત્યાં ગયા હતા. 'જામનગર'માં પણ ચાલી હતી. ૧૦૦માં તો ઘણો અધિકાર આવી ગયો છે. આહાહા..! શું છે?

આત્મામાં પ્રદેશોનું જે કંપન થાય છે અને જે રાગની ઇચ્છા વૃત્તિ ઉઠે છે, એ રાગ ને કંપનનો જે અજ્ઞાની કર્તા થાય છે તો પરના કાર્ય કાળે એ કંપન અને રાગને નિમિત્તકર્તા કહેવાય છે. વાતે વાતે ફેર. બધી ઊંધી વાતું. જેનો ઘડો... સમજો છો? આ ઘડો માટીનો. ઊંધો હોય તો એની ઉપર બધા ઊંધા રહે, એની ઉપર સીધો રહે નહિ. ઘડો સમજો છો કે નહિ? 'કૈલાસચંદજી'! આ માટીનો. નીચે મોં રાખે તો ઉપર આમ ન રહી શકે. ઊંધા ઉપર ઊંધા જ રહે. એમ જેની દૃષ્ટિ ઊંધી છે એના તર્ક આદિ શાસ્ત્રજ્ઞાન બધું ઊંધું છે. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીંયાં કહે છે, ત્યાં ૧૦૦મી ગાથામાં લીધું હતું. એ ડૉક્ટર વ્યાખ્યાનમાં આવ્યા હતા.

ત્યાં લઈ ગયા હતા. કહ્યું કે, જુઓ! ભગવાન! એકવાર વાત સાંભળો! સમજાય છે કાંઈ? ત્યારે તો હજી સંપ્રદાયમાં હતા, હોં! પછી (સંવત) ૧૯૯૧માં છૂટ્યો. કહ્યું, આત્મામાં જે રાગ થાય છે અને આત્માના પ્રદેશોનું કંપન થાય છે એ કંપન અને રાગ વિકાર છે. ચાહે તો શુભરાગ હો. તો એ રાગ અને કંપનનો જે અજ્ઞાની કર્તા થાય છે. કેમ? કે વસ્તુ પવિત્ર છે. અને અપવિત્રનો કર્તા થાય છે, અપવિત્ર ચીજ મારી છે એમ એણે માન્યું. આહાહા..! તો એ પુણ્ય અને પાપના ભાવ અથવા કંપનનો કર્તા અજ્ઞાની થાય છે. રાગનો શુભભાવ. એ પરની ક્રિયાકાળે એના જોગ અને રાગ નિમિત્તકર્તા કહેવાય છે. એનો કાર્યકાળ તો ત્યાં પરમાં થાય છે. પણ આ અજ્ઞાની આત્મા જોગ અને રાગને કરવાવાળાને નિમિત્તકર્તા કહેવાય છે. એ બપોરે ચાલે છે. બપોરે ઘણું આવશે. કાલે પણ ઘણું આવ્યું હતું. હજી આજે બહુ વિશેષ આવશે. આ તો વીતરાગનો માર્ગ છે, બાપા! સર્વજ્ઞ ત્રણલોકના નાથ. આ કંઈ સાધારણ આલીદુઆલી ચાલી નીકળ્યા એવો આ માર્ગ નથી.

અહીંયાં કહે છે કે જોગ અને રાગનું કર્તૃત્વ સમકિતીને-જ્ઞાનીને છૂટી જાય છે. સમજાય છે કાંઈ? ઈ ગાથા ત્યાં ચાલી હતી. કંપન અને ઈચ્છાનો કર્તા સમ્યગ્દૃષ્ટિ થતો નથી. કેમકે મારી વસ્તુ કંપન અને રાગથી ભિન્ન છે. એવી પવિત્રતાનું ભાન થવાથી સમ્યગ્દૃષ્ટિ રાગ અને કંપનનું કર્તૃત્વ અથવા પોતાપણું છૂટી જાય છે. તો એ પ્રાણીને પરના જે કાર્ય થાય છે એમાં એ જ્ઞાની નિમિત્તકર્તા પણ નથી. પણ જ્ઞાનીને તો એ ચીજ થાય છે અને રાગ થાય છે એ પોતાના જ્ઞાનસ્વભાવમાં જ્ઞાનનું ભાન થયું, એ સ્વપરપ્રકાશક જ્ઞાન થયું એમાં રાગ અને પરચીજ નિમિત્ત થાય છે. જ્ઞાનમાં નિમિત્ત થાય છે. આ બાજુ કોને ખબર આ શું વસ્તુ? એમ ને એમ બહારમાં લ્યો ધર્મ. આહાહા..! અહીં કહે છે,.. એ વખતે એ ગાથા ચાલતી હતી. (સંવત) ૧૯૯૦. ૪૨ વર્ષ થયા. ૪૨. અહીંયાં ૪૨મું ચોમાસુ ચાલે છે. પછી તરત (સંવત) ૧૯૯૧માં અમે અહીંયાં આવ્યા. ૧૯૯૧, ફાગણ વદ-૩. તમારી ચૈત્ર વદ-૩ અહીંયાં આવ્યા. ફાગણ વદ-૩ ૪૧ વર્ષ પૂરા થયા. આ ૪૨મું ચાલે છે. 'સોનગઢ'માં. આ તો આખું જંગલ હતું. આહાહા..!

મુમુક્ષુ :- જંગલમાં મંગલ થઈ ગયું.

ઉત્તર :- આહાહા..! આત્માને રાગસહિત માનવો એ જંગલ છે. રાગથી રહિત અનુભવ કરવો એ મંગલ છે. એય..! 'પદમચંદજી'! ભારે વાતું આવી, ભાઈ! ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, સત્ ચિદાનંદ, સત્-શાશ્વત, જ્ઞાન અને આનંદનો સાગર પ્રભુ. એને રાગ સહિત માનવો એ જંગલ-ખાલી આત્મા છે. આહાહા..! અને રાગથી રહિત ચિદાનંદ પ્રભુનો અનુભવ કરવો એ મંગલ છે. પંડિતજી! અહીં તો બધામાં અર્થ ફેર છે. વસ્તુ આવી છે. આહાહા..! અરે..! કોઈ દિ' દરકાર કરી નથી. પોતાની ચીજ અંદર શું છે એને જાણ્યા વિના કરો આ, આ કરો. કરીને મરી જાને. વ્રત કર્યા ને તપ કર્યા ને અપવાસ કર્યા. મરી ગયો. 'સમયસાર'માં લખ્યું છે, એ બધું કાયક્લેશ છે. સમજાય છે? 'નિર્જરા અધિકાર'માં. કાયક્લેશ, ખેદ છે એ તો. ભગવાન આનંદના નાથને જાણ્યો નહિ અને એ ક્રિયાકાંડના

રાગમાં મશગુલ થઈ ગયો, મૂઢ મિથ્યાદૃષ્ટિ કાયક્લેશ કરે છે. ચાર ગતિમાં રખડે છે. સમજાય છે કાંઈ? 'શ્રીપાલજી'! આવી વાતું છે, ભઈ! દુનિયાથી બહુ વિરૂદ્ધ છે. દુનિયા વિરૂદ્ધ છે તો વિરૂદ્ધથી વિરૂદ્ધ આ. આહાહા..! અહીંયાં ઈ કહ્યું, જુઓ!

'**દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવસે પ્રકાશતા હૈ.**' શું કહ્યું? પોતાની કારણસમયસાર જે વસ્તુ ત્રિકાળી છે, એમાંથી કારણસમયસારની પર્યાય પ્રગટ કરી એનાથી કાર્યસમયસાર કેવળજ્ઞાન પ્રગટ થાય છે. તો એ કેવળજ્ઞાન કેવું છે? '**કેવલજ્ઞાનસે નિજ ઔર પરકો સબ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવસે પ્રકાશતા હૈ. યહ આત્મ-વસ્તુકા સ્વભાવ હૈ,...**' આહાહા..! એ તો સર્વજ્ઞ સ્વભાવી ભગવાનઆત્મા છે. અરે..! ભાઈ! ઈ વાતું બેસવી કઠણ બહુ. ભગવાન તો જ્ઞાનસ્વરૂપી સર્વજ્ઞસ્વભાવી, એમાં એકાગ્ર થઈને મોક્ષમાર્ગ પ્રગટ કર્યો તો સર્વજ્ઞસ્વભાવની વ્યક્તતા કાર્યસમયસાર કેવળજ્ઞાન એ કાર્ય. સર્વજ્ઞસ્વભાવ શક્તિની વ્યક્તતા પૂર્ણ પ્રગટ થઈ જાય છે. એ વસ્તુનો સ્વભાવ છે, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! '**યહ આત્મ-વસ્તુકા સ્વભાવ હૈ,...**' એમ છે ને? આહાહા..! એક સમયમાં ત્રણકાળ ત્રણલોક દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જણાય છે એ તો વસ્તુનું સ્વરૂપ છે. સ્વરૂપ જે ત્રિકાળ સર્વજ્ઞસ્વભાવી હતું, ભગવાન તો સર્વજ્ઞસ્વરૂપી જ આત્મા અંદર છે. બધા આત્મા. સ્ત્રી, પુરુષનું લિંગ અને રાગાદિ આત્માના નહિ. એને કાઢી નાખી જુઓ તો પરમાત્મા શુદ્ધ ચિદાનંદમૂર્તિ ભગવાન છે. બહારથી ન જુઓ, શરીરને ન જુઓ, રાગને ન જુઓ. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયાં એ કહ્યું.. આહાહા..! ઈ શું કહે છે? પોતાનો સ્વભાવ સર્વજ્ઞસ્વરૂપી છે. ત્રિકાળ, હોં! એ સર્વજ્ઞસ્વભાવની અંતર રુચિ થાય, રાગથી પૃથક્ થઈને અને સ્વભાવમાં એકત્વ થઈને, રાગથી વિકલ્પથી પૃથક્ થઈને અને સ્વભાવથી એકત્વ થઈ, એ 'સમયસાર'ની પાંચમી ગાથા છે. એકત્વ-વિભક્ત. એ શબ્દ આવી ગયો. અંદર વિકલ્પથી ભિન્ન પડી અને સ્વભાવથી એકત્વ કરી જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ થાય છે એ કારણસમયસાર મોક્ષનો ઉપાય છે. વ્યવહાર જે આ દયા, દાન ને વ્રત, ભક્તિ-ફક્તિ એ કોઈ મોક્ષનો ઉપાય નથી, એ તો બંધનું કારણ છે. આરે..! આરે..! આટલી બધી વાતું લોકોને આકરી પડે. આહાહા..! ભાઈ! વીતરાગનો માર્ગ તો આ છે. ચાહે તો આજે બેસાડ, કાલે બેસાડ. આ વસ્તુ બેસે છૂટકો છે. આહાહા..!

'**ઈસમેં સંદેહ નહીં સમઝના.**' આહાહા..! શું કહે છે ઈ? કે પૂર્ણ કેવળજ્ઞાન એક સમયમાં ત્રણકાળ ત્રણલોક દેખે એવું દર્શન, એવું વીર્ય ને એવો આનંદ એ તો વસ્તુનો સ્વભાવ છે તો શક્તિમાં હતો એ પ્રગટ થઈ ગયો. એમાં સંદેહ કરવો નહિ. આહાહા..! હજી તો સમકિતમાં આ વાત કરે છે. સમજાય છે કાંઈ? '**ઈસ જગહ ઐસા સારાંશ હૈ, કિ જો કેવલજ્ઞાન, કેવલદર્શન, અનંતસુખ, અનંતવીર્યરૂપ, કાર્યસમયસાર હૈ,...**' કેવળજ્ઞાન એ કાર્યસમયસાર '**વહી આરાધને યોગ્ય હૈ.**' આહાહા..! સમજાય છે કાંઈ? શું કહ્યું ઈ? અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય જે ભગવાન પરમાત્માને પ્રગટ થાય છે

એ કાર્યસમયસાર. એ તારે આરાધવા યોગ્ય છે. સેવન કરવા લાયક ઈ છે. તો એનું સેવન કરવું અથવા ત્રિકાળી આત્માનું સેવન કરવું. એ પૂર્ણ આરાધન-ધ્યેયને પ્રગટ કરવા આનું સેવન કરવું. આહાહા..! શબ્દ કઠણ ભારે, ભાઈ! ત્રણલોકના નાથને ધ્યેય બનાવી અને જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ થાય છે એનું સાધ્ય કેવળજ્ઞાન છે. ધ્યેય ભગવાન છે, ત્રિકાળી નાથ પરમાત્મસ્વરૂપ નિજ ભગવાન એ ધ્યેય છે. સમ્યગ્દષ્ટિ-ધર્મીને એ ધ્યેય છે. અને ધ્યેયથી જે પર્યાય પ્રગટ થઈ એનું સાધ્ય શું? પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ કરવું એ એનું સાધ્ય છે. આહાહા..! ઘણો ફેર, બાપુ! ઘણો ફેર. જગતની સાથે ફેર બહુ છે, ભાઈ! આખી દુનિયાથી વીતરાગનો માર્ગ જુદો છે. અરે..! દુનિયાએ કંઈકનું કંઈક કલ્પી મનાવ્યું અને લોકો માનનારા બિચારાને ભાન ન મળે. જી હા.. જી હા... દીધે રાખ્યા. 'સુમનભાઈ'! આહાહા..! આ 'સુમનભાઈ' 'રામજીભાઈ'ના દીકરા છે, ઓળખો છો? માસિક આઠ હજારનો પગાર છે. એસો છે ને એસો? એમાં છે. હવે એચ.પી થઈ ગયા પછી હિન્દુસ્તાન (પેટ્રોલિયમમાં છે). ત્યાં આઠ હજારની મજૂરી કરે છે. માસિક આઠ હજાર. પચાસ વર્ષની નીચે ઉંમર છે. ૪૯-૪૮? ધૂળમાંય નથી. આહાહા..! પ્રભુની લક્ષ્મી તો દેખ, પ્રભુ! તારી અખૂટ લક્ષ્મી તારામાં પડી છે, નાથ! તને ખબર નથી. આહાહા..! જ્ઞાન અને આનંદરૂપી લક્ષ્મી પ્રભુ! તારામાં છે. શું કહીએ? આહાહા..! જેની શક્તિ અને જેના સ્વભાવ અપરિમિત નામ હદ નહિ. આહા..! મર્યાદા નહિ એવી તારી શક્તિ જ્ઞાન અને આનંદની અંદર પડી છે, પ્રભુ! આહાહા..! એનો સમ્યગ્દર્શન દ્વારા વિશ્વાસ લાવ. આહાહા..! અને વિશ્વાસનું જ્ઞાન કરી, સ્થિરતા કરી આગળ વધી કાર્યસમયસાર પ્રગટ કરવાનું છે એ તારું સાધ્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! **'યહી આરાધને યોગ્ય હૈ.'**

આ તો 'પરમાત્મપ્રકાશ' છે. 'કૈલાસચંદજી'! પહેલા ઘરે નહિ હોય? આ 'પરમાત્મપ્રકાશ' ઘરમાં નથી? આ નથી? આ 'પરમાત્મપ્રકાશ' નહિ હોય. અહીંયાં હમણાં આવ્યા છે. 'અગાસ'માં છપાયા છે. એક હજાર અહીંયાં લાવ્યા છે. અહીં શરૂ કર્યું ને તો અહીં તો છપાયા નથી. 'શ્રીમદ્ રાજચંદ્ર, અગાસ' ત્યાં બાર રૂપિયાની કિંમતે પડ્યા છે અને નવ રૂપિયે આપે છે. અહીંયાં છથી આપીએ છીએ. એણે બારના નવ લીધા. એક હજાર મગાવ્યા. હવે આપણે અહીં નવના છએ આપીએ છીએ. કોઈ રીતે સત્ય સમજે, ભાઈ! આ માર્ગ પ્રભુનો. ખ્રિસ્તી લોકોમાં એક રૂપિયાનો પુસ્તક ચાર પૈસે આપે. અને ખ્રિસ્તી કર્યા ને આ હરિજન ને કેટલાયને ખ્રિસ્તી બનાવ્યા છે ને હિન્દુસ્તાનમાં? આ તો પરમાત્માની વાણી, બાપુ! આહાહા..! એ સાહિત્ય જેમ બને તેમ કિંમત ઘટાડીને લોકોમાં પ્રચાર થાઓ. સમજાય છે કાંઈ? ઈ વાત છે. કહ્યું ને હમણાં?

આ મકાન જ્યારે થયું, છવીસ લાખનું થયું. એક માણસનો પત્ર આવ્યો. મહારાજ! મારી પાસે પાંત્રીસ તોલા સોનું છે. આપ લો અને 'સમયસાર'નું સોનાનું પૂંઠું બનાવો. 'કૈલાસચંદજી'! ના પાડી. ભાઈ! અહીંયાં હવે કાંઈ નહિ. આ થઈ ગયું ઈ થઈ ગયું. પાંત્રીસ તોલા સોનું. આપણે 'સમયસાર' છે ને? ચાંદીનું પૂંઠું તો છે, સોનાનું બનાવો. અરે..! હવે

રહેવા દો. હવે કોઈપણ પૈસાનો ખર્ચ કરવો હોય તો ચાંદી પણ લાવવી નહિ. એમ કહ્યું હતું. હમણાં સત્તર હજારનું આવ્યું ને? સમવસરણ. સત્તર હજાર–દસ અને સાત. ચાંદીનું આવ્યું ને? આવ્યું ત્યારે મેં સભામાં કહી દીધું, હવે કોઈએ ચાંદીનું અહીંયાં લાવવું નહિ. અહીંયાં નહિ રાખીએ. હવે પૈસા ખર્ચવા હોય તો શાસ્ત્રની કિંમત ઘટાડવામાં ખર્ચવા. 'કૈલાસચંદજી'! આમ ગમે ત્યાં નાખી દેવા એનું શું કામ છે? ભગવાનની વાણી લોકો સુણે, સાંભળે, વાંચે. આહાહા..! સમજાય છે કાંઈ? અહીં તો એની કિંમત છે, બાપા! આહા..! આ પણ લોકોને બનાવવું નહોતું. ત્રણ લાખનું બનાવવું હતું. અમે તો કોઈને કાંઈ કહ્યું જ નથી, હોં! દેરાસર કરો કે આ કરો, કોઈને કહ્યું નથી. એને વિચાર થયો કે મહારાજની ૮૦મી જન્મજયંતિ.. ઉપર કંઈક બનાવવું હોય તો લોકોનો વિચાર માંગ્યો. તો લોકો કહે, પરમાગમ બનાવો. ત્રણ લાખનું બનાવો. ત્રણ લાખનું બનાવવું હતું તો પાંચ લાખનો ફાળો થઈ ગયો. પાંચ લાખનો ફાળો થયો તો હવે દસ લાખનું બનાવો. દસ લાખને બદલે છવીસ લાખનું થઈ ગયું. જે બનવાનું હોય તેને કોણ કરે ને કોણ રચે? આહાહા..! સમજાય છે કાંઈ? હવે તો કોઈએ ચાંદીનું વાસણ કે ફોટા ફલાણું બનાવવું નહિ. અહીંયાં નહિ રાખીએ. એ ચીજ અહીં શું કામની? આ તો એક શાસ્ત્ર હતું, ભગવાનની વાણી (છે). અને મશીન આવ્યું છે 'ઇટાલી'થી. પહેલુંવહેલું આમનો દીકરો લાવ્યો. ગયો હતો. અહીં તો કોઈને કહ્યું નથી. પણ 'પોપટભાઈ'ના છ દીકરા છે ને. એક મોટો ગયો હતો. એની પાસે બે કરોડ રૂપિયા છે. એક ગયો હતો, મોટો દીકરો 'હસમુખ'. ૨૯૦૦૦નું ને? ૨૯૦૦૦નું મશીન આવ્યું. જોયું તમે? નહિ જોયું હોય. તમે જોજો. બાએ જોયું હશે. બા! જોયું? પેલું મશીન.. મશીન. જોયું છે? ૨૯૦૦૦નું આવ્યું છે અને ૧૯૦૦૦ના ટાઈપ આવ્યા છે અને ૨૦૦૦૦નો ખર્ચ થયો છે. ૬૯૦૦૦. સીત્તેરમાં એક ઓછો. હિન્દુસ્તાનમાં પહેલું છે. કોઈને આપતા નથી. પણ આમનો મોટો દીકરો ગયો. અમારે ત્યાં ધંધા માટે નથી જોઈતું, અમારે તો શાસ્ત્રની વાત છે. હિન્દુસ્તાનમાં પહેલીવાર આવ્યું છે. કોઈને આપતા નથી. પોણા ચાર લાખ અક્ષર એમાં બનાવ્યા છે. મશીનથી થયું છે. બીજે ઠેકાણે કોતરણી કરી છે અને આ તો મશીનથી બહુ સારું થયું છે. અને એટલું સાફ. અક્ષર કોતરવા જે 'મુંબઈ'થી આવ્યા હતા. સોનું ભરવા આવેલા. આ અક્ષર બન્યા કઈ રીતે? અમે તો કોઈ દિવસ જોયા નથી. કીધું, આ કોતરણ નથી, આ તો મશીનથી બન્યા છે. પહેલીવહેલી વાર આવ્યું, હિન્દુસ્તાનમાં પહેલીવાર (આવ્યું છે). સાત હજારના સોનાના અક્ષર કરતા હતા. ના પાડી. રહેવા દો, ભાઈ! અમે આ નાના ગામડામાં આવી ગયા છીએ. સાત હજાર અક્ષર સોનાના (કર્યા) પછી બંધ કરી દીધું. પંદર હજાર લખ્યા. બસ. ઉપર છે ને? પંદર હજાર. ઉપર એટલું રાખ્યું, બસ. ઉપર સોનાના છે ઈ. ઉપર છે ઈ સોનાના છે. સાંઈઠ હજાર કરવાના હતા. ના પાડી, રહેવા દો, બાપુ! અમે નાના ગામડામાં આવી ગયા છીએ. આ તો જંગલમાં આવી ગયા. પછી બંધ રાખ્યું. પંદર હજાર કરીને બંધ કરી દીધું. પછી આ રંગ કર્યો. એ તો બનવાને કાળે એને કારણે બને છે, કોણ બનાવે? આહાહા..!

મુમુક્ષુ :- 'પોપટભાઈ'...

ઉત્તર :- 'પોપટભાઈ'નું નામ કહ્યું. એમનો મોટો દીકરો છે, 'હસમુખ'. છ દીકરા છે. ધૂળ છે. આત્માનો રાગ નથી તો પરચીજ ક્યાંથી આવી? એ વાત તો અહીં ચાલે છે.

---

अथास्मिन्नेवार्थे पुनरपि व्यक्त्यर्थं दृष्टान्तमाह –

**१०२) तारायणु जलि बिंबियउ णिम्मलि दीसइ जेम।**
**अप्पए णिम्मलि बिंबियउ लोयालोउ वि तेम।।१०२।।**

**तारागणः जले बिम्बितः निर्मले दृश्यते यथा।**
**आत्मनि निर्मले बिम्बितं लोकालोकमपि तथा।।१०२।।**

**तारायणु जलि बिंबियउ** तारागणो जले बिम्बितः प्रतिफलितः। कथंभूते जले। **णिम्मलि दीसइ जेम** निर्मले दृश्यते यथा। दृार्ष्टान्तमाह। **अप्पए णिम्मलि बिंबियउ लोयालोउ वि तेम** आत्मनि निर्मले मिथ्यात्वरागादिविकल्पजालरहिते [1]बिम्बितं लोकालोकमपि तथा दृश्यत इति। अत्र विशेषव्याख्यानं यदेव पूर्वदृष्टान्तसूत्रे व्याख्यानमत्रापि तदेव ज्ञातव्यम्। कस्मात्। अयमपि तस्य दृष्टान्तस्य दृढीकरणार्थमिति सूत्रतात्पर्यार्थः।।१०२।।

---

आगे इसी अर्थको फिर भी खुलासा करनेके लिये दृष्टान्त देकर कहते हैं –

**गाथा – १०२**

अन्वयार्थ :– [ यथा ] जैसे [ तारागणः ] ताराओंका समूह [ निर्मले जले ] निर्मल जलमें [ बिम्बितः ] प्रतिबिम्बित हुआ [ दृश्यते ] प्रत्यक्ष दिखता है, [ तथा ] उसी तरह [ निर्मले आत्मनि ] मिथ्यात्व रागादि विकल्पोंसे रहित स्वच्छ आत्मामें [ लोकालोकं अपि ] समस्त लोक–अलोक भासते हैं।

भावार्थ :– इसका विशेष व्याख्यान जो पहले कहा था, वही यहाँ पर जानना अर्थात् जो सबका ज्ञाता द्रष्टा आत्मा है, वही उपादेय है। यह सूत्र भी पहले कथनको दृढ़ करनेवाला है ।।१०२।।

---

**હવે, ફરી આ જ અર્થને સ્પષ્ટ કરવા માટે દૃષ્ટાંત કહે છે :**

**ભાવાર્થ :- અહીં પૂર્વ દૃષ્ટાંતસૂત્રમાં જે વિશેષ વ્યાખ્યાન કહ્યું હતું તે જ વ્યાખ્યાન અહીં પણ જાણવું, કારણ કે આ સૂત્ર પણ તે દૃષ્ટાંતને દૃઢ કરવા અર્થે છે એવો સૂત્રનો તાત્પર્યાર્થ છે. ૧૦૨.**

## ગાથા-૧૦૨ ઉપર પ્રવચન

**'આગે ઈસી અર્થકો ફિર ભી ખુલાસા કરનેકે લિયે દૃષ્ટાંત દેકર કહતે હૈં–'** ૧૦૨.

**१०२) तारायणु जलि बिंबियउ णिम्मलि दीसइ जेम।**
**अप्पए णिम्मलि बिंबियउ लोयालोउ वि तेम।।१०२।।**

આહાહા..! જુઓ! દૃષ્ટાંત આપે છે. આહાહા..! 'પરમાત્મપ્રકાશ' તો...

**અન્વયાર્થ :- 'જૈસે તારાઓંકા સમૂહ નિર્મલ જલમેં પ્રતિબિંબિત હુઆ...'** શું કહે છે? રાત્રીનો સમય છે અને નદીના જળનો પ્રવાહ ચાલે છે. એમાં તારા અને ચંદ્ર દેખાય છે. એ તારા, ચંદ્ર નથી, એ તો પાણીની પર્યાય છે. જળની પર્યાય છે. ધ્યાન રાખજો, દૃષ્ટાંત દઈને શું સિદ્ધ કરે છે. આહાહા..! **'જૈસે તારાઓંકા સમૂહ...'** ૬૬૯૭૫ ક્રોડાક્રોડી તારા છે. આ તારા છે ને? તારા. એની સંખ્યા ભગવાને સિદ્ધાંતમાં એવી કહી છે, ૬૬૯૭૫ ક્રોડાક્રોડી તારા છે. એક ચંદ્ર, અઠ્યાવીસ નક્ષત્ર, અઠ્યાસી ગ્રહ, ૬૬૯૭૫ ક્રોડાક્રોડી તારા (છે). સૂર્ય વખતે ... ચંદ્ર વખતે રાત્રે દેખાય છે ને? એક ચંદ્ર, અઠ્યાવીસ નક્ષત્ર, અઠ્યાસી ગ્રહ, ૬૬૯૭૫ ક્રોડાક્રોડી તારા છે. અહીં દૃષ્ટાંત આપવું છે કે નિર્મળ જળમાં–સ્વચ્છ જળમાં રાત્રે જુએ તો એ તારાગણનું પ્રતિબિંબ નામ એ જળની પર્યાય દેખાય છે. તારા અંદર નથી. સમજાય છે કાંઈ? અંદર જે પ્રતિબિંબ દેખાય છે એ તો જળની પર્યાય છે. અરીસો છે ને? અરીસો. અહીંયાં વીંછી હોય કે કોલસો હોય, અંદર દેખાય. અંદર કોલસા અને વિંછી છે? એ તો અરીસાની અવસ્થા છે. અરીસામાં દેખાય ને? અરીસો, અરીસો. એ તો અરીસાની અવસ્થા છે. આહાહા..! એમ જળની અવસ્થા એવી છે કે આટલા ક્રોડો તારા હોય એના પ્રતિબિંબ પડે, જળની પર્યાય જળપણે થઈ છે. આહાહા..! એમ કેવળજ્ઞાનને બતાવશે. આહાહા..!

**'નિર્મલ જલમેં પ્રતિબિંબિત હુઆ...'** જોયું, પાછું નિર્મલ જળ. મલિન હોય તો અંદર પ્રતિબિંબ નથી પડતું. આહાહા..! **'પ્રત્યક્ષ દિખતા હૈ, ઉસી તરહ મિથ્યાત્વ રાગાદિ વિકલ્પોંસે રહિત સ્વચ્છ આત્મામેં...'** આહાહા..! રાગની એકતાનું મિથ્યાત્વ જેણે ટાળી નાખ્યું છે, આહાહા..! દયા, દાનના વિકલ્પથી પણ મારી ચીજ ભિન્ન છે એવું ભાન થયું છે, આહા..! મિથ્યાત્વનો નાશ થઈને. **'મિથ્યાત્વ રાગાદિ વિકલ્પોંસે રહિત સ્વચ્છ આત્મામેં સમસ્ત લોક–અલોક ભાસતે હૈં.'** જેમ જળની પર્યાયમાં એ ક્રોડાક્રોડી તારા નથી પણ એની પ્રતિબિંબની જળની પર્યાય ભાસે છે. એમ ભગવાનઆત્મા પોતાની જ્ઞાનની પર્યાયમાં લોકાલોક ભાસે છે એ લોકાલોક નથી, લોકાલોક સંબંધી પોતાની જે પર્યાય છે તેને જાણવાથી લોકાલોક દેખાય છે. આહાહા..! આ તો બાપા! પ્રભુનો માર્ગ, ભાઈ! ક્યાંય છે નહિ. સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનવરદેવ.. આહાહા..! જુઓ તો ખરા!

જળની સ્વચ્છતામાં જે તારાઓ દેખાય છે એ જળની સ્વચ્છતાની પર્યાય છે, તારા

નહિ. એમ ભગવાનઆત્મા કેવળજ્ઞાન પ્રગટ કરે છે, એ કેવળજ્ઞાનમાં લોકાલોક જે પ્રતિબિંબિત થાય છે એ લોકાલોક નથી, એ સંબંધી પોતાની નિર્મળ પર્યાય પ્રગટ થઈ એમાં દેખાય છે. જળને જોવાથી જેમ તારા દેખાય છે, તેમ જ્ઞાનની પૂર્ણ પર્યાયને જોવાથી અંદરમાં લોકાલોક દેખાય છે. આહાહા..! શું કહે છે? 'અમરચંદભાઈ'! આહાહા..! પ્રભુ! તું કેવડો મોટો છો, જો તો ખરો! ઓહોહો..! એવી કેવળજ્ઞાનની એક સમયની પર્યાય, જેમાં લોકાલોક જણાય છે, એ લોકાલોકને કારણે નહિ. પોતાની પર્યાયની તાકાત એટલી છે કે સ્વ અને પરને જાણવાની પરિણતિ થઈ ગઈ. આહાહા..!

આ ચર્ચા અમારે ઘણા વર્ષ પહેલા થઈ હતી. સંપ્રદાયમાં ચાલતી હતી ને અમારે. એક શેઠ કહેતા હતા કે લોકાલોક છે તો કેવળજ્ઞાન થયું. કીધું, બિલકુલ ખોટી વાત છે. કેવળજ્ઞાન તો પોતાની પર્યાયમાંથી થયું છે. એમાં લોકાલોક અને પોતાને જાણવાની પર્યાય પોતાથી થઈ છે. લોકાલોક છે તો થઈ છે એમ નથી. આ તો (સંવત) ૧૯૮૩ની સાલની વાત છે. અમારે તો પહેલેથી ચાલતી હતી ને અંદરની. ૧૯૮૩, કેટલા વર્ષ થયા? ૧૭ ને ૩૨, ૪૯. પચાસમાં એક ઓછો. શું કહે છે?

તારાઓ અને ચંદ્ર છે તેથી જળની પર્યાય ભાસે છે? એ તો જળની પર્યાયના સામર્થ્યથી એ રૂપે પરિણમન થયું છે. આહા..! બહુ સૂક્ષ્મ વાત, ભાઈ! સમજાય છે કાંઈ? અરીસામાં-અરીસામાં અગ્નિ.. અગ્નિ આમ હોય છે ને? તો શું અગ્નિ અંદરમાં છે? એ તો અરીસાની અવસ્થા છે. એ અરીસાની અવસ્થામાં અગ્નિનું પ્રતિબિંબ દેખાય છે. છે તો અરીસાની અવસ્થા. અને તે અવસ્થા પણ અગ્નિ છે તો આવી અવસ્થા થઈ છે એમ નથી. આહાહા..! અરીસાની પર્યાયની એટલી તાકાત છે કે પોતાથી અગ્નિની સંબંધીનું જ્ઞાન પ્રતિબિંબ અને પોતાની પર્યાય પ્રગટ કરે છે.

એમ અહીંયાં પરમાત્મા કહે છે.. જો તો ખરો નાથ! તારી તાકાત. જેમાં-તારી શક્તિમાં આવી કેવળજ્ઞાનની પર્યાય અનંતી પડી છે. એમાંથી કેવળજ્ઞાન પર્યાય જે લોકોલોકને જાણવાની પ્રગટ થાય છે, એ કેવળજ્ઞાનની પર્યાયમાં લોકાલોકનું પ્રતિબિંબ નામ ઝલક દેખાય છે. લોકાલોક અંદર નથી. આહાહા..! પર્યાયમાં સ્વપરપ્રકાશકના સામર્થ્યથી એટલી પરિણતિ થઈ છે. આહાહા..! આ તો બધું પાગલ કહે એવું છે. આહાહા..! આટલા સાત હાથમાં, શરીર સાત હાથનું છે, કેવળજ્ઞાન એટલામાં છે. દેહથી ભિન્ન કેવળજ્ઞાન અહીં થાય છે. એ કારણસમયસારના કારણથી કાર્યપરમાત્મા થયો, એ કાર્યપરમાત્માની પર્યાયની તાકાત કેટલી એ બતાવે છે. આહાહા..! પોતાની પર્યાય જે મોક્ષમાર્ગને કારણે પ્રગટ થઈ... આહાહા..! એ પર્યાયમાં પોતાનું ત્રિકાળી સ્વરૂપ જણાય છે. એ પર્યાયમાં પોતાનું દ્રવ્ય જણાય છે, પણ એ પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. શું કહ્યું? ભગવાન આ માર્ગ તો..

એક સમયની પર્યાયમાં દ્રવ્ય ત્રિકાળી વસ્તુ ભગવાન છે એનું જ્ઞાન થાય છે, પણ એ ચીજ નથી આવતી. ચીજ તો ચીજમાં રહે છે. 'સુમનભાઈ'! લોજીકથી તો કહેવાય છે પણ હવે શું થાય? એમ એક સમયની પર્યાયમાં લોકાલોક નથી આવતા, પણ લોકાલોક સંબંધી

જે પોતાનું જ્ઞાન પોતાથી પરિણત થયું છે તે આવે છે. આહાહા..! ગજબ વાત, પ્રભુ! તારી વાત તો દેખ. એક કાર્યસમયસાર કેવળજ્ઞાન પરમાત્મા જે છે, અરિહંત બિરાજે છે, અનંત સિદ્ધો બિરાજે છે, એ કાર્યસમયસાર, એક સમયની જ્ઞાનની એક ગુણની એક પર્યાય. આહાહા..! એવા તો અનંત ગુણ છે. એ એક સમયની પર્યાય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને કારણે જે પ્રગટ થઈ, એ તો એક સમયની પર્યાય પોતાનું દ્રવ્ય અને અનંત ગુણને જાણે છે, છતાં અનંત દ્રવ્ય અને ગુણ પર્યાયમાં આવતા નથી. એ પર્યાય લોકાલોક જાણે છે, છતાં લોકાલોક પર્યાયમાં આવતા નથી. આહાહા..! હવે આમાં તમારા રૂપિયા-કુપિયાની કાંઈ કિંમત ન મળે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ તો એને કારણે બન્યું. કોણ બનાવે? 'રામજીભાઈ'એ ધ્યાન રાખ્યું હતું. પણ ધ્યાન રાખ્યું માટે બન્યું? બહાર નીકળે ને પૂછે પાછા. સજ્જાયમાંથી. કોણે કર્યું? ધ્યાન તો રાખ્યું. 'વજુભાઈ'એ ધ્યાન રાખ્યું, પણ 'વજુભાઈ' કેટલીક વાર બે-બે મહિના બહાર જતા રહેતા. આ તો સદા અહીં જ હોય.

મુમુક્ષુ :- વજુભાઈ ધ્યાન રાખતા તે તો ઈજનેર હતા.

ઉત્તર :- પણ ઈજનેર ચાલ્યા જતા એના છોકરા પાસે કે કોઈ માટે. કોઈક માંદુ હતું. એવું એક-બે વાર સાંભળ્યું હતું. કહો, સમજાય છે કાંઈ? એ પરથી નથી બનતું અને એનું અહીંયાં જ્ઞાન થયું તો એ છે તો જ્ઞાન થયું એમ પણ નથી. આહાહા..! એ જ્ઞાનની પર્યાયના સામર્થ્યથી સ્વપરનું જ્ઞાન થયું છે. અરે..! વસ્તુની સ્થિતિ કેવી છે ઈ ખબર નથી, પ્રતીતિ થાય ક્યાંથી?

નવ તત્ત્વમાં મોક્ષતત્ત્વ છે. મોક્ષતત્ત્વ છે ને નવમાં? જીવ, અજીવ, પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. મોક્ષતત્ત્વ કેવળજ્ઞાન છે. મોક્ષ તો હજી કેવળજ્ઞાનની એક સમયની પર્યાયમાં કેટલી તાકાત છે અને કયા કારણે છે, એની મોક્ષતત્ત્વની ખબર ન હોય તો એને જીવતત્ત્વની ખબર ક્યાંથી હોય? કેમકે આવી મોક્ષતત્ત્વની પર્યાય તો અનંતી જીવમાં પડી છે. આહાહા..! સમજાય છે કાંઈ? કેવળજ્ઞાનમાં...

અહીં કહે છે કે જેમ જળની સ્વચ્છતામાં તારાઓ દેખાય છે એ તારા નથી, એ જળની સ્વચ્છ અવસ્થા છે. એમ ભગવાન જ્ઞાનની પર્યાયમાં એક સમયમાં સ્વદ્રવ્ય પૂર્ણ અને લોકાલોક જાણે છે, એ લોકાલોક અને દ્રવ્ય એમાં આવ્યું નહિ, પર્યાયની એટલી તાકાત છે. સ્વપરને વિકલ્પ વિના જાણે એવી પર્યાયની તાકાત છે. આહાહા..! મોક્ષતત્ત્વની પ્રતીતિ, નવ તત્ત્વની યથાર્થ પ્રતીતિ હોવી જોઈએ ને. એમ ને એમ માની લે, કેવળજ્ઞાન છે. ને ત્રણકાળને (જાણે છે) શું છે પણ ઈ? આહાહા..! ઈ અહીં દાખલો આપ્યો છે, જુઓને! 'પરમાત્મપ્રકાશ' 'યોગીન્દ્રદેવ'. લગભગ ૧૨૦૦-૧૩૦૦ (વર્ષ થઈ ગયા). ઈ.સ. ૬૦૦ કે એમ કાંઈક છે. આ કેટલામી ચાલે છે? ૧૯૦૦ ને? ૧૩ની સાલમાં લગભગ 'યોગીન્દ્રદેવ'

થયા. ઈ.સ. ૬૦૦. આ ૧૯૭૫ ચાલે છે ને? એમાં છે, અંદર લખ્યું છે. વાંચ્યું છે તો ખરું. 'યોગીન્દુ' ઈસાની છઠ્ઠી શતાબ્દીમાં થયા છે. પ્રસ્તાવનામાં છે.

મુમુક્ષુ :- આ વીસમી શતાબ્દી છે.

ઉત્તર :- આ વીસમી શતાબ્દી છે. એટલે ૧૪૦૦ વર્ષ થયા. એમાં છે. ૧૧૫ પાને છે. શરૂઆતમાં જુઓ! ૧૧૫ પાનું છે ને પ્રસ્તાવનાનું? પ્રસ્તાવનાનું ૧૧૫ પાનું. બીજો પેરેગ્રાફ. 'યોગીન્દુ'ના સમયની આરંભની અવધિ. બીજો પેરેગ્રાફ છે ને? ૧૧૫ પાને બીજો પેરેગ્રાફ. તેથી 'યોગીન્દુ' ઈસાની છઠ્ઠી સદીમાં થયા છે. છે? ૧૪૦૦ વર્ષ થયા. આહા..! અહીં તો બધું તૈયાર છે. આહા..! ભાઈએ હમણાં પ્રશ્ન કર્યો, કેટલા વર્ષ થયા? બરાબર ખબર નથી ૧૩૦૦ કે ૧૪૦૦. આહાહા..! 'યોગીન્દ્ર' દિગંબર મુનિ જંગલમાં વસનારા આનંદકંદમાં ઝુલનારા. અતીન્દ્રિય આનંદનો અનુભવ, પંચ મહાવ્રતના વિકલ્પના પણ જાણનારા, કરનારા નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એણે આ 'પરમાત્મપ્રકાશ' બનાવ્યું છે. તમે પૂછતા હતા ને? આ 'પરમાત્મપ્રકાશ' ઈ.સ. ૬૦૦ સાલ. લગભગ ૧૪૦૦ વર્ષ થયા. ભગવાન 'કુંદકુંદાચાર્ય'ને બે હજાર વર્ષ થયા. સંવત ૪૯. આહાહા..!

કહે છે, '**નિર્મલ જલમેં પ્રતિબિંબિત હુઆ પ્રત્યક્ષ દિખતા હૈ,...**' આહાહા..! '**ઉસી તરહ મિથ્યાત્વ રાગાદિ વિકલ્પોંસે રહિત....**' પુણ્યથી ધર્મ છે, નિમિત્તથી પરમાં કાર્ય થાય છે, એવી જે મિથ્યાભ્રાંતિ, તેનાથી રહિત થઈને. આહાહા..! સમ્યગ્દર્શન અને ચારિત્ર સહિત થઈને. એમ. મિથ્યાત્વ રહિત નામ સમ્યગ્દર્શન. રાગાદિ રહિત નામ સ્થિરતા. આહાહા..! ભ્રાંતિને છેદીને નિર્ભ્રાંત સમ્યગ્દર્શન પ્રગટ થયું. પૂર્ણાનંદનો નાથ હું છું, શુદ્ધ ચૈતન્ય જ્ઞાનજળ હું છું. હું કોઈનો કરનાર નથી ને હું રાગનો પણ કરનારો નથી. આહાહા..! એવો પોતાનો જે સ્વભાવ, ચૈતન્યમૂર્તિ પૂર્ણ શુદ્ધનું ભાન થયું, એની પ્રતીતિ થઈ, એમાં રમણતા થઈ એ ચારિત્ર. ચારિત્ર એ કોઈ પંચ મહાવ્રત અને નગ્ન દશા એ કોઈ ચારિત્ર નથી. આહાહા..!

ચરવું, રમવું, ઠરવું એનું નામ ચારિત્ર છે. જેમ પશુ ચરે છે ને? તો .. કે ઘાસ? પશુ ચરે છે ને? ઘાસ ચરે. એમ ભગવાનઆત્મા, ચરવું નામ અંદર આનંદનું ભોજન કરવું અંદરમાં એનું નામ ચારિત્ર છે. ઢોર જેમ ઘાસ ખાય છે, એમ ભગવાનઆત્મા આનંદસ્વરૂપનો અનુભવ અને જ્ઞાન થયું છે, પછી આનંદને ચરવું-આનંદને અનુભવવો, અતીન્દ્રિય આનંદને ભોગવવો એનું નામ ચારિત્ર કહેવામાં આવે છે. વ્યાખ્યા ફેર બધી, બાપા! એ.. શેઠ! એ બધો આમ ને આમ વખત ગાળ્યો. કોઈ દિ' કાંઈ ધ્યાને રાખ્યું નથી. પૈસા.. પૈસા ને આ ધૂળ ને ધમાહા. બહારનું ચાલતું. વ્રત કરો ને અપવાસ કરો ને આ કરો ને જાત્રા કરો. સમેદશીખરની જાત્રા કરો. એમાં શું હોય? એ તો શુભરાગ છે. દેહની ક્રિયા તો જડથી થાય છે. આહાહા..! પ્રભુ! એ તારો સ્વભાવ નહિ. તારો સ્વભાવ તો જ્ઞાન છે. એમ કહ્યું ને? જ્ઞાનસ્વભાવ પરિપૂર્ણ પ્રભુ પડ્યો છે, એનો અનુભવ, પ્રતીત, જ્ઞાન અને રમણતા કરી કાર્યસમયસાર જેણે પ્રગટ કર્યો, એવી એક સમયની પર્યાયમાં લોકાલોક અને પોતાનું દ્રવ્ય જણાય છે એવી પર્યાયની તાકાત છે. આહાહા..!

ભગવાન! એક સમયની એક ગુણની પર્યાયમાં એટલી તાકાત. એવી એવી અનંત ગુણની એક સમયની પર્યાયમાં તાકાત. એવી એવી અનંતી પર્યાય, ગુણમાં અનંતી પડી છે એની તાકાત અને અનંતા ગુણનું એકરૂપ દ્રવ્ય, એની તાકાત. આહાહા..! સમજાય છે કાંઈ? એ આખી તાકાતની પ્રતીતિ સમ્યગ્દર્શન કરે છે. અરે..! ભગવાન! બાપુ! તું કોણ છે, પ્રભુ! તને ખબર નથી. આહાહા..!

ઈ અહીં કહે છે. પરમાત્મપ્રકાશ પરમાત્મ શક્તિરૂપે તો તું પરમાત્મા જ છો. પણ પરમાત્માનું જ્ઞાન અનુભવ કરી જે પરમાત્મશક્તિમાંથી કેવળજ્ઞાન વ્યક્તિ પ્રગટ કરી, એનો એવો સ્વભાવ છે કે એક પર્યાયમાં લોકાલોક અને સ્વને જાણે છે. નિર્મળ જળને જોવાથી નિર્મળ જળની પર્યાય પણ જણાય છે અને પર્યાયમાં પડ્યું છે એ પણ જણાય છે. એમ પોતાની કેવળજ્ઞાનની પર્યાયમાં પર્યાયને જાણે છે એમાં લોકાલોક પ્રતિબિંબિત થયા અથવા લોકાલોક સંબંધી પોતાનું પરપ્રકાશક જ્ઞાન થયું તેને પણ જાણે છે. માર્ગ આવો છે, બાપા! આહાહા..! એ.. 'સુમનભાઈ'! હવે આવા આત્માને રાંક જેવો માનવો.. એક રાગ ને પૈસા મળ્યા ને બાયડી સારી મળી તો એમાં સુખ માનવું. અરે..! મૂઢ છો. માળા. તારી તાકાત તો જો. આહાહા..! સમજાય છે કાંઈ?

એક ચક્રવર્તીનું રાજ મળ્યું, પાંચ-પચાસ લાખ, કરોડ, બે કરોડ મળ્યા તો સુખી છે. ધૂળ છે. મૂઢ છે. સુખ તો તારી ચીજમાં છે કે સુખ બહારમાં છે? આહા..! સમજાય છે કાંઈ? સુખની કેટલી તાકાત છે! આહાહા..! અનંતા અનંતા ગુણો જે છે, એની કેટલી તાકાત છે! પ્રભુ! જેની એક સમયની પર્યાયમાં આટલી તાકાત વર્ણવી કે પર્યાયને જોવામાં લોકાલોક દેખે છે. જળની પર્યાયને જોવાથી અંદર તારા દેખાય છે. એમ પોતાની કેવળજ્ઞાન પર્યાય નિર્મળ થઈ એને દેખવાથી લોકાલોક જણાય જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? ગજબ કામ કર્યું છે! મુનિઓએ દિગંબર સંતોએ હાથમાં હથેળીમાં આમ બતાવી દીધો છે, જો! આ તારો પરમાત્મા. આહાહા..! સમજાય છે કાંઈ? પણ એને નવરાશ નહિ, ફૂરસદ નહિ. અને ફૂરસદ મળે તો બહારનું બીજું સાંભળવાનું મળે, આ કરો, આ કરો ને આ કરો. એમાં તત્ત્વ શું છે અને તત્ત્વનું સામર્થ્ય શું છે? એટલા સામર્થ્યની પ્રતીતિ કરવામાં પ્રતીતિનું સામર્થ્ય કેટલું! સમજાય છે કાંઈ? વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, ભાદરવા સુદ ૧૦, શુક્રવાર
## તા. ૦૩-૦૯-૧૯૭૬, ગાથા-૧૦૨, ૧૦૩ પ્રવચન નં. ૮૦

દસલક્ષણી પર્વનો છઠ્ઠો દિવસ છે. સંયમધર્મ. સંયમ કોને કહે છે ઈ વાત ચાલે છે. '**જિસકા ચિત્ત...**' સં એટલે સમ્યગ્દર્શન સહિત. જેને આત્માના આનંદનો અનુભવ થયો હોય, એમાં પ્રતીતિ જે સમ્યગ્દર્શન હો, એને સં કહેવાય છે. સં.. સં. હવે યમ. એ સં

ઉપરાંત અંતરમાં આનંદમાં લીન થવું, ઈન્દ્રિયોના વિષયોથી ખસીને, છ કાયની હિંસાથી ખસીને, અરે..! છ કાયની દયાના વિકલ્પથી પણ ખસીને અંતરમાં યમ-યમ એટલે લીન થવું. આહાહા..! સં-યમ. ત્રણ શબ્દ છે. સં એટલે સમ્યગ્દર્શન સહિત. જેને સમ્યગ્દર્શન અનુભવ નથી એના વ્રતાદિને સંયમ કહેવાતા નથી. ઝીણી વાત છે, ભાઈ! અનંત કાળમાં એક સેકંડ પણ સમ્યગ્દર્શન શું ચીજ છે એનો અનુભવ કર્યો નહિ. એ વિના બધું લીધું. નવમી ગ્રૈવેયક ગયો. દિગંબર સાધુ, અઠ્યાવીસ મૂળગુણ, હજારો રાણીનો ત્યાગ કર્યો, શુક્લલેશ્યા થઈ. શુક્લલેશ્યા, પણ આ રાગથી, વિકલ્પથી ભિન્ન ભગવાન, એ ક્રિયાકાંડમાં જે રાગ ઉત્પન્ન થાય છે તેનાથી ભિન્ન ભગવાનઆત્મા છે, એના આનંદના અનુભવ વિના એને સુખની પ્રાપ્તિ ન થઈ. સમજાય છે કાંઈ?

અહીંયાં એ કહે છે, સમ્યગ્દર્શન સહિત '**જિસકા ચિત્ત, જીવોં કી દયા સે ભીગા હુઆ હૈ...**' કોઈપણ એકેન્દ્રિય પ્રાણી જીવ, લીલોતરી અથવા પાણીના જીવ છે, એક બિંદુમાં અસંખ્ય (જીવ છે), લીલોતરી સમજ્યા? હરિકાય. એની કટકીમાં અસંખ્ય જીવ. એના માટે આહાર કર્યો હોય તો એ સાધુ લે નહિ, ત્રણકાળમાં પ્રાણ જાય તોય. સમજાય છે કાંઈ? એવી '**જીવોં કી દયા સે ભીગા હુઆ હૈ, જો ઈર્યા, ભાષા, એષણા આદિ પાંચ સમિતિયોં કા પાલન કરનેવાલા હૈ...**' જોઈને ચાલવું, સત્ય ભાષા સર્વજ્ઞ કહે છે એવી ભાષા, સત્ય બોલવું, એષણા-નિર્દોષ. એની માટે પાણીનું બિંદુ પણ બન્યું હોય તો લે નહિ. એવી એષણા સમિતિ. આહાર, પાણી, ભોજન ચોકા એને માટે બને એ પ્રાણ જાય તોય લે નહિ. એવી એષણા સમિતિ સમ્યગ્દર્શન સહિત. આહાહા..! સમજાય છે કાંઈ? '**ઐસે સાધુ કે જો ષટ્કાય કે જીવોં કી હિંસા તથા ઈન્દ્રિયોં કે વિષયોં કા ત્યાગ હૈ, ઉસી કો ગણધર આદિ દેવ સંયમધર્મ કહતે હૈં.**' આહાહા..! ગણધર સર્વજ્ઞના વજીર, દિવાન એને સંયમ કહે છે.

બીજી (ગાથા). '**આચાર્ય કહતે હૈં કિ પ્રથમ તો ઈસ સંસારરૂપી ગહન વન મેં ભ્રમણ કરતે હુએ પ્રાણીયોં કા મનુષ્ય હોના હી અત્યંત કઠિન હૈ,...**' અનંત કાળ મનુષ્યપણું મળવું કઠણ છે. '**કિન્તુ કિસી કારણ સે મનુષ્ય જન્મ પ્રાપ્ત ભી હો જાએ તો ઉત્તમ...**' જાતિમાં જન્મ થવો. બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય આદિ. એ મહા ઉત્તમ પુણ્યને કારણે (મળે છે). કઠણ છે, દુઃસાધ્ય છે. '**યદિ કિસી પ્રબલ દૈવયોગ સે ઉત્તમ જાતિ ભી મિલ જાએ તો અર્હંત ભગવાન કે વચનોં કા સુનના બડા દુર્લભ હૈ.**' સર્વજ્ઞ પરમેશ્વરની વાણી પોતાના આત્માનો આશ્રય કરાવનારી, આહા..! પરથી છોડાવનારી, એ વીતરાગની સાંભળવા મળવી પણ મહા કઠણ છે. એ પણ મળી, કહે છે. સાંભળવા મળી. આહાહા..! અધિક જીવન ન હોય તો શું? શરીરનું જીવન લાંબુ ન હોય. સાંભળવાનો કાળ રહે નહિ, સમજવાનો કાળ રહે નહિ. એ પણ મળ્યું, '**તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન કી પ્રાપ્તિ હોના અતિ કઠિન હૈ.**' આહાહા..! અરે..! એ તો મહા કઠણ, બાપુ! સમ્યગ્દર્શન કોને કહે! આહાહા..! સમજાય છે કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન નહિ. એ તો વિકલ્પ રાગ છે. નવ તત્ત્વની ભેદવાળી

શ્રદ્ધા પણ સમકિત નહિ. આહાહા..! ઝીણી વાત, ભાઈ! નવ તત્ત્વના ભેદનો અનુભવ કરવો એ તો મિથ્યાત્વ છે. 'મૂળચંદભાઈ'! આહાહા..!

એક આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ પ્રભુ, અનાકુળ શાંતરસથી ભરેલો ભગવાન, એનો અંતરમાં અનુભવ કરીને પ્રતીતિ થવી, એ અનંતકાળમાં નવમી ગ્રૈવેયક અનંતવાર સાધુ થઈને ગયો, દિગંબર સાધુ થઈને અનંતવાર ગયો, પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત ન કર્યું. આહાહા..!

મુમુક્ષુ :- શું કમી રહી ગઈ?

ઉત્તર :- કહ્યું ને, આ સમ્યગ્દર્શન ન થયું એ કમી. 'છ ઢાળા'નું સંભળાવ્યું નહિ? 'છ ઢાળા'માં. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આત્મજ્ઞાન ન કર્યું. વ્રત પાળ્યા, સંયમ લીધો, બધી બાહ્ય ક્રિયાકાંડ કરી પણ વાસ્તવિક જે આત્મજ્ઞાન છે (એ ન થયું). એ વિકલ્પથી, રાગની ક્રિયાથી પણ ભગવાન ભિન્ન છે. સમજાય છે કાંઈ? 'તારણસ્વામી' કહે છે ને? અપ્પા સો પરમ અપ્પા. એનું ક્યાં ભાન છે. આત્મા જ પરમાત્મા આનંદકંદ પ્રભુ છે. નિર્વિકલ્પ આનંદ. એનો અનુભવ કરવો, આનંદનું સેવન કરવું, એનું નામ સમ્યગ્દર્શન અને આત્મજ્ઞાન છે. આહાહા..! સમજાય છે કાંઈ? મુનિવ્રત અનંતવાર લીધું છે. નગ્ન દિગંબર (થયો છે). અત્યારે તો એવી ક્રિયા છે પણ નહિ. એવી ક્રિયા નવમી ગ્રૈવેયક ગયો ત્યારે (કરી છે). અંતિમ નવમી ગ્રૈવયક. શુભભાવથી ત્યાં ગયો. એવો શુભભાવ તો અત્યારે છે પણ નહિ. સમજાય છે કાંઈ? પંચ મહાવ્રત (પાળ્યા). ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે. એવી ક્રિયા (પાળી) પણ આત્મજ્ઞાન-રાગથી ભિન્ન મારી ચીજ છે (એમ) સ્વસન્મુખ ન થયો. સ્વસન્મુખથી વિમુખ થઈને એ ક્રિયાકાંડ કરી. આહાહા..!

મુમુક્ષુ :- આવો ઉપદેશ નહિ મળ્યો હોય.

ઉત્તર :- ઉપદેશ પણ મળ્યો હતો. ભગવાન પાસે અનંતવાર ગયો હતો. ભગવાન પાસે સાક્ષાત્ ત્રણલોકના નાથ તીર્થંકરદેવના સમવસરણમાં અનંતવાર પૂજા કરી. ભવે ભવે પૂજ્યો. 'પરમાત્મપ્રકાશ'માં આવે છે. સાક્ષાત્ ત્રણલોકના નાથ તીર્થંકરદેવ, એની સભામાં ગયો. મણિરત્નના દીવા, હીરાના થાળ, કલ્પવૃક્ષના ફૂલથી પૂજા કરી. તો શું થયું? એ તો શુભરાગ છે. સમજાય છે કાંઈ? એવું તો અનંતવાર કર્યું છે. ભગવાન સાક્ષાત્ ત્રણલોકના નાથ કેવળી પાસે ગયો. એમાં શું થયું? એની શ્રદ્ધા કરી. એ તો રાગ છે. ભગવાન છે એવી શ્રદ્ધા તો રાગ છે. આ ભગવાનઆત્મા રાગથી ભિન્ન, એની શ્રદ્ધા અનુભવ કરે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયાં ઈ કહે છે, જુઓ! '**સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન કી પ્રાપ્તિ હોના અતિ કઠિન હૈ.**' આહા..! આ 'પદ્મનંદી' આચાર્ય કહે છે. દિગંબર મુનિ હજાર વર્ષ પહેલા જંગલવાસી વનવાસી હતા. વનવાસી. '**યદિ કિસી પુણ્ય કે ઉદય સે અખંડ તથા નિર્મલ સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાન કી પ્રાપ્તિ ભી હો જાયે તો સંયમધર્મ કે બિના વે સ્વર્ગ તથા મોક્ષરૂપી ફલ કે દેનેવાલે નહીં હો સકતે.**' આહાહા..! પછી અંતર આનંદસ્વરૂપમાં રમણતા. સં-

સમ્યગ્દર્શનપૂર્વક.. આહાહા..! નિર્વિકલ્પ શાંતિમાં, આનંદમાં રમવું, અતીન્દ્રિય આનંદના ભોજન કરવા, એ સંયમ છે. આહાહા..! બધી વાત દુનિયાથી જુદી છે, ભગવાન! આહા..! જુઓ! એ લીધું. '**ઈસલિયે સંયમ સબસે અધિક પ્રશંસનીય હૈ, અતઃ સંયમિયોં કો ઐસે સંયમ કી અવશ્ય રક્ષા કરની ચાહિયે.**' લ્યો, એટલી વાત ચાલી. હવે 'પરમાત્મપ્રકાશ'. કેટલામી ગાથા હતી? ભાવાર્થ છે? ઠીક. ૧૦૨.

**ભાવાર્થ :-** '**ઈસકા વિશેષ વ્યાખ્યાન જો પહલે કહા થા, યહી યહાં પર જાનના અર્થાત્ જો સબકા જ્ઞાતા દૃષ્ટા આત્મા હૈ,...**' આહાહા..! એ તો રાગ થાય છે, દયા, દાન, વ્રત, ભક્તિનો, એનો પણ જ્ઞાતા દૃષ્ટા આત્મા છે. આહાહા..! એને આત્મા કહીએ. ક્રિયાકાંડનો રાગ છે એ મારો છે અને હું કર્તા છું, એ તો આત્મા નહિ. એ તો અનાત્મા મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! ઝીણી વાત, બાપુ! જગતથી જુદી વાત છે, ભાઈ! શું કરે? ભગવાનનો પોકાર તો અનાદિકાળથી ચાલ્યો આવે છે પણ એણે સાંભળ્યો જ નહિ. પોતાની દૃષ્ટિ રાખીને સત્ય વાત શું છે એ સાંભળ્યું નહિ.

અહીંયાં કહે છે કે, '**સબકા જ્ઞાતા દૃષ્ટા આત્મા હૈ...**' આહાહા..! '**વહી ઉપાદેય હૈ.**' છે? રાગ વિકલ્પથી, દયા, દાન, વ્રતાદિ વિકલ્પથી ભિન્ન, એવો જ્ઞાતા દૃષ્ટા ભગવાન, એ જ આત્માને-સમ્યગ્દૃષ્ટિને ઉપાદેય છે. ઉપાદેય નામ આદર કરવા લાયક, ગ્રહણ કરવા લાયક એ છે. આહાહા..! બાકી વ્રત, તપના વિકલ્પ છે એ પણ આસ્રવ છે. એ આદરણીય નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? ભાઈ! માર્ગ તો (આવો છે).

અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ બાહ્ય વસ્તુની સુંદરતામાં આકર્ષિત થઈ જાય છે, એમાં આત્માના આનંદનો ઘાત થાય છે. ભગવાન અતીન્દ્રિય આનંદ પ્રભુ, પોતાના આનંદની અર્પણતા છોડી, બાહ્યની અનુકૂળ સુંદર આકર્ષણવાળી ચીજમાં ઉલ્લસિત વીર્ય થઈને સુંદરતામાં ઘુસી જાય છે. આહાહા..! તો આત્માના આનંદનો અનાદર થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! સુંદર નાથ તો પોતે આત્મા છે. અતીન્દ્રિય આનંદનો નાથ સુંદર સ્વરૂપ પ્રભુ આત્મા છે. એની સુંદરતાની અનુભવદૃષ્ટિ છોડી બાહ્ય પદાર્થની સુંદરતામાં લોભાઈ જાય છે એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! 'પોપટભાઈ'! એવું જ કર્યું, બાપુ! આહાહા..! સોનાના દાગીના ને... આહાહા..! અરે..! 'મલૂકચંદભાઈ'! એ તમારા ગયા હતા ને? તમારા છોકરાના... શું કહેવાય ઈ? ઘડિયાળનું કારખાનું છે ને? 'મુંબઈ'. આ 'મલૂકચંદભાઈ'ના દીકરા પાંચ કરોડ રૂપિયા છે. શું કહેવાય એનું નામ? 'પુનમચંદ'. નામ ભૂલી જવાય છે. 'મુંબઈ'માં છે ને? એકવાર ઘડિયાળના કારખાનો લઈ ગયા હતા, મહારાજના પગલા થાય.

મુમુક્ષુ :- બંગલો છે...

ઉત્તર :- મોટો બંગલો છે, પાંચ કરોડ રૂપિયા છે. પાંચ કરોડ. આમનો દીકરો છે. બીજા નંબરનો, હોં! પહેલા નંબરનો છે એ સ્વીટ્ઝર્લૅન્ડમાં છે. એની પાસે ચાર કરોડ છે. આ 'મલૂકચંદભાઈ'ના બે દીકરા. પણ એના બાપને કાંઈ નહિ, હોં! પૈસાનો હક નહિ. 'મલૂકચંદભાઈ' પાસે થોડા, પાંચ-પચીસ હજાર. એની પાસે ક્યાં હતા? એ તો દીકરા

કમાયા છે. જુદા કરી દીધા પછી કમાયા તો એના પિતાજીનો હક નથી. અને જડનો હક કોનો છે? આહાહા..! અહીં તો કહે છે કે લોકો બહારમાં લલચાય જાય. ત્યાં એકવાર ગયા હતા. એ વાત કરી હતી. ઘડિયાળ.. ઘડિયાળ હોય છે. ઘડિયાળ ઉપર સોનાનો ગિલેટ દે છે. સોનું.. સોનું. એ કહેતા હતા. આપણે તો ત્યાં જોયું. એક દિવસમાં સો તોલા કે એટલા ઘડિયાળને સોનાના લેપ આપે છે. એક કિલો-બે શેર સોનું. એના છોકરાનું કારખાનું છે ને. અને ઈ કોણ છે? એનો સાળો છે? મામાનો દીકરો છે. એના મામાનો દીકરો છે. એ કામ કરે છે. મોટું કારખાનું છે. પણ આ ઘડિયાળ ઉપર સોનું દે છે એ એના મામાનો દીકરો છે. એક કિલો. એક દિવસમાં એક કિલો.

મુમુક્ષુ :- આવી વાત કરો તો..

ઉત્તર :- ધૂળમાંય નથી. મસાણના ખાતા છે બધા. સમજાય છે કાંઈ? એ દેખાડવા માટે સાથે સાથે આવે. આહાહા..! મોટા બે બે હજારના તો પગારદાર માણસ-નોકર હોય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જાય છે એ તો આ ભાઈનો દીકરો. 'પોપટભાઈ'ના. આ તો 'મલૂકચંદભાઈ'ના દીકરાની વાત છે. મોટા દીકરા પાસે ચાર કરોડ છે. સ્વીટઝર્લેન્ડ છે. દીકરો એકેય નથી. પણ હજી મમતા છોડતા નથી. અને બીજા નાના દીકરા પાસે પાંચ કરોડ છે. બે દીકરા પાસે નવ કરોડ છે. અને બીજા બે છે એની પાસે પાંચ-પાંચ, દસ લાખ છે. આની ભેગા રહે છે. ધૂળમાંય કાંઈ નથી. પ્રભુ! તું ક્યાં લલચાય ગયો?

તારી લક્ષ્મી અંદર અનંતજ્ઞાન, અનંતઆનંદ પડી છે. આહાહા..! જે વિકલ્પથી પાર છે, રાગથી પાર છે. મોટું નિધાન તારી પાસે છે. આહાહા..! એ નિધાનની તો કિંમત નહિ અને બહારના ધૂળની કિંમત. એ કહે છે કે, પરમાં અર્પાય જાય છે. પોતાના સ્વરૂપની દૃષ્ટિ એને છૂટી ગઈ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ કહ્યું હતું ને? એકવાર 'મુંબઈ' આહાર લેવા ગયા. એક આપણા છે ને? 'રસિકભાઈ'ના બનેવી. 'રાજકોટ'વાળા. સાંજે આહાર પાણી કરવા ગયા. પૈસા પાંચ કરોડ. બધે પગલા કરાવ્યા. એકલા મખમલ, આખા મકાનમાં પાથરેલા. સાડા પાંચ લાખનું તો એ ફર્નીચર કહેવાય તમારું. ઉકરડો! અને પાંચ કરોડ. સાંજે આહાર કરવા-ભોજન કરવા ગયેલા. આમંત્રણ આપેલું તો ગયા હતા. બધે પગલા કર્યા. ધૂળમાંય કાંઈ (નથી). એમાંથી નીકળવું કઠણ પડશે. આ સાહ્યબીમાંથી નીકળવું મહા મુશ્કેલ પડશે. આહાહા..!

ભગવાન તો એ સાહ્યબીથી ભિન્ન છે અને અંદર દયા, દાનના વિકલ્પથી પણ ભગવાન તો અંદર ભિન્ન છે. 'મૂલચંદભાઈ'! આહા..! પણ આ બધા છોકરાઓ 'અમેરીકા' જાય ને પાંચ-દસ હજાર (કમાય) તો ઓહોહો..! ત્યાં તો ભંગીને માસિક દસ હજાર મળે છે. અમેરીકામાં તો ભંગીને માસિક દસ હજાર મળે છે. આ વાણિયાના દીકરાને જાણે અમારે દસ હજારનો પગાર! હવે દસ શું ધૂળમાં છે. દસ હજારમાં કેટલા બચે? ત્યાંનો ભંગી મોટરમાં આવે. માસિક દસ હજારનો પગાર. અમેરીકામાં. સાંભળ્યું છે. તમે કોઈ ગયા છો કે નહિ?

અમે તો સાંભળ્યું છે. ભંગીને માસિક દસ હજારનો પગાર. અને આ કહે, અમારો દીકરો ગયો ને આઠ હજારનો પગાર છે, દસ હજારનો (પગાર છે). હવે ધૂળમાં શું છે? કહો, 'ચીમનભાઈ'! આહા..!

ભગવાન! તારી પાસે અંતર આનંદનું નિધાન પડ્યું છે. અતીન્દ્રિય આનંદ સુખનો પિંડ પ્રભુ છે. આહાહા..! એની દૃષ્ટિમાં આખી દુનિયા તરણા તુલ્ય છે. ઈન્દ્રના ઈન્દ્રાસન પણ સડેલા તરણા સમાન છે. આહા..! ઈન્દ્રની ઈન્દ્રાણીઓ કરોડોના ભોગ સડેલા કૂતરા અને મીંદડા જેવા સડેલા છે. નિજ આનંદની દૃષ્ટિની અપેક્ષાએ. આવા સમકિતને સમકિત કહેવાય છે. આહાહા..! પૂર્ણાનંદનો નાથ અતીન્દ્રિય આનંદથી ભરેલો હું છું, એમ અંતર્મુખ થઈને નિર્વિકલ્પ નામ રાગનો ભાવ છોડી વીતરાગી પર્યાયથી અનુભવ થવો એનું નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન કહેવાય છે. બાકી શાસ્ત્રજ્ઞાન ને લાખ જ્ઞાન એ જ્ઞાન નહિ, અજ્ઞાન છે. સમજાય છે કાંઈ? આહા..!

અહીંયાં ઈ કહે છે, જુઓ! '**સબકા જ્ઞાતા દૃષ્ટા આત્મા હૈ, વહી ઉપાદેય હૈ.**' આહાહા..! '**યહ સૂત્ર ભી પહલે કથનકો દૃઢ કરનેવાલા હૈ.**' ચાર બોલ આવ્યા હતા ને? હવે ૧૦૩.

---

**अथात्मा परश्च येनात्मना ज्ञानेन ज्ञायते तमात्मानं स्वसंवेदनज्ञानबलेन जानीहीति कथयति**

**१०३) अप्पु वि परु वि वियाणइ जें अप्पें मुणिएण।**
**सो णिय-अप्पा जाणि तुहुँ जोइय णाण-बलेण।।१०३।।**

**आत्मापि परः अपि विज्ञायते येन आत्मना विज्ञातेन।**
**तं निजात्मानं जानीहि त्वं योगिन् ज्ञानबलेन।।१०३।।**

**अप्पु वि परु वि वियाणियइ जें अप्पें मुणिएण आत्मापि परोऽपि विज्ञायते येन आत्मना विज्ञातेन सो णिय अप्पा जाणि तुहुं तं निजात्मानं जानीहि त्वम्। जोइय णाणबलेण हे योगिन्, केन कृत्वा जानीहि। ज्ञानबलेनेति। अयमत्रार्थः। वीतरागसदानन्दैकस्वभावेन येनात्मना ज्ञातेन स्वात्मा परोऽपि ज्ञायते तमात्मानं वीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानभावनासमुत्पन्न-परमानन्दसुखरसास्वादेन जानीहि तन्मयो भूत्वा सम्यगनुभवेति भावार्थः।।१०३।।**

---

**आगे जिस आत्माके जाननेसे निज और पर सब पदार्थ जाने जाते हैं, उसी आत्माको तू स्वसंवेदन ज्ञानके बलसे जान, ऐसा कहते हैं –**

**गाथा – १०३**

**अन्वयार्थ :– [ येन आत्मना विज्ञातेन ] जिस आत्माको जाननेसे [ आत्मा अपि ] आप और [ परः अपि ] पर सब पदार्थ ] विज्ञायते ] जाने जाते हैं, ] तं निजात्मानं ] उस अपने**

आत्माको [ योगिन् ] हे योगी [ त्वं ] तू [ ज्ञानबलेन ] आत्मज्ञानके बलसे [ जानीहि ] जान।

**भावार्थ :–** यहाँ पर यह है, कि रागादि विकल्प–जालसे रहित सदा आनंद स्वभाव जो निज आत्मा उसके जाननेसे निज और पर सब जाने जाते हैं, इसलिये हे योगी, हे ध्यानी, तू उस आत्माको वीतराग निर्विकल्पस्वसंवेदनज्ञानकी भावनासे उत्पन्न परमानंद सुखरसके आस्वादसे जान, अर्थात् तन्मयी होकर अनुभव कर। स्वसंवेदन ज्ञान (आपकर अपनेके अनुभव करना) ही सार है। ऐसा उपदेश श्री योगीन्द्रदेवने प्रभाकरभट्टको दिया।।१०३।।

---

**હવે, જે આત્માને જાણતાં સ્વ અને પર જણાય છે તે આત્માને તું સ્વસંવેદનરૂપ જ્ઞાનના બળ વડે જાણ, એમ કહે છે :**

**ભાવાર્થ :– વીતરાગ સદાનંદ જ જેનો એક સ્વભાવ છે એવા જે આત્માને જાણતાં, સ્વાત્મા અને પર પણ જણાય છે તે આત્માને વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ જ્ઞાનની ભાવનાથી ઉત્પન્ન પરમાનંદરૂપ સુખરસના આસ્વાદ વડે તું જાણ–તન્મય થઈને સમ્યગ્ અનુભવ એ ભાવાર્થ છે. ૧૦૩.**

---

## ગાથા-૧૦૩ ઉપર પ્રવચન

'**આગે જિસ આત્માકે જાનનેસે...**' આહા..! ભગવાન કોણ છે, બાપુ! તને ખબર નથી, ભાઈ! એ ચૈતન્યપ્રકાશનું નૂર સૂર્ય છે. એમાં વિકલ્પ, રાગ, દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ પણ એમાં નથી. એ તો ભિન્ન ચીજ છે. આહાહા..! સમજાય છે કાંઈ? છે? '**આત્માકો જાનનેસે આપ ઔર પર સબ પદાર્થ જાને જાતે હૈં,...**' જેને આત્મજ્ઞાન થયું તેને રાગ શું છે તેનું યથાર્થ જ્ઞાન થાય છે. સમજાય છે કાંઈ? જ્ઞાનીને પણ દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો રાગ આવે છે, પણ એ રાગ છે. તો એનું યથાર્થ જ્ઞાન કોને થાય છે? જેને આત્માના આનંદનું જ્ઞાન થાય તેને તેનું યથાર્થ જ્ઞાન હોય છે. આહાહા..! હું આનંદસ્વરૂપ છું અને વિકલ્પ ઉઠે છે એ દુઃખરૂપ છે. ચાહે તો શુભવિકલ્પ હો, સમજાય છે કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભરાગ પણ દુઃખરૂપ છે. ક્યાં એને ખબર છે એકેય ચીજની. સમજાય છે કાંઈ?

પોતાને જાણવાથી '**આપ ઔર પર સબ પદાર્થ જાને જાતે હૈં, ઉસ અપને આત્માકો...**' શું કહે છે, જુઓ! હવે. આહાહા..! '**હે યોગી! તૂ આત્મજ્ઞાનકે (સ્વસંવેદનજ્ઞાનકે) બલસે જાન.**' શાસ્ત્રથી નહિ. આહાહા..! ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એનું સ્વ નામ પોતાથી, જ્ઞાનની પર્યાયથી વેદન કરી જાણ. આહાહા..! એ શુભ વિકલ્પથી પણ જણાતો નથી. સમજાય છે કાંઈ? શું શબ્દ પડ્યા છે? પડ્યા છે? જુઓ! '**ઉસ અપને આત્માકો હે યોગી તૂ આત્મજ્ઞાનકે (સ્વસંવેદનજ્ઞાનકે) બલસે...**' રાગ ને વિકલ્પ ને

વ્યવહારના બળથી નહિ. આહાહા..! વાત એણે અનંતકાળમાં સાંભળી નથી અને રુચિ નથી. સાંભળી છે તો રુચિ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? પોતાની કિંમત શું છે એની ખબર નહિ. નિર્વિકલ્પ આનંદનો કંદ પ્રભુઆત્મા પરમાત્મ શક્તિનો પિંડ એ આત્મા (છે). આહાહા..! એમાંથી પરમાત્માની પર્યાય કેવળજ્ઞાનની ઉત્પન્ન થાય છે. એ પરમાત્માની પર્યાયનું કારણ કારણપરમાત્મા પોતાનો આત્મા છે. એનું કારણ વ્યવહાર વિકલ્પ પણ એનું કારણ નથી. આહાહા..! ભારે વાતું, બાપુ! કઠણ, ભાઈ! અનંતકાળ પરિભ્રમણ કરતાં કરતાં ગુમાવ્યો છે. આહા..! સમજાય છે કાંઈ?

એક જુવાન માણસ હતો ને? ગઈકાલે કહ્યું નહિ? ક્યું ગામ? 'અધાના'. જુવાન હતો, હોં! અહીંયાં બે-ચાર દિવસ સાંભળ્યું. પહેલા તો પ્રશ્ન કરતો હતો. કરતા કરતા જ્યાં બે-ચાર દિવસ સાંભળ્યું, ૩૫-૪૦ વર્ષનો હતો, રોવે રોવે રોવે.. મહારાજ મારી તો આખી જિંદગી નકામી ગઈ. અમે તો બહારની ક્રિયાકાંડમાં ધર્મ માનતા હતા. આ પુણ્ય કર્યા ને દયા પાળી ને વ્રત કર્યા. આહા..! અરેરે..! જિંદગી વ્યર્થ ગઈ, અવસ્થા થઈ ગઈ. સમજાય છે કાંઈ? આ ચીજ સાંભળવા મળતી નથી. સાંભળ્યા પછી એનો અનુભવ કરવો એ તો અલૌકિક વાત છે. 'મૂળચંદભાઈ'! ન્યાં અમેરીકામાં છે? અમેરીકામાં ગયા હતા ને. ત્યાં રોકાણા હતા, છોકરો છે. ધૂળેય નથી, બધા મજૂર છે ત્યાં. અમેરીકમાં શું છે ન્યાં? અબજોપતિ બિચારા દુઃખી છે ત્યાં. અધ્યાત્મને હવે શોધે છે. અધ્યાત્મનું હવે આ કાઢ્યું. શ્રી કૃષ્ણ હરે કૃષ્ણ.. હરે કૃષ્ણ હરે હરે. ઓલા બાવા થાય છે. પેલા કપડા પહેરે છે ને? 'મુંબઈ'માં જોયા ને? હિપ્પી. હરે કૃષ્ણ.. હરે કૃષ્ણ (બોલ્યા કરે). હરે કૃષ્ણમાં શું આવ્યું? હરિ કોણ ને કૃષ્ણ કોણ, એની તો ખબર નથી. મુંબઈમાં અમેરીકાથી ઘણા બાવા આવ્યા છે. ભાઈ! જોયા છે? ઝભ્ભા પહેરે છે ને? લાલ. અમે જોયા છે ને. 'મુંબઈ'માં તો જોયા છે. હરે કૃષ્ણ. કોણ હરિ કૃષ્ણ? બાપા! રાગ ને દ્વેષ ને અજ્ઞાનને હરે એ હરિ ભગવાનઆત્મા છે. અને કૃષ્ણ-કર્મ કૃશે એ કૃષ્ણ. અજ્ઞાન અને રાગને કૃષી નાખે-ખેડી નાખે એવો ભગવાન એ આત્મા કૃષ્ણ છે. સમજાય છે કાંઈ? એ ભક્તિ બહુ કરે. મુંઝાય જાય ને. પૈસાથી કાંઈ શાંતિ મળી નહિ. અબજોપતિ ને મોટા મોટા મકાન. ધૂળમાંય નથી. સમજાય છે કાંઈ?

અહીંયાં કહે છે કે પોતાના સ્વસંવેદજ્ઞાન બળથી જાણ. પાઠ છે ને? '**णाण-बलेण**'. જુઓ! ૧૦૩ છે. છેલ્લું ચોથું પદ છે. '**णाण-बलेण**'. જ્ઞાનસ્વરૂપ અંદર ભગવાન છે એને જ્ઞાનના વેદનના બળથી તેને જાણ. આહાહા..! હજી શું કહે છે એ સમજવું કઠણ પડે. '**જિસ આત્માકો જાનનેસે આપ ઔર પર સબ પદાર્થ જાને જાતે હૈં,...**' આહાહા..! પોતાનો ભગવાન જ્ઞાનસ્વરૂપી આનંદસ્વરૂપી જાણ્યો તો એને રાગાદિ વ્રત, ભક્તિ આદિના વિકલ્પ ઉઠે છે, એ દુઃખરૂપ છે એવું યથાર્થ જ્ઞાન એને થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'સુજાનમલજી'! આ ઘુંટણ છે. આહાહા..! પહેલીવાર ભણવા જાય ને? તો માસ્તર હાથ પકડીને એકડો ઘુંટાવે. કારણ કે બાળકને આવડે નહિ ને. એકડે એક એમ અહીંયાં એકડો ઘુંટાવે છે. એકડા વિનાના મીંડા એ બધી ધૂળ છે. આહા..! એકડા પછી મીંડુ લાગી

જાય તો નવ વધારી દે. એમ સ્વસંવેદનજ્ઞાન, શાસ્ત્રનું જ્ઞાન પણ નહિ, એ તો અનંતવાર કર્યું. અગિયાર અંગનું જ્ઞાન કર્યું, નવ પૂર્વનું જ્ઞાન કર્યું, લબ્ધિ (પ્રગટી), એમાં શું છે? એ તો અજ્ઞાન છે. આહા..! જેમાં જ્ઞાનનું જ્ઞાન ન હોય, જ્ઞાન શબ્દે આત્મા, ભગવાન જ્ઞાનસ્વરૂપીનું જ્ઞાન અંતર્મુખનું ન હોય તો શાસ્ત્રજ્ઞાન પણ અજ્ઞાન કહેવાય છે. સમજાય છે કાંઈ?

અહીંયાં કહે છે, '**આપ ઔર પર સબ પદાર્થ જાને જાતે હૈં,...**' ત્યારે જણાય છે, એમ કહે છે. આહાહા..! એ તો પહેલા કહ્યું હતું, 'કળશટીકા'માં. આ શાક છે ને? વ્યંજન. વ્યંજન અને મીઠું, મીઠું. મીઠું ખારું છે, વ્યંજન ખારું નથી. એનું યથાર્થ જ્ઞાન કોને થાય છે? જેને સ્વરૂપ જ્ઞાનાનંદનું ગ્રહણ છે, હું આનંદકંદ છું, એવું જ્ઞાન છે એને એનું જ્ઞાન થાય છે. એમાં 'કળશટીકા'માં આવ્યું છે. બતાવ્યું ને. 'કળશટીકા'. આહાહા..! પાણી ઠંડું છે અને અગ્નિ ગરમ છે, એવો ઠંડાપણાનો અને ઉષ્ણપણાનો ભેદ નિજસ્વરૂપગ્રાહી જ્ઞાનથી પ્રગટ જણાય છે. આહાહા..! આચાર્યોએ ગજબ કર્યો છે ને! આ ઠંડું છે અને આ ઊનું છે, એનું જ્ઞાન પણ, જેને આત્મા જ્ઞાનસ્વરૂપનો અનુભવ છે, સ્વરૂપનું જ્ઞાન થયું છે તેને જ પરનું યથાર્થ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..! બે ઠેકાણે લીધું છે, હોં! વ્યંજન અને ખારા લવણનો સ્વાદ, એનાથી વ્યંજન ખારું જણાય છે, એ છૂટ્યું. નિજ સ્વરૂપના જાણપણા દ્વારા પ્રગટ થાય છે. આાહાહા..! ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ જેના અનુભવમાં આવ્યો તો પોતાનું જ્ઞાન થયું. જ્ઞાનસ્વરૂપી હું તો જ્ઞાતા દૃષ્ટા ત્રિકાળ જ્ઞાયક છું. એવું અંતર્મુખ થઈને જ્ઞાન થયું તેને આ ખાટું છે, આ મીઠું છે, આ વ્યંજન, આ મોળું છે (એનું જ્ઞાન થાય છે). મોળાને શું કહે છે? ફીકા. શું કહેવાય? મીઠું ખારું છે. આ મીઠું ખારું છે, એ પરનું જ્ઞાન પણ યથાર્થ એને થાય છે કે જેને સ્વરૂપ જ્ઞાનાનંદનું ભાન હોય તેને પરનું યથાર્થ જ્ઞાન થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! જુઓને! આ 'કળશટીકા', 'રાજમલ'. એમાંથી 'સમયસાર નાટક' બનાવ્યું છે. 'બનારસીદાસે' આમાંથી-આ કળશમાંથી બનાવ્યું છે. આહાહા..!

અહીંયાં કહે છે, '**આત્માકો જાનનેસે આપ ઔર પર સબ પદાર્થ જાને જાતે હૈં,...**' આહાહા..! જ્યારે નિજ આનંદનું જ્ઞાન થયું તો રાગાદિ વિકલ્પ છે એ આસ્રવ છે, દયા, દાનના ભાવ પુણ્ય છે એવું જ્ઞાન જ્ઞાનીને યથાર્થ થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! '**ઉસ અપને આત્માકો હે યોગી તૂં...**' જુઓ! આવ્યું. '**ज्ञानबलेन ज्ञानबलेन**'. '**આત્મજ્ઞાનકે બલસે જાન.**' શાસ્ત્રજ્ઞાનથી નહિ, પરથી નહિ, ગુરુથી નહિ, દેવથી નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? દિવ્યધ્વનિ દ્વારા પણ આત્મા જણાતો નથી. ગુરુની વાણીથી પણ આત્મા જણાતો નથી. ઈ પહેલા આવી ગયું છે. ૨૩ ગાથા. ૨૩ ને? ૨૩ ગાથામાં આવી ગયું છે. 'પરમાત્મપ્રકાશ' ૨૩ ગાથા. બે અને ત્રણ. આગમ જે વીતરાગની વાણી, વેદ-ભગવાનના શાસ્ત્ર, દિવ્યધ્વનિથી પણ આત્મા જણાતો નથી. એ પહેલા આવી ગયું છે. ૨૩ છે ને? ૨૩માં છે. ઈ આવ્યું.

'**वेदै**' '**केवलीकी दिव्यवाणीसे महामुनियोंके वचनोंसे तथा ईन्द्रिय और मनसे भी शुद्धात्मा जाना नहीं जाता है,...**' આહાહા..! ૨૩ ગાથા છે. અહીંયાં તો આપણે ૧૦૩ ચાલે છે. આહા..! વેદ શાસ્ત્ર. વેદ એટલે અન્યમતિના વેદ નહિ, હોં! વીતરાગની વાણીને અહીં વેદ કહે છે. ત્રણલોકના નાથની દિવ્યધ્વનિ અને શાસ્ત્ર-મુનિઓએ બનાવેલા શાસ્ત્ર, દિગંબર સંતોએ, એનાથી પણ આત્મા જણાતો નથી અને ઈન્દ્રિય અને મનથી પણ જણાતો નથી. એ તો પોતાના સ્વસંવેદનજ્ઞાનથી જણાય છે. આહાહા..! છે? છે ને?

'**ज्ञानबलेन**' '**तूं आत्मज्ञानके बलसे जान.**' આહા..! ગજબ વાત કરે છે. અંતર્મુખ દૃષ્ટિ કરી આત્મજ્ઞાનના બળથી તું આત્માને જાણ. એ વ્યવહારના વિકલ્પથી પણ જણાતો નથી, દેવ-ગુરુ-શાસ્ત્રથી પણ આત્મા જણાતો નથી. કેમકે એ પરદ્રવ્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? અને પરદ્રવ્યની શ્રદ્ધા રાગ છે તેનાથી પણ જણાતો નથી. દેવ-ગુરુ અને શાસ્ત્ર સાચા છે, ત્રણલોકના નાથ કેવળી અને ગુરુ નિર્ગ્રંથ મુનિ સંત આત્માના આનંદના અનુભવી, એમને માનવા એ પણ રાગ છે, વિકલ્પ છે, પરદ્રવ્ય છે. એ તરફનું માનવું એ રાગ છે. એ રાગથી પણ જણાતો નથી. આહા..! આવી વાત ભારે, પ્રભુ! શું કરે? ભગવાનનો ધ્વનિ તો આ છે. મહાવિદેહમાં પરમાત્મા બિરાજે છે. ત્યાં ભગવાન પાસે તો 'કુંદકુંદાચાર્ય' ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. સમજાય છે કાંઈ? ત્યાં હમણાં 'દિલ્લી'માં કપોળકલ્પિત વાત છે એમ આવ્યું છે. છાપામાં આવ્યું છે. 'વિદ્યાનંદજી' કહે છે, 'કુંદકુંદાચાર્ય' મહાવિદેહમાં ગયા એ બધી વાત કપોળકલ્પિત છે. અરે..! ભગવાન! અરે..! પ્રભુ! શું કરે છે? આહાહા..! સમજાય છે કાંઈ? 'પંચાસ્તિકાય'માં આવ્યું છે. જવાબ આપ્યો છે. 'હિતૈષી' છે ને કોઈ? 'દિલ્હી'. પત્ર છાપે છે ને? ''પ્રકાશચંદ્ર હિતૈષી'' 'સન્મતિ સંદેશ'માં જવાબ આવ્યો છે. શાસ્ત્રનો આધાર છે. 'પંચાસ્તિકાય'ની 'જયસેનાચાર્યદેવ'ની સંસ્કૃત ટીકામાં છે કે ભગવાન 'કુંદકુંદાચાર્ય' પ્રભુ પાસે ગયા હતા, ત્યાંથી આવીને આ બનાવ્યું. 'શિવકુમાર' માટે બનાવ્યું. એવો પાઠ છે.

મુમુક્ષુ :- 'દેવસેનાચાર્ય'માં પણ છે.

ઉત્તર :- 'દેવસેનાચાર્ય' તો કહે છે પણ એ તો હજી વાંચ્યું ન હોય ને. 'દેવસેનાચાર્ય' નું એક 'દર્શનસાર' પુસ્તક છે. અમે તો બધું જોયું છે, હજારો શાસ્ત્ર જોયા છે. એમાં પાઠ છે કે હે ભગવાન! 'દેવસેનાચાર્ય' દિગંબર સંત અનુભવી આનંદના સ્વાદી, એ કહે છે કે હે પ્રભુ! 'કુંદકુંદાચાર્ય'! આપ જો મહાવિદેહમાં ન ગયા હોત અને ત્યાંથી આ વાત ન લાવ્યા હોત તો અમે ધર્મ કઈ રીતે પામત? આપણે એમાં-'સમયસાર'માં નાખ્યું છે. પ્રથમ ગાથા નાખી. આહાહા..! 'દેવસેનાચાર્ય', જે આત્મજ્ઞાની અનુભવી આનંદમાં ઝુલનારા ભાવલિંગી સાધુ આચાર્ય હતા. એ કહે છે. છે ને અહીંયાં?

**जइ पउमणंदिणाहो सीमंधरसामिदिव्वणाणेण।**
**ण विवोहइ तो समणा कहं सुमग्गं पयाणंति।।**

'દેવસેનાચાર્ય' પોતાના 'દર્શનસાર' નામના ગ્રંથમાં કહે છે. '(**મહાવિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકરદેવ**) **શ્રી સીમંધરસ્વામી પાસેથી મળેલા દિવ્ય જ્ઞાન વડે શ્રી પદ્મનંદિનાથે...**' 'પદ્મનંદિ' નામ છે ને? 'કુંદકુંદાચાર્ય'નું 'પદ્મનંદિ' નામ છે. પાંચ નામ છે. '(**શ્રી કુંદકુંદાચાર્યદેવે**') **બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત?**' આહાહા..! આચાર્ય કહે છે. 'દેવસેનાચાર્ય', 'દર્શનસાર' પુસ્તકમાં. આહાહા..!

મુમુક્ષુ :- આચાર્ય મહારાજની ભૂલ થઈ હશે. મહારાજ.

ઉત્તર :- આ કહે છે. એને ખબર નહિ ને. મહાવિદેહમાં ગયા હતા એ કપોળકલ્પિત છે. એ છાપામાં આવ્યું હતું. 'વિદ્યાનંદજી' ત્યાં 'દિલ્હી'માં છે ને. મહાવિદેહમાં ગયા હતા અને 'સીમંધર' ભગવાનના દર્શન કર્યા ને આવ્યા ને શાસ્ત્ર બનાવ્યા, એ બધું કપોળકલ્પિત છે. અરે..! ભગવાન! આ તો સાક્ષાત્ પરમાત્મા પાસે ગયા હતા, આઠ દિવસ ત્યાં રહ્યા હતા, શ્રુતકેવળીઓ પાસે ચર્ચા કરી, ભગવાનની વાણી તો સાંભળી. ભગવાન સાથે તો ચર્ચા થાય નહિ. એ તો કેવળી છે. વાણી નીકળે ત્યારે સાંભળે. પણ સાંભળીને આઠ દિવસ શ્રુતકેવળીઓ સંતો પાસે ચર્ચા કરી. પછી અહીં આવીને આ શાસ્ત્ર બનાવ્યા. આહાહા..! સમજાય છે કાંઈ? '**મુનિજનો સાચા માર્ગને કેમ જાણત?**' આહાહા..! બીજો એક ઉલ્લેખ જુઓ, જેમાં 'કુંદકુંદાચાર્યદેવ'ને કળિકાળ સર્વજ્ઞ કહ્યા. ષટ્પાહુડની સંસ્કૃત ટીકા પૂરી થયા પછી છેલ્લે આ શબ્દો પડ્યા છે. ષટ્ પાહુડમાં છે. અહીં બધા શાસ્ત્ર છે. કળિકાળ સર્વજ્ઞ કહ્યા છે. પાંચ નામ વિરાજીત ચાર આંગળ ઉપર આકાશગમન કરવાની જેની ઋદ્ધિ હતી. પૂર્વ વિદેહમાં જઈને 'સીમંધર' ભગવાનને વંદન કર્યા હતા. જેમની પાસેથી લીધેલ શ્રુતજ્ઞાન દ્વારા જેમણે ભારતવર્ષના ભવ્યજીવોને પ્રતિબોધ કર્યો છે. એવા 'જિનચંદ્રસૂરિ' ભટ્ટારકના પટના આભરણરૂપ કળિકાળ સર્વજ્ઞ આચાર્યદેવ, તેઓ દ્વારા રચિત અષ્ટ પ્રાભૃત છે. આઠ પ્રાભૃત છે ને. અહીંયાં પ્રાભૃત છે ને, ઈ છે. આ 'નિયમસાર' છે, 'ષટ્ પ્રાભૃત' અષ્ટ પ્રાભૃત છે. 'પંચાસ્તિકાય' છે, ઈ 'પ્રવચનસાર' છે. આહાહા..!

'કુંદકુંદાચાર્ય' તો ત્રીજે નંબરે આવ્યા ને! મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો. ત્રીજે નંબરે આવ્યા. પહેલે નંબરે ભગવાન, બીજે નંબરે ગૌતમ, ત્રીજે નંબરે 'કુંદકુંદાચાર્ય'. અને જૈનધર્મોસ્તુ મંગલં. આહાહા..! એની આ વાણી છે. આ 'પરમાત્મપ્રકાશ'માં 'કુંદકુંદાચાર્ય'ની છાપ ઘણી છે. પહેલા લેખ છે. 'કુંદકુંદાચાર્ય'નું અનુસરણ તો ઘણા આચાર્યોએ કર્યું છે. સાક્ષાત્ ભગવાન 'કુંદકુંદાચાર્ય' આનંદના નાથ, જેમના અનુભવમાં.. એમ કહે છે, અમારા અનુભવના વૈભવમાં આનંદની મહોરછાપ છે. 'સમયસાર' પાંચમી ગાથામાં છે. અમારો જે આનંદનો અનુભવ છે, અમારી પાસે મોક્ષનો માર્ગ છે, એની મહોરછાપ. આ પોસ્ટમાં નથી કરતા? મારતા હતા ને. એમ અમારા અનુભવની મહોરછાપ શું છે? અતીન્દ્રિય આનંદ છે. આહાહા..! આનંદમુદ્રા અમારી છાપ અમારી પાસે છે. આહા..! અમે દુઃખવાળા છીએ ને વિકલ્પવાળા છીએ એમ નહિ.

આહાહા..! સમજાય છે કાંઈ? એ પાંચમી ગાથામાં છે. આ 'સમયસાર'ની પાંચમી ગાથા છે ને.

કહે છે, અમારો અંતર વૈભવ શું છે? એ વૈભવથી અમે શાસ્ત્ર કહીશું. '**નિરંતર ઝરતો...**' જેમ પર્વતમાંથી પાણી ઝરે, એમ અમારો આત્મા નિરંતર આનંદથી અંદરથી ઝરે છે. આહાહા..! એ અમારું મુનિપણું છે, એ અમારો વૈભવ છે. પંચ મહાવ્રત ને વિકલ્પ, નગ્નપણું એ કંઈ અમારું મુનિપણું નથી. આહાહા..! છે? '**નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો, સુંદર જે આનંદ...**' સુંદર આનંદ, અતીન્દ્રિય આનંદ, જેમાં ઇન્દ્રના આનંદ પણ ઝેર જેવા છે. અતીન્દ્રિય આનંદપ્રભુ વિકલ્પથી, રાગથી, વ્યવહારથી રહિત અંદર. અમારી મહોરછાપ આનંદ છે, તેની મુદ્રાથી યુક્ત. સંસ્કૃત છે. મુદ્રા-મહોરછાપ છે અમારી. સમજાય છે કાંઈ? ઈ ચાલે છે ને? મહોર મારે છે ને? એમ અમારા વૈભવની મહોરછાપ આનંદની અમારી પાસે છે. આહાહા..! આ મુનિપણું.

'**પ્રચુરસંવેદનસ્વરૂપ,...**' એમ કેમ કહ્યું? ચોથે સમકિતમાં થોડો આનંદ તો આવે છે અને મુનિને પ્રચુર સ્વસંવેદન હોય છે માટે પ્રચુર શબ્દ વાપર્યો. સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણસ્થાને આત્માનુભવી હોય છે એને પણ આનંદનો સ્વાદ તો થોડા આવે જ છે, એ વિના સમ્યગ્દર્શન હોય નહિ, આ તો કહે છે, અમે તો મુનિ છીએ તો '**પ્રચુરસંવેદનસ્વરૂપ...**' અમારે તો આનંદની ઉગ્રતાનું વેદન અંદર વર્તે છે. આહાહા..! અરે..! વાણી તો જુઓ! આહા..! અને '**સ્વસંવેદન,...**' જોયું! સ્વસંવેદન. આપણે અહી આવ્યું ને? આ ગાથામાં સ્વસંવેદન આવ્યું ને? એ સ્વસંવેદનથી. છે? '**તેનાથી જેનો જન્મ છે.**' (અમારા વૈભવનો જન્મ થયો છે.) આ અમારો વૈભવ છે. આનંદની દશા ને શાંતિ ને વીતરાગતા જે પ્રગટ થઈ એ અમારો વૈભવ છે. આ ધૂળના વૈભવ નહિ. અરે..! રાગ વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ એ પણ અમારો વૈભવ નહિ. આહાહા..! શેઠ! આહાહા..! આ વૈભવ. આ તમારા બે કરોડ ચારે કોર ખડક્યા હોય. છ છોકરા, બંગલા ને ફલાણું, ને ઢીંકણું શું કહેવાય? ઘરવખરો. આહાહા..!

અહીંયાં તો આચાર્ય મહારાજ ભગવાન 'કુંદકુંદાચાર્ય' દિગંબર સંત (કહે છે), અમારું સંતપણું મુનિપણું કેવું છે? કે અમારા અતીન્દ્રિય આનંદની મહોરછાપમાં અમારો નિજ વૈભવ પ્રગટ થયો છે. એ વૈભવથી અમે સમયસાર કહીશું. આહાહા..! કથનીમાત્રથી ને ભગવાન કહે છે ને વ્યવહાર વિકલ્પ છે અને હું કહું છું, એમ નથી. આહાહા..! મોટી ગાથા. 'સમયસાર' તો ગજબ વાત છે! અહીંયાં ઈ આવ્યું, જુઓ!

'**આત્મજ્ઞાનકે બલસે જાન.**' એની વ્યાખ્યા થઈ. આત્માનું જ્ઞાન. આત્મજ્ઞાન, હોં! રાગનું જ્ઞાન નહિ, પરનું નહિ, શાસ્ત્રનું નહિ. આહાહા..! હજી આમાં અર્થ આવશે.

**ભાવાર્થ :- 'યહાં પર યહ હૈ, કિ રાગાદિ વિકલ્પ-જાલસે રહિત...**' આહાહા..! એ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાના વિકલ્પ એ તો વિકલ્પની-રાગની જાળ છે. આહાહા..! એ

'**વિકલ્પ-જાલસે રહિત સદા આનંદ સ્વભાવ...**' આહાહા..! મારો તો સદા આનંદ-અતીન્દ્રિય આનંદ સ્વભાવ છે. હું તો અતીન્દ્રિય સુખનો સાગર છું. આહાહા..! સમજાય છે કાંઈ? આ પૈસા ને બાયડી ને છોકરા તો તમારે દુઃખમાં નિમિત્ત છે. નિમિત્ત, હોં! દુઃખ નહિ. દુઃખ તો મમતા કરે છે એ દુઃખ છે. મમતામાં એ બધા નિમિત્ત છે. એ 'હસમુખ' ને 'રંભાબેન' બધા દુઃખના નિમિત્ત છે. વસ્તુ તો આવી છે. નિમિત્ત છે, દુઃખ નહિ. દુઃખ તો પોતે અજ્ઞાનભાવથી કરે છે. વિકારભાવ કરે છે એ દુઃખ છે. એ દુઃખમાં એ ચીજ નિમિત્ત છે, બસ! આહાહા..!

ભગવાન તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્મા છે. આહાહા..! અરે..! એ ક્યાં છે એની એને ખબર નથી. કહો, 'દશરથલાલજી'! '**સદા આનંદ સ્વભાવ...**' આહાહા..! '**જો નિજ આત્મા...**' ભાષા તો જુઓ! ઓહોહો..! 'પરમાત્મપ્રકાશ'. 'સમયસાર'ની છાપ પડી છે અંદર. આત્માની છાપ પડી છે. આહાહા..! વિકલ્પ રાગ નામ પુણ્ય-પાપના વિકલ્પની વૃત્તિઓ છે એ વિકલ્પ જાળ છે, એનાથી રહિત મારી ચીજ અંદર છે. આહાહા..! હું તો સદા આનંદસ્વભાવે છું. '**નિજ આત્મા ઉસકે જાનનેસે...**' આહાહા..! નિજ સ્વરૂપ નિધાન આનંદકંદને જાણવાથી અંતર્મુખ સ્વસન્મુખ થઈ તેને જાણવાથી '**નિજ ઔર પર સબ જાને જાતે હૈં,...**' ત્યારે પોતાનું અને પરનું યથાર્થ જ્ઞાન થાય છે. આહાહા..! કહો, દરબાર! આવી વાત ક્યાંય નથી, હોં! એ ગીતા-ફીતામાં પણ નથી ને ક્યાંય નથી. એ લોકોમાં તો 'ગીતા' માન્ય છે ને. આ વાત નથી, બાપુ! આહા..! શું કહીએ? અમે તો વાંચ્યું છે ને અમને તો બધી ખબર છે ને. 'ગીતા' પણ વાંચી છે અને બીજા હજારો શાસ્ત્રો વાંચ્યા છે. શ્વેતાંબરના વાંચ્યા ને દિગંબરના (પણ વાંચ્યા). આહાહા..! આ ચીજ.. ભગવાન! તું કોણ છો? દયા, દાન, વ્રતના વિકલ્પ છે એ તો વ્યવહાર વ્રત બધા આસ્રવ રાગ છે. એ ધર્મ નહિ અને ધર્મનું કારણ પણ નહિ. આહાહા..! અરે..! ભગવાન! બહુ કઠણ પડે. પ્રભુ! શું કરે? માર્ગ તો આ છે. આહાહા..!

'**નિજ ઔર પર સબ જાને જાતે હૈં, ઈસલિયે હે યોગી...**' ગુરુ 'યોગીન્દ્રદેવ' છે ને? એમના શિષ્ય 'પ્રભાકર ભટ્ટ' હતા. એણે પ્રશ્ન કર્યો હતો, તેને 'પ્રભાકર'ને ઉદ્દેશીને કહે છે. હે યોગી! યોગી એટલે? જાણનસ્વરૂપમાં પોતાની પરિણતિને જોડી દીધી એ યોગી. આ અન્યમતિના બાવા યોગીની અહીં વાત નથી. અહીં તો સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા જોયો અને આત્મા છે એ પૂર્ણાનંદનો નાથ આત્મા છે. એમાં પોતાની નિર્મળ પરિણતિ, વીતરાગી પરિણતિને જોડી દીધી એ યોગી. બાકી બાધા ઢોંગી. આહાહા..! પ્રભુ! સંતોએ જગતને ન્યાલ કરી નાખ્યા છે. સ્પષ્ટ વાત કરી. એને સમાજની પડી નથી કે મારી વાત સમાજમાં ઝીલાશે કે નહિ? સમાજ સમતોલ રહેશે કે નહિ? એવી કંઈ પડી નથી. સત્ય આ છે, ભગવાન! આહાહા..! સત્યનું રહસ્ય ઉદ્‌ઘાટન કરવામાં સમાજ સમતોલ રહેશે કે નહિ? અમે આટલી બધી વાત કરીએ છીએ. આત્મા આત્માથી જણાય છે, પરથી નહિ, રાગથી નહિ.

તો સમાજ માનશે કે નહિ? સમાજ સમાજના ઘરે રહ્યો. કહો, શેઠ! આહાહા..!

'**હે યોગી, હે ધ્યાની,...**' આહાહા..! એ બે શબ્દ પડ્યા છે ને. અંતર આનંદના સ્વરૂપમાં ધ્યાન લગાવ્યું એ ધ્યાની. ધ્યાની આ નવકાર ગણે ને ૐકાર ગણે એ ધ્યાની નહિ, એ બધા તો રાગી છે. આહાહા..! સમજાય છે કાંઈ? પંચ નવકાર ગણે. ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં લાખ વાર (ગણે). બધો રાગ છે. પરદ્રવ્ય તરફનું વલણ બધો રાગ છે. એ તો તમારે ઘણું આવે છે. 'તારણસ્વામી' બહુ કહે છે. 'તારણસ્વામી' તો ત્યાં સુધી કહે છે, લોકોમાં રંજન કરવા માટે, લોકરંજન માટે તું જો ઉપદેશ આપે છો, રાગથી લાભ થાય છે, એ લોકરંજન (છે), મરીને નરકમાં જઈશ. જનરંજન આવે છે, ખબર છે. અહીં આપણે 'અષ્ટ પાહુડ'માં આવે છે. 'કુંદકુંદાચાર્ય'નું. જનરંજન કરવા માટે દુનિયા રાજી રહે એવો ઉપદેશ આપવો, મરી જઈશ. નરક નિગોદમાં જઈશ. વીતરાગ માર્ગ જે છે એ વાતની તો ખબર નથી તને અને દુનિયા રાજી થાય. આમ કરો, આમ કરો, વ્યવહાર કરો, દેશસેવા કરો, દયા, દાન કરો, પૂજા કરો તમને ધર્મ થશે. એમાં અજ્ઞાનની પ્રસિદ્ધિ થાય છે. અહીં તો આવી વાત છે, ભાઈ! અહીં આચાર્ય વાત ગુપ્ત નથી રાખતા. આહાહા..!

'**હે યોગી, હે ધ્યાની, તુ ઉસ આત્માકો...**' દેખો! આત્મા કઈ રીતે જણાય છે? '**વીતરાગ નિર્વિકલ્પસ્વસંવેદનજ્ઞાનકી ભાવનાસે ઉત્પન્ન પરમાનંદ સુખરસકે આસ્વાદસે જાન,...**' આહાહા..! કેટલી વ્યાખ્યા મુકી છે! શું કહે છે? એ ભગવાનઆત્માને '**વીતરાગ નિર્વિકલ્પ...**' રાગરહિત અંદર વિકલ્પ રહિત વીતરાગી પરિણતિ-પર્યાય દ્વારા નિર્વિકલ્પ અભેદ સ્વસંવેદનજ્ઞાન-પોતાના આત્માના અનુભવનું જ્ઞાન. એવી '**ભાવનાસે ઉત્પન્ન પરમાનંદ સુખરસકે આસ્વાદસે...**' આહાહા..! અતીન્દ્રિય પરમાનંદના સુખરસના સ્વાદથી જાણ કે આ આત્મા છે. આહાહા..! કહો, 'સુમનભાઈ'! આહાહા..! ગજબ વાત કરે છે!

ભગવાન! તારી મોટપ મોટી છે, ભાઈ! આહાહા..! તું તો પરમાનંદના રસથી જણાય છે. વિકલ્પ દયા, દાન, વ્રત, વ્યવહાર શ્રદ્ધા, શાસ્ત્રનું વ્યવહાર જ્ઞાન, પંચ મહાવ્રતના પરિણામથી એ જણાતો નથી, એ તો વિકાર છે. આહાહા..! સમજાય છે કાંઈ? છે કે નહિ અહીંયાં લખાણ? અત્યારનું છે આ? આ તો પહેલાનું છે. એક હજાર 'પરમાત્મપ્રકાશ' (મંગાવ્યા). આહાહા..! ભગવાન! તું કઈ રીતે જણાય છે? ભગવાન તરીકે શિષ્યને બોલાવે છે, હોં! આહાહા..! ભગ નામ આનંદ અને જ્ઞાનની લક્ષ્મીવાન. આહાહા..! ભગ-વાન. પ્રભુ ૭૨ ગાથામાં એમ કહે છે-ભગવાનઆત્મા. આહાહા..! એની મા ઝુલામાં ઝુલાવતી વખતે, મારો દીકરો ડાહ્યો છે, એમ કહીને વખાણ કરીને સુવડાવે છે. ગાળ દેશો તો નહિ સૂવે. એ ધ્યાન રાખે. મારા રોયા, સૂઈ જા. એમ કહેશો તો નહિ સૂવે. પણ મારો દીકરો ડાહ્યો છે ને.. આપણે કહે છે. તમારે હિન્દીમાં કંઈક હશે. ડાહ્યો છે, પાટલે બેસી નાહ્યો ને મામાને ઘેર ગયો.. એવી વાત છે. વખાણ કરે તો પેલો સૂઈ જાય છે.

અહીં ત્રણલોકના નાથ જગતને જાગૃત કરવા ભગવાન કહીને જગાડે છે. જાગ રે જાગ, નાથ! તને સૂવું હવે ન પાલવે. આહાહા..! એની માં વખાણ કરીને સૂવડાવે છે, અહીંયાં

ભગવાનઆત્મા... આહાહા..! જેમાં પુણ્ય-પાપના વિકલ્પ પણ નથી એવી તારી ચીજ છે, પ્રભુ! આહા..! તને તારી કિંમત નથી નાથ અને તું પરની કિંમત કરવામાં રોકાઈ ગયો. આહા..! સમજાય છે કાંઈ? ભાઈ! આ તો ભગવાન ત્રણલોકના નાથ આમ કહે છે, હોં! ભગવાનઆત્મા. આહાહા..! પ્રભુ! તું જાગ ને નાથ! એ રાગ ને વિકલ્પથી તારી જાગૃતિ નહિ થાય, નાથ! તું એવો નમાલો નથી કે તારો રાગનો આશ્રય લેવો પડે. આહાહા..! 'સુમનભાઈ'! સુમન એ ફૂલડાનું નામ છે, હોં! આહાહા..! આનંદના ફૂલ ચડાવ, પ્રભુ! તો જણાશે. આહા..! કઠણ વાત બાપા! શું કહે છે?

'**નિર્વિકલ્પસ્વસંવેદનજ્ઞાનકી ભાવના..**' એકાગ્રતા. આહાહા..! જ્ઞાનનો સાગર પ્રભુ, આનંદનો સમુદ્ર પ્રભુ, એ તરફની વીતરાગી પર્યાય, રાગરહિત નિર્વિકલ્પ પર્યાય દ્વારા ભાવનાથી '**ઉત્પન્ન..**' શું થયું? એમાં પરમાનંદ ઉત્પન્ન થયો. આહા..! અતીન્દ્રિય પરમાનંદ. આ વિષયના આનંદ તો ઝેર છે. ભોગના વિકલ્પમાં જે મજા દેખાય છે એ શરીરની નહિ, શરીરને તો અડતો પણ નથી, શરીરને આત્મા અડતો નથી, એનું શરીર શરીરને અડતું નથી. આહાહા..! ફક્ત લક્ષ કરીને આ મને ઠીક છે, એવી માન્યતા ઉભી થાય છે એમાં રાગ થાય છે, એ રાગનો સ્વાદ લે છે. સ્ત્રીના શરીરનો નહિ, આત્માના આનંદનો નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એ માંસ, હાડકા, ચામડા, ધૂળના સ્વાદ કઈ રીતે આવે? પણ એ તરફ લક્ષ કરીને રાગ ઉત્પન્ન કરે છે કે આ ઠીક છે, ઠીક છે. એ રાગનો-ઝેરનો સ્વાદ લે છે. આહાહા..! એનો ભોગ લીધો ને મજા પડી, એમ અજ્ઞાની માને છે. આહાહા..! પ્રભુ! તારી ચીજ તો દેખ. તારા સ્વભાવ સન્મુખ થવાથી તને પરમાનંદ સુખ થશે. આહાહા..! પરમાનંદ અતીન્દ્રિય શાંતિ સમકિતદર્શનમાં (થશે). એવા '**સુખરસકે આસ્વાદનસે જાન,...**' એનાથી આત્મા જાણ. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો દિગંબર સંતોની વાણી વીતરાગની વાણી છે. બાપુ! એ વાણી સમજવા ઘણી પુરુષાર્થની જાગૃતિ જોઈએ, ભાઈ! એ કંઈ સાધારણ ચીજ નથી. આહાહા..! શું કહે છે?

એનો અર્થ કર્યો. '**णाण-बलेण**'. ચોથું છેલ્લું પદ છે ને? એ '**णाण-बलेण**'ની વ્યાખ્યા કરી. આહાહા..! જ્ઞાનબળ વડે આત્માને જાણ. એનો અર્થ-નિર્વિકલ્પ પરમાનંદ સુખના આસ્વાદનથી તું જાણ કે આ આત્મા છે. આહાહા..! જેમાંથી પરમાનંદ નીકળ્યો એ આનંદના સ્વાદથી જાણ કે આ આત્મા એકલો પરમાનંદનો પુંજ છે. એમ જાણ એને જ્ઞાન કહેવાય છે અને એને સમ્યગ્દષ્ટિ કહેવાય છે. આહાહા..! સાચો સમ્યગ્દષ્ટિ એ છે. '**તન્મય હોકર...**' દેખો! આસ્વાદથી જાણનો અર્થ શું કર્યો? નિજ '**પરમાનંદ સુખરસકે આસ્વાદનસે જાન અર્થાત્ તન્મય હોકર અનુભવ કર.**' આહાહા..!

'**સ્વસંવેદનજ્ઞાન (આપકર અપનેકે અનુભવ કરના) હી સાર હૈ.**' આખા સિદ્ધાંતનો બાર અંગનો સાર આ છે. આહા..! છે? '**સ્વસંવેદનજ્ઞાન (આપકર અપનેકે અનુભવ કરના) હી સાર હૈ.**' સ્વસંવેદન છે ને? સ્વ નામ પોતાનું. '**સ્વસંવેદનજ્ઞાન (આપકર અપનેકે**

**અનુભવ કરના) હી સાર હૈ. ઐસા ઉપદેશ શ્રી યોગીન્દ્રદેવને પ્રભાકરભટ્ટકો દિયા.'** પોતાના શિષ્યને આ ઉપદેશ આપ્યો કે પ્રભુ! તું આ કર, હોં! આહાહા..! એમ નથી કહ્યું કે તું વ્રત પાળ ને આમ કર. એ તો વિકલ્પ છે, રાગ છે. પરમાનંદ સુખરૂપ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો ઢીમ. રસગુલ્લા હોય છે ને? રસગુલ્લા. રસગુલ્લા નથી હોતા? દૂધના. એમ આત્મા આનંદનો રસગુલ્લો છે. કેમ બેસે? બેસે છૂટકો છે, નહિતર જન્મ-મરણ ત્રણકાળમાં નહિ મટે. આહાહા..! સમજાય છે કાંઈ? એ (ઉપદેશ) 'યોગીન્દ્રદેવે' 'પ્રભાકર ભટ્ટ'ને આપ્યો. ૧૦૩ થઈ. ૧૦૪ (આવશે)... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अतः कारणात् ज्ञानं पृच्छति –**

**१०४) णाणु पयासहि परमु महु किं अण्णेँ बहुएण।**
**जेण णियप्पा जाणियइ सामिय एक्क–खणेण।।१०४।।**

**ज्ञानं प्रकाशय परमं मम किं अन्येन बहुना।**
**येन निजात्मा ज्ञायते स्वामिन् एकक्षणेन।।१०४।।**

**णाणु पयासहि परमु महु ज्ञानं प्रकाशय परमं मम। किं अण्णे बहुएण किमन्येन ज्ञानरहितेन बहुना। जेण णियप्पा जाणियइ येन ज्ञानेन निजात्मा ज्ञायते, सामिय एक्कखणेण हे स्वामिन् नियतकालेनैकक्षणेनेति। तथाहि। प्रभाकरभट्टः पृच्छति। किं पृच्छति। हे भगवन् येन वीतरागस्वसंवेदनज्ञानेन क्षणमात्रेणैव शुद्धबुद्धैकस्वभावो निजात्मा ज्ञायते तदेव ज्ञानं कथय किमन्येन रागादिप्रवर्धकेन विकल्पजालेनेति। अत्र येनैव ज्ञानेन मिथ्यात्वरागादिविकल्परहितेन निजशुद्धात्मसंवित्तिरूपेणान्तर्मुहूर्तेनैव परमात्मस्वरूपं ज्ञायते तदेवोपादेयमिति तात्पर्यार्थः।।१०४।।**

---

**अब प्रभाकरभट्ट महान् विनयसे ज्ञानका स्वरूप पूछता है –**

**गाथा – १०४**

**अन्वयार्थ :– [ स्वामिन् ] हे भगवान् [ येन ज्ञानेन ] जिस ज्ञानसे [ एकक्षणेन ] क्षणभरमें [ निजात्मा ] अपनी आत्मा [ ज्ञायते ] जानी जाती है, वह [ परमं ज्ञानं ] परम ज्ञान [ मम ] मेरे [ प्रकाशय ] प्रकाशित करो, [ अन्येन बहुना ] और बहुत विकल्प–जालोंसे [ किं ] क्या फायदा ? कुछ भी नहीं।**

**भावार्थ :– प्रभाकर भट्ट श्रीयोगीन्द्रदेवसे पूछता है, कि हे स्वामी जिस वीतरागस्वसंवेदनकर ज्ञानकर क्षणमात्रमें शुद्ध, बुद्ध स्वभाव अपनी आत्मा जानी जाती है, वह ज्ञान मुझको प्रकाशित करो, दूसरे विकल्प–जालोंसे कुछ फायदा नहीं है, क्योंकि ये रागादिक**

**विभावोंके बढ़ानेवाले हैं। सारांश यह है कि मिथ्यात्व रागादि विकल्पोंसे रहित तथा निज शुद्ध आत्मानुभवरूप जिस ज्ञानसे अंतर्मुहूर्तमें ही परमात्माका स्वरूप जाना जाता है, वही ज्ञान उपादेय है। ऐसी प्रार्थना शिष्यने श्रीगुरुसे की।।१०४।।**

---

**એ કારણે પ્રભાકરભટ્ટ (મહાવિનયથી) જ્ઞાનનું સ્વરૂપ પૂછે છે :**

**ભાવાર્થ :- પ્રભાકરભટ્ટ શ્રીયોગીન્દ્રદેવને પૂછે છે કે હે ભગવાન! વીતરાગસ્વસંવેદનરૂપ જ્ઞાનથી ક્ષણમાત્રમાં જ શુદ્ધ, બુદ્ધ જેનો એક સ્વભાવ છે એવો નિજ આત્મા જણાય છે તે જ જ્ઞાનનો ઉપદેશ કરો, અન્ય રાગાદિવર્ધક વિકલ્પજાળથી શું પ્રયોજન છે ?**

**અહીં મિથ્યાત્વરાગાદિવિકલ્પથી રહિત, નિજશુદ્ધઆત્માની સંવિત્તિરૂપ જે જ્ઞાન વડે પરમાત્માનું સ્વરૂપ જણાય છે તે જ જ્ઞાન ઉપાદેય છે, એવો તાત્પર્યાર્થ છે. ૧૦૪.**

---

## વીર સંવત ૨૫૦૨, ભાદરવા સુદ ૧૧, શનિવાર
## તા. ૦૪-૦૯-૧૯૭૬, ગાથા-૧૦૪, ૧૦૫ પ્રવચન નં. ૮૧

આ દસલક્ષણી પર્વ ધર્મના આરાધનના દસ દિવસ છે. પર્યુષણ કહે છે ને? પરિ-સમસ્ત પ્રકારે ભગવાન આનંદસ્વરૂપ આત્મામાં લીન થવું, એ પર્યુષણ પર્વ છે. પંડિતજી! પર્યુષણ. આહાહા..! દેહથી ભિન્ન ભગવાન અને પુણ્ય-પાપની ક્રિયાથી પણ ભિન્ન આત્મા છે, એ આત્માનું જ્ઞાન કરી, અનુભવ કરી એમાં વિશેષ સ્વભાવની સેવા કરવી, એમાં લીન થવું એને અહીંયાં પર્યુષણ દિવસ કહેવાય છે. શેઠ! આહાહા..! એમાં આજે સાતમો દિવસ છે ને? સાતમો દિવસ-તપ. હવે તપ કોને કહે છે? સૂક્ષ્મ વાત છે, ભાઈ! જ્યાં સુધી આત્મા શું ચીજ છે, એ જ્યાં સુધી એનો અનુભવ અને સમ્યગ્દર્શન ન થાય, ત્યાં સુધી બધી સાધના વ્યર્થ છે. દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ હો પણ એ શુભરાગ છે. એ ધર્મ નથી. આહાહા..! અહીંયાં સાતમા બોલમાં ઈ કહે છે.

'**સમ્યગ્જ્ઞાનરૂપી દૃષ્ટિ સે ભલે પ્રકાર વસ્તુ કે સ્વરૂપ કો જાન કર,...**' ભગવાનઆત્મા ચિદાનંદ ચમત્કારી વસ્તુ છે. આહાહા..! જ્યાં સુધી એ સમ્યગ્જ્ઞાનથી પોતાનો આત્મા શાંતિથી, આનંદથી વેદાય નહિ ત્યાં સુધી તેને આત્મજ્ઞાન નથી કહેવાતું. આહાહા..! સમજાય છે કાંઈ? એ અહીંયાં આત્મજ્ઞાન સહિતની વાત ચાલે છે, ભગવાન! એકલા અપવાસ આદિ કરે એ તો લાંઘણ છે. લંઘન. વિષયકષાય આહારો ત્યાગો જત વિજતે કષાય વિષય આહારો જત વિજતે ઉપવાસો સબ વિધ્નેયં શેષમ લંઘન ઉપમવિધે. શું કહે છે? આહાહા..! અન્યમાં પણ 'નરસિંહ મહેતા' એમ કહે છે, 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહ્નયો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી'. ભગવાનની ભક્તિ કરો કે પૂજા કરો કે દયા કરો, દાન કરો, વ્રત કરો

એ બધું સંસારમાં ભવ કરવાનું કારણ છે. આહાહા..! ભગવાનઆત્મા..

અહીં, '**સમ્યગ્જ્ઞાનરૂપી દૃષ્ટિ...**' ચૈતન્યજ્યોત જળહળ ભગવાનઆત્મા, ચૈતન્યપ્રકાશનું પુર નુર તેજ છે. એમાં તો દૃષ્ટા અને જ્ઞાતા સ્વભાવ ભર્યો છે. અને અતીન્દ્રિય આનંદની ગાંઠડી આત્મા છે. સચ્ચિદાનંદ છે ને? સત્ ચિદાનંદ. સત્-કાયમ રહેનાર. જ્ઞાન અને આનંદ, જેનો સ્વભાવ છે. એ સમ્યગ્જ્ઞાનરૂપી દૃષ્ટિથી વસ્તુનું સ્વરૂપ બરાબર જણાય છે. ત્યારે રાગાદિ વિકલ્પ છે એ પર છે, એ મારું કર્તવ્ય નથી, એમ એને યથાર્થ જ્ઞાન થાય છે. એ અંદર આનંદમાં રહેવાને કારણે ઇચ્છાનો નિરોધ કરી, અતીન્દ્રિય આનંદમાં લીન રહે છે તેને ભગવાન તપ કહે છે. આહા..! એની વિશેષ વ્યાખ્યા ઈ છે. તપંતે ઈતિ તપઃ. જેમ સુવર્ણ હોય છે, સુવર્ણ. ગેરુ લગાવે છે, ગેરુ. સોનું ઓપે છે, શોભે છે. એમ ભગવાનઆત્મા.. ઝીણી વાત, પ્રભુ! જેને ધર્મ કહીએ એ વાત બહુ ઝીણી છે, પ્રભુ!

આત્મા આનંદકંદ પ્રભુનો અનુભવ દૃષ્ટિ થવા છતાં જ્યારે વિશેષ ઇચ્છાનો નિરોધ કરી આનંદ ઓપે છે, અતીન્દ્રિય શોભે છે, એવી દશાને તપ કહેવાય છે. અરે..! લોકો કંઈક કંઈક બહારથી મંડ્યા ને માની બેસે ધર્મ થયો. અને તે પણ આ તો ઉત્તમતપ છે ને? દસ પ્રકાર છે ને? ઉત્તમક્ષમા, ઉત્તમમાર્દવ, ઉત્તમતપ. ઉત્તમ શબ્દ કેમ કહ્યો? કે આત્માનો અનુભવ આનંદના સ્વાદ સહિત ઇચ્છાનો નિરોધ થાય, એને ઉત્તમ કહેવાય છે. સાધારણ અપવાસ આત્માના ભાન વિના અપવાસાદિ કરે છે એ ઉત્તમ નથી, એનાથી તો પુણ્યબંધ થાય. સંસારમાં રખડે. આહાહા..! 'અમરચંદભાઈ'! એવી વાત છે, ભગવાન!

અહીં પાઠ એ છે, '**बोधदृशा**' અંદર સમ્યગ્જ્ઞાનરૂપી દશા પ્રગટ કરી. આહાહા..! જેણે એ આનંદમાં લીન થઈ આત્માની ઉગ્ર શાંતિની શોભા અંદરમાં વધારી એનું નામ ભગવાન ઇચ્છાનિરોધ તપ કહે છે. એ ભાન વિના જેટલા અપવાસ આદિ કરે એ લાંઘણ છે, લાંઘણ. આત્મામાં જરીયે એનાથી ધર્મ થતો નથી. આહાહા..! વિશેષ, ક્રોધ, માન, માયા, લોભ જે રાગ વિકાર છે તેને જીતવામાં આનંદના નાથને જાગૃત કરી તેમાં સ્થિર થવું એ જીતવાનો ઉપાય છે. આહાહા..! પુણ્ય અને પાપના વિકાર, આત્મા જોદ્ધો અંદર સુભટ છે, આહાહા..! અતીન્દ્રિય આનંદની શોભાથી સુભટ પ્રભુ છે. એ અતીન્દ્રિય આનંદના આશ્રયથી સુભટ ભગવાનઆત્માથી વિકાર જીતાય છે. સમજાય છે કાંઈ? 'પદમચંદજી'! ઝીણી વાત છે, પ્રભુ! આ તો બધી વસ્તુ ઘણી કરે છે ને. આહા..! બહારની તો કરે, અનંતવાર કરી. એ વ્રતેય પાળ્યા, પાંચ મહાવ્રત પાળ્યા, નગ્ન દિગંબર થયો, એ બધી ક્રિયાકાંડમાં રાગ મંદ હોય તો મિથ્યાત્વ સહિત પુણ્ય બંધાય. આહાહા..! એવી વાત છે, ભાઈ!

અહીંયાં તો તેથી એ કહ્યું, '**धर्मश्रिया**'. બીજા બોલમાં છે. ધર્મરૂપી લક્ષ્મી. આ પુણ્ય-પાપ નહિ, બહારની ધૂળ-લક્ષ્મી નહિ. અંતર આનંદ ને જ્ઞાન.. બીજા બોલમાં છે, ભાઈ!

૯૯માં. '**ધર્મશ્રિયા**' બીજા પદમાં છે. ધર્મરૂપી લક્ષ્મી. આહાહા..! એ.. શેઠ! આ તમારી ધૂળની લક્ષ્મીની અહીં ગણતરી નથી. શું કહે છે?

મુમુક્ષુ :- ઉત્તમતપની વ્યાખ્યા થઈ.

ઉત્તર :- આ ઉત્તમતપની વ્યાખ્યા. વાત સાચી, ભગવાન! આ દસ બોલના ઉત્તમ નામ છે ને? ઉત્તમક્ષમા, ઉત્તમમાર્દવ, ઉત્તમતપ બધાને ઉત્તમ શબ્દ છે ને? તો ઉત્તમ કેમ કહ્યું? એકલી રાગની મંદતાની ક્રિયા એ ઉત્તમ નહિ. ભગવાન આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ ચિદાનંદ. સત્ શાશ્વત ચિદ્-જ્ઞાન અને આનંદનો કંદ પ્રભુ. સુખકંદ, આનંદકંદ. અરે..! કેમ બેસે? એને ખબર નથી. અતીન્દ્રિય આનંદનો કંદ આત્મા, એની અંદર જઈ અનુભવ કરવો અને વિશેષ અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેવો... આહાહા..! એને અહીંયા તપ કહેવાય છે. એ ઉત્તમતપ છે. જેનાથી કર્મની નિર્જરા થઈ અલ્પકાળમાં જેને મોક્ષ નામ મુક્તિ થાય છે. કહો, શેઠ! આહાહા..!

મુમુક્ષુ :- આ તપસા નિર્જરા છે.

ઉત્તર :- આ તપસા નિર્જરા છે. એ થોડું લીધું. હવે આપણે ચાલે છે ને? 'પરમાત્મપ્રકાશ'. ક્યાં આવ્યું છે? ૧૦૪ ગાથા.

આ 'પરમાત્મપ્રકાશ' શાસ્ત્ર છે. શાસ્ત્રનું નામ 'પરમાત્મપ્રકાશ'. જે ભગવાનઆત્મા અંદર પરમાત્મસ્વરૂપી જ છે. આહાહા..! જે પરમાત્મસ્વરૂપ છે એનું પર્યાયમાં એનલાર્જ થાય છે તો પરમાત્મા થાય છે. અરે..! આ વસ્તુ. એનો અહીં પ્રકાશ કરે છે. ગુરુનો શિષ્ય છે. એક 'યોગીન્દ્ર' મુનિ થઈ ગયા. આનંદના અનુભવી મુનિ દિગંબર. અતીન્દ્રિય આનંદમાં અંદર મશગુલ. આહાહા..! જેમ પૂરણપોળી હોય છે ને? પૂરણપોળી સમજો છો? ઊની ઊની કરીને પછી ઘીમાં નાખે. પુરણપોળી સમજો છો? ઘીમાં બોળે અને પછી આમ ચમચાથી ઊંચી કરે. એમાંથી ઘી ટપકે. આહાહા..! એમ ભગવાનઆત્મા અતીન્દ્રિય સરોવર પ્રભુ આત્મા છે. એની ખબર ક્યાં છે? પ્રભુ! એને ખબર ક્યાં છે. અતીન્દ્રિય સુખનો સાગર પ્રભુ, એમાં ડુબકી મારી અતીન્દ્રિય આનંદ ઝરે છે એનું નામ તપ કહેવામાં આવે છે. એય..!

અહીં શિષ્ય ગુરુને પ્રશ્ન કરે છે. ગુરુ કેવા છે? કે જેને અતીન્દ્રિય આનંદનો અનુભવ છે. કાલે ઈ કહ્યું હતું. 'સમયસાર' પાંચમી ગાથા. 'કુંદકુંદાચાર્ય' કહે છે કે અમારું મુનિપણું કેવું છે? અમારો વૈભવ કેવો છો? આ દુનિયાનો વૈભવ નહિ. એય..! અહીં ઘણા કરોડપતિઓ બેઠા છે. એય..! આ બધા કરોડપતિઓ છે. એક 'રામજીભાઈ' ઓલી કોર બેઠા છે. કણબી છે, 'રાજકોટ'ના. નહિ? 'રામજીભાઈ'. એ કરોડપતિ છે. એ થાંભલે બેઠા છે. 'રાજકોટ'ના કણબી, કણબી. અહીં રહે છે, બહુ રહે છે. એકલા ભોજન બનાવીને જમે છે. પેલા 'વાડીભાઈ'નું અહીંયાં મકાન છે ને? ત્યાં રહે છે. અહીં વાડી છે ત્યાં રહે છે. કણબી છે, કણબી. 'રાજકોટ'ના. એક કરોડ રૂપિયા એની પાસે છે. પાંત્રીસ લાખનું તો એક થિયેટર એણે બનાવ્યું. અમને પગલા કરવા લઈ ગયા હતા. થાંભલા પાસે બેઠા. શાંત છે. નરમ માણસ છે. ઘણા વખતથી અહીંયાં જ રહે છે. સોનગઢ. આહાહા..! શેઠ! આ શેઠ

કરોડપતિ, આ પૈસાવાળા, આની પાસે પૈસા ઘણા છે. આ રમકડાના રાજા છે. 'દિલ્હી.. દિલ્હી'. રમકડાના રાજા, આત્માના નહિ. 'કૈલાસચંદજી'! એ નામ આપ્યું છે ને? રાજા કહે છે ને? રાજા ટોયઝ. એ મને પૂછતા હતા, ટોયઝનો અર્થ શું? રમકડા થાય છે. રાજા ટોયઝ કહે છે ને. 'કૈલાસચંદજી' રાજા ટોયઝ 'દિલ્હી'. આહાહા..!

આ ભગવાનઆત્મા.. કહે છે, જેને અંદરમાં અતીન્દ્રિય આનંદના ઝરણા (વહે છે), અંદરમાં મહોરછાપ પડી છે. કાલે કહ્યું હતું. મુનિપણું એટલે શું? કે જેને અતીન્દ્રિય આનંદના ઝરણા ઝરે છે. ભગવાન અતીન્દ્રિય આનંદનો ડુંગર છે. આત્માની ખબર ક્યાં છે. આત્મા એટલે કાંઈ નહિ. ભગવાન તો અતીન્દ્રિય આનંદનો ડુંગર આત્મા છે. એમાં એકાગ્ર થાય છે તો અતીન્દ્રિય આનંદના ઝરણા ઝરે છે. તો મુનિ એમ કહે છે કે અમારું મુનિપણું શું છે? અમારો અતીન્દ્રિય આનંદનો જે અનુભવ થાય છે એ અતીન્દ્રિય આનંદની મહોરછાપ અમને પડી છે એ અમારું મુનિપણું છે. દેહની નગ્નક્રિયા ને વ્યવહારની પંચ મહાવ્રતની ક્રિયા એ અમારું મુનિપણું નહિ. આહાહા..! કાલે બતાવ્યું હતું. પાંચમી ગાથા. આનંદના ઝરણા ઝરે છે. આનંદની મહોરછાપ. જે આ પોસ્ટમાં પડે છે ને? પોસ્ટમાં. છાપ પાડે. એમ.. આહાહા..! ધર્મની મહોરછાપ શું? ધર્મની મહોરછાપ તો અતીન્દ્રિય આનંદ ઝરવો એ મહોરછાપ છે. અરે..! દુનિયા ક્યાં ચાલે છે અને ક્યાં રખડે છે. આહાહા..! ભગવાન અતીન્દ્રિય આનંદ સચ્ચિદાનંદ પ્રભુ છે ને. સત્ ચિદાનંદ એમ તો બહુ બોલે છે. સ્વામીનારાયણમાં પણ ભાષા બોલે છે. પણ સત્ કાયમ રહેનાર, ચિદ્ નામ જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ. આહાહા..! એ જ્ઞાન અને આનંદનું સત્ સ્વરૂપ ત્રિકાળી ભગવાન, એમાં એકાગ્ર થઈ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો, અતીન્દ્રિય આનંદની મહોરછાપ આવવી, એનું નામ સમ્યગ્દર્શન છે, એનું નામ સમ્યગ્જ્ઞાન છે, એનું નામ સમ્યક્ચારિત્ર છે. સમજાય છે કાંઈ? એ ચારિત્રવંતને શિષ્ય પૂછે છે. જુઓ!

**'અબ પ્રભાકર ભટ્ટ મહાન વિનયસે જ્ઞાનકા સ્વરૂપ પૂછતે હૈં-'** ગુરુ છે આનંદના અનુભવી. મુનિ છે ને, આનંદના અનુભવી. બાહ્યમાં નગ્ન છે. અંતર અતીન્દ્રિય આનંદની છોળ ઉછળે છે. જેમ દરિયામાંથી ભરતી આવે છે.. ભરતીને શું કહે છે? બાઢ... બાઢ... બાઢ. અમારે ભરતી કહે છે. ઓટ નથી આવતી, અહીં તો ભરતી આવે છે. આહાહા..! ભગવાનમાં મધ્યબિંદુમાં, આ સમુદ્રમાં મધ્યબિંદુમાંથી ભરતી આવે છે, એમ ભગવાનઆત્મા મધ્યબિંદુમાં અતીન્દ્રિય આનંદથી છલોછલ ભરેલો છે. આહાહા..! એમાં સમ્યગ્દષ્ટિ દેવાથી, ભીંસ દેવાથી, જેમ... આ શું કહેવાય? ફુવારો.. ફુવારો હોય ને? ફુવારો. ત્યાં ગયા હતા ને? 'મુંબઈ'. 'મુંબઈ' નહિ? પેલો મોટો ફુવારો વચમાં છે. આપણે મોટર નીકળે ત્યારે દેખાય. આ ભગવાન તો મોટો ફુવારો આવો છે. છે ક્ષેત્ર શરીર પ્રમાણે, પણ એનો ભાવ અપરિમિત અંદર છે. આહાહા..! અનંત અનંત આનંદ છે, એમાં જરી દૃષ્ટિની-સમ્યક્ દૃષ્ટિની ભીંસ આપે છે તો આનંદનો ફુવારો અંદરથી ફૂટે છે. અરે..! ભગવાન કોણ છે આત્મા એની ખબર ક્યાં છે? અને આત્મા વિના બધા ચાલી નીકળ્યા. વર નહિ ને જાન જોડી દીધી. દુલ્હા..

દુલ્હા. વર નહિ ને જાન જોડી દીધી. એ જાન ન કહેવાય, માણસના ટોળા કહેવાય. વર હોય તો જાન કહેવાય છે. એમ ભગવાન આનંદના નાથને જાગૃત કર્યો હોય અને અનુભવ હોય તો એ વર છે. ત્યારે દયા, દાનના વિકલ્પ આવે છે તો પુણ્ય કહેવાય છે. આહાહા...! સમજાય છે કાંઈ?

અહીં '**પ્રભાકરભટ્ટ મહાન વિનયસે...**' મહાન વિનયથી ગુરુને કહે છે. દિગંબર મુનિ છે, યોગીન્દ્ર છે, અતીન્દ્રિય આનંદ જેને અંદરથી ફાટ ફાટ ફાટ્યા છે. અંદરથી ફુવારા ફૂટ્યા છે. છઠ્ઠે ગુણસ્થાને મુનિ આને કહીએ, જેને અતીન્દ્રિય આનંદના ફુવારા ફાટ્યા છે. ઝરણા વહે છે. એવા ગુરુને એ 'પ્રભાકર ભટ્ટ' હતા, પછી તો મુનિ થયા છે, એણે પ્રશ્ન કર્યો છે. '**મહાન વિનયસે જ્ઞાનકા સ્વરૂપ પૂછતા હૈ.**' એટલે શું? ભગવાન! આ આત્મા જ્ઞાન જ્ઞાન કહે છે, એ ચીજ શું છે? સમજાય છે કાંઈ? આ આત્મા જ્ઞાનસ્વરૂપ છે, આત્મા જ્ઞાનસ્વરૂપ છે એ જ્ઞાન શું છે? મહારાજ! અમને તો કદી એ જ્ઞાનનો અનુભવ થયો નથી. બીજું બધું અમે કર્યું. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરી પણ આ આત્મા શું છે? આહા..! ઈ જ્ઞાન સ્વરૂપ શું? સ્વરૂપ. એના જ્ઞાનનું સ્વરૂપ શું છે? એમ શિષ્ય ગુરુને પૂછે છે. ૧૦૪. છે? '**अतः कारणात् ज्ञानं पृच्छति**'. સંસ્કૃત છે.

**१०४) णाणु पयासहि परमु महु किं अण्णेँ बहुएण।**
**जेण णियप्पा जाणियइ सामिय एक्क-खणेण।।१०४।।**

આહાહા..! શિષ્યનો પ્રશ્ન તો જુઓ! હે '**स्वामिन्**' છે એમાં? શબ્દાર્થ છે. હે '**स्वामिन्**' '**હે ભગવાન...**' એનો અર્થ કર્યો છે. '**જિસ જ્ઞાનસે ક્ષણભરમેં અપની આત્મા જાની જાતી હૈ...**' આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ અનંતવાર કર્યા પણ જણાયો નહિ અને જે જ્ઞાનથી અંતર્મુહૂર્તમાં જણાય એ જ્ઞાન કેવું છે? એમ કહે છે. સમજાય છે કાંઈ? અનંતવાર મુનિવ્રત ધારણ કર્યા, પંચ મહાવ્રત, નગ્ન દિગંબર (સાધુ થઈને) ઘોર તપસ્યા (કરી), શુક્લલેશ્યા, ચામડા ઉતારીને ખાર છાંટે તો ક્રોધ ન કરે એટલી તો ક્ષમા કરી, પણ આત્મજ્ઞાન શું છે એનું ભાન નહિ. તો પ્રભુ! આપ આત્મજ્ઞાન આત્મજ્ઞાન, એ ચીજ શું છે? સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- જેને જરૂરિયાત છે એણે...

ઉત્તર :- જરૂરિયાત છે એણે પ્રશ્ન કર્યો છે. શિષ્યે પ્રશ્ન એ કર્યો છે. આ આત્મધર્મની વાત છે. સમજાય છે કાંઈ? આ કોઈ સંપ્રદાયની વાત નથી. આત્મધર્મ શું છે એનો પ્રશ્ન કરે છે. આહાહા..!

જ્ઞાનસ્વરૂપ આત્મા, એ જ્ઞાન તે શું છે? આહાહા..! અમે તો રાગ કર્યો, પુણ્ય કર્યું, દયા, દાન, વ્રત, ભક્તિ કરી કરીને મુનિપણું પણ અનંતવાર લીધું, પણ પ્રભુ! આપ કહો છો કે જ્ઞાન કોઈ ચીજ છે, એના ભાન વિના બધું વ્યર્થ છે, તો એ જ્ઞાન છે શું? હે '**स्वामिन्**' '**જિસ જ્ઞાનસે ક્ષણભરમેં...**' નિયત કાળમાં, એમ છે ઓલામાં. સંસ્કૃતમાં નિયત કાળ છે.

‘**हे स्वामिन् नियतकालेनैकक्षणेनेति**’ સંસ્કૃતમાં એમ છે. ‘**नियतकालेनै**’ અલ્પ કાળમાં. આહાહા..! સમજાય છે કાંઈ? ‘**ક્ષણભરમેં અપની આત્મા જાની જાતી હૈ, વહ પરમ જ્ઞાન મેરે પ્રકાશિત કરો,...**’ પ્રભુ! એ બતાવો, બાકી બીજી વાત (જાણવી નથી). સમજાય છે કાંઈ? આહાહા..! ‘**ઔર બહુત વિકલ્પ-જાલોંસે ક્યા ફાયદા?**’ આહાહા..! બાકી વૃત્તિ અને વિકલ્પ ઉઠે છે, વ્રતના, ભક્તિના, પૂજાના, અશુભના એનાથી આત્માને શું લાભ? બહુ વિકલ્પજાળથી શું છે? આહાહા..! ગુરુને આ પ્રશ્ન કર્યો છે. આહાહા..!

મુમુક્ષુ :- પ્રકાશિત કરો એટલે શું?

ઉત્તર :- પ્રકાશ કરો એટલે હજી તો બતાવે છે. મને બતાવો, એમ. પ્રકાશિત કરો એટલે મને બતાવો, એમ કહે છે.

મુમુક્ષુ :- કરી દે..

ઉત્તર :- કરી કોણ દે? ગુરુ કરી દે? આહાહા..! આ બ્રાહ્મણ વિવાહમાં લગ્ન કરાવી દે. પછી એનું ઘર, કુટુંબ ચલાવી દે? તમે અમને બાયડી આહાહા..! પરણાવી દીધી માટે હવે ઘર ચલાવો. ગુરુ બતાવે પછી કામ કરવું એણે છે. આહાહા..! આપણે કહેવાય છે ને કે બ્રાહ્મણ વિવાહ કરાવે પણ કાંઈ ઘર ચલાવી દે? અમે બે જણા છીએ, હવે ઘર ચલાવો તમે. ‘કૈલાસચંદજી’! તમારે કહેવત તો હશે. હિન્દીમાં હશે થોડી. અહીં ગુજરાતીમાં આમ ચાલે છે.

અહીં પરમાત્મા ગુરુને શિષ્ય પૂછે છે. તો ગુરુ એનું ઘર ન ચલાવી દે-એને અનુભવ ન કરાવી દે. એને અનુભવ બતાવે કે તારી ચીજ શું છે.

મુમુક્ષુ :- લગ્ન તો કરાવી દે ને.

ઉત્તર :- લગ્ન કરાવે એનો અર્થ આ રાગ, આ શરીર, આત્માથી ભિન્ન છે, એનું તું જોડાણ કર. એ લગ્ન. લગ્ન તો એણે કરવાના છે કે બ્રાહ્મણે કરવાના છે? સ્ત્રી સાથે સંબંધ કોણે કરવાનો છે? બ્રાહ્મણને કરવાનો છે? આહાહા..!

પ્રભુ! ‘**પરમ જ્ઞાન મેરે પ્રકાશિત કરો,...**’ એટલે બતાવો. ‘**अन्येन बहुना**’ ‘**બહુત વિકલ્પ-જાલોંસે ક્યા ફાયદા?**’ આહાહા..! ઘણા વિકલ્પ આવ્યા, નાથ! વ્રતના ને ભક્તિના ને પૂજાના ને દાનના ને દયાના, એવા વિકલ્પથી શું? એમાં આત્મજ્ઞાન ન થયું, એમાં આત્મભાન ન થયું, એમાં આત્માનો સાક્ષાત્કાર ન થયો. આહાહા..! તો અન્ય વિકલ્પથી શું છે? પ્રભુ! આહાહા..! શિષ્યની ઝંખના તો જુઓ! આવી જેને ઝંખના છે એને ઉત્તર આપે છે. ભાવાર્થ છે ને?

**ભાવાર્થ :-** ‘**પ્રભાકર ભટ્ટ શ્રીયોગીન્દ્રદેવસે પૂછતા હૈ,...**’ યોગીન્દ્ર મુનિ હતા. લગભગ ૧૩૦૦ (વર્ષ પહેલા થયા). ઈ.સ. ૬૦૦. એટલે ૧૪૦૦ વર્ષ થયા. દિગંબર મુનિ હતા, વનવાસી, આત્મઆનંદમાં ઝુલનારા. અતીન્દ્રિય આનંદના અનુભવી. ‘વસ્તુ વિચારત ધ્યાવતૈ મન પાવૈ વિશ્રામ, રસ સ્વાદત સુખ ઉપજે અનુભવ તાકો નામ.’ ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદનો પિંડ પ્રભુ, એની વસ્તુ વિચારત ધ્યાવતૈ. એનો વિચાર કરવાથી અને

અંતરમાં ધ્યાન કરવાથી. 'વસ્તુ વિચાર ધ્યાવતૈ, મન પાવૈ વિશ્રામ.' મનના વિકલ્પો ત્યાં વિશ્રામ પામી જાય છે. આહાહા..! ઘરમાં પ્રવેશ કરતાં વિકલ્પ ઠરી જાય છે. 'રસ સ્વાદત સુખ ઊપજૈ' એ અતીન્દ્રિય આનંદના રસના સ્વાદનું સુખ ઊપજતાં 'અનુભવ તાકૌ નામ.' એનું નામ અનુભવ અને આત્મજ્ઞાન કહેવાય છે. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! દુનિયાથી બીજી લાગે એવી છે પણ વસ્તુ પરમાત્મા ત્રણલોકનો નાથ આ ફરમાવે છે. અને શિષ્યે પણ એ પ્રશ્ન કર્યો છે. મહારાજ! અનાદિકાળથી બહુ વિકલ્પ થયા. શુભ પણ અનંત વાર કર્યા, અશુભ પણ અનંતવાર થયા, પણ પ્રભુ! જ્ઞાનસ્વરૂપ ભગવાન કોણ છે? અને એ ક્ષણમાં કઈ રીતે પ્રાપ્ત થાય? આમ અનંત કાળ વ્રત, નિયમ કર્યા ને પ્રાપ્ત ન થયો, એ ક્ષણમાં પ્રાપ્ત થાય એ ચીજ કેવી છે? સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- શિષ્યને ધન્યવાદ.

ઉત્તર :- આ વસ્તુ એવી છે, બાપુ! આહાહા..!

'**પ્રભાકર ભટ્ટ શ્રીયોગીન્દ્રદેવસે પૂછતા હૈ, કિ હે સ્વામી જિસ વીતરાગ-સ્વસંવેદનકર...**' દેખો ભાષા! વીતરાગ સ્વસંવેદનજ્ઞાનકર. આહાહા..! એ વિકલ્પથી નહિ, વ્યવહાર રત્નત્રયનો રાગ, એનાથી નહિ. આહાહા..! બહુ ઝીણી, બાપા! આ તો જન્મ-મરણના અંતની વાત છે. અને એની શરૂઆત કેમ થાય, ઈ વાત છે. આહાહા..! કહે છે, '**જિસ વીતરાગ સ્વસંવેદનકર જ્ઞાનકર ક્ષણમાત્રમેં,...**' છે? 'કૈલાસચંદજી'! છે? આહાહા..! આમ અંધકાર ફાટી જાય અને અંજવાળું પ્રગટ થાય છે એ ક્ષણમાં. એ સિવાય બીજા ઉપાય કરે પણ અંજવાળું પ્રગટ નથી થતું. આહા..! દિવાસળી ઘસે ને ફટ પ્રકાશ થાય. એમ ભગવાનઆત્મા અનંતકાળથી વિકલ્પની જાળ, પુણ્યની, દયા, દાન, વ્રતની કરી પ્રભુ! એનાથી શું થયું? અમારો આત્મા ક્ષણમાત્રમાં પ્રાપ્ત થાય એ વસ્તુ બતાવો. છે ને? આહા..! '**ક્ષણમાત્રમેં શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ...**' એક શબ્દ પડ્યો રહ્યો છે. સંસ્કૃતમાં છે. ત્યાં એક શબ્દ જોઈએ. શુદ્ધ બુદ્ધ એક, એમ શબ્દ જોઈએ. સંસ્કૃતમાં છે. '**शुद्धबुद्धैकस्वभावो**' શું કહે છે? ત્રીજી લીટી છે ને? ભાવાર્થની બીજી લીટી છે. શુદ્ધ પરમાત્મા પવિત્ર, બુદ્ધ નામ જ્ઞાનનો પિંડ, એક સ્વભાવ. જેનો એકરૂપ સ્વભાવ ત્રિકાળ છે. જ્ઞાતા.. જ્ઞાતા.. જ્ઞાતા.. જ્ઞાતા.. જ્ઞાતા. ચૈતન્યનો પુંજ પ્રભુ. આહાહા..! આ તો શિષ્ય પ્રશ્ન કરે છે. આવો મારો આત્મા એક ક્ષણમાં શુદ્ધ બુદ્ધ એક સ્વભાવસ્વરૂપ છે. આહાહા..! '**અપની આત્મા જાની જાતી હૈ,..**' એ ક્યા પ્રકારે આત્મા જણાય છે? અમે તો ઘણા વ્રત કર્યા, તપ કર્યા પણ આત્મા તો જ્ઞાનમાં આવ્યો નહિ. એ 'છ ઢાળા'માં આવ્યું ને? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ પંચ મહાવ્રતના પરિણામ દુઃખ છે. રાગ છે, આસ્રવ છે, દુઃખ છે. આહાહા..! અરે..! આકરું.

ભગવાનઆત્મા એક ક્ષણમાં '**અપની આત્મા...**' એમ ભાષા છે. જોયું? ભગવાનનો આત્મા ને તીર્થંકરનો આત્મા નહિ. આહાહા..! ચોથી છે. છે ને એમાં? '**ક્ષણમાત્રમાં શુદ્ધ**

**બુદ્ધ એક સ્વભાવ...**' આહાહા..! શિષ્યનો પ્રશ્ન પણ આવડો મોટો છે. પવિત્ર બુદ્ધ-જ્ઞાનપિંડ અને એકરૂપ સ્વભાવ. પર્યાયનો ભેદ પણ જેમાં નહિ. આહાહા..! રાગ તો નહિ, પણ મતિ-શ્રુત આદિ જ્ઞાનની પર્યાયના જે પાંચ ભેદ છે, એ પણ નહિ. એકરૂપ. સૂક્ષ્મ વાત છે, ભગવાન! આહાહા..! શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ '**અપની આત્મા જાની જાતી હૈ, વહ જ્ઞાન મુજકો પ્રકાશિત કરો,...**' આહાહા..! હે નાથ! મને બતાવો. અમારી તો એ પિપાસા છે, અમારે બીજું કાંઈ જોઈતું નથી. આહાહા..! અમારે લક્ષ્મી જોઈએ નહિ, પુણ્ય જોઈતું નથી, સ્વર્ગ જોઈતું નથી, કાંઈ જોઈતું નથી, અમને તો આ એક બતાવો. આહા..! આત્માની લક્ષ્મી શું છે? એ બતાવો, પ્રભુ! એમ કહે છે. આહાહા..!

'**દૂસરે વિકલ્પ-જાલોંસે કુછ ફાયદા નહીં હૈ,..**' છે? બીજી વિકલ્પની જાળ, પુણ્ય-પાપની વૃત્તિઓથી અમારે કાંઈ લાભ નથી. '**ક્યોંકિ યે રાગાદિક વિભાવોંકે બઢાનેવાલે હૈં.**' આહાહા..! એ તો પુણ્ય-પાપના વિકલ્પ ક્રિયાકાંડમાં વધારનારા છે, વિકલ્પ વધારનારા છે, એ આત્મા નહિ. આહાહા..! આહા..! '**રાગાદિ વિભાવોંકે બઢાનેવાલે હૈં. સારાંશ યહ હૈ કિ મિથ્યાત્વ રાગાદિ વિકલ્પોંસે રહિત...**' મિથ્યાત્વ નામ વિપરીત માન્યતા કે જે પુણ્યભાવ શુભભાવથી ધર્મ થાય છે, પાપભાવમાં મજા પડે છે, એવો મિથ્યાત્વભાવ. આહાહા..! અને રાગ-દ્વેષ. એવા વિકલ્પથી રહિત '**તથા નિજ શુદ્ધ આત્માનુભવરૂપ જિસ જ્ઞાનસે અંતર્મુહૂર્તમેં હી પરમાત્માકા સ્વરૂપ જાના જાતા હૈ,..**' દેખો! એ સમ્યગ્જ્ઞાનનો તો અંતર્મુહૂર્તમાં અનુભવ થાય છે, કહે છે. ભાષા કેમ આવી કરી? કે આવા બાહ્ય તપ ને વ્રત, તપ તો અનંતવાર કર્યા. તોપણ હાથ ન આવ્યો અને સમ્યગ્જ્ઞાન અનુભવ કરતાં તો ક્ષણમાત્રમાં હાથ આવી જાય છે. આહાહા..! છે?

'**જિસ જ્ઞાનસે અંતર્મુહૂર્તમેં હી...**' નિજ પરમાત્મા પૂર્ણાનંદ પ્રભુ, '**જાના જાતા હૈ, વહી જ્ઞાન ઉપાદેય હૈ.**' આહાહા..! જે જ્ઞાનથી પૂર્ણાનંદનો નાથ અંતરમાં જણાય છે એ જ્ઞાન આત્મજ્ઞાન ઉપાદેય છે. ગ્રહણ કરવા લાયક હોય તો એ છે, બીજી ચીજ ઉપાદેય નથી. આહાહા..! '**ઐસી પ્રાર્થના શિષ્યને શ્રીગુરુસે કી.**' હવે એનો ઉત્તર ગુરુ આપે છે. ૧૦૫.

---

**अत उर्ध्वं सूत्रचतुष्टयेन ज्ञानस्वरूपं प्रकाशयति –**

**१०५) अप्पा णाणु मुणेहि तुहुँ जो जाणइ अप्पाणु।**
**जीव–पएसहिँ तित्तिडउ णाणेँ गयण–पवाणु।।१०५।।**

**आत्मानं ज्ञानं मन्यस्व त्वं यः जानाति आत्मानम्।**
**जीवप्रदेशैः तावन्मात्रं ज्ञानेन गगनप्रमाणम्।।१०५।।**

**अप्पा णाणु मुणेहि तुहुं प्रभाकरभट्ट आत्मानं ज्ञानं मन्यस्व त्वम्। यः किं करोति। जो जाणइ अप्पाणु यः कर्ता जानाति। कम्। आत्मानम्। किंविशिष्टम्। जीवपएसहिं तित्तिडउ**

जीवप्रदेशैस्तावन्मात्रं लोकमात्रप्रदेशम्। अथवा पाठान्तरम्। 'जीवपएसहिं देहसमु' तस्यार्थो निश्चयेन लोकमात्रप्रदेशोऽपि व्यवहारेणैव संहारविस्तारधर्मत्वाद्देहमात्रः। पुनरपि कथंभूतम् आत्मानं णाणें गयणपवाणु ज्ञानेन कृत्वा व्यवहारेण गगनमात्रं जानीहीति। तद्यथा। निश्चयनयेन मतिश्रुतावधिमनःपर्ययकेवलज्ञानपञ्चकादभिन्नं व्यवहारेण ज्ञानापेक्षया रूपावलोकनविषये दृष्टिवल्लोकालोकव्यापकं निश्चयेन लोकमात्रासंख्येयप्रदेशमपि व्यवहारेण स्वदेहमात्रं तमित्थंभूतमात्मानम् आहारभयमैथुनपरिग्रहसंज्ञास्वरूपप्रभृतिसमस्तविकल्पकल्लोलजालं त्यक्त्वा जानाति यः स पुरुष ज्ञानादभिन्नत्वाज् ज्ञानं भण्यत इति। अत्रायमेव निश्चयनयेन पञ्चज्ञानादभिन्नमात्मानं जानात्यसौ ध्याता तमेवोपादेयं जानीहीति भावार्थः। तथा चोक्तम् – 'आभिणिबोहिय सुदोधिमणकेवल च तं होदि एगमेव पदं। सो एसो परमट्ठो जं लहिदुं णिव्वुदिं गादि।।'।।१०५।।

---

आगे श्रीगुरु चार दोहा–सूत्रोंसे ज्ञानका स्वरूप प्रकाशते हैं–श्रीगुरु कहते हैं, कि –

**गाथा – १०५**

अन्वयार्थ :– हे प्रभाकर भट्ट, [ त्वं ] तू [ आत्मानं ] आत्माको ही [ ज्ञानं ] ज्ञान [ मन्यस्व ] जान, [ यः ] जो ज्ञानरूप आत्मा [ आत्मानम् ] अपनेको [ जीवप्रदेशैः तावन्मात्रं ] अपने प्रदेशोंसे लोक–प्रमाण [ ज्ञानेन गगनप्रमाणम् ] ज्ञानसे व्यवहारनयकर आकाश–प्रमाण [ जानाति ] जानता है।

भावार्थ :– निश्चयनयकर मति श्रुत अवधि मनःपर्यय केवल इन पाँच ज्ञानोंसे अभिन्न तथा व्यवहारनयसे ज्ञानकी अपेक्षारूप देखनेमें नेत्रोंकी तरह लोक–अलोकमें व्यापक है। अर्थात् जैसे आँख रूपी पदार्थोंको देखती हैं, परंतु उन स्वरूप नहीं होती, वैसे ही आत्मा यद्यपि लोक–अलोकको जानता है, देखता है, तो भी उन स्वरूप नहीं होता, अपने स्वरूप ही रहता है, ज्ञानकर ज्ञेय प्रमाण है, यद्यपि निश्चयसे प्रदेशोंकर लोक–प्रमाण है, असंख्यात प्रदेशी है, तो भी व्यवहारनयकर अपने देह–प्रमाण है, ऐसे आत्माको जो पुरुष आहार, भय, मैथुन परिग्रहरूप चार वांछाओं स्वरूप आदि समस्त विकल्पकी तरंगोंको छोड़कर जानता है, वही पुरुष ज्ञानसे अभिन्न होनेसे ज्ञान कहा जाता है। आत्मा और ज्ञानमें भेद नहीं है, आत्मा ही ज्ञान है। यहाँ सारांश यह है, कि निश्चयनयकरके पाँच प्रकारके ज्ञानोंसे अभिन्न अपने आत्माको जो ध्यानी जानता है, उसी आत्माको तू उपादेय जान। ऐसा ही सिद्धांतोंमें हरएक जगह कहा है – 'आभिणि' इत्यादि। इसका अर्थ यह है, कि मति श्रुत अवधि मनःपर्यय केवलज्ञान ये पाँच प्रकारके सम्यग्ज्ञान एक आत्माके ही स्वरूप हैं, आत्माके बिना ये ज्ञान नहीं हो सकते, वह आत्मा ही परम अर्थ है, जिसको पाकर वह जीव निर्वाणको पाता है।।१०५।।

**ત્યાર પછી ચાર ગાથા સૂત્રોથી શ્રી ગુરુ જ્ઞાનનું સ્વરૂપ પ્રકાશે છે.**

**ભાવાર્થ :- નિશ્ચયનયથી (આત્મા) મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન એ પાંચ જ્ઞાનથી અભિન્ન છે. જેવી રીતે આંખ રૂપ દેખવાના વિષયમાં એક પ્રકારે (વ્યવહારનયથી) વ્યાપક કહેવાય છે તેવી રીતે, વ્યવહારનયથી જ્ઞાનની અપેક્ષાએ લોકાલોક વ્યાપક છે, નિશ્ચયથી લોક જેટલો અસંખ્યાત પ્રદેશી છે, વ્યવહારથી સ્વદેહપ્રમાણ છે-આવા આત્માને આહાર-ભય-મૈથુન-પરિગ્રહસંજ્ઞાસ્વરૂપથી માંડીને સમસ્ત વિકલ્પજાળનો ત્યાગ કરીને જે જાણે છે તે પુરુષ જ જ્ઞાનથી અભિન્ન હોવાથી જ્ઞાન કહેવાય છે.**

**અહીં, નિશ્ચયનયથી આ જ પાંચ જ્ઞાનથી અભિન્ન આત્માને જે ધ્યાતા જાણે છે તેને જ ઉપાદેય જાણો, એવો ભાવાર્થ છે. (શ્રી સમયસાર ગાથા ૨૦૪માં) કહ્યું પણ છે કે 'आभिणिबोहिय सुदोधिमणकेवलं च तं होदि एक्कमेव पदं। सो एसो परमट्ठो जं लहिदुं णिव्वुदिं जादि।।' અર્થ : મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન-તે એક જ પદ છે કારણ કે જ્ઞાનના સર્વ ભેદો જ્ઞાન જ છે; તે આ પરમાર્થ છે (શુદ્ધનયના વિષયભૂત જ્ઞાનસામાન્ય જ આ પરમાર્થ છે-) કે જેને પામીને આત્મા નિર્વાણને પ્રાપ્ત થાય છે. ૧૦૫.**

## ગાથા-૧૦૫ ઉપર પ્રવચન

**૧૦૫) अप्पा णाणु मुणेहि तुहुँ जो जाणइ अप्पाणु।**
**जीव-पएसहिँ तित्तिडउ णाणेँ गयण-पवाणु।।१०५।।**

**'આગે શ્રીગુરુ ચાર દોહા-સૂત્રોંસે જ્ઞાનકા સ્વરૂપ પ્રકાશતે હૈં-શ્રીગુરુ કહતે હૈં, કિ-'**

**અન્વયાર્થ :- 'હે પ્રભાકર ભટ્ટ, તૂ આત્માકો હી જ્ઞાન જાન,...'** આહાહા..! શાસ્ત્રજ્ઞાન એ જ્ઞાન નહિ. ભગવાન ચૈતન્યમૂર્તિ આત્મા તે જ્ઞાન છે. સમજાય છે કાંઈ? સાકર તે ગળપણ છે. ગળપણ કહે છે? મીઠાશ. એમ આત્મા સાકર સમાન જ્ઞાનસ્વરૂપ છે. એમાં રાગ કે વિકલ્પ છે નહિ. આહાહા..! **'આત્માકો હી જ્ઞાન જાન, જો જ્ઞાનરૂપ આત્મા અપનેકો...'** આહાહા..! **'અપને પ્રદેશોંસે લોક-પ્રમાણ...'** જરી વાત કરે છે. અસંખ્ય પ્રદેશી આત્મા છે. અસંખ્ય પ્રદેશ નામ જેમ સોનાની સાંકળી હોય છે ને? સાંકળી. હજાર મકોડાની. સૂક્ષ્મ વાત છે. એમ આત્મા મકોડા એ પ્રદેશ છે. સોનાની સાંકળી હોય છે ને? મકોડા કહે છે? કડી... કડી. ઈ એક એક કડી. એક કડી એક પ્રદેશ. એમાં સોનું છે એ ગુણ. સમજ્યા? અને આખી સાંકળી એક. એમ ભગવાનઆત્મા એક એક પ્રદેશ એમાં છે. કડી સમાન. એ પ્રદેશમાં અનંત જ્ઞાનાદિ છે અને એ અસંખ્ય પ્રદેશનો પિંડ-સાંકળી એમ આત્મા છે. સમજાય છે કાંઈ? સાંકળી સમજો છો? આ ચેન નથી કરતા? ચેન કહે છે ને? કડી કહે.

એ કડી બરાબર છે. એની એક એક કડી હોય ને? ચેનની. એમ ભગવાન અસંખ્ય કડી- અસંખ્ય પ્રદેશી છે. એ સર્વજ્ઞ સિવાય કોઈએ એવું જોયું જ નથી. સમજાય છે કાંઈ?

'શ્રીમદ્ રાજચંદ્ર' પણ કહે છે. 'શ્રીમદ્ રાજચંદ્ર' જ્ઞાની થઈ ગયા. ગૃહસ્થાશ્રમમાં હતા. સમ્યગ્જ્ઞાની થઈ ગયા. એક ભવે મોક્ષ જશે. લાખોનો ઝવેરાતનો વેપાર હતો. ત્યાં 'મુંબઈ'. પણ સમ્યગ્દર્શન એ તો કોઈ અલૌકિક ચીજ, બાપુ! આહા..! ગૃહસ્થાશ્રમમાં હતા પણ સ્વર્ગમાં ગયા છે, ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જનારા છે. 'તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે.' એમ પોતે કહી ગયા છે. 'અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે..' થોડો રાગ બાકી રહે છે. અમે દેહ છોડી જઈએ છીએ, અમારી પૂર્ણ દશા નથી થઈ. તો હવે અમે કહીએ છીએ કે એક ભવ કરી, 'જાશું સ્વરૂપ સ્વદેશ રે..' એ રાગને તોડી એક ભવ કરી અમે કેવળજ્ઞાન પામશું. અમારા નિજઘરમાં જશું. આહાહા..! સમજાય છે કાંઈ? એમણે 'આત્મસિદ્ધિ'માં એક શ્લોક બનાવ્યો છે.

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ
બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ રે..
ગુણવંતા જ્ઞાની, અમૃત વરસ્યા રે પંચમકાળમાં..

'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન' ભગવાન શુદ્ધ નામ પૂર્ણ છે. બુદ્ધ નામ જ્ઞાનનો પિંડ છે. ચૈતન્યઘનનો અસંખ્ય પ્રદેશી છે. અહીં ઈ કહેવું હતું. ચૈતન્યઘન છે એ અસંખ્ય પ્રદેશી છે. જેમ કડી કીધી ને? એક હજાર કડીની સાંકળી-ચેન. એમ અસંખ્ય પ્રદેશી આત્મા (છે). સર્વજ્ઞ સિવાય એ વાત ક્યાંય નથી. આહાહા..! એનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ છે. એમાં અનંત ગુણ છે. સ્વયં જ્યોતિ છે-પોતાથી છે, કોઈએ બનાવી નથી. સુખધામ છે, એ આનંદનું સ્થાન છે. સુખનું ધામ છે. અતીન્દ્રિય આનંદનું ક્ષેત્ર છે. 'બીજું કહીએ કેટલું' એનું ધ્યાન કર, એમ કહે છે. 'કર વિચાર તો પામ' કોઈ ક્રિયા કર તો પામ, એમ નથી કહ્યું. એ જ્ઞાન કરીને અંદર ઠર તો પામ. સમજાય છે કાંઈ? આહાહા..!

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત.
રે ગુણવંતા રે જ્ઞાની અમૃત વરસ્યા રે પંચમકાળમાં...

અમૃતનો સાગર ઉછળ્યો અંદરથી. આહાહા..! સમ્યગ્દર્શન થયું. ચૈતન્ય જ્ઞાનમયી અંદરમાં છે એમ દૃષ્ટિ કરી. એ પુણ્ય-પાપની ક્રિયા નહિ, શરીર-વાણી, મન કંઈ એમાં નથી. એમ અંતર દૃષ્ટિ કરવાથી ભગવાન પોતાનું સ્વરૂપ જાગૃત થયું. સમ્યગ્દર્શન, ક્ષણમાત્રમાં સમ્યગ્દર્શન થયું. શું કહે છે? આહાહા..! પોતાની જ્ઞાનની પર્યાયને અંતરમાં ઝુકવાથી ક્ષણમાત્રમાં પરમાત્મા પ્રાપ્ત થાય છે અને એ સિવાય લાખ ક્રિયા, ક્રોડ કરે તોપણ પુણ્યબંધ થાય અને સ્વર્ગમાં જાશે, પણ ભવભ્રમણ ઘટશે નહિ, એમ કહે છે. એવી વાત છે, ભગવાન! દુનિયાને આકરી લાગે, શું થાય? વસ્તુ તો જે છે એવી રહેશે. આહાહા..!

એ **'जीवप्रदेशैः तावन्मात्रं ज्ञानेन गगनप्रमाणम्' 'વ્યવહારનયકર આકાશ-પ્રમાણ**

**જાનતા હૈ.**' અસંખ્ય પ્રદેશી છે. લોકાકાશ છે એટલા પ્રદેશ છે. ઝીણી વાત છે. આ લોક ચૌદ બ્રહ્માંડ છે ને? જેટલા આકાશના પ્રદેશ છે એટલા એક જીવના પ્રદેશ છે. '**વ્યવહારનયકર આકાશ-પ્રમાણ જાનતા હૈ.**' અથવા અહીંયાં એવો પણ પાઠ છે, એમ સમજવું કે નિશ્ચયનયકર લોકપ્રમાણ છે. શું કહે છે? એના પ્રદેશ આખો લોક છે એટલા પ્રમાણમાં અસંખ્ય પ્રદેશ છે. છે તો આટલા શરીર પ્રમાણે, પણ એના પ્રદેશની સંખ્યા કેટલી છે? લોકના આકાશના પ્રદેશ જેટલી સંખ્યા છે. આરે..! આરે આ વાત. તોપણ વ્યવહારનયથી સંકોચ વિસ્તાર સ્વભાવ હોવાથી શરીરપ્રમાણે અત્યારે છે. આહાહા..! શરીર પ્રમાણે છે.

**ભાવાર્થ :- '‌નિશ્ચયનયકર મતિ શ્રુત અવધિ મનઃપર્યય કેવલ ઈન પાંચ જ્ઞાનોંસે અભિન્ન...**' આહાહા..! આ ગાથામાં પેલો દાખલો આપશે ને. પેલો નિર્જરાનો. '**आभिणि बोहीज्ञाननो**' પાંચ જ્ઞાનનો, એ દાખલો આપશે. આહાહા..! અરે..! સાંભળો પ્રભુ! એમાં શરીર તો નથી, દયા, દાન, વ્રતના વિકલ્પ તો નથી પણ જ્ઞાનના પાંચ ભેદ છે એમ પણ અંતરમાં નથી. આહાહા..! પર્યાયબુદ્ધિ ઉડાવે છે. રાગબુદ્ધિ ઉડાવી, નિમિત્તબુદ્ધિ ઉડાવી અને પર્યાયબુદ્ધિ ઉડાવીને દ્રવ્યબુદ્ધિ કરાવે છે. આહાહા..! અરે..! કોણ દરકાર કરે? ભાઈ! ચોર્યાસી લાખમાં રખડીને મરી ગયો છે. કાગડા, કૂતરા, નરકના વેદન કર્યા પણ ભૂલી ગયો પણ માળો. માતાના પેટમાં હતો, ત્યાંથી નીકળ્યો ત્યાં ઉંઆ.. ઉંઆ.. ત્યાં હું અને હું અહીં થઈ ગયું, જાવ. આહાહા..! ભૂલી ગયો, આહાહા..! બાપુ! તું ક્યા હતો અનંતકાળ? આદિ વિનાનો કાળ, નાથ! તેં ક્યાં ગાળ્યો છે તને ખબર છે? આહાહા..! શાસ્ત્ર તો કહે છે, તારા મરણ વખતે તારી માતાના રૂદન થયા. એવા અનંત માતાના રૂદનથી અનંતા દરિયા ભરાય એટલા રૂદન કર્યા, એવા અનંતા મરણ તેં કર્યા, પ્રભુ! એકવાર જુવાનીમાં તું મરી ગયો અને તારી માતા રોતી હતી, એના રૂદન, એવી અનંત માતાના રૂદન એકઠા કરો તો અનંતા સ્વયંભુરમણ સમુદ્ર ભરાય. એટલા ભવ તેં કર્યા ચોર્યાશીના અવતારમાં, ભાઈ! તને ખબર નથી. આહા..! એ આત્માના જ્ઞાન અને સમ્યગ્દર્શન વિના. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં શિષ્યને કહે છે, આહા..! '**નિશ્ચયયનકર મતિ શ્રુત અવધિ મનઃપર્યય કેવલ ઈન પાંચ જ્ઞાનોંસે અભિન્ન તથા વ્યવહારનયસે જ્ઞાનકી અપેક્ષારૂપ દેખનેમેં નેત્રોંકી તરહ લોક-અલોકમેં વ્યાપક હૈ.**' લોક-અલોકમાં વ્યાપક એટલે જાણનારો. આ જ્ઞાન છે એ લોક-અલોકને જાણે છે. લોક-અલોકમાં પેસતું નથી. આહાહા..! '**જૈસે આંખ રૂપી પદાર્થોંકો દેખતી હૈ,...**' આંખ.. આંખ. અગ્નિ દેખે, રૂપી દેખે. પણ આંખ ત્યાં અગ્નિપદાર્થમાં પેસે છે? આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

પોતાના આનંદસ્વરૂપનું ભાન થયું તો, સમ્યગ્દષ્ટિની શાસ્ત્રમાં ચર્ચા છે. આનંદનો અનુભવ થયો, પણ પછી પૂર્ણ સાધવા માટે માતા પાસે જઈને કહે છે, માતા! જનેતા! એકવાર રજા દે. મારો આનંદનો નાથ મારે સાધવો છે. આહાહા..! મારું આનંદસ્વરૂપ મારે

સાધવું છે. માતા! એકવાર રજા દે. મા! તારે રોવું હોય તો એકવાર રોઈ લે. પણ જનેતા! હું ફરીને ભવ નહિ કરું, બીજી માતા નહિ કરું. આહાહા..! મારા આત્માની મને એટલી લગની લાગી છે, આનંદના નાથને મારે પૂર્ણ (સાધવો) છે. આહાહા..! સમ્યગ્દર્શન થયા પછી આત્માના આનંદનો સ્વાદ આવ્યો. એક ક્ષણમાત્રમાં. આહાહા..! ભગવાન! આહાહા..! પછી પૂર્ણ આનંદની પ્રાપ્તિ કરવામાં દીક્ષિત થવાની ભાવના થઈ, માતાને કહે છે, મા! રજા દે એકવાર મને. માતા રોવે છે. બા! રોવું હોય તો રોઈ લે, બા! પણ ફરીને માતા નહિ કરું. મારા આનંદના નાથમાં અંદર ઘુસી જઈશ. મારું બધું ભવભ્રમણ ખલાસ થઈ ગયું. હું તો મુક્તિ પામવા દીક્ષિત થાઉં છું. આહાહા..! કોઈ પુણ્યબંધ કરીને સ્વર્ગમાં જવું એ મારી ચીજ નથી. આહાહા..!

સંપ્રદાયમાં અમે એક વાત કહેતા હતા. સંપ્રદાયમાં, હોં! સ્થાનકવાસીમાં ઉત્તરાધ્યયનમાં એક ચૌદમું અધ્યયન છે. અમે તો પહેલેથી થોડી થોડી વાત કરતા હતા. સ્પષ્ટ હવે બહાર આવી. ત્યાં બ્રાહ્મણના છ દીકરા છે એ દીક્ષિત થાય છે. પછી મા-બાપને છોકરાઓ કહે છે, 'અજ્જૈવ ધમ્મમ પડિવજ્જયામો, જહિં .. જ્ઞાન પુનભવામો, અણાગયમૈવ ...' હે માતા! નહિ પામેલી ચીજ કઈ રહી છે? અનંતકાળમાં અનંતવાર નરક અને સ્વર્ગ પામ્યો. પણ અણપામેલી ચીજ આનંદના નાથને મેં જોયો નહિ. મારા આનંદના નાથને મેં અનુભવ્યો નહિ. તો હું આત્મા, માતા! એમ કહું છું, અજ્જૈવ ધમ્મ.. હું આત્માના આનંદમાં રમણતા આજે અંગીકાર કરીશ. 'અજ્જૈવ ધમ્મમ..' માતા! આનંદના નાથને ભેટવા હું અંદર જાઉં છું. માતા! ફરીને કહું છું, ફરીને હું ભવ નહિ કરું. આહાહા..! 'જહી પવન્નામ પુનઃ ભવામો' માતા! '...' આ જગતની કઈ ચીજ અણપામી રહી છે? અનંતવાર શેઠ, રાંકો, ભિખારી થયો. પ્રભુ! '...' માતા! શ્રદ્ધા કર, શ્રદ્ધા કર. મને રજા દે. મા! હું તો વનવાસમાં જઈશ. આહાહા..! જ્યાં આનંદનો નાથ મારો પ્રભુ છે, તેને સાધવા હું તો વનવાસમાં જઈશ. આહાહા..! અરે..! સંસારમાં મડદાને ઉપાડીને લઈ જાય છે, તો માતા! હું તો શરીરને ઉપાડીને મસાણમાં ચાલ્યો જાઉં છું. મારી ચીજ અંદર પડી છે તેને સાધવા, એમાં એકાગ્ર થવા (જાઉં છું). આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાત છે, ભગવાન! આહાહા..! સંપ્રદાયમાં તો હજારો માણસ સાંભળતા હતા. તે વખતે પણ અમારી પ્રતિષ્ઠા તો ઘણી હતી ને. નાની ઉંમરમાં હજાર, પંદરસો માણસ. 'બોટાદ'. અપાસરામાં તો સમાય નહિ પછી શેરી.. શેરી સમજ્યા? ગલી. એમાં માણસ.. માણસ.. માણસ. આ વાત ચાલે એટલે લોકો તો.. બાપુ! માર્ગ આ છે, નાથ! અંતર આનંદનો નાથ પ્રભુ છે, એને સાધવો છે. બીજી કોઈ ક્રિયા-ક્રિયાથી આત્મા મળે એવું નથી. આહાહા..! કહો, શેઠ! આહા..!

એ અહીં શિષ્યને કહે છે, નિશ્ચયથી તો આત્મા અસંખ્ય પ્રદેશી, અખંડ, વ્યવહારથી પાંચ પર્યાય છે અને શરીર પ્રમાણે છે. '**જૈસે આંખે રૂપી પદાર્થોંકો દેખતી હૈ, પરંતુ ઉન સ્વરૂપ નહીં હોતી,..**' આંખ છે એ અગ્નિને જોવે, પણ આંખ અગ્નિના સ્વરૂપમાં પેસતી નથી. આહાહા..! '**ઉન સ્વરૂપ નહીં હોતા, અપને સ્વરૂપ હી જ્ઞાન રહતા હૈ, જ્ઞાનકર જ્ઞેય**

**પ્રમાણ હૈ...**' આહા..! શું કહે છે? ભગવાન તો જ્ઞાનમાં જેટલા અનંત જ્ઞેય છે તેને જાણવાની તારી શક્તિ છે, પણ તું તારામાં રહીને જ્ઞેયને જાણે છે. પરમાં જ્ઞેયમાં પ્રવેશ કરીને જાણે છે એમ નથી. તારા અસંખ્ય પ્રદેશમાં રહે છે. આહા..! આનંદનો નાથ પ્રભુ! આહાહા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ છે, પ્રભુ! આ તો જન્મ-મરણથી રહિતની વાતું છે, નાથ! બાકી જન્મ-મરણ કરીને અનંતવાર મરી ગયો. સ્વર્ગમાં ગયો, નવમી ગ્રૈવેયક. અનંત પુદ્‌ગલ પરાવર્તન (કર્યા), બાપા! આહાહા..! મુનિ થયો, પંચ મહાવ્રત પાળ્યા, ઉત્કૃષ્ટ ક્રિયા બહુત કરી પણ આત્મજ્ઞાન સમ્યગ્દર્શન ન થયું. આહા..! અનંત પુદ્‌ગલ પરાવર્તન સ્વર્ગના કર્યા. માતા! હવે મારે ભવ કરવા નથી. મારા નાથમાં ભવ નથી અને ભવનો ભાવ નથી. મારી ચીજમાં ભવ નથી અને મારી ચીજમાં ભવનો ભાવ નથી. મારી ચીજમાં તો એકલા જ્ઞાન અને આનંદ ભર્યા છે. આહા..! ભવ અને ભવના ભાવથી ખાલી અને નિજ આનંદ અને જ્ઞાનના ભાવથી ભરપુર (હું છું). આહાહા..! એમ ગુરુ શિષ્યને કહે છે. શિષ્ય! તું આમ જાણ, બાપુ! તારી ચીજ ત્યાં અંદર છે, ત્યાં જાને. સમજાય છે કાંઈ? આહાહા..!

કેવો છે આત્મા? દેહપ્રમાણ છે. '**ઐસે આત્માકો જો પુરુષ આહાર, ભય, મૈથુન, પરિગ્રહરૂપ ચાર વાંછાઓ સ્વરૂપ આદિ સમસ્ત વિકલ્પકી તરંગોંકો છોડકર...**' આહાહા..! આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા, વિકલ્પ એ બધા વિકલ્પને છોડી, હે પ્રભાકર! એ વિકલ્પને છોડીને નિર્વિકલ્પ આનંદમા જા, પ્રભુ! તને આત્મા મળશે. આહાહા..! પ્રભુના તને વિરહ રહ્યા, પ્રભુ! અંદરમાં જા તો એ વિરહ તારા તૂટી જશે. આહાહા..! એમ કહે છે. આ 'પરમાત્મપ્રકાશ'માં ૩૬ ગાથામાં આવ્યું છે. આહાહા..! જેને દયા, દાન, વ્રતના પરિણામ શુભભાવ આદિ ઉપાદેય છે તેને આત્મા હેય છે. આહાહા..! ૩૬ ગાથામાં આવી ગયું છે. જેને વિકલ્પ જે વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ વિકલ્પ રાગ છે તેને જેણે ઉપાદેય માન્યા, તેને આત્મા હેય છે અને જેણે આનંદના કંદને ઉપાદેય માન્યો, તેને રાગ હેય છે. આમ ગુંલાટ ખાય છે. આહાહા..! એ 'પરમાત્મપ્રકાશ'માં ૩૬ ગાથામાં આવી ગયું છે. આહાહા..! અરે..! આ વાત ક્યાં છે, પ્રભુ! આહાહા..!

શિષ્યને કહે છે, ચાર પ્રકારની વાંછા છોડ અને સમસ્ત વિકલ્પના તરંગ છોડ. '**છોડકર જાનતા હૈ,...**' આહાહા..! એ વિકલ્પની જાળ છોડીને અંતરમાં જાણે છે. વિકલ્પની જાળ રાખીને અંતરમાં જાણે છે એવી ચીજ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? '**વહી પુરુષ જ્ઞાનસે અભિન્ન હોનેસે જ્ઞાન કહા જાતા હૈ.**' જુઓ! શું કહે છે? એ વિકલ્પની જાળને છોડીને જ્ઞાનસ્વરૂપને જાણ્યું, તેણે આખા આત્માને જાણ્યો. સમજાય છે કાંઈ? કેમકે જ્ઞાનથી અભિન્ન જ્ઞાન કહેવાય છે. આત્માથી જ્ઞાન અભિન્ન છે. પુરુષ શબ્દે આત્મા. તેનાથી જ્ઞાન અભિન્ન છે. '**આત્મા ઔર જ્ઞાનમેં ભેદ નહીં હૈ,...**' આહાહા..! જાણક.. જાણક.. જાણક.. જાણક.. જાણક.. જાણક.. જાણક.. સ્વભાવ એ આત્મા. એ જાણકસ્વભાવથી આત્મા ભિન્ન નથી. વિકલ્પથી ભિન્ન છે. આહાહા..! મારગડા નાથ, બહુ ઝીણા, ભાઈ! અરેરે..! હાથ આવે નહિ એને અને એમ ને એમ રખડી ભવભ્રમણ કરે છે. બાપુ! શું કહે છે? આહાહા..!

ભગવાનઆત્મા વિકલ્પ જે શુભ-અશુભ છે તેનાથી ભિન્ન છે, પણ પોતાના જ્ઞાનથી અભિન્ન છે. એ જ્ઞાન તે આત્મા. જાણક.. જાણક.. જાણક સ્વભાવ તે આત્મા. સમજાય છે કાંઈ? ઝીણી વાત તો છે, પ્રભુ! આહા..! કદી કર્યું નથી, અભ્યાસ નહિ. આહાહા..! અંતરમાં આ જ્ઞાન છે ને? જાણવું.. જાણવું.. જાણવું.. એ જ્ઞાન છે તે આત્મા અને વિકલ્પ છે તે ભિન્ન છે. તો તારે આત્માને જાણવો હોય તો વિકલ્પને છોડી જ્ઞાનને પકડ અને જ્ઞાનને પકડવાથી આત્મા પકડાશે અને તને આનંદનો અનુભવ થશે, ત્યારે સમ્યગ્દર્શન થશે. આહાહા..! હજી તો સમ્યગ્દર્શનની વાત કરે છે. સમજાય છે કાંઈ? એવી વાત છે, પ્રભુ! આખી દુનિયાથી ભિન્ન ભગવાન છે. દેવ-ગુરુ-શાસ્ત્રથી પણ ભિન્ન છે. દેવ-ગુરુ-શાસ્ત્ર તો પર છે. આહાહા..!

પ્રભુ પરમાત્મા તો એમ કહે છે, પ્રભુ! મારી સામે જોવાથી તને વિકલ્પ થશે. આહાહા..! તું તારી સામું જોને અંદર. ત્રણલોકનો નાથ દિવ્યધ્વનિ દ્વારા એમ ફરમાવે. જિનવરદેવ. પ્રભુ! તું મારી સામે જોવે છો તો અમે તો તારાથી પરદ્રવ્ય છીએ. તને રાગ થશે. એય..! તું તારી સામું જોને. ભગવાન અંદર જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે ને. અરે..ભાઈ! તને આનંદ આવશે. અમારી સામું જોવાથી પ્રભુ! તને રાગ-દુઃખ થશે. આહાહા..! એ તો જિનવર ત્રિલોકનાથ કહે, વીતરાગ કહે. આહા..! અમારી ભક્તિ કરવાથી પણ રાગ થશે. તારી ભક્તિ કરવાથી વીતરાગતા થશે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! એ અહીં કહે છે, જુઓ!

'**સમસ્ત વિકલ્પ તરંગોંકો છોડકર...**' જ્ઞાનસ્વરૂપ જે ચૈતન્યબ્રહ્મ પ્રજ્ઞાબ્રહ્મ જે આત્મા, એ જ્ઞાનને પકડવાથી જ્ઞાન અને આત્મા અભિન્ન છે. આહાહા..! સમજાય છે કાંઈ? રાગથી જ્ઞાન ભિન્ન છે એમ જ્ઞાનથી આત્મા ભિન્ન નથી. વિકલ્પ જે દયા, દાનના છે એનાથી જ્ઞાન ભિન્ન છે, એમ આત્મા જ્ઞાનથી ભિન્ન નથી, જ્ઞાનથી આત્મા અભિન્ન છે. આહાહા..! ભારે કઠણ, પકડવું કઠણ. અરે..! ચોર્યાશીના અવતાર મનુષ્યદેહમાં ટાળવાના આ ટાણા છે, પ્રભુ! આ ભવ અનંત ભવના અભાવને માટે મળ્યો છે. આહાહા..! સમજાય છે કાંઈ? એક ભવમાં અનંત ભવનો અભાવ કરવાનો કાળ છે, પ્રભુ! અહીં તો આ વાત, મોસમ આ છે. કહો, દરબાર! તમારે મોસમ પાકે ને? દાણા, ઘઉં બહુ પાકે તમારે ત્યાં. આહાહા..! એ મોસમ નહિ, બાપા! એ તો હોળી છે. ન્યાં લક્ષ જાય તો રાગ થાશે, અગ્નિ થાશે. આ નાથ તારો પ્રભુ અંદર છે ને, ભાઈ! તને મહાત્મ્યની ખબર નથી. આહાહા..!

એક મોટો પુરુષ કરોડપતિ આવ્યો હોય, એની સાથે વાત ન કરતાં બાળક સાથે વાત કરે અને પેલાને ઉઠી જાવું પડે. શું કહ્યું? એક માણસ પા કલાક વાત કરવા આવ્યો. તો એ વખતે બાળક સાથે વાત કરવા વળગ્યો. ઉઠીને ચાલ્યો ગયો. હું આવ્યો છું ને મારી સાથે વાત કરતો નથી. એમ પરમાત્મા ત્રિલોકનાથ અંદર બિરાજે છે, એની સામું દેખતો નથી અને વિકલ્પ સામું જુએ છે તો પેલી ચીજ ચાલી જાય છે. ભાઈ! આહાહા..! આમ ભગવાન કહે છે, હોં! આહાહા..! બાપુ! અહીં તો આત્માની વાત છે, નાથ! આત્મધર્મ કેમ થાય ઈ વાત

છે. બાકી તો બધું કર્યું ને બધું જાણ્યું. આહાહા..! લ્યો!

**‘યહાં સારાંશ યહ હૈ કિ નિશ્ચનયકર પાંચ પ્રકારે જ્ઞાનોંસે અભિન્ન અપને આત્માકો જો ધ્યાની જાનતા હૈ,...’** દેખો! આહાહા..! જરી સૂક્ષ્મ વાત છે. એમ કહે છે કે નિમિત્તનું લક્ષ તો છોડી દે, રાગનું લક્ષ છોડી દે અને જ્ઞાનની જે પાંચ પર્યાય થાય છે, એનું લક્ષ છોડી દે. આહાહા..! ગજબ વાત કરે છે! જ્ઞાનની પર્યાયના ભેદ છે ને? મતિ, શ્રુત, અવધિ આદિ પાંચ એ ભેદ છે. એ ભેદનું લક્ષ છોડી દે. એકલું જ્ઞાયકસ્વરૂપ અંદર અભેદ છે એની દૃષ્ટિ કર, તને આત્મા પ્રાપ્ત થશે. ભગવાન! તારી વાત તો આવી છે, નાથ! તને શું કહેવું? તું કોણ છો, કેવડો છો, બાપુ! તને ખબર નથી. આહાહા..! તારી વાત સર્વજ્ઞે જાણી પણ પૂરી કહી શક્યા નહિ. એવી તારી ચીજ અંદર છે, પ્રભુ! આહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ..બાપા! આ તો વખત છે, ભાઈ! તારે કરવાની આ મોસમ છે. મૂકી દે બધું, આ કર. આહાહા..! એમ ગુરુ શિષ્યને કહે છે. એ દાખલો આપશે..

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, ભાદરવા સુદ ૧૨, રવિવાર
## તા. ૫-૦૯-૧૯૭૬, ગાથા-૧૦૫, ૧૦૬ પ્રવચન નં. ૮૨

આત્માના દસ પ્રકારના ધર્મ છે. ઉત્તમ એટલે આત્માના અનુભવ સહિત. ઉત્તમક્ષમા કહે છે ને? આજે ઉત્તમત્યાગ. આજે આઠમો દિવસ છે ને? લોકોને આત્મા ચીજ શું છે એની ખબર નથી અને એની કિંમત કર્યા વિના બધો ત્યાગ રાગાદિનો કે સંસારનો, એ બધો વ્યર્થ છે. ત્યાગ છે ને?

આત્મા જ્ઞાનાનંદ સહજાનંદ સ્વરૂપનો અનુભવ થાય, પુણ્ય-પાપના વિકલ્પથી, રાગથી ભિન્ન.. એ હમણાં આવશે, એવો આત્મા ચિદાનંદ સ્વરૂપ અખંડાનંદ કંદ છે, આનંદપુંજ અને આનંદકંદ છે. એ ખબર ક્યાં છે. કોઈ દિ’ જાણ્યું નહિ. એ વિના ક્રિયા કરો, વ્રત કરો, તપ કરો. સમજાય છે કાંઈ?

એ કહે છે કે દસલક્ષણી પર્વમાં આજે આઠમો દિવસ ત્યાગધર્મનો છે. ત્યાગની વ્યાખ્યા શું? પોતાના આનંદસ્વરૂપમાંથી વિકલ્પનો પણ ત્યાગ કરવો. આહાહા..! એ વાત છે. પરના ત્યાગ ગ્રહણ તો આત્મામાં છે જ નહિ. ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ. ભગવાનઆત્મામાં એવી એક શક્તિ છે, ગુણ છે, સ્વભાવ છે કે પરના ત્યાગ ને ગ્રહણ રહિત જ છે. પરનો ત્યાગ કરવો કે પરને ગ્રહણ કરવું એ આત્મામાં છે જ નહિ. આ તો પરને છોડો, પરને છોડો. શું છોડે? પર તો છૂટું જ પડ્યું છે. પરનો ત્યાગ ને પરનું ગ્રહણથી રહિત ભગવાનઆત્મામાં

ત્યાગઉપાદાનરહિત શક્તિ છે. તો પરના ત્યાગની વાત અહીંયાં નથી.

અહીંયાં તો સમ્યગ્દર્શનમાં આત્માના અતીન્દ્રિય આનંદનું વેદન-અનુભવ થયું છે, એમાં જરી આનંદની સ્થિરતા પણ આવી. એમાં થોડો રાગ રહી જાય છે એને પોતાના આનંદમાં લીન રહીને રાગને છોડવો એનું નામ ત્યાગધર્મ કહેવાય છે. વ્યાખ્યા આકરી બહુ. સમજાય છે કાંઈ? એ કહે છે.

'**શાસ્ત્રોંકા ભલિભાંતિ વ્યાખ્યાન કરના...**' સમ્યગ્દર્શનપૂર્વક આત્માના આનંદના ભાન સહિત શાસ્ત્રનું વ્યાખ્યાન કરવું. અર્થાત્ શાસ્ત્રમાં એમ કહ્યું છે કે રાગથી પણ તારી ચીજ ભિન્ન છે. અને રાગથી દયા, દાન, વ્રતથી પણ તારું કલ્યાણ થયું નહિ. એવું વ્યાખ્યાન કરવું. એમ કહે છે. સમજાય છે કાંઈ? શાસ્ત્રનું વ્યાખ્યાન કરવું. શાસ્ત્ર વીતરાગભાવ બતાવે છે. તો વીતરાગભાવ ક્યારે થશે? જ્યારે ચિદાનંદ ભગવાનઆત્મા પૂર્ણાનંદ પ્રભુનો આશ્રય લઈને, એ ધ્રુવનું ધ્યાન કરીને. આહાહા..! ચીજ અનાદિકાળથી પડી રહી અને બહારથી બધું માન્યું. 'છાર પર લીપણું તેહ જાણો'. છાર પર લીપણું, સમજો છો? રાખ હોય ને? ભસ્મ-રાખ. એનું ઉપર લીપણ કરે એ રહે? 'આનંદઘનજી' કહે છે. સમજાય છે કાંઈ? 'દેવ-ગુરુ-ધર્મની શુદ્ધિ કહો કેમ રહે? કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો, શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ ક્રિયા કરે, છાર પર લીપણું તેહ જાણો'. અમારે અહીંયાં ગાર કહે છે. હેઠે રાખ હોય ને ઉપર ગાર. રહે નહિ, પોપડા ઉખડીને નીકળી જાય. આહાહા..! સમજાય છે કાંઈ?

એમ ભગવાનઆત્મા જ્ઞાન ને આનંદસ્વરૂપથી પૂર્ણાનંદ પ્રભુ છે, એનો અનુભવ, શ્રદ્ધા-દૃષ્ટિ નહિ, એ વિનાની જેટલી ક્રિયા એ બધી છાર પર લીંપણું છે. આહાહા..! એ કહે છે. એમ (વ્યાખ્યાન) કરવું. શાસ્ત્રનું આવું વ્યાખ્યાન કરવું. શાસ્ત્ર એમ કહે છે કે રાગ ને નિમિત્તની ઉપેક્ષા કર અને તારી ચીજ છે તેની અપેક્ષા કર. એમ શાસ્ત્ર કહે છે. શાસ્ત્રનું એવું કથન કરવું એ શાસ્ત્રની વ્યાખ્યા છે. આમ દયા પાળો ને વ્રત પાળો ને ભક્તિ કરો એનાથી તારું કલ્યાણ થશે, એ શાસ્ત્રની વ્યાખ્યા છે જ નહિ. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! અનંતકાળમાં કદી કરી નથી. અનંત અનંત અવતાર થયા. કીડા, કાગડા, કૂતરા, નરક, ઢોર, પશુ અનંત અવતાર થયા. અનાદિકાળનો છે. પણ એ ચીજની પ્રતીતિ, અનુભવ અને શુદ્ધ શ્રદ્ધા વિના અનંતકાળ ગયો.

અહીંયાં એ કહે છે, શ્રદ્ધાની વ્યાખ્યા-આત્મા પૂર્ણાનંદસ્વરૂપ, એ સંયોગી ચીજનું પણ લક્ષ છોડી દે અને અંદર દયા, દાનના વિકલ્પ આવે છે તેનું પણ લક્ષ છોડી દે અને એક સમયની પર્યાય જે પ્રગટ દશા છે, તેનું પણ લક્ષ છોડી દે, એમ શાસ્ત્ર કહે છે. એ સિવાય બીજી રીતે કહેવું એ શાસ્ત્રથી વિરૂદ્ધ છે. સમજાય છે કાંઈ? એ પહેલો શબ્દ છે-વ્યાખ્યાન કરવું.

'**મુનિયોં કો પુસ્તક, સ્થાન...**' આદિ રાગ ઘટાડીને આપવા. પણ એ સમ્યગ્દર્શન સહિતની અહીંયાં વાત છે. આત્માની શુદ્ધ શ્રદ્ધા-હું જ્ઞાતા-દૃષ્ટા છું, એવા ભાન સહિત રાગની મંદતા ઘટાડી દેવી, છોડી દેવી અને સ્વરૂપમાં સ્થિરતા કરવી, એ મુનિઓને પુસ્તક

આદિ દેવાના ભાવમાં આવે છે. રાગનો ત્યાગ કરવો. સમજાય છે કાંઈ? આકરી વાત, બાપા! પુસ્તક તો પર વસ્તુ છે, લે દે કોણ? દે કોણ, લે કોણ? ઝીણી વાત, ભાઈ! એક આંગળી પણ આમ ચાલે છે એ આત્મા કરી શકે નહિ. આ તો જડ છે. આમ ચાલે એ તો જડથી થાય છે. એનો ત્યાગગ્રહણ કરે એવો આત્મા છે જ નહિ. આહાહા..! તો પુસ્તક દેવું-લેવું એ ક્રિયા આત્માની નહિ. અંદરમાં આત્માના આનંદના ભાનની ભૂમિકા સહિત એ તરફમાં રાગ ઘટાડી પરને ચીજ દેવામાં રાગ ઘટે અને વીતરાગતા વધે એનું નામ ત્યાગધર્મ કહેવાય છે. આવી વ્યાખ્યા છે. મોટી લાંબી છે. એક જ ગાથા થઈ. ચાલતો અધિકાર, ૧૦૫ છે ને? ૧૦૫ શ્લોક. ક્યાં આવ્યું? '**આત્માકો તૂ ઉપાદેય જાન.**' ત્યાં સુધી આવ્યું છે.

'**ઐસા હી સિદ્ધાંતોંમેં હરએક જગહ કહા હૈ–**' શું છે? ઓહોહો..! 'સમયસાર'ની ૨૦૪ ગાથા છે. આ ગાથા 'સમયસાર' છે ને આપણે? બપોરે વંચાય છે, એની ૨૦૪ ગાથા છે. '**आभिणि**' '**ઈસકા અર્થ...**' સૂક્ષ્મ છે, ભગવાન! એકવાર સાંભળ! આત્મા આત્મા તો કહે છે, પણ આત્મા શું ચીજ છે એની ખબર નથી. આત્મામાં શરીર, કર્મ ને રાગ તો નથી પણ એનો જ્ઞાનસ્વભાવ જે છે, એની જ્ઞાનની જે પાંચ પર્યાય છે, મતિ, શ્રુત, અવધિ આદિ, એ પાંચ પર્યાયના ભેદ પણ અંદર નથી. સમજાય છે કાંઈ? એકરૂપ ચિદાનંદ વિજ્ઞાનઘન ભગવાન, ભાઈ! આત્માની વાત... એને મૂકીને બધું (કર્યું). વરને મૂકી જાન જોડી દીધી. વર નહિ. અમારે વર કહે છે. દુલ્હા. એમ ભગવાનઆત્માના ભાન વિના બધું કર્યું. ભક્તિ કરી, પૂજા કરી, વ્રત કર્યા, તપ કર્યા. આહાહા..! અહીં આચાર્ય કહે છે, ભગવાનઆત્મા તો જ્ઞાનમૂર્તિ ચૈતન્યબ્રહ્મ છે. એમાં દયા, દાનના વિકલ્પ તો છે નહિ પણ એમાં જ્ઞાનની પાંચ પર્યાયના ભેદ પણ અંદરમાં નથી. આહાહા..! છે?

'**યે પાંચ પ્રકારકે સમ્યગ્જ્ઞાન એક આત્માકે હી સ્વરૂપ હૈં, આત્માકે બિના યે જ્ઞાન નહીં હો સકતે,...**' પણ એની પર્યાયનું લક્ષ છોડી અભેદ ઉપર જાવું, તો એનું આત્મજ્ઞાન થાય છે, એમ કહે છે. બહુ ઝીણું, ભાઈ! '**આત્માકે બિના યે જ્ઞાન નહીં હો સકતે, યહ આત્મા હી પરમ અર્થ હૈ,...**' આહાહા..! મહા ભગવાન ચૈતન્યબિંબ પ્રભુ, '**જિસકો પાકર...**' એ પૂર્ણાનંદના નાથને દૃષ્ટિમાં લઈ, એમાં સ્થિરતા કરી આહા..! '**જીવ નિર્વાણકો પાતા હૈ.**' ત્યારે આત્મા મોક્ષ પ્રાપ્ત કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- સ્થિરતા કરીને, એવું આમાં લખ્યું નથી.

ઉત્તર :- એ એમાં આવ્યું ને? '**સમ્યગ્જ્ઞાન એક આત્માકે હી સ્વરૂપ હૈ,...**' સ્વરૂપમાં સ્થિરતા થવી. જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ, એનો સ્વીકાર તો સમ્યગ્દર્શનથી થાય છે, પછી એમાં સ્થિરતા થવી એ ચારિત્ર છે. જ્ઞાનમાં જ્ઞાનસ્વરૂપમાં રમણતા એ ચારિત્ર છે. વ્રત-ફ્રત કરવા એ ચારિત્ર નથી.

મુમુક્ષુ :- જ્ઞાનમાં સ્થિર એ ચારિત્ર.

ઉત્તર :- હા. એ. જ્ઞાનમાં સ્થિત એ ચારિત્ર છે. આહાહા..! ચરવું. પશુ ચરે છે. તો શું

ઢોર ઢેફા ચરે છે? ઘાસ ચરે છે. આહાહા..! એમ ભગવાનઆત્મા.. પ્રભુ! વાત તો બહુ અગમ્ય છે. અનંતકાળમાં એણે સમ્યગ્દર્શનની વાત સાંભળી નથી. આહાહા..! એ જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એની સન્મુખનો અનુભવ કરીને પછી જ્ઞાનમાં રમણતા કરવી, ચરવું, રમવું, આનંદના ભોજન કરવા, અતીન્દ્રિય આનંદના ભોજન. આહાહા..! એનું નામ ચારિત્ર છે. એ ચારિત્રથી પછી મુક્તિ થાય છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? એકલા સમ્યગ્દર્શન, જ્ઞાનથી મુક્તિ થતી નથી. અંદર સ્વરૂપ આનંદમાં રમવાથી (થાય છે).

'નિજપદ રમે સો રામ કહીએ' આહાહા..! પોતાના આનંદસ્વરૂપમાં રમે તેને આત્મારામને રામ કહીએ. આ રાગમાં રમે તેને હરામ કહીએ. અહીં તો એવી વાત છે, બાપા! આહાહા..! સમજાય છે કાંઈ? એ 'આનંદઘનજી' કહી ગયા છે. 'નિજપદ રમે સો રામ કહીએ, કર્મ કૃષે સો કૃષ્ણ કહીએ' રાગને, દ્વેષને નાશ કરે તે કૃષ્ણ ભગવાનઆત્મા છે. આહાહા..! હરિ આત્મા છે. કઈ રીતે? 'પંચાધ્યાયી'માં લીધું છે. મિથ્યાત્વ ને રાગ-દ્વેષને હરે નામ નાશ કરે, એનું નામ ભગવાનઆત્માને હરિ કહે છે. આહાહા..!

'હરતા ફરતા પ્રગટ હરિ દેખું, મારું લેખું એ જન્મ.' મારો જન્મ લેખે લાગ્યો, એમ કહે છે. 'મુક્તાનંદનો નાથ વિહારી રે. કોણ બાંધે જીવન દોરી અમારી રે, હરતા ફરતા પ્રગટ હરિ દેખુ'. એ મિથ્યાત્વ ને રાગ-દ્વેષને હણનાર-નાશ કરનાર એવો ભગવાનઆત્મા, ક્ષણે ને પળે હું એને દેખું. 'મારું જીવવું રે સફળ તવ દેખું રે' મારા જીવનની સફળતા તો ત્યારે છે. આનંદના નાથને હું વારંવાર નિહાળું. આહા..! 'મુક્તાનંદનો નાથ વિહારી રે.. એ ઓઘા જીવનદોરી અમારી' અમારો નાથ આનંદનો સાગર ભગવાન, એમાં અમારી જીવનદોરી રમણતા વધે એ અમારા જીવનની સફળતા છે. ઝીણી વાત બહુ. બાપા! આહા..! ભાઈ! ધર્મ ચીજ બહુ અલૌકિક છે. લોકોએ તો સાધારણ (કરી નાખી). આહાહા..! હરિજન હોય ને? હરિજન-ભંગી. એ રાજા! એક બીડી આપજો બીડી. ધર્મ થશે. દરબાર! આ હરિજન હોય છે. બાપા! એક બીડી આપજો. ઠીક બાપા! ભારે ભાઈ! એમ કરતાં બે-ચાર ભુંગળા લઈ લીધા હોય. પીતો હોય, કોઈ મોટો માણસ નીકળે તો બે-ચાર ભુંગળા દઈ જાય. બાપા! એક દીવાસળી આપજો. ધર્મ થશે. ઠીક! ભારે ધર્મ, ભાઈ! સમજાય છે કાંઈ? આહાહા..! બાપા! ધર્મ ચીજ બહુ અલૌકિક ચીજ છે.

અહીંયાં તો કહે છે, ૧૦૫ છે ને? છેલ્લું. '**निर्वाणको पाता है.**' પોતાનું સ્વરૂપ, જેમાં અનંતી શાંતિ ને અનંતી સ્વચ્છતા ભરી પડી છે, એવો ભગવાનઆત્મા. આહાહા..! સ્વચ્છતા. પૂર્ણ સ્વચ્છતા આત્મામાં પડી છે. એ સ્વચ્છતાનો અનુભવ કરી સ્વચ્છતામાં રમણતા કરવી એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે અને એનાથી મુક્તિ થાય છે. હવે ૧૦૬ લઈએ. ૧૦૬માં વિશેષ છે.

१०६) अप्पहँ जे वि विभिण्ण वढ ते वि हवंति ण णाणु।
ते तुहुँ तिण्णि वि परिहरिवि णियमिँ अप्पु वियाणु।।१०६।।
आत्मनः ये अपि विभिन्नाः वत्स तेऽपि भवन्ति न ज्ञानम्।
तान् त्वं त्रीण्यपि परिहृत्य नियमेन आत्मानं विजानीहि।।१०६।।

अप्पहँ जे वि विभिण्ण वढ आत्मनः सकाशाद्येऽपि भिन्नाः वत्स ते वि हवंति ण णाणु तेऽपि भवन्ति न ज्ञानं, तेन कारणेन तुहुं तिण्णि वि परिहरिवि तान् कर्मतापन्नान् तत्र हे प्रभाकरभट्ट त्रीण्यपि परिहृत्य। पश्चात्किं कुरु। णियमिं अप्पु वियाणु निश्चयेनात्मानं विजानीहीति। तद्यथा। सकलविशदैकज्ञानस्वरूपात् परमात्मपदार्थात् निश्चयनयेन भिन्नान् त्रीण्यपि धर्मार्थकामान् त्यक्त्वा वीतरागस्वसंवेदनलक्षणे शुद्धात्मानुभूतिज्ञाने स्थित्वात्मानं जानीहीति भावार्थः।।१०६।।

---

आगे परभावका निषेध करते हैं –

**गाथा – १०६**

अन्वयार्थ :– [ वत्स ] हे शिष्य, [ आत्मनः ] आत्मा से [ ये अपि भिन्नाः ] जो जुदे भाव हैं, [ तेऽपि ] वे भी [ ज्ञानम् न भवंति [ ज्ञान नहीं हैं, वे सब भाव ज्ञानसे रहित जड़रूप हैं, [ तान् ] उन [ त्रीणि अपि ] धर्म, अर्थ, कामरूप तीनों भावोंको [ परिहृत्य ] छोड़कर [ नियमेन ] निश्चयसे [ आत्मानं ] आत्माको [ त्वं ] तू [ विजानीहि ] जान।

भावार्थ :– हे प्रभाकर भट्ट, मुनिरूप धर्म, अर्थरूप संसार के प्रयोजन, काम (विषयाभिलाष) ये तीनों ही आत्मासे भिन्न हैं, ज्ञानरूप नहीं हैं। निश्चयनय करके सब तरफसे निर्मल केवलज्ञानस्वरूप परमात्मपदार्थसे भिन्न तीनों ही धर्म, अर्थ, काम, पुरुषार्थोंको छोड़कर वीतरागस्वसंवेदनस्वरूप शुद्धात्मानुरूपज्ञानमें रहकर आत्माको जान।।१०६।।

---

હવે પરભાવનો નિષેધ કરે છે.

ભાવાર્થ :- નિશ્ચયનયથી સકળ-વિશદ-એક-જ્ઞાનસ્વરૂપ પરમાર્થ-પદાર્થથી ભિન્ન એવા ધર્મ અર્થ અને કામ એ ત્રણેય પુરુષાર્થને છોડીને વીતરાગ સ્વસંવેદન જેનું સ્વરૂપ છે એવા શુદ્ધાત્માની અનુભૂતિરૂપ જ્ઞાનમાં સ્થિત થઈને આત્માને જાણ, એ ભાવાર્થ છે. ૧૦૬.

## ગાથા-૧૦૬ ઉપર પ્રવચન

**१०६) अप्पहँ जे वि विभिण्ण वढ ते वि हवंति ण णाणु।**
**ते तुहुँ तिण्णि वि परिहरिवि णियमिँ अप्पु वियाणु॥१०६॥**

**અન્વયાર્થ :-** '**હે શિષ્ય...**' પરભાવનો નિષેધ કરે છે. ગુરુને શિષ્યે પૂછ્યું, પ્રભુ! મને એવું બતાવે, ક્રિયાકાંડ કરીને મારો તો અનંતકાળ ગયો. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા (કર્યા) પણ આત્મા એક ક્ષણમાં પ્રાપ્ત થાય એવું જ્ઞાન બતાવો ને. સમજાય છે કાંઈ? ભગવાન ચિદાનંદનો નાથ પ્રભુ અંદર બિરાજે છે. આહા..! એ જ્ઞાનનું જ્ઞાન અમને કઈ રીતે થાય? પ્રભુ! એક ક્ષણમાં આત્માનું ભાન થાય (એ કઈ રીતે?) અનંતકાળ ક્રિયાકાંડમાં ગયો પણ આત્માનું ભાન થયું નહિ. આ એક ક્ષણમાં અંદર આનંદના નાથની સન્મુખ જોતાં (આત્માનું જ્ઞાન થાય છે). આહાહા..! આ તો અજ્ઞાનીને પાગલ જેવું લાગે એવું છે. આહા..!

અહીંયાં કહે છે, '**આગે પરભાવકા નિષેધ કરતે હૈં-**' '**હે શિષ્ય આત્માસે જો જુદે ભાવ હૈં, વે ભી જ્ઞાન નહીં હૈં,...**' આહાહા..! અંદર દયા, દાન, ભક્તિ, પૂજાના ભાવ અને હિંસા, જૂઠું, ચોરીના ભાવ (થાય) એટલે ધર્મ ભાવ, ધર્મ એટલે પુણ્ય, એ પુણ્યભાવ અને લક્ષ્મીને મેળવવાના ભાવ, કામ એટલે ભોગ '**ધર્મ, અર્થ, કામરૂપ...**' ધર્મ નામ પુણ્ય-શુભભાવ અને અશુભભાવ, લક્ષ્મી આદિ પ્રાપ્ત કરવી, કામ, ભોગનો અશુભભાવ, એ અશુભ અને શુભભાવ આત્મામાં નથી. સમજાય છે કાંઈ? ત્રણે ભાવથી ભગવાન રહિત છે. ઈ કહે છે, જુઓ! '**સબ ભાવ જ્ઞાનસે રહિત જડરૂપ હૈં, ઉન ધર્મ, અર્થ, કામરૂપ...**' છે? ત્રણેય શબ્દ છે. ધર્મ શબ્દે શુભભાવ. ધર્મ શબ્દે શુભભાવ અને અર્થ શબ્દે આ ધૂળ-લક્ષ્મી મેળવવાના ભાવ. એ અશુભ. આ લક્ષ્મી મેળવવાનો ભાવ. એ.. 'હસમુખભાઈ'! પાપ છે. અશુભભાવ છે.

મુમુક્ષુ :- અશુભ આપ કહો?

ઉત્તર :- અશુભ કહો કે પાપ કહો. શુભ કહો કે પુણ્ય કહો. ભાઈ! ઝીણી વાત, બાપા! અનંતકાળમાં એણે ચૈતન્યનું જ્ઞાન જ નથી કર્યું. સમ્યગ્દર્શન વિના બધા થોથા કર્યા. આહાહા..! એ કહે છે, જુઓ!

'**ધર્મ, અર્થ, કામરૂપ તીનોં ભાવોંકો છોડકર...**' છે? હે શિષ્ય! તને આત્મા જોઈએ તો એ પુણ્ય અને પાપના બેય ભાવ છોડી દે. આહાહા..! એનો આશ્રય છોડી દે. અને એ આચરણનું લક્ષ છોડી દે. આહાહા..! છે? '**તીનોં ભાવોંકો છોડકર નિશ્ચયસે આત્માકો તૂ જાન.**' આહાહા..! સમજાય છે કાંઈ? આ ધર્મ શબ્દે આત્માનો ધર્મ નહિ અહીંયાં. પુણ્યના અર્થમાં ધર્મ લીધો છે. 'સમયસાર'માં પણ લીધું છે. ધર્મી પુણ્ય-ધર્મને ઈચ્છતો નથી, એવો

પાઠ છે. ધર્મને ઈચ્છતો નથી એનો અર્થ પુણ્યને ઈચ્છતો નથી. સમજાય છે કાંઈ? એ વ્રતના ભાવ ને દયા, દાન, ભક્તિના ભાવ, એ પુણ્યભાવ છે. એને અહીંયાં વ્યવહાર ધર્મ ભાવ કહ્યા. એ છોડવા લાયક છે. આહાહા..!

આ ગ્રંથનું નામ 'પરમાત્મપ્રકાશ' છે. સમજાય છે કાંઈ? કહે છે, આહાહા..! '**तीनों भावोंको छोडकर...**' '**नियमेन आत्मानं विजानीहि**' આહાહા..! હે શિષ્ય! પ્રભુ! અંદર ચૈતન્ય છે ને! ચૈતન્ય મહાપ્રભુ અંદર બિરાજે છે, તારી ચીજ. એ શું છે એની ખબર ન મળે. કદી સ્વ ઉપર નજર કરી નહિ અને પરથી કદી નજર હટાવી નહિ. આહાહા..! પર શબ્દે આ પુણ્ય અને પાપ. પુણ્યમાં ધર્મ (માન્યો). દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ પુણ્ય. અને લક્ષ્મી મેળવવાનો ભાવ કમાવાનો એ પાપ. અને ભોગનો ભાવ, કામ-કામ, ભોગનો ભાવ એ પાપ. આહાહા..! એ ત્રણે પાપ અને એક પુણ્ય. '**तीनों भावोंको छोडकर...**' છે? '**निश्चयसे आत्माको तू जान.**' ભગવાન! આહાહા..! 'નરસિંહ મહેતા' તો એમ કહે છે, 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહન્યો નહિ, ત્યાં લગી સાધના (સર્વ જૂઠી)..' તારી પૂજા ને ભકિત બધા એકડા વિનાના મીંડા છે. આહાહા..! લોકોને પણ એ તત્ત્વ શું છે એની ઉપર લક્ષ જ નથી. ફૂરસદ નહી ને. કમાવું ને રળવું ને બાયડી ને છોકરા ને કુટુંબ ને એને નભાવવા, એના પાપભાવમાંથી એને ફૂરસદ ક્યાં છે? અને એમાં પણ કદાચિત્ ફૂરસદ મળે અને દાન, દયા, ભક્તિના ભાવ કરે તો એ પણ પુણ્યભાવ છે, અધર્મ છે, ધર્મ નહિ. આહાહા..! પ્રભુ! કઠણ પડે જગતને. આહાહા..!

પરમાત્મા સર્વજ્ઞદેવ, ભગવાનઆત્મા સર્વજ્ઞસ્વભાવી છે. આ ચૈતન્યની એને કિંમત નથી. આ ચૈતન્ય એટલે શું? એ સર્વજ્ઞસ્વરૂપી છે. જેનો સ્વભાવ સર્વજ્ઞ છે. એકલો જ્ઞાનસ્વભાવ સર્વજ્ઞસ્વભાવ પૂર્ણાનંદ સ્વભાવ એવો પરમાત્મા આત્મા છે. એ આત્માને પ્રાપ્ત કરવો હોય તો શુભ-અશુભભાવને છોડી અંદરમાં જા. જ્યાં પ્રભુ બિરાજે છે ત્યાં જા. જા કહે છે? થોડી થોડી ગુજરાતી આવી જાય, હિન્દી પૂરી આવડતી નથી ને. આ વખતે હિન્દીમાં લીધું છે. નહિતર દસલક્ષણી પર્વમાં અમે કોઈ દિ' નથી ચલાવતા. સ્થાનકવાસીના આઠ ધર્મ છે. અઢાર દિવસ ગુજરાતી ચલાવીએ છીએ. આ ફેરી અમારે શેઠ આવ્યા છે, શેઠ તો તે દિ' પણ આવ્યા હતા, તોય ગુજરાતી કરતા હતા. અમારે 'કૈલાસચંદજી' આવ્યા છે તો હિન્દી કર્યું. ગુજરાતી સમજે નહિ. એક તો ભાવ સૂક્ષ્મ, એમાં ગુજરાતી ભાષા. તુંબડીમાં કાંકરા જેવું લાગે. આહા..!

ભગવાન! તારી ચીજ અંદર કોણ છે? નાથ! આ શરીર દેહદેવાલયમાં આત્મા ભગવાન બિરાજે છે. એ આત્મા પુણ્ય અને પાપના વિકલ્પથી ભિન્ન છે. આહાહા..! એ સ્ફટિક મણિ. 'જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવસ્વભાવ રે, શ્રી જિન વીરે ધર્મ પ્રકાશિયો, આહાહા..! પ્રબળ કષાય અભાવ રે... શ્રી જિન વીરે ધર્મ પ્રકાશિયો' ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમાત્માએ આવો ધર્મ કહ્યો. જેમ સ્ફટિક નિર્મળતાથી પ્રકાશથી ભરેલો પડ્યો છે, એમ તારી ચીજ આનંદ અને જ્ઞાનસ્વભાવના પ્રકાશથી ભરી પડી છે. તારી નજરું ત્યાં ગઈ નહિ, પ્રભુ!

આહા..! સમજાય છે કાંઈ?

જેમ નાળિયેર હોય ને? નારિયેળ. શું કહે છે? ઉપરના છાલા છે એ નાળિયેર છે? પછી અંદર કાચલી છે, એ નહિ. કાચલીને તોડીને લાલ છાલ હોય છે. ટોપરાપાક કરે ને? એને કાઢી નાખે. એ લાલ છાલ એ ટોપરું છે? ભાઈ! તને ખબર નથી. અંદર ધોળો-સફેદ શેર-દોઢ શેરનો ગોળ એ શ્રી ફળ છે. શ્રી ફળ. સમજાય છે કાંઈ? આહાહા..!

એમ આ દેહમાં ભગવાન, આ દેહ છાલા છે. અને આઠ કર્મ જડ છે એ કાચલી છે. કાચલીને શું કહે છે? નરેટી. ઈ ભાષા બીજી છે. આઠ જડ કર્મ છે એ કાચલી છે અને કાચલી તરફની લાલ છાલ છે ને? એ આ પુણ્ય-પાપના ભાવ ઈ લાલ છાલ છે. સમજાય છે કાંઈ? એ પુણ્ય ને પાપના ભાવની લાલ છાલની પાછળ ધોળો સફેદ ગોળો જેમ શ્રીફળ છે, એમ ધોળો નામ ઉજળો, મીઠો નામ આનંદ, પવિત્ર આનંદનો ગોળો ભગવાન પડ્યો છે. પણ ખબર ક્યાં છે? આહાહા..! સમજાય છે કાંઈ? આ તો દાખલો આપ્યો. એમાં સમજાય એવું છે કે નહિ શ્રી ફળમાં?

બદામ લો. બદામ હોય ને? ઉપરની જાડી ફોતરી. અને બદામ ઉપર લાલ છાલ. બદામ.. બદામ. લાલ છાલથી અંદર બદામ તો ભિન્ન છે. આહાહા..! સફેદ બદામનો ગોળો છે. લાલ છાલ જુદી, ઉપરની ફોતરી છે ને જાડી? એમ આ શરીર છે એ ઉપરનું જાડું ફોતરું છે. અને પુણ્ય-પાપના ભાવ અંદરની લાલ છાલ છે. એનાથી જુદો, બદામનો ગોળો જેમ મીઠો પડ્યો છે, એમ ચૈતન્યગોળો આનંદનો નાથ ભગવાન અંદર બિરાજે છે.

મુમુક્ષુ :- ક્યારે?

ઉત્તર :- ક્યારે શું? જ્યારે ભાન કરે ત્યારે. આહા..! ઓલું ગાયન નહોતું ગાયું? ડૉક્ટરે. 'જબ જાગ જાઓ તબ સબેરા હૈ.' અભી જાગ જાઓ તો અત્યારે સવાર છે. 'નાગપુર'વાળા. આહાહા..! 'જભી જાગ જાઓ તભી હૈ સવેરા'. અંધકાર ઉડાડીને પ્રકાશ નીકળ્યો. અરે..! આત્મા એ કોણ ચીજ છે? એ આનંદનું દળ છે. જેમ ટોપરું.. ટોપરું કહે ને? શ્રીફળ. મીઠાશ અને સફેદાઈનું દળ છે. એમ ભગવાન સફેદ નામ શુદ્ધ અને આનંદ (મીઠાશ) નામ આનંદનો મેવો એ આત્મા છે. કદી સાંભળ્યું નથી. એમ ને એમ અનંતકાળથી રખડપટ્ટી કરતો આવ્યો છે. સમજાય છે કાંઈ?

કહે છે, '**ધર્મ, અર્થ, કામરૂપ તીનોં ભાવોંકો છોડકર...**' દૃષ્ટિમાંથી છોડી દે, પ્રભુ! તારે આત્માનું ભાન કરવું હોય તો. એ ત્રણથી આત્મા પ્રાપ્ત નહિ થાય. લક્ષ્મીના પ્રેમથી નહિ થાય, ભોગના પ્રેમથી નહિ થાય, દયા, દાન, વ્રતના ભાવથી પણ પ્રાપ્ત નહિ થાય. આહાહા..! કહો, 'મૂળચંદભાઈ'! આવો માર્ગ છે, પ્રભુ! આહાહા..આજ તો આઠમો દિવસ છે. રવિવારથી શરૂ થયા ને? પર્યુષણ રવિવારથી ચાલુ થયા. તમે મંગળવારથી આવ્યા. તમારો છઠ્ઠો દિવસ છે. આઠ દિ' તો આજે થઈ ગયા. આહાહા..!

'યોગીન્દ્રદેવ' સંત મુનિ છે, આત્માના આનંદમાં ઝુલનારા. અતીન્દ્રિય આનંદમાં ઝુલે તેનું નામ મુનિપણું છે. આ શરીરની ક્રિયા એ તો જડની છે, એમાં વ્રતના પરિણામ થાય એ

પણ ચૈતન્ય નહિ, એ તો વિકાર છે. આહાહા..! એને દૃષ્ટિમાંથી છોડી દે. જ્યાં ભગવાન પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્યઘન છે ત્યાં દૃષ્ટિ લઈ જા. તને પરમાત્માના ભેટા થશે. ત્યાં આત્માનો સાક્ષાત્કાર થશે. આહાહા..! તને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવશે. આહાહા..! આ દુનિયાના દુઃખ. સંસારના સુખ એ દુનિયાના દુઃખ (છે). આ પૈસા સુખી, રાજા સુખી ને દેવ સુખી.. બધા હરામ છે. આહાહા..! કીધું ને? 'થદામીલાલ' મોટો રાજા જેવો. 'ફિરોજાબાદ'. રાજા જેવો. ગુજરી ગયો તો કોઈ એના નોકરે મારી નાખ્યો. ગામને બહુ પૈસા આપતો હતો. પચાસ લાખ રૂપિયા તો ખર્ચ્યા હતા. પૈસા અને જમીન એટલી છે. આહાહા..! એને મારી નાખ્યો. લોહી લોહી જામ. બારણું બંધ હતું.

મુમુક્ષુ :- પૈસા મોતનું કારણ થયું.

ઉત્તર :- પૈસા મોતનું કારણ થયું. એ બહુ ઉદાર છે. પચીસ-પચાસ હજાર રૂપિયા તો એની પાસે પડ્યા જ હોય. મોટો કરોડપતિ. કોઈ માણસ એનો નોકર હતો. નેપાળનો. છાપામાં આવ્યું હતું. બારણું બંધ કરી મારી નાખ્યો. બારીમાંથી નીકળી ગયો. બારણું બંધ કરી દીધું. શેઠ કેમ ન આવ્યા? કેમ ન આવ્યા? બારણું બંધ છે. ખોલે ત્યાં એકલું લોહી.. લોહી.. લોહી. આહા..! આખી નગરી 'ફિરોઝાબાદ' હા.. હા.. પોકાર કરે. બહુ પૈસા આપતો હતો. ગરીબ માણસ આવે તો (આપે). સમજાય છે? એ શુભભાવ છે. ધર્મ નહિ. કાલે ઈ છાપામાં આવ્યું હતું. આખી 'ફિરોઝાબાદ' નગરી વિધવા થઈ ગઈ. 'થદામીલાલ' શેઠ ગયા તો વિધવા થઈ ગઈ. એ તો...

મુમુક્ષુ :- એમના ઘરે જ થયું?

ઉત્તર :- હા, ઘરે જ થયું. એના બંગલામાં. એનો જ માણસ. નેપાળનો નોકર હતો. પૈસા હશે કાંઈક. પૈસા તો પડ્યા જ હોય. લોકોને ખબર ન હોય. એના કુટુંબને પણ ખબર ન હોય એટલા પૈસા રાખતા. કબાટમાં પૈસા પડ્યા હોય. કોઈપણ ગરીબ માણસ આવે (તો આપે). બહુ ઉદાર. ચાલીસ લાખ, પચાસ લાખ તો એની જિંદગીમાં ખર્ચ્યા છે.

મુમુક્ષુ :- દાનાદિ શુભકાર્યમાં.

ઉત્તર :- હા, શુભકાર્યમાં. અને પ્રતિમા લાવ્યા છે. બાહુબલીની ચાર-પાંચ લાખની .. હશે. .. એક લાખ આવ્યા છે. ખર્ચવામાં તો કેટલા લાખ હશે. .. ત્યાં ગુજરી ગયા. એનો દીકરો છે. દીકરો એનો નથી, દત્તક લીધો છે. ખબર છે. એનો પત્ર આવ્યો છે. મહારાજ! પધારો અહીંયાં. એની ભાવના હતી. અત્યારે 'ફિરોઝાબાદ'માં 'કનુભાઈ' ગયા છે. ભાઈ! અત્યારે ત્યાં માણસ સમાતું નથી. 'કનુભાઈ'નો પત્ર આવ્યો છે. વ્યાખ્યાન કરે છે. 'દાહોદ'વાળા. બહુ માણસ. કાલે પત્ર આવ્યો છે. એટલું માણસ આવે છે કે મંદિરમાં સમાતા નથી. મંદિરમાં 'સોનગઢ'ના માણસને ન બેસવા દેવા, એમ કહેતા હતા, ત્યાં મંદિરમાં સમાતા નથી. અરે..! ભગવાન! શું કરે છે? આહાહા..!

**ભાવાર્થ :-** અહીંયાં કહે છે, 'હે **પ્રભાકર ભટ્ટ!**' ભાવાર્થ છે. આહાહા..! ગુરુ 'યોગીન્દ્રદેવ' કહે છે. સંત મુનિ આનંદમાં ઝુલનારા. શિષ્યે પ્રશ્ન કર્યો, પ્રભુ! મને મારો

આત્મા બતાવો ને. મારો જ્ઞાનસ્વરૂપ આત્મા કઈ રીતે પ્રાપ્ત થાય? બીજી વાત હવે છોડી દે. બહુ કર્યું, દયા કરી, વ્રત કર્યા, ભક્તિ કરી, તપ કર્યા, પૂજા કરી, ભગવાનની ભક્તિમાં અબજો રૂપિયા ખર્ચ્યા, આહાહા..! પણ મને આત્મા પ્રાપ્ત ન થયો. તો પ્રભુ! એક ક્ષણમાં આત્મા પ્રાપ્ત થાય એવી ચીજ બતાવો. અનંતકાળમાં પ્રાપ્ત ન થયો એ એક ક્ષણમાં પ્રાપ્ત થાય, એ ચીજ શું છે? ઈ કહે છે.

'**હે પ્રભાકર ભટ્ટ, મુનિરૂપ ધર્મ...**' છે? મુનિરૂપ ધર્મ નામ પંચ મહાવ્રત આદિ પુણ્ય. પંચ મહાવ્રતની ક્રિયા કરે છે એ પુણ્ય છે. મુનિરૂપ ધર્મ એટલે વ્યવહાર છે, એ ધર્મ નહિ. આહાહા..! અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય પાળે છે અને પરિગ્રહ રહિત થાય છે એ બધા વિકલ્પ છે. પુણ્ય છે. મુનિરૂપ ધર્મ એટલે મુનિનું પુણ્ય. '**અર્થરૂપ સંસારકે પ્રયોજન,...**' આ સંસારના પ્રયોજન માટે લક્ષ્મી અને '**કામ (વિષયાભિલાષ) યે તીનોં હી આત્માસે ભિન્ન હૈં,...**' મુનિરૂપ ધર્મ... કહો, દરબાર! આવી વાત છે. ભગવાન! તારી ચીજ શું છે? આહા..! આનંદનું દળ પ્રભુ છે. શક્કરકંદનું દૃષ્ટાંત નહોતું આપ્યું. ઉપરની છાલ સિવાય બધું શક્કરકંદ છે. સાકરની મીઠાશનો પિંડ છે. એટલે શક્કરકંદ કહેવાય છે. શક્કરકંદ કેમ કહેવાય છે? જે લાલ છાલ છે એ સિવાય આખી ચીજ શક્કરકંદ છે-મીઠાશનો પિંડ છે. સાકરનો પિંડ છે. આહાહા..! એમ ભગવાનઆત્મા મુનિરૂપ ધર્મ, જે વિકલ્પ પંચમહાવ્રત આદિ અઠ્યાવીસ મૂળગુણ છે તેનાથી ભગવાન ભિન્ન છે. તેનાથી આત્મા પ્રાપ્ત નથી થતો. આહાહા..!

મુમુક્ષુ :- આત્મા પ્રાપ્ત ન થાય તો કાંઈક પ્રાપ્ત તો થવું જોઈએ ને.

ઉત્તર :- પુણ્ય પ્રાપ્ત થાય, મિથ્યાત્વ સહિત. આ શેઠાઈ-બેઠાઈ મળે, મરીને જાય તો. સ્વર્ગમાં જાય, પછી મરીને નરકમાં જાય ને ઢોરમાં જાય. એ.. શેઠ! રાજેશ્વરી એ નરકેશ્વરી, નથી આવતું? આવે છે. રાજેશ્વરી એ નરકેશ્વરી. ભોગશ્વરી એ નરકેશ્વરી. કરોડ, અબજો રૂપિયા મળ્યા હોય, એ મરીને નરકે જવાના. કામ ભોગના રસની પીપાસા. આ મુનિધર્મ છે એ પુણ્ય છે, શુભભાવ છે. એનાથી તારી ચીજ આત્મા ભિન્ન છે. આહાહા..!

મુમુક્ષુ :- 'સુભૌમ' ચક્રવર્તી.

ઉત્તર :- હા. મરીને નરકમાં ગયો. 'બ્રહ્મદત્ત'. બાર ચક્રવર્તી થાય. બધા ક્ષત્રિય હતા. તીર્થંકરો પણ બધા ક્ષત્રિય હતા. આત્માનો ધર્મ એ ક્ષત્રિયનો ધર્મ છે. આહાહા..! રાજા, રાજકુમાર, ચક્રવર્તીની સોળ હજાર દેવ સેવા કરે. સમજાય છે કાંઈ? આનંદના નાથનો ધર્મ તો ચક્રવર્તી ક્ષત્રિયનો હતો. તીર્થંકરો બધા ક્ષત્રિય હોય છે. વાણિયા-બાણિયા કોઈ તીર્થંકર નથી થતા. કેમકે એને બળ અને જ્ઞાનની ઉગ્રતા હોય છે. આહાહા..! પોતાનું વીર્ય એટલું સ્ફુરે કે આનંદકંદમાં અંદર ઝુકી જાય, અંતર્મુહૂર્તમાં સમ્યગ્દર્શન પામી અંતર્મુહૂર્તમાં કોઈ કેવળજ્ઞાન પામી મોક્ષમાં ચાલ્યા જાય. સમજાય છે કાંઈ? તીર્થંકર સિવાય હોં! તીર્થંકરને મોક્ષ જવામાં થોડી વાર લાગે. આવ્યું હતું ને આપણે? પહેલા આવી ગયું છે.

ચોવીસ તીર્થંકર છે એમાં કોઈ તીર્થંકરના સમયમાં તીર્થંકરને જ્યારે કેવળજ્ઞાન થયું ત્યારે

કોઈ મુનિ આત્મજ્ઞાની થયા તો એ મુનિ અંતર્મુહૂર્તમાં સમકિત પામ્યા, અંતર્મુહૂર્ત આનંદમાં લીન ચારિત્ર પામ્યા, અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થયું, અંતર્મુહૂર્તમાં દેહ છૂટી મોક્ષમાં ગયા. આવ્યું છે. આવી ગયું છે. કેટલામું આવ્યું? ૯૭ ગાથા. ૯૭ ગાથામાં છે. નવ અને સાત. આપણે તો ૧૦૬ ચાલે છે ને? '**સોલહ તીર્થંકરોંકે એક હી સમય તીર્થંકરોંકે ઉત્પત્તિકે દિન પહલે ચારિત્ર જ્ઞાનકી સિદ્ધિ હુઈ...**' નીચે છે. ૯૭માં ભાવાર્થમાં ચોથી-પાંચમી લીટી છે. '**ફિર અંતર્મુહૂર્તમેં મોક્ષ હો ગયા.**' આહાહા..! ભગવાન સોળ તીર્થંકરોને કેવળજ્ઞાન થયું. એ વખતે જ્યારે દિવ્યધ્વનિ નીકળી. મહા સંતો બેઠા હતા. આત્માના આનંદનો અનુભવ થઈ ગયો અને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થઈને મોક્ષ થઈ ગયો. હજી ભગવાન તો પછી મોક્ષમાં જશે. આહાહા..! સમુદ્ર જેમ ઠંડા પાણીથી ભર્યો હોય અથવા તળાવ ભર્યું હોય, એક જરીક આમ કરે તો પાણી અંદરથી નીકળે છે. એમ ભગવાન આનંદથી છલોછલ ભર્યો છે. અરે..! ક્યાં એને વિશ્વાસ છે? આત્મા શું છે એની ખબર નથી. અતીન્દ્રિય અનાકુળ આનંદનો નાથ અનાકુળ આનંદથી છલોછલ ભર્યો છે. એને અહીંયાં આત્મા કહે છે. આહાહા..! અનાકુળ જ્ઞાન, અતીન્દ્રિય જ્ઞાનથી ભરેલો પ્રભુ છે. ઇન્દ્રિયજ્ઞાનની પર્યાય એ પણ પર છે. આહાહા..! સમજાય છે કાંઈ? શું કહે છે? આવ્યું ને અહીંયાં અંતર્મુહૂર્તમાં. આહાહા..! આપણે અહીં ૧૦૬.

'**મુનિરૂપ ધર્મ...**' આહાહા..! છે, સંસ્કૃતમાં છે, હોં! '**णियमिं अप्पु वियाणु**' '**सकलविशदैकज्ञानस्वरूपात् परमात्मपदार्थात् निश्चयनयेन भितान् त्रीण्यपि धर्मार्थकामान् त्यक्त्वा**' આહાહા..! એ ધર્મ શબ્દે પુણ્ય. પંચ મહાવ્રત, અઠ્ઠાવીસ મૂળગુણ પાળે છે એ બધું પુણ્ય છે, રાગ છે, આસ્રવ છે, એને અત્યારે ધર્મ મનાવે છે, એ ધર્મ છે એ પ્રરૂપણા જ મિથ્યા છે. શાસ્ત્રની પ્રરૂપણા જ નથી, શાસ્ત્રની શ્રદ્ધા જ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..! 'હે **પ્રભાકર ભટ્ટ...**' ગુરુ શિષ્યને કહે છે. 'યોગીન્દ્રદેવ' સંત મુનિ આનંદમાં ઝુલનારા. આ વિકલ્પ જે પંચ મહાવ્રત, અઠ્ઠાવીસ મૂળગુણના ઉઠે છે એ પુણ્ય છે. મુનિધર્મ એ પુણ્ય છે, આહાહા..! એ આત્મા નહિ. છે? ગજબ વાત, બાપા! ભાઈ! આત્મા કોણ છે એની ખબર નથી. અને એની ખબર વિના વર વિના જાન જોડી દીધી. કોને પરણાવશે? વરની સાથે અણવર હોય તો કંઈ એને કન્યા આપે? અણવર સમજો છો? શું કહે છે? દુલ્હા નહિ. અમારે તો અહીં અણવર કહે છે. અણવર નામ વરની સાથે રક્ષા કરનાર, એનું ધ્યાન રાખનાર. (વરરાજાનો) સેક્રેટરી...

અમે પણ (અણવર) બન્યા હતા. (સંવત) ૧૯૬૪ની સાલમાં. અમારે 'ફાવાભાઈ'ના લગન હતા ને? 'ફાવાભાઈ'ના. આ 'ધીરૂભાઈ' નહિ? એના દીકરા છે ને. 'મનહર'. 'સુરત'માં આવે છે ને? સાંઈઠ લાખ રૂપિયા છે. અત્યારે સાંઈઠ લાખ (છે). એના બાપ હતા, એના લગન થયા હતા સંવત ૧૯૬૪માં. ત્યારે મારી ઉંમર ૧૮ વર્ષની, એની ઉંમર ૧૪ વર્ષની. એના લગ્ન થયા તો એ વર હતા અને હું અણવર હતો. અણવરને મળે શું?

ખાવામાં મીઠાઈ મળે. શું કહેવાય? પંચોળુ. એક થાળમાં બેસે. ... પણ સ્ત્રી મળે? એમ પુણ્યથી સ્વર્ગાદિ મળે પણ ધર્મ મળે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાત છે, ભગવાન! ... અહીં ૪૩મું વર્ષ ચાલે છે. માર્ગ તો બાપા..! દરબાર તો પહેલેથી છે ને. ત્યાં પણ આવતા. વર્ષ બેસતાને દિ' ઘણી વાર આવતા. નાળિયેર લઈને (સંવત) ૧૯૯૧-૯૨. મેં ઈ જ કહ્યું.

અહીં કહે છે કે હે શિષ્ય! તારે આત્મજ્ઞાન કરવું હોય અને ધર્મ કરવો હોય તો મોક્ષનો માર્ગ તારે પ્રાપ્ત કરવો હોય તો એ મુનિરૂપ ધર્મ-પુણ્ય દયા, દાન, વ્રતાદિ ક્રિયાકાંડ, સમિતિ, ગુપ્તિ આદિ વ્યવહાર. અર્થરૂપ લક્ષ્મી, કામ (વિષયાભિલાષ) '**યે તીનોં હી આત્માસે ભિન્ન હૈં,...**' ગજબ વાત છે.

મુમુક્ષુ :- અઠ્યાવીસ મૂળગુણ આત્માથી જુદા છે?

ઉત્તર :- હા, અઠ્યાવીશ મૂળગુણ આત્માથી જુદા છે. એ તો વિકલ્પ છે, રાગ છે. આહાહા..! અને એનાથી ધર્મ માને છે. એ કરતા કરતા કલ્યાણ થઈ જશે. મિથ્યાત્વ છે. આહાહા..! શું થાય? ભાઈ! અરે..! દુઃખી પ્રાણી છે.

મુમુક્ષુ :- મહારાજ! બધું નિષ્ફળ જશે?

ઉત્તર :- નિષ્ફળ નહિ, સફળ થશે, સંસાર ફળશે. અમારે 'કૈલાસચંદજી' (પૂછે છે). આહાહા..! 'ઈસુ ખ્રિસ્ત'ને એ વખતે તો .. કામ હતું ને? ... કહેતા એમાં લોકોમાં વિરોધ થઈ ગયો. એટલો વિરોધ થઈ ગયો કે આમ લાકડીમાં જડી દીધા. અહીંયાં એક ખીલો, અહીંયાં એક ખીલો. એ કહે છે, હે પ્રભુ! આ શું કરે છે? હું કોણ છું એની ખબર નથી. પ્રભુ! એને ક્ષમા કરી દો. આહાહા..! એ માંસ ખાતા હતા. ગાયનું માંસ મંગાવતા. ધર્મ તો નહોતો. એ વખતે લૌકિક નીતિમાં બહુ અધર્મ થતો હતો .... ઈસુ ઈશ્વરનો અવતાર છે, એમ કરીને લોકોએ.. ધર્મ નથી. એમને જડી દીધા. આહા..! અરે..! દુનિયા. આ તો અલૌકિક વાતું છે, બાપા!

અહીં તો મુનિધર્મ જેને કહીએ, પંચમહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ, પાંચ સમિતિ, ગુપ્તિ એ બધો રાગ છે, આત્મધર્મ નહિ. એનાથી આત્મધર્મ પ્રાપ્ત નહિ થાય. આહાહા..! રાડ નાખે ને! પેલા કહે, વ્યવહાર કરતા કરતા પછી નિશ્ચય થશે. અહીં કહે છે, વ્યવહાર કરતા કરતા રાગ થશે. પ્રભુ! તને ખબર નથી, નાથ! આહાહા..!

'**જ્ઞાનરૂપ નહીં હૈ,...**' આહાહા..! અસ્તિ-નાસ્તિ કરી. એ શુભભાવ આત્મા નહિ, આત્માથી ભિન્ન છે. અને આત્મા જ્ઞાનરૂપ છે. વ્યવહાર ધર્મ એ જ્ઞાનરૂપ નથી. આહાહા..! પંચ મહાવ્રત. હજારો રાણી છોડી પંચ મહાવ્રત લે. મહાવ્રત તો વિકલ્પ અને આસ્રવ છે. આહાહા..! એ કંઈ આત્મારૂપ નથી. પ્રભુ! એને ખબર નથી. સમજાય છે કાંઈ? આહાહા..! એક બાઈ નહોતી? 'ઈંગ્લેન્ડ'ની. 'ઈંગ્લેન્ડ'ની બાઈ. પીયરથી આવી હતી. અહીંયા હતી તો એના વિરોધી થઈ ગયા. એ બાઈ એના પીયરની છે. એના દેશની છે, આપણા દેશની વિરોધી છે. .. લોઢાના કટકા કરી .. નાખી દીધા. ... શું નામ કીધું? અરે..! ભગવાન!

ઓલા લોકો એમ માનતા હતા કે આપણા દેશની વિરોધી છે. એ દેશની ઓલી હતી. ભલે પિયર હતું એ દેશનો વિરોધ હતો, પણ અહીં તો દેશને અનુકૂળ હતી. પણ લોકોને એવું થઈ ગયું, ભાન ન મળે. હે પ્રભુ! આ શું કરે છે? પ્રભુ! એને ક્ષમા કરજો. આહાહા..! એને ખબર નથી કે મારું.... અભિપ્રાય શું છે અત્યારે એના દેશમાં એની કુટુંબી છે, એ દેશના વિરોધી છે તો એ પણ વિરોધી છે. સમજાય છે કાંઈ? આહાહા..! આ તો ..

'ટોડરમલ'ને ચડાવી દીધા ને. આહાહા..! એણે તો 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં સત્ય વાત મૂકી હતી. વિરોધ થઈ ગયો. શિવની મૂર્તિ (ગજવામાં) નાખી દીધી. એને ખબર પડી પણ બોલે નહિ. આહાહા..! રાજાને વિરોધ થઈ ગયો. રાજાએ હુકમ આપ્યો કે હાથી લાવો. હાથીના પગ નીચે એને કચડી નાખો. આહાહા..! હાથી બિચારો આમ અચકાતો હતો. પછી 'ટોડરમલ' કહે છે, અરે.. હાથી! રાજાએ (હુકમ) આપ્યો છે તો તને શું છે? મૂકી દે પગ મારી ઉપર. આહાહા..! એ પગ મૂકે છે. મરી જાય છે. 'ટોડરમલ', જેણે 'મોક્ષમાર્ગ પ્રકાશક' બનાવ્યું, એને આચાર્યકલ્પની ઉપમા છે.

મુમુક્ષુ :- આવી રીતે કચરી નખાય?

ઉત્તર :- મારી નાખ્યા ને. 'મોક્ષમાર્ગ પ્રકાશક'. ... 'મોક્ષમાર્ગ પ્રકાશક'ના કર્તા 'ટોડરમલ'. બહુ જ્ઞાની, બહુ વિદ્વાન આખી દુનિયાથી વિરૂદ્ધ કર્યું તો લોકો વિરૂદ્ધ થઈ ગયા. આહાહા..! પુણ્યથી ધર્મ નહિ, મહાવ્રતથી ધર્મ નહિ એમ કહે. પંચમહાવ્રત એ આસ્રવ છે, અધર્મ છે એમ કહ્યું તો લોકોએ રાડ નાખી. આ શું કહે છે? .. વિકલ્પ ઉઠે એ આસ્રવ છે. સ્વરૂપ તો ચિદાનંદ જ્ઞાનમૂર્તિ પ્રભુ જ્ઞાનનો સમુદ્ર છે ને. એમાં પુણ્યની વૃત્તિ ઉઠે એ આત્માથી ભિન્ન છે. એ જ્ઞાન નહિ, એ આત્મા નહિ. આહાહા..!

'**નિશ્ચયનય કરકે સબ તરફસે નિર્મલ...**' હવે અંદર ભગવાનઆત્મા પુણ્ય-પાપથી ભિન્ન '**નિશ્ચનય કરકે સબ તરફસે નિર્મલ એક કેવલજ્ઞાનસ્વરૂપ...**' એક શબ્દ પડ્યો રહ્યો છે. સંસ્કૃતમાં છે. કેવળજ્ઞાનસ્વરૂપ છે ત્યાં એક જોઈએ. નિર્મળ એક કેવળજ્ઞાનસ્વરૂપ, એમ શબ્દ જોઈએ. સંસ્કૃતમાં છે.

મુમુક્ષુ :- '**सकलविशदैकज्ञानस्वरूपात्**'..

ઉત્તર :- હા, એક જ્ઞાનસ્વરૂપ ઈ.

કહે છે, શુભ-અશુભભાવની વૃત્તિ છોડી દે અને ભગવાન અંદર જ્ઞાનમૂર્તિ પ્રભુ, આહાહા..! કેવો? '**સબ તરફસે નિર્મલ એક કેવલજ્ઞાનસ્વરૂપ...**' એક કેવળજ્ઞાનસ્વરૂપ. કેવળજ્ઞાન પર્યાય નહિ. એક કેવળજ્ઞાન-એકરૂપ કેવળ જ્ઞાન. આહાહા..! એમાં ભેદ પણ નહિ, રાગ નહિ, નિમિત્ત નહિ, ભેદ નહિ. આહાહા..! ભગવાન! તારે આત્મા જોવો હોય તો એ અભેદમાં દૃષ્ટિ કર તો તને ક્ષણમાં આત્મા પ્રાપ્ત થશે. આહાહા..! સમજાય છે કાંઈ? શિષ્યનો એ પ્રશ્ન હતો ને? પ્રભુ! બહુ ક્રિયાકાંડ કર્યા પણ આત્માનો ક્યાંય પત્તો લાગ્યો નહિ. તો પ્રભુ! એક ક્ષણમાં આત્મા મળે એ જ્ઞાન શું છે? ઈ કહે છે આ. પ્રભુ! એક ક્ષણમાં કઈ રીતે મળે? આહાહા..!

તારી દૃષ્ટિ વિકાર વિકલ્પથી ખસી અંદર જ્ઞાનાનંદ એકસ્વરૂપ ભગવાન બિરાજે છે ત્યાં દૃષ્ટિ લગાવી દે. તને ક્ષણમાં આત્માની પ્રાપ્તિ થઈ જશે. એક ક્ષણમાં તને સમ્યગ્દર્શન થશે. આહાહા..! કહો, શેઠ! આવી વાત છે. બધા કહે છે ને, ... ભગવાન! શું કરે છે? ભાઈ! 'રમેશભાઈ' નથી આવતા? એને માર્યા હતા. મંદિરમાં માર્યા. આ સોનગઢિયા છે. અરે..! ભગવાન! ન બેસે તો ન જાવું, પણ કોઈને.. મારવું એ કોઈ માર્ગ છે? ચાહે તો માથાનો વાઢનાર હો, પણ એની ઉપર ક્રોધ ન કરવો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, બહુ માર્યા. ભાઈ હતા ને. 'રમેશભાઈ'ને. ... તોપણ એને મારવો ન જોઈએ. તત્ત્વૈષુ મૈત્રી. બધા ભગવાનઆત્મા છે. ભગવાનસ્વરૂપ છે એની મૈત્રી કેમ જાય? પર્યાયમાં ભલે ભૂલ હોય. સમજાય છે કાંઈ? પણ વસ્તુ તો ભગવાનસ્વરૂપ છે, સાધર્મી છે. આહાહા..!

અહીં કહે છે, '**નિર્મલ કેવલજ્ઞાનસ્વરૂપ પરમાત્મપદાર્થસે ભિન્ન તીનોં હી ધર્મ, અર્થ, કામ, પુરુષાર્થોંકો છોડકર...**' છે? આહાહા..! બહુ સરસ ગાથા છે. આવે છે પણ એની દૃષ્ટિ છોડી દે, એમ કહે છે. આત્મા અખંડાનંદ પ્રભુ... '**તીનોં હી ધર્મ, અર્થ, કામ, પુણ્ય, લક્ષ્મી ને કામ તે પુરુષાર્થોંકો છોડકર...**' એ પુણ્યનો પુરુષાર્થ પણ છોડી દે, કહે છે. આહાહા..! એ અધર્મનો પુરુષાર્થ છે, બાપા! ગજબ વાત! બાપા! ભગવાન ત્રણલોકના નાથ આમ કહેતા હતા. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- પુણ્ય છોડી દે.

ઉત્તર :- .. અહીં દૃષ્ટિમાંથી છોડી દે, એમ કહે છે. શુભઉપયોગ તો નહિ છૂટે, શુદ્ધઉપયોગ જ્યારે કરશે ત્યારે છૂટશે. પણ દૃષ્ટિમાંથી છોડી દે. એ ધર્મ છે અને ધર્મનું કારણ છે, એવી દૃષ્ટિ છોડી દે. સમજાય છે કાંઈ? આહાહા..! અને શું કરવું? '**વીતરાગસ્વસંવેદનસ્વરૂપ શુદ્ધાત્માનુરૂપજ્ઞાનમેં રહકર આત્માકો જાન.**' આહાહા..! વીતરાગ સ્વસંવેદનજ્ઞાનસ્વરૂપ-રાગરહિત વીતરાગી વેદનથી શુદ્ધાત્માનુભૂતિ-શુદ્ધાત્માના અનુભવસ્વરૂપ જ્ઞાનમાં રહીને આત્માને જાણ. આહાહા..! વીતરાગી નિર્વિકલ્પ પરિણતિમાં રહીને એને જાણ. આમ અમથું જાણવું, જાણવું એમ નહિ. આહાહા..! છે? બહુ સરસ, 'પરમાત્મપ્રકાશ' તો ગજબ વાત છે! વીતરાગ સ્વસંવેદજ્ઞાન-રાગ રહિત સ્વ-પોતાના વેદનસ્વરૂપ શુદ્ધત્માનુભૂતિ, એવા જ્ઞાનમાં રહીને અંદર ભગવાનને જાણ અંદર. ક્ષણમાં તને પરમાત્મા પ્રાપ્ત થશે. આહાહા..! વિશેષ કહેશે.. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

अथ –

१०७) अप्पा णाणहँ गम्मु पर णाणु वियाणइ जेण।
तिण्णि वि मिल्लिवि जाणि तुहुँ अप्पा णाणें तेण।।१०७।।

आत्मा ज्ञानस्य गम्यः परः ज्ञानं विजानाति येन।
त्रीण्यपि मुक्त्वा जानीहि त्वं आत्मानं ज्ञानेन तेन।।१०७।।

अप्पा णाणहं गम्मु पर आत्मा ज्ञानस्य गम्यो विषयः परः। कोऽर्थः। नियमेन। कस्मात्। णाणु वियाणइ जेण ज्ञानं कर्तृ विजानात्यात्मानं येन कारणेन अतः कारणात् तिण्णि वि मिल्लिवि जाणि तुहुं त्रीण्यपि मुक्त्वा जानीहि त्वं हे प्रभाकरभट्ट, अप्पा णाणें तेण। कं जानीहि। आत्मानम्। केन। ज्ञानेन तेन कारणेनेति। तथाहि। निजशुद्धात्मा ज्ञानस्यैव गम्यः। कस्मादिति चेत्। मतिज्ञानादिकपञ्चविकल्परहितं यत्परमपदं परमात्मशब्दवाच्यं साक्षान्मोक्षकारणं तद्रुपो योऽसौ परमात्मा तमात्मानं वीतराग निर्विकल्प स्वसंवेदन ज्ञान गुणेन विना दुर्धरानुष्ठानं कुर्वाणाअपि बहवोऽपि न लभन्ते यतः कारणात्। तथा चोक्तं समयसारे – 'णाणगुणेण विहीणा एयं तु पयं बहू वि ण लहंते। तं गिण्ह णियदमेदं जदि इच्छसि दुक्खपरिमोक्खं।।'। अत्र धर्मार्थकामादिसर्वपरद्रव्येच्छां योऽसौ मुञ्चति स्वशुद्धात्मसुखामृते तृप्तो भवति स एव निःपरिग्रहो भण्यते स एवात्मानं जानातीति भावार्थः। उक्तं च – 'अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णिच्छदे धम्मं। अपरिग्गहो दु धम्मस्स जाणगो तेण सो होदि।।'।।१०७।।

---

आगे आत्माका स्वरूप दिखलाते हैं –

**गाथा – १०७**

अन्वयार्थ :– [ आत्मा ] आत्मा [ परं ] नियमसे [ ज्ञानस्य ] ज्ञानके [ गम्यः ] गोचर है, [ येन ] क्योंकि [ ज्ञानं ] ज्ञान ही [ विजानाति ] आत्माको जानता है, [ तेन ] इसलिये [ त्वं ] हे प्रभाकर भट्ट तू [ त्रीणि अपि मुक्तवा ] धर्म, अर्थ, काम इन तीनों ही भावोंको छोड़कर [ ज्ञानेन ] ज्ञानसे [ आत्मानं ] निज आत्माको [ जानीहि ] जान।

भावार्थ :– निज शुद्धात्मा ज्ञानके ही गोचर (जानने योग्य) है, क्योंकि मतिज्ञानादि पाँच भेदों रहित जो परमात्म शब्दका अर्थ परमपद है वही साक्षात् मोक्षका कारण है, उस स्वरूप परमात्माको वीतरागनिर्विकल्पस्वसंवेदन ज्ञानके बिना दुर्धर तपके करनेवाले भी बहुतसे प्राणी नहीं पाते। इसलिये ज्ञानसे ही अपना स्वरूप अनुभव कर। ऐसा ही कथन श्रीकुंदकुंदाचार्यने समयसारजीमें किया है 'णाणगुणेहिं' इत्यादि। इसका अर्थ यह है, कि सम्यग्ज्ञाननामा निज गुणसे रहित पुरुष इस ब्रह्मपदको बहुत कष्ट करके भी नहीं पाते, अर्थात् जो महान दुर्धर तप

करो तो भी नहीं मिलता। इसलिये जो तू दुःखसे छूटना चाहता है, सिद्धपदकी इच्छा रखता है, तो आत्मज्ञानकर निजपदको प्राप्त कर। यहाँ सारांश यह है कि, जो धर्म–अर्थ–कामादि सब परद्रव्यकी इच्छाको छोड़ता है, वही निज शुद्धात्मसुखरूप अमृतमें तृप्त हुआ सिद्धांतमें परिग्रह रहित कहा जाता है, और निर्ग्रंथ कहा जाता है, और वही अपने आत्माको जानता है। ऐसा ही समयसारमें कहा है 'अपरिग्गहो' इत्यादि। इसका अर्थ ऐसा है, कि निज सिद्धांतमें परिग्रह रहित और इच्छा रहित ज्ञानी कहा गया है, जो धर्मको भी नहीं चाहता है, अर्थात् जिसके व्यवहारधर्मकी भी कामना नहीं है, उसके अर्थ तथा कामकी इच्छा कहाँसे होवे? वह आत्मज्ञानी सब अभिलाषाओंसे रहित है, जिसके धर्मका भी परिग्रह नहीं है, तो अन्य परिग्रह कहाँसे हो? इसलिये वह ज्ञानी परिग्रही नहीं है, केवल निजस्वरूपका जाननेवाला ही होता है।।१०७।।

---

હવે, આત્માનું સ્વરૂપ દર્શાવે છે :

ભાવાર્થ : નિજ શુદ્ધાત્મા જ્ઞાનને જ ગમ્ય છે, કારણ કે મતિજ્ઞાનાદિ પાંચ ભેદો રહિત 'પરમાત્મ' શબ્દથી વાચ્ય જે પરમપદ સાક્ષાત્ મોક્ષનું કારણ છે, તદ્રૂપ જે પરમાત્મા છે તે આત્માને વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ જ્ઞાનગુણ વિના દુર્ધર અનુષ્ઠાન કરવા છતાં પણ ઘણા પુરુષો પામતા નથી. શ્રી સમયસાર (ગાથા ૨૦૫)માં કહ્યું પણ છે કે

'णाणगुणेण विहीणा एयं तु पयं बहू वि ण लहंते। तं गिण्ह णियदमेदं जदि इच्छसि कम्मपरिमोक्खं।।' અર્થ : જ્ઞાનગુણથી રહિત ઘણાય લોકો (ઘણા પ્રકારનાં કર્મ કરવા છતાં) આ જ્ઞાનસ્વરૂપ પદને પામતા નથી; માટે હે ભવ્ય ! જો તું કર્મથી સર્વથા મુક્ત થવા ઇચ્છતો હો તો આ નિયત એવા આને (જ્ઞાનને) ગ્રહણ કર.

અહીં ધર્મ, અર્થ, કામાદિ સર્વ પરદ્રવ્યની ઇચ્છાને જે છોડે છે અને સ્વશુદ્ધાત્મસુખામૃતમાં તૃપ્ત થાય છે તે જ નિઃપરિગ્રહી કહેવામાં આવે છે, તે જ પોતાના આત્માને જાણે છે, એવો ભાવાર્થ છે. (શ્રી સમયસાર ગાથા ૨૧૦માં) કહ્યું પણ છે કે – 'अपरिग्गहो अणिच्छो भणिदो णाणि य णिच्छदे धम्मं। अपरिग्गहो दु धम्मरस जाणगो तेण सो होदि।।' અર્થ : અનિચ્છકને અપરિગ્રહી કહ્યો છે અને જ્ઞાની ધર્મને (પુણ્યને) ઇચ્છતો નથી, તેથી તે ધર્મનો પરિગ્રહી નથી, (ધર્મનો) જ્ઞાયક જ છે. ૧૦૭.

## વીર સંવત ૨૫૦૨, ભાદરવા સુદ ૧૩, સોમવાર
## તા. ૬-૦૯-૧૯૭૬, ગાથા-૧૦૭, પ્રવચન નં. ૮૩

દસલક્ષણી પર્વનો નવમો દિવસ છે. દસલક્ષણ નામ આત્માનો અનુભવ, આનંદના અનુભવ સહિત સ્વરૂપમાં આનંદ, અતીન્દ્રિય આનંદમાં રમવું, એનું નામ ચારિત્ર છે. એ ચારિત્રના ઉત્તમક્ષમા આદિ દસ ભેદ છે. મુખ્ય તો ચારિત્રની વ્યાખ્યા છે. અહીંયાં અકિંચન આવ્યું ને આજે? અકિંચનધર્મ. નવમો દિવસ છે.

'**જિનકા મોહ સર્વથા ગલ ગયા હૈ,...**' આહાહા..! ણમો અરિહંતાણં પહેલા કહ્યું ને? ઈ શું છે? એ પક્ષ નથી. અરિ નામ મિથ્યાત્વ ને રાગ-દ્વેષ જે દુશ્મન છે, એને જેણે હણ્યા તેને અરિહંત કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એ પહેલું પદ આવ્યું ને? ણમો લોએ અરિહંતાણં. ખરેખર તો એમ છે કે ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરહિંતાણં, એવો શબ્દ છે. શાસ્ત્રનો એવો શબ્દ છે. પછી ટૂંકુ કરીને ણમો લોએ સવ્વ સાહૂણં કરી દીધું. ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં-આખું પદ એમ છે. 'ધવલ'માં એમ છે. જેણે પોતાનો આનંદસ્વરૂપ ભગવાન, વીતરાગભાવ પ્રગટ કર્યો અને જેણે મિથ્યાત્વ, રાગ-દ્વેષનો નાશ કર્યો. અરિ-એ વિકાર અરિ છે, વેરી છે. એને હંતા-હણ્યા. એવા ત્રિકાળવર્તી અરિહંતોને, ત્રિકાળવર્તી-ત્રણે કાળમાં વર્તનારા, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં, એનો વિસ્તાર કર્યો. સમજાય છે કાંઈ? કેમકે એણે અકિંચન-કંઈ પણ રાગ ને પરચીજ મારી નહિ, એવું પોતાનું આનંદસ્વરૂપ જેણે પ્રગટ કર્યું, તેમનો મોહ ગળી ગયો. મોહ હંતા કહો, હણ્યા કહો, ગળી ગયો કહો. આહા..! સમજાય છે કાંઈ?

તેથી નીચલા દરજ્જામાં નિર્ગ્રંથ મુનિ છે, સાચા સાધુ, એમનો પણ મોહ ગળી ગયો છે. જેને અંદર આનંદની લહેર જાગી ગઈ છે. અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન, એ આત્મા શું છે એની લોકોને કિંમત નથી. આત્મા એટલે કાંઈ નહિ. આ કરવું, આ કરવું. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો સમુદ્ર છે. અતીન્દ્રિય જ્ઞાન. શાસ્ત્રજ્ઞાનેય નહિ. એ જ્ઞાન પણ નહિ. શાસ્ત્રજ્ઞાન એ તો વિકલ્પ નામ રાગના વલણવાળું જ્ઞાન છે. એ જ્ઞાન નહિ. આહાહા..! અંતરમાં આનંદસ્વરૂપ અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે. એવું અતીન્દ્રિય જ્ઞાન જેણે પ્રગટ કર્યું, છઠ્ઠે ગુણસ્થાને મુનિ, સાચા મુનિ છે એ નિર્ગ્રંથ હોય છે. સમજાય છે કાંઈ? એ કહે છે.

'**આત્મા કે હિત મેં હી નિરંતર લગે રહતે હૈં,...**' આત્મા આનંદસ્વરૂપમાં.. મુનિ એ તો અંતર આનંદમાં જ સદા રમે છે. છે? '**જો સુંદર ચારિત્ર કે ધારણ કરને વાલે હૈં...**' અંતર શાંતિ.. શાંતિ.. શાંતિ.. વીતરાગસ્વરૂપ ઉપશમ ચારિત્ર, ઉપશમ નામ સ્થિરતા, એ ચારિત્રને ધરનાર છે. આહાહા..! '**તથા ઘર, સ્ત્રી, પુત્રાદિ કો છોડ કર, મોક્ષ કે લિયે તપ કરતે હૈં,...**'

(આત્મધ્યાન કરતે હૈં) આહા..! પોતાના સ્વરૂપમાં તપે છે, તપે છે નામ ધ્યાન કરે છે. '**વે મુનિ, સંસાર મેં વિરલે હી હૈં.**' આવા મુનિ મળવા વિરલ છે. અને આ કાળે તો મહાદુર્લભ છે. સમજાય છે કાંઈ? શાસ્ત્રમાં તો એવો લેખ છે, 'પદ્મનંદિ પંચવિંશતિઃ' શાસ્ત્ર છે. એક, બે, ત્રણ મુનિ. એમ લખ્યું છે. સમ્યગ્જ્ઞાની, દૃષ્ટિ, અનુભવી સંતો તો એક, બે, ત્રણ કદાચિત્ ક્યાંક હોય તો મળે. એવો પાઠ છે. એનો અર્થ થોડા, એમ લેવું. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ખુલાસો છે. બહુ થોડા, કોઈ હોય... આહાહા..!

અંદર પરમેશ્વરપદ જેને પ્રગટ થયું છે, અતીન્દ્રિય આનંદની છોળ (ઉછળે છે). અંદર અતીન્દ્રિય સ્વરૂપ ભગવાનઆત્મા, એની પર્યાયમાં, જેમ કાંઠે-દરિયાને કાંઠે પાણીની ભરતી આવે છે ને? બાઢ-ભરતી, એમ ધર્માત્મા સંતને વર્તમાન પર્યાયમાં અતીન્દ્રિય આનંદની ભરતી આવે છે. સમજાય છે કાંઈ? અને રાગની હિનતા-ઓટ આવી ગઈ છે. ભરતી અને ઓટ છે ને. વિકારની ઓટ આવી છે અને આનંદની ભરતી આવી છે. આહા..! આવી વાતેય ક્યાં છે. આહાહા..! અહીં એ કહે છે. એ મુનિ જગતમાં વિરલ છે.

'**જો સ્વતઃ અપને હિત કે લિયે તપ કરને વાલે હૈં, દૂસરે તપસ્વિયોં કે લિયે શાસ્ત્રાદિક કા દાન કરતે હૈં,...**' આહાહા..! સમ્યગ્જ્ઞાન બીજાને આપે છે. ભાઈ! તારી ચીજ રાગ રહિત, આનંદનો નાથ પ્રભુ, એનું જ્ઞાન કર. એ જ્ઞાન છે. આવો ઉપેદશ આપે છે અને જ્ઞાન આપે છે એ તો જગતમાં વિરલ છે, કહે છે. સમજાય છે કાંઈ? પોતાના આત્માના આનંદનું જ્ઞાન દેવું... '**ઉનકે સહાયી ભી હૈં...**' ધર્માત્મા આનંદસ્વરૂપને સાધે છે, તેને જે વિરલ ધર્માત્મા સહાયક-મદદગાર થાય છે. આહાહા..! '**સંસાર કે બીચ મેં અત્યંત દુર્લભ હૈ...**' એ પ્રાણી સંસારમાં મહા દુર્લભ. અર્થાત્ '**વે બડી કઠિનાઈ સે મિલતે હૈં.**' એક ગાથા આવી.

બીજી ગાથા. '**સમસ્ત શાસ્ત્રોં કો જાનને વાલે વીતરાગદેવ ને અપની આત્મા સે સમસ્ત વસ્તુઓં કો ભિન્ન જાનકર સબકા ત્યાગ કર દિયા હૈ.**' એકલી નગ્ન દશા. વસ્ત્રનો ટુકડો પણ નહિ અને અંદરમાં રાગનો કણ પણ નહિ. આહાહા..! આકિંચન. કિંચન-કિંચિત્ રાગનો અંશ પણ નહિ અને બહારથી વસ્ત્રનો ટુકડો પણ નહિ. એવો અકિંચન ભાવ જેણે પ્રગટ કર્યો. આહાહા..! અરે..! દુનિયાને ક્યાં.. ઈ કહે છે, જુઓ! '**યદિ કહોગે કિ સબકો છોડતે સમય ઉન્હોંને શરીર, પુસ્તકાદિ કા ત્યાગ ક્યોં નહિ કિયા?**' એ તો છૂટતા નથી. શરીર ને પુસ્તક પ્રત્યેની મમતા છૂટે છે, એ છૂટતા નથી. આયુષ્ય હોય ત્યાં સુધી શરીર છૂટતું નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

'**યદિ વે શરીરાદિ મેં કિસી પ્રકાર કા મમત્વ કરેં તો ઉનકો જિનેન્દ્ર કી આજ્ઞા-ભંગ કરનેરૂપ મહાન દોષ કા ભાગી હોના પડેગા...**' આહાહા..! એ તો નિર્ગ્રંથ છે. નિર્ગ્રંથ નામ શુભભાવ જે રાગ છે એ ગ્રંથ છે. આહાહા..! એમાંથી પણ અંદરમાં નીકળી ગયા. જેની નિર્ગ્રંથ દશા અંતરમાં છે. આહા..! વીતરાગભાવ જેની પર્યાયમાં-અવસ્થામાં હિલોળા મારે છે. આહા..! પાણી જેમ હિલોળા મારે ને? શું કહે છે? .. આહાહા..! ભગવાન આનંદનો

નાથ પ્રભુ, વીતરાગમૂર્તિ એ ભગવાન આત્મા તો છે. એનો અનુભવ કરીને જેની પર્યાયમાં વીતરાગી પર્યાય પ્રગટ થઈ, ધર્મ, અર્થ, કામથી રહિત. એ ચાલે છે ને? આપણે ઈ આવશે. પ્રવચનસાર. હમણાં આવશે. તેને અહીંયાં નિર્ગ્રંથ દશા કહે છે. ઈ આવશે, હવે આવશે. ૧૦૭ ગાથા. ૧૦૬ થઈ ગઈ.

શિષ્યે ગુરુને પ્રશ્ન કર્યો હતો કે નાથ! મને આત્મા બતાવો. મેં ક્રિયા તો બહુ કરી. વ્રત, નિયમ, તપસ્યા તો અનંતવાર કર્યા. તોપણ અમને આત્મા એક ક્ષણ પણ મળ્યો નહિ. આહા..! તો અમને નિયત કાળમાં.. એવો શબ્દ-પાઠ છે. પંડિતજી! ક્ષણમાત્રમાં કહ્યું ને? પાઠમાં નિયતકાળ છે. સંસ્કૃતમાં છે. નિયતકાળ આવ્યું હતું. કહ્યું હતું ને? આહાહા..! નિયત છે. શબ્દ આવ્યો હતો ક્યાંક. ૧૦૪માં આવ્યું. પાઠમાં નિયતકાળ એમ છે, લ્યો. સંસ્કૃતની પહેલી લીટી. '**नियतकालेनैकक्षणेनेति**'. સંસ્કૃતમાં છે. શિષ્યનો પ્રશ્ન છે કે પ્રભુ! અમારો આત્મા એક ક્ષણમાં બતાવો. અનંત કાળ અમારો વીત્યો. આ વ્રત કર્યા ને તપ કર્યા ને ભક્તિ કરી ને પૂજા કરી એમાં કંઈ આત્મા મળ્યો નહિ. એ તો રાગની ક્રિયા છે. આહાહા..! હવે અમારો જ્ઞાનસ્વરૂપ ભગવાન નિયતકાળમાં-અલ્પકાળમાં બતાવો, પ્રભુ! આહા..! હવે લાંબો કાળ નહિ. અલ્પકાળમાં આત્મા પ્રાપ્ત થાય એવી ચીજ બતાવો. તો એનો ઉત્તર ગુરુ આપે છે. ૧૦૭ ચાલે છે ને? ૧૦૭.

**१०७) अप्पा णाणहँ गम्मु पर णाणु वियाणइ जेण।**
**तिण्णि वि मिल्लिवि जाणि तुहुँ अप्पा णाणें तेण।।१०७।।**

**અન્વયાર્થ :-** '**આત્મા નિયમસે જ્ઞાનકે ગોચર હૈ,...**' એ ભગવાન તો અંદર જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાનથી ગમ્ય થાય છે. કોઈ વ્રત ક્રિયા આદિથી, વિકલ્પથી એ જણાતો નથી. આહાહા..! જ્ઞાન કયુ? પોતાનું જ્ઞાન. શાસ્ત્રજ્ઞાન પણ નહિ. એ તો પરલક્ષી જ્ઞાન છે. આહા..! છે? '**આત્મા..**' '**परं**' '**નિયમસે જ્ઞાનકે ગોચર હૈ,...**' આહાહા..! સ્વસંવેદન. પોતાના જ્ઞાનથી જ આત્મા જ્ઞાનમાં જણાય છે. આહાહા..! અંતર જ્ઞાનની વેદનદશામાં જ્ઞાન જણાય છે. ભારે ઝીણી વાત, ભાઈ!

'**ક્યોંકિ જ્ઞાન હી આત્માકો જાનતા હૈ,...**' આહા..! અંદર જ્ઞાનસ્વભાવ છે એ આત્માને જાણે છે. રાગની ક્રિયા એ કંઈ આત્માને જાણતી નથી. આહાહા..! શિષ્યને ઉત્તર આપે છે. '**હે પ્રભાકર ભટ્ટ તૂ ધર્મ, અર્થ, કામ ઈન તીનોં હી ભાવોંકો છોડકર...**' છે? ધર્મ કોણ? પુણ્ય. આ પંચ મહાવ્રત ને બાર વ્રત ને ભક્તિ ને પૂજા ને એ બધા પુણ્ય છે, વ્યવહાર ધર્મ એટલે પુણ્ય. એ છોડી દે. દૃષ્ટિમાંથી છોડી દે, એ ધર્મ નહિ. આહાહા..! પ્રરૂપણા આખી અત્યારે ફરી ગઈ. એ બધો ધર્મ છે. જે પુણ્ય છે, વ્યવહાર છે, તેને અજ્ઞાની ધર્મ કહે છે.

અહીંયાં ધર્માત્મા કહે છે, '**त्रीणि अपि मुक्तवा**' છે? પુણ્ય શુભભાવ ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ ને લાખ શાસ્ત્રવાંચન ને શ્રવણ (કરે), બધો શુભભાવ છે. આહાહા..! એ છોડી દે, દૃષ્ટિમાંથી છોડી દે. તેનાથી આત્મા પ્રાપ્ત નથી થતો. આહાહા..!

અર્થ-આ ધૂળ-લક્ષ્મી. અહીં તો ભગવાન ધૂળ કહીએ છીએ, પુદ્‌ગલ છે ને? એ તો અજીવ છે. એ અજીવને મેળવવાની ભાવના એ પાપ છે. એય..! આ બધા પૈસાવાળા પૈસા માટે.. આ 'સમીર' હવે પૈસા માટે ત્યાં 'અમરેલી' જાય છે. 'અમરેલી' કહેવાય? શું કહેવાય? 'અમેરીકા'. ભણીને પછી પૈસા (કમાશે). પૈસા તો એના બાપ પાસે ઘણાય છે. એ પૈસા રળવાનો ભાવ પાપ છે, દુર્ગતિમાં જનાર છે. અહીંયાં તો આ છે, ભગવાન!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એટલે ખુલાસો કરે છે, ખુલાસો કરે છે. જેને ધર્મ કરવો હોય એને લક્ષ્મી તરફનો ભાવ પણ દૃષ્ટિમાંથી છોડવો પડશે. અને દયા, દાન, વ્રતના પરિણામ પણ દૃષ્ટિમાંથી છોડવા પડશે. સમ્યગ્દર્શન જેને જોઈએ, સમ્યગ્દર્શન ચોથું ગુણસ્થાન હજી તો, આહાહા..! એને ધર્મ, અર્થ અને કામ. પાંચ ઇન્દ્રિયના વિષયની અભિલાષા એ તો પાપ છે. આહાહા..! અર્થ અને કામમાં પાપ લીધું અને ધર્મમાં પુણ્ય લીધું. એ શુભ અને અશુભભાવ બે લીધા. એ બેય બંધના કારણ છે. આહાહા..! તારે આત્મા જોઈતો હોય તો એ શુભાશુભભાવની રુચિ છોડી દે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

આ બહારની મોહનગરી. મસાણમાં હોય ને? મસાણમાં હાડકા હોય છે. પછી ફાસફૂસ થાય છે. શું કહે છે? હાડકામાંથી ચમક ચમક થાય. છોકરાઓ બાળક જાય તો એને એમ થાય કે ભૂતડા હશે. ભૂતડા-બુતડા કોઈ નથી. એ હાડકા પડ્યા હોય ને? હાડકા સમજ્યા? એમાં ફાસફૂસને કારણે ચમક ચમક હાડકામાંથી થાય. એને ફાસફુસ કહે છે.

એમ આત્મા સિવાય જગતની દશા બધી હાડકાની ફાસફુસ છે. આહાહા..! જગતની ચમકમાં જગત અંદર ચાલ્યું જાય છે અને ભગવાન ચૈતન્યમૂર્તિ અંદર છે, એ તરફ જાવાનો વખત મેળવતો નથી. આહાહા..! કહો, 'પોપટભાઈ'! આ છોકરાઓ ને પૈસા ને એમાં પાછા બાપુજી.. બાપુજી કરે. આહાહા..!

એક ફેરી 'રાણપુર'માં અપાસરા પાસે કોઈ ખાટલો બનાવતો હતો. આ કાથીના ખાટલા નથી હોતા? એક હરિજન ઢેઢ હતો. ઈ કરતો હતો. હું તો અપાસરામાં હતો. પછી દસ વાગ્યા એટલે એની સ્ત્રી આવી ને એનો છોકરો આવ્યો, છાશ અને રોટલી લઈને. આમ ખાતા હતા તો જાણે બાદશાહી છે. મેં કીધું, આ દુનિયા એવી બાદશાહી કરે છે.

મુમુક્ષુ :- લાગુ પાડીએ..

ઉત્તર :- આ લાગુ પાડ્યું ને. આ 'હસમુખ'નો જોગ ને પૈસાનો જોગ, એમાં ખુશી થાય એ હરિજન જેવા ભિખારા છે. 'પદમચંદજી'! અહીં તો આ છે, ભગવાન! આહાહા..! સમ્યગ્દૃષ્ટિ તો ગૃહસ્થાશ્રમમાં હો, પણ છતાં રાગ અને રજકણની ચીજની મમતા છૂટી ગઈ છે. એ હું નહિ, એ હું નહિ. હું તો આનંદનો નાથ છું. સચ્ચિદાનંદ સ્વરૂપ હું છું. હો, રાગ થાય છે, પણ એ હું નહિ. એ મારો નહિ. આહાહા..! અકિંચન દિન છે ને આજે? કિંચિત્‌માત્ર રાગનો કણ અને રજકણ એ મારી ચીજ નહિ. આહાહા..! હું તો પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ વીતરાગમૂર્તિ આત્મા અંદર અકષાય સ્વભાવનો પિંડ એ હું છું.

આહાહા..! ધર્મીની આવી દૃષ્ટિ હોવી જોઈએ. સમજાય છે કાંઈ? એ વિના કદી ધર્મ (હોતો નથી). ધર્મ શબ્દે સુખનો પંથ. પોતાના પૂર્ણાનંદની દૃષ્ટિ થાય છે તો સુખના પંથે જાય છે. અને પુણ્ય ને પાપના રસ્તે જાય છે તો દુઃખના પંથે જાય છે. સમજાય છે કાંઈ?

શાસ્ત્ર, ભગવાન તો ત્યાં સુધી કહે છે, સાચા મુનિ છે, આત્મજ્ઞાની, ધ્યાની આનંદનો તેને પંચમહાવ્રતના વિકલ્પ ઉઠે છે, છઠ્ઠે ગુણસ્થાને, એ જગપંથ છે. 'સમયસાર નાટક'માં છે, એક ફેરી બતાવ્યું હતું. જગપંથ. સમજાય છે કાંઈ? આહાહા..! જેને આનંદનો નાથ જાગીજાગી જાગ્યો છે. ગ્રંથિભેદ-રાગની એકતા તૂટી ગઈ છે. અને સ્વભાવ આનંદના નાથની જાગૃત દશા, ચારિત્રની રમણતા આનંદની પ્રગટ થઈ ગઈ છે. એને પણ જરી પંચ મહાવ્રતના વિકલ્પ આવે છે. આહાહા..! એ જગપંથ છે. મોક્ષનો પંથ નહિ. સમજાય છે કાંઈ? બતાવવું છે? લ્યો, (મોક્ષ દ્વાર-૪૦) છે. 'સમયસાર નાટક'.

તા કારન જગપંથ ઈત, ઉત સિવ મારગ જોર,
પરમાદી જગકૌં ધુકૈ, અપરમાદિ સિવ ઓર. ૪૦.

**'તા કારન જગપંથ ઈત,...'** મુનિને દયા, દાન, વ્રતના વિકલ્પ ઉઠે છે, અહિંસા આદિ વ્રતનો, પણ એ વિકલ્પ આસ્રવ છે, એ જગપંથ છે. ગજબ વાત છે, ભાઈ! 'તા કારન જગપંથ ઈત, ઉત સિવ મારગ જોર' સ્વરૂપમાં અપ્રમત્ત દશામાં રમણતા કરવી. એ વિકલ્પ તો પ્રમાદ છે. આહાહા..! પ્રભુ! 'પરમાદી જગકૌં ધુકૈં,...' આહાહા..! આત્મજ્ઞાની ધ્યાની, હોં! જેને હજી સમ્યગ્દર્શન નથી એની તો વાતેય નથી. જેને આત્માનુભવ છે, જેને આનંદની દશા, રમણતા ચારિત્રદશા પ્રગટ થઈ છે, એને પણ છઠ્ઠે ગુણસ્થાને જે વિકલ્પ આવે છે... 'તા કારણ.. જગકૌં ધુકૈ...' આહાહા..! એટલો વિકલ્પ પણ સંસાર તરફ ઝુકવાવાળો છે. 'અપરમાદિ સિવ ઓર' અંદર આત્માના આનંદમાં અપ્રમાદી રમે છે એ શિવ તરફ જાય છે. શિવ નામ મોક્ષ. આહા..! બાપુ! માર્ગ બહુ જુદા છે, ભાઈ! અત્યારે તો સાંભળવું મુશ્કેલ પડી ગયું છે. બસ, આ વ્રત કરો ને અપવાસ કરો ને તપ કરો ને મહાવ્રત લ્યો, એ ધર્મ છે. એ તો શ્રદ્ધા જ મિથ્યાત્વ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ૪૦મું પદ છે, મોક્ષ દ્વાર. સમજાય છે કાંઈ? કેટલા બોલ છે? ૫૩ છે. મોક્ષ દ્વારમાં ૫૩ બોલ છે, એમાં ૪૦મો બોલ છે. અમે તો આ (સંવત) ૧૯૭૮ની સાલથી વાંચીએ છીએ. કેટલા વર્ષ થયા? ૨૨ ને ૩૨, ૫૪ વર્ષ થયા. અમે તો દુકાન ઉપર પણ શાસ્ત્ર વાંચતા હતા, પણ શ્વેતાંબરના. અમે તો શ્વેતાંબર હતા ને. પિતાજી શ્વેતાંબર હતા. અમારી દુકાન ત્યાં 'પાલેજ'માં હતી. ભાઈ આવ્યા છે ને, 'નટુભાઈ' છે. ત્યાં નવ વર્ષ રહ્યા દુકાન ઉપર. પાંચ વર્ષ તો દુકાન પણ ચલાવી હતી. ૧૭ વર્ષથી ૨૨ વર્ષની ઉંમર. ૧૭-દસ ને સાત, પાંચ વર્ષ દુકાન ચલાવી. પછી કંઈ રુચિ ન જામી. ધારધીર કરતા હતા, પૈસાની ઉઘરાણીએ જાતા હતા. નાની ઉંમરમાં અમને શેઠ.. શેઠ કહેતા હતા. દુકાન ચલાવતા હતા ને. ૧૭ વર્ષથી ૨૨ વર્ષ, પણ બધી રાગ ને દ્વેષની વાતું.

મુમુક્ષુ :- આપને અબ સચ્ચી દુકાન ચલાઈ.

ઉત્તર :- આ દુકાન સાચી છે. એ તો પાપની દુકાન હતી. અમે તો નાની ઉંમરમાં

દુકાનના સ્વામી હતા ને. નાની ઉંમરમાં ઘરાક આવે તો શેઠ શેઠ કરતા હતા. શેઠ આવો, શેઠ આવો. અમારી તો ૧૭ વર્ષની નાની ઉંમર. પિતાજી (સંવત) ૧૯૬૩ની સાલમાં ગુજરી ગયા. ૧૯૫૯થી ૧૯૬૩ પિતાજીએ દુકાન ચલાવી. સંવત ૧૯૫૯-૧૯૬૩. પિતાજી ગુજરી ગયા, પછી અમારા મોટાભાઈ હતા એની બીજી દુકાન હતી. અમારી બે દુકાન હતી. અમારે ભાઈ આવ્યા છે ને, 'નટુભાઈ'. એમના પિતાજી કાકા અમારા ભાગીદાર હતા, ફઈના દીકરા. એ બધા વર્ષે કેટલી વાર... પણ એકલા પાપ. લોહવાટ, આખો દિ' આ લીધું ને દીધું ને આ કર્યું.

મુમુક્ષુ :- ન્યાય નીતિથી પણ પાપ.

ઉત્તર :- ન્યાય ક્યાં હતો? પૈસા લેવા ને દેવા ને.. આહાહા..! પૈસા મળે તો અંદર રાજી થઈ જાય. ઘરાક પાસે ઉઘરાણીએ જાતા હતા. ઉઘરાણી સમજ્યા? પૈસા ધારધીર કર્યા હોય ત્યાં જાતા હતા. પાંચસો-પાંચસો રૂપિયા, હજાર-હજાર લઈને આવ્યા. અને એક દિવસનો વકરો થાય ને? વકરાને શું કહે છે? વિક્રી. પાંચસો-પાંચસો રૂપિયા. ગલ્લો હતો ને. ઈ વખતે આ નોટું ક્યાં હતી. તે વખતે તો ચાંદી હતી. એક દિવસમાં પાંચસો-પાંચસો આવતા હતા. અમે વેપાર કરતા ત્યારે. એમાં ધૂળધાણીમાં કાંઈ નહોતું, પાપના પોટલા હતા.

અહીં તો કહે છે, પુણ્યભાવ જે છે.. આહાહા..! સમકિતી મુનિને પણ જ્યારે વિકલ્પ, પુણ્યભાવ આવે છે એ પણ જગપંથ, સંસારપંથમાં એને ભવબંધ થશે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- છઠ્ઠા ગુણસ્થાનમાં..

ઉત્તર :- હા, વિકલ્પ આવે, મહાવ્રત છે ને? એટલો પ્રમાદ છે ને. અહીંયાં પાંડવો, શેત્રુંજય, પાંચ પાંડવો ધ્યાનમાં હતા. ધર્મરાજા, ભીમ, અર્જૂન, સહદેવ, નકુલ. પાંચે આત્માના ધ્યાનમાં મસ્ત હતા. દૂર્યોધનનો ભાણેજ આવ્યો, એ પહેલા વિરોધી હતો. એને રાજ જોઈતું હતું. એમ કરીને લોઢાના મુગટ અને લોઢાના દાગીના પહેરાવ્યા. આહાહા..! એ શેત્રુંજય પર થયું. પાંચ પાંડવમાંથી ત્રણ પાંડવ ત્યાંથી મોક્ષ ગયા. સહદેવ અને નકુલ બે.. સાંભળો! મુનિ હતા, ધ્યાની હતા, આત્મજ્ઞાની અનુભવી હતા. પણ મોટાભાઈનો જરી વિકલ્પ આવી ગયો. ભીમ, અર્જુન અને ધર્મરાજા. સહોદર હતા ને. એક માતાના પુત્ર હતા. મુનિ હતા, વૃદ્ધ અવસ્થા (હતી) એટલે એવો વિકલ્પ આવ્યો કે અરે..! મુનિઓને કેમ હશે? આટલો શુભ વિકલ્પ આવ્યો. ૩૩ સાગરનું આયુષ્ય બંધાય ગયું. કેવળજ્ઞાન દૂર થઈ ગયું.

મુમુક્ષુ :- .. ભાઈનો આવ્યો.

ઉત્તર :- આવ્યો, ભાઈ તે પણ મુનિઓનો. શુભરાગ છે ને. વિકલ્પ આવ્યો કેમ? એ રાગ છે. આયુષ્ય બંધાય ગયું. ત્રણ કેવળ પામીને મોક્ષ ગયા. ત્રણ તો મોક્ષમાં ચાલ્યા ગયા. આહા..! છેલ્લો દેહ. પરમાત્મા સિદ્ધ થઈ ગયા. ત્રણ-ધર્મરાજા, અર્જુન અને ભીમ. સહદેવ અને નકુલને એક ભવ સર્વાર્થસિદ્ધનો થઈ ગયો. અત્યારે સર્વાર્થસિદ્ધમાં છે. ત્યાંથી પછી મનુષ્ય થઈને (મોક્ષમાં જશે). મનુષ્યભવમાં પણ કેટલા વર્ષ પછી કેવળજ્ઞાન થશે. એક

વિકલ્પમાં મોક્ષ આટલો દૂર થઈ ગયો. એ પણ મુનિઓ માટે વિકલ્પ આવ્યો તો ભવ થઈ ગયો. આહાહા..!

મુમુક્ષુ :- અપરાધ થઈ ગયો.

ઉત્તર :- રાગ છે ને, ભગવાન! આ તો ભગવાન વીતરાગસ્વરૂપ પ્રભુ છે. આહા..! એમાંથી નીકળીને જેટલા વિકલ્પ થાય છે એ તો બંધનું કારણ છે. આહા..!

મુમુક્ષુ :- આટલો રાગ અને આવડી મોટી સજા?

ઉત્તર :- સજા નહિ, મોટી સજા નથી. પંડિતજી શું કહે છે? પેલું કહે છે ને? કાકડીના ચોરને (ફાંસીની સજા). કાકડીનો ચોર નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? વિકલ્પ કેમ કર્યો? રાગ કેમ આવ્યો? સમજાય છે કાંઈ? આહાહા...! એ રાગથી બે ભવ વધી ગયા. ત્રણ મોક્ષ પધાર્યા. આત્મદશા સિદ્ધપદ પ્રાપ્ત થયું. આહાહા..! એ સિદ્ધ થશે પણ એક ભવ પછી. સર્વાર્થસિદ્ધમાં અત્યારે છે, ત્યાંથી મનુષ્ય થઈને કેવળજ્ઞાન પરમાત્મા થશે. પણ બે ભવ વધી ગયા. આહાહા..! સમજાય છે કાંઈ?

**'ધર્મ, અર્થ, કામ ઈન તીનોં હી ભાવોંકો છોડકર...'** આહાહા..! પહેલા સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શન ચોથું ગુણસ્થાન. એમાં પણ શુભ અને અશુભભાવની રુચિ છૂટી જાય છે. રુચિ છૂટ્યા વિના સમ્યગ્દર્શન કદી થતું નથી. આહાહા..! ભાવ રહે છે, અસ્થિરતાના ભાવ રહે છે પણ રુચિ છૂટી જાય છે. શુભ છે ઈ ધર્મ છે અને ધર્મનું કારણ છે એવી દૃષ્ટિ છૂટી જાય છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત, ભાઈ! અનંતકાળમાં કદી કર્યું જ નથી. એમ ને એમ જન્મ ધારણ કર્યા. મનુષ્યપણું અનંતવાર મળ્યું છે. આ કંઈ પહેલું મનુષ્યપણું નથી. અનંત કાળ અનંત કાળ.. અનાદિ.. અનાદિ. અનાદિ.. આહાહા..! આમ જુઓ તો અનંત અનંત ભવ ગયા તો અનંત ભવ મનુષ્યના થઈ ગયા છે. અબજોપતિ શેઠ પણ અનંતવાર થઈ ગયો છે. ભિખારો, સો વાર માંગે અને એક વાર કવળ મળે એવો ભિખારી પણ અનંત વાર થયો. અનંતકાળ કોને કહે? પ્રભુ! કેટલો કાળ, આમ જુઓ! કાલ પછી.. પછી.. પછી.. પછી.. ભવ.. ભવ.. ભવ.. ભવ.. ભવ અનંત ભવ છે. આહાહા..! એણે કોઈ દિ' વિચાર ક્યાં કર્યા છે. જ્યાં જન્મ્યા ત્યાં થઈ રહ્યું, અમે વાણિયા, અમે આવા ને અમે વેપારી છીએ, અમે વેપાર કરીએ છીએ ને આ ધંધામાં પૈસા મળ્યા ને આ છોકરા અમારા. મરી ગયો, એમ ને એમ. એય..!

ભાવમરણ. 'શ્રીમદ્દે' નથી કહ્યું? 'શ્રીમદ્ રાજચંદ્ર' થયા ને? 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો?' 'શ્રીમદ્ રાજચંદ્ર' આત્મજ્ઞાની થયા. ગૃહસ્થાશ્રમમાં હતા. સમકિતી આત્મજ્ઞાની (હતા), એક ભવે મોક્ષ જશે. અત્યારે સ્વર્ગમાં છે. 'શ્રીમદ્ રાજચંદ્ર'ને લાખોના ઝવેરાતના વેપાર હતા. 'મુંબઈ'. એને અનુભવ દૃષ્ટિ બહુ થઈ ગઈ. સ્વર્ગમાં ગયા છે ને ત્યાંથી એક ભવ કરીને મોક્ષમાં જશે. એમણે ૧૬માં વર્ષે (કાવ્ય) બનાવ્યું છે.

બહુ પુણ્ય કેરા પુંજથી શુભદેહ માનવનો મળ્યો
તોયે અરે..! ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો.

ભવભ્રમણ ટળ્યું નહિ. અને આ મનુષ્યપણું મળ્યું તો તારું મનુષ્યપણું અફળ છે. આહાહા..! 'સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે,...' બહારની સામગ્રીમાં સુખ છે એવી માન્યતામાં તારા આનંદનો સુખનો નાશ થાય છે. આહા..! ગૃહસ્થાશ્રમમાં હતા, લાખોનો ઝવેરાતના વેપાર (હતા). સમજાય છે કાંઈ? સમકિતી હતા, નીતિથી વેપાર કરતા હતા. એકવાર વેપાર કરવામાં, મોતીનો વેપાર હતો, તો જેની સાથે મોતીનો વેપાર કર્યો, એ સાધારણ મોતીનો ધંધો લીધો હતો, એમાં (સામેવાળાએ) ઊંચા મોતીનું પડિકુ આપી દીધું. ઊંચા મોતીનું પડીકું આપ્યું. મોટી કિંમતના મોતી. અને જે સોદો કરેલો એ અલ્પ કિંમતનો હતો. એ પડીકું લઈને ઘરે આવ્યા. અરે..! આ શું? લાખો રૂપિયાની પેદાશ એમાં. લાખો (રૂપિયાના) મોતી. અરે..! આ મોતી નહિ. અરે..! મેં આ નથી લીધા. અરેરે..! એ બિચારો આવ્યો માણસ. અરે..! ભાઈ! આ મોતીનો સોદો કર્યો નથી. ભાઈ! તારા મોતી આ પડ્યા, બાપા! લાખો રૂપિયાની પેદાશ, હોં! એ મોતીનો આપણે સોદો નથી થયો. એ મોતી લાવો. આપી દીધું. બહુ નીતિવાન જીવન. ધર્મીના જીવન કેવા હોય છે! ધર્મીના જીવન કેવા હોય છે? નૈતિક જીવન જેના. આહાહા..! આહાહા..! લાખોની પેદાશ. મોટું પડીકું હતું. એક મોતી વીસ વીસ હજારના હોય છે. એક એક વીસ હજારનું. એવું આખું મોતીનું પડીકું હાથમાં આવ્યું. નહિ, ભાઈ! નહિ, આ અમારું નહિ. ભાઈ! તું લઈ જા. પેલો તો (જોતો રહી ગયો), અરે..! આ કોણ પુરુષ છે? દૈવીપુરુષ કોણ છે આ? જેને લાખોની પેદાશ એક ક્ષણમાં મળી એ છોડી દે છે. આ કોઈ દૈવીપુરુષ છે, એમ બિચારો ખુશી થઈને ગયો. 'મુંબઈ'માં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આવ્યું હતું. ખબર છે, અમને બધી ખબર છે. અમે તો બધું વાંચ્યું છે ને. અહીં તો આખી જિંદગી આમાં નીકળી છે ને. (સંવત) ૧૯૬૫ની સાલથી અમારો આ ધંધો છે. વાંચન, શ્રવણ. ૧૯૬૫. કેટલા વર્ષ થયા? ૬૭ વર્ષ થયા. સાંઈઠ અને સાત. ત્યારથી રાત્રીના આહાર-પાણીનો ત્યાગ છે. ૧૯૬૫ની સાલથી. રાત્રે પાણીનું બિંદુ નહિ અને આહારનો કણ નહિ. દુકાન ઉપર હતા ત્યારે પણ અમે રાત્રે આહાર નહોતા લેતા. ધંધો કરતા હતા. અમારું જીવન તો પહેલેથી આવા સંસ્કાર છે ને. આહાહા..!

અહીં કહે છે, સમકિતીએ તો ધર્મ, અર્થ અને કામના ભાવ છોડીને.. આહાહા..! મુનિને તો એ ભાવ જ નથી હોતા. અને સમકિતીને એ ભાવ થાય છે પણ એની રુચિ છોડી દે. એ શુભભાવ પંચમહાવ્રતના પરિણામ ધર્મ છે અને ધર્મનું કારણ છે એ છોડી દે, એ રાગ છે, આસ્રવ છે. આહાહા..! ગજબ વાત છે. ધર્મ, અર્થ, કામ ત્રણ આવ્યા ને? પુણ્ય અને પાપ. અર્થ મેળવવાનો ભાવ પાપ. આ તમાકુને રાખવાના ભાવ. બીડીના મોટા વેપારી છે. સાંઈઠ તો મોટર ઘરે છે. સાંઈઠ મોટર. શું કહેવાય ઈ? બેય ભાઈઓ 'બુંદેલખંડ'ના બાદશાહ કહેવાય છે. પણ નરમ, હોં! આટલા પૈસા પણ એનું કાંઈ (નહિ). અમે ત્યાં આવ્યા હતા ને. ત્રણ ત્રણ લાખની ધર્મશાળા બનાવી છે. ત્રણ લાખની ધર્મશાળા લોકો માટે. ત્રણ લાખની

ધર્મશાળા. અમે ત્યાં હતા. ઉદ્‌ઘાટન થયું હતું. પણ એ તો રાગની મંદતા, એ કોઈ ધર્મ નહિ. લાખો, કરોડોના દાન દેવાના ભાવ હો, એ રાગની મંદતા પુણ્ય છે. આહાહા..!

અહીં તો પોતાના આનંદનું દાન દે એ ધર્મ છે. સંપ્રદાન આત્મામાં છે. આત્મામાં એક સંપ્રદાન નામનો ગુણ છે. ષટ્‌કારક છે. ઝીણી વાતું, બાપા! કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, (અધિકરણ) એવા છ બોલ છે. સંપ્રદાન નામનો આત્મામાં એક ગુણ છે. પોતાની દૃષ્ટિ કરીને સ્થિર થાય છે તો આનંદનું દાન પર્યાયમાં આવે છે. અતીન્દ્રિય આનંદ પોતાને લેવો અને દેવો. પાત્ર પણ પોતે અને દાતા પણ પોતે. આહાહા..! અહીં તો આવું છે, ભગવાન! વાત તો બહુ ઝીણી છે, બાપુ! આ તો જન્મ-મરણ રહિત થવાની વાત છે, ભગવાન! જેમાં શેઠાઈ ને રાજાઈ મળે એ તો ધૂળ છે બધી. આહાહા..! જેમાં ભવનો અભાવ થાય.. 'શ્રીમદ્' એ કહેતા હતા, 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો?' અરે..! પ્રભુ! શુભ-અશુભભાવ મારા છે એમ માનવામાં તારું મરણ થાય છે. ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણ. દેહથી છૂટવું તો બીજી ચીજ છે, પણ અંદરમાં આનંદના નાથને પુણ્ય-પાપના પ્રેમમાં લઈ જવો, એ આત્માની શાંતિનું મરણ થાય છે. આહાહા..! ભાવમરણ. સોળમા વર્ષે બનાવ્યું. 'કૈલાસચંદજી'! સોળ સોળ વર્ષ દેહના. આત્માને ક્યાં વર્ષ છે? આત્મા તો અનાદિઅનંત છે. દેહની સોળ વર્ષની ઉંમરમાં આ બનાવ્યું હતું. 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે..' આહા..!

લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો,
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો,
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,
એનો વિચાર નહિં અહોહો એક ક્ષણ પણ તમને હવો.

સોળ વર્ષે, 'કૈલાસચંદજી'! છે? આહાહા..! હજી તો જુવાન અવસ્થા ફૂટતી હતી. પણ પૂર્વના સંસ્કાર હતા. પહેલા ભગવાન પાસે હતા પણ ભૂલ થઈ ગઈ હતી એટલે...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ કહ્યું નહિ? શું કહ્યું? પહેલા એ કહ્યું, વધવાપણું સંસારનું. 'લક્ષ્મી અને અધિકાર વધતાં..' લક્ષ્મી વધી, પાંચ કરોડ આદિ અને અધિકાર વધ્યા. દસ-દસ હજાર, પંદર-પંદર હજારની એક દિવસની પેદાશ થાય એવો અમલદાર થાય. 'લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો?' શું વધ્યું તારે? એ તો સોજા ચડ્યા. 'શું કુટુંબ કે પરિવારથી..' કુટુંબ વધ્યું. ૨૦૦ માણસ મારા કુટુંબમાં, ૫૦૦ માણસ અમારા કુટુંબમાં. પરિવાર અમારો આટલો. 'કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો.' એ વધ્યો નહિ, પ્રભુ! આહાહા..! 'વધવાપણું સંસારનું નરદેહને હારી જવો, એનો વિચાર નહિ અહોહો! એક પળ પણ તમને હવો.' આમ છે. પંડિતજી! સોળ વર્ષે પોકાર કરે છે. વૈરાગી હતા. પૂર્વના સંસ્કારી હતા. ક્ષયોપશમ બહુ હતો. એ વખતે એમના જેવો ક્ષયોપશમવાળો બીજો કોઈ પુરુષ નહોતો.

મુમુક્ષુ :- શતાવધાની હતા.

ઉત્તર :- શતાવધાની હતા. શતાવધાની તો અત્યારે પણ થાય છે, એ કોઈ વસ્તુ નથી. પણ એમનો ક્ષયોપશમ બહુ, બહુ હતો. શતાવધાની તો અત્યારે સાધારણ પણ થાય છે. એ કોઈ ચીજ નથી. આમણે તો શતાવધાન કર્યા પછી છોડી દીધું કે એ તો માન અને આબરૂની વાત છે. એમ કરીને છોડી દીધું. આહા..! બહુ જ આત્માર્થી. ધંધા અને સ્ત્રી, કુટુંબની વચ્ચે રહેવા છતાં અંતરમાં, જેમ નાળિયેરમાં.. સુકુ નાળિયેર હોય ને? અંદર કાચલીમાં હોય. કાચલી સમજો છો? છતાં આમ છૂટું રહે છે. એમ સમ્યગ્દૃષ્ટિ જીવ રાગ અને પરમાં રહે છે એમ દેખાવા છતાં એનાથી ભિન્ન રહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ નાળિયેરમાં ગડગડિયો નથી થતો? ગડગડિયો કહે છે? ખખડે. અંદર છૂટો છે. આહાહા..!

'શ્રીમદ્'ને એકવાર પૂછ્યું. સાહેબ! આપ આ વેપાર-ધંધા કરો છો ને આ બધું કરો છો ને તમે ધર્મી? બાપુ! પ્રભુ! એમ કહ્યું, નાળિયેરમાં ગોળો ભિન્ન રહે છે. ભાઈ! અમે ભિન્ન રહીએ છીએ. આહાહા..! એવો પ્રશ્ન કર્યો હતો. એમના જીવનની સ્થિતિ બહુ જાણીએ છીએ ને. અમને તો બધાનો પરિચય છે ને. આહાહા..!

અહીં કહે છે, શિષ્યને ગુરુ કહે છે, ગુરુને શિષ્યએ પ્રાર્થના કરી, પ્રભુ! અમને આત્મજ્ઞાન બતાવો ને. અમારી પાસે આ એક વસ્તુ છે. અમે રાગની ક્રિયા કરી કરીને અનંતકાળ ગયો, નાથ! પણ અમારા જન્મ-મરણના અંત ન આવ્યા, પ્રભુ! તો જન્મ-મરણના અંત આવે એવી ચીજ-જ્ઞાન અમને બતાવો. અને તે અલ્પકાળમાં બતાવો. અમારી આયુષ્યની સ્થિતિ મોટી નથી, નાની સ્થિતિ છે. મહારાજ! આ મનુષ્યદેહ આંખ વીંચાઈ જશે તો ખલાસ થઈ જશે. તો અલ્પકાળમાં અમારા જન્મ-મરણ મટી જાય એવું બતાવો. તો ગુરુ કહે છે, સાંભળ, સાંભળ! ભાઈ! આહાહા..! તારામાં જે શુભ અને અશુભભાવ થાય છે (તેનાથી તું ભિન્ન છો). શરીર, વાણી, મન, કુટુંબ એ તો પર છે, એ તો ક્યાંય રહી ગયા, સમજાય છે કાંઈ? આહાહા..!

'**त्रीणि अपि मुक्तवा**' પુણ્યના ભાવ, લક્ષ્મીના ભાવ, કામના ભાવને છોડી, '**જ્ઞાનસે નિજ આત્માકો જાન.**' છે? અંતરની જ્ઞાનલક્ષ્મીથી-જ્ઞાનની દશાથી આત્માને જાણે. વિકલ્પથી નહિ, પરથી નહિ. શાસ્ત્રના જ્ઞાનથી પણ જણાતો નથી. જગતની વિદ્વતા હોય એ બહાર છે, આત્મામાં નહિ. આહાહા..! અંતરના જ્ઞાનની જે દશા છે, વસ્તુ જે જ્ઞાનસ્વરૂપ છે, એની પર્યાયમાં વર્તમાનમાં વિકસિત જ્ઞાનનો અંશ છે, એ જ્ઞાનની પર્યાયને અંતરમાં વાળતા આત્મા જણાય છે. ત્યારે એને ધર્મ અને સમકિત થાય છે. આહાહા..! આવી વાત છે, ભગવાન! શું કહીએ?

'શ્રીમદ્' એક વાર કહેતા હતા. અરે..! અમારી વાત-નાદ કોણ સાંભળશે? કારણ કે ગૃહસ્થાશ્રમમાં હતા અને સત્ય વાત તો આવી હતી. તો પછી લોકો તો બહારનો ત્યાગ દેખે તો માને. તેથી એમ કહેતા હતા, અરેરે..! અમારી સત્ય વાત, અમારો નાદ કોણ સાંભળશે? અમે તો સત્ય કહીએ છીએ પણ કોણ સાંભળશે?

એમ અહીં પરમાત્મા શિષ્યને કહે છે, પ્રભુ! અમે એવી વાત તને સંભળાવીએ છીએ.

આહાહા..! ભગવાન તારી નિધિ-નિધાન સચ્ચિદાનંદ પ્રભુ નિધાન પડ્યું છે ને તારી ચીજમાં. આહાહા..! એ જ્ઞાનસ્વરૂપી ભગવાનને વર્તમાન જ્ઞાનની પરિણતિથી જાણ. આહાહા..! એ સિવાય કોઈ દિ' સમકિત ત્રણકાળમાં થતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? **'છોડકર જ્ઞાનસે...'** જ્ઞાન શબ્દે આ શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન નથી. આત્માનું જે જ્ઞાન અંદર છે, પર્યાય-અવસ્થા, જે રાગના વિકલ્પથી રહિત એ જ્ઞાનની પર્યાયથી અંદર જાણ. આહાહા..! સમજાય છે કાંઈ? જ્ઞાનની અવસ્થા જે પ્રગટ અંશ છે, જાણવાની દશા, તેના દ્વારા જાણનારને જાણ. આહાહા..! તો તને સમકિતદર્શન થશે અને તારા જન્મ-મરણનો અંત આવશે. આવું છે, ભગવાન! આહાહા..! શું કહીએ? ક્યાં કહીએ? કોણ સાંભળે? બહારની પ્રવૃત્તિના પ્રેમમાં પડ્યા એને આ વાત સાંભળવી એવી કઠણ લાગે, અરે..! આ તો એકલી નિશ્ચય નિશ્ચયની (વાતો કરે છે).

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એક ક્ષણમાં નિયત કાળમાં આત્મા પ્રાપ્ત થાય છે. અનંતકાળમાં ન થયું એ ક્ષણમાં પ્રાપ્ત થાય છે અને એ સાધક દશા પણ અસંખ્ય સમયમાં પૂર્ણ કેવળજ્ઞાન થઈ જાય છે. પોતાનો અનુભવ થયા પછી અસંખ્ય સમય કેવળજ્ઞાન પ્રાપ્ત કરવામાં થાય છે. અનંત સમય નહિ. આહાહા..! એક પાંચ ભવ કે પંદર ભવ બહુ તો, બસ! ખલાસ થઈ જશે. કેવળજ્ઞાન પરમાત્મા. અનંતકાળ પરિભ્રમણમાં ગાળ્યો. નવમી ગ્રૈવેયક ગયો, વ્રત લીધા, તપ કર્યા, મુનિપણું લીધું તે કેવું? દિગંબર મુનિ. અને ચામડા ઉતરડીને ખાર છાંટે તોય ક્રોધ ન કરે. પણ એ સમ્યગ્દર્શન નહિ. આહાહા..!

ભગવાન અંદર સચ્ચિદાનંદ પ્રભુનો પત્તો લીધો નહિ. આહાહા..! 'સહેજે સમુદ્ર ઉલ્લસ્યો જેમાં રતન તણાણા જાય, પુણ્યવાન કર વાવરે એની મોતીએ મુઠી ભરાય.' 'સહેજે સમુદ્ર ઉલ્લસ્યો રતન તણાણા જાય, પુણ્યવાન કર વાવરે તો મોતીએ મુઠી ભરાય.' અંતરમાં જાય તો એને આત્મરત્ન મળે. પાપી પ્રાણી ત્યાં મુઠી નાખે શંખલાએ મુઠી ભરાય. શંખલા હાથમાં આવે, શંખલા. એમ પુણ્યની ક્રિયા ને દયા, દાનની ક્રિયા હાથમાં આવે. એવી વાત છે, ભગવાન! આહાહા..! આ તો આવી પડ્યા ક્યાંકના ક્યાંક, બાપુ! આ 'સોનગઢ'ને પાદરે પડ્યા છીએ અહીં તો. માર્ગ તો આ છે, બાપા! આહાહા..! શું કહીએ? સમજાય છે કાંઈ? આહાહા..!

**ભાવાર્થ :- 'નિજ શુદ્ધાત્મા જ્ઞાનકે હી ગોચર (જાનને યોગ્ય) હૈ,...'** ભગવાન શુદ્ધ સ્વરૂપ પવિત્ર ભગવાન, એ તો પોતાની જ્ઞાનની દશાથી જ ગમ્ય છે. છે ને? ગોચર એટલે ગમ્ય. આહાહા..! ગોચર-આ ગાય ચરે છે ને? ગાય ચરે છે એ કઈ રીતે? ઘાસ ચરે છે એ મૂળથી ઉખેડે નહિ, ઉપર ઉપરથી ખાય. એથી ગોચર કહે છે. ગાય-ગોચર. અને ગધેડાનો સ્વભાવ એવો છે કે મૂળથી (ઉખાડીને ખાય). પછી ઉગે નહિ. ગાય તો ઘાસ ગમે એટલું પડ્યું હોય, ખેંચે નહિ. ઉપરથી ખાય. એટલે મૂળિયા સાજા રહે. પાછા નવા થાય. એથી એને ગોચર કહે છે. ગોચરી. મુનિની ગોચરી કહે છે ને? આહાહા..! મુનિ આહાર લેવા જાય

તો એના ઘરે બન્યું હોય, પોતા માટે નહિ, એના માટે બનાવ્યું હોય એમાંથી થોડું લઈ લે, ઉપરથી. એની માટે રાખીને. આ તો એના માટે ચોકા બનાવે અને લે, તો વસ્તુ જ ક્યાં રહી? આહાહા..! ગધ્ધાચરી થઈ, એ ગોચરી ન થઈ. 'કૈલાસચંદજી'! ભગવાન! અહીં તો વાત આ છે. અમે પણ એવું કર્યું ને, પંદર વર્ષ. ગોચરી-ભિક્ષા માટે જતા. નિર્દોષ લેતા હતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગમે તે હો, આપણે તો સત્યની વાત ચાલે છે. આહાહા..! અમે પણ ભિક્ષા માટે જતા હતા ને. ગૃહસ્થ લોકો હતા. 'રાયચંદ ગાંધી' પચાસ હજારની પેદાશ તે વખતે, હોં! સાંઈઠ વર્ષ પહેલાં. મોટો દિનશાનો વેપાર. પચાસ-પચાસ માણસ ઘરે જમે. કેરીનો રસ. કેરી સમજ્યા? આમ. અધ મણ, બે મણ પડી હોય. અમે ભીક્ષા માટે જઈએ. અમારી માટે ન કર્યું હોય. રસ દેવા ઉઠ્યા. ઉભા રહો. આમાં ગોટલી છે? ગોટલી સમજ્યા? ગુટલી. આમાં ગોટલી છે? મહારાજ! ખબર નથી. અડશો નહિ, અડશો નહિ, અમે નહિ લઈએ. ગોટલી હોય ને? ગોટલી. એમાં જીવ છે. આંબાની (ગોટલી). અધ મણ, બે મણ રસ પડ્યો હોય. પહેલા અમે પૂછીએ, કોને માટે બનાવ્યું છે? મહેમાન આવ્યા છે એના માટે. એમાં ગોટલી છે કે નહીં? મહારાજ! અમને ખબર નથી. અડશો નહિ. અંદર એકેન્દ્રિય જીવ છે. એ રસ અમે નહિ લઈએ. એવી સખત ક્રિયા હતી. રોવે બિચારા. ગૃહસ્થ લોકો, હોં! અમારી માટે એકેન્દ્રિય જીવ મરે.. એ વખતે તો અમારી ક્રિયા એવી હતી ને. માની હતી. પછી તો જાણ્યું કે આ તો ક્રિયાકાંડ છે. આ નહીં. સમજાય છે કાંઈ? આહાહા..! એ તો રાગની મંદતાની ક્રિયા. એ કોઈ ધર્મ નહિ. સમજ્યા?

અહીં તો કહે છે, '**નિજ શુદ્ધાત્મા...**' એમ લીધું છે. ભગવાનનો આત્મા નહિ, તીર્થંકરનો આત્મા નહિ, એ તો પર છે. નિજ શુદ્ધાત્મા, એવા શબ્દો પડ્યા છે, જુઓ! નિજ-પોતાનો શુદ્ધ પવિત્ર ભગવાન આનંદકંદ આત્મા, એ જ્ઞાનને જ ગમ્ય છે. પોતાની જ્ઞાનની નિર્મળ દશા દ્વારા જણાય છે. વ્યવહારથી જણાતો નથી, નિમિત્તથી જણાતો નથી, શાસ્ત્રથી જણાતો નથી, દિવ્યધ્વનિથી જણાતો નથી. આહાહા..! એ તો પહેલા આવી ગયું છે. દિવ્યધ્વનિથી પણ આત્મા જણાતો નથી. મુનિઓની વાણી છે, એ વાણી દ્વારા પણ આત્મા જણાતો નથી. આહાહા..! 'શાસ્ત્ર દિશા દેખાડી અળગા રહે'. શાસ્ત્ર દિશા દેખાડે કે જુઓ! ભાઈ! અંદર આત્મા આનંદ છે ત્યાં જા. બસ, એટલું બતાવે. પછી અળગા રહે. શાસ્ત્ર અંદર ન જાય. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ એવો છે, ભગવાન! એની સાચી દૃષ્ટિ થવી એ તો અલૌકિક વાતું છે. ભલે ચારિત્ર ન હો.

'શ્રેણિક' રાજા, 'શ્રેણિક' રાજા. ચારિત્ર નહોતું. સમ્યગ્દર્શન હતું. આત્મજ્ઞાન થયું હતું. હજારો રાજા ચામર ઢાળતા હતા. પણ એકવાર મુનિની અશાતના કરી હતી. મુનિ ધ્યાનમાં બેઠા હતા, નગ્ન મુનિ. એક સર્પ મરી ગયેલો હતો, ડોકમાં નાખ્યો. બૌદ્ધધર્મી હતો. એની ઉપર નાખ્યો ને પછી ચાલ્યા ગયા. કરોડો કીડીઓ. એની 'ચેલણા' રાણી હતી. 'શ્રેણિક'

રાજાની રાણી. એ રાણી સમકિતી હતી, જ્ઞાની હતી. 'ચેલણા'ને કહ્યું, તારા ગુરુ ઉપર સર્પ નાખી આવ્યો, હવે સર્પ કાઢી નાખ્યો હશે. અન્નદાતા! અમારા ગુરુ એવા ન હોય. અન્નદાતા! પતિદેવ! એમ કહે ને? પત્ની પતિદેવ તરીકે (બોલાવે). પતિદેવ! એમ ન હોય. એ સર્પ નહિ કાઢ્યો હોય. ચાલો, ક્યાં છે? બેય ગયા. પતિ-પત્ની બેય. મુનિ તો ધ્યાનમાં આનંદમાં હતા. આનંદ.. આનંદ.. આનંદ. કરોડો કીડીઓ. કાણા પડી ગયા. માતા 'ચેલણા' રાણીએ હાથ ઊંચો કરીને (કહ્યું) જુઓ! પતિદેવ એમણે કાઢ્યો નથી. એ તો આનંદના ધ્યાનમાં મસ્ત છે. એને મુનિ કહેવાય. હેં! ઓહોહો..! મહારાજ! મને ધર્મ સમજાવો, હું ધર્મ વિનાનો છું. એ 'ચેલણા'નો પ્રતાપ. ધર્મ સાંભળ્યો, એ જ ક્ષણે સમકિત થઈ ગયું. દૃષ્ટિ ખોલીને અંદર ચાલ્યા ગયા. આહાહા..! ત્યાં જ. એમાં શું? આત્મામાં અંદર પછી ભગવાન પાસે સમવસરણમાં ગયા, ત્યાં વિકલ્પ આવ્યો, તીર્થંકર ગોત્ર બંધાય ગયું. પણ નરકનું આયુષ્ય બંધાય ગયું હતું. મુનિને ડોકમાં (સર્પ) નાખ્યો હતો ને.

નીચે સાત નરક છે. રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુપ્રભા એવી સાત નરક નીચે છે. એક એક નરકમાં અસંખ્ય નારકી છે. આ બધા રાજા, મહારાજાઓ, શેઠિયાઓ માંસ ખાનારાઓની ત્યાં પાર્લામેન્ટ ભરાય છે. બધા મરીને નરકે જાય છે. આહાહા..! એય..! 'પદમચંદજી'! આહાહા..! એ નરકમાં ગયા. આયુષ્ય બંધાય ગયું ને. ૩૩ સાગરનો બંધ હતો. પણ જ્યાં સમકિત પામ્યા, સ્થિતિ તોડી નાખી. ચોર્યાસી હજાર વર્ષની રહી. અત્યારે નરકમાં છે. ચોર્યાસી હજાર વર્ષ છે. 'શ્રેણિક' રાજા ત્યાંથી નીકળીને રાણીને કુંખે (જન્મી) તીર્થંકર થશે. આગામી ચોવીસીમાં ક્ષત્રિય કુળમાં તીર્થંકરના પુત્ર થશે. જેમ 'મહાવીરસ્વામી' ભગવાન હતા, એવા જ તીર્થંકર થશે. એક આત્મજ્ઞાન અને સમ્યગ્દર્શનનો પ્રતાપ આવો છે. સમજાય છે કાંઈ? લોકોને સમ્યક્ શું છે એની કિંમત નથી. એ તો બહાર ત્યાગ કરે, આ કર્યું, હવે ધૂળેય નથી, સાંભળને! અણગારો મોહી.. આવે છે? 'રત્નકરંડ શ્રાવકાચાર'. અણગાર થઈને પણ રાગને ધર્મ માને છે, વ્રતથી ધર્મ માને છે તો મિથ્યાદૃષ્ટિ સંસારી છે. અને સમકિતી ગૃહસ્થાશ્રમમાં હો, પણ રાગથી ધર્મ નથી, આત્માના સ્વરૂપથી ધર્મ છે, એ નિર્મોહી મોક્ષમાર્ગમાં છે. આહાહા..! 'રત્નકરંડ શ્રાવકાચાર', 'સમંતભદ્રાચાર્ય'. આહાહા..! એવી વાતું છે, આ તો ભગવાન! આહાહા..! પર્યુષણના દિવસો છે, ભગવાન! આહાહા..! કહ્યું?

'**મતિજ્ઞાનાદિ પાંચ ભેદોં રહિત જો પરમાત્મ શબ્દકા અર્થ પરમપદ હૈ...**' આહાહા..! શું કહે છે? કે આત્મા જે જ્ઞાનસ્વરૂપી ત્રિકાળ છે, એ પુણ્યના પરિણામ જે દયા, દાન, વ્રતાદિથી તો ભિન્ન છે પણ પર્યાય જે પાંચ થાય છે, મતિ, શ્રુત, અવધિ (મનપર્યય, કેવળ) જ્ઞાનની પાંચ દશા, એ પાંચ દશાથી પણ રહિત અભેદ છે. આહાહા..! એકરૂપ જ્ઞાયકભાવ છે. છે? તેને પરમાત્મા પરમપદ કહે છે. '**વહી સાક્ષાત્ મોક્ષકા કારણ હૈ,...**' આહાહા..! સમજાય છે કાંઈ?

'**ઉસ સ્વરૂપ પરમાત્માકો વીતરાગનિર્વિકલ્પસ્વસંવેદન જ્ઞાનકે બિના...**' આહાહા..! જુઓ! આત્મા અંતરમાં વીતરાગી જ્ઞાન દશા વિના, વીતરાગી નિર્વિકલ્પ જ્ઞાન વિના '**દુર્ધર**

**તપકે કરનેવાલે ભી બહુતસે પ્રાણી નહીં પાતે.**' મહિના મહિનાના અપવાસ કરો, પંચમહાવ્રત પાળો, હજારો રાણીનો ત્યાગ કરો, એનાથી આત્મા નથી મળતો. છે? એ તો પરમાત્મા જે પોતાનું સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ,.. એ પણ પૂર્ણ પરમાત્માની વાત બેસતી નથી. ભિખારીની જેમ રાંકો થઈ ગયો, રાંકો. આહાહા..! જ્યાં પાંચ-પચીસ લાખ પૈસા મળે એટલે જાણે અમે બાદશાહ થઈ ગયા. એક રાજપદ મળે તો બાદશાહ. ધૂળેય નથી, સાંભળ તો ખરો. ભિખારી પરવસ્તુને પોતાની માનનારો પોતાની વસ્તુને છોડી, એ તો ભિખારો છે-રાંકો છે. વરાંકા શબ્દ શાસ્ત્રમાં છે. વરાંકા એવો શબ્દ છે. વરાંકા એટલે ભિખારા-રાંકા. ચૈતન્યલક્ષ્મીની તને અંદર ખબર નથી, પૂર્ણાનંદનો નાથ અંદર પડ્યો છે એની તો તને ખબર નથી અને બહારના પૈસા ને ધૂળમાં ચાલ્યો ગયો. ભિખારા-રાંકા ચાર ગતિમાં મરી જઈશ. અહીં તો એ વાત છે. એય..! પૈસા-પૈસાની કાંઈ કિંમત ન મળે, અહીં તો એમ કહે છે. 'મુંબઈ'માં કિંમત હશે. નહિ? આહાહા..!

અહીં કહે છે, 'વીતરાગનિર્વિકલ્પસ્વસંવેદન...' એ જ્ઞાન, હોં! બીજા શાસ્ત્રનું જ્ઞાન ને ફલાણાનું જ્ઞાન ને ચાર અનુયોગનું જ્ઞાન, એ નહિ. પરમાત્મા પોતાનું સ્વરૂપ વીતરાગ નિર્વિકલ્પ સંવેદનજ્ઞાન વિના '**દુર્ધર તપકે કરનેવાલે ભી બહુતસે પ્રાણી નહીં પાતે.**' આહાહા..! '**ઈસલિયે જ્ઞાનસે હી અપના સ્વરૂપ અનુભવ કર.**' જ્ઞાનની પર્યાય અંદર લાવીને અનુભવ કર. વિશેષ આવશે.. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, ભાદરવા સુદ ૧૪, મંગળવાર
## તા. ૭-૦૯-૧૯૭૬, ગાથા-૧૦૭, ૧૦૮ પ્રવચન નં. ૮૪

આજે દસમો દિવસ છે. આ દસલક્ષણી પર્વનો બ્રહ્મચર્ય દિન છે. બ્રહ્મચર્ય-બ્રહ્મ નામ આત્માનો આનંદ, એમાં ચરવું એનું નામ બ્રહ્મચર્ય છે. આહા..! સ્ત્રીનો ત્યાગ એ તો એક શુભભાવ છે. અહીંયાં તો સ્ત્રી લેશે. સંસારના પરિભ્રમણના ચક્રમાં સ્ત્રી કારણ છે એમ બતાવે છે. બ્રહ્મચર્યનો અધિકાર છે ને. નિશ્ચયથી તો શુભ-અશુભ જે વિકારની પરિણતિ છે એ જ પરસ્ત્રી છે. આહાહા..! અહીંયાં એ સ્ત્રી લીધી છે.

'**જિસ પ્રકાર કુંભકાર કા ચાક, જમીન કે આધાર સે ચલતા હૈ, ઉસ ચાક કી તીક્ષ્ણ ધારા રહતી હૈ, ઉસકે ઉપર મિટ્ટી કા પિંડ ભી રહતા હૈ તથા વહ ચાક, નાના પ્રકાર કે કુસૂલ, સ્થાસ આદિ ઘટ કે વિકારોં કો કરતા હૈ, ઉસી પ્રકાર સંસારરૂપી ચાક કી આધાર યહ સ્ત્રી હૈ અર્થાત્ યહ સ્ત્રી ન હોતી તો યહ જીવ, કદાપિ સંસાર મેં ભટકતા ન ફિરતા.**' આહાહા..!

'**ઈસ સંસારરૂપી ચાક મેં અત્યંત તીક્ષ્ણ દુઃખોં કા સમૂહ હી ધાર હૈ અર્થાત્ સંસાર મેં**

**નાના પ્રકાર કે નરકાદિ દુઃખોં કા સામના કરના પડતા હૈ. ઈસ સંસારરૂપી ચાક કે ઉપર નાના પ્રકાર કે જીવ હી પિંડ હૈં. યહ સંસારરૂપી ચાક, દેવ-મનુષ્યાદિ નાના પ્રકાર કે વિકાર ધારણ કરાકર, જીવોં કો ભ્રમણ કરાને વાલા હૈ, અતઃ સ્ત્રી હી સંસાર-ચક્ર કી કારણ હૈ. ઈસલિયે જો મોક્ષ કા અભિલાષી મનુષ્ય, ઉન સ્ત્રીયોં કો માતા-બહિન-પુત્રી કે સમાન માનતા હૈ,...**' આહાહા..! માની તે દીકરી, પોતા જેવડી બહેન, મોટી હોય તે માતા. અહીંયાં તો સ્ત્રીની મુખ્યતાથી કથન છે.

'**જો પુરુષ, નિરંતર સ્ત્રિયોં કે હૃદય મેં પ્રીતિ ઉપજાને વાલે હૈં અર્થાત્ જિનકો સ્ત્રિયાં ચાહતી હૈં,...**' તેઓ પણ લોકમાં પુણ્યવંત કહેવાય છે. '**તથાપિ જિન મનુષ્યોં કે હૃદય મેં સ્ત્રિયાં સ્વપ્ન મેં ભી નિવાસ નહીં કરતી,** આહાહા..! **વે ઉનસે ભી અધિક ધન્ય હૈં તથા ઉન વીતરાગી-પુરુષોં કે ચરણ-કમલોં કો સ્ત્રિયાં કે પ્રિય પાત્ર, બડે-બડે ચક્રવર્તી આદિ ભી સિર ઝુકા કર નમસ્કાર કરતે હૈં,...**' આહા..! અહીંયાં નિશ્ચયથી તો ભગવાનઆત્મા બ્રહ્મસ્વરૂપ છે. પ્રજ્ઞા બ્રહ્મ. પ્રજ્ઞા નામ જ્ઞાન અને બ્રહ્મ નામ આનંદ. પણ ખબર ક્યાં છે એ ચીજની. આત્મા શું ચીજ છે? આત્માનું સ્વરૂપ શું છે? અને આત્માનો સ્વભાવ શું છે? એ સ્વભાવ તો અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય સ્વચ્છતા, સ્વચ્છતા, એવો સ્વભાવમાં પુણ્ય અને પાપના, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ એ પરપરિણતિ છે, વિભાવ પરિણતિ છે.

એ 'સમયસાર નાટક'માં જુગારમાં કહ્યું હતું ને? પરપરિણતિ એ સ્ત્રીનો સંગ છે. જુગારમાં લીધું હતું ને? 'સમયસાર નાટક'માં. આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ.. અરે..! કાંઈ ખબર ન મળે, આત્મા એટલે શું? આહાહા..! અહીંયાં સર્વજ્ઞ પરમાત્મા, જેણે આત્મા પૂર્ણ પ્રગટ કર્યો તેમણે આત્મા કેવો છે એ કહ્યું અને જોયું, એ આત્મા તો અતીન્દ્રિય જ્ઞાનની સ્વચ્છતાની મૂર્તિ છે. એની વર્તમાન પર્યાયમાં પુણ્ય-પાપના ભાવ છે એ વિભાવિક વિકારી દશા છે. એ વિકારી દશામાં એકતા માનવી એ વ્યભિચાર છે. આહાહા..! કેમ? કે સ્વભાવ આનંદ છે અને પુણ્ય-પાપના ભાવ વિકાર છે. એની સાથે એકત્વ કરવું એ તો વ્યભિચાર છે. આહાહા..! ઝીણી વાત, ભાઈ! સમજાય છે કાંઈ? અંદર આત્મા બ્રહ્મ નામ સહજાનંદ પ્રભુ છે. અરે..! કેમ બેસે? બીડી વિના ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ, સવારમાં ચા ન પીવે તો મગજ ઠેકાણે રહે નહિ. સવારે ચા પીને આવ્યો નથી તો મગજ ઠીક નથી. કહે છે સાંભળવામાં મગજ નહીં ચાલે. આહા..! આવા તો લખણ-અપલખણ. એને (આ કહેવું). આહાહા..! શેઠ! ચા પીને આવે, બીડીને પીને આવે તો મગજ ઠીક રહે સાંભળવા. વ્યસનના તે કાંઈ ઠેકાણા છે.

અહીં તો પરમાત્મા સર્વજ્ઞદેવ અને સંતો એમ કહે છે, પ્રભુ! તારું બ્રહ્મ નામ આનંદસ્વરૂપ છે ને, નાથ! એ આનંદમાં લીન થવું, આનંદની રુચિ કરી, જ્ઞાન કરી એમાં લીન થવું એ બ્રહ્મચર્ય છે કે જેનાથી ભવનો અભાવ થઈ જાય છે. સમજાય છે કાંઈ? નિજ

સ્વભાવ... આ બાયું ક્યાં જાય છે માથે? પહેલા આવવું જોઈએ કે પાછળ આવવું? આજે તો મોટો દિવસ છે. માંગલિક દિવસ છે, અનંત ચતુર્દશિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આજે તો બ્રહ્મચર્ય દિવસ ગણ્યો છે. દસલક્ષણ છે ને? તો ઉત્તમ બ્રહ્મચર્ય આ છે. શરીરથી સ્ત્રીનું સેવન ન કરવું એ ઉત્તમ બ્રહ્મચર્ય નહિ, એ તો એક શુભભાવ છે. આહાહા..! ઉત્તમ બ્રહ્મચર્ય તો આત્મા આનંદનો નાથ સહજાનંદ સ્વરૂપ, એવા બધાના આત્મા છે. આહાહા..! એમાં અંદર લીન થવું, ચરવું-બ્રહ્મ નામ આનંદ ને ચર્ય નામ રમવું. અરે..! આ વાત કોઈ દિ' સાંભળી નથી. આહા..!

શુદ્ધ પરિણતિ આનંદના નાથની શુદ્ધ પરિણતિ પ્રગટ કરવી એ બ્રહ્મચર્ય છે. સમજાય છે કાંઈ? બહારથી બ્રહ્મચર્ય તો અનંતવાર પાળ્યું. હજારો સ્ત્રીનો ત્યાગ કર્યો. પણ એ તો શુભભાવ છે, એ કોઈ ચીજ ધર્મ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? પંચમહાવ્રતના પરિણામ છે એ પણ આસ્રવ છે. એની સાથે એકત્વબુદ્ધિ કરવી એ વ્યભિચાર છે. આહાહા..! એ અહીં કહે છે. સમજાય છે કાંઈ? કહો, 'મૂળચંદભાઈ'! આવી વાત છે, બાપા! ત્રણલોકનો નાથ અંદર બિરાજે છે. ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદ સહજાનંદ સ્વરૂપ પ્રભુ. એ સહજાનંદ સ્વામીનારાયણના નહિ, હોં! આ ભગવાનઆત્મા જ સહજાનંદ સ્વરૂપ અંદર છે. ખબર ક્યાં? આત્માની વાત કોઈ દિ' સાંભળી નથી. સમજાય છે કાંઈ? અને આત્મા જાણ્યા વિના, આત્માના જ્ઞાન વિના જ્ઞાની નામ ધરાવવું ને ધર્મી નામ ધરાવવું, એ બધા એકડા વિનાના મીંડા છે. આહાહા..! એ બ્રહ્મચર્યની વાત કરી. કઈ ગાથા આવી? ૧૦૭. ભાવાર્થની ચાર લીટી ચાલી છે.

ફરીને, ભાવાર્થ ફરીને. '**નિજ શુદ્ધાત્મા...**' પણ નિજ આત્મા શું, એની ખબર ન મળે. શરીરની ક્રિયા કરવી કાં રાગ કરવો, દયા કરવી, પૂજા કરવી ને ભક્તિ કરવી એ આત્મા. આહાહા..! એ તો બધા વિકલ્પ ને રાગ છે, એ આત્મા નહિ. '**નિજ શુદ્ધાત્મા જ્ઞાનકે હી ગોચર (જાનને યોગ્ય) હૈ;...**' આહાહા..! એ જ્ઞાન કયુ? આ શાસ્ત્રનું જ્ઞાન ને પરનું જ્ઞાન નહિ. અંતર જ્ઞાનસ્વભાવને ગમ્ય આત્મા છે. પુણ્ય-પાપની રાગની પરિણતિ છોડી, આહા..! અંતર જ્ઞાનની નિર્મળ દશા દ્વારા આત્મા ગમ્ય નામ જણાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**ક્યોંકિ મતિજ્ઞાનાદિ પાંચ ભેદોં રહિત જો પરમાત્મ શબ્દકા અર્થ પરમપદ હૈ...**' પરમપદ પ્રભુ અંદર એ કેમ બેસે? આહાહા..! બે બીડી, સિગરેટ સરખી પીવે ત્યારે પાયખાનામાં જંગલ ઊતરે. આટલા તો અપલખણ. એને કહેવું કે તારો આત્મા પરમાનંદ છે. કેમ બેસે એને? આહાહા..! ભગવાન! આત્મા વસ્તુ છે કે નહિ? તો વસ્તુ છે તો એનો કોઈ ત્રિકાળી સ્વભાવ છે કે નહિ? જેમ એ ત્રિકાળી છે તો ત્રિકાળી આત્મા છે એવો ત્રિકાળી કોઈ સ્વભાવ છે કે નહિ? તો ત્રિકાળી સ્વભાવ તો એનો અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય સ્વચ્છતા, વીતરાગતા જેનો સ્વભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

આત્મા ભાવવાન છે, તો એનો ભાવ શું? શુભ-અશુભભાવ એ એનો ભાવ નથી. એ

તો વિકારી ભાવ છે. આહાહા..! ત્રિકાળી ભાવ તો અનંતજ્ઞાન, અનંતઆનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા.. આહાહા..! જેની મહિમા વાણી દ્વારા પણ પૂરી આવી શકે નહિ, એવો આત્મા છે. એ આત્માને જાણ્યા વિના બધું વ્યર્થ છે. મહાવ્રત પાળો ને મુનિપણું લ્યો ને દ્રવ્યલિંગ અનંતવાર ધાર્યા, એનાથી કોઈ જન્મ-મરણ મટ્યા નહિ. ચાર ગતિના ચક્રમાં રખડે છે. આહાહા..! અહીંયાં ઈ કહે છે.

'**પરમપદ હૈ વહી સાક્ષાત્ મોક્ષકા કારણ હૈ,..**' પરમાત્મા નિજ સ્વરૂપ, પણ કેમ બેસે? પોતાનું માપ, તુલના કરતા આવડતી નથી. સમજાય છે કાંઈ? પોતાનું માપ-પ્રમાણ શું છે એની ખબર નથી. એ પ્રમેયનો પ્રમાતા છે. ભગવાન ત્રિકાળ પ્રમેય નામ જ્ઞાનસ્વરૂપ છે, એનો એ પ્રમાતા-પ્રમાણ કરવાવાળો છે. પરનું પ્રમાણ કરનારો નથી. આહાહા..! આવો ભગવાન પણ અનાદિથી... તીર્થંકરો અનંત થઈ ગયા. એ અનંત તીર્થંકરો ક્ષત્રિય હતા. રાજકુમાર હતા. સંસાર છોડી અનંત આનંદની દશા પ્રગટ કરી. પછી આ જગતને ઉપદેશ આપ્યો. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીંયાં કહે છે, '**ઉસ સ્વરૂપ પરમાત્માકો વીતરાગનિર્વિકલ્પસ્વસંવેદન જ્ઞાનકે બિના...**' આહાહા..! સ્વરૂપ રાગરહિત ભગવાનઆત્મા છે, તો એની પરિણતિ નામ પર્યાયમાં-દશામાં રાગરહિત વીતરાગી નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનથી એ પ્રાપ્ત થાય છે. છે? એવા '**જ્ઞાનકે બિના દુર્ધર તપકે કરનેવાલે...**' અપવાસ કરો, મુનિપણું, બાર વ્રત ને મુનિધર્મ પાળો, બધું મિથ્યા છે. આહાહા..! સમજાય છે કાંઈ? આજે તો મોટો દિવસ છે. માંગલિક દિવસ છે અને મંગળવાર છે. આજે વાર પણ મંગળવાર છે. આહાહા..!

માંગલિક તો પરમાત્મા (છે). મંગ નામ સુખ અને લ નામ લાતી. અંતરના આનંદની દશાને સુખને પ્રાપ્ત કરે તે માંગલિક છે. આહાહા..! સમજાય છે કાંઈ? પાંચ-પચાસ હજાર પેદા કરે તો (એમ કહે), આજે અમારે માંગલિક છે, બનાવો લાપસી. ધૂળમાંય નથી, સાંભળને! સાંઈઠ વર્ષે દીકરો થયો. વાંઝિયાને પુત્ર આવ્યો. આજે તો કરો લાપસી. એમાં શું ધૂળ માંગલિક છે? આહાહા..! પાંચ-પચાસ લાખનું બનાવ્યું. વાસ્તુ.. વાસ્તુ. આજે માંગલિક છે. ધૂળેય માંગલિક નથી. આહાહા..!

પોતાનો આત્મા, મંગ નામ પવિત્રતા, લ નામ લાતી. મંગલ. પોતાની પવિત્ર દશા જે અંદર છે, તેને પર્યાયમાં-અવસ્થામાં પવિત્રતા પ્રાપ્ત કરવી એનું નામ માંગલિક પરમાત્મા કહે છે. દુનિયાથી વિરૂદ્ધ છે, ભાઈ! સમજાય છે કાંઈ? લાખ, બે લાખ એક દિવસમાં પેદા કરે. બસ, આજે તો કરો માંગલિક, લાપસી બનાવો. લાપસી કહે છે? શું કહે છે? આ ઘઉંની બને છે ને? ખીર નહિ. લાપસી બને છે. ખીર તો દૂધની બને. આ તો ઘઉંના લોટની લાપસી બને છે ને? તમારે શું કહે છે? હલવો પણ નહિ. હલવો તો શીરો. એ તો શીરાને હલવો કહે છે. લાપસી કહે છે. એટલી પણ ખબર નથી. અહીં તો કહે છે, પાંચ-દસ લાખ મળ્યા તો (કહે) બનાવો લાપસી. ધૂળમાં લાપસો ક્યાં હતો. પાપ છે. આહાહા..!

માંગલિક તો ચિદાનંદ સહજાનંદ પ્રભુઆત્મા.. આહાહા..! એમાં એકાકાર થઈને પુણ્ય-

પાપની પરિણતિને હટાવીને, શુદ્ધ પરિણતિ અરાગી વીતરાગી પ્રગટ કરે, એનું નામ ભગવાન માંગલિક કહે છે. એ મંગળ નામ માંગલિક દિવસ આ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ અમાંગલિક છે, પાપ છે. મંગળ કેવો? આહાહા..!

એક માણસ હતો, સાંભળ્યું હતું. અમે 'રાજકોટ' હતા ને. ભાઈ! પેલો નહિ? વાણિયા હતા ને? 'પ્રેમચંદભાઈ'. મ્યુનિસીપાલટીના એક ઉપરી હતા. મોટો પગાર હતો. શ્વેતાંબર દેરાવાસી હતા. જાનમાં ગયા હશે. જાન સમજ્યા? લગ્નમાં. બરફી ખાધી. એકદમ આવ્યું ને શ્વાસ બંધ થઈ ગયો. શરીર લઠ જેવું, સોના જેવું શરીર, હોં! દેરાવાસી શ્વેતાંબર. અમારી તો પ્રસિદ્ધિ હતી એટલે (એને થયું) મહારાજ ગામમાં છે, બોલાવો મહારાજને. દર્શન કરવા છે. અપાસરો નજીક હતો. ગયા. અને આંખમાંથી આંસુ ચાલ્યા જાય. સ્ત્રી ઉપર બેઠેલી. પૂછે. મરી જાય છે ને એટલે પૂછે. પણ જાવા દે ને. શું પૂછવું છે તારે? શું કરો છો તમે? એ વખતે એક પોર્ટર આવ્યો. રાવસાહેબનો સરકાર તરફથી ઈલકાબ આવ્યો. અહીં મરવાની તૈયારી. અમે ત્યાં બેઠા હતા. માંગલિક સંભળાવતા હતા. ત્યાં પોર્ટર આવ્યો. પોર્ટર સમજ્યા? પોલીસ. પટાવાળો સાયકલ લઈને (આવ્યો). ભાઈ! શું નામ? 'પ્રેમચંદભાઈ'. એને રાવસાહેબનો ઈલકાબ અપાય છે. અહીં મરવાની તૈયારી. અરે..! તારા રાવસાહેબ ક્યાં ગયા? બાપા! આહાહા..! અને રોવે. આંખમાંથી આંસુ ચાલ્યા જાય. શરીર આમ લઠ જેવું. સોના જેવું. બે-ત્રણ દિ' લગ્નમાં પકવાન ખાધા ને? પકવાન. એટલે શું કહેવાય? ડબલ ન્યુમોનિયા થઈ ગયો. ડબલ ન્યુમોનિયા. મહારાજને બોલાવો. મેં તો માંગલિક સંભળાવ્યું. એને આંખમાંથી આંસુ ચાલ્યા જાય. મરવાની તૈયારી. સ્ત્રી માથે બેઠી હતી. એના ગાદલા ઉપર. પૂછતી હતી, આનું શું? પછી મરી જવાના છે. પણ હવે મરવા દ્યો ને, તમે શું કરો છો આ? બિચારો અહીંથી જાય છે. એ તમે પૂછી લ્યો. આનું શું કરવું? દીકરીનું શું કરવું? પૈસાનું શું કરવું? હવે કરવું હોય ઈ કરજે, જવા દેને એને. પણ ઠગારા .. એનું થાય ઈ થાય, અમારે શું છે? નરકમાં જાય તો અમારે ક્યાં સ્નાન છે? અહીંયાથી અમારી સગવડતા જાય છે એને રોવે છે. ક્યાં મરી ને ગયો એને ઈ રોવે છે? અમારી સગવડતા (જાય છે). કામ કરતો હતો, વેપાર ધંધો કરતો હતો, એને રોવે છે. મરીને ઢોરમાં ગયો કે નરકમાં ગયો, કોણ પૂછે છે? એય..! આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! એકવાર આત્મા શું ચીજ છે, એને તેં કદી સંભાળી નથી. આહાહા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ પુણ્ય-પાપના વિકલ્પથી રહિત અંદર છે, એની દૃષ્ટિ કરી એમાં લીન થવું એ પરમાત્મા નામ આત્માની પ્રાપ્તિનો ઉપાય છે. સમજાય છે કાંઈ? એ બધી ક્રિયાકાંડ આત્માની પ્રાપ્તિનો ઉપાય નથી. આહાહા..! છે? '**ઈસલિયે જ્ઞાનસે હી અપના સ્વરૂપ અનુભવ કર.**' આહાહા..! છે? જ્ઞાન વિના, પોતાનું જ્ઞાનસ્વરૂપ. આ જ્ઞાન એટલે બહારનું જ્ઞાન નહિ. ચાર અનુયોગનું જ્ઞાન કર્યું ને ફલાણું જ્ઞાન કર્યું ને ફલાણું કર્યું, એ તો બધું અજ્ઞાન છે, સાંભળને હવે. અહીં તો આત્મા અંદર આનંદકંદનું જ્ઞાન કરવું.

આહાહા..! એ જ્ઞાનમાં પોતાનો આત્મા જણાય છે. '**દુર્ધર તપકે કરનેવાલે બહુતસે પ્રાણી નહીં પાતે. ઈસલિયે જ્ઞાનસે હી અપના સ્વરૂપ અનુભવ કર.**' પ્રભુ! આહાહા..!

'**ઐસા હી કથન શ્રીકુંદકુંદાચાર્યને સમયસારજીમેં કહા હૈ 'णाणगुणेहिं' ઈત્યાદિ. ઈસકા અર્થ યહ હૈ કિ સમ્યગ્જ્ઞાનનામા નિજ ગુણસે રહિત...**' જ્ઞાનનું નિર્મળ કિરણ અંદર છે, એ નિર્મળ જ્ઞાન દ્વારા આત્માને જાણવો. તેનાથી '**રહિત પુરુષ ઈસ બ્રહ્મપદકો બહુત કષ્ટ કરકે ભી નહીં પાતે.**' સમ્યગ્જ્ઞાનના અનુભવ વિના નિજગુણથી રહિત પુરુષ '**બ્રહ્મપદકો બહુત કષ્ટ કરકે ભી...**' મહાવ્રત પાળે, અપવાસ કરે, બ્રહ્મચર્ય પાળે, દયા પાળે, મરી જાય કરીને. આહાહા..! પણ એનાથી આત્મપદ પ્રાપ્ત થતું નથી. આહાહા..! '**જો મહાન દુર્ધર તપ કરો તો ભી નહીં મિલતા.**' છે? દુર્ધર તપ કરે. છ-છ મહિનાના અપવાસ (કરે), જાવજીવ શરીરથી સ્ત્રીનો વિષય ન લે. તેથી શું થયું? એ તો શુભરાગ છે. એ કોઈ ચીજ નથી. આહાહા..! જાવજીવ બ્રહ્મચર્ય પાળે, બાળ બ્રહ્મચારી. એ શુભભાવ છે, ધર્મ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીયાં તો કહે છે, દુઃખથી છૂટવા ઈચ્છે છે. '**મહાન દુર્ધર તપ કરો તો ભી નહીં મિલતા. ઈસલિયે જો તૂ દુઃખસે છૂટના ચાહતા હૈ,...**' એ શુભ ને અશુભભાવ દુઃખ છે, ઝેર છે, કષ્ટ છે. આહાહા..! '**ઈસલિયે જો તૂ દુઃખસે છૂટના ચાહતા હૈ, સિદ્ધપદકી ઈચ્છા રખતા હૈ, તો આત્મજ્ઞાનકર નિજપદકો પ્રાપ્ત કર.**' આત્મજ્ઞાનકર, એમ કહે છે. ભાઈ! એ જ્ઞાન નામ શાસ્ત્રનું વાંચન કર્યું એ જ્ઞાન નહિ. સમજાય છે કાંઈ? અનુયોગ દ્વાર આવો છે. કરણાનુયોગમાં આમ છે ને ફલાણા યોગમાં આમ છે. એ જ્ઞાન નહિ, એ તો પરવસ્તુ છે. અહીંયાં તો આત્મા આનંદનો નાથ પ્રભુનું અંદરમાં જ્ઞાન કરે. આહાહા..! વાત ભારે આકરી.

અરે..! જન્મ-મરણ કરી મરી ગયો અનાદિથી. આહાહા..! કીડાના, કાગડાના, કૂતરાના ભવ કરી કરી અનંત કાળ થયો. અનાદિથી છે, કાંઈ નવો છે? આત્મા કંઈ નવો થાય છે? એ તો અનાદિ છે. તો અનાદિથી ક્યાં રહ્યો? આનંદમાં આવ્યો? મોક્ષ થયો? આહાહા..! ચાર ગતિમાં રખડ્યો. આહાહા..! પ્રભુ! તારા દુઃખની વાત કરતાં કરતાં, તેં એટલા દુઃખ ભોગવ્યા કે જોનારને આંસુ વહ્યા. એટલા દુઃખ પ્રભુ! તેં ભોગવ્યા છે. પ્રભુ! તું ભૂલી ગયો. સમજાય છે કાંઈ? આહા..! એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ત્રણઈન્દ્રિય, ચૌઈન્દ્રિય, નિગોદ, બટેટા-આલુ, એમાં જીવ છે. અંદર દુઃખ છે, તેમાં અનંત દુઃખ છે. કેમકે પોતાની સંપદા હણાય ગઈ છે. આ એકેન્દ્રિય પીપળો, લીંબડો એની અંદર જીવ છે, એ મહાદુઃખી છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..! ડુંગળી.. ડુંગળી કહે છે ને? પ્યાજ. એક કટકીમાં તો અસંખ્ય શરીર ને એક શરીરમાં અનંત જીવ છે. એ માણસ જ્યારે તેલમાં ઉકાળે, તેલ કે ઘી, એક સેકંડમાં બધા મરી જાય. આહાહા..! સડસડાટ. અનંત જીવ છે, ભાઈ! તને ખબર નથી. તું અંદર એવી રીતે હતો. આહા..! એક આત્મજ્ઞાન વિના એણે આવું પરિભ્રમણ કર્યું. સમજાય છે કાંઈ?

શાસ્ત્રનું જ્ઞાન કર્યું. નવ પૂર્વનું, અગિયાર અંગનું જ્ઞાન અનંતવાર કર્યું. એક આચારાંગ શાસ્ત્ર છે. એના અઢાર હજાર પદ છે. એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક છે. એવા એવા આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગ એવા અગિયાર અંગનું જ્ઞાન અનંતવાર કર્યું. એ જ્ઞાન નહિ. આહાહા..! પોતાનો ભગવાન મન અને વિકલ્પથી રહિત આત્માનું જ્ઞાન અંદર કરવું એ આત્મજ્ઞાન છે. આહાહા..! એ જ્ઞાનસ્વરૂપી ભગવાનનું જ્ઞાન કરવું. ભાઈ! ઝીણી વાત, પ્રભુ! ચોર્યાશીના અવતારમાં ઘાણીમાં પીલાઈ ગયો છે. ચોર્યાશી લાખ કહે છે ને? એ ચોર્યાશી લાખ યોનિ છે. એક એક યોનિમાં અનંતવાર જન્મ લીધા છે. આ કાંઈ નવો જન્મ નથી. આહાહા..!

ભગવાન ભવ અને ભવના ભાવ રહિત ભગવાન, આહાહા..! ભવ અને ભવના ભાવ રહિત પ્રભુ અને અનંત આનંદ સહિત નાથ, આહાહા..! એની સન્મુખ થઈ, સ્વભાવની સન્મુખ થઈ, પરથી વિમુખ થઈ પોતાનું જ્ઞાન કરવું એ આત્મજ્ઞાન છે. એ વિના કદી જન્મ-મરણ મટશે નહિ. સમજાય છે કાંઈ? જેમ ઘાણીમાં તલ પીલાય છે. તલ.. તલ.. એમ પીલાય છે, બાપા! તને ખબર નથી, ભાઈ! આહાહા..! આનંદના નાથને પુણ્ય-પાપના ભાવમાં તેં કચરી નાખ્યો છે. આહા..! અરે..! અહીં તો આ વાત છે, ભગવાન! આત્મજ્ઞાન વિના બધું મીંડા છે. આહાહા..! એ જ કહ્યું ને? જુઓ!

'**તૂ દૂઃખસે છૂટના ચાહતા હૈ, સિદ્ધપદકી ઈચ્છા રખતા હૈ, તો આત્મજ્ઞાનકર નિજપદકો પ્રાપ્ત કર. યહાં સારાંશ યહ હૈ કિ, જો ધર્મ-અર્થ-કામાદિ સબ પરદ્રવ્યકી ઈચ્છાકો છોડતા હૈ,...**' આહાહા..! જે કોઈ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ ધર્મ એટલે પુણ્ય, એને પણ દૃષ્ટિમાંથી છોડે છે. આહાહા..! છે? આ તો દયા, દાન ને વ્રત પાળે ત્યાં ધર્મ થઈ ગયો અમારે. ધૂળેય નથી, સાંભળને! એ તો આસ્રવ છે. ધર્મ શું છે એની તને ખબરેય નથી. વ્રત પાળો, બ્રહ્મચર્ય પાળો જીવનમાં સત્ય બોલો, દયા પાળો. એ તો બધો શુભભાવ આસ્રવ છે. ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે. એમાં પાળવા-ફાળવાનો રાગ ક્યાં આવ્યો? સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભગવાન! તારી શક્તિની અંદર બલિહારી છે, નાથ! આહા..!

'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો.' આહા..! સમજાય છે કાંઈ? ઘીનો સ્વાદ તો ગળથૂથીમાં... શું (કહે છે)? જન્મઘૂંટી. જન્મઘૂંટીથી ઘી તો મળ્યું છે ને? કેવો સ્વાદ છે? કહો. તમે બધા રમકડાના વેપારમાં બહુ ડાહ્યા છો ને. ઘીનો સ્વાદ કેવો છે? જન્મઘૂંટીમાં મળ્યું છે. કેળા જેવો છે? સાકર જેવો છે? ગોળ જેવો છે? ઘી-કેળા હોય છે. (એનો સ્વાદ કેવો)? ખ્યાલમાં છે, પણ કહી શકાતો નથી. એમ છે ને? સ્વાદ કેવો છે એ ખ્યાલમાં છે, પણ જગતની કોઈ ચીજ સાથે મેળવીને કહી શકું એવી ચીજ દેખાતી નથી. ઘી જેવી જડ ચીજનો સ્વાદ પણ આવ્યો અને ખ્યાલમાં છે છતાં કંઈ કહી શકાતો નથી, તો ભગવાન આનંદનો નાથ.. આહાહા..! જેણે સમ્યગ્દર્શનમાં આત્માના આનંદનો સ્વાદ લીધો.. સમ્યગ્દર્શન હજી ચોથું ગુણસ્થાન,

આહાહા..! કેવો સ્વાદ છે? ગુંગાનો ગોળનો સ્વાદ. ગુંગો હોય ને? એને ગોળ ખવડાવે. કેવો સ્વાદ છે? બોલી શકે નહિ. આહાહા..! એમ પરમાત્મા આત્મા, એની નિર્વિકલ્પ સમકિતદૃષ્ટિમાં શું સ્વાદ છે એ અનુભવગમ્ય છે. આહાહા..! નિર્વચનીય છે. વચનમાં શું આવે? ઘી જેવાની વાત કરી શકાતી નથી. આહાહા..!

અહીંયાં કહે છે, ભગવાન! એકવાર સાંભળ તો ખરો, નાથ! આ મનુષ્યપણું મળ્યું, પંચેન્દ્રિય થયો, લાંબુ આયુષ્ય રહ્યું, નિરોગ શરીર રહ્યું, તેં પુણ્ય પણ કર્યા પણ એ કંઈ જન્મ-મરણ મટવાની વસ્તુ નથી. આહાહા..! છે? '**આત્મજ્ઞાનકર નિજપદકો પ્રાપ્ત કર.**' આહાહા..! '**સારાંશ યહ હૈ કિ ધર્મ...**' નામ પુણ્ય. પંચ મહાવ્રતાદિ ભાવ એ પુણ્ય. '**અર્થ...**' નામ પૈસા. આ પૈસાની ઈચ્છા એ પાપ, કામ ભોગની ઈચ્છા એ પાપ અને ધર્મ-પુણ્ય એ પુણ્યની ઈચ્છા એ પાપ. એની-પુણ્યની ઈચ્છા કરવી એ પણ પાપ છે. આહા..! નિશ્ચયમાં તો પુણ્યને જ પાપ કહ્યું છે. 'પાપ કો પાપ સહુ કહે પણ અનુભવીજન પુણ્ય કો પાપ કહે.' 'યોગસાર'માં આવે છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભગવાન આનંદનો નાથ નિર્વિકલ્પ શાંતરસ, એમાંથી પુણ્યનો ભાવ પ્રગટ થવો એ તો પાપ છે. હજી તો પુણ્યને પાપ કહીએ ત્યાં રાડ નાખી જાય. હાય.. હાય..! બાપુ! તારી ચીજમાં એ રાગ અંધારું છે. આહાહા..! પ્રકાશની મૂર્તિ છે ને, પ્રભુ! ચૈતન્યપ્રકાશના નુરનું પુર પ્રભુ! તારી ચીજ છે, ખબર નથી કોઈ દિ.' આહાહા..! સમજાય છે કાંઈ?

એવી ચીજને '**ધર્મ-અર્થ-કામાદિ સબ પરદ્રવ્યકી ઈચ્છાકો...**' જુઓ! ધર્મને પરદ્રવ્ય કીધું, ભાઈ! એ પુણ્યના ભાવ એ પરદ્રવ્ય છે, પોતાની ચીજ નહિ. આહાહા..! પાંચ મહાવ્રત ને સાધુના અઠ્યાવીસ મૂળગુણ પરદ્રવ્ય છે, રાગ છે. ગજબ વાત છે, બાપા! અરે..! આહાહા..! ધર્મ નામ પુણ્યની ક્રિયાઓ, અર્થ નામ પૈસાની ઈચ્છાઓ, કામભોગની ભાવના બધી પરદ્રવ્યની ઈચ્છા છે, તેને '**છોડતા હૈ, વહી નિજ શુદ્ધાત્મસુખરૂપ અમૃતમેં તૃપ્ત હુઆ...**' આહાહા..! નિજ શુદ્ધાત્મસુખરૂપ અમૃત. એ પુણ્ય ને પાપના ભાવ દુઃખરૂપ છે. આહાહા..! એની દૃષ્ટિ છોડી ભગવાન અંદર ચિદાનંદ પ્રભુ છે, એની દૃષ્ટિ કર. આહા..! '**નિજ શુદ્ધાત્મસુખરૂપ અમૃત...**' આહાહા..! જેમ બ્રાહ્મણ ચુરમુ ખુબ ખાય અને ચુરમામાં પણ શું કહેવાય? ભૂલી ગયા. થેપલી.. થેપલી. ઈ અમારો એક મિત્ર હતો એ થેપલી કહેતો હતો. મિત્ર કહે, થેપલી ખાઈએ. થેપલી એટલે શું? આપણે લાડવા વાળીએ એમ નહિ, છૂટું ચુરમુ નાખે. વડના પાનનું શું કહેવાય ઈ? પતરાવલી. બ્રાહ્મણને પતરાવલીમાં છૂટુ ચુરમુ આપે. ઉપરથી ઘી આમ નાખે. લાડવા વાળીને નહિ, એમાં તો ઘી મર્યાદિત થઈ જાય. આ તો પહેલા નાની ઉંમરમાં સાંભળ્યું હતું. અમે 'ઉમરાળા'માં હતા ને. અમારો એક મિત્ર ત્યાં 'ધોળા' જમવા ગયો હતો. અહીંયાં 'ધોળા' જંક્શન છે ને? શું ખાધું? થેપલી ખાધી. થેપલી શું વળી? આપણે વાણિયાને કાંઈ ખબર નહિ. પતરાવલીમાં છૂટું ચુરમુ આપે. પા શેર. પછી બોઘરણું ભરીને ઘી હોય. બોઘરણું સમજ્યા? તપેલી. આહાહા..!

અહીં કહે છે, થેપલી શું છે? આત્મામાં આનંદની અવસ્થા પ્રગટ કરવી એ થેપલી છે.

ચુરમુ એ તો ધૂળ છે, વિષ્ટા છે. વિષ્ટા થશે. છ કલાક પછી એ ચૂરમાની વિષ્ટા થશે. આહાહા..! આ તો નિજ શુદ્ધાત્મસ્વરૂપ અમૃત. આહાહા..! '**તૃપ્ત હુઆ...**' જેમ એ થેપલી ખાઈને તૃપ્ત થાય. એમાં તે વખતે તો આપણે આ અળવીના પાન હોય છે ને? પતરવેલિયા. પતરવેલિયા હોય છે ને? અળવી નથી થતી? અળવીના મોટા પાન થાય છે. પછી ચણાનો લોટ ચડાવી, કટકા કરી તળે. અળવીના પતરવેલિયા (પાનના ભજીયા) અને થેપલી. બ્રાહ્મણ ખાય ને પછી ચાલી ન શકે. આહા..! એ પાઠ છે, હોં! 'સમયસાર'માં પાઠ છે. મંથર, એવો પાઠ છે.

એમ ભગવાનઆત્મા.. આહાહા..! શુભ-અશુભ વિકલ્પની દૃષ્ટિ છોડી અંદર નિજ તૃપ્ત ભગવાન અમૃતસ્વરૂપની તૃપ્તિ અંદર પ્રગટ થઈ, આહા..! એ અમૃતથી તૃપ્ત થયો. આ અમૃતથી તૃપ્ત થયો. આહાહા..! '**સિદ્ધાંતમેં પરિગ્રહ રહિત કહા જાતા હૈ,...**' એ જીવને પરિગ્રહ નામ પરની મમતા રહિત કહેવાય છે. આહાહા..! છે? '**ઔર નિર્ગ્રંથ કહા જાતા હૈ,** આહાહા..! **ઔર વહી અપને આત્માકો જાનતા હૈ. ઐસી હી સમયસારમેં કહા હૈ 'अपरिग्गहो' ઈત્યાદિ. ઈસકા અર્થ ઐસા હૈ કિ નિજ સિદ્ધાંતમેં પરિગ્રહ રહિત ઔર ઈચ્છા રહિત જ્ઞાની કહા ગયા હૈ,...**' ધર્મીને તો પરિગ્રહની ઈચ્છા નથી અને પુણ્યની ઈચ્છા નથી. છે? પરિગ્રહ રહિત અને ઈચ્છા રહિત જ્ઞાની '**ધર્મકો ભી નહીં ચાહતા હૈ,...**' આહાહા..! એ મહાવ્રતના પરિણામ ને દયા, દાનના પરિણામને પણ ધર્મી-સમકિતી ઈચ્છતો નથી. આહાહા..! આવી વાત આકરી પડે લોકોને. કોઈ દિ' દરકાર કરી નથી. મજૂરી કરી કરીને.. એ.. 'હસમુખભાઈ'! આ બધા મજૂર તમે મોટા, નહિ? પૈસાના મજૂર. સાચું હશે? ન્યાં તો તમને મોટા શેઠ શેઠ કહે. આહાહા..!

એક અમારે હતા ઓલા. જેઠા બેઠ ને હેઠા. એમ કહેતા હતા. 'ચુડા'માં એક હતા. ભાઈને ખબર નહિ હોય. 'છોટાભાઈ'ને. કેવા? નામ ભૂલી ગયા. ડોસા હતા ને? ડોસા વૃદ્ધ. ભૂલી ગયા, ઘણા વર્ષ થયા. એ બહુ કડક હતા. પછી એક 'જેઠમલજી' ક્ષત્રિય હતા. એણે દીક્ષા લીધેલી. એનું ઠેકાણું નહોતું કાંઈ. 'ખાટડી'ના. ખબર છે ને? મળ્યા હતા. ત્યાં મરી ગયા. ઈ પછી પેલા હતા, 'રાયચંદભાઈ'. 'રાયચંદભાઈ' એક ડોસા વૃદ્ધ હતા. ઈ આવે એટલે ઉભા ન થાય. કારણ કે ઠેકાણા વિનાના સાધુ. લુગડા એટલા પણ ક્રિયાના કાંઈ ઠેકાણા નહિ. પછી ઉભા ન થાય. કેમ ઉભા થતા નથી? જેઠી બેસને હેઠી, પછી એમ કહે. આ 'ચુડા'માં બનતું. 'ચુડા'. આ તો ઘણા વર્ષની વાત છે. (સંવત) ૧૯૭૧માં પહેલીવાર 'ચુડા' ગયા હતા. ૧૯૭૦માં દીક્ષા લીધી. ૧૯૭૧માં ગયા. 'રાયચંદ દોશી' હતા. 'રાયચંદ દોશી' એનું નામ. આહા..!

મુમુક્ષુ :- સમજાણું નહિ કાંઈ.

ઉત્તર :- એ 'રાયચંદ દોશી' હતા. એક માણસ હતા. પછી એક સાધુ હતા. એના સાધુપણાનું ઠેકાણું નહોતું. 'ખાટડી'ના રજપુત હતા. ડોસા એવા કડક હતા કે સાધુપણું ન હોય તો એને માને નહિ. સાધુએ અપાસરામાં પ્રવેશ કર્યો તો કહે, ઉઠો બધા. 'રાયચંદ દોશી'

ઉઠતા નહિ. અરે..! જેઠી બેસને હેઠી. એનું નામ જેઠીમલ હતું. 'ખાટડી'ના રજપુત હતા. એમ કે ઉભા કેમ કરો છો? તમારામાં છે શું? સાધુપણું ક્યાં છે? સ્થાનકવાસી હતા. ખબર છે ને. અહીં તો ૬૩ વર્ષ તો દીક્ષા લીધા થયા. ૬૩ વર્ષ તો દીક્ષાને થયા. દુકાન છોડ્યા. શરીરને ૮૭ ચાલે છે. એંસી ને સાત. ઘણું જોયું ને ઘણું જાણ્યું. આહાહા..!

અહીં તો કહે છે, તું તારી ચીજના ભાન વિના જે પુણ્યની ક્રિયામાં મોટો માને છો, તો હેઠો ઉતરી જઈશ. ચાર ગતિમાં હેઠો ચાલ્યો જઈશ. ભગવાનઆત્મા પુણ્ય ને પાપના પરિણામથી રહિત છે, એવા શુદ્ધાત્માના અમૃતની તૃપ્તિ પ્રગટ ન કરી, એ ચાર ગતિમાં રખડવાના છે. ચાહે તો દિગંબર સાધુ હો ને ચાહે તો પંચમહાવ્રત પાળતા હો. સમજાય છે કાંઈ? આહાહા..! ઈ કહે છે, જુઓ!

'**જો ધર્મકો ભી નહીં ચાહતા હૈ,...**' ધર્મ શબ્દે પુણ્ય. આહાહા..! આ 'સમયસાર'ની ગાથા છે. જેને પંચમહાવ્રતના પરિણામ આવે છે એને સમકિતી ઈચ્છતા નથી. આ નહિ, આ નહિ, હું તો આનંદકંદ પ્રભુ છું. આહાહા..! વાત કદી સાંભળી નથી. બહારમાં ક્રિયાકાંડ થોડી કરી એટલે થઈ ગયા સાધુ. આહાહા..! કહે છે, સમકિતી ધર્મી જીવ '**ધર્મકો ભી નહીં ચાહતા હૈ, અર્થાત્ જિસકે વ્યવહારધર્મકી ભી કામના નહીં હૈ,...**' હૈ? આહાહા..! '**જિસકે વ્યવહારધર્મકી ભી કામના નહીં હૈ,...**' પાપની તો નથી.. આહાહા..! વ્યવહારધર્મ-પુણ્ય (એની પણ ભાવના નથી). પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, નિર્દોષ આહાર લેવો આદિ બધા ભાવ શુભભાવ છે. આહાહા..! એને પણ નથી ચાહતા. '**વ્યવહારધર્મકી ભી કામના નહીં હૈ,...**' એને આત્માનું જ્ઞાન થાય છે. પણ જેને વ્યવહારધર્મની કામના છે એને આત્મજ્ઞાન થતું નથી. આવી વાત છે, ભાઈ! અરેરે..!

'**ઉસકે અર્થ તથા કામકી ઈચ્છા કહાંસે હોવે?**' જેને વ્યવહારધર્મની ઈચ્છા નથી, એમ કહે છે. એને અર્થ ને કામની ઈચ્છા ક્યાંથી હોય? પૈસા, ધૂળ ને ભોગ. આહાહા..! ધર્મ, અર્થ ને કામ ત્રણ આવ્યા ને? તો ધર્મ નામ પુણ્ય પરિણામ. અર્થ નામ પૈસા કમાવાના ભાવ પાપ, ભોગના ભાવ પાપ. જેને પુણ્યની પણ ઈચ્છા નથી એને અર્થ અને કામની ઈચ્છા કેમ હોય? આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

'બ્રહ્મદત્ત' ચક્રવર્તી હતો. છ ખંડનું રાજ. છન્નું હજાર સ્ત્રી, છન્નું કરોડ ગામ, બોંતેર હજાર નગર, અડતાલીસ હજાર પાટણ. પણ એકલું પાપ.. પાપ.. પાપ. એ મરતાં હીરાના.. શું કહેવાય? હીરાનો પલંગ. સોળ હજાર દેવ ઉભા હતા. ચક્રવર્તી રાજા. સ્ત્રી ઉપર પ્રેમ. એની છન્નું હજાર સ્ત્રી હતી. એમાં એક સ્ત્રીની એક હજાર દેવ સેવા કરે. એને ચક્રવર્તી રાજા કહેવાય. ચક્રવર્તી અત્યારે અહીંયાં નથી, મહાવિદેહમાં છે. મહાવિદેહમાં ક્ષત્રિય ચક્રવર્તી રાજા છે. આપણા 'શાંતિનાથ', 'કુંથુનાથ', 'અરનાથ' થયા ને? ચોવીસ તીર્થંકરમાં એ ત્રણ ચક્રવર્તી હતા. ચક્રવર્તી હતા, કામદેવ હતા, તીર્થંકર હતા. ૧૬મા 'શાંતિનાથ', 'કુંથુનાથ', 'અરનાથ'. એ તો મોક્ષગામી જીવ. આહાહા..! જે ત્રણ જ્ઞાન લઈને તો અહીંયાં માતાના પેટમાં આવ્યા. અનુભવ સમકિત લઈને આવ્યા. આ ભવમાં બધું છોડી કેવળજ્ઞાન પામી

મોક્ષમાં ચાલ્યા ગયા.

એ 'બ્રહ્મદત્ત' ચક્રવર્તી મરતાં.. આહાહા..! છન્નું હજાર સ્ત્રી, સોળ હજાર દેવ સેવા કરે. 'કુરુમતિ.. કુરુમતિ' કરીને સાતમી નરકે ગયો. અત્યારે સાત નરક નીચે છે. સાત પાતાળ છે. રત્નપ્રભા, શર્કરાપ્રભા એવી સાત નરક છે. પહેલી નરકમાં નાનામાં નાની (આયુ) સ્થિતિ દસ હજાર વર્ષની છે. સાધારણ માંસ આદિ ખાતા હોય એ થોડી સ્થિતિએ જાય. બહુ માંસ અને પરસ્ત્રીનું સેવન અને અધર્મ (કર્યું હોય) એ નીચે નરકમાં જાય. નીચે સાતમી નરક છે. જેમાં ૩૩ સાગરની સ્થિતિ છે. એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય, એક પલ્યમાં અસંખ્યમા ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. ત્યાં અનંતવાર ગયો. ભૂલી ગયો માળો. જન્મ્યો એટલે ઉંઆ.. ઉંઆ. એ ત્યાં અને અમે અહીં, અમારે કાંઈ ન મળે. આહાહા..! એ નરકમાં, ભાઈ! 'બ્રહ્મદત્ત' ચક્રવર્તી, હોં! આહાહા..! દેવ સેવા કરતા ઉભા રહ્યા. નરકનું આયુષ્ય બાંધેલું. મહાપાપ. મોટો રાજા ક્ષત્રિય. આહાહા..! કુરુમતિ, કુરુમતિ એમ કરીને દેહ છૂટી ગયો. સાતમી પાતાળમાં અત્યારે છે. સાતમી નરક અને તે પણ અપરિઠાણે નરકમાં છે. સાતમી નરકમાં મોટા પાંચ પાસડા છે. નરક એટલે આ વિષ્ટા નહિ, હોં! નરક ગતિ છે. આહાહા..! બાપુ! ત્યાં અનંતવાર ગયો. પ્રભુ! તને ખબર નથી, આહાહા..! એ મરીને નરકમાં (ગયો). હજી તો થોડા વર્ષ ગયા. હજી તો અસંખ્ય અબજ વર્ષ રહેશે ત્યાં. આહાહા..! એ ચક્રવર્તી છ ખંડનો રાજા..

મારે તો બીજું કહેવું હતું. એનું ૭૦૦ વર્ષનું આયુષ્ય હતું. કેટલા? ૭૦૦. તો ૭૦૦ વર્ષમાં જેટલા શ્વાસ લે, એ એક એક શ્વાસમાં નરકનું આયુષ્ય.. કેટલું કહ્યું? અગિયાર લાખ છપ્પન હજાર (નવસો પંચોતેર) પલ્યોપમ. ભાઈ! તમને ખબર નથી. એક શ્વાસમાં કલ્પનાનું સુખ ભોગવ્યું. એમાં એક શ્વાસમાં સુખના દુઃખરૂપે અગિયાર લાખ પલ્યોપમ. એક પલ્યમાં અસંખ્ય અબજ વર્ષ જાય, એટલું અગિયાર લાખ પલ્યોપમમાં દુઃખ ભોગવે છે. એક શ્વાસમાં એટલું, ૭૦૦ વર્ષના એટલા ગણું થયું. પણ લોકોને ક્યાં ખબર છે. વ્યાજ કાઢવું હોય તો ચક્રવર્તી વ્યાજ કાઢે. શું સમજ્યા? 'બ્રહ્મદત્ત' ચક્રવર્તી. ૭૦૦ વર્ષ અહીંયાં રહ્યો. એમાં જેટલા શ્વાસ રહે, એક શ્વાસ અગિયાર લાખ પલ્યોપમનું નરકનું દુઃખ થયું. એક ફેરી કહ્યું હતું, મને બહુ યાદ ન રહે, પણ કહ્યું હતું. ભાઈને યાદ છે. 'ધનજીભાઈ'ને. અગિયાર લાખ છપ્પન હજાર ને નવસો પંચોતેર. એટલા પલ્યોપમ. એક પલ્યમાં અસંખ્ય અબજ (વર્ષ) જાય. એક પલ્યના અસંખ્યમા ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. ક્યાં સાંભળ્યું છે? અનંત કાળ થયો. અનાદિ.. અનાદિ.. અનાદિ.. અનાદિ... ક્યાંય અંત નહિ. એમાં તો એટલા વર્ષ અસંખ્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? અહીં તો માર્ગ આ છે, ભાઈ બાપા! આ તો વસ્તુનો ધર્મ આવો છે. આ તો આત્મધર્મની વાત છે. જેને તીર્થંકરોએ (કહ્યો). સર્વજ્ઞ પરમેશ્વર મહા છ ખંડના રાજા, રાજા મહારાજા ચક્રવર્તી ક્ષત્રિય, હોં! જેના શરીરના તેજ સૂર્યના તેજ કરતાં પણ વધારે. 'શાંતિનાથ', 'કુંથુનાથ', 'અરનાથ' ચક્રવર્તી-તીર્થંકર હતા. જેના તેજ, હજારો સૂર્યના તેજ કરતાં એના શરીરનું તેજ વિશેષ હતું. એ મુનિપણું

લઈને આત્મઆનંદમાં રહે... એ આનંદમાં રહેવું એ મુનિપણું છે. આ એકલી ક્રિયા એ મુનિપણું છે જ નહિ, એ તો મિથ્યાદષ્ટિ છે. આહાહા..! એ કેવળજ્ઞાન પામી અનંત મોક્ષ પધાર્યા. સમજાય છે કાંઈ? અને એ મોક્ષ પધાર્યા પહેલા વાણી દ્વારા, દિવ્યધ્વનિ દ્વારા જગતને સંદેશ આપ્યો કે મોક્ષમાર્ગ આ છે અને આ મોક્ષમાર્ગે અમે મોક્ષ પામીએ છીએ. તમારે મોક્ષ જોઈતો હોય, દુઃખથી મુક્ત થવું હોય... છે ને? આવ્યું ને? પહેલા આવ્યું હતું.

'**વ્યવહારધર્મકી ભી કામના નહીં હૈ, ઉસકે અર્થ તથા કામકી ઈચ્છા કહાંસે હોવે? વહ આત્મજ્ઞાની સબ અભિલાષાઓંસે રહિત હૈ,...**' આહાહા..! સમ્યગ્દષ્ટિને તો રાગની ઈચ્છા નથી, જેને પુણ્યની ઈચ્છા નથી. આહાહા..! પાપની ઈચ્છા તો ક્યાંથી હોય? આહાહા..! એની ભાવના તો ભગવાન આનંદ સ્વરૂપ તરફ છે. અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ છે. આહા..! અરે..! ક્યાં બેસે? એને બીડી વિના ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ. હવે આવા લખણના પાર નહિ. એને કહેવું કે અનંત આનંદનું તારું સ્વરૂપ છે. ક્યે માપે માપ કરે? આહાહા..! ભાઈ! તને ખબર નથી, બાપા! તું કોણ છો? અંદર આત્મા વસ્તુ છે, પદાર્થ છે, તત્ત્વ છે. એ તત્ત્વમાં અનંત આનંદ ભર્યો છે. અનંત અતીન્દ્રિય જ્ઞાન, અનંત અતીન્દ્રિય સુખ, અનંત અતીન્દ્રિય સ્વચ્છતા, નિરોગતા. અનંતી અનંતી અનંત પ્રભુતા, એવો પ્રભુઆત્મા.. આહાહા..! જેને પ્રાપ્ત થયો, સમકિતીને વ્યવહાર ધર્મની ઈચ્છા નથી. આહાહા..! '**વહ આત્મજ્ઞાની સબ અભિલાષાઓંસે રહિત હૈ, જિસકે ધર્મકા ભી પરિગ્રહ નહીં હૈ,...**' ધર્મ શબ્દે પુણ્ય. વ્યવહાર મહાવ્રતાદિ. એનો પરિગ્રહ નથી, પકડ નથી તો અન્ય પરિગ્રહ ક્યાંથી હોય? સમજાય છે કાંઈ? એ મુનિને વસ્ત્ર હોય ને પાત્ર હોય (એ તો બને જ ક્યાંથી)? જેને પુણ્યની પણ ઈચ્છા નથી એવી નિર્ગ્રંથ દશા પ્રગટ થઈ છે.

નિશ્ચયથી તો.. જરી ઝીણી વાત છે. સમ્યગ્દષ્ટિ છે ને? ચોથે ગુણસ્થાને. એણે રાગ અને સ્વભાવની એકતાની જડ તોડી નાખી છે, ગાંઠ તોડી નાખી છે. રાગ અને સ્વભાવ એક, એ ગાંઠ તોડી નાખી છે. એટલો તો એ નિર્ગ્રંથ થયો છે. ચાહે તો દયા, દાન, વ્રતનો વિકલ્પ હો, પણ એ રાગ છે. તેનાથી ભિન્ન પડી પોતાના જ્ઞાનમાં રાગથી ભિન્ન થઈ ગયો છે. એટલી ગ્રંથિને તોડી નાખી છે. ગ્રંથિ તોડી નાખી એટલો નિર્ગ્રંથ થયો છે. ચોથે ગુણસ્થાને. આહાહા..!

'શ્રીમદ્' પણ એકવાર કહે છે. ભાઈ! 'શ્રીમદ્'માં આવે છે એકવાર. અરે..! અમે નિર્ગ્રંથ. આ અપેક્ષાએ નિર્ગ્રંથ, હોં! જેટલી રાગની એકતા તુટી ગઈ એટલો આનંદકંદ આવ્યો. નિર્ગ્રંથ દશામાં આ ઉપાધિ શું છે? એમ કહેતા હતા. વેપાર હતો ને, ઝવેરાતનો. એવું આવે છે. ખબર છે?

મુમુક્ષુ :- નિર્ગ્રંથ ભાવે અને ગૃહસ્થ વેષે...

ઉત્તર :- હા, ઈ. નિર્ગ્રંથ ભાવે અને ગૃહસ્થ વેષે, મેળ ક્યાં ખાય? ગૃહસ્થ વેષે એમ આવ્યું છે. ખબર છે. 'શ્રીમદ્'ની દશા તો બહુ ઊંચી થઈ ગઈ હતી. ગૃહસ્થાશ્રમમાં હતા. અંદર રાગથી ભિન્ન પડી અને આનંદકંદનું આત્મજ્ઞાન થયું હતું. આહાહા..! ગૃહસ્થ વેષે અને

નિર્ગ્રંથ ભાવે. એમ એમાં લખ્યું છે. નિર્ગ્રંથ આ. જેટલા દયા, દાનના વિકલ્પથી ભિન્ન પડી આત્માનું જ્ઞાન થયું એટલો એ નિર્ગ્રંથ થયો. ગ્રંથ નામ રાગમાંથી નીકળી ગયા. આહા..! મુનિ ઈ છે. છઠ્ઠું ગુણસ્થાન એ તો ગજબ દશા, બાપા! ઓહોહો..! જેને ગણધર નમસ્કાર કરે. ણમો લોએ સવ્વ સાહુણં. ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વના ધરનારા, ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વની રચના અંતર્મુહૂર્તમાં કરનારા ગણધર સંત એ સંતોને નમસ્કાર કરે, એ સંત કેવા હશે?! જેના ચરણમાં ગણધરના નમસ્કાર પહોંચે. આહા..! એય..! 'કૈલાસચંદજી'! હૃદય કોમળ છે. વાત એવી છે, ભગવાન! હોં! આહાહા..! ણમો લોએ સવ્વ સાહુણં. ગણધર પણ. એ સાધુ કેવા હશે? જે આનંદની દશામાં ઝુલતા હોય. પુણ્યની પણ જેને ઈચ્છા નથી. આનંદની જ એકલી ભાવના છે અને ત્રણ કષાયનો અભાવ છે. આહાહા..! અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણી, પ્રત્યાખ્યાનાવરણીનો તો નાશ થઈ ગયો છે. એક સંજ્વલનનો લોભ મહાવ્રતાદિનો વિકલ્પ રહ્યો છે, એની પણ ઈચ્છા નથી. એના પણ જ્ઞાતા છે. એવા સંતને ગણધર કહે છે, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં. ણમો લોએ ત્રિકાળવર્તી સવ્વ સાહુણં. ત્રણે કાળમાં વર્તનારા એવા સંતને હું તીર્થંકરનો વજીર, દીવાન ગણધર, તીર્થંકર રાજા તો ગણધર દીવાન, કૈલાસચંદજી! અહીં તો ભાષા આવી છે, એ દીવાન નમસ્કાર કરે છે. આહાહા..! બાપુ! એ પદ બહુ ઊંચું છે. આહાહા..!

એ કહે છે, '**જિસકે ધર્મકા ભી પરિગ્રહ નહીં હૈ,..**' પુણ્યની પણ ઈચ્છા નથી. ભાવ આવે, પણ ભાવના નથી. '**અન્ય પરિગ્રહ કહાંસે હો?**' વસ્ત્ર ને પાત્ર રાખે એ મુનિપણું નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? વસ્ત્ર પાત્ર હોય ને મુનિપણું માનવું, નિગોદગામી છે. એમ લખ્યું છે. વસ્ત્ર, પાત્ર રાખવા અને મુનિ છીએ એમ માનવું, મનાવવું, નિગોદં ગચ્છઈ. એવો પાઠ છે. 'કુંદકુંદાચાર્ય' કહે છે, નિગોદમાં જશે. શક્કરકંદ, બટેટામાં જશે. એટલી વિરાધના, તને તત્ત્વની ખબર નથી. મુનિપણાની દશામાં શું હોય, એની તને ખબર નથી. સમકિતની દશામાં શું હોય એની ખબર નથી તો તને મુનિપણામાં શું હોય એની તને ખબર નથી. અને વસ્ત્ર પાત્ર લઈને અમે સાધુ છીએ (માને). વસ્ત્ર, પાત્ર છોડીને પણ જેને પુણ્યની ઈચ્છા છે એ તો વસ્ત્ર પાત્ર છોડ્યા હોય તોય મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? અહીંયા ઈ કહે છે, હોં!

'**જિસકે ધર્મકા ભી પરિગ્રહ નહીં હૈ, તો અન્ય પરિગ્રહ કહાંસે હો? ઈસલિયે વહ જ્ઞાની પરિગ્રહી નહીં હૈ,...**' ધર્મીને રાગનો પણ પરિગ્રહ-પક્કડ નથી. આહાહા..! રાગ આવે છે તેનો પણ જાણનાર છે. પોતાનો માનીને રાગને પકડે છે એમ નથી. '**કેવલ નિજસ્વરૂપકા જાનનેવાલા હી રહતા હૈ.**' લ્યો. સમકિતી તો કેવળ એક નિજ સ્વરૂપ ભગવાન પરમાનંદની મૂર્તિ પ્રભુ, એને જાણનારો હોય છે. એને સમકિતી અને જ્ઞાની કહેવાય છે. આહાહા..!

अथ –

१०८) णाणिय णाणिउ णाणिएण णाणिउँ जा ण मुणेहि।
ता अण्णाणिं णाणमउँ किं पर बंभु लहेहि।।१०८।।

ज्ञानिन् ज्ञानी ज्ञानिना ज्ञानिनं यावत् न मन्यस्व।
तावद् अज्ञानेन ज्ञानमयं किं परं ब्रह्म लभसे।।१०८।।

णाणिय हे ज्ञानिन् णाणिउ ज्ञानी निजात्मा णाणिएण ज्ञानिना निजात्मना करणभूतेन। कथंभूतो निजात्मा। णाणिउ ज्ञानी ज्ञानलक्षणः तमित्थंभूतमात्मानं जा ण मुणेहि यावत्कालं न जानासि ता अण्णाणिं णाणमउं तावत्कालमज्ञानेन मिथ्यात्वरागादिविकल्पजालेन ज्ञानमयम्। किं पर बंभु लहेहि किं परमुत्कृष्टं ब्रह्मस्वभावं लभसे किं तु नैवेति। तद्यथा। यावत्कालमात्मा कर्ता आत्मानं कर्मतापन्नम् आत्मना करणभूतेन आत्मने निमित्तं आत्मनः सकाशात् आत्मनि स्थितं समस्तरागादिविकल्पजालं मुक्त्वा न जानासि तावत्कालं परमब्रह्मशब्दवाच्यं निर्दोषिपरमात्मानं किं लभसे नैवेति भावार्थः।।१०८।। इति सूत्रचतुष्टयेनान्तरस्थले ज्ञानव्याख्यानं गतम्।

---

आगे ज्ञानसे ही परब्रह्मकी प्राप्ति होती है, ऐसा कहते हैं –

**गाथा – १०८**

अन्वयार्थ :– [ ज्ञानिन् ] हे ज्ञानी [ ज्ञानी ] ज्ञानवान् अपना आत्मा [ ज्ञानीना ] सम्यग्ज्ञान करके [ ज्ञानिनं ] ज्ञान लक्षणवाले आत्माको [ यावत् ] जब तक [ न ] नहीं [ जानासि ] जानता, [ तावद् ] तब तक [ अज्ञानेन ] अज्ञानी होनेसे [ ज्ञानमयं ] ज्ञानमय [ परं ब्रह्म ] अपने स्वरूपको [ किं लभसे ] क्या पा सकता है ? कभी नहीं पा सकता। जो कोई आत्माको पाता है, तो ज्ञानसे ही पा सकता है।

भावार्थ :– जब तक यह जीव अपनेको आपकर अपनी प्राप्तिके लिये आपसे अपनेमें तिष्ठता नहीं जान ले, तब तक निर्दोष शुद्ध परमात्मा सिद्धपरमेष्ठीको क्या पा सकता है ? कभी नहीं पा सकता। जो आत्माको जानता है, वही परमात्माको जानता है।।१०८।।

---

હવે, જ્ઞાનથી જ પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે, એમ કહે છે :

ભાવાર્થ :– જ્યાં સુધી કર્તારૂપ આત્મા કર્મરૂપ આત્માને, કરણરૂપ આત્મા વડે, આત્માને માટે, આત્માથી, આત્મામાં સ્થિત થઈને સમસ્ત રાગાદિ વિકલ્પજાળને છોડીને જાણતો નથી; ત્યાં સુધી 'પરબ્રહ્મ' શબ્દથી વાચ્ય એવા નિર્દોષ પરમાત્માને શું પામી શકે? ન પામી શકે, એ ભાવાર્થ છે. ૧૦૮.

## ગાથા-૧૦૮ ઉપર પ્રવચન

હવે ૧૦૮. '**આગે જ્ઞાનસે હી પરબ્રહ્મકી પ્રાપ્તિ હોતી હૈ, ઐસા કહતે હૈં–**' સમ્યક્ અંતર જ્ઞાનથી આત્મા પ્રાપ્ત થાય છે. આ બહારની જ્ઞાનની વાત નથી. અંતર જ્ઞાનની જે નિર્મળ પરિણતિ, એ પરિણતિ દ્વારા આત્મા જણાય છે એ જ્ઞાન. આહાહા..!

**૧૦૮) णाणिय णाणिउ णाणिएण णाणिउँ जा ण मुणेहि।**
**ता अण्णाणिं णाणमउँ किं पर बंभु लहेहि।।१०८।।**

**અન્વયાર્થ :–** '**હે જ્ઞાની જ્ઞાનવાન અપના આત્મા...**' કર્તા. હવે છ કર્તા ઉતારે છે. છ વિભક્તિ આવે છે ને? કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. નિશાળમાં ચોથી ચોપડીમાં આવતું. જ્ઞાનવાન પોતાનો જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા એ કર્તા. '**સમ્યગ્જ્ઞાન કરકે...**' ઈ કરણ. પોતાનું સમ્યગ્જ્ઞાન એ કરણ નામ સાધન. આહાહા..! દયા, દાન, વ્રત એ સાધન નહિ. આહાહા..! છે? '**જ્ઞાનવાન અપના આત્મા...**' એ કર્તા. '**સમ્યગ્જ્ઞાન કરકે...**' એ કરણ. '**જ્ઞાન લક્ષણવાલે...**' એ કર્મ. પેલું કરણ હતું, આ કર્મ. કર્મ એટલે કાર્ય. '**જ્ઞાનલક્ષણવાલે આત્માકો...**' આહાહા..! જાણવું-દેખવું એ આત્માનું કાર્ય છે. રાગ ને પુણ્ય એ આત્માનું કાર્ય નહિ. આહાહા..! તો પરનું કાર્ય તો કઈ રીતે કરે? આહાહા..! શરીરના, વાણીના.. '**જબ તક નહીં જાનતા,...**' એ રીતે આત્માને ન જાણે '**તબ તક અજ્ઞાની હોનેસે જ્ઞાનમય અપને સ્વરૂપકો ક્યા પા સકતા હૈ?**' પોતાની જ્ઞાનની પર્યાય દ્વારા જ્ઞાતા કર્તા થઈ, જ્ઞાનનું સાધન કરી, જ્ઞાનને પ્રાપ્ત નથી કરતો ત્યાં સુધી આત્મા પ્રાપ્ત થઈ શકે? '**કભી નહીં પા સકતા. જો કોઈ આત્માકો પાતા હૈ, તો જ્ઞાનસે હી પા સકતા હૈ.**' જે કોઈને અનુભવમાં આત્મા પ્રાપ્ત થાય છે, એ અંતરની જ્ઞાનદશાથી મળે, બીજા ઉપાયથી મળતો નથી. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**વીર સંવત ૨૫૦૨, ભાદરવા વદ ૧, ગુરુવાર**
**તા. ૯-૯-૧૯૭૬, ગાથા-૧૦૮, ૧૦૯ પ્રવચન નં. ૮૫**

'પરમાત્મપ્રકાશ' ૧૦૮ ગાથાનો ભાવાર્થ છે. સૂક્ષ્મ વિષય છે. '**જબ તક યહ જીવ...**' ભાવાર્થમાં જીવ લીધો. પાઠમાં જ્ઞાની લીધા છે. જ્ઞાનસ્વરૂપ. કેમ? કે ભગવાનઆત્મા જીવ જ્ઞાનસ્વરૂપ છે. શાસ્ત્રજ્ઞાન કે એ જ્ઞાન નહિ. એ જ્ઞાનસ્વરૂપ, જ્ઞાતાસ્વરૂપ જ્ઞાયકસ્વરૂપ એ આત્મા (છે). પાઠમાં તો એમ લીધું છે કે જ્ઞાની, હે જ્ઞાની. જ્ઞાનથી જ્ઞાનને જ્ઞાનમાં જાણ. આહાહા..! અહીંયાં એ કહે છે.

હે જીવ '**જબ તક યહ જીવ...**' જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા, એમાં તો પુણ્ય-પાપના વિકલ્પ, મહાવ્રતાદિના એ પણ એમાં નથી, એ તો વિકાર છે. આહાહા..! અહીંયાં કહે છે કે તું પરમાત્મ જ્ઞાનસ્વરૂપી આત્મા છો. તો એ જીવ એટલે જ્ઞાનસ્વરૂપી ભગવાન, એ જીવ એ કર્તા. છ વિભક્તિ છે. જીવ જ્ઞાનસ્વરૂપ ભગવાન કર્તા. કોનો? પોતાની નિર્મળ વીતરાગી પર્યાયનો કર્તા. એ વ્યવહાર જે પંચમહાવ્રત આદિ પાંચ સમિતિ એ વ્યવહાર રત્નત્રય, વ્યવહાર ધર્મ આત્માના જ્ઞાનની પર્યાયના કર્તા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ તો કાલે ૧૦૭માં આવ્યું હતું ને? ૧૦૭માં આવી ગયું હતું.

મુમુક્ષુ :- આજ તો ગુજરાતી ચાલશે ને?

ઉત્તર :- વાંધો નહિ. આ 'કૈલાસચંદજી' અહીં છે ને. શેઠનો પક્ષ છે. શું કહે છે સમજ્યા?

'**જિસકે વ્યવહારધર્મકી ભી કામના નહીં હૈ,...**' ૧૦૭. છે? 'પ્રવિણભાઈ'! ૧૦૭. આહાહા..! ધર્મીજીવ એને કહીએ.. આહાહા..! જેને વ્યવહારધર્મ જે દયા, દાન, વ્રત, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્ર ભણતર, એવા વ્યવહાર ધર્મની પણ કામના નથી. આહાહા..! હોય છે, પણ એની કામના નથી, એની ભાવના નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અત્યારે તો એ વ્યવહારના ઠેકાણા નથી એવા મહાવ્રત ને એ બધો ધર્મ માની લીધો છે. અહીંયાં તો વ્યવહારધર્મ બરાબર સાચો હોય તોપણ ધર્મીને એની કામના-વાંછા નથી. આહા..! કેમકે એ રાગ છે, વિકાર છે. આહા..! ભગવાન પોતાનો જીવ એટલે જ્ઞાની એટલે જ્ઞાનવાન. અર્થમાં છે ને પહેલું? '**હે જ્ઞાની જ્ઞાનવાન અપના આત્મા...**' અર્થ છે. મૂળ પાઠમાં ઈ છે. જ્ઞાનવાન. જાણકસ્વભાવ એ જીવ. એ જાણકસ્વભાવ એ જીવ એ કર્તા. કોનો? પોતાનો. પોતાના જ્ઞાનરૂપી કાર્યનો કર્તા. આહાહા..! સમજાય છે કાંઈ? એ કર્મ છે. કર્મ એટલે કાર્ય. ઝીણી વાત છે, ભગવાન!

જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા પોતાનું જ્ઞાનરૂપી, આનંદ અને જ્ઞાનરૂપી કાર્યનો એ કર્તા છે. સમજાય છે કાંઈ? એ ભગવાન જ્ઞાન સ્વરૂપી પુણ્ય-પાપ, વ્યવહાર રત્નત્રયનો પણ કર્તા નથી અને વ્યવહાર રત્નત્રય એનું કાર્ય નથી અને જ્ઞાનસ્વરૂપી કાર્ય એ વ્યવહાર રત્નત્રયનું કાર્ય નથી. આહા..! આવી વાત છે, ભાઈ! સમજાય છે કાંઈ! એ જીવ એટલે જ્ઞાનસ્વરૂપી ભગવાન પોતાને એટલે જ્ઞાનસ્વરૂપીને. જ્ઞાનસ્વરૂપીને અર્થાત્ પોતાના સ્વરૂપને. શરીર, વાણી, મન તો પર છે, એમાં તો આત્મા નથી, પણ વ્યવહાર રત્નત્રય જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધાદિ ભાવમાં આત્મા નથી. એ તો અનાત્મા છે. આહાહા..! ભગવાનઆત્મા પોતાના જ્ઞાનસ્વભાવથી પોતાનું જ્ઞાનસ્વભાવનું કાર્ય કરે છે. એ આત્માનું કાર્ય છે. આહાહા..! પરનું કાર્ય તો કરતો નથી. એ (વાત) તો બપોરે બહુ ચાલે છે. પણ અહીંયાં તો રાગ જે વ્યવહાર રત્નત્રયનો, પંચ મહાવ્રતનો રાગ, એ પણ ધર્મી કરતો નથી. આહાહા..! એ પણ ધર્મીનું કાર્ય નહિ. આહાહા..! ધર્મીનું કાર્ય તો પોતાના જ્ઞાનસ્વભાવરૂપી શુદ્ધ આનંદની પરિણતિ એ પોતાનું કાર્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ઘરનું કામ ક્યારે કરવું?

ઉત્તર :- કોણ કરતું હતું ઘરનું કામ? એય..! 'કૈલાસચંદજી'! રમકડાનું કોણ કરે? એમ કહે છે. રમકડાનું રમકડા કરે. 'કૈલાસચંદજી' જોવે કે શું થાય છે? આહાહા..! ભગવાન! માર્ગ વીતરાગ સર્વજ્ઞનો માર્ગ, આત્મા પરમાત્મસ્વરૂપનો માર્ગ એમાં છે. બહારમાં નથી. આહાહા..! અરે..! એની ચીજ શું છે? પરમાત્મસ્વરૂપ એ આત્મા છે. આહા..! આવશે. ૧૦૯માં આવશે. એ તો પરમેશ્વર છે, ભાઈ! ભગવાનઆત્મા તો પરમેશ્વર છે. પરમેશ્વર છે, બ્રહ્મા છે, વિષ્ણુ છે, એ પોતે સ્વરૂપ છે. આહાહા..! એવો ભગવાનઆત્મા (છે). પરથી દૃષ્ટિથી ઉઠાવી, પરનું લક્ષ છોડી, પોતાનો આનંદકંદ પ્રભુ જ્ઞાનસ્વરૂપી પુંજ પ્રભુ, એ જ્ઞાનવાન આત્મા પોતાના જ્ઞાન અને આનંદાદિની પર્યાયરૂપી કર્મ કરે છે. એ એનું કાર્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ બાપા! બહુ ઝીણો, ભાઈ!

વીતરાગ સર્વજ્ઞદેવ કહે છે કે આવો આત્મા જેણે ન જાણ્યો એ સિદ્ધપદ કઈ રીતે પ્રાપ્ત કરી શકે? સમજાય છે કાંઈ? એને મોક્ષની પર્યાય કઈ રીતે પ્રાપ્ત થાય? જેને પોતાનો આત્મા જ્ઞાનવાન જ્ઞાનસ્વભાવ પ્રકાશપુંજ, એ પોતાના જ્ઞાન અને આનંદરૂપી કાર્યનો કરનારો (છે). બે બોલ થયા. કર્તા અને કર્મ. છ બોલ છે. છ વિભક્તિ છે ને? કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. આત્મામાં એ છ શક્તિ પડી છે. શું કહે છે? ભગવાનઆત્મામાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એ છ શક્તિ-ગુણ છે. ૪૭માં આવે છે. ૪૭ શક્તિ. આહાહા..! ત્રિકાળી શક્તિનો પિંડ પ્રભુ, કર્તા, કર્મ આદિ ગુણનો (પિંડ) એ વસ્તુ જ્ઞાનસ્વભાવી, આનંદસ્વભાવી, વીતરાગસ્વભાવી ભગવાનઆત્મા, એ વીતરાગ સ્વભાવ દ્વારા વીતરાગસ્વભાવનું કાર્ય કરે છે. આહાહા..! ભારે આવી વાતું. આ બધા જિનમંદિર બનાવવા ને આ કરવા ને તે કરવા.. કોણ કરે? પ્રભુ! સાંભળ તો ખરો, ભાઈ! આહાહા..! એના કાળે એ બને છે. કોણ કરે? અને કરનારનો અભિપ્રાય હોય તો જરી શુભ હોય એટલું. સમજાય છે કાંઈ? એ કરી શકતો નથી. એ તો પરમાણુ પોતાનો કર્તા થઈને કર્મ-કાર્ય એ પરમાણુ પોતાનું કાર્ય કરે છે. આહાહા..! ભારે વાતું, ભાઈ! જડ કરે? એ જડ વસ્તુ છે કે નહિ?

જડમાં અનંત શક્તિ છે. જડમાં પણ કર્તા, કર્મ ષટ્કારકની શક્તિ પડી છે. જેમ ભગવાનઆત્મામાં છ શક્તિ છે એવી અનંતી શક્તિઓ છે, એમ એક એક પરમાણુમાં કર્તા રૂપી શક્તિ (પડી છે). આ અરૂપી શક્તિ છે. પરમાણુ એક એક પોઈન્ટ. આ નહિ, આ તો અનંત પરમાણુનો પિંડ છે. છેલ્લો એક ટુકડો, જેના બે ટુકડા ન થાય. આહાહા..! 'કૈલાસચંદજી' કોઈ દિ' સાંભળ્યું નથી, તમારા રમકડા આડે. એટલા વળી ભાગ્યશાળી તો આવી ગયા. આ વાત આવી ઝીણી છે, ભગવાન! લોકો કાઢી નાખે છે. સોનગઢનું નિશ્ચય.. નિશ્ચય એમ કરીને. અરે..! પ્રભુ! સાંભળ તો ખરો, ભાઈ! આ તો ભગવાનનું સત્ય સ્વરૂપ છે, ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ?

પોતાનો ગુણ જ્ઞાનથી, જ્ઞાની જ્ઞાનસ્વભાવથી જ્ઞાનસ્વભાવનું કાર્ય કરે છે અને

'**આપકર...**' કરણ શું? સાધન શું? જ્ઞાનસ્વભાવ એ પોતાનું સાધન છે. આહાહા..! કરણ છે ને ત્રીજો બોલ? કર્તા, કર્મ, કરણ. કરણ એટલે સાધન. વ્યવહાર આ ક્રિયાકાંડ દયા, દાન, વ્રતાદિ રત્નત્રય એ સાધન છે કે નહિ? ના, એ સાધન નહિ. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા જ્ઞાન ને આનંદ ને વીતરાગી પિંડ પ્રભુ, એ વીતરાગી પિંડ જ પોતે સાધન થઈને વીતરાગી કાર્ય કરે છે. આહાહા..! ગાથા આજે ઠીક આવી ગઈ છે. માણસો આજે ઘણા આવ્યા છે ને. હજી બપોરે આવશે. બપોરે સમાશે નહિ. 'ભાવનગર'થી બે બસ આવવાની છે ને. આજે ૭૫૦ માણસ જમવામાં છે. એ માણસ કહી ગયો હતો. કાગળ આવ્યો છે. આહાહા..!

અરે..! પ્રભુ! તારી પ્રભુતા તો જો. આહા..! ભણતા હતા એમાં આવતું હતું. ભણતા હતા ને? 'દલપતરામ'નું. આ ૬૦ વર્ષ પહેલાની વાત છે. 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી, મુજરો મુજ રોગ લે હરિ.' એ અમારે ભણતરમાં આવતું હતું. સાંઈઠ વર્ષ પહેલાની, સીત્તેર વર્ષ પહેલાની વાત છે. 'દલપતરામ' મોટા કવિ હતા ને. ક.દ.ડા. કદડા એટલે કવિ દલપતરામ ડાહ્યાભાઈ. મોટા થઈ ગયા. એણે આ બનાવ્યું છે. આ તો દસ-બાર વર્ષની ઉંમરની વાત છે. ૭૫ વર્ષ પહેલાં. 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી, મુજરો મુજ રોગ લે હરિ' પ્રભુતા! પ્રભુતા તારી ખરી કે જે અજ્ઞાન ને રાગ-દ્વેષને હણી નાખ. અને વીતરાગતા ને આનંદને પ્રગટ કર તો તારી પ્રભુતા ખરી. ઈ તમને યાદ નહિ હોય. 'દલપતરામ'માં આવતું. આ તો પોણો સો વર્ષ પહેલાની વાત છે ને. દસ-બાર વર્ષની ઉંમર હતી ત્યારે આ (ભણેલા). આખું પદ છે મોટું. આ તો એટલું યાદ રહી ગયું. માલ માલ યાદ રહી જાય. આહાહા..!

પ્રભુ! એકવાર સાંભળ તો ખરો, નાથ! તારી પ્રભુતા. તું અંદર સાક્ષાત્ પરમેશ્વર છો. શક્તિરૂપે સ્વભાવરૂપે ભાવરૂપે એ સત્‌ના સત્ત્વરૂપે તું પરમેશ્વર છો. આહાહા..! અરે..! કેમ બેસે? પામરતા માની. આહાહા..! એક દયાના ભાવ કરે ત્યાં એમ થઈ જાય, ઓહો..! અમે તો શું કર્યું? એ તો રાગ છે ને પ્રભુ! એ તો પામરતા છે. પ્રભુતા તારી તો એ છે કે '**અપનેકો આપકર...**' આહાહા..! છે? એક એક શબ્દમાં ઘણી ગંભીરતા છે. '**આપકર...**' આનંદ ને જ્ઞાનસ્વરૂપનું સાધન કરી આનંદનો ભાવ કરે છે. એ રાગ વ્યવહાર રત્નત્રયનું સાધન કરીને ધર્મની પર્યાય કરે છે એમ નથી. આહાહા..! આ તો છ કારક છે. તમારે આવે છે. તમે તો સંસ્કૃતના પ્રોફેસર છો. સંસ્કૃતના પ્રોફેસર છે. 'જયપુર'. આહાહા..! ભગવાન! આ તો તારા સંસ્કારનો પ્રોફેસર થા ત્યારે પ્રોફેસર કહેવાય. આહાહા..!

કહે છે, '**અપનેકો આપકર...**' પોતાના જ્ઞાનાનંદ સ્વભાવનું સાધન કરી. રાગ નહિ. આહાહા..! નિમિત્ત નહિ. ભગવાન તું પરમાત્મસ્વરૂપ છો ને. પરમાત્મસ્વરૂપનું સાધન કરીને. આહાહા..! ત્રણ બોલ થયા-કર્તા, કાર્ય અને કરણ-સાધન. હવે '**અપની પ્રાપ્તિકે લિયે...**' સંપ્રદાન થયું. આનંદની દશા, જ્ઞાનની દશા પોતામાં રાખવા માટે તું કર. કોઈને દેવી નથી. તું લેનારો અને તું દેનારો. પાત્ર પણ તું અને લેનારો પણ તું. આહાહા..! દુનિયા પાત્ર અને તું

આહાર-પાણી દે, એવી અહીંયાં ચીજ નથી. એ તો આત્મા દઈ શકતો નથી. આત્માની ક્રિયા છે જ નહિ. આહાહા..!

ભગવાન! તું સંપ્રદાન છો ને. આ ચોથો બોલ છે. '**અપની પ્રાપ્તિકે લિયે...**' પોતાનો આનંદ અને વીતરાગતાની પ્રાપ્તિ માટે અંદર પુરુષાર્થ કરે છે, કહે છે. કોઈને દેવા માટે, કોઈને માટે નથી. આહાહા..!

મુમુક્ષુ :- આ તો બાવો થાય ત્યારે થાય.

ઉત્તર :- બાવો જ છે. રાગ વિનાનો જ ચૈતન્ય ભગવાન અંદર છે. બાવો સમજો છો? પરથી રહિત. આ બાવા નથી હોતા? બાયડી, છોકરા, કુટુંબ રહિત. એમ કે આ બધું છોડી દઈએ તો થાય. છૂટું જ પડ્યું છે અંદર. ક્યાં ઘુસી ગયું છે? તારામાં રાગ નથી ઘુસી ગયો તો શરીર, વાણી, સ્ત્રી તો ક્યાંય રહી ગયા. ભગવાન! ચૈતન્યગંજ પ્રભુમાં તો રાગનો પણ પ્રવેશ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? પહેલા ઘીનું દૃષ્ટાંત આપતા હતા. પહેલા ઘી એવા થતા કે કપાસિયા હોય ને? કપાસિયા, વખાર, એમાં ભેંસને ખાવા છોડી દેતા હતા. અત્યારે તો તોલ કરીને આપે, પાંચ શેર ને અઢી શેર. મોંઘું બહુ થઈ ગયું ને. અમારે 'વિરજીભાઈ' કહેતા, 'જામનગર'વાળા. અમારી બાની માં ત્યાં 'ચેલા'માં હતા. વખાર સમજ્યા? ગોદામ. કપાસિયા ભર્યા હોય. કપાસિયા સમજ્યા? છૂટી ભેંસને આપે. કપાસના બી-કપાસિયા. બસો મણ, પાંચસો મણ પડ્યા હોય. ભેંસને ખવરાવે. એનું બને દૂધ. અને એનું બને દહી, એનું બને ઘી. એ ઘી એવું બનતું, 'ચેલા'ની વાત છે. 'જામનગર' પાસે છે ને? એની માંની માં ત્યાં રહેતા. 'વિરજીભાઈ' વકીલ. હમણાં ગુજરી ગયા. ૯૩ વર્ષે. આ કાઠિયાવાડમાં પહેલામાં પહેલો અભ્યાસ 'વિરજીભાઈ'ને. દિગંબર શાસ્ત્રનો. આખા કાઠિયાવાડમાં પહેલામાં પહેલો. શરૂઆતથી એને દિગંબરનો શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. ૯૩ વર્ષે ગુજરી ગયા. વીસ વર્ષની ઉંમરથી દિગંબર શાસ્ત્રનો અભ્યાસ. ઈ કહેતા હતા કે ઘી એવા આવતા કે જેમાં આંગળી તો ન પેસે, ઘન ઘી, આંગળી તો ન પેસે, ઠોસ, ઠોસ કહે છે ને? આંગળી તો ન પેસે પણ ખુરપા (તાવિથો) વળી જાય. એવા ઘી હતા. અત્યારે તો બધી ગડબડ થઈ ગઈ. અહીં તો અમારે બીજું કહેવું છે, માગશર મહિનાનું ઘી, જેમાં આંગળી ન પેસે. ખુરપા (તાવિથો) તો માંડ માંડ પેસે.

એમ ભગવાનઆત્મા જ્ઞાનઘન છે, એમાં શરીર તો પેસે નહિ, વાણી તો પેસે નહિ, પણ વિકલ્પ પેસે નહિ. સમજાય છે કાંઈ? દયા, દાનના વિકલ્પ, મહાવ્રતના વિકલ્પ અંદર પેસી શકે નહિ. એવો ઘન, જ્ઞાનઘન ઈ છે. જેમ ઘી ઘન છે. ઘન-ઠોસ. ભાઈએ કહ્યું ને? એમ આ જ્ઞાન ઘન છે. આહાહા..! પ્રભુ! અરે..! તું કોણ છો? તેં તને સાંભળ્યો નથી, નાથ! આહાહા..! ભગવાન! તારી વાત કરે છે. પરમાત્મા સર્વજ્ઞદેવ સમવસરણમાં એક ભવતારી ઈન્દ્ર અને ઈન્દ્રાણીની વચ્ચે આ વાત કરતા હતા. એ આ વાત છે. આહાહા..!

પ્રભુ! તારી '**અપની પ્રાપ્તિકે લિયે...**' કોઈને દેવું છે ને એ વાત આત્મામાં છે જ નહિ. આહાહા..! અહીંયાં તો આનંદસ્વરૂપ ભગવાન, પોતાની પ્રાપ્તિ, આનંદ, શાંતિની ને

વીતરાગતાની પ્રાપ્તિ માટે અંદર પુરુષાર્થ કરે છે. આહાહા..! 'હસમુખભાઈ'! બહુ ઝીણું, બાપુ! આ તમારા પૈસા ને વળી 'મુંબઈ' પાછું. હોળી. મોહ. શું કહેવાય? મોહમયી નગરી. 'શ્રીમદ્દે' લખ્યું છે, મોહમયી નગરી. મોટા આઠ-આઠ માળના, દસ માળના, પચીસ-પચીસ માળના મકાન છે, નહિ? મોટરું ચાલે ધમાધમ. લાખ લાખ રૂપિયાની મોટરું ને બે લાખની મોટરું. આહાહા..! શું કહેવાય એ મોટરનું નામ? તમારે 'પુનમચંદ'ને મોટર છે. ઈમ્પાલા મોટર. લાખ, દોઢ લાખની. અમે જઈએ તો આવે સામા. ગામમાં લઈ જવા. ઈમ્પાલા. ધૂળમાંય નથી ત્યાં, બાપા!

આ આનંદનો નાથ પ્રભુ, પોતા માટે પુરુષાર્થ કરે છે અને આનંદ પ્રાપ્ત કરે છે એનું નામ ધર્મ છે. આહાહા..! સમજાય છે કાંઈ? અહીં તો હજી સમ્યગ્દર્શનની પ્રાપ્તિના કાળમાં આવું થાય છે, ઈ બતાવે છે. હજી તો ચોથું ગુણસ્થાન, હોં! આહાહા..! '**અપની પ્રાપ્તિકે લિયે...**' ઈ સંપ્રદાન થયું. સં-સમ્યક્ પ્રકારે દાન આપ્યું. પોતાની આનંદની દશા પ્રગટ કરીને પોતે રાખી. એ સંપ્રદાન. પરને દાન દેવા એ આત્મા કરી શકતો નથી. આહાર, પાણી, વસ્ત્ર કે પૈસા બીજાને દઈ શકતો નથી. એ તો જડ ચીજ છે. જડને શું દઈ શકે? એમાં રાગ મંદ હોય તો પુણ્ય છે. પુણ્યને રાખ્યું. પુણ્ય વિકારી ભાવ રાખ્યો. આ આત્મા પોતાનું જ્ઞાયક સ્વરૂપ ચિદાનંદ ધ્રુવ, એની અંતરમાં દૃષ્ટિ કરી પોતા માટે આનંદની દશા, સમ્યગ્દર્શનની દશા પોતા માટે રાખી છે. આહાહા..! કોઈને સમજાવવું છે ને કોઈને આપવું છે, એ વસ્તુ આત્મામાં નથી. એવી વાત છે, ભાઈ! આહાહા..! ચોથો બોલ થયો-'**અપની પ્રાપ્તિ કે લિયે...**'

'**આપસે...**' ઈ પાંચમો બોલ થયો. '**અપનેસે...**' ઈ અપાદાન છે. પાંચ બોલમાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન-પોતાથી. એ નિર્મળ ધર્મદશા પોતાથી થાય છે. ઉપાદાન છે ને. વ્યવહાર રત્નત્રયથી નહિ, બાહ્ય દેવ-ગુરુ-શાસ્ત્રના નિમિત્તથી પણ નહિ. આહાહા..! ભગવાન જ્ઞાનસ્વભાવી પ્રભુ પોતાથી, પોતાથી-થી થકી. પાંચમી વિભક્તિ છે. થી થકી. થી થી. એનાથી. એમ પોતાનો આનંદકંદ પ્રભુ જ્ઞાનસ્વરૂપી, એનાથી અંદર પર્યાય પ્રગટ થાય છે. આહાહા..! ધર્મદશા પોતાથી પોતામાં પ્રગટ થાય છે. આહાહા..! આવો માર્ગ હવે, લોકોને બિચારા સાધારણને ધમાલ કરવા ને અપવાસ કરે ને પછી એની ઉજવણી કરે. થઈ ગયો ધર્મ. અરે..! ભાઈ! એ તો રાગની મંદતા રાખતો હો તો પુણ્ય છે. એમાં ઉજવણી કર ને પાંચ-પચાસ હજાર ખર્ચે એ કોઈ ધર્મ નથી. એય..! માર્ગ આ છે, પ્રભુ! આહાહા..!

'**અપનેસે...**' પોતા થકી. પોતાના આનંદ અને જ્ઞાનસ્વરૂપ થકી. તેનાથી પ્રગટ કરે છે. બીજાથી પ્રગટ થાય છે એમ નથી. આહાહા..! અરે..! આવું સત્ય સાંભળવા મળે નહિ. પ્રભુ! એ આત્મા કે દિ' કરે? અરે..! દુઃખી છે, ચાર ગતિમાં દુઃખ છે. વિપરીત માન્યતા ચલાવે તો વર્તમાન દુઃખ છે, પરંપરા દુઃખ છે. આહાહા..! એ તો એમ માને કે, બરાબર કહીએ છીએ, વ્યવહાર કરતા કરતા થશે. અરે..! પ્રભુ! દુઃખી થઈશ, ભાઈ! તારી શ્રદ્ધા મિથ્યાત્વ છે. મિથ્યાત્વમાં તું વર્તમાનમાં દુઃખી છો અને એના પરિણામમાં ભાઈ! ભગવાન!

દુઃખ આવશે ભવિષ્યમાં. દુનિયા જોઈને રોઈ પડશે એવા દુઃખ થશે, ભાઈ! શું કરે? આહાહા..! સમજાય છે કાંઈ?

એક ફેરી કહ્યું હતું ને? 'લાઠી'ની બાઈ હતી. અઢાર વર્ષની કન્યા હતી. બે વર્ષના લગ્ન. એના પતિને આ બીજી હતી, એની પહેલી સ્ત્રી મરી ગઈ હતી. આ બીજી. એને શીતળા નીકળ્યા. શીતળા સમજો છો? માતા. દાણે દાણે ઈયળ પડી. દાણે દાણે ઈયળ.. ઈયળ. એ બાઈ કહેતી હતી, એને તળાઈમાં સુવડાવે. આમ કરે તો હજારો ઈયળ (પડે), આમ કીડા નીકળે, આમ કરે તો કીડા નીકળે. બા! એમ કહેતી હતી. બા! મેં આવા પાપ આ ભવમાં કર્યા નથી. એમ બાઈ રોતી હતી. આહા..! આમ કરું તો સુખ નહિ, આમ કરું તો સુખ નહિ. નહિ પાણી પીવાનો પ્રેમ, નહિ આહારનો પ્રેમ, નહિ સુવાનો પ્રેમ, હવા નાખે. દાણે દાણે ઈયળ. ઝીણી ઈયળ. આમ કરે તો અહીંથી હજાર નીકળે અને આમ કરે તો (આમથી નીકળે). અને માંસના બટકા ભરે. બાપુ! એ બધા પૂર્વના મિથ્યાત્વના ફળ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! મરી ગઈ. એમાં ને એમાં દેહ છૂટી ગયો. એટલું બોલી, બા! ગુજરાતી કાઠિયાવાડી છે ને. અહીં 'લાઠી' છે. 'લાઠી'વાળા આવ્યા છે ને? કોઈક આવ્યા છે. 'ધીરૂભાઈ'. ઈ કહે, બા! મેં આવા પાપ કર્યા નથી. આ ક્યાંથી? મા કહે, બાપુ! પૂર્વ ભવના કોઈ હશે.

એવી પીડાથી તો અનંતગુણી પીડા નરકમાં છે. આ પીડા તો અનંતમે ભાગે છે. પહેલી નરકમાં દસ હજાર વર્ષની સ્થિતિનો નારકી અનંતવાર થયો. ત્યાં આ પીડાથી અનંતગુણી પીડા છે. પ્રભુ! તને ખબર નથી. તારો આનંદ ઊલટો થઈ ગયો. તારો આનંદસ્વભાવ રાગમાં ઊલટો થઈ ગયો. આહાહા..! એનું તને દુઃખ થયું. આહાહા..! અહીં તો કહે છે, એ રાગ અને દુઃખ તારા સ્વભાવમાં છે જ નહિ. આહાહા..! એવા સ્વભાવને પકડી લે, પ્રભુ! તું એવો જ છો. આહાહા..!

પોતાથી. પોતાનો જ્ઞાનસ્વભાવી ભગવાન પોતાથી જ્ઞાનની ક્રિયા કરે છે. આહાહા..! ધર્મની ક્રિયા આત્મા પોતાના જ્ઞાનથી કરે છે, એમ કહે છે. આ વાત છે, ભગવાન! આહા..! પાંચ બોલ થયા. '**અપનેમેં...**' છઠ્ઠો બોલ-અધિકરણ-આધાર. છઠ્ઠો બોલ છે? એ છ બોલમાં તો કેટલું ભર્યું છે! આહા..! ભાવાર્થ છે કે નહિ? ૧૦૮. પહેલા કહ્યું ને? '**જબ તક યે જીવ...**' જ્ઞાનસ્વરૂપી પ્રભુ-કર્તા. '**અપનેકો...**' કાર્ય. પોતાનું જ્ઞાનનું, આનંદનું કાર્ય. '**આપકર..**' કરણ-સાધન. પોતાના જ્ઞાન અને આનંદના સાધનથી કાર્ય કરે છે. પોતાની પર્યાયમાં રાખવા માટે એ કાર્ય કરે છે. '**આપસે...**' આત્માના આનંદથી કાર્ય કરે છે અને '**અપનેમેં તિષ્ઠતા...**' અધિકરણ. પોતાના આધારે કરે છે. એને કોઈનો આધાર નથી. વ્યવહાર રત્નત્રયનો આધાર પણ આનંદની પર્યાયની પ્રાપ્તિ કરવામાં નથી. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રનો પણ એમાં આધાર નથી. મંદિર અને મંદિરના પ્રતિમા, અરે..! સાક્ષાત્ ત્રણલોકનો નાથ સમવસરણમાં બિરાજતા હોય અને ત્યાં દર્શન કરતો હોય, એનો આધાર તારા આત્મામાં નથી. આહાહા..! તું જ પરમાત્મા છો, પ્રભુ! તારામાં શું ખામી અને

અલ્પતા છે કે તું બીજાનું શરણ લેવા જાય છે? સમજાય છે કાંઈ?

'**અપનેમેં તિષ્ઠતા...**' પોતામાં રહીને '**નહીં જાન લે,...**' જ્યાં સુધી આમ નથી જાણતો, '**તબ તક નિર્દોષ શુદ્ધ પરમાત્મા સિદ્ધપરમેષ્ઠીકો ક્યા પા સકતા હૈ?**' ત્યાં સુધી પરમાત્મ દશા, મોક્ષદશાને કઈ રીતે પામી શકે? આહાહા..! ચાહે તો વ્યવહાર રત્નત્રય કરીને મરી જા ને. અનંતકાળ થયો. આહાહા..! પંચ મહાવ્રત ને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા ને ભક્તિ, પૂજા, વ્રત, આહા..! એ તો બધો વિકલ્પ રાગ છે. આહાહા..! શું પ્રભુ! અંદર આત્માની આનંદની ક્રિયા વિના શું તને આત્માને પ્રાપ્તિ થાય છે? અને આત્માની પ્રાપ્તિ વિના તને સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે? આહાહા..! માખણ છે. માખણ કહે છે ને? આહાહા..! આવું સ્વરૂપ જ તારું છે. તને ખબર નથી, નાથ! આહાહા..!

નાથ! કેમ કહે છે? પોતાનો જ્ઞાયક આનંદસ્વભાવની રક્ષા કરનારો એ આત્મા છે અને આનંદની પર્યાય પૂર્ણ કરવા લાયક પણ આત્મા છે. જોગક્ષેમના કરનારને આત્મા કહે છે. નિર્મળ દશા પ્રગટ કરી એને વિશેષ નિર્મળ પ્રગટ કરે એનું નામ નાથ કહેવાય છે. પત્નીની પતિ રક્ષા કરે છે અને ભાવના પ્રમાણે નવી ચીજ દઈ શકે છે, તેથી એનો પતિ કહેવાય છે. દુનિયાના વ્યવહારુ. એમ આ ભગવાન પોતાનો નાથ છે. આહાહા..! પોતાના આનંદસ્વરૂપની પ્રાપ્તિ થઈ એની આત્મા રક્ષા કરે છે અને પૂર્ણાનંદની પ્રાપ્તિના પ્રયત્નમાં છે. આહાહા..! જોગક્ષેમ કરનાર. સમજાય છે કાંઈ?

'અનાથી'નું આવે છે ને? 'અનાથી' મુનિનું. 'ઉત્તરાધ્યયન'માં આવે છે. મુનિ હતા. બહુ સુંદર રૂપ હતું. રૂપાળા. નગ્ન મુનિ. જંગલમાં બાવળ હોય ને? બાવળને શું કહે છે? બબુલ. બબુલ નીચે જંગલમાં ધ્યાનમાં બેઠા હતા. 'શ્રેણિક' રાજા હાથી ઉપર નીકળ્યા. આમ જોયું, ઓહો..! આ મહારાજ કોઈ રાજકુમાર રાજા જેવા છે. આ બબુલ નીચે (ધ્યાન કરે છે). આ શું? નીચે ઉતર્યા. મહારાજ! આપ અનાથ છો. તમે મારા રાજમાં આવો. મહારાજ કહે છે, હે રાજન્! તું અનાથ છો. પ્રભુ! આપે મને ન ઓળખ્યો. અરે..! રાજન્! તને ઓળખ્યો. તું રાજા છો એમ દેખાય છે. તેથી શું? તું મારો નાથ થવા આવ્યો, અનાથ? સાંભળ તો ખરો, તું અનાથ છો. મહારાજ! હું રાજા, મને હજાર રાજાઓ ચામર ઢાળે છે. ઈન્દ્રાણી જેવી હજાર રાણીઓ છે. અનાથ છો, રાજા! તારું શરણ તને નથી. અનાથ છો. મહારાજ! કઈ રીતે અનાથ? પ્રભુ! તું રાજ અને પરનું શરણ લેવા જાય છે તો અનાથ છો. નિજ ભગવાનનું શરણ ન લીધું તેથી તું અનાથ છો. આહાહા..! પછી ત્યાં સમકિત પામ્યા છે. આહાહા..! આ વાત.

ત્રણલોકનો નાથ ચિદાનંદ પ્રભુ પરમાત્મા પ્રકાશનો પુંજ પ્રભુ અંદર બિરાજે છે, એની તો તેં કિંમત કરી નહિ ને એને છોડી પૈસા, લક્ષ્મી, કુટુંબ ને બૈરા ને પુણ્ય-પાપના ભાવની કિંમત-મહત્તા કરી મરી ગયો તું. સમજાય છે કાંઈ? તારી મહત્તા જોઈએ તેટલી તેં મહત્તા કરી નહિ અને બીજાની મહત્તા નથી, એ પુણ્યની દયા, દાનની મહત્તા નથી એની તેં મહત્તા કરી, મેં આમ કર્યું, મેં આમ કર્યું. ભાવમરણે મરી ગયો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... એ પાત્ર હતો. આહાહા..! 'અનાથી' મુનિ છે. શ્વેતાંબરમાં વીસમું અધ્યયન છે-'અનાથી' મુનિનું. બધું જોયું છે, અમે તો વ્યાખ્યાન કરતા હતા. 'ઉત્તરાધ્યયન' છે ને? ૩૬ અધ્યયન છે. બાવીસો શ્લોક છે, બાવીસો શ્લોક. અમે તો બધું કંઠસ્થ કર્યું હતું ને. છ હજાર શ્લોક એ વખતે કંઠસ્થ કર્યા હતા. વ્યાખ્યાન આપતા હતા એ વખતે પણ લોકો.. સંપ્રદાયમાં અમારી પ્રતિષ્ઠા બહુ હતી ને. લોકો સાંભળે. સાંભળો, ભગવાન! વાત તો આવી છે. આહાહા..! સમજાય છે કાંઈ? અને વાત નહોતી કરી?

'ઉત્તરાધ્યય'નું ચૌદમું અધ્યયન છે. છ જીવે દીક્ષા લીધી. બ્રાહ્મણના છ (દીકરા). બ્રાહ્મણના નાની ઉંમરના પુત્ર હતા, કરોડપતિ. પછી એને દીક્ષા લેવાના ભાવ થયા તો માતા-પિતા રજા લે છે. આપણે એકવાર અહીંયાં કહ્યું હતું, માતા! રજા દે, માં!

**अज्जेव धम्मं पडिवज्जयामो, जहि पवण्णा ण पुणब्भवामो।**

**अणागेय णेव य अत्थि किंचि, सद्धखमं णे विणइतु रागं।।२८।।**

જનેતા! મારા પ્રત્યેનો રાગ છોડી દે. માતા! જગતમાં અણપામેલી ચીજ કઈ રહી ગઈ છે? બધી ચીજ અનંતવાર મળી છે. એક આત્મા આનંદનો નાથ મળ્યો નહિ. આહાહા..! 'અજૈવ ધમ્મં પડિવક્ષ્જ્યામો જહિં પવણાં ણ પુણબ્ભવામો' માતા! અમે આજે જ આનંદના નાથને અંગીકાર કરશું અને કોલકરાર કરીએ છીએ, માતા! અમે ફરીને માતા કરશું નહિ. આહા..! 'અજૈવ ધમ્મં પડિવક્ષ્જ્યામો..' ફરીને માતા નહિ કરીએ, તારે રોવું હોય એટલું રોઈ લે, પણ બીજી જનેતા નહિ હવે, અમે મોક્ષમાં જાશું. અમે આનંદના કંદને સાધી... આહાહા..! અમે એ જ ભવે સિદ્ધપદને પ્રાપ્ત કરશું. એ વખતે લોકો.. આ તો પચાસ વર્ષ પહેલાં 'બોટાદ'માં વ્યાખ્યાન ચાલતા હોય. ઘણી સભા, પંદરસો માણસ કાયમ. પણ એ વાત નહીં આવી દૃષ્ટિનો વિષય જ્યાં આવે એ સમજાય નહિ. વૈરાગ્યની વાત. વૈરાગ્ય તો સમ્યગ્દર્શન હોય તો વૈરાગ્ય સાચો છે. સમજાય છે કાંઈ?

જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ કીધી ને? 'નિર્જરા અધિકાર'માં. જ્ઞાન અને વૈરાગ્ય શક્તિ. જ્ઞાન નામ પોતાનો પૂર્ણાનંદના નાથનું અસ્તિત્વ અનુભવજ્ઞાન અને પરથી ખસવું, રાગથી ખસવું એ વૈરાગ્ય. એકલો વૈરાગ્ય શું કામનો? અસ્તિત્વ તો પરમાત્મસ્વરૂપે ભગવાનઆત્મા છે, એવા અસ્તિત્વના પ્રતીતિનું જ્ઞાન નથી અને વૈરાગ્ય કરે એ તો સ્મશાન વૈરાગ્ય છે. સ્મશાન વૈરાગ્ય સમજ્યા? દીકરો પચીસ વર્ષનો મરી ગયો હોય. પાછા ઘરે આવીને રોટલી, દાળ, ભાત, શાક ઉડાવે. આહાહા..!

અહીં આત્માને ભગવાન (કહે છે). આ 'પરમાત્મપ્રકાશ' છે. આ પુસ્તકનું નામ 'પરમાત્મપ્રકાશ' છે. લીધું? ભાઈ! 'પરમાત્મપ્રકાશ' મળ્યું? લીધું? અચ્છા. આહાહા..! '**અપનેમેં તિષ્ઠતા નહીં જાન લે,...**' આહાહા..! પોતાના જ્ઞાનસ્વભાવનું જ્ઞાન કરી, જ્ઞાનકાર્ય ને જ્ઞાન કરી રાખવું, જ્ઞાનના આધારે, જ્ઞાનની દશાથી પોતાના આત્માને ન જાણ્યો તેને મોક્ષ

કઈ રીતે થશે? એને શું કલ્યાણ થશે? એમ કહે છે. આહાહા..! '**तब तक निर्दोष शुद्ध परमात्मा सिद्धपरमेष्ठीको क्या पा सकता है?**' આત્માનું જ્ઞાન કર્યું ને તું કહે, મોક્ષ જશું, ધૂળમાંય નહિ થાય. સમજાય છે કાંઈ? જેનો મોક્ષ થવાનો છે તેને તેં જાણી નહિ શું ચીજ છે. મોક્ષ તો આત્માનો થાય છે ને? દુઃખથી મુક્તિ અને આનંદની પ્રાપ્તિ, એનું નામ મોક્ષ. પૂર્ણ દુઃખથી મુક્તિ અને પૂર્ણ આનંદની પ્રાપ્તિ, એનું નામ મોક્ષ. એ તો આત્માની દશા છે. આત્માને જાણ્યો નહિ અને આત્માની દશા સિદ્ધપદ ક્યાંથી થશે? આહાહા..! સમજાય છે કાંઈ? '**कभी नहीं पा सकता.**' આહા..! મરી જાય નહિ, પંચમહાવ્રત કરી કરીને, ક્લેશ કરીને. અપવાસ કરે. એમ કહે છે. આવે છે ને? 'નિર્જરા અધિકાર'માં. ક્લેશો. ક્લિષતાં. પંચ મહાવ્રત પાળીને ક્લેશ કર તો કર, એ બધો ક્લેશ છે, રાગ છે. આહાહા..! ગજબ વાત, બાપા! મહાવ્રત પાળે તો કહે ક્લેશ છે. રાગ છે ને? એ ક્યાં આત્મા છે. એ આત્મધર્મ ક્યાં છે? અરે..! મૂળ વરરાજા પડ્યો રહ્યો. વરરાજા પડ્યા રહ્યા ને જાન જોડી દીધી. અહીં કહે છે, '**जो आत्माको जानता है, वही परमात्माको जानता है.**' છે છેલ્લે? ૧૦૮ થઈ.

---

**अथानन्तरं सूत्रचतुष्टयेनान्तरस्थले परलोकशब्दव्युत्पत्त्या परलोकशब्दवाच्यं परमात्मानं कथयति –**

**१०९) जोइज्जइ तिं बंभु परु जाणिज्जइ तिं सोइ।**
**बंभु मुणेविणु जेण लहु गम्मिज्जइ परलोइ।।१०९।।**

दृश्यते तेन ब्रह्मा परः ज्ञायते तेन स एव।
ब्रह्म मत्वा येन लघु गम्यते परलोके।।१०९।।

**जोइज्जइ दृश्यते तिं तेन पुरुषेण तेन कारणेन वा। कोऽसौ दृश्यते। बंभु परु ब्रह्मशब्दवाच्यः शुद्धात्मा। कथंभूतः। परः उत्कृष्टः। अथवा पर इति पाठे नियमेन। न केवलं दृश्यते जाणिज्जइ ज्ञायते तेन पुरुषेण तेन कारणेन वा सोइ स एव शुद्धात्मा। केन कारणेन। बंभु मुणेविणु जेण लहु येन पुरुषेण येन कारणेन वा ब्रह्मशब्दवाच्यनिर्दोषिपरमात्मानं मत्वा ज्ञात्वा पश्चात् गम्मिज्जइ परलोइ तेनैव पूर्वोक्तेन ब्रह्मस्वरूपपरिज्ञानपुरुषेण तेनैव कारणेन वा गम्यते। क्व। परलोके परलोकशब्दवाच्ये परमात्मतत्त्वे। किं च। योऽसौ शुद्धनिश्चयनयेन शक्तिरूपेण केवलज्ञानदर्शनस्वभावः परमात्मा स सर्वेषां सूक्ष्मैकेन्द्रियादिजीवानां शरीरे पृथक् पृथग्रूपेण तिष्ठति स एव परमब्रह्मा स एव परमविष्णुः स एव परमशिवः इति, व्यक्तिरूपेण पुनर्भगवानर्हन्नैव मुक्तिगतसिद्धात्मा वा परमब्रह्मा विष्णुः शिवो वा भण्यते। तेन नान्यः कोऽपि परिकल्पितः जगद्व्यापी तथैवैको परमब्रह्मा विष्णुः शिवो वास्तीति। अयमत्रार्थः। यत्रासौ मुक्तात्मा लोकाग्रे तिष्ठति स एव ब्रह्मलोकः स एव विष्णुलोकः स एव शिवलोको नान्यः कोऽपीति भावार्थः।।१०९।।**

इसप्रकार प्रथम महास्थलमें चार दोहोंमें अंतरस्थलमें ज्ञानका व्याख्यान किया। आगे चार सूत्रोंमें अंतरस्थलमें परलोक शब्दकी व्युत्पत्तिकर परलोक शब्दसे परमात्माको ही कहते हैं –

**गाथा – १०९**

अन्वयार्थ :– [ तेन ] उस कारणसे उसी पुरुषसे [ परः ब्रह्मा ] शुद्धात्मा नियमसे [ दृश्यते ] देखा जाता है, [ तेन ] उसी पुरुषसे निश्चयसे [ स एव ] वही शुद्धात्मा [ ज्ञायते ] जाना जाता है, [ येन ] जो पुरुष जिस कारण [ ब्रह्म मत्वा ] अपना स्वरूप जानकर परलोके लघु गम्यते परमात्मतत्त्वमें शीघ्र ही प्राप्त होता है।

भावार्थ :– जो कोई शुद्धात्मा अपना स्वरूप शुद्ध निश्चयनयकर शक्तिरूपसे केवलज्ञान केवलदर्शन स्वभाव है, वही वास्तवमें (असलमें) परमेश्वर है। परमेश्वरमें और जीवमें जाति–भेद नहीं है, जब तक कर्मोंसे बँधा हुआ है, तब तक संसारमें भ्रमण करता है। सूक्ष्म बादर एकेन्द्रियादि जीवोंके शरीरमें जुदा जुदा तिष्ठता है, और जब कर्मोंसे रहित हो जाता है, तब सिद्ध कहलाता है। संसार–अवस्थामें शक्तिरूप परमात्मा है, और सिद्ध–अवस्थामें व्यक्तिरूप है। यही आत्मा परब्रह्म, परमविष्णु शक्तिरूप है, और प्रगटरूपसे भगवान् अर्हंत अथवा मुक्तिको प्राप्त हुए सिद्धात्मा ही परमब्रह्मा, परमविष्णु, परमशिव कहे जाते हैं। यह निश्चयसे जानो। ऐसा कहनेसे अन्य कोई भी कल्पना किया हुआ जगत्में व्यापक परमब्रह्म, परमविष्णु, परमशिव नहीं। सारांश यह है कि जिस लोकके शिखर पर अनंत सिद्ध विराज रहे हैं, वही लोकका शिखर परमधाम ब्रह्मलोक वहीं विष्णुलोक और वही शिवलोक है, अन्य कोई भी ब्रह्मलोक, विष्णुलोक, शिवलोक नहीं है, ये सब निर्वाणक्षेत्रके नाम हैं, और ब्रह्मा, विष्णु, शिव ये सब सिद्धपरमेष्ठीके नाम हैं। भगवान् तो व्यक्तिरूप परमात्मा हैं, तथा वह जीव शक्तिरूप परमात्मा है। इसमें संदेह नहीं है। जितने भगवान्के नाम हैं, उतने सब शक्तिरूप इस जीवके नाम हैं। यह जीव ही शुद्धनयकर भगवान् है।।१०९।।

---

એ રીતે પ્રથમ મહાસ્થળમાં ચાર દોહક સૂત્રોથી અન્તરસ્થળમાં જ્ઞાનનું વ્યાખ્યાન સમાપ્ત થયું.

ત્યાર પછી અન્તરસ્થળમાં ચાર ગાથા સૂત્રોથી પરલોક શબ્દની વ્યુત્પત્તિ અનુસાર પરલોક શબ્દથી વાચ્ય પરમાત્માનું કથન કરે છે :

ભાવાર્થ :- શુદ્ધનિશ્ચયનયથી શક્તિરૂપે કેવળજ્ઞાનદર્શનસ્વભાવવાળા જે પરમાત્મા છે તે, સર્વ સૂક્ષ્મ એકેન્દ્રિયાદિ જીવોના શરીરમાં પૃથક્ પૃથક્રૂપે રહે છે, તે જ પરમબ્રહ્મા છે તે જ પરમ વિષ્ણુ છે અને તે જ પરમશિવ છે, અને વ્યક્તિરૂપે ભગવાન અર્હંત જ અથવા મુક્તિગત સિદ્ધાત્મા જ પરમબ્રહ્મા છે, વિષ્ણુ છે, શિવ છે, તેનાથી બીજો કોઈ કલ્પિત

**જગદ્વ્યાપી તેમ જ એક પરબ્રહ્મ, વિષ્ણુ, શિવ નથી.**

**અહીં, આ અર્થ છે કે મુક્તાત્મા જે લોકના અગ્રભાગમાં બિરાજે છે તે જ બ્રહ્મલોક છે, તે જ વિષ્ણુલોક છે, તે જ શિવલોક છે, બીજો કોઈ પણ નહિ, એવો ભાવાર્થ છે. ૧૦૯.**

## ગાથા-૧૦૯ ઉપર પ્રવચન

૧૦૯ ગાથા. '**પરલોક શબ્દકી વ્યુત્પત્તિકર પરલોક શબ્દસે પરમાત્માકો હી કહતે હૈં-**' હવે અહીંયાં પરલોક કહે છે ને? પરલોક. પરલોક એટલે શું? પર નામ પરમાત્મા એ પરલોક છે. પર નામ પ્રધાન લોક. આ લોક જે રાગ-દ્વેષાદિથી (પરલોકમાં જાય તે નહિ). પરલોક શું? કે આત્મા આનંદનો કંદ એ પરલોક છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ લોક રાગ-દ્વેષ, પુણ્ય-પાપ આ લોક જગતનો, રખડવાનો. પરલોક એનાથી ભિન્ન ભગવાન પૂર્ણાનંદની પ્રાપ્તિ થવી એ પરલોક છે. સમજાય છે કાંઈ? પરલોક સ્વર્ગમાં જાવું એ પરલોક નહિ, એ તો બધું આ લોક રખડવાનું છે. ઈ કહે છે.

**१०९) जोइज्जइ तिं बंभु परु जाणिज्जइ तिं सोइ।**
**बंभु मुणेविणु जेण लहु गम्मिज्जइ परलोइ।।१०९।।**

**અન્વયાર્થ :-** '**ઉસ કારણસે ઉસી પુરુષસે શુદ્ધાત્મા નિયમસે દેખા જાતા હૈ,...**' શુદ્ધાત્મા પરમાત્મસ્વરૂપ આનંદ જ્ઞાતા-દૃષ્ટા, '**ઉસી પુરુષસે નિશ્ચયસે વહી શુદ્ધાત્મા જાના જાતા હૈ, જો પુરુષ જિસ કારણ અપના સ્વરૂપ જાનકર પરમાત્મતત્ત્વમેં શીઘ્ર હી પ્રાપ્ત હોતા હૈ.**' પોતાના આનંદના નાથને જાણ્યો તો પછી એને પરમાત્મપદ પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ :-** '**જો કોઈ શુદ્ધાત્મા અપના સ્વરૂપ શુદ્ધ નિશ્ચયનયકર...**' શુદ્ધ નિશ્ચયદૃષ્ટિથી '**શક્તિરૂપસે કેવલજ્ઞાન...**' આહાહા..! ભગવાનની-આત્માની શક્તિ તો કેવળજ્ઞાન છે. કેવળજ્ઞાન એટલે? આ કેવળજ્ઞાનની પર્યાય એ નહિ. એકલું જ્ઞાન, એકલું જ્ઞાન, જ્ઞાનનો પુંજ. '**કેવલદર્શન...**' એકલો દર્શન સ્વભાવ. છે? '**વહી વાસ્તવમેં (અસલમેં) પરમેશ્વર હૈ.**' આહાહા..! પોતાનો આત્મા જ કેવળજ્ઞાન ને કેવળદર્શન સ્વરૂપ છે એ જ પરમેશ્વર છે. અલ્પજ્ઞતા નહિ. પર્યાયમાં અલ્પજ્ઞતા છે એ નહિ. વસ્તુ જે એકલી જ્ઞાનરસ, જ્ઞાનભાવ. '**કહૈ વિચચ્છન પુરુષ સદા મૈં એક હૌં, અપને રસસોં ભર્યો...**' આનંદના રસથી ભરેલો હું અનાદિ છું. '**મોહકર્મ મમ નાંહિ નાંહિ ભ્રમકૂપ હૈ, સુદ્ધ ચેતના સિંધુ હમારૌ રૂપ હૈ.**' (નાટક સમયસાર, જીવદ્વાર-૩૩). શુદ્ધ ચેતનાસિંધુ-દરિયો છે આ તો. આહાહા..! અરે..! કેમ બેસે? બીડી વિના ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ. સવારમાં ચા વિના ચાલે નહિ. મગજ ઠેકાણે ન રહે. આવા તો વ્યસનના લખણ. એને કહે કે તું પરમાત્મા છો. આહાહા..!

'કહૈ **વિચચ્છન પુરુષ...**' જ્ઞાની-સમકિતી એમ કહે છે, 'કહૈ **વિચચ્છન...**' વિચિક્ષણ એને કહીએ. દુનિયાના ડાહ્યા નહિ, એ બધા ગાંડા-પાગલ છે. પોતાના આત્માને જેણે જાણ્યો એ વિચિક્ષણ ડાહ્યો છે. આવે છે ને શ્લોક? નાટક સમયસારમાં. 'કહૈ **વિચચ્છન...**' આ 'રાજકોટ'ના ડોક્ટર છે, વાંચનાર છે. આ 'રાજકોટ'થી આવ્યા છે ને. એ બેય ડોક્ટર છે. આ ત્રીજા ડોક્ટર તો અહીં છે. એના શેઠ આવ્યા છે. 'રતિભાઈ'. આ શેઠ ત્યાં મંત્રી છે. એ કરોડપતિ છે. ઘણા મોટા કારખાના ને ફારખાના ને બધા... ભાઈ કહે છે કે અમે ડોક્ટર છીએ પણ દર્દી થઈને આવ્યા છીએ. આહાહા..! જુઓ! શું કહે છે?

ભગવાન! તારી ચીજ અનંતજ્ઞાન, અનંતદર્શન સ્વરૂપી શક્તિથી તું પરમેશ્વર જ છો. તારી શક્તિ અને તારો સ્વભાવ પરમેશ્વર જ છે. એને એનલાર્જ કરીને પર્યાયમાં પરમાત્મા થાય છે. નાની (વસ્તુને) મોટી કરી છે ને-એનલાર્જ. આહાહા..! તારી ચીજ જ અંદર વસ્તુ કેવળ એકલું જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન એકલું દર્શન-દ્રષ્ટા. જ્ઞાતા-દ્રષ્ટાના સ્વભાવસ્વરૂપ ભગવાન તું પરમેશ્વર છો. એ પરમેશ્વરની પ્રાપ્તિ સમ્યગ્દર્શન, જ્ઞાનથી થાય છે. અને એ પરમેશ્વર સમ્યગ્દર્શન, જ્ઞાનથી પૂર્ણ પરમેશ્વરની પ્રાપ્તિ પર્યાયમાં થાય છે તો જે શક્તિમાં હતું તે પર્યાયમાં પૂર્ણ આવી ગયું. વ્યક્તિ થઈ ગઈ. સમજાય છે કાંઈ? આહાહા..! જેમ ચોસઠ પહોરી પીપર હોય છે ને? લીંડીપીપર-છોટીપીપર. અંદર ચોસઠ પહોરી તીખાશ ભરી છે. ચોસઠ સમજ્યા ને? ચોસઠ એટલે ચોસઠ પૈસા. સોળ આના, રૂપિયો. અંદર પૂર્ણ તીખાશ ભરી છે. વળી કાલે એક જણનો પ્રશ્ન હતો. તમે કહ્યું હતું કે (લીંડીપીપરમાં) ચોસઠ પહોરી તીખાશ છે, પણ એને ઘુંટવાથી પ્રગટ થાય છે ને? નિમિત્તથી પ્રગટ થાય છે ને? અરે..! ભગવાન! તને ખબર નથી. કાલે એક આવ્યો હતો. ભગવાન! લીંડીપીપરમાં પડી છે એનું પરિણમન, ઉત્પન્ન કાળ પોતાથી થાય છે. ત્યારે એ ચીજને નિમિત્ત કહેવાય છે. પોતાનું ચોસઠ પહોરીનું પરિણમન, ચોસઠ પહોરી એટલે રૂપિયો, સોળ આના. ચોસઠ પૈસા કહે છે ને? હવે સો પૈસાનો રૂપિયો થઈ ગયો. પહેલા તો ચોસઠ પૈસાનો હતો ને. ચોસઠ નામ રૂપિયે રૂપિયો તીખાશ અંદર ભરી છે.

એમ ભગવાનઆત્મામાં રૂપિયે રૂપિયો પૂર્ણ જ્ઞાન, આનંદ ને સુખ અંદર ભર્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ? તો પછી એણે રાત્રે પ્રશ્ન કર્યો. પ્રભુ! પણ તેં સાંભળ્યું નથી. માટીનું ઘટમય કર્મ માટીથી થયું છે. કુંભારથી નહિ. કુંભાર ત્રણકાળમાં કરતો નથી. સાંભળ તો ખરો. એમ ઘુંટણ છે એ પરિણમનનું કર્તા નથી. લીંડીપીપર પોતાથી પરિણમન કરે છે. એક પહોર, બે પહોર, ત્રણ પહોર, ચાર પહોર, ચોસઠ પહોર. આહાહા..! સમજાય છે કાંઈ? એ પત્થરથી પ્રગટ નથી થઈ. પોતાના પરિણમનથી પ્રગટ થઈ છે. આહાહા..! આ પ્રશ્ન કર્યો હતો. 'ચંદુભાઈ'! 'ધુલિયા'માં. 'ધુલિયા' છે ને? તે દિ' કહ્યું હતું. મોટી સભા હતી. બે વાર 'ધુલિયા' ગયા. પહેલીવાર મોટી સભા હતા. પહેલાવહેલા ગયેલા ત્યારે દિગંબરમાં ઉતર્યા હતા. બીજી વાર તો બીજે ઉતર્યા હતા. સ્થાનકવાસી અપાસરામાં વ્યાખ્યાન વાંચ્યું હતું. તમે આવો દાખલો આપ્યો હતો. પણ ઘુંટે તો થાય ને? નિમિત્ત ઘુંટે

તો બહાર આવે. એય..! અરે..! ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! ચોસઠ પહોરી (તીખાશ) અંદર છે, એની પર્યાયમાં ઉત્પન્ન થવામાં પોતાની નિજ ક્ષણ છે. એ તીખાશને ઉત્પન્ન થવામાં એની પોતાની નિજક્ષણ જન્મક્ષણ એની છે. પત્થરથી નહિ. અરે..! આ વાત. સમજાય છે કાંઈ? 'ધુલિયા'માં 'કનૈયાલાલ' કરીને કોઈ છે. એણે મોટું લખાણ આપ્યું છે. સમન્વય કરો, સમન્વય કરો. થોડું તમે વ્યવહારને કહો અને અમે કાંઈક નિશ્ચયમાં આવીએ. એમ સમન્વય કરો. એ સમન્વય કે દિ' થાય?

અહીં તો વ્યવહારથી આત્મામાં બિલકુલ થતું નથી. જેમ કુંભારથી ઘડો નથી થયો. તો નિમિત્ત તો છે ને? નિમિત્તથી ઘડો નથી થયો. એમ વ્યવહારથી નિશ્ચય નથી થતો. વ્યવહાર નિમિત્ત છે. આહાહા..! વ્યવહાર હોય ખરો. નિમિત્ત ત્યાં હોય ખરું. પણ નિમિત્તથી થતું નથી. વ્યવહાર હોય ખરો, વ્યવહારથી નિશ્ચય થતો નથી. આહાહા..! વસ્તુ તો આવી છે, ભાઈ! વર્તમાનમાં તો બધાએ ગડબડ કરી નાખી. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..!

'**(અસલમેં) પરમેશ્વર હૈ.**' છે? '**પરમેશ્વરમેં ઔર જીવમેં જાતિ-ભેદ નહીં હૈ,...**' આહાહા..! પરમેશ્વર જે સિદ્ધ ભગવાન થયા અને તું જીવ, બેમાં જાતિભેદ નથી. તારી જાત એક જ છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો'. આવે છે? (નાટક સમયસાર-પદ-૧૧)

**ચેતનરૂપ અનૂપ અમૂરતિ,**
**સિદ્ધ સમાન સદા પદ મેરો,**
**મોહ મહાતમ આતમ અંગ,**
**કિયૌ પરસંગ મહા તમ ઘેરૌ.**
**ગ્યાનકલા ઉપજી અબ મોહિ,**
**કહૌં ગુન નાટક આગમકેરૌ.**
**જાસુ પ્રસાદ સધૈ સિવમારગ**
**વેગિ મિટૈ ભવ(ઘટ)વાસ બસેરૌ.**

'બનારસીદાસ'ના 'નાટક સમયસાર'માં છે. હવે એને આ કહે છે. 'લલિતપુર'માં શાસ્ત્રી પરિષદ ભરી ને? એમાં (એમ કહ્યું), 'ટોડરમલ' અને 'બનારસીદાસ' અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા છે. અરે..! ભગવાન! હવે 'ફલટન'માં' કરવાના છે. મારો એને. આવું માનનારાના માથા ફોડી નાખો. અરે..! ભગવાન! આમ હોય? ભાઈ! ઈન્દ્રના વખતમાં વિરોધી નહોતા? તો ઈન્દ્ર કોઈને મારતા હતા? જાણો. એ આત્મા છે. એની પર્યાય ઉલટી હોય તો તમે જાણો, પણ મારવું ને આ શું? એ આત્મા છે, ભાઈ! આહાહા..! નિશ્ચયથી તો આત્મા તરીકે તો સાધર્મી આત્મા છે. પર્યાયને લક્ષમાં ન લ્યો. આત્મા પરમેશ્વર છે તો આત્મા સાધર્મી છે. પર્યાયથી ભલે તને... આહાહા..! ભગવાન છે, બાપા!

અહીં શું કહે છે? જુઓ! શક્તિરૂપે પરમેશ્વર છે. '**પરમેશ્વરમેં ઔર જીવમેં જાતિ-ભેદ નહીં હૈ,...**' આહાહા..! '**જબ તક કર્મોંસે બંધા હુઆ હૈ,...**' એટલે પોતાની અપૂર્ણ પર્યાય

છે ત્યાં સુધી સંસારમાં ભ્રમણ કરે છે. '**સૂક્ષ્મ બાદર એકેન્દ્રિયાદિ જીવોંકે શરીરમેં જુદા જુદા તિષ્ઠતા હૈ, ઔર જબ કર્મોંસે રહિત હો જાતા હૈ, તબ સિદ્ધ કહલાતા હૈ. સંસાર અવસ્થામેં શક્તિરૂપ પરમાત્મા હૈ, ઔર સિદ્ધ-અવસ્થામેં વ્યક્તિરૂપ (પરમાત્મા) હૈ.**' પ્રગટરૂપ છે. આહાહા..! પરમેશ્વર જે છે એ એનલાર્જ થઈ ગયો. અંતર એકાગ્રતા (દ્વારા). આહાહા..! સિદ્ધ ભગવાન થઈ ગયો. અંદર સિદ્ધ શક્તિ હતી. 'સિદ્ધ સમાન સદા પદ મેરો'. 'ચેતનરૂપ અનૂપ...' હું ચૈતન્યરૂપ અનૂપ-મારી કોઈ ઉપમા નથી. 'ચેતનરૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો, મોહ મહાતમ આતમ અંગ..' પણ મેં રાગને મારો માનીને મોહનું માહાત્મ્ય કર્યું. 'મોહ મહાતમ આતમ અંગ, કિયો પરસંગ મહાતમ ઘેરો.' આહાહા..!

'જ્ઞાનકલા ઉપજી અબ મોહિ, કહૌં ગુન નાટક આગમકેરૌ' હું આગમ કેરું નાટક કહીશ. આહા..! સમજાય છે કાંઈ? 'કહૌં ગુન નાટક આગમકેરૌ, જાસુ પ્રસાદ સધૈ સિવમારગ.' પોતાનો મોક્ષમાર્ગ, ભગવાનના આનંદની દશાથી મોક્ષમાર્ગ પ્રગટ થાય છે. આહાહા..! 'વેગિ મિટૈ ભવ(ઘટ)વાસ બસેરૌ.' માટીના પિંડમાં રહેવું એ વેગથી ઘટી જાય. તારું છૂટી જશે. આહાહા..! હાડકા, ચામડામાં રહેવું! અરે..! પ્રભુ પવિત્રતાનું ધામ. આહાહા..! શુદ્ધ અમૃતનો કુંડ, એને ચામડામાં રહેવું! આહાહા..! 'વેગિ મિટૈ ભવ(ઘટ)વાસ..' અલ્પકાળમાં પ્રભુ! તારો ઘટવાસ છૂટી જશે. આ કહે છે એવું જો સાધન કર તો તારો (ભવવાસ) છૂટી જશે, મોક્ષ થઈ જશે. 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં' આનંદની, જ્ઞાનની આદિ થશે, પણ પછી અંત નહિ. અનંતકાળ એમ ને એમ રહેશે, એવું તારું મોક્ષપદ છે. 'પ્રવિણભાઈ'! આહાહા..! સમજાય છે કાંઈ? ઈ કહે છે, જુઓ!

'**સંસાર-અવસ્થામેં (પર્યાયમેં) શક્તિરૂપ પરમાત્મા હૈ, ઔર સિદ્ધ-અવસ્થામેં વ્યક્તિરૂપ હૈ. વહી આત્મા પરબ્રહ્મ,..**' છે. જુઓ! પરમબ્રહ્મ એ આત્મા છે. બીજો કોઈ પરમબ્રહ્મ છે કે ઈશ્વરકર્તા-ફર્તા (છે એમ નથી). આત્મા '**પરમવિષ્ણુ...**' છે. ત્રણકાળ ત્રણલોકને જાણનાર વ્યાપક વિષ્ણુ-આત્મા પોતાનો છે. આહાહા..! છે? એ '**પરમશિવ...**' છે. એ શંકર છે. પૂર્ણાનંદનો નાથ આત્મા પરમશિવ છે. એ શક્તિરૂપ છે. આહા..! '**ઔર પ્રગટરૂપસે ભગવાન અર્હંત...**' એ પ્રગટ પરમાત્મા છે. '**મુક્તિકો પ્રાપ્ત હુએ સિદ્ધાત્મા..**' એ પરમાત્મા '**પરમબ્રહ્મ,...**' છે. પર્યાયમાં પરમબ્રહ્મ થયા. '**પરમવિષ્ણુ, પરમશિવ કહે જાતે હૈં. યહ નિશ્ચયસે જાનો.**' આહાહા..! સમજાય છે કાંઈ? બીજો કોઈ પરમબ્રહ્મ કરવાવાળો ઈશ્વર છે એમ નથી. તું જ પોતે એટલી શક્તિવાન છો કે પરમબ્રહ્મ તું, વિષ્ણુ તું, શિવ તું, બ્રહ્મા તું છો. આહાહા..! સમજાય છે કાંઈ? અને સિદ્ધ થશે ત્યારે પર્યાયમાં પરમબ્રહ્મ અને શિવ થઈ ગયો. અંદર શક્તિ છે એની વ્યક્તિ થાય છે તો પરમાત્મા થાય છે. એનું સાધન તો અંદર કર્યું. પોતાના સ્વરૂપમાં અંદર આનંદમાં એકાગ્રતા થવી એ સાધન છે. તેનાથી મુક્તિની પર્યાય પ્રાપ્ત થાય છે. વિશેષ કહેશે..

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, ભાદરવા વદ ૨, શુક્રવાર
## તા. ૧૦-૦૯-૧૯૭૬, ગાથા-૧૦૯ થી ૧૧૧, પ્રવચન નં. ૮૬

'પરમાત્મપ્રકાશ' ૧૦૯ ગાથા. અહીંયાં આવ્યું, કે આ આત્મા છે એ શક્તિરૂપે પરમાત્મા છે. દરેક આત્મા. અને વ્યક્તિરૂપે સિદ્ધ પરમાત્મા છે. પ્રગટ દશા થઈ ગઈ. દરેક આત્મા શક્તિરૂપ શિવ હૈ, વિષ્ણુ છે અને જે કહો તે છે. અને પ્રગટરૂપ સિદ્ધ પરમાત્મા થયા, એને પણ શિવ, બ્રહ્મા, વિષ્ણુ એમ કહેવાય છે.

'**સારાંશ યહ હૈ કિ જિસ લોકકે શિખર પર અનંત સિદ્ધ બિરાજ રહે હૈં, વહી લોકકા શિખર પરમધામ બ્રહ્મલૌક...**' છે. એ બ્રહ્મલોક છે, બીજો કોઈ બ્રહ્મલોક વૈકુંઠ કહે છે એ છે નહિ. '**વિષ્ણુલોક...**' છે. એ જ વિષ્ણુલોક છે. કેમકે બધાને જાણનાર ભગવાન સર્વવ્યાપક તરીકે જાણે છે એ અપેક્ષાએ વિષ્ણુ છે. '**વહી શિવલોક હૈ,...**' નિરૂપદ્રવ તત્ત્વ પ્રાપ્ત છે. એ જ સિદ્ધ ભગવાન શિવલોક અને શિવધામ છે. '**અન્ય કોઈ ભી બ્રહ્મલોક, વિષ્ણુલોક, શિવલોક નહીં હૈ, યે સબ નિર્વાણક્ષેત્રકે નામ હૈં,...**' આહાહા..! મુક્તિનું ધામ શિવલોક આદિ નિર્વાણક્ષેત્રના નામ છે. '**બ્રહ્મા, વિષ્ણુ, શિવ યે સબ સિદ્ધપરમેષ્ઠીકે નામ હૈં.**'

'**ભગવાન તો વ્યક્તિરૂપ પરમાત્મા હૈં,...**' સિદ્ધ ભગવાન તો વ્યક્ત નામ પ્રગટરૂપ પરમાત્મા છે. '**તથા યહ જીવ શક્તિરૂપ પરમાત્મા હૈ.**' આહાહા..! આ આત્મા શક્તિરૂપ પરમાત્મા જ છે. સમજાય છે કાંઈ? '**ઈસમેં સંદેહ નહીં હૈ. જિતને ભગવાનકે નામ હૈં, ઉતને સબ શક્તિરૂપ ઈસ જીવકે નામ હૈં. યહ જીવ હી શુદ્ધનયકર ભગવાન હૈ.**' આહાહા..! કેમ બેસે? જેમાં પુણ્ય પરિણામ જે દયા, દાન, વ્રતાદિ પણ નથી, એવો શક્તિરૂપ ભગવાન પરમાત્મા તે સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દષ્ટિનું ધ્યેય શક્તિરૂપ પરમાત્મા છે. આહાહા..! સમ્યગ્દષ્ટિ ધર્મીને.. એ તો આવી ગયું ને? પુણ્યની પણ ઈચ્છા નથી. કામના નથી. ગાથા ૧૦૭માં આવ્યું હતું પણ ઈ 'સમયસાર'ની ૨૧૦ ગાથાની વ્યાખ્યા છે. ૨૧૦. ધર્મીને વ્યવહાર રત્નત્રયના, દયા, દાન, વ્રતના પરિણામનો પરિગ્રહ હોતો નથી. એને પરિગ્રહ નથી, એ મારા એવો પરિગ્રહ નથી અને એની ભાવના-ઈચ્છા નથી. આહાહા..! ભગવાનઆત્મા શુદ્ધ પૂર્ણાનંદ એ એનો પરિગ્રહ છે. પોતાનું સ્વરૂપ. આહાહા..! અને એની ભાવના, એનું નામ મોક્ષમાર્ગ છે. પુણ્યની ભાવના પણ નહિ. વ્યવહારધર્મ. સમજાય છે કાંઈ? આહાહા..! વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાનો ભાવ, એની પણ ધર્મીની ભાવના નથી. ધર્મીને એનો પરિગ્રહ નથી, એ ચીજ મારી એવો પરિગ્રહ નથી અને એની ભાવના નથી. એની ભાવના હોય તો આસ્રવની ભાવના થઈ. સમજાય છે કાંઈ? વચ્ચે આવે છે, પણ ભાવના નથી. આહાહા..! આવા આત્માને પરમાત્મા કહે છે.

'**યહ જીવ હી...**' છેલ્લો શબ્દ છે. '**શુદ્ધનયકર ભગવાન હૈ.**' આહાહા..! પૂર્ણ પવિત્ર પરમાત્મસ્વરૂપ એ આત્મા છે, એ ભગવાન છે. એ ૧૦૯ ગાથા થઈ.

---

अथ –

**११०) मुणि–वर–विंदहँ हरि–हरहं जो मणि णिवसइ देउ।**
**परहँ जि परतरु णाणमउ सो वुच्चइ पर–लोउ।।११०।।**

मुनिवरवृन्दानां हरिहराणां यः मनसि निवसति देवः।
परस्माद् अपि परतरः ज्ञानमयः स उच्यते परलोकः।।११०।।

**मुणिवरविंदहं हरिहरहं मुनिवरवृन्दानां हरिहराणां च जो मणि णिवसइ देउ योऽसौ मनसि निवसति देवः आराध्यः। पुनरपि किंविशिष्टः। परहं जि परतरु णाणमउ परस्मादुत्कृष्टादपि अथवा परहं जि बहुवचनं परेभ्योऽपि सकाशादतिशयेन परः परतरः। पुनरपि कथंभूतः। ज्ञानमयः केवलज्ञानेन निर्वृत्तः सो वुच्चइ परलोउ स एवंगुणविशिष्टः शुद्धात्मा परलोक इत्युच्यते इति। पर उत्कृष्टो वीतरागचिदानन्दैकस्वभाव आत्मा तस्य लोकोऽवलोकनं निर्विकल्पसमाधौ वानुभवनमिति परलोकशब्दस्यार्थः, अथवा लोक्यन्ते दृश्यन्ते जीवादिपदार्था यस्मिन् परमात्मस्वरूपे यस्य केवलज्ञानेन वा स भवति लोकः परश्चासौ लोकश्च परलोकः व्यवहारेण पुनः स्वर्गापवर्गलक्षणः परलोको भण्यते। अत्र योऽसौ परलोकशब्दवाच्यः परमात्मा स एवोपादेय इति तात्पर्यार्थः।।११०।।**

---

**आगे ऐसा कहते हैं कि भगवान्‌का ही नाम परलोक है –**

**गाथा – ११०**

**अन्वयार्थ :– [ यः ] जो आत्मदेव [ मुनिवरवृन्दानां हरिहराणां ] मुनिश्वरोंके समूहके तथा इन्द्र वा वासुदेव रुद्रोंके [ मनसि ] चित्तमें [ निवसति ] बस रहा है, [ सः ] वह [ परस्माद् अपि परतरः ] उत्कृष्टसे भी उत्कृष्ट [ ज्ञानमयः ] ज्ञानमयी [ परलोकः ] परलोक [ उच्यते ] कहा जाता है।**

**भावार्थ :– परलोक शब्दका अर्थ ऐसा है कि पर अर्थात् उत्कृष्ट वीतराग चिदानंद शुद्ध स्वभाव आत्मा उसका लोक अर्थात् अवलोकन निर्विकल्पसमाधिमें अनुभवना वह परलोक है। अथवा जिसके परमात्मस्वरूपमें या केवलज्ञानमें जीवादि पदार्थ देखे जावें, इसलिये उस परमात्माका नाम परलोक है। अथवा व्यवहारनयकर स्वर्ग–मोक्षको परलोक कहते हैं। स्वर्ग और मोक्षका कारण भगवानका धर्म है, इसलिये केवली भगवान्‌को परलोक कहते हैं। परमात्माके समान अपना निज आत्मा है, वही परलोक है, वही उपादेय है।।११०।।**

**હવે, પરમાત્મા પરલોક છે, એમ કહે છે :**

**ભાવાર્થ : પર અર્થાત્ ઉત્કૃષ્ટ વીતરાગ ચિદાનંદ જેનો એક સ્વભાવ છે એવો આત્મા તેનો લોક અર્થાત્ તેનું અવલોકન અથવા નિર્વિકલ્પ સમાધિમાં તેનું અનુભવન એવો 'પરલોક' શબ્દનો અર્થ છે, અથવા જે પરમાત્મસ્વરૂપમાં અથવા જેના કેવળજ્ઞાનથી જીવાદિ પદાર્થો દેખાય છે-જણાય છે તે લોક છે પરમ લોક (પરમાત્મા) પરલોક છે, અને વ્યવહારનયથી સ્વર્ગમોક્ષને પરલોક કહ્યો છે.**

**અહીં, 'પરલોક' શબ્દથી વાચ્ય એવો જે પરમાત્મા છે તે જ ઉપાદેય છે, એવો તાત્પર્યાર્થ છે. ૧૧૦.**

## ગાથા-૧૧૦ ઉપર પ્રવચન

'**આગે ઐસા કહતે હૈં કિ ભગવાનકા હી નામ પરલોક હૈ–**' પરલોક. પરલોક-ભગવાન એ જ પરલોક છે. આહા..!

**१९०) मुणि-वर-विंदहँ हरि-हरहं जो मणि णिवसइ देउ।**
**परहँ जि परतरु णाणमउ सो वुच्चइ पर-लोक।।११०।।**

**અન્વયાર્થ :-** '**જો આત્મદેવ...**' આ ભગવાન આત્મદેવ. '**મુનિશ્વરોંકે સમૂહકે...**' મુનિશ્વરોના સમૂહના મનમાં એ ભગવાન વસે છે. આહાહા..! જેની જ્ઞાનની દશામાં પૂર્ણાનંદ પ્રભુ વસે છે. પુણ્ય ને રાગ ને નિમિત્ત વસતા નથી. આહાહા..! એમ કહે છે. ભારે માર્ગ ઝીણો, ભાઈ! સમજાય છે કાંઈ? મુનિશ્વરોના સમૂહમાં '**તથા ઈન્દ્ર વા વાસુદેવ રુદ્રોંકે...**' એમની જ્ઞાનની પર્યાયમાં ભગવાન પૂર્ણાનંદ વસે છે. મન એટલે જ્ઞાનની પર્યાય. એ જ્ઞાનની વર્તમાન પર્યાયમાં પૂર્ણ ભગવાન વસે છે. ભગવાનનો વાસ પોતાની જ્ઞાનની પર્યાયમાં છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**રુદ્રોંકે ચિત્તમેં બસ રહા હૈ, વહ ઉત્કૃષ્ટસે ભી ઉત્કૃષ્ટ જ્ઞાનમયી પરલોક કહા જાતા હૈ.**' એ પરલોક છે. આહાહા..! રાગના દયા, દાનના વિકલ્પથી પણ પર ભિન્ન એ પરલોક છે. રાગથી ભિન્ન સ્વને અવલોકવો એનું નામ પરલોક છે. આહાહા..! પુણ્ય-પાપના વિકલ્પથી, નિમિત્તથી ભિન્ન ભગવાન જે આત્મા, પૂર્ણાનંદ સ્વરૂપ, એને અવલોકવો એ પરલોક છે. પરને, પરપ્રધાનને અવલોકવો એ પરલોક છે. આરે..! સમજાય છે કાંઈ? આ પરલોક છે આ. આહાહા..!

વિકલ્પથી પાર, પર. પાર અને પર. અવલોકન કરવા લાયક છે તો એ પરમાત્મા છે, એને પરલોક કહે છે. પર-અવલોકન. લોક્યંતે ઈતિ લોકઃ. આહાહા..! રાગથી, નિમિત્તથી ભિન્ન પૂર્ણાનંદ પરમાત્મા પોતાનું સ્વરૂપ, એ અવલોકવા લાયક છે અને એ પરથી (ભિન્નપણાનું) અવલોકન, એનું નામ પરલોક છે. કહો, સમજાય છે કાંઈ? આવી વાત છે.

'**પરલોક કહા જાતા હૈ.**'

**ભાવાર્થ :-** '**પરલોક શબ્દકા અર્થ ઐસા હૈ કિ પર અર્થાત્ ઉત્કૃષ્ટ..**' ઉત્કૃષ્ટ-ઊંચામાં ઊંચું. '**વીતરાગ ચિદાનંદ..**' આહાહા..! ભગવાનઆત્માનો સ્વભાવ વીતરાગ છે અને ચિદાનંદ-જ્ઞાનાનંદ છે. ચિદ્ નામ જ્ઞાનાનંદ છે. વીતરાગમાં ત્રિકાળ ચારિત્ર કહ્યું અને જ્ઞાન ને આનંદ. જ્ઞાન ને આનંદ-સુખ લીધું. અને '**શુદ્ધ સ્વભાવ...**' અંતર ભગવાનના આટલા વિશેષણ લીધા. વીતરાગ ઉત્કૃષ્ટ ચિદાનંદ શુદ્ધ સ્વભાવ આત્મા, '**ઉસકા લોક...**' આત્મા એનો લોક. '**અર્થાત્ અવલોકન...**' છે ને? આહાહા..! ઝીણી વાત બહુ, ભગવાન! આવો જે વીતરાગ ચિદાનંદ શુદ્ધ સ્વભાવ ત્રિકાળ, એ પર અને લોક (અર્થાત્) અવલોકન. કોનાથી? '**નિર્વિકલ્પસમાધિમેં અનુભવના...**' આહાહા..! આવો ભગવાન પરમ વીતરાગ ચિદાનંદ શુદ્ધ સ્વભાવ જે પોતાનો પૂર્ણ ધ્રુવ છે, એ પર. અને લોક-અવલોકન કરવું. એનું અવલોકન કરવું. અર્થાત્ '**નિર્વિલ્પસમાધિમેં અનુભવના...**' એ અવલોકન. આહાહા..! એવી વાત છે, ભાઈ! માર્ગ, બાપુ!

રાગરહિત શાંતિ વીતરાગી શાંતિ દ્વારા એ પર નામ સર્વોત્કૃષ્ટ ચિદાનંદ વીતરાગ, એનું નિર્વિકલ્પ સમાધિમાં અવલોકન કરવું-દેખવો, એનું નામ પરલોક છે. આહાહા..! વ્યાખ્યા જુદી છે, ભાઈ! આ તો. આહાહા..! સમજાય છે કાંઈ? પરલોક-બે શબ્દ. પર નામ ઉત્કૃષ્ટ વીતરાગ ચિદાનંદ શુદ્ધ સ્વભાવ. એ પરની વ્યાખ્યા થઈ. હવે લોક. એને લોક્યંતે-અવલોકન. અવલોકનનો અર્થ કે રાગરહિત વીતરાગી શાંતિ દ્વારા એનો અનુભવ કરવો એને અવલોકન કહેવાય છે. એને પરલોક કહે છે. આવી વ્યાખ્યા કોઈ દિ' સાંભળી ન હોય.

આ તો પરમાત્મપ્રકાશ છે. કહે છે, તું તો પરમાત્મસ્વરૂપ જ છો. હવે પ્રકાશનો અર્થ એ પરમાત્મસ્વરૂપ જે ત્રિકાળ છે એને પર કહે છે અને પ્રકાશનો અર્થ, એનું અવલોકન કરવું. અવલોકનનો અર્થ રાગરહિત વીતરાગી સમાધિ દ્વારા એ પરમ ઉત્કૃષ્ટને અનુભવવું, એનું નામ પરલોક કહે છે. શબ્દ તો સમજાય એવા છે. ઝીણી ભાષા! આહાહા..! સમજાય છે કાંઈ? તારો પરલોક તારામાં છે, એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- યથાર્થ અવલોકન નિર્વિકલ્પ સમાધિમાં થાય?

ઉત્તર :- ત્યાં જ દેખાય, એ વિના તો અવલોકન થતું નથી, એમ કહે છે. આહાહા..! એકલા જ્ઞાનમાં જાણવું.. જાણવું.. જાણવું.. એનો અર્થ આ છે. સમજાય છે કાંઈ?

ભગવાન પર (અર્થાત્) સર્વોત્કૃષ્ટ વીતરાગ ચિદાનંદ શુદ્ધ સ્વભાવ નિત્યાનંદ પ્રભુ, એને લોક (અવલોકવો). એ તો પર કહ્યું. હવે એને લોક-લોક્યંતે-એને લોક્યંતે-અવલોક્યંતે. અવલોક્યંતે અર્થાત્ રાગરહિત નિર્વિકલ્પ શાંતિ દ્વારા અનુભવ કરવો, એનું નામ પરલોક કહેવાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? કેટલાકે તો કોઈ દિ' સાંભળ્યું ન હોય જિંદગીમાં. આહાહા..! કહો, શેઠ! આ પરલોક.

મુમુક્ષુ :- કરવું શું?

ઉત્તર :- આ કરવું ઈ કહે છે. આ પરલોક છે એને કરવો. આહાહા..!

ભગવાન! પહેલા કહ્યું ને? પર નામ ઉત્કૃષ્ટ. શું ઉત્કૃષ્ટ? વીતરાગ ચિદાનંદ. અરાગી સ્વભાવ ભગવાન જ્ઞાનાનંદ શુદ્ધ સ્વભાવ એ પર. અને લોક-લોક્યંતે-અવલોક્યંતે. અવલોક્યંતે અર્થાત્ વ્યવહાર રત્નત્રયના વિકલ્પને પણ છોડી અંદર નિર્વિકલ્પ દ્વારા આત્માને અનુભવવો એને અવલોકન-લોક્યંતે કહેવાય છે. કોને? પરને. પર કોણ? વીતરાગ શુદ્ધ ચિદાનંદ સ્વભાવ એને. સમજાય છે કાંઈ? એ.. 'ગિરધરભાઈ'! બાપ-દાદાએ કોઈ દિ' આવું સાંભળ્યું ન હોય. 'નાગરભાઈ' ને... એ તો સ્થાનકવાસી હતા ને. આ તો દિગંબર હોય એણે પણ સાંભળ્યું નથી, ઠેકાણા નથી ત્યાં (બીજાએ તો ક્યાંથી સાંભળ્યું હોય)? આહાહા..! કહો, 'શિવલાલભાઈ'! એના બાપ તે દિ' કહેતા હતા. (સંવત) ૨૦૧૦ની સાલમાં. વીરચંદભાઈ! મહારાજ! દેવ-ગુરુ-શાસ્ત્ર તો શુદ્ધ છે. તો શુદ્ધ એ પર કહેવાય? મ્યુનિસીપાલટીના હોલમાં વ્યાખ્યાન ચાલતું હતું ને? (સંવત) ૨૦૧૦ની સાલ. ૨૨ વર્ષ થયા. ત્યારે મંદિર નહોતું. હવે દિગંબર મંદિર થયું છે. હવે તો મોટું મંદિર છે. 'બોટાદ'. આ તો ૨૦૧૦ની સાલની વાત છે. પછી મંદિર થયું ને? કઈ સાલ થયું? હવે તો મંદિર થયું, મોટા પ્રતિમા છે, મોટો હોલ છે. તમારે ૨૦૧૦માં થયું. પણ મ્યુનિસીપાલીટીમાં વ્યાખ્યાન ચાલતું. ત્યારે તો હોલ નહોતો ને. હોલ પછી કર્યો. મંદિર થયું. ઈ સાચી વાત.

દેવ, સિદ્ધ પરમાત્મા અરિહંત પરમાત્મા, ગુરુ નિર્ગ્રંથ મુનિ વીતરાગી, એ આત્માથી પર કહેવાય? એ તો પોતાના છે. અરે..! પર છે, સાંભળ તો ખરો. સમજાય છે કાંઈ? અને ખરેખર પર તો તારી ચીજ છે. પ્રધાન પર-ઉત્કૃષ્ટ વીતરાગ ચિદાનંદમૂર્તિ પ્રભુ.. આહાહા..! ચૈતન્યપ્રતિમા વીતરાગમૂર્તિ પ્રભુ ચૈતન્યપ્રતિમા વીતરાગ ચિદાનંદ ઉત્કૃષ્ટ શુદ્ધ સ્વભાવ, એ પર. એને લોક-લોક્યંતે-અવલોક્યંતે-નિર્વિકલ્પ સ્વભાવ દ્વારા અનુભવતા, એને લોક કહેવાય છે. આહાહા..! કહો, આવી વાત છે. 'પોપટભાઈ'! તમારા ઢુંઢિયામાં તો કોઈ દિ' સાંભળવા મળ્યું ન હોય. નહોતું. વાત સાચી. આહાહા..!

પ્રભુ! તું ક્યાં છો? કહે છે કે તું કોણ છો? હું વિકલ્પથી પાર છું. વ્યવહાર રત્નત્રય છે તેનાથી પાર ભિન્ન (છું). ભિન્ન કેવો છું? ઉત્કૃષ્ટ વીતરાગ ચિદાનંદ શુદ્ધ સ્વભાવ હું છું. આહાહા..! સમજાય છે કાંઈ? એ તો છે, પણ એને જાણ્યો કોણે? એને જાણ્યો કોણે કે જેથી એને પરલોક કહીએ? કે જેણે રાગરહિત નિર્વિકલ્પ અરાગી શાંતિ દ્વારા.. આહાહા..! સમાધિ કીધી છે ને? સમાધિનો અર્થ શાંતિ છે. પેલા બાવા સમાધિ ચડાવે એ અહીં નથી. પેલા લોકો કહે ને? બાવા સમાધિ એ તો અજ્ઞાની. આહાહા..! લોગસ્સમાં નથી આવતું? 'સમાહિવરમુત્તમં દિંતુ'. આહા..! આ લોકોને આવે છે પણ એ લોકોને સામાયિકના પાઠનો પરિચય નહિ. આહાહા..!

ભગવાન, વાણી, મન, કર્મ, શરીર, કુટુંબ, પરિવારથી તો ભિન્ન છે, કર્મથી તો જુદો ભગવાન છે, પણ વ્યવહારધર્મનો જે વિકલ્પ છે એનાથી પણ ભિન્ન-જુદો પરમાત્મા છે. શુદ્ધ ચૈતન્યસ્વભાવને અહીંયાં પર કહેવામાં આવે છે. પ્રધાન નામ મુખ્યતા. અને એને લોક-

એને નિર્વિકલ્પ શાંતિ દ્વારા અનુભવવો, એનું નામ પરને લોક્યંતે અવલોકન કર્યું, દેખ્યો, અનુભવ્યો એનું નામ પરલોક કહેવામાં આવે છે. આહાહા..! આવી વાત છે. આહાહા..! અહીં કહે છે કે અહીંથી મરીને પરલોકમાં જાવું છે. ક્યો પરલોક? એ તો સ્વર્ગ ને ઈ. ઈ કહેશે. સ્વર્ગ અને મોક્ષ એ પરલોક છે પણ એને કહેનારા તો ભગવાન સર્વજ્ઞ છે. સર્વજ્ઞનો ધર્મ. તો સર્વજ્ઞનો ધર્મ એ મોક્ષનો માર્ગ પ્રગટ થાય, એમાં રાગ બાકી રહે તો સ્વર્ગ મળે. તો એ પણ ભગવાનના ધર્મથી જ મળે છે. સમજાય છે કાંઈ? આહા..! એ પછી છેલ્લે કહેશે. સ્વર્ગ અને મોક્ષને પણ પરલોક કહીએ. અને એ સ્વર્ગ અને મોક્ષને સમજાવનારા સર્વજ્ઞ ભગવાન છે. તો એ સર્વજ્ઞ ભગવાનનો જે ધર્મ છે એ પર નામ ઉત્કૃષ્ટ આત્માને જાણનારી નિર્વિકલ્પ સમાધિ એ ધર્મ છે. એ ધર્મથી મુક્તિ થાય છે. અને એ ધર્મમાં થોડો રાગ બાકી રહી જાય એનાથી સ્વર્ગ મળે છે. સમજાય છે કાંઈ?

એ પ્રશ્ન નહોતો કર્યો? ૐકારનો. કાલે, પરમ દિ' કોઈએ પ્રશ્ન કર્યો હતો. '**कामदंमोक्षदं चैव ॐकाराय नमोनमः**' આમાં '**कामदं**' છે ને?

**ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः**
**कामदं मोक्षदं चैव ॐकाराय नमोनमः।।**

પ્રશ્ન થયો હતો. બે-ત્રણ દિવસ પહેલા. પ્રશ્ન થયો હતો. એ શું? એ જ કહે છે, '**कामदंमोक्षदं**' કામના દમ દેનારા અને મોક્ષના દેનારા. '**कामदंमोक्षदं**'. એનો અર્થ શું? આહાહા..! કે ભગવાન પરમાનંદસ્વરૂપ જે આ ઉત્કૃષ્ટ કહ્યો, એના ધર્મને કહેનારા તો ભગવાન છે. તારી ચીજ આવી છે અને એને તું નિર્વિકલ્પ સમાધિ દ્વારા જાણ. તો એ નિર્વિકલ્પ ધર્મ છે અને એનો આશ્રય આત્મા એ ત્રિકાળી વસ્તુ છે. એ ભગવાને કહ્યું. અને એ નિર્વિકલ્પ સમાધિથી મુક્તિ થાય. અને પૂર્ણ વીતરાગ ન થાય ને રાગ બાકી રહી જાય, વચ્ચે રાગ તો આવે છે, વ્યવહારધર્મ એ રાગનું ફળ સ્વર્ગ છે. એ '**कामदं**' છે. '**कामदं**' કામના દેનારા. '**मोक्षदं**' મોક્ષના દેનારા. આહાહા..! માણસો અર્થ પણ સમજતા નથી, એમ ને એમ ગાડા હાંકે જાય. શબ્દ શું છે? એનો અર્થ શું છે? ભાવાર્થ શું છે? ગડિયાને ગોખી જાય, બસ. ગડિયાને તમારે શું કહે છે? પહાડા કહે છે? પહાડા. આહા..! જુઓ! છે?

'**નિર્વિકલ્પસમાધિમેં અનુભવના...**' આહાહા..! એ પરલોક છે. એક શબ્દ થયો. '**અથવા જિસકે પરમાત્મસ્વરૂપમેં યા કેવલજ્ઞાનમેં જીવાદિ પદાર્થ દેખે જાવેં, ઈસલિયે ઉસ પરમાત્માકા નામ પરલોક હૈ.**' આહા..! સમજાય છે કાંઈ? '**પરમાત્મસ્વરૂપમેં કેવલજ્ઞાનમેં જીવાદિ પદાર્થ દેખે જાવેં,...**' પરપદાર્થ દેખાય માટે પરલોક આત્માને કહેવાય છે. આહાહા..! બીજો અર્થ કર્યો. હવે ત્રીજો અર્થ. શું કહ્યું ઈ? પહેલા તો એ કહ્યું કે સર્વોત્કૃષ્ટ ચિદાનંદ વીતરાગ શુદ્ધાત્માને નિર્વિકલ્પ સમાધિથી અવલોકવો-અનુભવવો માટે એને અમે પરલોક કહીએ છીએ. બીજું, જે કેવળજ્ઞાન અને કેવળદર્શન થયા, એમાં નવ પદાર્થ જે ભિન્ન ચીજ છે, તે એમાં જણાય છે. માટે પણ એને પરલોક કહેવાય છે.

ત્રીજો (અર્થ). '**અથવા વ્યવહારનયકર સ્વર્ગ-મોક્ષકો પરલોક કહતે હૈં.**' સ્વર્ગ અને મોક્ષ. સ્વર્ગ ને મોક્ષનું કારણ ભગવાનનો ધર્મ છે. આહાહા..! ધર્મ વિના સ્વર્ગમાં જાય છે એ તો અનંત લોકો ગયા, એ નહિ. એમ કહે છે. પણ જેણે ભગવાનઆત્માનો, શુદ્ધ ચિદાનંદનો અનુભવ કર્યો, ધર્મનો (અનુભવ કર્યો) અને એમાં જે રાગ બાકી રહે છે એ સ્વર્ગમાં જાય છે તો એને પરલોક કહેવામાં આવે છે. આહાહા..! મોક્ષ પણ મળ્યો એ ભગવાનનો ધર્મ. જે કહે છે એ આત્માના આનંદનો ધર્મ. આહાહા..! આવી વાતું ભારે. માણસને કાંઈક બહારનું કરવું હોય તો ઠીક પડે. પણ એમાં બહારનું કરવાનું છે જ નહિ. આહાહા..! વ્યવહાર રત્નત્રયની વાંછા પણ સમકિતીને હોતી નથી. કેમકે એ પરિગ્રહ છે. વ્યવહાર રાગ છે એ પરિગ્રહ છે. પોતાનો માનવો એ તો પરિગ્રહ છે, મિથ્યાત્વ છે. આહાહા..! સમજાય છે કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ અને શાસ્ત્રનું જ્ઞાન-શાસ્ત્રજ્ઞાન, એની પક્કડ એ પરિગ્રહ છે. સમજાય છે કાંઈ? કેમકે એ તો વિકલ્પ છે, રાગ છે. રાગને પોતાનો માને એ પરિગ્રહ થઈ ગયો. આહાહા..! જ્ઞાનીને પરિગ્રહ અને પરની વાંછા એ બે નથી. એ આવ્યું ને? ભાઈ! '**अपरिग्गहो अणिच्छो**' 'સમયસાર'માં ૨૧૦ ગાથા. '**अपरिग्गहो अणिच्छो भणिदो णाणी**' આહાહા..! શુભરાગ છે એ મારો છે એવો જ્ઞાનીને પરિગ્રહ નથી. પૈસા-ફૈસા-ધૂળ તો ક્યાંય રહી ગઈ. એ.. શેઠ! પૈસા-ધૂળ તમારા ક્યાંય રહી ગયા.

અહીંયા તો અંદરમાં જે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ એ રાગ છે. નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા એ પણ રાગ છે. શાસ્ત્રનું પરનું જ્ઞાન છે એ પણ રાગ છે. અને પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિના ભાવ છે ને? વ્યવહાર એ રાગ છે. તો ધર્મીને એ રાગનો પરિગ્રહ નથી. એ રાગ મારો છે એમ નથી. મારો માને તો મિથ્યાત્વનો પરિગ્રહ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? અભ્યંતર પરિગ્રહ કહ્યું ને? ચૌદ અભ્યંતર પરિગ્રહ છે અને બાહ્ય દસ પરિગ્રહ છે. ચોવીસ પ્રકારના પરિગ્રહ છે. અભ્યંતરમાં મિથ્યાત્વ પરિગ્રહ છે. પહેલો નંબર એનો છે. ઝીણી વાત, બાપુ! રાગનો વિકલ્પ એ મારો એ મિથ્યાત્વ પરિગ્રહ છે. આહાહા..! ધર્મીને પરિગ્રહ નથી અને ઈચ્છા નથી. આહાહા..! ભાવના નથી. ભાવ આવે છે, પણ ભાવની ભાવના નથી કે આ હજો ને હોજો ને વારંવાર આવજો. એ તો આસ્રવ છે. સમજાય છે કાંઈ? આવે છે. એને કાળે નબળાઈથી શુભભાવ આવે છે પણ એની ભાવના નથી કે હજો, આ વારંવાર રહેજો. એવી ભાવના સમ્યગ્દષ્ટિને નથી હોતી. આહાહા..! શુભભાવની ભાવના હોય કે વારંવાર રહેજો, તો એ તો મિથ્યાદષ્ટિ થયો, એ તો આસ્રવની ભાવના કરવાવાળો થયો. ભગવાન આનંદનો નાથ, એની એકાગ્રતાની ભાવના તો છોડી દીધી. સમજાય છે કાંઈ? ભાવના તો પોતાના પરમાનંદ સ્વરૂપમાં એકાગ્ર થવું એ ભાવના છે. એ ભાવનાને છોડી રાગમાં એકાગ્ર થાય કે આ મારી ચીજ છે, એનાથી મને લાભ થશે, એ તો મિથ્યાત્વ પરિગ્રહ છે. આહાહા..! એ પરિગ્રહ સમકિતીને હોતો નથી. આહાહા..! બહુ શરતું મોટી. શરત કહે છે ને? શર્ત.. શર્ત.. શર્ત... આમ કરવાનું. શર્ત... શર્ત. શરત એટલે તમારી બીજી

ભાષા શું છે? શરત રાખવી કે આ આમ કરવું. એટલી શરત છે, ભગવાન કહે છે કે રાગને પોતાનો માને એ શરતમાં મિથ્યાત્વ છે. અને સમ્યગ્દૃષ્ટિને રાગને પોતાનો માને નહિ ને રાગની ભાવના કરે નહિ, એ શરત છે. આહાહા..!

મુમુક્ષુ :- લોકમાં માનવું કેવી રીતે?

ઉત્તર :- લોકમાં આખી દુનિયા અજ્ઞાની એમ માને છે. ઈ અહીંયાં કહે છે. આહા..! લોક મૂકે પોક. લોકને ક્યાં ભાન છે. અહીં તો ભગવાન વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરના ધર્મની વાત ચાલે છે. સમજાય છે કાંઈ? એ કહે છે, આહાહા..!

પરલોકના ત્રણ બોલ લીધા. એક-પર નામ સર્વોત્કૃષ્ટ ચિદાનંદ વીતરાગ આત્મા, એનું અવલોકન નિર્વિકલ્પ સમાધિ દ્વારા એ પરલોક. બીજું-પરલોક એ કેવળજ્ઞાન ને કેવળદર્શનમાં નવ તત્ત્વ પર જે વસ્તુ છે એ જણાય છે, એ અપેક્ષાએ પરલોક. પરપ્રકાશક થયું ને? ત્રીજું- સ્વર્ગ અને મોક્ષ પરલોક. સ્વર્ગ અને મોક્ષને કહેનારો તો ભગવાનનો ધર્મ છે. અજ્ઞાનીને વાસ્તવિક સ્વર્ગ, મોક્ષની વાતની ખબર નથી. સર્વજ્ઞ સિવાય ત્રણલોકના નાથ પરમાત્મા જિનેશ્વરદેવ, એણે જે સ્વર્ગ ને મોક્ષની વાત કરી એવી બીજા ત્રણકાળમાં કહેનાર નથી. અને એ સ્વર્ગ ને મોક્ષનો જે માર્ગ ધર્મ અંદર છે, એ ધર્મ સર્વજ્ઞે કહ્યો. ત્રણલોકનો નાથ તું છો, એની પ્રતીતિ અનુભવ કર એ ધર્મ. અને ભગવાને કહ્યું કે જ્યારે એમાં પૂર્ણતા ન થાય તો રાગ બાકી રહેશે. રાગ આવશે. ભાવના ભલે ન હો, પણ રાગ આવશે ખરો. એ રાગનું ફળ સ્વર્ગ છે. અથવા ચક્રવર્તી પદ... સમજાય છે કાંઈ? આ તીર્થંકર પદ, એ બધા રાગના ફળ છે. આહાહા..! વાસુદેવ, બળદેવ એ બધા પુણ્યના ફળ છે. પણ એ સમકિત સહિતની વાત છે. સમકિત સિવાય કોઈ તીર્થંકર થઈ શકે નહિ. સમ્યગ્દર્શન વિના બળદેવ, વાસુદેવ પણ થઈ શકે નહિ. આહાહા..! ચક્રવર્તી પણ પહેલા સમ્યગ્દૃષ્ટિ થયો હોય, પછી રાગની ભાવના આદિ થઈ તો એ ચક્રવર્તી થાય છે. સમકિતી પણ ચક્રવર્તી થાય છે પણ રાગની ભાવના નથી. રાગ આવ્યો અને રાગનું નિદાન કરે એ તો મિથ્યાદૃષ્ટિ ચક્રવર્તી હોય છે. પણ પહેલા સમ્યગ્દર્શન થયું હતું. સમ્યગ્દર્શન વિના એકલા મિથ્યાદૃષ્ટિમાં ચક્રવર્તી પદ મળે એવું ત્રણકાળમાં બને નહિ. સમ્યગ્દર્શન વિના તીર્થંકરપદ મળે એમ ત્રણકાળમાં નથી. એમ બળદેવ, વાસુદેવ ને ઈન્દ્રના જે પદ છે એ પણ સમ્યગ્દર્શન વિના મળે એમ નથી. સમજાય છે કાંઈ? ઈ કહે છે.

'**વ્યવહારનયકર સ્વર્ગ-મોક્ષકો પરલોક કહતે હૈં. સ્વર્ગ ઔર મોક્ષકા કારણ ભગવાનકા ધર્મ હૈ,...**' આહાહા..! એવું આવે છે, 'મોક્ષ અધિકાર'માં આવે છે ને? 'અષ્ટ પાહુડ'માં. મિથ્યાદૃષ્ટિ તો સ્વર્ગ પામે છે, પણ ધર્મ સહિત પામે છે, એવી ગાથા છે. આત્મજ્ઞાનના ભાન સહિત સ્વર્ગાદિ પામે છે એ બરાબર છે. એનો નિશ્ચય અને વ્યવહાર બરાબર છે. એ ગાથા છે. આચાર્યોએ તો બહુ વાત કરી છે. ઓહોહો..! અખુટ ભંડાર! શાસ્ત્રમા અખુટ ભંડાર (ભરી દીધા છે). ઓહોહો..! આટલા શાસ્ત્ર રહ્યા પણ ઘણી ચીજ રહી ગઈ. નહિતર ઘણા શાસ્ત્ર તો વિચ્છેદ થઈ ગયા. આહા..! સ્વર્ગ ને મોક્ષનું કારણ તો ભગવાનનો ધર્મ છે. '**ઈસલિયે કેવલી ભગવાનકો પરલોક કહતે હૈં.**' ઠીક! '**પરમાત્માકે**

**સમાન અપના નિજ આત્મા હૈ...**' હવે ન્યાં આવ્યા પાછા. આહા..! '**પરમાત્માકે સમાન અપના નિજ આત્મા હૈ, વહી પરલોક હૈ, વહી ઉપાદેય હૈ.**' એ આદરણીય છે. વ્યવહાર રત્નત્રય વિકલ્પ આદરણીય નથી. શું કહ્યું? સરવાળો તાત્પર્ય તો આ છે. આહા..! જાન ફરતી ફરતી આખા ગામમાં ફરે પણ માંડવે આવે જાન. મંડપ હોય ત્યાં જાન આવે. જાન સમજ્યા? બરાત. બારાત કહે છે. જાન ભલે ગામમાં ફરે પણ ફરીને આવે તો મંડપમાં ને. સમજાય છે કાંઈ? એમ ગમે તે વાત કરે પણ આવે અંદર આત્માની વાત. આહાહા..! પોતાનો નિજ આત્મા એ જ પરલોક છે આહાહા..! અને તે જ આદરણીય છે. ઉપાદેયનો અર્થ એ. પૂર્ણાનંદનો નાથ શુદ્ધ ચૈતન્ય ભગવાન એ સત્કાર કરવા લાયક છે, આદર કરવા લાયક છે, ગ્રહણ કરવા લાયક છે, ઉપાદેય છે. આહાહા..! સમ્યગ્દર્શનમાં એનું ધ્યેય બનાવીને આદરણીય માનવું. આહાહા..! સમજાય છે કાંઈ? ૧૧૦ થઈ. ૧૧૧.

---

**१११) सो पर वुच्चइ लोउ परु जसु मइ तित्थु वसेइ।**
**जहिँ मइ तहिँ गइ जीवह जि णियमेँ जेण हवेइ।।१११।।**

**सः परः उच्यते लोकः परः यस्य मतिः तत्र वसति।**
**यत्र मतिः तत्र गतिः जीवस्य एव नियमेन येन भवति।।१११।।**

**सो पर वुच्चइ लोउ परु स परः नियमेनोच्यते लोको जनः। कथंभूतो भण्यते। पर उत्कृष्टः। स कः। जसु मइ तित्थु वसेइ यस्य भव्यजनस्य मतिर्मनश्चित्तं तत्र निजपरमात्मस्वरूपे वसति विषयकषायविकल्पजालत्यागेन स्वसंवेदनसंवित्तिस्वरूपेण स्थिरीभवतीति। यस्य परमात्मतत्त्वे मतिस्तिष्ठति स कस्मात्परो भवतीति चेत् जहिं मइ तहिं जीवहं जि णियमें जेण हवेइ येन कारणेन यत्र स्वशुद्धात्मस्वरूपे मतिस्तत्रैव गतिः। कस्यैव। जीव-जीवस्यैव अथवा बहुवचनपक्षे जीवानामेव निश्चयेन भवतीति। अयमत्र भावार्थः। यद्यार्तरौद्राधीनतया स्वशुद्धात्मभावनाच्युतो भूत्वा परभावेन परिणमति तदा दीर्घसंसारी भवति, यदि पुनर्निश्चयरत्नत्रयात्मके परमात्मतत्त्वे भावनां करोति तर्हि निर्वाणं प्राप्नोति इति ज्ञात्वा सर्वरागादिविकल्पत्यागेन तत्रैव भावनां कर्तव्येति।।१११।।**

---

**आगे ऐसा कहते हैं, जिसका मन निज आत्मामें बस रहा है, वही ज्ञानी जीव परलोक है –**

**गाथा – १११**

**अन्वयार्थ :– [ यस्य मतिः ] जिस भव्य जीवकी बुद्धि [ तत्र ] उस निज आत्मस्वरूपमें [वसति] बस रही है, अर्थात् विषय-कषाय-विकल्प-जालके त्यागसे स्वसंवेदन-ज्ञानस्वरूपकर स्थिर हो रही है। [ स ] वह पुरुष [ परः ] निश्चयनयकर [ परः लोकः ] उत्कृष्ट जन [ उच्यते ] कहा जाता है। अर्थात् जिसकी बुद्धि निजस्वरूपमें ठहर रही है, वह उत्तम जन है,**

[येन] क्योंकि [ यत्र मतिः ] जैसी बुद्धि होती है, [ तत्र ] वैसी [ एव ] ही [ जीवस्य ] जीवकी [गतिः] गति [ नियमेन ] निश्चयनयकर [ भवति ] होती है, ऐसा जिनवरदेवने कहा है। अर्थात् शुद्धात्मस्वरूपमें जिस जीवकी बुद्धि होवे, उसको वैसी ही गति होती है, जिन जीवोंका मन निज–वस्तुमें है, उनको निज–पदकी प्राप्ति होती है, इसमें संदेह नहीं है।

भावार्थ :– जो आर्तध्यान रौद्रध्यानकी आधीनतासे अपने शुद्धात्माकी भावनासे रहित हुआ रागादिक परभावोंस्वरूप परिणमन करता है, तो वह दीर्घसंसारी होता है, और जो निश्चयरत्नत्रयरूप परमात्मतत्त्वमें भावना करता है, तो वह मोक्ष पाता है। ऐसा जानकर सब रागादि विकल्पोंको त्यागकर उस परमात्मतत्त्वमें ही भावना करनी चाहिये।।१११।।

---

**હવે, જેનું મન નિજ આત્મામાં વસે છે તે જ્ઞાની જીવ પરલોક છે, એમ કહે છે :**

**ભાવાર્થ : જે ભવ્ય જીવની મતિ-મન-ચિત્ત નિજપરમાત્મ-સ્વરૂપમાં વસે છે અર્થાત્ વિષયકષાય વિકલ્પજાળના ત્યાગથી સ્વસંવેદનસંવિત્તિસ્વરૂપ વડે જેની મતિ સ્થિર થઈ છે તેને નિયમથી પરલોક-ઉત્કૃષ્ટ જન-કહેવામાં આવે છે. કારણ કે જે સ્વશુદ્ધાત્મસ્વરૂપમાં જીવની અથવા જીવોની મતિ હોય છે ત્યાં ગતિ નિશ્ચયથી થાય છે.**

**અહીં આ ભાવાર્થ છે. જે આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને આધીન થવાથી સ્વશુદ્ધાત્મભાવનાથી ચ્યુત થઈને પરભાવરૂપે પરિણમે છે તે દીર્ઘ સંસારી થાય છે અને જો નિશ્ચયરત્નત્રયાત્મક પરમાત્મતત્ત્વમાં ભાવના કરે છે તે નિર્વાણ પામે છે એમ જાણીને સર્વ રાગાદિ વિકલ્પજાળનો ત્યાગ કરીને તેમાં જ (પરમાત્મ-તત્ત્વમાં જ) ભાવના કરવી જોઈએ. ૧૧૧.**

---

## ગાથા-૧૧૧ ઉપર પ્રવચન

**'આગે ઐસા કહતે હૈં, જિસકા મન નિજ આત્મામેં બસ રહા હૈ, વહી જ્ઞાની જીવ પરલોક હૈ–'** લ્યો. આહાહા..! જેની જ્ઞાનની પર્યાય અંદર આત્મામાં વસે છે એ જ પરલોક છે. કારણ કે આત્માને પરલોક કીધો ને? આનંદકંદ પ્રભુ. નિશ્ચય આત્મા જ ઉપાદેય એ પરલોક છે. જેની જ્ઞાનની પર્યાયમાં આત્મા વસે છે અથવા જ્ઞાનની પર્યાય અંતરમાં ઝુકી ગઈ છે એનું નામ પરમાત્મા કહે છે. '**વહી જ્ઞાની જીવ પરલોક હૈ.**' લ્યો. આહાહા..! ૧૧૧.

**१११) सो पर वुच्चइ लोउ परु जसु मइ तित्थु वसेइ।**
**जहिं मइ तहिं गइ जीवह जि णियमें जेण हवेइ।।१११।।**

આહાહા..! ભાષા બહુ સરસ. ગાથા એક પછી એક.. ઓહો..!

**અન્વયાર્થ :– 'यस्य मतिः' 'જિસ ભવ્ય જીવકી બુદ્ધિ...'** લોકમાં નથી કહેતા? જેવી

મતિ એવી ગતિ. એમ કહે છે કે નહિ? જેવી મતિ તેવી ગતિ. આહાહા..! '**ભવ્ય જીવકી બુદ્ધિ ઉસ નિજ આત્મસ્વરૂપમેં બસ રહી હૈ,...**' મતિ એવી છે. આહાહા..! મતિમાં ભગવાન પૂર્ણાનંદનો નાથ સમકિતીની મતિમાં વસે છે. તો મતિ એવી ગતિ. છે? આહાહા..! '**વિષય-કષાય-વિકલ્પ-જાલકે ત્યાગસે...**' આહાહા..! વિષય, કષાય એટલે વિકલ્પજાળ, દયા, દાન, વિકલ્પ આદિ બધા. એના ત્યાગથી '**સ્વસંવેદન-જ્ઞાનસ્વરૂપકર...**' પોતાના સ્વરૂપનું, સ્વ નામ પોતાથી ગ્રહણ કરીને, સ્વસંવેદન-સ્વ નામ પોતાનું, સં એટલે પ્રત્યક્ષ. સ્વસં-સ્વ-પોતાનું, સં-પ્રત્યક્ષ વેદન. આહાહા..! ભગવાનઆત્મા જે જ્ઞાનસ્વરૂપ છે, તેનું પોતાથી પોતાને પ્રત્યક્ષ કરી વેદન કરવું તેને સ્વસંવેદન કહેવામાં આવે છે. આહા..! શાસ્ત્રની ભાષા પણ (સમજાય નહિ). શાસ્ત્રના જ્ઞાનથી વેદન ન થઈ શકે, એમ કહે છે. શાસ્ત્રનું જ્ઞાન એ પરચીજ છે. એનાથી આત્માને જાણી શકાય નહિ. આહાહા..!

અહીંયાં તો કહે છે કે '**વિષય-કષાય-વિકલ્પ-જાલકે ત્યાગસે સ્વસંવેદન-જ્ઞાનસ્વરૂપકર સ્થિર હો રહી હૈ.**' મતિ. જેની મતિ પોતાના જ્ઞાનસ્વરૂપમાં સ્વસંવેદનથી વસી છે. '**વહ પુરુષ નિશ્ચયનયકર ઉત્કૃષ્ટ જન કહા જાતા હૈ.**' એને ઉત્તમ પુરુષ કહેવાય છે. આહાહા..! 'રામચંદ્રજી'ને પુરુષોત્તમ પુરુષ કહેતા ને? 'રામચંદ્રજી'ને પુરુષોત્તમ પુરુષ કહેતા હતા. સમકિતી હતા, જ્ઞાની હતા. પુરુષોત્તમ પુરુષ. આહાહા..! એમ જેની મતિ સમ્યક્જ્ઞાન ત્રિકાળમાં વસે છે અર્થાત્ સ્વસંવેદનથી પોતાના જ્ઞાનમાં ભગવાન વસે છે અથવા ભગવાનઆત્મામાં સ્વસંવેદનથી વસે છે, તેને '**નિશ્ચયનયકર ઉત્કૃષ્ટ જન...**' '**परः लोकः**' એટલે ઉત્કૃષ્ટ જન. આહાહા..! એને ઉત્કૃષ્ટ જન કહેવાય છે. તેને મહાપુરુષ કહેવાય છે. આહાહા..! એ મોટા પુરુષ છે એમ કહેવાય છે. આ દુનિયામાં પૈસા-બૈસા બે-પાંચ, દસ કરોડ, પચીસ કરોડ હોય તો મોટા છે (એમ કહે). એ બધા ભિખારા છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ પાંચ-પાંચ કરોડ હોય એને મોટા કહે છે ને? 'ભગવાનદાસ' શેઠ મોટા છે, 'શોભાલાલ' મોટા છે એમ કહે, એ બધા ભિખારા છે, એમ કહે છે.

મુમુક્ષુ :- 'મુંબઈ'માં મોટા મોટા છે.

ઉત્તર :- એનો હેતુ છે. સમજાય છે કાંઈ? એમ કે 'ઘાટકોપર' જન્મજયંતિ કરવી છે તો... એમ કહે છે. ત્યાં સાંભળનારા ઘણા છે. સ્થાનકવાસી ઘણા આવે છે. 'ઘાટકોપર'માં ચાર-ચાર હજાર બાયું, હોં! સ્થાનકવાસીની વસ્તિ બહુ છે. પાંત્રીસ હજાર જૈનની વસ્તિ છે. બધા ઘર છે. સ્થાનકવાસી, શ્વેતાંબર. લોકોને પ્રેમ તો મારી ઉપર છે ને. ભલે સંપ્રદાય છોડી દીધો. અહીં દેશમાં ન આવી શકે, પણ પરદેશમાં વાંધો નહિ. શું કહે છે સાંભળો તો ખરા. માર્ગ આ છે. ભગવાનના નામે કહે છે... કપડાનો કટકો નહિ, દાગીનો ચડાવે ને? શું કહેવાય? ચાંદીના બનાવીને આંગી રચે. મુગટ બનાવે. અહીં પાલીતાણા મુગટ છે ને? મોટો ત્રણ લાખનો મુગટ છે. ભગવાનને ચડાવે છે ને ઈ ત્રણ લાખનો મુગટ છે. તે દિ' ત્રણ લાખનો, હોં! અમે ગયા ત્યારે. (સંવત) ૧૯૯૫માં પહેલા ગયા હતા ને. ૧૯૯૫માં આપણે

ગયા હતા ને. ત્યારે તો આપણી સાથે 'સાકરચંદભાઈ' હતા ને. ઈ શ્વેતાંબરના ઓલા હતા અને અહીંના માનનારા. એક દિવસ ત્યાં ગયા હતા. મહારાજ દર્શન કરવા આવ્યા છે પણ મુગટ નથી. પછી મુગટ ચડાવ્યો. અમારે મુગટના દર્શન નથી કરવા. ભગવાનને મુગટ કેવા? આહા..! એ તો વીતરાગીબિંબ. જેવા પરમાત્મા થાય એવા હોય. એ નિક્ષેપ છે. આહાહા..! એ શુભભાવનું નિમિત્ત છે. શુભભાવ કરે એને. એનાથી કાંઈ શુભભાવ થતો નથી. એના ઉપર તો ચકલા પણ બેસે છે. આ ચકલી. ભગવાન ઉપર ખુલ્લા હોય તો બેસે. આપણે તો અહીં કાચ બંધ કરી દઈએ છીએ. અંદર ચકલી બેસી ન જાય. ત્યાં તો ખુલ્લુ હોય તો ચકલી બેસે. એને ક્યાં (ભાન છે)? જેને શુભભાવ હોય એને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ પણ નહિ.

અહીં તો કહે છે, પરલોક એટલે નિજ સ્વરૂપમાં ઠરવું. આહાહા..! '**જિસકી બુદ્ધિ નિજસ્વરૂપમેં ઠહર રહી હૈ વહી ઉત્તમ જન હૈ, ક્યોંકિ જૈસી બુદ્ધિ હોતી હૈ, વૈસી હી જીવકી ગતિ નિશ્ચયનયકર હોતી હૈ...**' લોકો નથી કહેતા? જેવી મતિ તેવી ગતિ. આહાહા..! જેની મતિમાં ભગવાન વસે છે તો એની ગતિ સિદ્ધ થઈ ગઈ. એને સિદ્ધગતિ મળે છે. જેની મતિમાં પુણ્ય વસે છે એને તો બહારના સ્વર્ગ આદિ મળે છે. એ કંઈ આત્મા નથી. ધર્મીને સ્વર્ગ મળે પણ મતિ અંદર આત્મા ઉપર છે. એનાથી એને નિર્મળ પરિણતિ સહિત શુભરાગ રહી જાય તો સ્વર્ગમાં જશે, એકાવતારી થશે. પંચમઆરામાં તો કેવળજ્ઞાન છે નહિ. તો આત્માના આનંદનું આરાધન કરી.. 'કુંદકુંદાચાર્ય' આદિ એક ભવ કરીને મોક્ષમાં જશે. અત્યારે સ્વર્ગમાં છે. 'કુંદકુંદાચાર્ય' સ્વર્ગમાં છે. કારણ કે કેવળજ્ઞાન નથી. પોતાની મતિ તો સ્વરૂપમાં હતી. સંસારનો કિનારો જેને નજીક આવી ગયો હતો. આહાહા..! ચોર્યાસીના અવતાર કરતા કરતા કરતા સંસારનો કિનારો ભગવાન 'કુંદકુંદાચાર્ય'નો નજીક આવી ગયો. 'પ્રવચનસાર'માં છે. જેણે સ્યાદ્વાદ અનંત જ્ઞાનસ્વરૂપ પ્રગટ થયું છે, એવા ભગવાનઆત્માનું આરાધન કરી થોડો વિકલ્પ બાકી રહી ગયો, સ્વર્ગમાં ગયા. પણ આનંદના ભાન સહિત, અનુભવ સહિત ગયા. અજ્ઞાની સ્વર્ગમાં જાય છે એ મિથ્યાદૃષ્ટિ અનંતવાર જાય છે, એ નહિ. આહાહા..! જેણે આત્માના આનંદનો અનુભવ કરી રાગ બાકી રહ્યો એ સ્વર્ગમાં ગયા. તો એ વિરલ પ્રાણી છે એમ કહે છે. મિથ્યાત્વ સહિત સ્વર્ગમાં જાય છે એ તો અનંતવાર ગયો. પણ આત્મજ્ઞાન ને અનુભવ સહિત સ્વર્ગમાં જાય એ વિરલ પ્રાણી છે. ત્યાંથી નીકળી કેવળજ્ઞાન પામી મોક્ષમાં જશે. આહાહા..! સમજાય છે કાંઈ?

'શ્રેણિક' રાજા અત્યારે ભલે નરકમાં ગયા છે. પણ ક્ષાયિક સમકિતી. તીર્થંકર ગોત્ર સમયે સમયે બાંધે છે. આગામી ચોવીસીમાં પહેલા તીર્થંકર થશે. સમ્યગ્દર્શન આત્મ અનુભવ છે, ચારિત્ર નથી, વ્રતાદિ નથી, છઠ્ઠું ગુણસ્થાન તો ભવિષ્યમાં આવશે, આહાહા..! મુનિ થઈ જ્યારે તીર્થંકર થશે ત્યારે. ત્યાંથી નીકળીને અહીંયાં તીર્થંકર થશે. પહેલી નરકમાં છે. ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિમાં છે. અઢી હજાર નીકળી ગયા. સાડી એક્યાસી બાકી છે. ત્યાંથી નીકળીને અહીંયાં રાણીની કુંખે તીર્થંકર પદ તો લઈને આવશે, ત્રણ જ્ઞાન સહિત, ક્ષાયિક

સમકિત સહિત, ત્રણ જ્ઞાન સહિત માતાના પેટમાં આવશે. ભાન છે કે અમે તો આ છીએ. આહા..! પ્રસવ થયો તો ઈન્દ્ર, ઈન્દ્રાણી પણ સેવા કરવા આવ્યા. લ્યો, નરકમાંથી આવ્યા તીર્થંકર. જેના જન્મમાં ઈન્દ્રાણી આવશે. સમજાય છે કાંઈ? ધન્ય રત્નકુંખ ધારિણી! ઈન્દ્ર-ઈન્દ્રાણી કહેશે, હે માતા! તીર્થંકરના આત્માને-રત્નને કુંખમાં ધાર્યો, ધન્ય માતા તને! રત્નકુંખધારિણી! આહાહા..! ભગવાનને નમસ્કાર પછી કરીએ છીએ, પહેલા તો તમને નમસ્કાર કરીએ છીએ. સમજાય છે કાંઈ? આહા..! 'પુત્ર તમારો ધણી અમારો, તરણતારણ જહાજ રે..' ઈન્દ્ર માતાને કહે છે. 'પુત્ર તમારો ધણી અમારો, તરણતારણ જહાજ રે, માતા જતન કરીને રાખજો એને' દેવ તો રાખે છે. ઈન્દ્ર એક દેવ રાખે છે. પણ માતાને કહે છે, માતા! 'જતન કરીને રાખજો એને, તમ પુત્ર અમ આધાર રે...' એ તીર્થંકર થશે, અમને ઉપદેશ આપશે. એ અમને ધર્મનો આધાર છે તમારો પુત્ર. આહા..! એ બધું સમકિત સહિતનું પુણ્ય છે, અહીં કહેવું છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન શું ચીજ છે એની લોકોને કિંમત નથી. અને એ વિના વ્રત ને તપ ને લઈ લીધા ચારિત્ર. ધૂળેય નથી. સમજાય છે કાંઈ? જેની પાસે વ્રત ને તપ કિંચિત્ નહોતા, અસંયમી હતા. 'શ્રેણિક'. પણ ક્ષાયિક સમકિતી. અરે..! મૃત્યુ વખતે કદાચિત્ હીરો ચૂસી લીધો, એટલો રાગ આવી ગયો, પણ એનું મૃત્યુ સમકિત સહિત છે. આહાહા..! સમજાય છે કાંઈ? પહેલી નરકમાં સમકિત સહિત ગયા. આહાહા..! ત્યાંથી નીકળી રાગ બાકી રહ્યો ને? તીર્થંકરનો પુણ્યબંધ થઈ ગયો હતો. આહાહા..!

માતાની કુંખમાં આવ્યા પહેલા ઈન્દ્ર છ માસ પહેલા માતા પાસે આવશે. માતા! તીર્થંકરનો જીવ આપના પેટમાં આવવાનો છે. તો પેટ સાફ કરવા.. આહાહા..! મોટો રાજા આવે તો.. નરકમાંથી આવે તોપણ? પણ ભગવાન છે ને. આહાહા..! સમજાય છે કાંઈ? ઈન્દ્રાણી આવી. માતાનું પેટ સાફ.. સાફ.. સાફ.. સમજાય છે કાંઈ? આહાહા..! એ ભવમાં કેવળજ્ઞાન પામશે. આહાહા..! નિશ્ચયથી પામશે અને એ ભવે મોક્ષ જશે. પોતાના આનંદનું આરાધન કરીને મોક્ષ પ્રાપ્ત કરશે. કોઈ વ્યવહાર ક્રિયાથી મોક્ષ પ્રાપ્ત કરશે એમ નથી. એને અહીંયાં ઉત્તમ જન કહે છે. લ્યો.

'**નિશ્ચયનયકર હોતી હૈ, ઐસા જિનેંદ્રદેવને કહા હૈ. અર્થાત્ શુદ્ધાત્મસ્વરૂપમેં જિસ જીવકી બુદ્ધિ હોવે,..**' આહા..! જેની બુદ્ધિ શુદ્ધાત્મસ્વરૂપમાં છે, તેની એવી ગતિ થશે. શુદ્ધાત્માની જ એને પ્રાપ્તિ થશે. પૂર્ણાનંદની પ્રાપ્તિ એને થશે. જેવી મતિ છે એવી ગતિ થશે. પાંચ-પચીસ સ્ત્રી હોય ને? બેડલા લઈ ચાલે. એકબીજા સાથે વાત કરતી હોય. પણ એની દૃષ્ટિ ક્યાં હોય? બેડુ પડી ન જાય. વાત કરે, દાંત કાઢે. કેમ બા! આજ તમારે કેમ થયું? ઘરે શું થયું? (બેડલા) પડે નહિ. એમ ધર્મીની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે. સમજાય છે કાંઈ? .. વાત આવે, વિકલ્પ આવે પણ દૃષ્ટિ ત્યાં છે. શુદ્ધાત્મા ચિદાનંદ પ્રભુ (ઉપરથી) મતિ ખસતી નથી. આહાહા..! જેવી મતિ તેવી ગતિ. છે?

'**શુદ્ધાત્મસ્વરૂપમેં જિસ જીવકી બુદ્ધિ હોવે, ઉસકો વૈસી હી ગતિ હોતી હૈ, જિન**

**જીવોંકા મન નિજ-વસ્તુમેં હૈ,...**' જોયું! આહાહા..! રાગમાં નહિ, એક સમયની પર્યાયમાં પણ નહિ. વસ્તુ જે ત્રિકાળી છે એમાં જેની મતિ છે, '**ઉસકો નિજ-પદકી પ્રાપ્તિ હોતી હૈ,...**' અલ્પકાળમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આહાહા..! '**ઇસમેં સંદેહ નહીં હૈ.**' એમાં સંદેહ નથી. જેની મતિ સમ્યગ્દર્શનથી અંતરમાં ગઈ છે એને તો અલ્પકાળમાં કેવળજ્ઞાન થશે, થશે ને થશે. બીજ ઉગી એને પૂનમ થશે જ. બીજ. દુઈ કહે છે ને? બીજ ઉગે તેર દિ'એ પુનમ થશે જ. પુનમ ન થાય એમ બને નહિ. એમ જેને સમ્યગ્દર્શનની બુદ્ધિ અંદરમાં છે એને કેવળજ્ઞાનરૂપી પુનમ પ્રગટ થશે, થશે ને થશે જ. બીજ ઉગે અને પુનમ ન થાય એમ બને કોઈ દિ'? ત્રીજ, ચોથે પાછો અસ્ત થઈ જાય? ત્રીજ, ચોથ પછી પુનમ થશે, થશે ને થશે. એમ જેની મતિ દ્રવ્ય ઉપર છે, વસ્તુ ઉપર છે આહાહા..! એને કેવળજ્ઞાનની પર્યાયની ગતિ પ્રાપ્ત થશે, થશે ને થશે જ. ભલે એક ભવ હો, બીજો ભવ હો પણ એને થશે જ. આહાહા..! બધો પ્રતાપ શુદ્ધાત્મા ઉપરની દૃષ્ટિની વાત છે. અજ્ઞાનીની મતિ તો નિમિત્ત ઉપર ને રાગ ઉપર ને પર્યાય ઉપર છે.

મુમુક્ષુ :- શબ્દો પર છે.

ઉત્તર :- શબ્દો પર છે, ભાવ ઉપર નથી. વાત ઈ સાચી. અંદર ભાવ શું છે? ... બેનબાને કહીએ છીએ. આહાહા..! આ માર્ગ, બાપા! શું કહીએ? ભાઈ! આહાહા..! ભગવાનના વિરહમાં.. સમજાય છે? આહાહા..! આ માર્ગ ક્યાં છે? ભાઈ! એ માર્ગ અલૌકિક ચીજ છે. એમ ને એમ માની બેસવું કે અમે સમકિતી છીએ ને ધર્મી છીએ. વ્રતી બાપુ! ઝીણી વાત, ભાઈ! આહાહા..!

**ભાવાર્થ :- '<b>જો આર્તધ્યાન રૌદ્રધ્યાનકી આધીનતાસે અપને શુદ્ધાત્માકી ભાવનાસે રહિત હુઆ...**' છે? આહાહા..! જે કોઈ આર્તધ્યાન એટલે કે પુણ્ય પરિણામમાં એકાગ્રતા. રૌદ્રધ્યાન-પાપમાં એકાગ્રતા. (તેની) '**આધીનતાસે અપને શુદ્ધાત્માકી ભાવનાસે રહિત...**' ભગવાનઆત્મા આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને કારણે અંતરની ધર્મધ્યાન દશાથી રહિત છે. આહાહા..! '**રાગાદિક પરભાવોંસ્વરૂપ પરિણમન કરતા હૈ,...**' આહાહા..! શુભરાગરૂપ પરિણમન કરે છે.. આહાહા..! છે? '**તો વહ દીર્ઘસંસારી હોતા હૈ,...**' આહાહા..! છે? '**રાગાદિક પરભાવોંસ્વરૂપ પરિણમન કરતા હૈ, તો વહ દીર્ઘસંસારી હોતા હૈ,...**' શું કહે છે? ભગવાન ભવ અને ભવના ભાવ રહિત, એવા ભગવાનની શ્રદ્ધા, જ્ઞાનની ભાવના છોડીને, વ્યવહાર રત્નત્રય આદિના રાગમાં રત છે અને રાગની ભાવના કરે છે, એ દીર્ઘ સંસારી છે. અનંત સંસારમાં રખડશે. આહાહા..!

'**ઔર જો નિશ્ચયરત્નત્રયસ્વરૂપ પરમાત્મતત્ત્વમેં ભાવના કરતા હૈ,...**' આહાહા..! ભગવાન આનંદસ્વરૂપ પૂર્ણ પ્રભુ, એની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર નિશ્ચયની ભાવના-એકાગ્રતા કરે છે તો એ મોક્ષ પામે છે. બે વાત છે. એક કોર દીર્ઘ સંસાર અને એક કોર મોક્ષ. રાગની ભાવના કરનારા દીર્ઘ સંસારી છે. શુદ્ધ સ્વભાવની ભાવના કરનારા મોક્ષ પામે છે.

સમજાય છે કાંઈ? શુભ પુણ્યભાવ એ રાગ છે ને? એ કહે છે કે એ રાગની ભાવના કરે છે કે આ કરવા લાયક છે ને આ કરવું છે, દીર્ઘ સંસારી છે. આહાહા..! સમજાય છે કાંઈ? અને આ પરમાત્મતત્ત્વની ભાવના કરે છે તો મોક્ષ પામે છે. '**ऐसा जानकर सब रागादि विकल्पोंको त्यागकर...**' આહાહા..! વ્યવહારના વિકલ્પ પણ દૃષ્ટિમાંથી છોડી '**परमात्मतत्त्वमें ही भावना करनी चाहिये.**' લ્યો, આ તાત્પર્ય. એ ભગવાન પૂર્ણાનંદની એકાગ્રતા-એ તરફની ભાવના કરવી જોઈએ કે જેથી અલ્પકાળમાં મુક્તિ થાય. એ સારાંશ છે, લ્યો, વિશેષ આવશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**११२) जहिँ मइ तहिँ गइ जीव तहुँ मरणु वि जेण लहेहि।**
**तेँ परबंभु मुएवि मइँ मा पर-दव्वि करेहि।।११२।।**

**यत्र मतिः तत्र गतिः जीव त्वं मरणमपि येन लभसे।**
**तेन परब्रह्म मुक्त्वा मतिं मा परद्रव्ये कार्षीः।।११२।।**

**जहिं मइ तहिं गइ जीव तुहुं मरणु वि जेण लहेहि यत्र मतिस्तत्र गतिः। हे जीव त्वं मरणेन कृत्वा येन कारणेन लभसे तें परबंभु मुएवि मइं मा परदव्वि करेहि तेन कारणेन परब्रह्मशब्दवाच्यं शुद्धद्रव्यार्थिकनयेन टङ्कोत्कीर्णज्ञायकैकस्वभावं वीतरागसदानन्दैक-सुखामृतरसपरिणतं निजशुद्धात्मतत्त्वं मुक्त्वा मतिं चित्तं परद्रव्ये देहसंगादिषु मा कार्षीरिति तात्पर्यार्थः।।११२।। एवं सूत्रचतुष्टयेनान्तरस्थले परलोकशब्दव्युत्पत्त्या परलोकशब्दवाच्यस्य परमात्मनो व्याख्यानं गतम्।**

---

**आगे फिर इसी बातको दृढ़ करते हैं –**

**गाथा – ११२**

**अन्वयार्थ :– [ जीव ] हे जीव [ यत्र मतिः ] जहाँ तेरी बुद्धि है, [ तत्र गतिः ] वहीं पर गति है, उसको [ येन ] जिस कारणसे [ त्वं मृत्वा ] तू मरकर [ लभसे ] पावेगा, [ तेन ] इसलिये तू [ परब्रह्म ] परब्रह्मको [ मुक्तवा ] छोड़कर [ परद्रव्ये ] परद्रव्यमें [ मतिं ] बुद्धिको [ मा कार्षीः ] मत कर।**

**भावार्थ :– शुद्ध द्रव्यार्थिकनयकर टाँकीका–सा गढ़ा हुआ अघटितघाट, अमूर्तिक पदार्थ, ज्ञायकमात्र स्वभाव, वीतराग, सदा आनंदरूप, अद्वितीय अतीन्द्रिय सुखरूप, अमृतके रसकर तृप्त ऐसे निज शुद्धात्मतत्त्वको छोड़कर द्रव्यकर्म–भावकर्म–नोकर्ममें या देहादि परिग्रहमें मनको मत लगा।।११२।।**

**વળી ફરી પણ આ વાતને દૃઢ કરે છે.**

**ભાવાર્થ :- તેથી શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી 'પરબ્રહ્મ' શબ્દથી વાચ્ય, ટંકોત્કીર્ણ જ્ઞાયક જ જેનો એક સ્વભાવ છે એવા, એક (કેવળ) વીતરાગસદાનંદરૂપ સુખામૃતરસરૂપે પરિણમેલા નિજશુદ્ધાત્મતત્ત્વને છોડીને પરદ્રવ્યમાં-દેહસંગાદિમાં-ચિત્તને ન જોડ-ન પ્રવર્તાવ, એ તાત્પયાર્થ છે. ૧૧૨.**

## વીર સંવત ૨૫૦૨, ભાદરવા વદ ૩, શનિવાર
## તા. ૧૧-૦૯-૧૯૭૬, ગાથા-૧૧૨, ૧૧૩ પ્રવચન નં. ૮૭

'પરમાત્મપ્રકાશ' ૧૧૨ ગાથા. '**આગે ફિર ઈસી બાતકો દૃઢ કરતે હૈં-**' કઈ વાતને? જ્યાં મતિ છે ત્યાં ગતિ થશે. જેમાં તારી બુદ્ધિ છે એ તરફનું તને ફળ મળશે. એ વિશેષ કહે છે. બહુ અલૌકિક ગાથા છે.

**૧૧૨) जहिं मइ तहिं गइ जीव तहुँ मरणु वि जेण लहेहि।**
**तें परबंभु मुएवि मइँ मा पर-दव्वि करेहि।।११२।।**

**અન્વયાર્થ :-** '**હે જીવ જહાં તેરી બુદ્ધિ હૈ, વહીં પર ગતિ હૈ,...**' આહાહા..! જેમાં તારી રુચિ હશે એ પ્રમાણે તારી ગતિ થશે. આહાહા..! કેમકે ભવિષ્યમાં આત્માને અનંતકાળ તો રહેવાનું છે. આત્મા તો અનાદિઅનંત છે. તો કહે છે, ક્યાં રહેશે? જે તરફ તારી મતિ હશે, એ તરફ દેહ છૂટીને તારી ગતિ થશે. આહાહા..! '**હે જીવ જહાં તેરી બુદ્ધિ હૈ, વહીં પર ગતિ હૈ, ઉસકો જિસ કારણ તૂ મરકર પાવેગા,...**' દેહ છૂટશે તો જ્યાં મતિ છે તે વસ્તુને તું પ્રાપ્ત કરીશ. સમજાય છે કાંઈ? તો મતિ ક્યાં કરવી? '**ઈસલિયે તૂ પરબ્રહ્મકો છોડકર...**' આહાહા..! પરમબ્રહ્મની ટીકામાં વ્યાખ્યા કરશે. પરમબ્રહ્મ ભગવાનઆત્મા ચૈતન્યઘન વિજ્ઞાનઘન, એવા પરમબ્રહ્મને છોડીને '**પરદ્રવ્યમેં બુદ્ધિકો મત કર.**' આહાહા..! શરીર, વાણી, મન અને દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ એ બધું પરદ્રવ્ય છે. તારી ચીજમાં જો મતિ હશે, પરદ્રવ્યમાં નહિ હોય તો તારા મૃત્યુ પછી તને તારો આત્મા પ્રાપ્ત થશે. તું રાગ અને પરમાં તારી ઋદ્ધિને બુદ્ધિ હશે તો મરીને તારી દુર્ગતિ-વિકારમાં ગતિ થશે. આહાહા..! કેમકે ભવિષ્યમાં એને અનંતકાળ તો રહેવું છે. આત્મા શું મરી જાય છે? આહાહા..! તો જે તરફ તારી મતિ હશે એ તારી ગતિ થશે. એટલે અહીં તો તારી મતિ ક્યાં કરવી એની વાત કરે છે.

પરમબ્રહ્મ-ભગવાન પરમબ્રહ્મ આત્મા, બહુ અલૌકિક વાત આવી છે. એ પરમબ્રહ્મને છોડી પરદ્રવ્ય રાગાદિમાં મતિ ન કર. આહાહા..! એ વ્યવહાર રત્નત્રય પંચમહાવ્રત આદિનો

જે રાગ છે, એ રાગમાં મતિ ન કર. દેહ છૂટીને તારે રહેવું તો છે. આ દેહ છૂટશે તો તું સાથે છૂટી જઈશ? તો તારે રહેવાનું છે તો ક્યાં રહેવું છે તારે? પરમબ્રહ્મમાં મતિ કર તો તારી ગતિ ત્યાં રહેશે. આહાહા..! કેવો છે પરમબ્રહ્મ ભગવાનઆત્મા? પરમબ્રહ્મ એટલે આ આત્મા, હોં! પરમબ્રહ્મ બીજા ભગવાન છે એમ નહિ. આહાહા..! ભગવાન એ પરમબ્રહ્મ નહિ, એ તો ભગવાન એના પરમબ્રહ્મ છે. પોતાનો ભગવાન પરમબ્રહ્મ પ્રભુ, વિશેષણ આપે છે. અલૌકિક વિશેષણ છે. આહા..! અમૃતની રેલમછેલ કરી છે.

**ભાવાર્થ :- 'શુદ્ધદ્રવ્યાર્થિકનયકર...'** શું કહે છે? આ ભગવાનઆત્મા શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિથી જુઓ તો. કદી ચોપડામાં આવ્યું ન હોય, સાંભળવા મળ્યું ન હોય. શુદ્ધ દ્રવ્યાર્થિકનય, આ શું કહે છે? એમ કહે છે, ભગવાન! એકવાર સાંભળ તો ખરો. તારી ચીજ જે છે શુદ્ધ દ્રવ્ય ત્રિકાળી. રાગ નહિ, એક સમયની પર્યાય પણ નહિ. આહાહા..! પરમબ્રહ્મ ભગવાન તારી ચીજ શુદ્ધ દ્રવ્યાર્થિક-શુદ્ધ દ્રવ્ય અર્થિક. જેનું શુદ્ધ દ્રવ્ય પ્રયોજન છે. જે નયનું શુદ્ધ દ્રવ્ય પ્રયોજન છે. આહાહા..! શુદ્ધ દ્રવ્ય શબ્દે ત્રિકાળી જ્ઞાયકભાવ અતીન્દ્રિય આનંદનો રસકંદ પ્રભુ, આહાહા..! એ શુદ્ધ દ્રવ્ય અર્થિક-શુદ્ધ દ્રવ્ય નામ પદાર્થ, જેનું પ્રયોજન, અર્થ એટલે પ્રયોજન, એવી નય. શુદ્ધ દ્રવ્યનું પ્રયોજન જે નયનું છે એવી દૃષ્ટિથી જુઓ તો.

**'ટાંકીકા-સા ગઢા હુઆ અઘટિતઘાટ,...'** ભગવાન તો અણઘટિત ઘાટ છે. ઘડ્યા વિનાનો ઘાટ છે. આહાહા..! એવી ચીજ અંદર પડી છે. આહાહા..! ટંકોત્કીર્ણ. ટાંકીકાથી-ટાંકણાથી ખોદીને અંદરની ચીજ કાઢે છે ને. એવી ચીજ અંદરમાં પડી છે. 'પાલીતાણા' છે ને? અદબદનાથ. અદબદ. 'પાલીતાણા'માં અદબદ (છે). શ્વેતાંબરનું. ડુંગરમાંથી પત્થર કોતરીને એવી પ્રતિમા કાઢી છે. ડુંગરમાંથી એવા ને એવા ડુંગરમાંથી. ચારે બાજુથી કાઢી નાખ્યું. એક મકાનમાં છે. જોયું છે, બધું જોયું છે. અંતરમાં સ્થિર છે એને કોતરીને રાખી છે. એમ ભગવાનઆત્મા રાગ અને પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન ભગવાન ટંકોત્કીર્ણ એવી ચીજ અંદર પડી છે. આહાહા..! ટંકોત્કીર્ણ. છે?

**'ટાંકીકા-સા ગઢા હુઆ અઘટિતઘાટ...'** નહિ ઘડેલો ઘાટ છે. બીજા ઘડા આદિને ઘડવા પડે. આ તો અઘટિત ઘાટ. ભગવાન અનંતગુણસ્વરૂપ અરૂપી અનંત ગુણનો પિંડ અઘટ ઘાટ, આહાહા..! અમૂર્તિક પદાર્થ પ્રભુ છે. એમાં કોઈ વર્ણ, રંગ, ગંધ, સ્પર્શ નથી. અમૂર્તિક પ્રભુ અંદર છે. અરૂપી પદાર્થ, અમૂર્તિક પદાર્થ. આહાહા..! એવી ચીજ જે અંદર છે. **'જ્ઞાયકભાવ સ્વભાવ,...'** પદાર્થની વાત કરી પણ હવે એનો સ્વભાવ છે કેવો? જ્ઞાયકભાવ સ્વભાવ. બસ. જાણક.. જાણક.. જાણક.. જાણક.. જાણક... જાણક.. જાણક જેનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ? આહાહા..! મતિને ક્યાં લગાવવી ઈ વાત કરે છે. સમજાય છે કાંઈ? બીજે બધેથી ખસીને, દયા, દાન, વ્રતાદિના પરિણામ પણ વિકાર છે, તેનાથી રુચિને ખસેડી, મતિને ખસેડી ભગવાન અંદર જ્ઞાયકભાવ સ્વભાવ નિત્યાનંદ પ્રભુ પડ્યો છે (ત્યાં લગાવ). આહાહા..!

'**વીતરાગ,...**' છે. આહાહા..! અંદર પ્રભુ વીતરાગ આત્મા છે. અત્યારે, હોં! સમજાય છે કાંઈ? જ્ઞાયક સ્વભાવ વીતરાગ. જેમાં દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો પણ રાગ નથી. એ તો વીતરાગમૂર્તિ પ્રભુ છે. અંતરમાં વીતરાગસ્વરૂપ અરૂપી અમૂર્ત પદાર્થ, દેહ-વાણી-મનથી ભિન્ન, પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન, એવો પરમબ્રહ્મ ભગવાન વીતરાગસ્વરૂપ છે. આહાહા..! પરમબ્રહ્મની વ્યાખ્યા. '**સદા આનંદરૂપ,...**' છે. આહા..! એ તો ત્રિકાળી આનંદરૂપ જ પ્રભુ છે. અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એક એક શબ્દ તો જુઓ! આહાહા..!

ભગવાનઆત્મા અંદર ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એ સદા આનંદરૂપ છે. ત્રિકાળ અનાકુળ આનંદનો કંદ પ્રભુ છે. આહાહા..! આ દુનિયા બહારમાં આનંદ શોધે છે ને. સ્ત્રીમાં, આબરૂમાં, કીર્તિમાં, શરીરમાં ને ભોગમાં ધૂળમાંય નથી, સાંભળ તો ખરો. સમજાય છે કાંઈ? પ્રભુ તો સદા આનંદરૂપ આત્મા અંદર છે. આહાહા..! સમજાય છે કાંઈ?

શકરકંદનો દૃષ્ટાંત નહોતો આપ્યો? શકરકંદ.. શકરકંદ. ઉપરની લાલ છાલ છે. શક્કરકંદ-શકરિયા. એ લાલ છાલ ન જુઓ તો શકરકંદ-સાકરની મીઠાશનો પિંડ છે. તેથી શકરકંદ કહે છે. સાકરનો કંદ-મીઠાશનો કંદ. એમ આત્મા આનંદકંદ છે. આહાહા..! પુણ્ય-પાપના વિકલ્પ એ છાલ છે. આહાહા..! શરીર, વાણી, મન તો પર છે. સમજાય છે કાંઈ? આહાહા..! અંદરમાં વીતરાગ સદા આનંદરૂપ (છે). આહા..! પ્રભુ ત્રિકાળ અનાકુળ આનંદરૂપ (છે). પ્રભુ! ત્યાં મતિ દે. એમ કહે છે. મતિ ત્યાં લગાવ. તારું કલ્યાણ થશે. એ સિવાય કોઈ ઉપાય નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'**અદ્વિતીય અતીન્દ્રિય સુખરૂપ...**' આહાહા..! એ આનંદની વ્યાખ્યા વિશેષ કરી. અતીન્દ્રિય અદ્વિતીય અતીન્દ્રિય સુખ. એની જુટમાં આવે એવું સુખ ક્યાંય નથી. અદ્વિતીય છે ને? દ્વિતીય નહિ. અતીન્દ્રિય સુખરૂપ ભગવાનઆત્મા તો છે. આહા..! અરે..! કેમ બેસે? એક સમયની રાગની પર્યાય જે છે અથવા એ રાગને જાણનારી જે એક સમયની પર્યાય છે, એની પાછળ ભગવાનઆત્મા બિરાજે છે. આહાહા..! અરે..! એને ક્યાં ખબર છે? સમજાય છે કાંઈ? આહાહા..! અદ્વિતીય-અજોડ અતીન્દ્રિય સુખરૂપ. જેની સાથે સુખની મેળવણી બીજાની સાથે કરાય એવી કોઈ બીજી ચીજ નથી. અદ્વિતીય અજોડ અતીન્દ્રિય સુખરૂપ પ્રભુ તો છે. આહાહા..! એ ભરપુર, ભગવાન આનંદથી ભરપુર પડ્યો છે. સમજાય છે કાંઈ?

નાળિયેરનો દૃષ્ટાંત નહોતો આપ્યો? નાળિયેર. પેલા છાલા જુદા છે, કાચલી જુદી છે, કાચલી કોરની લાલ છાલ (જુદી છે). ટોપરાપાક કરે ત્યારે લાલ છાલ કાઢી નાખે છે ને. તો લાલ છાલ જુદી ચીજ છે, ટોપરાપાક જુદી ચીજ છે. અંદર શેર, દોઢ શેરનું ટોપરું છે એ તો મીઠું, ધોળું-સફેદ છે. એમ ભગવાનઆત્મા આ શરીર છાલા છે એનાથી ભિન્ન છે. આઠ કર્મ જડ કાચલી છે તેનાથી જુદો છે અને પુણ્ય-પાપ, શુભાશુભભાવરૂપી ફોતરાથી ભિન્ન છે. ફોતરા-છીલકા. આહાહા..!

મુમુક્ષુ :- ક્યારે ભિન્ન છે?

ઉત્તર :- અત્યારે. ક્યારે શું? આ કોની વાત ચાલે છે? ત્રિકાળી ભિન્ન છે, એની દૃષ્ટિ નથી. આ વળગ્યા દુનિયાના 'ડાલચંદજી' ને 'શોભાલાલજી' ને ફલાણા ને ઢીકણા મારા. કહો, સમજાય છે કાંઈ? આહા..! એય..! 'પોપટભાઈ'! ક્યાં ગયા? 'હસમુખભાઈ' ગયા? ઠીક. થોડું આવે. ધંધો કરવો હોય ને. આહાહા..! અરે..! પ્રભુ! તારી ચીજ ક્યાં છે? આહાહા..! અરે..! જ્યાં છે ત્યાં મતિને જોડી દે. જ્યાં તારી ચીજ નથી ત્યાં તેં મતિ જોડી દીધી છે. જ્યાં તું નથી, પુણ્ય ને પાપ, એના ફળ શરીર, વાણી, સ્ત્રી, કુટુંબ એ તો બધા છૂટી જશે. ક્ષેત્ર, ક્ષેત્ર બધું છૂટી જશે. પચાસ-પચીસ વર્ષ એક મકાનમાં રહે, એ છૂટી જશે. એ કંઈ તારું મકાન નથી અને મકાનમાં તું નથી. આહાહા..! એ ચીજથી તો તું ભિન્ન છે. અત્યારે પણ ભિન્ન છો અને છૂટીશ ત્યારે પણ બહાર ભિન્ન જ રહેશે. આહાહા..! એકવાર પ્રભુ એમ કર. જ્યાં તારી ચીજ અનાકુળ આનંદ પડી છે (ત્યાં મતિને જોડી દે). આહાહા..!

'**અમૃતકે રસકર તૃપ્ત...**' આહા..! ભાષા તો જુઓ! ભગવાનઆત્મા અતીન્દ્રિય અમૃતના રસથી તૃપ્ત તૃપ્ત ચીજ પડી છે. આહાહા..! સમજાય છે કાંઈ? ઓહોહો.! આ પરમબ્રહ્મ આત્માની વ્યાખ્યા. ભગવાન! તું કેવી ચીજ છો? આહાહા..! અરે..! બાળક ને યુવાન ને વૃદ્ધ ને એ અવસ્થાઓ તો જડની છે. સ્ત્રી, પુરુષના આકાર એ બધા તો જડના આકાર છે. એ કંઈ તારા નહિ, તું એમાં નથી. આહાહા..! જેમાં તું છો એ તો અમૃતરસનો કૂપ છે. આહા..! '**અમૃતકે રસકર તૃપ્ત...**' તૃપ્ત તૃપ્ત. આહાહા..! જેમ કોઈ સારું ભોજન કરીને તૃપ્ત થાય ને? એમ આત્મા અનાદિથી અમૃતરસથી તૃપ્ત જ છે. અરે..! કેમ બેસે? આહાહા..! એક સહેજ અનુકૂળ ચીજ મળે ત્યાં રાજી રાજી થઈ જાય. પાંચ-દસ લાખ રૂપિયા મળે કે આ બાયડી ઠીક મળે છોકરા સારા ત્યાં... આહાહા..! અરે..! તને શું છે? પ્રભુ! તું ક્યાંનો છો, ક્યાં વેંચાઈ ગયો? આહાહા..! સમજાય છે કાંઈ? કહો, 'ભગવાનજીભાઈ'! આહાહા..!

પ્રભુ! તારી મતિ ક્યાં છે? જો રાગ અને પર ઉપર મતિ છે તો એ સંયોગમાં તારે ભવિષ્યમાં રહેવું પડશે. ભવભ્રમણમાં રહીશ તું. આહાહા..! રાગ ને પુણ્યાદિની મતિ જો છે અને એના ફળમાં જો તારી મતિ રહેશે તો એ સંયોગ તને છોડશે નહિ. એ સંયોગમાં તારે રખડવું પડશે. આહાહા..! પાંચ-પચાસ વર્ષ જે મકાનમાં રહે ને? એ મકાન જાણે મારું. આ મારું મકાન. એ ખાટલો હોય ને ગોદડા હોય ને ગાદી, ઓઢવાની રજાઈ ને.. અરે..! શું છે પણ? એ તો પર જડ છે. એમાં તું છો? એ તારા છે? તારામાંથી નીકળી જશે? તારું મૃત્યુ થશે ત્યારે નીકળી જઈશ, કંઈ રહેશે નહિ. આહાહા..! તારી ચીજ હશે ઈ રહેશે, આ ચીજ નહિ રહે. જો મતિ એમાં છે તો અજ્ઞાનભાવ અને મિથ્યાત્વભાવ સાથે રહેશે. આહાહા..! સમજાય છે કાંઈ? ઈ કહ્યું ને?

'**त्वं मृत्वा**' દેહ છોડીને. તારી મતિ જ્યાં હશે તે ચીજ તને મર્યા પછી મળશે. આહાહા..! જો મતિ પુણ્ય ને પાપના ભાવમાં, એના ફળમાં, શરીરમાં, મકાનમાં (રહેશે), આ મકાન મારું, શેના મકાન? આ તો જડની વસ્તુ છે. આહાહા..! અને એ મકાનના જે

ખૂણામાં ખાટલો હોય ને પાછી માથે મચ્છરદાની (રાખી હોય). મચ્છરદાની કહે છે ને? એકાકાર થઈ જાય. શું છે પણ? પ્રભુ! આ ચીજ કંઈ તારી છે? તું એમાં છો? આહાહા..! શેઠ! શું કહે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય એની નથી. એ તો રાખ છે. રાખ આત્માની છે? આત્મા અમૃતથી તૃપ્ત છે એની રાખ છે? એને આત્મા શું ચીજ છે એની ખબર નથી, એની કિંમત જ નથી. બીજાની કિંમત કરે. આ સોનું આમ છે ને હીરા આમ છે ને ધૂળ આમ છે. એક એક હીરા પચાસ હજારના ને લાખ-લાખના ને બે લાખના, એમાં શું છે? 'પરખ્યા માણેક મોતી, પરખ્યા હેમ કપુર પણ પરખ્યો ન એક આત્મા, ત્યાં રહ્યો દિગ્મૂઢ'. રમકડા... 'કૈલાસચંદજી'! ભાઈને તો રમકડાનો (ધંધો) છે ને. આહાહા..! જે દુકાન ઉપર થડે બેસે, બસ, એ આકાર થઈ જાય. એ ક્ષેત્રાકાર વૃત્તિ થઈ જાય. આ મકાન ને આ ગાદી ને આ આ.. ગલ્લો, ગલ્લો શું કહેવાય? પૈસા રાખવાનો. આહાહા..! અમારે ત્યાં હતો ને? ઈ ગલ્લામાં અમે બેસતા જોડે દુકાનમાં. આહા..! આ પણ ક્યાં ચીજ? બાપા! એ જગતની ચીજ મસાણના હાડકા છે. હાડકામાંથી ફાસફૂસ નીકળે છે? પ્રકાશ. છોકરાઓ જાણે કોઈ વ્યંતર છે. ભૂતડા-બુતડા કાંઈ નથી. એ તો હાડકાની ફાસફૂસ છે. આ બધા હાડકાની ફાસફૂસ છે. આહાહા..! પ્રભુ! તું એનાથી ભિન્ન છો. તારી મતિ ત્યાં છે, તું છોડી દે. આહાહા..! એ ક્ષેત્રાકાર, એ મિત્રાકાર, એ સ્ત્રીકાર, દીકરાકાર, લક્ષ્મીઆકાર.. આહાહા..! જે મકાનમાં પચાસ વર્ષ, સાંઈઠ વર્ષ રહ્યો હોય, આ ભીંત ને આ ને આ... બસ, ઈ. પણ એ તું ક્યાં છો? અહીંયાં તો પુણ્ય-પાપના ભાવ થાય છે ત્યાં હું છું એમ માની લીધું. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ તો રાગ પુણ્ય છે, પરવસ્તુ છે. આહાહા..! એમાં તું નહિ, એ તારામાં નહિ. તારામાં તો અમૃતરસથી તૃપ્ત તારી ચીજ છે. આહાહા..! તારા અમૃતને માટે તારે પરચીજની જરૂર નથી. આહાહા..! બહારની મોહની મીઠાશ. આહાહા..!

કહે છે, એકવાર છોડને, પ્રભુ! તારામાં અમૃતરસ ભર્યો છે, નાથ! તને ખભર નથી. આહાહા..! ગોળનો રવો નથી હોતો? શું કહે છે? ગોળની ભીલી, મોટા રવા હોય છે, ચાર-ચાર મણના. જ્યારે તડકો-ગરમી બહુ હોય તો ગળે છે. એમાંથી ગળપણ ગળે કે કાળી જીરી નીકળે છે? આહાહા..! ભગવાન! તું અમૃતની ગાંસડી છો. અમૃતની.. શું કહેવાય? ભીલી નહિ, આપણે કહે છે ને? રવો.. રવો. ભીલી કહે છે. એ તો પચીસ, પચાસ, સો, બસો, પાંચસો, હજાર (મણ) હોય છે ને? આહા..! મોટી વખાર હોય ને? 'મુંબઈ'માં બધું જોયું છે. માલ લેવા ગયેલા ને ત્યાં. આહા..! મોટી વખાર હોય. એક ફેરી એક મકાન એવું જોયું. કેસર, ભાઈ! કેસરના ડબ્બા. આખી વખાર કેસરના ડબ્બાથી ભરેલી. મોટો ગૃહસ્થ. મોટી વખાર. માલ લેવા ગયેલા. તે દિ' નાની ઉંમર. ૨૦-૨૧ વર્ષની ઉંમર. પાંચ વર્ષ ધંધો કર્યો હતો. આહાહા..! એકલા કેસરના ડબ્બાની મોટી વખાર. તે દિ' સોંઘું હતું ને? રૂપિયાનું રૂપિયા ભાર કેસર. હવે કાંઈક મોંઘું થઈ ગયું છે. મોંઘું છે ને? ડબ્બાના ડબ્બા. હજારો, હોં!

મોટી વખાર. આહાહા..! એમાં એ વેપારી ગરે ને એને એમ થાય.. આહાહા..! શું છે પણ? આ મારો માલ ને આ મારી વખાર ને.. આહાહા..! એ.. 'પોપટભાઈ'! તમારે લાદી. આ તો જેને હોય એની વાત છે. આહા..! સંયોગી ચીજ, બાપુ! એ તો સંયોગી ચીજ છે. એ ઉપર તારી વૃત્તિ થઈ ગઈ, નીકળવું કઠણ પડશે, પ્રભુ! આહાહા..! સમજાય છે કાંઈ?

એક ફેરી આપણે ત્યાં 'રાજકોટ', નહિ? ભાઈ! 'લીલાધરભાઈ'ના ઘરે. એને મકાન જુઓ તો દાદરા-સીઢી પાલીશ, લાકડા પાલીશ. તમારા નામેય ન આવડે. ટેબલ-બેબલ હોય છે ને? ચા પીવાના ટેબલ સાફ હોય. પાલીશ. એના ઉપર કપડા. એના ઉપર આ. દસ-પંદર માણસ ચા પીવા બેસે. ઓહો..! ત્યાં ભાઈ! હું વ્હોરવા ગયો ત્યારે મને એમ થયું, અરેરે..! પ્રભુ! આમાંથી આને નીકળવું મુશ્કેલ પડશે. એક એની પાલીશ અને એક 'અમરેલી'માં પાલીશ. 'નાનુભાઈ', 'નાનચંદભાઈ ખારા'. એનું મકાન બધું પાલીશ. પૈસા થોડા પણ પાલીશ બહુ. બધા મકાન સાફ. પાલીશ.. પાલીશ. લાકડા, બારણા. બારણા હોય ને? અરે..! પ્રભુ! આમાંથી નીકળવું મુશ્કેલ પડશે. તારી દૃષ્ટિ ન્યાં ચોંટી ગઈ છે.

જ્યાં મતિ ત્યાં ગતિ છે. ભગવાન! એકવાર મતિ અહીં તો લાવ, કહે છે. આહાહા..! ક્યાં? જ્યાં તું છે ત્યાં. તું કેવો છો? ઈ કહે છે. '**અતીન્દ્રિય સુખરૂપ, અમૃતકે રસકરકે તૃપ્ત...**' આહાહા..! જેમ પેટ ભરીને ચુરમું ખાધું હોય ને તૃપ્ત તૃપ્ત હોય ને? એમ અમૃતરસથી પેટ તારો આત્મા ભરેલો છે. આહાહા..! તારું તો જ્ઞાયકશરીર છે. આનંદશરીર એ તારી ચીજ છે. આ પરમબ્રહ્મની વ્યાખ્યા. તારા આત્માના પરમાર્થ સ્વરૂપની આ વ્યાખ્યા. '**ઐસે નિજ શુદ્ધાત્મતત્ત્વકો છોડકર...**' દેખો! આ પ્રકારનો ભગવાનઆત્મા, નિજ શુદ્ધાત્મા, પોતાનું શુદ્ધાત્મતત્ત્વ. આહાહા..! એને છોડીને '**દ્રવ્યકર્મ...**'માં મતિ ન કર. તારા જડ આઠ કર્મ છે એ તારા નહિ, ત્યાંથી મતિ છોડી દે.

'**ભાવકર્મ...**' દયા, દાનના વિકલ્પ છે ઈ ભાવકર્મ. ભાવકર્મ-પુણ્ય અને પાપના ભાવ એ ભાવકર્મ. આહાહા..! પંચ મહાવ્રતના ભાવ, બાર વ્રતના ભાવ એ ભાવકર્મ. ત્યાંથી મતિ છોડી દે. આહાહા..! જો ત્યાં મતિ રહી ગઈ તો તને તે પ્રકારનો સંયોગી વિકાર પ્રાપ્ત થશે. તું ભવિષ્યમાં અનંતકાળ દુઃખમાં રહીશ. જ્યાં મતિ છે એ જ સંયોગ મળશે, ત્યાં તારે અનંતકાળ ભવિષ્યમાં દુઃખમાં રહેવું પડશે. મૃત્યુ પછી. અને જો અહીંયાં મતિ હશે.. આહાહા..! એ વ્યવહાર વિકલ્પ જે છે એનો પણ સંગ છોડી દે. આહાહા..! સમજાય છે કાંઈ? દેહ સંગ આદિ, છે ને? સંસ્કૃતમાં ઈ છે. '**देहसंगादिषु**'. સંગ છે ને? સંસ્કૃતમાં છે. '**देहसंगादिषु मा कार्षीरिति**' આહાહા..! ભગવાન! રાગ અને દેહના સંગમાં પ્રીતિ ન કર. આહાહા..! તું હેરાન થઈશ. પ્રભુ! તારે ભવિષ્યના કાળમાં દુઃખના ડુંગરમાં રહેવું પડશે. આહાહા..! એ તરફથી મતિ છોડી દે. આહાહા..!

અમૃતરસથી તૃપ્ત, અદ્વિતીય અતીન્દ્રિય સુખનો સાગર ભગવાન, આવા ભગવાનઆત્માને છોડી, નિજ શુદ્ધાત્માને છોડી '**દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ....**'

આહાહા..! દ્રવ્ય એટલે જડ જ્ઞાનાવરણાદિ આઠ કર્મ છે ને? ભાવકર્મ એટલે આ દયા, દાન, પુણ્ય, પાપના ભાવ એ ભાવકર્મ. નોકર્મ-આ શરીર, વાણી એ નોકર્મ. '**દેહાદિ પરિગ્રહ...**' આવ્યું ને? આ આવ્યું, લ્યો. પેલું '**देहसंगादिषु**' છે ને? ઈ અહીં લીધું. '**દેહાદિ પરિગ્રહમેં મનકો મત લગા.**' આહાહા..! સંસ્કૃતમાં છે ઈ. '**देहसंगादिषु**'. દેહ, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, પરિવાર, પુણ્ય ને પાપના ભાવ. આહાહા..! એ પરિગ્રહ છે. એમાં મનને ન લગાવ. એ પરિગ્રહ પરવસ્તુ છે. આહાહા..! અને તારા પરમબ્રહ્મમાં મતિ લગાવી દે. આહાહા..! આ સમ્યગ્દર્શનનો વિષય બતાવે છે. સમ્યગ્દર્શનની બુદ્ધિ-દૃષ્ટિ ત્રિકાળ ઉપર જાય છે. આવો તૃપ્ત તૃપ્ત ભગવાનઆત્મા ઈ આનંદનો રવો છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..! એમાં એકાગ્ર થવાથી, જેમ રવામાંથી ગળપણ... ગળપણ ગોળ (ઝરે છે). રવો હોય છે ને? એમ ભગવાન અમૃતના રસમાં મતિ લગાવવાથી પર્યાયમાં તને અમૃતનો પ્રવાહ વહેશે. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વ્યાખ્યા ભારે આકરી પડે. બહારની વાતું કરે, આ કરવું, ને આ કરવું. મરી ગયો કરી કરીને, સાંભળને!

અહીં તો કહે છે કે ભગવાન! એકવાર શુદ્ધ દ્રવ્યસ્વરૂપ ટંકોત્કીર્ણ '**અઘટિત ઘાટ,** આહાહા..! **અમૂર્તિક પદાર્થ, જ્ઞાયકમાત્રસ્વભાવ, વીતરાગ, સદા આનંદરૂપ...**' વિશેષણ તો જુઓ! ઓહોહો..! શાસ્ત્રકારને શબ્દ થોડા પડે છે. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એની વ્યાખ્યા કરવામાં શબ્દ થોડા પડે છે. આહાહા..! આવો ભગવાનઆત્મા.. આહાહા..! 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ તે પણ શ્રીભગવાન જો'

જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ તે પણ શ્રીભગવાન જો.

વાણી જડ છે, આ ચૈતન્ય છે. જડની સાથે આત્માની વાત કરવી, જડ દ્વારા આત્માની વાત કરવી. દુશ્મન દ્વારા પોતાના વખાણ કરાવવા. આહાહા..! આ વાણી જડ, શરીર જડ. ભગવાન ચૈતન્યની મૂર્તિ. એ કેવો છે એ વાણી દ્વારા કહેવું. કેટલું કહે? આહાહા..! સમજાય છે કાંઈ? 'શ્રીમદ્' 'અપૂર્વ અવસર'માં કહ્યું છે ને?

જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ તે પણ શ્રીભગવાન જો,

તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?

એ સ્વરૂપને વીતરાગની વાણી પૂર્ણ કહી શકી નહિ, તો બીજાની વાણી કઈ રીતે કહી શકે? આહાહા..! 'અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો' એનો અનુભવ કરે ત્યારે ખબર પડે કે આ ચીજ શું છે. આહાહા..! 'અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો, અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' 'શ્રીમદ્' ગૃહસ્થાશ્રમમાં ભાવના કરે છે. સમ્યગ્દૃષ્ટિ હતા, આત્મજ્ઞાની હતા. આહા..! ભવનો છેદ કરી નાખ્યો હતો. હવે અમને આવો અવસર ક્યારે મળશે? આહાહા..! પૂર્ણ કેવળજ્ઞાન લેવા માટે. આહાહા..! એ ભાવના લઈને ગયા. મતિ ત્યાં હતી તો ગયા, તો ભવિષ્યમાં મનુષ્ય થઈને કેવળજ્ઞાન પામીને મોક્ષ જાશે. ભલે ગૃહસ્થાશ્રમ હતો. સમ્યગ્દર્શન હતું અને અનુભવ હતો. આહાહા..! પરમબ્રહ્મ પરમાત્માનો અનુભવ કર્યો, આશ્રય કર્યો, તૃપ્ત તૃપ્ત થયા, સત્કાર કર્યો, સ્વીકાર કર્યો. આહાહા..! જે અનાદિથી રાગાદિ પરની ક્રિયાનો

સ્વીકાર હતો એ તો મિથ્યાત્વ હતું. સમજાય છે કાંઈ? આહાહા..! આવા પરમબ્રહ્મમાં પ્રભુ! એકવાર મતિ જોડી દે. આહા..! એની રુચિ કર અને બીજા બધાથી રુચિ છોડ. એક મ્યાનમાં બે તલવાર નહિ રહી શકે. સમજાય છે કાંઈ? પોતાના સ્વભાવની પણ રુચિ હોય અને રાગાદિ પુણ્યની પણ રુચિ હોય, નહિ રહી શકે. પ્રભુ! એક મ્યાનમાં બે તલવાર નહિ રહી શકે. આહાહા..! સમજાય છે કાંઈ? શેઠ! વાત તો આ છે. આહા..!

નિર્વિકલ્પ આનંદનો નાથ પ્રભુ, અમૃતથી તૃપ્ત તૃપ્ત પ્રભુ, અદ્વિતીય અતીન્દ્રિય સુખનો સાગર, શાંતિનું સરોવર, આહાહા..! અનંત શક્તિનો સંગ્રહાલય, ગુણનું ગોદામ પ્રભુ, સ્વભાવનો સાગર નાથ, એ ચીજને જો, મતિને ત્યાં મૂક. આહાહા..! પણ હજી વસ્તુ શું છે એની ખબર ન મળે. ક્યાં મતિ કરવી ને મોડવી કઈ રીતે, એ ખબર નથી. આવી ચીજનું માહાત્મ્ય આવ્યા વિના મતિ એ તરફ ઝુકશે નહિ. બહારના માહાત્મ્યમાં ઘુસી ગયો છે. થોડું પુણ્ય કર્યું ને આમ છે ને પુણ્યથી પદ મળ્યું, કોઈ સ્વર્ગ મળ્યું ને કોઈ કરોડપતિ, અબજપતિ થયો. ધૂળમાંય ભાન નથી. રાખ છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. આહાહા..!

પરદ્રવ્યથી મતિ છોડ, એ કહ્યું ને? જુઓ! '**દેહાદિ પરિગ્રહમેં મનકો મત લગા.**' આહાહા..! સમજાય છે કાંઈ? ચૈતન્ય ભગવાન વીતરાગમૂર્તિ પ્રભુ બિરાજે છે ને, નાથ! આહાહા..! તું, હોં! એ વીતરાગ સ્વભાવ પ્રત્યે પ્રેમ કરને, ત્યાં મતિને જોડી દે ને. તારા મૃત્યુ પછી તું પરમાત્મા થઈશ. આહાહા..! દેહ છૂટીને અદેહી થઈ જઈશ. ભલે એકાદ, બે ભવ હોય, પણ પછી એ અદેહી છે. આહા..! સમજાય છે કાંઈ? ભારે 'પરમાત્મપ્રકાશ'. એ ૧૧૨ થઈ. અહીંયાં સ્વદ્રવ્યની વ્યાખ્યા કરી. હવે પરદ્રવ્ય શું છે, એમ શિષ્ય પ્રશ્ન કરે છે. પરદ્રવ્ય કોને કહે છે? હવે ૧૧૩.

---

**तदन्तरं किं तत् परद्रव्यमिति प्रश्ने प्रत्युतरं ददाति–**

**११३) जं णियदव्वहँ भिण्णु जडु तं परदव्वु वियाणि।**
**पुग्गलु धम्माधम्मु णहु कालु वि पंचमु जाणि।।११३।।**
**यत् निजद्रव्याद् भिन्नं जडं तत् परद्रव्यं जानीहि।**
**पुद्गलः धर्माधर्मः नभः कालं अपि पञ्चमं जानीहि।।११३।।**

**जमित्यादि। पदखण्डनारूपेण व्याख्यानं क्रियते। जं यत् णियदव्वहं निजद्रव्यात् भिण्णु भिन्नं पृथग्भूतं जडु जडं तं तत् परदव्वु वियाणि परद्रव्यं जानीहि। तच्च किम्। पुग्गलु धम्माधम्मु णहु पुद्गलधर्माधर्मनभोरूपं कालु वि कालमपि पंचमु जाणि पञ्चमं जानीहीति। अनन्तचतुष्टयस्वरूपान्निजद्रव्याद्बाह्यं भावकर्मद्रव्यकर्मनोकर्मरूपं जीवसंबद्धं शेषं पुद्गलादिपञ्चभेदं यत्सर्वं तद्धेयमिति ।।११३।।**

इसप्रकार पहले महाधिकारमें चार दोहा-सूत्रोंकर अंतरस्थलमें परलोक शब्दका अर्थ परमात्मा किया। आगे परलोक (परमात्मा) में ही मन लगा, परद्रव्यसे ममता छोड़ ऐसा कहा गया था, उसमें शिष्यने प्रश्न किया कि परद्रव्य क्या हैं ? उसका समाधान श्रीगुरु करते हैं –

गाथा – ११३

अन्वयार्थ :– [ यत् ] जो [ निजद्रव्याद् ] आत्म-पदार्थसे [ भिन्नं ] जुदा [ जडं ] जड़ पदार्थ है, [ तत् ] उसे [ परद्रव्यं ] परद्रव्य [ जानीहि ] जानो, और वह परद्रव्य [ पुद्‌गलः धर्माधर्मः नभः कालं अपि पंचमं ] पुद्‌गल, धर्म, अधर्म, आकाश, और पाँचवाँ कालद्रव्य [ जानीहि ] ये सब परद्रव्य जानो।

भावार्थ :– द्रव्य छह हैं, उनमेंसे पाँच जड़ और जीवको चैतन्य जानो। पुद्‌गल धर्म, अधर्म, काल, आकाश ये सब जड़ हैं, इनको अपनेसे जुदा जानो और जीव भी अनंत हैं, उन सबको अपनेसे भिन्न जानो। अनंतचतुष्टयस्वरूप अपना आत्मा है, उसीको निज (अपना) जानो, और जीवके भावकर्मरूप रागादिक तथा द्रव्यकर्म, ज्ञानावरणादि आठ कर्म, और शरीरादिक नोकर्म, और इनका संबंध अनादिसे है, परंतु जीवसे भिन्न है, इसलिये अपने मत मान। पुद्‌गलादि पाँच भेद जड़ पदार्थ सब हेय जान, अपना स्वरूप ही उपादेय है, उसीको आराधन कर।।११३।।

---

એ પ્રમાણે અન્તરસ્થળમાં ચાર ગાથાસૂત્રોથી 'પરલોક' શબ્દથી વ્યુત્પત્તિથી 'પરલોક' શબ્દથી વાચ્ય એવા પરમાત્માનું વ્યાખ્યાન સમાપ્ત થયું.

હવે, પરલોક (પરમાત્મા)માં મન લગાવ, પરદ્રવ્યની મમતા છોડ એમ જે કહેવામાં આવ્યું તેમાં 'પરદ્રવ્ય' શું છે ? એવો શિષ્યે પ્રશ્ન કર્યો, તેનું સમાધાન શ્રી ગુરુ કરે છે :

ભાવાર્થ :- અનંતચતુષ્ટયસ્વરૂપ નિજદ્રવ્યથી બાહ્ય (ભિન્ન), ભાવકર્મ, દ્રવ્યકર્મ, અને નોકર્મરૂપ જીવના સંબંધવાળું અને બાકીનું પુદ્‌ગલાદિ પાંચ ભેદવાળું જે કાંઈ છે તે બધુંય હેય છે. ૧૧૩.

---

## ગાથા-૧૧૩ ઉપર પ્રવચન

११३) जं णियदव्वहँ भिण्णु जडु तं परदव्वु वियाणि।
पुग्गलु धम्माधम्मु णहु कालु वि पंचमु जाणि।।११३।।

'ઇસપ્રકાર પહલે મહાધિકારમેં ચાર દોહા-સૂત્રોંકર અંતરસ્થલમેં પરલોક શબ્દકા અર્થ પરમાત્મા કિયા. આગે પરલોક (પરમાત્મા) મેં હી મન લગા,...' પરમાત્મામાં મન લગાવી દે. એ પરમાત્મા તું, હોં! 'પરદ્રવ્યસે મમતા છોડ ઐસા કહા ગયા થા, ઉસમેં શિષ્યને પ્રશ્ન

**કિયા કિ પરદ્રવ્ય ક્યા હૈં?**' પ્રભુ! આપે સ્વદ્રવ્ય તો કહ્યું, પણ પરદ્રવ્ય ક્યા છે? બીજી ચીજ છે તો છે કોણ? '**ઉસકા સમાધાન શ્રીગુરુ કરતે હૈં-**'

**અન્વયાર્થ :- 'જો આત્મ-પદાર્થસે (દ્રવ્યસે) જુદા...'** ભગવાનઆત્મા પરમબ્રહ્મ કહ્યો, અમૃતથી તૃપ્ત તૃપ્ત. આહાહા..! જેની તૃપ્તિ આગળ ઈન્દ્રના ઈન્દ્રાસન, ઈન્દ્રાણીના ભોગ સડેલા કૂતરા અને મીંદડી સડી ગઈ હોય, મડદા. એવી ગંધ લાગે. સમકિતીને ભોગની ગંધ (એવી લાગે). આહાહા..! સમજાય છે કાંઈ? પેલા સ્વામીનારાયણ હતા ને? ભાઈ! સહજાનંદ બ્રહ્મચારી હતા. દૃષ્ટિ ખોટી, તત્ત્વ હતું નહિ. આમ બ્રહ્મચારી હતા. પછી એકવાર કોઈના લગ્ન જોયા. લગ્ન સમજ્યા? વિવાહ. અને આમ ભદ્રિક બ્રહ્મચારી. દૃષ્ટિ ખોટી, લોકો એને પરમાત્મા માને. કોઈ વ્યંતરમાંથી આવ્યા હશે તો વૈકુંઠમાંથી આવ્યા એમ માને. વ્યંતરનો વૈકુંઠ જેવો દેખાવ. ત્યાંથી આવ્યા અને વૈકુંઠમાં જાશે એટલે ત્યાં જશે. એકવાર કોઈ લગ્ન હતા તો કહે, આ શું છે? તો કહે, મને પરણાવો ને. એમ કહ્યું. પછી તો નામ જ્યાં આવ્યું ત્યાં ત્રણ દિવસ સુધી ઊલટી. બોલાઈ ગયું હશે. આમ તો બ્રહ્મચારી માણસ. પણ એમ બોલાઈ ગયું, એના લગ્ન છે તો મારા લગ્ન કરાવી દો ને. એમ કીધું ને, આહાહા..! એ સ્ત્રી તરફ જે લક્ષ ગયું ને? ગંધ.. ત્રણ દિવસ સુધી ઊલટી (થાય). વમન. ઊલટી નથી કહેતા? સુલટી એટલે અંદર જાય એ અને ઊલટી એટલે આમ નીકળે ઈ. ઉલટ-સુલટ ચાલે છે. અંદરમાં જાય એ સુલટી, બહાર નીકળે ઈ ઊલટી. ત્રણ દિવસ સુધી, હોં! રાત ને દિવસ ઊલટી. પછી શાંત પડી ગયું. અરે..! આ શું થયું? અમારે બ્રહ્મચારીને આ શું? આ શું થયું? સમજાય છે કાંઈ?

એમ ધર્માત્માને ભોગ સંબંધીની યાદ આવે તો અંદર ઊલટી થઈ જાય છે અંદરમાં. આહાહા..! અરરર..! આ શું? સમજાય છે કાંઈ? જે પ્રેમની પ્રીતિથી ભોગ લીધા હતા એ એને ઊલટી જેવા લાગે છે. અરેરે..! આ શું? મારા અમૃતનો નાથ, સાગર પાસે આ ચીજ શું? ઓહોહો..! સમકિતીને વિષયની વાસના આવે છે. છન્નું હજાર સ્ત્રી છે, સમકિતી છે. પણ એ વાસના કાળા નાગ જેવી લાગે. આહાહા..! કાળો નાગ હોય ને? ફૂંફાડા મારતો. એમ જ્ઞાની અમૃતના રસના સ્વાદિયા, નિજ સ્વભાવમાં મતિ લાગી છે. આહાહા..! સમજાય છે કાંઈ? એને એ બધા વિષયના સ્વાદ કાળા નાગ જેવા લાગે. આહાહા..! એનું નામ સમકિત છે.

એ અહીં શિષ્ય પૂછે છે. પ્રભુ! આપે નિજદ્રવ્યની વ્યાખ્યા તો બહુ કરી. તો પરદ્રવ્ય શું છે કે જેનાથી અમારી મતિ એનાથી છોડાવવાની છે? '**આત્મ-પદાર્થસે જુદા જડ પદાર્થ હૈં,...**' પાઠમાં એકલા જડ લીધા છે પણ અન્ય જીવ પણ જુદા આમાં લઈ લેવા. '**ઉસે પરદ્રવ્ય જાનો, ઔર વહ પરદ્રવ્ય પુદ્ગલ,...**' છે? એક પરમાણુથી માંડી આ શરીર, વાણી, મન, પૈસા, લક્ષ્મી બધું પુદ્ગલ. આહાહા..! એ મકાન, મસાણ, લક્ષ્મી, કીર્તિ-આબરૂ બધા પુદ્ગલ પરમાણુ પુદ્ગલ જડ છે. આહાહા..! એનાથી મતિ છોડ. આબરૂ-કીર્તિ એ પણ પરમાણુ છે ને? આબરૂ-વખાણ કરે છે (એ) પરમાણુ (છે). તમે આવા છો, આવા છો. એ

પરમાણુ માટી છે. એનાથી મતિ છોડ. આહાહા..! સમજાય છે કાંઈ? આ અભિનંદન નથી આપતા. મોટા મોટા પૂંછડા. અભિનંદન નથી આપતા? માનપત્ર, લ્યો. આહાહા..! માનપત્ર. કોના માનપત્ર? ભગવાન! તારી ચીજ તો તારી પાસે છે, તારું માનપત્ર તો તારી પાસે છે. આહાહા..! દુનિયા માન આપે ને રાજી થાય એ તો પુદ્ગલની પર્યાય ઉપર તું રાજી થયો. સમજાય છે કાંઈ? આહાહા..! એ પુદ્ગલ પરદ્રવ્ય છે. દાળ, ભાત, શાક, રોટલી, પૈસા, આબરૂ, કીર્તિ, મકાન, પ્રશંસા, નિંદા એ બધું પુદ્ગલ છે. આહાહા..!

મુમુક્ષુ :- આબરૂ..

ઉત્તર :- આબરૂ-વખાણ કરે છે ને? 'શોભાલાલ' શેઠ આવા છે. 'ભગવાનદાસ શોભાલાલ'. આ તમારા ઘરની વાત કરી. શેઠ! 'ભગવાનદાસ શોભાલાલ શેઠ' પચાસ હજાર આપે છે. ઓહોહો..! માનપત્ર. આ તો એક દૃષ્ટાંત. બધાને માટે છે ને? આહાહા..! અમારે 'કુંવરજીભાઈ' હતા ને? અમારા ભાગીદાર ફઈના દીકરા પુણ્યશાળી ખરા, બાકી તો સમજવા જેવું હતું. અમને તો તે દિ' લાગતું કે આને સાચવવા પડે. પચીસ રૂપિયાનો પગાર છે. એવા મગજ ઠેકાણા વિનાના, ગાંડા જેવા, હોં! પણ પુણ્યને લઈને રળી ખાતા. બે-બે લાખની પેદાશ, મરી ગયો ત્યારે. (સંવત) ૨૦૨૧ની સાલમાં ગુજરી ગયા. બે લાખની પેદાશ. દસ લાખ રૂપિયા તે દિ,' હોં! હવે વધી ગયા. એ દુકાનમાં હતા ને? અમારી દુકાને. એને એકવાર 'રામજીભાઈ'એ પૂછ્યું, 'કુંવરજીભાઈ'! તમને શેઠ શેઠ કેટલીવાર કહે? હજાર વાર કહેતા હશે? આ કહે, ના, પાંચસો વાર. જવાબ દેતા આવડે નહિ. આહાહા..! એ મરી ગયા બિચારા, હોં! આહાહા..! મેં તો એને (સંવત) ૧૯૬૬માં કહ્યું હતું, ૧૯૬૬ની સાલ, હોં! ૧૯૭૦માં દીક્ષા લીધા પહેલા. ૧૯૭૦માં દીક્ષા લીધી. ૬૩ વર્ષ થયા. એ પહેલા ચાર વર્ષ પહેલા, ૬૭ વર્ષ પહેલાં. અમને તો ભગત કહેતા ને? પહેલેથી. દુકાનમાં હતા પણ લોકો અમને ભગત જ કહેતા. એકવાર મેં એને કહ્યું, ભાઈ! મારી વીસ વર્ષની ઉંમર, ૧૯૪૬માં જન્મ. ૬૬ની વાત છે. ૬૭ વર્ષ પહેલાંની વાત છે. બે દુકાનના ત્રીસ માણસો હતો. એકસાથે જમતા હતા. હું દુકાને ગયો, ભાઈ! મને આમ લાગે છે. 'કુંવરજીભાઈ' મારાથી એક વર્ષ મોટા હતા. મને તો એમ લાગે છે, ભાઈ! આપણે આર્ય જૈન માણસ છીએ. એટલે માંસ-દારૂ તો છે નહિ. એટલે નરકમાં તો નહિ જાઓ, ભાઈ! તેમ દેવલોકમાં જવાના મને તમારા લખણ લાગતા નથી. દુકાન ઉપર બેઠા હતા. અમારા મોટાભાઈ પણ બેઠા હતા. પણ એ તો સરળ હતા. અમારા મોટાભાઈ સરળ બહુ હતા. એ તો મનુષ્ય મરીને મનુષ્ય થયા હશે. અને આ તો મરી ઢોર (થયા હશે). ૧૯૬૬માં કહ્યું, ભાઈ! મને તો આમ લાગે છે. દેવના લક્ષણ નથી, મનુષ્યમાં જાવ એવા તમારા લક્ષણ મને દેખાતા નથી. તમારે માટે એક ઢોરગતિ રહી કીધું. એય..! વીસ વર્ષની ઉંમર. ૬૭ વર્ષ પહેલાની વાત છે. અમારાથી એક વર્ષ મોટા હતા. મોટાભાઈ હતા ઈ ચાર વર્ષ મોટા હતા. અમારું સાંભળે. ભગત છે, ભગત કહે ઈ સાંભળો. અમારી છાપ પહેલેથી એવી હતી ને. ભગત છે ઈ, ભગત કહે ઈ સાંભળો. નકાર ન કરે કોઈ. મને તો એમ લાગે છે, ભાઈ! મરીને ઢોર થશો, ભાઈ! એ મરતાં ભાઈ!

પાગલ થઈ ગયા. મરતાં, મેં કર્યું, મેં કર્યું, મેં કર્યું.. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ ઠેઠ સુધી. ઉપાડીને મૂકે તોય ઈ. બહુ પોષણ કર્યું હોય ને. અને દુકાન વધતા વધતા વધતા એના મરણ વખતે બે લાખની પેદાશ. એક વર્ષની બે લાખની પેદાશ, હોં! હવે તો ત્રણ લાખની પેદાશ છે. ત્રણ છોકરા છે. વધી ગઈ, પૈસા છે. પણ એ વખતે એટલી હતી તો મગજ ફાટી ગયું. ભાઈ! તમે શું કરવા દુકાને આવો છો? નહિ. દુકાને વહેલો આવીશ છ વાગે. મોટી દુકાન, નોકરો (હતા). નોકરોને જગાડીશ. કામ પહેલું લઈશ, મરીશ ત્યાં સુધી કામ લઈશ. અરે..! પણ. એ મરતાં... બાપુ! છોકરાઓ ડાહ્યા છે. છોકરા સારા છે. ત્રણ છોકરા છે ને? જુદા થઈ ગયા. બાપુજીને મહારાજ કહેતા એવું થઈ ગયું. તિર્યંચમાં-ઢોરમાં ગયો હશે. ત્રણ છોકરા, દસ લાખની મુડી, બે લાખની પેદાશ, હવે તો ત્રીસ લાખ રૂપિયા છે. ધૂળમાંય કાંઈ નથી. મમતાના પાર ન મળે.

અહીં કહે છે, જુઓ! આહાહા..! ઈ પુદ્ગલ છે. આબરૂ પુદ્ગલ છે. શેઠ! 'ભગવાનદાસ શોભાલાલ' 'બુંદેલખંડ'ના બાદશાહ. પૈસા આપે, દાન કરે. એ ભાષા તો પરમાણુ છે. 'સમયસાર'માં ઈ આવે છે. નિંદા, પ્રશંસા પુદ્ગલના પરિણામ છે. 'સમયસાર'માં પાછળ આવે છે. અહીં કહે છે, પુદ્ગલની મમતા છોડ. આહાહા..! માનપત્ર આપે ને ખુશી ખુશી થઈ જાય, બે હજાર માણસ ભેગા થયા હોય. '**ધર્મ,..**' ધર્મ એટલે ધર્માસ્તિકાય, હોં! એક પદાર્થ છે. ધર્માસ્તિકાય નામનો એક પદાર્થ છે. છ દ્રવ્ય ભગવાને જોયા છે ને. તો ધર્મ એટલે ધર્માસ્તિકાય પદાર્થ લેવો. અરૂપી આખા લોક પ્રમાણે છે. એની મમતા છોડ, એ પરવસ્તુ છે. '**અધર્મ,...**' એક અધર્માસ્તિકાય નામનો પદાર્થ છે. આખા લોક પ્રમાણે અધર્માસ્તિકાય (છે). જીવ ગતિ કરે તો સ્થિર થવામાં નિમિત્ત છે. ગતિ કરે તો ગતિમાં નિમિત્ત ધર્માસ્તિકાય છે. એ બેય પદાર્થ ભગવાન સર્વજ્ઞે દીઠા છે. એ સિવાય ક્યાંય નથી. સર્વજ્ઞ સિવાય આ ધર્માસ્તિ, અધર્માસ્તિની વાત ક્યાંય ત્રણકાળમાં કોઈ ઠેકાણે નથી. બે અરૂપી પદાર્થ ચૌદ બ્રહ્માંડમાં ફેલાયેલા છે, અહીંયાં પણ છે. સમજાય છે કાંઈ? એની મમતા છોડ. એ ચીજ પર છે, તારી નહિ. આહાહા..! '**આકાશ,...**' આકાશ તારી ચીજ નહિ. આહાહા..! '**પાંચવાં કાલદ્રવ્ય...**' અરૂપી એક કાળદ્રવ્ય છે. અસંખ્ય દ્રવ્ય છે. આ પ્રદેશ ઉપર (રહે છે). જેટલા લોકાકાશના પ્રદેશ છે એના એક એક પ્રદેશ ઉપર એક એક કાળાણુ છે, એવા અસંખ્ય કાળાણુ છે. અરૂપી છે. '**સબ પરદ્રવ્ય જાનો.**' આહાહા..! એ બધા પરદ્રવ્ય છે.

**ભાવાર્થ :-** '**દ્રવ્ય છહ હૈં,..**' હવે ખુલાસો કરે છે. '**ઉનમેંસે પાંચ જડ ઔર જીવકો ચૈતન્ય જાનો.**' એ પર ચૈતન્ય પણ તારાથી ભિન્ન છે. આહાહા..! ભગવાનનો આત્મા, સ્ત્રીનો આત્મા, પુત્રનો આત્મા બધા તારાથી ભિન્ન છે, એ તારી ચીજ છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? '**પુદ્ગલ, ધર્મ, અધર્મ, કાલ, આકાશ યે સબ જડ હૈં, ઈનકો અપનેસે જુદા જાનો ઔર જીવ ભી અનંત હૈં,...**' નિગોદ અનંત છે, સિદ્ધ અનંત છે.

નિગોદ સમજ્યા? આ કાઈ.. કાઈ. એક કણીમાં અસંખ્ય શરીર છે, એક શરીરમાં અનંત જીવ છે. આખો લોક ભર્યો છે, આહાહા..! એમાંથી કેટલાક તો હજી ત્રસ થયા નથી, એટલા જીવ પડ્યા છે, પ્રભુ! આહાહા..! તું તો નીકળીને અનંતે કાળે મનુષ્ય થયો, એમાં કરવાનું તો આ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ અનંત જીવ (છે). '**ઉન સબકો અપનેસે ભિન્ન જાનો.**' અનંત જીવ છે તો દયા પાળવા માટે છે એમ નહિ. જ્ઞાનમાં જાણવા લાયક છે કે અનંત છે. બસ. એને જાણો, એમ કહ્યું. જુઓ! જાણો કે છે. પણ તારાથી ભિન્ન છે. આહા..! સ્ત્રીનો આત્મા, પુત્રનો આત્મા ક્યાંનો ક્યાં આવ્યો ને... આહાહા..!

પતિ-પત્નીનું સગપણ થઈ જાય ને? પછી કોઈએ મને પૂછ્યું હતું, (સંવત) ૧૯૮૭ની સાલ. 'ચીતડ' અમારે 'કુંવરજીભાઈ'નો દીકરો 'મનસુખ', એનું સગપણ ત્યાં કર્યું હતું ને. 'ચીતડ'માં. 'હિંમતભાઈ'ના બેન. 'હિંમતભાઈ' ગયા હતા. 'હિંમતભાઈ' ગયા ને? ગયા, ગયા. ભાઈ મૂકવા ગયા હતા. 'કેશુભાઈ'નો છોકરો ગયો હતો. મૂકવા ગયા હતા ને? 'હિંમતભાઈ'ની બેન અમારા 'મનસુખ' વેરે છે. 'કુંવરજીભાઈ'ના દીકરા. એનું સગપણ કર્યું ૧૯૮૭માં. મારું ૧૯૮૬નું ચોમાસુ 'અમરેલી'. હું 'ચીતડ' ગયો. ચાર ગાઉ થાય. ત્યાં અમારે 'આણંદજી' હતો. એણે પૂછ્યું, મહારાજ! આ પતિ-પત્ની થાય છે એને પૂર્વનો કોઈ મેળ હશે? એમ પ્રશ્ન કર્યો. ૧૩ ને ૩૨, ૪૫ વર્ષ થયા. મેં કીધું, ભાઈ! કાંઈ મેળ નથી. પેલા 'રાજેમતિ' ને 'નેમિનાથ'નો નવ ભવનો મેળ છે ને? એટલે પ્રશ્ન કર્યો. કીધું, ભાઈ! સ્ત્રી હોય એ બાવળમાંથી આવે. બાવળ-બબુલ. અને પુરુષ હોય એ ઈયળમાંથી આવે. અને અહીં થઈ જાય પતિ-પત્ની. એમાં ક્યાં ક્યાંય મેળ છે. આહાહા..! કારતક વદ-૧, 'ચીતડ' ગયેલા. ૧૯૮૭ની સાલ. તે દિ' આ પ્રશ્ન થયો. અમારે 'કુંવરજીભાઈ' ગુજરી ગયા, ભાઈ પણ ગુજરી ગયા, 'આણંદજી' પણ ગુજરી ગયો. એના ભાગીદાર હતા. આહાહા..! બાપુ! સ્ત્રી મરીને ક્યાંક ઈયળમાંથી આવી હોય, પતિ મરીને ક્યાંકથી થોરમાંથી આવ્યો હોય. થોર સમજ્યા? થોરી. એમાંથી આવ્યો હોય. એમાં ક્યાં સંબંધ? કોણ આત્મા? કોણ તારો? એને સંબંધ ક્યાં? આહાહા..! એ તો 'નેમિનાથ' અને 'રાજુલ' નવ ભવ સાથે હતા, એ જુદી વાત. કાંઈ બધાને સાથે છે એવું છે?

અહીં કહે છે, એ આત્મા તારાથી ભિન્ન છે. આ મારી સ્ત્રી છે ને મારો પુત્ર છે એ મતિ છોડી દે. આહાહા..! સમજાય છે કાંઈ? છોકરા સારા થયા છે, કમાઉ થયા છે, કર્મી થયા છે, એમ કહે. કર્મી થયા છે એટલે કર્મ કરનારા. કર્મી નથી કહેતા? તમારે શું કહે છે? કર્મી એટલે આ કમાઉ. ભાષા થોડી ફેર. કર્મી અમારે કહે છે, કર્મી જાગ્યો છે, કમાઉ જાગ્યો છે. પાંચ-પાંચ લાખ પેદા કરે છે ને આમ ધૂળ છે. છે શું? આત્મા તારો છે? એ તો પર છે. આહાહા..! છોડી દે પરની મમતા. '**ઉન સબકો અપનેસે ભિન્ન જાનો.**'

'**અનંતચતુષ્ટયસ્વરૂપ અપના આત્મા હૈ,...**' આહાહા..! થોડા શબ્દ ફરીને લીધા. અનંતચતુષ્ટયસ્વરૂપ-ભગવાન જે અંદર છે એ તો અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ ને અનંતીસત્તા, એવું સ્વરૂપ છે. અનંતવીર્ય. આહાહા..! જે આ ભગવાનઆત્મા છે એમાં તો

અનંતજ્ઞાન છે. જ્ઞાનની મર્યાદા નહિ, એટલું અંદરમાં જ્ઞાન છે. આનંદ અનંત છે. દર્શન અનંત છે, વીર્ય-પુરુષાર્થ અનંત છે. વીર્યશક્તિ આત્માની. આહાહા..! એ '**અનંતચતુષ્ટયસ્વરૂપ અપના આત્મા હૈ,...**' આહા..! '**ઉસીકો નિજ (અપના) જાનો,...**' એને તું નિજ-મારું જાણ. આહાહા..! મારો દ્રવ્યસ્વભાવ એ હું નિજ છું. આહાહા..! સમ્યગ્દર્શનનો વિષય. સમજાય છે કાંઈ? અહીં તો સમ્યગ્દર્શન એટલે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા છે, આપણને સમ્યગ્દર્શન તો છે, હવે વ્રત લઈ લ્યો. ધૂળેય નથી. સાંભળને! મરી જઈશ ક્યાંકનો ક્યાંક. આ તો નિજ સ્વરૂપ પોતાનો આત્મા, તેને તું જાણ.

'**ઔર જીવકે ભાવકર્મરૂપ રાગાદિક...**' જુઓ! રાગ એટલે પુણ્ય-પાપ ભાવ, શુભ-અશુભભાવ '**તથા દ્રવ્યકર્મ, જ્ઞાનાવરણાદિ આઠ કર્મ, ઔર શરીરાદિક નોકર્મ, ઔર ઈનકા સંબંધ અનાદિસે હૈ,...**' સંબંધ અનાદિથી છે. '**પરંતુ જીવસે ભિન્ન હૈં,...**' આહાહા..! પુણ્યના પરિણામ શુભભાવનો સંબંધ પણ અનાદિથી છે. જડકર્મનો અનાદિથી છે, શરીરનો અનાદિથી છે. આહાહા..! '**જીવસે ભિન્ન હૈં, ઈસલિયે અપને મત માન.**' આહાહા..! '**પુદ્ગલાદિ પાંચ ભેદ જડ પદાર્થ સબ હેય જાન,...**' આહાહા..! પરમાણુમાત્ર, આબરૂ-કીર્તિના પરમાણુઓ એ બધા ભિન્ન જાણ.

'**અપના સ્વરૂપ હી ઉપાદેય હૈ,...**' લ્યો, છેલ્લો સરવાળો. ભગવાન જે પોતાનું સ્વરૂપ પહેલા કહ્યું, અદ્વિતીય, અતીન્દ્રિય સુખ, અમૃતથી ભરેલો પ્રભુ, એ મારી ચીજ છે. આહાહા..! અરે..! પણ ક્યાં બેસે? માપ કરતા આવડે નહિ. આહા..! સમજાય છે કાંઈ? આવી ચીજ છે એ તારી છે. '**અપના સ્વરૂપ હી ઉપાદેય હૈ,...**' ચિદાનંદ ભગવાન અમૃતના રસનો કંદ પ્રભુ, એ જ આરાધવા લાયક છે. એ માનવા લાયક છે, એ જાણવા લાયક છે, એમાં ઠરવા લાયક છે. આ માર્ગ છે, ભાઈ! સમજાય છે કાંઈ? '**ઉપાદેય હૈ, ઉસીકો આરાધન કર.**' આહાહા..! એની સેવના કર, એને સેવ. આહાહા..! વર્તમાન મતિની પર્યાયને, વર્તમાન મતિજ્ઞાનની પર્યાયને ત્રિકાળી ભગવાનમાં જોડી દે. આહા..! ત્યાં સગાઈ કરી દે. તારા કેવળજ્ઞાનરૂપી લગ્ન થઈ જશે. સમજાય છે કાંઈ? આહા..! એ 'આનંદઘનજી'માં આવે છે. 'સમકિત સાથે સગાઈ કીધી, સપરિવાર સુ ગાઢી'. 'આનંદઘનજી'માં આવે છે ને? શ્વેતાંબરમાં એક થઈ ગયા. 'સમકિત સાથે સગાઈ કીધી.' શ્રદ્ધા સાથે આખા આત્માની સગાઈ કીધી. 'સપરિવાર સુ ગાઢી'. અનંત ગુણની સાથે સગાઈ સંબંધ કર્યો. આહાહા..! આ કન્યા સાથે સગાઈ કરે છે ને? ચાંદલા કર્યા ને આ કર્યા ને પછી નાળિયેર આપે, ધૂળમાં. અહીં તો 'આનંદઘનજી' કહે છે, 'સમકિત સાથે સગાઈ કીધી'. ત્રિકાળી આનંદના નાથની સમકિત સાથે સગાઈ કીધી. 'સપરિવાર સુ ગાઢી.' આહાહા..! એ આત્માને ઉપાદેય જાણ અને બાકી બધી ચીજને હેય જાણ. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

अथ वीतरागनिर्विकल्पसमाधिरन्तर्मुहूर्तेनापि कर्मजालं दहतीति ध्यानसामर्थ्यं दर्शयति –

११४) जइ णिविसद्धु वि कु वि करइ परमप्पइ अणुराउ।
अग्गि–कणी जिम कट्ठ–गिरि डहइ असेसु वि पाउ।।११४।।

यदि निमिषार्धमपि कोऽपि करोति परमात्मनि अनुरागम्।
अग्निकणिका यथा काष्ठगिरिं दहति अशेषमपि पापम्।।११४।।

जइ इत्यादि। जइ णिविसद्धु वि यदि निमिषार्धमपि कु वि करइ कोऽपि कश्चित् करोति। किं करोति। परमप्पइ अणुराउ परमात्मन्यनुरागम्। तदा किं करोति। अग्गिकणी जिम कट्ठगिरी अग्निकणिका यथा काष्ठगिरिं दहति तथा डहइ असेसुं वि पाउ दहत्यशेष पापमिति। तथाहि–ऋद्धिगौरवरसगौरवकवित्ववादित्वगमकत्ववाग्मित्वचतुर्विधशब्दगौरवस्वरूपप्रभृतिसमस्तविकल्पजालत्यागरूपेण महावातेन प्रज्वलिता निजशुद्धात्मतत्त्वध्यानाग्निकणिका [१]स्तोकाग्निकेन्धनराशिमिवान्तर्मुहूर्तेनापि चिरसंचितकर्मराशिं दहतीति। अत्रैवंविधं शुद्धात्मध्यानसामर्थ्यं ज्ञात्वा तदेव निरन्तरं भावनीयमिति भावार्थः।।११४।।

---

आगे एक अन्तमुहूर्तमें कर्म–जालको वीतरागनिर्विकल्पसमाधिरूप अग्नि भस्म कर डालती है ऐसी समाधिकी सामर्थ्य है, वही दिखाते हैं –

**गाथा – ११४**

अन्वयार्थ :– [ यदि ] जो [ निमिषार्धमपि ] आधे निमेषमात्र भी [ कोऽपि ] कोई [ परमात्मनि ] परमात्मामें [ अनुरागम् ] प्रीतिको [ करोति ] करे तो [ यथा ] जैसे [ अग्निकणिका ] अग्निकी कणी [ काष्ठगिरिं ] काठके पहाड़को [ दहति ] भस्म करती है, उसी तरह [ अशेषम् अपि पापम् ] सब ही पापोंको भस्म कर डाले।

भावार्थ :– ऋद्धिका गर्व, रसायनका गर्व अर्थात् पारा वगैरह आदि धातुओंके भस्म करनेका मद, अथवा नौ रसके जाननेका गर्व, कवि–कलाका मद, वादमें जीतनेका मद, शास्त्रकी टीका बनानेका मद, शास्त्रके व्याख्यान करनेका मद, ये चार तरहका शुब्द–गौरव–स्वरूप इत्यादि अनेक विकल्प–जालोंका त्यागरूप प्रचंड पवन उससे प्रज्वलित हुई (दहकती हुई) जो निज शुद्धात्मतत्त्वके ध्यानरूप अग्निकी कणी है, जैसे वह अग्निकी कणी काठके पर्वतको भस्म कर देती है, उसी तरह यह समस्त पापोंको भस्म कर डालती है, अर्थात् जन्म–जन्मके इकट्ठे किये हुए कर्मोंको आधे निमेषमें नष्ट कर देती है, ऐसी शुद्ध आत्म–ध्यानकी सामर्थ्य जानकर उसी ध्यानकी ही भावना सदा करनी चाहिये।।११४।।

---

**હવે, વીતરાગ નિર્વિકલ્પ સમાધિ અન્તર્મુહૂર્તમાં જ કર્મજાળને બાળી નાખે છે એવું ધ્યાનનું સામર્થ્ય છે, એમ દર્શાવે છે :**

**ભાવાર્થ : ઋદ્ધિનો ગર્વ, રસનો ગર્વ, (રસાયનનો ગર્વ અર્થાત્ પારા વગેરે ધાતુઓને ભસ્મ કરવાનો મદ, અથવા નવ રસ જાણવાનો મદ) અને કવિકળાનો મદ, વાદમાં જીતવાનો મદ, શાસ્ત્રની ટીકા બનાવવાનો મદ, શાસ્ત્રનું વ્યાખ્યાન કરવાનો મદ આ ચાર શબ્દગૌરવ-એ ગર્વાદિસ્વરૂપથી માંડીને સમસ્ત વિકલ્પજાળોના ત્યાગરૂપ પ્રચંડ પવનથી પ્રજ્વલિત નિજ શુદ્ધ આત્મતત્ત્વના ધ્યાનરૂપ અગ્નિકણિકા, જેવી રીતે અગ્નિની નાની કણી ઈન્ધનના પહાડને ભસ્મિભૂત કરી નાખે છે, તેવી રીતે, દીર્ઘકાળથી સંચિત કરેલા (અનેક ભવોમાં સંચિત કરેલા) કર્મરાશિને અન્તર્મુહૂર્તમાં ભસ્મ કરી નાખે છે-નષ્ટ કરી દે છે.**

**અહીં, આવું શુદ્ધાત્મધ્યાનનું સામર્થ્ય જાણીને તે જ નિરંતર ભાવવા યોગ્ય છે, એવો ભાવાર્થ છે. ૧૧૪.**

## વીર સંવત ૨૫૦૨, ભાદરવા વદ-૪, રવિવાર
## તા. ૧૨-૦૯-૧૯૭૬, ગાથા-૧૧૪, ૧૧૫ પ્રવચન નં. ૮૮

'પરમાત્મપ્રકાશ' ૧૧૪ ગાથા. '**આગે એક અંતર્મુહૂર્તમેં કર્મ-જાલકો વીતરાગનિર્વિકલ્પસમાધિરૂપ અગ્નિ ભસ્મ કર ડાલતી હૈ** આહાહા..! **ઐસી સમાધિકી સામર્થ્ય હૈ,...**' સમાધિનો અર્થ ભગવાન પૂર્ણાનંદ આનંદરસ સુખસ્વરૂપ ધ્રુવમાં વિકલ્પથી રહિત થઈ, નિર્વિકલ્પ શાંતિમાં અંદર રહેવું એનું નામ સમાધિ છે. આહા..! પ્રથમ સમ્યગ્દર્શન પણ અંતર્મુખ શુદ્ધઉપયોગની દશામાં પ્રાપ્ત થાય છે. પ્રથમમાં પ્રથમ ધર્મ, જન્મ-મરણની ગાંઠ ગાળવાની ચીજ, એ પ્રથમ અંતર્ધ્યાન '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**' 'દ્રવ્યસંગ્રહ'ની ૪૭મી ગાથા છે. નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગ, બેય અંદર ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. આહાહા..! શુદ્ધ ચિદાનંદ અદ્વિતીય અતીન્દ્રિય સુખની ખાણ આત્મા, આહાહા..! એ તરફના ઝુકાવથી અંતરમાં એકાગ્રતારૂપ જે ધ્યાન થાય છે એમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? અહીંયાં તો કહે છે કે વિશેષ જો અંતરમાં સમાધિ લાગી જાય.. અંતર આનંદની ખાણ પ્રભુ, સુખનો સાગર.. આહાહા..! અનંત શક્તિનો સંગ્રહાલય, અનંત શક્તિનો સંગ્રહનો આલય-ભગવાન સ્થાન છે. અનંત અનંત જ્ઞાન ને આનંદના ગુણનું ગોદામ છે. આહાહા..! અનંત સ્વભાવનો સાગર છે. પ્રભુ શાંતિનું સરોવર છે. આહાહા..! ભગવાનઆત્મા અંદરમાં શાંતિનું સરોવર છે. એ તરફ ઝુકવાથી એક અંતર્મુહૂર્ત પણ અંદર લગની લાગી જાય.. આહાહા..! તો જેમ કાષ્ટનો મોટો

ગિરિ-પર્વત હોય, એક અગ્નિનો કણ લાગવાથી આખા લાકડાના પર્વતને ભસ્મ કરી નાખે છે. અગ્નિનો કણ. લાખો, કરોડો મણ ઘાસ હોય, એક અગ્નિનો તણખો, એક દીવાસળી ભસ્મ કરી નાખે.

એમ ભગવાનઆત્મામાં.. આહાહા..! વાત એવી આવી છે, પ્રભુ! એણે અનંતવાર જગતની જંજાળના વિકલ્પો કર્યા. અહીં કહેશે હજી બીજી વાર. આહા..! પણ આત્મા અંદર જે ચીજ છે એનો ભેટો કરવાની એણે દરકાર કરી નહિ. સમજાય છે કાંઈ? એ કહે છે. ગાથા.

**૧૧૪) जइ णिविसद्धु वि कु वि करइ परमप्पइ अणुराउ।**
**अग्गि-कणी जिम कट्ठ-गिरि डहइ असेसु वि पाउ।।११४।।**

**यदि निमिषार्धमपि कोऽपि करोति परमात्मनि अनुरागम्।**
**अग्निकणिका यथा काष्ठगिरिं दहति अशेषमपि पापम्।।११४।।**

એ મૂળ શ્લોકની સંસ્કૃત છાયા છે. નીચે અર્થ.

**અન્વયાર્થ :-** '**જો આધે નિમેષમાત્ર...**' આહાહા..! આંખ વીંચીને ઉઘાડે એને નિમેષ કહે છે. એમાં અડધો નિમેષમાત્ર. આહાહા..! '**કોઈ પરમાત્મામેં પ્રીતિકો...**' પરમાત્મા પોતે સ્વરૂપ ભગવાન પરમાત્મસ્વરૂપ જ છે. આહા..! પોતાનું પરમેશ્વર સ્વરૂપ, પોતાનું પરમાત્મ સ્વરૂપ, પોતાનું ભગવાન સ્વરૂપ, એ પૂર્ણાનંદનો નાથ પરમાત્મા એ શક્તિ-સ્વભાવરૂપે છે. સમજાય છે કાંઈ? એ પરમાત્મામાં પ્રીતિને લગાવી દે. આહાહા..! શુભરાગનો એક કણ છે, એની જેને પ્રીતિ છે, તેને ભગવાન પરમાત્મા પ્રત્યે દ્વેષ છે. 'કૈલાસચંદજી'! આવી વાત છે, ભગવાન! આહાહા..! અશુભરાગની તો વાત શું કરવી? શુભરાગ જે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, વાંચન, એ શુભરાગ પ્રત્યે પ્રેમ છે, પ્રીતિ છે તેને ભગવાન પરમાત્મસ્વરૂપ પ્રત્યે ક્રોધ અને દ્વેષ છે. આહા..! આવી વાત છે. અરેરે..! એણે કોઈ દિ' આત્માની દયા કરી નહિ. પોતાની દયા કેવી હોય એ એણે કદી કરી નહિ. આહા..!

અહીં કહે છે કે પરમાત્મસ્વરૂપ, ભગવાનસ્વરૂપ, પોતાનું પરમેશ્વર સ્વરૂપ છે. આહા..! શક્તિરૂપ, સ્વભાવરૂપ ગુણરૂપ પરમાત્મા એ આત્મા છે. એ અપ્પા સો પરમઅપ્પા. આત્મા એ જ પરમાત્મા છે. આહાહા..! અત્યારે, હોં! આહાહા..! એ પરમાત્મા પ્રત્યે '**अनुरागम्**' '**પ્રીતિકો કરે...**' છે? આહાહા..! પ્રીતિનો અર્થ એ તરફનો ઝુકાવ કરે. અહીંયાં પ્રીતિનો અર્થ રાગ નથી. પરમાત્મસ્વરૂપ જે પોતાનું, એક સમયમાં ભગવાનસ્વરૂપ જ આત્મા ત્રિકાળ છે. બધા આત્માઓ સાધર્મી તરીકે, ભગવાન તરીકે તો સાધર્મી છે. આહાહા..! પર્યાયમાં ભૂલ છે તો જેની પર્યાયભૂલ નીકળી ગઈ એ પોતાના પરમાત્મામાં જો લગની લાગી તો બીજા બધા આત્મા પરમાત્મા છે, એવી દૃષ્ટિથી જુએ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે કે એ પરમાત્મા પ્રત્યે '**अनुरागम्**' અનુરાગનો અર્થ શુદ્ધ ચૈતન્યઘન, વિજ્ઞાનપિંડ આનંદકંદ, સુખકંદ.. આહાહા..! એ '**अनुरागम्**' એને અનુસરીને એકાગ્ર થવું, એને

અનુસરીને લીન થવું એનું નામ અનુરાગ કહેવાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**કરે તો જૈસે અગ્નિકી કણી...**' એક દીવાસળી લ્યો, બસ. ઓહોહો..! '**काष्ठगिरिं**' '**કાઠકે પહાડકો...**' લાકડાનો મોટો પહાડ હોય, લાખ મણ, કરોડ મણનો. આહા..! '**ભસ્મ કરતી હૈ,...**' અગ્નિની કણી પણ કરોડ મણ લાકડાનો પર્વત-ડુંગર હોય તોપણ એ અગ્નિ ભસ્મ કરી નાખે છે. આહાહા..! '**ઉસી તરહ સબ હી પાપોંકો ભસ્મ કર ડાલે.**' આહા..! ભગવાન આનંદનો નાથ પ્રભુ, એનો જેને પ્રેમ લાગ્યો, એ તરફ ઝુકાવ થયો, શુદ્ધ પરમાત્મ સન્મુખ થયો, વિકલ્પથી વિમુખ થયો, અનાદિથી સ્વભાવથી વિમુખ છે અને વિકલ્પની સન્મુખ છે. આહાહા..! એ સંસાર છે. સમજાય છે કાંઈ? શુભ આદિ જે વિકલ્પ છે એની સન્મુખ છે અને પરમાત્મ ચિદાનંદ પ્રભુ રાગરહિત વીતરાગ સ્વરૂપથી વિમુખ છે એ રખડવાનો સંસાર છે. આહાહા..! પણ એકવાર કહે છે કે રાગની સન્મુખતા છોડી દે, ત્રણલોકનો નાથ પરમાત્મા પરમેશ્વર તું છો, એનું અનુસરણ કર. આહાહા..! આવી વાત છે, ભાઈ! અહીં તો.

આ 'પરમાત્મપ્રકાશ' શાસ્ત્ર છે ને. તો તું પરમાત્મસ્વરૂપ જ છો. પરમાત્મસ્વરૂપ છે એ લીનતા થવાથી પર્યાયમાં એનલાર્જ થવાથી (પર્યાયમાં) પરમાત્મા થાય છે. વસ્તુ સ્વભાવે પરમાત્મા છે તો એની લીનતાથી પર્યાયમાં એનલાર્જ થઈને પરમાત્મા થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? પરમાત્મા કંઈ બહારથી નથી આવતા. કેવળજ્ઞાન આદિ પરમાત્મદશા અંદરમાં પડી છે. પૂર્ણાનંદનો નાથ છે. આહાહા..!

મુમુક્ષુ :- કેટલો વખત લાગે છે?

ઉત્તર :- અંતર્મુહૂર્ત. આહાહા..! અંતર્મુહૂર્ત પણ નથી, અહીં તો નિમેષનો પણ અડધો નિમેષ (કહ્યું છે). છે? '**णिविसद्धु**' પાઠ એમ છે, '**णिविसद्धु**'. નિમેષ છે એનો અડધો ભાગ. આહાહા..! ભગવાન ત્રણલોકનો નાથ પરમેશ્વર પૂર્ણ શક્તિનો ઈશ્વર પરમાત્મા પોતે. આહાહા..! કેવળજ્ઞાનમાં જે કેવળજ્ઞાન પ્રગટ થયું, એવી એવી અનંતી કેવળજ્ઞાનની પર્યાયનો પિંડ એક જ્ઞાનગુણ છે. આહા..! ભગવાન અરિહંતને જે અનંત વીર્ય પ્રગટ થયું, એવું વીર્ય પણ અનંત અનંત વીર્યની શક્તિ અંદર વીર્યમાં છે. આહા..! એવી અનંતી પર્યાયનો પિંડ અંદર વીર્ય છે. આહાહા..! અરે..! એને કદી માહાત્મ્ય આવ્યા નહિ, પરના માહાત્મ્ય કદી છોડ્યા નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, એક કણ. કાષ્ટ ગિરિ શબ્દ પડ્યો છે. ઓહોહો..! લાકડાનો મોટો પર્વત. બાળી મૂકે. પણ કઈ રીતે થાય છે? ટીકાકાર જરી વધારે સ્પષ્ટ કરે છે.

**ભાવાર્થ :-** '**ઋદ્ધિકા ગર્વ,...**' છોડી દે. આહાહા..! બહારની અનેક ઋદ્ધિ, એનો ગર્વ-અભિમાન છોડી દે. નહિતર પરમાત્માની પ્રાપ્તિ નહિ થાય. આહા..! સમજાય છે કાંઈ? '**ઋદ્ધિકા ગર્વ, રસાયનકા ગર્વ...**' આ રસ રસ ઉત્પન્ન કરે છે ને? પારા આદિનો. પારાનો રસ બનાવે છે ને? રસ. '**પારા વગૈરહ આદિ ધાતુઓંકે ભસ્મ કરનેકા મદ,...**' અમને એ

બરાબર આવડે છે, આમ આવડે છે, એવું અજ્ઞાની મૂઢ અભિમાન (કરે). પારા આદિ ધાતુનું રસાયણ અમને આવડે છે. અરે..! પ્રભુ! એ ક્યાં..? એ તો અજ્ઞાન છે. આહાહા..! એનો ગર્વ છોડી દે.

'**અથવા..**' એ રસનો ત્રીજો અર્થ કરે છે. '**નૌ રસકે જાનનેકા ગર્વ,...**' વીરરસ, શ્રૃંગારરસ, બિભત્સરસ, કરૂણારસ, આહાહા..! અદ્‌ભુતરસ એ બધા નવા રસ છે, એનો ગર્વ છોડી દે. આહાહા..! સમજાય છે કાંઈ? નવ રસ છે. પારા આદિ રસાયનનો ગર્વ અથવા નવ રસ, એ બેયનો એક જ અર્થ છે, ભાઈ! ઈ રસાયણમાં નાખ્યું છે. આહાહા..! એ રસાયણનો ગર્વ છોડ અને નવ રસનો ગર્વ છોડ. નવ રસ આવે છે ને? ૠદ્ધિગારવ, શાતાગારવ, કરૂણા, બિભત્સ, ભયાનક, રૌદ્ર, શાંતરસ. કષાયની કંઈક મંદતા થઈ, એનો ગર્વ. મરી જઈશ, બાપા! સમજાય છે કાંઈ? એ ગર્વ છોડી દે. ત્યારે અંદર જઈ શકે. આહાહા..! ત્રણલોકના નાથના ભેટા કરવા છે. એક રાજકુમારના દિવાનખાનામાં જવું હોય તો તૈયારી કરીને જાય છે કપડા-બપડા. તો આ તો ત્રણલોકનો નાથ પરમેશ્વર, સાક્ષાત્ પરમેશ્વર સ્વરૂપ પરમાત્મા! આહા..! એના ભેટા કરવા, બાપુ! એની તૈયારી કેટલી જોઈએ. આહાહા..! અરે..! અનંતકાળમાં એણે એ કર્યું નહિ. કર્યું એ બધું વ્યર્થ. રાગ ને પુણ્યની ક્રિયા કરીને મરી ગયો. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

એક સ્તુતિમાં આવે છે. 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ.' 'પ્રભુ તુમ જાણગ રીતિ..' કેવળજ્ઞાની પરમાત્માને કહે છે, પ્રભુ! તમે તમારા કેવળજ્ઞાનમાં 'પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગ દેખતા હો લાલ, નિજ સત્તાએ શુદ્ધ સહુને પેખતા હો લાલ..' પ્રભુ! અમારી નિજ સત્તા શુદ્ધ આનંદકંદ છે એમ આપ જુઓ છો. આહાહા..! આત્મા કોણ છે? કે નિજ સત્તાએ શુદ્ધ પવિત્ર છે એને આપ આત્મા દેખો છો. વિકલ્પ આદિ છે એ તો અનાત્મા છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

'**નવ રસકે જાનનેકા ગર્વ, કવિ-કલાકા મદ,...**' કવિકળાનો મદ. કવિ બનવાનો, શીઘ્ર કવિ હોય છે ને? શીઘ્રકવિ-આષુકવિ. છે ને, જોયા છે, બહુ જોયું છે, અમારી પાસે આવે છે. એમાં શું થયું? ધૂળ. આહાહા..!

મુમુક્ષુ :- મહારાજ! આ નવ રસમાં મંદ કષાય..?

ઉત્તર :- મંદ કષાય. શાંતરસમાં મંદ કષાય છે. બધામાં મંદ કષાય નહિ. નવમાં શાંતરસમાં મંદ કષાય. બીજામાં તો અભિમાન અશુભભાવ છે. આહાહા..!

અહીંયાં તો કહે છે, રસાયણનો ગર્વ છોડ. આ સોનાને આમ મારી શકીએ, ભસ્મ આમ કરી શકીએ. હીરાની ભસ્મ કરે છે ને? હીરા, માણેક, મોતીની ભસ્મ હોય છે ને? આહાહા..! સમજાય છે કાંઈ? ચક્રવર્તીની એક દાસી હોય છે. ચક્રવર્તીની દાસી. એક હીરો કરોડ રૂપિયાનો, એવી મોટી કિંમતનો.. આમ (મુઠ્ઠીમાં લઈને) કરીને (ચૂરો કરી નાખે). એની દાસી, હોં! અને એ હીરાનો ભુક્કો કરીને ચક્રવર્તીને ચાંદલો કરે. શું થયું પણ એમાં? આહાહા..! દાસી, હોં! એની રાણી નહિ, દાસી. ચક્રવર્તીની દાસી. આહાહા..! ગાદી ઉપર

જ્યારે બેસે છે ત્યારે કરોડ રૂપિયાનો, અબજ રૂપિયાનો એક હીરો, આમ આંગળીમાં લઈને (ભૂકો કરી નાખે). ચાંદલો કરે, ચાંદલો. એમાં શું થયું? એ ગર્વ છોડી દે કે મારી આવી શક્તિ છે ને હું આવું કરું છું. એ શક્તિ તારી નહિ. તારી તો આનંદકંદ શક્તિ છે. આહાહા..!

અરેરે..! સત્ય વાત સાંભળવા ન મળે એ કે દિ' જાય અંદર? ક્યાં જાય? આહાહા..! અરેરે..! ચોર્યાસીના અવતાર કરી કરીને મરી ગયો છે ઈ. નરક ને નિગોદના, હોં! આહા..! નિગોદના તો એક શ્વાસમાં અઢાર ભવ, ભાઈ! ભગવાને કહ્યા. એક શ્વાસમાં અઢાર ભવ. એવું અનંતવાર (થયું). એક શ્વાસ એવો અનંતા શ્વાસમાં અનંત અનંત ભવ કર્યા. આહાહા..! ભગવાન અનાદિકાળનો જીવ છે ને, પ્રભુ! એ પરિભ્રમણ રાગ અને પુણ્યના પ્રેમના મિથ્યાત્વભાવમાં એણે આ અનંતકાળ ગાળ્યો. એકવાર કહે છે, પ્રભુ! આ ભવ જે છે, એ અનંતા ભવના અભાવ કરવાનું આ ભવ ટાણું છે. 'શ્રીમદ્' કહે છે, ભાઈ! 'શ્રીમદ્'માં આવે છે, આ ભવ અનંતા ભવનો અભાવ કરવા માટેનો ભવ છે. આહાહા..! બાપુ! તને કિંમત નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં કહે છે, એ કવિ-કળાનો મદ છોડી દે. નહિંતર અંદર નહિ જઈ શકે, એમ કહે છે. અમે કવિ, અમે હોંશિયાર, અમને જાણપણું ઘણું, શીઘ્ર કવિતા બનાવી દઈએ. એમાં શું છે? એ તો અજ્ઞાન છે. આહા..! કવિતા બનાવે. આ પ્રોફેસર સંસ્કૃતના. પંડિતજી! આપણે ઘરમાં લઈએ ને. આ તો દાખલો. અમે પ્રોફેસર. એ આવશે, જુઓ! '**વાદમેં જીતનેકા મદ,..**' ઈ ચાર થઈને એક કહેશે. કવિ-કળાનો મદ, વાદમાં જીતવાનો મદ. ચર્ચા કરતા કરતાં પોતાની અધિકાઈ બતાવવાનો મદ. આહાહા..! વાદ શબ્દે વાત કરતા કરતાં પોતાની અધિકાઈ બતાવવાનો મદ. બીજાને હિણો પાડવાનો અને પોતાને અધિક (સ્થાપવાનો). આહા..! આવો વાર્તાલાપી. એનો એને ગર્વ. આહાહા..! ભગવાન તો વીતરાગસ્વરૂપ પ્રભુ અંદર છે ત્યાં જઈ નહિ શકે, આવા ગર્વને લઈને. સમજાય છે કાંઈ?

'**શાસ્ત્રકી ટીકા બનાનેકા મદ,...**' આહાહા..! શાસ્ત્રની ટીકા બનાવવાનો મદ. અમને ટીકા આવડે છે, આવી ટીકા કરી દઈએ. ભગવાન! એ તો અક્ષરની કળા છે. ટીકા તો અક્ષરની રચના છે. એમાં તારો વિકલ્પ હોય તો એ તો રાગ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ શાસ્ત્રની ટીકા કરવાનો મદ. '**શાસ્ત્રકે વ્યાખ્યાન કરનેકા મદ,...**' અમે એક કલાક, બે કલાક આવા ભાષણ કરી શકીએ કે લોકોને હલાવી નાખીએ. અરે..! ભગવાન! ભાષણ બોલવું એ તારી શક્તિ ક્યાં છે? આહાહા..! શાસ્ત્રનું વ્યાખ્યાન કરવાનો ગર્વ. એની હલક-ઝલક કરે અંદર. દેશી હોય ને? દેશી. 'ભક્તામરપ્રણીત મૌલિમણિપ્રભાનાં...' આમ કરે. શું છે પણ? પ્રભુ! એ તો શબ્દ છે. આહા..! એની રચના અને એની દેશી અમને આવડે છે. આમ બહારમાં દેખાવ (કરે).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જૂઠી વાત છે. અંદર ગર્વ છે. એ.. 'દેવાનુપ્રિયા'! દેવાનુપ્રિયા સમજો છો? શાસ્ત્રમાં એવી ભાષા આવે છે. મનુષ્યભવ છે એ દેવને વલ્લભ છે. આ મનુષ્યદેહ દેવને

વલ્લભ છે. તો એમ કહે છે, દેવાનુપ્રિય! દેવને વલ્લભ. દેવ મનુષ્યપણું માંગે છે. શ્વેતાંબરમાં એવું બહુ આવે છે. દેવાનુપ્રિય. નોકર હોય તો એમ કહે, દેવાનુપ્રિય! આ કામ કરશો? આ તો માર્ગ, બાપા મીઠાશનો!... આહાહા..!

અહીં કહે છે કે '**શાસ્ત્રકે વ્યાખ્યાન કરનેકા મદ..**' આહાહા..! બહુ વિચિક્ષણતાથી શાસ્ત્ર કહેવાની અમારી શક્તિ છે. ભગવાન! એ ભાષા તો જડની છે, પ્રભુ! આહા..! ભાષાની જડની પર્યાય આત્મા કરી શકે છે? ભાષા જે ઉઠે છે એ તો જડની પર્યાય છે. એ પરમાણુમાં તે ક્ષણમાં ભાષાની પર્યાય થવાનો જન્મક્ષણ છે. પરમાણુઓમાં ભાષા થવાનો જન્મ નામ ઉત્પત્તિનો કાળ છે તો એ ભાષા થાય છે. આહાહા..! સ્વકાળ છે. એમ તો છએ દ્રવ્યમાં, ભગવાન ત્રિલોકનાથ 'પ્રવચનસાર' ૧૦૨ ગાથામાં એમ કહે છે, છએ દ્રવ્યમાં જે સમયે સમયે પર્યાય થાય છે તેની ઉત્પત્તિનો એ કાળ છે. પરથી નહિ. નિશ્ચયથી તો દ્રવ્ય-ગુણથી પણ નહિ. આહાહા..! એક એક ભાષાની પર્યાય, પરમાણુની પર્યાય, આત્માની પર્યાય, નિગોદના જીવની પર્યાય કે સિદ્ધની કેવળજ્ઞાનની પર્યાય... આહાહા..! તે તે સમયમાં ઉત્પન્ન થવાનો તેનો ક્ષણ નામ કાળ છે. આહાહા..! સમજાય છે કાંઈ? તારે કોનું કરવું છે? ભાષા કરવી છે? ભાષાનું આવું તેવું અભિમાન કરવું છે? ક્યાં જવું છે તારે? આહાહા..! સંસારમાં જવું છે?

અહીંયાં કહે છે, પ્રભુ! એકવાર એ ગર્વ છોડ. આહાહા..! ભગવાન પાસે અંદર જાવું છે. ત્રણલોકનો નાથ પરમાત્મા જાગ્રતસ્વરૂપે બિરાજે છે. જાગ્રતસ્વરૂપ એટલે જ્ઞાયકભાવ. ચૈતન્યજ્યોતિ ઝળહળ સૂર્ય ભગવાન પૂર્ણાનંદ ચૈતન્યજ્યોતિ ઝળહળ જ્યોતિથી બિરાજમાન આત્મા ભગવાન છે આત્મા. આહાહા..! પ્રભુ! તારે એમાં જવું હોય, એની સન્મુખ જવું હોય તો આ બધા વિકલ્પના ગર્વ છોડવા પડશે. એ વિના અંદર જઈ શકાશે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? પેલું તમારે આવે છે ને? ઘેલાશાનું. 'ચીમનભાઈ'! તમારે ઘેલાશા હતા ને? દરબારમાં ગયા હતા. વાણિયા હતા. એમના કુટુંબી. ઘેલાશા 'બરવાળા'. દશાશ્રીમાળી વાણિયો હતો પણ કડક રજપુત જેવો. ઘેલાશા કહેતા. દિવાનમાં જાય તો આમ લુગડું બાંધે ને? આમ બેસે. અહીં બાંધીને બેસે. એ વળી કડે બાંધે નહિ, આમ બેસીને આમ બાંધે. એને ટેવ હતી. અહીં બાંધે. એક છેડો અહીં નાખે. એને ટેવ હતી. બીજો ઉઘાડી નાખે, ફટ. દિવાનમાં. પાછો બીજીવાર કરે. એટલું બધું થયેલું પછી એક ફેરી દરબારે હુકમ કર્યો કે આની આંખમાં મરચા ભરો. આંખમાં મરચા ભર્યા. ઘેલાશા વાણિયા હતા. એમના કુટુંબી. આ 'ચીમનભાઈ'ના દાદા. વડદાદા. એના ઈ કુટુંબી છે. 'બરવાળા'. વાણિયો હતો પણ રાજપુત ગરાસિયો, મહા કડક. એની આંખ પણ કડક. એટલો બધો ગર્વ એને કે કોર્ટમાં પણ એમ બેસે. કોણ ના પાડે છે? અંતે એને કેદમાં નાખી દીધો. આ સંસારદશા. આહાહા..!

મુમુક્ષુ :- અભિમાન..

ઉત્તર :- અભિમાન. ઈ તો .. આ તો વાણિયા દશાશ્રીમાળી પણ રાજપુત જેવી

અભિમાન શક્તિ હતી. શરીર પણ એવું. આ ગઢ બનાવ્યો છે ને? 'બરવાળા'માં ગઢ બનાવ્યો છે. પોતાનો ગઢ. શેના ગર્વ? બાપા! આહાહા..!

કહે છે, શાસ્ત્ર બનાવવાનો મદ. એ ચાર પ્રકારના શબ્દનો (મદ). છે ને? ચાર શબ્દ આવ્યા ને? કવિ-કળા, વાદ, શાસ્ત્ર અને વ્યાખ્યાન. એ ચાર શબ્દ આવ્યા. એ શબ્દનો ગર્વ અને ઉપર કહ્યા તે-રસાયણ અને ઋદ્ધિનો ગર્વ. '**ઇત્યાદિ અનેક વિકલ્પ-જાલોંકા ત્યાગરૂપ...**' આહાહા..! પ્રભુ! આ વિકલ્પની જાળ છોડી દે, નાથ! અમે આમ છીએ ને અમે આમ છીએ ને અમને આમ આવડે છે, અમે આમ સમજ્યા છીએ. બહારની ચીજના જાણપણા કરીને અભિમાન (કર્યા). શાસ્ત્રના જ્ઞાનનું અભિમાન કરે એ અજ્ઞાન છે. એ શાસ્ત્રનું જ્ઞાન નહિ, એ ક્યાં જ્ઞાન છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભગવાનની વાણી સાંભળીને જે જ્ઞાન થયું એ પોતાની પર્યાયથી પોતાથી થયું છે. છતાં એ જ્ઞાન નહિ. આહાહા..! કેમકે વાણી નિમિત્ત છે અને પોતાની જ્ઞાનની ક્ષયોપશમ પર્યાય ઉત્પન્ન થઈ એ જ્ઞાન નહિ, અજ્ઞાન છે. પરલક્ષી જ્ઞાન એ અજ્ઞાન છે. આહાહા..! નિજ ભગવાન ચિદાનંદ પ્રભુ, જ્ઞાનની ખાણ, આનંદનો સાગર, શાંતિનું સરોવર પ્રભુ, એમાં ડુબકી માર, જા અંદર. આહાહા..! ઝીણી વાત, બાપુ! શું કહે છે?

મુમુક્ષુ :- જ્યાં સુધી રીતની ખબર ન પડે ત્યાં સુધી કેમ કરવું?

ઉત્તર :- આ કરવું. આહાર-બાહાર ન કરવું. આ બધા કરે છે. તમાકુમાં કેટલા વર્ષ ગાળ્યા? શેઠ! આટલા પૈસા થયા. કરોડ રૂપિયા ઉપર તો કેટલા પૈસા થયા છે. કેટલાક તો કેટલા કરોડ કહેતા હતા, હોં! એક માણસ કહેતો હતો કે છ કરોડ, દસ કરોડ, એમ કંઈક કહેતો હતો. ગમે તેટલા હોય, આ બેય શેઠિયા રહ્યા. એક જણો કહેતો હતો. તમારા ગામમાં બહુ પરિચયવાળો માણસ હતો. એમાં ને એમાં રોકાણા. ત્યાં ને ત્યાં.

મુમુક્ષુ :- આની વાત સાંભળવા...

ઉત્તર :- ધૂળ વાત (સાંભળવી) એ પણ હજી રાગ છે. એ રાગનો રાજીપો છે, પ્રભુ! 'બુલંદશહેર'ના બાદશાહ કહેવાય છે, બેય જણા. નાના-મોટા શેઠ. છે નરમ, હોં! એને ગર્વ નથી. પણ એમાં રોકાઈ ગયા. રળવું.. રળવું.. રળવું. એય..! આમ નરમ માણસ, હોં! આહા..! બેય ભાઈઓ. અહીંયાં તો બહારમાં રોકાવું એ મહા અભિમાન અજ્ઞાન છે, એમ કહે છે. શેઠ! આહાહા..! ટીકાકારે ખુલાસો કર્યો છે.

એ '**ચાર તરહકા શબ્દ-ગૌરવ-સ્વરૂપ ઇત્યાદિ...**' પહેલા કહ્યા ઈ. '**અનેક વિકલ્પ-જાલોંકા ત્યાગરૂપ પ્રચંડ પવન...**' આહાહા..! જેમ અગ્નિ હોય અને પવન હોય તો અગ્નિ બરાબર પ્રજ્વલે. નથી કહેતા? આગ ત્યાં વા. અગ્નિ લાગે ને એમાં જો પવન આવે તો ખુબ પ્રજ્વલે. એમ અહીં કહે છે, પોતામાં એકાગ્ર થવારૂપ જે અગ્નિ છે એમાં પરનો ત્યાગરૂપ પવન છે. વિકલ્પના ત્યાગરૂપી પવન છે. અંતરમાં એકાગ્રતારૂપી અગ્નિ છે. આહાહા..! અરે..! ભગવાન! તેં તારી ચીજની મહિમા ન કરી. પ્રભુ! આહા..! બહુ કર્યું. ધૂળધાણી. સાધુપણું પણ અનંતવાર પાળ્યું. પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ એ બધો રાગ છે. એ

તો રાગ છે. સમજાય છે કાંઈ? આહા..!

**'અનેક વિકલ્પ-જાલોંકા ત્યાગરૂપ પ્રચંડ પવન...'** જુઓ! આહાહા..! એ વિકલ્પનો ત્યાગ એ પ્રચંડ પવન. આહા..! **'ઉસસે પ્રજ્વલિત હુઈ (દહકતી હુઈ) જો નિજ શુદ્ધાત્મતત્ત્વકે ધ્યાનરૂપ અગ્નિકી કણી હૈ,...'** આહાહા..! પરના ત્યાગરૂપી પવન અને અંતરમાં એકાગ્રતારૂપી અગ્નિ. આહાહા..! નિજ શુદ્ધાત્મતત્ત્વની, હોં! ભગવાન કેવળી ને તીર્થંકરની નહિ. એ ભગવાન ને તીર્થંકરનો વિચાર ને ધ્યાન એ તો રાગ છે. આહાહા..! પંચ પરમેષ્ઠીનું સ્મરણ, પંચ પરમેષ્ઠીની ભક્તિ એ તો બધો રાગ છે. નિજ શુદ્ધાત્મતત્ત્વ, એ શબ્દ લીધો છે. આહા..! પોતાનો પ્રભુ. આહાહા..! **'નિજ શુદ્ધાત્મતત્ત્વકે ધ્યાનરૂપ અગ્નિ...'** અંદરમાં એકાગ્રતા, લગની. આહાહા..! ઘણો પ્રયત્ન જોઈએ, ભાઈ! આ કંઈ વાતે વડા થાય એવું નથી. વાતે વડા સમજો છો? અમારે કાઠિયાવાડમાં (કહે છે), વાતું કર્યે વડા થાય? આ વડા કરે છે ને? ભજીયા. ભાષા ફેર હોય. વડા, વડા નથી હોતા? ભજીયા. વાત કરવાથી ભજીયા થઈ જશે? આહાહા..!

કહે છે, નિજ શુદ્ધાત્મતત્ત્વ. ભગવાનને ધ્યાનમાં વિષય બનાવી, ધ્યાનમાં ધ્યેય બનાવી, વસ્તુ જે ભગવાન પૂર્ણ સ્વરૂપ એક એક શક્તિ, એવી અનંતી શક્તિ અને એક એક શક્તિમાં અનંતી શક્તિ, એવો ભગવાન અનંત શક્તિનો સાગર, અનંત શક્તિના સમુદાયનો ડુંગર છે. એમાં એકાગ્રતા. ધ્યાન એટલે અંદર એકાગ્રતા. આહાહા..! **'અગ્નિકી કણી હૈ,...'** અંદરમાં ધ્યાન લગાવવું. એ વિકલ્પથી નથી થતું, એમ કહે છે. આહાહા..! હજી એના ખ્યાલમાં એ માર્ગની રીત-પદ્ધતિ ન આવે, એ માર્ગ કઈ રીતે ગ્રહણ કરે?

અરેરે..! મનુષ્યદેહ ચાલ્યો જાય છે. જે જે સમય, મિનિટ જાય છે એ મૃત્યુની સમીપ જાય છે. મૃત્યુનો સમય નક્કી છે. એ સમયથી જેટલી મિનિટ મિનિટ જાય છે એ મૃત્યુની સમીપ જાય છે. આ જાણે કે હું મોટો થઈને આગળ વધું છું. મા જાણે કે દીકરો મોટો થાય છે. પ્રભુ કહે છે કે એ મૃત્યુની સમીપ જાય છે. આહાહા..! આવી વાત છે, ભાઈ! આહાહા..! અરેરે..! જે દુકાન, જે મકાનમાં બેઠો હોય ત્યાં એ દુકાન ને મકાનની ક્ષેત્રાકાર વૃત્તિ (થઈ જાય). બસ, આહાહા...! એ ગલ્લો, શું કહેવાય ઈ? ગલ્લો. ગલ્લો મોટો હોય. અમારે ન્યાં 'પાલેજ'માં દુકાનમાં મોટો ગલ્લો રાખે છે. એ તો મોટા પૈસાવાળા થયા છે ને. મોટો ગલ્લો ને મોટી ઓલી રાખે. એક દિવસમાં પાંચ-પાંચ હજાર રૂપિયા આવે. ઉઘરાણી નાખે ને એ લોકો. દસ-દસ લાખની ઉઘરાણી નાખે છે. 'પાલેજ'. મોટો ગલ્લો હોય. આહાહા..! એ ગલ્લાને જોઈને જ્ઞાનમાં આકૃતિ ગલ્લારૂપ થઈ જાય. આ મકાન ને સ્ત્રી ને કુટુંબ ને શરીરના સંબંધીઓ, એ કંઈ આત્માના સંબંધી નથી. આત્માને ખબરેય ક્યાં છે? શરીરના સંબંધીઓ. બાયડી, છોકરા, કુટુંબ, મા-બાપ બધા શરીરના સંબંધીઓ. એના ઉપર (લક્ષ કરે) તો આકૃતિ એના રૂપે થઈ જાય. એ હું છું. આહાહા..! જે મકાનમાં રહ્યો હોય, બે-પાંચ-દસ લાખના. આહાહા..! આમાંથી નીકળવું ભારે કઠણ, બાપુ! પોર (ગયા વર્ષે) અમે 'મુંબઈ'માં જે મકાનમાં હતા ને? 'આમોદ'ના 'રમણિકભાઈ' હતા. સીત્તેર લાખનું મકાન.

એક મકાન સીત્તેર લાખનું. આમાંથી નીકળવું કઠણ પડે માણસને. આહાહા..! એની વૃત્તિ થઈ જાય કે આ થાંભલા ને આ આ. આની કોર બારી ને આની કોર હવા આવે છે. અરે..! શું છે? બાપુ! એ સંયોગી ચીજને આકારે તારી વૃત્તિ થાય, બાપુ! તું હણાય ગયો. સમજાય છે કાંઈ? શું કહે છે?

મુમુક્ષુ :- .. પ્રતીતમાં આવે છે કે નહિ?

ઉત્તર :- એને આવવું જોઈએ કે નહિ? આહાહા..! સાંભળનારને આવવું જોઈએ ને, અહીં તો કહે છે. આહાહા..!

'**સમસ્ત પાપોંકો ભસ્મ કર ડાલતી હૈ,...**' આહાહા..! છે? '**જૈસે અગ્નિકી કણી કાઠકે પર્વતકો ભસ્મ કર દેતી હૈ,...**' આહા..! આ મકાન. શું છે પણ? આ તો જગતની ધૂળનું મસાણનું મકાન છે. મસાણમાં જેમ હાડકામાં ફાસફૂસ નથી થતી? બાળકો એમ માને કે ભૂતડું થાય છે. પણ એ તો હાડકામાં ચમક થાય છે. હાડકા પડ્યા હોય ને? એમ આ બધી બહારની હાડકાની ચમક છે. એમાં ક્યાં આત્મા હતો? આ તો પરચીજ છે. આહાહા..! બહારનું આકર્ષણ જગતને-જીવને ચૂકાવી દે છે. બહારની સુંદરતા અને આકર્ષણમાં એનો આત્મા ત્યાં ખેંચાય જાય છે. એને-વિકલ્પને છોડ, પ્રભુ! આહાહા..! તારું કલ્યાણ કરવું હોય, હિત કરવું હોય તો. બાકી તો અનંત કાળથી રખડે છે. આહાહા..! એમાં પણ ત્રસની સ્થિતિ બે હજાર સાગરની છે. ત્રસમાં બે હજાર સાગર રહે. એમાં બે હજાર સાગર પૂરા થયા હશે તો નિગોદમાં ચાલ્યો જશે. બાપુ! એમાં કાંઈ તારું ત્યાં ચાલે એવું નથી. આહાહા..!

'**ઉસી તરહ યહ સમસ્ત પાપોંકો ભસ્મ કર ડાલતી હૈ,** આહાહા..! **અર્થાત્ જન્મ-જન્મકે ઇકટ્ઠે કિયે હુએ કર્મોંકો આધે નિમેષમેં નષ્ટ કર દેતી હૈ,...**' આહાહા..! આ વસ્તુ એટલી છે મહાપ્રભુ કે જેની સન્મુખ થવાથી એક ક્ષણમાત્રમાં કર્મના ગંજ હોય એ બળીને ભસ્મ થઈ જાય છે, એવી એનામાં તાકાત છે. વિશ્વાસ ક્યાં છે એને? વિશ્વાસ ક્યાં છે એને? કેમકે અનાદિ કાળની એક સમયની પર્યાયની રમત છે. પ્રગટરૂપે વ્યક્તરૂપે જે પર્યાય-અવસ્થા છે એમાં એની અનાદિની રમતું છે. પણ એક સમયની પર્યાયની પાછળ મહાપ્રભુ બિરાજે છે, એની એણે કિંમત કરી નહિ. પર્યાયની કિંમત કરી. નવ પૂર્વ ભણ્યો, અગિયાર અંગ ભણ્યો. આહા..!

મુમુક્ષુ :- મહાપ્રભુ ચૈતન્યનો વૈષ્ણવમાં આવે છે.

ઉત્તર :- અહીં આત્મામાં આવે. મહાપ્રભુ, ચૈતન્ય મહાપ્રભુ છે. 'ગીતા'માં આવે છે ને? એની એક ટીકા 'મહાપ્રભુ'એ કરી છે. ખબર છે. આ તો મહાપ્રભુ પોતે ભગવાન મહાપ્રભુ છે. અરે..! એનામાં અનંતી ઈશ્વરતા પડી છે. એનામાં એક પ્રભુતા નામનો ગુણ છે, પ્રભુતા નામની એક શક્તિ છે, જે અખંડ પ્રતાપથી સ્વતંત્રપણે શોભે એવો એ ભગવાન છે. આહાહા..! અરે..! ક્યાં પણ વિશ્વાસ (છે)? આહાહા..! પર્યાયનો વિશ્વાસ, રાગનો વિશ્વાસ, એક દવા ખાય ક્વિનાઈનની તો તાવ મટી જશે, એવો એનો વિશ્વાસ. આહાહા..! પાણી નાખશું તો તૃષા મટી જશે, પેટમાં આહાર નાખશું તો ભૂખ મટી જશે. એનો બધો

વિશ્વાસ. આહાહા..! એક સમયમાં પરમાત્મા પૂર્ણાનંદ પ્રભુ, એ તરફનો વિશ્વાસ કરીને, આહાહા..! ભગવાનને ભરોસે લઈને, ભગવાનનો ભરોસો લઈને ભગવાન તરફ જા. આહાહા..! આ તો 'પરમાત્મપ્રકાશ' છે ને. તું પરમાત્મા જ છો, એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'ઐસી શુદ્ધ આત્મ-ધ્યાનકી સામર્થ્ય જાનકર...'** દેખો! **'ઐસી શુદ્ધ આત્મ-ધ્યાનકી સામર્થ્ય જાનકર ઉસી ધ્યાનકી હી ભાવના સદા કરની ચાહિયે.'** લ્યો. આહાહા..! જેણે આત્માનું હિત કરવું છે.. આહાહા..! ત્યારે અમારે રળવું કે દિ'? સદા (લખ્યું છે). એ જ કરવું. અરે..! સાંભળને હવે કોણ રળતું'તું? **'ઐસી શુદ્ધ આત્મ-ધ્યાનકી સામર્થ્ય જાનકર...'** કેવી? એક ક્ષણમાં ધ્યાન લગાવી અનંત કાળના કર્મ છે એ ભસ્મ થઈ જાય છે. આહાહા..! કર્મ તો અસંખ્ય કાળના જ હોય છે, પણ શાસ્ત્ર એમ બોલે. અનંત કાળના ઉપાર્જેલા કર્મ. 'નિયમસાર'માં પાઠ છે. નહિતર કર્મ છે એ તો અસંખ્ય વર્ષના જ (હોય). સીત્તેર ક્રોડા ક્રોડીના જ કર્મ હોય છે, વિશેષ નહિ. પણ પરંપરા ચાલ્યા આવે છે તેથી એમ કહેવાય છે. 'નિયમસાર'માં છે કે અનંતકાળથી ઉપાર્જેલા કર્મ. એમ. એ ભગવાનઆત્મા પોતાના ભરોસે ચડીને.. આહાહા..! વિશ્વાસે વહાણ ચાલે છે. અંદરનો પૂર્ણાનંદના નાથનો વિશ્વાસ આવતા એને મોક્ષની ગતિ પ્રગટ થાય. મોક્ષનો માર્ગ. આહાહા..!

જ્યાં મતિ ત્યાં ગતિ. એ બે શ્લોકમાં આવી ગયું. જ્યાં મતિ એવી ગતિ. જો તારી મતિ રાગના પ્રેમમાં હોય તો તારી ગતિ નરક અને નિગોદ. આહાહા..! અને તારી મતિ પરમાત્મા પ્રત્યે હોય.. આહાહા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ, મતિ ત્યાં લાગી ગઈ.. આહાહા..! તો મતિ એવી ગતિ. દેહ છૂટીને તારી સિદ્ધગતિ થઈ જશે. કેમ? કે ભગવાન તો અનાદિઅનંત આત્મા છે. હવે જેની મતિ જ્યાં છે ત્યાં ઈ રહેશે. રાગના, પુણ્યના પ્રેમની મતિ છે તો ત્યાં રહીને ભવિષ્યકાળમાં દુઃખી થશે. અને આ બાજુ મતિ ગુલાંટ ખાશે.. આહાહા..! પલટો મારે તો ભવિષ્યમાં એ નિર્મળ પરિણતિમાં જ રહેશે. અને પૂર્ણ પરિણતિ થઈને એને સિદ્ધપદ પ્રાપ્ત થશે. આહાહા..! સમજાય છે કાંઈ? આત્મધર્મની વાતું ઝીણી બહુ, બાપુ! ભગવાને તો આત્માનો ધર્મ કહ્યો છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'ઐસી શુદ્ધ આત્મ-ધ્યાનકી સામર્થ્ય જાનકર ઉસી ધ્યાનકી હી...'** એમ શબ્દ લે છે. આહાહા..! તો ટીકાકારને કોઈ એમ કહે કે તમે તો આમ કહો છો તો આ વિકલ્પ કેમ ઉઠાવો છો? આ કેમ લખો છો? અરે..! સાંભળ તો ખરો. સમજાય છે કાંઈ? કુતર્ક. પાઠ તો એવો લીધો, **'ધ્યાનકી હી ભાવના...'** ભાવના કહેતા હો તો તમે શાસ્ત્ર કેમ બનાવ્યું? અરે..! સાંભળ તો ખરો હવે. સિદ્ધાંત શું છે એ સમજાવે છે. વિકલ્પ ઉઠે છે, ભાષા થાય છે, તેથી શું? સમજાય છે કાંઈ? એ શાસ્ત્રમાં આવ્યું હતું ને? વાણીને ગોપવવાથી આટલો લાભ થાય છે. સંપ્રદાયમાં એ પ્રશ્ન થયો હતો. મહારાજ! વાણી ગોપવવાથી લાભ થાય છે તો આચાર્ય વાણી કરે છે શું કરવા? આ તારો કુતર્ક છે, તને ખબર નથી. એ વખતે એની દૃષ્ટિ અને સિદ્ધાંત શું છે એની ઉપર દૃષ્ટિ છે. વાણી વાણીને કારણે નીકળે છે. આહાહા..! જે એમને

સિદ્ધ કરવું છે એ વાત શું છે, એ વાત લક્ષ ઉપર ન લેતા, વચનને મૌન કરવાથી આ લાભ છે, તો તમે કેમ વચન બોલો છો? (એમ કહે તો તું) કુતર્કી છે. સાંભળવાને લાયક નથી. આહાહા..! સમજાય છે કાંઈ? વિંછીયામાં એક બાઈ હતી ને... લ્યો, આ ૧૧૪ ગાથા થઈ.

ઓહોહો..! એકે પૂરું છે. બાર અંગનો સાર આ છે. બાર અંગ ભણી ભણીને પણ કરવાનું તો સ્વરૂપમાં એકાગ્રતા કરવી એ છે. બાર અંગમાં કહ્યું પણ એ છે. તારી ચીજની અનુભૂતિ કર. આહા..! ભગવાન આનંદના નાથને અનુસરીને તું થા. અનુ નામ અનુસરીને, ભૂતિ-થાઓ. રાગને અનુસરીને થાય છે એ તો અનંત કાળથી થયું. એ તો નરક અને નિગોદનું કારણ છે. એ કહે છે ને? 'એકવાર વંદે જો કોઈ, નરક પશુગતિ ન હોઈ.' સમેદશીખરની (મહિમામાં આવે છે). એકવાર વંદે એમાં શું થયું? એમ કે નરક, પશુ (ન થાય). વર્તમાન શુભભાવ હોય તો નરક, પશુમાં ન જાય. ભલે સ્વર્ગમાં જાય, પણ પછી નરક ને નિગોદમાં જાશે. સમજાય છે કાંઈ? તત્ત્વની કાંઈ ખબર નહિ.

'શ્રેણિક' રાજા અત્યારે નરકમાં નારકીપણે છે. ક્ષાયિક સમકિત. સમયે સમયે તીર્થંકર ગોત્ર બાંધે છે. નરકમાં! આહાહા..! બહારનો સંયોગ.. સમજાય છે? પીડાના સંયોગ. જેટલો રાગ છે એટલું ત્યાં પર તરફ લક્ષ જાય છે એ દુઃખ છે. અંતરમાં સુખની ગટાગટી થાય છે. એ આવ્યું ને? 'ચિનમૂરતિ દગધારીકી મોહે લાગી લગત અટાપટી' નરકના દુઃખ બહારથી ભોગવે પણ અંદર સુખની ગટાગટી. આહા..! માર્ગ બહુ જુદા, બાપુ! આહાહા..! દૃષ્ટિ અંદર છે, પૂર્ણાનંદના નાથનો સ્વીકાર છે. પર્યાયબુદ્ધિ ઉડી ગઈ છે. આહાહા..! એ પણ નહિ. હું તો ત્રિકાળી પૂર્ણાનંદનો નાથ છું, એવી અંતર દૃષ્ટિમાં વિશ્વાસ અનુભવમાં આવી ગયો. ગૃહસ્થાશ્રમમાં રહ્યા હતા, રાજકુટુંબમાં રહ્યા હતા. હજારો રાણી (હતી). પણ અંદરમાં નિર્લેપ. જેમ નાળિયેરનો ગોટો અંદર કાચલીમાં છૂટો રહે. આહાહા..!

એમ અહીંયાં કહે છે, પ્રભુ! એકવાર લગની તો લગાવી દે. આહાહા..! એમ કહે છે, કે '**ધ્યાનકી હી ભાવના સદા કરની ચાહિયે.**' એ તરફની દૃષ્ટિ સદા રાખવી જોઈએ, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ૧૧૪ થઈ. ૧૧૫.

---

**अथ हे जीव चिन्ताजालं मुक्त्वा शुद्धात्मस्वरूपं निरन्तरं पश्येति निरूपयति –**

**११५) मेल्लिवि सयल अवक्खडी जिय णिच्चिंतउ होइ।**
**चित्तु णिवेसहि परमपए देउ णिरंजणु जोइ।।११५।।**

**मुक्त्वा सकलां चिन्तां जीव निश्चिन्तः भूत्वा।**
**चित्तं निवेशय परमपदे देवं निरञ्जनं पश्य।।११५।।**

**मेल्लिवि इत्यादि। मेल्लिवि मुक्त्वा सयल समस्तं अवक्खडी देशभाषया चिन्तां जिय हे जीव णिच्चिंतउ होइ निश्चिन्तो भूत्वा। किं कुरु। चित्तु णिवेसहि चित्तं निवेशय धारय। क्व। परमपए निजपरमात्मपदे। पश्चात् किं कुरु। देउ णिरंजणु जोइ देवं निरञ्जनं पश्येति। तद्यथा। हे**

जीव दृष्टश्रुतानुभूतभोगाकांक्षास्वरूपपापध्यानादि समस्तचिन्ताजालं मुक्त्वा निश्चिन्तो भूत्वा चित्तं परमात्मस्वरूपे स्थिरं कुरू, तदनन्तरं भावकर्मद्रव्यकर्मनोकर्माञ्जनरहितं देवं परमाराध्यं निजशुद्धात्मानं ध्यायेति भावार्थः। अपध्यानलक्षणं कथ्यते – 'बन्धवधच्छेदादेर्द्वेषाद्रागाच्च परकलत्रादेः। आर्तध्यानमपध्यानं शासति जिनशासने विशदाः।।'।।११५।।

आगे हे जीव, चिंताओंको छोड़कर शुद्धात्मस्वरूपको निरंतर देख, ऐसा कहते हैं –

गाथा – ११५

अन्वयार्थ :– [ हे जीव ] हे जीव [ सकलां ] समस्त [ चिन्तां ] चिंताओंको [ मुक्त्वा ] छोड़कर [ निश्चिन्तः भूत्वा ] निश्चित होकर तू [ चित्तं ] अपने मनको ] परमपदे ] परमपदमें [ निवेशय ] धारण कर, और [ निरंजनं देवं ] निरंजनदेवको [ पश्य ] देख।

भावार्थ :– हे हंस, (जीव) देखे सुने और भोगे हुए भोगोंकी वांछारूप खोटे ध्यान आदि सब चिंताओंको छोड़कर अत्यंत निश्चिंत होकर अपने चित्तको परमात्मस्वरूपमें स्थिर कर। उसके बाद भावकर्म, द्रव्यकर्म, नोकर्मरूप अंजनसे रहित जो निरंजनदेव परम आराधने योग्य अपना शुद्धात्मा है, उसका ध्यान कर। पहले यह कहा था कि खोटे ध्यानको छोड़, सो खोटे ध्यानका नाम शास्त्रमें अपध्यान कहा है। अपध्यानका लक्षण कहते हैं। 'बंधवधेत्यादि' उसका अर्थ ऐसा है कि निर्मल बुद्धिवाले पुरुष जिन–शासनमें उसको अपध्यान कहते हैं, जो द्वेषसे परके मारनेका बाँधनेका अथवा छेदनेका चिंतवन करे, और रागभावसे परस्त्री आदिका चिंतवन करे। उस अपध्यानके दो भेद हैं, एक आर्त दूसरा रौद्र। सो ये दोनों ही नरक, निगोदके कारण हैं, इसलिये विवेकियोंको त्यागने योग्य हैं।।११५।।

હવે, હે જીવ ! ચિંતાજાળનો ત્યાગ કરીને શુદ્ધાત્મસ્વરૂપને તું નિરંતર દેખ, એમ કહે છે :

ભાવાર્થ :– હે જીવ ! દેખેલા, સાંભળેલા અને અનુભવેલા ભોગોની આકાંક્ષાસ્વરૂપ અપધ્યાનાદિ સમસ્ત ચિંતાજાળને છોડીને, નિશ્ચિંત થઈને ચિત્તને પરમાત્મસ્વરૂપમાં સ્થિર કર, અને ભાવકર્મ, દ્રવ્યકર્મ, અને નોકર્મરૂપ અંજન રહિત પરમ આરાધ્ય એવો દેવ જે નિજ શુદ્ધાત્મા છે તેનું ધ્યાન કર.

અપધ્યાનનું સ્વરૂપ કહે છે : 'बन्धवधच्छेदादेर्द्वेषाद्रागाच्च परकलत्रादेः। आर्तध्यानमपध्यानं शासति जिनशासने विशदाः।।' (શ્રી રત્નકરંડશ્રાવકાચાર ગાથા ૭૮) (અર્થ : દ્વેષભાવથી પરનાં વધબંધનછેદનાદિનું ચિંતવન કરવું અને રાગભાવથી પરસ્ત્રીઆદિનું ચિંતવન કરવું તેને જિનશાસનમાં વિચક્ષણ પુરુષો (જ્ઞાતા પુરુષો) આર્તધ્યાન કહે છે. ૧૧૫.

## ગાથા-૧૧૫ ઉપર પ્રવચન

૧૧૫. '**આગે હે જીવ, ચિંતાઓંકો છોડકર...**' 'યોગીન્દ્રદેવ' કહે છે. મુનિ છે, ભાવલિંગી સંત છે, આનંદકંદમાં ઝુલે છે. જરી વિકલ્પ આવ્યો છે તો શાસ્ત્રરચના થઈ ગઈ. થઈ ગઈ, એમણે બનાવ્યું નથી. આહાહા..! કેમકે શાસ્ત્રનો એક અક્ષર અનંત પરમાણુની રચના છે. તો અનંત પરમાણુની પર્યાય થાય એમાં આત્મા શું કરે? એક 'ક'માં અનંત પરમાણુનો સ્કંધ છે. ક. એ પરમાણુની પર્યાય છે, આત્માની નહિ. આત્માથી બનતી નથી. આહાહા..! સમજાય છે કાંઈ? તો કહે છે કે, એ ચિંતાને છોડીને '**શુદ્ધાત્મસ્વરૂપકો નિરંતર દેખ,...**' મતિને ત્યાં લગાવી દે. પછી ભલે વિકલ્પ હો, બીજું બધું હો. આહાહા..!

**११५) मेल्लिवि सयल अवक्खडी जिय णिच्चिंतउ होइ।**
**चित्तु णिवेसहि परमपए देउ णिरंजणु जोइ।।११५।।**

**અન્વયાર્થ :-** '**હે જીવ સમસ્ત ચિંતાઓંકો છોડકર નિશ્ચિત હોકર...**' '**निश्चिन्तः भूत्वा**' '**નિશ્ચિત હોકર તૂ અપને મનકો...**' '**परमपदे**' પરમાત્મા ભગવાન નિજસ્વરૂપ '**પરમપદમેં ધારણ કર...**' આહા..! સિદ્ધ અને પરમાત્મા એ નહિ, અહીં તો આ પરમપદ પોતે. આહા..! એક સમયની પર્યાય વ્યક્ત છે. દ્રવ્યસ્વભાવ એ પર્યાયની અપેક્ષાએ અવ્યક્ત છે. પર્યાયમાં દ્રવ્ય આવ્યું નહિ. એ અપેક્ષાએ અવ્યક્ત છે. પણ દ્રવ્ય દ્રવ્ય તરીકે વ્યક્ત નામ પ્રગટ છે. અરે..! આ શું? સમજાય છે કાંઈ? અને જ્ઞાનની એક સમયની પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન થાય છે પણ પર્યાયમાં દ્રવ્ય નથી આવતું. પર્યાયમાં પૂર્ણાનંદનો નાથ, એની જેટલી શક્તિ સત્ત્વ છે, એનું જ્ઞાન પર્યાયમાં આવે છે. દ્રવ્યસ્વભાવની જેટલી શક્તિ છે તેટલું જ્ઞાન થાય છે. પણ એ જ્ઞાનની પર્યાયમાં એ દ્રવ્ય આવ્યું નહિ. સમજાય છે કાંઈ?

અહીં કહે છે, મતિને '**પરમપદમેં ધારણ કર,..**' આહાહા..! તારી પર્યાયમાં આખો ભગવાન તને દેખાશે. આહાહા..! છતાં એ પર્યાયમાં દ્રવ્ય નહિ આવે. પરમપદ છે ઈ પર્યાયમાં નહિ આવે. પણ પરમપદનું સ્વરૂપનું જે જ્ઞાન, એ જ્ઞાન અહીંયાં આવશે, પૂરેપુરું જ્ઞાન પર્યાયમાં આવશે. આહા..! સમજાય છે કાંઈ? '**ઔર નિરંજનદેવકો દેખ.**' આહાહા..! અનાવરણી ચીજ ભગવાન, નિર્લેપ ચીજ, જેને નિમિત્ત, આવરણ પણ નથી. આવરણ તો વર્તમાન પર્યાયની સાથે નિમિત્ત સંબંધ છે. દ્રવ્યમાં આવરણ નથી. આહાહા..! નિરાવરણ પરમાત્મા ત્યાં બિરાજે છે. આહા..!

આ બરફની પાટું નથી હોતી? 'મુંબઈ'માં. બરફ.. બરફની પાટું પચીસ-પચીસ મણની ખટારામાં ખુલ્લી લઈ જાય. 'મુંબઈ' જઈએ ત્યારે ઘણી જોઈ છે. પચીસ-પચીસ મણની પાટ. આહાહા..! એકલો બરફનો પિંડ. એમ ભગવાન એકલી શાંતિનો પિંડ મોટો બરફ છે. શાંતરસનો પિંડ છે. અરે..! પણ કેમ (બેસે)? કોઈ દિ' એણે વિચારેય કર્યો નથી. એ પાટ

તો બરફની છે. આખી ઠંડી.. ઠંડી.. ઠંડી.. પણ એ તો જડ છે. ભગવાન ઠંડો શાંતરસ મૂળ પ્રભુ આખો. આહાહા..! ત્યાં મતિને ધારણ કર. સમજાય છે કાંઈ?

'**નિરંજનદેવકો દેખ.**' આહાહા..!

ભાવાર્થ :- 'હે **હંસ...**' શબ્દ લીધો છે. પોતે નાખ્યું છે. હંસલો છે પ્રભુ. આહાહા..! હંસની ચાંચમાં ખટાશ હોય છે. દૂધ અને પાણી ભેગા કરીને આપે, એમાં ચાંચ નાખે તો દૂધનો માવો થઈ જાય અને પાણી નીકળી જાય. એમ ભગવાન! તારી પરિણતિમાં એવી તાકાત છે કે એ પરિણતિ અંદર ઢળી તો માવો થઈ જાય અને રાગાદિ જળ ભિન્ન થઈ જાય. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, ભાદરવા વદ ૫, સોમવાર
## તા. ૧૩-૦૯-૧૯૭૬, ગાથા-૧૧૫, ૧૧૬ પ્રવચન નં. ૮૯

'પરમાત્મપ્રકાશ' ૧૧૫ ગાથા. ભાવાર્થ :- 'હે **હંસ,...**' જીવને હંસ કરીને બોલાવ્યો છે. હંસ જેમ દૂધ અને પાણી એકઠા હોય એને જુદા કરી નાખે અને દૂધ પીવે છે. દૂધ અને જળ એક સ્થાનમાં હોય તો દૂધનો માવો કરીને ખાય જાય છે અને પાણી જુદું પડી જાય છે. એમ હે જીવ! '**દેખે સુને ઔર ભોગે હુએ ભોગોંકી વાંછારૂપ ખોટે ધ્યાન આદિ સબ ચિંતાઓકો છોડકર અત્યંત નિશ્ચિંત હોકર અપને ચિત્તકો પરમાત્મસ્વરૂપમેં સ્થિર કર.**' આહાહા..! આ તો સમ્યગ્દર્શન પામવાની પ્રથમ રીત આ છે. એ વિના વ્રત ને તપ જે કરે છે એ બધા નિરર્થક ચાર ગતિમાં રઝળવાની વસ્તુ છે. પહેલા સમ્યગ્દર્શન ચોથું ગુણસ્થાન.. આહાહા..! કઈ રીતે પ્રાપ્ત થાય, એ વાત ચાલે છે.

'**અપને ચિત્તકો પરમાત્મસ્વરૂપમેં સ્થિર કર.**' આહાહા..! શુદ્ધ ચૈતન્યઘન અદ્વિતીય અતીન્દ્રિય સુખરૂપ પ્રભુ, એમાં ધ્યાન કરીને ત્યાં સ્થિર થા. આહા..! સમજાય છે કાંઈ? પ્રથમમાં પ્રથમ આ કર્તવ્ય છે. એ કોઈ વ્રત ને તપ ને નિયમ કર્યે આ પ્રગટ થાય એ ચીજ નથી. એ બધી ક્રિયા તો વિકલ્પ, રાગ છે. સમજાય છે કાંઈ? ભગવાન પરમાત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આનંદદળનું ધ્યાન, ધ્યેય બનાવીને તેમાં લીન થવું એ પરમાત્મા-આત્માની પ્રાપ્તિનો ઉપાય છે. આ વાત છે, ભાઈ! આહા..! સમજાય છે કાંઈ? '**પરમાત્મસ્વરૂપમેં સ્થિર કર.**'

'**ઉસકે બાદ ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મરૂપ અંજનસે રહિત...**' તારો ભગવાન તો અંદર નિરંજનસ્વરૂપ છે. નિરંજન નામ જડકર્મથી રહિત. પહેલા ભાવકર્મ લીધું છે. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ ભાવકર્મ-રાગ છે. આહાહા..! એ રાગને છોડીને અને દ્રવ્યકર્મ ને નોકર્મ-શરીર, એ અંજન છે-મેલ છે. આહાહા..! આ

પર્યાયમાં જેટલા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ ઉત્પન્ન થાય છે, એ બધા મેલ છે, અંજન છે. એ અંજનથી રહિત ભગવાન નિરંજન છે. આહાહા..! સમજાય છે કાંઈ? ક્યા ભગવાન? આ ભગવાન. ભગવાન તો નિર્મળ થઈ ગયા, એમાં શું? આહાહા..!

મુમુક્ષુ :- ભગવાનની વાત નથી આ સ્વભગવાનની વાત છે.

ઉત્તર :- આ આત્માની વાત છે. આ ભગવાનભાઈની અંદરની વાત છે. આહાહા..!

કહે છે કે.. છે ને? '**નિરંજનદેવ પરમ આરાધને યોગ્ય...**' દેખો! '**અપના શુદ્ધાત્મા હૈ,...**' આહાહા..! ભગવાન નિરંજન પુણ્ય અને પાપના અંજન નામ મેલ, કર્મ અને શરીરરૂપી અંજનથી ભિન્ન છે. આહાહા..! ભગવાન સમ્યગ્દર્શન પામવાની ચીજ જે છે એ તો પરમાત્મા નિરંજન આનંદકંદ પ્રભુ છે. આહાહા..! એ શુદ્ધાત્મા છે, '**ઉસકા ધ્યાન કર.**' છે? એ ભગવાન નહિ. ભગવાન સાક્ષાત્ પરમાત્મા આત્મા છે. એ બેસે કેમ? વિશ્વાસ નહિ. કદી સાંભળ્યું નથી અને સાંભળ્યું હોય તો વિશ્વાસ બેસે નહિ. આહા..! સાંભળ્યું જ નથી. અત્યારે તો સાંભળવા જ મળતું નથી. અત્યારે તો આ વ્રત કરો ને અપવાસ કરો ને પડિમા ધારણ કરો. ધૂળ છે બધી, એ તો રાગ છે.

મુમુક્ષુ :- કરવું કે ન કરવું?

ઉત્તર :- આ કરવું. ઈ કરવું તો ઝેર છે. રાગની ક્રિયા એ તો ઝેરની ક્રિયા છે. આ તો અમૃતના સાગરની ક્રિયા છે. ઈ વાત લે છે. લ્યો, 'ભગવાનદાસ' ને 'સાગર'ના રહેવાસી છે. આ ભગવાન અનંત આનંદસાગર આત્મા છે. ચાહે તો શાસ્ત્રના ભણતર હો, કે ગમે તે નવ તત્ત્વના ભેદસહિત એનું જ્ઞાન કર્યું હોય પણ એ કોઈ સમ્યગ્જ્ઞાન નહિ. આહાહા..! ચાર અનુયોગ ભણ્યો હોય, કરોડો અબજો શ્લોક (કંઠસ્થ હોય), એ કોઈ સમ્યગ્જ્ઞાન નહિ. ભગવાન પુણ્ય-પાપના અંજનથી રહિત એવા પરમાત્માનું ધ્યાન કરીને એકાગ્ર થાય, એનું નામ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ કહ્યું ને?

'**ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ...**' નોકર્મ એટલે શરીર, વાણી. દ્રવ્યકર્મ એટલે આઠ જડ કર્મ. ભાવકર્મ એટલે દયા, દાનાદિ વિકલ્પો. હિંસા, જૂઠું, ચોરી આદિના વિકલ્પો. એ '**અંજનસે રહિત નિરંજનદેવ...**' ભગવાન નિરંજનદેવ અંદર આત્મા છે. આહાહા..! આવો દેવ '**પરમ આરાધને યોગ્ય...**' છે. આહાહા..! અંતર્મુખ થઈને એની સેવા કરવા લાયક છે. આહાહા..! ભારે વાતું, ભાઈ! હજી તો સમ્યગ્દર્શન કઈ રીતે થાય એની વાત છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન વિના આઠ ને દસ ને અગિયાર પડિમા લઈ લીધી. એકડા વિનાના મીંડા છે બધા. મિથ્યાત્વ છે ત્યાં તો. આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાન નિરંજનદેવ પરમાત્મા, એવો જે તારો શુદ્ધાત્મા, એ તરફ સન્મુખ થઈ ધ્યાન લગાવી અંદરમાં સ્થિર થા. તો એને સમ્યગ્દર્શન થશે. આહાહા..! સમજાય છે કાંઈ? છે? '**ઉસકા ધ્યાન કર.**'

'**પહલે યહ કહા થા કિ ખોટે ધ્યાનકો છોડ, સો ખોટે ધ્યાનકા નામ શાસ્ત્રમેં અપધ્યાન કહા હૈ. અપધ્યાનકા લક્ષણ કહતે હૈં. ' बंधवधेत्यादि' ઉસકા અર્થ ઐસા હૈ કિ નિર્મલ બુદ્ધિવાલે પુરુષ જિન-શાસનમેં ઉસકો અપધ્યાન કહતે હૈં, જો દ્વેષસે મારનેકા બાંધનેકા**

**અથવા છેદનેકા ચિંતવન કરે, ઔર રાગભાવસે પરસ્ત્રી આદિકા ચિંતવન કરે.**' અરે..! રાગભાવથી મહાવ્રતના પરિણામ આદર કરે. એ બધા અપધ્યાન છે. આહાહા..! સમજાય છે કાંઈ? રાગનું થવું એ જ અપધ્યાન છે. અપધ્યાન નામ માઠું ધ્યાન. આહાહા..!

મુમુક્ષુ :- આર્ત, રૌદ્ર બંને આવી ગયા?

ઉત્તર :- આર્ત, રૌદ્ર ધ્યાન આવી ગયા. એ પંચ મહાવ્રતના ભાવ, બાર વ્રતના ભાવ એ રાગ છે, એ આર્તધ્યાન છે. લોકોને કંઈ સત્યની ખબર નહિ. આહાહા..! એ આર્તધ્યાન છે. આત્માની શાંતિ આર્ત નામ પીડાય છે. સમજાય છે કાંઈ? તલ જેમ ઘાણીમાં પીલાય છે એમ ભગવાન ચૈતન્ય ભાવપ્રાણ અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતદર્શન ને અનંતવીર્ય, એવા જે પોતાની શક્તિરૂપ ભાવપ્રાણ છે, એ રાગ થતાં એ ભાવપ્રાણની હિંસા થાય છે.

'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં તો 'અમૃતચંદ્રાચાર્યદેવે' એ કહ્યું, કે રાગનું થવું એ જ હિંસા છે. પરની હિંસા કોણ કરી શકે છે? આહાહા..! 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'. એમને કંઠસ્થ છે. હિંસા. આહાહા..! રાગનું ઉત્પન્ન થવું.. આહાહા..! એ નિરંજનદેવ પરમાત્માની અંદર હિંસા થાય છે. ત્યાં શાંતિ હણાય છે. આ ગજબ વાત, માર્ગ, પ્રભુ! વીતરાગમાર્ગ એવી ચીજ છે. આહાહા..!

'**ઉસ અપધ્યાનકે દો ભેદ હૈં, એક આર્ત ઔર દૂસરા રૌદ્ર. સો યે દોનોં હી નરક, નિગોદકે કારણ હૈં,...**' આહાહા..! સમજાય છે કાંઈ? અને ધર્મધ્યાન એને કહે છે, આનંદસ્વરૂપમાં લીનતા થવી એ ધર્મધ્યાન છે. આહાહા..! ધર્મ નામ વસ્તુનો સ્વભાવ, આનંદ ને જ્ઞાન વસ્તુનો સ્વભાવ. વત્થુ સહાવો ધમ્મો. એ વસ્તુનો જે સ્વભાવ આનંદ ને શુદ્ધ ચૈતન્યઘન (છે) એમાં એકાગ્રતા થવી એનું નામ નિશ્ચય-સાચું ધર્મધ્યાન કહેવાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**ઇસલિયે વિવેકિયોંકો ત્યાગને યોગ્ય હૈં.**' આહાહા..! શુભ-અશુભભાવનું ધ્યાન ધર્મીએ ત્યાગવાયોગ્ય છે. ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ? અંતર ભગવાન ચૈતન્યબિંબ પ્રભુ, એના દર્શન કરવા હોય તો-એની પ્રતીતિ કરવી હોય તો, એ શુદ્ધ ચૈતન્ય ભગવાનમાં એકાગ્ર થાય તો એના દર્શન થાય છે. આહાહા..!

મુમુક્ષુ :- પહેલા તો અંદર કચરો સાફ કરવો પડશે.

ઉત્તર :- કચરો-બચરો શું? રાગ છે ઈ કચરો છે. રાગ છે એની માન્યતા-રાગ મારી ચીજ છે, એ જ મિથ્યાત્વનો કચરો છે. આહાહા..! રાગની ક્રિયાથી મને લાભ થશે, એ જ મિથ્યાત્વનો મોટો કચરો છે, અહીં તો ઈ કહે છે. આહા..! શું થાય? દુનિયા અનાદિથી લુંટાઈ ગઈ છે. અને માને છે કે અમે કંઈક ધર્મ કરીએ છીએ. શું થાય? આહાહા..!

અહીં આચાર્ય એ કહે છે, વિવેકિયોએ તો એ વિકલ્પ, જે રાગાદિ છે એ ત્યાગવા યોગ્ય છે. આહાહા..! એ ૧૧૫ થઈ. હવે ૧૧૬.

अथ शिवशब्दवाच्ये निजशुद्धात्मनि ध्याते यत्सुखं भवति तत्सूत्रत्रयेण प्रतिपादयति –

११६) जं सिव-दंसणि परम-सुहु पावहि झाणु करंतु।
तं सुहु भुवणि वि अत्थि णवि मेल्लिवि देउ अणंतु।।११६।।
यत् शिवदर्शने परमसुखं प्राप्नोषि ध्यानं कुर्वन्।
तत् सुखं भुवनेऽपि अस्ति नैव मुक्त्वा देवं अनन्तम्।।११६।।

जमित्यादि। पदखण्डनारूपेण व्याख्यानं क्रियते-जं यत् सिवदंसणि स्वशुद्धात्मदर्शने परमसुहु परमसुखं पावहि प्राप्नोषि हे प्रभाकरभट्ट। किं कुर्वन् सन्। झाणु करंतु ध्यानं कुर्वन् सन् तं सुहु तत्पूर्वोक्तसुखं भुवणि वि भुवनेऽपि अत्थि णवि अस्ति नैव। किं कृत्वा। मेल्लिवि मुक्त्वा। कम्। देउ देवम्। कथंभूतम्। अणंतु अनन्तशब्दवाच्यपरमात्मपदार्थमिति। तथाहिशिवशब्देनात्र विशुद्धज्ञानस्वभावो निजशुद्धात्मा ज्ञातव्यः तस्य दर्शनमवलोकनमनु-भवनं तस्मिन् शिवदर्शने परमसुखं निजशुद्धात्मभावनोत्पन्नवीतरागपरमाह्लादरूपं लभसे। किं कुर्वन् सन्। वीतरागनिर्विकल्पत्रिगुप्तिसमाधिं कुर्वन्। इत्थंभूतं सुखं अनन्तशब्दवाच्यो योऽसौ परमात्मपदार्थस्तं मुक्त्वा त्रिभुवनेऽपि नास्तीति। अयमत्रार्थः। शिवशब्दवाच्यो योऽसौ निजपरमात्मा स एव रागद्वेषमोहपरिहारेण ध्यातः सन्ननाकुलत्वलक्षणं परमसुखं ददाति नान्यः कोऽपि शिवनामेति पुरुषः।।११६।।

---

आगे शिव शब्दसे कहे गये निज शुद्ध आत्माके ध्यान करने पर जो सुख होता है, उस सुखको तीन दोहा-सूत्रोंमें वर्णन करते हैं –

**गाथा – ११६**

अन्वयार्थ :– [ यत् ] जो [ ध्यानं कुर्वन् ] ध्यान करता हुआ [ शिवदर्शने परमसुखं ] निज शुद्धात्माके अवलोकनमें अत्यंत सुख [ प्राप्नोषि ] हे प्रभाकर, तू पा सकता है, [ तत् सुखं ] वह सुख [ भुवने अपि ] तीनलोकमें भी [ अनन्तम् देवं मुक्त्वा ] परमात्म द्रव्यके सिवाय [ नैव अस्ति ] नहीं है।

भावार्थ :– शिव नाम कल्याणका है, सो कल्याणरूप ज्ञानस्वभाव निज शुद्धात्माको जानो, उसका जो दर्शन अर्थात् अनुभव उसमें सुख होता है, वह सुख परमात्माको छोड़ तीनलोकमें नहीं है। वह सुख क्या है ? जो निर्विकल्प वीतराग परम आनंदरूप शुद्धात्मभाव है, वही सुखी है। क्या करता हुआ यह सुख पाता है कि तीन गुप्तिरूप परमसमाधिमें आरूढ़ हुआ सता ध्यानी पुरुष ही उस सुखको पाता है। अनंत गुणरूप आत्म-तत्त्वके बिना वह सुख तीनों लोकके स्वामी इन्द्रादिको भी नहीं है। इस कारण सारांश यह निकला कि शिव नामवाला जो निज शुद्धात्मा है, वही राग-द्वेष मोहके त्यागकर ध्यान किया गया आकुलता रहित परम सुखको देता है। संसारी जीवोंके जो इन्द्रियजनित सुख है, वह आकुलतारूप है, और आत्मीक

**अतीन्द्रियसुख आकुलता रहित है, सो सुख ध्यानसे ही मिलता है, दूसरा कोई शिव या ब्रह्मा या विष्णु नामका पुरुष देनेवाला नहीं है। आत्माका ही नाम शिव है, विष्णु है, ब्रह्मा है।।११६।।**

**હવે, 'શિવ' શબ્દથી વાચ્ય એવા નિજશુદ્ધાત્માનું ધ્યાન કરતાં, જે સુખ થાય છે તેનું કથન ત્રણ ગાથાસૂત્રોથી કરે છે :**

**ભાવાર્થ :- અહીં, 'શિવ' શબ્દથી વિશુદ્ધજ્ઞાનસ્વભાવવાળો નિજશુદ્ધાત્મા જાણવો. વીતરાગ નિર્વિકલ્પ ત્રિગુપ્તિયુક્ત સમાધિને કરતો થકો તું શિવદર્શનમાં અર્થાત્ તેનું દર્શન અવલોકન-અનુભવન-તેમાં નિજશુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન વીતરાગ પરમ આહ્‌લાદરૂપ પરમ સુખ તું પામી શકે તેવું સુખ, 'અનંત' શબ્દથી વાચ્ય એવો જે આ પરમાત્મપદાર્થ છે તેને છોડીને, ત્રણ ભુવનમાં (ક્યાંય પણ) નથી.**

**અહીં, એ અર્થ છે કે 'શિવ' શબ્દથી વાચ્ય એવો જે નિજપરમાત્મા છે તે જ રાગદ્વેષમોહના ત્યાગ વડે ધ્યાન કરવામાં આવતાં, અનાકુળતા જેનું લક્ષણ છે એવા પરમસુખને આપે છે; બીજો કોઈ 'શિવ' નામનો પુરુષ પરમસુખને આપતો નથી. ૧૧૬.**

## ગાથા-૧૧૬ ઉપર પ્રવચન

'**આગે શિવ શબ્દસે કહે ગયે નિજ શુદ્ધ આત્માકે...**' લ્યો, ઠીક! શિવનું ધ્યાન. એ શિવ એટલે શું? એ શિવ-શંકર નહિ, એ મહાદેવ નહિ. મહાદેવ આ આત્મા છે. શુદ્ધ આનંદકંદ પ્રભુ, નિરાકુળ શાંતિનો રસકંદ, એ નિજ શુદ્ધાત્માને અહીં શિવ કહેવામાં આવે છે. આહાહા..! '**શિવ શબ્દસે કહે ગયે નિજ શુદ્ધ આત્મા...**' ભગવાન નિર્મળ શુદ્ધ પવિત્રનો પિંડ એ તો પ્રભુ છે. આહાહા..! દયા, દાન, ભક્તિના વિકલ્પનો પણ જેમાં અભાવ છે. આહાહા..! એવો પોતાનો નિરંજન શુદ્ધાત્માને શિવ કહે છે. આ દુનિયા એ શંકરને શિવ કહે છે એ નહિ. સમજાય છે કાંઈ?

નમોત્થુણંમાં આવે છે, પણ પરિચય નહિ ને. '**शिवमलयमरुयमणंत**' આવે છે ને? એ આમાં પણ છે, પણ આ લોકોને સામાયિકનો પરિચય નથી. સામાયિક છે આપણે દિગંબરમાં. એમાં નમોત્થુણં આવે છે. '**नमोत्थुणं, अरिहंताणं, भगवंताणं, आईगराणं, तित्थयराणं**' એ શ્વેતાંબરમાં એનો પરિચય વધારે છે, આપણા દિગંબરમાં નથી. સામાયિક કરે ત્યારે બોલે આ. પહેલી સામાયિક કરે ને? ત્યારે પહેલા ણમો અરિહંતાણ, પછી તિક્‌ખુત્તો પછી છેલ્લે નમોત્થુણં આવે. નમોસ્તુ! '**अरिहंताणं, भगवंताणं, आईगराणं, तित्थयराणं**' ધર્મની આદિ કરનારા ભગવાન તીર્થંકર. અરિહંતાણં, જેણે વિકારરૂપી અરિ નામ દુશ્મનને ટાળ્યા છે. '**भगवंताणं**' જે ભગવાનસ્વરૂપ છે, એવો પાઠ છે. તીર્થના કરનારા છે. એમાં છેલ્લે આવ્યું છે. '**शिवमलयमरुयमणंतमक्खयमव्वाबाहमपुणरावित्ति**' આવે છે કે

નહિ? 'ટોળિયા'! કર્યું હતું? ઈ તો કર્યું જ હોય ને. એ સામાયિકમાં પાઠ આવે છે ને. ણમો અરિહંતાણં, ઈચ્છામી પડિકમ્મા, તસ્સઉતરી, લોગસ્સ, કરેમિભંતે અને નમોત્થુણં. એમ સામાયિક કરે ત્યારે આઠ પાઠ બોલે. કર્યું છે કે નહિ તમે? તમારે ન હોય, દિગંબરમાં નથી. શ્વેતાંબરને હંમેશા હોય. આપણે દિગંબરમાં એ પાઠ છે, પણ એનો પરિચય નથી. છે, અહીં સામાયિકનો પાઠ છે. આપણે પાસે છાપેલો છે. આહા..! તમે તો આ કર્યું હતું. 'હિંમતભાઈ'ની સાથે કરતા, એમ કહે છે. અમારા પંડિતજીની સાથે ત્યાં 'વઢવાણ'માં કરતા. આહાહા..! ગડિયા હતા બધા. આહાહા..!

**'શિવ શબ્દસે કહે ગયે...'** ત્યાં '**शिवमलयम**' છે ને? '**शिवमलयमरुयम**' એ.. 'ગિરધરભાઈ!' ઈ તો તમને મોઢે હશે. નથી? સામાયિક કરી છે કે નહિ? એ તો કરી હોય ને? ખોટી સામાયિક, હોં!

મુમુક્ષુ :- એટલે તો અહીં આવતા રહ્યા.

ઉત્તર :- વાત સાચી. આ બધા સ્થાનકવાસી છે ને. સ્થાનકવાસી છે, સ્થાનકવાસીના શેઠિયા છે, અગ્રેસર છે. 'વઢવાણ'ના. અને આમ કાર્યકર્તા. 'ગિરધરભાઈ'. પાછળ ઓલી કોર બેઠા છે ને? ઈ. ત્યાંના શેઠિયા છે. દરિયાપરી શેઠિયા છે અને ગામમાં કાર્યકર્તા છે. આ બધા લૌકિક કાર્ય કરે. શું કહેવાય? આ ગાંધીની લાઈનના. છોડીને અહીં આવી ગયા. બહુ મહેનત તો કરી હતી. પહેલા નહિ? ઓલું લઈને. પૈસા-પૈસા ખર્ચ્યા હતા. આહાહા..! આમ તો પ્રેમ છે ને પહેલેથી. આહાહા..! 'નાગરભાઈ'ની બીજી લાઈન. આ તો ભાગ્યશાળી. આહા..! બાપુ! આ માર્ગ, ભાઈ! અરે..! જન્મ-મરણમાં ગોથા ખાતો પ્રભુ દુઃખને દરિયે ઊંડો ગરી ગયો છે, પ્રભુ! એને ખબર નથી. રાગના પરિણામમાં ઊંડો ઊતર્યો છે એ દુઃખમાં ઊતર્યો છે. આહાહા..! ભગવાનઆત્મા તો રાગથી ભિન્ન ભગવાન સુખનો સાગર છે. આહાહા..! ઈ કહે છે. બહુ સરસ ગાથા છે. જુઓ!

**'નિજ શુદ્ધ આત્માકે ધ્યાન કરને પર જો સુખ હોતા હૈ, ઉસ સુખકો તીન દોહા-સૂત્રોંમેં વર્ણન કરતે હૈં-'** સુખ તો પોતાના આનંદનું ધ્યાન કરવાથી સુખ થાય છે. બહારમાં ક્યાંય સુખ નથી. આહાહા..! ઈન્દ્રિયના ભોગાદિના સુખ છે એ તો ઝેર છે. આહાહા..! પણ ભગવાનની ભક્તિ અને પૂજાનો ભાવ એ પણ દુઃખ છે, એમ કહે છે. રાગ છે ને. સુખ તો ભગવાનઆત્મામાં અંદરમાં છે. આત્મામાં છે. આહાહા..! **'સુખ હોતા હૈ, ઉસ સુખકો તીન દોહા-સૂત્રોંમેં વર્ણન કરતે હૈં-'**

**११६) जं सिव-दंसणि परम-सुहु पावहि झाणु करंतु।**
**तं सुहु भुवणि वि अत्थि णवि मेल्लिवि देउ अणंतु।।११६।।**

**અન્વયાર્થ :- 'જો ધ્યાન કરતા હુઆ...'** '**शिवदर्शने परमसुखं**' આહાહા..! '**નિજ શુદ્ધાત્માકે અવલોકનમેં અત્યંત સુખ...**' છે. '**शिवदर्शने**' એ શબ્દ પડ્યો છે. શિવ નામ નિરૂપદ્રવ આનંદરૂપ પ્રભુઆત્મા. એના દર્શને '**परमसुखं**'. એના દર્શન થવાથી પરમસુખ થાય

છે. આહાહા..! છે? '**शिवदर्शने परमसुखं**' આહાહા..! શિવનો અર્થ કર્યો-નિજ શુદ્ધાત્મા. શિવનો અર્થ નિજ શુદ્ધાત્મા. '**दर्शनें**' અવલોકનમાં '**परमसुखं**'નો અર્થ અત્યંત સુખ. ત્રણે શબ્દનો અર્થ ભિન્ન ભિન્ન. '**शिव**' એટલે નિજ શુદ્ધાત્મા. '**दर्शनें**' એનું અવલોકન. '**परमसुखं**' અત્યંત સુખ. આહાહા..! ભગવાનઆત્મા આનંદમૂર્તિ પ્રભુ, એના દર્શનથી, જોવાથી, પ્રતીત કરવાથી, અનુભવ કરવાથી એને સુખ થાય છે. સમ્યગ્દર્શનમાં આત્માનું સુખ થાય છે, એમ કહે છે. આહાહા..! આમ સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શન (કરે). ભગવાનની શ્રદ્ધા (સમ્યગ્દર્શન), એમ નહિ. આહાહા..!

આનંદસ્વરૂપ શિવસ્વરૂપ પ્રભુ, એમાં સન્મુખ થઈને, એને ધ્યાનમાં લઈને, ધ્યેય બનાવીને જે અનુભવમાં આવે છે, આત્માના દર્શન થયા તો ત્યાં સુખ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય સુખનો સ્વાદ આવે છે, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? જેમાં શિવના દર્શન થયા. પોતાનો આત્મા સુખરૂપ, એના દર્શન થયા. શિવનો અર્થ એવો છે કે-ઉપદ્રવ રહિત. કોઈપણ જાતનો ઉપદ્રવ અંતરમાં નથી. એવો આનંદકંદ પ્રભુ, ચૈતન્યની મૂર્તિ પરમાત્મા શુદ્ધ આત્મા પોતાનું સ્વરૂપ, એના દર્શન નામ સન્મુખ થઈ એના દર્શન થયા ને પ્રતીતિ થઈ ત્યાં સુખ ઉત્પન્ન થાય છે. આહાહા..! આ કદી કર્યું નથી. બાકી બધું કરી કરીને મરી ગયો અનંતવાર. સમજાય છે કાંઈ? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આ. એ પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ એ બધા દુઃખરૂપ રાગ છે. આહાહા..! ક્યાંથી બેસે? 'માંગીલાલજી'! આહાહા..!

એક શબ્દે તો ગજબ કર્યું છે ને! '**शिवदर्शने परमसुखं**' આહાહા..! શિવ નામ નિજ શુદ્ધાત્મા પૂર્ણ સ્વરૂપ, એના દર્શન નામ અનુભવથી, એને અનુભવ કરીને પ્રતીતિ કરવાથી, એનું જ્ઞાન કરીને અનુભવ કરવાથી, એને સુખ થાય છે. આહાહા..! એ સુખ, અબજોપતિ, કરોડોપતિ, ચક્રવર્તીને એ સુખ નથી. છન્નું હજાર સ્ત્રી, સોળ હજાર દેવ જેની સેવામાં તૈનાત. સોળ હજાર દેવ. એ ચક્રવર્તીને આ સુખ નથી. એ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે તો એને આ સુખ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..! દર્શનનો અર્થ શું કર્યો? અવલોકન. પોતાના શુદ્ધ સ્વરૂપ તરફ દૃષ્ટિ કરીને એને જોવો. આહાહા..! આ બહારમાં એમ ને એમ અનાદિ કાળથી મરી ગયો. શરીર કાંઈ ઠીક હોય, આ હાડકાં, એમાં સુખ માને. મૂઢ છે. આહાહા..! પૈસા કાંઈક પાંચ-પચાસ લાખ, કરોડ, બે કરોડ મળ્યા હોય. બે કરોડ તો અહીં છે, પણ પચીસ-પચીસ કરોડવાળા અત્યારે છે. હમણાં કોઈક કહેતું હતું ને? પચીસ કરોડ છે. ભાઈ નહોતા? 'ચીમનભાઈ'નો શેઠ. ત્યાં 'મુંબઈ'. વૈષ્ણવ છે. ક્યા ગામના? પચીસ કરોડ છે. ધૂળમાં આંકડા તારા. કાંકરા છે, ધૂળ છે. ત્યાં ક્યાં સુખ હતું? એ તો દુઃખમાં નિમિત્ત છે. આહાહા..! શું કહે છે?

મુમુક્ષુ :- પૈસાવાળા...

ઉત્તર :- આ પૈસાવાળા બેઠા છે. તમે સુખી નથી દેખાતા? હેરાન, હેરાન છે. શેઠ! આપણા ઘરની વાત લ્યોને. જ્યાં ત્યાં અથડામણ કર્યા કરે છે-આ કરો ને આ કરો ને આ કરવું છે. બધા રાગના વિકલ્પની જાળ છે. આહાહા..! એ તો અશુભ વિકલ્પ છે, પણ અહીં તો શુભ વિકલ્પ હોય તોપણ દુઃખ છે. આહાહા..! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ દુઃખરૂપ છે. દુનિયાને ક્યાં ભાન છે કે શું ચીજ છે આ? બંધન થાય છે. બંધન ધર્મથી થાય? એ ભાવ અધર્મ છે. આહાહા..!

એકવાર કહ્યું હતું ને? (સંવત) ૧૯૮૫માં 'બોટાદ'માં. ૧૯૮૫ની સાલ. પચાસમાં ત્રણ વર્ષ ઓછા. મોટી સભા હતી. પહેલેથી પ્રતિષ્ઠા હતી ને! મોટી સભા. ૧૫૦૦ માણસ સભામાં. અપાસરો નાનો પડે, પછી માણસ ગલીમાં ઉભા રહે. જાળી હોય ને? જાળી. વ્યાખ્યાન આપતા હોય ત્યારે (ખુલ્લી રાખે). ૧૯૮૫નો પોષ માસ હતો. પંદર અને બત્રીસ. બે શબ્દ એવા કહ્યા હતા. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ ધર્મ નહિ, તે અધર્મ છે. હાય..હાય..! રાડ નાખી ગયા. ધર્મ નથી કીધું, પછી ધર્મ નથી એટલે અધર્મ છે એમ કીધું હતું. પુણ્ય છે, રાગ છે એ ધર્મ નહિ, અધર્મ છે. આહા..! ધર્મ તો આત્મામાં વીતરાગભાવ ઉત્પન્ન થાય એ ધર્મ છે. બે વાત કરી હતી. એકવાર એ કહી હતી. બીજી વાત (કહી હતી), પંચ મહાવ્રતના પરિણામ તે આસ્રવ છે. સભા તો સાંભળે. અમારી તો પ્રતિષ્ઠા હતી. સાંઈઠ વર્ષ પહેલાથી અમારી તો પ્રતિષ્ઠા છે ને. બે વર્ષની દીક્ષા પછી એકદમ લોકોને બહુ પ્રેમ હતો. (સંવત) ૧૯૭૦માં દીક્ષા છે. ૧૯૭૧થી કહેતા હતા, 'કાનજીસ્વામી' વાંચે, 'કાનજીમુનિ' વાંચે વારંવાર.

અમારા ગુરુ હતા, બહુ ભદ્રિક હતા. કષાય મંદ. દૃષ્ટિ ખોટી. તત્ત્વ તો હતું નહિ. પછી કહે, ભાઈ! 'કાનજી' તું વાંચ, લોકો બહુ કહે છે. મહારાજ! હું વાંચવા નથી નીકળ્યો, હોં! મને વાંચવાનું ન કહેવું. અમારા ગુરુ બહુ શાંત હતા. 'હિરાજી મહારાજ' મારવાડના હતા. દીક્ષા અહીં લીધી હતી. ગરીબ માણસ હતા, પણ બહુ ખાનદાન. વસ્તુની તો ખબર હતી જ નહિ. દૃષ્ટિ તો મિથ્યાત્વ હતી. કષાય મંદ, બ્રહ્મચર્ય, હજારોની સભા હો પણ ઊંચી નજર ન કરે. ભાઈ! ભગવાન આમ કહે છે, એમ બોલે. પણ વસ્તુથી દૃષ્ટિ વિપરીત. એ પરની દયા પાળવી એ ધર્મ, એમ કહે. જોયા હતા તમે? નહિ જોયા હોય. (સંવત) ૧૯૭૪માં ગુજરી ગયા. હાર્ટ ફેઈલ રસ્તામાં જંગલમાં, 'ખેરાળી', કાંપ પાસે. કાંપના ઓલા છે ને? એના હેઠે બાળ્યા હતા. અમે આવ્યા હતા ને. બીજે દિ' આવ્યા હતા. આહાહા..! એમ કહે, 'કાનજી'! આ લોકો બહુ કહે છે કે 'કાનજીમુનિ' વાંચે. મહારાજ! હું કાંઈ વાંચવા માટે નીકળ્યો છું? હું તો મારા આત્મા માટે નીકળ્યો છું.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વાંચવામાં વિકલ્પ આવે એ ઉપાધિ કોણ કરે? એવું થયું. પછી માથે આવ્યું. ગુરુ ગુજરી ગયા. પછી માથે આવ્યું, સૌ ભેગા થઈને કહે, હવે તમારે જ વાંચવું પડશે. કોઈ વાંચનાર બીજા નથી. એ વાંચવામાં પણ વિકલ્પ છે ને? એય..! ભગવાન! આહાહા..!

મુમુક્ષુ :- બીજાનું કલ્યાણ થાય છે..

ઉત્તર :- કલ્યાણ-ફલ્યાણ થાય છે પોતાથી. આહાહા..! એને નિમિત્ત કહેવાય, પોતાથી કરે ત્યારે. આ ઈ કહે છે ને? શું કહ્યું?

**'જો ધ્યાન કરતા હુઆ નિજ શુદ્ધાત્માકે અવલોકનમેં અત્યંત સુખ હે પ્રભાકર, તૂ પા સકતા હૈ,...'** શિષ્યને કહે છે. લ્યો, ગુરુ શિષ્યને કહે છે. દિગંબર ગુરુ છે. 'યોગીન્દ્રદેવ' ભાવલિંગી સંત, જેને ક્ષણમાં છઠ્ઠું, ક્ષણમાં સાતમું આવે છે. ક્ષણમાં છઠ્ઠું અને ક્ષણમાં સપ્તમ. અને સાચા સાધુ હોય એને એક મિનિટ નિંદ્રા નથી આવતી. સાચા સાધુ હોય એને એક મિનિટની નિંદ્રા નથી હોતી. પોણી સેકંડની અંદર નિંદ્રા હોય છે. સાચા સાધુની વાત છે. અત્યારે તો ક્યાં (કોઈ સાધુ છે). સમજાય છે કાંઈ? પોણી સેકંડની નિંદ્રા.

મુમુક્ષુ :- ચોથા કાળની વાત.

ઉત્તર :- ત્રણે કાળમાં આ વાત. એ તો કહ્યું હતું, નહિ? ચોથા આરામાં લોટ, સાકર અને ઘીનો હલવો થાય. અને પાંચમા કાળમાં? 'કૈલાસચંદજી'ને પૂછો, લ્યો. ઘી નાખવાથી હલવો થાય કે પેશાબ નાખવાથી? પાંચમો આરો છે ને? અરે..! ભગવાન! પાંચમો આરો હોય કે ચોથો હોય, હલવો તો જે ત્રણ વસ્તુથી બને એનાથી જ બને. આહાહા..! એમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ, જે યથાર્થ મોક્ષમાર્ગ છે, તેનાથી આત્માની પ્રાપ્તિ થાય છે. બાકી બધુ... આહાહા..! આખા સંસારનો અભાવ કરવો, એ વાત કાંઈ સાધારણ હોય? ચોર્યાસીના અનંત કાળથી અવતાર કરે છે. આહાહા..! જેના અવતારમાં, જેના જન્મ-મરણમાં.. કહ્યું હતું ને એકવાર... એની માતાએ રૂદન કર્યા છે, પ્રભુ ત્યાં એમ કહે છે, તારા મૃત્યુમાં તારી માંએ જે રૂદન કર્યા, એ રૂદનના આંસુને જો એકઠા કરે તો અનંતા સ્વયંભુરમણ સમુદ્ર ભરાય. આહાહા..! એવી અનંતી માતાઓ કરી, ભાઈ! અનાદિકાળ. આદિ વિનાનો કાળ. આહાહા..! ભવ.. ભવ.. ભવ.. ભવ.. ભવ.. ભવ.. ભવ.. ભવ.. આમ અનંતકાળ લઈ જાઓ તો બધા ભવ.. ભવ.. ભવ ભવમાં છે. આહા..! ક્યાંય અંત છે? આહાહા..! એ ભવથી રહિત થવું એ ચીજ કોઈ અલૌકિક છે. આહાહા..! અહીં ઈ કહે છે.

'**હે પ્રભાકર ભટ્ટ...**' તું આત્મા આનંદમૂર્તિનું ધ્યાન કર, અંતરમાં જા. તને સુખ થશે. એ સુખને '**તૂ પા સકતા હૈ,...**' આહાહા..! '**વહ સુખ તીનલોકમેં ભી...**' આહાહા..! એવો આનંદ સમ્યગ્દર્શન થતાં.. આહાહા..! એ આનંદ આવે છે, એ એવો છે કે '**अनन्तम् देवं मुक्त्वा**' અનંત નામ અહીં પરમાત્મા. અહીં પરમાત્માને અનંત કહ્યું છે. આત્માને અનંત કહ્યું છે. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. શક્તિનો સંગ્રહ-પિંડ પ્રભુ છે. આહાહા..! અનંત પરમાત્મા દેવ. '**अनन्तम् देवं**' એટલે '**પરમાત્મ દ્રવ્યકે સિવાય...**' '**मुक्त्वा**' છે? '**अनन्तम् देवं मुक्त्वा**' અનંત નામ પરમાત્મા દેવને છોડી, '**नैव अस्ति**' ત્રણકાળમાં ક્યાંય સુખ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

પચીસ વર્ષનું જુવાન શરીર હોય, ખાધે પીધે ઠીક હોય, બે-પાંચ કરોડ રૂપિયા હોય, આહાહા..! પેલો રાજા એક આવ્યો હતો ને? છાપામાં આવ્યું હતું. પેલો રાજા નથી? એક કલાકમાં દોઢ લાખની પેદાશ છે. અત્યારે એક રાજા છે. દેશ નાનો છે પણ એમાં પેટ્રોલ બહુ નીકળ્યું. પેટ્રોલના કૂવા બહુ નીકળ્યા. સાંભળ્યું હતું. દેશ નાનો છે. પેટ્રોલના કૂવા. એક કલાકની દોઢ લાખની પેદાશ છે. એક દિવસની છત્રીસ લાખની. અને પછી ઘણું કરીને એ જ હતો, લગ્ન કર્યા હતા પહેલા, તો પહેલી રાતમાં એક કરોડ રૂપિયા ખર્ચ્યા હતા. સુહાગરાત જેને કહે છે ને? છાપામાં આવ્યું હતું. ધૂડમાંય નથી. વીજળીની બત્તી ને ફલાણું, ઢીકણું કર્યું હશે. એક કરોડ રૂપિયા એક રાતમાં. પહેલી રાતમાં, લગ્ન કર્યા એ પહેલી રાતે એક કરોડ (ખર્ચ્યા). મરીને નરકમાં જાવું છે. આહાહા..! એવું સાંભળ્યું છે કે એનો બીજો કુટુંબી છે એણે મારી નાખ્યો. એ પોતે હવે ગાદીએ બેઠો છે. મોટું રાજ ને એટલે કુટુંબના બીજા એક માણસે એને મારી નાખ્યો. આહા..! મૂળ તો પાછા નરકમાં જવાના બધા. હેઠે નરકમાં પાર્લામેન્ટ ભરાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? પાપીઓની ત્યાં નરકમાં પાર્લામેન્ટ ભરાય છે. આહાહા..! અસંખ્ય અબજ વર્ષનું આયુષ્ય. ભગવાન આહાહા..! જેના એક ક્ષણના વેદન.. આહા..! જેના દુઃખનો પાર નહિ.

પહેલી નરકનો અગ્નિનો એક રાય જેટલો તણખો અહીંયા લાવે તો આસપાસના દસ જોજનના માણસો બળીને રાખ થઈ જાય. ભગવાન પરમાત્મા એમ કહે છે. ભાઈ! જ્યાં તું પહેલી નરકે રહ્યો ત્યાં રજકણના અગ્નિની ઉષ્ણતા, ત્યાં તું સાગરોપમ (કાળ) રહ્યો, અસંખ્ય અબજ વર્ષ રહ્યો. આહાહા..! એક કણિયો જો અહીંયાં મનુષ્યક્ષેત્રમાં લાવે તો દસ જોજનના આસપાસના માણસો બળી જાય, મરી જાય. એટલી વેદના. ભુલી ગયો, બાપુ! તને વેદનાનો પાર નહિ, ભાઈ! અનંત આનંદનો નાથ ઊલટો પડ્યો, અનંતા દુઃખને વેદે છે ઈ. સમજાય છે કાંઈ? તને જો સુખ જોઈએ અને દુઃખથી મુક્ત થવું હોય તો પ્રભુ! તું આનંદનો નાથ પ્રભુ છો ત્યાં અંદર જા ને. આહાહા..! જ્યાં સ્વયં જ્યોતિ સુખધામ. સ્વયં જ્યોતિ અને આનંદનું ધામ ઈ તો છે. આહાહા..! એ વૈકુંઠ છે, ત્યાં મોક્ષ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ પરમાનંદનો નાથ અંદર બિરાજે છે, પ્રભુ! તને તારી ખબર નથી. આહાહા..! એ 'પ્રભાકર'ને કહે છે.

'**હે પ્રભાકર ભટ્ટ...**' અંતરના દર્શનથી તુ અત્યંત સુખ પામી શકે છે. એ સિવાય ક્યાંય સુખ નથી. આહાહા..! શરીર માખણ જેવું હોય, પચીસ-ત્રીસ વર્ષની ઉંમર હોય, અબજોપતિ હોય. એ રાત્રે પરણ્યો હોય, કન્યા પણ બહુ રૂપાળી અને સુંદર હોય. આહાહા..! છાપામાં એક આવ્યું છે ને? હમણાં આવ્યું હતું. એક કન્યા હતી. સોળ વર્ષની ઉંમરથી બાવીસ વર્ષમાં ૫૫૨ સગાઈ કરેલી. છાપામાં આવ્યું હતું હમણાં. રૂપાળી બહુ હશે. આ ધૂળ હાડકા. ૫૫૨ તો સગાઈ કરી અને કેટલા કીધા? ૫૨ કે એટલા ધણી કર્યા. લગ્ન કર્યા. આહાહા..! શરીર-બરીર ઠીક હશે, આ ચામડું સરખું (હશે). આમ બધું આહાહા..! મરીને બધા નરકે જવાના. છાપામાં આવ્યું હતું, આપણા, હોં! આપણા જૈનમાં મોઢા

આગળ આવે છે ને? 'વીરવાણી'. 'વીરવાણી' આવે છે ને? તમારા 'જયપુર'થી. એમાં પહેલા લખાણ આવે છે. દેશ-પરદેશની વાતું આવે છે. પંદર-વીસ વાક્ય એક પાનામાં લખે. આહાહા..! એક કન્યાનું નામ આપ્યું છે. આપણને કાંઈ નામ ન આવડે. સોળ વર્ષથી બાવીસ વર્ષમાં, છ વર્ષમાં ૫૫૨ તો સગાઈ કરી. કારણ કે જે દેખે એને મન થઈ જાય આની સાથે લગ્ન કરવાનું. ઓલો પૈસા-બૈસા (આપે). આહાહા..! ૫૨ કે એટલા તો ધણી કર્યા. એકબીજાને ખબર ન પડવા દે. અરરર..! આ સંસાર. નરકના કીડા છે. ચામડા, હાડકા, માંસ.. આહાહા..! ત્યાં સુખ નથી, પ્રભુ! તું ક્યાં જાય છે ક્યાં? આહાહા..! તારું સુખ તો પ્રભુ! તારામાં પડ્યું છે, નાથ! તને ખબર નથી, ભાઈ! તું ભગવાન છો, પરમેશ્વર છો. આહાહા..! પરમ સુખાનંદથી ભરેલો છો. આહાહા..!

આપણે હમણાં નહોતું આવ્યું? દ્રવ્યાર્થિકનયનું નહોતું આવ્યું? ૧૧૨માં આવ્યું હતું. ૧૧૨ ગાથા, નહિ? **'શુદ્ધ દ્રવ્યાર્થિકનયકર ટાંકીકા-સા ગઢા હુઆ અઘટિતઘાટ...'** તું છો. તું અમૂર્તિક પદાર્થ (છો), પ્રભુ! **'જ્ઞાયકભાવ સ્વભાવ,...'** તારો, **'વીતરાગ,...'** સ્વરૂપ તારું. આહાહા..! **'સદા આનંદરૂપ,...'** છે. ૧૧૨ ગાથા. આહાહા..! સદા આનંદરૂપ. **'અદ્વિતીય અતીન્દ્રિય સુખરૂપ, અમૃતકે રસકર તૃપ્ત...'** અમૃતના રસથી ભગવાનઆત્મા તૃપ્ત તૃપ્ત ભર્યો પડ્યો છે. આહાહા..! અરે..! અમૃતના રસને ચાટવા તો જા એકવાર. એમ કહે છે. અનુભવ તો કર, એમ કહે છે. આહા..! કહો, 'મૂળચંદભાઈ'!

મુમુક્ષુ :- ભાન નથી.

ઉત્તર :- ભાન ન મળે. દીકરો કંઈક સારો થયો હોય ને બે-પાંચ-દસ લાખ પેદા કરે તો ઓહોહો..! અમે સુખી છીએ. ધૂળેય નથી. પાગલના ગામ છે બધા. આહા..!

અહીં પ્રભુ કહે છે-ગુરુ કહે છે, જુઓ! 'યોગીન્દ્રદેવ' દિગંબર સંત આત્મધ્યાની મુનિ શિષ્યને કહે છે કે હે પ્રભાકર ભટ્ટ! આહાહા..! આમાં ઈ આવ્યું, જુઓને! **'ઐસે નિજ શુદ્ધાત્મતત્ત્વકો છોડકર દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મમેં યા દેહાદિ પરિગ્રહમેં મનકો મત લગા.'** એ મારા છે, એ છોડી દે. રાગાદિ પરિણામ મારા છે, એ છોડી દે. પ્રભુ! તું તો આનંદનો નાથ છો ને, નાથ! તારું વીતરાગસ્વરૂપ છે. પણ એને માપ કરતાં કઈ રીતે આવડે? આહા..!

**'अनन्तम् देवं मुक्त्वा'** વર્તમાન. **'પરમાત્મ દ્રવ્યકે સિવાય..'** અનંતની વ્યાખ્યા કરી. અનંત દેવ એટલે પરમાત્મ દેવ. એવા દ્રવ્ય સિવાય ક્યાંય સુખ નથી.

**ભાવાર્થ :- 'શિવ નામ કલ્યાણકા હૈ,...'** શિવની વ્યાખ્યા (કરી) કલ્યાણ. **'કલ્યાણસ્વરૂપ જ્ઞાનસ્વભાવ નિજ શુદ્ધાત્માકો જાનો...'** આહાહા..! અરિહંતા મંગલં, નથી આવતું? ઉત્તમ શરણ. ચાર આવે છે ને? અહીં કહે છે. **'કલ્યાણસ્વરૂપ જ્ઞાનસ્વભાવ નિજ શુદ્ધાત્મા...'** કલ્યાણસ્વરૂપ છે. આહાહા..! કલ્યાણ શબ્દે આનંદ સ્વરૂપ છે. **'ઉસકા જો દર્શન અર્થાત્ અનુભવ ઉસમેં સુખ હોતા હૈ,..'** આહાહા..! પરમાત્મા શુદ્ધ ચૈતન્યઘનના

અંતર દર્શનથી તને સુખ થશે. અનુભવથી સુખ થશે. સમ્યગ્દર્શનમાં અનુભવ છે. આત્મા આનંદનો અનુભવ, એનું નામ સમ્યગ્દર્શન. એ અનુભવમાં તને સુખ થશે. આહાહા...! મૂળ વાતને મૂકીને બધી વાતું કરી દીધી. વર વિનાની જાન જોડી દીધી. અમારે કાઠિયાવાડમાં કહે છે, વર વિનાની જાન. વર..વર-દુલ્હા. એ વિના જાન જોડી દીધી. એમ આત્મા શું ચીજ છે એના ભાન વિના વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા કરી ને મોટા શણગાર (કર્યા). આહાહા..! ધૂળેય નથી, કહે છે.

મુમુક્ષુ :- .. દેખાય છે ને આમ.

ઉત્તર :- શું દેખાય છે? અજ્ઞાન દેખાય છે. આહા..! જેમાં સુખ ન મળે એ ચીજ તો દુઃખરૂપ છે. ગજબ વાત, બાપા! ભગવાનનું સ્મરણ કરવું, ભગવાનની ભક્તિનો ભાવ એ દુઃખરૂપ. કોણ માને આ? શેઠ! આવી વાત છે. આવે છે, જ્ઞાનીને ભાવ આવે છે પણ છે દુઃખરૂપ. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી આત્માના ભાન સહિત આવો ભક્તિનો, પૂજાનો રાગ આવે છે, પણ છે તો દુઃખરૂપ. સમજાય છે કાંઈ? છે તો બંધનું કારણ. આહાહા..! આત્માનો નિશ્ચય અનુભવ છે ત્યાં પૂર્ણ દશા ન હોય ત્યારે એ વ્યવહાર આવે છે, પણ છે તો દુઃખરૂપ, છે તો હેય. આહાહા..! આવો માર્ગ વીતરાગનો. લોકોએ વીંખી નાખ્યો.

અમે પેલું દૃષ્ટાંત આપીએ છીએ ને? ગોળનો રવો હોય ને? રવો-ભીલી મોટી ચાર-ચાર મણની. તળાઈ, તળાઈ કહે છે ને? શું કહે છે? ગદ્દી. સુવાની તળાઈ. તળાઈ હોય છે ને? તળાઈ. તળાઈ નથી કહેતા? શું કહે છે તમારે? ગાદલા નહિ, ગાદલા ને ગોદડા નહિ. મોટી રજાઈ. અમારે તળાઈ કહે છે. પચીસ-પચાસ પડી હોય. ગોળના પચીસ-પચાસ રવા હોય, એની જોડે ગાદલા મૂક્યા હોય. એમાંથી પાણી નીકળે ને? રવામાંથી ગોળનું પાણી નીકળે ને? તો ગાદી પલળી જાય. રૂની, રૂની હોય ને. સૂવાના ગાદલા લ્યો, ગોદડા લ્યો. એ પલળે પછી એને સુકવવા નાખી હોય ત્યાં પેલા ગોળનો સ્વાદ લેવા કૂતરા ભેગા આવે. ફાડી નાખે. સુવાની ચીજ છે, પેલા ગોળના સ્વાદ માટે ફાડીને તોડી નાખે. શાસ્ત્રમાં એ દૃષ્ટાંત છે. સુખશૈયા. આત્મા આનંદસ્વરૂપની સુખશૈયા છે, પણ એમાં નહિ જતાં પુણ્ય-પાપના ગોદડા ગોળવાળા માનીને સ્વાદ લેવા જાય છે. કૂતરો. એક કૂતરો આમ ખેંચે, બીજો કૂતરો આમ ખેંચે. સુવાની શૈયા તોડી નાખે. સમજાય છે કાંઈ?

એમ એક પુણ્યથી ધર્મ મનાવે ને બીજો પાપથી સુખ મનાવે. એ બધા કૂતરા છે. સુવાની શૈયાને તોડી નાખી. આહાહા..! વાત એવી છે. આ તો અમે સંપ્રદાયમાં કહેતા હતા. આ વાત તો સંપ્રદાયમાં કહેતા હતા. (સંવત) ૧૯૭૪થી વ્યાખ્યાન ચાલે છે. ૧૯૭૪થી. ૨૬ ને ૩૨, ૫૮ વર્ષ થયા. આમ જ ચાલે છે. સવારમાં કાયમ સંપ્રદાયમાં ચાલતા હતા. લોકોને બહુ પ્રેમ હતો ને. આહા..! કીધું, આ ગાદલું ચૂંથી નાખ્યું. ગાદલું નથી કહેતા? શું કહે છે? રજાઈ. ઓઢવાની નહિ. તમારે શું કહે છે? તળાઈ નથી હોતી? ગાદલા. ગાદલા કહે છે? ગદ્દી આ સુવાની. એ ગાદી. ઉપર ઓછાડ હોય ઈ નહિ, હોં! ઓછાડ તો પાથરે, આ તો આખી

ગાદી હોય. મણ, બે મણ રૂની. પછી ગોળથી પલળી ગઈ હોય એને કૂતરા ખાવા આવે. અરે..! ભગવાન!

સિદ્ધાંત એ કે આત્મા આનંદનો નાથ પ્રભુ છે, એને પુણ્ય-પાપના પ્રેમમાં આત્માની સૈયા તોડી નાખી છે. દયાથી ધર્મ થાય છે ને વ્રતથી ધર્મ થાય છે, એ કહે છે, કૂતરા છે, એ મિથ્યાદૃષ્ટિએ સત્‌ને તોડી નાખ્યું. એ ઠાણાંગમાં આવે છે. શ્વેતાંબરમાં ઠાણાંગ સૂત્ર છે ને?

મુમુક્ષુ :- બહુ કડક લાગે છે.

ઉત્તર :- કડક શું છે? દુઃખની શૈયા છે. આહાહા..! ચામડી ઉતારીને ખાર છાંટે અને પીડા થાય, એનાથી અનંતગુણી પીડા રાગમાં છે. આકુળતા. રાગ નામ આકુળતા. ચાહે તો વ્યવહાર રત્નત્રયનો રાગ હોય. પ્રભુ! એ આકુળતા છે. પ્રભુ! અનાકુળ તો આનંદનો નાથ પ્રભુ છે. આહાહા..!

‘**ઉસકા જો દર્શન અર્થાત્ અનુભવ ઉસમેં સુખ હોતા હૈ, વહ સુખ પરમાત્માકો છોડ તીનલોકમેં નહીં હૈ. યહ સુખ ક્યા હૈ?**’ આહાહા..! હવે જુઓ! કહે છે. ‘**જો નિર્વિકલ્પ વીતરાગ પરમ આનંદરૂપ શુદ્ધાત્મભાવ હૈ,...**’ આહાહા..! પોતામાં અભેદ. વિકલ્પને છોડી, સ્વરૂપમાં અભેદ વીતરાગ પરમાનંદરૂપ. આહાહા..! ‘**વીતરાગી પરમ આનંદરૂપ શુદ્ધાત્મભાવ હૈ, વહી સુખી હૈ.**’ આહાહા..! સમજાય છે કાંઈ? કહીએ છીએ ને? ‘સુખીયા જગતમેં સંત, દુરીજન દુઃખીયા રે. એક સુખીયા જગતમેં સંત, દુરીજન દુઃખીયા રે..’ એ સંત નામ અંતર આનંદમાં જેણે અંતર અનુભવ કરીને આનંદ પ્રગટ કર્યો છે. એ સંત સુખી છે. ચાહે તો સમકિતી ગૃહસ્થાશ્રમમાં હોય, પણ સમકિત અપેક્ષાએ એ સંત ને સુખી છે. આહાહા..! સમજાય છે કાંઈ? બાકી દુરીજન દુઃખીયા. ચાહે તો મુનિ થયો હોય અને રાગથી ધર્મ માને, એ દુરીજન છે, દુઃખી છે. આહાહા..! આવી વાત છે, ભાઈ! છે?

‘**નિર્વિકલ્પ વીતરાગ પરમ આનંદરૂપ શુદ્ધાત્મભાવ હૈ, વહી સુખી હૈ.**’ આહાહા..! ‘**ક્યા કરતા હુઆ યહ સુખ પાતા હૈ કિ તીન ગુપ્તિરૂપ પરમસમાધિમેં આરૂઢ હુઆ...**’ આહાહા..! મન, વચન ને કાયાથી ખસી, ભગવાન ચૈતન્યમૂર્તિમાં પ્રવેશ કરે છે. આહાહા..! ભગવાનના મહેલમાં જેણે પ્રવેશ કર્યો. સમજાય છે કાંઈ? ‘**તીન ગુપ્તિરૂપ પરમસમાધિમેં આરૂઢ હુઆ સતા...**’ અંતરના આનંદમાં મન, વચન ને કાયાના વિકલ્પને છોડી, અયોગી ભગવાન પરમાત્મસ્વરૂપમાં પ્રવેશ કર. આહાહા..! આરૂઢ થયો, સ્વરૂપમાં આરૂઢ થયો. જે અનાદિથી રાગમાં આરૂઢ હતો. આહાહા..! ઘોડેસવાર હોય ને? ઘોડેસવાર. ઘોડા પર આરૂઢ થાય ને? એમ અનાદિથી પુણ્ય ને પાપના રાગમાં અજ્ઞાની આરૂઢ હતો. આહાહા..! એ દુઃખમાં આરૂઢ હતો. આ સુખમાં આરૂઢ થયો. આત્મતત્ત્વની સમાધિમાં આરૂઢ થયો. ‘**વહ સુખ હુઆ સતા...**’ થયો થકો. સતા નામ થકો, થયો થકો. ‘**ધ્યાની પુરુષ હી સુખકો પાતા હૈ.**’ આહાહા..! સમ્યગ્દર્શનથી માંડીને બધું આત્માનું ધ્યાન છે. સમજાય છે કાંઈ? આહાહા..!

૪૭ ગાથામાં કહ્યું છે. ‘દ્રવ્યસંગ્રહ’ છે ને? ‘દ્રવ્યસંગ્રહ’. ‘દ્રવ્યસંગ્રહ’ છે ને? એની

૪૭મી ગાથા છે. એમાં કહ્યું છે, '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**' એ 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી'એ બનાવ્યું છે. 'દ્રવ્યસંગ્રહ' છે ને? 'નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી.' એની ૪૭ ગાથા છે. અહીંયાં છે? નહિ હોય. ૪૭ ગાથા છે. પહેલેથી વાંચ્યું છે ને? એટલે ત્યાં લીટી પણ કરી છે. જુઓ!

**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।**
**तह्मा पयत्तचित्ता जूयं झाणं समब्भसह।।४७।।**

'**કારણ કે મુનિ નિયમથી ધ્યાન દ્વારા બન્ને પ્રકારના મોક્ષનાં કારણોને પ્રાપ્ત કરે છે. વિશેષ :- કારણ કે નિશ્ચયરત્નત્રયસ્વરૂપ નિશ્ચય-મોક્ષહેતુ**' અંતર આનંદની દૃષ્ટિ ને રમણતા એ નિશ્ચય મોક્ષકારણ, એ ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. અંદરમાં લીન થાય ત્યારે. આહાહા..! સમજાય છે કાંઈ? '**નિશ્ચય મોક્ષમાર્ગ અને વ્યવહારરત્નત્રયાત્મક વ્યવહાર-મોક્ષહેતુ અર્થાત્ વ્યવહાર મોક્ષમાર્ગ જેમનું સાધ્ય-સાધકભાવરૂપે પહેલાં કથન કર્યું છે તે બન્ને પ્રકારના મોક્ષમાર્ગોને નિર્વિકાર સ્વસંવેદનરૂપ પરમધ્યાન વડે મુનિ પ્રાપ્ત કરે છે.**' અંદર આત્માના ધ્યાનમાં જે નિશ્ચય થયો, સમ્યગ્દર્શન, જ્ઞાન એ નિશ્ચય મોક્ષમાર્ગ અને હજી રાગ બાકી રહ્યો, એને આરોપ કરીને વ્યવહાર મોક્ષમાર્ગ કહ્યો. આરોપ કરીને. રાગ બાકી છે ઈ. પણ એ બન્ને ધ્યાનમાં થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ 'દ્રવ્યસંગ્રહ' છે, 'નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી.' 'ગોમટ્ટસાર'ના કર્તા અને આના કર્તા છે. 'ગોમ્મટસાર' બનાવ્યું છે ને? જીવકાંડ, કર્મકાંડ. એ 'નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી.'

'**અનંત ગુણરૂપ આત્મ-તત્ત્વકે બિના...**' અનંત શબ્દ હતો ને? અનંત છે ને? ૧૧૬. '**मेल्लिवि देउ अणंतु**' '**देउ अणंतु**' દેવ અનંત, એમ. આ અનંતરૂપી ગુણનો પિંડ પ્રભુ આત્મા દેવ છે. એનો અર્થ કરે છે. '**અનંત ગુણરૂપ આત્મ-તત્ત્વકે બિના વહ સુખ તીનોં લોકકે સ્વામી ઈન્દ્રાદિકો ભી નહીં હૈ.**' આહાહા..! કરોડો અપ્સરાઓ, બે-બે સાગરના આયુષ્યની સ્થિતિ. આહાહા..! અને એની સ્થિતિમાં તો ઘણી ઈન્દ્રાણી મરી જાય. કેમકે બે સાગરની સ્થિતિ અને એનું ૫૫ પલ્યોપમનું મોટું (આયુષ્ય). તો એવી તો કંઈક ઈન્દ્રાણી મરી જાય એની જિંદગીમાં આવે ને જાય, આવે ને જાય. નવી. અને આ તો બે સાગર. એક સાગરોપમમાં દસ ક્રોડા ક્રોડી પલ્યોપમ (જાય). એવા વીસ ક્રોડા ક્રોડી પલ્યોપમનું આયુષ્ય છે ત્યાં. એની અંદર ૫૫ પલ્યોપમવાળી તો કેટલીય મરીને ઊપજે. આહાહા..! પણ કહે છે કે એને સુખ નથી એવું આ સુખ છે. આહાહા..! છે?

'**અનંત ગુણરૂપ આત્મ-તત્ત્વકે બિના વહ સુખ તીનોં લોકકે સ્વામી ઈન્દ્રાદિકો ભી નહીં હૈ.**' આહાહા..! તો વળી આ શેઠિયાઓને ક્યાંથી આવ્યું? એમ કહે છે. ઈન્દ્રાદિકને નથી તો વળી આ તમારા ધૂળના ધણીને ક્યાંથી આવ્યું? એ.. શેઠ! અહીં તો આ છે, ભગવાન! ઈન્દ્રાદિનું નામ આપ્યું. ઈન્દ્રને હજારો વર્ષે કંઠમાંથી અમૃત ઝરે. એને આ આહાર ન હોય. એક એક હજાર વર્ષે. ૩૩ હજાર વર્ષ. એટલા હજાર વર્ષે કંઠમાંથી અમૃત ઝરે. એવા

પરમાણુ. એને પણ કહે છે કે સુખ નથી, એવું આત્મામાં સુખ છે. આહાહા..! ભાઈ! એની રુચિ કર. તેનું જ્ઞાન કર, તેમાં જા. એ વસ્તુ કરવા લાયક છે, બાપા! આહાહા..! મૂળ ભગવાનઆત્માને છોડીને બધી વાત. આ કરો, આ કરો, આ કરો, આ કરો. શું પણ કરે? એ તો બધી રાગની ક્રિયા છે. આહા..!

અહીં કહે છે, આહા..! **'ઈસ કારણ સારાંશ યહ નિકલા કિ શિવ નામવાલા જો નિજ શુદ્ધાત્મા હૈ,...'** છે ને? **'વહી રાગ-દ્વેષ-મોહકે ત્યાગકર ધ્યાન કિયા ગયા આકુલતા રહિત પરમ સુખકો દેતા હૈ.'** લ્યો. **'સંસારી જીવોંકે જો ઈન્દ્રિયજનિત સુખ હૈ, વહ આકુલતારૂપ હૈ, ઔર આત્મીક અતીન્દ્રિયસુખ આકુલતા રહિત હૈ, સો સુખ ધ્યાનસે હી મિલતા હૈ, દૂસરા કોઈ શિવ યા બ્રહ્મા યા વિષ્ણુ નામકા પુરુષ દેનેવાલા નહીં હૈ.'** ભગવાન પોતે સુખનો દેનારો આત્મા છે, બીજો કોઈ શિવ નથી. **'આત્માકી હી નામ શિવ હૈ, વિષ્ણુ હૈ, બ્રહ્મા હૈ.'** બીજું કોઈ નથી. વિશેષ કહેશે.. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

अथ –

११७) जं मुणि लहइ अणंत-सुहु णिय-अप्पा झायंतु।
तं सुहु इंदु वि णवि लहइ देविहिं कोडि रमंतु।।११७।।

यत् मुनिः लभते अनन्तसुखं निजात्मानं ध्यायन्।
तत् सुखं इन्द्रोऽपि नैव लभते देवीनां कोटिं रम्यमाणः।।११७।।

जमित्यादि। जं यत् मुणि मुनिस्तपोधनः लहइ लभते अणंतसुहु अनन्तसुखम्। किं कुर्वन् सन्। णियअप्पा ज्ञायंतु निजात्मानं ध्यायन् सन् तं सुहु तत्पूर्वोक्तं सुखं इंदु वि णवि लहइ इन्द्रोऽपि नैव लभते। किं कुर्वन् सन्। देविहिं कोडि रमंतु देवीनां कोटिं रमयन् अनुभवन्निति। अयमत्र तात्पर्यार्थः। बाह्याभ्यन्तरपरिग्रहरहितः स्वशुद्धात्मतत्त्वभावनोत्पन्नवीतराग-परमानन्दसहितो मुनिर्यत्सुखं लभते तद्देवेन्द्रादयोऽपि न लभन्त इति। तथा चोक्तम् – 'दह्यमाने जगत्यस्मिन्महता मोहवह्निना। विमुक्तविषयासंगाः सुखायन्ते तपोधनाः'।।११७।।

---

आगे कहते हैं कि जो सुख आत्माको ध्यावनेसे महामुनि पाते हैं, वह सुख इन्द्रादि देवोंको दुर्लभ है –

गाथा – ११७

अन्वयार्थ :– [ निजात्मनं ध्यायन् ] अपनी आत्माको ध्यावता [ मुनिः ] परम तपोधन (मुनि) [ यत् अनन्तसुखं ] जो अनंतसुख [ लभते ] पाता है, [ तत् सुखं ] उस सुखको [ इन्द्रः अपि ] इन्द्र भी [ देवीनां कोटिं रम्यमाणः ] करोड़ देवियोंके साथ रमता हुआ [ नैव ] नहीं [ लभते ] पाता।

भावार्थ :– बाह्य और अंतरंग परिग्रहसे रहित निज शुद्धात्माकी भावनासे उत्पन्न हुआ जो वीतराग परमानंद सहित महामुनि जो सुख पाता है, उस सुखको इन्द्रादि भी नहीं पाते। जगत्में सुखी साधु ही हैं, अन्य कोई नहीं। यही कथन अन्य शास्त्रोंमें भी कहा है – 'दह्यमाने इत्यादि' इसका अर्थ ऐसा है कि महामोहरूपी अग्निसे जलते हुए इस जगत्में देव, मनुष्य, तिर्यञ्च, नारकी सभी दुःखी हैं, और जिनके तप ही धन है, तथा सब विषयोंका संबंध जिन्होंने छोड़ दिया है, ऐसा साधु मुनि जगत्में सुखी हैं।।११७।।

---

હવે, કહે છે કે જે સુખ આત્માનું ધ્યાન કરવાથી મહામુનિ પામે છે તે સુખ ઈન્દ્રાદિ દેવોને દુર્લભ છે :

ભાવાર્થ :- બાહ્ય અભ્યંતર પરિગ્રહ રહિત, સ્વશુદ્ધાત્મતત્ત્વની ભાવનાથી ઉત્પન્ન વીતરાગ પરમાનંદ સહિત મુનિ જે સુખ પામે છે તે સુખ દેવેન્દ્રાદિ પણ પામતા નથી. એ તાત્પયાર્થ છે. વળી કહ્યું પણ છે કે 'दह्यमाने जगत्यस्मिन्महता मोहवह्निना। विमुक्तविषयासंगा सुखायन्ते तपोधनः।।' અર્થ : મહામોહરૂપી અગ્નિથી બળતા આ જગતમાં (બધા જીવો દુઃખી છે, માત્ર) જેમણે સર્વ વિષયનો સંગ છોડી દીધો છે એવા મુનિઓ જ સુખી છે. ૧૧૭.

---

**વીર સંવત ૨૫૦૨, ભાદરવા વદ ૬, મંગળવાર**
**તા. ૧૪-૦૯-૧૯૭૬, ગાથા-૧૧૭, ૧૧૮ પ્રવચન નં. ૯૦**

'પરમાત્મપ્રકાશ' ૧૧૭ ગાથા. **'આગે કહતે હૈં કિ જો સુખ આત્માકો ધ્યાવનેસે મહામુનિ પાતે હૈં, વહ સુખ ઈન્દ્રાદિ દેવોંકો દુર્લભ હૈ–'**

**११७) जं मुणि लहइ अणंत–सुहु णिय–अप्पा झायंतु।**
**तं सुहु इंदु वि णवि लहइ देविहिं कोडि रमंतु।।११७।।**

**અન્વયાર્થ :- 'निजात्मनं ध्यायन्' 'અપની આત્માકો ધ્યાવતા...'** ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપનું ધ્યાન કરતાં. ધ્યાવતા એટલે અંદર ધ્યાન કરતાં. **'પરમ તપોધન (મુનિ) જો અનંતસુખ પાતા હૈ,...'** મુનિ એને કહીએ કે જેને અંતર આનંદસ્વરૂપ ભગવાન, એમાં અનંત આનંદ પર્યાયમાં અનુભવમાં આવ્યો હોય. આહાહા..! સમજાય છે કાંઈ? મુનિની પ્રધાનતાથી કથન છે.

સમ્યગ્દષ્ટિને પણ આનંદનો અંશ આવે છે. ધર્મની શરૂઆત કરનારો સમ્યગ્દષ્ટિ હજી હો તોપણ એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ તો આવે છે, પણ થોડો. મુનિ જે છે એને તો

અનંત અતીન્દ્રિય આનંદ આવે છે. સાચા મુનિ. સમજાય છે કાંઈ? એ પંચમહાવ્રત કે નગ્નપણું એ કોઈ મુનિપણું નથી. નગ્નપણું એ તો અજીવતત્ત્વ છે. મહાવ્રતાદિ છે એ આસ્રવતત્ત્વ છે. ભગવાનઆત્મા એ જ્ઞાયક આનંદતત્ત્વ છે. આહા..! બીજી રીતે કહીએ તો ભગવાનઆત્મા આનંદસ્વરૂપ છે અને પંચમહાવ્રત આદિ પરિણામ દુઃખસ્વરૂપ છે. અને અજીવ એ જડસ્વરૂપ છે. સમજાય છે કાંઈ?

મુનિ પરમ તપોધન, જેને ત્રણ કષાયનો અભાવ થયો છે અને જેટલી એને આનંદની લહેર અંદરમાં આવે છે. આહાહા..! એ નિજાત્માનું ધ્યાન કરવાથી અનંતસુખ પામે છે. આહા..! એ અનંતસુખ. આનંદ અને સુખ આત્માનો ધર્મ છે-ત્રિકાળી સ્વભાવ છે. વત્થુ સહાવો ધમ્મો. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ, એનો ધર્મ નામ ત્રિકાળી સ્વભાવ, એના આશ્રયે જે અંતરમાં અનંત આનંદ પર્યાયમાં વસ્તુનો સ્વભાવ પ્રગટ થાય, એનું નામ અનંતસુખ અને એનું નામ મુનિ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

જે દ્રવ્ય એટલે વસ્તુ અને ગુણ એટલે શક્તિ, એમાં અનંતઆનંદ છે. આહા..! એ તો અનંત આનંદનો સાગર આત્મા છે. એ આનંદનું ધ્યાન કરવાથી અથવા આનંદમાં એકાગ્ર થવાથી મુનિને જેટલો આનંદ આવે છે એ અનંત આનંદ છે. આહાહા..! સમજાય છે કાંઈ? **'ઉસ સુખકો ઈન્દ્ર ભી કરોડ દેવિયોંકે સાથ રમતા હુઆ...'** આહાહા..! મનુષ્યણી તો ધાનનું ઢીંગલુ છે. ધાન લે તો શરીર ઠીક રહે, બે-ચાર દિવસ ન લે તો શરીર આમ થઈ જાય. અને ઈન્દ્રની ઈન્દ્રાણીઓ ધાનનું ઢીંગલું નથી, એને તો અમૃતનો સ્વાદ આવે છે. જડનો, જડનો. ભોજનમાં કંઠમાંથી અમૃત ઝરે છે આહારનો. આહાહા..! એના શરીર સાથે જે ભોગ છે એ પણ ઝેર છે, દુઃખ છે. આહાહા..! કરોડો અપ્સરાઓ સાથે. અહીંયાં દેવી લીધું છે. આહાહા..! અહીંયાં તો બે-ચાર દિવસ અપવાસ હોય અથવા આહાર ન લીધો હોય, તાવ આવ્યો હોય તો શરીર (આમ ઢીલું થઈ જાય). એ તો જડ માંસ હાડકાની વસ્તુ છે. પણ દેવીનું તો વૈક્રિયક શરીર છે. હાંડ-માંસ નથી એને. એવી કરોડો અપ્સરાઓ સાથે રમે છે એ તો દુઃખ છે. આહાહા..! અને આ આત્મા સાથે રમે છે એને સુખ છે. આહા..! સમજાય છે કાંઈ? મુદ્દાની રકમની વાત કરી છે. ભઈ, ધર્મ ધર્મ. પણ શું ધર્મ?

ધર્મ એ આત્માનો આનંદ ત્રિકાળી સ્વભાવ એ ધર્મ વસ્તુ છે. ત્રિકાળી. એમાંથી એકાગ્ર થઈને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો, એનું નામ ધર્મ છે. આહાહા..! આ ધર્મની વ્યાખ્યા આવી. સમજાય છે કાંઈ? અતીન્દ્રિય અનાકુળ આનંદનું વેદન અંદર આવવું, જે અનાદિથી રાગ ને દ્વેષની આકુળતાનું વેદન જે છે, એને છોડીને અતીન્દ્રિય આનંદનું વેદન, સુખનો સાગર ભગવાન, જેણે રાગની એકતા તોડી નાખી છે અને જેણે નિજ સુખનો ખજાનો ખોલી નાખ્યો છે. આહાહા..! ધર્મીજીવે પોતાના નિજ સુખનો ખજાનો ખોલી નાખ્યા છે. અજ્ઞાનીને રાગની એકતા પુણ્ય, દયા, દાન, વ્રતાદિ મારી ચીજ છે, એમ માનીને ખજાનો બંધ કરી નાખ્યો છે, તાળા માર્યા છે. આહાહા..! શું કહે છે શેઠ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ કુંચી છે. આહાહા..! ભગવાન અનંત આનંદ જેનો ધર્મ નામ સ્વભાવ છે. ભગવાન સચ્ચિદાનંદ. સત્ નામ શાશ્વત ચિદ્-જ્ઞાન ને આનંદસ્વરૂપ એ તો છે. આહાહા..! એ અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ તો જેમાં ભર્યા જ પડ્યા છે, આહા..! એમાં એકાગ્ર થઈ, પર્યાયમાં વર્તમાન અવસ્થામાં-વર્તમાન દશામાં અતીન્દ્રિય આનંદનો અનંત ઉગ્ર અનુભવ થવો, એનું નામ મુનિપણું અને ચારિત્ર છે. આહાહા..! વ્યાખ્યા પણ કોઈ દિ' સાંભળી ન હોય. આ પાંચમહાવ્રત પાળો ને અઠ્યાવીસ મૂળગુણ પાળો. એ તો બધો આસ્રવ ને દુઃખ છે. સમજાય છે કાંઈ?

જેમ સ્ત્રી તરફ અને લક્ષ્મી તરફ લક્ષ જતાં રાગ અને દુઃખ છે, એમ પંચમહાવ્રત તરફ વિકલ્પમાં જાય તો એ પણ દુઃખ છે. આહા..! ગજબ વાત, નાથ! તારી શૈલી તો જો! 'પરમાત્મપ્રકાશે' તો આમ ખોલી નાખ્યું છે.

ભાઈ! તું પરમાત્મા છો. પરમસ્વરૂપ છો. અંતરમાં અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય સુખસ્વરૂપ પ્રભુ તું છો, ભાઈ! તારી તને ખબર નથી. તારી શું કિંમત છે અને તારામાં શું ભર્યું છે, એની તને ખબર નથી. આહાહા..! ભગવાન આચાર્ય 'યોગીન્દ્રદેવ' દિગંબર સંત, જે અતીન્દ્રિય અનંત આનંદના વેદનના ભોગવટામાં છે. આહાહા..! એ મુનિ. એ મુનિ કહે છે કે અરે..! પ્રભુ! જેને મુનિપણું પ્રાપ્ત થાય, એને અંતરમાં સ્વરૂપાચરણ ચારિત્ર-સ્વરૂપમાં ચરવું એ ચારિત્ર (હોય છે).

મુમુક્ષુ :- અતીન્દ્રિય આનંદનો અને મુનિપણાનો અવિનાભાવી સંબંધ છે.

ઉત્તર :- અવિનાભાવી સંબંધ છે, ભાઈ! સાચી વાત. શેઠ! બરાબર છે. મુનિપણું કહો કે અતીન્દ્રિય આનંદનો સ્વાદ કહો. બેય એક જ વાત છે. સાચી વાત કરી, શેઠ! આહાહા..! અને સમ્યગ્દર્શનમાં પણ ઈ છે. અતીન્દ્રિય આનંદનો અંશે આનંદ એ સમકિત વિના હોતો નથી અને આનંદ વિના સમકિત હોતું નથી. આહાહા..! અહીંયાં તો મુનિની વાત વિશેષ લીધી છે ને. અનંતઆનંદ લેવો છે ને, ઘણો આનંદ. આહા..!

'સમયસાર'માં 'કુંદકુંદાચાર્યદેવે' પાંચમી ગાથામાં કહ્યું, હું મારા વૈભવથી સમયસાર કહીશ. વીતરાગી મુનિ પરમાત્મપદમાં ઝુલનારા. આહા..! પંચમઆરાના પ્રાણી છદ્મસ્થ હતા, કેવળજ્ઞાની નહોતા. એ કહે છે કે, હું મારા નિજ વૈભવ(થી કહીશ). તો નિજ વૈભવ શું? આ શરીર, લક્ષ્મી-ધૂળ એ નિજ છે? એ તો જડનો વૈભવ છે. અને અંદરમાં પુણ્યના ભાવ છે એ નિજ વૈભવ છે? એ તો વિભાવભાવ છે. આહાહા..! પંચ મહાવ્રતના પરિણામ, પાંચ સમિતિ, ગુપ્તિ, વ્યવહારના ભાવ એ તો બધા રાગભાવ, દુઃખભાવ છે. એ નિજ વૈભવ નહિ. આહાહા..!

નિજ વૈભવ, મારો આનંદનો સાગર પ્રભુ, આનંદનો ડુંગર, એમાં હું એકાગ્ર થાઉં છું તો અંતરમાં આનંદના ઝરણા ઝરે છે, એમ કહે છે. એ મુનિપણું કોને કહેવું! આહાહા..! સમજાય છે કાંઈ? એકવાર બતાવ્યું હતું. પાંચમી ગાથામાં. અતીન્દ્રિય આનંદના ઝરણા ઝરે છે. ડુંગરમાંથી પાણી ઝરે ને? પાણી. એમ અતીન્દ્રિય આનંદના ફુવારા અંદરમાંથી ફૂટે છે.

આહાહા..! એ અમારો અતીન્દ્રિય આનંદનો વૈભવ, એની મહોરછાપ એ છે. અતીન્દ્રિય આનંદનો અનુભવ એ અમારી મહોરછાપ છે. આહાહા..! એ અમારો નિજ વૈભવ છે. કહો, શેઠ! આ બધા બહારના વૈભવના શેઠિયાઓ છે ને આ બધા.

મુમુક્ષુ :- પહેલા બહારમાં મળે પછી અંદર મળે.

ઉત્તર :- ધૂળમાંય મળે નહિ બહાર. અહીં તો એ તો નહિ પણ પહેલા પંચમહાવ્રતાદિ મળે અને પછી સુખ મળે, એ પણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? મારગડા પ્રભુ! તારા ભિન્ન છે. અત્યારે તો બાહ્ય ક્રિયાકાંડમાં બધું મનાવી દીધું છે. જ્યાં દુઃખ છે. એ તો બધી રાગની ક્રિયા છે.

અહીં તો પરમાત્મા 'યોગીન્દ્રદેવ' કહે છે, અનંત સુખ. ભાષા એવી છે ને? અનંત સુખ છે ને? સમ્યગ્દષ્ટિને આનંદ આવે છે, પણ અનંત નહિ. એટલો અનંત નહિ. આહાહા..! મુનિને તો અનંત આનંદ આવે છે. આહાહા..! અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય આનંદ. આહાહા..! શું કહેવાય આ તમારી? ચૂસે છે નહિ? કુલ્ફી. શું કહેવાય આ કુલ્ફી નથી તમારી કાંઈક? કુલ્ફી કહે છે. એ અમે પહેલા જોઈ હતી. 'ભરૂચ' માલ લેવા જવા હતા ને. કુલ્ફી ચૂસે ને? ઠંડી.. ઠંડી. એમ ભગવાન કુલ્ફી-આનંદની કુલ્ફી છે. સંતો એને ચૂસે છે. આહાહા..! ફુવારામાંથી જેમ દાબે ને પાણી ઝરીને નીકળે છે, એમ ભગવાન આનંદનો નાથ પ્રભુ, એમાં એકાગ્ર થવાથી અતીન્દ્રિય આનંદ, ફુવારો ફૂટે એમ અંદરથી અતીન્દ્રિય આનંદ ફૂટે છે. આહાહા..! એ મુનિ સુખી છે. બાકી દુરીજન દુઃખીયા. સમજાય છે કાંઈ? એ પુણ્ય અને પાપમાં સુખ માનનારા દુઃખી પ્રાણી છે. આહાહા..! 'મૂળચંદભાઈ'! કહો, આ છોકરાઓ પાકે મોટા ને 'અમેરીકા' જાય ને દસ, પંદર હજારના પગાર મળે, અમે સુખી છીએ. ધૂળેય નથી.

મુમુક્ષુ :- એક અપેક્ષાએ સુખી છે.

ઉત્તર :- એક અપેક્ષાએ દુઃખી છે. સમજાય છે કાંઈ? ન્યાં ક્યાં સુખ હતા? આહા..! અબજોપતિ અત્યારે 'અમેરીકા'વાળા બધા રાડું નાખે છે કે અમને ક્યાંય સુખ નથી, ક્યાંય શાંતિ નથી. મોટા પચાસ-પચાસ માળના મકાન અને શું કહેવાય તમારી? લિફ્ટ. માથે લઈ જાય. ધૂળમાંય નથી ત્યાં સાંભળને. એ તો બધી આકુળતા છે.

પ્રભુ, આનંદનો નાથ પ્રભુ! અહીં આચાર્યદેવ 'યોગીન્દ્રદેવ' તો બહુ સ્પષ્ટ કરે છે. ખુલ્લી વાત કરે છે. પ્રભુ! મુનિપણું તો એને કહીએ, આહાહા..! સ્વરૂપે ચરણં ચારિત્ર. આપણે છે ને ત્યાં? 'સ્વાધ્યાય મંદિર'માં. બે બાજુ છે. એક બાજુ-સર્વ ગુણાંશ તે સમકિત (છે). આ બાજુ છે-સ્વરૂપે ચરણં ચારિત્ર. બે બાજુમાં બે છે. મુદ્દાની રકમ. સર્વ ગુણાંશ તે સમકિત. આત્મામાં જેટલા અનંત ગુણ છે, આકાશ સર્વવ્યાપક છે, ક્યાંય અંત નથી, એના જે પ્રદેશ છે, અહીં આટલામાં અસંખ્ય પ્રદેશ છે, એવા એવા એવા અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત ચાલ્યા જાય છે, એના પ્રદેશની જે સંખ્યા છે એથી અનંતગુણા તો એક જીવમાં ગુણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ જેટલા અનંત ગુણ છે એ બધા

દ્રવ્યસ્વરૂપ છે. એ દ્રવ્યની જ્યાં અંતર દૃષ્ટિ થઈ તો જેટલા ગુણ છે એનો વ્યક્ત અંશ એક સમયની પર્યાયમાં, અનંતા ગુણનો વ્યક્ત અંશ વેદનમાં આવે છે. આહાહા..! એને તો હજી સમ્યગ્દૃષ્ટિ કહીએ. આહા..! સમજાય છે કાંઈ? અને પંચમ ગુણસ્થાનમાં જે સાચા પડિમાધારી છે એને તો અનંતગુણ જે ચોથે છે એમાંથી વિશેષ આનંદની ધારા આવે છે. એને પંચમ ગુણસ્થાન કહીએ. આહાહા..!

મુમુક્ષુ :- વ્રત ધારણ કરે તેને પંચમહાવ્રત નહીં.

ઉત્તર :- વ્રત ક્યાં હતો? હજી સમ્યગ્દર્શન વિના? એ માટે તો વાત ચાલે છે. સ્વરૂપે ચરણં ચારિત્ર. તો સ્વરૂપ શું છે એ તો દૃષ્ટિમાં અનુભવમાં આવ્યું નહિ, તો ચરવું ક્યાં? સમજાય છે કાંઈ? સ્વરૂપે ચરણં ચારિત્ર. એ 'પ્રવચનસાર'ની ગાથા છે. સ્વરૂપે ચરણં ચારિત્ર. 'પ્રવચનસાર'. તો સ્વરૂપ શું છે આત્માનું? સ્વ-રૂપ, સ્વ-રૂપ. પોતાનું રૂપ તો જ્ઞાન, આનંદ ને શાંતિનું સ્વરૂપ છે. આહા..! એ આનંદનો પહેલા સમ્યગ્દર્શનમાં અનુભવ થાય કે આ આત્મા આવો છે, પછી સ્વરૂપમાં ચરવું-સ્વરૂપે ચરણં ચારિત્ર. આહાહા..! આ વ્યાખ્યા ભગવાન 'કુંદકુંદાચાર્ય'ની છે. એ વ્યાખ્યા મુનિ અહીં કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અનંત સુખ. સ્વરૂપમાં સ્વરૂપ જે સુખરૂપ છે, એની સમ્યગ્દર્શનમાં પ્રતીતિ થઈ છે અને અંશે આનંદ અને સર્વ ગુણની વ્યક્તતા અંશે આવી, પણ મુનિપણું તો.. ઓહોહો..! સર્વાર્થસિદ્ધના દેવ એકભવતારી છે, ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને મોક્ષ જનારા છે. જેટલા દેવ સર્વાર્થસિદ્ધિમાં છે-સંખ્યાતા છે, બધાને એક ભવ કરીને મોક્ષમાં જવાનું છે. સમકિતી છે, કેટલાક ક્ષાયિક સમકિતી છે. એને સુખનો અંશ છે. સુખનો અંશ એને છે, એના કરતાં તો મુનિપણામાં અનંત સુખ વધી ગયું છે, એમ કહે છે. આહાહા..! એ મુનિપણું, હોં! આ લુગડા ફેરવીને નગ્ન થયા ને પંચમહાવ્રત પાળ્યા, એ મુનિપણું નહિ. આહાહા..! માર્ગ તો આ છે, ભાઈ! જૈનદર્શનનું મર્મ સ્વરૂપ તો આ છે. આહાહા..!

એ શ્લોક અમારે સ્થાનકવાસીમાં આવતો. 'નવિ સોહી દેવતા દેવલોએ..' એ પણ ગાણા બોલે, સમજે નહિ કાંઈ. 'નવિ સોહી શેઠ સેનાપતિ, નવિ સોહી..' દેવ સુખી નથી, રાજા સુખી નથી, સેનાપતિ સુખી નથી. 'એગંત સુખી મુનિ વીતરાગી.' એમ આવતું હતું પણ સમજે નહિ કાંઈ. અર્થ આવડે નહિ. સુખી એટલે આ બહારથી નિવૃત્તિ હોય એ સુખી. એમ.

મુમુક્ષુ :- મુનિની મહિમા ગાય.

ઉત્તર :- પણ મુનિ કેવા એની પાછી (ખબર ન મળે). સુખી શું? આ બાયડી, છોકરા છોડીને બેઠા અને ત્યાગી થયા એ સુખી. એમ. અરે..! સાંભળને. શું કહ્યું?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ધૂળેય સુખી નથી. સમકિતનો ત્યાગ કર્યો. સમકિતનો ત્યાગ કર્યો. મેં પરનો ત્યાગ કર્યો, એવા ભાવમાં સમકિતનો ત્યાગ કર્યો. આહાહા..! અહીંયાં તો મિથ્યાત્વનો ત્યાગ ત્યારે થાય છે, જ્યારે અનંત ધર્મસ્વરૂપ વત્થુ સહાવો ધમ્મો. વસ્તુ જે ભગવાનઆત્મા, એનો

સ્વભાવ ત્રિકાળી અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય સુખ, અતીન્દ્રિય શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એમાં લીનતા થવી, સ્વરૂપમાં લીનતા-ચરવું એનું નામ ચારિત્ર છે. સ્વરૂપની દૃષ્ટિની હજી ખબર નહિ ને એને ચારિત્ર ક્યાંથી આવ્યું? અહીં તો ભગવાનની વાત છે, બાપા! અહીં કાંઈ કોઈ વાડા-પક્ષની વાત નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

'યોગીન્દ્રદેવ' શું પોકાર કરે છે? અનંતસુખ શબ્દ વાપર્યો છે. છે? '**પરમ તપોધન (મુનિ)...**' તપોધન મુનિ. જંગલમાં વસનારા અને આત્માના આનંદમાં વસનારા. આહાહા..! જેને તપરૂપી ધન છે. એટલે? નિર્વિકારી આનંદરૂપી ધન જેની પાસે છે. આહાહા..! લ્યો, શેઠ! આ તમારા ધનના ધૂળની સાથે આ કહે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- જંગલમાં રહે તો શું છે? આ આત્માના જંગલમાં રહે તો ખબર પડે. આહા..! જંગલમાં તો વાઘ ને બીજા જાનવર ઘણા રહે છે. આ તો વસ્તુનું સ્વરૂપ આવું છે. બાપુ! શું થાય? ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ.. સ્વરૂપ જે આનંદનો નાથ અતીન્દ્રિય આનંદથી ભરેલો ભરચક પ્રભુ, એમાં ચરવું, સ્વરૂપે ચરણં ચારિત્ર. એ સ્વરૂપની હજી જેને દૃષ્ટિ થઈ નથી એ ચરે ક્યાંથી? આ ઢોર ચરવા જાય છે કે નહિ? પશુ. ઘાસ હોય તો ચરે કે ઢેફાને ચરે? ધૂળને. લીલુછમ ઘાસ થાય છે ને? એમ ભગવાન અતીન્દ્રિય આનંદથી અંદર લીલોછમ ભરેલો છે. એને અંદરમાં આનંદનું વેદન, અનંત સુખ થાય છે એ સુખ ઈન્દ્રોને નથી, એમ કહે છે. કરોડો ઈન્દ્રાણી સાથે ભોગ લેનાર રાગી પ્રાણી દુઃખી છે. આહા..! એ ઝેરના પ્યાલા પીવે છે. સમજાય છે કાંઈ? એ સવિકલ્પ ઝેર પાણી પીવે છે. આ નિર્વિકલ્પ આનંદ મુનિ પીવે છે. આહાહા..! નિર્વિકલ્પ રસ પીજીએ. એમ આવે છે. આ વિકલ્પરસ છે એ તો દુઃખ છે. સમજાય છે કાંઈ? માર્ગ ઝીણો, બાપુ! દુનિયાએ બહારથી કલ્પ્યો છે એ તો બધો અધર્મ છે. ધર્મ તો એને કહીએ કે જેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવતો હોય. આહાહા..! કેમકે ધર્મ એ વસ્તુનો સ્વભાવ છે. અતીન્દ્રિય આનંદ એ વસ્તુનો સ્વભાવ છે. તો વસ્તુના સ્વભાવમાંથી અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય. આહાહા..!

અહીંયાં તો 'યોગીન્દ્રદેવ' મુનિની વ્યાખ્યા કરે છે. '**અપની આત્માકો ધ્યાવતા પરમ તપોધન (મુનિ) જો અનંતસુખ પાતા હૈ, ઉસ સુખકો ઈન્દ્ર ભી કરોડ દેવિયોંકે સાથ રમતા હુઆ નહીં પાતા.**' ક્યાં એની વાત અને ક્યાં આ વાત. એ તો ઝેર છે અને આ તો સુખ છે. આહાહા..! કોઈ કહે છે કે સિદ્ધનું સુખ કેવું? કે ઈન્દ્રનું સુખ છે એનાથી અનંતગુણું. ઈન્દ્રનું સુખ તો રાગ છે, એનાથી અનંતગુણું ક્યાંથી આવ્યું? એની સાથે ગુણાકાર ક્યાં થયો? એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં લીધું છે. બધા શાસ્ત્રમાં છે. તમે એમ કહો કે સિદ્ધમાં કેટલું સુખ છે? કે આ ઈન્દ્રનું સુખ આ રાજા, ચક્રવર્તી ભોગવે છે એનાથી અનંતગુણું. તો ઈન્દ્રિયનું સુખ તો રાગ, દુઃખ છે. એનાથી અનંતગુણું? શું કરે છે તું? સમજાય છે કાંઈ? જાત જ જુદી છે. એ તો રાગ છે અને આ તો વીતરાગભાવ આનંદનો નાથ છે. આહાહા..! એ જાતનો ગુણાકાર તું ક્યાંથી લાવ્યો? સમજાય છે કાંઈ?

અહીંયાં ઈ તો કહે છે, કરોડો દેવિઓ સાથે રમે છે એ તો રાગ છે. આહાહા..! ભગવાનની શાંતિનું તો ત્યાં ખૂન થાય છે. આહાહા..! પોતાની શાંતિની તો ત્યાં ભોગમાં હિંસા થાય છે. કરોડો ઈન્દ્રાણી સાથે. આહા..! પ્રભુ! તને આ શું છે? કહે છે. આહા..! તારા આનંદના નાથની હિંસા થાય છે આહાહા..! અને આ તો આનંદનું જીવન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભઈ, મારગડા બાપા, જુદા છે, ભાઈ! આ પંચમકાળમાં સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનવરનો માર્ગ સમજવો એ બહુ મુશ્કેલી છે. પોતાની કલ્પનાથી માને, અનાદિથી માન્યું છે.

**ભાવાર્થ :-** '**બાહ્ય ઔર અંતરંગ પરિગ્રહસે રહિત...**' મુનિપણું લેવું છે ને? બાહ્યમાં વસ્ત્રનો દોરો નહિ, અંતરંગમાં રાગનો અંશ નહિ. આહાહા..! બાહ્ય અભ્યંતર પરિગ્રહથી રહિત. એકલા (બાહ્ય) પરિગ્રહથી રહિત એમ નહિ. અંદરમાં પણ રાગના ભાવથી રહિત. મિથ્યાત્વ ને રાગ જે અભ્યંતર પરિગ્રહ છે, તેનાથી પણ રહિત. મિથ્યાત્વથી રહિત. પુણ્યમાં ધર્મ માનનારા તો મિથ્યાદૃષ્ટિ છે. તો મિથ્યાત્વનો પરિગ્રહ એને છૂટ્યો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! આ જુઓને હાર્ટની પીડા થાય છે. બિચારા 'અમરચંદભાઈ' સાંભળવા માટે આવ્યા હતા. હવે એને બિચારાને અંદર કેટલું થાય છે. ડોક્ટર કહે, બહાર ન નીકળવું. લ્યો. અંદર કાંઈક થતું હશે. મૂળ તો બહુ પરસેવો થઈ જાય ને તો આ લોહી છે એ જામી જાય. જામી જાય એટલે શ્વાસ ન લઈ શકે. દળ જામી જાય. બરફ જામે એમ લોહી લોહી છે ને? ખૂન. જાડું થઈ જાય. એને પરસેવો બહુ થાય. પરસેવો થાય એટલે લોહી જાડું થઈ જાય. જાડું સમજ્યા? પછી શ્વાસ લઈ શકે નહિ અને મુંઝવણ.. મુંઝવણ.. મુંઝવણ. આહાહા..! એવી રાગ-દ્વેષની એને મુંઝવણ થવી જોઈએ. રાગ ને દ્વેષ મહા દુઃખરૂપ દશા છે, ભગવાન!

આત્મા આનંદનો નાથ પ્રભુ, સચ્ચિદાનંદ પ્રભુ,.. એ આવ્યું હતું ને? પહેલા આવ્યું. સદા આનંદસ્વરૂપ, અદ્વિતીય અતીન્દ્રિય સુખરૂપ. એ બધું આપણે આવ્યું હતું. આહાહા..! એમ ભગવાન '**બાહ્ય ઔર અંતરંગ પરિગ્રહસે રહિત...**' અભ્યંતરમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષરૂપી પરિગ્રહથી રહિત. બાહ્યમાં વસ્ત્ર, પાત્ર ને સ્ત્રી, કુટુંબથી રહિત '**નિજ શુદ્ધાત્માકી ભાવના...**' ઓહો..! એકલી માખણ વાત છે. નિજ ભગવાન. પરમાત્મા ત્રિલોકનાથ એ પણ નહિ. એનું ધ્યાન કરવાથી તો રાગ થાય છે. સમજાય છે કાંઈ? પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરવાથી પણ રાગ થાય છે. આહાહા..! નિજ શુદ્ધાત્મા. પોતાનો નિજ શુદ્ધાત્મા પવિત્ર પુંજ પ્રભુ. આહાહા..! (એની) ભાવના-એની એકાગ્રતાથી '**ઉત્પન્ન હુઆ વીતરાગ પરમાનંદ સહિત...**' દેખો! આહાહા..! વીતરાગ પરમાનંદ છે. અજ્ઞાનીએ રાગને આનંદ માન્યો છે, સુખ માન્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**વીતરાગ પરમાનંદ સહિત મહામુનિ જો સુખ પાતા હૈ,...**' આહાહા..! મિથ્યાત્વ, રાગ-દ્વેષ અને બાહ્ય પરિગ્રહ રહિત ધર્માત્મા અંતરમાં જે સુખ પામે છે, '**ઉસ સુખકો ઈન્દ્રાદિ ભી નહીં પાતે.**' ઈન્દ્ર આદિ એટલે મોટા કરોડોપતિ શેઠિયા કે ચક્રવર્તી એ સુખને

પામતા નથી. એને ત્યાં સુખ નથી. આહાહા..! '**જગતમેં સુખી સાધુ હી હૈં,...**' જેણે આનંદદશા પ્રગટ કરી છે એ જગતમાં સુખી છે. આહાહા..! સુખી જ છે. એમ પાછું. છે? '**જગતમેં સુખી સાધુ હી હૈં,...**' એકાંત કરી નાખ્યું. આહાહા..! નિજ સ્વરૂપ અંતરમાં વીતરાગભાવથી સાધે છે એ એક સાધુ જગતમાં સુખી છે. '**અન્ય કોઈ નહીં.**' લ્યો. છે? આહાહા..!

'**યહી કથન અન્ય શાસ્ત્રોંમેં ભી કહા હૈ-'दह्यमाने इत्यादि' ઈસકા અર્થ ઐસા હૈ કિ મહામોહરૂપી અગ્નિસે જલતે હુએ...**' આહાહા..! ભ્રમણા-પુણ્યમાં ધર્મ છે, પાપમાં મજા છે એવી મહામોહરૂપી અગ્નિ જ્યાં બળે છે. આહાહા..! આ '**મહામોહરૂપી અગ્નિસે જલતે હુએ ઈસ જગતમેં દેવ, મનુષ્ય, તિર્યંચ, નારકી સભી દુઃખી હૈં,...**' રાજા દુઃખી, શેઠિયા દુઃખી, દેવ દુઃખી, અબજોપતિ દુઃખી, આહાહા..! ઈન્દ્રો દુઃખી, અપ્સરાઓ દુઃખી. આહાહા..! દુઃખીના મોટા દરિયા ભર્યા છે. '**ઔર જિનકે તપ હી ધન હૈ,...**' અતીન્દ્રિય આનંદરૂપી દશા એ ધન છે. આહાહા..! તપ નામ ઈચ્છાનિરોધ રહિત આનંદની દશા. તપ્યન્તે ઈતિ તપઃ. જેમ સુવર્ણને ગેરુ લગાવવાથી ઓપે છે, એમ ભગવાનઆત્મામાં અતીન્દ્રિય આનંદની પરિણતિથી શોભે છે એને અહીં તપ કહે છે. સમજાય છે કાંઈ? દીક્ષા કહો, તપ કહો, ચારિત્ર કહો. દીક્ષા કહે છે ને? દીક્ષા કલ્યાણક નથી કહેતા? દીક્ષા કલ્યાણક કહો કે તપ કલ્યાણક કહો. અંદરમાં ચારિત્રની દશા એ તપ કલ્યાણક છે, એ તપ છે. આહાહા..!

'**તથા સબ વિષયોંકા સંબંધ જિન્હોંને છોડ દિયા હૈ...**' પર તરફના ધ્યેયનો બધો વિષય છોડી દીધો છે. આહાહા..! ભગવાનની વાણી અને ભગવાન તરફનું લક્ષ પણ જેણે છોડી દીધું છે. એ પણ વિષય છે. આહા..! જગતને આકરું પડે. સમજાય છે કાંઈ? બધો પર વિષય છોડી દીધો છે અને સ્વ વિષયમાં લીન થયા છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'સમયસાર' ૩૧ ગાથામાં એ કહ્યું છે કે જડ ઈન્દ્રિયો, ભાવઈન્દ્રિય-એક એક ઈન્દ્રિયોના વિષયને જુએ ઈ અને જગતની બધી ચીજ. સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેવ, ગુરુ, શાસ્ત્ર, સમવસરણ, દિવ્યધ્વનિ વાણી એ બધાને ઈન્દ્રિય કહેવામાં આવ્યા છે. આહાહા..! ત્રણે ઈન્દ્રિયને જીતી લે, એના ઉપરથી લક્ષ છોડી દે, એમ કહે છે. ૩૧ ગાથામાં આવ્યું છે. જડઈન્દ્રિય, ભાવઈન્દ્રિય એટલે એક એક વિષયને જોવાવાળું ખંડ ખંડ બતાવે ઈ, અને જે બધી પર ચીજ છે એને ઈન્દ્રિય કહેવાય છે. '**जो इंदिये जिणित्ता**'. એ ત્રણેને જીતીને સ્વભાવને ભિન્ન પાડી અંતરમાં રમે છે તેને જિતેન્દ્રિય સાધુ કહેવાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયાં કહ્યું ને? '**સબ વિષયોંકા...**' એ વિષય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર, વીતરાગની વાણી ને વીતરાગનું સમવસરણ પણ ઈન્દ્રિયનો વિષય છે. આ ગજબ વાત છે! 'સમયસાર' ૩૧ ગાથામાં કહ્યું છે. '**जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं**'. જે કોઈ ત્રણ

ઈન્દ્રિય-જડ, ભાવ અને એનો વિષયનું લક્ષ છોડી દે અને '**णाणसहावाधियं मुणदि आदं**' જ્ઞાનસ્વભાવથી ભિન્ન આત્મા પૂર્ણાનંદ છે.. આહાહા..! એમાં જે રમે છે તેને જિતેન્દ્રિય સંત કહેવાય છે. સમજાય છે કાંઈ? કાનને જીતે-અંદર ભૂંગળા નાખી દે એ નહિ. આંખને જીતવા આંખને ફોડી નાખે. 'સુરદાસ' હતા ને? 'સુરદાસ'. અન્યમતિમાં 'સુરદાસ' થયા ને? એણે આંખ ફોડી નાખી હતી. આંખ ફોડવાથી શું થાય? સમજાય છે કાંઈ? એ 'સુરદાસ' એકવાર વેશ્યાને ઘરે ગયા હતા. સર્પ હતો. એક સર્પ લટકતો હતો એને પકડીને ગયા, ખબરે ન રહી. એટલી ગૃદ્ધિ હતી. સુરદાસમાં કથા આવે છે. બધું જોયું છે ને? ઘણા પદ (જોયા છે). નાની ઉંમરથી બધું જોયું છે. દુકાન ઉપર બધા શાસ્ત્ર ઘણા વાંચતા હતા. કબીરના ને એ બધા અમારે ભેટ આવતા હતા. નાની ઉંમરમાં અમે પત્ર મંગાવતા હતા. એક જૈન સમાચાર છે. 'અમદાવાદ'. 'વાડીલાલ મોતીલાલ'. સ્થાનકવાસીમાં મોટો પત્રકાર. જૈન સમાચાર. એ મંગાવતા હતા દુકાન ઉપર. (સંવત) ૧૯૬૫-૬૬ની સાલ. એમાં એક વાર કબીરના પદ ભેટ આવ્યા હતા. કબીર.. કબીર છે ને? એના. બધા વાંચ્યા હતા દુકાન ઉપર. ગપ્પે ગપ છે. વીતરાગ સિવાય ક્યાંય સાચી વાત નથી. સમજાય છે કાંઈ? વળી કેટલાક કહે છે કે, કબીરના છે એવા 'બનારસીદાસ'ના છે. એમ કહે છે. હમણાં આવ્યું હતું. કબીર ક્યાં ને 'બનારસીદાસ' ક્યાં. 'બનારસીદાસ' તો સમકિતી જ્ઞાની હતા. એની વાણી તો જુઓ! 'નાટક સમયસાર'. આપ્યું છે ને? આહાહા..! વાણી તો સમકિતીને હો કે મુનિની હો, કેવળીની હો, વાણીમાં ફેર છે? ચારિત્રમાં ફેર હો. ચોથે સ્વરૂપમાં એટલી રમણતા ન હોય, પણ વસ્તુની સ્થિતિ તો એક જ છે. જેવું સમકિત તિર્યંચનું, એવું સમકિત સિદ્ધનું. સમકિતમાં ફેર છે? આહાહા..! કબીરને 'બનારસીદાસ' સાથે જોડી દે. અરે..! સાંભળ તો ખરો, પ્રભુ! 'બનારસીદાસ' શું કહે છે? આહાહા..!

એ તો કહે છે, 'મોક્ષ અધિકાર'નું ૪૦મું પદ. સાચા મુનિ, જેને અનંત આનંદનો સ્વાદ આવે છે, એને છઠ્ઠે ગુણસ્થાને મહાવ્રતનો વિકલ્પ ઉઠે એ સંસાર છે, જગપંથ છે. આહાહા..! સમજાય છે કાંઈ? બતાવ્યું હતું. 'નાટક સમયસાર'. આ 'નાટક સમયસાર'. સમજાય છે? 'મોક્ષ અધિકાર'નો ૪૦ બોલ. ૫૨-૫૩ બોલ છે, એમાં ૪૦મો બોલ આ છે. જગપંથ. આહાહા..! વીતરાગ એમ કહે છે, એણે ઈ કહ્યું. જે ભાવ સંસારમાં દાખલ કરે એ ભાવને પુણ્ય કેમ કહેવાય? એ પુણ્યભાવ તો સંસારમાં દાખલ કરે છે. આહાહા..! મહાવ્રતના પરિણામ છે એ આસ્રવ છે, વિકલ્પ છે. આહાહા..! એ 'તત્ત્વાર્થ સૂત્ર'માં 'આસ્રવ અધિકાર'માં આવે છે. છઠ્ઠા અધ્યાયમાં. વ્રત, અવ્રત બેય આસ્રવ છે. પુણ્ય ને પાપ બેય આસ્રવ છે. વાંચન નહિ લોકોને.

મુમુક્ષુ :-

ઉત્તર :- એ ત્યાં છે, 'તત્ત્વાર્થ સૂત્ર'માં. આહાહા..!

અહીંયાં તો કહે છે, '**સબ વિષયોંકા સંબંધ જિન્હોંને છોડ દિયા હૈ,...**' આહાહા..! પરનું લક્ષ જ છોડી દીધું છે આ બાજુનું એમ કહે છે. અને આ બાજુ સ્વવિષય આત્માને

બનાવ્યો છે. ભગવાન પૂર્ણાનંદને વિષય બનાવ્યો. પરવિષયનું લક્ષ છોડી દીધું. આહાહા..! **'ऐसा साधु मुनि जगतमें सुखी हैं.'** બહુ સરસ વાત આવી. આહાહા..! સમજાય છે કાંઈ?

જંગલમાં વસતા હોય, ધોમ તડકા પડતા હોય, નગ્ન શરીર હોય. આહાહા..! પણ અંતરમાં આનંદના ઝરણા ઝરે છે તો એ સુખી છે. અને આ બધા બાગ-બગીચા ને મોટા ચાલીસ-ચાલીસ લાખના બંગલા. છે ને? શેઠને ચાલીસ લાખનો છે. 'શાહુજી'ને. 'દિલ્હી'માં. અને આને 'ગોવા'માં ચાલીસ લાખનો છે. એમાં ધૂળમાંય નથી. આહાહા..! ત્યાં તો કષાયની હોળી સળગે છે. રાગના મોહનો દાવાનળ છે. ભગવાન જંગલમાં સંત રહે છે એ તો આત્મામાં રહે છે. અંતર આનંદમાં-અતીન્દ્રિય આનંદમાં રહે છે. આહાહા..! એ જગતમાં સુખી છે. લ્યો, બહુ સરસ અધિકાર છે.

---

**११८) अप्पा-दंसणि जिणवरहँ जं सुहु होइ अणंतु।**
**तं सुहु लहइ विराउ जिउ जाणंतउ सिउ संतु।।११८।।**

**आत्मदर्शने जिनवराणां यत् सुखं भवति अनन्तम्।**
**तत् सुखं लभते विरागः जीवः जानन् शिवं शान्तम्।।११८।।**

**अप्पा इत्यादि। अप्पादंसणि निजशुद्धात्मदर्शने जिणवरहं छद्मस्थावस्थायां जिनवराणां जं सुहु होइ अणंतु यत्सुखं भवत्यनन्तं तं सुहु तत्पूर्वोक्तसुखं लहइ लभते। कोऽसौ। विराउ जिउ वीतरागभावनापरिणतो जीवः किं कुर्वन् सन्। जाणंतउ जानन्ननुभवन् सन्। कम्। सिउ शिवशब्दवाच्यं निजशुद्धात्मस्वभावम्। कथंभूतम्। संतु शान्तं रागादिविभावरहितमिति। अयमत्र भावार्थः। दीक्षाकाले शिवशब्दवाच्यस्वशुद्धात्मानुभवने यत्सुखं भवति जिनवराणां वीतरागनिर्विकल्पसमाधिरतो जीवस्तत्सुखं लभत इति।।११८।।**

---

**आगे ऐसा कहते हैं कि वैरागी मुनि ही निज आत्माको जानते हुए निर्विकल्प सुखको पाते हैं –**

**गाथा – ११८**

**अन्वयार्थ :– [ आत्म दर्शने ] निज शुद्धात्माके दर्शनमें [ यत् अनन्तम् सुखं ] जो अनंत अद्भुत सुख [ जिनवराणां ] मुनि–अवस्थामें जिनेश्वरदेवोंके [ भवति ] होता है, [ तत् सुखं ] वह सुख [ विरागः जीवः ] वीतरागभावनाको परिणत हुआ मुनिराज [ शिवं शांतं जानन् ] निज शुद्धात्मस्वभावको तथा रागादि रहित शांत भावको जानता हुआ [ लभते ] पाता है।**

**भावार्थ :– निज शुद्धात्माके दर्शनमें जो अनंत अद्भुत सुख मुनि–अवस्थामें जिनेश्वरदेवोंके होता है, वह सुख वीतरागभावनाको परिणत हुआ मुनिराज निज**

**शुद्धात्मस्वभावको तथा रागादि रहित शांत भावको जानता हुआ पाता है। दीक्षाके समय तीर्थंकरदेव निज शुद्ध आत्माको अनुभवते हुए जो निर्विकल्प सुख पाते हैं, वही सुख रागादि रहित निर्विकल्पसमाधिमें लीन विरक्त मुनि पाते हैं।।११८।।**

**હવે, વૈરાગી મુનિ જ નિજ આત્માને જાણતો થકો નિર્વિકલ્પ સુખને પામે છે, એમ હવે કહે છે :**

**ભાવાર્થ :- દીક્ષા સમયે 'શિવ' શબ્દથી વાચ્ય એવા સ્વશુદ્ધાત્માના અનુભવમાં જિનવરોને જે સુખ થાય છે તે સુખ વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં રત જીવ (વિરક્ત મુનિ) પામે છે. ૧૧૮.**

## ગાથા-૧૧૮ ઉપર પ્રવચન

**'आगे ऐसा कहते हैं कि वैरागी मुनि...'** વૈરાગી એટલે રાગથી ભિન્ન પડી નિજાનંદમાં રમે છે એ **'मुनि ही निज आत्माको जानते हुए निर्विकल्प सुखको पाता है-'** લ્યો. ૧૧૮.

**११८) अप्पा-दंसणि जिणवरहँ जं सुहु होइ अणंतु।**
**तं सुहु लहइ विराउ जिउ जाणंतउ सिउ संतु।।११८।।**

ઓહોહો..! તીર્થંકરનો દાખલો આપ્યો છે.

**અન્વયાર્થ :- 'निज शुद्धात्माके दर्शनमें जो अनंत अद्‌भूत सुख मुनि-अवस्थामें जिनेश्वरदेवोंके...'** મુનિ અવસ્થાની વાત છે, હોં! કેવળજ્ઞાનની નહિ. કેવળજ્ઞાનના સુખની તો વાત જ શું! જિનવરદેવ જ્યારે દીક્ષિત થાય છે.. આહાહા..! સોળમા, સત્તરમા, અઢારમાં તીર્થંકર, ચક્રવર્તી. ચક્રવર્તી છે ને? તીર્થંકર છે, ચક્રવર્તી છે અને કામદેવ છે. એમને ત્રણ પદવી છે. સોળ, સત્તર, અઢાર. તીર્થંકર છે, ચક્રવર્તી છે, કામદેવ છે. અઢી દ્વિપમાં એના જેવું કોઈનું રૂપ નહિ. સુંદર રૂપ, સુંદર રૂપ. આહા..! એ જ્યારે દીક્ષિત થાય છે, સમકિત સહિત તો છે જ. ત્રણજ્ઞાન સહિત. આહા..! ઈન્દ્રો પાલખીમાંથી ઉતારે. એટલું સુંદર રૂપ.. આહા..! ણમો સિદ્ધાણં. બસ, એટલું (બોલે). પાંચ નવકાર ન બોલે. ણમો સિદ્ધાણં. બસ, એમ કરીને દીક્ષિત થાય છે. આહાહા..!

'શાંતિનાથ' જ્યારે દીક્ષિત થાય છે ને? છન્નું હજાર સ્ત્રી (હતી). જ્યારે દીક્ષિત થાય છે સ્ત્રીઓ જંટિયા (માથાના વાળ) તાણે. અરે..! પ્રભુ! ક્યાં જાઓ છો? અરે..! સ્ત્રીઓ! હું તમારી માટે રહેતો હતો? મારો રાગ હતો મારી પાસે તેથી રહેતો હતો. મારો રાગ મરી ગયો છે, હવે તમે શું અમને જીવતા કરશો. સમજાય છે કાંઈ? મારામાં રાગ હતો તો તમારી ઉપર મારું લક્ષ જાતું હતું. તમારે કારણે નહિ, મારા રાગને કારણે. હવે તમે જંટિયા તાણો કે મરી

જાઓ, તો શું અમારામાં હવે રાગ ઉત્પન્ન થશે? મરી ગયા એ જીવતા થશે? ચાલ્યા જાવ. અમે તો વનવાસમાં આનંદના ઝરણામાં જઈએ છીએ. આહાહા..! અંદરમાં તળિયા તપાસવા. અંદર પૂર્ણાનંદ પરમાત્મા તળિયામાં છે. ત્યાં અમે જઈએ છીએ. આહાહા..!

કહે છે, જે જિનવર દીક્ષિત થાય છે. જિનવરનો દૃષ્ટાંત આપ્યો છે. છે ને? '**મુનિ અવસ્થામેં જિનવરદેવોંકે...**' મુનિ અવસ્થામાં. આહાહા..! ઇન્દ્રો સાથે ઉભા હોય. ઇન્દ્રો ઊભા હોય છે. પાલખીમાં બેસાડીને લઈ જાય છે ને? ઇન્દ્રો જ્યાં નીચે ઉતારે છે ત્યાં પ્રભુ વસ્ત્ર છોડે છે. નમઃ સિદ્ધઃ. બસ. એટલું બોલીને અંદર સ્વરૂપમાં ઊતરી જાય છે. એ ચારિત્ર છે. આહાહા..! દીક્ષિત થવા સમયે જે આનંદ જિનવરને આવે છે... આહાહા..! આ તમારા સુખ-બુખ કરોડપતિના તો ક્યાંય ધૂળમાં ચાલ્યા ગયા.

મુમુક્ષુ :- રૂપિયાનું કરવું શું?

ઉત્તર :- રાખવા કે નાખી દેવા? એમ કહે છે. રાખે કોણ ને નાખી દે કોણ? એની મમતા છોડી દે. આહાહા..! પ્રભુ! તું ત્રણલોકનો નાથ આનંદનો કંદ છે ને. સુખકંદ મનોહર, નથી આવતું? સુખકંદ મનોહર. આહાહા..! મધુરો મીઠો. આપણે આવી ગયું છે. 'સમયસાર'માં. મધુર મીઠો આનંદ જેનો સ્વાદ છે. આહાહા..! જેના સ્વાદ આગળ જગતના ઇન્દ્રોના સુખ નથી. ઝેરીલા સ્વાદ દેખાય એને. ઓહોહો..! સમકિતીને પોતાના આનંદના સ્વાદ આગળ વિષયની વાસના આવે છે પણ ઝેરીલા સ્વાદની જેમ દુઃખ લાગે છે. આહાહા..! સમજાય છે કાંઈ? પોતાના અતીન્દ્રિય આનંદના સુખના સ્વાદ આગળ ઇન્દ્રના ઇન્દ્રાણીના ભોગનો ભાવ પણ ઝેર જેવો લાગે છે. આવે છે, જ્યાં સુધી ચારિત્ર ન હોય ત્યાં સુધી સમકિતીને વાસના આવે છે, પણ એ દુઃખ છે. અરે..! દુઃખ છે. આહા..! અંતરમાં પુરુષાર્થની કમી છે તો છોડી શકતા નથી. પણ લાગે છે દુઃખ. આહાહા..! સમજાય છે કાંઈ? અજ્ઞાનીને એમાં સુખ દેખાય છે. દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહાહા..! પરમાં વિષયમાં ભોગમાં પૈસામાં સુખ દેખાય છે. છે દુઃખ એને સુખ માને છે તો મિથ્યાત્વ છે. આહાહા..! પોતાની ચીજ સિવાય બધી ચીજમાં જરીક આકર્ષણ જો થઈ જાય, મનોરમ જોઈને અંદર આકર્ષણ થઈ જાય તો એ તો દુઃખ છે. દુઃખમાં મજા માને છે. આહાહા..! મિથ્યાત્વ છે, મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

સમ્યગ્દૃષ્ટિને પોતાનો આનંદનો સુખનો અનુભવ ભાસ્યો છે, એની આગળ જ્યારે ચારિત્ર નથી તો વિષયવાસના આવે છે પણ કાળા નાગની જેમ ડંસ દેખાય છે. આહાહા..! અરે..! આ ઝેરીલો, આ ક્યાં આવ્યો? સમજાય છે કાંઈ? અજ્ઞાની એમાં મજા માને છે. આટલો ફેર છે. સમજાય છે કાંઈ? લ્યો, આ રાણી યાદ આવી. 'જયપુર'ની રાણી. કેટલા નીકળ્યા? ચાર કરોડ નીકળ્યા. જાણે સુખી છીએ. ધૂળેય નથી. માળા હેરાન મરીને, અત્યારે દુઃખી ને પાછા મરીને જાશે હેઠે નરકમાં. સમજાય છે કાંઈ? આ ચાર કરોડ એની પાસે છે ને. 'બાબુભાઈ' ગયા હતા ને ત્યારે સરકારે ઝવેરી તરીકે રોક્યા હતા. કેટલી મુડી એની પાસે છે. ચાર કરોડ રૂપિયા. સરકારે એને લાખ રૂપિયા આપ્યા. અડધો ટકો. આહાહા..! એ જાણે

પેલી રાણી સુખી હશે. ચાર કરોડનું ઝવેરાત નીકળ્યું.

મુમુક્ષુ :- પરખનું જ્ઞાન છે.

ઉત્તર :- પરખનું જ્ઞાન! એ તો પુણ્યને લઈને મળ્યું છે. એને કેમ રોક્યા? બીજા ઝવેરી તો ઘણા હતા. એના એટલા પુણ્ય હતા તો થયું, એમાં છે શું? એક લાખ રૂપિયા મળ્યા ત્યાં ઝવેરી. એ પુણ્યની વાતું છે. આહાહા..!

અહીં તો પવિત્રતાની પ્રતિષ્ટાને પ્રતિષ્ઠા કહે છે. આહાહા..! આ પરખ છે, ભગવાન! બાપુ! આહાહા..! અરેરે..! ચોર્યાસીના અવતારમાં અનંત અનંત અવતાર કરીને (મરી ગયો). બાપુ! ચોર્યાસી લાખ યોનિ છે ને? ચોર્યાસી લાખ. એક એક યોનીમાં અનંત અવતાર કર્યા. આહાહા..! ભુલી ગયો પણ ભગવાન. આહાહા..! જેમ માતાના પેટમાંથી જ્યારે પહેલો આવ્યો હશે, પહેલો જન્મ.. એની માએ જોયું હશે કે છોકરો છે. કાંઈ ભાન ન મળે. આહાહા..! પહેલા દિ'એ જન્મ વખતે. ઉંદર જેવડો હોય આવડો... ભુલી ગયો માળો બધી. આહા..! તારી દશા તો જો, ભાઈ! આહા..! જન્મ્યો એટલે પોતે બેસી ન શકે. એટલે એની મા લે જરી આમ. આહાહા..! આ દશા યાદ તો કરે. ભાઈ! તું ક્યાં રહ્યો? કેવા દુઃખમાં? અને એ વખતે એને દુઃખ એટલું હોય. બાળકપણે દુઃખ છે. 'બાળપણ ખેલમેં ખોયા, જુવાની સ્ત્રીમેં મોહ્યા, વૃદ્ધાપન દેખકર રોયા'. એ અમારે આવતું હતું. 'પાલેજ'માં રહેતા ને? પેલા રોઝા કરે ને? રોઝા. મુસલમાનો. ત્યાં પાલેજમાં મુસલમાનના ઘર ઘણા. અમે તો બહાર ખાટલો નાખીને સૂતા હોય. એક મુસલમાન સવારે ચાર વાગે નીકળે. આ બોલે. 'બાળપણ ખેલમેં ખોયા, જુવાની સ્ત્રીમેં મોહ્યા, ઘડપણ દેખકે રોયા.' આહાહા..! પણ આત્મા કોણ છે? એની (ઓળખાણ) કરી નહિ. અરેરે..!

અહીં કહે છે, જિનવરદેવને જે સુખ હોય છે.. આહાહા..! પાછું શેમાં? મુનિ અવસ્થામાં, હોં! કોઈ કહે, કેવળીનું સુખ. એની તો વાત બીજી. '**जिनवराणां**' '**મુનિ-અવસ્થામેં જિનેશ્વરદેવોંકે હોતા હૈ, વહ સુખ વીતરાગભાવકો પરિણત હુઆ મુનિરાજ...**' એવું જ સુખ મુનીને થાય છે. એમ કહે છે. સાચા મુનિ, જેને ભગવાન મુનિ કહે.. આહાહા..! બાપુ! એ નમુનો મળવો કઠણ છે. આહાહા..! '**મુનિ-અવસ્થામેં જિનેશ્વરદેવોંકે હોતા હૈ, વહ સુખ વીતરાગભાવકો પરિણત હુઆ મુનિરાજ...**' આહાહા..! એ તો રાગથી રહિત ભગવાન વીતરાગભાવની પરિણતિમાં પડ્યા છે. આહાહા..! વીતરાગ ભાવની ભાવનામાં પડ્યા છે એ તો. ઓહોહો..! મુનિરાજ.

'**शिवं शांतं जानन्**' '**નિજ શુદ્ધાત્મસ્વભાવકો તથા રાગાદિ રહિત શાંત ભાવકો...**' બેના અર્થ કર્યા. શિવ અને શાંત. શિવનો અર્થ કર્યો નિજ શુદ્ધાત્મ સ્વભાવ અને શાંતનો અર્થ કર્યો રાગાદિ રહિત. આમ રહિત, આમ સહિત. આનંદ સહિત, રાગથી રહિત શાંત. આહાહા..! સમજાય છે કાંઈ? શબ્દની અંદર, એક એક શબ્દમાં વાચ્ય છે એમ જાણવો જોઈએ ને. '**शिवं शांतं जानन्**' શિવ નામ નિજ સ્વભાવનું શિવસ્વરૂપ તેને જાણ્યું અને શાંત નામ રાગાદિ રહિત શાંતભાવને જાણ્યો. આહાહા..! મુનિરાજ શુદ્ધ સ્વભાવને જાણે '**તથા**

**રાગાદિ રહિત શાંત ભાવકો જાનતા હુઆ પાતા હૈ.**' સુખ. એ મુનિને અનંત આનંદ આવે છે. આહાહા..! એનું નામ મુનિ. એનું નામ નમો લોએ સવ્વ સાહુણં. સમજાય છે કાંઈ?

બાપુ! મુનિપણું એટલે પરમેશ્વરપદ, ભાઈ! પંચ પરમેષ્ઠી છે ને? પાંચે પરમેષ્ઠી છે ને! આહાહા..! 'યોગીન્દ્રદેવ' કહે છે, પોતે મુનિ છે, આચાર્ય છે, જે જિનવરદેવને દીક્ષાકાળે ચારિત્રના ઉચ્ચારણ કાળે, હું ચારિત્ર અંગીકાર કરું છું, આહા..! તો સ્વરૂપમાં રમવામાં જે આનંદ મુનિદશામાં તીર્થંકરોને આવે છે, એવો આનંદ મુનિરાજને આવે છે. એમ કહે છે. સાચા મુનિ હોય એને તો આવો અતીન્દ્રિય આનંદ આવે છે. સમજાય છે કાંઈ? આહાહા..! ધન્ય અવતાર!

'શ્રીમદ્' પણ કહે છે ને? 'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે' દર્શનમોહ નાશ થઈને સમકિત થયું. હવે પછી સ્વરૂપમાં બાહ્યઅભ્યંતર ત્યાગ કરીને નિર્ગ્રંથપણું-મુનિપણું.. આહાહા..! ભાવ.. મુંડભાવ નગ્નભાવ સહિત. આહાહા..! અંતરમાં એ દશા ક્યારે આવે, એવી ભાવના ભાવે છે. સમકિતી છે ને! આવી ચારિત્ર દશા. ધન્ય અવતાર! ધન્ય કાળ! એ અવસર આવવો મહા અમૂલ્ય અવસર છે. એ એના કાળની કિંમત થઈ. એની ચીજની આત્માની કિંમત થઈ. પરીક્ષા કરી આત્માની. આહાહા..! દુનિયાની પરીક્ષા કરી હતી પણ આ તો આત્માની પરીક્ષા કરીને આનંદ કાઢ્યો. સમજાય છે કાંઈ? આહાહા..!

**ભાવાર્થ :- 'દીક્ષાકે સમય તીર્થંકરદેવ નિજ શુદ્ધ આત્માકો અનુભવતે હુએ...'** આહાહા..! નિજ આત્મા શુદ્ધ પવિત્રનો આનંદનો અનુભવ કરતા થકા, '**જો નિર્વિકલ્પ સુખ પાતે હૈં,** આહાહા..! **વહી સુખ રાગાદિ રહિત નિર્વિકલ્પ સમાધિમેં લીન વિરક્ત મુનિ પાતે હૈં.**' આહાહા..! રાગથી તો વિરક્ત છે. આહાહા..! સ્વભાવમાં રક્ત છે. રાગથી વિરક્ત છે, સ્વભાવમાં રક્ત છે. આનંદ.. આનંદ.. આનંદ.. અતીન્દ્રિય આનંદ. જેવો તીર્થંકરને દીક્ષા સમયે આનંદ આવે છે, એવો મુનિને મુનિદશામાં આનંદ આવે છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

'**નિર્વિકલ્પ સમાધિમેં લીન વિરક્ત મુનિ...**' રાગના વિકલ્પથી પણ અંદર વિરક્ત છે. આહાહા..! એ વિરક્ત છે. સ્ત્રી, કુટુંબથી વિરક્ત એ તો સદાય વિરક્ત છે જ. પરના ત્યાગગ્રહણ આત્મામાં છે જ ક્યાં? આહા..! આ તો રાગથી વિરક્ત. રાગમાં રક્ત હતો તે રાગથી વિરક્ત (થયો). સ્વભાવમાં વિરક્ત હતો એ સ્વભાવમાં રક્ત (થયો). (વિશેષ કહેશે..)

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अथ कामक्रोधादिपरिहारेण शिवशब्दवाच्यः परमात्मा दृश्यत इत्यभिप्रायं मनसि संप्रधार्य सूत्रमिदं [१]कथयन्ति –**

**११९) जोइय णिय-मणि णिम्मलए पर दीसइ सिउ संतु।**
**अंबरि णिम्मलि घण-रहिए भाणु जि जेम फुरंतु।।११९।।**

योगिन् निजमनसि निर्मले परं दृश्यते शिवः शान्तः।
अम्बरे निर्मले घनरहिते भानुः इव यथा स्फुरन्।।११९।।

जोइय इत्यादि। जोइय हे योगिन् णियमणि निजमनसि। कथंभूते। णिम्मलए निर्मले परं नियमेन दीसइ द्दश्यते। कोऽसौ। कर्मतापन्नः सिउ शिवशब्दवाच्यो निजपरमात्मा। कथंभूतः। संतु शान्तः रागादिरहितः। दृष्टान्तमाह। अम्बरे आकाशे। कथंभूते। णिम्मलि निर्मले। पुनरपि कथंभूते। घणरहिए घनरहिते। क इव। भाणु जि भानुरिव यथा। किं कुर्वन्। फुरंतु स्फुरन् प्रकाशमान इति। अयमत्र तात्पर्यार्थः। यथा घनघटाटोपविघटने सति निर्मलाकाशे दिनकरः प्रकाशते तथा शुद्धात्मानुभूतिप्रतिपक्षभूतानां कामक्रोधादिविकल्परुपघनानां विनाशे सति निर्मलचित्ताकाशे केवलज्ञानाद्यनन्तगुणकरकलितः निजशुद्धात्मादित्यः प्रकाशं करोतीति।।११९।।

---

आगे काम क्रोधादिके त्यागनेसे शिव शब्दसे कहा गया परमात्मा दीख जाता है, ऐसा अभिप्राय मनमें रखकर यह गाथा-सूत्र कहते हैं -

**गाथा - ११९**

अन्वयार्थ :- [ योगिन् ] हे योगी, [ निर्मले निजमनसि ] निर्मल अपने मनमें [ शिवः शांतः] निज परमात्मा रागादि रहित [ परं ] नियमसे [ दृश्यते ] दिखता है, [ यथा ] जैसे [ धनरहिते निर्मले ] बादल रहित निर्मल [ अंबरे ] आकाशमें [ भानुः इव ] सूर्यके समान [ स्फुरन् ] भासमान (प्रकाशमान) है।

भावार्थ :- जैसे मेघमालाके आडंबरसे सूर्य नहीं भासता-दिखता और मेघके आडंबरके दूर होने पर निर्मल आकाशमें सूर्य स्पष्ट दिखता है, उसी तरह शुद्ध आत्माकी अनुभूतिके शत्रु जो काम-क्रोधादि विकल्परूप मेघ हैं, उनके नाश होने पर निर्मल मनरूपी आकाशमें केवलज्ञानादि अनंतगुणरूप किरणोंकर सहित निज शुद्धात्मारूपी सूर्य प्रकाश करता है।।११९।।

---

હવે, કામક્રોધાદિના પરિહાર વડે 'શિવ' શબ્દથી વાચ્ય એવો પરમાત્મા દેખાય છે, એવો અભિપ્રાય મનમાં રાખીને આ ગાથાસૂત્રકહે છે :

ભાવાર્થ :- જેવી રીતે ઘટાટોપ વાદળાં વીખરાઈ જતાં, નિર્મળ આકાશમાં સૂર્ય પ્રકાશે છે તેવી રીતે શુદ્ધાત્માની અનુભૂતિથી પ્રતિપક્ષભૂત કામક્રોધાદિ વિકલ્પરૂપ વાદળાંઓનો નાશ થતાં, નિર્મળ ચિત્તરૂપી આકાશમાં કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપી કિરણોથી યુક્ત નિજશુદ્ધાત્મારૂપી સૂર્ય પ્રકાશ કરે છે, એ તાત્પર્યાર્થ છે. ૧૧૯.

**વીર સંવત ૨૫૦૨, ભાદરવા વદ ૭, બુધવાર**
**તા. ૧૫-૦૯-૧૯૭૬, ગાથા-૧૧૯, ૧૨૦ પ્રવચન નં. ૯૧**

'પરમાત્મપ્રકાશ'. '**આગે કામ ક્રોધાદિકકે ત્યાગનેસે...**' કામ શબ્દે રાગ અને ક્રોધ શબ્દે દ્વેષ. એ '**ત્યાગનેસે શિવ શબ્દસે કહા ગયા...**' શિવ શબ્દે પોતાનું પરમાત્મ સ્વરૂપ. અંદર પરમાત્મ સ્વરૂપ નિરૂપદ્રવ કલ્યાણમૂર્તિ પ્રભુ, એ '**કામ ક્રોધાદિક ત્યાગનેસે શિવ શબ્દસે કહા ગયા પરમાત્મા દીખ જાતા હૈ,...**' આહા..! એ ગાથા કહે છે. '**ઐસા અભિપ્રાય મનમેં રખકર યહ ગાથા-સૂત્ર કહતે હૈં-**'

**૧૧૯) जोइय णिय-मणि णिम्मलए पर दीसइ सिउ संतु।**
**अंबरि णिम्मलि घण-रहिए भाणु जि जेम फुरंतु।।११९।।**

**અન્વયાર્થ :-** '**હે યોગી...**' 'યોગીન્દ્રદેવ' મુનિ દિગંબર સંત ભાવલિંગી આનંદકંદમાં ઝુલનારા, પોતાના શિષ્યને ઉદ્દેશીને આ શાસ્ત્ર બનાવ્યું છે. 'પ્રભાકર ભટ્ટ' હતા. એને (કહે છે કે), '**હે યોગી...**' '**निर्मले निजमनसि**' '**નિર્મલ અપને મનમેં...**' રાગની રુચિથી રહિત પોતાના મનમાં. આહાહા..! શુભાશુભ ભાવ હો, વ્યવહાર રત્નત્રયનો પણ રાગ હો, પણ એ રાગની રુચિ છોડી, આહા..! '**નિર્મલ અપને મનમેં...**' પોતાની જ્ઞાનની નિર્મળ પરિણતિમાં '**शिवः शांतः**' શિવ નામ નિજ પરમાત્મા અને શાંત નામ રાગાદિ રહિત. આહાહા..! બહુ વાત અલૌકિક છે. એ '**નિયમસે દિખતા હૈ,...**' આહા..! જેને પુણ્ય, દયા, દાન, વ્રતાદિના ભાવ રાગ છે, એનો પ્રેમ છૂટી ગયો છે, એની રુચિ છૂટી ગઈ છે એને નિર્મળ પરમાત્મા દેખાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ બહુ અલૌકિક વાત છે. 'પરમાત્મપ્રકાશ'ની ગાથા. આહાહા..! '**નિજ પરમાત્મા રાગાદિ રહિત...**' હોં! સર્વજ્ઞ વીતરાગ એ તો પર પરમાત્મા. પોતાનો પરમાત્મા અંદર એક સમયની રાગની દશાની પાછળ આખું પરમાત્મસ્વરૂપ પડ્યું છે. કોને દેખાય? કોને જણાય? કોને પ્રતીતિમાં આવી શકે? કે જેને રાગનો પ્રેમ છૂટી ગયો હોય અને નિર્મળ મન થયું હોય. આહાહા..! સમજાય છે કાંઈ?

'**નિર્મલ અપને મનમેં નિજ પરમાત્મા રાગાદિ રહિત નિયમસે દિખતા હૈ,...**' '**परं**' એટલે નિયમ, ચોક્કસ દેખાય છે. એમ કહે છે. આહાહા..! જેને રાગનો પ્રેમ-રુચિ છૂટી ગઈ એને રાગનો ત્યાગ થયો. એને નિજ પરમાત્મા અંતરમાં દેખાય છે. આહાહા..! સમ્યગ્દર્શનમાં શ્રદ્ધામાં આવે છે, જ્ઞાનમાં જણાય છે, સ્વરૂપમાં સ્થિરતા થાય છે. આહા..! સમજાય છે કાંઈ? કઠણ, ભાઈ! લોકોએ બહારથી માન્યું છે એને આ એવું લાગે, આ તો નિશ્ચય, નિશ્ચય, નિશ્ચય. નિશ્ચય એ આ જ સત્ય છે. ભાઈ! પ્રભુ! તું સહજાનંદમૂર્તિ છો. સચ્ચિદાનંદ પ્રભુ છો. સત્-શાશ્વત, ચિદ્-જ્ઞાન અને આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે.

આહાહા..! સમજાય છે કાંઈ?

આ આત્મા કોને દેખાય? કે જેના પરિણામમાં મિથ્યાત્વ પરિણામનો તો ત્યાગ હોય, પણ જેને રાગના પ્રેમનો ત્યાગ હોય. આહાહા..! ત્રણલોકના નાથ તીર્થંકરદેવ જિનવરદેવ, આત્મા કઈ રીતે ભાસે, એ વાત કરે છે. આહાહા..! અર્થાત્ સમ્યગ્દર્શન કઈ રીતે થાય એ વાત કરે છે. કહો, શેઠ! આહાહા..! જેના મનમાં પુણ્ય ને પાપના રાગભાવ છે, એની રુચિ છૂટી જાય અને નિર્મળ મન-જ્ઞાન હોય, એ જ્ઞાનમાં પોતાનો પરમાત્મા (દેખાય છે). પરમાત્મસ્વરૂપ જ આત્મા ભગવાન છે. અનંત ગુણના કિરણ સહિત, હમણાં લેશે. દૃષ્ટાંત આપશે.

**'જૈસે બાદલ રહિત નિર્મલ આકાશમેં સૂર્યકે સમાન ભાસમાન (પ્રકાશમાન) હૈ.'** વાદળા ન હોય તો સૂર્ય પ્રકાશમાન દેખાય છે. હજાર કિરણે. હજાર કિરણ છે ને. એ વાદળા ન હોય તો સૂર્ય હજાર કિરણે પ્રકાશમાન દેખાય છે. એવો ભગવાન, એમાં અનંત ગુણના કિરણો છે. એ તો હજાર કિરણ છે. આ તો અનંત ગુણના કિરણ. જ્ઞાન, દર્શન, આનંદ એવા અનંત ગુણ છે. એ ગુણનું ગોદામ આત્મા છે. આરે..! એને ખબર ક્યાં છે? પ્રભુ! આહાહા..! સમજાય છે કાંઈ? એ ગુણનો ધરનાર પ્રભુ અનંત ગુણના કિરણરૂપ, એ રાગની પ્રીતિ છોડી, અંતરમાં જોવે તો એને સૂર્ય જેમ પ્રકાશમાન દેખાય છે એમ દેખાય. આહાહા..! આવી વાત છે.

મુમુક્ષુ :- અંતરમાં દેખે એટલે?

ઉત્તર :- અંતરમાં અંતર્મુખ દેખે. એમ. અંતર્મુખ. રાગનો પ્રેમ છોડી, બહિર્ દૃષ્ટિનો પ્રેમ છોડી અંતર વસ્તુ છે ત્યાં જોવે તો આત્મા દેખાય છે, એમ કહે છે. અંતર્મુખનો અર્થ અંતરાત્મા.

મુમુક્ષુ :- વિકલ્પની ભૂમિકામાં...

ઉત્તર :- વિકલ્પની ભૂમિકામાં નથી દેખાતો, એમ અહીં તો કહે છે. અહીંયાં જોવાનો કાળ લેવો છે. જ્યારે સમ્યગ્દર્શનમાં પ્રથમ અનુભવ થાય છે, ત્યારે તો વિકલ્પની રુચિ છૂટી નિર્વિકલ્પ તરફ ઢળી જાય છે ત્યારે એ પ્રકાશમાન ભગવાન પ્રતીતમાં આવે છે. ઝીણી વાત, ભાઈ! સમજાય છે કાંઈ? આ લોકો કહે છે ને, વ્યવહાર કરતા કરતા થાય. અહીં તો કહે છે, રાગ વ્યવહાર એ વિકાર છે. એની રુચિ છોડે તો નિર્મળ મન થાય. પ્રેમ રહે તો મન મલિન છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- સન્મુખ, અંતર. પૂર્ણાનંદનો નાથ અંતરાત્મા છે ને? આ તો અંતરાત્મા છે ને? બહિરાત્મા તો પુણ્ય-પાપને પોતાના માને એ બહિરાત્મા છે. વ્યવહાર રત્નત્રયના વિકલ્પ છે એને પોતાના માને તો એ બહિરાત્મા છે, એ તો બહિરાત્મા છે. અંતરાત્મા, જેમાં રાગ, વિકલ્પ નથી, એવું મન નિર્મળ થાય તો આત્મા દેખાય છે.

મુમુક્ષુ :- બધી પર્યાય જાણી, બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા.

ઉત્તર :- જાણી છે ક્યાં? ઈ જાણી કહેવાય? એ જાણી તો ત્યારે કહેવાય કે રાગનો પ્રેમ છૂટી, એ રાગ મેલ છે, ચાહે તો પંચમહાવ્રત આદિનો શુભરાગ હો, એ શુભરાગ પણ મેલ છે. એ મેલનો પ્રેમ છૂટી જ્ઞાનની પરિણતિ નિર્મળ થાય, એ જ્ઞાન દ્વારા અંદર આત્મા ભગવાન ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એ આત્મા. અજ્ઞાનીઓએ કહ્યું એ નહિ. આત્મા આત્મા તો સર્વજ્ઞ સિવાય અજ્ઞાની બહુ કહે છે. વેદાંત આદિ. પણ એ નહિ, એને આત્માની ખબર નથી.

મુમુક્ષુ :- .. ભગવાને કહેલો એવો આત્મા..

ઉત્તર :- ભગવાને કહ્યો એવો અહીં આત્મા, અહીં પરમાત્માએ કહ્યો એવો. બીજે આવું નથી. વેદાંત કે બીજા આત્મા આત્મા કરે છે પણ એને આત્માની ખબર નથી. સમજાય છે કાંઈ? આહાહા..! એમાં પણ સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવે, જેણે એક સમયમાં ત્રણકાળ ત્રણલોક અને પોતાના દ્રવ્ય-ગુણ પૂર્ણ જાણી લીધા, એણે દિવ્યધ્વનિ દ્વારા કહ્યું કે આ આત્મા આનંદકંદ પ્રભુ છે. સચ્ચિદાનંદ પ્રભુ. સત્ નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન ને આનંદનું સુખ, એવો આત્મા. તારી ચીજ આવી છે, ભગવાન એમ કહે છે. કદી સાંભળ્યું ન હોય. રખડી મર્યો ચાર ગતિમાં. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- આપે હમણાં કહ્યું એ જાણી લીધું.

ઉત્તર :- એ જાણ્યું ન કહેવાય. અંતરમાં જઈને આત્માનો સ્પર્શ કરે, રાગરહિત થઈને અંદર નિર્મળ દશાને પ્રાપ્ત કરી અંદર જ્ઞાતાની સંભાળ લે. આહાહા..! ઝીણી વાત, બાપુ! ચોર્યાસીના અવતારમાં જન્મ-મરણ કરી કરીને મરી ગયો છે. ભગવાન ત્રણલોકના નાથને માને તોય કહે છે કે રાગ છે. આહાહા..! સર્વજ્ઞ જિનવર સો ઈન્દ્રના પૂજનિક પરમાત્મા, પણ એ પરદ્રવ્ય છે ને. ભાઈ! પરદ્રવ્યને માને તો રાગ-શુભરાગ છે. પોતાના આત્માને રાગરહિત માને તો નિર્મળ આત્મા ભાસ્યમાન થાય છે. આહાહા..! ઝીણી વાત, ભાઈ! સમજાય છે કાંઈ? 'બનારસીદાસ' કહે છે, શીકે ચડે. શીકે એટલે આ.. શું કહેવાય? ડોલી.. ડોલી. ડોલીમાં ચડીને ભગવાન ન્યાં શેત્રુંજય ઉપર હશે. કોઈક સમ્મેદશીખર જાય. ભગવાન ન્યાં હશે. ભગવાન તો અહીં છે. એ શુભભાવ હો, ત્યારે એવી ભક્તિ હોય છે.

મુમુક્ષુ :- આ ભગવાન પણ ત્યાં જાય ત્યારે દેખાય.

ઉત્તર :- ન્યાં ભગવાન દેખાય નહિ, ભગવાન તો અહીં (અંદર આત્મામાં) જાય ત્યારે દેખાય. સમ્મેદશીખરમાં ભગવાન છે. કેટલાકને એમ કહે, સમ્મેદશીખરના દર્શન કરે, બસ, જાઓ. અરે..! ત્યાંની વનસ્પતિ પણ અલ્પભવિ છે. ધૂળેય નથી, સાંભળને! આવા ને આવા. આહાહા..!

અહીં એકવાર કહ્યું હતું ને? એકવાર 'મહાવીરકીર્તિ' આવ્યા હતા. 'મહાવીરકીર્તિ' નહિ? આવ્યા હતા, ચાર દિવસ રહ્યા હતા. પછી એક દિવસ અમે આહાર કરીને ફરતા હતા. ઓરડી છે. એમાં ઓરડી છે. 'પ્રવચન મંડપ' છે, એમાં ઉતર્યા હતા. અમે ફરતા ફરતા બેઠા. એણે પ્રશ્ન કાઢ્યો, મારી પાસે એક સમ્મેદશીખરનું.. જેમ શ્વેતાંબરમાં શેત્રુંજય માહાત્મ્યનું

પુસ્તક છે. શ્વેતાંબર. શેત્રુંજય છે ને એના માહાત્મ્યનું પુસ્તક છે. એ બધું જોયું છે. એવું એક સમ્મેદશીખરના માહાત્મ્યનું પુસ્તક મારી પાસે છે. એણે મહાવીર કીર્તિએ કહ્યું. આ શેત્રુંજય માહાત્મ્ય છે ને? શ્વેતાંબરમાં એક પુસ્તક છે. શેત્રુંજય માહાત્મ્ય. એટલું માહાત્મ્ય ગાયું છે કે ઉપરથી આવીને ગમે તે સાધુ હોય એને આહાર આપે તો.. ગપ્પેગપ છે. આ કહે, મારી પાસે છે. મેં કહ્યું, એમાં શું લખ્યું છે? સમ્મેદશીખરના દર્શન કરે તો ૪૯ ભવે મુક્તિ થાય. કીધું, એ વીતરાગની વાણી નહિ. વીતરાગની વાણી, પરના દર્શનથી સંસાર કપાય જાય, એ વીતરાગની વાણી નહિ. પોતાના સ્વભાવના આશ્રયે ભવકટી થાય છે, બીજાથી થતી નથી. વીતરાગની વાણી નહિ, એ વીતરાગનું પુસ્તક નહિ. પછી તો એ જરી ફરી ગયા. ભાષા ફરી ગઈ. ના, ના. મારો ભાવ તો.. પણ આ શું કહ્યું? સમ્મેદશીખરના દર્શનથી ૪૯ ભવમાં સંસાર પરિત-નાશ થઈ જશે?

નિજ આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ પરમાત્મા, કેવળજ્ઞાની પરમાત્માએ આત્મા જોયો છે, સત્-શાશ્વત, જ્ઞાન, આનંદનો ભંડાર આત્મા છે. અનંત ગુણનો ભંડાર આત્મા છે. દરેક આત્મા. એ તરફ દૃષ્ટિ કરીને મલિનતા છોડી, નિર્મળથી જોવે તો એના સંસારનો અભાવ થઈ જાય. સમજાય છે કાંઈ? બાકી દેવ-ગુરુ-શાસ્ત્રને માને, શેત્રુંજય લાખ વાર (જાય), એ લોકો કહે છે ને, 'ૠષભદેવ' ભગવાન પૂર્વે ૯૯ વાર આવ્યા હતા. પૂર્વ ૯૯ વાર ૠષભજિન... ગાયન આવે છે. પછી ૯૯ જાત્રા કરે. ૯૯ લાખ કરને. પર તરફનો શુભરાગ છે, એટલું છે. સમજાય છે કાંઈ? એય..! આ આત્મા શેત્રુંજય છે. જે વિકારનો નાશ કરનારો ભગવાન ત્રિલોકનાથ ચિદાનંદ પ્રભુ આત્મા, એને મનમાંથી મલિનતા છોડી નિર્મળથી જોવે તો દેખાય છે. આહાહા..! કહો, શેઠ! એમાં છે કે નહિ? 'પરમાત્મપ્રકાશ' પુસ્તક ત્યાં રાખ્યું છે કે નહિ? રાખ્યું છે, વાંચ્યું નથી.

મુમુક્ષુ :- વાંચે પણ સમજાય નહિ તો...

ઉત્તર :- પણ વાંચે તો ખરા પહેલા, પછી સમજવાની (વાત). વાંચે પછી શું ન સમજાણું એ પછી. વાંચન જોઈએ ને. ભાઈ! શાસ્ત્રનું વાંચન જોઈએ. સત્શાસ્ત્ર અધ્યાત્મશાસ્ત્રનું વાંચન જોઈએ. વારંવાર હંમેશા બે કલાક તો કાયમ જોઈએ. જેમ ખોરાક વિના ચાલે નહિ, એમ તત્ત્વના અભ્યાસ વિના ચાલે નહિ. એમ હોવું જોઈએ. એની રટ લાગવી જોઈએ. વ્યસન હોવું જોઈએ. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં કહે છે, દૃષ્ટાંત આપે છે. '**જૈસે બાદલ રહિત નિર્મલ આકાશમેં સૂર્યકે સમાન ભાસમાન (પ્રકાશમાન) હૈ.**' વાદળા ન હોય તો સૂર્ય પ્રકાશમાન દેખાય છે. એમ આત્મામાં પુણ્ય-પાપનો પ્રેમ ન હોય, પુણ્ય-પાપની રુચિ છૂટી જાય તો ભગવાન દેખાય છે. પેલામાં વાદળા ન હોય તો દેખાય છે, અહીં પુણ્ય-પાપનો પ્રેમ છૂટી જાય તો દેખાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવો માર્ગ. બિચારાએ હજી તો કેટલાકે સાંભળ્યો ન હોય. કાંઈ ખબરું ન મળે. વાડામાં પડ્યા ઈ મૂઢ જેવી જિંદગી ગાળે ને જાય નરક ને નિગોદ. આહાહા..! વીતરાગ ત્રણલોકનો નાથ પરમેશ્વર ભવના અભાવની વાત કરે છે. આહા..! છે?

**ભાવાર્થ :-** **'જૈસે મેઘમાલાકે આડંબરસે...'** વાદળા.. વાદળા. વાદળા કહે છે ને? વાદળાની માળા બહુ હોય ને? ઘન. **'મેઘમાલાકે આડંબરસે...'** એટલા વાદળા છે, આડંબર-ઘણા (છે). **'સૂર્ય નહીં ભાસતા-દિખતા ઔર મેઘકે આડંબરકે દૂર હોને પર નિર્મલ આકાશમેં સૂર્ય સ્પષ્ટ દિખતા હૈ,...'** આહાહા..! એ તો દૃષ્ટાંત થયો. **'ઉસી તરહ શુદ્ધ આત્માકી અનુભૂતિકે શત્રુ...'** આહાહા..! સમ્યગ્દર્શન થવું એ શુદ્ધ અનુભૂતિ છે. એ સમ્યગ્દર્શન.. સમ્યગ્દર્શન સાધારણ કરે, અમને ભગવાનની શ્રદ્ધા છે એમ નથી. આહાહા..! ભગવાનઆત્મા સર્વજ્ઞસ્વરૂપી પ્રભુઆત્મા અંદર છે. જેનો સર્વજ્ઞ તો ગુણ છે. શું? આત્મામાં અનંતગુણ છે એમાં સર્વજ્ઞ નામનો એક ગુણ છે. અંદરમાં સર્વજ્ઞશક્તિ છે. આહા..! સર્વદર્શી શક્તિ, સર્વજ્ઞાન શક્તિ, ઈશ્વર શક્તિ, કર્તા, કર્મ, કરણ (આદિ) ષટ્કારક છે ને? એ ષટ્કારકની શક્તિ અંદરમાં છે. આહા..! એ શક્તિનો પિંડ પ્રભુઆત્મા (છે). એ આત્મા કોને કહે છે, એનો લોકોને ખ્યાલ નથી. આત્મા એટલે ઠીક. આ હાલેચાલે ઈ આત્મા. અરે..! સાંભળને, તને ભાન ન મળે. ચોર્યાસીના અવતાર કરીને અનાદિથી મરી ગયો છે. આ આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ અંદર (છે). ચૈતન્યસૂર્ય, નુરનું પૂર, ચૈતન્યના તેજનું પૂર પ્રભુઆત્મા છે. ભગવાન શું કહે છે એની ખબર ન મળે. દયા પાળો, વ્રત કરો. હવે મરી ગયો કરીને, સાંભળને! એ તો બધી રાગની ક્રિયા છે. ધર્મ ક્યાં આવ્યો ત્યાં? આહાહા..!

**'ઉસી તરહ શુદ્ધ આત્માકી અનુભૂતિ...'** ભાષા દેખો! આહાહા..! એ પુણ્યના ભાવ પણ અનુભૂતિથી વિરૂદ્ધ શત્રુ છે, એમ કહે છે. આહાહા..! ભગવાનઆત્મા પરમેશ્વર જિનેશ્વરદેવે કહ્યો એ આત્મા, હોં! અજ્ઞાનીઓ આત્મા કહે એ આત્મા નથી. ખરેખર તો આત્માનું સ્વરૂપ શ્વેતાંબરે કહ્યું એવું પણ આત્માનું સ્વરૂપ નથી. સર્વજ્ઞે કહ્યું એ દિગંબરમાં યથાર્થ સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? એમાં પણ આત્માની બહુ ગડબડ છે. પ્રદેશમાં ગડબડ છે, ગુણમાં ગડબડ છે. બહુ ગડબડ છે. ખબર છે, અમે તો બધું જોયું છે. આ તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ દિગંબર ધર્મમાં જે ભગવાને કહ્યું, દિગંબર સંતો એ કહે છે. સમજાય છે કાંઈ? એ આ સંત કહે છે, જુઓ! 'યોગીન્દ્રદેવ' કહે છે. દિગંબર સંત વનવાસી. આનંદ.. આનંદ.. આનંદ.. આનંદ.. અતીન્દ્રિય આનંદમાં ઝુલનારા કહે છે, **'શુદ્ધ આત્માકી અનુભૂતિકે શત્રુ જો કામ-ક્રોધાદિ વિકલ્પરૂપ મેઘ...'** જુઓ! રાગાદિના વિકલ્પનો મેઘ-વાદળા-બાદલ. આહાહા..! સમજાય છે કાંઈ? નિશ્ચયથી તો ગુણી જે આત્મા ભગવાન છે, એમાં અનંત ગુણ છે, એ ગુણ-ગુણીનો ભેદ કરવો એ પણ એક વિકલ્પ છે, રાગ છે. આહાહા..! એ રાગથી રહિત થઈને અભેદ આત્માનો અનુભવ કરવો. સમજાય છે કાંઈ? એને અહીં અનુભૂતિ કહે છે. શુદ્ધ આત્માની અનુભૂતિ, શુદ્ધ આત્માનો અનુભવ. આહાહા..!

'અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષનો અનુભવ મોક્ષસ્વરૂપ.' 'નાટક સમયસાર'માં એ શ્લોક છે. સમજાય છે કાંઈ? 'નાટક સમયસાર' તો

અમે (સંવત) ૧૯૭૮ની સાલમાં જોયું છે. ૧૯૭૮-૭૮. કેટલા વર્ષ થયા? ૫૪ વર્ષ પહેલા. સંપ્રદાયમાં હતા ત્યારે બહુ ચર્ચા કરતા હતા. લોકોને કંઈ બિચારાને ખબર નહિ. એક કલાક મળે એમાં સામાયિક કરી ને પોષા કર્યા ને માન્યું. ધૂળેય સામાયિક નથી. તારે સામાયિક કેવી? હજી સમ્યગ્દર્શન નથી ત્યાં તારે સામાયિક ક્યાંથી આવી? અને સમ્યગ્દર્શન શું ચીજ છે અને કઈ રીતે પ્રાપ્ત થાય એની ખબર નથી. સમજાય છે કાંઈ?

અહીંયાં તો અનુભૂતિ. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ, એની અનુભૂતિ. સ્વભાવને અનુસરીને પરિણતિમાં અનુભૂતિ થવી એ અનુભૂતિ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે. સમજાય છે કાંઈ? એ અનુભિતના શત્રુ રાગાદિ. કામ એટલે રાગ અને ક્રોધ એટલે દ્વેષ. રાગ-દ્વેષના વિકલ્પરૂપી મેઘ. આહાહા..! '**ઉનકે નાશ હોને પર...**' અંદર નિર્વિકલ્પ દૃષ્ટિ પ્રગટ કરીને રાગનો નાશ થાય. આહા..! વિકલ્પરૂપ મેઘ છે. આહા..! ચૈતન્યપ્રકાશનો સૂર્ય પ્રભુ, એ વિકલ્પની જાળમાં દેખાતો નથી. વિકલ્પની જાળમાં દેખાતો નથી. આહાહા..! લ્યો, અહીં તો વ્યવહાર રત્નત્રયના ભાવ છે એ વિકલ્પ છે. આહાહા..! એ વિકલ્પની જાળમાં પરમાત્મા નિર્વિકલ્પ દેખાતો નથી. તો વિકલ્પની જાળને છોડી પોતાના ભગવાનઆત્માની અનુભૂતિ કરવી, આહાહા..! એમાં આત્મા પ્રકાશમાન દેખાય છે. એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન કહેવાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**શુદ્ધ આત્માકી અનુભૂતિ...**' એમ કેમ કહ્યું? અશુદ્ધ પણ છે ને? રાગાદિ અશુદ્ધ છે. પણ એ નહિ. આ તો શુદ્ધ આત્મા ત્રિકાળ. પવિત્ર ભગવાનઆત્મા પરમાત્મસ્વરૂપ અંદર બિરાજે છે. આહાહા..! માપ કરતાં કેમ આવડે? સમજ્યા? અમે ઈ દૃષ્ટાંત આપીએ છીએ ને? રવિવારનો દિવસ હતો. છોકરાને રજા હતી. તો એના પિતાજી પચાસ હાથ આલપાક લઈ આવ્યા. આલપાક કહે છે ને? કપડું. ઊંચું કપડું. આલપાક ઊંચું કપડું આવે છે. આલપાક નથી સમજતા? જૂની ફેશનનું. અત્યારે નામ શું છે? રેશમી નહિ. આલપાકનું રેશમ જેવું કપડું આવે છે. અહીંયાં કહે છે, પચાસ હાથ કપડું લઈ આવ્યા. પિતાજીએ છોકરાને કહ્યું, જુઓ! પચાસ હાથ લાવ્યા છીએ. બધા છોકરાઓના કોટ બનાવવા છે. શિયાળો છે. તો નવરો છોકરો હતો ને એણે માપ્યું. (એ કહે), પિતાજી! તમારી વાત જૂઠી છે. આ તો સો હાથ છે. પિતાજી કહે છે, તારા હાથ માપવાના કામમાં ન આવે. અમારા વેપારના કામમાં જે હાથ અમારા હોય એ કામ આવે, તારા હાથ કામ ન આવે. એમ અહીંયાં ભગવાન કહે છે, તારા કુતર્ક કામ ન આવે અહીંયાં. અહીં તો સુબુદ્ધિ અંદરમાં કામ આવે. અંદરના માપ કરવા સુબુદ્ધિ જોઈએ. કુબુદ્ધિ કુતર્કથી અને અજ્ઞાનથી રાગથી પ્રાપ્ત થતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? સંસારમાં એમ થાય છે.

મખમલ લ્યો. મખમલ આવે છે ને? મખમલનો કોટ બનાવવા પચાસ હાથ લઈ આવે. લગ્ન હોય તો છોકરાઓને બધાને મખમલના કોટ બનાવવાના છે. પચાસ હાથ લઈ આવ્યા. એનો હાથ તો આટલો ટૂંકો હોય. સો હાથ થઈ ગયા. પિતાજી! સો હાથ આ તો છે. તમે પચાસ હાથ કહેતા હતા ને. તને ખબર નથી, ભાઈ! તારા માપ કામ ન આવે. એમ

ભગવાનની જ્ઞાનની વાણી સિવાય, અજ્ઞાનીની વાણી અહીંયાં કામ ન કરે. સમજાય છે કાંઈ? અને કુતર્ક ને રાગ પણ ત્યાં કામ ન કરે. એના માપ માટે તો નિર્મળ પરિણતિ જોઈએ. આહાહા..! રાગરહિત નિર્મળ દશા એના માપ માટે, આત્મા આવો છે એવા પ્રમાણ માટે નિર્મળ દશા જોઈએ. આહાહા..! આવી વાતું હવે. સમાજ બિચારો ક્યાં હેઠે, એને આવી વાતું, બાપુ! માર્ગ તો આ છે, ભાઈ!

જન્મ-મરણના અંત લાવવાની ચીજ (આ છે). નહિતર નિગોદમાં ને નરકમાં ગયો છે. આહાહા..! તારા દુઃખ તેં વેઠ્યા પણ દેખનારા રોઈ પડ્યા. એટલા તને દુઃખ હતા. ભાઈ! તને ખબર નથી. અનંતકાળ અનંતકાળ... ઓહોહો..! માતાના પેટમાં સવા નવ મહિના લટકે. રાજકુમાર હોય તોપણ. આહાહા..! શ્વાસ લેવાનું સ્થાન નહિ. આહાહા..! આવું અનંતવાર (થયું). આહાહા..! શાસ્ત્ર તો ત્યાં સુધી કહે છે કે માતાના પેટમાં કોઈવાર ઉત્કૃષ્ટ રહે તો બાર વર્ષ સુધી રહે. એવો શાસ્ત્રમાં પાઠ છે. છોડ.. છોડ કહે છે એને. અહીંયાં તો સવા નવ મહિને જન્મ થઈ જાય. ન થાય તો બાર વર્ષ સુધી પેટમાં રહે, એવો શાસ્ત્રમાં પાઠ છે. બાર વર્ષ જન્મ જ ન થાય. ગર્ભની સ્થિતિ શાસ્ત્રમાં ચાલી છે. બાર વર્ષ રહે અને તરત બાર વર્ષે મરી જાય, ફરીને ત્યાં ને ત્યાં બાર વર્ષ આવે. એમ ૨૪ વર્ષની સ્થિતિ સિદ્ધાંતમાં ગણી છે. પેટમાં રહેવાની ઉત્કૃષ્ટ સ્થિતિ ચોવીસ વર્ષ. એકમાં બાર વર્ષ પછી બીજા બાર વર્ષ. આહાહા..! એ કઈ રીતે કાઢ્યા હશે? મોઢું બંધ. નાકમાંથી શ્વાસ કઈ રીતે લેતો હશે? આહાહા..! આંખ ઉઘડે નહિ. ભુલી ગયો પણ માળો. એ પીડા માતાના પેટમાં અનંતવાર (સહી). એક વાર બાર વર્ષ, બીજી વાર બાર વર્ષ. ગર્ભની કાયસ્થિતિ ભગવાને કીધી છે. એમ અનંતવાર ચોવીસ વર્ષ ગયો છે. આહાહા..! અનાદિકાળમાં અનંતવાર ચોવીસ વર્ષ-બે બે ભવ અનંતવાર કર્યા છે. અનંતકાળ ગયો. અનાદિનો છે. આહાહા..! ભવના દુઃખ વિનાનો કાળ કે દિ' ગયો? ભવ.. ભવ.. ભવ.. ભવ.. ભવ.. દુઃખ.. દુઃખ.. દુઃખ.. દુઃખ અનાદિનું ચાલે છે. એનો નાશ કરવાનો ઉપાય તો આ એક છે. આહાહા..!

શુદ્ધ આત્માની અનુભૂતિના શત્રુ રાગ-દ્વેષાદિ વિકલ્પ મેઘ, '**ઉનકે નાશ હોને પર...**' આહાહા..! '**નિર્મલ મનરૂપી આકાશમેં...**' દેખો! નિર્મલ જ્ઞાનરૂપી પરિણતિ એ મન કહેવાય. નિર્મળ જ્ઞાનરૂપી દશામાં-આકાશમાં '**કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ કિરણોંકર...**' દેખો! સૂર્ય છે એને હજાર કિરણ છે. આ સૂર્ય છે એને હજાર કિરણ છે. ભગવાનઆત્મા તો '**કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ કિરણોંકર...**' આહાહા..! અનંત ગુણના કિરણોથી સહિત ભગવાન અંદર બિરાજે છે. ક્યાં આત્માની ખબર ન મળે, આત્મા શું છે? મરી ગયો અનંતકાળમાં રખડી રખડીને. આહાહા..!

હજી તો જૈનમાં જન્મ્યા હોય એને પરની શ્રદ્ધા હજી. મહાપાપ મહામિથ્યાત્વ. શંકરને માનવા ને ઢીકણાને માનવા ને આને માનવા. કેવી કહેવાય? અંબાજી, સાંઈબાબા. મૂર્ખાઈના તે કાંઈ પાર છે. બધા મહાપાપના સેવનારા છે. એને માને ઈ મહાપાપ. ઘણું પાપ ઉપાર્જન (કરે), પુણ્ય હોય ઈ બળી જાય. આહા..! સાંઈબાબા ને ઓલો અત્યારે બીજો ક્યો છે?

રજનીશ. રજનીશ.. રજનીશ. હૈદરશાહ. એ તો બધા પાપના પોટલા બાંધનારા. હૈદરશાહીને અમારે માનતા હતા ને? અમારે દુકાનમાં 'કુંવરજીભાઈ' માનનારા, અમારા ભાઈ તો ન માને. અમે બે ભાગીદાર હતા, પછી ચોપડામાં લખે. પહેલું લખે ને? હૈદરશાહી હાજરાહજૂર. અમારે 'પાલેજ' દુકાનમાં હતી. 'ખુશાલભાઈ' કહે, અમારે આ ન હોય. અમે ચોપડામાં ન લખીએ આ. પછી કાઢી નાખ્યું. હૈદરશાહી. તમારો બાપ હતો ને હૈદરશાહીને રોટલા નહોતા મળતા. હૈદરશાહી નહોતો તે દિ'? એનો બાપ 'જાદવજી', સાધારણ ફેરી કરતા, લ્યો. આ 'ગાંડાભાઈ'ના બાપ. 'ફૂલચંદ' હતા, એ ફેરી કરતા હતા. હવે એનો છોકરો અત્યારે છે. 'ફાવાભાઈ'નો. 'સુરત'માં સાંઈઠ લાખ. એમાં શું છે? એ તો પુણ્ય હોય તો આવે, ન હોય એની સાથે સંબંધ શું છે? હૈદરશાહી પાસે રોટલા પણ નહોતા.

મુમુક્ષુ :- હૈદરશાહી કોણ?

ઉત્તર :- હૈદરશાહી એક ફકીર હતા. અમારા 'કુંવરજીભાઈ' કુટુંબી છે ને, એ બધા હૈદરશાહીને માનનારા. હવે છોડી દીધું. એક ફકીર હતા. એ ફકીર બિચારો નરકગામી હશે, માંસ ખાનારો. અહીં 'પાલીતાણા'માં છે. છે ને ત્યાં, અમે એકવાર ગયા હતા. ત્યાં લગન હતા. ત્યાં 'પાલીતાણા'માં હૈદરશાહીમાં મેં આહાર કર્યો હતો. કારણ કે લગ્ન હતા ને હું સાથે ગયેલો. કીધું, જુઓ! હું રાત્રે આહાર નહિ કરું. તમારી જાન.. જાન સમજ્યા ને? બારાત. જાનને સામા આવશે, વાર લાગશે, હું રાત્રે આહાર નહિ કરું. મારે રાત્રે તો આહારનો ત્યાગ છે. આ તો (સંવત) ૧૯૬૯ની વાત છે. ૧૯૭૦માં દીક્ષા છે. એના એક વર્ષ પહેલા. એ હૈદરશાહીમાં અમે ઉતર્યા હતા. અમારે 'હરગોવિંદભાઈ'ના લગ્ન હતા. 'કુંવરજીભાઈ'ના ભાઈ, એના લગ્નમાં હું સાથે ગયેલો. દુકાન છોડીને.. ત્યાં મોડું થાય એ લોકોને. કીધું, હું રાત્રે આહાર નહિ લઉં ને પાણી નહિ. પછી ત્યાં ને ત્યાં લાડવા હતા, ખાઈને ચોવિહાર કરી લીધો. અમે હૈદરશાહીના ઓલામાં જ બેઠા હતા. એમાં મૂઢ મોટા. એ મરીને ક્યાંય ગયો હશે બિચારો. રખડતો હશે ક્યાંક નરક ને ઢોરમાં. આહાહા..!

અહીં તો કહે છે કે આત્મા ત્રણલોકના નાથ તીર્થંકરને માને તો એ શુભરાગ છે. અને એ રાગમાં ધર્મ માને તો મિથ્યાત્વ છે. એય..! આવી વાત છે, ભાઈ! વસ્તુ તો એ છે. ઈ તો અહીં કહે છે. જેને રાગનો પ્રેમ છે એને આત્માનો પ્રેમ નહિ થાય. મલિન ચિત્તમાં નિર્મળ આત્મા નહિ દેખાય. આહાહા..! અરે..! આ વાત, બાપુ! અનંતકાળમાં ચોર્યાસીના અવતારમાં મરી ગયો. સંપ્રદાયમાં તો આ વાતેય નથી. આ ક્રિયા કરો ને આ કરો ને આ કરો, બસ. આહાહા..! સ્થાનકવાસીમાં એ, આ વ્રત કરો ને સામાયિક કરો ને પોષા કરો. અજ્ઞાન છે, બધો રાગ. આ શ્વેતાંબરમાં જાત્રા કરો, શેત્રુંજયની અને સમ્મેદશીખરની. દિગંબરમાં લુગડા ઘટાડી દો ને ઈ.

મુમુક્ષુ :- પરિપાટી..

ઉત્તર :- પરિપાટી એવી ચાલી છે. ના, સો વર્ષ પહેલા તો સારું હતું. બસો વર્ષમાં બધું ફરી ગયું. બસો વર્ષ પહેલા તો ઘણા ... નીકળે છે. બસો વર્ષ પહેલાં. આ 'ટોડરમલજી',

'બનારસીદાસ' એ વખતે તો બહુ પ્રચાર હતો. 'બનારસીદાસ' 'નાટક સમયસાર'માં તો એમ લખ્યું છે, ઘેર ઘેર સમયસાર કથા વખાણી. એમ લખ્યું છે. સમયસાર નાટક ઘેર ઘેર. 'બનારસીદાસ' બહુ જબ્બર પુરુષ થઈ ગયો. પહેલા શ્રૃંગારી હતા, વ્યભિચારી. પછી એને આત્મજ્ઞાન થયું.

મુમુક્ષુ :- શ્રૃંગારરસ પ્રિય હતો.

ઉત્તર :- હા, શ્રૃંગારરસ. પુસ્તક બનાવ્યું હતું. સેંકડો પુસ્તક બનાવ્યા. પછી આ જ્યાં ભાન થયું, પછી એ પુસ્તક ગંગામાં નાખી દીધું. બધા ગંગામાં (નાખી દીધા). વિકથા છે, પાપ. આહાહા..! આત્મા સચ્ચિદાનંદ પ્રભુ... (પદ) બનાવ્યું ને? 'ચેતન રૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો,' ચેતનરૂપ-હું તો ચૈતન્યરૂપ જ્ઞાયકભાવ. 'ચેતનરૂપ અનૂપ...' મારી ચીજને કોઈની ઉપમા નથી. 'ચેતનરૂપ અનૂપ અમૂરત' અમૂરત. મૂર્ત-વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, એમાં છે જ નહિ. એ તો ભગવાન ચૈતન્ય અરૂપી આત્મા છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો. મોહ મહાતમ આતમ અંગ કિયો પરસંગ મહાતમ ઘેરો, જ્ઞાનકલા ઉપજી અબ મૌકૂ, કહું ગુણ નાટક આગમ કેરો.' હવે હું નાટક સમયસાર કહીશ. 'મોહ મહાતમ..' પ્રભુ એવું હતું, મોહના માહાત્મ્યને લઈને પરની પ્રીતિ કરી. રાગના પ્રેમ ને પ્રીતિમાં ચાલ્યો ગયો. આહાહા..! આવા ભગવાનને હું ભૂલી ગયો. 'મોહ મહાતમ આતમઅંગ કિયો પરસંગ' રાગનો મેં સંગ કર્યો. 'મહાતમ ઘેરો' અજ્ઞાનરૂપીનો અંદર ઘેરો ઘાલ્યો.

હવે, 'જ્ઞાનકલા ઊપજી અબ મોકૂ, કહું ગુણ નાટક આગમ કેરો.' આહાહા..! 'કહૂં ગુણ નાટક આગમ કેરો, તાસુ પ્રસાદ સધે શિવ મારગ'. તે પ્રસાદે શિવમાર્ગ-અંતરના આનંદનો માર્ગ સધશે. 'વેગે મિટે ઘટ વાસ બસેરો..' ઘટ નામ શરીરમાં વસવું મટી જશે. હું પરમાત્મા સિદ્ધપદને પ્રાપ્ત થઈશ. હું સમયસાર નાટક એવું કહીશ. જેમાં શરીર રહિત થવાય, એ વાત છે અમારી પાસે તો. સમજાય છે કાંઈ? આહાહા..!

મરતાં સહેજ રોગ આવ્યો. થોડું બોલી શકતા હતા. લોકોએ વહેમ નાખ્યો-વહેમ કર્યો કે પંડિતજીનું મન-જીવ ક્યાંક રોકાઈ ગયો છે એટલે નીકળતો નથી. અટક્યો છે એમ લોકો બોલે. પોતે સાંભળે, બોલી શકે નહિ. આ પંડિતજીનો જીવ કેમ નીકળતો નથી? રોગ ઘણો આવી ગયો, જીવ નહોતો નીકળો, દેહ છૂટતો નથી તો ક્યાંક જીવ અટકી ગયો છે. પોતે બોલી શકે નહિ. પછી સ્લેટ મગાવી. સ્લેટ સમજ્યા? પાટી. 'જ્ઞાન કુતક્કા હાથ, મારે મોહ ના.' મેં જ્ઞાન કુતક હાથમાં લીધું છે. શું કહેવાય? બરછી. બરછી હોય ને? 'જ્ઞાન કુતક્કા હાથ, મારિ અરિ મોહના' મોહ-અરિને મેં મારી નાખ્યો છે. 'ચલે બનારસીદાસ, ફેર નહિં આવના.' આવા સંયોગમાં હવે હું અવતરીશ નહિ. આવા સંયોગ કેવા? ભાન વિનાના બેઠા છે. ગૃહસ્થાશ્રમમાં આત્માના ભાન સહિત દેહ છૂટી ગયો. સ્વર્ગમાં ચાલ્યા ગયા. આહા..! સમજાય છે કાંઈ? એમાં શું? આત્મજ્ઞાન છે એ તો અલૌકિક ચીજ છે. સમ્યગ્દર્શન એટલે જન્મ-મરણના અંત. આહાહા..!

અહીંયાં શુદ્ધ આત્માની અનુભૂતિ... આહાહા..! એના શત્રુ જે કામ, ક્રોધાદિ વિકલ્પ-મેઘ. આહાહા..! ચાહે તો એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ હોય, પણ એ અનુભૂતિના શત્રુ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ મેઘ '**ઉનકે નાશ હોને પર નિર્મલ મનરૂપી આકાશમેં...**' જ્ઞાનની નિર્મળ પરિણતિમાં '**કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ...**' અનંતગુણ આત્મામાં છે. આહાહા..! એ કહ્યું હતું ને? આકાશના જેટલા અનંત પ્રદેશ છે, આહા..! છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ જીવ મુક્તિ પામે છે. સિદ્ધ.. સિદ્ધ (થાય છે). છ માસ અને આઠ સમય. બહુ થોડા સમય. 'ક' બોલવામાં અસંખ્ય સમય જાય. છ માસ અને આઠ સમયમાં ભગવાન કેવળીએ સિદ્ધાંત લખ્યો છે કે ૬૦૮ જીવ મોક્ષમાં જાય. છ મહિના ને આઠ સમયમાં મનુષ્યક્ષેત્રમાંથી ૪૫ લાખ યોજનમાંથી ૬૦૮ મુક્તિ પામે છે. તો અત્યાર સુધી કેટલા સિદ્ધ થયા? અનંત કાળ થયો ને! એ અનંતકાળના સિદ્ધની સંખ્યાથી લસણની આટલી એક કટકી લ્યો, એમાં અસંખ્ય શરીર છે અને એક શરીરમાં એ સિદ્ધ કરતાં અનંતગુણા જીવ છે. આહાહા..!

મુમુક્ષુ :- અનંતકાળ પછી પણ..

ઉત્તર :- આવું અનાદિથી છે, એમાં નવું ક્યાં છે? અનંતકાળ જશે તોપણ સિદ્ધની સંખ્યાથી અનંતગુણા જીવ એક શરીરમાં રહેશે. આહા..! આવા આવા તો અસંખ્ય શરીર લોકમાં પડ્યા છે. ઝીણી વાત, બાપુ! આહા..! અહીંયાં નિગોદ પડ્યા છે. અસંખ્ય શરીર નિગોદિયા અહીંયાં (છે), હોં! અહીંયા આ ખાલી દેખાય છે પણ અહીંયાં ભર્યા છે. નિગોદના જીવ છે. આહા..! અહીં તો આટલામાં અસંખ્ય શરીર છે. એવા આખા લોકમાં (ભર્યા છે). એક શરીરમાં સિદ્ધ કરતાં અનંતગુણા જીવ. એ જીવ કરતાં અનંતગુણા પરમાણુ છે. એક જીવની સામે અનંત પરમાણુ છે, એવા અનંત જીવથી અનંત ગુણા પરમાણુ છે પુદ્ગલ. અને પુદ્ગલ કરતાં અનંતગુણા ત્રણકાળના સમય છે. ભૂતકાળ અને ભવિષ્યકાળ. એક સમય એટલે એક સેકંડમાં અસંખ્ય સમય જાય. એવા ત્રણકાળના સમય. એ પરમાણુની સંખ્યા કરતાં અનંતગુણા છે. અને એનાથી અનંતગુણા આકાશના પ્રદેશ છે. સર્વવ્યાપક આકાશ છે ને? અનંતગુણા પ્રદેશ છે. એનાથી અનંતગુણા એક જીવમાં ગુણ છે. આહાહા..! ઈ અહીં કહે છે, જુઓ!

'**મનરૂપી આકાશમેં કેવલાનાદિ અનંતગુણરૂપ કિરણોંકર...**' આહાહા..! અરે..! એણે આત્મા સાંભળ્યો નથી. ખબર નથી શું ચીજ છે. મરી ગયો કરી કરીને બહારમાં. ધર્મને નામે પણ બાહ્યની ક્રિયાકાંડ કરીને મરી ગયો અનંતવાર. એમાં શું? મિથ્યાત્વ સહિત કોઈ પાપાનુબંધી પુણ્ય બાંધે. આહાહા..!

મુમુક્ષુ :- સમજવા મળ્યું.

ઉત્તર :- માટે કહે છે ને કે હવે ઝટ સમજી લ્યો, નહિતર દેહ છૂટી જશે. એની મુદ્દત છે એ જ રહેશે, એક સમય નહિ વધે. જે દેહની સ્થિતિ છૂટવાનો કાળ છે એટલો જ કાળ છે. ભગવાને જોયું છે કે આ સમયે દેહ છૂટશે. જેટલા સમય જાય છે એ એની સમીપ જાય

છે. મૃત્યુની સમીપ જાય છે. આહાહા..!

એક માણસનું નહોતું કીધું? બિચારાનું 'મલકાપુર'. 'મલકાપુર' નહિ? એક જુવાન છોકરો હતો. ૨૮ વર્ષનો. મિત્ર હતો જોડે ૨૮ વર્ષનો. જુવાન છોકરો. કાંઈ નહિ, રોગ નહિ, નખમાં નહિ. વાતું કરતા હતા. એ અહીં આપણે કહેતા હતા. કોણ છોકરો? 'મલકાપુર'નો. એ કોઈ કહેતું હતું. અહીં કહેતું હતું. અહીં તો ઘણા આવે છે ને. એક માણસ કહે, એ મારી જોડે બેઠો હતો. વાત કરતા હતા. કાંઈ રોગ નહિ. બસ, આટલું થયું. દેહ છૂટી ગયો. ૨૮ વર્ષનો જુવાન. ફૂ.. એટલું થયું, બસ. હું તો જોતો રહી ગયો, અરે..! આ શું થયું? મડદું. ક્ષણમાં દેહની સ્થિતિ પૂરી થવામાં શું છે? આહા..! કવળ ખાતા ખાતા આમ દેહ છૂટી જાય. દેહસ્થિતિ ઘણાની છૂટી ગઈ. ઘણાની છૂટે. આપણે ત્યાં 'રાજકોટ'માં નહિ? ભાઈ! પેલા હતા. લાડવા વાળતા વાળતા દેહ છૂટી ગયો. આહાહા..! શ્વાસ ક્યારે રોકાઈ જાય? આહાહા..!

ભગવાન! તારી અનુભૂતિ કરવાની ચીજ આવી છે ને, નાથ! આહાહા..! ભગવાન અનંતગુણરૂપ '**કિરણોંકર સહિત નિજ શુદ્ધાત્મારૂપી સૂર્ય પ્રકાશ કરતા હૈ.**' અંદર. પણ પુણ્ય-પાપનો પ્રેમ છોડીને, વ્યવહાર ક્રિયાકાંડનો પણ પ્રેમ રુચિ છોડીને, એ તરફનો દિશાફેર કરીને, આહાહા..! અંતરમાં નિર્મળ મતિજ્ઞાનથી જોવે તો અનંત ગુણરૂપ કિરણોંથી સૂર્ય પ્રકાશમાન છે. આહાહા..! ચૈતન્યસૂર્ય ભગવાન અંદર કેમ બેસે? બીડી વિના ચાલે નહિ. બે બીડી, સીગરેટ પીવે તો ભાઈને પાયખાનામાં જંગલ ઉતરે. આ સીગરેટ પીવે છે ને? ભાઈ! આમ પીવે. બે આંગળીની વચ્ચે. કોઈ આમ કરે ને કોઈ આમ કરે. અને એમાંય... ઓલા ગોરા લોકો તો સદાય આવડી મોટી મોઢામાં રાખે. મોઢામાં રાખીને વાતું કરે. મૂર્ખા એવા. બીડી હોય ધોળી લાંબી. સીગરેટ. ઘણું જોયું. આપણે તો ગોરા હતા ને. આહાહા..! એવા અપલખણ હોય એને કહેવું કે ત્રણલોકનો નાથ આત્મા તું છો, પ્રભુ! આહાહા..! ક્યે માપે માપ કાઢે? શું કહે છે?

મુમુક્ષુ :- તમે તો બધાની નકલ ઉતારો છો.

ઉત્તર :- અમે તો બધું જોયું છે ને. અમે તો જિંદગીમાં બીડી પીધી નથી, હોં! આખી જિંદગીમાં નહિ. એકવાર જરી નિશાળે ભણવા જતા હતા, બીજો છોકરો પીતો હતો. એ તો દસ-બાર વર્ષની ઉંમરની વાત છે. ૭૫ વર્ષ પહેલાં. તો આમ સહેજ (જોયું) શું છે? પછી કોઈ દિ' જીંદગીમાં બીડી પીધી નથી. છીકણી કોઈ વાર સુંઘી હોય. છીકણી આવે છે ને? કોઈક વાર. સળેખમ આદિ હોય તો. બંધાણ નહિ. કોઈ વખતે સળેખમ હોય ત્યારે. એ પણ થોડી. આહાહા..!

અહીં તો ત્રણલોકનો નાથ પરમાત્મા સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વરે કેવળીએ જોયો. એવો આત્મા અંદર બિરાજે છે, નાથ! તું એ બાજુ નજર તો કર. આહા..! એને પૂંઠ દઈને બેઠો છો. પૂંઠ સમજ્યા? વાંસો દઈને. રાગના પ્રેમી એને પીઠ દઈને બેઠા છે. આહાહા..! ભગવાનઆત્મા, રાગનો પ્રેમ છોડ, પ્રભુ! એકવાર તારી અનુભૂતિ કર. તારા જન્મ-મરણ

મટી જશે. ભવભ્રમણ તારું ટળી જશે. આહાહા..! તને પરમાત્મા સિદ્ધપદ પ્રાપ્ત થશે. આહાહા..! સમજાય છે કાંઈ? અહીં તો આ વાત છે. આ બધી પૈસાવાળાની વાતું કરીએ પણ એ તો બીજાનું માન ઉતારવા જરી. એમાં ધૂળમાંય કાંઈ નથી. આહાહા..! એ ૧૧૯ ગાથા થઈ. ૧૨૦.

---

अथ यथा मलिने दर्पणे रूपं न दृश्यते तथा रागादिमलिनचित्ते शुद्धात्मस्वरूपं न दृश्यत इति निरूपयति –

**१२०) राएँ रंगिए हियवडए देउ ण दीसइ संतु।**
**दप्पणि मइलए बिंबु जिम एहउ जाणि णिभंतु।।१२०।।**

रागेन रञ्जिते हृदये देवः न दृश्यते शान्तः।
दर्पणे मलिने बिम्बं यथा एतत् जानीहि निर्भ्रान्तम्।।१२०।।

राएं इत्यादि। राएं रंगिए हियवडए रागेन रञ्जिते हृदये देउ ण दीसइ देवो न दृश्यते।किंविशिष्टः संतु शान्तो रागादिरहितः। दृष्टांतमाह। दप्पणि मइलए दर्पणे मलिने बिंबु जिम बिम्बं यथा एहउ एतत् जाणि जानीहि हे प्रभाकरभट्ट णिभंतु निर्भ्रान्तं यथा भवतीति। अयमत्राभिप्रायः। यथा मेघपटलप्रच्छादितो विद्यमानोऽपि सहस्रकरो न दृश्यते तथा केवलज्ञानकिरणैर्लोकालोकप्रकाशकोऽपि कामक्रोधादिविकल्पमेघप्रच्छादितः सन् देहमध्ये शक्तिरूपेण विद्यमानोऽपि निजशुद्धात्मा दिनकरो न दृश्यते इति।।१२०।।

---

आगे जैसे मैले दर्पणमें रूप नहीं दीखता, उसी तरह रागादिकर मलिन चित्तमें शुद्धआत्मस्वरूप नहीं दिखता, ऐसा कहते हैं –

**गाथा – १२०**

अन्वयार्थ :– [ रागेन रंजिते ] रागकरके रंजित [ हृदये ] मनमें [ शांतः देवः ] रागादि रहित आत्म देव [ न दृश्यते ] नहीं दीखता, [ यथा ] जैसे कि [ मलिने दर्पणे ] मैले दर्पणमें [ बिंबं ] मुख नहीं भासता [ एतत् ] यह बात हे प्रभाकर भट्ट, तू [ निर्भ्रान्तम् ] संदेह रहित [ जानीहि ] जान।

भावार्थ :– ऐसा श्री योगीन्द्राचार्यने उपदेश दिया है कि जैसे सहस्र किरणोंसे शोभित सूर्य आकाशमें प्रत्यक्ष दिखता है, लेकिन मेघसमूहकर ढँका हुआ नहीं दिखता, उसी तरह केवलज्ञानादि अनंतगुणरूप किरणोंकर लोक–अलोकका प्रकाशनेवाला भी इस देह (घट) के बीचमें शक्तिरूपसे विद्यमान निज शुद्धात्मस्वरूप (परमज्योति चिद्रूप) सूर्य काम–क्रोधादि राग–द्वेष भावोंस्वरूप विकल्प–जालरूप मेघसे ढँका हुआ नहीं दिखता।।१२०।।

**હવે, જેવી રીતે મલિન દર્પણમાં રૂપ દેખાતું નથી તેવી રીતે રાગાદિથી મલિન ચિત્તમાં શુદ્ધાત્મસ્વરૂપ દેખાતું નથી, એમ કહે છે :**

**ભાવાર્થ :- જેવી રીતે મેઘપટલથી આચ્છાદિત થયેલો, (સહસ્ર કિરણોથી) શોભિત સૂર્ય વિદ્યમાન હોવા છતાં પણ, દેખાતો નથી તેવી રીતે કામક્રોધાદિ વિકલ્પરૂપ વાદળાંથી આચ્છાદિત થયો થકો, કેવળજ્ઞાનરૂપ કિરણોથી લોકાલોકનો પ્રકાશક નિજશુદ્ધાત્મારૂપ સૂર્ય શરીરમાં શક્તિરૂપે વિદ્યમાન હોવા છતાં પણ દેખાતો નથી, એ અભિપ્રાય છે. ૧૨૦.**

## ગાથા-૧૨૦ ઉપર પ્રવચન

'**આગે જૈસે મૈલે દર્પણમેં રૂપ નહીં દિખતા,...**' દર્પણ હોય ને? દર્પણ. મલિન હોય એમાં મુખ ન દેખાય. '**રૂપ નહીં દિખતા, ઉસી તરહ રાગાદિકર મલિન ચિત્તમેં શુદ્ધ આત્મસ્વરૂપ નહીં દિખતા...**' આહાહા..! બીજો દૃષ્ટાંત આપ્યો. પહેલામાં મેઘનો આપ્યો, હવે અહીંયાં મલિન દર્પણનો આપ્યો. આહાહા..! ૧૨૦.

**१२०) राएँ रंगिए हियवडए देउ ण दीसइ संतु।**
**दप्पणि मइलए बिंबु जिम एहउ जाणि णिभंतु।।१२०।।**

**અન્વયાર્થ :-** '**રાગકરકે રંજિત મનમેં...**' '**हृदये**' જેને રાગનો પ્રેમ છે. ચાહે તો શુભરાગ હો. આહાહા..! તેના મનમાં '**शांतः देवः**' રાગાદિ રહિત આત્મદેવ. શાંત એટલે રાગાદિ રહિત. એમ. વિકલ્પ રહિત શાંત.. શાંત.. અકષાય સ્વભાવ. આહાહા..! એવા '**રાગાદિ રહિત આત્મ દેવ નહીં દીખતા...**' છે? '**शांतः देवः**' કોણ? આ દેવ, હોં! '**शांतः देवः**'. અકષાયરસ ઉપશમરસનો કંદ પ્રભુઆત્મા છે. આહાહા..! રાગ છે એ મલિન છે અને રાગરહિત પરમાત્મા અંદર આત્મા એ તો નિર્મળ ભગવાનઆત્મા છે. શાંત.. શાંત.. શાંત.. આહાહા..! ભજનમાં નથી આવતું? 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં, ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં' આ ઉપશમરસનો કંદ પ્રભુઆત્મા છે. આહાહા..! અરે..! કોઈ દિ' સાંભળ્યો નહિ. ઢોરની જેમ અવતાર. સમજાય છે કાંઈ? આહાહા..!

મનુષ્યા સ્વરૂપે મૃગા ચરંતિ. એમ આવે છે. મનુષ્યના રૂપે મૃગલા-હરણિયા છે. આહાહા..! જેને આત્માની ખોજ નથી. એ આત્મા અંદર રાગરહિત છે એનું નામ ખોજ કહેવાય છે. સમજાય છે કાંઈ? શ્રદ્ધામાં પણ આ નથી. શ્રદ્ધામાં એમ છે કે રાગ કરો, વ્યવહાર કરો એનાથી થાય છે. મિથ્યાશ્રદ્ધા છે. પ્રરૂપણા મિથ્યા છે, એ ધર્મકથા નહિ, એ તો વિકથા છે.

મુમુક્ષુ :- બાપ-દાદાએ..

ઉત્તર :- બાપ-દાદા ફિંડલ બાંધતા. હવે તમે ફિંડલ છોડીને ટોપી પહેરો છો, ઈ કેમ કરવા માંડ્યું? નહિ? 'માંગીલાલ'! તમે આ ટોપી પહેરવા માંડ્યા. હવે તો ઘણાએ ટોપી

કાઢી નાખી છે. બાપ-દાદા કરે એટલે કરવું એમ કાંઈ છે? આહાહા..!

અહીં તો કહે છે, '**रागेन रंजिते**' છે ને? રાગથી રંજિત જેનું હૃદય છે. આહાહા..! ભગવાન વીતરાગમૂર્તિ આનંદનો નાથ પ્રભુ અંદર છે. આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વર જે વીતરાગ થાય છે એ ક્યાંથી થયા? બહારથી વસ્તુ આવે છે? અંદરમાં વીતરાગતા છે એમાંથી વીતરાગતા આવી છે. આહાહા..! સમજાય છે કાંઈ? અનંત આનંદ પ્રભુને પ્રગટ થયો. એ અનંતઆનંદ ક્યાંથી આવ્યો? બહારથી આવ્યો છે? અનંતઆનંદનો કંદ પ્રભુ છે એમાંથી અનંતઆનંદનો પ્રવાહ આવ્યો. આહાહા..! એવા ભગવાનઆત્માને રાગથી રંજિત છે એ આવા આત્માને જોઈ શકતા નથી. '**शांतः देवः**' એમ શબ્દ લીધો છે. આહાહા..! આ આત્મા, હોં! '**शांतः देवः**' અકષાય શાંતદેવ પ્રભુ! આહા..! દિવ્ય શક્તિ જેની. શાંત.. શાંત.. શાંત ઉપશમરસ છે. આહા..! એવો '**शांतः देवः**' દેખાતો નથી. '**જૈસે કિ મૈલે દર્પણમેં મુખ નહીં ભાસતા યહ બાત હે પ્રભાકર ભટ્ટ તૂ સંદેહ રહિત જાન.**' ગુરુ શિષ્યને (કહે છે), નિઃસંદેહ જાણ. મલિન દર્પણમાં મુખ નથી દેખાતું, એમ મલિન પરિણામમાં આત્મા દેખાતો નથી. આહાહા..! નિઃસંદેહ જાણ. સંદેહ છોડી દે કે આમ થાય? વ્યવહાર કરશું શુભરાગ તો એનાથી થશે. ઈ છોડી દે. એ મિથ્યાભ્રાંતિ છોડી દે. નિઃસંદેહ તને રાગથી રહિત સ્વરૂપ પ્રાપ્ત થશે. આહાહા..! વાતું મોટી. 'પરમાત્મપ્રકાશે' તો ગજબ કામ કર્યા છે!

**ભાવાર્થ :-** '**ઐસા શ્રી યોગીન્દ્રાચાર્યને ઉપદેશ દિયા હૈ...**' છે? '**જૈસે સહસ્ત્ર કિરણોંસે શોભિત સૂર્ય આકાશમેં પ્રત્યક્ષ દિખતા હૈ,...**' હજાર કિરણોંથી શોભિત સૂર્ય આકાશમાં દેખાય છે. '**લેકિન મેઘસમૂહકરક ઢંકા હુઆ નહીં દિખતા...**' સમજાય છે કાંઈ? '**ઉસી તરહ કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ કિરણોંકર લોક-અલોકકા પ્રકાશનેવાલા...**' ભગવાન તો લોકાલોકને જાણવાની શક્તિવાળો આત્મા તો છે. આહાહા..! '**ઈસ દેહ (ઘટ) કે બીચમેં...**' આ દેહની વચ્ચે ભગવાન અંદર બિરાજે છે. કેમ બેસે? આહાહા..! સમજાય છે કાંઈ? શક્કરકંદનો દૃષ્ટાંત નહોતો આપ્યો? શક્કરકંદ. શક્કરિયા. એની લાલ છાલ છે એ સિવાય તો શક્કરકંદ જ છે. સાકરની મીઠાશનો પિંડ છે. શક્કર. આ બાફીને ખાય છે ને? એ લાલ છાલ છે એનાથી ભિન્ન જે વસ્તુ છે એ શક્કરકંદ (છે). શક્કર નામ સાકરની મીઠાશનો પિંડ છે. એમ આ ભગવાનઆત્મા, એક એક શક્કરકંદ એવા છે, એમ એક એક આત્મા એવા છે. પુણ્ય-પાપના વિકલ્પની છાલ ન જુઓ અને અંતરમાં જુઓ તો આનંદનો કંદ પ્રભુ છે એ તો. આહા..! અરે..! કેમ ખબર પડે એને? સમજાય છે કાંઈ? કહો, 'ભગવાનજીભાઈ'! આ તમારા કરોડોપતિની કિંમત કાંઈ ન રહી. પણ અમે કરોડપતિ તો છીએ, એમ? આહાહા..!

અહીં તો આત્માની કિંમતે કિંમત છે, ધૂળની કાંઈ કિંમત નથી. કરોડપતિ, અબજપતિ બધા ભિખારા છે. નિજલક્ષ્મીની ખબર નહિ ને પરલક્ષ્મીના પ્રેમીઓ, એ બધા ભિખારા છે. એ.. 'પોપટભાઈ'! ભિખારા? 'પોપટભાઈ' પણ એવા? આ બધા કરોડપતિ છે. આ બે

કરોડ ને પેલા કરોડ ને આ કરોડ ને એવા શેઠિયા (છે). આહા..! ધૂળમાંય નથી હવે ન્યાં. મોટો આનંદનો નાથ અંદર બિરાજે છે, એની તો તને ખબર નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ભેંસનો ધણી પાડો હોય છે. એમ કરોડપતિ પૈસા જડ, એનો પતિ એ જડ છે. એય..! 'કૈલાસચંદજી'! અમારી પાસે તો આ છે, ભગવાન! કરોડપતિ કહે છે ને? અથવા પતિનો પત્ની અથવા નરપતિ, નરપતિ. મનુષ્યનો પતિ? ભેંસનો પતિ પાડો હોય એમ જડનો પતિ જડ હોય. આહાહા..! અંતરમાં સ્વસ્વામીસંબંધરૂપી લક્ષ્મી પડી છે, સ્વસ્વામીનો સંબંધ એ આત્મા છે. આહાહા..! સમકિતી તો રાગનોય સ્વામી નથી, પરનો તો સ્વામી નહિ જ. આહાહા..! સમજાય છે કાંઈ? સમકિતી ભલે ગૃહસ્થાશ્રમમાં હો. રાગનો એ સ્વામી નથી. સમજાય છે કાંઈ? પોતાની શુદ્ધ ચૈતન્યમૂર્તિનો એ સ્વામી છે. આહાહા..! અરેરે..!

'**ઈસ દેહ (ઘટ) કે બીચમેં શક્તિરૂપસે વિદ્યમાન નિજ શુદ્ધાત્મસ્વરૂપ..**' દેખો! ભગવાન શક્તિરૂપે છે, વ્યક્તતા કેવળજ્ઞાનમાં થશે ત્યારે થશે. શક્તિરૂપે અંદર પરમાત્મા બિરાજે છે, પછી એનો એનલાર્જ થાય છે ત્યારે કેવળજ્ઞાન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! '**શક્તિરૂપસે વિદ્યમાન...**' વિદ્યમાન નામ શક્તિરૂપે છે. એમ. '**નિજ શુદ્ધાત્મસ્વરૂપ (પરમજ્યોતિ ચિદ્રૂપ) સૂર્ય કામ-ક્રોધાદિ રાગ-દ્વેષ ભાવોંસ્વરૂપ વિકલ્પ-જાલરૂપ મેઘસે ઢંકા હુઆ નહીં દિખતા.**' આહાહા..! એને તો એ દર્પણમાં મલિનતા છે એટલે નથી દેખાતો. સૂર્યને વાદળ હોય તો નથી દેખાતો, એમ ભગવાન વિકલ્પની જાળમાં રોકાવાથી એ નથી દેખાતો. આહા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, બાપુ! આ તો. અપૂર્વ વાત છે. પૂર્વે કદી કર્યું નથી. એટલે જરી સમજવામાં પણ કઠણ પડે. કરવું તો કઠણ છે, પણ શું કહે છે આ? જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન ક્યુ જ્ઞાન? આ શાસ્ત્રનું જ્ઞાન? બહારનું જ્ઞાન? એ જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે એનું જ્ઞાન. સમજાય છે કાંઈ? એ જ્ઞાનમાં ભગવાન અનંતગુણકર બિરાજમાન સૂર્ય પ્રકાશમાન દેખાય છે, એનું નામ સમ્યગ્દર્શન અને અનુભૂતિ કહેવાય છે. જન્મ-મરણનો અંત લાવવાની એ ચીજ છે, બાકી બધા થોથા છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अथानन्तरं विषयासक्तानां परमात्मा न दृश्यत इति दर्शयति –**

**१२१) जसु हरिणच्छी हियवडए तसु णवि बंभु वियारि।**
**ऐक्कहिं केम समंति वढ बे खंडा पडियारि।।१२१।।**

**यस्य हरिणाक्षी हृदये तस्य नैव ब्रह्म विचारय।**
**एकस्मिन् कथं समायातौ वत्स द्वौ खंडौ प्रत्याकारे (?)।।१२१।।**

**जसु इत्यादि। जसु यस्य पुरुषस्य हरिणच्छि हरिणाक्षी स्त्री हियवडए हृदये वसतीति क्रियाध्याहारः, तसु तस्य णवि नैवास्ति। कोऽसौ। बंभु ब्रह्मशब्दवाच्यो निजपरमात्मा वियारी एवं विचारय त्वं हे प्रभाकरभट्ट। अत्रार्थे दृष्टांतमाह। एक्कहिं केम एकस्मिन् कथं समंति**

सम्यग्मिमाते सम्यगवकाशं कथं लभेते वढ बत बे खंडा द्वो खड्गौ असी। क्वाधिकरणभूते। पडियारी प्रतिकारे (?) कोशशब्दवाच्ये इति। तथाहि। वीतरागनिर्विकल्पपरमसमाधि-संजातानाकुलत्वलक्षणपरमानन्दसुखामृतप्रतिबन्धकैराकुलत्वोत्पादकै: स्त्रीरूपावलोकनचिन्तादिसमुत्पन्नहावभावविभ्रमविलासविकल्पजालैर्मूर्च्छिते वासिते रञ्जिते परिणते चित्ते त्वेकस्मिन् प्रतिहारे (?) खड्गद्वयवत्परमब्रह्मशब्दवाच्यनिजशुद्धात्मा कथमवकाशं लभते न कथमपीति भावार्थः। हावभावविभ्रमविलासलक्षणं कथ्यते। 'हावो मुखविकारः स्याद्भावश्चित्तोत्थ उच्यते। विलासो नेत्रजो ज्ञेयो विभ्रमो भ्रूयुगान्तयोः।।'।।१२१।।

आगे जो विषयोंमें लीन हैं, उनको परमात्माका दर्शन नहीं होता, ऐसा दिखलाते हैं –

गाथा – १२१

अन्वयार्थ :– [ यस्य हृदये ] जिस पुरुषके चित्तमें [ हरियाक्षी ] मृगके समान नेत्रवाली स्त्री [ वसति ] बस रही है [ तस्य ] उसके [ ब्रह्म ] अपना शुद्धात्मा [ नैव ] नहीं है, अर्थात् उसके शुद्धात्माका विचार नहीं होता, ऐसा हे प्रभाकर भट्ट, तू अपने मनमें [ विचारय ] विचार कर। बड़े बत खेदकी बात है कि [ इकस्मिन् ] एक [ प्रतिकारे ] म्यानमें [ द्वौ खड्गो ] दो तलवारें [ कथं समायातौ ] कैसे आ सकती हैं ? कभी नहीं समा सकतीं।

भावार्थ :– वीतरागनिर्विकल्पसमाधिकर उत्पन्न हुआ अनाकुलतारूप परम आनंद अतीन्द्रिय-सुखरूप अमृत है, उसके रोकनेवाले तथा आकुलताको उत्पन्न करनेवाले जो स्त्रीरूपके देखनेकी अभिलाषादिसे उत्पन्न हुए हाव (सुख-विकार) भाव अर्थात् चित्तका विकार, विभ्रम अर्थात् मुँहका टेढ़ा करना, विलास अर्थात् नेत्रोंके कटाक्ष इन स्वरूप विकल्पजालोंकर, मूर्छित रंजित परिणाम चित्तमें ब्रह्मका (निज शुद्धात्माका) रहना कैसे हो सकता है ? जैसे कि एक म्यानमें दो तलवारें कैसे आ सकती हैं ? नहीं आ सकतीं। उसी तरह एक चित्तमें ब्रह्म-विद्या और विषय-विनोद ये दोनों नहीं समा सकते। जहाँ ब्रह्म-विचार हे, वहाँ विषय-विकार नहीं है, जहाँ विषय-विकार हैं वहाँ ब्रह्म-विचार नहीं है। इन दोनोंमें आपसमें विरोध है। हाव भाव विभ्रम विलास इन चारोंका लक्षण दूसरी जगह भी कहा है। 'हावो मुखविकारः' इत्यादि, उसका अर्थ ऊपर कर चुके हैं, इससे दूसरी बार नहीं करा।।१२१।।

ત્યાર પછી 'વિષયાસક્ત' જીવોને (જેઓ વિષયોમાં આસક્ત છે તેમને) પરમાત્મા દેખાતો નથી, એમ દર્શાવે છે :

ભાવાર્થ :– વીતરાગ નિર્વિકલ્પ પરમ સમાધિથી ઉત્પન્ન, અનાકુળતા જેનું લક્ષણ છે એવા પરમાનંદરૂપ જે સુખામૃતને પ્રતિબંધક, આકુળતાના ઉત્પાદક એવા સ્ત્રીરૂપને દેખવાની અભિલાષાથી ઉત્પન્ન હાવ, ભાવ, વિભ્રમ, વિલાસના વિકલ્પજાળથી

**મૂર્છિત-વાસિત-રંજિત-પરિણત-ચિત્તમાં, એક મ્યાનમાં બે તલવાર ન સમાય તેની જેમ, 'બ્રહ્મ' શબ્દથી વાચ્ય એવો નિજશુદ્ધાત્મા કેવી રીતે અવકાશ મેળવે ? એ ભાવાર્થ છે. (અર્થાત્ ન મેળવે.)**

**હાવ, ભાવ, વિભ્રમ, વિલાસનું સ્વરૂપ કહે છે.**

**'हावो मुखविकारः स्याद्भावश्चित्तोत्थ उच्यते। विलासो नेत्रजो ज्ञेयो विभ्रमो भ्रूयुगान्तयोः।।' (અર્થ : મુખવિકાર તે હાવ છે, ચિત્તવિકાર તે ભાવ છે, નેત્રનો વિકાર તે વિલાસ છે, બન્ને ભમ્મરના છેડાનો વિકાર તે વિભ્રમ છે.) ૧૨૧.**

---

## વીર સંવત ૨૫૦૨, ભાદરવા વદ ૯, શુક્રવાર
## તા. ૧૭-૦૯-૧૯૭૬, ગાથા-૧૨૧, ૧૨૨ પ્રવચન નં. ૯૨

'પરમાત્મપ્રકાશ' ૧૨૧ ગાથા. **'આગે જો વિષયોંમેં લીન હૈ, ઉનકો પરમાત્માકા દર્શન નહીં હોતા,...'** પરમાત્મા એટલે આ આત્મા, હોં! જેના હૃદયમાં વિષયના પ્રેમની રુચિ છે એને આત્માના દર્શન નથી થતા. એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ૧૨૧.

**१२१) जसु हरिणच्छी हियवडए तसु णवि बंभु वियारि।**
**ऐक्कहिँ केम समंति वढ बे खंडा पडियारि।।१२१।।**

**અન્વયાર્થ :- 'જિસ પુરુષકે ચિત્તમેં મૃગકે સમાન નેત્રવાલી સ્ત્રી બસ રહી હૈ...'** આહાહા..! જેના ચિત્તમાં મૃગાંક્ષી સ્ત્રી વસી રહી છે એને ભગવાન પરમાત્માના દર્શન કઈ રીતે થાય? આ આત્મા, હોં! આહાહા..! એમ કહે છે કે જેને સુંદર સ્ત્રીને જોઈને આકર્ષણ થઈ જાય છે અને એ વિલ્પની જાળમાં પડે છે એને નિર્વિકલ્પ પરમાત્મા પોતાનું સ્વરૂપ કઈ રીતે દેખાય? આહાહા..! સમજાય છે કાંઈ? બ્રહ્મવિદ્યા અને વિષયવિનોદ એક સ્થાનમાં કઈ રીતે રહે? બ્રહ્મવિદ્યા નામ ભગવાનઆત્માના આનંદની વિદ્યા-આત્મજ્ઞાન અને વિષયવિનોદ. એક મ્યાનમાં બે તરવાર રહી શકતી નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

**'જિસ પુરુષકે ચિત્તમેં...'** હૃદય છે ને? **'यस्य हृदये हरियाक्षी' 'મૃગકે સમાન નેત્રવાળી સ્ત્રી બસ રહી હૈ ઉસકે અપના શુદ્ધાત્મા નહીં હૈ, અર્થાત્ ઉસકે શુદ્ધાત્માકા વિચાર નહીં હોતા,...'** આહાહા..! સ્ત્રીના સુંદર વેષ આદિને દેખી જેને અંતર રુચિ અને રસ પડે છે એને ભગવાન અંદર દર્શન નથી દેતા. એને આત્માના દર્શન નથી થતા. આહાહા..! સમજાય છે કાંઈ? **'ઉસકે શુદ્ધાત્માકા વિચાર નહીં હોતા, ઐસા હે પ્રભાકર ભટ્ટ, તૂ અપને મનમેં વિચાર કર.'** આહાહા..!

**'બડે ખેદકી બાત હૈ...'** આચાર્ય કહે છે. આહાહા..! **'એક મ્યાનમેં દો તલવારેં કૈસે**

**આ સકતી હૈ?'** મ્યાન એક ને તલવાર બે, કઈ રીતે રહે? આહાહા..! જેને સ્ત્રીના વિષયનો અંદર પ્રેમ છે, આસક્તિ જુદી ચીજ છે. આ તો પ્રેમ-રુચિની વાત છે. સમજાય છે કાંઈ? આસક્તિ તો સમકિતીને પણ હોય છે. એ આસક્તિ જુદી અને રુચિ જુદી (વસ્તુ છે). સમજાય છે કાંઈ? આહા..! 'ભરત' ચક્રવર્તી. ૯૬ હજાર સ્ત્રી હતી, પણ મનમાં એની રુચિનો પ્રેમ નથી. રુચિનો પ્રેમ નથી. રુચિ નહિ, રુચિ નહિ, રુચિ નહિ. આહાહા..! આસક્તિ હો. અવ્રત ભાવ, પણ અંદર એની રુચિ નથી, પ્રેમ ન મળે. આહાહા..! '**હે પ્રભાકર ભટ્ટ, તૂ અપને મનમેં વિચાર કર. બડે ખેદકી બાત હૈ એક મ્યાનમેં દો તલવારેં કૈસે આ સકતી હૈં? કભી નહીં સમા સકતી.**' આહાહા..! હવે વિસ્તાર કરે છે.

**ભાવાર્થ :- 'વીતરાગનિર્વિકલ્પ (પરમ) સમાધિકર ઉત્પન્ન હુઆ...'** અંતરમાં આનંદસ્વરૂપ ભગવાન ઉત્પન્ન થાય છે. આહાહા..! રાગરહિત નિર્વિકલ્પ અભેદ અને પરમ શાંતિકર '**ઉત્પન્ન હુઆ અનાકુલતારૂપ પરમ આનંદ...**' આહાહા..! '**અતીન્દ્રિય-સુખરૂપ અમૃત હૈ,...**' પોતાનો અતીન્દ્રિય આનંદના અમૃતરૂપી સ્વાદ આવ્યો. આહાહા..! '**ઉસકે રોકનેવાલે...**' આવા આનંદના અમૃતના સ્વાદને રોકનારા.. આહાહા..! '**આકુલતાકો ઉત્પન્ન કરનેવાલે જો સ્ત્રીરૂપકે દેખનેકી અભિલાષાસે ઉત્પન્ન હુઆ...**' સુંદર સ્ત્રી જોવાની અભિલાષા. આહાહા..! એ વાત છે, હોં! પ્રેમથી જોવાની ઈચ્છા. આહા..! તો ભગવાન આનંદના નાથનો એને પ્રેમ રહ્યો નહિ. વિષય છોડે છે માટે સ્ત્રીની રુચિ ચાલી ગઈ, એમ નથી. પ્રેમ જ્યાં છે, રાગનો રસ છે, એ પરવિષયમાં રસ છે, રુચિ છે એનો વિષયનો રસ ગયો નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? સ્ત્રીનો ત્યાગ કર્યો હોય, બાળ બ્રહ્મચારી હો પણ અંદરમાં રાગનો પ્રેમ, રુચિ છે તો અંદરમાં પરવિષયનો પ્રેમ, રુચિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત છે. આહા..!

'શ્રીમદ્ રાજચંદ્ર' ૧૬ વર્ષે 'મોક્ષમાળા'માં કહે છે ને?

જે નવ વાડ વિશુદ્ધથી, ધરે શિયળ સુખદાઈ
ભવ તેનો લવ પછી રહે, તત્ત્વવચન એ ભાઈ.

'શ્રીમદ્ રાજચંદ્ર' થઈ ગયા. સોળ વર્ષની ઉંમર. શરીરની ઉંમર છે ને? આત્મા તો અનાદિઅનંત છે. આહાહા..! ઝવેરાતનો મોટો લાખોનો વેપાર હતો. આહા..! કહ્યું હતું ને એકવાર? મોતીની વાત નહોતી કરી? ધંધો કર્યો હતો. સાધારણ મોતીનો ધંધો કર્યો હતો. એમાં ઊંચા મોતીનું પડીકું પેલા મોતીવાળાએ આપી દીધું. ઊંચા મોતી. જેમાં લાખો રૂપિયા કમાણી વધી જાય એવા. દુકાનેથી ઘરે ગયો. અરે..! આ નહિ. એ માણસ હમણાં આવશે. આ સોદો નથી કર્યો. અમારો તો સાદા મોતીની સોદો હતો. ધંધામાં સમકિતીને નીતિ કેટલી છે! સમજાય છે કાંઈ? સમકિતીનો વ્યવહાર પણ જુદો થઈ જાય છે. આહાહા..! 'મૂળચંદભાઈ'! લાખો રૂપિયાની પેદાશ જેમાં પડીકામાં. આમ જોયું કે અરે..! આ મોતીનો સોદો તો કર્યો નથી. મેં તો સાદા મોતીનો (સોદો કર્યો છે). એ આવ્યો એકદમ, જેણે પડીકું

આપ્યું હતું ને? સમજાય છે? મોતીનો ધંધો કર્યો હતો. મોટા વેપારી હતા. જેની સાથે સોદો કર્યો હતો એ મોતી આ નહિ. સાધારણ મોતીનો હતો અને એણે ઊંચા મોતીનું પડીકું આપી દીધું, 'શ્રીમદ્'ને. દુકાને આવી જોવે છે, અરે..! હમણાં પેલો માણસ આવશે. આવ્યો, ભાઈ! આપણે આ મોતીનો સોદો નહોતો કર્યો. અરે..! બાપા! આ રહ્યા મોતી. ભાઈ! અને પેલો ખુશી થઈ ગયો. આ તે દૈવીપુરુષ છે! કોણ છે આ? જેને હાથમાં મેં (પડીકું) આપ્યું, એ કહે છે કે આ આપણો સોદો નહિ. તમે લઈ જાઓ.

મુમુક્ષુ :-...

ઉત્તર :- સાચા ધર્માત્મા હોય એ એવું કરતા. બાકી તો બધું સમજવા જેવું કરે. ખબર છે. પચાવી દે. લાખો રૂપિયાના મળ્યા હોય, પચાવી પાડે. નીતિ, ધર્મીજીવની નીતિ પણ અલૌકિક હોય છે. સમજાય છે કાંઈ? પેલો તો ખુશી થઈ ગયો. પડીકું જ્યાં દીધું, લાવો બાપા! આપણા જે મોતી બીજી હતા ઈ લાવો. લો, ભાઈ! આ લ્યો. આ તે દૈવીપુરુષ છે! કોણ છે આ! જેને મેં મારા હાથે આપ્યા. એણે નહોતું લીધું, મેં પડીકું આપ્યું હતું. એ કહે, આ નહિ, આ નહિ. નૈતિક જીવન પણ ધર્માત્માના જુદા હોય છે. આહાહા..!

અહીંયાં એ કહે છે, વીતરાગ નિર્વિકલ્પ પરમશાંતિ અંદરમાં.. આહાહા..! રાગરહિત થઈને અંતરમાં જવાથી આત્માનો અનુભવ-અમૃતનો સ્વાદ આવવો, એને રોકવાવાળા. આહાહા..! '**આકુલતાકો ઉત્પન્ન કરનેવાલે જો સ્રીરૂપકે દેખનેકી અભિલાષાદિસે...**' '**દેખનેકી અભિલાષાદિસે ઉત્પન્ન હુએ હાવ (મુખ-વિકાર) ભાવ...**' શબ્દ એવા છે, પણ ખરેખર તો હાવ સામી સ્રીના લેવા. ઉત્પન્ન હુએ, ખરેખર તો ઉત્પન્ન હુએ શું? '**વિકલ્પજાલોંકર મૂર્છિત...**' ત્યાં લેવું. એ ચાર શબ્દ છે. મૂર્છિત, વાસિત, રંજિત અને પરિણત. ચાર શબ્દ છે. શું કહ્યું?

જેને સ્રીને જોવાની અભિલાષા છે, રુચિ છે, રસ છે, પ્રેમ છે.. આહાહા..! પેલું 'સુરદાસ'નું નથી આવતું? 'સુરદાસ'. અન્યમતમાં 'સુરદાસ' છે ને? 'સુરદાસ ભગત' થઈ ગયા. એને એટલી ગૃદ્ધિ હતી કે વેશ્યાને ત્યાં ગયા. રસ્તો નહોતો. મોટું મેડીબંધ મકાન હતું. ત્યાં સર્પ લટકતો હતો. એ જાણે કે દોરી છે. પકડીને અંદર ગયા. ગૃદ્ધિમાં કાંઈ ખબર ન રહી. પછી એને થયું, અરેરે..! આ શું થયું? પછી તો એણે આંખ ફોડી નાખી. એમ કે આ જોવામાં.. આંખ ફોડવાથી શું થાય? અંદરમાં રુચિ છોડવી. આંખ ફોડવાથી (શું થાય)? એ તો ભલે આંખ એવી ને એવી હોય. અંદરનો જે રસ, પ્રેમ ઉત્પન્ન થાય છે એ છોડવો છે. આહ્લાદ, સુંદર સ્રીને જોઈને અંદરમાં વીર્યમાં ઉલ્લસિત પ્રેમાળ, આકર્ષિત થઈ જાય છે એ રુચિનો નાશ કરવાનો છે. આંખ ફોડવામાં શું છે? આહાહા..! સમજાય છે કાંઈ? એણે આંખો ફોડી નાખી. 'સુરદાસ' હતો.

મુમુક્ષુ :- રાગની આંખ તો ખુલ્લી રહી.

ઉત્તર :- એ રાગ તો રહી ગયો. આંખ ફોડવાથી શું છે? આ તો માટી-ધૂળ છે.

'**સ્રીરૂપકે દેખનેકી અભિલાષાદિસે ઉત્પન્ન હુએ હાવ (મુખ વિકાર)...**' સ્રીનો

મુખવિકાર, હોં! સ્ત્રીનો મુખવિકાર જોવાથી જે વિકલ્પની જાળ ઉત્પન્ન થાય છે, એ ન કરવી. જ્ઞાનીને એમ હોતું નથી. આહાહા..! આસક્તિ બીજી ચીજ છે અને એનો રસ જુદી ચીજ છે. ક્ષાયિક સમકિતી હોય, સ્ત્રીના રસની રુચિ છૂટી ગઈ હોય, છતાં વિષય હોય, આસક્તિ હોય. એ જાતની અસ્થિરતા થઈ જાય છે પણ દુઃખરૂપ લાગે છે. અને આ તો એમાં રસ જ આવે. આહાહા..! બધા હાવ, ભાવ જોઈને આત્મા વિકલ્પની જાળમાં પડી જાય. આહાહા..!

'**હાવ (મુખ વિકાર), ભાવ અર્થાત્ ચિત્તકા વિકાર,...**' સામાને, હોં! સ્ત્રીનો ચિત્તનો વિકાર જોવે ને. શરીરનાં અંદર એ. '**વિભ્રમ અર્થાત્ મુંહકા ટેઢા કરના,...**' મોઢું જરી આડુ કરીને સામાને પ્રેમમાં નાખવો. '**વિલાસ અર્થાત્ નેત્રોંકે કટાક્ષ...**' આંખના કટાક્ષ કરવા. સ્ત્રી, હોં! '**ઈન સ્વરૂપ વિકલ્પજાલોંકર,...**' એવા જે એના વિકલ્પ, રાગ ઉત્પન્ન થવો. એમાં '**મૂર્છિત...**' '**વિકલ્પજાલોંકર મૂર્છિત...**' થયો અજ્ઞાની. આહાહા..! એને અંદર ભગવાન કઈ રીતે દેખાય? સમજાય છે કાંઈ? આહાહા..! એ ચાર શબ્દ છે. '**વિકલ્પજાલોંકર મૂર્છિત..**' એક શબ્દ પડ્યો રહ્યો છે. ત્યાં વાસિત જોઈએ. મૂર્છિત અને રંજિત વચ્ચે વાસિત જોઈએ. વાસિત. સંસ્કૃતમાં ચાર (શબ્દ) છે. મૂર્છિત, વાસિત. એમાં રાગમાં રંગાઈ ગયો. એકલા રસમાં વાસ થઈ ગયો. આહા..! રંજિત-રાગમાં રંજિત થઈ ગયો. પરિણત-રાગમાં પરિણત થઈ ગયો. આહાહા..! સમજાય છે કાંઈ? સંસ્કૃતમાં ચાર બોલ છે. અર્થમાં એક બોલ પડ્યો રહ્યો છે. આહાહા..!

'**વિકલ્પજાલોંકર...**' વિકલ્પની જાળ. જેમ કરોળિયો હોય ને? કરોળિયો નથી હોતો? શું કહે છે? મકડી. એમાંથી જાળ નીકળે. શાસ્ત્રમાં એ દૃષ્ટાંત છે કે મનુષ્ય છે એને બે પગ છે. સ્ત્રી પરણે તો ચાર પગો થયો, ઢોર થયો. અને એનો છોકરો થાય તો છ પગ થયા તો ભમરો થયો. ભમરો સમજો છો? એને છ પગ હોય. અને દીકરાની સ્ત્રી થઈ તો આઠ પગ થયા. કરોળિયાને આઠ પગ હોય છે. એ કરોળિયો પછી જાળ કાઢે. મારે બાયડીનું આમ કરવું છે, છોકરાનું આમ કરવું છે, ઠેકાણે આમ પાડું. અરેરે..! મરી ગયો. આહાહા..! આવો દૃષ્ટાંત આવે છે, હોં! આહાહા..!

અહીં કહે છે કે અજ્ઞાની પરમાં '**રંજિત પરિણત ચિત્તમેં...**' જેનું આવું ચિત્ત છે. આહાહા..! એમાં '**બ્રહ્મકા (નિજ શુદ્ધાત્માકા) રહના કૈસે હો સકતા હૈ?**' ભગવાન આનંદસ્વરૂપ એને કઈ રીતે દૃષ્ટિમાં આવે? અતીન્દ્રિય આનંદનો નાથ સમ્યગ્દર્શનમાં જે અનુભવમાં આવે છે, એ આવી વિકલ્પજાળવાળાને કઈ રીતે અનુભવમાં આવે? આહા..! સમજાય છે કાંઈ? આત્માર્થીને તો મોટી હોય એ માતા, પોતા જેવડી હોય એ બેન, પોતાથી નાની હોય એ દીકરી (સમાન છે). માતા, બહેન, દીકરી બધી છે. આહાહા..! એને માતા તરીકે જોવે છે, બહેન તરીકે જોવે છે, દીકરી તરીકે જોવે છે. એને સ્ત્રીનો રાગરસ નથી આવતો. આહાહા..!

આવું ચિત્ત, '**વિકલ્પજાલોંકર મૂર્છિત, વાસિત, રંજિત, પરિણત ચિત્તમાં બ્રહ્મકા**

**રહના કૈસે હો સકતા હૈ? જૈસે કિ એક મ્યાનમેં દો તલવારેં કૈસે આ સકતી હૈ?**' આહાહા..! એમ ભગવાનઆત્માનો રસ અને સ્ત્રીના વિષયનો રસ, એક સમયમાં બે નહિ રહી શકે. આહાહા..!

૩૧મી ગાથામાં કહ્યું છે. વિષય શબ્દે.. 'સમયસાર'માં ૩૧માં લીધું છે. આ જડ ઈન્દ્રિય, ભાવઈન્દ્રિય અને ઈન્દ્રિયના વિષય. આહાહા..! ત્યાં તો દેવ-ગુરુ-શાસ્ત્ર પણ ઈન્દ્રિયનો વિષય છે. પર છે ને. ત્રણેની રુચિ છોડી,.. આહાહા...! અંતરમાં જા ત્યારે આત્માનો અનુભવ થશે. આહાહા..! સમજાય છે કાંઈ? એણે ઈન્દ્રિયને જીતી. પરલક્ષી વાણી, પર ભગવાન, જડ ઈન્દ્રિય બધાનું લક્ષ છોડી, એણે ઈન્દ્રિયને જીતી. '**जं इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं।**' ઈન્દ્રિયના વિષયની રુચિ છોડી. આહાહા..! ભગવાનની વાણીની રુચિ છોડી. પરવસ્તુ છે. ભાઈ! માર્ગ બહુ એવા છે, બાપા! આહાહા..! ૩૧ ગાથામાં કહ્યું છે. '**जं इंदिये जिणित्ता**' ઈન્દ્રિયોને જીતીને અર્થાત્ વીતરાગ અને વીતરાગની વાણી, સ્ત્રી, કુટુંબ, પરિવાર એ બધો વિષય છે. ઈન્દ્રિયનો વિષય છે. તો ઈન્દ્રિયના વિષયને જીતીને અર્થાત્ તે તરફનું લક્ષ છોડીને આહાહા..! '**णाणसहावाधियं मुणदि आदं**' ભગવાનઆત્માને જ્ઞાનસ્વભાવે પરથી અધિક નામ ભિન્ન-જુદો અનુભવે તેને જિતેન્દ્રિય સમકિતી કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

જુઓ! ત્યાં એમ લીધું. ભગવાનની વાણી, ભગવાન, સ્ત્રી, કુટુંબ એ બધા ઈન્દ્રિયનો વિષય છે, એમ લીધું છે. આહાહા..! બધાની રુચિ છોડી. આહાહા..! આવી વાત છે. વાણી સાંભળે છે તો એમાં વિકલ્પ આવે છે. ભગવાનના દર્શન કરવાથી પણ વિકલ્પ આવે છે, રાગ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ વિષય શબ્દે, પોતાનો સ્વવિષય સિવાય પરવસ્તુ. સ્વવિષય જે આનંદનો નાથ પ્રભુ, બ્રહ્મવિદ્યા આત્મજ્ઞાન, જેમાં સ્વવિષય આત્મા આવ્યો, એ સિવાય બધો પરવિષય, એની રુચિ છોડીને પોતાના આનંદનો અનુભવ કર, તને સમકિત થશે. તને શાંતિ મળશે. આહાહા..! આવી વાતું આકરી પડે માણસને. પેલો વ્યવહાર પણ ઊડાવ્યો. લે! આહાહા..!

પહેલા આવી ગયું છે, હમણાં આવશે. વ્યવહાર ક્રિયાકાંડનો જેને રસ છે એ રાગીને આત્મા પ્રાપ્ત નહિ થાય. એ પછી આવશે. ૧૨૨માં આવશે. આહાહા..! '**એક ચિત્તમેં બ્રહ્મ-વિદ્યા ઔર વિષય-વિનોદ યે દોનોં નહીં સમા સકતે.**' આહાહા..! જેને પરવિષયનો રસ-પ્રેમ છે, રસનો અર્થ ઈ છે કે એ જ્ઞેયમાં એકાકાર થઈ જાય છે. રસની વ્યાખ્યા છે ને? ૩૮ ગાથામાં. આહા..! જે તરફ લક્ષ છે ત્યાં એકાકાર થઈ જાય છે. તો પાંચ ઈન્દ્રિયના વિષય તરફ જે એકાકાર છે એને વિષયનો વિનોદ છે. વિનોદ અંદર આવે છે એને રસ પડે છે. એને બ્રહ્મ વિદ્યા નથી થતી. એને આત્મજ્ઞાન થતું નથી. આહાહા..! આવી વાત છે, બાપુ! '**દોનોં નહીં સમા સકતે.**'

'**જહાં બ્રહ્મ-વિચાર હૈ,...**' બ્રહ્મ નામ ભગવાનઆત્માના આનંદનું અંદર જ્ઞાન છે,

આહાહા..! **'વહાં વિષય-વિકાર નહીં હૈ,...'** આહાહા..! દશા ફરી ગઈ ને. વ્યવહારનો વિષય, એમાં પર તરફ લક્ષ છે. અને નિશ્ચયનો વિષય સ્વ ઉપર આશ્રય છે. જેની દશામાં સમ્યગ્દર્શન થયું એની દશામાં દિશા સ્વ ઉપર છે અને વ્યવહાર રાગાદિ છે તેનું લક્ષ પર ઉપર છે. તો એ દશા રાગી છે, દશા રાગની છે તો દિશા પર ઉપર છે. અને જ્યાં સમ્યગ્દર્શનની દશા અરાગી છે તો એની દશા સ્વ ઉપર છે. આહાહા..! આવી વાતું છે, બાપુ! અત્યારે માર્ગ બહુ ગોપવી નાખ્યો માળે. સત્ય હતું ને, પરમ સત્ય પરમાત્માનું વીંખી નાખ્યું. આહાહા..! ત્રણલોકનો નાથ અંદર બિરાજે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

નિમિત્ત ચીજ છે એ તો એની નહિ, નિમિત્ત શબ્દે દેવ-ગુરુ-શાસ્ત્ર પણ એના નહિ. બાયડી, છોકરા તો ક્યાંય રહી ગયા. અને રાગ પણ જેમાં નથી. નિમિત્તની રુચિ નહિ, રાગની રુચિ નહિ. એક સમયની પર્યાયની રુચિ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? પરમાનંદ પ્રભુ વીતરાગસ્વરૂપે અનાકુળ આનંદનો અમૃતનો કંદ પ્રભુ, એ તો અરાગી સમ્યગ્દર્શનનો વિષય છે. સમજાય છે કાંઈ? રાગરહિત દૃષ્ટિનો એ વિષય છે. એ રાગરહિત દૃષ્ટિમાં રાગસહિત દૃષ્ટિ, એક સમયમાં બે કઈ રીતે રહે? પરમાં પણ રસ છે અને પોતામાં પણ રસ આવી જાય, એમ નહિ બને. આહાહા..! સમજાય છે કાંઈ? જેને દૂધપાકનો સ્વાદ આવ્યો,.. દૂધપાક સમજ્યા? ખીર કહે છે. અમારે ત્યાં દૂધપાક બે પ્રકારના છે. ખીર એને કહે, કે શેર દૂધમાં નવટાંક ચોખા નાખે એને ખીર કહેવાય. અને શેર દૂધમાં રૂપિયાભાર ચોખા નાખે એને દૂધપાક કહેવાય. તમારે એકલી ખીર કહે છે, અમારે ત્યાં બે ભાગ પાડે છે. એક શેર દૂધ હોય અને પાંચ રૂપિયાભાર ચોખા નાખે એને ખીર કહેવાય. કારણ કે એ બહુ કઢેલું ન હોય. અને એક શેર દૂધમાં એક રૂપિયાભાર ચોખા નાખે, અને કઢે છે તો એનો દૂધપાક થાય છે. દૂધનો પાક. જેને દૂધપાકના સ્વાદ આવ્યા, એને રાતી જારના ફોતરા.. ફોતરા સમજ્યા? છીલકા, એનો સ્વાદ નથી આવતો. આહા..! જુવાર બે પ્રકારની હોય છે. એક ધોળી જુવાર.. જુવાર સમજો છો? અને એક રાતી જુવાર. અમારે તો બધો અનુભવ થઈ ગયો છે ને.

એક ફેરી અમે (સંવત) ૧૯૭૬માં 'વિઠ્ઠલગઢ' ગયા હતા. 'વિરમગામ' પાસે 'વિઠ્ઠલગઢ' છે. કોઈ વાણિયાનું ઘર નહોતું તો અમે તો ગમે ત્યાં ભિક્ષા લઈએ. એવું મળ્યું, લાલ જુવારની રોટલી. એ કાંઈ મીઠી ન હોય. પણ ગામડામાં (શું મળે)? ૧૯૭૬ની વાત છે. ૧૯૭૬ની સાલમાં 'વિરમગામ' ગયા હતા ને. ચાર ઠાણા ગયા હતા. ત્યાં મળ્યા હતા. રાતી જારના રોટલા. રોટલા સમજ્યા ને? રોટી. દાળ, ભાત, શાક ત્યાં ક્યાં હતા. છાશ ને રોટલા. આહાહા..! જેને દૂધપાકના સ્વાદ આવ્યા, એને આ લાલ જારના રોટલાના સ્વાદ મીઠા નથી લાગતા.

એમ જેને આત્માનો સમ્યગ્દર્શનનો સ્વાદ આવ્યો, એને વિષયના રસનો સ્વાદ સાચો નથી લાગતો. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! વિષય છોડીને બેસે માટે વિષયરુચિ ગઈ એમ નથી. જેને રાગની રુચિ છે એને વિષયની રુચિ છે. કારણ કે રાગ પર ચીજ છે

અને પર વિષયની રુચિ છે. એને સ્વવિષયની રુચિ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અહીંયાં એ કહે છે.

'**બ્રહ્મ-વિચાર હૈ, વહાં વિષય-વિકાર નહીં હૈ,...**' એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે. '**જહાં વિષય-વિકાર હૈ વહાં બ્રહ્મ-વિચાર નહીં હૈ.**' જ્ઞાનીને પણ રાગ આવે છે, પણ રાગની રુચિ નથી, રસ નથી. આહાહા..!

'નોઆખલી'ને ? 'નોઆખલી' નહિ? 'નોઆખલી' દેશ છે, ત્યાં 'ગાંધી' ગયા હતા. 'નોઆખલી'માં મુસલમાન લોકો હિંદુને, માતા-બહેનને નગ્ન કરી ઉભા રાખે. માતાની ચાલીસ વર્ષની ઉંમર હોય, છોકરાની વીસ વર્ષની હોય. બેયને નાગા કરીને ભેગા કરે. પેલા મુસલમાન. દીકરાને તો આંસુની ધારા ચાલી જાય અંદરથી. અરરર..! આ જનેતા, મારી મા. અરેરે..! આ શું કરે છે? પેલા મુસલમાન એવું કહે. પછી 'ગાંધી' ગયા હતા ને? 'ગાંધી' 'નોઆખલી' ગયા હતા. આહા..! મુસલમાન એવું જોર કરતા. નગ્ન કરી બેયને ભીંડે. અરરર..! દીકરાને તો એમ થાય, અરેરે..! આ જમીન માર્ગ આપે તો હું એમાં સમાઈ જાઉં. માતા, જનેતા એની સામે આ શું છે? આ નગ્નપણું હોય એની પાસે? વિષય તો શેના, પણ નગ્નપણું માતા પાસે-જનેતા પાસે હોય? એને જેમ અંદર રસ ઊડી ગયો હોય છે.. સમજાય છે કાંઈ? એમ ધર્મીને પરના વિષયનો રસ અંદર ઊડી ગયો છે. આહાહા..!

એમ કહે છે કે જેને વિષયનો રસ છે એને બ્રહ્મનો રસ નથી. બ્રહ્મ નામ આત્મા. આત્માના આનંદનો રસ છે એને વિષયનો રસ હોતો નથી. આહાહા..! વિષયનો રસ નથી હોતો, હોં! વિષય હોય છે. રુચિ નથી. વાત એટલી છે. આમ તો જાવજીવ બ્રહ્મચર્ય અનંત વાર પાળ્યું છે, પણ એને રાગની રુચિ છે તો વિષયની રુચિ છે. આહા..! કેમકે રાગનું ફળ તો સંયોગ મળશે. આ પુણ્યના ફળ. જેને રાગમાં પ્રેમ છે.. આપણે 'સ્વાધ્યાય મંદિર'માં એક તખ્તી છે, જેને પુણ્યનો પ્રેમ છે એને જડનો પ્રેમ છે. છે ને? આ બાજુ છે. ખૂણામાં ચાકળો છે. પુણ્યની રુચિ છે તેને જડની રુચિ છે. ભાષા સમજાય છે? કોઈક ગુજરાતી આવી જાય છે. પુણ્યની રુચિ છે એને જડની રુચિ છે. આપણે 'સ્વાધ્યાય મંદિર'માં ચાકળો છે. આ બાજુ ખૂણામાં છે. આહાહા..! કેમકે પુણ્યભાવ એ રાગ છે, અચેતન છે, જડ છે. આહાહા..! એનો જેને પ્રેમ અને રસ છે, તેને જડનો રસ છે. આહાહા..! ભગવાન આનંદનો નાથ પ્રભુ, જેના અંશે, એક સમયના સ્વાદ આગળ ઈન્દ્રના ઈન્દ્રાસનો પણ સડેલા કૂતરા અને મીંદડી જેવા લાગે. આહાહા..!

અહીંયાં ઈ કહે છે, જેના ચિત્તમાં સ્ત્રીનો રસ-પ્રેમ પડ્યો છે અને વિકલ્પની જાળ છે.. આહાહા..! એમાં નિર્વિકલ્પ ભગવાન કઈ રીતે દૃષ્ટિમાં આવે? સમજાય છે કાંઈ? આહાહા..! આ તો ભઈ, ધર્મની રીત છે. બાપુ! આ કાંઈ.. આહા..! બાળક હોય ને? બાળક. ગરમીના દિવસો હોય, જેઠ મહિનો. પછી એને દૂધ પાયું હોય. એમાં વધારે પાયું હોય તો શેરણું થઈ જાય. શેરણું-પાતળા જાડા થાય. બાર મહિનાનું બાળક હોય. શેરણું આમ ઠંડુ લાગે, ઠંડુ. જોયું છે? એ ચાટે. બાળક છે ને? એને ક્યાં ખબર એને દૂધ પાયું હોય. એકવાર એક પાયું

હોય, બીજીવાર એની મોટી માંએ પાયુ. એને ખબર ન હોય કે પાયું છે. શેરણું થઈ જાય. આહાહા..! આ ખીચડીમાં એમ થાય છે ને? ખીચડી કરે ને? ખીચડી કહે છે ને? ઘરમાં બે-ચાર બાયું હોય. પહેલીએ મીઠું નાખ્યું હોય, બીજી આવી, એને એમ કે નહિ નાખ્યું હોય, એટલે ઈ નાખે. ખારું ધોધવા થઈ જાય. એવી ખારી ખીચડી થાય છે. કોણે કરી છે? ભૂલ થઈ ગઈ લાગે છે આપણે. બાયું વિચારે કે આપણામાંથી કોઈકની ભૂલ થઈ ગઈ છે. બોલશો નહિ હમણાં. 'પોપટભાઈ'! આ બધી તમારી રમતું. એમ ઓલાને ડબલ દૂધ પાયું તો શેરણું થઈ ગયું. ઠંડુ લાગે તો ચાટે. એમ આ અજ્ઞાની વિષયના રસને ચાટે, એને આત્માનો રસ ઉત્પન્ન ન થાય, એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

આ 'પરમાત્મપ્રકાશ' છે. પરમાત્મા પોતાનો આનંદસ્વરૂપ ભગવાન દૃષ્ટિમાં ક્યારે આવે છે? કે આવી વિકલ્પજાળ છોડીને, શુભની પણ વિકલ્પજાળ છોડીને. આહાહા..! એ તો નિર્વિકલ્પ પરમાનંદ પ્રભુ છે. આવી ચીજને જાણવામાં રાગનો વિકલ્પ એની સાથે કામ નહિ કરે. આહાહા..! '**ઈન દોનોંમે આપસમેં વિરોધ હૈ.**' બ્રહ્મ-વિચાર અને વિષય વિકાર. '**હાવ, ભાવ, વિભ્રમ વિલાસ ઈન ચારોંકા લક્ષણ દૂસરી જગહ ભી કહા હૈ. 'हावो मुखविकारो' ઈત્યાદિ, ઉસકા અર્થ ઉપર કર ચૂકે હૈં, ઈસસે દૂસરી બાર નહીં કરા.**' હવે ૧૨૨.

---

**अथ रागादिरहिते निजमनसि परमात्मा निवसतीति दर्शयति –**

**१२२) णिय–मणि णिम्मलि णाणियहँ णिवसइ देउ अणाइ।**
**हंसा सरवरि लीणु जिम महु एहउ पडिहाइ।।१२२।।**

**निजमनसि निर्मले ज्ञानिनां निवसति देवः अनादिः।**
**हंसः सरोवरे लीनः यथा मम ईद्दशः प्रतिभाति।।१२२।।**

**णियमणि इत्यादि। णियमणि निजमनसि। किंविशिष्टे। णिम्मलि निर्मले रागादिमलरहिते। केषां मनसि। णाणियहं ज्ञानिनां णिवसइ निवसति। कोऽसौ। देउ देवः आराध्यः किंविशिष्टः। अणाइ अनादिः। क इव कुत्र। हंसा सरवरि लीणु जिम हंसः सरोवरे लीनो यथा हे प्रभाकरभट्ट महु एहउ पडिहाइ ममैवं प्रतिभातीति। तथाहि। पूर्वसूत्रकथितेन चित्ताकुलत्वोत्पादकेन स्त्रीरूपावलोकनसेवनचिन्तादिसमुत्पन्नेन रागादिकल्लोलमालाजालेन रहिते निजशुद्धात्मद्रव्यसम्यक्श्रद्धानसहजसमुत्पन्नवीतरागपरमसुखसुधारसस्वरूपेण निर्मलनीरेण पूर्णे वीतरागस्वसंवेदनजनितमानससरोवरे परमात्मा लीनस्तिष्ठति। कथंभूतः। निर्मलगुण–साद्दश्येन हंस इव हंसपक्षी इव। कुत्र प्रसिद्धः। सरोवरे। हंस इवेत्यभिप्रायो भगवतां श्रीयोगीन्द्रदेवानाम्।।१२२।।**

---

आगे रागादि रहित निज मनमें परमात्मा निवास करता है, ऐसा दिखाते हैं –

गाथा – १२२

अन्वयार्थ :– [ ज्ञानिनां ] ज्ञानियोंके [ निर्मले ] रागादि मल रहित [ निजमनसि ] निज मनमें [ अनादिः देवः ] अनादि देव आराधने योग्य शुद्धात्मा [ निवसति ] निवास कर रहा है, [ यथा ] जैसे [ सरोवरे ] मानस सरोवरमें [ लीनः हंसः ] लीन हुआ हंस बसता है। सो हे प्रभाकर भट्ट [ मम ] मुझे [ एवं ] ऐसा [ प्रतिभाति ] मालूम पड़ता है। ऐसा वचन श्री योगीन्द्रदेवने प्रभाकरभट्टसे कहा।

भावार्थ :– पहले दोहेमें जो कहा था कि चित्तकी आकुलताके उपजानेवाले स्त्रीरूपका देखना सेवना चिंतादिकोंसे उत्पन्न हुए रागादितरंगोंके समूह हैं, उनकर रहित निज शुद्धात्मद्रव्यका सम्यक् श्रद्धान स्वाभाविक ज्ञान उससे वीतराग परमसुखरूप अमृतरस उस स्वरूप निर्मल नीरसे भरे हुए ज्ञानियोंके मानससरोवरमें परमात्मादेवरूपी हंस निरंतर रहता है। वह आत्मदेव निर्मल गुणोंकी उज्ज्वलताकर हंसके समान है। जैसे हंसोंका निवास–स्थान मानसरोवर है, वैसे ब्रह्मका निवास–स्थान ज्ञानियोंका निर्मल चित्त है। ऐसा श्रीयोगीन्द्रदेवका अभिप्राय है।।१२२।।

---

હવે, રાગાદિ રહિત નિજમનમાં પરમાત્મા વસે છે, એમ દર્શાવે છે :

ભાવાર્થ :- પૂર્વ સૂત્રમાં કહેલી, ચિત્તની આકુળતાની ઉત્પાદક એવી, સ્ત્રીરૂપને દેખવાની, સેવવાની અભિલાષાદિથી ઉત્પન્ન રાગાદિ કલ્લોલમાળાની જાળથી રહિત, નિજશુદ્ધાત્મદ્રવ્યની સમ્યક્શ્રદ્ધાથી સહજ ઉત્પન્ન વીતરાગ પરમસુખસુધારસસ્વરૂપ નિર્મળ નીરથી પૂર્ણ, વીતરાગ સ્વસંવેદનજનિત માનસસરોવરમાં પરમાત્મા લીન રહે છે. તે પરમાત્મા નિર્મળગુણની સમાનતાથી હંસ જેવા (-હંસ પક્ષી જેવા-) છે. જેમ હંસનું નિવાસસ્થાન માનસરોવર છે તેમ બ્રહ્મનું નિવાસસ્થાન નિર્મળ ચિત્ત છે, એવો શ્રી ભગવાન યોગીન્દ્રદેવનો અભિપ્રાય છે. ૧૨૨.

---

## ગાથા-૧૨૨ ઉપર પ્રવચન

**'આગે રાગાદિ રહિત નિજ મનમેં પરમાત્મા નિવાસ કરતા હૈ, ઐસા દિખાતે હૈં-'** આહાહા..! જેને રાગનો રસ નથી અને રાગની રુચિ નથી, એનો આત્મામાં આત્મા-પરમાત્માનો પત્તો લાગે છે. આહાહા..! એ કહે છે, હોં! બહુ સરસ વાત છે. પરમાત્મા એટલે પોતાનો આત્મા, હોં! અહીં પરમાત્મા એ નહિ. **'રાગાદિ રહિત નિજ મનમેં પરમાત્મા નિવાસ કરતા હૈ,...'** પરમાત્મા એટલે પોતાનો આત્મા, હોં!

**१२२) णिय-मणि णिम्मलि णाणियहँ णिवसइ देउ अणाइ।**
**हंसा सरवरि लीणु जिम महु एहउ पडिहाइ।।१२२।।**

**અન્વયાર્થ :-** '**જ્ઞાનિયોંકે રાગાદિ મલ રહિત...**' આહાહા..! દૃષ્ટિમાંથી રાગને કાઢી નાખી, પોતાના શુદ્ધ ચૈતન્ય પ્રત્યે દૃષ્ટિ ગઈ. '**રાગાદિ મલ રહિત નિજ મનમેં અનાદિ દેવ...**' આહાહા..! એ અનાદિ દેવ આ ભગવાનઆત્મા. ઈ અનાદિ દેવ છે. આહા..! પછીની ગાથામાં કહેશે. મૂર્તિ-બૂર્તિમાં દેવ-ભગવાન નથી, ભગવાન અહીં છે. હવેની ૧૨૩મી ગાથામાં કહેશે. એ તો શુભભાવ હોય ત્યારે દર્શન કરવાનો ભાવ (હોય), એટલું. પણ ત્યાં દેવ જ માની લે અને એની ભક્તિથી કલ્યાણ થઈ જશે, પરમાત્મા ત્યાં નથી, પરમાત્મા તો અહીં છે. દેહ દેવાલયમાં પરમાત્મા નથી. એય..!

એ તો કાલે આવી ગયું, નહિ? 'યોગસાર'માં તનમંદિરમેં દેવ જિન. લોકો દેરે દેવ દેખંત. દેરામાં ભગવાન છે એમ લોકો દેખે છે. ત્યાં તો પ્રતિમા છે, એ તો સ્થાપના નિક્ષેપ છે. દેવ તો અહીં છે. આહાહા..! 'રાજા ભિક્ષાર્થે ભમે, એવી જનને ટેવ' માગે જ્યાં હોય ત્યાં. ભગવાન ભગવાન આપજે. ભગવાન ન્યાં છે? શેત્રુંજય છે ભગવાન? શેત્રુંજય છે? સમ્મેદશીખરમાં છે? મંદિરમાં છે? એ કહેશે. એ શુભભાવ હોય છે, પણ એ શુભભાવ-પુણ્ય છે. પણ એનાથી કલ્યાણ થઈ જાય અને એનાથી આત્માનું ભાન થાય, એમ નથી. આહાહા..! ભારે કામ, ભાઈ! ખેંચાતાણ થઈ ગઈ. પેલા સ્થાનકવાસીએ મૂર્તિ ઉથાપી નાખી. ત્યારે આ લોકોએ મૂર્તિમાં ધર્મ મનાવી દીધો. સમજાય છે કાંઈ? સ્થાનકવાસી છે ને આ? એણે મૂર્તિ ઉડાવી દીધી નહિ. ત્યારે આ લોકો મૂર્તિ ઉપર મુગટ ને આ ને આ.. ફૂલની માળા ને હાર ને..

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પૈસાવાળા હોય તો ભગવાનને શું છે? ભગવાન પાસે પૈસા છે? બહુ પૈસાવાળા હોય એટલે ચડાવે. એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, નહિ. બિલકુલ નહિ. કાંઈ હોય નહિ. કાલે એક માણસ આવ્યો હતો. બે-ત્રણ જણા દિગંબર હતા ને? ગયા હશે. એમ કે મહારાજ! આ આરતીનું બોલાય છે, એ દિગંબરમાં રિવાજ નથી. આ પૈસાની આરતી બોલાય છે ને? કીધું, એ તો પૈસાનો મોહ ઉતારવા માટે છે. બાકી ભગવાનની આરતી ગમે તે ઉતારી શકે. આ તો મોટો દિવસ હોય તો ખાસ ખાસ આરતીના પૈસા બોલાય છે. કાલે એક આવ્યો હતો. જવાના હતા. ડોસા હતા ડોસા. મેં કીધું, વાત સાચી, બધો ખ્યાલ છે. આરતીના પૈસા મોટા દિવસમાં બોલાય કે પચીસ મણ, પચાસ મણ. એ તો જરી રાગ ઘટાડવાની વાત છે. બાકી તો ગમે તે માણસ પૈસા વિના પણ ઉતારી શકે. શુભભાવ છે ને. અહીં તો કહે છે, ત્યાં દેવાલયમાં દેવ નથી, દેવ તો અહીં છે. આહાહા..! ઈ કહેશે હમણાં.

'**અનાદિ દેવ આરાધને યોગ્ય શુદ્ધાત્મા...**' છે. આહાહા..! અરે..! અનાદિ દેવ શક્તિ અનંત આનંદનો નાથ પ્રભુ, એ દેવ શુદ્ધાત્મા એ તારો દેવ છે, એ આરાધવા લાયક છે, એ સેવન કરવા લાયક છે, એની સન્મુખ થઈને લીન થવા લાયક છે. આહાહા..! '**શુદ્ધાત્મા નિવાસ કર રહા હૈ,** આહાહા..! **જૈસે માનસ સરોવરમેં,...**' માનસ સરોવર છે ને? અઢી દ્વિપ બહાર એક સરોવર છે. '**લીન હુઆ હંસ...**' હંસલો મોતીનો ચારો ચરે છે ત્યાં. માનસ સરોવરમાં સાચા મોતી થાય છે અને એ હંસલા મોતીનો ચારો ચરે છે. એમ આ ભગવાનઆત્મા હંસ વસે છે. '**હે પ્રભાકર ભટ્ટ મુઝે ઐસા માલૂમ પડતા હૈ.**' આહાહા..! શું કહે છે? કે ભગવાનઆત્મા રાગ રહિત થઈને અંદર દેવનું આરાધન કરે તો ભગવાન ત્યાં માલુમ પડે છે, એમ મને દેખાય છે. આહાહા..! પરમાત્મા અહીંયાં અંદર છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ વ્યવહાર છે, એવું આવે છે. દેવદર્શન આવે પણ ઈ વ્યવહાર છે. એનાથી એમ માની લે કે ધર્મ થઈ ગયો, એમ નથી. અહીં તો એ વાત છે. સમજાય છે કાંઈ? બહારમાં બસ, એક શેત્રુંજય જાત્રા કરવી કે સમ્મેદશીખરમાં બાર મહિને એક જાત્રા કરવી, આપણું કલ્યાણ થઈ જશે. એકવાર વંદે જો કોઈ.. આવે છે? એ તો જેને ભગવાન પ્રત્યે પ્રેમ છે ને કરે તો એને પુણ્યબંધ થાય. એ ભવે એ નરકમાં કે તિર્યંચમાં ન જાય. એટલી વાત. પણ એનાથી એનું સ્વર્ગમાં, નરકમાં જવાનું અટકી જાય (એમ નથી). ચાર ગતિ ઉભી છે. આહાહા..! બાપુ! આહાહા..!

ત્રણલોકનો નાથ હંસ તો અંદર બિરાજે છે. આહા..! એ આવે છે, ભજનમાં એક આવે છે. પહેલા વાંચેલું ઘણું ને. 'હંસલો નાનો ને દેવળ જૂનું રે થયું' આ દેવળ-શરીર. 'જૂનું રે થયું રે દેવળ જૂનું થયું, મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું.' રાગ ન ગયો ને શરીર જીર્ણ થઈ ગયું. રાગને જીર્ણ કર્યો નહિ અને શરીર જીર્ણ થઈ ગયું. નેવું, સો, પચાસ. આહાહા..! પણ મહાપ્રભુ અંદર હંસલો બિરાજે છે, જેને રાગ અને ભગવાનઆત્માને ભિન્ન કરવાની તાકાત રાખે છે, એને પરની જરૂરત નથી. આહા..! જેમ હંસલો દૂધ અને પાણીમાં ચાંચ નાખે છે તો દૂધનો પોપડો થઈ જાય છે, પાણી નીકળી જાય છે. એમ ભગવાન-હંસ, પોતાના આનંદસ્વરૂપમાં એકાગ્ર થાય છે તો રાગરૂપ પાણી છૂટું પડી જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાતું છે આ. લોકો કહે, એ નિશ્ચય છે, નિશ્ચય છે, એમ કરીને (કાઢી નાખી). પણ નિશ્ચય એટલે પરમસત્ય આ છે. વ્યવહાર તો ઉપચાર છે, વચ્ચે આવે છે. આવે છે. એ તો ઉપચાર છે. આહાહા..! 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ.' એ 'શ્રીમદ્'નું વાક્ય છે. આહા..!

'**માનસ સરોવરમેં લીન હુઆ હંસ બસતા હૈ.**' એમ કહે છે. સમજાય છે કાંઈ? માનસ સરોવરમાં હંસ હોય છે ને? એ જુવાર, બાજરો ન ખાય. એ હંસલા તો માનસ સરોવરના મોતી ચણે. એમ જ્ઞાની રાગને ભોગવે નહિ નિશ્ચયથી, આહા..! એ તો બાજરો, જુવાર છે. આત્માના આનંદને અનુભવે. આહાહા..! વાતું ભારે આવી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- છે ને, એ તો ખબર છે. આહાહા..! બહુ વાંચ્યું છે. નાની ઉંમરથી અમે તો દુકાન ઉપર બહુ વાંચતા હતા. પિતાજીની દુકાન હતી. (સંવત) ૧૯૫૯માં દુકાન ઉપર ગયા હતા. પિતાજી ચાર વર્ષ રહ્યા. ૧૯૬૩માં ગુજરી ગયા. પછી ૧૯૬૩થી ૧૯૬૮ સુધી ભાગીદાર સાથે મેં દુકાન ચલાવી હતી. પાંચ વર્ષ, હોં! નિવૃત્તિ હતી. પુસ્તક મંગાવતા હતા. શાસ્ત્ર વાંચતા. નાની ઉંમરથી બહુ વાંચતા. બહુ જોયું. કબીરના ને બધાના ગ્રંથ બહુ જોયા છે. પહેલું 'અધ્યાત્મ કલ્પદ્રુમ' હાથમાં આવ્યું હતું. પહેલુંવહેલું. 'અધ્યાત્મ કલ્પદ્રૂમ' શ્વેતાંબરમાં એક ગ્રંથ છે. એ જોયો પણ આ ચીજ નહિ. સમજાય છે કાંઈ?

'સમયસાર' દિગંબર આદિ શાસ્ત્રોમાં છે એ ચીજ ક્યાંય નથી. આ ચીજ તો.. આહાહા..! 'સમયસાર' (સંવત) ૧૯૭૮માં હાથમાં આવ્યું.. ભાઈ! શેઠ! એક 'દામોદર' શેઠ હતા, પૈસાવાળા. દસ લાખ તે દિ' સીત્તેર વર્ષ પહેલાં. ચાલીસ હજારની ઉપજ હતી. ઘરનું એક ગામ હતું. ગામના ગરાસિયા હતા. વાણિયા હતા પણ ગરાસદાર હતા. કીધું, શેઠ! આ પુસ્તક અશરીરી (થવા માટે) છે. જેને શરીર રહિત થવું હોય તો એને માટે આ સમયસાર છે. ૧૯૭૮. ભાઈ! 'કૈલાસચંદજી'! ૨૨ ને ૩૨, ૫૪ વર્ષ થયા. આહાહા..!

'સમયસાર' અદ્વિતીય ચક્ષુ, અજોડ ચક્ષુ. જેની એક એક ગાથામાં અંદરથી આત્માને ભણકાર ઉઠાવી દે. ત્રણલોકનો નાથ ભગવાન તું અલ્પજ્ઞ નહિ, સર્વજ્ઞસ્વભાવી છો ને. આહાહા..! રાગ તો નહિ, નિમિત્ત તો નહિ, પણ તું અલ્પજ્ઞ પણ નહિ. આહાહા..! એકલો જ્ઞાનસ્વભાવ, જ્ઞ-સ્વભાવ, જ્ઞ-સ્વભાવ, જ્ઞ-સ્વભાવ.. સ્વભાવ. આત્મા સ્વભાવવાન અને જ્ઞ-સ્વભાવ. જ્ઞ-સ્વભાવ એટલે સર્વજ્ઞસ્વભાવ. જ્ઞ એટલે પૂર્ણ જ્ઞ-સ્વભાવ. એવી તારી ચીજ છે ને. આહાહા..! ત્યાં કોની દૃષ્ટિ જાય? કે જેને રાગનો રસ ન હોય, એની દૃષ્ટિ ત્યાં જાય, એમ કહે છે. આહાહા..! 'કૈલાસચંદજી'! સાંઈઠ વર્ષમાં આ સાંભળ્યું નથી. એક બાળક કહેતો હતો, તમારી વાત કરતો હતો. એક વાત કહેતો હતો કે ભાઈ કહેતા હતા કે અમારા સાંઈઠ વર્ષ પાણીમાં ગયા. એક કહેતો હતો. ત્યાં હશે ને ઈ. ત્યાં ઉતર્યા છે? ઠીક. તોય ભાગ્યશાળી, ભઈ. ન સમજાયું? એ 'કૈલાસચંદજી' સાંભળ્યા પછી ત્યાં કહેતા હતા કે અમારા સાંઈઠ વર્ષ પાણીમાં ગયા. એ બધો બેનનો પ્રતાપ, હોં! અમારા બાનો. એ અહીં ખેંચી ખેંચીને લાવે. આહા..! એ તો હોય છે ને. આહાહા..! પુત્રની વ્યાખ્યા નથી? પુત્રની એને કહીએ કે પિતાજીને ધર્મ પમાડે એ પુત્ર. એવી વાત છે. પવિત્રતા પમાડે એને પુત્ર કહીએ. સમજાય છે કાંઈ? આહાહા..! અરેરે..! ભવભ્રમણ ટાળે એ ચીજ લેવી જોઈએ. બાકી બધું ઠીક છે. હોય છે, પુણ્ય હોય છે, ભાવ હોય છે.

અહીંયા એ કહે છે, '**માલૂમ પડતા હૈ. ઐસા વચન શ્રી યોગીન્દ્રદેવને પ્રભાકરભટ્ટકો કહા.**'

**ભાવાર્થ :- 'પહલે દોહેમેં જો કહા થા કિ ચિત્તકી આકુલતાકે ઉપજાનેવાલે સ્ત્રીરૂપકા દેખના સેવના ચિંતાદિકોંસે ઉત્પન્ન હુએ રાગાદિકતરંગોંકે સમૂહ હૈં, ઉનકર રહિત નિજ શુદ્ધાત્મદ્રવ્યકા સમ્યક્ શ્રદ્ધાન...**' આહાહા..! ઘણી ધીરજ જોઈએ, ભાઈ! ભગવાન

પૂર્ણાનંદ શુદ્ધાત્મા. આહાહા..! એ તરફ ઝુકવું અને રાગના રસની રુચિ છોડી દેવી એ કંઈ સાધારણ વાત છે? અનંત પુરુષાર્થ છે. આહાહા..! અને કરવાનું હોય તો એ જ કરવું છે, બાકી બધું તો ઠીક છે. સમજાય છે કાંઈ? આહાહા..! '**દેખના સેવના ચિંતાદિકોંસે ઉત્પન્ન હુએ રાગાદિકતરંગોકે સમૂહ હૈં, ઉનકર રહિત નિજ શુદ્ધાત્મદ્રવ્યકા સમ્યક્ શ્રદ્ધાન...**' શુદ્ધાત્મદ્રવ્ય ભગવાન પૂર્ણાનંદનું (શ્રદ્ધાન). દેખો! શુદ્ધાત્મદ્રવ્ય એટલે પોતાનો ત્રિકાળ સ્વભાવ. એનું સમ્યક્ શ્રદ્ધાન. સ્વ-ભાવિકજ્ઞાન. સ્વભાવિકજ્ઞાન ઈ આત્માનું જ્ઞાન, બહારનું નહિ. આહાહા..! મોટા મોટા કવિ થઈ જાય ને મોટા શાસ્ત્રના જ્ઞાતા થઈને ભાષણ આપી શકે. એ ચીજ નહિ, બાપુ! અહીં તો કહે છે, સ્વભાવિકજ્ઞાન. છે? '**સ્વાભાવિક જ્ઞાન...**' પોતે જ્ઞાતા, આનંદનો નાથ, એનું જ્ઞાન. આહાહા..! જ્ઞાનનું જ્ઞાન. જ્ઞાનસ્વરૂપ ભગવાન, એનું જ્ઞાન. આહા..! સમજાય છે કાંઈ? 'શાંતિભાઈ'! એ હમણાં ત્યાં પૈસામાં ઘુંચી ગયા છે. નહિ? પણ હવે કહે છે કે છોડવાનું છે. એમ કહેતા હતા. છોડે ત્યારે.. પણ કહેતા હતા. આમ તો પ્રેમ હતો ને. પહેલેથી પ્રેમ તો છે. આ દેશમાં હતા ત્યારે પ્રેમ ઘણો હતો.

મુમુક્ષુ :- છોડવાનો ભાવ છે.

ઉત્તર :- ભાવ છે. કરવાનું આ છે, બાપા! રોટલા મળતા હોય પછી વિશેષનું શું કામ છે? 'શ્રીમદ્' તો એમ કહે છે. 'શ્રીમદ્ રાજચંદ્ર'. મુમુક્ષુજીવને માંડ માંડ આજીવિકા મળતી હોય તો વિશેષ તૃષ્ણા નહિ કરવી. આજીવિકા મળતી હોય તો બસ છે. આ કરવા લાયક છે. આહાહા..! અરેરે..! ચોર્યાસીના અવતારમાં રખડી દુઃખી છે. બાપુ! દુનિયા ભલે એને આપે કે તમે બાદશાહ છો ને શેઠિયા છો ને.. ગમે ઈ કહે દુનિયા. દુનિયાનો રિપોર્ટ ત્યાં કામ ન આવે. આહા..! પ્રભુ એમ કહે કે આ આત્મા સમકિતી જ્ઞાની છે. આહાહા..! 'લહી ભવ્યતા મોટું માન, કોણ અભવ્ય ત્રિભુવન અપમાન.' ત્રણલોકનો નાથ એમ કહે કે આ પાત્રજીવ છે. હવે એને કોનું માન લેવું છે? સમજાય છે કાંઈ? 'આનંદઘનજી'નું ઈ વચન છે. 'લહી ભવ્યતા મોટું માન,' ત્રણલોકના નાથ વાણીમાં એમ કહે કે આ પાત્રજીવ, રૂડો જીવ છે.. વગેરે.. વગેરે. 'કોણ અભવ્ય ત્રિભુવન અપમાન.' સર્વજ્ઞ એમ કહે કે આ જીવ લાયક નથી. હવે એને કોના અપમાન લેવા છે? ત્રણલોકના નાથનું અપમાન આવ્યું. આહાહા..! 'આનંદઘનજી' કહે છે, શ્વેતાંબરમાં થયા છે ને. આહાહા..!

મુમુક્ષુ :-

ઉત્તર :- અનંત પુરુષાર્થ છે.

મુમુક્ષુ :- .. કરી શકે છે?

ઉત્તર :- હા, દેડકા સમકિતનો પુરુષાર્થ કરે છે. આત્મા છે કે નહિ? એ દેડકો ક્યાં છે. આત્મા, એક કીડીમાં પણ આત્મા છે. પણ એને સમકિત નથી થતું. કેમકે મન નથી. આત્મા છે કે નહિ? શાસ્ત્ર તો ત્યાં સુધી કહે છે, અંગુલના અસંખ્યમા ભાગનો તંદુલ મચ્છ હોય છે. તંદુલ નામ ચોખા જેવડો પણ નહિ. ચોખાનો નાનો કટકો હોય એવું શરીર હોય. એને પણ સમકિત થાય છે. આહાહા..! ઝીણી વાત છે. હજાર જોજનનો મચ્છ થાય છે. એને તંદુલ

મચ્છ કહે છે. તંદુલ એટલે ચોખા. ચોખા જેટલી શરીરની અવગાહના. આટલી નાની છે. તંદુલ તો ભાષા લીધી છે. બાકી તંદુલમાં પણ છેલ્લો ટુકડો હોય એટલું એનું શરીર હોય. પણ સંજ્ઞી હોય, મનવાળા હોય. આહાહા..! એ પણ સમ્યગ્દર્શન પામી શકે છે. એમાં શું છે? આહાહા..! આઠ વર્ષની બાલિકા હોય. સ્ત્રીનું શરીર હોય. શરીર ક્યાં આત્મા છે? આહાહા..! શરીર, મન ને રાગથી દૃષ્ટિ હટાવી ભગવાન પૂર્ણાનંદના નાથ હંસ ઉપર દૃષ્ટિ લગાવી શકે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

'**વીતરાગ પરમસુખરૂપ અમૃતરસ...**' આહાહા..! છે? '**શુદ્ધાત્મદ્રવ્યકા સમ્યક્ શ્રદ્ધાન...**' ભાવાર્થની ત્રીજી લીટી. '**સ્વાભાવિક જ્ઞાન...**' સ્વાભાવિક જ્ઞાન નામ આત્માનું જ્ઞાન. આહાહા..! બે. ત્રીજું, '**ઉસસે વીતરાગ પરમસુખરૂપ અમૃતરસ...**' આહાહા..! અંતરમાં રાગરહિત પરમસુખરૂપ અમૃતરસ. '**ઉસ સ્વરૂપ નિર્મલ નીરસે ભરે હુએ જ્ઞાનિયોંકે માનસસરોવરમેં...**' આહાહા..! માનસસરોવર અંદર જ્ઞાનસરોવર. આહાહા..! '**પરમાત્માદેવરૂપી હંસ નિરંતર રહતા હૈ.**' ત્યાં પરમાત્માદેવરૂપી હંસલો અંદર રહે છે. આહાહા..! છે કે નહિ? શેઠ! કઈ ગાથા છે? ૧૨૨નો ભાવાર્થ. ભાવાર્થની છેલ્લી ત્રણ-ચાર લીટી. આહાહા..!

એક તો નિજ શુદ્ધાત્મદ્રવ્યનું સમ્યક્ શ્રદ્ધાન. સ્વાભાવિક અંતરનું જ્ઞાન. શાસ્ત્રજ્ઞાન કે બહારના જ્ઞાનની વાત નથી. આહાહા..! તિર્યંચ-પશુ હોય છે. એને નવ તત્ત્વના નામેય ન આવડતા હોય. પણ અંતર આનંદના નાથને પકડી લે, એને નવ તત્ત્વનું જ્ઞાન થઈ ગયું, જાઓ! આહાહા..! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે.

'**જ્ઞાનિયોંકે માનસસરોવરમેં પરમાત્માદેવરૂપી હંસ નિરંતર રહતા હૈ.**' આહાહા..! અનંત ગુણનો સાગર ભગવાન, જ્ઞાનીઓના જ્ઞાનમાં નિરંતર આત્મા-હંસ વસે છે. '**વહ આત્મા નિર્મલ ગુણોંકી ઉજ્જ્વલતાકર હંસકે સમાન હૈ.**' લ્યો. એ ભગવાનઆત્મા વીતરાગ અમૃતના રસનો પિંડ પ્રભુ, એ આત્મદેવ. દેવ કહે છે. ભગવાનઆત્મા અહીં વારંવાર કહેવાય ને એટલે એક જણ ન્યાં જઈને કહે, ત્યાં તો ભગવાનઆત્મા કહે છે. અરે..! અત્યારે ભગવાનઆત્મા હોય? ભગવાન તો ત્રિકાળ ભગવાનઆત્મા છે, ભાઈ! ન્યાં હિન્દુસ્તાનમાં અહીંની વાત ગઈ હતી. કોઈક કહેતું હતું. ભગવાન કીધું તો તરત છોડી નાખ્યું. ભગવાન આત્યારે ન હોય. અત્યારે તો આ કરો, બસ. વ્રત પાળો, ભક્તિ કરો, પૂજા કરો. પછી ભગવાન થવાશે. પણ ભગવાન હશે ઈ થાશે? તું ભગવાન છો કે નહિ? હોય ઈ એનલાર્જ થશે કે નહિ હોય એનો એનલાર્જ થશે? આહાહા..! ભગવાનઆત્મા, અહીં તો પરમાત્મા પોકાર કરે છે. આહાહા..!

એકવાર નહોતું કહ્યું? ૧૯૬૪ની સાલની વાત છે, સંવત ૧૯૬૪. માલ લેવા 'વડોદરા' ગયા હતા. 'પાલેજ'થી 'વડોદરા' નજીક છે. સયાજી ગાયકવાડનું. ગયા હતા તો રાત્રે નાટક જોવા ગયા. અનુસૂયાનું નાટક. મોટું નાટક. ૧૯૬૪ની વાત છે. સ્ત્રી હતી, એ સ્વર્ગમાં જતી હતી. ત્યાંથી ના પાડી કે તને પુત્ર નથી તો તને સ્વર્ગ નહિ મળે. એ લોકોમાં કહે છે ને? નહિ

મળે. શું કરવું? સ્ત્રીને પુત્ર થયા વિના મુક્તિ નહિ થાય. સ્વર્ગ નહિ મળે. પાછળ પડી, શું કરવું? મોટું નાટક હતું. ૧૯૬૪ની વાત છે. ૧૮ વર્ષની ઉંમર હતી. ત્યારે કહે, નીચે જા. જે હોય એની સાથે લગ્ન કર. નીચે એક આંધળો બ્રાહ્મણ હતો (એની સાથે) લગ્ન કર્યા. એને થયો પુત્ર. નાટક હતું ને? કોઈ પુત્ર લઈ આવ્યા. તે દિ' બાઈ આમ કહેતી હતી, નિર્વિકલ્પોશી. બેટા! તું નિર્વિકલ્પોસી, શુદ્ધોસુ, બુદ્ધોસુ, નિર્વિકલ્પોસી. પરમ આનંદ (છો), એમ કાંઈક કહેતી હતી. એ નાટકમાં એમ કહેતા હતા. અહીં હવે બહારમાં પણ નથી કહેતા. સમજાય છે કાંઈ? 'હરખચંદભાઈ'! સમજાણું? નાટકમાં એ બાઈ આમ કહેતી હતી. આપણે આવે છે, આપણે 'સમયસાર'માં આવે છે. 'સમયસાર'માં 'બંધ અધિકાર' અને 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'માં બેમાં આવે છે. એ જ શબ્દ, હોં! એ શબ્દ ત્યાં નાટકમાં સાંભળ્યા હતા. નિર્વિકલ્પોસિ. શુદ્ધોસિ, બુદ્ધિસિ, નિર્વિકલ્પોસિ, ઉદાસીનોસિ. રાગાદિ બધાથી તારી ચીજ ઉદાસ છે. આહાહા..! એલા, નાટકમાં આવું (આવતું). અત્યારે તો નાટકમાં કાળાકેર કરી નાખ્યા. ફિલ્મોમાં સ્ત્રી આમ જોવે ને આમ જોવે. અરે..! બહારમાં આવા... શું કહેવાય? ફોટા રાખે. 'અમદાવાદ' ને 'મુંબઈ' ને.. અરે..! નૈતિક જીવન ઘટી ગયા. આહાહા..! નૈતિક જીવન આવું હોય? બહારમાં આવું? સજ્જન કોને કહે? આહાહા..!

પહેલા તો એવું હતું કે સસરા બહાર બેઠા હોય તો વહુ પાપડ ન ખાતી. પાપડ સમજ્યાને? પાપડ. ખડ ખડ થાય ને? એ બધું અમે જોયું છે. પિતાજી બહાર બેઠા છે. દૂધમાં પલાળીને પછી ખાય. ખડખડ (ન થાય). દીકરો ઉપાડે નહિ. પિતાજી બેઠા હોય ને દીકરો થયો હોય તો ઉપાડે નહિ. બાપુજી બેઠા છે, આપણે લેવાય નહિ. આહાહા..! એટલી મર્યાદા હતી.

મુમુક્ષુ :- મર્યાદા હતી.

ઉત્તર :- મર્યાદા હતી. હવે તો તમારું ઠેકાણા વિનાનું બધું થઈ ગયું. આહાહા..! આર્યતા કોને કહે, બાપા! આહા..! આર્યકુળમાં જન્મ થયો, એની આર્યતાની નૈતિકતા કેવી હોય!

અહીં કહે છે, ઓહો..! **'આત્મદેવ નિર્મલ ગુણોંકી ઉજ્જ્વલતાકર હંસકે સમાન હૈ.'** આહાહા..! ઈ બાઈ ગાતી હતી. નિર્વિકલ્પોસિ, ઉદાસીનોસિ, બુદ્ધોસિ. પ્રભુ! દીકરા! એમ કરીને ઝુલાવતી હતી. આહાહા..! અરે..! અહીં ધર્મના ઉપદેશમાં કોઈ દિ' (એમ ન કહે કે) નિર્વિકલ્પ વીતરાગમૂર્તિ તું છો. આ કરો, આ કરો. વ્રત કરો ને તપ કરો ને અપવાસ કરો ને આ ન ખાવું ને.. એવી વાતું તો અનંતવાર કરી, સાંભળને! અભવીએ પણ એ તો કરી છે. આહાહા..! અહીં તો **'આત્મદેવ નિર્મલ ગુણોંકી ઉજ્જ્વલતાકર હંસકે સમાન હૈ.'** આહાહા..! છે? **'જૈસે હંસોંકા નિવાસ-સ્થાન માનસરોવર હૈ.'** આહાહા..! માનસરોવરમાં હંસ રહે છે. **'વૈસે બ્રહ્મકા નિવાસ...'** આહા..! આત્મા આનંદનો નિવાસ **'જ્ઞાનિયોંકા નિર્મલ ચિત્ત હૈ.'** આહાહા..! રાગ રહિત સમ્યગ્જ્ઞાનમાં એ હંસ રહે છે. આહાહા..! સમ્યગ્જ્ઞાનમાં એનો ભાસ થાય છે. આહાહા..! આવી વાતું છે, બાપુ! આ તો.

'અમરચંદભાઈ'ને બિચારાને આવું થઈ ગયું, નહિતર બહુ રસ હતો. આવું સાંભળીને તો બપોરે કેટલી વાર આવે. આહા..! આજે મહારાજ બહુ વાત આવી. બહુ રસ (આવ્યો). હમણાં હાર્ટના દર્દ ઘણા સાંભળીએ છીએ.

**'જૈસે હંસોંકા નિવાસ-સ્થાન માનસરોવર હૈ, વૈસે બ્રહ્મકા નિવાસ-સ્થાન જ્ઞાનિયોંકા નિર્મલ ચિત્ત હૈ. ઐસા યોગીન્દ્રદેવકા અભિપ્રાય હૈ.'** મુનિ દિગંબર સંત છે, એમનો આ અભિપ્રાય છે. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**उक्तं च –**

**१२३) देउ ण देउले णवि सिलए णवि लिप्पइ णवि चित्ति।**
**अखउ णिरंजणु णाणमउ सिउ संठिउ सम-चित्ति।।१२३।।**
**देवः न देवकुले नैव शिलायां नैव लेप्ये नैव चित्रे।**
**अक्षयः निरञ्जनः ज्ञानमयः शिवः संस्थितः समचित्ते।।१२३।।**

**देउ इत्यादि। देउ देवः परमाराध्यःण नास्ति कस्मिन् कस्मिन् नास्ति। देउले देवकुले देवतागृहे णवि सिलए नैव शिलाप्रतिमायां, णवि लिप्पइ नैव लेपप्रितामायां, णवि चित्ति नैव चित्रप्रतिमायाम्। तर्हि क्व तिष्ठति। निश्चयेन अखउ अक्षयः णिरंजणु कर्माञ्जनरहितः। पुनरपि किंविशिष्टः। णाणमउ ज्ञानमयः केवलज्ञानेन निर्वृत्तः सिउ शिवशब्द वाच्यो निजपरमात्मा। एवंगुणविशिष्टः परमात्मा देव इति। संठिउ संस्थितः समचित्ति समभावे समभावपरिणतमनसि इति। तद्यथा। यद्यपि व्यवहारेण धर्मवर्तनानिमित्तं स्थापनारूपेण पूर्वोक्तगुणलक्षणो देवो देवगृहादौ तिष्ठति तथापिनिश्चयेन शत्रुमित्रसुखदुःखजीवितमरणादिसमतारूपे वीतरागसहजानन्दैकरूपपरमात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुभूतिरूपाभेदरत्नत्रयात्मकसमचिते शिवशब्दवाच्यः परमात्मा तिष्ठतीति भावार्थः।। तथा चोक्तं समचित्तपरिणतश्रमणलक्षणम्– 'समसत्तुबंधुवग्गो समसुहदुक्खो पसंसणिंदसमो। समलोहकंचणो वि य जीविदमरणे समो समणो।।'।।१२३।। इत्येकत्रिंशत्सूत्रैश्चूलिकास्थलं गतम्।**

---

**आगे इसी बातको दृढ़ करते हैं –**

**गाथा – १२३**

**अन्वयार्थ :– [ देवः ] आत्मदेव [ देवकुले ] देवालयमें (मंदिरमें) [ न ] नहीं है, [ शिलायां नैव ] पाषाणकी प्रतिमामें भी नहीं है, [ लेपे नैव ] लेपमें भी नहीं है, [ चित्रे नैव ] चित्रामकी मूर्तिमें भी नहीं है। लेप और चित्रामकी मूर्ति लौकिकजन बनाते हैं, पंडितजन तो धातु पाषाणकी ही प्रतिमा मानते हैं, सो लौकिक दृष्टांतके लिये दोहामें लेप चित्रामका भी नाम आ गया। वह देव किसी जगह नहीं रहता। वह देव [ अक्षयः ] अविनाशी है, [ निरंजनः ] कर्माञ्जनसे रहित है,**

[ ज्ञानमयः ] केवलज्ञानकर पूर्ण है, [ शिवः ] ऐसा निज परमात्मा [ समचित्ते संस्थितः ] समभावमें तिष्ठ रहा है, अर्थात् समभावको परिणत हुए साधुओंके मनमें विराज रहा है, अन्य जगह नहीं है।

भावार्थ :– यद्यपि व्यवहारनयकर धर्मकी प्रवृत्तिके लिये स्थापनारूप अरहंतदेव देवालयमें तिष्ठते हैं, धातु पाषाणकी प्रतिमाको देव कहते हैं तो भी निश्चयनयकर शत्रु मित्र सुख–दुःख जीवित–मरण जिसके समान हैं, तथा वीतराग सहजानंदस्वरूप परमात्मतत्त्वके सम्यक् श्रद्धान ज्ञान चारित्ररूप अभेद रत्नत्रयमें लीन ऐसे ज्ञानियोंके सम चित्तमें परमात्मा तिष्ठता है। ऐसा ही अन्य जगह भी समचित्तको परिणत हुए मुनियोंका लक्षण कहा है। 'समस्तु' इत्यादि। इसका अर्थ ऐसा है कि जिसके सब दुःख समान हैं, शत्रु–मित्रोंका वर्ग समान हैं, प्रशंसा निंदा समान हैं, पत्थर और सोना समान है, और जीवन–मरण जिसके समान हैं, ऐसा समभावका धारण करनेवाला मुनि होता है। अर्थात् ऐसे समभावके धारक शांतचित्त योगीश्वरोंके चित्तमें चिदानंददेव तिष्ठता है।।१२३।।

---

વળી, કહ્યું છે કે :

ભાવાર્થ :- જો કે વ્યવહારનયથી ધર્મની વર્તના માટે સ્થાપનારૂપે પૂર્વોક્ત ગુણના લક્ષણવાળા દેવ દેવાલયમાં રહે છે તોપણ, નિશ્ચયનયથી જે શત્રુ-મિત્ર, સુખ-દુઃખ, જીવિત-મરણ આદિમાં સમતારૂપ છે અને જે વીતરાગ સહજાનંદ જ જેનું એક રૂપ છે એવા પરમાત્મતત્ત્વનાં સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્અનુભૂતિરૂપ અભેદ રત્નત્રયાત્મક સમચિત્તમાં 'શિવ' શબ્દથી વાચ્ય એવો પરમાત્મા રહે છે. સમચિત્તમાં પરિણત શ્રમણનું સ્વરૂપ (શ્રી પ્રવચનસારના ત્રીજા અધિકારની ૨૪૧ ગાથામાં) કહ્યું છે કે 'समसत्तु बंधुवग्गो समसुहदुक्खो पसंसणिदंसमो। समलोट्ठुंकचणओ पुण जीविदमरणे समो समणो।'

(અર્થ : શત્રુ અને બંધુવર્ગ જેને સમાન છે, સુખ અને દુઃખ જેને સમાન છે, પ્રશંસા અને નિંદા પ્રત્યે જેને સમતા છે, લોષ્ટ (માટીનું ઢેફું) અને કાંચન જેને સમાન છે તેમ જ જીવિત અને મરણ પ્રત્યે જેને સમતા છે, તે શ્રમણ છે.) ૧૨૩.

---

**વીર સંવત ૨૫૦૨, ભાદરવા વદ ૧૦, શનિવાર**
**તા. ૧૮-૦૯-૧૯૭૬, ગાથા-૧૨૩, પ્રવચન નં. ૯૩**

આ 'પરમાત્મપ્રકાશ' ૧૨૩ ગાથા છે ને? 'आगे ऐसी बातको दृढ करते हैं –'

१२३) देउ ण देउले णवि सिलए णवि लिप्पइ णवि चित्ति।
अखउ णिरंजणु णाणमउ सिउ संठिउ सम–चित्ति।।१२३।।

**અન્વયાર્થ :-** '**આત્મદેવ દેવાલયમેં (મંદિરમેં) નહીં હૈ,...**' આ ભગવાનઆત્મા જે છે, એ કંઈ દેવાલયમાં નથી. દેવાલયમાં તો વ્યવહાર નિક્ષેપ-પ્રતિમા છે. આહા..! '**આત્મદેવ...**' '**देवकुले**' '**નહીં હૈ,..**' '**शिलायां नैव**' '**પાષાણકી પ્રતિમામેં ભી નહીં હૈ,...**' આ આત્મદેવ ન્યાં ક્યાં છે. આહાહા..! '**લેપમેં ભી નહીં હૈ, ચિત્રામકી મૂર્તિમેં ભી નહીં હૈ. લેપ ઔર ચિત્રામકી મૂર્તિ લૌકિકજન બનાતે હૈં,...**' જૈનધર્મમાં એ વ્યવહાર નથી. '**પંડિતજન તો ધાતુ પાષાણકી પ્રતિમા માનતે હૈં,...**' સમજાય છે કાંઈ? ચિતરામણ ને આ કાગળ નહિ, એ ના પાડે છે. ફોટો પણ નહિ. એ ચિતરામણ છે. ધાતુની પાષાણ પ્રતિમા કે પત્થર. છે? '**ધાતુ પાષાણકી હી પ્રતિમા માનતે હૈં,...**' જૈનદર્શનમાં વ્યવહાર હોય તો એ ધાતુ પાષાણની પ્રતિમા છે. એ વ્યવહાર છે. શુભભાવમાં નિમિત્ત છે, પુણ્યબંધનું કારણ છે. એ વ્યવહાર આવે છે, પણ પરમાર્થે દેવ ત્યાં નથી, દેવ તો અહીંયાં છે. આહાહા..!

મુમુક્ષુ :- બે દેવ થયા.

ઉત્તર :- એ વ્યવહારદેવ, આ નિશ્ચયદેવ. સમજાય છે કાંઈ? એ તો ત્યાં સુધી આવે છે ને? 'મોક્ષપાહુડ'માં દદાતી તે દેવઃ. એવો પાઠ આવે છે. દેવ આપે છે. શું? ધર્મ, અર્થ ને કામ ને મોક્ષ. એવો પાઠ છે. 'અષ્ટપાહુડ'માં છે. અર્થાત્ સર્વજ્ઞ પરમેશ્વરે જે માર્ગ કહ્યો એ પ્રમાણે જેને અનુભવ થાય તો તેને મોક્ષ પણ મળે છે અને જરી ભક્તિ આદિનો રાગ રહી ગયો હોય તો એનાથી લક્ષ્મી ને વિષય પણ મળે છે. એવો 'અષ્ટપાહુડ'માં પાઠ છે. 'અષ્ટપાહુડ' અહીંયાં છે ને? એમાં એવું છે. દદાતિ તે દેવઃ 'બોધપાહુડ'માં છે. દેવ તો આ છે. પણ વ્યવહારદેવ (ત્યાં છે). આહાહા..! છે?

'**લેપ ઔર ચિત્રામકી મૂર્તિ લૌકિકજન બનાતે હૈં,** આહાહા..! **પંડિતજન તો ધાતુ પાષાણકી હી પ્રતિમા માનતે હૈં,...**' એટલે જૈનદર્શનમાં ચિતરામણ ને ફોટા પણ માન્ય નથી, એમ અહીં તો કહે છે. સમજાય છે કાંઈ? વ્યવહારમાં એ માન્ય નથી. ધાતુની (પાષાણની માન્ય છે). આ જુઓને! કાલે ચોરી થઈ ગઈ ને? 'અજમેર'માં. 'અજમેર'માં મોટી ચોરી થઈ ગઈ છે. 'અજમેર'માં. હજાર તોલાની.. ચાંદીના મંદિરમાં. 'ભાગચંદજી' છે ને? દુકાન બંધ રાખી હતી. અભિષેક બે-ચાર દિવસ પહેલા થયો હતો ને? બધી પ્રતિમાનો. કોઈ અંદર ઘુસી ગયો અને જોઈ લીધું. નામ એવું આવે છે કે કોઈ સરદાર પેઠો હતો. હવે એ હજાર તોલાની ચાંદીની, પચીસ શેરની (હતી). લગભગ સોળ હજાર, વીસ હજારની મૂર્તિ. ત્રણ છત્ર, એક મૂર્તિ લઈ ગયા. ખરેખર તો એ ધાતુ ને ચાંદી અત્યારે... સાદી પ્રતિમા હોય. વાત એમ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ એ ઠીક નહિ. અત્યારે આ કાળને માટે ઠીક નહિ. ચાંદીના પ્રતિમા કે એ બધા ચાંદીના.. શું કહેવાય? ચામર. લોકોને ચોરવાનું મન થઈ જાય. પીત્તળ, પણ કોઈ વખતે પીત્તળ સોનાનું માનીને લઈ જાય છે. પીત્તળને લઈ જાય છે, ખબર છે.

અહીં તો બે પાઠ કહેવા છે. '**લેપ ઔર ચિત્રામકી મૂર્તિ લૌકિકજન બનાતે હૈં, પંડિતજન તો ધાતુ પાષાણકી હી પ્રતિમા માનતે હૈં, સો લૌકિક દૃષ્ટાંતકે લિયે દોહામેં લેપ ચિત્રામકા ભી નામ આ ગયા.**' ખરેખર તો એ કાંઈ જૈનદર્શનમાં હોતી નથી. '**વહ દેવ કિસી જગહ નહીં રહતા.**' આત્મદેવ ક્યાં રહે છે? આહાહા..! એ ભગવાન '**અવિનાશી..**' આત્મા અંદર છે. '**અવિનાશી હૈ, કર્માંજનસે રહિત હૈ,...**' આહાહા..! અત્યારે, હોં! અહીંયાં. પણ કોને? જેની નિર્વિકલ્પ દૃષ્ટિમાં સમભાવમાં દેખાય છે એને. આહાહા..! સમજાય છે કાંઈ? આવશે, જુઓ! '**કર્માંજનસે રહિત હૈ,...**' '**ज्ञानमयः**' '**કેવલજ્ઞાનકર...**' એટલે કેવળપર્યાય એ નહિ. કેવળ જ્ઞાન-એકલો જ્ઞાનમય ભગવાનઆત્મા છે. જ્ઞાનમય વિગ્રહ-જ્ઞાનમય આત્માનું શરીર છે. આહાહા..! એકલો પ્રજ્ઞાબ્રહ્મ. એ જ્ઞાનમય પરિપૂર્ણ છે. એવો નિજ પરમાત્મા '**शिवः**', એ આત્મા '**शिवः**' છે.

'**समचित्ते संस्थितः**' હવે શું કહે છે? ક્યાં રહે છે ઈ? કે જેનું વીતરાગી પરિણમન થયું-સમચિત્ત, એમાં દેખાય છે, ત્યાં રહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? છે? '**समचित्ते संस्थितः**' આહાહા..! '**સમભાવમેં તિષ્ઠ રહા હૈ અર્થાત્ સમભાવકો પરિણત હુએ સાધુઓંકે મનમેં બિરાજ રહા હૈ,...**' આહાહા..! જેની નિર્વિકલ્પ વીતરાગ દશા થઈ, એવી વીતરાગ દશામાં આવો આત્મદેવ સંસ્થિત છે. આહાહા..! સમજાય છે કાંઈ? દેવ તો છે પણ એ દેવ કોને છે? જેની દૃષ્ટિ રાગથી ખસી વીતરાગી દશાની દશામાં સમચિત્ત જ્યાં સમભાવ થયો (તેને માટે દેવ છે). 'રાગ આગ દાહ દહૈ સદા, તાતૈં સમામૃત સેઈએ' રાગ છે એ તો દાહ-અગ્નિ છે. ચાહે તો શુભરાગ હો. આહાહા..! અહીંયાં તો સમામૃત. સમભાવ પર્યાયમાં પ્રગટ કરીને વીતરાગભાવમાં એ આત્મા સંસ્થિત છે. ત્યાં દેખાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**ભાવાર્થ :-** '**યદ્યપિ વ્યવહારનયકર ધર્મકી પ્રવૃત્તિકે લિયે...**' બહારની. ધર્મ શબ્દે પુણ્ય, શુભભાવ. '**સ્થાપનારૂપ અરહંતદેવ દેવાલયમેં તિષ્ઠતે હૈં,...**' સ્થાપનારૂપ અરિહંતદેવ દેવાલયમાં બિરાજે છે. '**ધાતુ પાષાણકી પ્રતિમાકો દેવ કહતે હૈં...**' પેલા બે કાઢી નાખ્યા. ચિતરામણ (અને) લેપ. '**ધાતુ પાષાણકી પ્રતિમાકો દેવ કહતે હૈં તો ભી...**' એ વ્યવહાર દેવ છે. શુભભાવમાં ભક્તિમાં, પૂજનમાં શુભભાવમાં દેખાય છે. એ શુભભાવ છે. એને જોવામાં પુણ્ય છે, વ્યવહાર છે. જ્યાં સુધી વીતરાગતા ન થાય ત્યાં સુધી જ્ઞાનીને પણ નિશ્ચય ભાન થયા છતાં આવો વ્યવહાર પૂજા, ભક્તિનો શુભભાવ આવે છે. સમજાય છે કાંઈ? એ વ્યવહાર છે અને વ્યવહાર એ બંધનું કારણ છે, પણ આવ્યા વિના રહે નહિ. આહાહા..! આવી વાત છે. પાછો ત્યાં ધર્મ માની લે. સમજાય છે કાંઈ?

શ્વેતાંબરમાં તો એમ કહે છે, એક 'દેવચંદજી' છે. 'આસ્રવ ચાર ઘટે અને સંવર વધે...' એવો પાઠ છે. ભગવાનના દર્શન અને પૂજાથી આસ્રવભાવ ઘટે, સંવર વધે. ત્યાં સંવર-ફંવર કેવો? એ 'દેવચંદજી' કહે છે. પછી લઈ ગયા, બહુ ખેંચીને ક્યાંય લઈ ગયા. એકે ઉડાડી

દીધા અને એકે ખેંચીને.. આહાહા..! એકે ઉડાડી દીધા.

મેં એકવાર પહેલા કહ્યું હતું. (સંવત) ૧૯૮૨ની સાલ. ૧૯૮૨નું ચોમાસુ 'વઢવાણ' હતું. પચાસ વર્ષ થયા. રાત્રે બેઠા હતા. હતા એમાં પણ અમારી વાત લોકો શાંતિથી સાંભળતા હતા. જુઓ! ભાઈ! આ સ્થાનકવાસી અને દેરાવાસીમાં એવું થયું છે, કે બે મિત્રો હતા. એક મિત્રે સો રૂપિયા આપ્યા હતા. એ છોકરાના બાપને. સો રૂપિયા આપ્યા હતા. સો સાચા હતા. પણ સો ઉપર બે મીંડા ચડાવીને માગ્યા. તારા બાપને એક હજાર મારા બાપે આપ્યા છે. પેલો કહે, મારામાં હશે તો હું જોઈશ. ચોપડા જોયા. સો તો છે. પણ સો કબુલીશ તો હજાર માંગશે. એટલે સોની પણ ના પાડી, એ પણ નથી. એ ભાઈ નહિ તમારો? 'વડવા'વાળા 'મણિભાઈ.. મણિભાઈ'. 'મણિભાઈ' હતા. તમે ત્યાં એ વખતે હતા? રાત્રે બેઠા હતા. ૧૯૮૨ની સાલ, ચોમાસુ 'વઢવાણ' હતું ને. ત્રણે અપાસરાના માણસો આવતા. બહાર જગ્યામાં. બહાર.. કેવા? 'ઠાકરશીભાઈ' ધર્મશાળા. છે ને, ત્યાં રહ્યા હતા. ત્રણે અપાસરાનું માણસ આવતું ને. અમે કોઈ સંપ્રદાયના નહોતા. ત્રણે આવતા. દરિયાપરી, સુંદર વોરા ને ડોસા વલ્લભદાસ. પચાસ વર્ષ પહેલાની વાત છે, હોં! ૧૯૮૨ની સાલ.

અહીં તો કહે છે, આહાહા..! કોના મનમાં રહે છે? આહાહા..! એ વ્યવહાર પ્રતિમા છે ખરી. સમજાય છે? પણ એ પ્રતિમા ઉપર પછી લેપ ને દાગીના ને એવું ઘણું ચડાવી દીધું. સો ઉપર પાછા હજાર માગ્યા. સો સાચા હતા. બે મીંડા ચડાવીને માગ્યા. પછી જોયું કે સો તો છે. પણ જો હા કહેશું તો હજાર માગે છે. છે જ નહિ. એમ કીધું, શ્વેતાંબર દેરાવાસીએ ભગવાનની પ્રતિમા ઉપર આંગી ને આ ચડાવી દીધું. બે મીંડા ચડાવી દીધા.

મુમુક્ષુ :- માલામાલ થઈ ગયા.

ઉત્તર :- માલામાલ ન્યાં ક્યાં? એ તો વીતરાગ મૂર્તિ છે. શુભભાવનું નિમિત્ત છે. એને કાંઈ માથે હોય નહિ. જેવા વીતરાગ હોય (એવી પ્રતિમા હોય). અરીસામાં સામે જેવી ચીજ હોય એવી અરીસામાં દેખાય કે બીજી દેખાય છે? એમ ભગવાન જેવા હતા તેવી પ્રતિમા હોવી જોઈએ. સમજાય છે કાંઈ? અહીં તો પક્ષની વાત નથી, અહીં તો સત્ય શું છે? સમજાય છે કાંઈ? તેમ એક જણાએ ઉડાવી દીધી. એ છે જ નહિ. એક જણાએ મીંડુ ચડાવી દીધું-મુગટ ને આ ને આ.. એવું થઈ ગયું છે, કીધું. પચાસ વર્ષ પહેલા કહ્યું હતું. એમાં કહ્યું હતું, અમારા ઉપર ભરોસો બહુ ને. ઈ મહારાજ કાંઈક કહેતા હશે એમ કરીને.. પછી ખબર પડી, કે આ તો મહારાજની શ્રદ્ધા બીજી છે. માર્ગ તો આવો છે, ભાઈ!

નિક્ષેપ વ્યવહાર આવે છે અને વ્યવહારથી એમ પણ કહેવાય કે જિનપ્રતિમા જિનસારખી, વંદે બનારસી તાંહિ, લેશ દુષણ હોય તો વંદાય નહિ. એવો પાઠ છે. 'બનારસીદાસ'માં છે. 'બનારસી વિલાસ' ગ્રંથ છે ને. બધા જોયા છે. વીતરાગ પ્રતિમા. જેમ અરીસામાં જેવો માણસ સામે હોય એવો દેખાય કે બહારમાં આમ છે ને અંદરમાં દાગીના દેખાય અને કપડા દેખાય એવું એમાં દેખાય? એમ વીતરાગ જેવા છે એવું પ્રતિબિંબ હોવું

જોઈએ. સમજાય છે કાંઈ? કપડા નહિ, આંગી નહિ. પેલા તો અત્તર લગાવે છે. અત્તર કરીને ઉપર કપડું ચોડે. અરે..! આ તે કાંઈ.. ભઈ, માર્ગ આવો નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વીતરાગની મૂર્તિ જ નથી. આહાહા..! એ વીતરાગની મૂર્તિ, અહીં કહે છે, ધાતુ પાષાણની હોય છે. ચિતરામણની અને ફોટા આદિ હોતા નથી.

'**તો ભી નિશ્ચયનયકર...**' તો ભગવાન અહીંયાં બિરાજે છે, કહે છે. કોને? જેને સમભાવ દશા પ્રગટી છે એ સમભાવમાં ભગવાન બિરાજે છે. સમજાય છે કાંઈ? સાધુ સંત, વિશેષ સાધુની વાત લીધી છે. સાધુ વીતરાગી મૂર્તિ હોય છે. સાધુ તો અંદર વીતરાગ દશા, આનંદની છોળ ઉઠતી હોય. આનંદ.. આનંદ.. આનંદ.. આનંદ. મહાવ્રતના વિકલ્પ આવે છે એ પણ એને દુઃખરૂપ લાગે. એ મુનિપણું, બાપુ! મુનિ એટલે ધન્ય અવતાર! જેણે અવતાર સફળ (કર્યા). એ મુનિના અંતરમાં સમભાવ-રાગથી ભિન્ન પડી, વીતરાગી સમામૃત પરિણામ પ્રગટ થયા છે, એ પરિણામમાં એ આત્મા બિરાજે છે. દેવાલયમાં નહિ. સમજાય છે કાંઈ? છે? જુઓ!

'**તો ભી નિશ્ચયનયકર શત્રુ મિત્ર...**' ઉપર જેને અંતરમાં સમભાવ છે. છે? '**સુખ દુઃખ...**' સંયોગ. અનુકૂળ કે પ્રતિકૂળમાં સમભાવ, વીતરાગ.. વીતરાગ.. વીતરાગ. આહાહા..! 'આત્માવલોકન' ગ્રંથ છે ને? એમાં એમ લીધું છે, મુનિઓ તો વીતરાગનો જ ઉપદેશ આપે. મુહુ..મુહુ એવો પાઠ છે. વીતરાગ વીતરાગ. રાગથી ભિન્ન પડી વીતરાગતા પ્રગટ કરો. એ મુનિ. રાગથી લાભ ને વ્યવહારથી લાભ, એ પ્રરૂપણા મિથ્યાદષ્ટિની છે, મુનિની નહિ. 'આત્માવલોકન' છે. 'દીપચંદજી'નો ગ્રંથ છે. 'દીપચંદજી' છે ને? 'અનુભવપ્રકાશ' ને 'ચિદ્‌વિલાસ' (બનાવ્યા) એનો છે. છે, બધા ગ્રંથ અહીંયાં છે. એમાં એમ છે. એમાં કડી-શ્લોક છે. મુનિ છે એ મુહુ.. મુહુ, વારંવાર વીતરાગભાવનો જ ઉપદેશ આપે. નિમિત્ત અને રાગથી ખસી સ્વભાવમાં આવી જા, એવો ઉપદેશ આપે. સમજાય છે કાંઈ? એવી વાત લીધી છે એણે. બહુ સરસ. 'દીપચંદજી'એ 'ચિદ્‌વિલાસ', 'અનુભવપ્રકાશ' બહુ સરસ બનાવ્યું છે. એક 'અધ્યાત્મ પંચસંગ્રહ' છે. 'અધ્યાત્મ પંચસંગ્રહ' એક પુસ્તક બનાવ્યું છે. બધા અહીંયાં છે. બધા જોયા છે ને. આહાહા..!

કહે છે કે, દેવ ક્યાં બિરાજે છે? '**શત્રુ મિત્ર, સુખ દુઃખ, જીવિત મરણ જિસકે સમાન હૈં,...**' જીવન હોય તો ઠીક, દેહ છૂટી જાય તો ઠીક. આહાહા..! જેને અંદરમાં વીતરાગતા વર્તે છે. '**જિસકે સમાન હૈ, તથા વીતરાગ સહજાનંદસ્વરૂપ...**' જુઓ, દશા! છે? ૧૨૩ પહેલી, હોં! પહેલી ૧૨૩ છે ને અંદર? આવ્યું? '**વીતરાગ સહજાનંદસ્વરૂપ એકરૂપ...**' એમ જોઈએ. ત્યાં રૂપ છે ને? વીતરાગ સહજાનંદ એકરૂપ. એક નાખવો જોઈએ. એકરૂપ, સંસ્કૃતમાં એમ છે. '**वीतरागसहजानन्दैकरूपपरमात्मतत्त्व**' આહાહા..! શું કહે છે?

ભગવાન અંદર વીતરાગ સહજ આનંદ, સ્વાભાવિક આનંદ એકરૂપ. ભેદ નહિ જેમાં. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ એકરૂપ. એવા પરમાત્મતત્ત્વનું સમ્યક્શ્રદ્ધાન, આવા પરમાત્મતત્ત્વનું

સમ્યક્શ્રદ્ધાન, આવા પરમાત્મતત્ત્વનું સમ્યક્જ્ઞાન, આવા પરમાત્મતત્ત્વના ચારિત્રરૂપ-સ્થિરતા-અંદર રમણતા. આનંદમાં રમવું એ ચારિત્ર. '**अभेद रत्नत्रयमें लीन ऐसे ज्ञानियोंके सम चित्तमें परमात्मा तिष्ठता है.**' આહાહા..! સમજાય છે કાંઈ? જીવતર, મરણ, સુખ, દુઃખ આહાહા..! શત્રુ મિત્ર. બધામાં જેને ત્રણ કષાયનો અભાવ થઈ ગયો છે, વીતરાગદશા પ્રગટ થઈ છે. એવી વીતરાગ સહજાનંદ. આહાહા..! સહજાનંદ એકરૂપ પરમાત્મતત્ત્વનું શ્રદ્ધાન જેને અંદર પ્રગટ થયું છે. જ્ઞાન અને ચારિત્ર અભેદ રત્નત્રયમાં લીન છે, એવા જ્ઞાનીઓના સમચિત્તમાં પરમાત્મા બિરાજે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! મુનિની વ્યાખ્યા કરી. મુનિ કેવા હોય? આહાહા..! એ તો વીતરાગ સહજાનંદ એકરૂપ પરમાત્મતત્ત્વનું સમ્યક્ શ્રદ્ધાન. ત્રિકાળ વસ્તુનું શ્રદ્ધાન. ત્રિકાળી વસ્તુનું જ્ઞાન અને ત્રિકાળી વસ્તુમાં સ્થિરતા. એ ત્રણે અભેદ રત્નત્રયમાં. '**निश्चय अभेदरत्नत्रयमें लीन ऐसे ज्ञानियोंके...**' આહાહા..! '**सम चित्तमें...**' વીતરાગી પરિણામમાં એ પરમાત્મા '**तिष्ठता है.**' આહાહા..! સમજાય છે કાંઈ?

વીતરાગી પરિણામ પ્રગટ્યા છે અને એ વીતરાગી પરિણામ એના આશ્રયે પ્રગટ થયા છે. તો એ વીતરાગી પરિણામમાં પરમાત્મા સ્થિત છે. આહા..! દેહદેવાલયમાં નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? 'શ્રીમદ્'માં પણ આવે છે ને? ચૈતન્યપ્રતિમા થા, ચૈતન્યપ્રતિમા થા. આવે છે ને? આહાહા..! વિકલ્પ જે દયા, દાન, વ્રતાદિના છે એ તો રાગ છે. એનાથી રહિત થઈ, વીતરાગી પરિણામમાં... કેવા વીતરાગી પરિણામ? આવા પરમાત્મતત્ત્વની સમ્યક્શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એવા સમભાવમાં ભગવાન બિરાજે છે. આહાહા..! સમભાવમાં આત્માનો અનુભવ થાય છે. આહાહા..! ભારે વાત, ભાઈ!

'**ऐसा ही अन्य जगह भी समचित्तको परिणत हुए मुनियोंका लक्षण कहा है.**' 'પ્રવચનસાર', અધ્યાય ત્રીજો, ગાથા-૨૪૧. અંદર સંસ્કૃતમાં છે. એ તે દિ' લખી લીધેલું. આમાં લખ્યું છે. 'પ્રવચનસાર' અધ્યાય ત્રીજો, ચરણાનુયોગ, ગાથા-૨૪૧માં. '**जिसके सुख दुःख समान हैं,...**' અનુકૂળ-પ્રતિકૂળ સંયોગમાં જેને વીતરાગતા જ છે. આહાહા..! '**शत्रु-मित्रोंका वर्ग समान हैं,...**' વર્ગ પાછો લીધો. શત્રુ પણ ઘણા અને મિત્ર પણ ઘણા. વર્ગ છે ને વર્ગ? વર્ગ નામ ઘણા. આ એકડિયાનો વર્ગ ને, નથી કહેતા? પહેલો વર્ગ, બીજો વર્ગ, ત્રીજો વર્ગ. એમાં એક ન હોય, ઘણા હોય. એમ શત્રુ પણ ઘણા હોય, મિત્ર પણ ઘણા હોય. બેયમાં સમાન છે. જ્ઞેય છે, જાણવાલાયક છે. કોઈ શત્રુ-મિત્ર નથી. આહાહા..! આવી સમભાવ વીતરાગ પરિણતિમાં વીતરાગ પરમાનંદસ્વરૂપ બિરાજે છે. પોતાની આવી વીતરાગી પરિણતિમાં-પર્યાયમાં વીતરાગસ્વરૂપ ભગવાન બિરાજે છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ રાગથી નથી જણાતો, એમ કહે છે. વ્યવહાર રત્નત્રયથી ભગવાન જણાતો નથી. આહાહા..!

નિશ્ચયરત્નત્રય વીતરાગી પરિણતિ, જેમાં વિકલ્પને અવકાશ નથી. આહાહા..! એવી વીતરાગ પરિણતિવંત મુનિને એ પરમાત્મા બિરાજે છે. સમજાય છે કાંઈ? બહારમાં આ

પ્રતિમા હોય છે. શુભભાવ. અશુભથી બચવા અને કસ્થાનથી, અવળા સ્થાનથી બચવા માટે શુભભાવ હોય છે. એ સંવર, નિર્જરા નહિ. ધર્મ નહિ. પણ એવો શુભભાવ આવે ઈ વ્યવહાર છે. નિશ્ચયની આવી દૃષ્ટિ અનુભવ થયો તો એને આવો વ્યવહાર હોય છે. પણ એ વ્યવહાર પુણ્યબંધનું કારણ છે. આહાહા..! ચાહે તો લાખ મંદિર બનાવે ને કરોડ-અબજ રૂપિયા ખર્ચે અને હમેશાં ચોવીસ કલાક ભગવાન પાસે બેસી રહે, એ શુભભાવ છે. પરનો આશ્રય થયો ને? શુદ્ધભાવમાં તો સ્વનો આશ્રય છે, શુભભાવમાં પરનો આશ્રય છે. ગુલાંટ છે. આહાહા..!

પ્રતિમા નથી જ એમ માનવું એ પણ વિરોધ છે અને પ્રતિમાના દર્શનથી ધર્મ થાય છે એ પણ વિરોધ છે. કહો, 'પોપટભાઈ'! એ બધા સ્થાનકવાસી હતા. આ તો હતાની વાત છે ને. સ્થાનક તો આ છે, કહે છે. પરમાત્મામાં વાસ કરે એ સ્થાનકવાસી છે. આહાહા..! વીતરાગમાર્ગમાં તો સત્ય હોય ઈ ચાલશે. અવળું એક ક્ષણ પણ નહિ ચાલે. એવો માર્ગ વીતરાગનો. ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવે ફરમાવ્યો. આહાહા..!

'**પ્રશંસા નિંદા સમાન હૈં,...**' મુનિની વીતરાગ દશામાં પ્રશંસા-નિંદા (સમાન છે). લાખ પ્રશંસા કરો તોપણ સમભાવ છે. અભિનંદન દે મોટા મોટા કે તમે આવા છો. શું છે? એ તો જડ છે, જડની પર્યાય છે. સમભાવ જેને વર્તે છે. નિંદા કરોડ હો જગતમાં, તોપણ જેને અંતરમાં સમભાવ છે. કોઈની સાથે વિરોધ નથી. આહાહા..! '**પત્થર ઔર સોના સમાન હૈં,...**' આહાહા..! જંગલમાં ગયા હોય અને જરી પાણીથી દસ્ત સાફ કરતા ગયા તો એમાં નીચે હીરાનો ચરૂ દેખાય. કરોડ હીરા ભર્યા હોય એવો ચરૂ. એ સોનું અને પથ્થર સરખા છે. આહાહા..! એમ ન થાય કે, લાવ થોડા લઈ લઈએ, આપણે મંદિરમાં કામ આવશે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ ખાનગી ઉપાડી જાય તો કોણ ત્યાં હતું? ઈ આવે છે. સાધુપણું તો ક્યાં છે. આ તો કોઈ ગૃહસ્થ હોય, લ્યોને! પણ જેને સમભાવ પ્રગટ્યો છે. આહાહા..! એ તો આમ ચરૂ દેખે તોય, એ પથ્થર જગતની ચીજ ધૂળ છે. અને પથ્થર જુએ, કાંકરા, આરસપહાણ વગેરે આહાહા..! સમભાવ છે. આહાહા..!

'**ઔર જીવન-મરણ જિસકે સમાન હૈં, ઐસા સમભાવકા ધારણ કરનેવાલા મુનિ હોતા હૈ.**' આહાહા..! આવા મુનિના જ્ઞાનમાં આ ભગવાન બિરાજે છે એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? કેમકે દૃષ્ટિમાં આવે તો બિરાજ્યા કહેવાય ને? વસ્તુ સમભાવમાં, સમભાવી ચીજ દૃષ્ટિમાં તો આવી નહિ, તો બિરાજે છે ક્યાં આવ્યું? આ બિરાજે છે એમ આવ્યું ક્યાંથી? શું કહ્યું ઈ સમજાયું? વીતરાગી પરિણતિમાં વીતરાગમૂર્તિ પરમાત્મા-આત્મા દૃષ્ટિમાં અને જ્ઞાનમાં આવ્યો તો ત્યાં આત્મા સમભાવમાં છે, એમ કહેવાય. પણ જેને સમભાવ જ થયો નથી અને સમભાવમાં પરમાત્મા છે એ દૃષ્ટિમાં આવ્યો નહિ, સમભાવ વિના તો એના આત્મામાં એ દેવ છે એમ છે જ નહિ. એના આત્મામાં તો

રાગ છે. આહાહા..! પુણ્યના પરિણામ છે. એમાં એની જો રુચિ છે તો એના આત્મામાં તો રાગ છે. રાગમાં આત્મા જણાતો નથી. આહાહા..! રાગમાં તો પરદ્રવ્ય જણાય છે. સમજાય છે કાંઈ? વીતરાગ.. ઓહો..! ગજબ વાત છે!

વીતરાગ સમ પરિણામ. શત્રુ-મિત્ર, જીવન-મરણ, નિંદા-પ્રશંસા, સુખ-દુખ, બધામાં જેને જ્ઞાતા-દ્રષ્ટાપણું પ્રગટ થયું છે. એવા વીતરાગી મુનિના ચિત્તમાં-જ્ઞાનમાં ભગવાન બિરાજે છે. સમજાય છે કાંઈ? '**અર્થાત્ ઐસે સમભાવકે ધારક શાંતચિત્ત યોગીશ્વરોંકે ચિત્તમેં...**' આવા સમભાવના ધારક. આહાહા..! સમ્યગ્દર્શન, અનુભવ સહિત ત્રણે લીધા છે ને? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અભેદ રત્નત્રય. આવા વીતરાગી પરિણામમાં ભગવાન વીતરાગસ્વરૂપ પરમાત્મસ્વરૂપ વીતરાગ પરિણામમાં બિરાજે છે. એના દ્વારા દેખાય છે તો ત્યાં રહ્યા છે. આહાહા..! રાગથી એ દેખાતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'**ઐસે સમભાવકે ધારક શાંતચિત્ત યોગીશ્વરોંકે...**' યોગી-સ્વરૂપમાં જોડાણ થઈ ગયું છે. આનંદના નાથમાં. આહાહા..! લીન.. લીન. શાંતચિત્ત. '**યોગીશ્વરોંકે ચિત્તમેં શાંતદેવ (ચિદાનંદ દેવ) તિષ્ઠતા હૈ.**' આહાહા..! એના સમ્યગ્જ્ઞાનમાં, વીતરાગભાવમાં ચિદાનંદ દેવ બિરાજે છે. આહાહા..! ચિદાનંદ દેવ છે ભગવાન. આહા..! ચૈતન્યમૂર્તિ પ્રભુ છે. ચૈતન્ય પ્રતિમા વીતરાગમૂર્તિ છે. આહા..! એ સમભાવમાં દેખાય છે. તો સમભાવમાં પરમાત્મા બિરાજે છે એમ છે, દેહદેવાલયમાં નહિ. દેહદેવાલયમાં તો મૂર્તિ પ્રતિમા (છે). આહાહા..! સમજાય છે કાંઈ? એ ૧૨૩ થઈ. હવે બે શ્લોક વિશેષ છે.

---

**अथ स्थलखंख्याबाह्यं प्रक्षेपकद्वयं कथ्यते –**

**१२३) मणु मिलियउ परमेसरहँ परमेसरु वि मणस्स।**
**बीहि वि समरसि हूवाहँ पुज्ज चडावउँ कस्स।।१२३*२।।**

**मनः मिलितं परमेश्वरस्य परमेश्वरः अपि मनसः।**
**द्वयोरपि समरसीभूतयोः पूजां समारोपयामि कस्य।।१२३*२।।**

**मणु इत्यादि। मणु मनो विकल्परूपं मिलियउ मिलितं तन्मयं जातम्। कस्य संबन्धित्वेन। परमेसरहं *परमेश्वरस्य परमेसरु वि मणस्स परमेश्वरोऽपि मनः संबन्धित्वेन लीनो जातः बीहि वि समरसिहूवाहं एवं द्वयोरपि समरसीभूतयोः पुज्ज पूजां चडावउं समारोपयामि। कस्स कस्य निश्चयनयेन न कस्यापीति। अयमत्र भावार्थः। यद्यपि व्यवहारनयेन गृहस्थावस्थायां विषयकषायदुर्ध्यानवञ्चनार्थं धर्मवर्धनार्थं च पूजाभिषेकदानादिव्यवहारोऽस्ति तथापि वीतरागनिर्विकल्पसमाधिरतानां तत्काले बहिरङ्गव्यापाराभावात् स्वयमेव नास्तीति।।१२३*२।।**

---

* પાઠાંતર :- **परमेश्वरस्य = परमोश्वरस्य परमात्मा**

इसप्रकार इकतीस दोहा–सूत्रोंका–चूलिका स्थल कहा। चूलिका नाम अंतका है, सो पहले स्थलका अंत यहाँ तक हुआ। आगे स्थलकी संख्यासे सिवाय दो प्रक्षेपक दोहा कहते हैं –

गाथा – १२३*२

अन्वयार्थ :– [ मनः ] विकल्परूप मन [ परमेश्वरस्य मिलितं ] भगवान् आत्मारामसे मिल गया–तन्मयी हो गया [ परमेश्वरः अपि ] और परमेश्वर भी [ मनसः ] मनसे मिल गया तो [ द्वयोः अपि ] दोनों ही को [ समरसीभूतयोः ] समरस (आपसमें एकमएक) होने पर [ कस्य ] किसकी अब मैं [ पूजं समारोपयामि ] पूजा करूँ। अर्थात् निश्चयनयकर किसीको पूजना, सामग्री चढ़ाना नहीं रहा।

भावार्थ :– जब तक मन भगवानसे नहीं मिला था, तब तक पूजा करता था, और जब मन प्रभुसे मिल गया, तब पूजाका प्रयोजन नहीं है। यद्यपि व्यवहारनयकर गृहस्थ–अवस्थामें विषय कषायरूप खोटे ध्यानको हटानेके लिये और धर्मको बढ़ानेके लिये पूजा, अभिषेक, दान आदिका व्यवहार है, तो भी वीतरागनिर्विकल्पसमाधिमें लीन हुए योगीश्वरोंको उस समयमें बाह्य व्यापारका अभाव होनेसे स्वयं ही द्रव्य–पूजाका प्रसंग नहीं आता, भाव–पूजामें ही तन्मय हैं ।।१२३*२।।

---

એ પ્રમાણે એકત્રીસ સૂત્રોથી ચૂલિકાસ્થળ સમાપ્ત થયું.

(ચૂલિકા નામ અંતનું છે, તે પહેલા સ્થળનો અંત અહીં સુધી થયો.)

હવે, સ્થળસંખ્યાથી બાહ્ય એવા બે પ્રક્ષેપકો કહે છે :

ભાવાર્થ :- જો કે વ્યવહારનયથી ગૃહસ્થાવસ્થામાં વિષયકષાયરૂપ દુર્ધ્યાનની વંચના અર્થે અને ધર્મની વૃદ્ધિ અર્થે પૂજા, અભિષેક, દાનાદિ વ્યવહાર હોય છે તોપણ વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં રત યોગીશ્વરોને તે કાળે બહિરંગ વ્યાપારનો અભાવ હોવાથી સ્વયં જ હોતાં નથી. ૧૨૩*૨.

---

## ગાથા-૧૨૩-૨ ઉપર પ્રવચન

**'ઇસપ્રકાર ઇકત્તીસ દોહા–સૂત્રોંકા–ચૂલિકા સ્થલ કહા. ચૂલિકા નામ અંતકા હૈ, સો પહલે સ્થલકા અંત યહા તક હુઆ. આગે સ્થલકી સંખ્યાસે સિવાય દો પ્રક્ષેપક દોહા કહતે હૈં–'** બે વિશેષ પ્રક્ષેપક. આહાહા..! વીતરાગ પરિણામમાં વીતરાગી પરમાત્મા સ્થિત છે, એમ કહે છે. રાગ પરિણામમાં પરદ્રવ્ય સ્થિત છે. આહાહા..! ચાહે તો ત્રણલોકના નાથની ભક્તિ હો, તો શુભરાગ છે. શુભરાગમાં પરદ્રવ્ય સ્થિત છે. આહાહા..! અને શુદ્ધભાવમાં ભગવાન સ્થિત છે. સમજાય છે કાંઈ? શુદ્ધભાવ, ઉપયોગશુદ્ધ-શુદ્ધઉપયોગ. શુભ છે ઈ

અશુદ્ધઉપયોગ છે. શુભભાવ જે ભગવાનની ભક્તિ આદિનો છે, એ અશુદ્ધ ઉપયોગ છે. અશુદ્ધ ઉપયોગમાં પરદ્રવ્ય બિરાજે છે. અને શુભ-અશુભથી રહિત શુદ્ધઉપયોગમાં ભગવાન બિરાજે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'પરમાત્મપ્રકાશ'. 'યોગીન્દ્રદેવ' દિગંબર સંત વનવાસી હતા. ૧૩૦૦ વર્ષ પહેલા થયા. 'કુંદકુંદાચાર્ય' પછી. 'કુંદકુંદાચાર્ય'ની છાપ આમાં છે. પછીના મુનિઓએ 'કુંદકુંદાચાર્ય'ના શ્લોક ને શાસ્ત્રનો આધાર બહુ લીધો છે. પાછળના મુનિઓએ. એવી 'કુંદકુંદાચાર્ય'ની સ્થિતિ! ઓહો..! તેથી ત્રીજા નંબરે આવ્યા ને! 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો'. જુઓ! 'ગૌતમ' અને 'કુંદકુંદાચાર્ય' વચ્ચે તો ઘણા મુનિ થયા. 'મંગલં કુંદકુંદાચાર્ય, જૈન ધર્મોસ્તુ મંગલં.' વીતરાગી ભાવ ધર્મ એ માંગલિક છે. રાગ એ માંગિલક નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ છે. વાદવિવાદ કરે તો કાંઈ પાર આવે એવું નથી. 'બનારસીદાસ' 'નાટક સમયસાર'માં કહે છે, 'સદ્‌ગુરુ કહે સહજકા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' 'નાટક સમયસાર' આપ્યું છે ને? એમાં ઈ છે. આહાહા..! 'સદ્‌ગુરુ કહે સહજકા ધંધા.' સહજાત્મ સ્વરૂપ પરમાત્મ સ્વરૂપ, એની દષ્ટિ, જ્ઞાન અને રમણતા એ સહજનો ધંધો છે. વાદવિવાદ કરે કે નહિ, વ્યવહાર આવે ને વ્યવહારથી થાય. એ બધો વાદવિવાદ છોડ. આહા..! સમજાય છે કાંઈ? બીજો શ્લોક. ૧૨૩નો બીજો.

**१२३) मणु मिलियउ परमेसरहँ परमेसरु वि मणस्स।**
**बीहि वि समरसि हूवाहँ पुज्ज चडावउँ कस्स।।१२३*२।।**

**અન્વયાર્થ :- 'વિકલ્પરૂપ મન...'** આહાહા..! **'परमेश्वरस्य मिलितं' 'ભગવાન આત્મારામસે મિલ ગયા...'** આહાહા..! જે વિકલ્પ પર તરફ હતો, એને છોડીને નિર્મળ પરિણતિ આત્મા સાથે એક થઈ ગઈ. આહાહા..! મારું મન નામ વીતરાગ પરિણતિ આત્મા સાથે ભળી ગઈ. આહાહા..! વિકલ્પરૂપી મન ભગવાન આત્મારામમાં મળી ગયું. **'परमेश्वरस्य मिलितं'** આહાહા..! રાગ રહિત વીતરાગ પરિણતિ પરમેશ્વર ભગવાનઆત્મામાં મળી ગઈ. આહાહા..! છે? **'ઔર પરમેશ્વર ભી મનસે મિલ ગયા...'** આહાહા..! શુદ્ધ પરિણતિ ભગવાનમાં મળી ગઈ અને ભગવાન શુદ્ધ પરિણતિમાં મળી ગયા. આહાહા..! હવે કોને ચડાવું પૂજા, એમ કહે છે. આહાહા..! **'પરમેશ્વર ભી મનસે મિલ ગયા...'**

**'द्वयोः अपि' 'દોનોં હી કો સમરસ (આપસમેં એકમેક) હોને પર કિસકી અબ મૈં પૂજા કરું.'** પૂજ્ય અને પૂજક ભાવ બેય એક થઈ ગયા અંદરમાં. આહાહા..! પરમ વીતરાગભાવથી દ્રવ્યમાં ભાવ મળી ગયો અને ભગવાન પણ પરમ વીતરાગભાવમાં આવી ગયા. આહાહા..! સમજાય છે કાંઈ? શુદ્ધભાવમાં આત્મા મળી ગયો અને આત્મા શુદ્ધભાવમાં આવી ગયો. આહાહા..! અરસપરસ એક થઈ ગયા તો કોની પૂજા કરું? આહાહા..! પૂજ્ય ભગવાનઆત્મા પોતાની પૂજનિક વીતરાગ પરિણતિમાં આવી ગયો. આહાહા..! શું કહ્યું? વીતરાગી પર્યાયમાં ભગવાન પૂર્ણાનંદ છે એવું જ્ઞાન થઈ ગયું. એ થયું એમાં એ આવી ગયા.

આહાહા..! સમજાય છે કાંઈ? ચીજ પરિણતિમાં નથી આવતી. પણ ચીજ-વસ્તુ છે એનું જ્ઞાન પરિણતિમાં આવે છે. તો ભગવાન પરિણતિમાં આવી ગયા, પરિણતિ ત્યાં ઢળી ગઈ. આહાહા..! ભારે વાતું, બાપુ! ચોથા આરાની હશે આ બધી? આ પાંચમા આરાના સાધુ છે અને પાંચમા આરાવાળાને કહે છે. આહાહા..!

વિકલ્પરૂપી મન એટલે એનો વિકલ્પ ટળી ગયો, એમ, હોં! '**परमेश्वरस्य मिलितं**' નિર્વિકલ્પ દશા થઈ ગઈ. આહાહા..! અને પરમેશ્વર નિર્વિકલ્પમાં આવી ગયા. આહાહા..! નિર્વિકલ્પ દશામાં ભગવાનનું ભાન થયું. આહાહા..! શુદ્ધઉપયોગ જ્યારે થાય છે, પુણ્ય-પાપથી રહિત, તો શુદ્ધઉપયોગમાં ભગવાન ભાસે છે. એ શુદ્ધઉપયોગ દ્રવ્યમાં ભળી ગયો નામ એકત્વ થયું. ભળી ગયો એનો અર્થ શુદ્ધઉપયોગ છે એ દ્રવ્ય સાથે એકત્વ થતો નથી. શુદ્ધ ઉપયોગ તો શુદ્ધમાં રહે છે પણ શુદ્ધઉપયોગમાં આખો આત્મા ખ્યાલમાં આવી ગયો તો શુદ્ધઉપયોગ એમાં ભળી ગયો અને આત્મા આમાં ખ્યાલમાં આવી ગયો તો આત્મા શુદ્ધઉપયોગમાં આવી ગયો. એમ. આવી ગયાનો અર્થ શુદ્ધઉપયોગમાં એનું જ્ઞાન થયું. આહાહા..!

શુભ-અશુભ ઉપયોગ જે છે, હિંસા, જૂઠું, ચોરી, વિષયવાસના એ અશુભઉપયોગ. અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભ. બેય મળીને અશુદ્ધ, બેય મળીને અશુદ્ધ. અને એ અશુદ્ધ છોડી વીતરાગી પરિણતિ શુદ્ધઉપયોગ થાય, એ શુદ્ધઉપયોગ આત્મા સાથે એકાકાર (થઈ ગયો). કારણ કે ત્યાં ઝુકી ગયો ને? શુભની દિશા તો પર ઉપર હતી. અને શુદ્ધની દિશા અંતરમાં થઈ. આહાહા..! આવો માર્ગ. આ હો..હા ધમાધમ કરે એને બેસવું કઠણ. એય..! રથયાત્રા ને ફલાણું ને હો..હા. 'અજમેર'માં અત્યારે બહુ ખેદ છે. બધી દુકાનો બંધ કરી દીધી. મોટી પ્રતિમા ગઈ, હજાર તોલા ચાંદીની અને ત્રણ છત્ર ગયા. લોકોને બહુ એવું થયું તો ત્રાસી ગયા છે. દુકાન બંધ કરી દીધી. બહારની ચીજ એવી છે, ભાઈ! આત્માને કોઈ ચોરી જાય? આહાહા...!

'સુરદાસ'માં આવે છે. 'સુરદાસ' છે ને? 'સુરદાસ' આંધળા થઈ ગયા છે ને? અન્યમતિમાં આવે છે. એની લોકો વાત કરે. 'કૃષ્ણ' હતા એ દૂર ચાલ્યા ગયા, ભાગી ગયા. એના હાથમાંથી. 'સુરદાસ' કહે કે તમે દૂર જાવ પણ મારા હૃદયમાંથી દૂર નહિ જાવ. અન્ય(મત)માં વાત આવે છે. આંખ બંધ ને આમ હાથ ઝાલીને બેઠા હતા. એ હાથ છોડીને ચાલ્યા ગયા. ભગવાન! તમે શરીરથી દૂર થઈ ગયા, અમારા જ્ઞાનમાં તમે દૂર નથી, અંદર નજીક જ છો. આહાહા..! એમ ધર્મીના હૃદયમાં તીર્થંકર બિરાજે છે. આહાહા..! 'ઉત્તરાધ્યયન'માં એક આવે છે. બહુશ્રુત અધ્યયન આવે છે. તે દિ' બધું સભામાં કહેતા ને. એમ કે બહુશ્રુત જ્ઞાનીના જ્ઞાનમાં પરમાત્મા બિરાજે છે. એ બધી વાણી નીકળે છે એ પરમાત્મા કહે છે એ જ નીકળે. એમ આવે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

મારો વીતરાગી ભાવ સ્વભાવ સન્મુખ થઈ ગયો અને મારો સ્વભાવ વીતરાગભાવમાં આવી ગયો, હવે હું કોની પૂજા કરું? કહો, શેઠ!

મુમુક્ષુ :- પૂજા ન કરવાનું આવ્યું ખરું.

ઉત્તર :- આ હોય તો પૂજા કરવા નવરું કોણ છે? એ તો એમાં રહી શકે નહિ ત્યારે આવે છે. આમાં આવી ગયા પછી બહારની પૂજા ક્યાં રહી? લક્ષ જ બહારનું રહ્યું નહિ. આહાહા..! એ તો અંદરમાં સ્થિર ન રહી શકે તો અશુભ ટાળવા માટે શુભભાવ આવે છે. ભક્તિ, દાન, દયા ભાવ, અહિંસા, સત્ય, દત્તભાવ એ બધા શુભભાવ છે. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહ એ પાંચ મહાવ્રત એ શુભભાવ છે. અને વીતરાગની દશા અંદરમાં પ્રગટે એ શુદ્ધભાવ છે. એ પરમ અહિંસા છે. આહાહા..! રાગની ઉત્પત્તિ ન થવી અને ભગવાન વીતરાગમૂર્તિ પ્રભુ, એના આશ્રયે વીતરાગી પરિણતિ ઉત્પન્ન થાય એ અહિંસા પરમ ધર્મ છે. આહાહા..! પરને નહિ મારવાનો શુભભાવ એ વ્યવહાર પુણ્ય છે. નિશ્ચયથી તો એ હિંસા છે. આકરી વાત છે, ભાઈ! પંડિતજી! આહા..!

**'કિસકી અબ મૈં પૂજા કરું. અર્થાત્ નિશ્ચયનયકર કિસીકો પૂજના, સામગ્રી ચઢાના નહીં રહા.'** આહા..! પોતાની નિર્મળ પરિણતિરૂપી સામગ્રી એમાં ચડાવી દીધી. આહાહા..! વીતરાગ અકષાય શાંતમૂર્તિ પ્રભુ, પૂર્ણ કેવળજ્ઞાનની મૂર્તિ બિરાજે છે. આવ્યું ને? એમાં આવ્યું હતું, જ્ઞાનમય. એક જ્ઞાનમય. જ્ઞાન.. જ્ઞાન.. સમજણનો પિંડ એ છે. એ જે દૃષ્ટિમાં વીતરાગી પરિણતિમાં આવી ગયો, વીતરાગી પરિણતિ એ બાજુ ઝુકી ગઈ, હવે કોની પૂજા કરું? આહાહા..! પૂજા કરવાવાળો મારા જ્ઞાનમાં આવી ગયો અને જ્ઞાનની પરિણતિમાં જણાય ગયો. આહાહા..! માર્ગ આવો છે. સત્ય વાત નિશ્ચયની લોકોને કઠણ પડે ને એટલે ઉડાડી દીધી. અને વ્યવહાર સહેલોસટ (લાગે). વ્યવહાર કરશું પછી નિશ્ચય થાશે. ધૂળેય નહિ થાય. સાંભળને! ધૂળેય નહિ થાય એટલે? પુણ્ય પણ સારું નહિ બંધાય. સમકિતીને તીર્થંકર ગોત્ર બંધાય. મિથ્યાદૃષ્ટિને તીર્થંકર ગોત્ર હોય નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? જેને વીતરાગભાવ રુચ્યો છે, પરિણમ્યો છે, એને રાગની રુચિ ન હોય. છતાં એને રાગ આવે તો એ તીર્થંકર ગોત્ર બાંધે. કાં બળદેવ થાય, ઈન્દ્ર થાય. '**कामदं मोक्षदं चैव**' આવ્યું ને? '**ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः**' ૐકાર ભાવસ્વરૂપ પોતે. ૐકાર શબ્દના બે પ્રકાર. એક આત્મિક, એક પુદ્ગલકો. આવે છે ને? ૐકાર પ્રણવમંત્રમાં. આમાં પણ છે.

**ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः।**
**कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः॥१॥**

ૐકાર શબ્દ વિશદ્ યાકૈ ઉભયરૂપ, એક આત્મિક ભાવ એક પુદ્ગલકો. ૐ એવો વિકલ્પ ઉઠે છે એ પુદ્ગલનો છે અને આત્મા વસ્તુ છે ઈ મૂળમાં છે. આહાહા..! ૐકાર શબ્દ વિશદ્. વિશદ્-વિશાળ. યાકૈ ઉભયરૂપ, એક આત્મિક. આત્મા પોતે ૐ સ્વરૂપ છે. ભાવસ્વરૂપ, હોં! આહાહા..! એક ઉભયરૂપ, એક પુદ્ગલકો શુદ્ધતા સ્વભાવ લિયે, ... ઉઠ્યો રાય ચિદાનંદ, અશુદ્ધ વિભાવ લે પ્રભાવ જડ.. શુદ્ધતા જ્યાં અંદર પ્રગટ થાય ત્યાં જડતાનો નાશ થઈ જાય છે. આહાહા..! અશુદ્ધતા ટળી જાય છે. છે ને? 'ત્રિભુવન ત્રિકાળ તાતૈં

વ્યય, ધ્રુવ, ઉત્પાદ, જ્ઞાતાકો સુહાત બાત નહીં, લાખ કરકો, બનારસીદાસ જિનકે હૃદય ૐકાર ભાવ, જૈસો પ્રકાશ શશિપક્ષકે શુક્લકો.' ચંદ્ર. બીજ, ત્રીજ.. 'નિર્મળ જ્ઞાનપ્રકાશ પ્રપંચ નરલોક, તામૈં શુદ્ધ જ્ઞાનપ્રધાન કર...' તે દિ' છપાવ્યું હતું. આપણે ૐ કાર છપાવ્યું છે ને. 'સ્વાધ્યાય મંદિર'માં. (સંવત) ૧૯૯૫. ૐ. 'ઇટાલી'નો પથ્થર છે ઈ. અહીંનો જે આરસપહાણ સાધારણ છે. 'ઇટાલી'નો ઊંચો આવે છે. ૐ છે ને માથે? ઈ 'ઇટાલી'નો પથ્થર છે. (સંવત) ૧૯૯૫નો ફાગણ માસ. તે દિ' આ બનાવ્યું. અહીં તો પહેલેથી ચાલે છે ને, ભાઈ!

**'અર્થાત્ શુદ્ધનિશ્ચયનયકર કિસીકો પૂજના, સામગ્રી ચઢાના નહીં રહા.'**

**ભાવાર્થ :- 'જબ તક મન ભગવાનસે નહીં મિલા થા, તબ તક પૂજા કરતા થા,...'** ત્યારે શુભભાવ થતો હતો. આહાહા..! **'ઔર જબ મન પ્રભુસે મિલ ગયા તબ પૂજાકા પ્રયોજન નહીં હૈ.'** અંદરમાં પૂજ્યની પૂજા થઈ ગઈ. પૂજ્ય એવો ભગવાન પરમાત્મા પોતાનું નિજ સ્વરૂપ, એની વીતરાગી પર્યાયથી પૂજા થઈ ગઈ, હવે કોની પૂજા કરું? આહાહા..! કરવાનું હોય તો આ છે, બાકી બધું હો, વ્યવહાર આવે છે પણ બંધનું કારણ છે. આવે છે, હોં! વ્યવહાર. નિશ્ચય થયો તો વ્યવહાર (આવે છે).

પૂર્ણ વીતરાગ થયા પછી વ્યવહાર નથી આવતો. સમજાય છે કાંઈ? કેવળજ્ઞાનીને કોઈ વ્યવહાર નથી. એકલા આનંદકંદ, બસ. એ કોઈની પૂજા કરે નહિ, કોઈને વંદે નહિ. એ આવ્યું હતું. ક્યાંક હમણાં બીજામાં આવ્યું હતું. એમ કે કેવળી છદ્મસ્થનો વિનય કરે ઈ શ્વેતાંબર કહે છે. હમણાં છાપામાં આવ્યું હતું. વાત સાચી. 'શ્રીમદ્'ને એ વખતે થોડી છાપ રહી ગયેલી. કેવળજ્ઞાની ગુરુ છદ્મસ્થનો (વિનય) કરે. છદ્મસ્થ ગુરુ હોય તો કેવળજ્ઞાની વિનય કરે. એ 'આત્મસિદ્ધિ'માં આવે છે. 'ગુરુ રહ્યાં છદ્મસ્થ પણ વિનય કરે ભગવાન.' એમ હોય નહિ. 'આત્મસિદ્ધિ'માં આવે છે. બધી ખબર છે. અમે તો બીજો અર્થ કર્યો હતો. ૧૯૯૫માં 'આત્મસિદ્ધિ'ના અર્થ કર્યા હતા ને. 'ગાંધીજી' 'રાજકોટ' વ્યાખ્યાનમાં આવેલા. વિનયનો અર્થ શું? કે પૂર્વે ગુરુનો વિનય કર્યો હતો એ કેવળજ્ઞાનમાં, જ્ઞાનમાં આવ્યું. એ વિનય. વર્તમાન કેવળી બીજો કોનો વિનય કરે? પૂર્ણાનંદ વીતરાગદશા. આહાહા..! વંદ્ય-વંદક ભાવ છઠ્ઠા ગુણસ્થાન સુધી હોય છે. વિકલ્પ છે ત્યાં. પછી વંદ્ય-વંદક ભાવ હોતો જ નથી. સાતમાથી (ઉપર નથી હોતો). એ આવ્યું હતું. શ્વેતાંબરમાં આ વાત છે. કેવળી વિનય કરે (છદ્મસ્થનો). 'દશવૈકાલિક'માં છે. '...' એ પાઠ પણ મોઢે છે. 'દશવૈકાલિક'ના નવમા અધ્યયનમાં છે. અનંત જ્ઞાન પામેલા હોય પણ છદ્મસ્થ ગુરુનો વિનય ન મુકે. જૂઠું છે. કેવળજ્ઞાની પરમાત્મદશા કોનો વિનય કરે?

તીર્થંકર તો જ્યારે છદ્મસ્થ (દશામાં) દીક્ષિત થાય છે ત્યારે પણ ણમો સિદ્ધાણં (બોલે), બસ. પાંચને નહિ. ણમો સિદ્ધાણં કરીને અંતર ચારિત્રમાં ઉતરી જાય છે. આહાહા..! એ બધા ક્ષત્રિય હોય છે. તીર્થંકર વાણિયા ન હોય. 'માંગીલાલજી'! વાણિયા મોક્ષ જાય છે, કેવળ પામીને, પણ તીર્થંકર ન હોય. તીર્થંકર તો ક્ષત્રિય. એના શરીર ને એનું

ચાંદણું ને એનું પરાક્રમ ને એના જ્ઞાન અલૌકિક હોય છે. અનંત તીર્થંકરો થયા એ બધા ક્ષત્રિય હતા. આહાહા..!

**'યદ્યપિ વ્યવહારનયકર ગૃહસ્થઅવસ્થામેં વિષય કષાયરૂપ ખોટે ધ્યાનકો હટાનેકે લિયે...'** ગૃહસ્થાશ્રમમાં પૂજા હોય છે ને? **'ધર્મકો બઢાનેકે લિયે...'** (ધર્મ એટલે) પુણ્ય. **'પૂજા, અભિષેક, દાન આદિકા વ્યવહાર હૈ,...'** છે? પાછળ છે. **'વ્યવહારનયકર ગૃહસ્થઅવસ્થામેં વિષય કષાયરૂપ ખોટે ધ્યાનકો હટાનેકે લિયે...'** સમકિતીને પણ **'ધર્મકો બઢાનેકે લિયે...'** શુભભાવ અશુભને ટાળવા માટે **'પૂજા, અભિષેક, દાન આદિકા વ્યવહાર હૈ.'** એવો વ્યવહાર છે, પણ વ્યવહારથી નિશ્ચય થાય છે એમ નહિ. વ્યવહાર આવે છે અંદર.

મુમુક્ષુ :- વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય.

ઉત્તર :- એ સાધન-ફાધન આરોપથી કથન છે. એ તો કહ્યું ને? મોક્ષમાર્ગ બે પ્રકારના છે. સાચું દર્શન, સમ્યગ્દર્શનને નિશ્ચયને સત્ય કહ્યું. અને વ્યવહાર સમકિત તો રાગને વ્યવહાર સમકિત કહે છે. એ તો આરોપથી કથન છે. આહાહા..! એમ સર્વત્ર લક્ષણ જાણવું, એમ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં સાતમા અધ્યાયમાં લખ્યું છે. સર્વત્ર નિશ્ચય-વ્યવહારનું આવું લક્ષણ છે. આહાહા..! પોતાના આત્મામાં પોતાના શુદ્ધ સ્વરૂપની પ્રતીતિ, જ્ઞાન, અનુભવ થવો એ નિશ્ચય સમ્યગ્દર્શન અને સાથે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ હોવો, એને વ્યવહાર આરોપ કરીને (કહ્યું છે). છે તો રાગ. પણ આ નિશ્ચયનો સહચર દેખીને ઉપચારથી વ્યવહાર કહેવાય છે. સમજાય છે કાંઈ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. નથી અહીંયાં?

મોક્ષમાર્ગ કાંઈ બે નથી. પણ મોક્ષમાર્ગનું કથન બે પ્રકારે છે. ત્યાં સાચા મોક્ષમાર્ગનું નિરૂપણ એ નિશ્ચય મોક્ષમાર્ગ છે. જ્યાં મોક્ષમાર્ગ તો નથી પણ મોક્ષમાર્ગનું નિમિત્ત છે, સહચારી છે, ઉપચારથી મોક્ષમાર્ગ કહીએ. એ વ્યવહાર મોક્ષમાર્ગ રાગનું કારણ. કારણ કે નિશ્ચય વ્યવહારનું સર્વત્ર એવું લક્ષણ છે. સાધક કહ્યું ત્યાં પણ વ્યવહારથી સાધક છે. છે તો બાધક પણ ત્યાં નિશ્ચય સાધકનો આરોપ આપીને વ્યવહાર (કહ્યો). બહુ સરસ છે આ. આ સાતમો અધ્યાય છે. કારણ કે નિશ્ચય-વ્યવહારનું સર્વત્ર એવું લક્ષણ છે. બહુ સરસ! આ તો જ્યારે પહેલા (સંવત) ૧૯૮૨ની સાલમાં જોયું હતું, ૧૯૮૨-૮૨, પછી ૧૯૮૪ની સાલમાં લખી લીધું. પુસ્તક અમે રાખતા નહોતા ને. લોકો બિચારા તો બહુ આપતા હતા. ૧૯૮૪ની સાલમાં આ સાતમો અધ્યાય લખી લીધેલો. શીશપેનથી લખેલો પડ્યો છે. શીશપેન સમજ્યા? આ બહુ સરસ. પેનથી. લખેલું પડ્યું છે. ૧૯૮૪ની સાલ. ૧૬ ને ૩૨, ૪૮ વર્ષ થયા. અહીં 'બગસરા' છે, 'બગસરા'. ત્યાં લખેલું. બહુ સરસ! ઓહોહો..! વાત તે વાત! આહાહા..! વ્યવહાર છે પણ એ ઉપચારથી કથન છે. એ વાસ્તવિક તત્ત્વ નથી. આહાહા..!

એમ અહીંયાં વ્યવહાર આવે છે, પણ એ વ્યવહારથી નિશ્ચય થાય છે એમ નથી. વ્યવહાર જાણવાલાયક વચ્ચે આવે છે. **'તો ભી વીતરાગનિર્વિકલ્પસમાધિમેં લીન હુએ યોગીશ્વરોંકો ઉસ સમયમેં બાહ્ય વ્યાપારકા અભાવ હોનેસે સ્વયં હી દ્રવ્ય-પૂજાકા પ્રસંગ નહીં આતા,...'** અંદર ધ્યાનમાં પડ્યા છે એને દ્રવ્ય-પૂજાનો પ્રસંગ નથી. એ ભાવપૂજામાં

જ તન્મય છે. આહાહા..! એ ખુલાસો ટીકાકારે કર્યો છે, હોં! સમજાય છે કાંઈ? **'निजशुद्धात्मद्रव्ये स्थापयति यः स एव मोक्षं लभते'** ઈ તો હજી છેલ્લો શ્લોક છે. ઈ ને? ૧૨૩ આવી ઈ ને? આહાહા..! છે, છે. **'पूजाभिषेकदानादिव्यवहारोऽस्ति'** સંસ્કૃતમાં છે. પછી ૧૨૩ ગાથા હજી એક છે. એ ત્રીજો પ્રક્ષેપક છે. **'સ્વયં હી દ્રવ્ય-પૂજા કા પ્રસંગ નહીં આતા, ભાવપૂજામેં હી તન્મય હૈ.'** ભાવપૂજા ભગવાન વીતરાગ પરિણતિથી વીતરાગમૂર્તિ પ્રભુમાં લીન થઈ જાય એ ભાવપૂજા છે. એવા ધર્માત્માને અંદર સ્થિર ન થઈ શકે ત્યારે વ્યવહારપૂજા આવે છે. એને વ્યવહાર કહ્યું, હોં! અજ્ઞાનીને તો વ્યવહાર પણ નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો છે જ ક્યાં? વ્યવહારની ના પાડે છે ને. ૪૧૩ ગાથા, 'સમયસાર'. વ્યવહારમૂઢ છે એ તો. અનાદિરૂઢ વ્યવહારમૂઢ. સમજાય છે કાંઈ? નિશ્ચય અનારૂઢ. એવા ત્રણ શબ્દ છે. ૪૧૩, 'સમયસાર'. જેને આત્માનું જ્ઞાન, સમ્યક્ અનુભવ નથી એ તો વ્યવહારમૂઢ છે. અનાદિરૂઢ છે. એ વ્યવહાર અનાદિ રૂઢક્રિયા છે, એ આત્માની ક્રિયા ક્યાં છે. અને નિશ્ચયમાં અનારૂઢ છે, સ્વરૂપમાં અંદર આરૂઢ નથી. એકલો વ્યવહારમાં આરૂઢ છે. એ તો અનાદિ મૂઢ જીવ છે. આહા..! વિશેષ ૧૨૩માં લેશે. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, આસો સુદ ૧૧, રવિવાર
## તા. ૦૩-૧૦-૧૯૭૬, ગાથા-૧૨૩(૨-૩), ૧, પ્રવચન નં. ૯૪

'પરમાત્મપ્રકાશ' ૧૨૩નો બીજો. ચાલી તો ગઈ છે, નહિ? ફરીને લઈએ.

**૧૨૩) मणु मिलियउ परमेसरहँ परमेसरु वि मणस्स।**
**बीहि वि समरसि हूवाहँ पुज्ज चडावउँ कस्स।।१२३*२।।**

આહાહા..! શું કહે છે? મન એટલે વિકલ્પરૂપ ભાવ, **'परमेश्वरस्य मिलितं'** **'ભગવાન આત્મારામસે મિલ ગયા-'** એટલે આનંદ જ્ઞાનસ્વરૂપમાં પર્યાય એકાકાર થઈ ગઈ. વિકલ્પ જે મન છે એ રહ્યું નહિ. એનું નામ ભાવપૂજા છે. આહાહા..! ભગવાનઆત્મા. પરમેશ્વર કહ્યા ને? પરમ ઈશ્વર. ભગવાનની વ્યાખ્યા હમણા આવી હતી એક ઠેકાણે. આમ તો ભગનો અર્થ જ્ઞાનાદિ લક્ષ્મી થાય ને? ભગ એટલે યોનિમાં ઉત્પન્ન ન થવું એ ભગવાન. ભગ એટલે યોનિ, ઉત્પત્તિમાં ન આવવું એનું નામ ભગવાન. ચૌર્યાસી લાખની યોનિમાં ઉત્પન્ન થવું નહિ એને ભગવાન કહેવામાં આવે છે. એવો આ ભગવાન પરમેશ્વર... આહાહા..! એમાં મન મળી ગયું. એટલે કે મન મરી ગયું. એટલે કે વિકલ્પ છૂટી ગયો અને અંતર જ્ઞાનાનંદમાં એકાકાર થયો. હવે કહે છે હું કોની પૂજા કરું? આહાહા..! સમજાણું કાંઈ?

**'પરમેશ્વર ભી મન સે મિલ ગયા...'** નિર્વિકલ્પદશા થતાં પરમેશ્વર મળ્યા અને પરમેશ્વર નિર્વિકલ્પદશામાં આવ્યા. આહા..! શેઠ! છેલ્લે કરવાનું આ છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભગવાન પરમજ્યોતિ ચૈતન્યજ્યોત આનંદનું ધામ, એમાં મનને મારી નાખી એટલે કે અંદરમાં જતાં મન રહેતું નથી. તેથી મનને ડર છે ને? આવે છે ને એ? કે જો અંદરમાં જશે તો મન મરી જઈશ. એટલે બહાર રહું એ ઠીક છે તો મારું મનનું અસ્તિત્વ તો રહે. મન છે એ જો અંદરમાં જશે તો મનને મારી નાખશે આ તો. માટે બહાર ભમું તો મન ટકી શકે. આહાહા..!

ભગવાન ચૈતન્યધાતુ સર્વજ્ઞસ્વભાવી પરમેશ્વર, એમાં મનની પરિણતિ એટલે કે રાગ વિનાની નિર્મળ પરિણતિ એમાં મળી ગઈ અને પરમેશ્વર પરિણતિમાં આવી ગયા. આહાહા..! લ્યો, આ પૂજા! એય..! 'દેવીલાલજી'! આ દેવની પૂજા. આહાહા..! ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ અસ્તિપણે પરમેશ્વર જ આત્મા છે. પરમ ઈશ્વરના સ્વભાવનો સંપન્ન એ આત્મા. એ આત્મામાં નિર્મળ પરિણતિ રાગરહિત, મનરહિત અંદરમાં પરિણતિ એકાકાર થઈ... આહાહા..! ત્યાં ધ્યાતા, ધ્યાન અને ધ્યેયના ભેદ પણ રહ્યા નહિ. આહાહા..!

**'દોનોં હી કો સમરસ હોને પર...'** જુઓ! **'समरसीभूतयोः'** બેય વીતરાગભાવરૂપ થઈ ગયા. રાગ હતો એને છોડીને અંદરમાં દૃષ્ટિ કરીને સ્થિર થયો તો સમરસ થયો, વીતરાગભાવ પ્રગટ થયો. આહાહા..! **'(આપસમેં એકમએક) હોને પર...'** **'कस्य पूजां समारोपयामि'** **'કિસકી અબ મૈં પૂજા કરું...'** સામગ્રી ચડાવીને કોને કરું ? ભગવાન તો પૂજામાં આવી ગયા. આહાહા..! **'નિશ્ચયનયકર કિસીકો પૂજના, સામગ્રી ચઢાના નહીં રહા.'** બહારની સામગ્રી એ તો છે પણ ઓલો વિકલ્પ હોય છે, અંદરમાં નિર્વિકલ્પ ધ્યાનમાં રહી શકતો નથી ત્યારે એને વિકલ્પ શુભરાગ આવે ત્યારે પૂજા બહારની કરવામાં આવે એમ કહેવામાં આવે છે. પણ અંદરમાં જ્યાં આત્મા દેખનારને દેખ્યો, જાણનારને જાણ્યો, ઠરનારમાં ઠર્યો. સ્થિર વસ્તુ ચારિત્ર વસ્તુ છે આત્મામાં, એમાં ઠર્યો એ નિર્વિકલ્પ આનંદ છે. લ્યો, આ માર્ગ છે ! આવો માર્ગ ભારે આકરો. શું થાય? ઈ કહેશે.

**ભાવાર્થ :- 'જબ તક મન ભગવાનસે નહીં મિલા થા, તબ તક પૂજા કરતા થા,...'** સમ્યગ્દર્શનસહિતની વાત છે હોં! અહીંયાં. આહાહા..! ભગવાનઆત્મા પૂર્ણ જ્ઞાયકભાવ, જેમાં પર્યાયનો ભેદ પણ નથી એવો જે ભગવાન ત્રિકાળી આત્મા, એમાં જેની પરિણતિ લીન થઈ ગઈ, પછી કોની પૂજા કરવી? કહે છે. **'ભગવાનસે નહીં મિલા થા, તબતક પૂજા કરતા થા,...'** એ સમકિતીની વાત છે હોં! અહીંયાં. સમ્યગ્દષ્ટિએ પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં અનુભવમાં પ્રતીતિ કરી છે, એમાં સ્થિર રહી ન શકે માટે વિકલ્પથી વ્યવહાર પૂજા કરવામાં આવે છે. એ પણ ગૃહસ્થાશ્રમને માટે કહેશે, મુનિને નહિ. સમજાણું કાંઈ? આહાહા..! **'જબ મન પ્રભુસે મિલ ગયા, તબ પૂજાકા પ્રયોજન નહીં હૈ.'** આહાહા..!

અન્યમતમાં આવે છે એક. આ 'સુરદાસ' આવે છે ને 'સુરદાસ'? અન્યમતમાં. એ

'શ્રીકૃષ્ણ'ને મળ્યા હતા, 'શ્રીકૃષ્ણ'ને. 'શ્રીકૃષ્ણ' .. પોતે 'સુરદાસ' છે. 'શ્રીકૃષ્ણ' હાથ જાલીને ઊભા છે. હાથ છોડાવીને 'કૃષ્ણ' ચાલ્યા ગયા. તો 'સુરદાસ' કહે છે કે, પ્રભુ! તમે બહારની નજરથી તો છૂટી ગયા પણ મારા અંદરમાંથી તમે નહિ છૂટો. મારા ભગવાનઆત્મામાં હું લીન છું. ત્યાંથી 'કૃષ્ણ' તમે દૂર નહિ જઈ શકો. કર્મ કૃશે સો કૃષ્ણ કહીએ. એ અજ્ઞાન અને રાગ-દ્વેષને કૃષીને નાશ કરે એને 'કૃષ્ણ' કહીએ. એવો ભગવાનઆત્મા પોતાના સ્વરૂપમાં રાગ-દ્વેષને કૃષ એટલે નાશ કરીને ઠરે છે એ ક્યાં જશે? એ ભગવાન દૂર ક્યાંથી રહેશે? આહાહા..! માર્ગ આવો છે, ભાઈ!

'**જબ મન પ્રભુસે મિલ ગયા, તબ પૂજાકા પ્રયોજન નહીં હૈ. યદ્યપિ વ્યવહારનયકર...**' ભાષા એવી છે. સમ્યગ્દૃષ્ટિની વાત છે હોં! '**ગૃહસ્થ અવસ્થામેં...**' મુનિની અહીં વાત લીધી જ નથી. '**ગૃહસ્થ અવસ્થામેં વિષય કષાયરૂપ ખોટે ધ્યાનકો હટાનેકે લિયે...**' પર તરફના વલણનું આર્તધ્યાન '**હટાનેકે લિયે ઔર ધર્મકો બઢાનેકે લિયે...**' ધર્મ એટલે શુભમાં આવે છે તો શુદ્ધતા થોડી વધે છે. અશુભમાં શુદ્ધતા અલ્પ છે અને શુભકાળમાં શુદ્ધતા થોડી અશુભ ગયો એટલી વધે છે. એને ધર્મની વૃદ્ધિ એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શુભભાવ છે એ છે તો રાગ. પણ એ પૂજાના કાળે, શુભભાવમાં અશુભનો નાશ થાય છે અને અશુભ ટળે છે એટલી શુદ્ધિ વધે છે. એ '**ધર્મકો બઢાનેકે લિયે પૂજા,...**' ગૃહસ્થાશ્રમમાં પૂજા થાય છે. ભગવાનની પૂજા. '**અભિષેક, દાન આદિકા વ્યવહાર હૈ,...**' સમકિતીને વિકલ્પ આવે છે. મુનિઓને આહાર દેવો વગેરે.

'**તો ભી વીતરાગનિર્વિકલ્પસમાધિમેં લીન હુએ...**' એવું હોવા છતાં ગૃહસ્થાશ્રમના વિકલ્પને છોડી દઈને... આહાહા..! '**વીતરાગ નિર્વિકલ્પ સમાધિમેં લીન હુએ...**' રાગરહિત વીતરાગી પરિણતિ 'રાગ દાહ દહે સદા...' 'રાગ આગ દાહ દહે સદા, તાતે સમામૃત સેઈએ.' રાગરૂપી અગ્નિનો દાહ. એ આત્માને દાઝે છે, આત્માની શાંતિ એમાં દાઝે છે. આહાહા..! માટે 'રાગ આગ દાહ દહે સદા, તાતે સમામૃત સેઈએ.' આ સમરસી ભાવ કહ્યો ને? માર્ગ બહુ અલૌકિક છે, ભાઈ આ તો. બહારથી પ્રાપ્ત થાય કે એવી ચીજ છે નહિ. પણ વસ્તુ અંતરમાં છે ને? અંતરાત્મા છે ને? આહાહા..! અંતરઆત્મા, એમાં અંતરમાં એકાકાર થવું એ અંતરાત્માની ધર્મદશા છે. આહાહા..!

'**યોગીશ્વરોંકો ઉસ સમયમેં બાહ્ય વ્યાપારકા અભાવ હોનેસે...**' મુનિઓને તો બહારનો વેપારનો તો અભાવ હોય છે. ક્યારે? અંદરમાં ધ્યાનમાં-આનંદમાં આવે ત્યારે. આહાહા..! '**સ્વયં હી દ્રવ્ય-પૂજાકા પ્રસંગ નહીં આતા,...**' મુનિને સ્વયં દ્રવ્ય-પૂજા આદિનો વિકલ્પ હોતો નથી. '**ભાવપૂજામેં હી તન્મય હૈં.**' આહાહા..! જેને હું આત્મા છું, હું અનુભવ કરું છું એવો પણ વિકલ્પ નથી. આ દશા-વીતરાગભાવ એને ભગવાન મોક્ષનો માર્ગ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ૧૨૩નો બીજો થયો.

१२३-३) जेण णिरंजणि मणु धरिउ विषय-कसायहिँ जंतु।
मोक्खहँ कारणु एत्तडउ अण्णु ण तनु ण मंतु।।१२३*३।।

येन निरञ्जने मनः धृतं विषयकषायेषु गच्छत्।
मोक्षस्य कारणं एतावदेव अन्यः न तन्त्रं न मन्त्रः।।१२३*३।।

जेण इत्यादि। येन येन पुरुषेण कर्तृभूतेन णिरंजणि कर्माञ्जनरहिते परमात्मनि मणु मनः धरिउ धृतम्। किं कुर्वत् सत्। विसयकसायहिं जंतु विषयकषायेषु गच्छत् सत्। विसयकसायहिं तृतीयान्तं पदं सप्तम्यन्तं कथं जातमिति चेत्। परिहारमाह। प्राकृते क्वचित्कारक-व्यभिचारो भवति लिङ्गव्यभिचारश्च। इदं सर्वत्र ज्ञातव्यम्। मोक्खहं कारणु मोक्षस्य कारणं एत्तडउ एतावदेव। विषयकषायरतचित्तस्य व्यावर्तनेन स्वात्मनि स्थापनं अण्णु ण अन्यत् किमपि न मोक्षकारणम्। अन्यत् किम्। तन्तु तन्त्रं शास्त्रमौषधं वा मंतु मन्त्राक्षरं चेति। तथाहि। शुद्धात्मतत्त्वभावनाप्रतिकूलेषु विषयकषायेषु गच्छत् सत् मनो वीतरागनिर्विकल्प-स्वसंवेदनज्ञानबलेन व्यावर्त्य निजशुद्धात्मद्रव्ये स्थापयति यः स एव मोक्षं लभते नान्यो मन्त्रतन्त्रादिबलिष्ठोऽपीति भावार्थः।।१२३*३।।

एवं परमात्मप्रकाशवृत्तौ प्रक्षेपकत्रयं विहाय त्र्यधिकविंशत्युत्तरशतदोहकसूत्रैस्त्रि-विधात्मप्रतिपादकनामा प्रथममहाधिकारः समाप्तः।।१।।

---

आगे इसी कथनको दृढ़ करते हैं –

**गाथा – १२३*३**

अन्वयार्थ :– [ येन ] जिस पुरुषने [ विषयकषायेषु गच्छत् ] विषय कषायोंमें जाता हुआ [ मनः ] मन [ निरंजने धृतं ] कर्मरूपी अंजनसे रहित भगवान्में रक्खा [ एतावदेव ] और ये ही [ मोक्षस्य कारणं ] मोक्षके कारण हैं, [ अन्यः ] दूसरा कोई भी [ तन्त्रं न ] तंत्र नहीं हैं, [ मन्त्रः न ] और न मंत्र है। तंत्र नाम शास्त्र व औषधका है, मंत्र नाम मंत्राक्षरोंका है। विषय कषायादि पर पदार्थोंसे मनको रोककर परमात्मामें मनको लगाना, यही मोक्षका कारण है।

भावार्थ :– जो कोई निकट-संसारी जीव शुद्धात्मतत्त्वकी भावनासे उलटे विषय कषायोंमें जाते हुए मनको वीतरागनिर्विकल्प स्वसंवेदनज्ञानके बलसे पीछे हटाकर निज शुद्धात्मद्रव्यमें स्थापन करता है, वही मोक्षको पाता है, दूसरा कोई मंत्र-तंत्रादि चतुर होने पर भी मोक्ष नहीं पाता।।१२३*३।।

इस तरह परमात्मप्रकाशकी टीकामें तीन क्षेपकोंके सिवाय एकसौ तेईस दोहा-सूत्रोंमें बहिरात्मा अंतरात्मारूप परमात्मारूप तीन प्रकारसे आत्माको कहनेवाला पहला महाधिकार पूर्ण किया।।१।। इति प्रथम महाधिकार

**હવે, આ કથનને દઢ કરે છે :**

**'विसयकसायहिं जंतु' - 'વિષયકષાય' શબ્દને ત્રીજી વિભક્તિનો પ્રત્યય હોવા છતાં તમે સાતમીના પ્રત્યય તરીકે કેમ લીધો ?**

**તેનું સમાધાન : પ્રાકૃતમાં કોઈ વાર કારક વ્યભિચાર અને લિંગવ્યભિચાર થાય છે. આ બધેય જાણવું.**

**ભાવાર્થ : જે (જે કોઈ આસન્ન ભવ્ય જીવ) શુદ્ધાત્મતત્ત્વની ભાવનાથી પ્રતિકૂળ વિષયકષાયમાં જતાં મનને વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનના બળ વડે વ્યાવૃત્ત કરીને (પાછું વાળીને) નિજશુદ્ધાત્મદ્રવ્યમાં સ્થાપે છે તે જ મોક્ષ પામે છે. બીજો મંત્ર, તંત્ર આદિમાં બલિષ્ઠ હોવા છતાં પણ મોક્ષ પામતો નથી. ૧૨૩*૩.**

**આ પ્રમાણે પરમાત્મપ્રકાશની વૃત્તિમાં ત્રણ પ્રક્ષેપકોને છોડીને એકસો ત્રેવીસ દોહકસૂત્રોથી ત્રણ પ્રકારના આત્માનો પ્રતિપાદક નામનો પ્રથમ મહાધિકાર સમાપ્ત થયો.**

**ઈતિ પ્રથમ મહાધિકાર.**

---

## ગાથા-૧૨૩-૩ ઉપર પ્રવચન

'**આગે ઈસી કથનકો દઢ કરતે હૈં -**' ત્રીજી.

**૧૨૩-૩) जेण णिरंजणि मणु धरिउ विषय-कसायहिँ जंतु।**
**मोक्खहँ कारणु एत्तडउ अण्णु ण तनु ण मंतु॥१२३*३॥**

**અન્વયાર્થ :- 'જિસ પુરુષને વિષય કષાયોંમેં જાતા હુઆ મન...'** વિષય શબ્દે પાંચ ઈન્દ્રિય તરફના વલળવાળી દશા-ભાવ, એ બધો વિષય છે. આહાહા..! ભગવાન અને ભગવાનની વાણી સાંભળવી એ પણ કાનનો વિષય છે.

મુમુક્ષુ :- (સમયસાર) ૩૧મી ગાથામાં છે.

ઉત્તર :- ઈન્દ્રિયનો વિષય તે ઈન્દ્રિય છે. આહાહા..!

વીતરાગબિંબ ચૈતન્ય પ્રતિમા પ્રભુ, એની અંતરમાં એકાગ્રતા કરવાથી વીતરાગભાવ થાય છે. બહારમાં ભગવાનની પૂજા કરવાથી તો વિકલ્પ શુભરાગ આવે છે. એ અશુભરાગ ટાળવા સ્વરૂપમાં સ્થિર થઈ ન શકે માટે થાય છે. એ વ્યવહાર છે.

'**મન કર્મરૂપી અંજનસે રહિત ભગવાનમેં રક્ખા...**' આહાહા..! રાગના મેલરહિત પોતાનું મન એટલે જ્ઞાનની પરિણતિ, પર્યાયને પોતામાં જોડી દીધી. આહાહા..! '**ઔર યે હી મોક્ષકે કારણ હૈં,...**' આહાહા..! મોક્ષનું કારણ આ એક. આનંદમૂર્તિ પ્રભુ, એમાં એકાગ્રતા, રાગરહિત થઈને એકાગ્રતા કરવી એ એક જ મોક્ષનો માર્ગ છે. સમજાય છે કાંઈ? વ્યવહાર મોક્ષમાર્ગ કહેશે આગળ. હમણાં તરત. પણ એ રાગ છે. મોક્ષમાર્ગ તો ખરેખર તો આ એક જ છે. આ ગાથા હવે શરૂ કરવાના છે ને મોક્ષમાર્ગની? એટલે અહીંયાં ગાથાનો ઉપોદઘાત

લીધો. આહાહા..! કારણ કે મોક્ષનો અધિકાર આવશે. મોક્ષમાર્ગ બીજો અધિકાર. પહેલા અધિકારની આ છેલ્લી ગાથા છે.

મનને '**कर्मरूपी अंजनसे रहित भगवानमें रक्खा...**' આહાહા..! '**और ये ही मोक्षके कारण हैं,...**' રાગના વિકલ્પથી રહિત ભગવાનઆત્મામાં નિર્વિકલ્પ સ્થિરતા પ્રગટ કરવી એ જ એક મોક્ષનો માર્ગ છે. આ નિશ્ચય લોકોને એવું લાગે છે ને. એકાંત નિશ્ચય કહે છે, એકાંત. પણ એ એકાંત નિશ્ચયનયથી એકાંત જ છે આ. આહાહા..! એની શ્રદ્ધા, જ્ઞાનમાં તો એ નક્કી કરે કે વસ્તુ તો આ છે. આનંદકંદ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, સત્-છે, જ્ઞાન અને આનંદરૂપી સ્વભાવવાળું તત્ત્વ, એમાં મનને જોડી દેવું એટલે કે રાગરહિત થઈને સ્થિરતા કરવી.. એમ. આહાહા..! એ મોક્ષનું કારણ છે. જુઓ! પછી આવશે, હોં! મોક્ષના બે કારણ. નિશ્ચય અને વ્યવહાર. પછીની ગાથા આવશે એમાં. એ વ્યવહાર તો વિકલ્પ છે, એને ઉપચારથી કહેવામાં આવ્યું છે. ખરેખર તો મોક્ષનું કારણ આ એક જ છે. '**एताव**' એમ છે ને? ' **एतावदेव**' '**एतावदेव**' એટલો જ મોક્ષનો માર્ગ છે. એમ. '**ये ही मोक्षके कारण हैं,...**' '**एतावदेव**' ભગવાનઆત્મા જ્ઞાનસ્વભાવી સમરસી પ્રભુ, એમાં અકાગ્રતા કરવી, સ્વઆશ્રય કરવો એ એક જ મોક્ષનો માર્ગ છે. સમજાય છે કાંઈ? આવો માર્ગ એટલે...

'સમ્યગ્જ્ઞાન દિપીકા'માં તો વારંવાર એ જ લીધું છે. 'ધર્મદાસ ક્ષુલ્લક' સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય સ્વભાવ એ વસ્તુ. સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય. પોતાનું નિજ સ્વરૂપ ત્રિકાળ શુદ્ધ એ સ્વાનુભવગમ્ય, અંતર અનુભવગમ્ય છે. વિકલ્પથી ગમ્ય થઈ શકે નહિ. આહાહા..! વ્યવહારથી ગમ્ય ન થઈ શકે એમ કહે છે. આહાહા..! સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય સ્વભાવ, સમ્યગ્જ્ઞાનમય સ્વભાવ. એ વસ્તુ. એને ધ્યાનમાં લઈને એકાગ્રતા કરવી. આહાહા..! એવી વાતું. એનું નામ '**एतावदेव**' મોક્ષનું કારણ છે ને? '**एतावदेव**' '**एतावदेव**' '**ये ही...**' એ તો નિશ્ચય કીધું. કથંચિત આ અને કથંચિત આ એમ ન કહ્યું. છે? '**एतावदेव**' છે ને? '**एव**' એટલે નિશ્ચય. એટલો જ મોક્ષનો માર્ગ એકલો છે. આહાહા..! છે કે નહિ? શું છે? '**एतावदेव**' એટલો જ, એ જ. આહાહા..! મનને અંદરમાં જોડી દેવું એટલે નિર્વિકલ્પ થવું '**ये ही मोक्षके कारण हैं,...**' જુઓ! મૂળ શ્લોક છે. '**एतावदेव**' એટલો જ, એટલો જ. '**ये ही...**' મોક્ષનો માર્ગ એક છે. વ્યવહાર-બ્યવહાર મોક્ષનો માર્ગ એ મોક્ષનો માર્ગ છે નહિ. આહાહા..!

'**अन्यः**' '**दूसरा कोई भी तंत्र नहीं है,...**' લ્યો ઠીક! આ અનેકાંત કીધું. આનું નામ અનેકાંત છે. નિશ્ચયથી પણ થાય અને વ્યવહારથી પણ થાય એ અનેકાંત છે એમ કહે છે એમ નથી. સ્વભાવને આશ્રયે જ થાય, અન્ય આશ્રયે ન થાય એનું નામ અનેકાંત છે. આહાહા..! સમજાય છે કાંઈ? જુઓને! છેલ્લી ગાથા સરવાળે (આ લીધી). '**एतावदेव**' એટલું જ મોક્ષનું કારણ. આહાહા..! સ્વસ્વભાવનો આશ્રય લઈને દશા થાય એટલો જ મોક્ષનો માર્ગ અને એ એક જ મોક્ષનો માર્ગ છે. આહાહા..! સમજાય છે કાંઈ? અન્ય કોઈ

પણ નહિ. ઠીક! '**दूसरा कोई भी तंत्र नहीं है, और न मंत्र है.**' આહાહા..! તંત્ર એટલે શાસ્ત્ર અને ઔષધ. શાસ્ત્રથી પણ ધર્મ મોક્ષમાર્ગ થતો નથી એમ કહે છે. છે ને? અન્ય '**दूसरा कोई भी तंत्र नहीं है, और न मंत्र है.**' શાસ્ત્ર પણ નહિ, એમ કહે છે. આહાહા..! મોક્ષના માર્ગમાં શાસ્ત્ર પણ કારણ નથી. શાસ્ત્ર તો પરવસ્તુ છે.

ઔષધ કારણ નહિ. કોઈ ઔષધ હોય ને. આવી ઔષધ લગાવે તો આમ થઈ જાય. પગે ફલાણું ચોપડે તો પાણીમાં માણસ ચાલે. એવી કોઈ ઔષધિ હોય તો મોક્ષ થઈ જાય એવી ઔષધિ છે નહિ. આહાહા..! '**मंत्र नाम मंत्राक्षरोंका है.**' શું કહે છે એ? નમો અરિહંતાણં પાંચ નોકાર ગણવો એ પણ મોક્ષનો માર્ગ નથી. મંત્રાક્ષરો મોક્ષનો માર્ગ નથી. લ્યો! 'દ્રવ્યસંગ્રહ'માં આવે છે ને? 'દ્રવ્યસંગ્રહ'માં નહિ? પાંત્રીસ અક્ષર. ૐ ને નમઃ ને ફલાણા શબ્દ આવે છે. શાસ્ત્ર પણ મોક્ષનું કારણ નથી અને આ વ્યવહાર કહ્યોને બધો મંત્રનો? મંત્રાક્ષરો. ૐ... ૐ... ૐ... ૐ... ૐ... ૐ... ૐ... પંચપરમેષ્ઠી એ બધા મંત્રાક્ષરો મોક્ષનો માર્ગ નહિ. આહાહા..! આવું સ્વરૂપ છે, ભાઈ!

'પરમાત્મપ્રકાશ' છે ને આ. પરમાત્મસ્વરૂપ પૂર્ણ. શક્તિએ, સ્વભાવે તો પરમાત્મા જ છે. એનો સ્વભાવ, સ્વ-ભાવ એ પરિપૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન છે. અનાદિઅનંત નિત્ય આનંદરસ છે આત્મા. જ્ઞાનાનંદસ્વભાવી વસ્તુ પ્રભુ, એમાં એકાગ્રતા થવી, એમાં સન્મુખ થઈને લીન થવું એ એક જ મોક્ષનો માર્ગ છે. આ વાંધા છે અત્યારે કે વ્યવહાર પણ મોક્ષનું કારણ. વ્યવહાર કરતા કરતા થાય. અને વ્યવહારથી કો'કને થાય. આ તો વળી હમણા એમ આવ્યું છે. 'જગનમોહનલાલજી' એમ નાખે છે. વ્યવહારનું કોકને થાય. પણ એ સિદ્ધાંત ક્યાં રહ્યો?

મુમુક્ષુ :- કો'કને થાય..

ઉત્તર :- કોને? કો'કને થાય, કો'કને ન થાય. વ્યવહારથી...

મુમુક્ષુ :- નિયમ ન રહ્યો.

ઉત્તર :- નિયમ તો રહ્યો નહિ. સત્‌નો સિદ્ધાંત રહ્યો નહિ.

ભગવાનઆત્મા એ વ્યવહારના મંત્રાક્ષરથી પણ પમાય એવો નથી એમ કહે છે અહીં તો. એ પંચપરમેષ્ઠીની ભક્તિ અને પંચપરમેષ્ઠીનું સ્મરણ અને જાપ એ મોક્ષનો માર્ગ નથી. આહાહા..! આ નવકારનું મહાત્મ્ય આવે છે ને? નથી આવતું ઘણે ઠેકાણે? આમ નવકાર ગણ્યા તો આમ થયું, આમ થયું. એ તો બધી બહારની વાતું છે. એ તો બહારનો ચમત્કાર છે. આહાહા..! એ તો પુણ્યની વાતું છે. એકદમ થઈ જાય. 'સીતાજી'ને અગ્નિમાં નાખ્યા હતા તો અગ્નિ પાણી થઈ ગયું. લ્યો! કલ્પ ફુલ થયું. કમળનું ફૂલ થઈ ગયું. એ તો બહારની વાતું છે. સમજાણું? ઓલા મુનિ નહિ? 'માનતુંગ આચાર્ય' ૪૮ તાળા તોડી નાખ્યા. ભક્તામર પ્રણિત.. એ તાળાની વાત નથી. આ તો અંદરના રાગની એક્તાનું તાળું તોડી નાખ્યું જેણે. આહાહા..! ભગવાનઆત્માના અંતર ઘરમાં જઈને શુદ્ધ ચૈતન્યમાં જ્યાં અંદર વસે છે ત્યારે રાગના તાળા તૂટી જાય છે. એ વાત છે. આહાહા..!

એ કીધું ને માથે, જુઓને! '**મન કર્મરૂપી અંજનસે રહિત...**' જોયું ને! રાગરૂપી મેલથી રહિત. '**ભગવાનમેં રકખા ઔર યે હી મોક્ષકે કારણ હૈં,...**' આહાહા..! આ તો ધીરાનું, શાંતિનું કામ છે. આ કાંઈ બહારમાં કૂદકા મારે, મોટા રથ કાઢે, શું કહેવાય? હાથી-હાથી. ગજરથ. હાથી લાવ્યા હતા કેટલાય. અમારે ત્યાં થયું હતું ને હાથી નહિ? 'જયપુર'માં એકવીસ હાથી. વરઘોડો નીકળ્યો હતો. ભાઈ 'પૂનમચંદ ગોદીકા'. પહેલામાં અઢાર હતા અને બીજામાં એકવીસ હતા. એકવીસ હાથી આમ. અને ચાલીસ હજાર માણસ વરઘોડામાં. સાધુ પણ જોવા નીકળ્યા હતા. એક ઓલા ઘણું કરીને ત્યાં હતા. નહિ?

મુમુક્ષુ :- આ બાજુ .. ના પાડે..

ઉત્તર :- ... એક સાધુ હતાને? 'દેશભુષણ' 'દેશભુષણ' જોવા નિકળ્યા હતા. હાથી છે શું ઓહોહો..! એ તો બહારની વાતું, બાપા. એ તો એ કાળે પરમાણુની પરિણતિ એવી થવી છે તો થાય છે. બહુ તો ભાવ કહેવો હોય તો એને શુભરાગ હોય છે. આહાહા..! એ કાંઈ ધર્મની વિશેષતા નથી. એ તો પુણ્યના ફળ છે. પુણ્ય હોય છે. ત્યારે એ લોકો કહે છે ને કે ભાઈ! પુણ્યને નિષેધે છે અને પુણ્યના ફળ ભોગવે છે પાછા. એમ કહે છે. એમ કે જુઓ! આવા મકાન મોટા બાદશાહી મકાન. અને આ હાથી આવા નીકળે, મોટા વરઘોડા નીકળે. એમ કહે છે. પુણ્યના ફળ ભોગવે છે અને પુણ્યનો નકાર કરે છે. એમ કહે છે. કોણ ભોગવે? ભગવાન! આહાહા..! આનંદનો નાથ પ્રભુ જ્યાં આનંદથી બિરાજે છે ત્યાં પુણ્યના ફળનું ક્યાં પ્રયોજન છે? આહાહા..! સમજાણું કાંઈ? એના પુણ્યના ફળમાં લક્ષ જાવું એ તો વિકલ્પ રાગ છે. આહાહા..!

અહીં તો બે વાત સિદ્ધ કરવી છે કે મોક્ષનું કારણ આ એક જ છે અને શાસ્ત્ર અને મંત્ર નહિ, એમ. આહાહા..! એનું નામ સમ્યક્ એકાંત મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. વ્યવહાર પણ મોક્ષમાર્ગ અને નિશ્ચય પણ મોક્ષમાર્ગ, એમ નથી. '**વિષય કષાયાદિ પર પદાર્થોંસે મનકો રોકકર...**' વિષય કષાય શબ્દે લોકો એમ સમજે કે આ વિષય એટલે ભોગ અને બહારના એ. વિષય શબ્દે પરપદાર્થનું લક્ષ એ બધો વિષય છે. આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય સ્વરૂપ છે. એને ઇન્દ્રિયના વિષય તરફથી દૂર કરી... આહાહા..! એ ભગવાનની વાણી પણ ઇન્દ્રિય છે. એનાથી દૂર કરી. ભગવાન વાણીમાં એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન એમ કહે છે કે મારી સામું જોતા તને રાગ થશે, ભાઈ! આહાહા..! તારી સામું જોતા તને વીતરાગતા થશે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? ત્યારે લોકો એમ કહે છે કે પણ પાપમાં પડ્યા ફડ્યા છે એને આવી વાત હોય? એને પહેલી પુણ્યની તો કરો. હવે એ તો અનંતવાર કર્યું છે હવે શું છે? એમ એ કહે છે. પાપમાં ગળા સુધી પડ્યા હોય એને નિર્વિકલ્પ અને વીતરાગની પર્યાયની વાત કરવી. એને પુણ્યમાં તો પહેલા લાવો. લ્યો! કોણ લાવે? અનંતવાર પુણ્યમાં તો આવી ગયો છે. આહાહા..! નિગોદના જીવને પણ ક્ષણે પુણ્ય અને ક્ષણે પાપ, ક્ષણે પુણ્ય અને ક્ષણે પાપ થાય છે. ઓહોહો..! નિત્ય નિગોદ. અનંત જીવો

કોઈ દિ' ત્રસ નહિ થાય. એવું જે નિગોદનું ફળ, એમાં અનંતા જીવો ક્ષણે પુણ્ય અને ક્ષણે પાપ, શુભ અને અશુભ થયા જ કરે છે. કેમકે વસ્તુ સ્વભાવનું ભાન નથી ત્યાં કર્મનું ચક્ર પુણ્ય અને પાપ થયા જ કરે છે. કર્મચક્ર છે એ. સમજાય છે કાંઈ? એકેન્દ્રિય જીવને. આહાહા..! જે નિગોદના જીવ અનંત... આહાહા..! એક શરીરના અનંતમાં ભાગે મોક્ષ ગયા અને અનંતમા ભાગે જ મોક્ષ રહેશે, બસ. અસંખ્યમો ભાગ કોઈ દિ' નહિ થાય. આહાહા..! અરે..! બહાર આવ્યો ને પ્રભુ! તું આટલે દૂર હવે. બહારથી નીકળીને હવે કરવા જેવું તો આ છે, કહે છે. સમજાણું કાંઈ? લક્ષમાં જરી વિચાર કરે તો ખબર પડે. એમ ને એમ નહિ. નિગોદના અનંતા જીવો.. આહાહા..! એક સ્પર્શેન્દ્રિય સિવાય જેને રસેન્દ્રિય પણ મળી નથી. આહાહા..! જીભ. એવા અનંત... અનંત... અનંત... અનંત... અનંત જીવ .. આ તો વીતરાગની વાતું ઝીણી ભારે, ભાઈ! આહાહા..!

એ 'કર્મ કલંક પ્રચુરા ભાવ કલંક પહુરા' 'ગોમ્મટસાર'માં છે ને. આહાહા..! અરે..! એને વિચાર પણ ક્યાં છે બિચારાને? મન પણ ક્યાં છે. એક સ્પર્શ ઇન્દ્રિય. એ પણ એને ખબર ક્યાં છે કે આ સ્પર્શ ઇન્દ્રિય છે અને એને જાણું છે. એ પણ ક્યાં છે? છે ખરું. આહાહા..! અંગુલના અસંખ્ય ભાગમાં એવા અનંતા જીવોના થોક પડ્યા છે. એમાંથી નીકળીને સર્વ અવસર આવી ગયો હવે. આહાહા..! તો કરી લે ને આ. જેનાથી છૂટકારો થાય રાગથી એ કરવા જેવું છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ જિનેશ્વરદેવની દિવ્યધ્વનિમાં ઇન્દ્રો અને ગણધરોની વચમાં આ વાણી આવી. અરે..! સંતો... આહાહા..!

ઓલામાં તો નથી કહ્યું ભાઈ? 'અષ્ટપાહુડ'માં 'કુંદકુંદાચાર્યે'. એ મહાયશ! દ્રવ્યલિંગી સાધુને (કહે છે), હે મહાયશ! હવે આ કરને, બાપા! એવા દ્રવ્યલિંગ અનંતવાર ધારણ કર્યા. આત્માના જ્ઞાન વિના પંચમહાવ્રત અને નગ્નપણું કર્યા, બાપુ! ભાઈ! એ મોક્ષનો માર્ગ નહિ. હે મહાયશ! હે મુનિ! એવી ભાષા બહુ વાપરી છે. 'ભાવપાહુડ'માં. આહાહા..! ભાઈ! તેં બાયડી-છોકરા છોડ્યા, દુકાન-ધંધા છોડ્યા. નગ્ન થઈને રહ્યો. પંચમહાવ્રત (લીધા), બાપુ! પણ એથી શું થયું? ભાઈ! આહાહા..! નિગોદના જીવને નીકળવું ત્રસ થવું મુશ્કેલ, પ્રભુ! તારે હવે મોક્ષ કરવો હોય તો સહેલું છે, કહે છે. આહા..! કારણ કે ચીજ હાથ આવી ગઈ. આહાહા..! ચૈતન્યસ્વભાવનો ભરપુર દરિયો, એવું જે ભગવાનસ્વરૂપ પ્રભુનું, એ તને હવે પ્રતીતમાં આવ્યું તો હવે ઠરી જા એમાં. આહાહા..! આમ છે વાત, ભાઈ! સમજાય છે કાંઈ?

**'વિષય કષાયાદિ પર પદાર્થોંસે મનકો રોકકર પરમાત્મામેં મનકો લગાના,...'** આહાહા..! પરમાત્મા એટલે આ પરમાત્મા, હોં! પરમ આત્મા, પરમ સ્વરૂપ. એ ત્રિકાળી સ્વરૂપ તે જ પરમાત્મા છે અને તે પરમ સ્વરૂપ છે. પર્યાય તો અપરમ સ્વરૂપ છે. ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ વીતરાગસ્વભાવથી ભરેલું તત્ત્વ, શાંતરસનો કંદ, એમાં પરથી છૂટીને ત્યાં રોકા. અહીં અનાદિથી રોકાઈ ગયેલો છો. હવે અહીં રોકા. એમ કહે છે. રાગમાં રોકાયેલો તો અનાદિથી છે. નવમી ગ્રૈવેયકે ગયો મુનિ દિગંબર નગ્ન લઈને, એ પણ રાગમાં રોકાયેલો હતો. આહાહા..! હવે તને રોકાતા, અટકતા તો આવડે છે. રાગમાં અટકતા આવડે છે એટલે અહીં

અટક. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! છેલ્લી ગાથા છે ને? '**एतावदेव**' મોક્ષ કારણ આહાહા..!

આ બહારના ઠાઠ દેખાય ને? શરીર ને પૈસા ને આબરૂ ને કીર્તિ ને. છોકરાઓ કાંઈક રળાઉ થાય ને, બાયડી ઠીક હોય ને. અરે..! પ્રભુ પણ કોણ? બાપુ! એ કાંઈ ચીજ તારી ક્યાં છે? એ તારામાં ક્યાં છે? તું એમાં ક્યાં છો? એવી ચીજના મહાત્મ્યમમાં, આકર્ષણમાં રોકાઈ જઈ અંદરમાં ચૈતન્યના મહાત્મ્ય એને ન આવ્યા. આહાહા..! સમજાણું કાંઈ? એક દિવસમાં.. ભાઈ હતા ને? 'કલ્યાણજીભાઈ' નહિ ભાઈ? 'પોરબંદર'. 'કલ્યાણજી ગોવિંદજી'ને? 'કલ્યાણજી ગોવિંદજી' નહોતા એક? ગૃહસ્થ. અમારું ચોમાસું હતું ત્યારે. પૈસા દસ-વીસ લાખ હતા. એમાં દસ લાખ ગયા. એમાં ચોમાસામાં એને ધંધો કરવા જાવું પડ્યું. પછી તો એ ચોમાસું તો બીજે ચોમાસે. ધંધો કરતા એક દિ'માં એકવાર લાખ પેદા કર્યા. 'કલ્યાણજીભાઈ' હતા. એક દિવસના લાખ રૂપિયા. કારણ કે ઓલા વીસ લાખ હતા. દસ લાખ ગયા તો એ ભેગા કરવા પાછા. માળે સારે, મારી નાખે. એક દિવસમાં એક લાખ પેદા કર્યા. તે દિ' હાર્ટ ફેઈલ (થઈ ગયું). ભાઈ જોડે હતા. ઓલા નહિ 'પોરબંદર'વાળા? 'લક્ષ્મીદાસ'. આ 'મગનભાઈ'ને નહોતું કહ્યું? 'મગનભાઈ'ને. ક્યાં ગયા? 'મગનભાઈ' હતા ને? ગયા? અહીં બેઠા હતા ખરા. મહેમાન આવ્યા છે ને ઓલા 'કુંડલા'વાળા નહિ? એ એને તે દિ' 'લક્ષ્મીચંદભાઈ'એ કહ્યું હતું એકવાર. 'રાજકોટ'માં સુધર્મ. 'મગનભાઈ' કહે, હું જાવ છું શેરબજાર. જાવ ધંધો કરજો ફલાણો. ફલાણું કરજો. કર્યો અને પૈસા પણ થોડા પેદા થયા. 'મગનભાઈ'ની વાત છે. ત્યાં રાજી રાજી થઈ જાય. પણ સાંભળને, ભગવાન! અહીં જોને અંદર. આહાહા..! શેરબજાર તો અહીં છે અંદર. આહાહા..!

અહીં તો કહે છે કે મનને બહારથી તો રોકી દે એકદમ હવે. ચાહે તો ભગવાનનું સ્મરણ હો. આહાહા..! રોકી દે. આહાહા..! '**યહી મોક્ષકા કારણ હૈ.**' પરમાત્મામાં મનને લગાવવું એ જ મોક્ષનું કારણ છે. આહાહા..!

**ભાવાર્થ :- 'જો કોઈ નિકટ-સંસારી જીવ શુદ્ધાત્મતત્ત્વકી ભાવનાસે ઉલટે વિષય કષાયોંમેં જાતે હુએ મનકો...**' આહાહા..! નિકટ સંસારી, જેને સંસાર કિનારો આવી ગયો છે હવે. આહાહા..! 'કુંદકુંદાચાર્ય'ને 'અમૃતચંદ્રાચાર્યે' કહ્યું છે, નહિ? જેને સંસારનો કિનારો નજીક છે એવા જે 'કુંદકુંદાચાર્ય'. આહાહા..! ઓલા કહે કે 'કુંદકુંદાચાર્ય' સમકિત હતા કે નહિ એ શી રીતે ખબર પડે? આ 'ચેતનજી'ને કહ્યું હતું. કહો, અરે...! ભગવાન! પ્રભુ! શું તું કરે છે આ? ભાઈ!

મુમુક્ષુ :- મહાવિદેહ ક્ષેત્રમાં ગયા હતા એ કપોળકલ્પિત છે.

ઉત્તર :- એ તો વળી પછી. મહાવિદેહમાં ગયા હતા એ તો કપોળકલ્પિત છે. એ વળી જુદી વાત છે. એ એને ન બેસે. પણ એ સમકિતી હતા કે નહિ એ આપણે શી રીતે નિર્ણય કરીએ? પૂછ્યું હતું. ભગવાન! અરેરે..! 'અમૃતચંદ્રાચાર્ય' તો પોકાર કરે છે કે જેને સંસારનો કાંઠો આવી ગયો છે. ખલાસ. એક પગ મૂકે એટલી વાર છે. ગુલાંટ ખાઈને મોક્ષ થઈ જશે.

આહા..! જેને અનેકાંત વિદ્યા પ્રગટ થઈ છે. છે ને? 'પ્રવચનસાર'માં શરૂઆતમાં.

પંચમહાવ્રતધારી મુનિ છે. એ આમ કહે છે, હજાર વર્ષ પહેલા મુનિને માટે. મગજમાં આવી ગઈ વાત? કે હા, આવી ગઈ વાત. આહાહા..! એ મુનિ હતા, ધર્માત્મા હતા, ભગવાન હતા, ભગવાન થવાનું હવે નિકટ હતું એને. આહાહા..! અરે..રે..! એવા મુનિઓ માટે એમ કે અગિયાર અંગના ભણતર હોય છે જ્ઞાનમાં. માટે આવા જ્ઞાનવાળાને સમકિતી હતા એમ કેમ કહેવું? એમ કહે. કહ્યું હતું ને એકવાર? ખબર છે. પ્રભુ... પ્રભુ... પ્રભુ...! ભગવાન! તારી મહાત્મ્યદશા તને નથી આવી, બાપુ! આહાહા..!

અહીં કહે છે એ 'કુંદકુંદાચાર્ય'ની શૈલી આમાં ઘણી આવી ગઈ છે. ભાઈએ પહેલું લખ્યું છે. 'કુંદકુંદાચાર્ય'ની પદ્ધતિને ઘણાએ પોતામાં અપનાવી છે. 'કુંદકુંદાચાર્ય'ની શૈલી. આમાં લખ્યું છે. પહેલા લખ્યું છે. '**જો કોઈ નિકટ-સંસારી જીવ...**' આહાહા..! '**શુદ્ધાત્મતત્ત્વકી ભાવનાસે ઉલટે...**' શુદ્ધ ભગવાનઆત્મા પવિત્રનો પિંડ પ્રભુ, એની ભાવના નામ એકાગ્રતા. ભાવની ભાવના, ત્રિકાળ સ્વભાવભાવ એવો ભગવાન, એની ભાવના એટલે એકાગ્રતા. આહાહા..! એનાથી '**ઉલટે વિષય-કષાયોમેં જાતે હુએ મનકો વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનકે બલસે...**' આહાહા..! શું કહે છે?

'**વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનકે બલસે...**' આટલા વિશેષણ આપ્યા. આહાહા..! રાગરહિત વીતરાગી અભેદ સ્વસંવેદનજ્ઞાન. સ્વ એટલે પોતાનું પ્રત્યક્ષ જ્ઞાન. આહાહા..! બહારના વિકલ્પને રોકી અને '**મનકો વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનકે બલસે...**' જુઓ! આ બળ. આત્માનો એ પુરુષાર્થ. આહાહા..! ક્રમે થાય એમાં પુરુષાર્થ ક્યાં રહ્યો? કહે છે. એ ક્રમે થાય એમાં જ આ પુરુષાર્થ આવ્યો. એમ કહે છે ને? ક્રમબદ્ધમાં ક્યાં પુરુષાર્થ રહ્યો? અરે..! ભગવાન! સાંભળને, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્રમની વૃત્તિમાં મહાન પુરુષાર્થ રહ્યો છે. જેણે ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કર્યો એનો નિર્ણય જ્ઞાયક ઉપર જાય છે. એ જ્ઞાયકનો નિર્ણય કર્યો એને ક્રમબદ્ધ થાય તેનો જાણનાર રહે છે. આહાહા..! આવી વાત બહુ પણ (આકરી પડે).

'**વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનકે...**' જોયું! શાસ્ત્રજ્ઞાન પણ નહિ એમ કહ્યું ને? તેથી ઓલાને શાસ્ત્ર ના પાડીને પહેલી? શાસ્ત્ર નહિ અને શાસ્ત્રનું જ્ઞાન પણ નહિ. એ પરલક્ષીજ્ઞાન, એ નહિ. આહાહા..! '**વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનકે બલસે...**' આહાહા..! '**પીછે હટાકર...**' મનને પરથી હટાવીને, પણ '**સ્વસંવેદનજ્ઞાનકે બલસે હટાકર...**' આહાહા..! પર તરફના વલણને સ્વ તરફના બળ દ્વારા રોકી દે, કહે છે. સમજાણું કાંઈ? ભારે ઝીણો આવો માર્ગ. માર્ગ તો એવો છે, ભાઈ! એ જ્ઞાનમાં એનો પહેલો આ સ્વીકાર તો કરે. ભલે વિકલ્પથી કરે કે વસ્તુ તો આ છે. એમાં પ્રતીત, જ્ઞાન અને ઠરવું, એ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાન કહેવામાં આવે છે. શાસ્ત્રજ્ઞાન કાઢી નાખ્યું, બીજું બધું કાઢી

નાખ્યું, જોયું!

'**વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન...**' આહાહા..! અરે..! આઠ વર્ષની બાલિકા પણ સમ્યગ્દર્શન પામે છે. સમજાય છે કાંઈ? વસ્તુ તો પૂર્ણ સ્વભાવથી ભરેલી પડી જ છે. આહાહા..! જેમાં વર્તમાન એક સમયની પર્યાયનો પણ જેમાં અભાવ છે. એને પર્યાયમાં નિર્ણય કર. પર્યાયનો જેમાં અભાવ છે, એનો પર્યાયમાં નિર્ણય કર. સમજાણું કાંઈ? આવું છે, બાપુ! આ હો-હા થાય એવી આ વાત નથી. માણસ જાજા ભરાણા અને હો.. હા... મોટા રથ કાઢ્યા, પાંચ લાખ ખર્ચ્યા, મંદિરો બનાવ્યા, માનસ્તંભ કર્યા. એ શું છે? ભાઈ!

મુમુક્ષુ :- ... છે.

ઉત્તર :- કોણે કર્યું છે? ભાવ હોય શુભ. બાકી થયું છે તો એનાથી ત્યાં. 'રામજીભાઈ'ની દેખરેખ નીચે થયું હતું આ બધું.

મુમુક્ષુ :- 'વજુભાઈ' હતા.

ઉત્તર :- 'વજુભાઈ' તો કારીગર.. શું કહેવાય એ? એન્જિનીયર કહેવાય. આહાહા..! પ્રભુ! પ્રભુ! જેને વિકલ્પ ઉઠાવવો પણ નુકસાનકારક છે. આહાહા..!

એવો ભગવાન જ્ઞાનસ્વભાવમાં સ્વસંવેદનજ્ઞાનના બળથી. એમ કીધું ને? સ્વસંવેદન. સ્વ એટલે પોતાનું સંવેદન પ્રત્યક્ષ. એવા જ્ઞાનના બળથી. આહાહા..! '**પીછે હટાકર...**' મન અને રાગથી હટીને '**નિજ શુદ્ધાત્મદ્રવ્યમેં સ્થાપન કરતા હૈ,...**' આહાહા..! ભગવાન નહિ પાછા. આ નિજ શુદ્ધાત્મ તેથી કહ્યું. પોતાનો જે શુદ્ધાત્મા ભગવાનપૂર્ણ એમાં સ્થાપન કર. '**વહી મોક્ષકો પાતા હૈ,...**' લ્યો! એ જ મોક્ષને પામે છે. પણ માણસ એમ કહે છે કે અત્યારે મોક્ષ નથી અને આવડી મોટી વાતું! પણ સાંભળને, ભગવાન! મોક્ષને માટે મોક્ષની તૈયારી થઈ ગઈ છે. થવાની તૈયારી છે, મોક્ષની સન્મુખ જ છે. સમજાણું કાંઈ? એકાદ ભવ હોય. ધર્મશાળામાં જેમ માણસ રોકાય. સવાર પડે તો ધર્મશાળા છોડે અને રસ્તો કાપે. આહાહા..! મોક્ષને માર્ગે જ છો, પ્રભુ! તારું સ્વરૂપ જ મોક્ષ છે. એની દૃષ્ટિ-પ્રતીતિ મોક્ષનો માર્ગ છે. એ પર્યાયના મોક્ષનો માર્ગ. સમજાણું કાંઈ? શક્તિરૂપ મોક્ષ તો ત્રિકાળ છે. એટલે? સ્વભાવમાં સત્ત્વ સ્વભાવરૂપ જે છે એ તો મોક્ષ જ છે, મુક્ત જ છે. આહાહા..!

મુમુક્ષુ :- એ અબંધ જ હોય.

ઉત્તર :- અબદ્ધસ્વરૂપ જ છે એ તો. એવા અબદ્ધસ્પૃષ્ટને અનુભવમાં લેવો એનું નામ જૈનશાસન છે. આહાહા..! શું થાય? ભાઈ! ચોર્યાસીના અવતારમાં રખડતાં (થોથા નીકળી ગયા). આવો માર્ગ છે. એ 'નિયમસાર'માં તો કહ્યું છે કે એવા માર્ગને કોઈ નિંદે, લ્યો, આ તો નિશ્ચયાભાસી છે, આ નિશ્ચયવાળા. વ્યવહાર તો જાણે કાંઈ છે જ નહિ. એવા જે નિંદે તો એની સામું જોઈશ નહિ, અભક્તિ નહિ કરીશ. અરે..રે..! આવો માર્ગ છે અને આ લોકો નિંદે! એ તો કરે એમ, ભાઈ! તું વીતરાગસ્વભાવ પ્રત્યે અભક્તિ ન કરીશ. આહાહા..! 'એકલો જાને રે...' આવે છે ને કાંઈક, નહિ? ઓલું કો'કનું. 'એકલો જાને...' ઓલામાં આવે છે. લૌકિકમાં છે.

મુમુક્ષુ :- 'રવિન્દ્રનાથ ટાગોર'માં આવે છે.

ઉત્તર :- 'રવિન્દ્રનાથ ટાગોર'માં આવે છે ને? એકલો જા. અહીં એકલો જા, એકલો. એ રાગની દ્વૈતતા છોડી દઈ... આહાહા..! એકલો ભગવાન નિર્વિકલ્પ સમ્યગ્જ્ઞાન, એમાં ઠર. આહાહા..! બીજે ક્યાંય શાંતિ નથી.

**'વહી મોક્ષકો પાતા હૈ, દૂસરા કોઈ મંત્ર-તંત્રાદિ ચતુર હોને પર ભી...'** લ્યો, ઠીક! ઓલા તંત્ર-મંત્રનો ખુલાસો કર્યો. કોઈ મંત્રમાં હોંશિયાર, તંત્રમાં હોંશિયાર. વકીલાતમાં હોંશિયાર એ તો કાંઈ ઠેકાણા વિનાનો. આ તો ધર્મના નામના મંત્ર અને તંત્ર. આહાહા..! **'કોઈ મંત્ર-તંત્રાદિ ચતુર હોને પર ભી મોક્ષ નહીં પાતા.'** આહાહા..! મોક્ષનો માર્ગ તો આ એક છે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' એ પહેલો અધિકાર પૂરો થયો.

**'ઈસ તરહ પરમાત્મપ્રકાશકી ટીકામેં તીન ક્ષેપકોંકે સિવાય...'** ત્રણ ક્ષેપક. ત્રણ ગાથા વધારાની. **'એકસૌ તેઈસ દોહા-સૂત્રોંમેં બહિરાત્મા અંતરાત્મારૂપ પરમાત્મારૂપ તીન પ્રકારસે આત્માકો કહનેવાલા પહલા મહાઅધિકાર પૂર્ણ કિયા.'** પહેલો અધિકાર પૂરો થયો. બીજો અધિકાર. આહાહા..!

**'દૂસરા દોહા અધિકાર આરંભ કરતે હૈં. ઉસમેં ભી પહલે દસ દોહોં તક મોક્ષકી મુખ્યતાસે વ્યાખ્યાન કરતે હૈં.'** પ્રભાકર ભટ્ટ શિષ્ય ગુરુને પૂછે છે. પ્રભુ! મને મોક્ષ અને મોક્ષનું ફળ અને મોક્ષનું કારણ બતાવો. આહાહા..! જુઓ! એમ કાંઈ પૂછયું નથી કે ફલાણું કરો અને શાસ્ત્ર જાણો. મોક્ષ, મોક્ષનું ફળ અને મોક્ષનું કારણ. ત્રણ એક વાત પૂછી શિષ્યે.

**૧૨૭) सिरिगुरु अक्खहि मोक्खु महु मोक्खहँ कारणु तत्थु।**
**मोक्खहँ केरउ अण्णु फलु जें जाणउँ परमत्थु।।१।।**

'હે **શ્રીગુરુ, મુજે મોક્ષ સત્યાર્થ મોક્ષકા કારણ,...'** જુઓને **'तथ्यम्'** છે ને? **'तथ्यम्'** એટલે કે ઓલું આવે છે ને? સત્યાર્થ તે મોક્ષમાર્ગ. 'છ ઢાળા'માં. બીજું અસત્યાર્થ છે, બીજું અસત્યાર્થ છે. તો અહીં તો સત્યાર્થ પૂછયું છે. જોયું! **'तथ्य'** છે ને? **'સત્યાર્થ મોક્ષકા કારણ, ઔર મોક્ષકા ફલ...'** આહાહા..! **'કૃપાકર કહો...'** **'आख्याहि'** **'જિસસે કિ મૈં પરમાર્થકો જાનૂ.'** આહાહા..! પ્રભુ! મને મોક્ષ બતાવો ને. આહાહા..! મોક્ષનો માર્ગ કહોને, ભાઈ!

**ભાવાર્થ :- 'પ્રભાકરભટ્ટ શ્રી યોગીંદ્રદેવસે બિનતી કરકે,...'** વિનંતી કરે છે, પ્રાર્થના કરે છે. **'મોક્ષ, મોક્ષકા કારણ ઔર મોક્ષકા ફલ ઈન તીનોંકો પૂછતે હૈં.'** લ્યો! એનો ઉત્તર આપશે.... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## પાઠકોની નોંધ માટે

## પાઠકોની નોંધ માટે

## પાઠકોની નોંધ માટે